ચોથી શ્રેણી

પુસ્તક ૨૪

ગુરૂવાર, તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫
ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે

થી

સોમવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
ચૈત્ર ૨, ૧૯૩૭ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## તેરમી ગુજરાત વિધાનસભા
## છઠ્ઠું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**વિષય** **અ નુ ક્ર મ ણિ કા** **પાના નંબર**

## તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫ / ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૩ | ૮૩ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૮૪ | ૮૪ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૮૫ | ૯૬ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૯૭ | ૧૧૦ |
| બિન સરકારી વિધેયક | ૧૧૧ | ૧૨૧ |
| બિનસરકારી સંકલ્પો | ૧૨૨ | ૧૮૩ |


## તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫ / ફાલ્ગુન ૨૯, ૧૯૩૬ શાકે


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૧૮૪ | ૨૧૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૭ | ૨૧૭ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૧૮ | ૨૩૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૩૩ | ૨૩૪ |
| અધ્યક્ષશ્રીની જાહેરાત | ૨૩૪ | ૨૪૨ |


## તા.૨૩મી માર્ચ, ૨૦૧૫ / ચૈત્ર ૨, ૧૯૩૭ શાકે


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૨૪૩ | ૨૫૧ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૫૨ | ૪૯૯ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૫૦૦ | ૫૦૧ |
| પોઇન્ટ ઓફ ઓર્ડર | ૫૦૨ | ૫૧૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૫૧૪ | ૫૧૪ |
| ઉપાધ્યક્ષશ્રીની જાહેરાત | ૫૧૫ | ૫૨૮ |

ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે
તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
ગુરૂવાર, તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫
ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે
સભાગૃહ બપોરના ૧૨-૦૦ વાગ્યે મળ્યું
અધ્યક્ષશ્રી ગણપતભાઇ વસાવા અધ્યક્ષસ્થાને
તારાંકિત પ્રશ્નો

બનાસકાંઠા જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ પ્રસુતિના નોંધાયેલ કેસો

* ૧૯૦૪૧ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા-અમીરગઢ તાલુકાઓમાં ચિરંજીવી યોજના હેઠળ ખાનગી હોસ્પિટલમાં પ્રસુતિના કેટલા કેસ નોંધવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે વર્ષવાર કઇ ખાનગી હોસ્પિટલમાં કેટલી રકમ ચૂકવવામાં આવી ?

જવાબ

(૧)

| તાલુકાનું નામ | પ્રસુતિના કેસો |
|---|---|
| અમીરગઢ | ૭૯૦ |
| દાંતા | ૨૬૭ |
| કુલઃ- | ૧,૦૫૭ |

(૨)

| તાલુકાનું નામ | તા.૧-૨-૧૩ થી ૩૧-૧-૧૪ | તા.૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ |
|---|---|---|
| દાંતા | ખર્ચ | ખર્ચ |
| શ્રીજી હોસ્પિટલ પાલનપુર | - | ૧૫,૨૦૦ |
| વાત્સલ્ય હોસ્પિટલ પાલનપુર | ૨,૩૯,૪૦૦ | ૨,૭૭,૪૦૦ |
| ફિમેલ હોસ્પિટલ પાલનપુર | ૧,૦૨,૬૦૦ | ૬૦,૮૦૦ |
| મીતા હોસ્પિટલ પાલનપુર | ૩૦,૪૦૦ | ૧૧,૪૦૦ |
| શીફા હોસ્પિટલ પાલનપુર | - | ૮૩,૬૦૦ |
| સુરજ હોસ્પિટલ પાલનપુર | - | ૧૫,૨૦૦ |
| પૃથ્વી હોસ્પિટલ પાલનપુર | ૭૯,૮૦૦ | ૨૨,૮૦૦ |
| પાર્થ હોસ્પિટલ પાલનપુર | - | ૭,૬૦૦ |
| જનની હોસ્પિટલ પાલનપુર | ૬૪,૬૦૦ | ૩,૮૦૦ |
| અમીરગઢ | | |
| ફિમેલ હોસ્પિટલ પાલનપુર | ૨,૬૨,૨૦૦ | ૩,૧૫,૪૦૦ |
| વાત્સલ્ય હોસ્પિટલ પાલનપુર | ૬,૫૩,૬૦૦ | ૮,૦૯,૪૦૦ |
| મીતા હોસ્પિટલ પાલનપુર | ૭૬,૦૦૦ | ૯૧,૨૦૦ |
| શીફા હોસ્પિટલ પાલનપુર | ૩,૮૦૦ | ૧૧,૪૦૦ |
| સુરજ હોસ્પિટલ પાલનપુર | ૯૫,૦૦૦ | ૭૨,૨૦૦ |

| | | |
|---|---|---|
| પાર્થ હોસ્પિટલ પાલનપુર | – | ૩૦,૪૦૦ |
| પૃથ્વી હોસ્પિટલ પાલનપુર | ૫૨,૦૦૦ | ૫૩,૨૦૦ |
| જનની હોસ્પિટલ પાલનપુર | ૧,૧૦,૨૦૦ | ૩,૩૦,૬૦૦ |
| શ્રીજી હોસ્પિટલ પાલનપુર | ૩,૮૦૦ | ૧૫,૨૦૦ |
| તીર્થ હોસ્પિટલ પાલનપુર | – | ૧૧,૪૦૦ |
| શ્રીજી હોસ્પિટલ પાલનપુર | – | ૭,૬૦૦ |

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે એમાં દાંતા અને અમીરગઢ તાલુકામાં પ્રસુતિના ૧૦૫૭ કેસો નોંધાણા તો મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ૧૦૫૭ પ્રસુતિ કેસો નોંધાણા છે એમાંથી કેટલા બાળકોના મૃત્યુ થયા છે એ અંગે કોઇ રજૂઆતો મળી છે? અને બીજો પ્રશ્ન મારો એ છે કે દાંતા અને અમીગઢ તાલુકામાંથી છેક પાલનપુર પ્રસુતિ કરાવવા આવે ત્યારે દાંતા અને અમીરગઢમાં દવાખાનુ ખોલવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલો જે પ્રશ્ન પૂછયો માનનીય સભ્યશ્રીએ તો દાંતા અને અમીરગઢ બંન્ને જગ્યાએ પી.એચ.સી. અને સી.એચ.સી અત્યારે ચાલુ જ છે અને ત્યાં આગળ ડીલીવરીની પણ વ્યવસ્થા થઇ રહી છે. ચિરંજીવી યોજના અંતર્ગત દાંતામાં પણ એક હોસ્પિટલ છે પરંતુ આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ એ રહ્યો છે કે જે પ્રમાણે સુખી સંપન્ન પોતે પરિવારની દીકરીની ડીલીવરી પ્રસંગે ખાનગી હોસ્પિટલમાં જયાં આગળ સીઝીરીયનની વ્યવસ્થા હોય, જયાં બાળકને પેટીમાં રાખવું હોય તો તેની પણ વ્યવસ્થા હોય, બ્લડ ચડાવવું હોય તો તેની પણ વ્યવસ્થા હોય એવી સુવિધા ગરીબ પરિવારની દીકરીને પણ ડીલીવરી પ્રસંગે આપી શકાય તે માટે ચીરંજીવી યોજના અમલમાં મૂકવામાં આવી છે એટલે દાંતા અને અમીરગઢ બન્ને જગ્યાએ હોસ્પિટલ તો છે પરંતુ વધારે સુવિધા માટે પાલનપુરની આ હોસ્પિટલની પણ સુવિધા આપવામાં આવી છે. માતા મૃત્યુદર કોઇ થયો નથી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે પ્રાઇવેટ હોસ્પિટલમાં વાત્સલ્ય હોસ્પિટલ છે એમાં ૨,૩૯,૪૦૦ ૨૦૧૩–૧૪માં અને ૨૦૧૪–૧૫માં ૨,૭૭,૪૦૦ ની રકમની ચૂકવણી કરી છે તો મારે એ જાણવું છે કે આપણી સરકારી હોસ્પિટલમાં કેટલી પ્રસુતિ કરાવી, એમાં કેટલી રકમ ચૂકવી અને કેટલો ખર્ચો થયો અને આ જે વાત્સલ્ય છે એમાં અમીરગઢ ગામના કેટલા હતા?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, દરેક ગામમાં કયા ગામના કેટલા દર્દીઓ હતા એ તો હું નહીં કહી શકું પરંતુ એમણે જે વાત કરી સરકારી હોસ્પિટલમાં કેટલી પ્રસુતિ થઇ તો તેની માહિતી હું ચોકકસ આપી શકીશ, ખાનગીમાં જે થયા એનો આકડો અમે તાલુકાવાઇઝ આપ્યો છે એ માનનીય સભ્યશ્રી ત્યાં જવાબની અંદર જોઇ શકશે પરંતુ અમીરગઢ તાલુકાની અંદર પી.એચ.સી.ની અંદર વર્ષ ૨૦૧૩માં ૩૫૧ ડીલીવરી થઇ અને વર્ષ ૨૦૧૫ની અંદર ૧૫૮ અત્યાર સુધીની સ્થિતિએ એટલે કુલ ૫૦૯ ડીલીવરી સરકારી હોસ્પિટલમાં ત્યાં થઇ છે, અમીરગઢમાં એક સી.એચ.સી પણ છે તો સી.એચ.સી.ની અંદર કુલ ૭૯૬ જેટલી ડીલીવરી થઇ છે એટલે એ તો થાય જ છે આ વધારાની ચિરંજીવી યોજના અંતર્ગત થઇ છે.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે ચીરંજીવી યોજનામાં જે પ્રાઇવેટ હોસ્પિટલમાં પ્રસુતિ થઇ છે એમાંથી અનુસૂચિત જાતિની અને અનુસૂચિત જનજાતિની કેટલી યોજનાઓ અને સાથેસાથે બાલસખા યોજનાનો પણ આ જ યોજનામાં લાભ મળે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, અમીરગઢ અને દાતા બન્ને તાલુકા ટ્રાયબલ તાલુકા મોટાભાગે છે એમાં અમીરગઢ તાલુકાની અંદર અનુસૂચિત જાતિની વર્ષ ૨૦૧૩–૧૪ની અંદર ૫૨ માતાઓની ડીલીવરી ત્યાં આગળ થઇ છે અને અનુસૂચિત જનજાતિની ૨૯૧, દાંતાની અંદર ૨૬ અનુસૂચિત જાતિ અને ૧૦૫ અનુસૂચિત જનજાતિ. એ જ રીતે ૨૦૧૪–૧૫માં અનુસૂચિત જાતિની કુલ ૬૪ અને અનુસૂચિત જનજાતિની કુલ ૪૨૫ ડિલિવરી આ બન્ને તાલુકાઓમાં થઇ છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાની અંદર બીજા તાલુકાઓમાં સંપૂર્ણ સગવડવાળી પ્રાઇવેટ હોસ્પિટલો છે જ્યારે દાંતા અને અમીરગઢ તાલુકામાં તાલુકા મથકે કે અંબાજીમાં આવી કોઇ હોસ્પિટલ નથી. ખૂબ દૂરનો વિસ્તાર પડે છે તો સરકારશ્રી આદિવાસી વિસ્તારમાં સ્પેશિયલ આ બે તાલુકાઓમાં સંપૂર્ણ સગવડવાળી હોસ્પિટલ કરવા માગે છે કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : અત્યારે પણ સી.એચ.સી. છે અને આગામી સમયમાં અમે અંબાજીમાં ૧૦૦ બેડની

અદ્યતન સુવિધાવાળી હોસ્પિટલ શરૂ કરવાના છીએ.

શ્રીમતી મનિષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, ચિરંજીવી યોજનાને શું સફળતા મળી છે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : ચિરંજીવી યોજના આપણે વર્ષ ૨૦૦૫–૦૬થી ચાલુ કરી છે. એની અંદર જે પરિણામો મળ્યા છે એમાં માતા મૃત્યુ દર જે એક લાખની સંખ્યાએ ૧૬૦ હતો તે ઘટીને ૧૧૨ થયો છે અને બાળ મૃત્યુ દર છે એની અંદર પણ ૧૭ ટકા જેટલો ઘટાડો થયો છે.

શ્રી ધારશીભાઇ લ. ખાનપૂરા : માનનીય અધ્યક્ષશ્રી, બીજી ખાનગી હોસ્પિટલોમાં જે સગવડો કરીએ છીએ એવી બીજા વિસ્તારોમાં પણ કરવા માગો છો કે કેમ?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : આખા રાજ્યમાં આ યોજનાઓ અમલ કરીએ છીએ. એનો લાભ બનાસકાંઠા જિલ્લાની વાત છે ત્યાં સુધી તમામ તાલુકાઓમાં અત્યારે આપણે આપીએ છીએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારે ખાસ પૂછવું છે કે આપે જે આંકડાઓ આપ્યા એમાં જે પાલનપુર આવવું પડે છે. દાંતા અને અમીરગઢ વચ્ચે મોટું અંતર છે. યોજનાનો ચોક્કસ લાભ મળે છે પણ એ લાભના કારણે લોકોને બીજો બધો ખર્ચ વધારે થતો હોય છે તો માનનીય મંત્રીશ્રી કોઇ એવો પ્રયત્ન કરવા માગે છે કે દાંતામાં પ્રાઇવેટ હોસ્પિટલ હોય ત્યાં આગળ સારી વ્યવસ્થાઓ થઇ શકે? આવું થાય તો પાલનપુર સુધી આવવું ન પડે અને પોતાના તાલુકામાં વ્યવસ્થા થાય તો બીજો બધો ખર્ચ બચે?

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : માનનીય મુખ્યમંત્રીશ્રીનું એ સ્વપ્ન રહેલ છે કે એક પણ માતા કે બાળકનું મૃત્યુ ન થાય. એના માટે જે કાંઇ કરવું પડે એ તમામ પગલાંઓ માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલની સૂચનાથી અમે લઇ રહ્યા છીએ. પહેલાં વાત કરી કે અંબાજીમાં અમે ૧૦૦ બેડની સરકારી હોસ્પિટલ કરવા જઇ રહ્યા છીએ. તે સિવાય દાંતા કે અમીરગઢ આવવું હોય તો ડિલિવરી પ્રસંગે આવે તો સારવાર તો ફ્રી મળે છે પરંતુ એને ૨૦૦ રૂપિયા ભાડાના આવતાની સાથે જ ડોકટર પાસેથી મળે અને એનો ખર્ચ પણ રાજ્ય સરકાર કરે એની પણ આમાં વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આ તાલુકાઓમાં જ પ્રાઇવેટ હોસ્પિટલ હોય તો સમજાવટથી કરે તો દૂર જવું ન પડે.

શ્રી શંકરભાઇ લ. ચૌધરી : પ્રાઇવેટ હોસ્પિટલના જે નોર્મ્સ નક્કી કરવામાં આવ્યા છે એમાં ૧૦ બેડની સુવિધા હોય, ત્યાં લેબર રૂમ હોય અને બાળકને પેટીમાં રાખી શકાય, બ્લડ ચડાવી શકાય તેવી સુવિધાવાળી કોઇપણ પ્રાઇવેટ હોસ્પિટલ અમને પ્રપોઝલ કરશે તો અમે ડી.એચ.ઓ.ને સૂચના આપીને તેની સાથે કરાર કરી શકીશું.

પંચમહાલ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

* ૧૭૦૮૧ શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પંચમહાલ જિલ્લામા તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨૦૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઈ, અને | (૨) મંજૂર ૧૦૬૨ નામંજૂર ૧૧૩. |
| (૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ? | (૩)૧. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩.અરજી ફોર્મ સાથે પૂરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વિધવા સહાય અંતર્ગત સહાય મેળવવા માટે શું પાત્રતા હોવી જોઇએ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : વિધવા સહાય યોજના અન્વયે એક તો ગુજરાતમાં વસવાટ કરતા હોવા જોઇએ. ૨૧ વર્ષનો પોતાનો પુખ્ત પુત્ર ન હોવો જોઇએ. સમગ્ર કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૨૭ હજાર અને શહેરી વિસ્તારમાં ૩૬ હજારથી વધુ ન હોવી જોઇએ, ઘર કામની આવક સિવાય તો એને લાભ આપવામાં આવે છે. બીજું કે, વિધવા હોય પરંતુ એમણે બીજા લગ્ન કરેલ ન હોય, વિધવા હોય ત્યારે એમના પતિ તરફથી કોઇ વળતર એમના પરિવાર તરફથી મળતું ન હોય

. શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપની અનુમતિથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, નિરાધાર વિધવા આર્થિક સહાય યોજના હેઠળના લાભાર્થીઓને શું લાભો મળે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, તા.૧/૪/૨૦૧૨ પહેલા દરેક વિધવાઓને ૫૦૦ રૂપિયા અને એના બાળક દીઠ ૮૦ રૂપિયા આપવામાં આવતા હતા. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલે આ વિધવાઓ માટે સંવેદનાપૂર્વક સહાનુભૂતિથી સુધારો કરીને ૭૫૦/–રૂપિયા કર્યા. એના બાળકો દીઠ ૮૦ રૂપિયાના બદલે ૧૦૦ રૂપિયા કર્યા અને ૧૮ થી ૪૦ વર્ષની વિધવા બહેનો હોય એમને વિધવાલક્ષી તાલીમ આપીને એમને પગભર થવા માટેની યોજના પણ આ રાજ્ય સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ શરૂ કરાવી છે.

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫
તારાંકિત પ્રશ્નો

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, ૧૧૩ અરજીઓ નામંજૂર કરવાના કારણો શું છે (૨) વર્ષ ૨૦૧૩–૧૪માં આ યોજના પેટે પંચમહાલ જિલ્લામાં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી અને (૩) સાત–આઠ મહિનાથી વિધવા પેન્શન મળતું નથી એ વાત સાચી છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, પેન્શન મળતું નથી એ વાત કોઇ રીતે સત્ય નથી. એમણે પૂછ્યું છે કે તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ જે અરજીઓ નામંજૂર કરી એના કારણોમાં વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારમાં ૨૭,૦૦૦/– અને શહેરી વિસ્તારોમાં ૩૬,૦૦૦/– થી વધુ હોય એવી ૧૦ અરજીઓ, પુખ્ત વયનો ૨૧ વર્ષનો પુત્ર હોય એવી ૮૧ અરજી અને અરજી ફોર્મ સાથે જે પૂરાવા અને વિગતો આપવાની હોય એ વિગતો ના હોય ત્યારે એવા સંજોગોમાં ૨૨, એટલે કુલ મળીને ૧૩૩ અરજીઓ નામંજૂર છે. ૨૦૧૪–૧૫માં ફેબ્રુઆરી ૨૦૧૫ના અંત સુધીમાં ૧,૦૦,૫૮,૪૭૪/– રૂપિયાનો ખર્ચ આના પાછળ કરવામાં આવ્યો છે.

શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રી સાહેબને પૂછવા માગું છું કે, વિધવા સહાય યોજનાનો કાયદો ક્યારથી અમલમાં આવ્યો?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય સમાજમાં મહિલા આર્થિક રીતે સામાન્યત: પતિ ઉપર નિર્ભર હોય છે અને જ્યારે એના પતિનો સહારો નથી રહેતો ત્યારે સામાજિક સુરક્ષા માટે સરકારે આર્થિક સહાય આપવા માટે જૂન ૧૯૭૯થી આ કાયદાની અમલવારી કરી અને મેં કહ્યું એમ પહેલા નજીવા પૈસા આપવામાં આવતા હતા. પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેને મહિલા લાભાર્થીઓને ૭૫૦/– ની આવક કરી. જેમાં બે બાળકો હોય તો ૧૦૦–૧૦૦ રૂપિયા એ રીતે વધારો કરવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે એ જાણવું છે કે એમણે કીધું કે, ૨૧ વર્ષનો પુત્ર ના હોવો જોઇએ. ઘણાં કિસ્સાઓમાં એવું થતું હોય છે કે વિધવામાતાને પોતાનો ૨૧ વર્ષનો પુત્ર હોય પણ એ પોતે વિકલાંગ હોય કે માનસિક રીતે અશકત હોય છે ત્યારે એનું ૨૧ વર્ષનું સર્ટિફિકેટ રજૂ કરવાનું હોવાના કારણે વિધવા સહાય મળી શકતી નથી તો માનનીય મંત્રીશ્રી પાસે મારે એ જાણવું છે કે આમાં વિધવા લોકોને આવા કોઇ બાળકો હોય એવી વિધવા માટે શું વ્યવસ્થા કરવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એના પ્રશ્નમાં જ સ્પેશ્યલ કેસ તરીકે આપણે મંજૂર કરવાની (અંતરાય)

શ્રી શૈલેષ મ. પરમાર : મારે એવું કહેવું છે કે, સરકારશ્રી દ્વારા જો આવો એક પરિપત્ર બહાર પાડવામાં આવે તો એ પરિપત્રના આધારે જ એ ગુજરાતની અંદર તમામ ગુજરાતી બહેનોને આ રીતે એના બાળકો વિકલાંગ હોય એને લાભ મળી શકશે. એટલા માટે પરિપત્ર બહાર પાડવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે સકારત્મક રીતે જોઇશું.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આવક મર્યાદા જણાવી છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં કે પંચાયતોમાં મામલતદાર અને પ્રાંત થ્રુ તમારે ચોક્કસ ૩૦,૦૦૦/– થી ૪૦,૦૦૦/–જ આવક લખવાની એવું સૂચન તલાટીને કરવામાં આવતું હોય છે. ઘણાં બધા કિસ્સાઓમાં બહેનો આવક મર્યાદાને લીધે રહી જાય છે તો આ બાબતે આપ શું કરવા માગો છો?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આવકના દાખલા આધારિત આપણે કરતાં હોઇએ છીએ ત્યારે આવા કોઇ કિસ્સા એમના ધ્યાનમાં આવે તો સભ્યશ્રી અમારું ધ્યાન દોરે, જે આવક ચોક્કસ હશે એના આધારે આપણે કરી દઇશું.

વાંકાનેરથી રાજકોટ જતા રસ્તા ઉપર માઈનોર બ્રીજ બનાવવા બાબત

* ૧૭૪૩૨ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ સરકાર સમક્ષ વાંકાનેર થી રાજકોટ તરફ જ રસ્તા ઉપર પતાળીયા વોંકળા પર માઈનોર બ્રીજ બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં કોના તરફથી રજૂઆત કે દરખાસ્ત કરવામાં આવી, અને | (૧) માન. ધા.સ.શ્રી મહંમદજાવેદ પીરઝાદા તરફથી રજુઆત મળેલ છે. |
| (૨) તે અન્વયે સરકાર આ માઈનોર બ્રીજ કયારે બનાવવા માંગે છે ? | (૨) પતાળીયા વોંકળા પર માઈનોર બ્રીજ બનાવવાની બાબત મા.મ.વિભાગનાં કાર્યક્ષેત્રમાં ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે, પતાળીયા વોંકળા ઉપર માઈનોર બ્રીજ બનાવવાની બાબત માર્ગ અને મકાન વિભાગના કાર્યક્ષેત્રમાં ન હોય, તો મારે જાણવું છે કે, વાંકાનેરથી રાજકોટ જતો રસ્તો હાલ કોના કાર્યક્ષેત્રમાં છે ?

સાહેબ, મારો બીજો પ્રશ્ન એ છે કે, આ રસ્તો માર્ગ અને મકાન વિભાગમાં સમાવેશ કરી આ બ્રીજ અને આ રસ્તાનું કામ સરકાર કરવા માગે છે કે નહી?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નમાં માઇનોર બ્રીજ બનાવવા માટેની એમની રજૂઆત છે. માનનીય સભ્યશ્રીએ મુખ્ય ઇજનેરશ્રને સંબોધીને ૩૧મી જુલાઇએ રજૂઆત  કરી છે, એમના પોતાના પત્રમાં માનનીય સભ્યશ્રીએ બતાવ્યું છે કે, આ માર્ગ મકાન વિભાગ, જિલ્લા પંચાયત હસ્તક નથી અને આ રીતે માનનીય અધ્યક્ષશ્રી, જે વાંકાનેરનો આ પ્રશ્ન છે, અહીંયા માઇનોર બ્રીજનો એમાં માર્ગ અને મકાન વિભાગના પણ આ દફતરે આ નોંધાયેલ નથી. વાંકાનેર સિટીના તલાટીનો પણ અભિપ્રાય છે કે, આ રસ્તો છે એ ગૌચરમાંથી પસાર થાય છે અને નગરપાલિકાના મુખ્ય અધિકારીનું કહેવું છે કે, અમારી હદ બહારના વિસ્તારમાં આ રસ્તો આવેલ છે. અને જ્યારે આવા કોઇ રસ્તા હોય, જે વિભાગ કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા હસ્તક હોય તે વિભાગ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાએ રસ્તા પૂરતી કામગીરી કરવાની રહેતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ પતાળીયા વોંકળા કોઝ–વે માર્ગ એ મકાન વિભાગ હસ્તકનો નથી, રેવન્યુ તેમજ વિભાગના અન્ય રેકર્ડ ઉપર પણ તેની માહિતી ઉપલબ્ધ નથી. સભ્યશ્રીએ પણ તેમના પત્રમાં જણાવ્યું છે કે, માર્ગ મકાન વિભાગ હસ્તક આ રસ્તો નથી. અને આમ  માર્ગ અને મકાન વિભાગના કાર્યક્ષેત્રમાં આ બાબત આવતી ન હોવાથી હાલમાં માયનોર બ્રીજ બનાવવાનો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અધ્યક્ષશ્રી : સમાવેશ કરવા માગો છો કે કેમ, એટલું એમનું કહેવું હતું, પણ એમણે જવાબ આપ્યો.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, વાંકાનેર એક જુનું સ્ટેટ વખતનું નાનું ગામ છે. એની ટ્રાફિકની સમસ્યા હલ કરવા માટે માર્ગ અને મકાને કાંઇ વ્યવસ્થા કરી છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો એ વાંકાનેર શહેરમાંથી જે પસાર થતો (અંતરાય) રાજ્ય ધોરી માર્ગ નંબર–૧૧૩ ઉપર ૧.૧૬૦૦ કિલો મિટરની લંબાઇનો ૨૦૦૭માં વિકાસ પથ તરીકે વિકસાવવામાં આવેલ અને હયાત જે ૫.૫ મિટરનો રસ્તો છે, એ ૧૧ મિટરનો કરવામાં આવ્યો હતો. ૨૦૧૨–૧૩માં ૧૩૯.૩૦ લાખમાં રિ–સરફેસીંગ કરેલ અને ત્યારબાદ આ રસ્તો પહોળો કરવા તથા રિ–સરફેસીંગ કરવા આમ કુલ ૩૦૧.૨૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાતના મુખ્ય મંત્રીશ્રીએ મને અત્યારે જ અહીંયા કહ્યું કે, ભલે આપણા હસ્તક નથી, માર્ગ અને મકાન વિભાગ હસ્તક, પણ પ્રજાને અને વાંકાનેર શહેરને અને ગામડાંને ઉપયોગી છે તો ગમે તે હસ્તકનો હશે પણ આ રોડ પંચાયત હસ્તક લેવા, માર્ગ અને મકાન હસ્તક લેવા માનનીય મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે અને અમે આ કામ મંજૂર કરી દઇશું એટલે હવે આ બધા પ્રશ્નો પૂરા થાય છે.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીની માગણીનો સંતોષ થઇ ગયો છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રીશ્રીએ, માનનીય સભ્યશ્રીના સવાલના જવાબમાં પોઝિટિવ લઇને સ્વીકાર્યું છે, અભિનંદન આપીએ છીએ અને આવકારીએ છીએ. એટલે બીજા વિવાદાસ્પદ પ્રશ્નો ઉભા નથી કરતા નહીં તો આમાં થાય એવું હતું.

શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રીનો, બાંધકામ મંત્રીશ્રીનો અને સરકારશ્રીનો આ જવાબ દેવા બદલ આભાર માનું છું.

### રાજકોટ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

* ૧૭૦૭૩ શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા (ટંકારા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજકોટ જિલ્લામા તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૧૪૨૪. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઇ, અને | (૨) મંજૂર નામંજૂર<br>૧૦૧૩ ૨૯૩. |
| (૩) અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે ? | (૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩. અરજી ફોર્મ સાથે પૂરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના મુખ્યમંત્રી આનંદીબેન અને બાળવિકાસ મંત્રીશ્રી વસુબેન ત્રિવેદીને હું અભિનંદન આપવા માગું છું. આ રાજયમાં વિધવા બહેનોને કોઇ સહારો ન હોઇ, રાજય સરકારે જે આર્થિક વધારો કર્યો છે એ બદલ અભિનંદન. મારો પ્રશ્ન એ છે કે આ વિધવા સહાય મેળવવા માટે ફોર્મની સાથે કયા કયા પત્રકો, કાગળો જોડવાના હોય છે?

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫
તારાંકિત પ્રશ્નો

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ફોર્મ ભરવામાં સરળતા રહે તે હેતુથી જે પૂરાવા રજૂ કરવાના છે એની યાદી પહેલેથી જ આપી દેવાય છે એમાં પાસપોર્ટ સાઇઝનો એક ફોટો, આવક અંગે તલાટી, ચીફ ઓફિસર, મામલતદાર, ટી.ડી.ઓ. એમાંથી કોઇપણ એક વ્યકિતનો દાખલો, અરજદાર તેના બાળકો અંગેનું શાળાનું પ્રમાણપત્ર, એનું સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ અથવા અન્ય કોઇ આધાર પૂરાવા ન હોય તો પી.એચ.સી., સી.એચ.સી., સિવિલ સર્જન પૈકી કોઇપણ એક સરકારી ડોકટરનું પ્રમાણપત્ર અથવા સર્ટીફીકેટ, પુનઃલગ્ન નથી કર્યા તે અંગેનું તલાટીનું પ્રમાણપત્ર, અરજદારને ૨૧ વર્ષથી વધુ ઉંમરનો કોઇ પુત્ર છે કે કેમ? એનુંભરણપોષણ કરવા સક્ષમ ન હોય જેમ કે પાગલપન હોય, શારીરિક અપંગતા હોય, આજીવન કારાવાસ હોય અથવા મૃત્યુ થઇ ગયું હોય તો તે અંગેનો તલાટી કમ મંત્રીનો દાખલો આપવામાં આવે અને રહેઠાણ અંગેનો કોઇપણ એક પૂરાવો રજૂ કરે તો એને સહાય મળી શકતી હોય છે.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે કમનસીબે આપણે પુરુષ પ્રધાન સમાજ વ્યવસ્થા છે અને એમાં જયારે પતિનું મૃત્યુ થાય ત્યારે નિરાધાર પરિસ્થિતિનું નિર્માણ થાય છે. હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ૨૭૦૦૦ અને ૩૬૦૦૦ આ બે આવક મર્યાદા છે એને કારણે મોટાભાગની બહેન દીકરીઓ આ લાભથી વંચિત રહે છે આમાં કોઇ વધારો કરવા માગો છો કે કેમ? અને આ વિધવા બહેનોને ૨૫૦–૩૦૦ જ પહેલા મળતા હતા. માનનીય શંકરસિંહજી ૧૯૯૮માં આવ્યા ત્યારે લગભગ ડબલ કરીને ૫૦૦ રૂપિયા અને પુત્રોના ૭૫–૭૫ રૂપિયા કર્યા. ૧૯૯૮ થી ૨૦૧૨ સુધી આપણે વધારો નથી કર્યો લાંબો પિરિયડ હતો. માટે હવે આપણે સાતસો કરીએ તો પણ આજની પરિસ્થિતિમાં આ રકમ ખૂબ ઓછી છે. વિધવા બહેનોને ટોટલ બજેટમાં જે રકમ કહી એ તો બહુ જ નજીવી છે તો આ રકમ સારી એવી વધારવાની આવશ્યકતા છે કારણકે પિરિયડ લાંબો ગયો છે તો આ રકમ વધારવા માગીએ છીએ કે કેમ અને ફોર્મનું સરળીકરણ કરીએ. ૨૧ વર્ષનો દીકરો અભ્યાસ પણ કરતો હોય અને ૨૧ વર્ષનો દીકરો અભ્યાસ કરતો હોય એટલે ૨૧ વર્ષનો દીકરો છે માટે તને વિધવા પેન્શન ન મળે આમાં કંઇ છુટછાટ મુકીને વધારે સરળ બને એવું કંઇ કરવા માગે છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, એક તો વધારો કરવા માટેનું એમનું સૂચન છે. બીજું, સમાજ કલ્યાણ બોર્ડ દ્વારા પણ આ અંગેની માહિતી અને એને લાભ મળતો હોય છે. ૨૧ વર્ષનો પુત્ર હોય અને ભણતો હોય તો માનનીય મુખ્યમંત્રીશ્રીની સ્કોલરશીપ યોજનામાં પણ એને લાભ મળી શકતા હોય છે અને બાકી તમારું સુચન છે.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રાજકોટ જિલ્લાની ફેબ્રુઆરી–૨૦૧૫ ના રોજની સ્થિતિએ વિધવા સહાય યોજના અંતર્ગત લાભાર્થીઓની સંખ્યા કેટલી છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ જિલ્લામાં ફેબ્રુઆરી–૨૦૧૫ના રોજની સ્થિતિએ વિન્ડો ફાઇનાન્સ એકાઉન્ટમાંથી આપણે જોઇએ તો લાભાર્થીઓની સંખ્યા ૪૮૦૯ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા હું પુછવા માગું છું કે વિધવા બહેનોના પેન્શનમાં વધારા ઘટાડાની વાત થાય છે સાચી વાત છે. પરંતુ ગામડાંની અંદર બિલકુલ પરિસ્થિતિ અવળી છે. નાની નાની ઉંમરમાં ગામડાંની અંદર યુવાનો દારૂ પીએ અને બહેનો નાની ઉંમરમાં વિધવા બને છે. યુવાનો દારૂ પી અને નાની ઉંમરમાં મૃત્યુ પામતા હોય છે અને એને કારણે વિધવા બહેનોમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. બહેન મુખ્યમંત્રી છે. તો આ ચિંતાનો વિષય હોવાના કારણે (અંતરાય) અમલ તમે કરાવો તો થાય. એટલે આમાં દારૂબંધી કરી આ વિધવા બહેનોની સંખ્યામાં ઘટાડો થાય તેવાં પગલાં રાજ્ય સરકાર ભરવાં માગે છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળમાં તો અમદાવાદમાં લઠ્ઠાકાંડ થતો હતો અને બહેનો કેટલીય વિધવા થતી હતી. ત્યારે કોઇને આ વિચાર નહોતો આવ્યો.(અંતરાય) મને સાંભળો. અને આ બધી જ ચિંતા આ રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ કરી છે અને એટલા માટે રાજ્યમાં ગૃહ વિભાગ દ્વારા નારી સુરક્ષા સમિતિઓ કરી છે. જિલ્લા કક્ષાની, તાલુકા કક્ષાની છે અને ગામડાંમાં પણ છે. આ નારી સુરક્ષાના માધ્યમથી આવી કોઇ વાત ધ્યાનમાં આવે તો એના ઉપર ચોક્કસ પગલાં લેવાય છે.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને છે કે ૧૮ થી ૫૦ વર્ષની ઉંમરની બહેનો જે વધારે વિધવા થાય છે, તો વિધવા થવાનાં ચોક્કસ કારણોનો સરવે કરી બહેનો વિધવા ન થાય તે માટે સરકાર કોઇ આયોજન કરવા માગે છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આરોગ્યને લગતો વિષય છે. વખતો વખત આવી બહેનોનું આંગણવાડીના બાળકોની સાથે એમની મા વિગેરેનું આરોગ્યની તપાસ કરવામાં આવે છે. આંકડા જોઇતા હોય તો શંકરભાઇ પાસેથી લઇ લે.

## વલસાડ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ફાયર સેફટીની સુવિધા

* ૧૭૦૫૨ શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર આંગણવાડી | (૧) ના, જી. |

કેન્દ્રોમાં ફાયર સેફ્ટી સુવિધા પુરી પાડવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

| | |
|---|---|
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તે પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી જાણવા માગું છું કે વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડી કેન્દ્રોમાં ફાયર સેફ્ટી સુવિધા પૂરી પાડવામાં આવનાર છે, તે અંગેનું આયોજન હોય તો જણાવો?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આંગણવાડી કેન્દ્રોને ફાયર સેફ્ટીની સુવિધા મળે એના માટે રાજય સરકારે આખા રાજયની તમામ આંગણવાડીઓ માટેનું આયોજન કરેલ છે. ૨૦૧૫–૧૬ માં વલસાડ જિલ્લામાં તાલુકાવાર તમામ ૧૮૬૦ આંગણવાડી કેન્દ્રોને ફાયર સેફ્ટીની સુવિધા પૂરી પાડવા માટે, એના ઇન્સ્ટ્રુમેન્ટનાં રૂપિયા ૨૫૨૩ લેખે કુલ ૪૭ લાખ ૫૮૦૦ ની બજેટમાં જોગવાઇ કરેલ છે. તાલુકાવાર વલસાડ જિલ્લામાં છે. પારડીમાં ૪૫૬, ધરમપુરમાં ૩૦૬, ઉંમરગામમાં ૩૪૨, વલસાડમાં ૪૦૪, કપરાડામાં ૩૫૨ એમ ૧૮૬૦ આંગણવાડીમાં આ ઇન્સ્ટ્રુમેન્ટ ફીટ કરવાનું કામ પૂરું થયું છે.

શ્રી રમણલાલ ના. પાટકર : માનનીય અધ્યક્ષશ્રી, વલસાડ જિલ્લામાં ફાયર સેફ્ટી સુવિધા આંગણવાડી કેન્દ્રોમાં આપવામાં આવેલ છે. તો મારે જાણવું છે કે સમગ્ર જિલ્લામાં અને કોર્પોરેશનની અંદર આંગણવાડી કેન્દ્રો આવેલ છે, ત્યાં કેટલી સુવિધા આપવામાં આવેલ છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, કોર્પોરેશન હસ્તક આંગણવાડી કેન્દ્રોની વાત કરી. એમાં આ તો રાજયનો પ્રશ્ન છે મારી પાસે માહિતી છે એટલે આપું છું. આખા રાજયમાં અમદાવાદમાં ૧૬૪૧, વડોદરામાં ૨૩૯૦, ખેડામાં ૨૨૨૨, આણંદમાં ૧૯૭૯, પાટણમાં ૧૪૨૭ બનાસકાંઠામાં ૩૩૬૫, મહેસાણામાં ૧૯૧૧, ગાંધીનગરમાં ૧૦૬૧, સાબરકાંઠામાં ૩૩૪૮ એમ કુલ મળીને ૧૯,૩૪૪ આંગણવાડીઓમાં ફાયર સેફ્ટીનાં સાધનો પૂરાં કરવાં માટેનું આયોજન કરીને પૂરાં પાડી દીધાં છે.

શ્રી ભરતભાઇ કી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત સરકાર દ્વારા ફાયર સેફ્ટી સુવિધા પૂરી પાડવાનું એક સારું કામ કરવા જઇ રહી છે, ત્યારે ફાયર સેફ્ટી ઇન્સ્ટ્રુમેન્ટ કેવા પ્રકારનું છે. તેની યુનિટ કોસ્ટ પ્રતિ નંગ કેટલી કિંમત છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : રાજયના આંગણવાડી કેન્દ્રોને ફાયર સેફ્ટી સુવિધા પૂરી પાડવા માટે ફાયર સેફ્ટી ઇન્સ્ટ્રુમેન્ટ સેલ્ફ એક્ટિવેટેડ ફાયર પ્રેસિંગ સિસ્ટમવાળું પાવડર બેઇઝ પ્રકારનું આપણે નખાવી રહ્યાં છીએ. કિંમત ૨૨૦૦ એમાં ૧૫ ટકા વેટ સહિત ૨૫૬૦ એક ઇન્સ્ટ્રુમેન્ટની કિંમત છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ચાલુ વર્ષે હાલ રાજયમાં કેટલા આંગણવાડી કેન્દ્રોને ફાયર સેફ્ટી સુવિધા હેઠળ આવરી લેવા વર્ક ઓર્ડર આપવામાં આવેલ છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આખા રાજયનો વર્ક ઓર્ડરનો જવાબ મેં આપી દીધો છે. ૨૦૧૪–૧૫માં આ હેતુ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને નાણામંત્રીશ્રીએ જે બજેટ ફાળવ્યું છે તેમાં ૧૧ કરોડ ૫૪ લાખ ૪૦ હજારની જોગવાઇ કરી છે. તે સિવાય જયારે આંગણવાડીના બાળકો માટે અને આંગણવાડીની સુવિધા માટે અમારા માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન વાત કરે છે ત્યારે લોકભાગીદારી કરવા માટે લોકોની ઉત્સુકતા હોય છે. વિપક્ષના સૌ સભ્યોને વિનંતી કરું છું કે પોતાના વિસ્તારની આંગણવાડીમાં આવું કંઇ આયોજન કરવું હોય તો કરી શકાય. મારો વિભાગ એક પુણ્યનું કામ કરી રહ્યો છે અને ઇશ્વરીય કાર્ય સાથો જોડાયેલો વિભાગ છે.

### જામનગર જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૧૭૦૩૨ શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લામાં તા.૧–૦૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે, | (૧) જામનગર જિલ્લામાં તા. ૧–૦૧–૨૦૧૪થી તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ આંગણવાડી કેન્દ્રોને ગેસ કનેકશન આપવામાં આવેલ નથી. |
| (૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને | (૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી કુલ ૧૭ આંગણવાડીઓ છે. |
| (૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે ? | (૩) આઈ.ઓ.સી. ગેસ એજન્સીને નાણાની ભરપાઈ કરવામાં આવેલ છે. તેથી ટૂંક સમયમાં ગેસ કનેકશન મળી |

જશે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જામનગર જિલ્લામાં ગેસ કનેકશન અને સ્ટવની સુવિધા પૂરી પાડવા માટે કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની આંગણવાડીઓમાં ગેસની સુવિધાઓ મળે તેના ફાયદાઓને ધ્યાનમાં રાખીને માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન ગેસ આપવાની શરૂઆત કરી અને તેના માટે બજેટની ફાળવણી કરી. મને કહેતાં ખુશી થાય છે કે આ યોજના કરી ત્યારે માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન સાબરકાંઠા જિલ્લામાં આ કરવા માટેની વાત કરી હતી. જિલ્લા પંચાયતે પોતાનું આયોજન કરીને સાબરકાંઠામાં ગેસની સુવિધા શરૂ કરી હતી. હું મારા બધા જ પી.ઓ, સી.ડી.પી.ઓ., ડી.ડી.ઓ. જેમણે આ કામ કર્યુ છે તેમને અભિનંદન આપું છું. જામનગર જિલ્લાની વાત કરું તો આંગણવાડીના કેન્દ્રોમાં લાલપુરમાં ૧૪૮૯૬, ધ્રોલમાં ૮૮૫૯૨, જોડીયામાં ૧૦૬૬૨, જામજોધપુરમાં ૧૬૭૬૪, કાલાવડમાં ૧૮૦૩૯, જામનગરમાં ૨૭૭૫૬ એમ કુલ મળીને જે કનેકશન ખર્ચ થયેલ છે તે ૭૬ લાખ ૭૦ હજાર ૯૧ થયેલ છે અને ગેસના સ્ટવ આપ્યા છે તેમાં ૯ લાખ ૭૨ હજાર ૯૭૬નો ખર્ચ થયેલ છે.

શ્રી ચીમનભાઇ ધ. સાપરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે જામનગર જિલ્લામાં તાલુકાવાઇઝ કેટલી આંગણવાડીમાં ગેસની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, બધા જ તાલુકામાં સુવિધા પૂરી પડાઇ ગઇ છે. લાલપુરમાં ૧૪૨, ધ્રોલમાં–૯૪, જોડીયામાં –૧૦૭, જામજોધપુરમાં–૧૫૩, કાલાવડમાં–૧૮૪, જામનગર વિસ્તારમાં ૨૨૪ માંથી ૧૫ આંગણવાડીઓમાં બાકી છે. કુલ ૧૭ આંગણવાડીઓમાં ગેસ સુવિધા આપવાની બાકી છે તેમાં જોડીયામાં પણ બે આંગણવાડીઓ બાકી છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી , આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું અને સાથે વિનંતી કરવા માગું છું. આંગણવાડીની અંદર આંગણવાડીની કાર્યકર્તાઓ, રસોઇ બનાવનાર, સફાઇ કરનાર સહાયક કાર્યકર્તા તેમના મારફત આનું સંચાલન થાય છે. ગેસ ઉપલબ્ધ નહીં થવાથી ચૂલા સળગાવવા પડે છે. બળતણ વીણવા જવું પડે. આ બધું જ રસોઇ બનાવનાર કાર્યકર્તાઓની જવાબદારીમાં આવે છે. આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું, હમણાં જ મારા વિસ્તારમાં પ્રવાસમાં હતો તો કોઇ આંગણવાડીની અંદર ૩૦ બાળકો, ૪૦–૫૦ બાળકો લાભ લેતા હશે. કોઇ એવી આંગણવાડીઓ છે કે જયાં ૧૦૦, ૨૦૦ કે ૩૦૦ થી ૫૦૦ વિદ્યાર્થીઓ આંગણવાડીઓનો લાભ લે છે.

અધ્યક્ષશ્રી : પરેશભાઇ સીધો પ્રશ્ન જ પૂછો. કોઇ બેઠા બેઠા કોમેન્ટ ન કરે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી વિસ્તારનું જસવંતગઢ ગામ છે ત્યાં હું હોળના દિવસે ગયો હતો. ત્યાં લગભગ ૩૫૦ કરતા વધુ બાળકો એ શાળામાં ભણે છે અને આંગણવાડીમાં ભાગ લે છે એટલે મારો પ્રશ્ન રાજકીય નથી. મારી રજૂઆત એ છે કે અત્યારે આંગણવાડી કાર્યકર્તાઓની મીનીમમ ૧૦૦ની સંખ્યા અને એનાથી વધુ દરેક ૫૦ વિદ્યાર્થીઓ માટે વધારાની રસોઇ બનાવવાની થતી હોય તો આવી આંગણવાડી કાર્યકર્તાઓની ફરજ છે કે, ઓછી રસોઇ હોય અને ઓછા વાસણ સફાઇ કરવાના થતા હોય તો બે ત્રણ કલાકમાં કામ પતી જાય(અંતરાય)

અધ્યક્ષશ્રી : પરેશભાઇ, પ્રશ્ન પૂછો આપ તો ચર્ચામાં પડી ગયા છો. પ્રશ્ન પર આવી જાવ.

શ્રી પરેશ ધાનાણી : મારો માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન છે કે, આંગણવાડી કાર્યકર બહેનો છે એનું હાલનું પગાર ધોરણ શું છે?

અધ્યક્ષશ્રી : પરેશભાઇ, નહીં આ ગેસ અંગેનો પ્રશ્ન છે. પરેશભાઇ, આપ ગેસ અંગે હોય તો પૂછો. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : બહેન આ ફાયદો થશે રાજયને.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : મને ખબર પડે છે, ફાયદો શું થાય અને શું ન થાય એ.

અધ્યક્ષશ્રી : પરેશભાઇ, ગેસને લગતો પ્રશ્ન છે એ અંગે કંઇ હોય તો પૂછો. (અંતરાય) પરેશભાઇ, સીધા પ્રશ્ન ઉપર આવી જાવ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૭ શાળાઓ જયાં આંગણવાડીની અંદર ગેસના કનેકશન ઉપલબ્ધ થયા નથી ત્યાં આંગણવાડી કાર્યકર્તાઓને રસોઇ બનાવવામાં તકલિફ પડે છે અને વધુ સંખ્યાવાળા આંગણવાડી યુનિટો હોય તો એની કામની જવાબદારીઓ પણ વધે છે. તો માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે, આ કાર્યકર્તા બહેનોના હાલના પગાર ધોરણ શું છે?

અધ્યક્ષશ્રી : પરેશભાઇ, નહીં નહીં, ગેસની વાત કરો આપ. પગારને લગતો પ્રશ્ન નથી.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, તેઓ પાંચ મિનિટ પ્રશ્ન પૂછવામાં કરે તો હું પણ દસ મિનિટ જવાબ આપીશ. માનનીય અધ્યક્ષશ્રી, એક વાત મારે સ્પષ્ટ કરવી છે કે, ભારતીય જનતા પાર્ટીની અમારી રાજનીતિ એ •(xxx) નથી. એમણે જે કહ્યું છે કે, સ્કૂલના બાળકો અને આંગણવાડીના બાળકો મારી કોઇ આંગણવાડી એવી નથી કે જેમાં ૫૦૦

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

બાળકો હોય અને એમણે જ્યારે કહ્યું છે ત્યારે એ સાબિત કરી આપે. આવી *(xxx) કરીને ગૃહનો સમય બગાડવાની આદત હોય તો એનાથી દૂર રહે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : નહીં પ્લીઝ, આપણે સભ્યોને *(xxx)એવું ન કહીએ. એ તો પોત પોતાની વાત કરે છે અને એમની જવાબદારી હોય તો એમણે પ્રુફ આપવું પડે. પણ આપણે એવું ન કહીએ. હવે આ પ્રશ્ન આપણે ટૂંકાવીએ છીએ, આનો કોઇ અંત નથી ચર્ચાનો. પ્રશ્ન ક્રમાંકઃ૭, માનનીય અમિતભાઇ, અમિતભાઇ આપ પ્રશ્ન પૂછો.

ગાંધીનગર વિજાપુર રોડને માણસા નગરને બાયપાસ બનાવવા બાબત

* ૧૮૬૭૦ શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના માણસા થઈ ગાંધીનગર–માણસા–વિજાપુર રોડ પસાર થાય છે તે રસ્તાને માણસાનગરને બાયપાસ રોડ બનાવવા અંગે કોઈ આયોજન છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો આ રાજ્ય ધોરીમાર્ગને માણસા શહેરના બાયપાસ રોડ બનાવવા યોજના કેટલા સમયમાં બનાવવાનું આયોજન છે, અને | (૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તેના માટે ઉકત સ્થિતિએ સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી છે ? | |

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે જાણવા માગું છું કે, આ જે બાયપાસ રોડ છે એની પહેલાં કોઇ રજૂઆત મળી છે કે કેમ? ઉત્તર ગુજરાતનો આ એક બહુ મહત્વનો રૂટ છે કદાચ આપણે બેઠા છીએ ત્યાંથી ૧૫ મિનિટ જ દૂર છે આ રોડ, તો બાલવાથી લઇને વિજાપુર સુધી એ રોડ મોટો કરવા માગો છો કે કેમ? અને હમણાં ૩ નંબરનો પ્રશ્ન સોલ્વ કરી દીધો એટલે કહુ છું કે મારો પણ કરી દો એટલે હું પણ અભિનંદન આપું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો જે પ્રશ્ન છે, માણસા નગરમાં બાયપાસની કોઇ રજૂઆત સરકારમાં મળી નથી. માણસા શહેરમાંથી બે અગત્યના રસ્તાઓ પસાર થાય છે, કલોલ–માણસા–વિજાપુર, ગાંધીનગર–માણસા–વિજાપુર આ બન્ને મુખ્ય રાજ્ય ધોરી માર્ગ પસાર થાય છે અને શહેરી વિસ્તારમાંથી પસાર થતા ધોરી માર્ગ પરના તથા પોતાના લોકલ ટ્રાફિકના કારણે શહેરમાંથી પસાર થતાં રસ્તા ઉપર ટ્રાફિકનું ભારણ રહે તે સ્વાભાવિક છે, અમારી રાજ્યની ભારતીય જનતા પાર્ટીની સરકારે આ સમસ્યાના નિકાલ માટે ૨૦૦૫–૦૬માં શહેરી વિકાસ વર્ષ ઉજવવાનું નક્કી કર્યું અને એ વિકાસપથ યોજના હેઠળ આ જે બન્ને રસ્તાઓ પસાર થાય છે મુખ્ય રસ્તાઓ, એ બન્ને રસ્તાઓ છે એમાં વિકાસપથ યોજના હેઠળ માણસા શહેરમાંથી પસાર થતાં કુલ ૩.૨૦ કિલોમીટરની લંબાઇના રસ્તાઓ ચારમાર્ગીય એટલે કે ૧૪ મિટર પહોળા કર્યા છે અને એક કિલોમીટર લંબાઇનો દસ મિટર પહોળાઇ એ રસ્તાની કરી અને આ કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. માણસા શહેરનો સ્થાનિક ટ્રાફિક તથા માણસમાંથી પસાર થતા બહારના ટ્રાફિકના નિયમન માટે પૂરતી સગવડ આપે છે તેથી હાલમાં બાયપાસનું કોઇ આયોજન છે નહિ.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : બાલવાથી માણસા થઇને વિજાપુર જે રોડ જાય છે એને મોટો કરવા માગો છો કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : એમની જે રજૂઆત છે એ સૂચન છે એ જોઇ લઇશું.

શ્રી શંભુજી ચે. ઠાકોર : હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગાંધીનગર – માણસા– વિજાપુર રોડ ઉપર ચાલુ વરસે રસ્તાની કોઇ કામગીરી મંજૂર કરવામાં આવી છે કે કેમ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : હમણાં માનનીય સભ્યશ્રીએ જે વાત કરી અને અહીંયા માનનીય સભ્યશ્રી શંભુજીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો આમાં જે કલોલ–માણસા–વિજાપુર રોડ જે કિલોમીટર ૧૭.૫૦૦ થી ૪૦. એટલે માણસા વિકાસપથ સિવાય જે સાડા પાંચ મિટર છે ત્યાં સાત મિટર પહોળો કરવાનું આપણી રાજ્ય સરકારનું આયોજન છે અને આ કામ માટે લગભગ ૨૦ કરોડ રૂપિયા ફાળવેલ છે. તે પૈકી ૨૩.૭૦૦ થી ૪૦ ગાંધીનગર માણસા વિજાપુર રોડને લિન્ક થાય છે અને માણસા ગામમાંથી પણ જે રસ્તો પસાર થાય છે કલોલ–માણસા–વિજાપુર રોડના વિકાસપથની વાત છે, એ વિકાસપથના ભાગને ૨.૧૦ કિલોમીટરની લંબાઇના જે ૧૪ મિટરની પહોળાઇવાળા ચાર માર્ગીય છે તેમજ એક કિલોમીટરની લંબાઇના ૧૦ મિટર પહોળા રસ્તાને પણ રિસરફેસ કરવા માટે રૂપિયા ૧૭૫ લાખની મંજૂરી સરકારે આપેલ છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : ગાંધીનગર જિલ્લાનો પ્રશ્ન છે એટલે પહેલાં તો મહુડી તરફ જતો ફોરલેન રોડ આ સરકારે બનાવ્યો તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ અને સાથે સાથે ગાંધીનગર–માણસા–વિજાપુર રોડમાં જે માણસા ગામની વચ્ચેથી રસ્તો પસાર થાય છે એની પહોળાઇ કેટલી છે અને એ રોડ ઉપરથી કયા કયા ગામો લાભ લે છે અને એની આજુબાજુના ગામોની વસતિ શું છે એની વિગત હોય તો માહિતી જણાવશો.

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫

તારાંકિત પ્રશ્નો

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું કે આ બે અગત્યના રસ્તાઓ પૈકી ગાંધીનગર–માણસા–વિજાપુર રોડ જે માણસા ગામમાંથી પસાર થાય છે તે ૧.૧૦ કિલોમીટરની લંબાઇના ચારમાર્ગીય છે જે ૧૪ મિટર પહોળો, અને કલોલ–માણસા–વિજાપુર જતો રસ્તો ૨.૧૦ કિલોમીટર લંબાઇમાં જે ચારમાર્ગીય છે અને ૧૪ મિટર પહોળો અને ત્યારબાદ એક કિલોમીટર લંબાઇમાં ૧૦ મિટર પહોળાઇ છે આ રસ્તાથી જે મુખ્ય ગામોને લાભ થવાનો છે એમાં એક તો આપણું ગાંધીનગર છે, પછી રાંધેજા, ઉનાવા, બાલવા, પ્રતાપપૂરા, ધોળાકૂવા, રાજપૂરા, માણસા, રિદ્રોલ, આજોલ, વેડા અને પિલવાઇ આટલા ગામોને આ રસ્તાથી લાભ થવાનો છે.

સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર રસ્તાઓ

* ૧૯૦૫૪ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાઓમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમના અને કયા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, અને

જવાબ

(૧)

| | સાબરકાંઠા | | અરવલ્લી | |
|---|---|---|---|---|
| | મંજૂર કામ | રકમ લાખમાં | મંજૂર કામ | રકમ લાખમાં |
| તા.૧–૨–૨૦૧૩ થી ૩૧–૧–૧૪ | ૩૯ | ૬૦૯૨.૧૬ | ૭૮ | ૬૨૨૭.૫૯ |
| તા.૧–૨–૧૪ થી તા.૩૧–૧–૧૫ | ૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| કુલ | ૩૯ | ૬૦૯૨.૧૬ | ૭૮ | ૬૨૨૭.૫૯ |

રસ્તાઓની યાદી *પરિશિષ્ટ–૧ મુજબ.

(૨) જે રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા છે તેમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કેટલી રકમ બચત તરીકે રહેલ છે ?

(૨) સાબરકાંઠા જિલ્લાના કામો પર રૂ.૪૦૨૧.૪૮ લાખનો ખર્ચ કરવામાં આવ્યો અને અરવલ્લી જિલ્લાના કામો પર રૂ.૫૦૨૯.૦૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો.

હાલમાં કામો પ્રગતિ હેઠળ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા: માનનીય અધ્યક્ષશ્રી, આજે આ સન્માનનીય ગૃહમાં આ પ્રશ્નના આંકડા આવ્યા પછી જાણવા મળ્યું, અત્યારસુધી એવું કહેવાતું હતું કે કેન્દ્રની કોંગ્રેસની સરકાર ગુજરાતને અન્યાય કરે છે પણ અમારા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ૨૦૧૩–૧૪માં ૧૧૭ રસ્તા માટે ૧૨૩૧૯.૭૫ લાખ રૂપિયાની ફાળવણી કરી એ બદલ જે તે વખતની કેન્દ્રની કોંગ્રેસની સરકારને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું. છેલ્લાં એક વરસમાં જવાબમાં જણાવ્યા પ્રમાણે ઝીરો–ઝીરો રૂપિયા ફાળવ્યા છે ત્યારે અમને ખરેખર થપ્પડ લાગી હોય તેવું લાગે છે આજે ઘણા ગામડાં પાકા રસ્તાથી જોડાયેલા નથી ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ૨૦૧૧ ની વસતિ ધોરણે નવા રસ્તાઓ ક્યાંસુધી જોડવા માગો છો? બીજો મારો પ્રશ્ન માનનીય મંત્રીશ્રીને એ છે કે, હજી ઘણા ગામડાંમાં પચીસ પચીસ વરસથી રસ્તાઓ પેવર થયા નથી અને એની રજત જયંતિ ઉજવવી પડે એવા પ્રસંગો આવી રહ્યા છે ત્યારે માનનીય મંત્રીશ્રી જો આ રસ્તાઓ મંજૂર કરતાં હોય તો હું એડવાન્સમાં પણ અભિનંદન પાઠવીશ એટલે મેં અગાઉ અને ગઇકાલે પણ માનનીય મંત્રીશ્રીને રજૂઆત કરેલી કે આવા રસ્તાઓ પેવર કરવા માગો છો કે કેમ અને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાઓ માટે ફાળવેલ નાણાંમાંથી ૯૦૫૦.૫૩ લાખ રૂપિયાનો ખર્ચ થયેલ છે તો બાકી રકમનો ખર્ચ ક્યારે કરવામાં આવશે અને આ રસ્તાનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે એ હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં જે કામો કેન્દ્રની સરકાર મંજૂર કરતી હતી તેમાં ગુજરાતને હરહંમેશ અન્યાય કરવામાં આવતો હતો જે ૫૦૦ થી નીચેની સામાન્ય વસતિ છે ત્યાં ગુજરાતની અંદર જે રસ્તાઓ કર્યા છે એમાં ૫૦૦ની વસતિ સુધીના રસ્તાઓ થઇ ગયા છે ૫૦૦ થી નીચેની વસતિના જે ગામો છે એ કરવા માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં જ્યારે દરખાસ્ત મોકલી. ત્યારે કેન્દ્રની સરકારે જે તે વખતની યુ.પી.એ.ની સરકારે એવુ કહ્યું કે આ ૨૦૨૧–૨૨ સુધીમાં અમે આના માટે વિચારણાં કરીશુ.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગતિશીલ ગુજરાતમાં જે રીતે વિકાસ થયો છે તે સમગ્ર દેશે નહીં દુનિયાએ જોયો છે, અને તે રીતે રાજ્ય સરકારે આપણાં તે વખતના મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને તે વખતના માર્ગ અને મકાન વિભાગના મંત્રી આદરણીય આનંદીબેન હતા. એમણે નક્કી કર્યુ કે ગ્રામ્ય વિસ્તારને ૨૦૨૧–૨૨ સુધી રાહ જોવડાવવી નથી અને એટલે રાજ્યના બજેટમાં રસ્તાઓ લેવાની શરૂઆત રાજ્ય સરકારે કરી અને માનનીય અધ્યક્ષશ્રી, એનો લાભ સમગ્ર રાજ્યને થયો છે અને આજે કનેકટીવીટીમાં આપણું રાજ્ય સમગ્ર દેશમાં પ્રથમ નંબરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે જે બાકી પેમેન્ટની વાત કરી તેમાં જે કામ થયુ તેનું પેમેન્ટ આપ્યુ છે. બાકીનું જે કંઇ પેમેન્ટ છે તે GSRRDA પાસે બિલની રકમ નકલ રજૂ કર્યા પછી એટલે કે fully authorization આવ્યા બાદ ચૂકવણું કરવાનું હોય છે. તેમજ કામોના ફાઇનલ બિલની કાર્યવાહી બાકી હોય ચૂકવણું બાકી રહે છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ખાસ કરીને ટ્રાયબલ વિસ્તારમાં, ટ્રાયબલ વિસ્તાર છૂટો છવાયો હોય છે. પણ ગામની અંદરથી રસ્તો પસાર થતો હોય છે અને તેનું ક્ષેત્રફળ પણ બહુ

મોટું હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રીને એ પ્રશ્ન પૂછવો છે કે ટ્રાયબલ વિસ્તારના જે જગ્યાએ ગામો આવેલા છે અને સાઇડમાંથી રસ્તો નીકળી જતો હોય તો તેના પેટા પરાઓ જે મોટા હોય છે એમના રસ્તાઓનું આયોજન કરવા માગો છો કે કેમ ?

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન છે કે, ૨૦૧૪–૧૫ની અંદર સાબરકાંઠાની અંદર વડાપ્રધાન ગ્રામ્ય સડક યોજનાની અંદર કેટલું બજેટ ફાળવવાનું આયોજન છે ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારની જે પોલીસી છે કે દરેક ગામને ઓછામાં ઓછી એક કનેકટીવીટી મળે અને એ પ્રમાણે લગભગ રાજય સરકારે ગ્રામ્ય વિસ્તારની ચિંતા કરી છે. હવે વાત રહી પરાઓની. તો પરાઓ માટે પણ રાજય સરકાર એટલી ચિંતિત છે કે, જે રીતે ગુજરાતમાં રાજય સરકારે કામ કર્યું છે તેમાં પરા મોટા હોય તો તેની પણ ચિંતા કરી છે અને આપનું આ સૂચન છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનામાં જે કંઇ કામો મંજૂર થયા છે તે કામો પૂરાં થયા છે. એકાદ કામ પ્રગતિમાં છે તે વહેલી તકે તેની સમય–મર્યાદામાં પૂરાં કરવામાં આવશે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ ટ્રાયબલ વિસ્તારમાં ઘણાં રસ્તાઓ PMGSY માં મંજૂર થયેલા હોય છે, ફોરેસ્ટના લીધે એ રસ્તાઓ થતાં નથી ત્યારે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, અરવલ્લી જિલ્લામાં લગભગ ૧૧ કરોડ ૯૮ લાખ ૫૪ હજાર જેટલી રકમ પડતર છે અને વપરાઇ નથી તો આ ફોરેસ્ટમાં આવતા કેટલા અને કયા કયા રસ્તાઓ છે ? આ રકમ કયારે વાપરવામાં આવશે ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ વાત કરી કે, આ જે પ્રશ્ન છે તે પ્રશ્ન બે વર્ષ માટેનો ૧–૧–૧૩ થી ૩૧–૧–૧૫ સુધીનો છે અને એની માહિતી મારી પાસે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં કુલ ૭૮ રસ્તાઓ મંજૂર થયા હતા. આ ૭૮ રસ્તાઓમાંથી ૭૭ રસ્તાઓનું કામ પૂર્ણ કર્યું છે. એક રસ્તાનું કામ હાલમાં પ્રગતિમાં છે ટોરડા આંબલી નવા રોડ ભિલોડા તાલુકાનું અને તેની અંદર વન વિભાગની મંજૂરી મોડી મળી એના લીધે એ કામ પ્રગતિમાં છે અને સમય–મર્યાદામાં પૂર્ણ કરવાના પ્રયત્નો કરીશું.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના સિનોલ નારણપૂરા ચોપેલા રોડમાં મંજૂર રકમ સામે ૧૨૦.૯ સામે ખર્ચ ૯.૫૬ છે તો આ રોડનું ખર્ચ ઓછું થવાનું શું કારણ છે ? અને મારો બીજો પ્રશ્ન છે કે, PMGSY રોડ મંજૂર થયે એક વર્ષ જેટલો સમય થવા છતાં ઘણાં રોડોનું ટેન્ડર મુજબ કામ કરવાનું બાકી છે તો આવા રોડનું ટેન્ડર મુજબ કયાં સુધીમાં કામ પૂર્ણ કરવામાં આવશે અને કેટલી રકમ ચૂકવી છે ? અને કેટલી અત્યારની સ્થિતિએ બાકી છે ?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ પણ કહ્યું કે આ કામ હાલ જે છે તેનું પેમેન્ટ કામ ફાઇનલ થયા પછી તેનું પેમેન્ટ ચૂકવવાનું હોય છે. એટલે તેનું કામ જયારે ફાઇનલ થશે ત્યારે ફાઇનલ બિલ તેનું ચૂકવવામાં આવશે. રાજય સરકારે લગભગ રસ્તાઓ તેની સમય–મર્યાદામાં પૂર્ણ કરેલા છે. અરવલ્લી જિલ્લાની વાત છે તેમાં રાજેન્દ્રસિંહજીના વિસ્તારમાં લગભગ ૨૬ કામો મંજૂર થયા હતા જેની લંબાઇ ૬૦.૪૦ છે અને ૧૭૩૪ જેટલો ખર્ચો થયો છે એ કામ લગભગ પૂરાં થયા છે.

## જૂનાગઢ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

* ૧૭૦૭૯ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર–પૂર્વ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) જૂનાગઢ જિલ્લામા તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૨૯. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજૂર થઇ, અને | (૨) મંજૂર નામંજૂર<br>૩૮૦ ૬૯૪. |
| (૩) અરજીઓ ના મંજૂર થવાના કારણો શાં છે ? | (૩) ૧ વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨ પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩ અરજી ફોર્મ સાથે પૂરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે અરજીઓ કરવામાં આવે છે એની ચકસાણી માટે કોઇ ધ્યાન રાખવામાં આવતી બાબત અમને જણાવે. બીજું વિધવા સહાય મેળવવા માટે વિધવા થયા પછી કેટલી સમય મર્યાદામાં અરજી કરવાની હોય છે.

પ્રો વસુબેન ન. ત્રિવેદી : અગાઉ મેં મારા જવાબમાં કહ્યું કે એમને જે પૂરાવા હોય એ પૂરાવાની પૂરેપૂરી ચકાસણી કરવામાં આવે છે, એમની ઉંમર, એમના બાળકોની ચકાસણી, રેશનકાર્ડ, શાળાનું પ્રમાણપત્ર, ચૂંટણીકાર્ડમાં નોંધણી વગેરે બાબતોની નોંધ લઇને એમને તકલીફ ન પડે એ માટેની વ્યવસ્થા માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ કરેલી છે. બીજું પહેલા એવું હતું કે બહેન વિધવા થયાને ૬૦ દિવસમાં અરજી કરી શકે પરંતુ સામાજિક રીત રીવાજો અને માનસિકતાને કારણે ૬૦ દિવસમાં કોઇ બહેન લાભ લેવા આવી હોય એવું થતું નહોતું, આવી અનેક બહેનોની રજૂઆત માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબહેન પાસે કરવામાં આવી એના આધારે રાજય સરકારે આ નિર્ણય કર્યો કે હવે કોઇ પણ વિધવા બહેન અરજી કરી શકે પરંતુ એનો લાભ જે દિવસે અરજી કરી હોય ત્યારથી મળશે.

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫

તારાંકિત પ્રશ્નો

શ્રી યોગેશ પટેલ : હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિધવા સહાય માટે ૧૧૨૯ અરજીઓ આવી. એમાંથી ૩૮૦ મંજૂર થઇ, ૬૯૪ નામંજૂર થઇ એટલે ટોટલ ૧૦૭૪ થઇ. ૧૧૨૯ અરજી આવેલી છે એમાં ૧૦૭૪ મંજૂર અને નામંજૂર થઇ તો ૫૫ ની ઘટ પડી તો ૬૯૪ નામંજૂર વધતા ૫૫ એટલે ૭૩૯ જેટલી અરજીઓ નામંજૂર થઇ તો એની ફરીથી તપાસ કરવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : એ મામલતદાર સમક્ષ ફરીથી અપીલ કરી શકે. નામંજૂર થઇ હોય એના કારણોમાં વિધવા બહેન સંમત ન હોય તો ફરીથી અપીલમાં જઇ શકે. ૫૫ અરજી પડતર હતી એ કહ્યું એ તમામનો ૩૧–૧૨–૧૪ના રોજ નિકાલ કરી દીધો છે. જે બહેનોની અરજી નામંજૂર થઇ એમને માર્ગદર્શન આપીને આ રાજય સરકારે પહેલી વખત એવો કાર્યક્રમ વડાપ્રધાન મોદીજીના વિચારોથી ગરીબ કલ્યાણ મેળાનો વિચાર કરવામાં આવ્યો હતો, અને આવી બહેનોને લાભ ન મળે ત્યારે એને તાલીમ આપીને ગરીબ કલ્યાણ મેળાની અંદર બ્યુટી પાલર્ર, સીવણના મશીનો, રસોઇ કરતી હોય તો એના સાધનો અને નાના મોટા કામો ઘરે બેસીને કરી શકે એટલે કોઇ મનથી ન પીડાય, હમણા શકિતસિંહે કહ્યું કે પુરુષ પ્રધાન સમાજનો બધાને અનુભવ થતો હોય છે. એમાંથી બહાર લાવવા માટે રાજય સરકારે અનેક આયામો કરેલા છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : પહેલા તો હું વિભાવરીબહેનનો આભાર માનું કે તમે અમારા જુનાગઢ જિલ્લાનો પ્રશ્ન પૂછયો. જુનાગઢ જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં ૧૧૨૯ અરજી આવી હતી. આ અરજીઓમાંથી ૩૮૦ મંજૂર થઇ અને ૬૯૪ નામંજૂર થઇ, આ બેયનો સરવાળો કરીએ તો ૫૫ અરજીઓનો કંઇ ઉલ્લેખ નથી તો પહેલા સરકાર એ જૂએ. બીજો વિધવા બહેનોનો પ્રશ્ન બહુ ગંભીર છે દા.ત. આપણે મામલતદાર ઓફિસે જઇએ તો વિધવા બહેન ભેગી થાયને તો *(xxx) હોય છે. એ *(xxx) એ બિચારીને ૨૧ વર્ષનો દીકરો હોય એ જુદો રહેતો હોય અને બાપની છત્રછાયા ગુમાવી હોય છોકરા ઘણા ઓટીવાળેલ હોય છે એ માતાએ શું કરવાનું? એ માતા મામલતદાર ઓફિસમાં અરજીઓ લઇને આંટા મારે છે એમાં સરકાર કંઇ વિચારવા માગે છે કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : જુનાગઢ જિલ્લાની ચિંતા અમારી વિભાવરીબહેને કરી કારણ કે એ મહિલા છે. અને એ *(xxx) વાત છે, અહીંયા *(xxx) નથી. નિરાધાર વિધવા હોય તો ઇન્દિરા ગાંધી નેશનલ વિડો પેન્શન યોજનામાં એનો સમાવેશ કરવા માટે અમારો વિભાગ અને અમે ઉત્સુક છીએ એને એનો પણ લાભ મળે છે. જે ૫૫ અરજીની વાત કરી. વખતો વખત આ પ્રક્રિયા ઝડપી થાય એ માટે મારો વિભાગ કરી રહ્યો છે, મારા વિભાગના અધિકારીઓ કરે છે. આ ૫૫ અરજીઓનો નિકાલ તા.૩૧–૧૨–૨૦૧૪ના રોજ થઇ ગયો છે. સરવાળો કરવાનું જરા જોઇને કર્યું હોત તો વાંધો ન આવત.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો આ પ્રશ્ન વિભાવરીબેને પૂછ્યો એટલે ધન્યવાદ આપું છું. જૂનાગઢ જિલ્લાની ચિંતા અમારા ગુજરાતના દરેક બહેનો કરે છે. જૂનાગઢ જિલ્લામાં ફેબ્રુઆરી ૨૦૧૫ના અંતિત ડબલ્યુએફએના લાભાર્થીઓની સંખ્યા કેટલી છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન છે તેઓ સમગ્ર રાજ્યની મહિલાઓની ચિંતા કરે છે. આ રાજયમાં વિધાનસભામાં ચૂંટાયેલ તમામ બહેનોએ રાજ્યની તમામ મહિલાઓની ચિંતા કરવી જોઇએ એટલે મહિલા એમ્પાવર્મેન્ટના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને માનનીય વિભાવરીબેને આ પ્રશ્ન પૂછ્યો છે. આ જિલ્લાની અંદર કુલ ૪૧૪૯ મહિલા લાભાર્થીઓ છે અને એના માટે લાભની સાથેસાથે આર્થિક રીતે તેઓ પગભર થાય એના માટેના કાર્યક્રમો ચાલી રહ્યા છે.

સાણંદ અને બાવળા તાલુકામાં રસ્તાઓને જોબનંબર આપવા બાબત

* ૧૮૨૯૯ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સાણંદ અને બાવળા તાલુકામાં તાલુકાવાર કેટલા રસ્તાઓના જોબ નંબર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આપવામાં આવ્યા,

(૨) આપવામાં આવેલ જોબ નંબરો માટેની કોની માંગણીઓ હતી, અને

(૩) જોબ નંબર આપવા માટેની કોની કેટલી માંગણીઓ પડતર છે અને આ બાકી રહેતા રસ્તાઓને કયાં સુધીમાં જોબ નંબર આપવામાં આવશે ?

જવાબ

(૧) અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર વર્ષવાર નીચે મુજબ જોબ નંબર આપવામાં આવ્યા.

| વર્ષ | પંચાયત | | રાજ્ય | | |
|---|---|---|---|---|---|
| | સાણંદ | બાવળા | સાણંદ | બાવળા | કુલ |
| ૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૩ | ૧૫ | ૧૦ | ૨ | ૩ | ૩૦ |
| ૧–૧–૧૪ થી ૩૧–૧૨–૧૪ | ૫ | ૪ | ૧ | ૧ | ૧૧ |
| કુલ | ૨૦ | ૧૪ | ૩ | ૪ | ૪૧ |

(૨) વિવિધ અગ્રણીઓની માંગણી હતી.

(૩) માન. ધારાસભ્યશ્રી સાણંદ તથા માજી ધારાસભ્યશ્રી સાણંદની માંગણીઓ છે જેને તાંત્રિક જરૂરીયાત તથા આંતરિક અગ્રતા અનુસાર વિચારવામાં આવશે.

---

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે
અતારાંકિત પ્રશ્નો

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, મારા સાણંદ અને બાવળા મત વિસ્તારના ઘણા અંતરિયાળ વિસ્તારોના રસ્તાઓ માટે જોબર નંબર માટે મંત્રીશ્રીને અનેક કાગળો લખીને મોકલ્યા છે. તેમ છતાં કોણ જાણે આ ૩૩ રસ્તાઓના જોબ નંબર આપવામાં આવ્યા છે એ રસ્તાઓ કરવાની મારા વિસ્તારમાં કોઇ જરૂર નથી એવા રસ્તાઓના જોબ નંબર આપવામાં આવ્યા છે. ધારાસભ્ય રજૂઆત કરે એ રસ્તાઓના જ જોબર નંબર આપવા જોઇએ. જેના બદલે અમે જાણતા ન હોય અને આપની પાર્ટીના લોકો કહે એ પ્રમાણેના જોબ નંબર આપી દીધા છે. જે જોબ નંબર આપેલ હતા એના કાગળો માનનીય મંત્રીશ્રીએ મને આપ્યા હતા એ કાગળો મેં માનનીય મંત્રીશ્રીને સપ્રેમ ભેટ કરીને અસલ કાગળો પરત કરેલ છે.

અધ્યક્ષશ્રી : બે મિનિટ બાકી છે, જવાબ સાંભળવાનો છે, એ જલદી કરો. આજે કરમશીભાઇ વચ્ચે કોઇ ધારાસભ્ય નહીં આવે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : ધારાસભ્યશ્રી પોતાના મત વિસ્તારમાં જે રસ્તાઓ સૂચવે એ રસ્તાઓ જ કરવા જોઇએ. આ જે રસ્તાઓના જોબ નંબર આપ્યા છે એ રદ કરીને મેં સૂચવેલ રસ્તાઓ છે એના જોબ નંબરો આપવા મારી મંત્રીશ્રીને ખાસ વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ૨. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મને એમ હતું કે, ૩૩ રસ્તાઓ મંજૂર કર્યા છે એટલે માનનીય ધારાસભ્યશ્રીઓ આભાર માને છે, અભિનંદન આપે છે એમ કરમશીભાઇ પણ અભિનંદન આપશે. પણ મારે એ કહેવું છે કે, આપણી પોલિસિ, નીતિ એવી છે કે, માનનીય ધારાસભ્યશ્રીના મત વિસ્તારમાં એમની ભલામણ આવે, અન્ય લોકોની માગણીઓ આવે, કાર્યકરોની માગણીઓ આવે, જે રસ્તાઓ વર્ષો જૂના હોય એના આધારે આ રસ્તાઓ મંજૂર કરવામાં આવે છે. એમની લાગણીને ધ્યાનમાં રાખીને, સાણંદનો વિકાસ ધ્યાનમાં રાખીને આ રસ્તાઓ મંજૂર કર્યા છે. આ રસ્તાઓ કેન્સલ કરવાનો પત્ર તેઓ આપી ગયા છે. રાજ્યમાં બધા સરપંચો, તાલુકા પંચાયતના પ્રમુખો, જિલ્લાના પ્રમુખો હોય, અન્ય સામાજિક કાર્યકરો હોય એ બધા અમારી સમક્ષ પોતાના વિસ્તારના પ્રશ્નોની રજૂઆત કરતા હોય છે. જ્યાં જરૂરિયાત વધારે હોય, જ્યાં ઉપયોગીતા વધારે હોય ત્યાં રસ્તાઓ મંજૂર કરીએ છીએ. ધાસભ્યના રસ્તાઓ મંજૂર કરવાની લાગણી ચોક્કસ છે. માનનીય કરમશીભાઇએ એમ કહ્યું કે, મેં કહ્યું એ રસ્તાઓ મંજૂર કરો, બાકીના કેન્સલ કરો. ખરેખર તો અમે રસ્તો આપ્યા છે એનો આનંદ લેવો જોઇએ.

શ્રી બાબુભાઇ જ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું. મારા વિસ્તારમાં રૂ.૩/- કરોડના કામોના ઓર્ડર મળ્યા છે અને બીજી મારી વાત એ છે કે,

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ
ગરબાડા તાલુકામાં નદી ઉપર પુલ બનાવવા બાબત

* ૧૬૫૭૫ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના બાબા ઘોડાજા દેવસ્થાનથી પાટા ડુંગરી જળાશયની પાળ ઉપર થઇને ટૂંકી તરફ જતા નદી ઉપર પુલ બનાવવા માટેની કેટલી માંગણી કે દરખાસ્તો સરકારને મળી, અને | (૧) માંગણી કે દરખાસ્ત મળેલ નથી. |
| (૨) મળેલ માંગણી કે દરખાસ્તો પછી સરકારે આ અંગે શી કાર્યવાહી કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

નવસારી જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૧૭૦૩૪ શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નવસારી જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે, | (૧) તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ નવસારી જિલ્લામાં તાલુકાવાર આંગણવાડીઓને કોઈ ગેસ કનેકશન આપવામાં આવેલ |

| | |
|---|---|
| | નથી.<br>જિલ્લાની તમામ ૧૩૨૯ આંગણવાડી કેન્દ્રોમાં તા. ૦૧-૦૧-૨૦૧૪ અગાઉ ગેસ કનેકશન આપવાની કામગીરી પૂર્ણ કરેલ છે. |
| (૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### ખેડા જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૧૭૦૨૯ શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખેડા જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે, | (૧) ખેડા જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર આંગણવાડીઓને કોઈ ગેસ કનેકશન આપવામાં આવેલ નથી.<br>જિલ્લાના તમામ આંગણવાડી કેન્દ્રોમાં તા. ૦૧-૦૧-૨૦૧૪ અગાઉ ગેસ કનેકશન આપાઈ ગયેલ છે. |
| (૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### વડોદરા જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

* ૧૭૦૭૨ શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૫૪૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજુર થઈ, અને | (૨) મંજૂર ૩૮૮ નામંજૂર ૦૮ |
| (૩) અરજીઓ નામંજુર થવાના કારણો શાં છે? | (૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩. અરજી ફોર્મ સાથે પૂરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

(૨) ઉકત સ્થિતિએ તે પાછળ રૂ.૪૧૪૫૩૦ ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## જૂનાગઢ જિલ્લામાં સરકારી દવાખાનામાં પોસ્ટ મોર્ટમની સુવિધા

* ૧૬૯૭૩ શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર ક્યા પ્રકારના કેટલા સરકારી દવાખાના આવેલા છે,

જવાબ

(૧) નીચેના પત્રક મુજબ.

| તાલુકાનું નામ | જીએમઈઆર સોસાયટીના નિયત્રંણ હેઠળ સંચાલિત મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પીટલ | સા.આ. કેન્દ્ર | પ્રા.આ. કેન્દ્ર | પેટા આરોગ્ય કેન્દ્ર | અલોપેથીક દવાખાના | ફરતા દવાખાના |
|---|---|---|---|---|---|---|
| ભેંસાણ | - | ૧ | ૨ | ૧૭ | - | - |
| વિસાવદર | - | ૧ | ૫ | ૨૯ | - | ૧ |
| માણાવદર | - | ૧ | ૪ | ૨૬ | ૧ | - |
| માંગરોલ | - | ૧ | ૩ | ૨૭ | ૧ | ૧ |
| વંથલી | - | ૧ | ૩ | ૨૪ | - | - |
| જૂનાગઢ | - | ૧ | ૫ | ૨૯ | ૧ | ૧ |
| કેશોદ | - | ૧ | ૫ | ૨૯ | ૧ | - |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મેંદરડા | – | ૧ | ૩ | ૧૮ | – | ૧ |
| માળીયા હાટીના | – | ૨ | ૬ | ૩૨ | – | – |
| જૂનાગઢ સીટી | ૧ | – | – | – | – | – |
| કુલ | ૧ | ૧૦ | ૩૬ | ૨૩૧ | ૪ | ૪ |

(૨) ઉકત સરકારી ક્યા દવાખાનામાં પોસ્ટ મોર્ટમની સુવિધા ઉપલબ્ધ છે,

(૨) સામેલ પત્રક મુજબ.

પ ત્ર ક

સરકારી દવાખાનામાં પોસ્ટ મોર્ટમની સુવિધા ઉપલબ્ધ છે તેની વિગતો દર્શાવતું પત્રક.

| તાલુકાનું નામ | જીએમઈઆર સોસાયટીના નિયત્રંણ હેઠળ સંચાલિત મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ | ક્રમ | સામૂહિક આરોગ્ય કેન્દ્રનું નામ | ક્રમ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું નામ |
|---|---|---|---|---|---|
| જૂનાગઢ સીટી | જૂનાગઢ | | – | | – |
| જૂનાગઢ | – | ૧ | બિલખા | ૧ | ખડીયા |
| | | | | ૨ | ડુંગરપુર |
| | | | | ૩ | વડાલ |
| | | | | ૪ | મજેવડી |
| વંથલી | – | ૨ | વંથલી | ૫ | શાપુર |
| | | | | ૬ | કણઝા |
| માણાવદર | – | ૩ | માણાવદર | ૭ | સરદારગઢ |
| કેશોદ | – | ૪ | કેશોદ | ૮ | અજાબ |
| | | | | ૯ | બાલાગામ |
| | | | | ૧૦ | કેવદ્રા |
| | | | | ૧૧ | મેસવાણ |
| વિસાવદર | – | ૫ | વિસાવદર | ૧૨ | ચુડા |
| ભેંસાણ | – | ૬ | ભેંસાણ | | |
| માળીયા હાટીના | – | ૭ | માળીયા હાટીના | ૧૩ | જુથળ |
| | | ૮ | ચોરવાડ | | |
| માંગરોળ | – | ૯ | માંગરોળ | ૧૪ | શીલ |
| | | | | ૧૫ | ઘેડ બગસરા |

(૩) તે પૈકી પોસ્ટ મોર્ટમ દવાખાનામાં થતું હોય અને પોસ્ટ મોર્ટમ રૂમ ન હોય તેવા કોઈ દવાખાના છે, અને

(૩) ના, જી.

(૪) જો હા, તો ઉકત દવાખાનામાં ક્યાં સુધીમાં પોસ્ટ મોર્ટમ રૂમ બનાવવામાં આવશે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે

અતારાંકિત પ્રશ્નો

ટુકવાડા ગામે મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

* ૧૬૯૭૭ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લાના ટુકવાડા ગામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજૂર થયેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ કામ ક્યા તબક્કે છે અને કેટલા સમયમાં કાર્યરત થશે ? | (૨) સદર કામગીરી માટેનો સ્વીકૃતિ પત્ર એજન્સીને આપવામાં આવેલ છે. એજન્સી દ્વારા સીક્યુરીટી ડીપોઝીટ ભર્યા બાદ વર્ક ઓર્ડર આપવામાં આવશે અને ત્યારબાદ બાર માસમાં કામગીરી પૂર્ણ કરી મેડીકલ ઓથોરીટીને સુપ્રત કરવામાં આવશે તે પ્રકારનું આયોજન છે. |

---------

વલસાડ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં બીમાર વિદ્યાર્થીઓ

* ૧૫૮૨૩ શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં વલસાડ જિલ્લામાં તાલુકાદીઠ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કઈ ગંભીર બીમારીઓવાળા કેટલા વિદ્યાર્થીઓ છે, અને

(૨) આ બીમાર વિદ્યાર્થીઓને સરકાર દ્વારા કઈ સારવાર આપવામાં આવી?

જવાબ

(૧) નીચેના પત્રક મુજબ

| તાલુકો | હ્રદય | કિડની |
|---|---|---|
| વલસાડ | ૩ | ૨ |
| પારડી | ૫ | ૧ |
| ઉંમરગામ | ૧ | ૧ |
| ધરમપુર | ૬ | ૦ |
| કપરાડા | ૨ | ૦ |
| કુલ | ૧૭ | ૪ |

(૨) ગંભીર બીમારીવાળા બાળકોને નીચે મુજબની સંસ્થાઓ ખાતે વિનામૂલ્યે સારવાર આપવાનું આયોજન કરેલ છે.

| બિમારી | હોસ્પિટલનું નામ |
|---|---|
| હ્રદયરોગ | યુ.એન. મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ |
| કિડની | ઈન્સ્ટીટયુટ ઓફ કિડની ડિસીસ અને રીસર્ચ સેન્ટર, અમદાવાદ. |

---------

મહેસાણા જિલ્લામાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ મંજુર થયેલ આંગણવાડી કેન્દ્રો

* ૧૭૦૬૪ શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણિનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત કેટલાં આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલાં છે, | (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત કોઈ આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલ નથી. |
| (૨) તે પૈકી કેટલાં આંગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીનાં કેન્દ્ર ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વડોદરા જિલ્લામાં માતા યશોદા ગૌરવનિધી વીમા યોજના હેઠળ લાભ આપવા બાબત

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

* ૧૭૦૪૮ શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) માતા યશોદા ગૌરવનિધી વીમા યોજના હેઠળ તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં વડોદરા જિલ્લાના કેટલા આંગણવાડી કાર્યકર/તેડાગર બહેનોને આવરી લેવામાં આવેલ છે, અને | (૧) માતા યશોદા ગૌરવનિધી વીમા યોજના હેઠળ તા. ૦૧–૦૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં વડોદરા જિલ્લાના ૧૪૮૯ આંગણવાડી કાર્યકર અને ૧૩૬૦ આંગણવાડી તેડાગર બહેનોને આવરી લેવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સમયગાળામાં કેટલા આંગણવાડી કાર્યકર/તેડાગર બહેનોને મૃત્યુ અને નિવૃત્તિ અંગે લાભ આપવામાં આવેલ છે? | (૨) ઉક્ત સમયગાળામાં ૨ આંગણવાડી કાર્યકર અને ૭ આંગણવાડી તેડાગર બહેનોના મૃત્યુ થતાં વીમા રકમનો અને ૪૧ આંગણવાડી કાર્યકર અને ૬૫ આંગણવાડી તેડાગર બહેનોને નિવૃત્તિ અંગેનો લાભ આપવામાં આવેલ છે. |

---------

ઝાલોદ જિલ્લામાં કાર્યરત આંગણવાડીઓ

* ૧૬૯૬૪ શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ઝાલોદ તાલુકામાં વસ્તીના ધોરણે તાલુકામાં કેટલી આંગણવાડીઓની જરૂરીયાત છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ઝાલોદ તાલુકામાં વસ્તીના ધોરણે ૭૨૬ આંગણવાડીઓની જરૂરીયાત છે, |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ તાલુકામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે, | (૨) ઉક્ત સ્થિતિએ ઝાલોદ તાલુકામાં ૬૬૭ આંગણવાડીઓ કાર્યરત છે. |
| (૩) કેટલી આંગણવાડીઓની તાલુકામાં ઘટ છે, અને | (૩) ઝાલોદ તાલુકામાં ૫૯ આંગણવાડીઓની ઘટ છે. |
| (૪) આ ઘટતી આંગણવાડીઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે અને આ આંગણવાડીઓ બનાવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરી? | (૪) જિલ્લા દ્વારા ઝાલોદ તાલુકા માટે આવેલી દરખાસ્તોની અત્રેથી ભારત સરકારશ્રીનાં વસ્તીનાં માપદંડો અનુસાર ચકાસણી કરીને ૨૨ આંગણવાડી કેન્દ્રોની દરખાસ્ત ભારત સરકારશ્રીમાં તા. ૭–૧–૨૦૧૫ થી મંજુરી અર્થે મોકલાવેલ છે. |

---------

જાહેર આરોગ્ય પ્રભાગ હેઠળ વહીવટી અધિકારી કમ હિસાબી અધિકારી વર્ગ–૨ની ખાલી જગ્યાઓ ભરવા બાબત

* ૧૮૬૦૧ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : તા. ૧૪–૩–૧૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૩૩૮૮ (અગ્રતા–૪) ના અનુસંધાને માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આરોગ્ય વિભાગના તા. ૨૫–૦૬–૨૦૦૮ના ઠરાવની જોગવાઈથી જાહેર આરોગ્ય પ્રભાગ હેઠળ વહીવટી અધિકારી કમ હિસાબી અધિકારી વર્ગ–૨ની ૧૭૧ જગ્યાઓ ઊભી કરવામાં આવેલ તે પૈકી તા. ૩૧–૧૨–૧૨ની સ્થિતિએ ૮૬ જગ્યાઓ ખાલી હતી તે બઢતીથી ભરવાની કાર્યવાહી ચાલુ હતી તે હકિકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧મી ડિસેમ્બર–૨૦૧૪ ની સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ બઢતીથી ભરવામાં આવી છે, અને | (૨) ૧૪ જગ્યાઓ બઢતીથી ભરવામાં આવેલ છે. |
| (૩) બાકી રહેલી ખાલી જગ્યાઓ વહેલામાં વહેલી ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) ફિડર કેડરમાં ઉપલબ્ધ કર્મચારીઓને બઢતી આપવાની વહીવટી પ્રક્રિયા ચાલુ છે, જે પૂર્ણ થયેથી બઢતી આપી જગ્યાઓ ભરવામાં આવશે. |

---------

ભરૂચ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ

ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે

અતારાંકિત પ્રશ્નો

* ૧૭૦૭૭ શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિધવા સહાય યોજના અંતર્ગત કેટલી અરજીઓ મળી, | (૧) ૧૫૪૬. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર અને કેટલી નામંજુર થઈ, અને | (૨) મંજૂર ૧૩૨૨ નામંજૂર ૯૦ |
| (૩) અરજીઓ નામંજુર થવાના કારણો શાં છે? | (૩) ૧. વાર્ષિક આવક વધુ હોવાથી.<br>૨. પુખ્ત વયનો પુત્ર હોવાથી.<br>૩. અરજી ફોર્મ સાથે પૂરાવા/વિગતો અધુરી હોવાના કારણે. |

---------

રાજ્યમાં મેડીકલ કોલેજોમાં સુપર સ્પેશીયાલીટી કોર્ષ

* ૧૭૦૧૧ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપૂરા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ સરકારી તેમજ સ્વનિર્ભર મેડીકલ કોલેજો ખાતે સુપર સ્પેશીયાલીટી કોર્ષ ચાલે છે, અને | (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં નીચે મુજબ સરકારી તેમજ સ્વનિર્ભર મેડીકલ કોલેજો ખાતે સુપર સ્પેશીયાલીટી કોર્ષ ચાલે છે.<br>સરકારી મેડીકલ કોલેજ.<br>૧. બી. જે મેડીકલ કોલેજ, અમદાવાદ.<br>૨.સરકારી મેડીકલ કોલેજ, વડોદરા.<br>૩. એમ. પી. શાહ સરકારી મેડીકલ કોલેજ,જામનગર.<br>૪. સરકારી મેડીકલ કોલેજ, સુરત.<br>સ્વનિર્ભર મેડીકલ કોલેજ.<br>૧. શ્રીમતી એન. એચ. એલ. મ્યુ._મેડીકલ કોલેજ, અમદાવાદ<br>૨. શ્રીમતી બી.કે શાહ મેડીકલ કોલેજ, વાઘોડિયા, વડોદરા. |
| (૨) કુલ કેટલી બેઠકો ઉપલબ્ધ છે? | (૨) કુલ ૭૭ બેઠકો ઉપલબ્ધ છે. |

---------

બનાસકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લુના નોંધાયેલ કેસો

* ૧૮૬૦૪ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લામાં તા. ૧૫–૨–૨૦૧૫ની સ્થિતિએ સ્વાઈન ફ્લુનો કહેર વ્યાપી ગયો છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) તા. ૧૫–૨–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો મળી આવેલ છે. |
| (૨) જો હા તો ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આ ભયંકર રોગચાળામાં કુલ કેટલા દર્દીઓ નોંધાયા અને કેટલા મૃત્યુ પામ્યા, અને | (૨) (૧) સ્વાઈન ફ્લુ તરીકે નોંધાયેલ કુલ દર્દીની સંખ્યાઃ– ૯૧ પોઝીટીવ – ૩૯<br>(૨) સ્વાઈન ફ્લુ રોગથી મૃત્યુ પામેલ કુલ દર્દીની સંખ્યા –૮ |
| (૩) આ રોગચાળાને અસરગ્રસ્ત રીતે ડામી દેવા ઉચ્ચકક્ષાએ શાં પગલાં લેવામાં આવ્યા છે? | (૩) સ્વાઈન ફ્લુ રોગચાળાને કાબુમાં લેવા સરકારશ્રી દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.<br>• વર્ષની શરૂઆતથી જ રાજ્યમાં સ્વાઈન ફ્લુના દર્દીઓ નોંધાતા અને તેમાં ઉત્તરોત્તર વધારો જણાતા આરોગ્ય વિભાગ તરફથી તાત્કાલિક કાર્યવાહી કરી રાજ્યની તમામ જિલ્લા હોસ્પિટલો |

અને મેડીકલ કોલેજ સાથે સંકળાયેલ બધી હોસ્પિટલોમાં સ્વાઈન ફ્લુના દર્દીઓની સઘન સારવાર માટે આઈસોલેશન વોર્ડ શરૂ કરેલ, જેથી દર્દીઓને તેઓના રહેઠાણથી શક્ય તેટલા નજીકના સ્થળે સારવાર ઉપલબ્ધ થાય.

- સમગ્ર વિશ્વમાં સ્વાઈન ફ્લુની સારવાર માટે અપાતી અને અને ટેમીફ્લુના પ્રચલિત નામથી જાણીતી દવાઓ રાજ્યની બધી હોસ્પિટલો તેમજ દવાખાનાઓમાં ઉપલબ્ધ કરાવેલ અને સરકારી હોસ્પિટલ સાથે સાથે ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેતા દર્દીઓ તથા પડોશી રાજ્યો રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને કેન્દ્રશાસિત પ્રદેશો દાદરા અને નગરહવેલી, સેલવાસ જેવા સ્થળોથી આવતા દર્દીઓને પણ વિના મૂલ્યે ટેમીફ્લુ દવાનો કોર્સ જે અંદાજે ૫ થી ૧૦ દિવસ સુધી નો હોય તે વિના મુલ્યે આપવામાં આવે છે.
- સ્વાઈન ફ્લુના લક્ષણો ધરાવતા દર્દીઓને સ્વાઈન ફ્લુ પોઝીટીવ છે કે કેમ તેની ચકાસણી માટેનો લેબોરેટરી ટેસ્ટ રાજ્યની પાંચ(૫) લેબારેટરીઓમાં વિના મુલ્યે કરી આપવામાં આવે છે.
- રોગની જાણકારી તમામ લોકો સુધી પહોંચાડવા રાજ્યમાં સ્વાઈન ફ્લુની શરૂઆતથી જ રાજ્ય સરકારે વિવિધ વર્તમાનપત્ર, ટી. વી. અને અન્ય પ્રસાર માધ્યમો દ્વારા સ્વાઈન ફ્લુથી બચાવ માટેની માર્ગદર્શન અને માહિતી લોકો સુધી વ્યાપક રીતે પહોંચાડેલ છે.
- આકાશવાણી અને એફ. એમ. રેડીયોમાં જાહેરાત, સમાચાર ચેનલો પર L-Band સ્ક્રોલ તથા જાહેરાતો પ્રસારીત કરવામાં આવી. નિષ્ણાંતો દ્વારા રેડીયો અને ટેલીવીઝન પર જરૂરી વાર્તાલાપ પણ યોજવામાં આવે છે.
- તમામ જીલ્લાઓ અને કોપોર્રેશનમાં સ્વાઈન ફ્લુના લક્ષણો અને સારવાર માટેના હોર્ડીંગ્સ અને ફ્લેક્ષ બેનરો મૂકવામાં આવેલ છે.
- રાજ્યના તમામ લોકોને સ્વાઈન ફ્લુ અંગે જરૂરી માહિતી મળી રહે તે માટે રાજ્ય કક્ષાએથી ૨૪ કલાક હેલ્પલાઈન નં. ૧૦૮ (ટોલ ફ્રી) શરૂ કરેલ છે આ ઉપરાંત અમદાવાદ મહાનગરપાલિકામાં ૧૮૦૦ ૨૩૩ ૨૫૧૧(ટોલ ફ્રી), વડોદરા મહાનગરપાલિકામાં ૦૨૬૫ ૨૪૩ ૨૩૮૩ અને સુરત મહાનગરપાલિકામાં ૧૮૦૦ ૧૨૩ ૮૦૦૦ (ટોલ ફ્રી) હેલ્પ લાઈન શરૂ કરવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા રાજ્ય કક્ષાએથી સેટકોમ દ્વારા તબીબી અધિકારીઓ તથા ફીમેલ હેલ્થ વર્કર ફીમેલ હેલ્થ સુપરવાઈઝર, આશા, આંગણવાડી કાર્યકરો ને માર્ગદર્શન, સ્વાઈન ફ્લુના કેસોનો

કોન્ટેકટ સર્વે તથા ગાઈડલાઈન મુજબ જરૂરી સારવાર આપવા માટે જાણકારી આપવામાં આવેલ.

- પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે વ્યક્તિગત સ્વચ્છતા હાથ ધોવાની સાચી રીત સ્વાઈન ફ્લુ અને અન્ય સંક્રામક રોગ અટકાવવા માટેની અગમચેતીના પગલાંઓ અંગેની સેટકોમ કોન્ફરન્સ પણ કરવામાં આવી. શિક્ષણ વિભાગ દ્વારા દરેક સ્કૂલોમાં શંકાસ્પદ સ્વાઈન ફ્લુના વિદ્યાર્થીએ શું કાળજી લેવી તે અંગે સૂચનો-માર્ગદર્શન પૂરા પાડવામાં આવ્યા.
- સમગ્ર રાજ્યમાં એક સાથે હાઉસ ટુ હાઉસ અવરનેસ કેમ્પેઈન કરવામાં આવેલ જેમા આશરે ૮૬ લાખ થી વધુ ઘરોની મુલાકાત લઈ ૪ કરોડ થી વધુ વ્યક્તિઓનું સંપર્ક કરવામાં આવેલ છે.

રાજ્યમા સ્વાઈન દર્દીઓના પરીક્ષણ માટે નીચે મુજબની પાંચ સ્પેશ્યલ લેબોરેટરી સુવિધા ઉપલબ્ધ છે.

(૧) બી. જે મેડીકલ કોલેજ, અમદાવાદ.

(૨) ગર્વન્મેન્ટ મેડીકલ કોલેજ, સુરત.

(૩) પી.ડી.યુ. મેડીકલ કોલેજ રાજકોટ

(૪) જી.એમ.ઈ.આર.એસ. મેડીકલ કોલેજ, સોલા અમદાવાદ

(૫) જી.એ.આઈ એમ.એસ. (GAIMS) મેડીકલ કોલેજ ભુજ

- સ્વાઈન ફ્લુના દર્દીને ગંભીર સ્થિતિમાં વેન્ટીલેટર જેવા સાધન પર મુકવા પડે તે ધ્યાને લઈ આ વર્ષે ૪૨ વધુ વેન્ટીલેટર વસાવવામાં આવ્યા છે અને હાલમાં રાજ્યમાં આવેલ સરકારી હોસ્પિટલોમાં ૮૦૦ પથારી તથા ૨૦૦ વેન્ટીલેટર આઈસોલેશન વોર્ડમાં ઉપલબ્ધ છે.
- સ્વાઈન ફ્લુના દર્દીની સારવાર સાથે સંકળાયેલ તમામ ડોકટર, સ્ટાફનર્સ, પેરા મેડીકલ સ્ટાફ અને કર્મચારીઓ તથા ૧૦૮ એમ્બ્યુલન્સ ના કર્મચારીઓને આ રોગની રસી આપવામાં આવી રહી છે.
- રાજ્યમાં તમામ સ્તરે ટેમીફ્લુ કેપ્સ્યુલ અને સીરપ, પી.પી. ઈ. કીટ અને એન -૯૫ માસ્ક અને ત્રિપલ લેયર માસ્કનો જથ્થો ઉપલબ્ધ છે. તમામ પ્રા. આ. કે. સા.આ.કે. ડીસ્ટ્રીકટ હોસ્પીટલ, સીવીલ હોસ્પીટલ અને મેડીકલ કોલેજ ખાતે કેપ્સ્યુલ ઓઝેલ્ટામીવીરનો જથ્થો ઉપલબ્ધ છે.
- રાજ્યમાં પ્રવર્તમાન પરિસ્થિતિ પર સરકાર દ્વારા સતત મોનીટરીંગ રાખવામાં આવી રહયું છે અને આ રોગના દર્દીઓને યોગ્ય સારવાર મળે તે

માટેના તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

---------

અમદાવાદ તથા ગાંધીનગર જિલ્લામાં વિકસાવવામાં આવેલ સ્પોર્ટસ સ્કૂલો

* ૧૮૮૮૯ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જીલ્લામાં તાલુકાવાર કેટલી શાળાઓને સ્પોર્ટસ સ્કૂલ તરીકે વિકસાવવામાં આવેલ છે, અને | (૧) અમદાવાદ જીલ્લામાં ધોળકા તાલુકામાં એક (બિન નિવાસી) તથા સાણંદ તાલુકામાં એક (નિવાસી) મળી કુલ બે શાળાઓને સ્પોર્ટસ સ્કૂલ તરીકે વિકસાવવામાં આવેલ છે. ગાંધીનગર જિલ્લામાં એક પણ સ્પોર્ટસ સ્કૂલ તરીકે વિકસાવવામાં આવેલ નથી. |
| (૨) વિકસાવવામાં આવેલ કઈ શાળાઓમાં કેવા પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે ? | (૨) બિન નિવાસી સ્પોર્ટસ સ્કૂલઃ<br>ધોળકા તાલુકાની શ્રી સી.વી. મીસ્ત્રી શાળાને બિનનિવાસી શાળા તરીકે વિકસાવવામાં આવેલ છે. અને તે શાળાને ત્રણ રમતો ફાળવેલ છે. (૧) કબડ્ડી(૨) કુસ્તી(૩) જુડો,<br><br>ઉપરોકત રમતોના ખેલાડીઓને વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવા કોચ ફાળવવામાં આવેલ છે. જે દરેક રમતના ૨૦–૨૦ ખેલાડીઓને સવાર સાંજ તાલીમ આપે છે તથા તે સપોર્ટસને અનુરૂપ મેદાનો, સાધનો, ખેલાડીઓને રમતનો ગણવેશ, શાળાના પુસ્તકો શાળાનો ગણવેશ તથા માસિક ધોરણે દરેક ખેલાડીને સ્ટાઈપેન્ડ સરકારશ્રી દ્વારા ચુકવવામાં આવે છે જે નાણાં ખેલાડીના ખાતામાં ચેકથી જમા કરાવવામાં આવે છે. નિવાસી સ્પોર્ટસ સ્કૂલઃ–<br><br>સાણંદ તાલુકાની શ્રી લક્ષ્મણ જ્ઞાનપીઠ, ગોધાવી શાળાને નિવાસી શાળા તરીકે માન્યતા આપવામાં આવેલ છે. આ શાળામાં ચાર રમતો ફાળવવામાં આવેલછે. (૧) એથ્લેટીકસ (૨) આર્ચરી (૩) ફુટબોલ (૪) શુટીંગ રમતના ખેલાડીઓને નિવાસી પ્રવેશ આપવામાં આવેલ છે<br><br>જે ખેલાડીઓને જે તે રમતના કોચ દ્વારા વૈજ્ઞાનિક ઢબે તાલીમ આપવામાં આવે છે જે ખેલાડીઓને નિવાસ, ભોજન, શાળાનો ગણવેશ પુસ્તકો, શાળાની ફી તથા રમતનો અનુરૂપ ગણવેશ સાધન, મેદાન અને માસિક સ્ટાઈપેન્ડ વિગેરેની સુવિધાઓ સરકારશ્રી દ્વારા પુરી પાડવામાં આવે છે. |

---------

અરવલ્લી તથા સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પંચાયત, માર્ગ અને મકાન અને સ્ટેટનું મંજૂર મહેકમ

* ૧૮૭૦૨ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી તથા સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પંચાયત, માર્ગ અને મકાન અને સ્ટેટનું કેટલું મહેકમ મંજુર થયેલ છે, અને | (૧) પંચાયત ( માર્ગ અને મકાન વિભાગ) અને માર્ગ અને મકાન વિભાગ(સ્ટેટ) માં તાલુકાવાર મહેકમ મંજૂર કરવામાં આવતુ નથી. |
| (૨) તે પૈકી બાયડ અને માલપુર તાલુકાની કેટલી જગ્યાઓ ખાલી અથવા તો ચાર્જમાં ચાલે છે અને કેટલા સમયથી ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

ગાંધીનગર જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે

અતારાંકિત પ્રશ્નો

* ૧૭૦૩૧ શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ગાંધીનગર જિલ્લામાં તા. ૧–૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે, | (૧) તા. ૧–૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર આંગણવાડીઓને કોઈ ગેસ કનેકશન આપવામાં આવેલ નથી.<br>જિલ્લાની તમામ ૧૦૬૧ આંગણવાડી કેન્દ્રોમાં તા. ૧–૧–૨૦૧૪ અગાઉ ગેસ કનેકશન આપવાની કામગીરી પૂર્ણ કરેલ છે. |
| (૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

મહેસાણા જિલ્લામાં કિશોરી શકિત યોજનાના લાભાર્થીઓ

* ૧૭૦૧૭ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૧–૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કિશોરી શકિત યોજના હેઠળ પૂરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, | (૧) મહેસાણા જિલ્લામાં તા. ૧–૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કિશોરી શકિત યોજના હેઠળ પૂરક પોષણમાં કુલ ૪,૪૨,૩૭૬ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |
| (૨) આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં કેટલા લોકોને તાલીમ આપવામાં આવી, અને | (૨) આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં ૧૪૩૩૪ લાભાર્થીઓને તાલીમ આપવામાં આવી. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) ઉક્ત સ્થિતિએ તે હેઠળ રૂ. ૧,૧૪,૪૨૪/–નો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

મહેસાણા જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો

* ૧૭૦૫૪ શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલા આંગણવાડી કેન્દ્રો મંજૂર કરવામાં આવેલ છે, | (૧) એક પણ નહિ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાન છે, અને | (૨) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૧૬૮૨ આંગણવાડી કેન્દ્રોને પોતાના મકાન છે. |
| (૩) કેટલા આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં બેસે છે? | (૩) ૨૦૯ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં બેસે છે. |

---------

ભાવનગર જિલ્લામાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો

* ૧૭૦૬૦ શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ભાવનગર જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની | (૧) એક પણ નહી |

| | |
|---|---|
| સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત કેટલાં આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલાં છે, | |
| (૨) તે પૈકી કેટલાં આંગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીનાં કેન્દ્રો ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### દાહોદ તાલુકામાં રાણપુર ગામે ખાન નદી ઉપર ડીપ પૂલ બનાવવા બાબત

* ૧૬૬૨૬ શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ તાલુકામાં રાણપુર ગામે આવેલ ખાન નદી ઉપર ખરેડી ધામરડા આવેલ નદી પર ડીપ પુલ બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) અને (૨) હાલ આયોજન નથી. |
| (૨) આ કામ ક્યારે શરૂ કરવામાં આવશે? | |

---------

### દાહોદ જિલ્લામાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો

* ૧૭૦૬૧ શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપૂરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત કેટલાં આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલ છે, | (૧) દાહોદ જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ એટલે કે તા. ૧–૧–૧૪ થી તા. ૩૧–૧૨–૧૪ સુધીમાં કોઈ આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલ નથી. |
| (૨) તે પૈકી કેટલાં આંગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીનાં કેન્દ્રો ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અમરેલી જિલ્લામાં સંકલિત બાળવિકાસ સેવા યોજના હેઠળ મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો

* ૧૭૦૫૮ શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળવિકાસ યોજના હેઠળ અંતર્ગત કેટલાં આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલા છે, | (૧) અમરેલી જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળવિકાસ યોજના હેઠળ અંતર્ગત કોઈપણ નવા આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલા નથી. |
| (૨) તે પૈકી કેટલાં આંગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીનાં કેન્દ્રો ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### અમરેલી જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૧૭૦૨૭ શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેક્શન આપવામાં આવ્યા છે, | (૧) તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર આંગણવાડીઓને કોઈ ગેસ કનેક્શન આપવામાં આવેલ નથી. |
| (૨) ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને | (૨) ગેસ કનેક્શન આપવામાં આવ્યા ન હોય તેવી કુલ ૪૨ આંગણવાડીઓ છે. |
| (૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેક્શન આપવામાં આવશે? | (૩) બાકી રહેતી આંગણવાડીઓને ગેસ એજન્સીઓ તરફથી મંજુરી મળતા ગેસ કનેક્શન આપવામાં આવશે. |

---------

ખેડા જિલ્લામાં પરાઓ માટે ડામર રસ્તાઓ બનાવવાની માંગણીઓ

* ૧૬૯૮૯ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લામાં ૨૫૦-૫૦૦ વસ્તીના પરા માટે પાકા ડામર રસ્તાની અને ૫૦૦ થી ૧૦૦૦ની વસ્તી માટે પાકા ડામર રસ્તાઓ બનાવવાની કેટલી માંગણીઓ છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, અને | (૧) ખેડા જિલ્લામાં<br>૨૫૦-૫૦૦ વસ્તીના ૨૧ પરા માટે ૧૮ માંગણીઓ મળી<br>૫૦૦-૧૦૦૦ વસ્તીના પરા માટે કોઈ માંગણીઓ મળેલ નથી. |
| (૨) તે અન્વયે કેટલી દરખાસ્તો મંજૂર કરી કામો હાથ ધરવામાં આવ્યા અને બાકી રહેતા કામો કેટલા સમયમાં પૂર્ણ થશે? | (૨) તાંત્રિક જરૂરીયાત તથા આંતરિક અગ્રતા અનુસાર વિચારવામાં આવશે. |

---------

કચ્છ જિલ્લામાં સબલા યોજનાના લાભાર્થીઓ

* ૧૭૦૧૯ ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) કચ્છ જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં સબલા યોજના હેઠળ પુરક પોષણમાં કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે, | (૧) કચ્છ જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં સબલા યોજના હેઠળ પુરક પોષણમાં ૭૫૫૦૫ લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |
| (૨) આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં કેટલા લાભાર્થીઓને તાલીમમાં આવરી લેવામાં આવેલ છે, અને | (૨) આ યોજના હેઠળ ઉક્ત સમયગાળામાં ૪૧૯૮ લાભાર્થીઓને તાલીમમાં આવરી લેવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) રૂ. ૮૪૦૦૦/-. |

---------

રાજ્યમાં મેડિકલ કોલેજોમાં પી.જી. કોર્ષ

* ૧૭૦૧૦ શ્રી યોગેશ પટેલ(માંજલપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી મેડિકલ કોલેજોમાં પી.જી. કોર્ષ ચાલે છે, | (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં છ સરકારી મેડિકલ કોલેજો ખાતે પી.જી. કોર્ષ ચાલે છે. |
| (૨) કયા કયા વિષયોમાં પી.જી. કોર્ષ ચાલે છે, અને | (૨) નીચેના ૨૩ વિષયોમાં પી.જી.કોર્ષ ચાલુ છે.<br>મેડીસીન, પીડીયાટ્રીક્સ, ટી.બી. એન્ડ ચેસ્ટ (પલ્મોનરી મેડીસીન), સ્કીન એન્ડ વી.ડી., સાયકીયાટ્રી, સર્જરી, ઓર્થોપેડીક, ઓપ્થેલોમોજી, ઈ એન્ડ ટી. ઓબ્સ એન્ડ ગાયનેક, એનેસ્થેસીયા, રેડીયોલોજી, પેથોલોજી, માઇક્રોબાયોલોજી, બાયોકેમીસ્ટ્રી, રેડીયોથેરાપી, આઈ.એચ.બી.ટી., એનાટોમી, ફીઝીયોલોજી, ફોર્મેકોલોજી, |

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

| | |
|---|---|
| | પી.એસ.એમ., ફોરેન્સીક મેડીસીન, ઇમર્જન્સી મેડીસીન. |
| (૩) કુલ કેટલી બેઠકો ઉપલબ્ધ છે ? | (૩) પી.જી. ડીગ્રીકોર્ષ–૭૪૧ બેઠકો અને પી.જી.ડિપ્લોમા કોર્ષ–૧૭૧ મળીને કુલ ૯૧૨ બેઠકો ઉપલબ્ધ છે. |

---------

વડોદરા જિલ્લામાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ મંજુર થયેલ આંગણવાડી કેન્દ્રો

* ૧૭૦૪૫ શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત કેટલાં આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલા છે, | (૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત એકપણ આંગણવાડી કેન્દ્ર મંજુર થયેલ નથી. |
| (૨) તે પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીના કેન્દ્ર ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

સાબરકાંઠા જિલ્લામાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ મંજુર થયેલ આંગણવાડી કેન્દ્રો

* ૧૭૦૪૧ શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત કેટલાં આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલા છે, | (૧) સાબરકાંઠા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત કોઈ આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલ નથી. |
| (૨) તે પૈકી કેટલાં આંગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીનાં કેન્દ્ર ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તાપી જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૧૭૦૪૬ શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં તા.૧–૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે, | (૧) જિલ્લાની તમામ ૧૦૪૯ આંગણવાડી કેન્દ્રોમાં તા. ૧–૧–૧૪ અગાઉ ગેસ કનેકશન આપવાની કામગીરી પૂર્ણ કરેલ છે. |
| (૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

બોટાદ જિલ્લામાં મુખ્યમંત્રી અમૃતમ યોજનાના લાભાર્થીઓ

* ૧૮૨૭૧ ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

| | |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત બોટાદ જિલ્લાના કેટલા દર્દીઓએ લાભ મેળવેલ છે, અને | (૧) ૧૪૮ |
| (૨) કેટલી સહાય ચૂકવવામાં આવી છે? | (૨) ૩.૬૯,૨૩,૨૪૦/- |

---------

જુનાગઢ જિલ્લામાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ મંજુર થયેલ આંગણવાડી કેન્દ્રો

* ૧૭૦૬૨ શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત કેટલાં આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલાં છે, | (૧) જુનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના અંતર્ગત કોઈપણ આંગણવાડી કેન્દ્રો મંજુર થયેલ નથી. |
| (૨) તે પૈકી કેટલાં આંગણવાડી કેન્દ્રો ઉક્ત સ્થિતિએ કાર્યાન્વિત છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) બાકીનાં કેન્દ્રો ક્યારે કાર્યાન્વિત કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

જુનાગઢ સિવિલ હોસ્પિટલમાં મેડીકલ સ્ટોરમાં દવાઓનો સર્વે

* ૧૮૭૩૯ શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ સિવિલ હોસ્પિટલ હસ્તકના મેડીકલ સ્ટોરમાં કયા રોગની કેટલી દવાઓ હતી અને ક્યા રોગની દવાઓ ન હતી, | (૧) કેન્સર રોગ સિવાયની તમામ રોગની દવાઓ ઉપલબ્ધ હતી. |
| (૨) આ દવાઓનો સર્વે છેલ્લે ક્યારે કરવામાં આવ્યો હતો, અને | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૪ના રોજ સર્વે કરવામાં આવેલ હતો. |
| (૩) મુદત વીતી દવાઓ ક્યારે બાળી નાખવામાં આવી હતી? | (૩) મુદત વીતી દવાઓ બાળી નાખવામાં આવતી નથી. |

---------

નવસારી જિલ્લામાં સબલા યોજનાના લાભાર્થી

* ૧૭૦૦૫ શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત-પૂર્વ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં સબલા યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે? | નવસારી જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં સબલા યોજના હેઠળ ૨૮,૬૫૬ (અઠ્ઠયાવીસ હજાર છસ્સો છપ્પન) લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. |

---------

તાપી જિલ્લામાં દુધ સંજીવની યોજના હેઠળ ખર્ચ

* ૧૬૮૪૯ શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સન ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં દુધ સંજીવની યોજના હેઠળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં દુધ સંજીવની યોજના હેઠળ નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે. |

| ક્રમ | વર્ષ | ખર્ચ |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧ | ૨૦૧૩-૧૪ | રૂ.૫,૭૪,૬૦૮/- |
| ૨ | ૨૦૧૪-૨૦૧૫ (ડીસે. અંતિત) | રૂ.૪,૪૬,૮૦૦/- |

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલા બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ નીચેની વિગતે બાળકોને આ યોજના હેઠળ લાભ મળેલ છે.

| ક્રમ | વર્ષ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨૦૧૩-૧૪ | ૧૫૮૦૯૩ |
| ૨ | ૨૦૧૪-૨૦૧૫ (ડીસે. અંતિત) | ૧૧૯૩૯૨ |

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૧૭૦૩૮ શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સુરેન્દ્રનગર જિલ્લામાં તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે,

(૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને

(૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે?

જવાબ

(૧) તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર કોઈ આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવેલ નથી.

(૨) ગેસ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી ૪૮ આંગણવાડીઓ છે.

(૩) બાકી રહેતી ૪૮ આંગણવાડીઓને જાન્યુઆરી ૨૦૧૫માં ગેસ કનેકશનની સુવિધા આપવામાં આવેલ છે.

---------

સુરત અને તાપી જિલ્લામાં લેપ્ટોસ્પાયરોસીસના રોગના નિયંત્રણ માટે થયેલ ખર્ચ

* ૧૬૯૮૭ શ્રી આંનદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં લેપ્ટોસ્પાયરોસીસના રોગના નિયંત્રણ માટે કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ આ રોગથી કેટલા નાગરિકોના મૃત્યુ થયા અને કેટલા સારવાર હેઠળ છે?

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં લેપ્ટોસ્પાયરોસીસના રોગના નિયત્રંણ માટે નીચે મુજબ ખર્ચ કરવામાં આવ્યો.

| ક્રમ | જિલ્લો | ખર્ચ |
|---|---|---|
| ૧ | સુરત | રૂ.૧૩,૫૪,૫૩૫/- |
| ૨ | તાપી | રૂ.૬૨,૮૯,૧૩૨/- |

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ મરણ અને સારવાર હેઠળ નાગરિકોની માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | મૃત્યુ | સારવાર હેઠળ |
|---|---|---|---|
| ૧ | સુરત | ૦૫ | ૦૦ |
| ૨ | તાપી | ૦૪ | ૦૦ |

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મંજૂર મહેકમ

* ૧૮૧૨૭ શ્રી મેરામણભાઇ મા. આહીર (ખંભાલીયા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાલીયા તથા ભાણવડ તાલુકાના સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું મંજૂર મહેકમ કેટલું

જવાબ

(૧) અને (૨) : સામૂહિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક-અ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક-બ સામેલ છે.

છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ખાલી જગ્યાઓ કેટલી છે અને કેટલા સમયથી છે, અને

(૩) ખાલી પડેલ જગ્યા સરકાર કેટલા સમયમાં ભરવા માંગે છે ?

(૩) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ–૩ અને ૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

અમરેલી જિલ્લામાં ત્રીજા ભોજનની યોજનાના લાભાર્થીઓ

* ૧૭૦૨૪ શ્રી બાવકુભાઇ ના. ઉંધાડ(લાઠી) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

અમરેલી જિલ્લામાં તા.૧–૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ત્રીજા ભોજનની યોજના હેઠળ કેટલાં બાળકોને લાભ લીધેલ છે ?

જવાબ

અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ત્રીજા ભોજનની યોજના હેઠળ કુલ ૫૯૯૧૧ બાળકોએ લાભ લીધેલ છે.

---------

દાહોદ જિલ્લામાં ત્રીજા ભોજનની યોજનાના લાભાર્થીઓ

* ૧૭૦૨૫ શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

દાહોદ જિલ્લામાં તા.૧–૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ત્રીજા ભોજનની યોજના હેઠળ કેટલાં બાળકોને લાભ લીધેલ છે ?

જવાબ

દાહોદ જિલ્લામાં તા. ૧–૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ત્રીજા ભોજનની યોજના હેઠળ કુલ ૧૪૨૦૦ બાળકોએ લાભ લીધેલ છે.

---------

દાંતા–અમીરગઢ તાલુકાઓમાં યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા ફાળવેલ રકમ

* ૧૯૦૪૨ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા–અમીરગઢ તાલુકાઓમાં યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તે અન્વયે કેટલો ખર્ચ થયો અને વણ વપરાયેલ રકમ કેટલી છે ?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩–૨૦૧૪ | વર્ષ ૨૦૧૪–૨૦૧૫ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | દાંતા | ૯,૦૦૦/– | ૧૦,૦૦૦/– | ૧૯,૦૦૦/– |
| ૨ | અમીરગઢ | ૯,૦૦૦/– | ૧૦,૦૦૦/– | ૧૯,૦૦૦/– |
| | કુલ | ૧૮,૦૦૦/– | ૨૦,૦૦૦/– | ૩૮,૦૦૦/– |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | ખર્ચ ૨૦૧૩–૨૦૧૪ | ખર્ચ ૨૦૧૪–૨૦૧૫ | કુલ | વણ વપરાયેલ રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | દાંતા | ૯,૦૦૦/– | ૯,૦૦૦/– | ૧૮,૦૦૦/– | ૧,૦૦૦/– |
| ૨ | અમીરગઢ | ૮,૮૦૦/– | ૯,૦૦૦/– | ૧૭,૮૦૦/– | ૧,૨૦૦/– |
| | કુલ | ૧૭,૮૦૦/– | ૧૮,૦૦૦/– | ૩૫,૮૦૦/– | ૨,૨૦૦/– |

---------

રાજકોટ અને મોરબી જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૧૭૪૩૩ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ અને મોરબી

અને મોરબી જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે,

જિલ્લામાં તાલુકાવાર કુપોષણથી પીડાતા બાળકોની સંખ્યા નીચે મુજબ છે.

રાજકોટ

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | રાજકોટ શહેર–૧ | ૧૪૬૪ | ૨૫૨ |
| ૨ | રાજકોટ શહેર–૨ | ૧૪૪૧ | ૨૭૩ |
| ૩ | લોધિકા | ૧૮૪ | ૨૬ |
| ૪ | જસદણ | ૧૪૯૨ | ૧૨૮ |
| ૫ | રાજકોટ ગ્રામ્ય | ૪૨૬ | ૬૫ |
| ૬ | જામકંડોરણા | ૨૦૬ | ૨૫ |
| ૭ | પડધરી | ૩૯૨ | ૨૭ |
| ૮ | ઉપલેટા | ૪૭૫ | ૬૯ |
| ૯ | ગોંડલ | ૬૮૧ | ૮૧ |
| ૧૦ | જેતપુર | ૬૧૮ | ૧૧૦ |
| ૧૧ | ધોરાજી | ૩૫૦ | ૪૮ |
| ૧૨ | કોટડા સાંગાણી | ૨૬૬ | ૭૦ |

મોરબી

| ક્રમ | તાલુકાનું નામ | ઓછા વજનવાળા બાળકોની સંખ્યા | અતિ ઓછા વજનવાળા બાળકોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | વાંકાનેર | ૨૩૩૮ | ૧૬૨ |
| ૨ | મોરબી | ૧૨૮૯ | ૧૫૮ |
| ૩ | માળિયા | ૬૯૦ | ૬૯ |
| ૪ | ટંકારા | ૩૮૫ | ૬૫ |
| ૫ | હળવદ | ૪૦૭૯ | ૫૩૭ |

(૨) આ કુપોષણ દૂર કરવા માટે સરકાર દ્વારા શાં પગલાં લીધાં, અને

(૨) બાળકોમાં કુપોષણ નિવારવા માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવે છે.

- ૬ માસથી ૩ વર્ષના બાળકોને ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે. અને તેમાંથી નિર્દેશક ભોજન તરીકે રાબ અને સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે.
- ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્નપ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃ મંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડીયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજું ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિઓછા વજનવાળા બાળકોને THR તરીકે પુરક પોષણ આહાર આપવામાં આવે છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શકિતમ કેન્દ્ર, બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા

બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.

- ન્યુટ્રીશન કાઉન્સલીંગ વોલીન્ટીઅર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાલ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્ણ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- અતિકુપોષિત બાળકોને દરમાસે આરોગ્ય સારવાર અને દેખરેખ આપવામાં આવે છે.
- ઘનિષ્ઠ પોષણ અભિયાન અન્વયે બાળકોને સારવાર આપવામાં આવે છે.

(૩) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

(૩) રાજકોટ જિલ્લામાં કુલ રૂ,૧,૭૫,૬૦,૮૦૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

મોરબી જિલ્લામાં કુલ રૂ.૧,૮૪,૮૧,૫૦૦/- નો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં સ્વાઈન ફ્લુના નોંધાયેલ દર્દીઓ

* ૧૮૬૭૬ શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર સ્વાઈન ફ્લુના કેટલા દર્દીઓ નોંધાયા, અને

(૨) તે પૈકી કેટલા દર્દીઓ મૃત્યુ પામ્યા અને આ રોગના પ્રતિકાર માટે સરકારે શાં પગલાં લીધાં ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ સ્વાઈન ફ્લુના કેસોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | નોંધાયેલ કેસ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ધોળકા | ૧ |
| ૨ | | સાણંદ | ૨ |
| ૩ | ગાંધીનગર | દહેગામ | ૧ |

(૨) અમદાવાદ જિલ્લામાં એક દર્દી મૃત્યુ પામેલ જ્યારે ગાંધીનગર જિલ્લામાં એકપણ મૃત્યુ પામેલ નથી. સ્વાઈન ફ્લુ રોગચાળાને કાબુમાં લેવા સરકારશ્રી દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- રાજ્યની દરેક સીવીલ હોસ્પિટલોમાં ઈન્ફ્લ્યુએન્ઝા-એ (એચ૧એન૧) ના કેસોની સારવાર માટે વેન્ટીલેટર, કાર્ડિયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઈન્ટેન્સીવ કેર યુનિટ અને આઈસોલેશન વોર્ડની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- રોગના ત્વરીત અને વિનામૂલ્યે નિદાન માટે રાજ્યમાં પાંચ ઉચ્ચસ્તરની સરકારી લેબોરેટરીઓ ખાતે સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઈન્ફ્લ્યુએન્ઝા-એ (એચ૧એન૧) ના પોઝીટીવ કેસ તેમજ ચિન્હો ધરાવતા કોન્ટેકટને એન્ટીવાયરલ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં

માન્યતા પ્રાપ્ત પ્રાઈવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પુરતો જથ્થો ઉપલબ્ધ કરેલ છે. આ સ્ટોર્સની માહિતી વેબસાઈટ પર મુકેલ છે.

- તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ અટકે તે માટે લેવાના થતા પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. સરળ ભાષામાં જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઈટ પર મુકવામાં આવેલ છે.
- માન.મંત્રીશ્રી (આ) કક્ષાએથી વિભાગના સચિવશ્રી કક્ષાએથી તથા કમિશ્નરશ્રી આરોગ્ય કક્ષાએથી સંબંધિત અધિકારીઓ તથા અન્યો સાથે રોગની પરિસ્થિતિની વખતોવખત સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. તથા જરૂરી ઝડપી પગલાં લેવા સૂચનાઓ આપવામાં આવે છે.

---------

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં નોન–પ્લાન રસ્તાઓના પેવરકામ

* ૧૯૦૫૫ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૧૪ વર્ષ કે તેથી વધુ સમયથી પેવર ન થયા હોય તેવા નોન–પ્લાન રસ્તાઓ કેટલા છે, | (૧) સાબરકાંઠામાં – ૧૦<br>અરવલ્લીમાં – ૦૮ |
| (૨) છેલ્લા ૧૪ વર્ષ કે તેથી વધુ સમયથી પેવર ન થયા હોય તેવા નોન–પ્લાન રસ્તાઓ મંજૂર કરવા માંગો છો કે કેમ, અને<br>(૩) જો હા, તો કેટલા સમયમાં ? | (૨) અને (૩) : તાંત્રિક જરૂરીયાત અને આંતરિક અગ્રતા અનુસાર વિચારવામાં આવશે. |

---------

બગોદરા–તારાપુર–વડોદરા રસ્તાનું કામ પૂર્ણ કરવા બાબત

* ૧૮૩૦૦ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાના બગોદરા–તારાપુર–વડોદરા રસ્તાનું કામ છેલ્લા બે– ત્રણ વર્ષથી બંધ હાલતમાં છે તે હકીકત સાચી છે,<br>(૨) જો હા, તો સદરહું રોડનું કામ બંધ રહેવાના કારણો શા છે, અને<br>(૩) ઉકત રસ્તાનું કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે અને ઉકત સ્થિતિએ કામ કરવામાં વિલંબ બદલ સંબંધિત એજન્સી સામે શાં પગલાં લીધા ? | (૧), (૨) અને (૩) : બી.ઓ.ટી. ધોરણે કન્સેશનર દ્વારા કરવામાં આવતું આ કામ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પ્રગતિ હેઠળ હોવાથી અને કન્સેશનરને વધારી આપેલ સમય મર્યાદામાં કામ પૂર્ણ કરાવવા સરકાર પ્રયત્નશીલ છે તેથી સંબંધિત એજન્સી સામે પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

દાહોદ જિલ્લામાં આંગણવાડીઓમાં ગરમ મસાલાના બીલો ચૂકવવા બાબત

* ૧૬૯૮૦ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર આંગણવાડીઓમાં ''ગરમ મસાલા'' ના કેટલી રકમના બીલો ચૂકવવામાં આવ્યા, અને | (૧) આંગણવાડીઓમાં ''ગરમ મસાલા'' ના ખર્ચની કોઈ જોગવાઈ નથી પરંતુ લાભાર્થી દીઠ દૈનિક રૂ.૧.૩૦/- ની જોગવાઈ છે, જેમાં દળામણ, ડોરસ્ટેપ ડીલીવરી, શાક, મસાલા તથા ગોળ, સીંગ, તલ, બળતણ ખર્ચનો સમાવેશ થાય છે. |
| (૨) તે અન્વયે ઉકત સ્થિતિએ ગરમ મસાલાઓનો ભોજનમાં ઉપયોગ થતો જ નથી તેવી વ્યાપક ફરીયાદો અંગે સરકારે શી તપાસ કરાવી છે ? | (૨) આવી કોઈ ફરીયાદો મળેલ નથી. |

---------

ગારીયાધાર, જેસર અને ખૂંટવડા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ ભરવા બાબત

* ૧૮૨૮૪ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ગારીયાધાર, જેસર અને ખૂંટવડા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સેટઅપ મુજબ કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને | (૧) પત્રક-અ મુજબ |
| (૨) સરકાર દ્વારા આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે? | (૨) જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ-૩ અને ૪ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે. |

પત્રક-અ

ભાવનગર જિલ્લામાં આવેલ ગારીયાધાર, જેસર અને ખૂંટવડા સામૂહિક આરોગ્ય કેન્દ્રોની મંજુર, ભરેલી, ખાલી અને ક્યારથી ખાલી જગ્યાઓની વિગત દર્શાવતું પત્રક

| અ. નં. | સંવર્ગનું નામ | સા.આ. કેન્દ્ર ગારીયાધાર | | | | સા.આ. કેન્દ્ર, મોટાખુંટવડા | | | | સા.આ. કેન્દ્ર, જેસર | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજુર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી છે | મંજુર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી છે | મંજુર | ભરેલી | ખાલી | ક્યારથી ખાલી છે |
| ૧ | અધિક્ષક વર્ગ-૧/તજજ્ઞ | ૧ | ૦ | ૧ | ૨૮-૧૨-૧૪ | ૧ | ૦ | ૧ | ૧૨-૨-૯૮ | ૧ | ૦ | ૧ | ૧૭-૧૧-૧૦ |
| ૨ | તબીબી અધિકારી વર્ગ-૨ | ૩ | ૨ | ૧ | ૨૪-૮-૦૯ | ૩ | ૦ | ૩ | ૩૦-૧૦-૧૦<br>૩૧-૧-૧૪ | ૩ | ૩ | ૦ | |
| ૩ | ડેન્ટલ સર્જન | ૧ | ૦ | ૧ | ૨૭-૪-૧૧ | ૦ | ૦ | ૦ | | ૦ | ૦ | ૦ | |
| ૪ | સીની. આસી. | ૧ | ૦ | ૧ | ૩૧-૧૨-૧૩ | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૨૯-૭-૦૫ |
| ૫ | સીની. કલાર્ક | ૧ | ૦ | ૧ | ૦૧-૦૪-૦૬ | ૧ | ૦ | ૧ | ૨૨-૧૧-૦૧ | ૧ | ૦ | ૧ | ૦૯-૧૧-૦૧ |
| ૬ | જુ.ફાર્મા. | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૭ | લેબ. ટેકનીશીયન | ૧ | ૦ | ૧ | ૨૯-૪-૧૧ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૮ | એકસ રે ટેકનીશીયન | ૧ | ૦ | ૧ | ૦૮-૦૬-૧૩ | ૧ | ૦ | ૧ | ૨૮-૦૨-૮૯ | ૧ | ૧ | ૦ | |
| ૯ | સ્ટાફ નર્સ | ૭ | ૪ | ૩ | ૩૧-૫-૧૧ | ૭ | ૫ | ૨ | ૨૧-૧૧-૧૪ | ૭ | ૭ | ૦ | |
| ૧૦ | ડ્રાયવર | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૧ | પટાવાળા | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૨ | ડ્રેસર | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |

| | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩ | આયા | ૧ | ૦ | ૧ | ૦૨–૧૨–૧૪ | ૧ | ૧ | ૦ | | ૧ | ૧ | ૦ | |
| ૧૪ | વોર્ડ સર્વન્ટ | ૨ | ૧ | ૧ | ૦૨–૧૨–૧૪ | ૨ | ૨ | ૦ | | ૨ | ૨ | ૦ | |
| ૧૫ | સ્વીપર | ૧ | ૧ | ૦ | | ૧ | ૦ | ૧ | ૧૦–૯–૧૧ | ૧ | ૧ | ૦ | |
| ૧૬ | પાર્ટટાઈમ સ્વીપર | ૨ | ૧ | ૧ | ૦૨–૧૨–૧૦ | ૨ | ૧ | ૧ | ૦૬–૬–૧૧ | ૨ | ૨ | ૦ | |
| ૧૭ | પાર્ટટાઈમ ચોકીદાર | ૨ | ૧ | ૧ | ૦૨–૧૨–૧૦ | ૨ | ૦ | ૨ | ૧–૪–૯૬ | ૨ | ૨ | ૦ | |
| | કુલ | ૨૮ | ૧૪ | ૧૪ | | ૨૭ | ૧૫ | ૧૨ | | ૨૭ | ૨૪ | ૩ | |

(૧) સા.આ.કે. જેસર ખાતેની હેડ કલાર્કની જગ્યા વિનાની કચેરી, ભાવનગર ખાતે તબદીલ કરેલ છે. સા.આ.કે. મોટા ખુટવડા ખાતેની સીની કલાર્કની જગ્યા સા.આ.કે. તળાજા ખાતે તબદીલ કરેલ છે.

(૨) ડ્રાઈવર વર્ગ–૩ અને વર્ગ–૪ ની ખાલી પડેલ જગ્યાઓ પર જરૂર જણાય ત્યાં આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

-------

બોરસદ તાલુકામાં કાર્યરત ક્ષય નિવારણ કેન્દ્રો

* ૧૬૯૯૨ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ બોરસદ તાલુકામાં કેટલા સરકારી ક્ષય નિવારણ કેન્દ્રો કાર્યરત છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ બોરસદ તાલુકામાં નિદાન અને સારવારની સુવિધા પુરી પાડવા માટે કાર્યરત સરકારી ક્ષય નિવારણ કેન્દ્રો–

| | |
|---|---|
| પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૯ |
| સામુહિક આરોગ્ય કેન્દ્રો | ૧ |
| શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો | ૧ |
| કુલ | ૧૧ |

પ્રશ્ન

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં ક્ષયના દર્દીઓની કેટલી સંખ્યા નોંધાઈ ?

જવાબ

(૨) છેલ્લા બે વર્ષમાં ક્ષયના દર્દીઓની સંખ્યા નીચે મુજબ છે.

| વર્ષ | ક્ષયના દર્દીઓની સંખ્યા |
|---|---|
| ૨૦૧૩ | ૫૦૭ |
| ૨૦૧૪ | ૫૦૭ |
| કુલ | ૧૦૧૪ |

---------

જામનગર શહેર અને તાલુકામાં આંગણવાડીના લાભાર્થીઓ

* ૧૬૯૭૧ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર શહેર અને તાલુકામાં આંગણવાડીના કેટલાં બાળકો લાભાર્થીઓ છે, અને

(૨) આ બાળકોને ભોજન અને નાસ્તામાં શું આપવામાં આવે છે અને તેની બાળક દીઠ નાસ્તાની કિંમત કેટલી હોય છે?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર શહેરમાં ૧૮૪૦૫ અને તાલુકાઓમાં ૧૮૫૩૨ બાળકો આંગણવાડીના લાભાર્થીઓ છે.

(૨) ૭ માસથી ૩ વર્ષના બાળકોને ટી.એચ.આર. વિતરણ કરવામાં આવે છે.

| | સામાન્ય બાળકોને સીંગલ રાશન | કુપોષિત બાળકોને ડબલ રાશન |
|---|---|---|

| | | |
|---|---|---|
| ઘઉં | ૮૦ | ૧૪૦ |
| તેલ | ૨૦ | ૨૫ |
| મગદાળ | ૧૫ | ૩૦ |
| સોમવારથી શુક્રવાર નિર્દેશક ભોજનમાં રાબ તથા શીરો આપવામાં આવે છે. | | |
| ૩ થી ૬ વર્ષના બાળકોને અપાતો નાસ્તો | | |
| | માતૃ મંડળ દ્વારા | પુરક પોષણ |
| સોમવાર | શીરો | મસાલા ભાખરી, ટમેટાની ચટણી, તુવેરદાળ વરણ |
| મંગળવાર | ગળ્યા પુડલા | થેપલા, ટમેટાની ચટણી, દુધી ચણાનું શાક |
| બુધવાર | સુખડી | પુલાવ શાકભાજીવાળો, વઘારેલા ચણા |
| ગુરૂવાર | શીરો | દાળ, ભાત, શાક |
| શુક્રવાર | વઘારેલા ઢોકળા, ઈડલી | દુધીના ઢેબરા, ટમેટાની ચટણી, વઘારેલા ચણા |
| શનિવાર | ગળ્યા પુડલા | શાકભાજીવાળી ખીચડી |
| સોમવાર અને ગુરૂવારે માતૃમંડળ દ્વારા ફળ આપવામાં આવે છે. | | |
| ત્રીજુ ભોજન લાડુ | | |
| ૩ થી૬ વર્ષના કુપોષિત બાળકોને ત્રીજુ ભોજન લાડુ તથા ટી.એચ.આર. ઘઉં. ૫૦ ગ્રામ, તેલ ૧૦ ગ્રામ, મગ દાળ ૧૫ ગ્રામ આપવામાં આવે છે. | | |
| બાળક દીઠ નાસ્તાની કિંમત | | |
| ૭ માસથી ૩ વર્ષના પ્રતિ સામાન્ય બાળકને રૂ. ૬/- | | |
| ૭ માસથી ૩ વર્ષના કુપોષિત બાળકને રૂ. ૯/- | | |
| ૩ થી ૬ વર્ષના પ્રતિ બાળકને માતૃમંડળનો નાસ્તો રૂ. ૩/- | | |
| ૩ થી ૬ વર્ષના પ્રતિ બાળકને પુરક પોષણનો નાસ્તો રૂ. ૩/- | | |
| માતૃ મંડળ દ્વારા ફળ, સોમ તથા ગુરૂવાર પ્રતિ બાળક રૂ. ૧.૨૫ પૈસા ત્રીજુ ભોજન લાડુ પ્રતિ બાળક રૂ. ૩/- | | |

---------

## અમદાવાદ જિલ્લામાં રસ્તાઓને ડામર સપાટીના બનાવવા બાબત

* ૧૬૯૬૯ ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટ કેટલા રસ્તાઓ કેટલા કિ.મી.ના કાચી સપાટીના અને કેટ કેટલા રસ્તાઓ ડામર સપાટીના છે,

જવાબ

(૧) પરિશિષ્ટ-૧ મુજબ

પરિશિષ્ટ-૧

| તાલુકા | ડામર સપાટી | | કાચી સપાટી | |
|---|---|---|---|---|
| | સંખ્યા | લંબાઈ | સંખ્યા | લંબાઈ |
| દસક્રોઈ | ૨૦૯ | ૪૧૬.૪૨ | ૧૦ | ૧૫.૪૫ |
| ધોળકા | ૧૪૦ | ૫૩૩.૬૧ | ૨૪ | ૭૩.૮૮ |
| બાવળા | ૭૮ | ૩૧૯.૭૭ | ૧૦ | ૫૦.૬૧ |
| ધંધુકા | ૯૧ | ૩૯૧.૨૮ | ૭ | ૨૭.૪૭ |
| રાણપુર | ૪૩ | ૨૨૧.૬૮ | ૭ | ૩૫.૧૦ |
| બરવાળા | ૩૯ | ૧૬૫.૪૩ | ૨ | ૧૪.૫૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ધોલેરા | ૭ | ૭૪.૩૪ | ૦ | ૦.૦૦ |
| વિરમગામ | ૯૯ | ૪૫૫.૯૩ | ૮ | ૧૮.૦૦ |
| માંડલ | ૬૩ | ૨૬૯.૩૯ | ૧૫ | ૪૯.૮૬ |
| દેત્રોજ | ૭૧ | ૨૨૧.૭૧ | ૧ | ૦.૬૨ |
| સાણંદ | ૧૫૩ | ૪૮૦.૫૬ | ૧૮ | ૪૨.૦૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટ કેટલા કિ.મી.ના કયા કયા રસ્તાઓને પાકી સપાટીના અને કેટ કેટલા રસ્તાઓ ડામર સપાટીના બનાવવામાં આવ્યા, અને

(૨) કાચામાંથી પાકી/ડામર સપાટી બનાવવામાં આવેલ રસ્તા

| સંખ્યા | લંબાઈ (કિ.મી.) |
|---|---|
| ૧૧ | ૩૦.૧૦ |

રસ્તાની વિગત પરિશિષ્ટ –૨ મુજબ

પરિશિષ્ટ–૨

| ક્રમ | તાલુકો | કામનું નામ | લંબાઈ |
|---|---|---|---|
| ૧ | સાણંદ | ગરોડીયા પલોડીયા રોડ | ૧.૨૦ |
| ૨ | દશક્રોઈ | લપકામણ ટું જોઈનીંગ ટું રીંગ રોડ | ૨.૦૦ |
| ૩ | દશક્રોઈ | ખોડીયાર ગામ ટુ ધોરીવાડા ટુ જસપૂરા હાઈવે રોડ | ૧.૫૦ |
| ૪ | દશક્રોઈ | લીલાપુર જસપૂરા રોડ | ૩.૨૦ |
| ૫ | ધંધુકા | આકરુ ચેર રોડ | ૧૧.૦૦ |
| ૬ | દશક્રોઈ | અમદાવાદ બોપલ ઘુમા રાજ્ય ધોરીમાર્ગથી સિનોરીપાર્ક તરફનો રોડ | ૦.૪૦ |
| ૭ | દશક્રોઈ | ઘુમા ઠાકોર સ્મશાનથી સાનિધ્ય બંગ્લોઝ તરફનો રોડ | ૦.૭૦ |
| ૮ | દશક્રોઈ | ઘુમા ઘેલજીપૂરા જોઈનીંગ બોપલ એ. રોડ ટુ દેવભુમિ | ૦.૮૦ |
| ૯ | દશક્રોઈ | કાણીયલ એ રોડ દુધલી ગામ તરફ નો રોડ | ૩.૦૦ |
| ૧૦ | સાણંદ | મણીપુર ટુ મણીપુર ડેન્ટલ કોલેજ રોડ | ૨.૮૦ |
| ૧૧ | બાવળા | કાવીઠા ચલોડા રોડ | ૩.૫૦ |

(૩) સરકાર તમામ રસ્તાઓ પાકી સપાટી કે ડામર સપાટીના ક્યાં સુધીમાં બનાવવા માગે છે ?

(૩) તાંત્રિક જરૂરિયાત તથા આંતરિક અગ્રતા અનુસાર વિચારવામાં આવશે.

---------

દિયોદર અને ડીસા તાલુકાની પેટા પરાઓની પ્રાથમિક શાળાઓને ડામરના રોડથી જોડવાની દરખાસ્ત

* ૧૮૩૦૩ શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દિયોદર અને મૂળ ડીસા તાલુકાની પરા પેટા પરાઓમાં આવેલી પ્રાથમિક શાળાઓને પાકા ડામર રોડથી જોડવાની દરખાસ્ત સરકારને મળી છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો આ અંગે સરકારે શું આયોજન કર્યું છે

(૨) દરખાસ્ત પૈકીના ૪ (ચાર) કામો મંજુર કરેલ છે.

? બાકીના કામો તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા અનુસાર વિચારવામાં આવશે.

---------

## છોટા ઉદેપુર જિલ્લામાં ડામર ન કરેલ નોન પ્લાન રસ્તાઓ

* ૧૭૫૪૯ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર): માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સાત વર્ષથી ડામર ન કરેલ હોય તેવા નોન પ્લાન રસ્તાઓ કેટલા છે, | (૧) ડામર સપાટી ધરાવતા - ૨૦ |
| (૨) તે પૈકી જેતપુર પાવી, છોટાઉદેપુર તાલુકાના કયા રસ્તાઓ પાછળ કેટલા ખર્ચાનો અંદાજ છે, અને | (૨) પરિશિષ્ટ મુજબ |
| (૩) આ રસ્તાઓ ફરીથી ડામરના ક્યારે બનાવવામાં આવશે ? | (૩) તાંત્રિક જરૂરીયાત, આંતરીક અગ્રતા ધ્યાને લઈ ડામર કરવા વિચારણા કરવામાં આવશે. |

પરિશિષ્ટ

| અ.નં. | તાલુકો | રસ્તાનું નામ | કક્ષા | લંબાઈ કિ.મી.માં | રકમ રૂ. લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | જેતપુર પાવી | વાઘવા મોતીપૂરા સેગવાસીમળી | ગ્રા. મા. નોન પ્લાન | ૨.૫૦ | ૯૫.૦૦ |
| ૨ | જેતપુર પાવી | સખાન્દ્રા વાંટડા રોડ | ગ્રા. મા. નોન પ્લાન | ૧.૫૦ | ૪૫.૦૦ |
| ૩ | જેતપુર પાવી | મુવાડા ચુલી રોડ | ગ્રા. મા. નોન પ્લાન | ૩.૦૦ | ૧૦૫.૦૦ |
| ૪ | જેતપુર પાવી | ખાડીયાકુવા બારાવાડ રોડ | ગ્રા. મા. નોન પ્લાન | ૧.૮૦ | ૬૫.૦૦ |
| ૫ | જેતપુર પાવી | ઘુટીયા નવીવસાહત રોડ | ગ્રા. મા. નોન પ્લાન | ૨.૧૦ | ૭૫.૦૦ |
| ૬ | જેતપુર પાવી | પોલનપુર એ. રોડ | ગ્રા. મા. નોન પ્લાન | ૧.૦૦ | ૪૦.૦૦ |
| ૭ | જેતપુર પાવી | ભીખાપૂરા મુવાડા રોડ | ગ્રા. મા. નોન પ્લાન | ૩.૦૦ | ૧૦૫.૦૦ |
| ૮ | જેતપુર પાવી | ખટાસ ઓલીયા કલામ રોડ | ગ્રા. મા. નોન પ્લાન | ૩.૦૦ | ૧૧૦.૦૦ |
| | | કુલ -૮ રસ્તા | | ૧૭.૯૦ | ૬૪૦.૦૦ |
| ૯ | છોટા ઉદેપુર | બોપા એપ્રોચ રોડ | ગ્રા. મા. નોન પ્લાન | ૨.૪૦ | ૧૦૦.૦૦ |
| ૧૦ | છોટા ઉદેપુર | ઘેલવાંટ એપ્રોચ રોડ | ગ્રા. મા. નોન પ્લાન | ૨.૦૦ | ૯૦.૦૦ |
| ૧૧ | છોટા ઉદેપુર | દેવલીયા એપ્રોચ રોડ | ગ્રા. મા. નોન પ્લાન | ૨.૦૦ | ૧૦૦.૦૦ |
| ૧૨ | છોટા ઉદેપુર | ગમાન ફળીયા એપ્રોચ રોડ | ગ્રા. મા. નોન પ્લાન | ૨.૦૦ | ૯૦.૦૦ |
| | | કુલ-૪ રસ્તા | | ૮.૪૦ | ૩૮૦.૦૦ |

---------

## બનાસકાંઠા જિલ્લામાં નોન પ્લાન રસ્તાઓનું રીસરફેસીંગ

* ૧૮૭૨૦ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર પંચાયત તથા રાજ્ય હસ્તકના નોન-પ્લાન કયા રસ્તાઓનું છેલ્લા ત્રણ વર્ષથી ડામર સપાટીનું રીસરફેસીંગ કામ થયેલ નથી, | (૧) *પરિશિષ્ટ-૧ મુજબ |
| (૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરાશે અને | (૨) અને (૩) |
| (૩) આ કામ બાકી રહેવાના શાં કારણો છે ? | ૫ (પાંચ) રસ્તાની કામગીરી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ, અન્ય રસ્તાઓ વાહન વ્યવહાર યોગ્ય છે. |

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

## મહીસાગર અને ખેડા જિલ્લામાં સેન્ટ્રલ રિઝર્વ ફંડ યોજનામાંથી રસ્તાના કામો મંજુર કરવા બાબત

* ૧૭૮૫૪ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને ખેડા જિલ્લામાં તાલુકાવાર સેન્ટ્રલ રિઝર્વ ફંડ યોજના હેઠળ કેટલી રકમના કયા રસ્તાના કામો મંજૂર કરવામાં આવ્યા, | (૧) અને (૨) |

| જિલ્લો | તાલુકો | મંજુર રસ્તાનું નામ | મંજુર રકમ રૂ. | હાલની સ્થિતિ |
|---|---|---|---|---|
| મહીસાગર | સંતરામપુર | સંતરામપુર-કડાણા-ડુંગરપુર રોડ | ૭૫૦.૦૦ લાખ | પૂર્ણ |
| ખેડા | નડીયાદ | વસો-પીજ-નડીયાદ રોડ | ૬૯૦.૦૦ લાખ | પ્રગતિમાં |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા કામો કરવાના બાકી છે, | |
| (૩) આ યોજના હેઠળ કેટલી રકમ મંજુર કરવામાં આવેલ અને તેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો, અને | (૩) ૧૦૦ ટકા કેન્દ્ર સરકારનો હિસ્સો |
| (૪) મંજૂર થયેલ કામો મુજબ કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, અને કેટલી ફાળવવાની બાકી છે? | (૪) કામવાર ગ્રાન્ટ ફાળવવામાં આવતી નથી. |

---------

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને તાલુકા કક્ષાની હોસ્પિટલોમાં મંજૂર મહેકમ

* ૧૮૮૯૮ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં અને તાલુકા કક્ષાની હોસ્પિટલોમાં તાલુકાવાર વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, અને | (૧) અનુક્રમે *પત્રક-૧ અને ૨ મુજબ. |
| (૨) એમાં વર્ગ-૧ થી વર્ગ-૪ સુધીની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી ખાલી છે અને કેટલા સમયથી ખાલી છે? | (૨) સામેલ *પત્રક-૩,૪,૫, ૬ મુજબ. |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### અમરેલી સિવિલ હોસ્પિટલનું મેડીકલ કોલેજમાં રૂપાંતર

* ૧૭૪૫૮ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી સિવિલ હોસ્પિટલનું મેડીકલ કોલેજમાં રૂપાંતર કરવા માટે તજજ્ઞ સમિતિ મારફત મુલ્યાંકન કરાવવામાં આવેલ છે કે કેમ, | (૧) ના જી. |
| (૨) જો હા, તો તજજ્ઞ સમિતિએ શું અહેવાલ આપેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉપરોક્ત અહેવાલના આધારે અમરેલી સિવિલ હોસ્પિટલનું મેડીકલ કોલેજમાં રૂપાંતરણ કરવા માટે સરકારનું શું આયોજન છે? | (૩) રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રિય પુરસ્કૃત યોજના હેઠળ અમરેલી જિલ્લા હોસ્પિટલને પસંદ કરી તેને અપગ્રેડ કરી નવી મેડિકલ કોલેજ શરૂ કરવા કેન્દ્ર સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ છે. |

---------

### આણંદ જિલ્લામાં ડામર સપાટી ધરાવતા નોન-પ્લાન રસ્તાઓ

* ૧૮૯૮૭ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે
અતારાંકિત પ્રશ્નો

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં ડામર સપાટી ધરાવતા નોન-પ્લાન રસ્તાઓ ક્યાં છે,

(૨) સદર રસ્તાઓ ક્યા વર્ષમાં ડામરના બનાવવામાં આવેલ,

(૩) સદર નોન-પ્લાન રસ્તાઓને પ્લાન રસ્તામાં ફેરવવા કોઇ કાર્યવાહી થયેલ છે કે કેમ, અને

(૪) કેટલા સમયમાં પ્લાન રસ્તામાં ફેરવવામાં આવશે ?

જવાબ

(૧) અને (૨)
ડામર સપાટી ધરાવતા નોન-પ્લાન રસ્તાઓની વિગત *પરિશિષ્ટ-૧ મુજબ છે.

(૩) પાંચ રસ્તાઓના ડામર કામ પીએમજીએસવાય યોજના હેઠળ પૂર્ણ થયેલ હોઇ, પ્લાન રસ્તામાં તબદીલ કરવામાં આવેલ છે. (*પરિશિષ્ટ-૨)

(૩) બાકીના રસ્તાઓનું હાલમાં કોઇ આયોજન નથી.

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

પંચમહાલ અને દાહોદ જિલ્લામાં સ્વાઇન ફ્લુના નોંધાયેલ કેસો

* ૧૮૬૪૩ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૧૫-૦૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ અને દાહોદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્વાઇન ફ્લુના કેટલા કેસો નોંધાયા,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી છેલ્લા ત્રણ માસમાં માસવાર કેટલા કેસો નોંધાયા, અને

(૩) ઉક્ત બંને જિલ્લામાં સ્વાઇન ફ્લુને રોકવા રાજ્ય સરકારે શા પગલાં લીધા ?

જવાબ

(૧) તા.૧૫-૦૨-૨૦૧૫ની સ્થિતિએ પંચમહાલ અને દાહોદ જિલ્લામાં સ્વાઇન ફ્લુના કેસ નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | કેસ | |
|---|---|---|---|
| | | પંચમહાલ | દાહોદ |
| ૧ | ૨૦૧૪ | ૧ | ૧ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી છેલ્લા ત્રણ માસમાં માસવાર સ્વાઇન ફ્લુના કેસો નીચે મુજબ છે.

| ક્રમ | માસ | પંચમહાલ | દાહોદ |
|---|---|---|---|
| ૧ | નવેમ્બર-૨૦૧૪ | ૦ | ૦ |
| ૨ | ડીસેમ્બર-૨૦૧૪ | ૦ | ૦ |
| ૩ | જાન્યુઆરી-૨૦૧૫ | ૧ | ૧ |
| ૪ | ફેબ્રુઆરી-૨૦૧૫ | ૧૨ | ૧૫ |

(૩) સ્વાઇન ફ્લુ રોગચાળાને કાબુમાં લેવા સરકારશ્રી દ્વારા નીચે મુજબ પગલાં લેવામાં આવેલ છે.

- રાજ્યની દરેક સીવીલ હોસ્પિટલોમાં ઇન્ફ્લ્યુએન્ઝા-એ (એચ૧એન૧) ના કેસોની સારવાર માટે વેન્ટીલેટર, કાર્ડિયાક મોનીટર જેવા અદ્યતન ઉપકરણો સાથેના ઇન્ટેન્સીવ કેર યુનિટ અને આઇસોલેશન વોર્ડની વ્યવસ્થા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- રોગના ત્વરીત અને વિનામુલ્યે નિદાન માટે રાજ્યમાં ત્રણ ઉચ્ચસ્તરની સરકારી લેબોરેટરીઓ ખાતે સેવા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ઇન્ફ્લ્યુએન્ઝા-એ (એચ૧એન૧)ના પોઝીટીવ કેસ તેમજ ચિન્હો ધરાવતા કોન્ટેક્ટને એન્ટીવાયરલ દવાઓ વિનામૂલ્યે આપવામાં આવે છે.
- ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યમાં માન્યતા પ્રાપ્ત પ્રાઇવેટ મેડીકલ સ્ટોર્સમાં પણ આ દવાનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરેલ છે. આ

સ્ટોર્સની માહિતી વેબસાઇટ પર મુકેલ છે.

- તમામ સરકારી આરોગ્ય સંસ્થામાં રોગનું પ્રસરણ અટકે તે માટે લેવાના થતા પગલાંઓની જાણકારી આપવામાં આવે છે. સરળ ભાષામાં જાહેર જનતાએ કરવાની થતી તકેદારી માટેનું સાહિત્ય પણ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.
- ભારત સરકારશ્રીના માર્ગદર્શન સાથેનું મેન્યુઅલ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. સંલગ્ન દરેક હિતધારકોને તેની નકલ પહોંચાડવામાં આવી છે. આ ઉપરાંત આ મેન્યુઅલને આરોગ્ય વિભાગની વેબસાઇટ પર મુકવામાં આવેલ છે.
- માન. મંત્રીશ્રી (આરોગ્ય) કક્ષાએથી વિભાગના સચિવશ્રી કક્ષાએથી તથા કમિશ્નરશ્રી આરોગ્ય કક્ષાએથી સબંધિત અધિકારીઓ તથા અન્યો સાથે રોગની પરિસ્થિતિની વખતોવખત સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે તથા જરૂરી ઝડપી પગલાં લેવા સૂચનાઓ આપવામાં આવે છે.

---------

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સંકલીત બાળ વિકાસ યોજના હેઠળ કાર્યરત આંગણવાડી કેન્દ્રો

* ૧૯૦૨૨ શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર સંકલીત બાળ વિકાસ યોજના અન્વયે કેટલી આંગણવાડી કેન્દ્ર કાર્યરત છે,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર સંકલિત બાળ વિકાસ યોજના અન્વયે નીચે મુજબ કુલ–૧૧૭૬ આંગણવાડી કેન્દ્ર કાર્યરત છે.

| ક્રમ | ઘટકનું નામ | કાર્યરત આં.વા. કેન્દ્ર |
|---|---|---|
| ૧ | તાલાળા | ૧૩૫ |
| ૨ | ઉના–૧ | ૧૮૯ |
| ૩ | ઉના–૨ | ૧૭૪ |
| ૪ | વેરાવળ–૧ | ૧૬૮ |
| ૫ | વેરાવળ–૨ | ૧૫૬ |
| ૬ | કોડીનાર–૧ | ૧૧૪ |
| ૭ | કોડીનાર–૨ | ૧૧૧ |
| ૮ | સુત્રાપાડા | ૧૨૯ |

તેમજ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર સંકલિત બાળ વિકાસ યોજના અન્વયે નીચે મુજબ કુલ–૧૪૨૩ આંગણવાડી કેન્દ્ર કાર્યરત છે.

| ક્રમ | ઘટકનું નામ | કાર્યરત આં.વા. કેન્દ્ર |
|---|---|---|
| ૧ | કેશોદ | ૧૯૪ |
| ૨ | માણાવદર | ૧૩૬ |
| ૩ | વંથલી | ૧૨૩ |
| ૪ | માંગરોળ | ૧૮૭ |
| ૫ | ભેંસાણ | ૭૯ |
| ૬ | જુનાગઢ–૧ | ૧૭૯ |
| ૭ | જુનાગઢ–૨ | ૧૩૫ |
| ૮ | માળીયા | ૧૬૩ |
| ૯ | મેંદરડા | ૮૧ |

| | | |
|---|---|---|
| ૧૦ | વિસાવદર | ૧૪૬ |

(૨) આ પૈકી કેટલા આંગણવાડી કેન્દ્રો પોતાના મકાનમાં ચાલે છે અને કેટલાં કેન્દ્રો ખાનગી મકાનમાં ચાલે છે, અને

(૨) આ પૈકી ગીર સોમનાથ જિલ્લામાં નીચે મુજબ ૬૨૯ આંગણવાડી કેન્દ્રો પોતાના મકાનમાં તથા ૫૩૭ આંગણવાડી કેન્દ્રો ખાનગી મકાનમાં ચાલે છે.

| ક્રમ | ઘટકનું નામ | પોતાના મકાનમાં ચાલતા કેન્દ્રો | ખાનગી મકાનમાં ચાલતા કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | તાલાળા | ૧૦૩ | ૨૩ |
| ૨ | ઉના–૧ | ૯૮ | ૯૧ |
| ૩ | ઉના–૨ | ૧૧૪ | ૬૦ |
| ૪ | વેરાવળ–૧ | ૧૪ | ૧૫૩ |
| ૫ | વેરાવળ–૨ | ૮૬ | ૭૦ |
| ૬ | કોડીનાર–૧ | ૬૯ | ૪૫ |
| ૭ | કોડીનાર–૨ | ૮૦ | ૩૧ |
| ૮ | સુત્રાપાડા | ૬૫ | ૬૪ |

તેમજ જુનાગઢ જિલ્લામાં નીચે મુજબ ૮૧૯ આંગણવાડી કેન્દ્રો પોતાના મકાનમાં તથા ૫૪૧ આંગણવાડી કેન્દ્રો ખાનગી મકાનમાં ચાલે છે.

| ક્રમ | ઘટકનું નામ | પોતાના મકાનમાં ચાલતા કેન્દ્રો | ખાનગી મકાનમાં ચાલતા કેન્દ્રો |
|---|---|---|---|
| ૧ | કેશોદ | ૧૨૩ | ૬૪ |
| ૨ | માણાવદર | ૮૩ | ૫૩ |
| ૩ | વંથલી | ૮૭ | ૨૭ |
| ૪ | માંગરોળ | ૧૨૪ | ૫૯ |
| ૫ | ભેંસાણ | ૭૬ | ૦ |
| ૬ | જુનાગઢ–૧ | ૪ | ૧૭૧ |
| ૭ | જુનાગઢ–૨ | ૮૩ | ૫૨ |
| ૮ | માળીયા | ૭૭ | ૭૪ |
| ૯ | મેંદરડા | ૬૫ | ૧૩ |
| ૧૦ | વિસાવદર | ૯૭ | ૨૮ |

(૩) ખાનગી મકાનમાં બેસતાં/ચાલતાં આંગણવાડી કેન્દ્રોને કેટલા સમયમાં પોતાના મકાનો ઉપલબ્ધ કરવામાં આવશે ?

(૩) ગીર સોમનાથ જિલ્લામાં ખાનગી મકાનમાં ચાલતાં આંગણવાડી કેન્દ્રો પૈકી પોતાના મકાનો ઉપલબ્ધ કરવામાં નીચે મુજબ કાર્યવાહી ચાલુ છે.

| ક્રમ | ઘટકનું નામ | ખાનગી મકાનમાં ચાલતાં કેન્દ્રો | બાંધકામ ચાલુ | વહીવટી પ્રક્રિયા ચાલુ | ડીમોલેશન પ્રક્રિયામાં | જમીન પ્રશ્નોના કારણો |
|---|---|---|---|---|---|---|
| ૧ | તાલાળા | ૨૩ | ૩ | ૮ | ૦ | ૧૨ |
| ૨ | ઉના–૧ | ૯૧ | ૧૧ | ૪૨ | ૦ | ૩૮ |
| ૩ | ઉના–૨ | ૬૦ | ૭ | ૫૩ | ૦ | ૦ |
| ૪ | વેરાવળ–૧ | ૧૫૩ | ૦ | ૧૧૨ | ૦ | ૪૧ |
| ૫ | વેરાવળ–૨ | ૭૦ | ૪૦ | ૩૦ | ૦ | ૦ |
| ૬ | કોડીનાર–૧ | ૪૫ | ૦ | ૧૫ | ૪ | ૨૬ |
| ૭ | કોડીનાર–૨ | ૩૧ | ૦ | ૨૬ | ૫ | ૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮ | સુત્રાપાડા | ૬૪ | ૦ | ૪૭ | ૦ | ૧૭ |

જુનાગઢ જિલ્લામાં ખાનગી મકાનમાં ચાલતાં આંગણવાડી કેન્દ્રો પૈકી પોતાના મકાનો ઉપલબ્ધ કરવામાં નીચે મુજબની કાર્યવાહી ચાલુ છે.

| ક્રમ | ઘટકનું નામ | ખાનગી મકાનમાં ચાલતાં કેન્દ્રો | બાંધકામ ચાલુ | વહીવટી પ્રક્રિયા ચાલુ | ડીમોલેશન પ્રક્રિયામાં | જમીન પ્રશ્નોના કારણો |
|---|---|---|---|---|---|---|
| ૧ | કેશોદ | ૬૪ | ૨૮ | ૦ | ૦ | ૩૬ |
| ૨ | માણાવદર | ૫૩ | ૦ | ૨૨ | ૦ | ૩૧ |
| ૩ | વંથલી | ૨૭ | ૧૦ | ૦ | ૦ | ૧૭ |
| ૪ | માંગરોળ | ૫૯ | ૦ | ૨૩ | ૦ | ૩૬ |
| ૫ | ભેંસાણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | જુનાગઢ–૧ | ૧૭૧ | ૮ | ૧૦ | ૦ | ૧૫૩ |
| ૭ | જુનાગઢ–૨ | ૫૨ | ૩૭ | ૧૫ | ૦ | ૦ |
| ૮ | માળીયા | ૭૪ | ૩૬ | ૧૨ | ૦ | ૨૬ |
| ૯ | મેંદરડા | ૧૩ | ૦ | ૩ | ૦ | ૧૦ |
| ૧૦ | વિસાવદર | ૨૮ | ૧૭ | ૦ | ૭ | ૪ |

- ગીર સોમનાથ જિલ્લામાં કુલ–૫૩૭ આંગણવાડી કેન્દ્રો ખાનગી મકાનમાં બેસે છે. જે પૈકી ૬૧ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ ચાલે છે. ૩૩૩ આંગણવાડી કેન્દ્રોમાં વહીવટી પ્રક્રિયા ચાલુ છે. ૯ આંગણવાડી કેન્દ્રો ડીમોલેશન પ્રક્રિયામાં છે. તથા ૧૩૪ આંગણવાડી કેન્દ્રોની ગ્રામ્ય વિસ્તાર તથા નગરપાલિકામાં જમીન પ્રશ્ન હોય જમીન મળેથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- જુનાગઢ જિલ્લામાં કુલ–૫૪૧ આંગણવાડી કેન્દ્રો ખાનગી મકાનમાં બેસે છે. જે પૈકી ૧૩૬ આંગણવાડી કેન્દ્રોના બાંધકામ ચાલુ છે. ૮૫ આંગણવાડી કેન્દ્રોમાં વહીવટી પ્રક્રિયા ચાલુ છે. ૭ આંગણવાડી કેન્દ્રો ડીમોલેશન પ્રક્રિયામાં છે. તથા ૩૧૩ આંગણવાડી કેન્દ્રોની ગ્રામ્ય વિસ્તાર તથા નગરપાલિકામાં જમીન પ્રશ્ન હોય જમીન મળેથી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ટીબીના દર્દીઓને સહાય

* ૧૯૦૧૯ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કુલ કેટલા ટીબી દર્દીઓ નોંધાયા, અને

**જવાબ**

(૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નીચે મુજબના ટીબી દર્દીઓ નોંધાયા છે.

| વર્ષ | નોંધાયેલ ટીબી દર્દીઓ | |
|---|---|---|
| | સાબરકાંઠા | અરવલ્લી |
| ૨૦૧૩–૧૪ | ૩૫૩૧ | |

**પ્રશ્ન**

(૨) તે અન્વયે આ દર્દીઓને કેટલી રકમની સહાય આપવામાં આવેલ છે ?

**જવાબ**

(૨) આરોગ્ય વિભાગ તરફથી આ દર્દીઓને કોઇ નાણાંકીય સહાય આપવામાં આવતી નથી. માત્ર વિનામૂલ્યે તબીબી સારવાર આપવામાં આવે છે.

---------

ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે

અતારાંકિત પ્રશ્નો

આણંદ જિલ્લામાં ઘરદીવડા યોજના હેઠળ મહિલાઓને સહાય

*૧૮૫૦૦ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય મહિલા અને બાળ વિકાસ વિભાગ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઘરદીવડા યોજના હેઠળ કેટલી મહિલાઓને આર્થિક સહાય પુરી પાડવામાં આવી, અને | (૧) આણંદ જિલ્લામાં કુલ ૩૨ મહિલાઓને ઘરદીવડા યોજના હેઠળ આર્થિક સહાય આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચુકવવામાં આવી ? | (૨) (૧) કુલ રકમ રૂ.૧૦,૪૫,૩૫૦ લોન સહાય આપવામાં આવી.<br>(૨) સબસીડી તરીકે રૂ.૨,૧૯,૯૮૭ ની રકમ ચુકવવામાં આવી. |

---------

રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કુપોષણથી પીડાતા બાળકો

* ૧૬૯૮૫ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કુપોષણથી પીડાતા કેટલી ઉંમરના કેટલા બાળકો સરકારી દફતરે નોંધવામાં આવ્યા,

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લામાં કુપોષણથી પીડાતા નીચે મુજબના બાળકો સરકારી દફતરે નોંધવામાં આવ્યા છે.

રાજકોટ

| ઉંમરના પ્રમાણે | તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ |
|---|---|
| ૬ માસથી ૩ વર્ષના | ૪૪૮૫ |
| ૩–૬ વર્ષના | ૩૫૧૦ |

સુરેન્દ્રનગર

| ઉંમરના પ્રમાણે | તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ |
|---|---|
| ૬ માસથી ૩ વર્ષના | ૯૬૫૧ |
| ૩–૬ વર્ષના | ૬૯૪૩ |

(૨) તે પૈકી કેટલા બાળકોનું ઉંમરના પ્રમાણમાં વજન ઓછું છે, અને

(૨) નીચે મુજબના બાળકોનું ઉંમરના પ્રમાણમાં વજન ઓછું છે.

રાજકોટ

| ઉંમરના પ્રમાણે | ઉંમરના પ્રમાણમાં ઓછું વજન |
|---|---|
| ૬ માસથી ૩ વર્ષના | ૬૧૧ |
| ૩–૬ વર્ષના | ૫૬૩ |

સુરેન્દ્રનગર

| ઉંમરના પ્રમાણે | ઉંમરના પ્રમાણમાં ઓછું વજન |
|---|---|
| ૬ માસથી ૩ વર્ષના | ૧૧૮૫ |
| ૩–૬ વર્ષના | ૭૪૭ |

(૩) ઉક્ત સ્થિતિએ બાળકોમાં કુપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે સરકાર દ્વારા કેવા પગલા લેવામાં આવ્યા અને કુપોષણથી મુક્તિ મળે તે માટે શું

(૩) બાળકોના કુપોષણ નિવારવા અને સપ્રમાણ વજન થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા નીચે મુજબના પગલા લેવામાં આવે છે.

આયોજન કરવામાં આવેલ છે ?

- ૬ માસથી ૩ વર્ષના બાળકોની ટેક હોમ રેશન તરીકે અનાજ આપવામાં આવે છે અને તેમાંથી નિદર્શક ભોજન તરીકે રાબ/સુખડી બનાવીને આંગણવાડી કેન્દ્ર પર આપવામાં આવે છે. ૬ માસથી ૯ માસના બાળકો માટે અન્નપ્રાશન દિવસની ઉજવણી દરમ્યાન રાબ આપવામાં આવે છે.
- આંગણવાડી કેન્દ્ર ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને માતૃમંડળ દ્વારા સવારનો ગરમ નાસ્તો અને આંગણવાડી કાર્યકર દ્વારા બપોરનું ગરમ ભોજન અને અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે.
- ૩ થી ૬ વર્ષના ઓછા વજનવાળા બાળકોને THR તરીકે ત્રીજુ ભોજનમાં લાડુ બનાવી આપવામાં આવે છે.
- આ ઉપરાંત ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને THR તરીકે પૂરક પોષણ આહાર આપવામાં આવે છે.
- ૬ માસથી ૬ વર્ષના બાળકોને ટ્રાયબલ એરીયામાં દૂધ સંજીવની યોજના હેઠળ અઠવાડિયામાં બે દિવસ દૂધ આપવામાં આવે છે. ટ્રાયબલ એરીયાના તમામ તાલુકામાં દૂધ સંજીવની યોજના શરૂ કરવામાં આવેલ છે.
- મીશન બલમ સુખમ અન્વયે બાળ શક્તિમ કેન્દ્ર બાળ સેવા કેન્દ્ર તેમજ બાળ સંજીવની કેન્દ્ર દ્વારા બાળકોને પોષણ અને આરોગ્યની સેવાઓ પુરી પાડવામાં આવે છે.
- ન્યુટ્રીશન કાઉન્સીલીગ વોલીન્ટીયર (NCV) યોજના દ્વારા બાળકોના વાલીઓને પોષણ વિષયક શિક્ષણ આપવામાં આવે છે.
- વાત્સલ્ય દિવસ/બાળ દિવસની ઉજવણી મારફતે વાલીઓને પૂર્વ પ્રાથમિક શિક્ષણ અને પોષણ સ્તર વિશે જાગૃત કરવામાં આવે છે.
- જિલ્લાના તમામ અધિકારીઓએ અતિકુપોષિત બાળકોને દત્તક તરીકે લેવામાં આવેલ છે.

---------

## પાટણ જિલ્લામાં સ્વાઇન ફ્લુના નોંધાયેલ કેસો

* ૧૭૮૩૪ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૧૦–૦૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર સ્વાઇન ફ્લુના કેટલા કેસો નોંધાયા, અને

જવાબ

(૧) તા.૧૦–૦૨–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ સ્વાઇન ફ્લુના કેસોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | સ્વાઇન ફ્લુના કેસો |
|---|---|---|
| ૧ | પાટણ | ૪ |
| ૨ | સિધ્ધપુર | ૪ |
| ૩ | હારીજ | ૨ |
| | કુલ | ૧૦ |
| અન્ય તાલુકામાં એક પણ કેસ નોંધાયેલ નથી. | | |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી વ્યક્તિઓના મૃત્યુ થયા

(૨) તે પૈકી થયેલ મૃત્યુની વિગત નીચે મુજબ છે.

?

| ક્રમ | તાલુકાનું નામ | સ્વાઇન ફ્લુના કેસો |
|---|---|---|
| ૧ | પાટણ | ૧ |
| ૨ | સિધ્ધપુર | ૧ |
| ૩ | હારીજ | ૧ |
| | કુલ | ૩ |
| અન્ય તાલુકામાં એક પણ કેસ નોંધાયેલ નથી. | | |

---------

ખેડા જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ બાળકોની તપાસ

* ૧૭૭૮૭ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત કેટલા બાળકોની તપાસ કરવામાં આવી, | (૧) સામેલ પત્રક મુજબ. |
| (૨) તેમાં બાળકોમાં મુખ્યત્વે કઇ બિમારીઓ જોવા મળી, | (૨) તેમાં બાળકોને મુખ્યત્વે પાંડુરોગ, કરમિયા, દાંતની તકલીફ, આંખની તકલીફ, કાન, નાક, ગળાની તકલીફ, હૃદયરોગ જેવી બિમારીઓ જોવા મળી. |
| (૩) તે પૈકી કેટલા બાળકોને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટની અને હૃદયરોગની સારવાર માટે ક્યાં રીફર કરવામાં આવ્યા, અને | (૩) બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ માટે કોઇ બાળક રીફર કરવામાં આવેલ નથી. હૃદયરોગની સારવાર માટે વર્ષ–૨૦૧૩માં ૧૯૫ બાળકો અને વર્ષ–૨૦૧૪માં ૧૬૯ બાળકોને યુ.એન. મહેતા કાર્ડીયોલોજી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા. |
| (૪) કેટલા બાળકોને ચશ્મા આપવામાં આવ્યાં ? | (૪) વર્ષ–૨૦૧૩માં ૯૯૮૨ બાળકોને તથા વર્ષ–૨૦૧૪માં ૮૨૩૫ બાળકોને ચશ્મા આપવામાં આવ્યા. |

પત્રક

| ક્રમ | તાલુકાનું નામ | તપાસેલ બાળકો | | |
|---|---|---|---|---|
| | | વર્ષ–૨૦૧૩ | વર્ષ–૨૦૧૪ | કુલ |
| ૧ | કપડવંજ | ૧૩૨૩૨૦ | ૧૩૯૪૮૫ | ૨૭૧૮૦૫ |
| ૨ | ખેડા | ૩૫૮૫૬ | ૩૬૩૬૧ | ૭૨૨૧૭ |
| ૩ | નડીયાદ | ૫૭૫૪૬ | ૫૬૬૮૬ | ૧૧૪૨૩૨ |
| ૪ | ઠાસરા | ૭૭૩૫૨ | ૭૬૪૮૫ | ૧૫૩૮૩૭ |
| ૫ | કઠલાલ | ૩૪૮૦૧ | ૩૫૨૯૭ | ૭૦૦૯૮ |
| ૬ | મહેમદાવાદ | ૪૨૫૩૯ | ૩૯૫૮૧ | ૮૨૧૨૦ |
| ૭ | મહુધા | ૭૮૨૬૧ | ૭૭૦૩૮ | ૧૫૫૨૯૯ |
| ૮ | માતર | ૯૨૬૬૦ | ૯૫૬૬૮ | ૧૮૮૩૨૮ |
| ૯ | બાલાસિનોર | ૪૫૪૨૦ | *૦ | ૪૫૪૨૦ |
| ૧૦ | વિરપુર | ૩૦૪૧૭ | *૦ | ૩૦૪૧૭ |
| | કુલ | ૬,૨૭,૧૭૨ | ૫,૫૬,૬૦૧ | ૧૧,૮૩,૭૭૩ |

* આ બંને તાલુકાઓનો તા.૧–૯–૨૦૧૪થી મહીસાગર જિલ્લામાં સમાવેશ કરાયેલ છે.

---------

કડી તાલુકાના રોડના મંજૂર કામો

* ૧૯૦૫૧ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં રોડના કેટલા કામો મંજૂર થયા, | (૧) ૪૦ |
| (૨) આ મંજૂર થયેલા કામો પૈકી કેટલા રોડના | (૨) ૭ પૂર્ણ, ૧૨ પ્રગતિ હેઠળ. |

કામોની કામગીરી ઉક્ત સ્થિતિએ શરૂ કરવામાં આવી છે,

(૩) ઉક્ત રોડના કામોમાં ક્યા ગામથી ક્યા ગામને જોડતા કામો મંજૂર કરવામાં આવ્યાં છે, અને

(૩) *પરિશિષ્ટ–અ મુજબ.

(૪) ઉક્ત કામોમાં ટેન્ડરની શરતો મુજબ કામો કરવામાં આવ્યાં નથી તેવા કેટલા કિસ્સા ધ્યાને આવ્યાં ?

(૪) આવા કોઇ કિસ્સા ધ્યાને આવેલ નથી.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં ફાળવેલ ૧૦૮ એમ્બ્યુલન્સ

* ૧૮૬૬૦ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં કુલ કેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે,

(૧)

| જિલ્લો | ફાળવેલ એમ્બ્યુલન્સોની સંખ્યા |
|---|---|
| સાબરકાંઠા | ૧૨ |
| બનાસકાંઠા | ૨૧ |
| કુલ | ૩૩ |

(૨) તે પૈકી કુલ કેટલી ચાલુ હાલતમાં છે, અને

(૨) તમામ એમ્બ્લુલન્સ ચાલુ હાલતમાં છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલા દર્દીઓએ આ સેવાનો લાભ લીધો ?

(૩)

| જિલ્લો | ૨૦૧૩ | ૨૦૧૪ |
|---|---|---|
| સાબરકાંઠા | ૨૮૧૦૮ | ૨૦૦૯૮ |
| બનાસકાંઠા | ૨૩૧૮૫ | ૩૩૯૪૮ |

---------

મહેસાણા જિલ્લામાં આંગણવાડીઓમાં શૌચાલયો સુવિધા

*૧૭૧૦૨ શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓમાં શૌચાલયની સુવિધાઓ નથી, અને

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કુલ ૫(પાંચ) આંગણવાડીઓમાં શૌચાલયની સુવિધાઓ નથી. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | શૌચાલયની સુવિધા નથી તેવા આંગણવાડી કેન્દ્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહેસાણા | ૨ |
| ૨ | વડનગર | ૨ |
| ૩ | વિજાપુર | ૧ |

(૨) આ સુવિધાઓ કેટલા સમયમાં આપવામાં આવશે ?

(૨) આ સુવિધાઓ બનતી ત્વરાએ આપવામાં આવશે.

---------

અમદાવાદ જિલ્લામાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાના લાભાર્થીઓ

* ૧૮૪૧૦ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા બી.પી.એલ. કુંટુંબોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજનાનો લાભ મળે છે,

(૧)

| તાલુકાનું નામ | તા.૧–૨–૧૩ થી ૩૧–૧–૧૪ | તા.૧–૨–૧૪ થી ૩૧–૧–૧૫ |
|---|---|---|
| અમદાવાદ | ૩૭,૦૪૦ | ૩૭,૦૪૦ |

| | | |
|---|---|---|
| બરવાળા | ૩,૯૧૬ | ૩,૯૧૬ |
| બાવળા | ૮,૪૪૬ | ૮,૪૪૬ |
| દસક્રોઈ | ૭,૩૧૯ | ૭,૩૧૯ |
| દેત્રોજ | ૭,૫૩૬ | ૭,૫૩૬ |
| ધંધુકા | ૭,૬૧૪ | ૭,૬૧૪ |
| ધોળકા | ૧૦,૬૮૪ | ૧૦,૩૮૪ |
| માંડલ | ૩,૯૧૮ | ૩,૯૧૮ |
| રાણપુર | ૪,૦૩૨ | ૪,૦૩૨ |
| સાણંદ | ૧૩,૯૫૦ | ૧૩,૯૫૦ |
| વિરમગામ | ૭,૮૬૫ | ૭,૮૬૫ |
| કુલ | ૧,૧૨,૩૨૦ | ૧,૧૨,૩૨૦ |

(૨) તાલુકાવાર નોંધાયેલ બી.પી.એલ કુંટુંબો પૈકી ૫૦% જેટલા કુંટુંબોને આ યોજનાનો લાભ મળતો નથી તે હકિકત સાચી છે,અને

(૨) ના, જી.

(૩) તમામ બી.પી.એલ. કુંટુંબોને લાભ આપવા માટે શું આયોજન છે ?

(૩) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા કુંટુંબોને સ્માર્ટ કાર્ડ, નોંધણી કરાવીને મેળવવાના રહે છે. નોંધણીની કામગીરી દરમ્યાન જે બી.પી.એલ. કુંટુંબો નોંધણી કરાવે તે તમામ બી.પી.એલ. કુટુંબોને સ્માર્ટકાર્ડ આપવામાં આવશે.

---------

અરવલ્લી જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના માર્ગોની મરામત

* ૧૮૪૨૬ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના કેટલા માર્ગોની મરામત કરવામાં આવી, અને

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર પંચાયત અને સ્ટેટ હસ્તકના નીચે મુજબના રસ્તાની મરામત કરવામાં આવી.

| ક્રમ | તાલુકો | રસ્તાની સંખ્યા | | કુલ |
|---|---|---|---|---|
| | | પંચાયત | સ્ટેટ | |
| ૧ | બાયડ | ૪૫ | ૧૧ | ૫૬ |
| ૨ | માલપુર | ૪૨ | ૮ | ૫૦ |
| ૩ | મોડાસા | ૩૯ | ૧૩ | ૫૨ |
| ૪ | ધનસુરા | ૪૩ | ૯ | ૫૨ |
| ૫ | ભિલોડા | ૫૬ | ૨૮ | ૮૪ |
| ૬ | મેઘરજ | ૬૬ | ૧૧ | ૭૭ |

(૨) તે અન્વયે વર્ષવાર કેટલી રકમ ફાળવી અને કેટલો ખર્ચ થયો, અને

(૨) ગ્રાન્ટની ફાળવણી તાલુકાવાર કરવામાં આવતી નથી છેલ્લા બે વર્ષમાં થયેલ ખર્ચ નીચે મુજબ છે.

| વર્ષ | થયેલ ખર્ચ | | કુલ |
|---|---|---|---|
| | પંચાયત | સ્ટેટ | |
| ૨૦૧૩-૧૪ | ૫૨૯.૦૦ | ૧૦૭૮.૮૧ | ૧૬૦૭.૮૧ |
| ૨૦૧૪-૧૫ | ૩૫૨.૬૦ | ૧૨૪૨.૯૮ | ૧૫૯૫.૫૮ |

(૩) કેટલા રસ્તાના કામો બાકી છે ?

(૩) ૫ (પાંચ) રસ્તા

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

---------

જુનાગઢ જિલ્લામાં સરકારી દવાખાનામાં મંજૂર મહેકમ

* ૧૬૯૭૪ શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કયા પ્રકારના કેટલા સરકારી દવાખાના આવેલા છે,

જવાબ

(૧) નીચે મુજબ

| તાલુકાનું નામ | સામુહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | પેટા આરોગ્ય કેન્દ્ર | એલોપેથીક દવાખાના | ફરતા દવાખાના | સરકારી આયુર્વેદિક દવાખાના | સરકારી હોમિયોપેથિક દવાખાના |
|---|---|---|---|---|---|---|---|
| ભેસાણ | ૧ | ૨ | ૧૭ | – | – | ૨ | ૧ |
| વિસાવદર | ૧ | ૫ | ૨૯ | – | ૧ | ૨ | ૦ |
| માણાવદર | ૧ | ૪ | ૨૬ | ૧ | – | ૩ | ૧ |
| માંગરોલ | ૧ | ૩ | ૨૭ | ૧ | ૧ | ૨ | ૧ |
| વંથલી | ૧ | ૩ | ૨૪ | – | – | ૦ | ૦ |
| જુનાગઢ | ૧ | ૫ | ૨૯ | ૧ | ૧ | ૪ | ૧ |
| કેશોદ | ૧ | ૫ | ૨૯ | ૧ | ૧ | ૪ | ૧ |
| મેદરડા | ૧ | ૩ | ૧૮ | – | ૧ | ૧ | ૧ |
| માળીયા હાટીના | ૨ | ૬ | ૩૨ | – | – | ૨ | ૦ |
| જુનાગઢ સીટી | – | – | – | – | – | ૦ | ૦ |
| કુલ | ૧૦ | ૩૬ | ૨૩૧ | ૪ | ૪ | ૧૭ | ૬ |

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર મહેકમ કેટલું મંજૂર થયેલ છે,

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૪) સંવર્ગવાર કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે અને આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

(૨), (૩) અને (૪)

સામુહિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક-અ

પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક-બ

પેટા આરોગ્ય કેન્દ્રના મહેકમ અંગે *પત્રક-ક

એલોપેથીક અને ફરતા દવાખાનાના મહેકમ અંગે *પત્રક-ડ

સરકારી આયુર્વેદિક દવાખાના અને હોમિયોપેથીક દવાખાનાના મહેકમ અંગે *પત્રક-ઈ સામેલ છે.

જરૂરી લાયકાત અને અનુભવ ધરાવતા ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ખાલી જગ્યાઓ ભરવામાં આવશે. વર્ગ-૩ અને ૪ ની જગ્યાઓ પર જરૂરત મુજબ આઉટસોર્સથી કામગીરી લેવામાં આવે છે.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

વલસાડ જિલ્લાના ખેલાડીઓને સહાય

* ૧૬૯૭૮ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય રમત-ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાંથી બ્લાઈન્ડ ક્રિકેટ ટીમ વર્લ્ડ કપ રમવા માટે રાજ્યના ખેલાડીઓ વિદેશ ગયા હતા તે હકીકત સાચી છે, અને

જવાબ

(૧) હા.

(૨) જો હા, તો વલસાડ જિલ્લામાં બે ખેલાડી તેમાં

(૨) ના.

સામેલ હતાં તેમને સરકારે સહાયતા કે પુરસ્કાર આપેલ છે કે કેમ ?

---------

વલસાડ જિલ્લામાં આંગણવાડીઓમાં વીજળીની સુવિધા

*૧૬૯૯૩ શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓમાં વીજળીની સુવિધાઓ નથી, અને

જવાબ

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર ૩૬૦ આંગણવાડીઓમાં વીજળીની સુવિધાઓ નથી. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વીજળીની સુવિધા ન ધરાવતી આંગણવાડીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | વલસાડ | ૨૮ |
| ૨ | પારડી | ૯૦ |
| ૩ | ઉમરગામ | ૧૦૨ |
| ૪ | ધરમપુર | ૭૯ |
| ૫ | કપરાડા | ૬૧ |

(૨) આ વિજળીની સુવિધા કેટલા સમયમાં આપવામાં આવશે ?

(૨) ઉપર્યુકત વિગતો બાકી રહેલ ૩૬૦ આંગણવાડી કેન્દ્રો માટે વિજ કનેકશનની ફી તથા ફોર્મ ડી.જી.વી.સી.એલ.ની કચેરીમાં ભરી દેવામાં આવેલ છે. આમ, આ વિજળી સુવિધા બનતી ત્વરાએ આપવામાં આવશે.

---------

દાહોદ જિલ્લામાં નોન પ્લાન રસ્તાઓને જોબ નંબર આપવા બાબત

* ૧૬૯૬૫ શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર કયા નોન પ્લાન હેઠળના રસ્તાઓને જોબ નંબર આપવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા રસ્તાઓના જોબ નંબર આપવાના બાકી છે, અને બાકી જોબ નંબર કયાં સુધીમાં આપવામાં આવશે ?

જવાબ

(૧) *પરિશિષ્ટ મુજબ

(૨) નોન પ્લાન રસ્તા હોઈ હાલ કોઈ આયોજન નથી.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ગુરુગોવિંદસિંહ હોસ્પીટલમાં કેન્સર અને કીડનીના રોગના ઓપરેશનની સુવિધા અંગે

* ૧૮૬૦૨ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલમાં ડીસે.–૨૦૧૪ની સ્થિતિએ કેન્સર તથા કિડનીના રોગો અંગેની સઘન સારવાર તથા ઓપરેશનની સૂક્ષ્મ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી નથી તે હકીકત સાચી છે,

(૨) જો હા તો તેના શાં કારણો છે, અને

(૩) આ ગંભીર રોગોની સારવાર સુવિધા કયાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે.

જવાબ

(૧) જામનગર ગુરુ ગોવિંદસિંહ હોસ્પિટલમાં ડીસે.–૨૦૧૪ની સ્થિતિએ કેન્સર તથા કિડનીના રોગો અંગેની સઘન સારવાર માટે રેડીયોથેરાપી તથા ડાયાલીસીસની સુવિધા ઉપલબ્ધ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

પાલનપુર સીવીલ હોસ્પીટલમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા દર્દીઓ પાસેથી ચાર્જ વસુલવા બાબત

* ૧૮૬૦૫ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતેની સીવીલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિ દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દર્દીઓ પાસેથી કેટલો ચાર્જ વસુલ કરવામાં આવ્યો,

(૧)

| વર્ષ | દર્દી પાસેથી વસુલ કરેલ ચાર્જ |
|---|---|
| ૨૦૧૨–૨૦૧૩ | રૂ.૭,૭૭,૭૦૫ |
| ૨૦૧૩–૨૦૧૪ | રૂ.૫,૭૩,૮૩૫ |
| ૨૦૧૪–૨૦૧૫ (તા.૩૧–૧૨–૨૦૧૫ ની સ્થિતિએ) | રૂ.૫,૨૮,૩૯૨ |

(૨) આ વસુલવામાં આવેલ રકમ કયા હેતુ માટે વર્ષવાર કેટલી વાપરવામાં આવી, અને

(૨) વર્ષ–૨૦૧૨–૨૦૧૩

| ખર્ચની વિગત | ખર્ચની રકમ |
|---|---|
| દવા ખર્ચ | રૂ.૩૨૪૭૭૯ |
| સાધન સામગ્રી રીપેરીંગ ખર્ચ | રૂ.૧૦૬૭૭૮ |
| અન્ય ખર્ચ | –– |
| ડૉક્ટર પગાર ખર્ચ | રૂ.૫૦૫૦૦ |
| કુલ | રૂ.૪૮૨૦૫૭ |
| વર્ષ–૨૦૧૩–૨૦૧૪ | |
| ખર્ચની વિગત | ખર્ચની રકમ |
| દવા ખર્ચ | રૂ.૪૮૩૯૯ |
| સાધન સામગ્રી રીપેરીંગ ખર્ચ | રૂ.૨૨૩૧૦ |
| અન્ય ખર્ચ | રૂ.૩૯૮૦ |
| ડૉક્ટર પગાર ખર્ચ | રૂ.૩૭૬૩૭૩ |
| કુલ | રૂ.૪૫૧૦૬૨ |
| વર્ષ–૨૦૧૪–૨૦૧૫ (તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિ) | |
| ખર્ચની વિગત | ખર્ચની રકમ |
| દવા ખર્ચ | રૂ.૨૫૧૦૯૨ |
| સાધન સામગ્રી રીપેરીંગ ખર્ચ | રૂ.૯૩૧૯૬ |
| અન્ય ખર્ચ | રૂ.૬૮૮૫૯ |
| ડૉક્ટર પગાર ખર્ચ | રૂ.૬૦૯૬૦ |
| કુલ | રૂ.૪૭૪૧૦૭ |

(૩) વસુલ કરવામાં આવેલ ચાર્જની રકમ ગરીબ દર્દીઓ માટે વાપરવાના માપદંડો નક્કી કર્યો હોય તો તેની વિગતો શી છે ?

(૩)

- તજજ્ઞો દ્વારા ભલામણ કરવામાં આવતા ગરીબ દર્દીઓને દવાઓ સાધન–સામગ્રી ખરીદીને પુરી પાડવામાં આવે છે.
- દર્દીઓ માટે જીવન રક્ષક દવાઓની જરૂરીયાત સમયે ખરીદી કરવામાં આવે છે.
- ગરીબ દર્દીઓની તપાસ નિદાન સારું જરૂરીયાત સમયે લેબૉરેટરીની વસ્તુઓ ખરીદવામાં આવે છે.
- ગરીબ દર્દીઓના તપાસ/સારવાર માટે પાર્ટટાઇમ રાખવામાં આવતા તજજ્ઞોને મહેનતાણું ચુકવવામાં આવે છે.

ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે
અતારાંકિત પ્રશ્નો

----------

અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ખિલખિલાટ અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની ઉપલબ્ધ વાન

* ૧૮૮૮૭ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર–જિલ્લા અને ગાંધીનગર જિલ્લામાં ખિલખિલાટ અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાની કેટલી વાન ઉપલબ્ધ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી વાનની ખરીદી કરવામાં આવી, અને

(૩) તે અન્વયે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧)

| જિલ્લો | ખિલખિલાટ | ૧૦૮ એમ્બ્યુલન્સ |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૧૬ | ૪૦ |
| અમદાવાદ જિલ્લો | ૪ | ૧૫ |
| ગાંધીનગર જિલ્લો | ૪ | ૧૫ |

(૨)

| જિલ્લો | ૧૦૮ એમ્બ્યુલન્સ | ખિલખિલાટ નાની વાન |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૫ | ૪ |
| ગાંધીનગર જિલ્લો | ૦ | ૧ |

(૩) --ખિલખિલાટ વાનની ખરીદી પેટે ખર્ચ રૂ.૩૦,૧૫,૧૬૫/–

--૧૦૮ એમ્બ્યુલન્સ વાનની ખરીદી પેટે ખર્ચ રૂ.૬૨,૮૫,૦૦૦/–

---------

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લા માટે નવી આંગણવાડીઓની મંજૂરી

* ૧૮૭૦૪ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સરકાર દ્વારા અરવલ્લી જિલ્લા માટે ચાર નવીન આંગણવાડી અને સાબરકાંઠા જિલ્લા માટે પાંચ નવીન આંગણવાડીની મંજૂરી માટે ભારત સરકારમાં કયારે દરખાસ્ત મોકલવામાં આવી,

(૨) તે અન્વયે દરખાસ્ત ભારત સરકારમાંથી મંજૂર થઈને કયારે આવી, અને

જવાબ

(૧)

- તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા અરવલ્લી જિલ્લા માટે ચાર નવીન આંગણવાડી કેન્દ્રોની દરખાસ્ત નિયામકશ્રી (આઈ.સી.ડી.એસ.) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરના પત્ર નં. યોજના–૨/આઇસીડીએસ ઓન ડીમાંડ–એડી–આં.વા. એપ્રુવલ–ગુજ–૭૬૦૮/૦૯/૧૩–૧૪, તા. ૧૨–૨–૨૦૧૪ થી ભારત સરકારશ્રીને મોકલાવેલી છે.

- તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સરકાર દ્વારા સાબરકાંઠા જિલ્લા માટે પાંચ નવીન આંગણવાડી કેન્દ્રોની દરખાસ્ત નિયામકશ્રી (આઈ.સી.ડી.એસ.) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગરના પત્ર નં. યોજના–૨/આઇસીડીએસ ઓન ડીમાંડ–એડી–આં.વા. એપ્રુવલ–ગુજ–૨૨૦૦૬/૦૭/૧૪–૧૫, તા. ૧૬–૬–૨૦૧૪ થી ભારત સરકારશ્રીને મોકલાવેલી છે.

(૨) આ અન્વયે ઉક્ત અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓ માટે કોઈ નવીન આંગણવાડીઓ મંજૂર થઈને આવેલ નથી.

(૩) કેટલા સમયમાં આ નવીન આંગણવાડીઓ બનાવવામાં આવશે?

(૩) ભારત સરકારશ્રી દ્વારા મંજૂર થયેથી.

---------

## દાહોદ શહેરના નસીરપુર ગામે દૂધમતી નદી ઉપર બ્રીજની મંજૂરી

* ૧૬૬૨૭ શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ શહેરના નસીરપુર ગામે દુધમતી નદી ઉપર બ્રીજ છેલ્લે ક્યારે મંજૂર કરવામાં આવ્યો, | (૧) (૨) અને (૩) સદર સ્થળે પુલ હયાત હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ બ્રિજને મંજૂરી આપ્યા પછી ઉક્ત સ્થિતિએ કોઈ કાર્યવાહી થઈ નથી તેના કારણો શા છે, અને | |
| (૩) આ કાર્યવાહી ક્યારે હાથ ધરવામાં આવશે? | |

---------

## કેશોદ શહેરમાં સી.એચ.સી.નું નવું મકાન બનાવવા બાબત

* ૧૭૭૮૨ શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જૂનાગઢ જિલ્લાના કેશોદ શહેરમાં સી.એચ.સી. સેન્ટરનું આધુનિકરણ કરી નવું મકાન બનાવવાની માંગણી કે દરખાસ્ત સરકારને તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા તો આ સંદર્ભમાં સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) સામુહિક આરોગ્ય કેન્દ્ર કેશોદ ખાતે પુરતું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉપલબ્ધ હોઈ, હાલમાં નવું બાંધકામ કરવું જરૂરી જણાતું નથી. |
| (૩) આ નવું મકાન ક્યારે બનાવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સુરત જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન

* ૧૭૦૩૭ શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં તા.૧–૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ તાલુકાવાર કેટલી આંગણવાડીઓને ગેસ કનેકશન આપવામાં આવ્યા છે, | (૧) સુરત જિલ્લામાં તમામ આંગણવાડીઓને તા.૧–૧–૨૦૧૪ અગાઉ ગેસ કનેકશન આપેલ હોઈ તા.૧–૧–૨૦૧૪ થી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર આંગણવાડીઓને કોઈ ગેસ કનેકશન આપવામાં આવેલ નથી. |
| (૨) ગેશ કનેકશન આપવામાં આવ્યા ન હોય તેવી આંગણવાડીઓ કેટલી છે, અને | (૨) એક પણ નહી. |
| (૩) બાકી રહેતી આંગણવાડીઓને કેટલા સમયમાં ગેસ કનેકશન આપવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## સુરત અને તાપી જિલ્લામાં સિકલસેલ એનીમીયાના દર્દીઓ

* ૧૬૯૮૮ શ્રી આંનદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સીકલસેલ એનીમીયાના | (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સુરત અને તાપી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં સીકલસેલ એનીમીયાના |

કેટલા દર્દીઓ છે, અને

દર્દીઓની વિગત નીચે મુજબ છે,

| ક્રમ | જિલ્લાનું નામ | તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સીકલસેલ એનીમીયાના દર્દીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | સુરત | ૧૫૧૨ |
| ૨ | તાપી | ૨૪૮૬ |

(૨) તે અન્વયે આ રોગને અટકાવવા સરકારે તે અન્વયે શાં પગલાં લીધા અને ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) સીકલસેલ એનીમીયાને નિયંત્રિત કરવા માટે ઉક્ત સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા લીધેલ પગલાની વિગતો નીચે મુજબ છે.

- વર્ષ ૨૦૦૬ થી સીકલસેલ એનીમીયા કંટ્રોલ પ્રોગ્રામ અમલમાં મુકેલ છે અને તે અંતર્ગત સ્ક્રીનીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- રાજ્ય સરકાર દ્વારા સીકલસેલ એનીમીયાના દર્દીઓને સ્ક્રીનીંગ, સારવાર, કાઉન્સેલીંગ તેમજ આરોગ્ય શિક્ષણની સેવાઓ પુરી પાડવામાં આવે છે.
- સીકલસેલ એનીમીયા રોગ માટે સ્ક્રીનીંગ કામગીરી મિશન મોડથી કરવા માટે ટેન્ડર પદ્ધતિ અપનાવી એન.જી.ઓ. દ્વારા આઉટસોર્સિંગથી માસ સ્ક્રીનીંગ કામગીરી કરવામાં આવી રહી છે.
- સીકલસેલ એનીમીયા રોગના દર્દીઓને પીળું કાર્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત સીકલસેલ વાહનને અડઘુ પીળું અને અડઘુ સફેદ કાર્ડ આપવામાં આવે છે.
- આદિજાતિ તરુણ-તરુણીઓનું સ્ક્રીનીંગ કામગીરીને પ્રાધાન્ય આપી મેૈરેજ કાઉન્સેલિંગ કરવામાં આવે છે.
- સીકલસેલ રોગના દર્દીઓને કાઉન્સેલર દ્વારા કાઉન્સેલીંગ કરી રોગ વિષે સંપૂર્ણ સમજ પુરી પાડવામાં આવે છે. આ ઉપરાંત મેૈરેજ કાઉન્સેલીંગ અને ગર્ભધારણ માટે કાઉન્સેલીંગ પણ કરવામાં આવે છે.
- આ રોગના દર્દીઓને દરરોજ નિયમિત ફોલિક એસિડની ગોળીઓ આરોગ્ય કર્મચારીઓ દ્વારા દર માસે આપવામાં આવે છે. ઉપરાંત જરૂર જણાયે દર્દ શામક દવાઓ પણ આપવામાં આવે છે.
- તમામ સા.આ.કેન્દ્રો તેમજ પ્રા.આ.કેન્દ્રો અને મમતા દિવસમાં દરેક સગર્ભા માતાઓને તપાસ કરી તે પૈકી પોઝીટીવ આવેલ સગર્ભાના પતિની પણ તપાસ કરવામાં આવે છે, જે માતા અને પિતા બંને પોઝીટીવ હોય તેવા ગર્ભસ્થ બાળકની પણ તપાસ કરવામાં આવે છે.
- સીકલસેલ રોગના દર્દીઓને જ્યારે ક્રાઈસીસ ઉભી થાય ત્યારે સરકારી હોસ્પિટલોમાં વિના મૂલ્યે સારવાર આપવામાં આવે છે. તેમજ આ દર્દીઓને જરૂર પડયે વિના મૂલ્યે લોહી પણ આપવામાં આવે

છે. અને દર્દીઓને જીવન રક્ષક હાઈડ્રોક્સી યુરિયા ટેબલેટ પણ આપવામાં આવે છે.

- સીકલસેલ એનીમીયા દર્દીઓને ન્યુમોકોકલ વેક્સીન આપવામાં આવે છે.
- HPLC મશીન ખરીદ કરેલ છે જેથી જિલ્લાના હોસ્પિટલ ખાતે સીકલસેલ રોગનું નિદાન થઈ શકે.

ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

- સુરત જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૭૫,૪૬,૩૭૬/- ખર્ચ કરવામાં આવેલ છે.
- તાપી જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૨૬,૪૯,૪૯૩/- ખર્ચ કરવામાં આવેલ છે.

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રમતગમતના સંકુલ ફાળવવા બાબત

* ૧૮૧૨૮ શ્રી **મેરામણભાઇ મા. આહીર** (ખંભાલીયા) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલા અને કયા કયા સ્પોર્ટસ સંકુલ તથા રમતગમતના મેદાનો સરકાર નગરપાલિકાઓ અને નગરપંચાયતોની માલીકીના છે, | (૧) દ્વારકા નગરપાલિકામાં ૨ અને ઓખા નગરપાલિકામાં ૧ રમતગમતના મેદાનો આવેલા છે. |
| (૨) જિલ્લામાં જે તાલુકામાં રમતગમતના મેદાન કે સંકુલ ન હોય ત્યાં તે કયાં સુધીમાં રમત ગમતના સંકુલ અને મેદાનો ફાળવવામાં આવશે, અને | (૨) ક્રમશઃ આયોજન મુજબ |
| (૩) આવા મેદાનો અને સંકુલોની સાર-સંભાળની વ્યવસ્થા શી કરવામાં આવે છે? | (૩) સબંધિત નગરપાલિકા દ્વારા મેદાનોની જાળવણી કરાય છે. |

---------

ગાંધીનગર જિલ્લામાં મીક્ષર પ્લાન્ટ દ્વારા ડામર રસ્તાના કામો

* ૧૮૯૧૮ શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમ્યાન ગાંધીનગર જિલ્લામાં મીક્ષર-પ્લાન્ટ દ્વારા ડામર-રસ્તાના કૂલ કેટલા કી.મી. ના કામો તાલુકાવાર થયા,

જવાબ

(૧) નીચે મુજબના કામો તાલુકાવાર પૂર્ણ થયા.

| તાલુકો | ડામર (કિ.મી.) |
|---|---|
| ગાંધીનગર | ૪૨.૦૦ |
| માણસા | ૩૩.૯૬ |
| કલોલ | ૧૭.૬૦ |
| દહેગામ | ૮.૦૦ |
| કુલ | ૧૦૧.૫૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) આ પૈકી કેટલાં કામો સેન્ટ્રલ ટેન્ડર પધ્ધતિથી કરવામાં આવ્યા અને બાકીનાં કામો કઈ પધ્ધતિથી કરવામાં આવ્યા, | (૨) ૧૭ કામો પૈકી ૧૪ કામો સેન્ટ્રલ ટેન્ડર પધ્ધતિથી અને ૩ કામો સરકારી પેવર પ્લાન્ટથી કરવામાં આવ્યા. |
| (૩) આમ અલગ અલગ પધ્ધતિથી થયેલ કામોમાં ભાવમાં કોઈ ફેરફાર નોંધાયેલ છે કે કેમ અને (૪) જો હા, તો કેટલો ભાવ ફેર નોંધાયેલ છે? | (૩) અને (૪) એક જ કામ માટે બન્ને પધ્ધતિથી કામગીરી કરેલ ન હોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે
## અતારાંકિત પ્રશ્નો

### ગરબાડા તાલુકામાં રમત–ગમત માટે સંકુલ બનાવવા બાબત

* ૧૬૯૮૨ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય રમત–ગમત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં રમત–ગમતના કેટલા મેદાનો છે. | (૧) ૮ |
| (૨) તે અન્વયે રમત–ગમત માટે મોટું સંકુલ બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૨) રમત–ગમત માટેનું ગરબાડા તાલુકામાં મોટું સંકુલ બનાવવાનું વિચારણામાં નથી. |
| (૩) આ રમત–ગમત મેદાનો માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી રકમ કયા કામ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) કોઈ ખર્ચ કરવામાં આવેલ નથી. |

---------

### જામનગર જિલ્લામાં રમતગમતની કચેરીમાં મંજૂર મહેકમ

* ૧૬૯૭૨ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં આવેલ રમતગમતની કચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કયારથી ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) જામનગર જિલ્લામાં રમતગમતની કચેરીમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ

| | |
|---|---|
| (૧) | જિલ્લા રમતગમત અધિકારી વર્ગ–૩ ૦૨ જગ્યા |
| (૨) | મદદનીશ પ્રોજેક્ટ અધિકારી વર્ગ–૩ ૦૨ જગ્યા |
| (૩) | સિનિયર કલાર્ક વર્ગ–૩ ૦૧ જગ્યા |
| (૪) | જુનિયર કલાર્ક વર્ગ–૩ ૦૧ જગ્યા |
| (૫) | પટાવાળા વર્ગ–૪ ૦૨ જગ્યા |

(૨) (૧) જિલ્લા રમતગમત અધિકારી વર્ગ–૩ની ૦૧ જગ્યા ભરેલી છે અને ૦૧ જગ્યા તા. ૧–૧–૨૦૦૯ થી ખાલી છે બાકીની જગ્યાઓ ભરેલી છે.

(૩) જિલ્લા રમતગમત અધિકારીની કુલઃ ૦૬ જગ્યાઓ માટે ખાતાકીય ભરતી સમિતિ દ્વારા ભરતી માટેની જાહેરાત પ્રસિધ્ધ થઈ ગયેલ છે.

---------

### ઓરસંગ નદી પર પૂલ બનાવવા બાબત

* ૧૭૫૫૦ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ઓરસંગ નદી ઉપર (૧) તેજગઢ થી રાયસીંગ પૂરાગામ વચ્ચે તેમજ (૨) જબુગામથી વાંટાગામ વચ્ચે પુલ બનાવવા માટે સરકારને માંગણી મળી છે,

(૨) જો હા, તો આ કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કામાં છે,

(૩) ઉક્ત સ્થિતિએ આ કામો માટે કેટલી નાણાકીય જોગવાઈ કરી છે, અને

(૪) આ કામો કયારે શરૂ કરી કયારે પૂર્ણ કરાશે?

જવાબ

(૧) (૧) હા, જી.
(૨) ના, જી.

(૨), (૩) અને (૪)

(૧) તેજગઢ થી રાયસીંગપૂરા ગામ વચ્ચે ઓરસંગ નદી પર કોઝવેનું કામ માટે રૂ. ૨૫૦ લાખનો જોબ નંબર ફાળવેલ છે. જે અંદાજના તબક્કે છે. વહીવટી પ્રક્રિયા પૂર્ણ થયેથી બનતી ત્વરાએ.

(૨) હાલમાં આયોજન નથી.

---------

### અમરેલી જિલ્લામાં પંચાયત અને સ્ટેટ હસ્તકના રસ્તાઓ મંજૂર કરવા બાબત

* ૧૭૪૫૯ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં પંચાયત અને સ્ટેટ હસ્તકના કઇ યોજનામાં કઇ અને કેટલા રસ્તાઓ મંજૂર કરવામાં આવ્યા, | (૧) *પરિશિષ્ટ–૧ મુજબ. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલા અને ક્યા રસ્તાના કામ પૂર્ણ થયા, અને | (૨) *પરિશિષ્ટ–૨ મુજબ. |
| (૩) કેટલા અને ક્યા કામો પ્રગતિમાં છે અને તે પેટે કેટલી રકમનો ખર્ચ થયો ? | (૩) *પરિશિષ્ટ–૩ મુજબ, રૂ.૧૫૫૧.૧૭ લાખ. |

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

### મહીસાગર અને દાહોદ જિલ્લામાં ડેન્ગ્યુ, એઇડ્સ અને કેન્સરના નોંધાયેલ કેસો

* ૧૮૬૪૪ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર |

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

વર્ષવાર મહીસાગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર ડેન્ગ્યુ, એઇડ્સ ને કેન્સરના કેટલા કેસો નોંધાયા, અને

મહીસાગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર નોંધાયેલ ડેન્ગ્યુ, એઇડ્સ અને કેન્સરના કેસોની વિગત નીચે મુજબ છે.

| રોગ | વર્ષ ૨૦૧૩ | | વર્ષ ૨૦૧૪ | |
|---|---|---|---|---|
| | મહીસાગર | દાહોદ | મહીસાગર | દાહોદ |
| ડેન્ગ્યુ | ૧૫ | ૩૨ | ૦૫ | ૦૫ |
| એઇડ્સ | ૩૩ | ૧૭૨ | ૩૭ | ૧૭૮ |
| કેન્સર ધ ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ(એમ.પી. શાહ કેન્સર હોસ્પિટલ) | ૪૫ | ૨૯૭ | ૨૧૮ | ૩૧૪ |

(૨) ઉક્ત ગંભીર રોગોનો ભોગ નાગરિકોને ન બનવું પડે અને રોગો ઘટે કે નાબુદ થાય તે માટે રાજ્ય સરકારે ક્યા રોગને કાબુમાં કરવા શાં પગલાં લીધા ?

(૨) ડેન્ગ્યુ નિયંત્રણઃ

- મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તથા ક્ષેત્રીય કક્ષાએ શંકાસ્પદ તાવના કેસોની શોધખોળ, ડેન્ગ્યુના નિદાન માટે લેબોરેટરી પરીક્ષણ અને યોગ્ય સારવાર.
- મચ્છર ઉત્પત્તિ અટકાયત કામગીરી.
- નિદાન થયેલ કેસોના વિસ્તારમાં ઘરોમાં ફોગીંગની કામગીરી.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

એઇડ્સ નિયંત્રણઃ

- ગુજરાત કાઉન્સીલ ઓફ એજ્યુકેશન રીસર્ચ એન્ડ ટ્રેનીંગ (GCERT) નાં માધ્યમથી ''હેલ્થ એજ્યુકેશન એન્ડ લાઇફસ્કીલ પ્રોગ્રામ'' (HELP) અમલમાં મુકવામાં આવેલ છે.
- HIV/AIDS નું જોખમ વધારે છે. તેવા જૂથો સાથે લક્ષીત દરમ્યાનગીરી (Targeted Intervention) પ્રોજેક્ટ હેઠળ નિઃશુલ્ક કોન્ડોમ અને લ્યુબ્રીકેટ્સનું વિતરણ જાતીય રોગ તથા HIV ની તપાસ માર્ગદર્શન વગેરે આપવામાં આવે છે તથા વ્યકિતગત માર્ગદર્શન, જુથ ચર્ચા નાટક, વિડિયો શો, વગેરે દ્વારા જન–જાગૃત્તિ લાવવામાં આવે છે.
- વાત્સાયન કેન્દ્રો (ICTC સેન્ટરો) ખાતે HIV નું પરીક્ષણ કરવામાં આવે છે. તથા જો રીપોર્ટ પોઝીટીવ આવે તો દર્દીને ART (Anti-retroviral therapy) સેન્ટર ખાતે ટ્રાન્સફર કરવામાં આવે છે. તથા જરૂર મુજબ દવા શરૂ કરવામાં આવે છે.

કેન્સર નિયંત્રણઃ

- કેન્સર જનજાગૃતિ કાર્યક્રમ અન્વયે વાસણા ખાતે કોમ્યુનિટી ઓંકોલોજી સેન્ટર સ્થાપવામાં આવેલ છે. જેમાં કેન્સરનાં પુર્વ નિવારણ ભય સુચક લક્ષણો વહેલા નિદાન અને સારવાર વિષયક એક સ્થાયી પ્રદર્શનની વ્યવસ્થા કરેલ છે. તેનો લાભ સ્કુલ, કોલેજ, વ્યવસાયિક સંસ્થાઓ અને સ્વૈચ્છિક સંસ્થાઓની માંગણીઓને ધ્યાનમાં રાખીને તેમના સંકુલમાં પણ કેન્સર અને તમાકુ વિરોધી જનજાગૃતિ કાર્યક્રમો પ્રદર્શન તથા ઓડિયો વિડિયો દ્વારા–પ્રવચનનું આયોજન કરવામાં આવે છે.
- સામાન્ય પણે જોવા મળતા મો, સ્તન અને ગર્ભાશયના કેન્સરના વહેલા નિદાન માટે સંસ્થા દ્વારા સમગ્ર રાજ્યમાં નિયમિત કેમ્પનું આયોજન કરેલ છે. આ કેમ્પમાં સંજીવની રથનો ઉપયોગ કરવામાં આવે છે. સંજીવની રથમાં મોબાઇલ મેમોગ્રાફી (સ્તન એક્સ રે) મશીન આવેલ, તથા જુદી જુદી કેન્સરની તપાસ માટે સગવડ છે. જેથી શહેર સિવાય છેવાડાના ગામમાં પણ આ કેમ્પ થાય છે. ગત વર્ષે કુલ ૨૩૨ કેમ્પ થયેલ છે. અને જેમાં ૯૨૭૨ જેટલા લાભાર્થીઓએ લાભ લીધો છે.
- સંસ્થાએ લોક જાણકારી અને જાગૃતિ અર્થે ૩૧ મે વિશ્વ તમાકુ નિષેધ દિન, ૭ નવેમ્બર રાષ્ટ્રીય કેન્સર જન જાગૃતિ દિવસ અને ૪ ફેબ્રુઆરી વિશ્વ કેન્સર દિવસની ઉજવણી દરમ્યાન જુદા–જુદા કાર્યક્રમો કરેલ છે.

- કેન્સરના દર્દીઓ તથા તેમના સગાં-સંબંધીને કેન્સર અંગેની માહિતી મળી રહે તે માટે ઇન્સ્ટીટ્યુટ માં જ ''કેન્સર માહિતી કેન્દ્ર'' શરૂ કરવામાં આવ્યો છે. જ્યાં કેન્સરને લગતું સાહિત્ય, પોસ્ટરોનું પ્રદર્શન કરવામાં આવે છે. તથા ટેલીવિઝન દ્વારા સતત કેન્સરને લગતા વિડિયો બતાવવામાં આવે છે.
- ઇન્સ્ટીટ્યુટ દ્વારા વિવિધ જગ્યાઓએ કેન્સર જાગૃતિ કેમ્પ કરવામાં આવે છે. જેમાં પોસ્ટર પ્રદર્શન તથા તમાકુ મુક્તિ કાઉન્સીલર દ્વારા કાઉન્સીલીંગ કરવામાં આવે છે.

---------

દડલી-ધૂંધવાણા રોડના વેન્ટેડ કોઝવે અંગેની દરખાસ્ત

* ૧૯૦૨૩ શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના માર્ગ અને મકાન પંચાયત હસ્તકના દડલી-ધૂંધવાણા રોડના ડામરકામ, નાળિયા-પુલિયા વેન્ટેડ કોઝવે અંગેની દરખાસ્ત તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને ક્યારે મળી, | (૧) વેન્ટેડ કોઝવેની દરખાસ્ત જુન ૨૦૧૪ માં મળી. |
| (૨) વેન્ટેડ કોઝવે ન હોઇ ચોમાસામાં દડલી-ધૂંધવાણા રોડ લાંબા સમય સુધી સદંતર બંધ રહે છે અને દડલી ગામના લોકોને ખૂબ જ હાલાકી ભોગવવી પડે છે આ હકીકત સાચી છે, | (૨), (૩) અને (૪) દડલી ગામને જોડતા અન્ય વૈકલ્પિક રસ્તા હોઇ કોઝવેનાં કામ અંગે તાંત્રિક જરૂરીયાત અને આંતરીક અગ્રતાક્રમ અનુસાર વિચારવામાં આવશે. |
| (૩) જો હા, તો ઉક્ત કામો કેટલી રકમના છે અને રોડનું કામ ક્યારે શરૂ કરવામાં આવશે અને ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | |
| (૪) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ દરખાસ્ત મુજબના કામોને જોબ નંબર આપવામાં આવેલ છે કે કેમ ? | |

---------

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખાનગી ટ્રસ્ટોને સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ચલાવવા આપવા બાબત

* ૧૯૦૨૦ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહમા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ કેટલાં સામૂહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાનગી ટ્રસ્ટોને ચલાવવા માટે આપેલ છે, | (૧) ૧(એક). |
| (૨) તેમાં ફરજ બજાવતા કર્મચારીઓને ટ્રસ્ટ દ્વારા છૂટા કરી દેવામાં આવ્યા હોવાથી કેટલી ફરિયાદો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને મળી છે, | (૨) હા, જી. |
| (૩) તે અન્વયે કેટલા કર્મચારીઓને પરત નોકરીમાં રાખવામાં આવ્યાં, અને | (૩) ૧(એક). |
| (૪) જો ન લેવામાં આવ્યા હોય તો તેના શાં કારણો છે અને ક્યારે પરત નોકરીમાં લેવામાં આવશે ? | (૪) સ્ટાફ નર્સ તરીકે ફરજ બજાવતા ૪ કર્મચારીઓ પૈકી બે કર્મચારીને અન્યત્ર નિમણુંક મળતા પરત લીધેલ નથી તેમજ એક કર્મચારીએ પુનઃનિમણુંક માટે કોઇ અરજી કરેલ નથી અને હાલ કોઇ જગ્યા ખાલી ન હોવાથી અન્ય કોઇ નિમણુંક માટેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

રાજ્યમાં રમતગમત અધિકારીની જગ્યાઓ ભરવા બાબત

* ૧૭૮૩૫ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય રમત ગમત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યમાં કેટલા જિલ્લાઓમાં રમત ગમત અધિકારીની જગ્યાઓ ખાલી છે, અને | (૧) ૬. |
| (૨) ઉક્ત ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવા માંગે છે ? | (૨) ઉક્ત જગ્યાઓની ભરતી માટેની ખાતાકીય ભરતી સમિતિ દ્વારા જાહેરાત પ્રસિદ્ધ થઇ ગયેલ છે. |

---------

ખેડા જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને સિવિલ હોસ્પિટલોમાં નવા બાંધકામની દરખાસ્ત

* ૧૭૭૮૮ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લાના કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય | (૧) નીચે મુજબ |

| બાંધકામનો પ્રકાર | સિવિલ | સામૂહિક | પ્રાથમિક |
|---|---|---|---|

કેન્દ્રો અને સિવિલ હોસ્પિટલોમાં નવા બાંધકામ તેમજ રીપેરીંગ માટેની દરખાસ્તો આવી, અને

| | હોસ્પિટલ | આરોગ્ય કેન્દ્ર | આરોગ્ય કેન્દ્ર |
|---|---|---|---|
| નવા બાંધકામ | ૦૧ | ૦૧ | ૦૪ |
| રીપેરીંગ | – | – | ૦૮ |
| કુલ | ૦૧ | ૦૧ | ૧૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત દરખાસ્તોની પ્રક્રિયા ક્યા તબક્કે છે ?

(૨) પત્રક–અ મુજબ.

પત્રક–અ

| અ.નં. | તાલુકાનું નામ | સિવિલ હોસ્પિટલ | સામૂહિક આરોગ્ય કેન્દ્ર | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર | દરખાસ્તોની પ્રક્રિયાની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ખેડા | ખેડા | – | – | દરખાસ્ત પૈકીના અમુક કામો પૂર્ણ થયેલા છે જ્યારે બીજા કોમો પ્રગતિ હેઠળ છે. |
| ૨ | કઠલાલ | – | કઠલાલ | – | વર્ષ ૨૦૧૨–૧૩ હેઠળ દરખાસ્ત રજુ થયેલ હતી. વર્ષ ૨૦૧૫–૧૬ હેઠળ મંજુરી મળેલ છે. |
| ૩ | મહેમદાવાદ | – | – | કનીજ | નવા બાંધકામની દરખાસ્ત વર્ષ ૨૦૧૪–૧૫ હેઠળ મંજુર થયેલ છે. અંદાજ હેઠળ છે. |
| | | | | ઘોડાસર | |
| ૪ | ઠાસરા | – | – | સેવાલીયા | |
| | | | | જસુના મુવાડા | |
| | | | | ઢુણાદરા | રીપેરીંગની દરખાસ્ત અંદાજ હેઠળ છે. |
| | | | | નેશ | |
| ૫ | મહુધા | – | – | ચુણેલ | |
| | | | | સીંઘાલી | |
| ૬ | કપડવંજ | – | – | મોટીઝેર | |
| | | | | વઘાસ | |
| ૭ | માતર | – | – | ખાંધલી | |
| | | | | લીંબાસી | |

---------

રાજ્યમાં નવી સરકારી મેડિકલ કોલેજો શરૂ કરવા બાબત

* ૧૯૦૫૨ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી મેડિકલ કોલેજો આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ નવી સરકારી મેડિકલ કોલેજો શરૂ કરવાનું આયોજન છે કે કેમ,

(૩) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી મેડિકલ કોલેજો ક્યાં શરૂ કરવા માટે રાજ્ય સરકાર તરફથી કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામાં આવી, અને

(૪) જો ના, તો તેના શાં કારણો છે ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં ૬(છ) સરકારી મેડિકલ કોલેજ આવેલ છે.

(૨) હા, જી.

(૩) રાજ્ય સરકાર દ્વારા કેન્દ્રિય પુરસ્કૃત યોજના હેઠળ નીચે જણાવ્યા પ્રમાણે પાંચ જિલ્લા હોસ્પિટલો પસંદ કરીને તેને અપગ્રેડ કરી નવી મેડિકલ કોલેજ શરૂ કરવા કેન્દ્ર સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ છે.

૧. જિલ્લા હોસ્પિટલ, પાલનપુર.

૨. જિલ્લા હોસ્પિટલ, નડીયાદ.

૩. જિલ્લા હોસ્પિટલ, અમરેલી.

૪. જિલ્લા હોસ્પિટલ, ગોધરા.

૫. જિલ્લા હોસ્પિટલ, વ્યારા.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વિજાપુર તાલુકામાં ગામડાંને તાલુકા મથક સાથે પાકા રસ્તાથી જોડવા બાબત

* ૧૭૧૦૩ શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં વિજાપુર તાલુકામાં ક્યા ગામડાં તાલુકા મથક સાથે પાકા રસ્તાથી જોડાયેલ નથી, અને

(૨) આ રસ્તાઓને ક્યાં સુધીમાં જોડવાનું સરકારનું આયોજન છે ?

જવાબ

(૧) અને (૨)

કોઇ પણ ગામ પાકા રસ્તાથી તાલુકા મથક સાથે જોડવાનું બાકી ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## અતારાંકિત પ્રશ્નો

---------

### અમદાવાદ જિલ્લામાં વિધવા સહાય યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૧૮૪૧૧ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર વિધવા સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી સહાય આપવામાં આવી અને કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ પડતર અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

જવાબ

(૧)

| અનુ. | તાલુકાનું નામ | તા.૧–૨–૧૩ થી તા.૩૧–૧–૧૪ માં મળેલ અરજીઓ | તા.૧–૨–૧૪ થી તા.૩૧–૧–૧૫ માં મળેલ અરજીઓ |
|---|---|---|---|
| ૧ | અસારવા | ૧૧૨ | ૫૧૫ |
| ૨ | મણીનગર | ૧૭૬ | ૪૩૪ |
| ૩ | વટવા | ૧૫૮ | ૨૮૧ |
| ૪ | વેજલપુર | ૩૮ | ૧૩૦ |
| ૫ | ઘાટલોડીયા | ૨૩ | ૭૮ |
| ૬ | સાબરમતી | ૧૪૫ | ૩૮૭ |
| ૭ | દશક્રોઇ | ૫૨૭ | ૧૫૧ |
| ૮ | સાણંદ | ૨૨૪ | ૭૦ |
| ૯ | બાવળા | ૯૪ | ૧૨૧ |
| ૧૦ | ધોળકા | ૧૨૨ | ૧૧૯ |
| ૧૧ | વિરમગામ | ૧૨૫ | ૪૧ |
| ૧૨ | માંડલ | ૩૪ | ૧૭ |
| ૧૩ | દેત્રોજ | ૬૬ | ૯૧ |
| ૧૪ | ધંધુકા | ૧૨ | ૧૦ |
| ૧૫ | ધોલેરા | ૮ | ૯ |

(૨)

| અનુ. | મંજુર અરજીઓ | સહાય ચૂકવવામાં આવી | પડતર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | ૪૦૧૬ | ૪૦૯.૫૩ લાખ | ૯૩ |

(૩) બનતી ત્વરાએ.

---------

### અરવલ્લી જિલ્લામાં સેન્ટ્રલ રિઝર્વ ફંડ યોજના હેઠળ મંજૂર થયેલ રસ્તાના કામો

* ૧૮૪૨૭ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર સેન્ટ્રલ રિઝર્વ ફંડ યોજના હેઠળ કેટલી રકમના ક્યા રસ્તાઓના કામો મંજૂર કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે કેટલા કામો પૂર્ણ થયા અને કેટલા બાકી છે, અને

(૩) મંજૂર થયેલ કામો માટે કેટલી રકમની ફાળવણી થઇ?

જવાબ

(૧) અરવલ્લી જિલ્લામાં કોઇ કામ મંજૂર કરવામાં આવેલ નથી.

(૨) અને (૩)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### માળીયા અને માંગરોળ તાલુકામાં કાર્યરત આંગણવાડીઓ

* ૧૬૯૭૫ શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માળીયા તથા માંગરોળ તાલુકામાં કેટલી આંગણવાડીઓ કાર્યરત છે,

(૨) તે પૈકી કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં ચાલે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી નવી બનાવવા માટેની માંગણી સરકારમાં પડતર છે અને બાકી રહેતી આંગણવાડીઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકામાં કુલ ૧૬૩ તથા માંગરોળ તાલુકામાં ૧૮૭ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે.

(૨) તે પૈકી માળીયા તાલુકામાં ૭૪ આંગણવાડી તથા માંગરોળ તાલુકામાં ૫૯ આંગણવાડી કેન્દ્રો ભાડાના મકાનમાં ચાલે છે.

(૩) ઉક્ત સ્થિતિએ માળીયા તાલુકાની ૩૬ આંગણવાડી કેન્દ્રોનું બાંધકામ ચાલુ છે, માળીયા તાલુકાની ૧૨ આંગણવાડી કેન્દ્રો તથા માંગરોળ તાલુકામાં ૨૩ આંગણવાડી કેન્દ્રો બનાવવાની કાર્યવાહી ચાલુ છે. સરકારશ્રીમાં આંગણવાડીઓ નવી બનાવવા માટેની કોઇ માંગણી પેન્ડીંગ નથી. બાકી રહેતી માળીયા તાલુકામાં ૨૬

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

આંગણવાડી તથા માંગરોળ તાલુકાની ૩૬ આંગણવાડી કેન્દ્રો માટે ગ્રામ પંચાયત તેમજ નગરપાલિકા તરફથી જમીનનાં ઠરાવો મળ્યે આંગણવાડી કેન્દ્રોના મકાન બનાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

---------

વલસાડ જિલ્લામાં વિધવા બહેનોને વિધવા સહાય બંધ કરવા બાબત

* ૧૬૯૯૮ શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય મહિલા અને બાળકલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી વિધવા બહેનોની વિધવા સહાય છેલ્લા બે વર્ષમાં બંધ કરવામાં આવી અને

(૨) આ વિધવા સહાય બંધ કરવાના કારણો શા છે?

જવાબ

(૧)

| અનું. | તાલુકાનું નામ | વિધવા સહાય બંધ કરવામાં આવી |
|---|---|---|
| ૧ | વલસાડ | ૨૫૧ |
| ૨ | પારડી | ૧૬૬ |
| ૩ | ધરમપુર | ૪૧ |
| ૪ | કપરાડા | ૨૮ |
| ૫ | ઉમરગામ | ૮૩ |
| | કુલઃ– | ૫૬૯ |

(૨)
૧ પુખ્તવયનો પુત્ર થવાને કારણે.
૨ લાભાર્થીનું અવસાન થવાના કારણે.
૩ લાભાર્થીનું પુનઃલગ્ન થતા.
૪ અન્ય કારણોસર.

---------

દાહોદ જિલ્લામાં આંગણવાડીઓને પાકા મકાનો બાબત

* ૧૬૯૬૬ શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી આંગણવાડીઓના સરકારી પાકા મકાન છે અને કેટલી આંગણવાડીઓ ભાડાના મકાનમાં કે અન્ય જગ્યાએ ચાલે છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર/ઘટકવાર ૨૩૪૨ આંગણવાડીઓના સરકારી પાકા મકાન છે. અને ૧૨૩ આંગણવાડીઓ ભાડાના મકાનમાં અને ૪૯૫ અન્ય જગ્યાએ ચાલે છે. તેની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | ઘટકનું નામ | આંગણવાડીઓના સરકારી પાકા મકાન | આંગણવાડીઓ ભાડાના મકાન | અન્ય જગ્યાએ ચાલતા આં.વા.કે. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | દાહોદ–૧ | ૧૦૯ | ૩૦ | ૧૫ |
| ૨ | દાહોદ–૨ | ૧૨૦ | ૦ | ૨૪ |
| ૩ | દાહોદ–૩ | ૧૨૩ | ૦ | ૧૪ |
| ૪ | દાહોદ–૪ | ૧૦૫ | ૦ | ૨૭ |
| ૫ | દે.બા.રીયા–૧ | ૧૪૯ | ૩૬ | ૦ |
| ૬ | દે.બા.રીયા–૨ | ૧૭૯ | ૦ | ૧૨ |
| ૭ | ધાનપુર–૧ | ૧૦૨ | ૨૩ | ૦ |
| ૮ | ધાનપુર–૨ | ૯૯ | ૧૭ | ૧૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | ફતેપૂરા–૧ | ૮૫ | ૦ | ૬૨ |
| ૧૦ | ફતેપૂરા–૨ | ૯૬ | ૦ | ૪૨ |
| ૧૧ | ગરબાડા–૧ | ૧૧૫ | ૦ | ૨૬ |
| ૧૨ | ગરબાડા–૨ | ૧૨૯ | ૦ | ૧૫ |
| ૧૩ | લીમખેડા–૧ | ૧૩૯ | ૦ | ૫૧ |
| ૧૪ | લીમખેડા–૨ | ૧૩૮ | ૦ | ૩૧ |
| ૧૫ | લીમખેડા–૩ | ૧૨૯ | ૧૭ | ૧૯ |
| ૧૬ | ઝાલોદ–૧ | ૧૩૩ | ૦ | ૩૭ |
| ૧૭ | ઝાલોદ–૨ | ૧૨૮ | ૦ | ૨૩ |
| ૧૮ | ઝાલોદ–૩ | ૧૩૬ | ૦ | ૨૯ |
| ૧૯ | ઝાલોદ–૪ | ૧૨૮ | ૦ | ૫૩ |

(૨) ઉક્ત સ્થિતિએ આ ભાડાના મકાનમાં ચાલતી આંગણવાડીઓને સરકાર પાકા મકાનો કયાં સુધીમાં બનાવવા માંગે છે?

(૨) ઉક્ત સ્થિતિએ આ ભાડાના મકાનમાં અન્ય જગ્યાએ ચાલતી આંગણવાડી માટે સરકાર પાકા મકાનો બનતી ત્વરાએ બનાવવા માંગે છે.

---------

જામનગર શહેરમાં ગર્ભપાત કેન્દ્ તરીકે માન્યતા

* ૧૮૬૦૩ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર શહેરમાં ડિસેમ્બર–૨૦૧૪ની સ્થિતિએ કયા ડૉકટરને/દવાખાનાને/હોસ્પિટલોને ગર્ભપાત કેન્દ્ર તરીકે માન્યતા આપવામાં આવીછે,

(૨) ઉપરની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દરેક જગ્યાએ કેટલા કાનૂની અને ગેરકાનૂની ગર્ભપાત કરવામાં આવ્યા,

(૩) કઈ કઈ જગ્યાએ ઉપરની સ્થિતિએ દરોડા પાડવામાં આવ્યા/ચેકીંગ થયા, અને

(૪) તે દરમ્યાન કેવી ગેરરીતિ જોવા મળી, ગેરકાનૂની ગર્ભપાત થતા પકડાયેલા અને જવાબદાર ડૉકટરો સામે શાં કાનૂની પગલાં લેવાયા?

જવાબ

(૧) જામનગર શહેરમાં ડિસેમ્બર–૨૦૧૪ અંતિત *પત્રક–અ મુજબ કુલ ૩૩ કેન્દ્રો ગર્ભપાત કેન્દ્ર તરીકે માન્યતા આપવામાં આવેલ છે.

(૨) જામનગર શહેરમાં છેલ્લા બે વર્ષમાં *પત્રક–બ મુજબ કુલ ૩૪૨૨ કાનૂની ગર્ભપાત કરવામાં આવેલ છે અને કોઈ ગેર કાનૂની ગર્ભપાત થયેલ નથી.

(૩) *પત્રક–ક મુજબ ૪(ચાર) જગ્યાએ ચેકીંગ કરવામાં આવેલ છે.

(૪) ઉક્ત ચેકીંગ દરમ્યાન કોઇ ગેરરીતી જોવા મળેલ નથી. તેથી પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પત્રકો સચિવશ્રી ની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫

પોઇન્ટ ઓફ ઓર્ડર

રાજ્યમાં નવી સરકારી આયુર્વેદ/હોમિયોપેથી કોલેજ સંલગ્ન હોસ્પિટલ શરૂ કરવા બાબત

* ૧૮૮૮૮ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં નવી સરકારી આયુર્વેદ/હોમિયોપેથી કોલેજ સંલગ્ન હોસ્પિટલ કોઈ જગ્યાએ નવી શરૂ કરવામાં આવેલ છે, અને | (૧) ના |
| (૨) જો હા, તો કઈ જગ્યાએ શરૂ કરવામાં આવી અને તે અન્ય કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

દાહોદ તાલુકામાં તણછીયા ગામે કાળી નદી પર પટેલ ફળીયામાં ડીપ પુલ બનાવવા બાબત

* ૧૬૬૨૮ શ્રી વજેસિંગભાઇ પા.પણદા(દાહોદ) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ દાહોદ તાલુકામાં તણછીયા ગામે આવેલ કાળી નદી પર પટેલ ફળીયામાં ડીપ પુલ બનાવવા માટે કેટલી માંગણીઓ સરકારને છેલ્લા બે વર્ષમાં મળી, અને | (૧) કોઈ માંગણીઓ સરકારને મળેલ નથી. |
| (૨) તે અન્વયે સરકારે શી કાર્યવાહી કરી? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પોઇન્ટ ઓફ ઓર્ડર

શબ્દ રેકોર્ડ ઉપરથી દૂર કરવા બાબત

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ વિધાનસભા ગૃહમાં અસંસદીય શબ્દો અને શબ્દ પ્રયોગોની યાદી બનાવીને અમને આપી છે. કોઇ જુનીયર સભ્યશ્રીથી અસંસદીય શબ્દ આવી જાય, આપ દૂર કરો હું સમજી શકું, એક જ દિવસની પ્રશ્નોત્તરીમાં એક જ મંત્રીશ્રી બે બે વખત જો અસંસદીય શબ્દોનો પ્રયોગ કરે અને એ અસંસદીય શબ્દો રેકોર્ડ ઉપર રહે એ આપણા કોઇના માટે સારું નથી. ૧૨૮ થી ૧૩૮ સુધી અસંસદીય શબ્દોમાં • (xxx) શબ્દનો પ્રયોગ નહીં કરવાનું છે. માનનીય મંત્રીશ્રી વસુબેન ત્રિવેદીએ પરેશભાઇ ધાનાણીના સંદર્ભમાં, નંબર –૨૭૯ અસંસદીય શબ્દ પ્રયોગમાં સભ્યશ્રીની લાગણી હતી અને વિધવા બહેનની તકલીફના સંદર્ભમાં એમ કહે કે *(xxx) સાથે મામલતદાર ઓફીસમાં બહેનો આવે છે, અને એના સંદર્ભમાં માનનીય મંત્રીશ્રી એમ કહે કે *(xxx).

અધ્યક્ષશ્રી : આ બન્ને શબ્દો રેકોર્ડ ઉપરથી આપણે દૂર કરીએ છીએ.

વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત

જાહેર હિસાબ સમિતિના બીજા હેવાલની રજૂઆત

શ્રી શકિતસિંહ હ. ગોહિલ (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર હિસાબ સમિતિનો બીજો અહેવાલ આ સન્માનનીય સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

અંદાજ સમિતિના બીજા, ત્રીજા, ચોથા અને પાંચમા અહેવાલની રજૂઆત

શ્રી કિરીટસિંહ જી. રાણા (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિનો બીજા, ત્રીજા, ચોથા અને પાંચમો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો અહેવાલ

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિધાનસભાની અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પહેલો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

---

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

<#D /વન અને પર્યાવરણ વિભાગ/D #>

શ્રી મંગુભાઇ છ. પટેલ (વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વન સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૯૩,૭૬,૯૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩,૮૭,૭૪,૫૩,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૨૬ રજૂ કરું છું.

માંગણી ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ કુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૩ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૪ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૬ જૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૮ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૧ રજૂ કરવામાં આવી.

માગણી નંબર-૨૭

શ્રી મંગુભાઇ છ. પટેલ (વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણ સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી સેવાને લગતી રૂ.૩૦,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંકઃ ૨૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક - ૧૯ રજૂ કરવામાં આવી.

આદિજાતિ વિકાસ વિભાગ

માગણી નં. ૯૩

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫

માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

શ્રી મંગુભાઇ પટેલ ( આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું અનુસૂચિત આદિજાતિ કલ્યાણ સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૨,૮૨,૬૩,૨૩,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૪૦,૫૨,૯૩,૦૦૦/–ની માગણી ક્રમાંક ૯૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૯૩ રજૂ કરવામાં આવી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦ રજૂ કરું છું

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી ઇશ્વરભાઇ ઢે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૭ રજૂ કરવામાં આવી.

માગણી નં. ૯૬

શ્રી મંગુભાઇ પટેલ ( આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આદિજાતિ વિસ્તાર પેટા યોજના સેવાને લગતી આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૫૯,૫૦,૬૨,૦૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂપિયા ૩૯,૬૧,૫૮,૩૩,૦૦૦/–ની માગણી ક્રમાંક ૯૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક : ૯૬ રજૂ કરવામાં આવી.

ડો. મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૮ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૩૦ રજૂ કરવામાં આવી.

માનનીય ઉપાધ્યક્ષશ્રી, અધ્યક્ષસ્થાને

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, આદિજાતિ કલ્યાણની માગણી નં. ૨૬, માગણી નં. ૯૩ અને ૯૬ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૧ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાત રાજ્યની કુલ વસતિ ૬ કરોડ ૪ લાખ ૪૦૦ ની હતી. ગુજરાતના આદિવાસીઓની વસતિ આજે આશરે ૯૦ લાખ જેટલી છે. રાજ્યની પૂર્વપટ્ટીના સરહદી વિસ્તાર ઉપર આર્થિક રીતે પછાત અને જંગલની ખડકાળ ભૂમિ વચ્ચે આદિવાસીઓ વન વિસ્તારની જમીનમાં રહે છે. કુલ ૪૩ જેટલા તાલુકાઓ અને ૧૫ જેટલા પોકેટો, આમોદનું માદા પોકેટ, ૪ ક્લસ્ટર, ૧૪ પ્રાયોજના કચેરીઓ અને ૫૮૮૪ જેટલા ગામોમાં આ વસતિ રહે છે. આ વસતિના વિકાસ માટે તા. ૨૭–૪–૧૯૮૨ના રોજ આદિજાતિ વિકાસ કમિશનરની એક જગ્યા ઉભી કરેલી. એની નીચે એમને મદદ કરવા માટે નાયબ નિયામક (આયોજન), નાયબ નિયામક (ખેતી), નાયબ નિયામક (પશુપાલન) નાયબ નિયામક (વિમુવિ), મદદનીશ વિકાસ કમિશનર, સામાન્ય વિકાસ કમિશ્નર (તકેદારી) આ બધી જગ્યાઓ તે વખતે ઉભી કરેલી. મારે એટલું જાણવું છે કે આ બધી જગ્યાઓ ભરેલી છે કે કેમ? અનેક જગ્યાઓ આજે પણ ખાલી છે. આ જગ્યાઓ વહેલી તકે ભરાય અને ટ્રાયબલ વિસ્તારનું જે બજેટ નક્કી કરવામાં આવે છે તે રકમો પણ દર વર્ષે પૂરેપૂરી ખર્ચાતી નથી. વર્ષ ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪, ૨૦૧૪–૧૫ના વર્ષના બજેટમાં જે જોગવાઇઓ કરેલી તેવી રકમો પણ આજ સુધી ટ્રાયબલ વિભાગ ખર્ચ કરી શક્યો નથી. એ જ રીતે આદિજાતિ યોજના માટે કુલ બજેટના ૫૭.૫૭% ફાળવવાની નીતિ અખત્યાર કરેલી છે. ૨૦૧૪–૧૫ માં વાર્ષિક યોજના ૭૧૩૩૦.૪૪ કરોડની હતી ૫૭.૫૭% લેખે ખરેખર ૧૩૬૬૧ કરોડ ફાળવવા જોઇએ. પરંતુ ૯૦૩૮ કરોડ જ ફાળવવામાં આવ્યાં છે. આમ રૂ.૪૩૨૩ કરોડ ઓછા ફાળવ્યાં છે અને એ રીતે ૨૦૧૫–૧૬ નું બજેટ ૭૯૨૯૫.૧૧ કરોડની ટોટલ જોગવાઇ છે તેમાં આદિવાસીઓ માટે ૯૬૯૦ કરોડ રૂપિયા ફાળવ્યાં છે. આમાં પણ ૪૨૪૧ કરોડ રૂપિયા ઓછા ફાળવ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે તો એ વાત કહેવી છે કે શિક્ષણ વિભાગમાં ગુજરાત રાજ્ય ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ લગભગ ૪૫૦ જેટલી શાળાઓ ટ્રાયબલની છે અને ૯૭ ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ છે. એસ.સી.ની ૮૮

છે અને ઓબીસીની ૧૮૫ છે. કુલ આદિવાસીઓની ૫૪૭ જેટલી આશ્રમશાળાઓમાં ૭૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ આજે અભ્યાસ કરી રહ્યાં છે. આ આશ્રમશાળાઓમાં ૬૦૦ જેટલા શિક્ષકોની ઘટ છે એ ઘટ પુરવા માટે અનેક વખત વિભાગમાં રજૂઆત થઇ છે પણ ૬૦૦ જેટલા આશ્રમશાળઓના શિક્ષકોની ઘટ પુરવા માટે સરકારે આજ સુધી કોઇ કાર્યવાહી કરી નથી. આદિવાસી વિસ્તારોમાં બાળકોને શિક્ષણ મળે એટલા માટે આ ઘણાં લાંબા સમયથી શિક્ષકોની ઘટને પુરવા માટે તાત્કાલિક ઘટતું કરવું જોઇએ. આશ્રમશાળાના રસોઇયા લાંબાગાળાથી મૃત્યુ પામ્યાં હોય એમની જગ્યાએ બીજા રસોઇયા મૂકવા માટેની પણ દરખાસ્ત કરી હોય તેની પણ મંજૂરી મળતી નથી. ભોજન બિલો દર મહિને યા બે મહિને આશ્રમશાળાઓને મળે એ પણ કાર્યવાહી કરવી જોઇએ. બીજું, શિક્ષક સહાયકોને પગાર માટે ૨૯-૪-૨૦૧૦ અને ૬-૧૦-૨૦૧૧ ના ઠરાવ મુજબ પગાર ધોરણો ચુકવવા જોઇએ એ પગાર ધોરણના નાણા વિભાગે હુકમ કરીને મોકલ્યાં છે છતાં આ વિભાગમાં કામ કરનારા શિક્ષકોને આજે પણ આ પગાર ધોરણનો લાભ મળતો નથી. છોટાઉદેપુર જિલ્લામાં ૧૪૦૧ ની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ છે એમાં ૮૪૪ જેટલા શિક્ષકોની ખાલી જગ્યાથી પ્રાથમિક શાળાઓ ચાલુ છે અને ૫૦ જેટલા શિક્ષકો એ માધ્યમિક શાળાના, ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો નથી. અમે ૮૯૪ જેટલા શિક્ષકો આદિજાતિ વિસ્તારમાં આજે પણ શિક્ષકોની ભરતી થતી નથી. તેવી રીતે ગૌણ સેવા પસંદગી મંડળ, આજે નહિ ગૌણ સેવા પસંદગી મંડળ વર્ષોથી બનેલ છે અને ગૌણ સેવા પસંદગી મંડળ એટલા જ માટે બનાવેલું કે વર્ગ-૩ અને વર્ગ-૪ ના જે ખાતામાં કર્મચારીઓની સંખ્યા ઘટે તેમાં નવા કર્મચારીઓની ભરતી થાય એટલા માટે આ ગૌણ સેવા પસંદગી મંડળ બનાવેલું અને વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓ ચાલુ સર્વિસ દરમ્યાન મૃત્યુ પામે તો તેના આશ્રિતને રહેમરાહે નોકરી આપવા માટે ગૌણ સેવા પસંદગી મંડળ બનાવેલું એ રીતે હજારો કર્મચારીઓને નોકરી પણ મળી ગુજરાતમાં, પરંતુ છેલ્લે આ સરકારે એક એવો પરિપત્ર બહાર પાડ્યો છે કે જે વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓ ચાલુ સર્વિસ દરમ્યાન મૃત્યુ પામે તો તેના આશ્રિત વારસદારને નોકરીના બદલે જેની ૧૦ વર્ષ સર્વિસ બાકી હોય તેને છ લાખ રૂપિયા, ૫ વર્ષ સર્વિસ બાકી હોય તેને ૫ લાખ રૂપિયા એના વારસદારને ચૂકવી દેવા. એ હુકમ કરવાના કારણે ગુજરાત રાજ્યના આદિવાસી હોય, હરિજન હોય કે કોઇ પણ બીજી ઓ.બી.સી. કોઇ પણ લોકોને આજ સુધી ૬ લાખ, ૫ લાખ કે ૪ લાખ રૂપિયાની રકમ મળી નથી. (સમયસૂચક ઘંટડી) એજ રીતે માનનીય અધ્યક્ષશ્રી, મારી એ પણ લાગણી છે કે, આરોગ્ય વિભાગમાં છોટાઉદેપુર તાલુકાના અને સમગ્ર ગુજરાત રાજ્યના જે સામૂહિક આરોગ્ય દવાખાનાઓ, પ્રાથમિક આરોગ્ય દવાખાનાઓમાં કુલ જે મહેકમ મંજૂર થયેલું છે એ મહેકમની સામે જે જગ્યાઓ ભરવી જોઇએ એ જગ્યાઓ આજે પણ ભરાયેલી નથી. મકાનો નવા બની ગયા છે એમાં હું સરકારનો આભાર માનું છું, મકાનો પાકા બની ગયા છે પણ ડોકટરો વગર જે આદિવાસીઓને સેવા મળવી જોઇએ એ સેવાઓ પણ દવાખાનાઓમાં ડોકટર ન હોવાના કારણે કોઇ પણ પ્રકારની સેવાઓ મળતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, જે ચિંતન શિબિર એમ.પી. અને એમ.એલ.એ., જિલ્લા પ્રમુખ, તાલુકા પ્રમુખ અને અનુસૂચિત જનજાતિના સભ્યો લેવાવા જોઇએ એવા નિયમો હોવા છતાં, જે તજજ્ઞો, જાણકારોની નિયુક્તિ કરવી જોઇએ એવા તજજ્ઞો, જાણકારોની નિયુક્તિ થતી નથી. આ ચિંતન શિબિરમાં લખીને ગુજરાત સરકારને આપ્યું છે તો ગમે તેવા માણસો ન મુકતાં જે તજજ્ઞ હોય તેવાને નિયુક્ત કરવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રાયોજના વહીવટદારના વિકાસ માટે ૫૦ લાખ રૂપિયાની જોગવાઇ પ્રાયોજના વહીવટદાર કરી શકે. હવે એસ.ઓ.આર. અને બધાના ભાવો વધ્યા છે તો તેના પ્રમાણે પ્રાયોજના વહીવટદાર એક કરોડ રૂપિયા સુધી આ હુકમો કરી શકે એ પણ મંજૂરી એને આપવી જોઇએ અને જે વિકાસ કમિશ્નરશ્રીને એક કરોડ રૂપિયાની સત્તા છે એ એક કરોડથી પણ વધારે કામ કરી શકે, વધારે રકમ તેને ફાળવી શકે એવી પણ મારી માગણી છે. પ્રાયોજના કચેરીમાં વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓ લેવા માટે...

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી મોતીભાઇ વસાવા.

શ્રી મોતીલાલ પૂ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી માગણી ક્રમાંક ૨૬, વન માટે મહેસૂલી ખર્ચ માટે ૩,૯૩,૭૬,૯૦,૦૦૦/- રૂપિયા અને મુડી ખર્ચ માટે ૩,૮૭,૭૪,૫૩,૦૦૦/- રૂપિયાની જ્યારે લઇને આવ્યા છે ત્યારે મારું એમને સમર્થન આપવા હું ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં ૨૧,૬૪૭ ચોરસ કિલો મિટરનો વન વિસ્તાર આવ્યો છે અને એમાં લગભગ પૂર્વ પટ્ટીનો ભાગ છે એ ૪૩ તાલુકા, એમાં ૯૦ ટકા આદિવાસી સમાજની વસ્તી છે. વનોનું રક્ષણ કરવું, વન્ય પ્રાણીઓનું રક્ષણ કરવું અને વન વિસ્તારમાં રહેતા લોકોને સુવિધાઓ આપવી એના માટે સરકાર દર વર્ષે અંદાજપત્રમાં જોગવાઇ કરીને બજેટ મંજૂર કરવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષોમાં ૨૦૧૨-૧૩માં ૫૪૩ કરોડ અને ૮૦ લાખ રૂપિયા જેટલી રકમ ફાળવવામાં આવી. તેવું જ ૨૦૧૩-૧૪માં ૭૭૨ કરોડ અને ૮ લાખ જેટલી રકમ, ૨૦૧૪-૧૫માં ૭૮૦ કરોડ અને ૮૦ લાખ જેટલી રકમ ફાળવવામાં આવી અને આ વખતે ૨૦૧૫-૧૬માં ૭૮૧ કરોડ, ૭૦ લાખ, ૫૩ હજારની માનનીય મંત્રીશ્રી માગણી લઇને આવ્યા છે. ત્યારે દર વર્ષે આ ગતિશીલ સરકાર વન અને વનોમાં રહેતા વનવાસી બંધુઓ માટે તેમજ વનમાં રહેતા પ્રાણીઓ માટે દર વર્ષે ઉત્તરોત્તર વધુ ને વધુ બજેટમાં જોગવાઇ કરીને આ સરકાર કામ કરી રહી છે. ત્યારે આ ખર્ચમાંથી વનના નિર્માણ માટે ૧૬૪૪.૮૧ કરોડ ખર્ચ કરવામાં આવશે અને વન્ય પ્રાણીઓ માટે ૧૩૬.૮૮ કરોડ જેટલી રકમ આ સરકાર ખર્ચ કરશે.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના હાલના વડાપ્રધાન અને જે તે વખતના ગુજરાત રાજયના મુખ્યમંત્રીશ્રી આદરણીય

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫
માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

નરેન્દ્રભાઇ મોદી સાહેબના પ્રયત્નથી ૨૦૦૭–૦૮ થી ૨૦૧૬–૧૭ જાપાન સરકારની બેંક ફોર ઇન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી મારફતે ૮૩૦ કરોડ રૂપિયા જેટલી રકમ ગુજરાતના વન અને પર્યાવરણ માટે મંજૂર કરાઇ હતી તેમાંથી આ વર્ષે ૭૧૭ લાખ જેટલી જોગવાઇ કરી છે, અને આ વખતે ૧૪૬૧૬૫૮ હેકટરમાં વાવેતર કરવામાં આવશે. આ વાવેતરને સાચવવા માટે ૩૩૦૦ જેટલા જૂથોની રચના કરવામાં આવી છે. એમાંથી ૧૬૦૦ થી વધુ મહિલા જૂથો આ વનોનું રક્ષણ કરે છે. છેલ્લા ઘણા વર્ષમાં આ સરકારે ગુજરાત રાજયના વન વિસ્તારમાં ૧૪૧૦૬ જેટલી વન તલાવડીઓ બનાવી છે. એની સાથેસાથે ભૂમિ અને ભેજ સંરક્ષણ માટે ૧૨૫૯૫ જેટલા ચેકડેમ બનાવવામાં આવ્યા છે અને એક નવી પહેલ સરકારે કરી હતી ટેરેસ તલાવડીઓ બનાવવા માટે એ પણ ૨૦ થી ૨૨ લાખ જેટલી નાની નાની ટેરેસ તલાવડીઓ બનાવવામાં આવી છે. હાલમાં જંગલનું રક્ષણ કરવા માટે ૩૩૯૨ જેટલી વન વ્યવસ્થા મંડળીઓ છે એમાં ૧૩૬૯૦૦૦ જેટલા સભ્યો ૪૬૨૦૦૦ હેકટરને સાચવે છે એની સાથે સાથે સારા સમાજના લોકોની વન વ્યવસ્થા મંડળી હોય, ઉપયોગી થવા માટે પર્યાવરણ પ્રેમી લોકો એવી ૨૫ જેટલી વન વિકાસ એજન્સી આ રાજયની અંદર કામ કરી રહી છે. એની સાથે સાથે મંત્રીશ્રી આ વખતે કેટલીક બાબતો નવી લઇને આવ્યા છે તેમાં ખાસ કરીને પ્રાણીઓ, સિંહોના રક્ષણ માટે ગુજરાતની અંદર વન્ય પ્રાણીઓ ૨૦૧૦ સુધીની જે ગણતરી થઇ એની અંદર ૨૦૦૧માં ૩૨૭ સિંહોની વસ્તી હતી તે ૨૦૧૦માં ૪૧૧ થઇ. આ પરિણામ જ બતાવે છે કે ગુજરાત સરકાર પ્રાણીઓના રક્ષણ માટે કેટલી સક્રિય છે અને હવે પછી ૨૦૧૫માં પણ એની વસ્તી ગણતરી થશે. અમે તમારો આભાર માનીએ છીએ સૌરાષ્ટ્રની વન્ય પ્રાણી પ્રેમી જનતાનો આ સરકાર આભાર માને છે કે તમે એની કદર કરી છે. એવી રીતે દિપડાઓની અને ઘુડખરની પણ વસ્તી સતત વધતી રહી છે. વિશેષ મારે આ વાત કહેવી છે કે નવા ફોરેસ્ટ એકટ પ્રમાણે જે વન અધિકાર કાયદો બન્યો એની અંદર ફોરેસ્ટની અંદર સેન્ચ્યુરી એરીયામાં જે બાંબુ હોય એનું જયારે ફલાવરીંગ આવી જાય અને ફલાવરીંગ આવી ગયા પછી એ નષ્ટ થતા હોય, સડી જતા હોય, ઉપયોગમાં ન આવતા હોય પણ કાયદાના સુધારાને લીધે આ સડેલા બાંબુઓ જો બહાર કાઢવામાં ન આવે તો કહેવત છે અમારા જંગલમાં લોકો ખાસ ચાર બાબતોનું ઘ્યાન દોરે આગ, વાઘ, સાગ અને નાગ એટલે આ ચારેય વસ્તુ જંગલ સાથે જોડાયેલી છે. સાગ અમારા માટે બહુ કિંમતી, વાઘ અમારા માટે બહુ જોખમરૂપ, નાગ પણ જોખમરૂપ અને આગ લાગે એ પણ જોખમરૂપ. તો આવા જંગલોમાં આગ લાગે તો પ્રકૃતિ નષ્ટ થઇ જાય. પ્રાણીઓને નુકસાની થાય તો સરકારશ્રીએ આવા બાંબુઓને કાઢીને એને માર્કેટીંગ કરીને લોકોને રોજગારી મળે એના માટે વ્યવસ્થા કરી હતી. આપને જણાવતા મને આનંદ થશે કે જેટલી પણ રોયલ્ટી આવી એ રોયલ્ટી દરેક ગામને પોતાના ગામમાં એ રોયલ્ટી આવે અને ગામ લોકો ગામનો વિકાસ કરે એના માટે આદરણીય નરેન્દ્રભાઇ સાહેબે કીધું કે એક પણ રૂપિયો આ સરકારની તીજોરીમાં ન જોઇએ. એના જેટલા રૂપિયા આવે એ ગામ લોકોની સમિતિની તીજોરીમાં જાય અને એ લોકો મરજી પ્રમાણે એમના ગામનો વિકાસ કરે. હું આપને જણાવીશ કે ડેડિયાપાડા તાલુકાની અંદર આ ગ્રામ સમિતિઓ કામ કરે છે. લગભગ ૧૪ જેટલી ગ્રામ સમિતિઓને ૩ કરોડ ૯૪ લાખ રૂપિયા મળ્યા, ૩ કરોડ ૯૪ લાખ રૂપિયા એ કોઇના ગામમાં હોય તેવું પહેલી વાર જાણવા મળશે. એની સાથે સાથે એમણે કામ કર્યુ એમાં મજૂરીના ૭ કરોડ ૫૦ લાખ રૂપિયા મળ્યા. વિચાર કરો. ૧૦ વર્ષ સુધી નરેગામાં કામ કરીએ તો એક તાલુકાનું પેમેન્ટ આટલું ન થાય એટલી રોજગારી મળી. હજુ આવનારા દિવસોમાં ૮ કરોડ રૂપિયા જેટલી રોજગારી મળવાની છે. એની સાથે સાથે ડાંગમાં પણ ઇ.ડી.સી. કંપનીઓ એન્વાયરમેન્ટ ડેવલોપિંગ કમિટી ગામની બનાવી. આના કારણે ૨૩ જેટલી ડાંગની કમિટી બની એ કમિટીના ૧૨૦ કરોડ રૂપિયા જેટલા બેન્કના ખાતામાં જમા છે. એની સાથે સાથે ૭ કરોડ ૭૮ લાખ જેટલી લોકોને રોજગારી મળી. આ રકમના માનવ દિવસો રોજના ગણવા જઇએ તો લાખોની સંખ્યામાં માનવ રોજગારી ઉપલબ્ધ થઇ છે. એની સાથે સાથે આ રકમ પણ પર્યાવરણ માટે, વનની સમૃદ્ધિ માટે અને ગામના વિકાસ માટે લોકો વાપરશે એની સાથે સાથે ઘણાં વર્ષોથી..

ઉપાઘ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અઘ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૯૦ લાખ આદિવાસી વસ્તીના વિકાસ માટેનું પોતાનું બજેટ લઇને આવ્યા છે. એમાં હું મારા વિચાર રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

આજે વિકાસ કરોડો રૂપિયાની જાહેરાતોમાં, ન્યૂઝ પેપરોમાં, ટીવી માઘ્યમમાં જોવા મળે છે. આ ગરીબ માણસના વિકાસ માટેના પૈસા જે માણસને જરૂરિયાત છે એને ટીવી જોવાનો, ન્યૂઝ પેપર વાંચવાનો સમય નથી. કોંગ્રેસનું સાશન હતું ત્યારે ચિંતા કરતા હતા. આ ગરીબોના વિકાસના પૈસા છે. આપણે આ રીતે ન વપરાય તેવી આજે ચિંતા રહી નથી. આ ટ્રાયબલ બજેટ ૨૩ જુદા જુદા વિભાગોમાં વહેંચાયેલું છે. આ ૨૩ જુદા જુદા વિભાગો એનું આયોજન કરે છે અને એનું અમલીકરણ કરે છે. આ જે વિભાગોમાં આયોજન થાય છે. એનું મોનીટરિંગ કરવાની શી વ્યવસ્થા છે. એના માટે ટ્રાયબલ કમિશનર, એની નીચે ડેપ્યુટી કમિશનર, એની નીચે આસિસ્ટંટ કમિશનર. ડેપ્યુટી કમિશનરોની જગ્યા અને આસિસ્ટંટ કમિશનરોની જગ્યાઓ મોટા ભાગની ખાલી છે. કમિશનરની જગ્યાઓ ચાર્જથી ચાલે. એટલે ગ્રાન્ટનું મોનીટરિંગ થવું જોઇએ તે ઘણા લાંબા સમયથી થતું નથી. એના લીધે પરિસ્થિતિ થઇ છે કે ટ્રાયબલ બજેટ છે એ બિનઉપયોગી અને બીજા વિસ્તારોમાં વપરાય છે. આ બજેટ જિલ્લા લેવલે જાય છે, યોજના બને ત્યારે ટ્રાયબલ વિસ્તારમાં એન્જિનિયર ન હોય, એસ.ઓ. ન હોય, અધિકારી ન હોય એના લીધે બજેટ વપરાવવું જોઇએ તે વપરાતું નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આ બહુ મોટી ટ્રાયબલની ચોપડી સૌથી મોટી અને એમાં હેડવાઇઝ તમારી યોજનાઓ છે એ હેડવાઇઝ અને ગૌણ સદર હોય છે તે મોટા ભાગના કોરા હોય છે. આના માટે કસરત કરતા નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં તમે થોડો અભ્યાસ કરો અને

બજેટ લખો છો તે બજેટ લમ્પસમ લખવામાં આવે છે. એના લીધે મોટા ભાગનું બજેટ ડાયવર્ટ થઇ જાય છે. જે કઇ બજેટ વિધાનસભામાં આવે છે તે વિભાગમાં યોજનાવાર બજેટ ફાળવવું જોઇએ, જેથી ખ્યાલ આવે કે આપણે આટલો વિકાસ કરવા જઇ રહ્યા છીએ. નવા જિલ્લા, તાલુકા થયા એમાં બબ્બે વર્ષ થઇ ગયા. બજેટની ચોપડીમાં નામ શુદ્ધા નથી. ટ્રાયબલના પ્રયોજના કચેરી ખરેખર એમ હતું કે આ પ્રયોજના કચેરી માટેની જોગવાઇ આવશે, પણ જોગવાઇનો એક રૂપિયો પણ મૂક્યો નથી. ત્યારે મંત્રીશ્રીને વિનંતી છે કે તમે આના માટે થોડું ધ્યાન આપો. અમારી ચિંતા છે કે આ બજેટ જુદા જુદા વિભાગોમાં જાય છે અને જુદા જુદા વિભાગોમાં અમારો સ્પેશ્યલ કોઇ સબ કોડ ન હોવાના કારણે એ.જી. ઓડિટ થતું નથી. આ જનરલ ઓડિટમાં ટ્રાયબલનું કેટલું બજેટ છે તેનો કોઇ ખ્યાલ આવતો નથી. કેટલું બજેટ વપરાયું છે તેની કોઇ માહિતી મળતી નથી. મારી આ સરકારને અને મંત્રીશ્રીને વિનંતી છે આના માટે સ્પેશ્યલ ટ્રાયબલનું બજેટ જે જુદા જુદા વિભાગોમાં વપરાય છે તેનો સબકોડ મેળવો કે જેથી એનું એ.જી. ઓડિટ થઇ શકે. ૨૦૦૭માં જે તે વખતના તત્કાલિન મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે દરેક ગામે અને દરેક ફળીયે બારમાસી પાકા રસ્તા થઇ જશે. આજે પરિસ્થિતિ શું થઇ? જાહેરાત થઇ ત્યારે અમને એમ હતું કે આ ફળીયે ફળીયે બારમાસી પાકા રસ્તા થઇ જશે. આજે આટલા વર્ષો પછી સરકારે નકકી કર્યુ કે આ તો પ્લાન રસ્તા છે, નોન પ્લાન રસ્તા છે. મોટાભાગના આદિવાસી વિસ્તારોમાં નોન પ્લાન રસ્તા હોવાને લીધે આ રસ્તા થઇ શકયા નથી. આજે વીસ વર્ષ થઇ ગયા છે. મેઘરજ તાલુકાની વાત કરું તો ૩૦ એવા ગામો છે કે ચોમાસામાં કોઇ બિમાર પડે તો તાલુકા મથકે આવી શકતા નથી. તેનું એકમાત્ર કારણ હોય તો વાત્રક નદી અને ચુની નદી ઉપર પુલ ન હોવાના કારણે તે લોકો બિમાર હોય ત્યારે આવી શકતા નથી જેના કારણે ઘણા લોકોના મૃત્યુ થાય છે. અગાઉના ધારાસભ્યએ રજૂઆત કરી છે અને મારો વિસ્તાર આવે છે એટલે હું પણ આજે રજૂઆત કરું છું કે આમાં કોઇક ચિંતા કરો. મારી વિનંતી માનનીય મંત્રીશ્રીને છે. *(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું આ શબ્દો પાછા ખેંચી લઉં છું.

ઉપાધ્યક્ષશ્રી : *(xxx)શબ્દો બોલ્યા છે તે પરત ખેંચી લીધા છે.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર ફકત વાતો નહીં વચનપાલન એમ કહે છે. હમણાં અમારા મોહનસિંહભાઇ વાત કરતા હતા. સાહેબ આ વાતો જ કરે છે. કયારેય વચનપાલન કરતા નથી. એટલા માટે કહું છું કે ટોટલ રાજયનું આયોજન હોય તેમાંથી ૧૭.૫૭ ટકા બજેટ હોવું જોઇએ. આ સરકારે તે ફાળવ્યું નથી એટલે આ સરકાર વચન પણ પાળતી નથી. મંગુભાઇ ઘણી વખત ગૃહમાં કહેતા હોય છે કે તમારા ૧૯૬૦ થી અત્યાર સુધીના ૬૫૦૦ કરોડ રૂપિયા તેની સામે અમે તો ૧૫ હજાર કરોડ, ૪૦ હજાર કરોડ વાપર્યા. મંગુભાઇ મારે એ કહેવાનું છે કે અમે જે ૬૫૦ કરોડ આપ્યા હતા તેમાંથી અમે લોકોના રસ્તા બનાવ્યા, ગામડે ગામડે રસ્તાઓ કર્યા. તમે તેના ડામર નથી કરી શકયા. પાણીની વ્યવસ્થા કરી, પ્રાથમિક શાળાઓ કરી , હાઇસ્કૂલો કરી, કોલેજો કરી. અમે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કર્યા, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને હોસ્પિટલો કરી. તમે શું કર્યુ? તમે તો ફકત જાહેરાતો કરી અને વાતો કરી. આ પૈસા ખરેખર અમારા વિસ્તારમાં વપરાયા હોત તો અમારા વિસ્તારનો વિકાસ થયો હોત. તમે ગયા વખતે એમ કહ્યું હતું કે ૧૫ હજાર કરોડ નહીં પણ ૧૭ હજાર ૮૭૦ કરોડ રૂપિયા વાપર્યા છે. આ ૧૭ હજાર ૮૭૦ કરોડ વાપર્યા હોત તો એક એક તાલુકાને ૪૧૫ કરોડ રૂપિયા મળ્યા હોત. બધો જ વિકાસ થઇ ગયો હોત. આ પૈસા ત્યાં ગયા નહી સાહેબ. હમણાં જ ૧૨મી પંચવર્ષીય યોજનાની ૪૦ હજાર કરોડની વાત કરો છો તે પૈસા તમે વાપરો તો તેમાં ૯૩૦ કરોડ રૂપિયા એક એક તાલુકાને મળે છે. તમે આ નથી વાપરતા અને વિકાસ નથી કરતા. હું છેલ્લા પાંચ વર્ષના આંકડા આપવા માગું છું. છેલ્લા પાંચ વર્ષમાં તમે કેટલા પૈસા વાપર્યા તો ૩૩ હજાર ૮૬ કરોડ રૂપિયા. એક એક તાલુકામાં ૭૬૯ કરોડ રૂપિયા આવે. આ પૈસા વપરાયા ખરા? આ પૈસા કયાં ગયા? અમે તો તેનું ઓડિટ માગીએ છીએ. સિંચાઇ માટે આદિવાસી વિસ્તારોમાં મોટાભાગના ડેમ છે. તેમાંથી લીફટ ઇરીગેશનની કે બીજી કોઇ યોજના નથી. તમે ૩૭૦૬ કરોડ રૂપિયા ૪૩ તાલુકામાં છેલ્લા પાંચ વર્ષમાં વાપર્યા. તે પૈસા ગયા કયાં? પંદર વર્ષ પહેલાં જે પરિસ્થિતિ હતી તે જ પરિસ્થિતિ આજે છે. રસ્તાઓની જ વાત કરું છું. નીતિનભાઇ જોબ નંબર નથી આપતા પણ કહું છું સાહેબ ૩૧૨૬ કરોડ રૂપિયા ટ્રાયબલના ગયા. વિભાગમાં જઇએ તો એમ કહે છે કે તમારી કોઇ અલગ ગ્રાન્ટ નથી. આ પૈસા અમારા હોય છે. તેની કોઇ અલગ યોજના થતી નથી અને જોબ નંબર મળતા નથી. મારે તો મંત્રીશ્રીને અને સૌરભભાઇને વિનંતી છે કે તમે અમારા વિભાગની ગ્રાન્ટ અમને નહીં આપો તો ચાલશે પણ કમસેકમ અમારા વિભાગોની યોજનાનું આયોજન કરવાની માનનીય મંત્રીશ્રીને જવાબદારી આપો. જેથી એટલું તો આયોજન કરી શકે. તમે કયાં પૈસા વાપરો છો? નર્મદા નિગમનું શેરમૂડી ભંડોળ ૨૨૯૭ કરોડ છે તે પૈસા વપરાયા ખરા? તે પૈસા કયા આદિવાસી માટે વાપર્યા. તમે તો શહેરી વિકાસ માટે વાપર્યા. આ શહેરી વિકાસમાં આદિવાસીની એક ટકો પણ વસ્તી નથી. તેના તમે ૧૪૬૩ કરોડ રૂપિયા વાપર્યા. આ વખતે ૨૬૩ કરોડ રૂપિયા ફાળવ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, આ રીતે આ તમે પૈસા વાપરો છો પણ સ્થળ ઉપર વિકાસ થતો નથી. છેલ્લે સાહેબ, મારે એટલી જ વિનંતી કરવી છે કે, અમારા વિસ્તારમાં હાઇસ્કૂલો, આશ્રમશાળાઓ બધું ચાલે છે પણ છેલ્લા ૯ વર્ષથી ત્યાં શિક્ષકોની ભરતી કરી નથી તો મારે મંત્રીશ્રીને પૂછવું છે કે, એવી કોઇ યોજના તમે દાખલ કરી છે કે વગર શિક્ષકે શિક્ષણ મળે?

---

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

એકલવ્ય સ્કૂલોમાં શિક્ષક ન મળે, આદર્શ નિવાસી શાળામાં શિક્ષક ન મળે તો સરકારે કઇ યોજનાઓ કરી છે? આ સરકારનું કોઇ આયોજન છે? માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે, સૌરભભાઇને કહો કે કોઇ આવા શિક્ષકો માટે ગ્રાન્ટ મંજૂર ન કરતા હોય તો આખું ગૃહ વાત કરે કે જે આદિવાસી વિસ્તાર માટેની આ ગ્રાન્ટ છે એ તમે મંજૂર કરો.

મારે છેલ્લે વન વિભાગની વાત કરવી છે. વન વિભાગમાં ૧ લાખ ૯૨ હજાર વ્યક્તિગત દાવાઓ આવ્યા હતા એ વ્યક્તિગત દાવાઓમાંથી ફક્ત ૬૯,૨૦૧ દાવાઓ જ મંજૂર થયા છે અને મોટા ભાગના દાવાઓ બાકી છે અને એમાં જમીન પણ તમે ફકત ૩૯ હજાર હેકટર જ આપી છે અને જે સામૂહિક દાવાઓ હતા એમાં ૪ લાખ હેકટર જમીન આપી છે. આ જે વ્યક્તિગત દાવાઓ છે એ તમે મંજૂર કરો કારણ કે, આદિવાસી ગરીબ માણસ છે એમને ખબર નથી અને કેન્દ્ર સરકારનો જે.બી.આઇ.સી. પ્રોજેકટ આવેલો છે જાપાનનો પ્રજેકટ, માનનીય મંત્રીશ્રી હમણા વાત કરતા હતા ૮૩૦ કરોડનો આ પ્રોજેકટ છે અને એ ૨૦૦૮થી ચાલુ થયો છે તો આજે ૨૦૧૫ ની સાલ થઇ, તમે આ પૈસા વાપરી શક્યા નથી ૮૩૦ કરોડ રૂપિયામાંથી ૪૧૦ કરોડ રૂપિયા હજુ પણ પડતર છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે હજુ સુધી તમે આ પૈસા નથી વાપરી શક્યા, તમારી પાસે કોઇ આયોજન નથી, મારી વિનંતી છે માનનીય મંત્રીશ્રીને કે, જંગલ વિસ્તારમાં પાણી રહે એના માટે તમે કોઇ આયોજન કરો. ચેકડેમ બનાવો, તળાવો બનાવો અને એમાં ટેકનીકલ એક્સપર્ટ માણસો રાખો કારણ કે આજે પરિસ્થિતિ એ થાય છે કે તમે જંગલ વિસ્તારમાં જે ચેકડેમ બનાવો છો ઉપર પથ્થર સારો દેખાય છે નીચે પાણી વહી જાય છે અને એના લીધે જંગલ વિસ્તારના પ્રાણીઓ આજે ત્યાંથી ફરી અને પાછા ગામડાંમાં આવે છે અને એના લીધે પરિસ્થિતિ એ પેદા થાય છે કે, વન્ય પ્રાણીઓ દ્વારા હિંસક પ્રવૃતિઓ થાય છે એનાથી ત્યાં મુશ્કેલી થાય છે. એના સિવાય મારે બીજી એક વાત કરવાની છે કે, આ સરકારમાં આદિવાસીઓ માટેનો જે પંચાયત ધારો છે, પેસા કાયદો એનો અમલ નથી થતો અને એના માટે મારી વિનંતી છે મંત્રીશ્રીને કે પેસા કાયદાનો ચૂસ્તપણે અમલ કરો, એના લીધે જે ગ્રામસભાઓને કામો મંજૂર કરવામાં આવે છે એ ગ્રામસભાઓ જેનો અધિકાર છે એ કામો છે એ મંજૂર થતા નથી. આદિવાસીઓને અપમાનીત કરવામાં આવે છે, અહીંયા વનબંધુ કહેવામાં આવે છે, વનવાસી કહેવામાં આવે છે એ તમે શાને માટે કહો છો? એવું તમે ક્યા ગેઝેટમાં બહાર પાડ્યું છે? કયારે આ શબ્દો આદિવાસીઓ માટે દાખલ કર્યા? આ બધા પરિપત્રોમાં આવે છે ત્યારે મારે વિનંતી છે કે, આ શબ્દ સદંતર બંધ થવો જોઇએ અને અમારા સમાજનું જે અપમાન થાય છે એ અપમાન બંધ થવું જોઇએ અને આ માટે માનનીય અધ્યક્ષશ્રી, તમે અમને રક્ષણ આપો એટલી અમારી વિનંતી છે.

શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના માનનીય મંત્રીશ્રી મંગુભાઇ પટેલ સાહેબ આ ગૃહમાં ખૂબ મોટી માતબર રકમ ૬૬૯૦.૫૩ કરોડની આદિજાતિ વિકાસ વિભાગની માગણીઓ લઇને આ સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું પણ મારા વિચારો આ ગૃહ સમક્ષ રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાત રાજયની ૧૫ ટકા વસતિ આદિવાસીની છે. પૂર્વપટીનો ડુંગરાળ અને ભૌગોલિક રીતે ખૂબ પછાત સ્થિતિમાં રહેલા આ આદિવાસી વિસ્તારમાં આદિવાસી લોકો રહે છે. અહીંયા હમણા જ ડોકટર સાહેબને હું સાંભળતો હતો કે આદિજાતિ લોકોને વનબંધુ કહેવામાં આવે છે, બજેટ વપરાયું નથી. ખૂબ વર્ષોથી અમને પણ શાસનનો અનુભવ છે, આદિવાસી વિસ્તારો જે રીતે આખું ગુજરાત વિકાસ કરી રહ્યું છે એની સાથે આદિવાસીઓ કદમથી કદમ નથી મિલાવતા એ આપણે બધા જાણીએ છીએ એના માટે ભારતના બંધારણમાં પણ ડો.બાબાસાહેબ આંબેડકરે ખાસ કિસ્સા તરીકે જ્યારે એમના ઉત્થાન માટે અને વિકાસ માટે દૂર પાછળ રહી ગયેલા વ્યક્તિને કેવી રીતે આપણા વિકાસની સાથે હાથથી હાથ મિલાવીને આગળ લઇ જવાનો છે એના માટે ખૂબ વ્યાપક રીતે આ સરકારે પણ પગલાં ભર્યા છે.
૨૦૦૧માં ૫૦૦૦ કરોડ રૂપિયાનું આયોજન થયું ત્યારે તત્સમયના મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કહ્યું કે આદિજાતિ પ્રજા પાસે એટલી તાકાત છે, પરિશ્રમ કરવાની તાકાત છે, એકાગ્રતા છે,હિંમત છે, એની પાસે ગણતરીઓ છે પણ એ વિકાસમાં શા માટે પાછળ રહી ગયો છે કારણકે વરસોથી આ કોંગ્રેસની સરકારના શાસનમાં આ છેવાડાના માનવીનો હાથ ઝાલીને લઇ જવો જોઇએ, સાથે લઇ જવો જોઇએ એ લઇ જઇ શક્યા નથી, મેં મારા ગામમાં પ્રાથમિક ધોરણ ૧ થી ૭નું શિક્ષણ વડના ઝાડ નીચે ભણીને કાઢ્યું છે. અમે આશ્રમશાળામાં રહીને આશ્રમમાં ભણતા હતા, આજે અત્યારની આશ્રમશાળાઓ એકલવ્ય મૉડેલ સ્કૂલ આ બધું જોતાં એવું લાગે કે અમે સ્વર્ગમાં છીએ. અમારા આદિવાસી બાળકોને અમે ઓળખી નથી શકતા, એનો વાલી મૂકીને જાય, છ મહિના પછી એને ઓળખી ના શકે એવો એને તંદૂરસ્ત ખોરાક આપવામાં આવે, શહેરની કોમર્શિયલ એકદમ નવી હાઇ ટેક વિદેશની સ્કૂલો, હોસ્ટેલ હોય એવા પ્રકારની એને રહેવા માટેની આ એકલવ્ય મૉડેલ સ્કૂલમાં વ્યવસ્થા કરવામાં આવી છે. ગુણવત્તાનું શિક્ષણ હોય, સારામાં સારું આજે પાંચમા ધોરણમાં ભણતા બાળકને પણ કમ્પ્યુટરની આંગળીથી આખી દુનિયા સાથે વાત કરતા જોઇએ, એકલવ્ય મૉડેલ સ્કૂલમાં આ જોઇએ તો આપણને ખ્યાલ આવે કે આપણે આ ગૃહના પ્રતિનિધિઓ છીએ, ખૂબ સારી વાતો કરીએ છીએ, વિકાસ માટે બધી જ તંદૂરસ્ત ચર્ચા કરતા હોઇએ ત્યારે નરેન્દ્રભાઇએ એક શબ્દની અંદર વાત કરી છે, આ આદિવાસી લોકો પાસે બધું જ છે પણ એમને સહેજ સહારાની જરૂર છે, એને મુળભૂત અધિકારો જે આપવામાં આવેલા છે એ ઓછાં છે એ અધિકારો આપવાની જરૂર છે એને શિક્ષણથી આપણે વંચિત રાખ્યો છે એને મકાન અને રોજગારલક્ષી રાજ્ય ચાલી રહ્યું છે તે રીતે આપણે રોજગારી આપી શકતા નથી એના માટે એના આરોગ્યની સુવિધા ન હોય, આ બધી સુવિધાઓ આપવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ દસ મુદ્દાનો કાર્યક્રમ આપ્યો જે રોજગાર લક્ષી હોય, ગુણવત્તાભર શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ મળે, એનો આર્થિક વિકાસ થાય,

એને આરોગ્યની સુવિધાઓ મળે, આવાસની વાત કરું તો છેલ્લાં ત્રીસ વરસનો ક્વોટા માત્ર એક બે વરસમાં પૂરો કરી દીધો, કાચા ઝુંપડામાં રહેતા આદિવાસીઓને શુદ્ધ પીવાનું પાણી ના મળે, હેન્ડ પંપો નહોતા, જંગલમાં જે નદીઓ ચાલતી હોય એના વહેળામાંથી પાણી લઇને ગાળીને માટલામાં નાંખીને આ લોકો પીતા હતા એમના આરોગ્યની કેવી દશા હોય? જે તે તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ગામડે ગામડે પેટા આરોગ્ય કેન્દ્રો પણ સ્થપાયા એના લીધે આરોગ્ય સારા થયા. વરસોથી સિકલસેલ નામનો રોગ થતો હતો તેનું પ્રમાણ પણ ઘટ્યું.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા (ગરબાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદિજાતિ મંત્રી માગણી નંબર-૯૩ અને ૯૬ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભી થઇ છું.

આજે આદિવાસીઓનો વિકાસ કરીને ઘણી મોટી જાહેરાતો ટી.વી.ના માધ્યમથી કરે છે અને કહે છે કે આદિવાસીઓનો વિકાસ થયો છે પણ આજે અમને આદિવાસીઓને એક થપ્પડ મારી છે. અમારે દુઃખ સાથે કહેવું પડે છે કે, આજે અમારી આદિવાસીઓના વિભાગની માગણીઓમાં બોલવાનું હતું એમાં અમને વીસ જ મિનિટ ફાળવવામાં આવી છે આ એક શરમજનક વાત છે. રાજ્યમાં આદિવાસીનો વિસ્તાર ઘણો મોટો છે. રાજ્યની પૂર્વ સરહદે આદિવાસી વિસ્તાર આવેલો છે. આર્થિક રીતે નબળા વિસ્તારોમાં આદિવાસીઓ વસે છે. આમાંના મોટાભાગના વિસ્તારોની ખાસિયત ડુંગરાળ પ્રદેશ, વરસાદ અને ભૂમિમાં મોટાભાગનો વન વિસ્તાર આવેલો છે. આદિવાસીની સઘન વસતિ ધરાવતા વિસ્તારોમાં અમારા આદિવાસીના જિલ્લાઓ બાર જેટલા છે અને તાલુકાઓ ૪૩ આવેલા છે. એમાં છેક અંબાજીથી ઉમરગામ સુધીનો વિસ્તાર આદિજાતિનો જ આવેલો છે, દાહોદ જિલ્લાની વાત કરું છું ત્યારે દાહોદ અને પંચમહાલ, મહીસાગર અને છોટાઉદેપુર ત્યાંના આદિવાસી લોકો બહેનો અને ભાઇઓ મજૂરી કરવા જાય છે, વારંવાર આ સન્માનનીય ગૃહમાં મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, અમારા જે આદિવાસી ભાઇ બહેનો મજૂરી કરવા જાય છે અને બીજા જિલ્લાઓમાં મજૂરી કરવા આવે છે અને ત્યાં રોકાય છે ત્યાં અમારી મા બહેનો ઉપર દુષ્કર્મ અને બળાત્કાર જેવા કાર્યો થાય છે, આજે ના કહેતા હમણાં જ એક મહિના પહેલાં મારા મત વિસ્તારમાં એક કઠલા ખંગેલાની બાજુમાં આવેલું નાનુ છૂટ્ટું ગામ છે ત્યાં તેમની છ વર્ષની પુત્રી ઉપર આવું દુષ્કર્મ કર્યું એ શરમજનક વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારમાં આદિવાસીની વાતો થાય છે ત્યારે બે ત્રણ વર્ષ પહેલાં પણ આ સન્માનીય ગૃહમાં હું બોલી હતી ત્યારે મારા વિસ્તારની ત્રણ ત્રણ બહેનો ઉપર આવુ દુષ્કર્મ કરવામાં આવ્યું એ અમારા આદિવાસી માટે દુઃખની વાત છે. આજે આવા આદિવાસી જિલ્લા દાહોદ, ગોધરા, છોટા ઉદેપુર, આવા આદિવાસી છેવાડાના માનવી સુધી કોઇ જી.આઇ.ડી.સી.કે ઉદ્યાગો સ્થાપેલા નથી એટલે અમારા લોકો બીજા જિલ્લાઓમાં જાય છે. તેઓ રસ્તાની ફૂટપાથ ઉપર પડી રહે છે અને ત્યાં અમારા લોકો માટે સરકારશ્રી આગળની કેન્દ્ર સરકાર જે ગ્રાન્ટો આપતી હતી અને એમાં જે રેઇન બસેરા બનાવવામાં આવતા હતા તે હમણાં બનાવી શકતા નથી એટલે અમારી બહેનો, માતાઓ બહાર પડી રહે છે એ મારે દુઃખ સાથે કહેવું પડે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આશ્રમશાળાની વાત કરું ત્યારે ઉંડાણવાળા વિસ્તારમાં, આદિવાસી વિસ્તારમાં એક પરિપત્ર થયો હતો. ૧૯-૪-૨૦૧૦ના રોજ નાણાં વિભાગનો ઠરાવ થયો, ૬-૧૦-૨૦૧૧ના રોજ નાણાં વિભાગનો ઠરાવ થયો, ૨૦-૧૦-૨૦૧૪ના નાણાં વિભાગનો ઠરાવ થયો. ઉપરોકત ઠરાવ મુજબ છેલ્લા ત્રણ ચાર વર્ષથી ફિક્સ પગારમાં વર્ગ-૩ અને જના તમામ કામદારોને કે અધિકારીઓને વધારો આપ્યો પરંતુ આદિજાતિ વિકાસમાં સંચાલિત આશ્રમશાળા ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓની વર્ગ-૩ અને જના કર્મચારીઓની અમે ઘણી વખત રજૂઆતો કરી છે. આદિજાતિ વિકાસ કમિશ્નરને પણ આવી ઘણી બધી રજૂઆતો કરી છે. અત્યાર સુધી તેમના ફિક્સ પગારમાં વધારો કરવામાં આવતો નથી. ચોવીસ કલાક આશ્રમશાળામાં આ કર્મચારીઓ કામ કરે છે.

ઉપાધ્યક્ષશ્રી : ચંદ્રિકાબેન આપની પાસે બે મિનિટ છે.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે આદિવાસીઓની જમીનો ઉપર હક્ક મેળવવા માટે આજદિન સુધી બાકીના કારણે અધિકારપત્રો ૭/૧૨માં નામ કે મહેસૂલમાં પણ નામ આવતું નથી. વનબંધુ કલ્યાણ યોજનાના નામે જાહેર કરાતી કરોડોની જોગવાઇ બજેટ સમયે દર્શાવેલી પણ ત્યારબાદ ખર્ચવામાં આવતી નથી અથવા તો તેમાં ઘટાડો કરવામાં આવે છે. મુખ્યમંત્રી જાતે જ આદિવાસી વિકાસ કલ્યાણના બદલે ઉપર નવ સેકટરમાં ઘટાડો કરીને આદિવાસીઓનો વિકાસ રૂંધે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી વિસ્તારમાં એક એવી કહેવત છે કે, •(xxx)

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આજે આદિવાસી વિસ્તારમાં આવુ બધુ થાય છે ત્યારે આજે આ સન્માનીય ગૃહમાં એવું કહેવા માગું છું કે, ૨૦૧૭ના વર્ષમાં જે હમણાં બાપુના રાજમાં અમારે ત્યાં લીલા લહેર થવાના છે અને ભાજપના વારા વાગી જવાના છે એવી અમારા આદિવાસીમાં કહેવત છે એટલે આદિવાસીઓની ચિંતા કરો. *(xxx)

---

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫
માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

ઉપાધ્યક્ષશ્રી : જે શબ્દોનો ઉપયોગ કર્યો છે તે હું રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇ ચૂંટણીમાં અમારા આદિવાસીઓને ખાતા ખોલાવો મુખ્યમંત્રી અને આપણા હાલના વડાપ્રધાન એ અમારા આદિવાસીઓના ખાતા ખોલાવીને *(xxx) માનનીય અધ્યક્ષશ્રી, આજે અમારા આદિવાસીઓને છેતર્યા છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જયંતિભાઇ સ. રાઠવા (જેતપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આદરણીય મંત્રીશ્રી મંગુભાઇ પટેલ આદિજાતિ વિસ્તાર પેટા યોજના માટે ૫૦ કરોડ ૬૨ લાખની માગણી નંબર ૫૯ લઇને આવ્યા છે તેમાં હું મારો મજબૂત સૂર પૂરાવા માટે અને મારા આદિવાસી વિસ્તારના મજબૂત વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

ગુજરાત રાજયમાં આદિજાતિની કુલ વસતિ ૯૦ લાખ જેટલી છે. જે રાજયની કુલ વસતિના ૧૪.૭૫ ટકા જેટલી થવા જાય છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે વનબંધુ કલ્યાણ યોજના દાખલ કરી. માનનીય જોષીયારાજી એમના પ્રવચનમાં એવું કહેતા હોય કે આદિવાસીપટ્ટો, પૂર્વ પટ્ટો અને વનમાં રહેતા વનવાસીઓને વનબંધુ કહેવામાં આવે છે. શ્રી રામ પણ આ વનવાસી વચ્ચે રહેતા હતા. હાલના વડાપ્રધાન મોદી સાહેબે વનબંધુ કલ્યાણ યોજનાની અંદર દસ મુદ્દા દાખલ કરીને આદિવાસીઓનો તમામ પ્રકારે વિકાસ થાય એના માટેની ચિંતા કરીને એમણે ૧૧મી પંચવર્ષીય યોજનમાં ૧૫ હજાર કરોડ રૂપિયાનું પેકેજ જાહેર કર્યું હતું જેમાં આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીનો પ્રશ્ન હોય, રસ્તાનો પ્રશ્ન હોય, શિક્ષણનો પ્રશ્ન હોય કે કોઇ શાળાનો ઓરડાનો પ્રશ્ન હોય કે આરોગ્યનો પ્રશ્ન હોય કે મધ્યપ્રદેશના કિનારે રહેતા આદિવાસીઓની ચિંતા આ દસ મુદ્દામાં હાલના માનનીય વડાપ્રધાનશ્રીએ કરીને એમાં ૧૫ હજાર કરોડ રૂપિયાને બદલે ૧૭ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. હાલની ૧૨મી પંચવર્ષીય યોજનામાં માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ સાહેબે સન ૨૦૧૨ થી ૨૦૧૭ના વર્ષ માટે ૪૦ હજાર કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આ રીતે તેઓએ ગુજરાતના આદિવાસીઓની ખૂબ જ ચિંતા કરી છે. માનનીય જોષીયારા સાહેબ અને માનનીય મોહનસિંહભાઇ શિક્ષણની વાત કરતા હતા ત્યારે મારે કહેવું છે કે કવાંટ તાલુકો છે એને રાજયની અંદર અલ્પ સાક્ષરતા જાહેર કરવામાં આવેલ છે. ત્યાં શિક્ષણનું પ્રમાણ ઓછું હોવાને કારણે આ ગુજરાતના આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે શિક્ષણની ખૂબ જ ચિંતા કરી છે. અમારા કવાંટ તાલુકાના બાળકો તથા છોટાઉદેપુર તાલુકાના બાળકોને પ્રવેશોત્સવના આશિર્વાદ આપવા માટે પોતે જાતે આવ્યા હતા. આ રીતે આદિવાસી બાળકો શિક્ષણ મેળવે એના માટે ઘણી ચિંતા કરી છે.

મારા આદિવાસી વિસ્તારમાં પીવાના પાણીના પ્રશ્નો માટે અગાઉની સરકારો વખતે એક બોર આપવામાં આવતો હતો. એ બોર માટે પણ જે કોઇ બાહુબલી હોય એ પોતે પોતાના વિસ્તારમાં લઇ જતા હતા. પરંતુ અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી માનનીય શ્રીમતી આનંદીબહેન પટેલની સરકારની અંદર મારા આદિવાસી વિસ્તારમાં આજે પણ બોરના કામો ચાલે છે. છુટાછવાયા ઘરો છે ત્યાં પણ પીવાના પાણીના પ્રશ્ન માટે હેન્ડપંપોની વ્યવસ્થા કરેલી છે. જંગલ વિસ્તાર હોય જયાં લાઇટની સુવિધા નથી ત્યાં સોલર લાઇટ દ્વારા મીની પંપની યોજના દ્વારા પાણીનો પ્રશ્ન હલ કરવામાં આવ્યો છે. સોલર લાઇટ દ્વારા મીની પંપ ચલાવીને પાણી આપવાની અમારા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેને ચિંતા કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય જયંતિભાઇ, આપનુ પ્રવચન પૂરું થાય છે. માનનીય મંત્રીશ્રી મંગુભાઇ.

શ્રી મંગુભાઇ પટેલ ( આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વન અને પર્યાવરણ વિભાગ તેમજ આદિજાતિ વિકાસ વિભાગની માગણીઓ લઇને આવ્યો છું ત્યારે એની ચર્ચામાં ૭ જેટલા સભ્યશ્રીઓએ ભાગ લીધો છે. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી વિનંતી છે કે વિરામનો સમય કાપીને પણ સમય વધારવો જોઇએ કારણ કે આદિજાતિ અને વનબંધુ કલ્યાણની વાત છે અને સાથે સાથે વન અને પર્યાવરણ વિભાગની પણ ચર્ચા છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય બલવંતસિંહ, સામેના દંડકશ્રી પણ ના પાડે છે. (અંતરાય)

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : હું માગણી કરું છું, સમય વધારવા માટે વિનંતી કરું છું. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આ તમારા દંડકશ્રીઓનો વિષય છે. આપ પૂછી લો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : મારી વિનંતી છે. સમય વધારવો જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : મંજૂર છે? ( શ્રી પંકજ દેસાઇ બેઠાં બેઠાં ના પાડતાં) ના પાડે છે. મંગુભાઇ આપનું પ્રવચન ચાલુ રાખો. સભ્યશ્રીઓ પોત પોતાનું સ્થાન લે. શાસકપક્ષના દંડકશ્રીએ ઓલ રેડી ના પાડી દીધી છે.

(આ તબક્કે કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં હાજર રહેલા તમામ સભ્યો સૂત્રોચ્ચાર કરતા કરતા સભાગૃહ છોડી ગયા.)

શ્રી મંગુભાઇ છ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની માગણીઓ લઇને આવ્યો છું એમાં ૭ જેટલા ધારાસભ્યોએ પોતાની વાત કરી છે. વિરોધપક્ષના સભ્યોએ કેટલીક વાતો ટિકાત્મક રીતે કરી છે.

ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે
માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગની જે માગણીઓ લઇને આવ્યો છું તેમાં આ સરકારે જે આદિવાસીઓના કામો માટે કર્યું છે એના પ્રત્યક્ષ તેઓ સાક્ષી છે. વિરોધપક્ષમાં બેઠા છે એટલે સ્વીકારવાની વાત એ લોકો કરતા નથી એ સ્વાભાવિક છે. અહીં વિરોધપક્ષના કેટલાક સભ્યોએ વાત કરી કે, બજેટ ફાળવાય છે પણ વપરાતું નથી. મારે ફ્લોર ઉપર મૂકવું છે કે, ૧૯૬૧માં જ્યારે ગુજરાતની સ્થાપના થઇ તે વખતે ગુજરાતનું આદિજાતીનું બજેટ એક વર્ષ અને તે પણ સમાજ કલ્યાણ વિભાગ સાથે આદિજાતિ કલ્યાણનું બજેટ ફક્ત રૂ.૫૮/- કરોડ હતું. ૪૨ વર્ષના વાણાં વાયા પછી રૂ.૬૫૦૦/- કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે. ૪૨ વર્ષમાં રૂ.૬૫૦૦/- કરોડની આપણે ગણતરી કરીએ તો એક વર્ષના રૂ.૧૫૪/- કરોડ જેટલું બજેટ ગણાય. તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ સાહેબે ફક્ત પાંચ વર્ષમાં રૂ.૬૦૦૦/- કરોડનું બજેટ ફાળવ્યું છે, એ રેકર્ડ ઉપર છે. એટલે ૪૭ વર્ષના રૂ.૧૨૫૦૦/- કરોડ થાય. ૨૦૦૭માં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૪૪ નંબરનું નિવેદન કરીને વનબંધુ કલ્યાણ યોજનાનું આયોજન કર્યું અને એમાં દસ જેટલા મુદ્દાઓ સામેલ કર્યા. એમાં આદિવાસીઓના વિકાસની વાત હોય, રોજગારીની વાત હોય, એવા મુદ્દા લઇને રૂ.૧૫,૦૦૦/- કરોડનું બજેટ ફાળવી પાંચ વર્ષનું આયોજન કર્યું. જ્યારે પાંચ વર્ષ પૂરા થયા ત્યારે રૂ.૧૫,૦૦૦/- કરોડની જગ્યાએ રૂ.૧૭,૮૭૦ કરોડ વપરાયા. જે બજેટ ફાળવ્યું હતું એના કરતાં રૂ.૨.૭૫ કરોડ વધારે અને જે કામો થયા એનો જો સરવાળો કરીએ તો લાખોની સંખ્યામાં થાય છે. ફેઝ-૧માં જ્યારે સફળ થયા ત્યારે ફેઝ-૨ આવ્યું અને ૧૨ વર્ષ પછી ફરીથી રૂ.૪૦,૦૦૦/- કરોડનું બજેટ આ સરકારમાં આદિવાસીઓના કલ્યાણ માટે વપરાય છે. આ વખતે રૂ.૯૬૫૧/- કરોડ નું બજેટ છે. જેમ ૨૩ વિભાગની વાત કરી તેમ આદિજાતી વિભાગનું પણ લગભગ ૧૫૦૦ કરોડ રૂપિયાનું બજેટ છે અને ગુજરાત પેટર્નનું બજેટ ૩૯૯ કરોડ છે. આ ગુજરાત સરકાર ભારતીય જનતા પાર્ટીની સરકારે ૧૯૯૯-૨૦૦૦માં ગુજરાત પેટર્ન દાખલ કરી અને પેટર્ન દાખલ થયા પછી પેટર્નમાં જિલ્લામાં અને તાલુકામાં સત્તા આપી છે. સ્થાનિક સમસ્યાને ધ્યાનમાં રાખીને આ બજેટ ત્યાં વપરાય છે અને એની ૨૦૧૪-૧૫ સુધીની જો વાત કરું તો આજ સુધીમાં ૮૬,૯૪૨ કામો આદિવાસી વિસ્તારમાં ખાલી ગુજરાત પેટર્નમાંથી થયા છે. ખાલી ગુજરાત પેટર્નની વાત કરું એટલે લગભગ ૮૭ હજાર કામો અને બાકીના જે બધા જ વિભાગ કામ કરે છે એનો સરવાળો કરીએ તો દોઢ-બે લાખ જટલા કામો આદિવાસી વિસ્તારના અત્યારની ગણતરી પ્રમાણે લગભગ ૧૪ જિલ્લાના ૪૮ જેટલા તાલુકામાં થાય છે. અત્યારના વડાપ્રધાને આદિવાસીઓ માટે જે કામગીરી કરી છે, હું ઘણી વખત ભાષણમાં કહું છું ''ન ભૂતો ન ભવિષ્યતિ'' ભૂતકાળમાં તો આવું કોઇ કરી નથી શક્યા, ભવિષ્યમાં કરશે કે કેમ એ સવાલ છે પરંતુ તે વખતના મુખ્યમંત્રીશ્રીએ આદિવાસીઓ માટે જે કામ કર્યા, આદિવાસીઓના મસીહા તરીકે જે કામ કર્યુ છે અને આજે પણ ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય આનંદીબેન વધારે સારી રીતે આદિવાસીઓનું ધ્યાન રાખીને, નવી નવી યોજના મૂકીને આ પ્રમાણે કામ કરે છે. મારે તો માનનીય આનંદીબેન અને નાણામંત્રી સૌરભભાઇનો આભાર માનવો છે, ગુજરાતની ૯૦ લાખની આદિવાસીની જે વસ્તી છે એ બધા તરફથી માનનીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન અને નાણામંત્રીશ્રી સૌરભભાઇનો મારે આભાર માનવો છે. માનનીય નરેન્દ્રભાઇ માટે તો આદિવાસી સમાજ એટલો બધો ઋણી છે, આદિવાસી સમાજ ભણ્યો નથી, આજે સરકારની જે જુદી જુદી યોજના છે એના થકી સારું એવું શિક્ષણ પણ એમનામાં આવ્યું છે પણ આદિવાસીઓમાં આ દેશ પ્રત્યેની જે ભાવના, સમાજ પ્રત્યેની જે ભાવના છે એ ભાવનામાં આદિવાસી હંમેશા ભાવુક હોય છે, એ પ્રચાર, પ્રસારમાં અભણ, અજ્ઞાન હોય છે એટલે એ જઇ નથી શકતો પણ આદિવાસીની જે વસ્તી છે એ પૂર્વપટ્ટીના ૧૪ જેટલા જિલ્લા અને ૪૮ જેટલા તાલુકામાં, અંગ્રેજો જયારે આ દેશ પર જુલમ કરતા હતા ત્યારની બે-ત્રણ ઘટના છે એ મારે તમને કહેવી છે. આદિવાસી સમાજની સંસ્કૃતિની વાત કરીએ તો પૃથ્વીની ઉત્પત્તિની સાથે આદિવાસી સંસ્કૃતિનો પણ ઉદભવ થયો છે. અને આજે આદિવાસી સમાજે પ્રભુશ્રી રામચંદ્ર સાથે વર્ષો સુધી વનવાસમાં જીવન ગુજાર્યુ છે. ડાંગની જો વાત કરું તો શબરી માતા પોતે આદિવાસી હતા, ત્યાં રામ ભગવાન આવ્યા હતા અને શબરીમાતાના એંઠા બોર ખાધાએ પુસ્તકોમાં આપણે વાંચ્યુ છે. એ જ રીતે આદિવાસી સમાજનો પંચમહાલમાં મોટો વિસ્તાર છે ત્યાં ગુરૂ ગોવિંદસિંહજી જે સુધારા કરતા આદિવાસી સમાજના અને ત્યાં અંગ્રેજોની સાથે જે યુદ્ધ થયું હતું એમાં લગભગ ૧૫૦૦ જેટલા આદિવાસીઓ અંગ્રેજોની સાથે સંઘર્ષમાં માર્યા ગયા હતા ત્યાં માનનીય મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાને ગુરૂ ગોવિંદસિંહજીનું સ્ટેચ્યુ બનાવીને આખા આદિવાસી સમાજને ગૌરવ અપાવે તેવું કામ કર્યું છે. અને ત્યાં વન મહોત્સવ કરીને એક ટેકરી ઉપર લીલોતરી આખી અને ગુરૂગોવિંદસિંહજીની વર્ષો સુધી યાદ રહે, બરાબર બોર્ડર પર છે ગુજરાત અને રાજસ્થાન ત્યાં સ્મારક બનાવ્યું છે એ જ રીતે આદિવાસી ભીલ વેગડા રાજા જે વખતે સોમનાથમાં જયારે સંઘર્ષ થયો ત્યારે એ વેગડા રાજા શહીદ થઇ ગયા હતા અને એની આજે પણ ત્યાં તકતી જોઇ શકીએ છીએ. ડાંગના રાજાની વાત કરું તો ડાંગમાં અત્યારે દર વર્ષે ડાંગ મહોત્સવનો કાર્યક્રમ થાય છે એમાં પણ રાજાના વંશવાળા છે એમને દર વખતે સરકારશ્રી સાલીયાણું આપે છે. ત્યાં વૃક્ષોના ગીચ વનો આવેલા છે. એ વૃક્ષો મેળવવા માટેની અંગ્રેજોની બૂરી દાનત હતી એના રક્ષણ માટે રાજાના પરિવારોએ સંઘર્ષ કરીને ડાંગને સાચવ્યું છે. એ પણ ઈતિહાસમાં છે. પાન કરીને સાબરકાંઠામાં એક જગ્યા છે ત્યાં અંગ્રેજોએ જૂલ્મો કરીને જલિયાવાલા બાગને પણ ભુલાવી દે એ રીતે ૧૨૦૦ જેટલા આદિવાસીઓને કૂવામાં ફેંકી દઇને મારી નાખેલા. એ જગ્યા ઉપર પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ સરસ મજાનું શહિદ સ્મારક બનાવીને આદિવાસીઓને ગૌરવ અપાવ્યું છે. આજે સમય તો ઓછો છે પણ સામેવાળાને થોડો જવાબ આપવો હતો પણ અત્યારે એ લોકો નથી. આક્ષેપો કરીને ભાગી જવું એ એમની કાયમની નીતિ રહી છે. હું શરૂઆતમાં જ્યારે ૧૯૯૦માં ચૂંટાયો તે વખતે શિક્ષણ મંત્રીને મારો પ્રશ્ન હતો કે, ગુજરાતમાં આદિવાસીઓમાં કેટલું

શિક્ષણ છે? મને જવાબ મળ્યો હતો કે ૨૯ ટકા. તેમાં પણ બનાસકાંઠામાં તો કાંતિભાઇ નથી, મારે એમને કહેવું હતું કે, બનાસકાંઠામાં પુરુષોમાં ૨૧ ટકા શિક્ષણ હતું અને સ્ત્રીઓમાં ફકત ૭ ટકા શિક્ષણ હતું. આજે ગુજરાત સરકારની નીતિઓના કારણે આદિવાસી સમાજના વિદ્યાર્થીઓને આગળ લઇ જવા માટેના શિક્ષણમાં સુધારા વધારા થયા છે અને સવલતો અને વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે અને આજના તબક્કે જોઇએ તો આદિવાસીઓમાં ૨૦૧૧ની વસતિ પ્રમાણેની વાત કરીએ તો પુરુષોમાં ૭૧ ટકા શિક્ષણ થયું છે. ક્યાં ૨૯ ટકા અને ક્યાં ૭૧ ટકા. લગભગ ૪૧ ટકા શિક્ષણ વધ્યું છે. બહેનોમાં ૫૩ ટકા શિક્ષણ છે. આમ, જો સરવાળો કરીએ તો ઓવર ઓલ ૬૨ ટકા જેટલું શિક્ષણ આજે આદિવાસીઓમાં જોવા મળે છે. સામાન્યમાં ૭૮ ટકા છે પણ આદિવાસીઓની શિક્ષણ માટેની સરકારની જુદી જુદી યોજનાઓ છે, કન્યા કેળવણી હોય, પ્રવેશોત્સવ હોય, આશ્રમ શાળાની વાતો થતી હતી, છાત્રાલયોની વાતો ચાલતી હતી. ૫૪૯ જેટલી આશ્રમશાળાઓ આવેલી છે અને એક હજાર જેટલા છાત્રાલયો આવેલા છે. એકલવ્ય મૉડેલ સ્કૂલની વાત અહીંયા થઇ. સમગ્ર શિક્ષણની વાત છે એની વાત કરીએ તો આજે આદિવાસીઓમાં મા–બાપને પણ પ્રોત્સાહન મળ્યું છે. એના કારણે આદિવાસીઓમાં શિક્ષણ વધતું જાય છે. આદિવાસીઓમાં શિક્ષણની ભૂખ નીકળી હોય એ પ્રકારનું વાતાવરણ જોઇએ છીએ. આજે સરકારનું બજેટ જોઇએ તો અત્યાર સુધી આશ્રમશાળાના બાળકોને, છાત્રાલયના બાળકોને ફૂડ બિલ ૧૦૦૦ રૂપિયા મળતું હતું. મને બરાબર ખ્યાલ છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી કેશુભાઇ હતા તે વખતે ૩૫૦ જેટલું ફૂડ બિલ મળતું હતું. એ વખતે રજૂઆત થઇ કે ૩૫૦ રૂપિયામાં આ મોંઘવારીમાં કંઇ ન આવે. એમાં વધારો કરવો જોઇએ. માનનીય કેશુભાઇએ ૧૫૦ રૂપિયાનો વધારો કરીને ફૂડ બિલ ૫૦૦ રૂપિયા કરેલ હતું. ત્યાર પછી માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ આવ્યા, એમણે ૧ હજાર રૂપિયા સુધી ફૂડ બિલ વધાર્યું. આ રીતે ફૂડ બિલમાં વધારો કર્યો. ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય આનંદીબેને આ વખતે આ ૧ હજારમાંથી સીધા ૧૫૦૦ રૂપિયા કર્યા છે. આવો કોઇ વધારો કોઇ વખત આટલા સમયમાં જોયો નથી. વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે એ રીતે વધારો કર્યો છે. આજે ધારાસભ્યો આ સભાગૃહમાં બેઠા છે એ બધાને વિનંતી છે કે તમે તમારા વિસ્તારમાં આવી આશ્રમશાળાઓ ચાલતી હોય, ઉત્તર બુનિયાદી શાળાઓ ચાલતી હશે એમાં સરકારે આજે જે ૫૦૦ રૂપિયાનો વધારો કર્યો છે એના માટે બાળકોને પૂરતી સુવિધા મળી રહે, અઠવાડિયામાં પૌષ્ટિક ભોજન આપે, દૂધ આપે, ઠંડીની મોસમમાં બાળકો ઠંડીથી ધ્રુજતા હોય તો સ્વેટરની વ્યવસ્થા કરે, રાત્રે સૂતી વખતે ગરમ ઓઢવાની વ્યવસ્થા કરે એના માટે ધારાસભ્યો પોતે પોતાના વિસ્તારમાં આટલી કાળજી રાખે. સરકારે એનું કામ કરી દીધું છે. કોઇ સંસ્થામાં ૧૦૦ બાળકો હોય તો ૫૦૦ રૂપિયા લેખે એને ૫૦ હજાર વધારે મળવાના છે. તો આપણે કાળજી રાખીને એ આદિવાસી બાળકોનું બરાબર ધ્યાન રાખીએ એ મારી વિનંતી છે. મારે આદિવાસી બાળકોએ જે પ્રગતિ કરી છે એ પ્રગતિની સામાન્ય વાત મારે તમને કરવી છે. આજની તારીખે સરકારની જે યોજના છે એ યોજના પ્રમાણે જો જોઇએ તો ભાઇશ્રી રમણભાઇએ પણ એમના વિભાગની ચર્ચા વખતે કહ્યું હતું. આદિવાસીઓને આજે વીમાનમાં બેસવાનું મળેને તો એનું સદ્ભાગ્ય ગણાય છે. આદિવાસી બાળકોને પાયલોટ બનાવવાની સરકારની યોજના છે. આજે ૧૫ જેટલા આદિવાસી યુવાનો પાયલોટનું શિક્ષણ મેળવે છે અને તેમાં તો ચાર પાયલોટ બની ગયા છે. બે જણા વિદેશમાં જ પાયલોટ તરીકે નોકરી કરે છે અને બે જણાને અહીંયા પણ નોકરી મળી ગઇ છે. તમને જાણીને આનંદ થશે કે આ ૧૫ માં બે તો આદિવાસીની દીકરી છે. આ રીતે પાયલોટ બને એ કદાચ ઇતિહાસમાં આવો બનાવ બન્યો નહિ હોય. મારે તો આ બાબતે નરેન્દ્રભાઇનો ખૂબ આભાર માનવો જોઇએ. અમે તો જ્યારે ઊંડાણમાં, ડાંગમાં જઇએ છીએ તો કોઇ નેતા આવવાનો હોય તો અડધા લોકો તો હેલીપેડ પર જ હોય છે. આપણે એમ કહીએ કે, સાહેબ આવી ગયા ચાલો તે કહે કે ભાઇ અમે તો હેલીકોપ્ટર ઉડે તે જોવાના. આવી જ્યારે લાગણી પડેલી છે અને તેવા સમાજને આજે જ્યારે કોઇ નેતા બે વર્ષ પછી જશે અને હેલીકોપ્ટરમાંથી નેતા ઉતરશેને તો પાયલોટ તરીકે આદિવાસી યુવાન ઉતરશે. માનનીય નરેન્દ્રભાઇએ આદિવાસીઓનો ભવ સુધારી દીધો એમ કહીએ તો ખોટું નથી. આ રીતે આદિવાસીની આજે જે કાંઇ ગણના થાય છે એ આ પ્રમાણે એકે એક ક્ષેત્રમાં પછી એ ઊર્જાની વાત હોય કે રોડની વાત હોય. મારી સાથે આદિવાસી વિસ્તારમાં આવો તો ખરા? કોઇ પણ વિસ્તાર કે પોતાનો વિસ્તાર પકડીને થોડું કંઇ કામ નથી થયું તેની વાત કરે પણ આવોને આદિવાસી વિસ્તારમાં, કેટલી સડસડાટ તમારે ૧૦૦ની સ્પીડે જવું હોય એવા રોડ બન્યાં છે. નીતિનભાઇ બહુ આવતાં નથી પણ નીતિનભાઇને પણ મારે લઇ જવા છે. રોડના આટલા સારા કામ થયા છે. આજે આદિવાસીનો કોઇપણ વિસ્તાર પકડી લો, એ વિસ્તારમાં આજે રોડનું કામ દેખાય છે, ઊર્જાનું પણ કામ દેખાય છે, સિંચાઇનું પણ કામ દેખાય છે. આ રીતે જ્યારે આદિવાસી સમાજ અને એના વિસ્તારનો વિકાસ થઇ રહ્યો છે ત્યારે કોઇ એક–બે જગ્યાએ કામ નથી થયું. એટલા માટે આપણે એમ કહીએ કે કામ નથી થતાં. ખરેખર વિરોધપક્ષમાં છે એટલે કહેવું પડે છે કે ભાઇ, સરકારનો કોઇને કોઇ વાંક કહેવો પડે. પરંતુ મારે તો એવું કહેવું છે કે, આ સમય તમને મળે છે. બે લાખના પ્રતિનિધિ તરીકે જ્યારે અહીંયા આદિવાસી ધારાસભ્ય છે, બીજા પણ ધારાસભ્યો છે તે બધાને મારી એક વિનંતી છે કે જ્યારે તમે આદિવાસી વિસ્તારના ધારાસભ્ય બન્યાં છો અને સરકાર આટલી સારી છે. આદિવાસીઓ માટે જ્યારે આટલો ખર્ચો કરે છે ત્યારે આપણી પાસે આ સુવર્ણ સમય મળ્યો છે એને જરાક પણ ગુમાવ્યાં વગર કેવી રીતે આદિવાસી સમાજની સેવા કરીએ એના માટેની આપણને તક મળી છે. તો જરાક પણ ખામી નહીં રાખીએ અને જેટલો સમય મળે તેટલો વધારેમાં વધારે આદિવાસીના એકે એક પ્રશ્નની ચિંતા કરીને આખા સમાજને બીજા સમાજની હરોળમાં લાવવા માટેનો પ્રયત્ન કરીએ એજ મારી વિનંતી છે. એની સાથે મારા વન વિભાગની પણ વાત કરવી છે.

માનનીય અઘ્યક્ષશ્રી, વન વિભાગની વાત પણ વિરોધપક્ષના કેટલાક ધારાસભ્યો કરતા હતા. બધાને જે અનુભવ થાય છે ૧૯૭૧થી દુનિયાભરમાં વૃક્ષોની ચિંતા, પર્યાવરણની ચિંતા આપણને સતાવે છે અને એ પર્યાવરણની ચિંતા માટે બધાને એમ કહેવામાં આવે કે ભાઇ, તમારી પાસે જ્યાં પણ જગ્યા છે ત્યાં, તમારી સંસ્થામાં, તમારા ખેતરમાં, તમારી સ્કુલમાં જ્યાં પણ તમને જગ્યા મળે ત્યાં વૃક્ષ વાવો અને પર્યાવરણ બચાવો. આ ૧૯૭૧થી આ ચિંતા ચાલે છે. ૨૧મી માર્ચે વિશ્વ વન દિવસની ઊજવણી પણ છે. ૧૯૭૧ થી સતત ને સતત આ ઊજવતાં પણ આવ્યાં છીએ. આપણે જાણીએ છીએ કે વૃક્ષ આપણને શુદ્ધ પ્રાણવાયુ આપે છે, ફળ આપે છે, ફૂલ આપે છે, છાલ આપે છે, લાકડું આપે છે. એક સરસ મજાની પંકતી છે, ‘‘જીતે લકડી, મરતે લકડી, દેખ તમાશા લકડી કા’’. માનનીય અઘ્યક્ષશ્રી, બાળકનો જન્મ થાય એટલે પહેલાં ઘોડિયામાં સુવડાવે, અસલ ઘોડીયા લાડકાના હતા. હવે તો બધા લેટેસ્ટ આવ્યા મોર્ડન જમાનામાં. બાળકને ચલાવતા શીખવવું હોય તો ચાલણગાડી પણ લાકડાની, સ્કુલમાં જવું હોય તો સ્કુલ લાકડાની, આપણે ધારાસભ્યોને બેસવાની બેન્ચ પણ લાકડાની. આપણને સ્કુલમાં દરેક સુવિધા એ બધી લાકડાની અને છેલ્લે જવાનું હોય ઉપર તો પણ લાકડામાં જ.

આપણે ઝાડ ઉપર પથ્થર મારીએ તો પણ એ પરોપકારી વૃક્ષ આપણને ફળ આપે. સરસ મઝાની કેરી આપે, સફરજન આપે. છતાં પણ આપણે એના માટે કોઇ દિવસ ચિંતા નથી કરતા. અને ચિંતા નથી કરી એટલા માટે ગ્લોબ્લ વોર્મિંગ આવી. ગ્લોબ્લ વોર્મિંગ એટલે શું ? આ અત્યારે કાંઇ કેટલીય વખત માવઠા પડે છે, અત્યારે બે –ત્રણ વાર વિધાનસભામાં પણ ચર્ચા થઇ. આ માવઠું પડવાનું કારણ શું ? નહીં તો કુદરતે તો નક્કી કરેલ છે. પહેલાં કોઇ જાણતું હતું કે કલાઇમેટ ચેઇન્જ એટલે શું ? એ છેલ્લા ચાર–પાંચ વર્ષથી કલાઇમેટ ચેઇન્જના કારણે હવામાં એટલું બધું ઓક્સીજનનું પ્રમાણ ઘટી ગયું, આખું દુષિત વાતાવરણ થઇ ગયું. આજે તમે જુઓ તો કુદરતે તો નક્કી કરેલું છે કે, ચાર મહિના શિયાળો, ચાર મહિના ઉનાળો અને ચાર મહિના ચોમાસું. કેટલાક સમાજ તો એવી રીતે ટેવાયેલા છે કે, શિયાળામાં ગરમ ખોરાક ખાવાનો. ઉનાળામાં ઠંડો ખોરાક ખાવાનો અને ચોમાસામાં ગરમ ખોરાક ખાવાનો. શરીરની સમતુલા જળવાઇ રહે એના માટે પૂર્વજોએ નક્કી કરેલી આ બધી વસ્તુઓ છે. આપણે વધારે વૃક્ષો વાવવાથી આપણું જીવન સારું રહે. કેટલાય લોકો પોતાના બાળક માટે સંતાનો માટે ફિક્સમાં પૈસા મુકે. અત્યારનું જે વાતાવરણ છે એ ફિક્સમાં પૈસા મુકવાથી ચાલવાતું નથી. વાતાવરણ એવું પ્રદૂષિત થવાનું છે અને આ ગ્લોબ્લ વોર્મિંગની અસર આપણને અત્યારે જણાય છે, આગળ જતાં શું થશે એના માટે આખી દુનિયા ચિંતિત છે, પણ આપણે સિગરેટના ખોખા ઉપર લખેલું હોય કે, આ સિગરેટ પીવાથી તમારી હેલ્થને નુકસાન થાય પણ વાંચ્યા પછી પણ લોકો પીવે છે, એવી આ વાત છે. આપણને આટલી બધી ખબર હોવા છતાં વૃક્ષો વાવવાની જે વાત છે એ આપણા મનમાં આવતી જ નથી. કાપતા જ જઇએ છીએ, કાપતા જ જઇએ છીએ. એના કારણે વૃક્ષનું જે આવરણ છે એ આવરણ વધારવાની જરૂર છે.

મારે ગુજરાત માટેની વાત કરવી છે, ગુજરાતે જે કામ કર્યું છે એ અહીંયા બે–ત્રણ ધારાસભ્યો પણ કહેતા હતા. મારે સીધી વાત કરવી છે, વધતી જતી માનવ વસ્તીને ઔદ્યોગિકરણના લીધે એક બાજુ પ્રદૂષણ વધી રહ્યું છે, બીજી બાજુ સમગ્ર વિશ્વમાં વન વિસ્તાર ઓછો થતો જાય છે તેને લીધે સમગ્ર જીવ સૃષ્ટિ જોખમમાં મૂકાઇ ગઇ છે. આ વિષયની ચિંતા વિશ્વસ્તરે પર્યાવરણવિદોની છેક ગુજરાત રાજય ઔદ્યોગિક ક્ષેત્રે અગ્રેસર હોવાથી અને ગુજરાતમાં વાયબ્રન્ટ ગુજરાતથી કેટલાક ઉદ્યોગો નવા નવા આવ્યા છે. કોઇ પણ રાજ્યને કે કોઇ પણ દેશને પ્રગતિ કરવી હશે તો ઉદ્યોગ અને વેપાર એ મુખ્ય વાત છે. પણ ઉદ્યોગ આવે એટલે પ્રદૂષણ પણ આવે છે. નવી નવી ટેકનોલોજી નીકળી છે પ્રદૂષણને નિયંત્રણ કરવાની એને પણ અમારું જી.પી.સી.બી. બોર્ડ છે એ નવી નવી ટેકનોલોજી પ્રમાણે પ્રદૂષણને નિયંત્રણ કરવા માટેના મશીનો પણ રાખવાનો આગ્રહ કરે છે અને છતાં પણ કોઇ એવા યુનિટ હોય તો એ તો એ યુનિટને એ નોટિસ આપી કલોઝર પણ આપે છે કે ભાઇ તમે પ્રદૂષણ કરશો તો કોઇ રીતે ચાલવાનું નથી. અને જ્યારે સમગ્ર વિશ્વનો પ્રશ્ન છે તે વખતે આપણે પણ એટલી જ કાળજી રાખીને વૃક્ષ પ્રત્યેની લાગણી રાખવી જોઇએ. ફોરેસ્ટ સરવે ઓફ ઇન્ડિયાના છેલ્લા ૨૦૧૧ના રિપોર્ટમાં (સમયસૂચક ઘંટડી) ગુજરાત રાજ્યમાં ગાઢ જંગલો ૩૩૬ ચોરસ કિલો મિટર, મધ્ય ગાઢ જંગલો ૫,૨૩૧ ચોરસ કિલો મિટર, ખુલ્લા જંગલો ૯,૦૧૨ ચોરસ કિલો મિટર. આમ કુલ ૧૪,૬૧૯ ચોરસ કિલો મિટરના જંગલો વૃક્ષાચ્છાદિત વિસ્તાર જોવામાં આવે છે. મેન્ગ્રુવની વાત કરું. ૨૦૧૧ના રિપોર્ટના આધારે રાજયમાં કુલ ૭.૪૬ સઘન વન વિસ્તાર હતો જયારે વન વિસ્તાર બહાર ચાર ટકા વિસ્તારને વૃક્ષાદિત કરવામાં આવેલ છે. ભારતના અન્ય વિસ્તારની બહાર કુલ વૃક્ષોનો વિસ્તાર જોઇએ તો ૨.૮ છે અને એની સામે આપણો ૪ ટકા છે. આ સમગ્ર પ્રયત્ન વડે ગુજરાતને હરિયાળું ગુજરાત તરીકે ઓળખ ઉભી કરવામાં ગુજરાત રાજયની નેમ છે. મારે ચેરની વાત કરવી છે. દરિયાકિનારા પર સુનામી જયારે આવે છે ત્યારે સુનામીને અટકાવવા માટે આપણે ખાસ ચેરનું વાવેતર કરીએ છીએ. ગુજરાતમાં ૧૧૦૩૦૦ હેકટરમાં ચેર વાવેલું છે અને આ ચેર જે વાવેલું છે ભૂતકાળમાં જયરામ રમેશજી એ વખતના ફોરેસ્ટ મિનિસ્ટર હતા એણે મહારાષ્ટ્રમાં જઇને કહ્યું કે ચેરનું વાવેતર જોવું હોય તો તમે ગુજરાતમાં જોઇ આવો અને આજે જો જોઇએ તો પશ્ચિમબંગાળમાં જે કાંઇ સુંદર વન છે, બિહારમાં સુંદરવન છે. એના પછી ગુજરાત ચેરમાં અવ્વલ છે. બીજો નંબર ગુજરાતનો આવે છે.

સામાજિક વનીકરણ યોજના આ યોજના હેઠળ વન વિસ્તાર બહાર વૃક્ષોની સંખ્યા વધારવા તેમજ તે થકી લોકોને લાકડા આધારિત ઉદ્યોગોનો વિકાસ થાય તે હેતુ છે. સામાજિક વનીકરણ યોજના હેઠળ રસ્તા, રેલ્વે, માર્ગની બંને બાજુએ, નહેર ખાતા ઉપર વાવેતર, ગ્રામ વન વાવેતર તેમજ રોપા ઉછેરીને વન મહોત્સવ પણ કરવામાં આવે છે. માનનીય તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ એ વખતે ૨૦૦૪માં એવો નિર્ણય કર્યો કે લોકોને પણ વૃક્ષ પ્રત્યેની લાગણી આવે એના માટે

સાંસ્કૃતિક વનોની વાત કરી અને ગાંધીનગરથી શરૂઆત કરી. જે ગુજરાતના પવિત્ર સ્થાનો છે એ પવિત્ર સ્થાનો પર દર વર્ષે વન મહોત્સવ ઉજવીને ત્યાં નક્ષત્ર વન, રાશીવન, ગ્રહ વન. માણસોને પોતપોતાની રાશી છે. રાશી પ્રમાણે વૃક્ષના નામ પણ છે એની સાથે કેટલાકને ગ્રહ નડતા હોય તો ગ્રહ પ્રમાણે જે વૃક્ષો છે એ વાવીને પોતાને જે મુશ્કેલી છે એ દૂર કરે એવી લાગણી સભર વન મહોત્સવમાં વૃક્ષો વાવીને એને પણ લગભગ ૧૧ જેટલી જગ્યાએ વન મહોત્સવમાં જે કાંઇ વાવેતર થયું છે એના કારણે આજે ગુજરાતમાંવધારે સારી રીતની લીલોતરી દેખાય છે અને આખા દેશમાં જો કહીએ તો ગુજરાતનો મહારાષ્ટ્ર પછી બીજો નંબર વન વધારવામાં આવ્યો છે. જી.પી.સી.બી.ની ટુંકમાં હું વાત કરું કે પરિસરની ગુણવત્તા માપવાનું મોનીટરીંગની વ્યવસ્થા કરી છે. હવાની ગુણવત્તાનું સતત મોનીટરીંગ કરવા માટે હાલમાં રાજયમાં અમદાવાદ અને જામનગર ખાતે કન્ટીન્યુઅસ એમ્બીયન્સ એર કવોલીટી મોનીટરીંગના સ્ટેશનો ઉભા કરવામાં આવેલ છે અને બીજા અંકલેશ્વર, વાપી, સુરત, વડોદરા, મોરબી, અમદાવાદ અને ભુજ શહેરોમાં મોનીટરીંગ સ્ટેશનો ઉભા કરવાની કામગીરી ચાલુ છે. રીવર કન્ઝર્વેશન પ્લાન ગુજરાતમાં ત્રણ મોટા શહેરો વડોદરા, સુરત અને રાજકોટમાં અનુક્રમે વિશ્વામિત્રી, તાપી અને આજી નદી ઉપર વસેલા છે. આ શહેરોના  ઉત્તરોત્તર વિકાસ થતા નદીઓના અમુક ભાગો પ્રદૂષિત થયા છે જેને પ્રદૂષણમુકત કરવા માટે એકશન પ્લાન તૈયાર કરવામાં આવશે. જેમાં રીવર ફ્રન્ટ પ્રોજેકટનો પણ સમાવેશ કરવામાં આવશે. એ ચાલુ વર્ષે ૨૦૧૫–૧૬માં લગભગ સો લાખની જોગવાઇ કરવામાં આવી છે. ઓઇલ સ્પીલ ડિઝાસ્ટર કન્ટીજન્સી પ્લાન ગુજરાતનો દરિયાકિનારો લગભગ ૧૬૦૦ કિલોમીટરનો છે. ગુજરાતના દરિયાકિનારે શીપ દ્વારા આયાત થતા ઓઇલ મુવમેન્ટ તેલકુવાના ખોદકામથી દરિયામાં ઓઇલ સ્પીલ થવાનું જોખમ રહે છે. ઓઇલ સ્પીલથી દરિયામાં માછલીઓ અને અન્ય ડાયવર્સીટીને અસર થાય છે. ગુજરાતનો લાંબો દરિયાકિનારો હોય, બેઝ લાઇનથી બાર નોટીકલ માઇલ દરિયા  તરફના વિસ્તારની રાજય સરકારની જવાબદારી હોય ઓઇલ સ્પીલનો કન્ટીજન્સી પ્લાન બનાવવો જરૂરી છે. અને તેને માટે પણ ગુજરાત સરકારે ૯૧ લાખનું આયોજન કર્યું છે. કલીનર પ્રોડકશન યોજના ગુજરાત રાજયમાં વિકાસને સતત જાળવી રાખવા અમુક અંશે પર્યાવરણના, પ્રદૂષણના પ્રશ્નોનુંનિરાકરણ ઝડપી બનાવવા માટે કચરાનું પ્રમાણ ઘટાડવા અને સ્વચ્છ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા વિભાગે કલીનર પ્રોડકશનની યોજના ઘડી છે. લાર્જ, મિડિયમ અને સ્મોલ સેકટરના ઔદ્યોગિક એકમોને રાજય કક્ષાએ કિલનર પ્રોડકશનનો એવોર્ડ આપવાનું પણ નક્કી કર્યુ છે અને એનું પણ આયોજન કરવામાં આવ્યું છે.  ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થા ગેમી આના માટે કામ કરે છે. ઔદ્યોગિક અને શહેરી વિકાસના લીધે ઉદભવેલ પ્રદૂષણની સમસ્યાના પ્રશ્નો હલ કરવાના હેતુથી ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થા 'ગેમી'ની રચના કરવામાં આવી છે.  ગુજરાત ઇકોલોજી કમિશન પણ પર્યાવરણ વિભાગમાં ચાલે છે. ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા કથળતી જતી પર્યાવરણ પ્રણાલિકાઓને પુનઃસ્થાપન કરવા માટે કામગીરીનું આયોજન કરવામાં આવે છે. જી.ઇ.સી. દ્વારા કામગીરી સ્થાનિક સમિતિ લોક સમિતિના સહયોગથી કરવામાં આવે છે. મારા દ્વારા આગળ કહેવાયું તેમ ગ્લોબલ વોર્મિંગ, કલાયમેટ ચેન્જ આ બધી વસ્તુથી આપણે જ્યારે જાણકાર છીએ અને ભવિષ્યમાં આપણા પરિવારને કોઇ મુશ્કેલી ન આવે તેના માટે આપણે જાગ્યા ત્યાંથી સવાર એવું સમજીને વૃક્ષ માટેની આપણી લાગણી છે તે લાગણીને કેવી રીતે બહાર લાવી શકાય. મારે તો તમામ સભ્યોને વિનંતી છે ભલે કોંગ્રેસના લોકો વોકઆઉટ કરી ગયા, પણ તેઓ જ્યાં બેઠા હોય ત્યાંથી સાંભળે કે જ્યારે પણ આપણા પરિવારમાંથી કોઇનો  જન્મ દિવસ આવતો હોય તે વખતે એક ઝાડ વાવીને એ જન્મ દિવસની ઉજવણી કરે. પાંચનું પરિવાર હશે તો એક વર્ષમાં પાંચ ઝાડ થશે. એમ કરીને જો આપણે પાંચ–દસ વર્ષ એમ કરીએ તો મને એવું લાગે કે અત્યારે વૃક્ષોનું જે આવરણ છે એના કરતા વધારે આવરણ રાખીને ભવિષ્યની મુશ્કેલીને કેવી રીતે નીવારી શકાય તે વિભાગના મંત્રી તરીકે બધાને વિનંતી કરું છું. મારા વિભાગમાં જેણે જેણે ચર્ચા કરી છે. અમુક લોકો તો વોકઆઉટ થઇ ગયા છે, પણ બાકીના લોકોએ સરકારે સારી કામગીરી કરી છે એના વખાણ કર્યા છે એમને અભિનંદન આપીને મારી વાત પૂરી કરું છું. ભારત માતાકી જય.

શ્રી શબ્દશરણ ભા. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે જેમ જેમ ગુજરાતમાં આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું છે તેમ તેમ ગુજરાતમાં કોંગ્રેસનું પ્રમાણ ઘટતું જાય છે તે વાત સાચી છે?

ઉપાધ્યક્ષશ્રી :  જવાબ આપવાની જરૂર નથી.

શ્રી મંગુભાઇ છ. પટેલ : કોંગ્રેસ મુક્ત દેશ, એમાં આગળ ચાલો.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રી પાસે જાણવું છે કે હમણા આદિજાતિના બંધુઓ માટે ગાંધીનગરની આજુબાજુમાં સરકારે કોઇ જગ્યા ફાળવી અને સારી હોસ્ટેલો બનાવવા જઇ રહી છે તે વાત સાચી છે કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગીફ્ટ સિટી છે એની સામે અત્યારે જે ૧૫ દિવસ પહેલા કન્યાની છાત્રાલયનું ખાતમુહૂર્ત થયું છે. જે લગભગ ૪ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થશે.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦ મત માટે મુકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંકઃ ૨૬, ૨૭, ૯૩ અને ૯૬ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

( વિરામ બપોરના ૨–૨૯ થી ૩–૧૫ )

(ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમાર અધ્યક્ષ સ્થાને)

બિન સરકારી વિધેયક

<#D /અન્ય/D #>

દાખલ કરવા માટેનું બિન સરકાર વિધેયક

ગુજરાત બિન નાશવંત કચરો(નિયંત્રણ) વિધેયક, ૨૦૧૫

શ્રી  ભુષણ અ. ભટ્ટ(જમાલપુર–ખાડીયા) :  માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૧૫નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની અનુમતિ મળે છે.

ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે
બિનસરકારી સંકલ્પો

શ્રી ભુષણ અ. ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૫નું ગુજરાત બિન-નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

બિનસરકારી સંકલ્પો

<#D /અન્ય/D #>

અસંગઠિત શ્રમયોગીઓની યોજનાઓનું અસરકારક આયોજન કરવા અંગે

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય અધ્યક્ષશ્રી, હું સંકલ્પ રજૂ કરું છું કે, રાજયમાં અસંગઠિત શ્રમયોગીઓની ઓળખ પ્રસ્થાપિત કરવાની કલ્યાણકારી યોજનાઓના લાભો પહોંચાડવાનો પ્રયાસ સૌ પ્રથમ વખત ગુજરાત સરકારે કરીને સમગ્ર દેશને નવો રાહ ચીંધેલ છે. રાજય સરકાર દ્વારા અસંગઠિત શ્રમયોગીઓ પોતાની ઓળખ પ્રસ્થાપિત કરી શકે તે હેતુથી તેઓને ઓળખકાર્ડ (યુ-વીન કાર્ડ) આપવા તેમજ રાજય સરકાર દ્વારા અગાઉ આયોજીત ગરીબ કલ્યાણ મેળાઓની સફળતા અને ઉપયોગિતા ધ્યાને લઇને અસંગઠિત શ્રમયોગીઓના સર્વાંગી વિકાસ માટેની અનેક યોજનાઓના લાભો એક જ સ્થળેથી મળી રહે તેવા શુભ આશયથી શ્રમયોગી કલ્યાણ મેળાઓનું આયોજન તા.૨૫/૧૨/૨૦૧૪ના રોજ કરવામાં આવ્યું હતું. સરકાર આ કામગીરીમાં ઝડપભેર આગળ વધે અને રાજયના શ્રમિકોને તેના લાભો વહેલા મળતા થાય તે માટે અસરકારક આયોજન કરવા આ સભાગૃહ રાજય સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં ૬ કરોડની જનસંખ્યામાં અસંગઠિત શ્રમયોગીઓની સંખ્યા ૧.૨ કરોડ જેટલી થાય છે. ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ રાજયની અંદર ૧ કરોડ ૯૫ લાખ ૭૭ હજાર જેટલા અસંગઠિત શ્રમયોગીઓ કાર્યરત છે. એટલે કે જે સંગઠિત અને અસંગઠિત શ્રમયોગીઓ છે તેમાં અસંગઠિત ક્ષેત્રના શ્રમયોગીઓની ટકાવારી ૯૧.૧૪ ટકા છે. ખેત વ્યવસાય સિવાયના અસંગઠિત કામદારો છે તેની સંખ્યા ૧ કરોડ ૪૪ લાખ જેટલી થાય છે. જે કુલ શ્રમયોગીઓના ૭૩.૬૫ ટકા જેટલી થાય છે. કેન્દ્ર સરકારે અસંગઠિત કામદારોના કલ્યાણ માટે અને સોશ્યલ સિકયોરિટી મળે તેના માટે એક કાયદો ૨૦૦૮માં પસાર કર્યો હતો. જેનું નામ અનઓર્ગેનાઇઝડ વર્કર સોશ્યલ સિકયોરીટી એકટ ૨૦૦૮ છે. આ કાયદાની અંદર કલમ-૨ ની અંદર અનઓર્ગેનાઇઝડ સેકટરની વ્યાખ્યા આપવામાં આવેલી છે. એમાં કહ્યું છે કે, "unorganised sector means an enterprise owned by individuals or self employed workers and engaged in the production or sale of goods or providing service of any kind whatsoever and where the enterprise employees/workers the number of such workers is less than 10". એટલે જે ક્ષેત્રમાં ૧૦ થી ઓછા કામદારો કામ કરતા હોય એવા એન્ટરપ્રાઇઝને અન ઓર્ગેનાઇઝ સેકટરની અંદર સમાવેશ કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ કાયદા નીચે અન ઓર્ગેનાઇઝ વર્કરની પણ વ્યાખ્યા આપવામાં આવેલી છે. આ વ્યાખ્યા મુજબ Unorganised worker means - home based worker, self employed worker and or a wage worker in the unorganised sector and includes the worker in the organised sector who is not covered by any of the Act mentioned in schedule to this Act. શિડ્યુલ-૨ની અંદર જે કાયદાઓ છે જેની અંદર જે કામદારોને જેમાં લાભ મળતો હોય એ લોકોને અન ઓર્ગેનાઇઝ સેકટરમાં ગણવામાં આવતા નથી. આ જે કાયદાઓ જે શિડ્યુલ-૨માં છે એમાં ધ વર્કમેન કમ્પેન્સેશન એકટ ૧૯૨૩, ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એકટ ૧૯૪૭, એમ્પ્લોઇઝ સ્ટેટ ઇન્સ્યોરન્સ એકટ ૧૯૪૮, એમ્પ્લોઇઝ પ્રોવિડન્ટ ફંડ એન્ડ મીસેલીનીયસ પ્રોવિઝન એકટ ૧૯૫૨, ધ મેટરનીટી બેનિફિટ એકટ ૧૯૫૧ અને પેમેન્ટ ઓફ ગ્રેજ્યુઇટી એકટ ૧૯૫૨. એનો મતલબ એવો થાય કે, અસંગઠિત કામદારો એવા લોકો છે કે જેને નથી કોઇ સ્ટેટ ઇન્સ્યોરન્સનો લાભ મળતો, નથી એને પ્રોવિડન્ટ ફંડનો લાભ મળતો, નથી એને મેટરનીટી બેનિફિટનો લાભ મળતો કે નથી કોઇ ગ્રેજયુઇટીનો લાભ મળતો અને એટલા માટે ભારત સરકાર જે કાયદો લાવેલ છે Unorganised worker social security act funera ની અંદર ભારત સરકારે ખાસકરીને લાઇફ અને ડિસેબિલિટી કવરેજ માટે, હેલ્થ અને મેટરનીટી કવરેજ માટે, ઓલ્ડ એઇજ પેન્શન માટે કાર્યવાહી કરવાનું સૂચવવામાં આવેલ છે. એવી જ રીતે રાજય સરકારોએ પણ પ્રોવિડન્ટ ફંડ માટે, કર્મચારીઓને જે ઇજા થાય એના માટે આકસ્મીક લાભ આપવા માટે, હાઉસીંગ માટે, અસંગઠિત કામદારોના બાળકોના શિક્ષણ માટે, કૌશલ્ય વર્ધન માટે તેમજ જ્યારે મરી જાય ત્યારે funeral assistance વગેરે કલ્યાણકારી યોજનાઓ માટે પગલાં લેવા માટે સૂચવવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારે જે કાયદો બનાવ્યો છે એમાં અમુક જે યોજનાઓ કલ્યાણકારી ચાલે છે એને અસંગઠિત કર્મચારીઓ માટેની ડિમ્ડ વેલ્ફેર સ્કીમ તરીકે પણ શિડ્યુલ વનની અંદર જાહેરાત કરેલી છે. આની અંદર ઇન્દિરા ગાંધી નેશનલ લોન એન્ડ પેન્શન સ્કીમ, નેશનલ ફેમિલી બેનિફિટ સ્કીમ, જનની સુરક્ષા યોજના, Handloom Weaver Comprehensive Welfare Scheme, Handicraft Artisan Comprehensive Welfare Scheme, Pension to Mastercraftman Pension, National Scheme for welfare of fishermen training and extention, જનશ્રી વીમા યોજના, આમ આદમી વીમા યોજના, રાષ્ટ્રીય વીમા યોજના. આ બધી યોજનાઓ કાયદા નીચે નિર્દિષ્ટ કરવામાં આવી છે. પણ ખરેખર જયારે અસંગઠિત કામદારોની મોટી સંખ્યા હોય, છૂટા-છવાયા હોય, પોતાના ઘરે કામ

કરતા હોય એટલા માટે રાજય સરકારે ૧૫મી ડિસેમ્બરે આપણા ભૂતપૂર્વ વડા પ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી બાજપેયીજીના જન્મ દિવસે ૨૦ જિલ્લાની અંદર શ્રમજીવી કલ્યાણ મેળાઓ શરૂ કર્યા અને આ શ્રમજીવી કલ્યાણ મેળા નીમીતે રાજય સરકારે વેબ પોર્ટલ પણ લોન્સ કરેલું છે અને ઓન લાઇન નોંધણી થઇ શકે એની વ્યવસ્થા પણ કરી છે અને આ દિવસે હેલ્પ લાઇન પણ ચાલુ કરવામાં આવેલી છે. અસંગઠિત કામદારો જે છે એને માટે રાજય સરકાર ખૂબ પ્રયત્ન કરી રહી છે એને હું બિરદાવું છું. ખાસકરીને આપણે શ્રમજીવી કલ્યાણ મેળાઓનો જે ખ્યાલ છે એના માટે હું મુખ્યમંત્રીશ્રી તેમજ આપણા શ્રમમંત્રીશ્રી વિજયભાઇને જેટલા અભિનંદન આપું એટલા ઓછા છે. આપણે ગરીબોની ઘણી વાતો ગૃહમાં કરીએ છીએ, પણ ગરીબોના કામો કેટલા કરીએ છીએ?, જ્યાં સુધી એને ઓળખકાર્ડ ના મળે ત્યાંસુધી મેં જે મારા વકતવ્યમાં યોજનાઓ કહી છે એનો લાભ મળવાનો નથી. એટલે પ્રથમ પગલું જે છે એ ઓળખકાર્ડનું છે. વીસ જિલ્લાની અંદર ૨૫મી ડિસેમ્બરના રોજ ચાર લાખથી પણ વધારે શ્રમજીવીઓને ઓળખકાર્ડ આપવામાં આવ્યા છે અને અત્યારે દસ લાખથી પણ વધારે અરજીઓ મેળવવામાં આવી છે, ભારતીય જનતા પાર્ટીની પ્રથમ મહિલા મુખ્યમંત્રીના નેતૃત્વ નીચેની સરકાર જ્યારે આ બધા પગલાં લઇ રહેલ હોય ત્યારે મારી રાજ્ય સરકારને વિનંતી છે કે આ ગરીબો છે, સૌથી ગરીબમાં ગરીબ વર્ગ આ છે એના કલ્યાણ માટે નરેન્દ્રભાઇ મોદી રાત દિવસ ચિંતા કરતા હતા અને એમનું જ્યારે દિલ્હીમાં નેતૃત્વ છે ત્યારે આ અસંગઠિત કામદારોના સામાજિક કલ્યાણ માટે અને સામાજિક સુરક્ષા માટે પ્રયત્ન કરવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રજનીકાંતભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એ સંકલ્પ લાવવાનો મુખ્ય હેતુ એમનો શું છે એ વાંચ્યા પછી પણ મને ખ્યાલ નથી આવતો. શ્રમજીવીઓને ન્યાય આપવા માટે વિધાનસભા ગૃહના શાસક પક્ષના સભ્ય સંકલ્પ લાવે એ મને જરા અજુગતું લાગે છે. આ શાસક પક્ષની જવાબદારી છે, શ્રમજીવીઓ માટે શું યોજનાઓ કરવી એ શાસક પક્ષ પોતે નક્કી કરતો હોય છે ત્યારે આ સંકલ્પ લાવવાના હેતુનો મને આઇડીયા નથી આવતો. આજે પણ રાજ્ય સરકારની અંદર રાજયના શ્રમયોગીઓ માટે એ ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ હોય, ગુજરાત રાજ્ય ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હોય, અમદાવાદ કાપડ બજાર દુકાન કામદાર બોર્ડ હોય, કોન્ટ્રાકટ મજદૂર સલાહકાર બોર્ડ હોય, લઘુત્તમ વેતન સલાહકાર બોર્ડ હોય, મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન, અસંગઠિત કામદારોનું કલ્યાણ બોર્ડ જે ખેત શ્રમિકો સિવાયનું જ છે ગુજરાત મકાન અને બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડ, આવા અનેક બોર્ડ આ રાજ્ય સરકારની અંદર આજની તારીખમાં કાર્યરત છે અને કાર્યરત હોવાના કારણે જે શ્રમિકોની જે કામ કરવું જોઇએ એ આ બોર્ડ દ્વારા થાય છે, પરિસ્થિતિ એવી છે કે છેલ્લાં ઘણા વરસોથી આ બોર્ડોની અંદર એમના માટે જે નાણાકીય જોગવાઇ કરવી જોઇએ એ નાણાકીય જોગવાઇ સરકાર કરી શકતી નથી અને એ ના કરી હોવાના કારણે આજે દિવસે ચાંદ બતાવવા માટે અસંગઠિત કામદારોને કાર્ડ આપવાની વાત થઇ, આધાર કાર્ડ પણ નીકળ્યા છે અને ચૂંટણી કાર્ડ પણ નીકળ્યા છે શ્રમિકોને કાર્ડ આપવાથી શ્રમિકોની ફરિયાદોનું નિરાકરણ કોઇ રીતે થઇ શકે તેમ નથી શ્રમિકો માગે છે એમનો હક્ક, શ્રમિકોને જોઇએ છે એમનું કામ, એ એકસીડન્ટની વાત હોય, લઘુત્તમ વેતનની વાત હોય, કે અન્ય મુદ્દાઓ અંગે સરકાર પાસે એની માગણી હોય છે, ભૂતકાળમાં જ આ સભાગૃહની અંદર માનનીય આર.એમ. પટેલ જે શ્રમિકો માટે સંકલ્પ લઇને આવ્યા હતા, ભૂતકાળમાં આ ચાલુ સત્ર દરમ્યાન જ મજૂરો માટેના કાયદાનું બિલ મેજોરિટીના જોરે પાસ કરવામાં આવ્યું, મારે પૂછવું છે કે જ્યારે મેજોરિટિના જોરે મજૂર કાયદા માટેનું બિલ પાસ કર્યું ત્યારે આપને આ મજૂરોનો વિચાર ના આવ્યો? આજે મજૂરોને તમે એક કાર્ડ આપો છો એના માટે તમારે સંકલ્પ લઇને આવવું પડ્યું એ જરા વિપરીત વાત હોય એવું મને પોતાને દેખાય છે. આ રાજ્યની અંદર ૨૦૦૧ અને ૨૦૧૧ના પ્રમાણમાં જે કામદારોનો રેશિયો હતો ૨૦૦૧ માં ૧૦૦૦ માણસે ૪૬૮ કામદારો કામ કરતા હતા. આજે પરિસ્થિતિ જુદી છે ૨૦૧૧માં આજે કામદારોની સંખ્યા એક હજાર પ્રમાણે..

ઉપાધ્યક્ષશ્રી : શૈલેષભાઇ, આપની પાસે બે મિનિટ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : સાહેબ, મને સાત મિનિટ આપી છે.

ઉપાધ્યક્ષશ્રી : નવા શિડયુલ્ડ પ્રમાણે છ મિનિટ છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, કામદારોની સંખ્યા ૩૭૬ એટલે કામદારોની સંખ્યા ઘટી છે. સરકાર એમ કહેતી હશે કે બીજા કોઇ માર્ગે વળ્યા હશે પણ એવુ નથી. કામદારોની સંખ્યા ઘટવાનુ મુખ્ય કારણ સરકાર રોજગારી ના આપવાના કારણે આ કામદારોની સંખ્યા ઘટતી જાય છે. ૨૦૦૪ની અંદર રચાયેલી ડિસેમ્બરની અંદર, અને આજની તારીખમાં પણ શ્રમિકોને કાર્ડ આપીને તેની નોંધણીની વાત કરવામાં આવે છે, આ રાજયની અંદર ગરીબ કલ્યાણ મેળાઓ થયા ૨૦૧૧-૧૨ અને ૨૦૧૩ની અંદર. તેમાં ૧ કરોડ અને ૭૦ લાખ કરતા પણ વધારે લાભાર્થીઓએ લાભ લીધો. ૨૩,૮૧૬ કરોડ કરતા પણ વધારે લાભાર્થીઓને કરોડો રૂપિયાની સહાય મળી. આજે પણ બી.પી.એલ.કાર્ડ હોય કે અન્ય કાર્ડ હોય તેમાં સંખ્યા વધતી જાય છે. સરકાર એમ માનતી હોય કે શ્રમિકોને કાર્ડ આપવાથી શ્રમિકોની સંખ્યા ઘટતી હશે એવું માનતી હોય તો એ યોગ્ય નથી. માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં કહ્યું હતું કે છેલ્લા દસ વર્ષમાં વાયબ્રન્ટ ગુજરાતમાં દસ લાખ કરતા પણ વધારે લોકોને રોજગારી આપવામાં આવી છે. રોજગારીની જયારે વાત કરી છે ત્યારે સામાન્ય માણસ કોઇ મજૂરી કરતો હોય અને તેને સરકાર રોજગારી ગણતી હોય તો એ વાત ખોટી છે ત્યારે આજે પણ કારખાનાની અંદર ઘણા બધા કેસો એવા બનેલા છે.

ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે
બિનસરકારી સંકલ્પો

શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આર.એમ.પટેલ જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી હમણાં વાત કરતા હતા પણ આ સભાગૃહને જણાવું કે દેશ આઝાદ થયો ત્યારથી જવાહરલાલ નહેરૂ, ઇંદિરા ગાંધી, રાજીવ ગાંધી, સોનિયા ગાંધી, રાહુલ ગાંધીના અત્યાર સુધીના એંસી ટકા ભાષણો તમે જુઓ તો એની અંદર હમ આયેંગે, હમ ગરીબી હટાયેંગે આ જ ભાષણો હતા. સત્તા ઉપર આવ્યા પછી આ ગરીબોને ભૂલી ગયા. આ બિન સરકારી સંકલ્પ આજે લઇને આવ્યા છે તેનો હેતુ શું છે ? હું તો એવા જિલ્લામાંથી આવું છું કે જયાં આખો દેશ વસે છે. મારા ભરૂચ જિલ્લાની અંદર તમામ જ્ઞાતિના, તમામ સ્ટેટના લોકો વસે છે એટલે કહેવાય છે કે ભરૂચમાં આખો દેશ વસે છે. આ ભારતીય જનતા પાર્ટીનો મંત્ર છે અને એની ગળથૂથીમાં એના સંસ્કારની અંદર એ આવેલુ છે કે વિકાસ સર્વજન હિતાય હોય, વિકાસ સર્વજન સુખાય હોય અને માટે આ બિન સરકારી સંકલ્પ અહીંયા લઇને આવ્યા છે. આજે શ્રમયોગી મેળા કરવામાં આવ્યાં. મારે મારા સાથી મિત્રોને કહેવું છે કે આમાં કોઇ નાત, જાત કે ધર્મ આની અંદર કયાંય જોવામાં આવ્યો નથી અને આજે પણ તમારા તરફથી અમારા પર એ જ કહેવામાં આવે છે કે, આ પાર્ટી બિન સાંપ્રદાયિક છે, આ પાર્ટી સેકયુલર છે, આ પાર્ટી નોન સેકયુલર છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પૂછવા માગું છું કે, આ જે શ્રમયોગી કલ્યાણ મેળાઓ આખા રાજયની અંદર થયા એ શું બતાવે છે અને તેનો હેતુ શું હતો ? રાજયમાં સંગઠિત શ્રમયોગીની ઓળખ ઉભી થાય, તેમને કલ્યાણકારી યોજનાના લાભો મળે અને આવું આ દેશની અંદર સર્વપ્રથમ વખત ગુજરાત રાજયએ જયારે આ પગલું ભર્યુ છે ત્યારે ખરેખર અભિનંદન આપવા જોઇએ. આ તો સમગ્ર દેશને એક રાહ ચીંધેલો છે. આપણે બધા એમ કહેતાં આવ્યા છીએ કે આ રાજયની અંદર રોજગારી નથી, બેરોજગારી છે તો આખા દેશની અંદરથી લોકોએ ગુજરાત રાજયની અંદર પોતાનું ઘર બનાવ્યું છે. અને જયારે બીજા રાજયોમાંથી અહીંયા આવીને લગભગ ૪૬ જેટલા ગ્રેડની અંદર અસંગઠિત શ્રમયોગીઓ કામ કરતાં હોય ત્યારે તેઓએ શાંતિ સલામતીના અનેક પહેલુઓના કારણે ગુજરાતમાં વિકાસ થયો છે એ જોઇને આ રાજય સરકારે એવો વિચાર કર્યો છે કે ૨૫-૧૨-૧૪ના રોજ ભારતના પૂર્વ વડાપ્રધાન શ્રી અટલબિહારી બાજપાઇના જન્મ દિવસે એક કરોડ ૨૦ લાખ જેટલા અસંગઠિત શ્રમયોગીઓના લાભાર્થે અમદાવાદ ખાતે રાજયકક્ષાનો તેમજ ૧૯ જેટલા જિલ્લાઓની અંદર શ્રમયોગી કલ્યાણ મેળા કરવામાં આવ્યા હતા અને રાજયના શ્રમયોગીઓને બોલાવીને આપણા વડાપ્રધાન એવા નરેન્દ્રભાઇ મોદી સાહેબે વિડિયો દ્વારા પ્રસારણથી તેઓને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે માનનીય શ્રીમતી આનંદીબહેન પટેલે એ દિવસે વેબ પોર્ટલ અને હેલ્પ લાઇનનો શુભારંભ કરાવ્યો હતો.

આ રાજયના અસંગઠિત શ્રમયોગીને ઓળખ આપવાના ભાગરૂપે સરકારની અનેક કલ્યાણકારી યોજનાનો લાભ પહોંચાડવા માટે ચાર લાખથી વધુ શ્રમયોગીઓની નોંધણી કરી અને આ શ્રમયોગીને યુવીન કાર્ડ એટલે અન ઓર્ગેનાઇઝડ વર્કર આઇડેન્ટિફિકેશન નંબર, એની ઓળખ આપી જેથી ખબર પડે કે આ વર્કર કયા સેકટરમાંથી છે અને કયાંથી આવે છે.

ગરીબ કલ્યાણ મેળાની વાત કરતા હતા. ગરીબ કલ્યાણ મેળા એક સફળ મોડયુલ રહ્યું છે અને જેમ કહેવામાં આવ્યું કે ૧ કરોડ ૭૦ લાખથી વધારે લાભાર્થીઓને ગરીબ કલ્યાણ મેળાના લાભો મળ્યા હોય ત્યારે એવા જ પ્રકારે આ મેળા યોજીને આ શ્રમયોગીને કીટો આપવામાં આવી છે જેનાથી પોતે સ્વનિર્ભર બની શકે અને પોતાનું ગુજરાન ચલાવી શકે. આ ૪૬ અગત્યની બાબત એ છે કે ૪૬ વ્યવસાયમાં રોકાયેલા શ્રમયોગીઓને લઘુતમ વેતન એ લોકોને મળે, પહેલા શું હતું કે શોષણ થતું હતું, પહેલા એવી બૂમો હતી કે બહારથી કોઇ કામદાર આવે અને અન્ય ફેકટરીમાં અન્ય ટ્રેડની અંદર કે જગ્યાએ કામ કરતો હોય ત્યારે એનું શોષણ ન થાય એનું ધ્યાન આ સરકાર રાખી રહી છે. અને તેથી દૈનિક રૂપિયા ૬૦ થી ૬૫ નો વધારો કરીને આજે તેઓને પર ડે ૨૭૫ થી ૨૮૦ રૂપિયા મળે છે. અને સાથે સાથે આમ કરવાથી ઉદ્યોગપતિ અને શ્રમયોગી બંનેનું હિત જળવાય એવી સારામાં સારી બાબતો આની અંદર જયારે સંકલ્પમાં લઇને આવ્યા છે ત્યારે વધારે કશું નથી કહેવું. માનનીય આર.એમ. પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે તેને મારુ સમર્થન આપું છું.

શ્રી અમિત અ. ચાવડા(આંકલાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આર.એમ. પટેલ સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યકત કરવા માટે ઉભો થયો છું. એમની લાગણી સાથે સો ટકા સંમત થવાય પણ સંકલ્પમાં જે રીતનો ડ્રાફ્ટ છે કે સરકારના પ્રતિનિધિ તરીકે એજ પક્ષના ધારાસભ્યે સરકારને અનુરોધ કરવો પડે અને અહીંયા દુષ્યંતભાઇ કોંગ્રેસના નેતાઓની વાત કરતા હતા. ગર્વ સાથે કહેવું પડે કે આ દેશમાં સૌ પ્રથમ અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે ચિંતા કરી હોય અને કાયદો લાવ્યા હોય તો એ કેન્દ્રની યુ.પી.એ. સરકાર દ્વારા લાવવામાં આવ્યો છે. પછી એ પાથરણાવાળો હોય, લારી ગલ્લાવાળો હોય, છૂટક શાકભાજી વેચનારો હોય કે ગમે તે ક્ષેત્રનો અસંગઠિત ક્ષેત્રનો કામદાર હોય એને અધિકાર મળે, નોંધણી થાય, વીમાથી અનેક લાભ મળે એ માટે કેન્દ્ર લેવલે કાયદો અને રાજયોને એ મુજબ વર્તવાની સૂચના કેન્દ્રની કોંગ્રેસની સરકારે આપી હતી.

ગુજરાતમાં ગરીબ કલ્યાણ મેળાની વાહવાહ થાય એની અને શ્રમયોગીઓની વાસ્તવિકતા છે એનો એકજ દાખલો આપવા માગું છું. આ રાજય સરકાર દ્વારા ૨૦૧૩માં કહેવામાં આવ્યું કે દરેક ગામમાંથી ગરીબમાં ગરીબ એવા પાંચ શ્રમયોગીની પસંદગી ગ્રામસભા કરે. અને ગ્રામ સભા દ્વારા સરકારમાં નામ મોકલ્યા તો અમે અનેક જાતના લાભ આપીશું. દરેક ગામમાં ગ્રામ સભાએ પાંચ નામ નક્કી કર્યા, તાલુકા કક્ષાએ મોકલ્યા, સરકારે ગરીબ કલ્યાણ મેળા યોજ્યા. એમના ઘેર

કાગળ આપીને બસમાં બેસાડીને લઇ ગયા. આ શ્રમયોગીઓને એમ લાગ્યું કે, ગ્રામ સભાએ પસંદ કર્યા, અમને ત્યાં સરકાર ગરીબ કલ્યાણ મેળામાં લાભ આપશે, કોઇ યોજનાનો મંજૂરી પત્ર આપશે. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, ગરીબ કલ્યાણ મેળામાં બંધ કવર આપવામાં આવ્યું. એ માણસ ભણેલા નહીં એટલે તેઓ એ કવર લઇ ઘરે ગયા એ માણસને એમ કે એમાં ડ્રાફ્ટ હશે, ચેક હશે પણ એમાં ફક્ત એક કાગળ હતો. એટલે એ કાગળ લઇને ભણેલા માણસને એ વાંચવા માટે આપ્યો. ભણેલા માણસે વાંચીને કહ્યું, તમારી શ્રમયોગી તરીકે પસંદગી કરવામાં આવી છે અને તમને નીચે મુજબના લાભ મળશે, તેવો કાગળ એ કવરમાં હતો. શ્રમયોગીને થયું કે, હવે આવા લાભ મળશે એટલે એ તાલુકા પંચાયતમાં ગયો, આવાસ યોજનાનું ફોર્મ ભર્યું, બીજી યોજનાઓના ફોર્મ ભર્યા. એટલે એને જવાબ આપવામાં આવ્યો કે, તમે બીપીએલ– ઝીરોથી સોળ અને સોળથી વીસની યાદીમાં આવતા નથી એટલે તમને લાભ આપી શકાય નહીં. બીજા વર્ષે બીજા પાંચ શ્રમયોગીઓને ગ્રામ સભા દ્વારા પસંદ કરવામાં આવ્યા. એટલે એક ગામમાંથી દસ શ્રમયોગી થયા. બીજા વર્ષે એ જ રીતે એમને ગરીબ કલ્યાણ મેળામાં બોલાવવામાં આવ્યા, એમને ફરી કવર આપવામાં આવ્યું. ફરીથી એમને એનો એ જ કાગળ આપવામાં આવ્યો. મારા વિસ્તારમાં ૧૦૦૦ જેટલા કુટુંબોને છેલ્લા બે વર્ષથી શ્રમયોગી તરીકે પસંદ કર્યા છે. એમની બીપીએલ નંબર મેળવવા માટેની છેલ્લા બે વર્ષથી અરજીઓ પડતર હોવા છતાં આ સરકારે બીપીએલ નંબર આપ્યા નથી. બીપીએલ નંબર નહીં મળવાના કારણે શ્રમયોગીઓને એકપણ યોજનાનો લાભ મળી શકતો નથી અને અહીંયાં એમની ચિંતા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, અસંગઠિત ક્ષેત્રના કામદાર હોય એમને આઇ.ડી. આપવામાં આવે છે. ૨૦ વર્ષના સરકારના શાસન પછી શ્રી આર.એમ.પટેલ જેવા એમ કહે કે, ચાર લાખ લોકોને આઇ.ડી. આપ્યા અને ખુશ થતા હોય તો મારે દુઃખ સાથે કહેવું પડે કે, ફક્ત આઇ.ડી. આપીને ખુશ થવાથી શ્રમયોગીઓનું કામ નહીં થાય. મારે આ સરકારને કહેવું છે કે, દરેક તાલુકામાં લેબર ઓફિસરની કચેરી છે ત્યાં લોકો એમની ફરિયાદ કરવા અને સરકારની યોજનાઓનો લાભ લેવા માટે જતા હોય છે. રાજ્યમાં જે પણ નવા તાલુકા ખુલ્યા છે એમાં એકપણ તાલુકામાં લેબર ઓફિસરની કચેરી નથી. આજે લેબર ઓફિસર નહીં હોવાના કારણે પટાવાળાઓ ઓફિસ ખોલે છે. હું દરેક સભ્યને કહું છું કે, તમારા તાલુકાની લેબર ઓફિસની મુલાકાત લેશો તો ખબર પડશે. આ શ્રમયોગીઓની ચિંતા કરીએ છીએ. લઘુતમ વેતન માટે આપણે અહીં ઘણી બધી ચિંતા કરતા હોઇએ અને ગરીબો માટે ચિંતા કરવી પડે. પણ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, લઘુતમ વેતનનો દર નક્કી કરવામાં આવ્યો છે એમાં ગુજરાતનો બારમો નંબર છે. આપણા મંત્રીશ્રી નંબર વન કહેતા હતા, તો લઘુતમ વેતનમાં આપણે નંબર વન હોઇએ તો તમારા જવાબમાં કહેજો. આખા ગુજરાતમાં લેબર ડિપાર્ટમેન્ટનું જે મહેકમ છે, એમાં ઘણી બધી જગ્યાઓ ખાલી છે.

શ્રી રાકેશ જ. શાહ(એલિસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી આર.એમ.પટેલ જે બિન–સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારો સૂર પૂરાવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સંકલ્પ ઉપર શ્રી દુષ્યંતભાઇએ વાત કરી, શ્રી શૈલેષભાઇએ વાત કરી અને શ્રી અમિતભાઇએ વાત કરી છે. સંકલ્પ ઉપર ચર્ચા કરતાં પહેલાં સંકલ્પનું હાર્દ સમજવું અગત્યનું છે. (અંતરાય) સાંભળજો, હું આંકડાકીય માહિતીઆપું એ જો જો. બંધ કવર તમને એટલે જ દેખાય છે, પહેલાં વચેટીયાઓના બંધ કવર હતા એ વચેટીયાઓના કવર બંધ થઇ ગયા છે, શ્રી અમિતભાઇ જે કહેતા હતા. પેલાને ત્યાં માલ–સામાન પહોંચી ગયો છે (અંતરાય) બેંકના ખાતામાં પંદર લાખ જમા થવા માટે એક સમજની જરૂર છે. મિત્રો હજી વાર લાગશે તમારે સમજવાની. હજુ અમારા જેવા બે–ચાર મિત્રો સાથે બેસો તો ખબર પડી જશે કે પંદર

અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

લાખ કેવી રીતે આવે. (અંતરાય) મારે તમારી જોડે સમય નથી બગાડવો મારે તો શ્રમિક કલ્યાણની ચિંતા કરી અને એની ચર્ચા કરવી છે મિત્રો. હું જે વાત કરવા માગું છું કે એના હાર્દમાં એવું છે કે રાજયનો જયારે આર્થિક વિકાસ થાય છે ત્યારે એમાં શ્રમિક વર્ગનો ખૂબ મહત્વનો ભાગ હોય છે આથી તેઓને પૂરતું વેતન, એમની નોકરી માટેની સાચી સારી પરિસ્થિતિ, સામાજિક સુરક્ષા અને ઔદ્યોગિક વિવાદો એ ઉભા કરવાનો હક્ક સુનિશ્ચત કરીને શ્રમિકોના કલ્યાણ માટે જે વ્યવસ્થા જરૂરી છે એ આ બિલનો હાર્દ છે. શ્રમિકોને તેમની નોકરીની સલામતી માટે યોગ્ય પગલા ભરવાની ખાતરી થવી જોઇએ, એમની અન્યાયભરી શ્રમપ્રથા સામે એમને રક્ષણ આપવું જોઇએ અને તેમના આરોગ્ય અને સલામતી પ્રત્યે પણ એટલું જ ધ્યાન આપવાની જરૂર છે. અવિરત ઉત્પાદન થાય અને તે માટે ઔદ્યોગિક શાંતિ જાળવવાની પણ એટલી જરૂર છે. આ બિનસરકારી સંકલ્પમાં એક બીજો રાષ્ટ્રીય શ્રમ પણ છે, જયારે તત્કાલિન ભારત સરકારશ્રીને અસંગઠિત શ્રમયોગીને સામાજિક સુરક્ષાનું છત્ર પૂરું પાડવા માટે Umbrella Legislature ઘડવા જે ભલામણ કરી, હમણા માનનીય સભ્ય કહેતા હતા કે અમે આની ચિંતા કરી, તમે કશું નથી કર્યુ પણ મારે એમને કહેવું છે કે જે તે સમયની યુ.પી.એ.ની કેન્દ્ર સરકારે, ડીસેમ્બર–૨૦૦૮માં આ અંગે કાયદો ઘડેલો પણ મારે આનંદ સાથે સભ્યોને કહેવું છે કે ગુજરાત સરકારે એની અલગ ઓળખ ઉભી કરી ૨૦૦૭થી કવાયત કરી અને ગુજરાત અસંગઠિત શ્રમયોગી કલ્યાણ બોર્ડની રચના ૨૦૦૭માં કરેલી એટલે તમે આગળ છો કે અમે આગળ છીએ, નંબર–વનમાં અમે છીએ કે તમે છો એતો આમાંથી નકકી કરી લેજો, પ્રજાએ તો નકકી કરી લીધું છે મિત્રો, ૨૦૦૭માં રચના કરી છે જે રાજયના અમદાવાદ, જામનગર અને સુરત કોર્પોરેશનના વિસ્તારમાં કાર્યરત છે. આ બોર્ડ હેઠળ ૧૬૬૩૨૪ અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી થઇ અને ૨૬૨૨૮ શ્રમયોગીને કૌશલ્ય વિકાસની તાલીમ પણ આપી છે. એ માટે રાજય સરકારે ચાર કરોડ રૂપિયાથી વધુ ખર્ચ કર્યો છે. એ શ્રમિક, એ કામદાર, સુશિક્ષિત થાય, એનું

કૌશલ્ય વર્ધન થાય, અને એના દ્વારા સુંદર પરિણામ મળે એના માટે પણ સરકાર એટલી કટિબદ્ધ છે , માત્ર ઓળખકાર્ડ આપવાની તમે વાત કરી, ઓળખકાર્ડ નથી આપતા, કાર્ડ એ એમની એક આઇડિન્ટીટી છે અને એના દ્વારા સરકાર શું શું કરવા માગે છે એ માટે ચાર કરોડ રૂપિયાનો વધારે ખર્ચ કર્યો છે. આમાં જે રાજ્ય સરકાર અસંગઠિત શ્રમયોગીઓ માટે ચિંતિત છે. અને અસંગઠિત શ્રમયોગીઓની સંખ્યાને ધ્યાનમાં લઇને રાષ્ટ્રમાં સૌ પ્રથમ રાજયવ્યાપી અસંગઠિત શ્રમયોગીઓની નોંધણી પણ શરૂ કરેલ છે. સમગ્ર પ્રક્રિયા એ સરકારશ્રીના પ્રજાલક્ષી અને વિકાસલક્ષી કાર્યક્રમનો એક મહત્વનો ભાગ છે. ૨૦૧૫-૧૬માં જે શ્રમયોગી કલ્યાણ મેળાની મારા સાથી મિત્રોએ વાત કરી એમાં ૧૧-૧૨ કરોડ જેવી માતબર રકમ ફાળવીને અસંગઠિત શ્રમયોગીને મળવાપાત્ર લાભ એક છત્ર હેઠળ પૂરા પાડવા માટે આ સરકારે ભગીરથ કાર્ય કર્યું છે. હું મારા મતવિસ્તાર અમદાવાદની પણ વાત કરું તો જે રીતે વાત થઇ કે શ્રમયોગી કલ્યાણ મેળા ૨૫મી ડીસેમ્બરે થયા હતા. અસંગઠિત શ્રમયોગીમાં દસ હજારથી વધુ ખાલી અમારા અમદાવાદ શહેર અને જિલ્લામાં શ્રમયોગીઓ હાજર હતા. ૩૬૮૨ જેટલા અસંગઠિત શ્રમયોગીને યોજનાકીય સહાય અને કીટ જાહેરમાં આપવામાં આવી હતી. એ કીટ હતી અને યોજનાકીય સહાય હતી એ બંધ કવર નહોતું, એ બંધ કવરની વાત નહોતી પણ ગરીબ કલ્યાણ મેળામાં અમે પણ ગયા હતા અને તમને પણ આમંત્રણ આપ્યું હતું અને હજુ પણ ગરીબ કલ્યાણ મેળામાં જવાનું આવે તો આવજો અને જોજો સ્ટેજ ઉપરથી. માનનીય મુખ્યમંત્રી કે માનનીય મંત્રીશ્રીઓની હાજરીમાં એ લાભાર્થીઓને આપવામાં આવ્યું. આમ ગુજરાતે જે અસંગઠિત શ્રમયોગી કલ્યાણ અને સામાજિક સુરક્ષા માટે રાષ્ટ્રમાં અન્ય ક્ષેત્રોની જેમ દાખલો બેસાડયો છે. મને શ્રમયોગી કલ્યાણની ચર્ચા અને ચિંતા કરતા સાથીઓને જણાવતા આનંદ થાય છે કે બાંધકામ શ્રમિકોના કલ્યાણની પ્રવૃત્તિ કરવા તથા તેના બાંધકામ શ્રમિકોના કલ્યાણ માટેની યોજનાઓ પણ રાજ્ય સરકારે ઘડી છે. તા. ૧૮-૪-૨૦૦૪ના રોજ ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમિકો માટે શ્રમયોગી કલ્યાણ બોર્ડની રચના પણ કરી છે. આ બોર્ડ દ્વારા શ્રમિકોના કલ્યાણ માટે ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે યોજના પણ મૂકવામાં આવી છે. શ્રમયોગી કલ્યાણની વાત કરીએ તો શ્રમિકની ઉંમર થાય, એ વૃદ્ધ થાય, અશક્ત થાય અને કામ કરવાની શક્તિ રહેતી નથી. કદાચ એકલો હોય તો વૃદ્ધો માટે વૃદ્ધાશ્રમની સહાય માટે યોજના બનાવી છે. ૬૦ લાખ રૂપિયા સરકારે આના માટે ફાળવ્યા છે. બાંધકામ શ્રમિકની સલામતિ, આરોગ્ય અને તાલીમ યોજના માટે ૯ કરોડ જેવી રકમ આ સરકારે ફાળવી છે. શ્રમિકોના આરોગ્યની સુરક્ષા માટે આરોગ્યવાન યોજના અંતર્ગત ૯.૫ કરોડ જેવી માતબર રકમ ફાળવીને આપણી સરકારે ચિંતા કરી છે. બાંધકામ શ્રમિકના બાળકો માટે સાઇટ ઉપર મજૂર કામ કરતો હોય તો એના દીકરો-દીકરી હોય એમના માટે ત્યાં બાલવાડી અને આંગણવાડી પણ કરી છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય શ્રી પ્રવિણભાઇ....

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ(પાલીતાણા) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી રજનીકાન્તભાઇ પટેલ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પમાં અસંગઠિત અને શ્રમયોગીની ઓળખ નક્કી કરવાની સરકારે શરૂઆત કરી અને યુ-વીન કાર્ડ આપવાની વાત કરવામાં આવી છે. આ યુ-વીન કાર્ડ આપવાથી કોઇ શ્રમિક કે કોઇ ગરીબનું પેટ ભરાતું નથી. જ્યારે આ સંકલ્પની અંદર ગરીબ કલ્યાણ મેળાઓની સફળતાની વાતો કરવામાં આવી છે. ગુજરાત રાજ્યમાં અનેક ગરીબ કલ્યાણ મેળાઓ યોજવામાં આવ્યા. આ ગરીબ કલ્યાણ મેળાઓમાં જ્યારે શ્રમિકો અને ગામડાના છેવાડાના માણસને જવાનું થાય છે ત્યારે હમણાં અમિતભાઇ કહેતા હતા એમ આઠ-દસ દિવસ અગાઉ તલાટી-મંત્રી અને સરપંચના માધ્યમથી કહેવામાં આવે છે કે આપણા તાલુકામાં એક ગરીબ કલ્યાણ મેળો થવાનો છે. આ યોજનાનો લાભ તમને મળવાનો છે ત્યારે એ ગરીબ અને શ્રમિક માણસ પોતે એટલો હરખમાં અને હોશમાં હોય કે આજે અમારી સરકાર અમારા માટે અમારા આંગણે એક સરસ યોજના લઇને આવી છે. ગરીબ કલ્યાણ મેળાની વાત લઇને આવે છે ત્યારે હરખમાં બે દિવસ સામાન્ય રીતે બીજો ધંધો કે કામ પણ કરતો નથી. આ હરખમાં ઉત્સાહી થઇને કહેવામાં આવે કે માર્કેટીંગ યાર્ડમાં કે અન્ય જગ્યાએ મેળાનો કાર્યક્રમ છે ત્યાં જવા એસ.ટી. તમારા ગામના પાદરમાં આવશે, તમને લઇ જશે અને મેળા સુધી પહોંચાડવાનું કામ સરકાર કરશે ત્યારે આ શ્રમિક માણસ બે દિવસ ધંધો પાડીને મેળાની રાહ જોઇને બેઠો હોય અને મેળામાં જવા માટે એસ.ટી.માં જાય છે. ત્યાં ગયા પછી એક શ્રમિક માણસને બે-ત્રણ કલાક મેળામાં બેસવું પડે અને રાહ જોવી પડે. કહેવામાં આવે કે મંત્રીશ્રી આવ્યા નથી, તમે બેસજો, રાહ જોજો. તમને આ મેળામાં લાભ મળવાનો છે. મંત્રીશ્રીની કે અધિકારીશ્રીની રાહ જોઇને બેસે ત્યારે ભૂખ્યો અને તરસ્યો માણસ પોતાની રોજીરોટી પાડીને બેસતો હોય છે. આ સંકલ્પમાં એક ગરીબની ચિંતા કરવાની વાત કરી છે ત્યારે એ ગરીબ માણસ રાહ જોઇને બેઠો હોય પછી એમને જેમ કહેવામાં આવ્યું એમ વર્ષોથી ચાલી આવતી યોજના હોય, ઇન્દિરા આવાસ યોજના હોય, સરદાર આવાસ યોજના હોય, બેન્કેબલ યોજના હોય એ બધી યોજનાઓ એ સરકારશ્રીની ચાલતી યોજના હોય અને એ ચાલતી યોજના હોય ત્યારે એને અગાઉથી લોન આપી દેવામાં આવી હોય, સરકારે આવાસનું મકાન બનાવ્યું હોય અને મકાન બની ગયું હોય. હપ્તો બાકી હોય એ લેવા માટે ૪-૪ મહિના સુધી એને રાહ જોવી પડે. જ્યાં સુધી ગરીબ કલ્યાણ મેળો ન આવે ત્યાં સુધી એ અરજદારને રાહ જોવી પડતી હોય છે. એ રાહ જોયા પછી એમને કવર આપવામાં આવે કે આ બીજા હપ્તાનો હૂકમ છે. કવરમાં ચેક નહીં હૂકમ કરવામાં આવે કે આ હૂકમ બીજા હપ્તાનો કરવામાં આવ્યો છે અને કવર ઘેર જઇને ખોલે તો માત્ર એમાં હૂકમ જ હોય છે. ચેક લેવામાં પછી ડીડીઓ કે પછી આ સરકાર વચેટિયાઓની વાતો કરે છે ત્યારે હુકમ કેમ આપવામાં આવે છે? ચેક કેમ આપવામાં આવતો નથી? આ સંકલ્પની અંદર ક્યાંય શ્રમિકોની ચિંતા કરી

હોય એવું દેખાતું નથી. આ ગરીબ કલ્યાણ મેળા સંપૂર્ણપણે જ્યારે નિષ્ફળ ગયા હોય ત્યારે આ ગરીબ કલ્યાણ મેળાઓમાં ગરીબોની કાંઇ ચિંતા કરવામાં નથી આવી. અનેક મેળાઓ જે સરકારની અંદર થયા છે તો આવા ૨૬૦૦ મેળા કરીને મશ્કરી કરવાની વાત સંકલ્પની અંદર છે. તો અમારી યુ.પી.એ.ની કોંગ્રેસની સરકારે ગરીબોની સેવા માટે મનરેગાની યોજના હોય કે એવી અનેક યોજનાઓ યુ.પી.એ.ની સરકાર લાવી છે અને ગરીબોની ચિંતા કરવાની વાત કરી હતી ત્યારે આ સંકલ્પ જે લઇને આવ્યાં છે એ સંકલ્પમાં ક્યાંય ગરીબોની ચિંતા કરવાની વાત સંપૂર્ણપણે, સ્પષ્ટપણે દેખાતી નથી. બાકીની જે વાતો કરવામાં આવે છે એ ગરીબોની ચિંતા કરવામાં આવી નથી. અમારી કોંગ્રેસ પાર્ટી હંમશા ગરીબોની ચિંતા કરતી હોય છે. હું જોઉં છું, હું પણ એ વર્ગમાંથી આવું છું ત્યારે મને પણ ખ્યાલ છે કે કોંગ્રેસ પાર્ટી અમારાં જેવા માણસોને ટિકિટ આપીને સામાન્ય માણસોને એક ધારાસભ્ય તરીકે ચૂંટ્યા હોય ત્યારે હું સામેની પાર્ટીમાં જોઉં છું તો મોટાભાગના ઉદ્યોગપતિઓ ધારાસભ્ય હોય છે ત્યારે કોંગ્રેસ પાર્ટી હંમશા ગરીબોની ચિંતા કરનારી પાર્ટી છે. યુ.પી.એ.ની સરકારે ચિંતા કરી છે ત્યારે આ સંકલ્પ લઇને આવ્યાં છે એ સંકલ્પ સાથે સંમત થતો નથી. આટલી વાત કરીને વિરમું છું.

શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય અધ્યક્ષશ્રી, મારાં વિધાનસભાના સાથી આદરણીય આર. એમ. પટેલ સાહેબ જે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યાં છે તેના સમર્થનમાં મારાં વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રમનું મહત્વ આપણે બધા સમજીએ છીએ. પરંતુ શ્રમ કરનારા શ્રમિકો માટે આજદિન સુધી ઉદાસીનતા અને ઉપેક્ષા દાખવી હતી. તેની અંદર સૌ પ્રથમવાર ગુજરાત રાજ્ય એવું રાજ્ય છે કે જેમણે આ અસંગઠિત શ્રમિકોની ચિંતા કરી અને માનનીય રાજ્યના મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં ૨૦ જગ્યા ઉપર શ્રમયોગી કલ્યાણ મેળાનું આયોજન થયું. ભૂતકાળમાં ભાજપની સરકારે અલગ અલગ વર્ગના લોકો માટે કલ્યાણકારી અનેક મેળાઓનું આયોજન કર્યું છે. આજે પણ મને યાદ છે કે, માનનીય દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના જન્મ દિવસે આ રાજ્ય સરકારની અંદર ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત થઇ અને એવી જ રીતે શ્રમયોગી કલ્યાણ મેળાના આયોજનની શરૂઆત પણ દેશના પૂર્વ વડાપ્રધાન અને અમારાં પ્રેરણા સ્ત્રોત એવા અટલજીના જન્મદિવસે કરવામાં આવી. હમણાં સામેના સભ્યશ્રી ગરીબની વાત અને ગરીબ કલ્યાણ મળાની નિષ્ફળતાની વાત કરતા હતા. ગરીબના ઘરે જઇને રોટલો ખાવો, ફોટા પડાવવા એનાથી કાંઇ ગરીબી દૂર ના થાય. આ ગરીબી દૂર કરવા માટે શ્રમિક માટે રાજ્ય સરકારે અનેક સફળ પ્રયોગ કર્યા છે. ગરીબ કલ્યાણ મેળા અને શ્રમયોગી કલ્યાણ મેળાના લાભાર્થીને જોઇને ઘણીવાર થાય કે મારી સરકાર નાના માણસોની, ગરીબોની બેલી છે. પંડિત દિન દયાળ ઉપાધ્યાયનું સ્વપ્ન છેવાડાના માનવી સુધી પહોંચવાનું અને તેના ઉત્થાન માટે કામ કરવાનું હતું. જે વિચારધારા લઇને અમે ચાલીએ છીએ તેને ચરિતાર્થ પણ કરીએ છીએ. ગુજરાતમાં આશરે ૧.૯૫ કરોડથી વધારે અસંગઠિત શ્રમિકો છે. ભવિષ્યની અંદર આ અસંગઠિત શ્રમિકોને સંગઠિત કરીને વધુ સુરક્ષિત કરવા માટે ગુજરાત સરકારે સામે ચાલીને ૨૧ જેટલી યોજનાઓનો લાભ આપવા માટે નિર્ધાર કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય ગૃહને જણાવવું છે કે, આ લાભ કોને મળવાનો છે? ખેત મજૂરો હોય કે મનરેગામાં આવતા મજૂરો હોય, બાંધકામ ક્ષેત્રમાં કામ કરતાં મજૂરો હોય કે સરકારી વિભાગમાં મજૂરી કરતા મજૂરો હોય. APMC માં કે મોટી બજારોમાં હાથલારી કે બોરી ઉચકતા હોય એ મજૂરો હોય અથવા તો ડ્રાઇવર કે ક્લિનરો હોય, ઘરકામ કરતા ભાઇઓ કે બહેનો, હોટલમાં કામ કરતા વેઇટરો, મીઠાના અગિરયાના શ્રમિકો, સિક્યોરિટી ગાર્ડ, દુકાનમાં કામ કરતા નોકરો, હસ્તકલા હુન્નરના કે નાના નાના ઉદ્યોગોના કામ કરતા તમામ કારીગરોનો આમાં સમાવેશ કરવામાં આવ્યો છે. મેં જે શ્રમિકો વર્ણવ્યાં એમનું રજિસ્ટ્રેશન કરીને એમને ઓળખકાર્ડ આપવાનો રાજ્ય સરકારે નિર્ધાર કર્યો છે. આ ઓળખકાર્ડ મળશે એટલે રાજ્યની બહુજ અગત્યની એવી મા–અમૃત્તમ યોજના અને મા–વાત્સલ્ય યોજનાનો લાભ આ શ્રમિકોને મળવાનો છે. એથી આગળ વધીને આ શ્રમિકોને વીમા કવચ આપવાનું પણ રાજ્ય સરકારે નક્કી કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાના માણસને ઉપર આભ અને નીચે ધરતી હોય છે ત્યારે રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રીએ એક માં નો વ્હાલભર્યો પ્રેમાળ હાથ આ નાના માણસોના શિરે ધર્યો છે, એમ કહું તો ખોટું નથી. (સમયસૂચક ઘંટડી) દૈનિક વેતન આપવામાં આવતું હતું એમાં આજે ૬૦ થી ૬૫ રૂપિયાનો માતબર વધારો થયો છે. અમે ઘણાં સરકારના મેળાઓ જોયા છે. પરંતુ આ શ્રમિકોના મેળાઓની અંદર એક અત્યંત સંવેદનાસભર મને જો કોઇ વાત લાગી હોય તો બહુ મોટી સંખયામાં બહેનોની ઉપસ્થિતિ હતી. પક્ષાપક્ષીથી પર રહીને પણ આપણે નજર કરીએ તો આપણને ખ્યાલ આવે કે, આ રાજ્ય સરકારનું અતિ સ્તુત્ય પગલું છે. કેવડા મોટા પુણ્યના આપણે ભાગીદાર બનીએ છીએ, તે વાત આપણે સમજવી જોઇએ. ઘરકામ કરતી બહેનો હોય, શ્રમિક બહેનો હોય, મજૂરી કરતી બહેનો હોય, નરેગામાં કામ કરતી બહેનો હોય, આ બધી જ બહેનોને જ્યારે આ રાજ્ય સરકારના લાભ મળશે ત્યારે તેના કુટુંબને ખૂબ મોટું ભલું થવાનું છે. આમ આ રાજ્ય સરકારે શ્રમિકોને કાયદાકીય પ્રશ્નો માટે પણ એક ટોલ ફ્રી સેવા શરૂ કરી છે. આમ શ્રી આર.એમ.પટેલ જે બિનસરકારી સંકલ્પ લઇને આવ્યા છે એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરી હું વિરમું છું, ધન્યવાદ.

શ્રી વિજયકુમાર ર. રૂપાણી( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો આર.એમ.પટેલને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. કારણ કે, અતિ સંવેદનશીલ અને ગરીબ કિસાનો માટે, ગરીબ શ્રમિકો માટે આજે ચિંતા કરીને સંકલ્પ લાવ્યા છે એ ધારાસભ્યનો અધિકાર છે. પછી સત્તા પક્ષે હોય કે વિરોધ પક્ષે હોય. પ્રજાની લાગણીને વાચા આપવા, પ્રજાના દુ:ખોનો વિચાર કરીને, પ્રજા સુખી થાય એટલા માટે ચિંતા વ્યક્ત કરી છે. આર.એમ. પટેલને અભિનંદન આપું છું.

ફાલ્ગુન ૨૮, ૧૯૩૬ શાકે
બિનસરકારી સંકલ્પો

માનનીય અધ્યક્ષશ્રી, આ જે શ્રમયોગી કલ્યાણ મેળા, એ સરકારે પહેલીવાર કર્યા છે. માનનીય અમીતભાઇએ વાત કરી કે, અગાઉ ગ્રામ સભાઓ બોલાવી, ચાર-ચાર લોકોના નામો નક્કી કર્યા પાછા બીજી વખત બોલાવ્યા. મને ખૂબ નવાઇ લાગી કે, અમીતભાઇ સિનિયર સભ્ય છે અને શ્રમયોગી કલ્યાણ મેળો તો પહેલી વખત જ ૨૫મી ડિસેમ્બરે થયો છે. ત્યારે આ શ્રમયોગી કલ્યાણ મેળો ગુજરાતની સરકારે પ્રથમ વખત કર્યો છે. અને આ મેળા કરવાનું મૂળ કારણ કે, આ શ્રમિકોને લાભ તો જ મળે કે, દિલ્હીના મજૂર મંત્રાલયનો જે કાયદો છે, એ અંતર્ગત Every unorganized worker shall be registered and issued an identification card by the district administration which shall be smart card carrying unique identification number and shall be portable. એટલે આ કાયદા મુજબ આપણે એમને જો સુવિધા આપવી હશે, એમનો વિચાર કરવો હશે, એમને રક્ષણ આપવું હશે, એને ઇન્સ્યોરન્સ આપવું હશે, આ બધી વસ્તુઓ કરવા માટે પહેલાં એમની નોંધણી થવી જરૂરી છે. નોંધણી થયા પછી એમને કાર્ડ મળવું જરૂરી છે અને ત્યાર પછી જ અનઓર્ગેનાઇઝ લેબરને આ કાર્ડના લાભ મળે. એટલે કાયદાની જોગવાઇ મુજબ આ કાર્ડ દેવા જરૂરી છે અને એટલા માટે આ કાર્ડ આપવાનો સરકારે નિર્ણય કર્યો છે. યુ-વીન કાર્ડ નામ આપ્યું છે. હું તો સાહેબ એ રીતે કહું છું આપને કે, આ લેબર પાસપોર્ટ છે. જે પાસપોર્ટની વેલ્યુ છે એ પાસપોર્ટ જેટલી જ આની વેલ્યુ છે. એટલા માટે યુ.-વીન કાર્ડ એવું નામ માનનીય વડાપ્રધાને આપ્યું છે. ''યુ-વીન'' તમે જીતો. એનો બીજો અર્થ થાય છે, Un-organised Worker Identification Number એટલે યુ-વીન નામ આપ્યું. એટલે તમે જીતો. એનું આત્મ સન્માન વધે, એમનું ગૌરવ વધે એટલા માટે નામ યુ-વીન કાર્ડ રાખ્યું છે. અને આપણી સરકારે આ યુ-વીન કાર્ડ દેવાનું શરૂ કરી દીધું છે. એમના પહેલાં એમ હતું કે, આ લોકોને લાભ આપવો છે તો રજીસ્ટ્રેશન કેમ કરાવવું ? તો જ્યાં સુધી ઝૂંબેશ ન કરીએ ત્યાં સુધી રજીસ્ટ્રેશન ન થાય. અને હું આજે ગૌરવ સાથે કહું છું કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર જ્યારથી શ્રી નરેન્દ્રભાઇ મુખ્યમંત્રી બન્યા, સરકારના દરેક કાર્યક્રમને એક ઝૂંબેશ તરીકે ઉપાડ્યો છે. અને એને કારણે આ સરકારી કાર્યક્રમો સફળ થવાને કારણે ગુજરાત નંબર-૧ બન્યું છે. એ ઝૂંબશના ભાગરૂપે શ્રમયોગી કલ્યાણ મેળા, ગરીબ કલ્યાણ મેળા, કૃષિ કલ્યાણ મેળા, દૂધ અંગેના કલ્યાણ મેળા, મહિલા મેળા, ખેલોકુંભ મેળા, પતંગ મેળા, ગુણોત્સવ , કન્યા કેળવણી ઉત્સવ, પ્રવેશોત્સવ, નવરાત્રી ઉત્સવ, રણોત્સવ, સદભાવના સંમેલન આ બધા કાર્યક્રમો એક ઝૂંબશના ભાગરૂપે ગુજરાતની પ્રજાને હિલોળે ચડાવીને હસતા હસતા આનંદ કરતા કરતા આ સરકારે આ બધી યોજનાનો લાભ આપવા માટે એક નવો નવતર અભિગમ કર્યો છે. પણ મને એવું લાગે છે કે હવે તો મેળા અને ઉત્સવના નામથી કોંગ્રેસ થરથરી જાય છે. એમને બીક લાગે છે કે ધરતી પગ નીચેથી સરકીજાય છે માટે મેળાનો વિરોધ કરવામાં આવે છે. આ મેળા કરવાથી વચેટીયાઓનું શાસન દૂર થયું છે. આ મેળાઓ કરવાથી દલાલો વચમાંથી નીકળી ગયા છે અને પ્રજા અને સરકાર સીધી આમને સામને રહે અને સરકાર જે કાંઇ કરે એ પ્રજાને એક સાથે આપે એટલા માટે આ મેળા કર્યા છે. આજ દિવસ સુધી હમણા કોંગ્રેસના મિત્રોએ વાત કરી કે આ કાયદો અમે લાવ્યા. ૨૫ મી ડિસેમ્બરે જયારે આ શ્રમયોગી કલ્યાણ મેળા કર્યા. પહેલી વખત ઘટના ઘટી કે દેશના વડાપ્રધાને એક રાજયના કાર્યક્રમમાં પોતે સીધા પ્રસારણમાં ભાષણ આપ્યું, શ્રમિકોની સાથે સીધી વાત કરી. એમણે એમ કીધું કે મને નવાઇ લાગે છે કે જયારે હું વડાપ્રધાન બન્યો ત્યારે મારી પાસે અધિકારીઓ આવ્યા અને અધિકારીઓએ કીધું કે સાહેબ, વર્ષોથી આપણી સરકાર પાસે આ વર્કરોના ૨૭૦૦૦કરોડ રૂપિયા એમને એમ પડયા છે. આગલી સરકારે એક ફદીયું વાપર્યું નથી અને આ કામદારોના, ગરીબ કામદારોના વિકાસ માટે આ ગરીબ કામદારોના અધિકારના પૈસા આજ દિવસ સુધી ભારત સરકારમાં એમને એમ પડયા છે અને ત્યારે વડાપ્રધાને કીધું કે હું એક એક કામદારને ગોતી ગોતીને આ પૈસા પાછા પહોંચાડવાનો છું. આજે અમે પણ કહીએ છીએ કે ૯૦૦ કરોડ રૂપિયા બાંધકામના આ શ્રમિકોના પૈસા આ શ્રમિકો માટે વાપરવા માટે સરકારે તૈયારી શરૂ કરી દીધી છે. આવનારા દિવસોમાં આ બાંધકામના શ્રમિકો માટે એ જયાં જયાં બાંધકામનું કામ કરતા હોય ત્યાં અદ્યતન શાળા, ત્યાં એમને માટે આરોગ્ય વાન, ત્યાં એમના માટે શિષ્યવૃત્તિની વ્યવસ્થા, એમના પેન્શનની વ્યવસ્થા, મીઠાના અગરીયાઓના અગરીયા વિસ્તારમાં આ આખી વ્યવસ્થાઓ આ પ્રકારે કરીને અમારા બાંધકામ સમીટ બોર્ડને મુખ્યમંત્રીશ્રીએ સુચના આપી છે કે કાર્યાન્વિત થાઓ, અને આજે પણ આ બધા પૈસા અમે સાચવીને રાખ્યા છે. હવે વાપરવાનું શરૂ થવાનું છે અને કામદારોના વિકાસ માટે થશે એ પણ હું આપને જણાવું છું. લઘુત્તમ વેતનની વાત કરી. મને ખબર નથી એમની પાસે કયા આંકડા છે પણ મારી પાસે ૨૦૧૩ના મેં ગઇકાલે કીધું હતું એમ દિલ્હી મંત્રાલયના ઓફીસીયલ ફીગર છે. લઘુત્તમ વેતનમાં બે નાના રાજયોને બાદ કરતા ગુજરાત નંબર-૧ છે અને આજે ગુજરાતમાં ૨૮૪ રૂપિયા લઘુત્તમ વેતન આપણે ચૂકવીએ છીએ. આંધ્ર પ્રદેશ ૨૬૧ ચૂકવે છે. મહારાષ્ટ્ર ૨૫૪ ચૂકવે છે. પંજાબ ૨૪૧ ચુકવે છે. વેસ્ટ બેંગાલ ૨૨૦ ચૂકવે છે. મધ્યપ્રદેશ ૨૧૨ ચૂકવે છે. ઉત્તર પ્રદેશ ૨૦૦ રૂપિયા ચૂકવે છે. ઉત્તરા ખંડ ૧૯૪ ચૂકવે છે. તામિલનાડુ ૧૮૬ ચૂકવે છે. બિહાર ૧૭૬ ચૂકવે છે. આ બધા ફીગર મારા હાથમાં છે. અમિતભાઇ કયાંથી ફીગર લાવ્યા છે મને ખબર નથી. ગુજરાત પણ લઘુત્તમ વેતનમાં આજે નંબર-૧ છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને કહેવું છે કે આ શ્રમયોગી કલ્યાણ મેળા વખતે અમને એમ હતું કે નવો અનુભવ છે. ૨૦ જગ્યાએ કલ્યાણ મેળા કરીશું પાંચ પાંચ હજાર લોકો આવશે. એક લાખ લોકોનું રજીસ્ટ્રેશન એક સાથે થશે. પણ જે રીતે એનાઉન્સ થયું ૪૬૮૦૦૦ લોકો એક જ દિવસમાં આ રજીસ્ટ્રેશન કરાવ્યું અને આપણા માટે ખૂબ સારો રીસ્પોન્સ આપણને મળ્યો અને આ કામદારો જે આશા લઇને ગયા છે. અને હમણા જ આ વખતના બજેટમાં માનનીય મંત્રીશ્રી સૌરભભાઇએ પેન્શન યોજના જાહેર કરી છે અને ગુજરાત રાજ્ય ૫૦ કરોડ રૂપિયા આ વખતના બજેટમાં રાખ્યા છે. જે કામદાર ઘરે કોઇ કામ કરતી બહેન કામવાળી, ડ્રાઇવર

હોય, ક્લિનર હોય કોઇપણ અસંગઠિત કામદાર હોય એ કામદાર પોતાનો ફાળો આપે, રાજય સરકાર ફાળો આપશે, એટલો જ ફાળો કેન્દ્ર સરકાર આપશે અને ૬૦ વર્ષ એમના માટેની પેન્શન સ્કીમ પહેલી વખત ગુજરાત સરકારે બહાર પાડી છે. એમાં પણ ગુજરાત નં.૧ છે. અસંગઠિત કામદારોના ભવિષ્યનો વિચાર કરી પેન્શનની વ્યવસ્થા પણ આપણી સરકારે કરી છે. માટે જે આર.એમ.પટેલે ચિંતા વ્યક્ત કરી છે તે બાબતમાં સરકાર પણ ચિંતીત છે, સરકાર આ બધું કરી રહી છે, એટલે મારી વિનંતી છે કે સંકલ્પની તમારી ભાવના એમાં આવી જાય છે માટે તમારો સંકલ્પ પાછો ખેંચો તેવી વિનંતી કરું છું.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો જવાબ સાંભળ્યો અને આ ચર્ચાની અંદર સભ્યશ્રી શૈલેષભાઇ, અમિતભાઇ, દુષ્યંતભાઇ, રાકેશભાઇ, પ્રવિણભાઇ તથા વર્ષાબેને ભાગ લીધો તે બધાનો આભાર માનું છું. અને રાજય સરકારે જે અસરકારક પગલાં લેવાનું શરૂ કરી દીધું છે. એ ધ્યાનમાં લઇને હું મારો સંકલ્પ પાછો ખેંચી લેવા માટે સભાગૃહની પરવાનગી માગું છું.

પ્રશ્ન મત માટે મુકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : હું મારો સંકલ્પ પાછો ખેંચી લઉં છું.

અધ્યક્ષશ્રી : સંકલ્પ પાછો ખેંચવામાં આવે છે.

આદિવાસીઓને જંગલની જમીન આપવા અંગે

શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ રજૂ કરું છું કે,

વન અધિકાર અધિનિયમ–૨૦૦૬નો દેશના દરેક રાજયમાં અમલ કરવામાં આવેલ છે. આ અધિનિયમને આજે નવ વર્ષ જેટલો લાંબો સમય પસાર થઇ ગયો હોવા છતા આદિવાસી ખેડૂતો અને બિનઆદિવાસી ખેડૂતોની આવેલ અરજીઓમાંથી અત્યાર સુધીમાં માત્ર ૪૦ ટકા જેટલી જ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે. આદિવાસી ખેડૂતો જંગલની જમીન મેળવવાના હક્કદાર હોવા છતા તેઓને કબજેદાર ખેડૂત બનાવેલ નથી તેમજ તેઓની જમીનની માપણી પણ કરવામાં આવી નથી. જેમની અરજીઓ નામંજૂર થઇ હોય તેવા ખેડૂતોને કલેકટર સમક્ષ અપીલ કરવાનો સમય પણ અપાતો નથી. મોટા ભાગની અરજીઓનો નિકાલ ન કરાતા આ કાયદાને બિનઅસરકાર બનાવાઇ રહ્યો હોય તેવી લાગણી ગુજરાતના આદિવાસી સમાજમાં ઉભી થઇ છે.

બિનઆદિવાસી તાલુકામાં રહેતા આદિવાસી ખેડૂતો જંગલની જમીનનો કબજો ધરાવતા હોવા છતા હજુ સુધી એ ખેડૂતો પાસેથી અરજીઓ લેવામાં આવેલ નથી અને આદિવાસી ખેડૂતો કે જેમનો ત્રણ પેઢીથી જમીન પર કબજો છે, જેના પર કૂવાઓ અને ઘર બની ગયા હોવા છતા પણ તેમને જમીનનો કાયદેસરનો કબજો આપવામાં આવતો નથી. રાજય સરકારે વન સમિતિના સભ્યોને ગ્રામ, તાલુકા અને જિલ્લા સમિતિઓમાં ભાગીદાર બનાવ્યા છે, પરંતુ જે તે વિસ્તારના સ્થાનિક ધારાસભ્યોનો આ સમિતિમાં સમાવેશ થતો નથી, જેથી કબજેદાર ખેડૂતોને ન્યાય મળતો નથી.

રાજયના આદિવાસી ખેડૂતો જંગલની જમીન મેળવવાનો હક પ્રાપ્ત કરી શકે તે હેતુથી ગ્રામ સમિતિએ દર્શાવેલી અને કબજા પ્રમાણે દર્શાવેલી જમીનો તેમના નામે કરી આપવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સંકલ્પ મારે એટલા માટે લાવવો પડ્યો છે કે આ ગુજરાત સરકાર આદિવાસીઓની ચિંતા નથી કરતી એવું મને લાગે છે. આજે ગુજરાતના આદિવાસીઓ જંગલની જમીન લેવા માટે, અંગ્રેજોનું શાસન હતું, રાજા મહારાજાઓનું શાસન હતું તેવું દેખાઇ રહ્યું છે. જંગલમાં આદિવાસી વસે છે. તે જમીન ઉપર પોતાના હકક છે. જે જમીન વર્ષોથી તે ખેડે છે. તે પોતાની માલિકીની તે જમીન આદિવાસીઓને આપવા માટે તમે કેમ આનાકાની કરો છો તેની મને ખબર પડતી નથી. *(xxx)

અધ્યક્ષશ્રી : *(xxx) તે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા આદિવાસીઓને જમીન કેમ આપવામાં નથી આવતી તે મારો સીધો પ્રશ્ન છે. મારો સંકલ્પ લાવવાનો આશય એ છે કે ગુજરાતના આદિવાસીઓને આ જંગલની જમીન મેળવવા માટે ન્યાય મળે તે માટે હું આ સંકલ્પ લઇને આવ્યો છું. આપના દ્વારા એ પણ કહું છું કે આદિવાસીઓની જંગલની જમીન મેળવવા માટેની કેટલી અરજીઓ આવી? ૧ લાખ ૯૨ હજાર અરજીઓ આવી. તેની સામે કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, તો તેમાંથી ફકત ૪૦ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. ૪૦ ટકા અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો તેમાં આદિવાસીઓને કેટલી જમીન આપવામાં આવી? તો બે હેકટર માગતા હોય, એક હેકટર માગતા હોય તેને ૨૦ બાય ૨૦ ચોરસ મીટર જમીન આપવામાં આવી છે. આવું કેમ કરવામાં આવે છે તે સમજાતું નથી. આ જે અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે તે ગ્રામ સમિતિએ નકકી કરેલી હોય છે. ગ્રામ સમિતિએ નકકી કરેલી અરજીઓ જિલ્લા સમિતિમાં આવે છે. જિલ્લા સમિતિમાં ખરેખર આદિવાસી ખેડૂતો હોય છે અને જંગલની જમીનના હકકદાર હોય છે તેમને જમીન આપવામાં નથી આવતી, પણ જે •(xxx) નીતિ અપનાવી કોઇ પાર્ટીનો કાર્યકર હોય કે કોઇ સંસ્થાનો આગેવાન હોય તેને આ જમીન આપવામાં આવે છે.

* આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

• આ શબ્દો માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું એ કહેવા માગું છું કે જંગલની જમીન એટલા માટે માંગવામાં આવે છે કે ગુજરાતના આદિવાસી પાસે કોઇપણ આદિવાસી હોય, કોઇ મંત્રી હોય કે કોઇ ધારાસભ્ય હોય તેમની પાસે પાંચ એકરથી વધારે જમીન નથી. જયારે આદિવાસી ખેડૂત જમીન માગે છે ત્યારે ૭-૧૨ના ઉતારામાં તેનું નામ નથી આવતું. ૭-૧૨ના ઉતારામાં નામ નથી આવતું એટલે તે ખેડૂત તેના ઉપર લોન નથી લઇ શકતો. તેના પર મકાન બાંધી શકતો નથી અને તેના ઉપર ખેતી કરી શકતો નથી. તમે તેને શું આપો છો? તમે તેને સનદ આપો છો. એ સનદ આપો છો એટલે શું થાય છે કે એ જમીન પર પોતાનો હકક મેળવી શકતો નથી. તેના ઉપર કશું મેળવી શકતો નથી. મારી આ ગૃહને વિનંતી છે કે તમે આદિવાસીઓને તાત્કાલિક આનાકાની કર્યા વગર જમીન આપો. આજે ગુજરાતનો આદિવાસી રીબાય છે. આ દૂર કરવા માટે તાત્કાલિક પગલાં લેવા જોઇએ. આપણે ગુજરાત નંબર વન છે એમ કહીએ છીએ. ગતિશીલ ગુજરાતની વાત કરીએ છીએ. આદિવાસીઓને જમીન આપવાની વાત આવે છે ત્યારે ગુજરાત કયા ક્રમે આવે છે તો સાહેબ સાતમા ક્રમે આવે છે. સાતમા ક્રમે આવીએ છીએ ત્યારે નીચું ઘાલવાનો વારો આવે છે. અમે અમારા મત વિસ્તારમાં જઇએ છીએ ત્યારે લોકો અમને પૂછે છે કે વિધાનસભાની અંદર આપણા આટલા બધા ૨૭ ધારાસભ્યો ચૂંટાયા છે તો કોઇ રજૂઆત કરે છે કે નથી કરતા? ત્યારે થોડાક માણસો ચૂંટાયેલા હોય તે પાર્ટીના સિદ્ધાંતને વરેલા હોય છે. એટલે અમૂક બાબતની રજૂઆત કરી શકતા નથી. અમારા મંત્રીશ્રીઓના હાથ બંધાઇ ગયેલા હોય છે. તે પણ તેના આટાપાટામાં પડતા હોય છે. ૧૭ હજાર કરોડનું પેકેજ ગણો કે ૪૦ હજાર કરોડનું પેકેજ ગણો પણ તે આદિવાસીના મોંઢામાં જાય છે ખરું, તેનો સ્વાદ તેને મળે છે ખરો? અમને જંગલની જમીન મળી પણ કોઇપણ યોજનાનો લાભ મળતો નથી. આ ગુજરાત નંબર વનની વાત એ કાગળ અને કોમ્પ્યુટરની કરામત છે. અમને કહેવામાં આવે છે, રામ વનવાસ ગયા હોય કે કોઇપણ ઈતિહાસ હોય. તે ઈતિહાસ સાથે આ ગુજરાતના આદિવાસીઓ જોડાવા નથી માગતા. એટલે અમને મહેરબાની કરી કોઇ વનવાસી ના કહે અને વનબંધુ ના કહે તેવી ખાસ આપના દ્વારા ગૃહના તમામ સભ્યો અને વિપક્ષના મારા પક્ષના આગેવાનોને બે હાથ જોડીને વિનંતી કરું છું. તેનાથી ઉંધુ ઘાલવાનો વારો આવે છે. તમે કેમ બંધારણમાં વ્યવસ્થા નથી કરી, આપના દ્વારા રક્ષણ માગું છું. જે સમિતિઓ બનાવવામાં આવે છે તેની અંદર ચૂંટાયેલા સભ્યોની જિલ્લા સમિતિ બનાવવામાં આવે છે. તેમાં સ્થાનિક ધારાસભ્ય હોતા નથી કે બીજા કોઇ માણસો હોતા નથી. તેના લીધે શું થાય છે કે ચોકકસ માણસોને આ જમીનનો લાભ મળે છે. સાચા માણસને આ જમીનનો લાભ નથી મળતો. એટલે આપના દ્વારા માનનીય મંત્રીશ્રી અને સરકારને વિનંતી છે કે તે વિસ્તારના ચૂંટાયેલા ધારાસભ્યો હોય તેમને આ સમિતિમાં લેવા જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા મારી એ પણ વિનંતી છે કે, ૭/૧૨ના ઉતારામાં આદિવાસીનું નામ આવવું જોઇએ, ૮ (અ) માં આદિવાસીનું નામ આવવું જોઇએ અને ગામ નમૂના નંબર ૬ માં આદિવાસીનું નામ આવવું જોઇએ. ૧ લાખ ૯૨ હજાર અરજીઓ છે એ આદિવાસીઓએ પોતાની જમીન મેળવવા માટે હક્ક માગ્યો છે, એ આદિવાસીનો હક્ક છે પણ કેમ તમે આદિવાસીઓને જમીન આપતા નથી? આદિવાસીનો ઉધ્ધાર ક્યારે થશે કે એનું ૭/૧૨ના ઉતારામાં નામ આવે અને તમારી સાચી નીતિ હશે, તમારા સાચા વિચારો હશે અને તમે આદિવાસીઓનો વિકાસ કરવાની સાચી વાત કરતા હશો તો આ પ્રશ્ન હલ થશે. માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા બીજી પણ હું વાત કરવા માગું છું. મેં પહેલા જેવી રીતે કહ્યું તેમ સરકારે જે અરજીઓ નામંજૂર કરી એ નામંજૂર કરી એની આદિવાસીઓને જાણ કરવામાં નથી આવતી કે તમે જે જંગલની જમીનની માગણી કરી છે એ અમે નામંજૂર કરીએ છીએ.

શ્રી મોતીલાલ પૂ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અશ્વિનભાઇ જે બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષનો જંગલની જમીનની સનદ આપવાનો રેકોર્ડ જોયો હોત તો તેઓ આ સંકલ્પ લઇને આવ્યા નહોત. માનનીય અધ્યક્ષશ્રી, આ કોંગ્રેસને જંગલની જમીન આપવા માટે બોલવાનો કોઇ અધિકાર નથી, આ હાઉસમાં પહેલા પણ કહી ચૂક્યો છું. અંગ્રોજોએ તો જંગલની જમીન આપી હતી એમને ત્યાં વણતિયાને પટાવાળા રહેતા હતા એમને તો નામે કરી ગયા હતા મિલકતો કે ભાઇ આ તમારું છે, જંગલો નામે કર્યા હતા પણ કોંગ્રેસે પગ મૂકવા જેટલી જગ્યા પણ અપાવી હોય તો મને કોંગ્રેસના સભ્યો બતાવે કે આ અમારા રાજમાં આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડે તેની જમીન ૧૯૭૨થી જે લોકો જમીન ખેડે એને જમીન નામે કરવા જે તે વખતે પંચાયત એકટ અને મહેસૂલ એકટ પ્રમાણે એને નામે થતી હતી ત્યારે પણ જંગલની જમીન અમારા આદિવાસીઓ ખેડતા હતા પણ ૧૯૭૬માં ફરી કાયદો લાવ્યા અને જેટલા અમારા આદિવાસીઓ જમીન ખેડતા હતા એને સાંભળ્યા વગર સેકશન-૪ લગાવી દઇને જંગલ અનામત તરીકે જંગલો જાહેર કર્યા. એટલું જ નહીં એટલાથી ધરાયા ન હોય તેમ એમના મગજમાં એવું હતું કે, આદિવાસીઓ હજુ પણ જંગલમા પાન, ફળ, ફૂલ, કંદમૂળ ખાયને જીવે એમને ખેડૂત તરીકે જોવાની કોઇ દાનત જ ન હતી અને મોટામાં મોટી ભૂલ ૨૫-૧૦-૧૯૮૦નો જે કાળો કાયદો લાવ્યા એ બહુ મોટો આદિવાસીઓ ઉપર જૂલમ કર્યો અને ૨૫-૧૦-૧૯૮૦નો કાયદો જ્યાં સુધી ન સુધરે ત્યાં સુધી આદિવાસીને જંગલની જમીન ન મળી શકે. (અંતરાય) હા, હજાર વાર કાળો કાયદો કહીશ, હજાર વાર. જ્યાં સુધી ૨૫-૧૦-૧૯૮૦નો કાયદો ના સુધરે ત્યાં સુધી આદિવાસીઓને જંગલની જમીન ન મળી શકે, એને રસ્તો ન મળી શકે, એને ઘર બાંધવાની જગ્યા ન મળી શકે. ૨૫-૧૦-૧૯૮૦થી કેટલા વર્ષ રાજ કર્યું પણ કોઇ આદિવાસી નેતા કે કોંગ્રેસે કાયદો સુધારવાનું ક્યાંય કંઇ વિચાર્યું નહીં પણ ૧૯૯૮માં મર્દ માણસ દિલ્હીની ગાદી પર બેઠો

તા. ૧૯મી માર્ચ, ૨૦૧૫
બિનસરકારી સંકલ્પો

અટલ બિહારી બાજપેયી એમણે ૧૦મી જાન્યુઆરી ૨૦૦૩ના રોજ નોટિફિકેશન બહાર પાડ્યું અને ૨૫-૧૦-૧૯૮૦નો કાયદો ૨૩ વર્ષ પછી આદિવાસીઓના હક માટે સુધાર્યો. આ નોટિફિકેશન બહાર પાડીને એમાં જણાવ્યું કે જે તે રાજયની કમિટીઓ બનશે અને ખેતીની જમીન માટેનો પ્લોટ, રસ્તા માટેનો પ્લોટ, વિકાસના કામ માટેના પ્લોટની ભલામણ કરશે. કમનસીબી એ કે ૨૦૦૪માં ચૂંટણી હારી ગયા પછી કોંગ્રેસની સરકાર આવી અને ફરજિયાતપણે એનો અમલ કરવાની જરૂરિયાત હતી પણ એમને ખબર હતી કે આ નોટિફિકેશનનો અમે અમલ કરીશું તો ભારતીય જનતા પાર્ટીની આખા દેશમાં આદિવાસીઓમાં વાહ વાહ થઇ જશે એટલે પછી એમણે ૨૦૦૬માં એ નોટિફિકેશનની થોડીક કલમો સુધારીને એમને ટ્રાયબલ એક્ટ બનાવ્યો વન અધિકાર ધારો અનુસૂચિત જાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓને વન અધિકાર માન્યતા ૨૦૦૬માં સુધાર્યો. મારે એટલું જ કહેવું છે કે, કાયદો સુધાર્યા પછી, કોંગ્રેસના લોકોએ એવો પ્રચાર ચાલુ કર્યો, ઘરનું ઘર આપવાના કેવા ફોર્મ વહેંચતા હતા એમ અમારી સરકાર જમીન આપવાની છે, મોટા મોટા કોંગ્રેસના નેતા થેલામાં ફોર્મ ભરી ભરીને અમારા આદિવાસીઓને આ ફોર્મ ભરાવતા હતા, જરાય ચકાસણી ના કરી કે ખરેખર તારી પાસે કોઇ આધાર પૂરાવો છે, કેટલા વરસથી ખેડો છો પણ કંઇ જોયું નહિ, અરજીઓ ફોર્મ ભરાવી દીધા, ગામડામાં અમારો આદિવાસી પુછે છે કે અશ્વિનભાઇ જે ફોર્મ ભરાવેલું તે જમીન અમને ક્યારે અપાવો છો? એટલે તેઓ કહી શકેને કે તમારા માટે સંકલ્પ લાવ્યો છું, તમને જંગલની જમીન મળે એટલે મેં તો વિધાનસભામાં રજૂઆત કરી હતી, હવે સરકાર ના આપે તો હું શું કરું એટલે આવા નિવેદનો પ્રજામાં જઇને કરી શકાય એ રીતેની આખી વાત કરી છે, ત્યારે મારે એમને જણાવવાનું, એમણે એમ પણ કહ્યું કે જે લોકોને સનદ આપવામાં આવે છે અને એ સનદ આપવાની બાબતમાં વાત કરું તો એમના સાબરકાંઠા જિલ્લાની અંદર ૧૯૬૨૫ દાવા હતા એમાંથી ૬૦૪૬ લોકોને અને બનાસકાંઠામાં ૫૯૦૦ એમ કરીને કુલ આખા ગુજરાતમાં ૭૦૭૨૩ અમારી આદિવાસી વ્યક્તિઓને એક લાખ છ હજાર ૩૧ એકર જમીન આપી. આજે બધા લોકો જમીનો ખરીદે છે આજે એક એકર જમીનનો ભાવ પુછો તો અમારે ઘણી વખત અમારા વિસ્તારમાં ઘણા સૌરાષ્ટ્રના લોકો આવે છે કે ભાઇ જમીન આપો અને કહે છે કે એક એકરના કેટલા એટલે અમે કહીએ કે ૨૫૦૦૦ તો એ કહે કે ૨૫૦૦૦ નહિ ૩૦૦૦૦ લઇ લો પણ જમીન આપો, આ જમીનની કિંમત ગણો, એક લાખ રૂપિયા એકરના અમારા આ આદિવાસીઓને આ જમીનો મફતના ભાવમાં આપી છે, એવો ઉપકાર આ ગુજરાત રાજ્યના જે તે વખતના મુખ્યમંત્રી હતા નરેન્દ્રભાઇ મોદી એ જ કરી શકે, જેટલા લોકોને જમીન આપી જ્યારે આ દરખાસ્ત સ્વીકારવાની ભારત સરકારે ના પાડી ત્યારે ૨૦૧૦માં અમદાવાદની અંદર આદિવાસીઓને જંગલની જમીનની સનદ આપવાનો માનનીય મુખ્યમંત્રીશ્રીએ કાર્યક્રમ રાખ્યો હતો તો કેટલીક અરજીઓ ભારત સરકારે વાંધા સાથે પાછી મોકલી, ત્યારે તે વખતના મુખ્યમંત્રીશ્રીએ જાહેર ભાષણમાં કહ્યું કે કોઇપણ અરજી શા માટે નામંજૂર થાય, દરેક અરજી મંજૂર થાય ફરીથી મોકલો અને જો કાયદાનો ભંગ થતો હોય, આદિવાસીઓને જંગલની જમીન આપવા માટે તો હું જેલમાં જવા તૈયાર છું, એવા પણ નિવેદનો માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કહ્યા હતા. ત્યારે મેં કહ્યું હતું કે એક ગાંધીજી હતા કે જેમણે અંગ્રેજોના કાળા કાયદાઓનો ભંગ કરવા માટે મીઠાનો સત્યાગ્રહ કરેલો તેવા જ એક અમારા મર્દ મુખ્યમંત્રી જે તે વખતના માનનીય નરેન્દ્રભાઇએ આદિવાસીઓને જંગલની જમીન મળે એના માટે કોંગ્રેસના કાળા કાયદાનો ભંગ એમણે કર્યો હતો. એમણે એ પણ વાત કરી કે જે લોકોને સનદ આપવામાં આવે છે આદિવાસીઓને એમને કોઇ અધિકાર નથી મળતા, દરેક ધારાસભ્યને પરિપત્ર આપ્યા છે, સરકારી કચેરીમાં પરિપત્ર આવ્યા છે કે જેટલા લોકોને સનદ આપવામાં આવી છે એને સરકારી યોજનાનો, કૂવાનો લાભ હોય, ડિઝલ એન્જિનનો લાભ હોય કે પછી એને વીજળીકરણનો લાભ જોઇતો હોય, ડ્રીપ ઈરીગેશનનો લાભ જોઇતો હોય, દવા છાંટવાનો પંપ જોઇતો હોય, બિયારણ માટેનો પંપ જોઇતો હોય, સારી ખેતી કરવા માટે એમને માર્ગદર્શનની જરૂર હોય તો શિબિરમાં ભાગ લેવા જવા માટે સરકારે પરિપત્ર કરીને બધી જ વ્યવસ્થા કરી છે. એમને ધ્યાનમાં હોવું જોઇએ, ખેડૂતોને કહેવું જોઇએ કે જે રીતે રેવન્યુમાં ખાતેદારને બધા અધિકાર આપવામાં આવે છે એવા બધાજ અધિકાર આપને પણ આપવામાં આવેલા છે, ફક્ત એટલું છે કે જ્યાંસુધી એની રેવન્યુમાં એન્ટ્રી ના પડે સ્વાભાવિક છે કે બે બાબત ના થઇ શકે એક તો કોર્ટમાં જામીન ના રહી શકે અને બેન્કમાંથી એને લોન ના મળે, એટલે આ રીતે બાકીના સરકારી બધા જ લાભ મળ્યા છે અને આ ગતિશીલ સરકાર આવનારા દિવસોમાં જે પણ લોકો સાચા માગણીદાર છે જેમણે સાચા પૂરાવા આપ્યા છે, સાચા એમના હક્ક દાવાઓ છે એમાં અમે ગેરંટી સાથે કહીએ છીએ કે સાચો અરજદાર આ ગતિશીલ ગુજરાતમાં એકપણ આદિવાસી બાકી રહેશે નહિ એટલે આ જે સંકલ્પ લઇને આવ્યા છે માનનીય મંત્રીશ્રી પણ જવાબ આપશે આ ગતિશીલ ગુજરાતની સરકારમાં ગતિ ખૂબ જોરદાર ચાલે છે એટલે સભ્યશ્રી એમનો સંકલ્પ પાછો ખેંચી લે એવી હું આપને વિનંતી કરું છું.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી (અંતરાય)રેકર્ડ ઉપર ખોટું..

અધ્યક્ષશ્રી : આપ બેસી જાવ, હું રેકર્ડ જોઇને દૂર કરીશ.

શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહમાં બિન સરકારી સંકલ્પ માનનીય શ્રી અશ્વિનભાઇ કોટવાલ લઇને આવ્યા છે તેના ઉપર હું મારા વિચારો આપુ છું અને તે સંકલ્પને હું અનુમોદન આપતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહની અંદર ઘણા વર્ષોથી અમે સાંભળીએ છીએ કે આદિવાસીઓ ઉપર અનેક જાતની ચર્ચાઓ થાય છે. હું આજે દાવા સાથે કહું છું કે આદિવાસીઓની જો સાચી ચિંતા કરી હોય તો એ આપણા ત્રણ નેતાઓએ તેના ઉપર ખૂબજ ચિંતા કરેલી છે. એક છે અમારા વલસાડના અને આપણાં દેશના પૂર્વ વડાપ્રધાન

સ્વ.મોરારજીભાઇ દેસાઇ, બીજા છે અમારા આદિવાસી હક્કપત્રના નામે જાગૃતિ લાવવાનું મુખ્ય કામ કરેલુ એવા સ્વર્ગસ્થ શ્રી સૂર્યકાન્ત આચાર્ય અને આપણા હાલના વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી. આ વસ્તુ હું એટલા માટે યાદ કરું છું કે જયારે નાના માણસો, આદિવાસીઓ સ્વભાવિક રીતે જંગલ વિસ્તારની અંદર રહેતાં હોય છે. આપણે તેનો વિસ્તાર પણ જોઇ લઇએ તો અંબાજીથી ઉમરગામ સુધીનો વિસ્તાર કે જેનો વારંવાર શબ્દ પ્રયોગ થાય છે અને એમાં જે વસતિ રહે છે તે વસતિનું પ્રમાણ પણ ઘણું છે. ૯૦ લાખ જેટલી વસતિ જયારે આદિવાસી ક્ષેત્રમાં રહેતી હોય ત્યારે સ્વભાવિક રીતે તેની ચિંતા વખતો વખત કરવી પડે. સ્વ.શ્રી મોરારજીભાઇ દેસાઇએ બોમ્બે અને ગુજરાત જયારે સાથે હતુ ત્યારે મજૂરમાંથી એક ખેડૂત બનાવવા માટેનો હક્કપત્ર જેમણે રજૂ કર્યો હોય એ ગણોતધારો તેમણે રજૂ કર્યો. અને એના કારણે અમારા દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાતની અંદર ઘણાં મજૂરો હતા તેને સાચો ખેડૂત બનવાનો અધિકાર મળ્યો અને એના આધારે ગર્વથી આજે તે ખેડૂત છે તેમ કહી શકે છે. ત્યાર પછી ૧૯૯૫માં હું જયારે ધારાસભ્ય તરીકે હતો ત્યારે સ્વર્ગસ્થશ્રી સૂર્યકાન્ત આચાર્ય તેમણે પણ એમ કહ્યું હતુ કે આપણે આદિવાસીઓની ચિંતા કરવી જોઇએ, તેના માટે આદિવાસી હક્કપત્ર દાખલ કરવું જોઇએ અને જે આદિવાસીઓ જંગલમાં રહેતા હોય તે, દા.ત. તેના છાપરા સેવવા માટે સાગના પાંદડાઓનો માથે ભારો લઇને આવતા હોય તો તેને ગુન્હો ના ગણવો જોઇએ. તેને રેતી જોઇતી હોય અને તે ટોપલાથી લઇ આવતા હોય તો તે પણ ગુન્હો ના ગણવો જોઇએ. આ રીતે આદિવાસીઓ જંગલમાં રહે છે એને કયા કયા સ્પેશ્યલ હક્ક જોઇએ એવો એક વિચાર પ્રથમવાર ૧૯૯૫ની અંદર માનનીયશ્રી સ્વ.શ્રી સૂર્યકાન્ત આચાર્યને આવ્યો. ત્યાર પછી આપણાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીજી કે તેમણે ખૂબજ સુંદર વિચાર કર્યો છે કે સમતોલ વિકાસ ગુજરાતનો થાય તેમાં આદિવાસીનું ક્ષેત્ર પણ મોટું છે અને વન્ય વિસ્તાર છે. તો વન્ય વિસ્તાર છે તેની અંદર રહેતાં જે આદિવાસીઓ છે તેના માટે આપણે શું કરી શકીએ ? અને પહેલી વખત આજે પેકેજ જાહેર કર્યું અને પેકેજ જાહેર કરીને વખતો વખત તેની ગ્રાન્ટમાં વધારો જાહેર કરવામાં આવ્યો છે. પરિણામે તેની જે મૂળભૂત માળખાકીય જરૂરિયાત હતી તે આજે આપણે પૂરી કરી દીધી છે. આજે વીજળી અંગેની વાત હોય, પાણી અંગેની વાત હોય, આરોગ્યની વાત હોય, આંગણવાડીની વાત હોય કે શાળાની વાત હોય તે બધી જ સુવિધા આજે ગામડાની અંદર એક શહેરોના ગામડાં અને જંગલ વિસ્તારના ગામડાં તેનો સમતોલ વિકાસ આજે આપણે જોઇ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે વનધારો ૨૦૦૬નો જે નીકળ્યો છે તેની અંદર સ્પષ્ટ જોગવાઇ છે કે, જેઓ ૧૯૯૫ સુધી જમીન ખેડતાં હોય અને એ ખેડેલી જમીન એ કોઇ પણ બે અરજદાર પોતે બે દાવા જો રજૂ કરી શકે તો એનો એ અધિકાર બને છે અને એ અધિકારને સર્ટીફાય કરવા માટે સરકાર તરફથી સેટેલાઇટ માપણીનું પણ આયોજન કરવામાં આવ્યુ. સેટેલાઇટ માપણીની અંદર જયાં પણ એ ખેતી કરતા હોય એ ખેતી કરતી જગ્યા ચોખ્ખી હોય, એમાં કોઇ પણ જાતનો પાક કરેલ હોય એ જોઇ શકાતો હોય અગર તો જે કોઇ અરજદાર જે દાવા કરે છે એમાં એનાથી પણ ઉંચી કક્ષાના એટલે કે મોટી ઉંમરનો અરજદાર સપોર્ટની અંદર સોગંદનામું રજૂ કરતો હોય તો એવી અરજીઓ માન્ય કરવી અને માનનીયશ્રી અશ્વિનભાઇએ કહ્યું કે ધારાસભ્યની કમિટીમાં લેવું જોઇએ. હું તો ચોક્કસ કહીશ કે રાજય સરકારની જે કમિટી છે તેમાં સમાવવામાં આવેલા છે અને એમાં આજે હું દાવા સાથે કહું છું મોતીભાઇ પણ અમારી સાથે જ હતા ત્યાં નરેન્દ્રભાઇએ એમ કહ્યું કે જેટલી પણ નામંજૂર અરજીઓ કરી છે તેમાં પુનઃચકાસણી કરો અને ફરી પાછો કાયદાના રૂપની અંદર લેવો. ગ્રામસભામાં મૂકી તાલુકા કક્ષાએ અને પ્રાંતકક્ષા સુધી આ અરજીઓ લઇ અને એમાં જેટલી ક્ષતિ હોય, યોગ્ય હોય, સાચે સાચ ખેડૂતોને ફાયદો થતો હોય તો એ માન્ય કરો અને આજે ચોક્કસ આ પ્રકારે કમસે કમ ૭૯ જેટલી અરજીઓ.

અધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનિટનો સમય છે.

શ્રી રમણલાલ ના. પાટકર : ખરેખર આ એક આવકારદાયક પગલું છે અને અશ્વિનભાઇએ જે કંઇ અહીંયા ચિંતા વ્યકત કરી છે તે મારી દ્રષ્ટિએ વાજબી નથી અને એટલા માટે હું તેને સપોટ જાહેર કરતો નથી આભાર.

શ્રી છનાભાઇ કો. ચૌધરી(વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશ્વિનભાઇ કોટવાલ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

વન અધિકાર ૨૦૦૬નો કાયદો કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર હતી એ લાવી હતી. માનનીય મોતીભાઇએ કહ્યું કે અમે કાયદો કર્યો છે, ખરેખર આ કાયદો કેન્દ્રમાં યુ.પી.એ.ની સરકાર હતી એ સન ૨૦૦૬માં લાવી હતી પરંતુ જમીન વહેંચણી કરવાનું કામ તમારા ભાગે આવ્યું છે. માનનીય સભ્યશ્રીએ કાળા કાયદાની વાત કરી પરંતુ ૧૯૮૦ પહેલા પણ જમીનો આપવામાં આવેલી જ છે. હું પણ એનો લાભાર્થી છું મને પણ બે એકર જમીન આપવામાં આવી છે અને ૭/૧૨માં અમારુ નામ છે જ. તે વખતે અમને સનદ આપેલી એટલે કાયદો અમારી કેન્દ્રની સરકારે કરેલો પરંતુ વહેંચણીનો લાભ તમને મળ્યો છે.

આ જંગલની જમીન માટે આદિવાસીભાઇઓ વર્ષોથી બાપ દાદા વખતથી લડતા આવ્યા છે. કોંગ્રેસની સરકારને એમ થયું કે વર્ષોથી આ લોકો પોતાના હક્ક માટે લડે છે ત્યારે એને જમીન આપવી જોઇએ અને કેન્દ્રની તે વખતની અમારી સરકારે કાયદો કર્યો અને એમાં પણ કેટલાય લોકોએ રોડા નાખ્યા હતા કે જંગલ કપાઇ જશે, પરંતુ અહીંના સંસદસભ્યોએ શ્રીમતી સોનિયા ગાંધી અને મનમોહનસિંહને જણાવ્યું કે આના લીધે ફકત બે કે ત્રણ ટકા જ જમીન જાય છે અને એના લીધે કાયદો બન્યો હતો અને એના લીધે અસંખ્ય આદિવાસીઓને એનો લાભ મળ્યો છે. પરંતુ સન ૨૦૦૬માં જે કાયદો લાવવામાં આવ્યો એને આજે નવ નવ વર્ષ થઇ ગયા છે તેમ છતાં એનો અમલ થતો નથી. ખેડૂત પાવતી રજૂ કરે છે

ત્યારે આગેવાનોએ જવાબ આપવાનો છે, ગ્રામ પંચાયતે સંમતિ આપવાની છે. જોઇતા પૂરાવા પાવતી વગેરે આપવા છતાં ૧ લાખ ૮૨ હજાર જેટલા દાવાઓ આજે પણ બાકી છે, એટલે માનનીય અશ્વિનભાઇને આ સંકલ્પ રજૂ કરવો પડ્યો છે. આદિવાસીભાઇઓને આપવાની વાત હોય ત્યારે ધીમી ગતિએ કામ ચાલે છે. સન ૨૦૦૬નો કાયદો પસાર થયા પછી બધા જ આદિવાસીઓને જમીન આપી દેવી જોઇએ. આજથી બે વર્ષ પહેલા તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી મારા વિસ્તારની મુલાકાતે આવેલા. જંગલની જમીનની સનદો આપવા માટે આવેલા હતા. તે વખતે આશરે ૨૫ હજાર જેટલા ભાઇઓ એકઠા થયેલા હતા. અમને પણ આમંત્રણ આપેલ પરંતુ કોઇકે એમ કહેલું કે આ લોકો આવીને ધમાલ કરશે. અમે તો કાયદો બનાવ્યો છે. તેમ છતાં અમારા ચાર-પાંચ ધારાસભ્યોને પોલીસ પકડીને બીજી જગ્યાએ લઇ ગયેલ અને એ મિટિંગમાં અમને હાજર રહેવા ન દીધા. અમે જે પ્રચાર કરીએ છીએ એ સાચો કરીએ છીએ કારણ કે આ કામ અમારી કોંગ્રેસ સરકારે કર્યું છે, અમે પણ એમાં મદદ કરી છે, અમારા માનનીય માધુભાઇ ભોયે હતા એ ગામડે ગામડે મિટિંગ કરતા કે તમે નામો લખાવો અને એની આખી યાદી તૈયાર કરીને કેન્દ્ર સરકારને આપી હતી. આ સરકાર આદિવાસીભાઇઓને આપવામાં વિલંબ કરી રહી છે, અમારી પાસે દાખલા છે, અમને સમિતિમાં નથી લીધા જે લીધા છે એ તમારા પક્ષના લીધા છે એટલે અમારા માગણીદાર ખેડૂતો છે તેમના નામ કાઢી નાખ્યા છે જેઓ વર્ષોથી જમીન ખેડતા હતા એમની પાસે જમીન છે, ઝાડો વાવેલા છે, કૂવો કરેલ છે, ઘર બાંધેલ છે છતાં એને જમીન મળતી નથી. પરંતુ જે તમને મદદ કરે છે એમને જમીન આપી છે. માનનીય અશ્વિનભાઇએ આક્ષેપ કર્યો કે *(xxx) રાખવામાં આવી રહી છે એ એમની વાત સાચી છે.

ઉપાધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દો રેકર્ડમાંથી દૂર કરું છું.

શ્રી છનાભાઇ કો. ચૌધરી : જંગલની જમીન છે એમાં અમારા આદિવાસીઓના હક્ક છે. કાયદામાં એવું પણ છે કે આદિવાસી ન હોય એવાઓને પણ આનો લાભ મળી શકે છે. એવા પણ કેટલાક માણસો આદિવાસી નથી છતાં એમને લાભ મળ્યો છે. આ નીતિ રાખતા સમગ્ર અરજદારોને જમીન મળે એ માટે વહેલી તકે સરકાર કાર્યવાહી કરી. હવે ૧,૮૨,૦૦૦ જેટલી બાકી અરજીઓ છે એમને જમીન આપવા વિનંતી છે. આ સાથે મારું વક્તવ્ય પૂરું કરું છું.

શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી અશ્વિનભાઇ કોટવાલ બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે, એમાં મારા કેટલા સાથી સભ્યોએ એમના વિચારો દર્શાવ્યા છે એમાં મારા વિચારો દર્શાવવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે, આ વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ના કાયદાનુસાર વનવાસીને અધિકારપત્ર આપવાનો યશ જતો હોય તો એ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રીને જાય છે. હું ૨૦૦૨-૨૦૦૭ સુધી આ સન્માનનીય ગૃહનો સભ્ય હતો. ૨૦૦૬માં આપણા આ ગુજરાત રાજ્યના લોક લાડીલા વડાપ્રધાન તે સમયે મુખ્યમંત્રી હતા અને આદિવાસી સમાજના વનવાસી વિસ્તારના લોકોને વન અધિકાર પત્ર આપવા માટે ગાંધીનગર ખાતે એક સંમેલન બોલાવ્યું હતું અને એ સંમેલનમાં અધિકાર પત્રો આપ્યા હતા. એ અધિકાર પત્ર આપવાનું ભગીરથ કાર્ય એમણે શરૂ કર્યું અને અવિરત ચાલતું રહ્યું છે. મને કહેતાં આનંદ થાય છે કે, આપ પણ તે સમયે વન મંત્રી હતા અને તે સમયે આપ સાહેબે છેવાડાના વનવાસી લોકોનું ચિંતન કર્યું છે અને જે અધિકાર પત્રો આપવામાં આવ્યા છે એ અધિકાર પત્રો હું વાંચી બતાવું છું. બનાસકાંઠામાં મળેલ દાવા અરજીઓ-૯૪૮૮, મંજૂર કરેલ દાવા-૫૯૭૯, ૭૪૫૫ એકર જમીન આપવામાં આવી. સાબરકાંઠા જિલ્લામાં મળેલ દાવા અરજીઓ-૧૯૬૨૫, મંજૂર કરેલ દાવા-૬૦૪૬, ૮૫૬૮ એકર જમીન આપવામાં આવી. પંચમહાલ જિલ્લામાં મળેલ દાવા અરજીઓ-૨૩૬૬૬, મંજૂર કરેલ દાવા-૩૮૯૫, ૮૨૫૯ એકર જમીન આપવામાં આવી. દાહોદ જિલ્લામાં મળેલ દાવા અરજીઓ-૨૦૧૫૦, મંજૂર કરેલ દાવા-૩૨૨૫, ૫૩૨૨ એકર જમીન આપવામાં આવી. વડોદરા જિલ્લામાં મળેલ દાવા અરજીઓ-૧૭૫૫૭, મંજૂર કરેલ દાવા-૬૫૪૫, ૧૦૧૬૧ એકર જમીન આપવામાં આવી. નર્મદા જિલ્લામાં મળેલ દાવા અરજીઓ-૧૭૭૮૩, મંજૂર કરેલ દાવા-૭૩૬૩, ૧૫૪૯૮ એકર જમીન આપવામાં આવી. ભરૂચ જિલ્લામાં મળેલ દાવા અરજીઓ-૪૦૭૬, મંજૂર કરેલ દાવા-૨૦૧૨, ૫૨૪૫ એકર જમીન આપવામાં આવી. સુરત જિલ્લામાં મળેલ દાવા અરજીઓ-૧,૮૨,૮૬૯, મંજૂર કરેલ દાવા-૭૦૭૦૦, ૧,૦૦,૬૩૧ એકર જમીન આપવામાં આવી. એથી વિશેષ આ રાજ્ય સરકારે વન અધિકાર અધિનિયમ-૨૦૦૬માં તા.૬-૯-૨૦૧૨માં સુધારેલા નિયમોના નિયમ ૧૬ હેઠળ આ અધિનિયમ હેઠળના લાભાર્થીઓ માટે તેઓના દાવા માન્ય થવાથી તેઓની જમીનના વિકાસ, સુધારણા, ઉપયોગ તેમજ ઉત્પાદકતા વધારવા, પીવાના તેમજ સિંચાઇ માટેના પાણીની સુવિધા વધે તેમજ જરૂરી તાલીમ આપવાના હેતુથી, સરકારે પ્રોત્સાહક અભિગમ રાખી હેન્ડ હોલ્ડિંગ માટે વનવાસી ખેડૂત સશક્તિકરણની યોજના આદિજાતિ વિભાગે અમલમાં મૂકી છે. ગતિશીલ ગુજરાતમાં સૌ પ્રથમ મહિલા મુખ્યમંત્રીનો રાજ્ય સરકારનો અભિગમ વનવાસી આદિવાસીઓને અધિકારનો હકક પૂરેપૂરો મળે એ પ્રમાણે કાયદાકીય કામગીરી થઇ રહી હોય ત્યારે આ સંકલ્પને

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

મારું અનુમોદન આપી શકતો નથી. મને કહેતા આનંદ થાય છે કે આ ગુજરાતની સરકારે વનવાસીઓને આદિવાસી સમાજને જે અધિકાર આપવા માટેનો પ્રયાસ કર્યો છે એ સરાહનીય છે અને આવકારદાયક છે. એને સામેના જે અશ્વિનભાઇ કોટવાલે જે સંકલ્પ રજૂ કર્યો છે એને હું વખોડું છું.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અમારા સાથી સદસ્ય મુરબ્બી અશ્વિનભાઇ કોટવાલ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. મારા શાસક પક્ષના સાથી સભ્યો મુરબ્બી મોતીભાઇ શબ્દશરણભાઇ, મોહનભાઇએ ખુબ વાત કરી અને ૨૦૦૬ વન અધિકારની વાત કરી. એ અને એના પહેલાની મોતીભાઇની વાત કરું તો આપ પણ વનમંત્રી હતા અને તમામ આદિવાસી ધારાસભ્યો છાતી ઉપર હાથ મૂકીને કહે કે એ લોકોને ઘરની જમીન, ખેડવાની જમીન અને આજે એ જયાં ઉભા છે એ જમીન આપી હોય તો માત્ર અને માત્ર કોંગ્રેસે અને એ પણ ખેડે તેની જમીન હોય, ખર્ચા–કોર્ટ હોય, તગાવી હોય, ગણોતધારા હોય બધા જ આજે આપણે વટથી બોલીએ છીએ એ માત્ર અને માત્ર કોંગ્રેસને આભારી છે. વનબંધુ, વનબંધુ, હું ગૃહમાં આવ્યો છું ત્યારથી સાંભળુ છું અને ગામડે પણ જે પ્રચારો થાય છે તો મારે મારા સાથી સભ્યોને પૂછવું છે કે વનબંધુ શિડયુઅલ–૫ અને ૬ માનનીય આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી દિલ્હી ગયા અને તરત ૩૭૦ કલમની યાદ કરી, આનંદ થાય મને અને થવો જોઇએ બધાને પણ શિડયુઅલ– ૫ અને ૬ની વાત કરી હોય તો તમામ દેશના જે આદિવાસી છે એને વધારે ખુશી થાત કારણ કે જે વન અધિકાર આવ્યો છે એ શિડયુઅલ– ૫ અને ૬ને આધારે બધી જ જોગવાઇઓ આદિવાસીઓને બંધારણમાં આપી છે. પરંતુ જેમ જેમ પરિસ્થિતિ બદલાતી જાય એમ જરૂરિયાતો ઉભી થાય, વનબંધુ એ જે સૂચિત વિસ્તાર છે અંબાજીથી ઉમરગામ સુધીનો, ચલો એક વખત માની લઇએ બધા આદિવાસીઓને વનબંધુ કહીએ, પણ જે દાહોદમાં રહે છે, રાજપીપળામાં રહે છે, નેત્રાંગમાં રહે છે, માંડવીમાં રહે છે જે ઓપન કેટેગરીના છે,

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, દિલ્હીમાં જઇને ૩૭૦ની વાત કયાં કરી છે? કયારે કરી? આ ખોટું આખું રેકર્ડમાં જાય છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : હું આપીશ.

અધ્યક્ષશ્રી : આનંદભાઇ, આ ગૃહમાં સભ્ય જે વાત રજૂ કરે છે એની સંપૂર્ણ જવાબદારી સભ્યશ્રીની રહે છે એટલે જે બાબતોની માહિતી આપણી પાસે હોય એ જ રજૂ કરવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : જે સૂચિત વિસ્તાર છે, આદિવાસી વિસ્તાર છે, જયાં જયાં ઉજળીયાત લોકો રહે છે એને શું કહેવાના? એને પણ વનબંધુ કહેવાના? અને જે ગામડાનો આદિવાસી છે શહેરમાં રહે છે એને શું કહેવાનું શહેરવાસી કહેવાનો? આ આખું ષડયંત્ર છે. આદિવાસીની અસ્મિતા મીટાવવાનું, એટલે વનબંધુ, વનબંધુ કરીને જે બધી ગ્રાન્ટો જાય છે(અંતરાય)

અધ્યક્ષશ્રી :આપણો જે સંકલ્પ છે એ જંગલની જમીનનો છે એટલે આપણે એના ઉપર જ વાત કરીએ, આપણી પાસે સમય ઓછો છે.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : કેન્દ્રની કોંગ્રેસની આગેવાનીની યુ.પી.એ. સરકાર ચેરપર્સન સોનીયા ગાંધી અને ડો. મનમોહનસિંહને ખૂબ ખૂબ અભિનંદન આપું કે આ ઐતિહાસિક કાયદો ૨૦૦૬માં લાવ્યા અને આદિવાસીઓમાં ક્રાંતિ આવી અને નવા પ્રાણ ફૂંકાયા. બધાને એમ લાગતું હતું કે આદિવાસીઓ બધા જમીનવાળા થઇ જશે પરંતુ રાજય સરકારમાં અમલીકરણ માટે આવ્યું એમાં કાયદાઓ તોડી મરોડીને જે જે અરજીઓ થઇ, એને કોઇને કોઇ કારણોસર બાકાત કરી દેવામાં આવ્યા અને આદિવાસીઓને જમીનથી વંચિત રાખવાનું આ એક ગણતરી પૂર્વકનું આયોજન છે. ૧ લાખ ૯૦ હજાર દાવા આવ્યા એમાંથી માત્ર ૭૨,૪૧૮ જેટલા દાવા મંજૂર કરી શક્યા છીએ. મારા જિલ્લા તાપીમાં ૧૧,૯૪૭ દાવા થયા તેમાંથી માત્ર ૫૨૮૬ અરજીઓ મંજૂર કરવામાં આવી. દરેક ક્ષેત્રે આદિવાસીઓને જમીન આપવામાં, એમાં દંડ પાવતી હોય કે ગ્રામસભાનો ઠરાવ હોય, પાંચ જૂના ખેડૂતો એમ કહે કે આ ખરેખર વર્ષોથી ખેડે છે તો એને જમીનનો હક્ક મળવો જોઇએ. પણ બધી જ શક્યતાઓ નકારીને જેટલા દાવાઓ થયા એમાં સેટેલાઇટથી આ દાવાઓ નામંજૂર કરવામાં આવ્યા છે. સરકાર આ બાબતે ફરી વિચારે અને અમારા આદિવાસીઓને જમીનના હક્કો મળે એવી મારી માગણી છે.

શ્રી મંગુભાઇ પટેલ ( વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય સભ્યશ્રી અશ્વિનભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં લગભગ ૭ જેટલા ધારાસભ્યોએ પોત પોતાના વિચારો અને પોતાની પાસે માહિતી છે તેની વાત કરી છે. અશ્વિનભાઇ અને કોંગ્રેસના મિત્રોએ એમ પણ કહ્યું કે, આદિવાસીઓ માટે કોંગ્રેસ જ જાગૃત છે. બાકી ભારતીય જનતા પાર્ટીના લોકો એમાં કંઇ જાણતા નથી. કેટલીક સાચી વાતની અશ્વિનભાઇને ખબર હોત તો કદાચ આવી વાત ન કરતા. મધ્યપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી તે વખતે બલીરામ કષ્યપ કરીને ફોરેસ્ટ એન્વાયરમેન્ટ મિનિસ્ટર હતા. બસ્તર વિસ્તારમાં કેટલાક આદિવાસીઓને જમીન અપાઇ છે. આ કેન્દ્રના રેકોર્ડ ઉપર છે. ભારતીય જનતા પાર્ટીના જ્યારે કેશુભાઇ મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે ૬૭૭૦ અને ૧૯૮૦ પહેલાંના ૪૫,૫૩૨ જેટલા ઇસમોને ૭૮ હજાર હેકટર જેટલી જમીન આપવામાં આવી છે. તમે જાગૃતિની વાત કરો છો તો પહેલી જમીન ગુજરાત સરકારે ૪૫૫૩૨ લોકોને આપી છે અને ૭૮ હજાર એકર જમીન આદિવાસીઓને આપવા માટેનો અધિકાર સમજી શક્યા એ ભારતીય જનતા પાર્ટીએ તે વખતે આપી છે. મોહનસિંહભાઇ પણ કદાચ તે વખતે મંત્રી હશે તે વખતે આપી હશે એ આપણા આદિવાસીઓ માટે

સારું છે. પણ આપણે એ વાત ભૂલી જઇએ અને એમ કહીએ કે ૨૦૦૬માં કોંગ્રેસને યાદ આવ્યું. મને બરાબર ખબર છે બાજપાઇજીની છેલ્લી કેબિનેટ થઇ તે વખતે ૨૦૦૫ સુધી જે ખેડતા આવેલા આદિવાસી છે એને જમીન આપવી જોઇએ એ રીતનો ઠરાવ થયેલો. પછી એ જ સમય દરમિયાન (અંતરાય) તમે જ્યારે બોલ્યા ત્યારે મેં સાંભળ્યું છે એટલે મને સાંભળો. તમને બધી ખબર નથી એટલે તમે બધી વાતો કરો છો. એ વાત તમને મુબારક. વચ્ચે ૩૩૦૦ જેટલી સનદો આપવા માટે રાજ્ય સરકારે કેન્દ્રમાં મોકલ્યું પણ એનો કોઇ જવાબ કેન્દ્ર સરકારે નહીં આપ્યો એટલે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અમદાવાદમાં એક આ રીતની જ લીગલ ડિપાર્ટમેન્ટ સાથે વિચાર–વિમર્શ કરીને લગભગ ૨૯૦૦ જેટલા લોકોને આ પદ્ધતિ મુજબ કે લીગલી રીતે, માનનીય મુખ્યમંત્રીશ્રીના તે વખતના ઉદગાર હતા કે કાયદાએ મારું જે કરવું હશે એ મારા પર પગલાં લેશે પણ મારે મારા આદિવાસીઓને જમીન આપવી છે એમ કરીને ૨,૯૩૧ જેટલા લોકોને અમદાવાદમાં કાર્યક્રમ પૂરો કરીને જમીન આપેલી હતી. ત્યાર પછી ૨૦૦૬માં કાયદો બન્યો. આપને ખબર હોય તો ૨૦૦૬નો એક્ટ બન્યાં પછી નિયમ બનાવવામાં બે વર્ષ ગયા છે. ૨૦૦૮માં નિયમ બન્યાં છે. સાહેબ, બધી વાત કાંઇ સાચી જ હોય એવું નથી માનતો પણ બે વર્ષ જે ગુમાવ્યાં એ બે વર્ષ કાયદો બનાવવામાં આટલો બધો સમય કેમ ગયો? મને કહો તો. તમે જાણી લેજો. તે વખતની સરકારમાં શું થયું હતું? મને એકદમ ઓથેન્ટિક નથી એટલે નથી બોલતો પણ બે વર્ષ સુધી આપણે કાયદો નથી બનાવી શક્યાં એના પણ કારણો છે. પછી જ્યારે અરજી લેવાની વાત કરી. એ વખતે ગુજરાત સરકારે એના માટે ત્રણ લાખ જેટલી પ્રત્રિકા છપાવી છે. પત્રિકા છપાવીને એકેક આદિવાસી વિસ્તારમાં એ વહેંચીને જે કાંઇ આદિવાસીઓ હકદાર છે તેને જમીન મળવી જોઇએ. એમ કરીને જાહેર જાહેરાત કરી, મિટિંગો કરી અને એના કારણે ૧,૯૨,૦૦૦ જેટલી દાવા અરજી આવી. મોતીભાઇએ જેમ અહીંયા કહ્યું તેમ. કેટલાંક લોકોએ તો રીતસર ફોર્મ વહેંચ્યાં છે એ રેકર્ડ પર છે. આટલા બધા ફોર્મ કેવી રીતે આવે? આ રેકર્ડ પર છે. ૧,૯૨,૦૦૦ દાવા આવ્યાં. ત્રણ લાખ પત્રિકાનો પ્રચાર જે કર્યો એના કારણે. મેં કહ્યું કે સરકારે સમિતિ બનાવી છે. ગ્રામ પંચાયત સમિતિ, પ્રાંતની સમિતિ અને કલેકટરની સમિતિ એમ કરીને દાવા મંજૂર થયા છે. ૭૦,૭૨૩ જેટલા દાવા મંજૂર કર્યા છે. ૧,૦૦,૩૬૫ એકર જમીન આદિવાસીઓને માપણી કરીને, માપણી ચાલુ છે. ૧,૦૦,૩૬૫ એકર જેટલી જમીન આજે આદિવાસીના નામે થઇ છે. મોતીભાઇએ જેમ કહ્યું તેમ. આજે તમે જાવને ગામડામાં એક એકર જમીનના ભાવ કેટલા છે? સરકારે એ આદિવાસીને જમીન આપી છે. ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય મુખ્યમંત્રી આનંદીબેને એકજ વર્ષમાં ત્રણ કાર્યક્રમ કર્યા છે. વાંસદા ખાતે એટલે નવસારી જિલ્લો, ઝાલોદ અને નાનાપોઢા. એમાં પહેલા વાંસદામાં ૧૫,૦૦૦ આદિવાસીઓને સનદ આપી. ઝાલોદમાં ૮,૭૧૦ જેટલાને જમીન આપી અને નાનાપોઢામાં ૮,૨૦૦ લોકોને જમીન આપી. આમ ૩૧,૯૦૦ લોકોને તો એક વર્ષમાં જમીન આપી દીધી છે. આમ કરીને કહીએ તો ૭૨,૭૨૩ લોકોને જમીન આપી. ખાલી જમીન નથી આપી પણ જેમને આદેશો અપાયા છે તેઓ ખેતી કરીને સારી રીતે જીવન નિર્વાહ કરી શકે તે માટે જમીન સમતળ કરવી, સિંચાઇના કામો કરવા, કૃષિ વિષયક સહાયતા આપવા માટે ગયું વર્ષ ૨૦૧૪–૧૫ માં ૯.૬૩ કરોડની જોગવાઇ થઇ હતી તેની કાર્યવાહી ચાલે છે અને વર્ષ ૨૦૧૫–૧૬માં એટલે આ વર્ષે ૧૦ કરોડની જોગવાઇ કરી દેવામાં આવી છે અને એમાં પણ માપણીની વાત જે અશ્વિનભાઇ બોલતા હતાં. ૪૬,૦૦૦ એકર જેટલી જમીનની માપણી થઇ ગઇ છે, આદિવાસીના નામે થઇ ગઇ છે અને બીજે પણ માપણી કરવા માટે ત્રણ સમિતિ નક્કી થઇ ગઇ છે અને એની પણ માપણી થઇ જશે એટલે જેટલા પણ આદિવાસીના દાવા મંજૂર થયેલા છે તેને સામે ચાલીને જમીન આપી દેવામાં આવશે અને બાકી જે છે આગળ કહેવાયું તેમ જે કાંઇ નામંજૂર થયેલા છે એ નામંજૂર દાવાને પણ ફરીથી ચકાસણી કરીને જે ખરેખર આદિવાસી જમીન ખેડતાં હતાં અને એની પાસે પૂરાવા છે તો એક પણ આદિવાસીને, કોઇને અન્યાય નહિ થાય એ મંત્રી તરીકે હું આ વાત કરું છું. જે કોઇ બાકી છે. હા, એ સાચા માણસ હોવા જોઇએ કે જમીન ખેડતાં હોય અને જમીન પર ત્યાં ઘર હોવું જોઇએ. સેટેલાઇટનો ઉપયોગ આખા ભારત વર્ષમાં ખાલી ગુજરાતે કર્યો છે. એક પણ નમૂનો મળતો નથી. બીજો નમૂનો મળતો નહોતો. સેટેલાઇટનો ઉપયોગ કરીને, સેટેલાઇટ એટલે અરિસો સમજો. સેટેલાઇટથી જોઇ લેવામાં આવે છે કે ખરેખર ખેડૂતે જમીન ખેડી છે ખરી? અને એમ પૂરાવો કરીને ગતિ લાવીને, ગતિશીલ ગુજરાતના પ્રણેતા આનંદીબેન પણ એટલા સંકલ્પબદ્ધ છે કે આ જમીન આદિવાસીને મળે મારી વિનંતી છે કે અશ્વિનભાઇને માહિતી મળી ગઇ હશે મારા જવાબથી તો એમનો સંકલ્પ પાછો ખેંચી લે એવી વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : ભાઇ, સંકલ્પ પાછો ખેંચવાના છો ? સંકલ્પ નથી ખેંચવાના તો મતદાન પર લઇએ હવે. મતદાન જ આવશે. ક્યાં બોલવાનું આવશે?

શ્રી અશ્વિન કોટવાલ :માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી તો કરું ને સાહેબ, આમાં મારા સંકલ્પ ઉપર માનનીય મંત્રીશ્રી મંગુભાઇ (અંતરાય) એટલે બધાનો આભાર તો માનવો પડશે ને. મારા સંકલ્પ ઉપર માનનીય મંત્રીશ્રી મંગુભાઇ સાહેબ બોલ્યા, માનનીય માજી વનમંત્રી શ્રી મોતીભાઇ સાહેબ પણ બોલ્યા, અમારા વડીલ શ્રી રમણભાઇ પાટકર બોલ્યા, શ્રી મોહનભાઇ ઢોડિયા સાહેબ બોલ્યા, શ્રી છનાભાઇ ચૌધરી બોલ્યા, શ્રી આનંદભાઇ ચૌધરી બોલ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, મારો સંકલ્પ હું એટલા માટે લઇને આવ્યો હતો કે, આદિવાસી સમાજમાંથી જેટલા માણસો આવ્યા એ બધા બોલ્યા અને દિલથી લાગણી જો આજે પ્રગટ કરે તો મારો સંકલ્પ આજે આ સભાગૃહમાં મંજૂર થઇ જાય એવો છે અને બધા આદિવાસીઓની લાગણી મેં રજૂ કરી. માનનીય મંત્રીશ્રી પણ જાણે છે તો મારી ગૃહને વિનંતી છે કે, મારો આ જે સંકલ્પ છે એ આ સભાગૃહ મંજૂર કરે, સર્વાનુમતે મંજૂર કરે જે આદિવાસીઓની લાગણી છે એ હું કહું છું.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.

સભાગૃહનું કામકાજ સાંજના ૫.૦૧ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર તા.૨૦–૩–૨૦૧૫ના રોજ સવારના ૮.૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ફાલ્ગુન ૨૯, ૧૯૩૬ શાકે
તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
શુક્રવાર, તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
ફાલ્ગુન ૨૯, ૧૯૩૬ શાકે
સભાગૃહ સવારના ૮-૩૦ વાગ્યે મળ્યું.
માનનીય ઉપાધ્યક્ષશ્રી આત્મારામ મ. પરમાર, અધ્યક્ષસ્થાને
તારાંકિત પ્રશ્નો

હાથશાળ અને હસ્તકલા કારીગરોના ઉત્પાદિત માટે ગુર્જરી/એમ્પોરીયમ સ્ટોર ખોલવા બાબત

* ૧૮૮૮૯ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) હાથશાળ અને હસ્તકલા કારીગરો દ્વારા ઉત્પાદિત માલ બજારમાં મળી રહે તે માટે ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય બહાર કોઈ નવા ગુર્જરી/એમ્પોરીયમ સ્ટોર ખોલવામાં આવ્યા છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો કયા કયા રાજ્યના કયા શહેરમાં નવા ગુર્જરી/એમ્પોરીયમ સ્ટોર ખોલવામાં આવ્યા, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) તે અન્વયે સરકારને કેટલી આવક થઈ ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પૂછવાનો મુખ્ય હેતુ એ હતો કે હાથશાળ અને હસ્તકલા કારીગરો દ્વારા ઉત્પાદિત માલ બજારમાં મળી રહે તે માટે રાજ્ય સરકારે વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૦૦ નવા ગુર્જરી એમ્પોરીયમ ખોલવાની જાહેરાત કરી હતી અને એના માટે ૨૪ કરોડની બજેટમાં જોગવાઇ પણ કરી હતી. એ બજેટ જોગવાઇ કર્યા બાદ હાથશાળ માટેના કેટલા નવા એમ્પોરીયમ રાજ્યની બહાર ખુલ્યા છે એના જવાબમાં લખ્યું છે કે એક પણ ખુલ્યો નથી. બજેટમાં જોગવાઇ કર્યા પછી અને ૨૪ કરોડ જેટલી માતબર રકમ ફાળવ્યા પછી કયા કારણોસર આ ગુર્જરી એમ્પોરીયમો ખુલ્યા નથી એ જાણવું હતું અને બીજું કે, ગુર્જરી ખોલવાનો જે હેતુ હતો તે એ હતો કે ખાસ કરીને જે વણકર ભાઇઓ કામકાજ કરે છે એનો માલ બીજા રાજ્યોમાં પણ વેચી શકાય. પણ આંકડાકીય માહિતી મુજબ વણકર ભાઇઓનું જે ઉત્પાદન થવું જોઇએ એ અલગ અલગ ક્ષેત્રમાં દર વર્ષે ઘટતું જાય છે. આથી સરકારશ્રી બન્નેનો જવાબ આપે કે ક્યારે એમ્પોરીયમ ખોલવામાં આવશે અને વણકરભાઇઓના ઉત્પાદનમાં દિન પ્રતિદિન ઘટાડો કેમ થતો જાય છે?

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, હાથશાળ અને હસ્તકલાને ઉત્તેજન આપવાની વાત છે. માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એમાં દેશમાં ૩૦ ગુર્જરી શરૂ કરવાનું આયોજન છે અને એના માટેની કાર્યવાહી ચાલુ છે. અમદાવાદ એરપોર્ટ ઉપર તાત્કાલિક અસરથી એનું એક એમ્પોરીયમ શરૂ કરવામાં આવશે. સાથો સાથ ગરવી ગુર્જરીની વસ્તુઓ e-Bay ઇન્ડિયા પ્રાઇવેટ લિમિટેડ કંપની મારફતે કોઇપણ ચાર્જ લીધા સિવાય ઓન લાઇન વેચાણ પણ શરૂ કર્યું છે. નિગમ દ્વારા ગુજરાતના હાથશાળ અને હસ્તકલાના ઉત્પાદકોનું ઓન લાઇન વેચાણ કરવા તેનું એક પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે અને એપ્રિલ ૨૦૧૫માં એ માટેની વેબસાઇટ પણ શરૂ થઇ જશે. સરકારે વેચાણ અને ઉત્પાદન વધે તે માટે ૧૭ જગ્યાએ રૂપિયા એક કરોડ એના માટે મંજૂર કર્યા છે. ગુજરાતના હાથશાળ અને હસ્તકલાના ઉત્પાદનોનું લિસ્ટ અન્ય રાજ્યોમાં વેચાણ અને વિદેશમાં નિકાસમાં પ્રોત્સાહન આપવા માટે ૨૭ માર્ચથી ૧લી એપ્રિલ એટલે કે ત્રણ દિવસની આંતરરાષ્ટ્રીય મિટિંગ પણ યોજવામાં આવી હતી.

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ ગરવી ગુર્જરીના સ્ટોલ ગુજરાતમાં અને ગુજરાત બહાર ક્યાં અને કેટલા આવેલા છે?

ઉપાધ્યક્ષશ્રી : માહિતી લાંબી હોય તો ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી તારાચંદ જ. છેડા : આપું છું. આખા દેશમાં ગરવી ગુર્જરીના જે સ્ટોલ આવેલા છે એમાં આશ્રમ રોડ અમદાવાદ-કામધેનુ કોમ્પ્લેક્ષ, અમવાવાદ-વસ્ત્રાપુર હાટ, આણંદ, ભરૂચ, ભાવનગર, ભુજ ૧ અને ૨, ગાંધીનગર, રાજપીપળા, રાજકોટ, સુરત ૧ અને ૨, સુરેન્દ્રનગર અને વડોદરા. હવે પછી જે ખોલવાની યોજના છે એમાં બેંગલોર, ચેન્નાઇ, હૈદરાબાદ, કલકત્તા ૧ અને ૨, લખનઉ, નવી મુંબઇ વગેરેની યોજના અત્યારે વિચારણામાં છે.

શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે આ હાથશાળ ઉદ્યોગની મારા જીવનમાં બીઝનેશની શરૂઆત હાથશાળથી જ કરી હતી. એટલે હાથશાળ અને હસ્તકલાને ઉત્તેજન આપવા તાજેતરમાં સરકારે શું પગલા લીધા છે?

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, માલની સામગ્રી પૂરી પાડવા માટે વિદેશી ગ્રાહકો તરફથી દરખાસ્ત મળેલ છે અને ગરવી ગુર્જરીએ પ્રથમ વખત ઇ-બે ઇન્ડિયા પ્રાઇવેટ લિ. મારફત કોઇ પણ ચાર્જ લીધા સિવાય ઓન લાઇન સેવા કરેલ છે. નિગમ દ્વારા હાથશાળ અને હસ્ત કલા ઉદ્યોગને ઓન લાઇન વેચાણ કરવા માટે પોતાનું વેબ પોર્ટલ પણ તૈયાર કરવામાં આવેલ છે

અને એપ્રિલ ૨૦૧૫માં એ શરૂ થઇ જાશે. માલની સામગ્રી પૂરી પાડવા માટે ગ્રાહકો તરફથી થયેલ વેપાર ૪.૪૯ અપેક્ષિત ૨૦ કરોડ કુલ બી ટુ બી ગ્રાહકોની સંખ્યા ૧૮૫૦, થયેલી સમજુતિ કરારની સંખ્યા–૪, ભાગ લીધેલા વ્યક્તિની સંખ્યા ૪૫, આંતરરાષ્ટ્રીય વેપારીઓની સંખ્યા ૧૧૭ અને ભાગ લીધેલા રાજ્યોની સંખ્યા, સ્થાનિક વેપારીની સંખ્યા ૨૦ અને ૩૦૬ એ પ્રથમ વખત આ ગુજરાતની અંદરમાં આ કાર્યક્રમનું આયોજન થયેલું હતું.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે રીતે કીધું કે, ૩૦ નવી ખોલવાની છે. કારણ કે, વણકર જે ભાઇઓ ખરા તેના માટેની આ રાજ્ય સરકારના અલગ અલગ વિવિધ નિગમો છે જેમાં હાથશાળ વિકાસ નિગમ, હસ્તકલા નિગમ છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સવાલ પૂછોને.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સવાલ પૂછું છું કે, મૂળ બેઝિક મારો પ્રશ્ન એ છે કે ગુર્જરી ખોલશો એ બરાબર છે પણ જ્યારે એને કામ જ નહિ મળે અને વળતર જ નહિ મળે, એનું યોગદાન જો સારું નહિ હોય તો એ અંગે મારો પ્રશ્ન છે. ખાસ કરીને કેગે પણ રાજ્ય સરકારનું હાથશાળ વિકાસ નિગમ, હસ્તકલા નિગમ છે એ બંને ખોટ કરતું છે તો સરકારશ્રીને મારી વિનંતી છે કે, નવા ગુર્જરી ખોલશો એનો વાંધો નથી પણ જ્યાં સુધી, વણકર ભાઇઓને એનું પૂરતું વળતર નહિ મળે, કામ નહિ મળે તો એમની જે કારીગરીનો લાભ હિન્દુસ્તાનની જનતાને નહિ મળી શકે એના માટે કાંઇ કરવા માગો છો કે નહિ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને જાણ કરવી છે કે, ભાઇ, એક નવા વિઝન સાથે આજે નહિ પણ ૫–૧૦ વર્ષમાં શું થઇ શકે? એ સાથે આ સરકાર આગળ વધી રહી છે. આજે ખોલવું તો બહુ સહેલું છે. કાલે ઊઠીને જાહેર ખબર આપીએ તો રાજ્યની અંદર ૧૦–૨૦ ગુર્જરી એમ્પોરીયમ ખૂલી જાય પણ અગત્યનું એ છે કે કેટલું મટિરિયલ ત્યાંથી વેચાય છે એ વધારે અગત્યનું છે અને એ વેચાય તો જ આપણે ત્યાં કારીગરને રોજગારી મળે અને આવક વધે. એટલે આપણે એ કામ કર્યું છે કે, ટેકનિકલ માણસોને આની અંદર જોડ્યાં છે. પ્રોફેશનલ લોકોને લાવ્યાં છીએ. નીટ, એન.આઇ.ડી.ને લાવ્યાં છીએ. એટલે હાલમાં જે આર્ટીકલ બનાવે છે એની અંદર વેલ્યુએડીશન કેવી રીતે થાય? એ લોકોને શિક્ષણ, ટ્રેનિંગ આપવામાં આવે કે જેથી પ્રોડક્ટ માર્કેટેબલ કેવી રીતે થાય એ માટેની આખી વ્યવસ્થા ગોઠવાઇ રહી છે અને આવતા દિવસોની અંદર આજની તારીખમાં એમણે હમણાં ઇન્ટરનેશનલ સેલર–બાયર લિસ્ટ આપ્યું. એ ઇન્ટરનેશનલ સેલર–બાયર લિસ્ટની અંદર અનેક અનેક લોકો દેશથી, પરદેશથી આવ્યાં અને લાખો રૂપિયાના સેમ્પલો લઇ ગયા. નોટ ઓન્લી સેમ્પલ એ વખતે મિટિંગની અંદર આપણે પ્રોફેશનલને પણ જોડ્યાં હતાં. એટલે નાના નાના દા.ત. કોઇ સાડી બનાવતું હોય તો સાડીની ડાય કેવી રીતે બને? એ માર્કેટેબલ કઇ રીતે થઇ શકે? આવા પ્રોડક્ટ માટે સરકારે વિચાર્યું છે. આપણે એ લોકોને વળતર વધારે મળે, એ લોકોને આવક કઇ રીતે મળે, વેલ્યુએડીશન કેવી રીતે થાય અને એ પ્રમાણે ફ્રેન્ચાઇઝ મોડલ કરીને વધારે સારી પ્રોડક્ટ દુકાનોમાં રહે અને માલ વેચાય તે પ્રમાણેની આપણે વ્યવસ્થા ગોઠવી છે.

સી.એન.જી.ના ભાવ પર નિયંત્રણ

* ૧૯૨૩૩ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં સી.એન.જી ના ભાવ પર નિયંત્રણ રાખવા રાજ્યકક્ષાએ તા.૩૧મી ડિસે–૨૦૧૪ની સ્થિતિએ કોઇપણ ઓથોરીટી કામ કરતી નથી અને સી.એન.જી. ના ભાવો મનસ્વી રીતે વધારી દેવામાં આવે છે તે ફરિયાદથી રાજ્ય સરકાર વાકેફ છે કે કેમ,<br>(૨) જો હા, તો શા કારણો છે, અને<br>(૩) આ સમસ્યાના ઉકેલ માટે રાજ્યકક્ષાએ શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે? | (૧), (૨) અને (૩)<br>સીએનજી માટે કરવામાં આવતી સ્થાનિક ગેસની ફાળવણીનો જથ્થો અને તેની કિંમત કેન્દ્ર સરકારના કાર્યક્ષેત્રમાં આવતી બાબતો છે. વપરાશકર્તાઓને અપાતા સીએનજીની કિંમત બજારના વિવિધ પરીબળોને આધારે જે તે કંપની દ્વારા નક્કી થતી હોય છે. આમ, સીએનજી ના ભાવો સામાન્યતઃ બજારના વિવિધ પરીબળોને આધારે નિયત થાય છે. |

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, સી.એન.જી. ના ભાવ વધારાના લીધે રીક્ષા ચાલકોને ભાવ વધારો કરી આપવાની જવાબદારી રાજ્ય સરકારની હોય તો ભાવ નિયંત્રણ પણ કરી શકે છે તો ભાવ ઘટાડો કરવા માગો છો કે કેમ?માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન છે કે, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવેલ છે કે, સી.એન.જી.ના ભાવો સામાન્યત: બજારના વિવિધ પરિબળોને આધારે નિયત થાય છે, તો ક્યા કયા પરિબળો છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગેસ એ સેન્ટ્રલનો સબ્જેક્ટ છે અને વર્ષોથી ગેસની ફાળવણી ડોમેસ્ટિક ગેસની ફાળવણી, એ.પી.એમ.ની ગેસની ફાળવણી કેન્દ્ર સરકાર કરતી હતી અને ગુજરાતને સી.એન.જી. માટે ડોમેસ્ટિક ગેસ સસ્તો ગેસ આપણને મળતો નહતો એટલે ગુજરાત સરકાર જીએસપીસી ગેસ કંપની, ઇમ્પોર્ટેટ ગેસ પરદેશથી લાવી અને આપતા હતા. અનેક વખત યુ.પી.એ. સરકારમાં આપણે જાણ કરી કે, ભાઇ, તમે અમને સસ્તો ગેસ બોમ્બે અને દિલ્હીના ભાવે આપો તો અમારે ગુજરાતના રીક્ષાવાળાઓથી માંડી બધાને ફાયદો થાય પણ કમનસીબે અનેક વખત લખવા છતાં આપણને ડોમેસ્ટિક ગેસ મળ્યો નહતો. એટલે ગુજરાત સરકાર જીએસપીસી કંપની છેવટે ગુજરાત હાઇ–કોર્ટમાં ગઇ અને હાઇકોર્ટમાં ગયા પછી ચૂકાદો આપણા ફેવરમાં આવ્યો અને એમાં કહ્યું કે, કેન્દ્ર સરકારની આખા દેશમાં નીતિ એક સરખી હોવી જોઇએ અને ગુજરાતને જે અન્યાય થાય છે

એ દૂર કરો, એ પ્રમાણેનો હાઇ–કોર્ટનો સ્પષ્ટ ઓર્ડર હતો. એ હાઇકોર્ટના ઓર્ડર આવ્યા પછી એ વખતની કેન્દ્ર સરકાર સુપ્રિમ કોર્ટમાં ગઇ અને સુપ્રિમ કોર્ટમાં આ હાઇકોર્ટના ઓર્ડરને ચેલેન્જ કર્યો, એ ચેલેન્જ કર્યા પછી કોઇ જગ્યાએ એમને મેળ ન પડ્યો એટલે એમને આખા દેશમાં નીતિ બનાવવી પડી અને આજની તારીખમાં આખા દેશમાં સી.એન.જી.નો ગેસ, ડોમેસ્ટિક ભાવે આપવામાં આવી રહ્યો છે. એટલે હાલમાં ગુજરાતની અંદર જે પહેલાં ૬૬.૩૦ રૂપિયે કિલો ઇમ્પોર્ટેડ આર.એન.જી.નો હતો, એ આજે ૨૭ ટકા ઘટીને ૩૫ થી ૪૦ રૂપિયા કિલોએ આવી ગયો છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગુ છું કે, મારા મોરબીમાં ગેસ ઘણો વપરાય છે, હમણાં તાજેતરમાં મેં રજૂઆત કરી કે, એક ગ્રુપ કરી અને ગેસની રજૂઆત કરી એના આધારે માનનીય મંત્રીશ્રીએ કેટલા ભાવ ઘટાડ્યા એ મારે જાણવું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પાઇપ નેચરલ ગેસ છે, ઉદ્યોગો માટેનો ગેસ છે. એટલે આપણે એક નવી સિસ્ટમ બનાવી છે કે જેથી લાંબાગાળાનો કરાર કરો તો જ સ્પોટ કરતાં સસ્તો પડે અને એ લાભ આપણે ઉદ્યોગકારોને આપી શકીએ એટલે આપણે ત્યાંથી લાંબાગાળાના કરારનો ગેસ સસ્તો કરી અને એ પ્રમાણે મોરબી અને બધા ઉદ્યોગો જે કરાર કરે છે એને આપણે આપીએ છીએ અને આવતા દિવસોમાં એનો લાભ વધારે મળશે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા પૂછવા માગું છું કે, માનનીય મંત્રીશ્રીએ હમણાં કહ્યું એમ કેન્દ્ર સરકાર ભૂતકાળમાં આપણને અન્યાય કરતી હતી એના કારણે આપણે કોર્ટમાં અને સુપ્રિમ કોર્ટમાં ગયા. મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, સમગ્ર રાજ્યની અંદર સી.એન.જી.નો જે વેટ છે એ ગુજરાતમાં દરેક રાજ્યો કરતાં વધુ માં વધુ વેટ છે. માટે મારે મંત્રીશ્રીને વિનંતી કરવી છે કે, તમે જે સમગ્ર રાજ્યમાં બીજા રાજ્યોમાં જે વેટ છે એ પ્રમાણે ગુજરાતનો વેટ કરવા માગો છો કે કેમ, અને કેટલા ટકા વેટ છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં ૧૫ ટકાનો વેટ છે પણ બીજા રાજ્યોની અંદર મારા ખ્યાલ પ્રમાણે મહારાષ્ટ્રમાં ૧૨.૫ ટકા જેવો છે. પરંતુ અગત્યનું એ છે કે, ગુજરાત એક માત્ર રાજ્ય છે કે, જેની પાસે સોલીડ ગેસ ગ્રીડ છે અને હાલમાં બહુ ઓછા રાજ્યો છે કે, જ્યાં ગેસ ગ્રીડના કારણે સી.એન.જી. સ્ટેશનો છે. એટલે બે–પાંચ રાજ્યો એવા છે કે, જેની અંદર આ ટેકસેશનનો ઇસ્યુ આવે છે પણ એકાદ–બે રાજ્યોમાં ઓછો છે, બાકીના બધા રાજ્યોમાં આપણા જેવો છે. એટલે ટેકસેશન સ્ટ્રકચર આજની તારીખમાં આપણે ત્યાં ૧૫ ટકા છે.

શ્રી અશોકકુમાર ર. પટેલ : માનનીય અધયક્ષશ્રી, ગુજરાતની પ્રજા માટે કામ કરતી આ સરકાર સુપ્રિમ કોર્ટ સુધી લડીને પણ ગેસમાં પ્રજાને રાહત અપાવી એ બદલ ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૨૦ રૂપિયા જેટલો ભાવ ઘટાડો આના લીધે થયો હતો એટલે મારે પૂછવું છે કે, સી.એન.જી. સ્ટેશનો ગુજરાતમાં જિલ્લાવાર કેટલા આવેલા છે ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ એક માત્ર રાજ્ય છે કે, જે ૨૪ જિલ્લાઓની અંદર ૩૩ માંથી સી.એન.જી.ના સ્ટેશનો છે. અમદાવાદની અંદર ૭૪ છે, ગાંધીનગરમાં ૨૪ છે. ખેડા–૧૪, આણંદ–૧૯, વડોદરા–૨૫, ભરુચ–૧૫, સુરત–૪૭, નવસારી–૧૧, વલસાડ–૨૧, મહેસાણા–૧૮, પાટણ–૩, બનાસકાંઠા–૨, સુરેન્દ્રનગર–૧૬, મોરબી–૭, રાજકોટ–૨૩, જામનગર–૩, ભાવનગર–૩, બોટાદ–૩, મહીસાગર–૧ અને આ એક રાજય છે કે જયાં ગેસ ગ્રીડ ન હોવાછતાં પણ બે રીતે આપવામાં આવે છે. એક મધર સ્ટેશન ડોટર સ્ટેશન છે એટલે જયારે ગેસ ગ્રીડની અંદર કનેકટીવીટી હોય તો એને ડાયરેકટર કનેકટીવીટી આપીને મધર સ્ટેશન કરીએ અને ઘણીવાર ૪૫ કિલોમીટરની રેન્જમાં પાઇપલાઇન ન હોય તો ડોટર સ્ટેશન એટલે આપણે ટેન્કરમાં પણ ગેસ લઇ એમાં બે રૂપિયે કિલો મોંઘો પડે છે તે છતાં લોકોને સુવિધા મળે એ પ્રમાણે આપણે કરીએ છીએ અને હાલમાં ૩૪૧ સીએનજી સ્ટેશન ગુજરાતની અંદર આવેલા છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પુછવું છે કે સમગ્ર ગુજરાતમાં તમે જે ગેસ સ્ટેશનો ગણાવ્યા એમાં અદાણી કંપનીના કેટલા છે, રીલાયન્સ કંપનીના કેટલા છે અને સરકાર દ્વારા ચાલતા કેટલા છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કુલ જી.એસ.પી.સી. ગેસ કંપનીના ૧૫૫ સ્ટેશનો છે અને સાબરમતી ગેસ લીમીટેડ કંપની એ પણ આપણી જ કંપની છે. કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારની ભાગીદારીની કંપની છે. એમાં ૩૭ છે. ગુજરાત ગેસ એ ટેકઓવર જી.એસ.પી.સી. ગેસ કંપનીએ કર્યું છે એટલે ૬૬ છે એટલે કુલ ૩૪૧ માંથી ૨૫૮ સ્ટેશનો રાજય સરકારની કંપનીઓના છે. ચરોતર કંપનીના એકે નથી,અદાણી ગેસના ૫૨ છે. વડોદરા મ્યૂનિસિપલનો પણ ગેલ અને વીએનસીસીનો છે એમાં ૯ છે, એચ.પી.સી.એલ. પોતાનું છે એ પણ કેન્દ્ર સરકારની કંપની છે એ ૨૨ છે. એટલે કુલ ૮૩ થયા એટલે કુલ ૩૪૧ થયા. ભાવ માટે પણ વાત કરું કે જી.એસ.પી.સી. ગેસ કંપનીના ટેકસીસ સાથેના ભાવ ૪૮.૩૦ છે, સાબરમતી ગેસ કંપનીના ૪૮ રૂપિયા છે. ગુજરાત ગેસના ૪૮.૩૦ છે, અદાણી ગેસના ૪૮.૧૨ છે. વડોદરાના ૪૭ છે. એચ.પી.સી.એલ.ના ૪૮.૨૦ છે. આ પ્રમાણે આજની તારીખના ભાવો છે.

બોટાદ જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ

* ૧૭૩૮૫ શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી(ભાવનગર પશ્ચિમ) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ | (૧) રૂ. ૬૨૧.૬૪ લાખ. |

| | |
|---|---|
| દરમિયાન વિવેકાધીન જોગવાઈ હેઠળ બોટાદ જિલ્લાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન વિવેકાધીન જોગવાઈ સામે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ. ૨૨૭.૧૬ લાખ. |
| (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ? | (૩) ૪૫૮ કામો મંજૂર થયેલ છે અને ૧૪૨ કામો પૂર્ણ થયેલ છે. |

શ્રી જીતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે બોટાદ જિલ્લામાં ફેબ્રુઆરી–૨૦૧૫ અંતિત કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી છે, કેટલા ખર્ચની વહીવટી મંજૂરી આપવામાં આવી છે. અને કેટલો ખર્ચ થયો છે અને બીજો પ્રશ્ન, બોટાદ જિલ્લામાં ફેબ્રુઆરી–૨૦૧૫ અંતિત કેટલા કામોની વહીવટી મંજૂરી આપી છે? કેટલા કામો પૂરા થયા છે અને કેટલા કામો પ્રગતિમાં છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બોટાદ તાલુકામાં કુલ ૭૪૬ કરોડનું પ્રોવિઝન છે. એમાં અત્યાર સુધી જે ગ્રાન્ટ ફેબ્રુઆરી–૧૫ સુધી રીલીઝ કરી છે એ ૬૮૩ લાખ છે અને એમાંથી ડી.પી.ઓ.એ. ૬૬૮ આપી દીધા છે. પ્રિન્સીપલ એપ્રુવલ ૭૪૫ની મળી ગઇ છે. એડમિનિસ્ટ્રેટીવ એપ્રુવલ ૭૩૪ ની મળી ગઇ છે. એટલે ૭૪૬ ના પ્રોવિઝનમાં ૭૩૪ ની એડમિનિસ્ટ્રેટીવ એપ્રુવલ આપી દીધી છે. ખર્ચો ૨૪૬ લાખ થયો. આ ફેબ્રુઆરી–૧૫ સુધીનું છે. બીજું, માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે કેટલા પ્રોજેકટો એપ્રુવ્ડ થયા છે? તો ૪૯૩ પ્રોજેકટો એપ્રુવ્ડ થયા છે. એડમિનિસ્ટ્રેટીવ એપ્રુવલ ૪૫૮ની મળી છે. ૧૪૨ કામો પૂર્ણ થયા છે. ૧૦૧ કામ અત્યારે પ્રોગ્રેસમાં છે.

ડો. ટી. ડી. માણીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિકેન્દ્રીત આયોજનમાં વિવેકાધીન જોગવાઇના કોમ્પોનન્ટ કયા કયા? વિવેકાધીન જોગવાઇ હેઠળ કેવા કેવા પ્રકારના કામો મંજૂર કરવામાં આવે છે? અને આ પ્રકારના કામોની મહત્તમ સમય મર્યાદા કેટલી?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ચાર ટાઇપના કામો હોય છે. એક તાલુકા ડિસ્ટ્રિકટ લેવલ હોય છે. એક ડિસ્ટ્રિક્ટ લેવલની હોય છે. એક નગરપાલિકાની હોય છે અને એક ડિસ્ટ્રિક્ટ એડમિનિસ્ટ્રેટીવ એટલે જિલ્લા વહીવટી ગ્રાન્ટ હોય છે. જે ગાઇડલાઇન આપેલ છે એમાં સેકટર્સ ડિફાઇન કરેલા છે. એ રૂરલ રોડ ગામના રોડ છે, પ્રાઇમરી સ્કૂલના રૂમ છે. કમ્પાઉન્ડ વોલ, બિલ્ડિંગ ઓફ હેલ્થ સેન્ટર છે, સબ સેન્ટર્સ છે, એમ્બ્યુલન્સ વાન, ડેડ બોડી વાન, રૂરલ બ્યુટિફિકેશનના છે. બિલ્ડિંગ કમ્પાઉન્ડ વોલ આંગણવાડીના કરી શકાય. ઇમ્પ્રૂવમેન્ટ ઓફ સ્લમ કરી શકાય. મીનીમમ નીડ પ્રોગ્રામમાં જે કઇ કામ હોય એગ્રીકલ્ચર, માઇનોર ઇરિગેશન હોય સોલ કન્ઝર્વેશન હોય, એનીમલ હસબન્ડરી, કોમ્યુનિટી ડેવલપમેન્ટ ઓફ પંચાયતના હોય, વર્કસ ઓફ લોકલ બોડી હોય આવાં કોઇપણ કામ કરી શકાય છે. જે સમય–મર્યાદાની વાત કરી. આપણે સમયસર આ વખતે મીટિંગો રેગ્યુલર બોલાવી હતી અને રેગ્યુલર મિટિંગો બોલવવાના કારણે સંપૂર્ણપણે વહીવટી મંજૂરી મળી ગઇ છે, એટલે ખાલી દાખલો આપું કે જે મીટિંગો ૨૦૧૪–૧૫ની બોલાવાઇ હતી એમાં બોટાદમાં ૩–૧ બોલાવી હતી. ગઢડામાં ૬–૧ બોલાવી હતી. બરવાળામાં ૩૧–૧ બોલાવી હતી. રાણપુરમાં ૪–૨ બોલાવી હતી. અને પ્રભારી મંત્રી દ્વારા ૯–૨ બોલાવી હતી. એટલે આખા વર્ષનાં કામ વર્ષ શરૂ થયાં પહેલાં બોલાવી હતી, એટલે વહીવટી મંજૂરી તાત્કાલિક મળી ગઇ અને આના કારણે ગતિશીલ ગુજરાતમાં કામ ઝડપથી ચાલી રહ્યાં છે.

શ્રીમતી વિભાવરીબેન વિ. દવે : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે વિવેકાધિન યોજના હેઠળ નગરપાલિકાઓને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. ૨૦૧૪–૧૫ દરમિયાન બોટાદ તાલુકાને આ યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી? બોટાદ જિલ્લામાં વિવેકાધિન યોજના હેઠળ ગ્રાન્ટ કયા કયા મુખ્ય ક્ષેત્રોમાં વાપરવામાં આવે છે?

શ્રી સૌરભ પટેલ : નગરપાલિકાને ૭૫ લાખના કામની ફાળવણી કરવામાં આવી હતી. એના પ્રિન્સિપલ વર્કસ ૧૨ એપ્રૂવ થયા છે. એડમિનિસ્ટ્રેટિવ ૧૨ વર્ક એપ્રૂવ થયા છે. ૬ કામ પૂર્ણ થયા છે. જે પ્રમાણે મેં વાત કરી તે પ્રમાણે ફાયનાન્સિયલ ખર્ચ અત્યાર સુધી જે એડમિનિસ્ટ્રેટિવ એપ્રુવ મળ્યા છે એના ૧૮.૫૬ લાખનાં થયેલ છે. બાકીનાં કામો મેં ડિફાઇન પહેલાં કર્યાં, એ જ કામો આ નગરપાલિકાની અંદર થઇ શકે છે.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં જણાવ્યું છે કે ૪૫૮ કામોને મંજૂરી આપવામાં આવી છે અને ૧૪૨ કામો પૂર્ણ થયાં છે. ૩૧૬ કામો ભાવનગર જિલ્લાની અંદર બાકી છે. તો આ ૩૧૬ કામો ગતિશીલ ગુજરાતમાં સમય–મર્યાદામાં પૂર્ણ કરવાં માગો છો કે કેમ? ચોક્કસ સમય મર્યાદા નક્કી કરી મંત્રીશ્રી જણાવે?

શ્રી સૌરભ પટેલ : આ ગતિશીલ ગુજરાતમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેનના નેતૃત્વ નીચે તાલુકા, જિલ્લાની અંદર જેટલી ગ્રાન્ટ ફાળવી છે, તેનું રેગ્યુલર મોનીટરિંગ થાય છે અને એના કારણે કલકેટરે ૩૦–૯–૨૦૧૪ એ મોનિટરિંગ કર્યુ, ૧૭–૧૦–૨૦૧૪ એ મોનીટરિંગ કર્યુ, ૧૮–૧૨–૧૪, ૧૯–૨–૧૫ મોનીટરિંગ કર્યુ. ડિસ્ટ્રિક્ટ પ્લાનિંગ ઓફિસર ૧૦મી તારીખે દરેક મહિનામાં ઇમ્પ્લિમેન્ટિંગ એજન્સી અને ટેકનિકલ સ્ટાફને બોલાવી મોનીટરિંગ કરે છે. બને એટલાં કામો ઝડપથી થાય છે. કોઇ જગ્યાએ સરપંચના વાંધા–વચકા હોય કે ટેન્ડરનો પ્રોબ્લેમ હોય કે જે કઇ વિષય હોય તેનો ઉકેલ લાવીને સંપૂર્ણપણે કામ વહેલી તકે પૂરું થાય તે પ્રમાણે આખી વ્યવસ્થા ગોઠવી છે.

મહેસાણા જિલ્લામાં શ્રી બાજપાઈ બેં કેબલ યોજનાની અરજીઓ

* ૧૭૩૭૪ શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) મહેસાણા જિલ્લામાં શ્રી બાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી રકમની સહાય મંજૂર કરવામાં આવી ?

જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં શ્રી બાજપાઈ બેંકેબલ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | ૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૩ | ૧–૧–૧૪ થી ૩૧–૧૨–૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૮૯૮ | ૯૪૪ | ૧૮૪૨ |
| ૨ | વિજાપુર | ૨૪૮ | ૨૧૪ | ૪૬૨ |
| ૩ | વિસનગર | ૩૬૬ | ૩૫૫ | ૭૨૧ |
| ૪ | કડી | ૩૧૪ | ૩૦૪ | ૬૧૮ |
| ૫ | ખેરાલુ | ૧૯૨ | ૧૮૩ | ૩૭૫ |
| ૬ | ઉંઝા | ૩૫૭ | ૩૪૫ | ૭૦૨ |
| ૭ | બેચરાજી | ૧૩૯ | ૧૨૫ | ૨૬૪ |
| ૮ | વડનગર | ૨૨૬ | ૧૭૭ | ૪૦૩ |
| ૯ | સતલાસણા | ૯૦ | ૮૪ | ૧૭૪ |
|  | કુલ | ૨૮૩૦ | ૨૭૩૧ | ૫૫૬૧ |

(૨) અને (૩) તે પૈકી નીચે મુજબ અરજીઓ મંજૂર કરી સહાય મંજૂર કરવામાં આવી.

| વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ બેંકને કરેલ ભલામણ | બેંક કક્ષાએ મંજૂર કરેલ અરજીઓ | સહાય (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| ૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૩ | ૨૦૪૫ | ૧૩૫૭ | ૧૫૮.૨૧ |
| ૧–૧–૧૪ થી ૩૧–૧૨–૧૪ | ૨૩૭૮ | ૧૬૩૫ | ૧૭૪.૬૪ |
| કુલ | ૪૪૨૩ | ૨૯૯૨ | ૩૩૨.૮૫ |

શ્રી દિનેશભાઇ બી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લો, જે એગ્રીસીવ જિલ્લો છે એમાં બાજપાઇ બેન્કેબલ યોજના હેઠળ ૫૫૦૦ ઉપરાંત અરજીઓ આવી. ૪૪૨૩ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રે ભલામણ કરી. બેન્કે ૨૯૯૨ અરજીઓ મંજૂર કરી તો ૧૧૦૦ ઉપરાંત અરજીઓ નામંજૂર થઇ છે અને ૧૫૦૦ જેટલી અરજીઓ પડતર છે તો આ પડતર રહેવાનાં કારણો શાં છે? શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, પડતર રહેવાના જે કારણો છે તેમાં બેન્કની જરૂરિયાત મુજબના અધૂરા કાગળો, ધંધાના સ્થળની તપાસ અને અરજદાર જે તે વખતે ન હોવાથી અને બેન્કનો આ યોજના હેઠળ વાર્ષિક લક્ષ્યાંક પૂર્ણ થયો હોવાથી આ અરજીઓ પેન્ડીંગ રહી છે.

શ્રી શંભુજી ચે. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, શ્રી બાજપાઇ બેન્કેબલ યોજના હેઠળ કેટલી સબસિડી મળવાપાત્ર છે?

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી બાજપાઇ બેન્કેબલ યોજના હેઠળ ઉદ્યોગો માટે ૬૦ હજાર રૂપિયા, સેવા માટે ૩૦ હજાર રૂપિયા અને વેપાર માટે ૨૦ હજાર રૂપિયા સબસિડી મળવાપાત્ર છે.

શ્રી સુરેશભાઇ ધ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, શ્રી બાજપાઇ બેન્કેબલ યોજના હેઠળ લોન મેળવવાની પ્રક્રિયા શું છે?

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી બાજપાઇ બેન્કેબલ યોજના હેઠળ લોન મેળવવા માટે બાજપાઇ બેન્કેલ યોજનાના ફોર્મમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને અરજી કરવાની હોય છે. અરજી સાથે માહિતી જેવી કે ધંધો કરવો હોય તો તેનું કવોટેશન, ઉંમરનો પુરાવો, ચૂંટણી કાર્ડ, રેશન કાર્ડ, ધંધાના સ્થળનો આધાર, અનુભવનો દાખલો વગેરે સામેલ કરવાના હોય છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી લોન કેસની ભલામણ બેન્કને કરવામાં આવે છે.

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
તારાંકિત પ્રશ્નો

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, ૫૫૬૧ અરજીઓ કરવામાં આવી તેમાંથી ૪૪૨૩ની ભલામણ કરવામાં આવી. *(xxx) ભલામણ કર્યા પછી બેન્ક પણ બાજપાઇ બેન્કેબલ યોજનામાં જે લોન લેવા જાય છે

ઉપાધ્યક્ષશ્રી : *(xxx) તે શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, બેન્કમાં જયારે લોન લેવા જાય છે ત્યારે બેન્ક આવા માણસોને લોન આપવા માટે સંમત હોતી નથી. ત્યારે બેન્ક દ્વારા પડતર અરજીઓ મંજૂર કરવામાં આવે તે માટે લીડ અધિકારીની જોગવાઇ કરવામાં આવી છે. તો આ નામંજૂર કરેલી અરજીઓમાં લીડ અધિકારીની મદદ લેવામાં આવેલ છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ફરિયાદ કરપ્શનની કરી છે આવી કોઇ ફરિયાદ હજી સુધી અમારી પાસે આવી નથી. માનનીય સભ્યશ્રી ફરિયાદ કરશે તો તેના ઉપર તપાસ કરવામાં આવશે. બેન્ક કક્ષાએ વધુમાં વધુ અરજીઓ મંજૂર થાય તે માટે જિલ્લા કક્ષાએ બેન્કના અધિકારીઓ સાથે બેઠક કરી વધુમાં વધુ લાભ અરજદારોને આ યોજનાનો મળે તે માટેના પ્રમાણિક પ્રયાસો રાજય સરકાર તરફથી કરવામાં આવે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બેન્કેબલ યોજનામાં અરજદાર એકવાર માગણી કરે અને મંજૂર થયા પછી બેન્કવાળા ના પાડે તે વાત વાજબી નથી. સરકાર એવું કંઇ કરવા માગે છે કે, એકવાર આ મંજૂર થઇ જાય એટલે બેન્કે તેને ધિરાણ આપવું જ જોઇએ. કારણ કે પ્રાથમિક તપાસમાં આ અરજી વાજબી છે તે તો સાબિત થઇ ગયેલ છે તો સરકાર આવો કોઇ ફેરફાર કરવા માગે છે કે કેમ?

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ચિંતા કરી તેના પર સરકાર ગંભીરતાપૂર્વક વિચારે છે. આ યોજના છે તે સેલ્ફ એમ્પ્લોઇમેન્ટ માટે છે. જેની અંદર શિક્ષણ ન હોય, ધોરણ–૪ પાસ કરેલ હોય તેવા લોકોને પ્રોત્સાહન આપવા માટે આ યોજના મૂકી છે. તે ધ્યાનમાં રાખીને પહેલી વખત ૧૦૦ કરોડ રૂપિયાનું બજેટ ફાળવ્યું છે. બીજું કે ઘણી વખત એવા બનાવો બન્યા છે કે ડી.એલ.સી.એ મંજૂર કર્યુ હોય અને બેન્કે મંજૂર ના કર્યુ હોય. બેન્ક દ્વારા મંજૂર નહીં કરવાના કારણે તેને પૈસા મળતા નથી. એટલે આજે જ સ્ટેટ લેવલ બેન્કર્સ સમિતિની મિટીંગ છે. આજની બેન્કર્સની મિટીંગમાં એક એજન્ડા આપણે લીધો છે અને ખાસ સેક્રેટરીને ત્યાં મોકલી રહ્યા છીએ. આપણા ત્યાં ૫૦ હજાર આર્ટિઝન્સ છે તે આપણે ત્યાં ધંધો કરે છે. તે આપણા મેળાઓમાં ધંધો કરે છે. દુકાનોમાં ધંધો કરે છે. આપણે ત્યાં બધે ધંધો કરી રહ્યા છે. તો તેમને બેન્ક લોન આપવા માટે શું કામ ના પાડે છે તેનો ખુલાસો આજે માગી રહ્યા છીએ. અને આવતા દિવસોમાં સભ્યશ્રીએ કહ્યું તેમ વ્યકિતગત રીતે હું દરેક મેનેજરોને જઇને બોલાવવાનો છું અને એ લોકોને ટાર્ગેટ આપવાનો છું કે આની અમે લોકો ખાતરી આપીએ છીએ કે આ લોકો વ્યવસાય કરે છે, ધંધો કરે છે તો એમને વર્કીંગ કેપિટલ માટે, સ્ટોક બનાવવા માટે, રો–મટિરિયલ્સ માટે લોન આપો અને મને વિશ્વાસ છે કે આ પ્રમાણેની જે આપે ચિંતા કરી એ વધારે વ્યાપક બેન્કની લોન મળશે અને ડી.એલ.સી.ઇ.દ્વારા મંજૂર કરેલી અરજી અને ૧૦૦ કરોડનું જે બજેટ ફાળવ્યું છે એ વપરાશે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, ભારતના ખૂબ જ કાર્યક્ષમ માજી પ્રધાનમંત્રીશ્રી બાજપેયીજીના નામે જે બેન્કેબલ યોજના છે તો એની લોન મેળવવા માટેની પાત્રતા શું છે?

શ્રી તારાચંદ જ. છેડા : માનનીય અધ્યક્ષશ્રી, બાજપાઇ બેન્કેબલ યોજના હેઠળ લાભાર્થીની ઉંમર ૧૮ થી ૫૫ વર્ષની હોવી જોઇએ, શૈક્ષણિક લાયકાત ધોરણ ૪ સુધીનો અભ્યાસ, વ્યવસાય અનુરૂપ ૩ માસની તાલિમ અથવા સરકાર માન્ય તાલિમ સંસ્થામાંથી એક માસની તાલિમ અથવા ધંધાનો એક વર્ષનો અનુભવ અથવા વારસાગત કારીગર હોવા જોઇએ આ એના માટેની લાયકાત છે. પ્રક્રિયા શું છે? તો બાજપાઇ બેન્કેબલ યોજના હેઠળ લોન મેળવવા માટે બાજપાઇ યોજનાના ફોર્મ મેળવી જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં અરજી કરવાની હોય છે, અરજીની સાથે માહિતી જેવી કે ધંધો કરવો હોય તો એનું કવોટેશન, ઉંમરનો પૂરાવો, ચૂંટણી કાર્ડ, રેશન કાર્ડ અને ધંધાનો અનુભવ હોય એનો દાખલો વગેરે આમાં સામેલ કરવાનું હોય છે અને આ અંગેની ભલામણ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા બેન્કને કરવામાં આવે છે.

ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાના વર્ગ–૧ ના અધિકારીઓ દ્વારા નાણાંકીય ગેરરીતિની તપાસો

* ૧૭૩૦૨ ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાના વર્ગ–૧ના કેટલા અધિકારીઓ નિવૃત થયા, | (૧) વર્ષ ૨૦૧૩ માં ૨<br>વર્ષ ૨૦૧૪ માં ૩ |
| (૨) ઉકત સ્થિતિએ તે પૈકી કેટલા અધિકારીઓ વિરૂધ્ધ નિવૃત્તિ પૂર્વે નાણાંકીય ગેરરીતિ બાબતની તપાસો દફતરે કરવામાં આવી, | (૨) એક અધિકારી |
| (૩) આ તપાસો ખોટી રીતે દફતરે કરવા બાબતની કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૩) એક |
| (૪) મળેલ ફરિયાદો અન્વયે સરકારે શી કાર્યવાહી કરી | (૪) પ્રાથમિક તપાસ સોંપેલ છે. |

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અને કસુરવારો સામે શાં પગલાં લીધાં ?

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે પ્રમાણે જવાબ આપ્યો છે એ રીતે વર્ગ–૧ના અધિકારીઓની નિવૃત થતા પહેલા આવી નાણાંકીય ગેરરીતિની જે તપાસો દફતરે કરવામાં આવે છે એ કેટલી અને કેવા પ્રકારની હતી? પ્રશ્ન બે, દફતરે કરવામાં આવી એ તપાસમાં કોની ભલામણ હતી, અને શાં કારણે દફતરે કરવામાં આવી? પ્રશ્ન ત્રણ, પ્રામાણિક અધિકારીઓ નિરાશ ન થાય, હતાશ ન થાય અને આપણી ગુજરાતની ધરતી માંની જાળવણી થાય અને સરકારને નુકસાન ન થાય એ માટે આ તપાસ પુનઃ ચાલુ કરવા અને દફતરે કરનાર અધિકારીઓ સામે પગલાં લેવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નિયમ પ્રમાણે કાર્યવાહી સરકારમાં થઇ રહી છે. આજે આપે જે વાત કરી કે નિવૃત થયા પછી બે વર્ષમાં એક અધિકારી સામે ફરિયાદ આવી એની આપણે જે વ્યક્તિએ ફરિયાદ કરી એના ઉપર અંડર સેક્રેટરી એસ્ટાબ્લીસમેન્ટ દ્વારા ઓલરેડી એની ઇન્કવાયરી સોંપી હતી અને એનો રિપોર્ટ ૧૯–૨ એ આવ્યો છે એ રિપોર્ટ સરકારમાં છે અને એ રિપોર્ટ વાંચ્યા પછી એક્ઝામીન કર્યા પછી એના પર જરૂરી નિર્ણય લેવાશે, પણ હાલની તારીખમાં જે જી.એ.ડી.ના નોર્મ્સ છે એ પ્રમાણે કોઇ પણ વ્યક્તિ નિવૃત હોય કે નિવૃત ન હોય એના ઉપર ઇન્કવાયરી કરવાની આવે તો સરકાર નિયમ અનુસાર કરે છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ખાણ ખનિજ વિભાગમાં હાલમાં વર્ગ–૧ના કેટલા અધિકારીઓ સામે આવી તપાસ ચાલુ છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નિવૃત થયેલા અધિકારી વિશેનો પ્રશ્ન છે તો એક જ અધિકારી સામે તપાસ ચાલુ છે. બીજી મારી પાસે માહિતી નથી અલગ નોટિસ આપવી પડશે.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, છેલ્લા બે વર્ષમાં ખાણ ખનિજ વિભાગમાં જે ગેરરીતિઓ થઇ છે અને મોટા કૌભાંડો થયા છે એ બાબતમાં કેટલી અરજીઓ મળી? કોની અરજી મળી? કયા અધિકારી સામે કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવી? આ ખાણ ખનિજ વિભાગના અધિકારીઓ મોટા ભાગે બધા મેળાપીપણામાં જ લીઝ આપે છે અને એ લીઝ વાળાને કાંઇ જ કરતા નથી. અમે લેખિત જાણ કરીએ, લેખિત અરજી આપીએ તેમ છતાં આ અધિકારીઓ સામે કોઇ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી. તો મેં મારા ૪૩ કાગળો લખ્યા કે આ ખાણ ખનિજના અધિકારીઓએ જ આ બધી ગેરરીતિ કરી છે તો તેમાં કયા કયા અધિકારીઓ સામે કેવા પ્રકારના પગલાં ભર્યા તેની મને જાણ કરવા વિનંતી છે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ નિવૃત્ત થયેલા કર્મચારીઓનો પ્રશ્ન છે મને અલગ નોટિસ આપે, બીજું ગઇકાલે મેં આપને વિનંતી કરી હતી કે, મને તમે ૪૩ કાગળોની નકલ આપો પણ આજ સુધી અડતાળીસ કલાક થયા પણ મને ૪૩ કાગળો મળ્યા નથી.

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૭ માનનીય મહેન્દ્રભાઇ મશરૂ, આઇ હેવ ઓલરેડી કોલ્ડ ફોર કવેશ્ચન નંબર–૭, આઇ હેવ નોટ એલાઉડ યુ, પ્લીઝ સીટ ડાઉન, તમારા ત્રણ સભ્યોને તક આપી છે. મહેન્દ્રભાઇ પ્રશ્ન પૂછો,

### જૂનાગઢ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણો

* ૧૭૩૩૯ શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) જુનાગઢ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪માં રૂ. ૧૩૦.૯૭ લાખના ખર્ચે ૩૪૧૨ લાભાર્થીઓને અને વર્ષ ૨૦૧૪–૧૫માં તા.૩૧–૧૨–૨૦૧૪ અંતિત રૂ. ૯૭.૮૩ લાખના ખર્ચે ૧૯૨૪ લાભાર્થીઓને આમ, કુલ રૂ. ૨૨૮.૮૦ લાખના ખર્ચે ૫૩૩૬ લાભાર્થીઓને ગૃહ વપરાશના વીજજોડાણ આપવામાં આવ્યા. |

શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ: માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રીએ ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ જુનાગઢ જિલ્લામાં છેલ્લાં બે વરસ દરમિયાન ૨૨૮.૮૦ લાખના ખર્ચે ૫૩૩૬ વીજ કનેકશનો આપવામાં આવ્યા છે, મારે વિશેષ માહિતીની જરૂર છે, માનનીય મંત્રીશ્રી માહિતી આપે તેવી વિનંતી છે, કે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ જુનાગઢ જિલ્લામાં છેલ્લાં ત્રણ વરસમાં તાલુકાવાઇઝ કેટલા વીજ કનેકશનો આપવામાં આવ્યા અને એમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે તાલુકાવાઇઝ વિગત માગી છે એમાં ૨૦૧૨–૧૩માં ભેંસાણ તાલુકામાં ૭, જુનાગઢ તાલુકામાં ૩૭૧, જુનાગઢ સીટી ૦, કેશોદ ૨૨૩, માળીયા હાટીના ૧૯૫, માણાવદર ૨૦૯, માંગરોળ ૧૯૫, મેંદરડા ૧૬૬, વંથલી ૧૬૨ એમ ૧૫૨૮ કુલ છે, એ જ રીતે ૨૦૧૩–૧૪માં ભેંસાણ તાલુકામાં ૧૫૯, જુનાગઢ તાલુકામાં ૧૧૭, જુનાગઢ સીટી ૪૯૭, કેશોદ ૫૧૩, માળીયા હાટીના ૩૭૨, માણાવદર ૪૬૩, માંગરોળ ૬૬૧, મેંદરડા ૪૯, વંથલી ૫૮૧, વિસાવદર ૦, એજ રીતે ૨૦૧૪–૧૫માં ભેંસાણ તાલુકામાં ૩૦, જુનાગઢ જિલ્લામાં ૪૧, જુનાગઢ સીટી ૧૫૧, કેશોદ ૨૮૧, માળીયા હાટીના ૩૮૮, માણાવદર ૨૪૧, માંગરોળ ૫૫૦, મેંદરડા ૫૩, વંથલી ૧૩૯ અને વિસાવદર ૫૦, એમ કુલ મળીને ૨૭૯.૩૭ લાખના ખર્ચે ૬૮૬૪ ઘરગથ્થું ઝૂંપડપટ્ટી વીજ કનેકશન આપવામાં આવ્યા છે,

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આ ગુજરાત પૂરા દેશની અંદર પ્રકાશ ફેલાવવાનું કામ કરે છે ત્યારે આ ઝૂંપડપટ્ટી વિસ્તારની અંદર જે લોકો કનેકશન લેનાર છે એને કેટલો ખર્ચો થાય છે અને બીજી સવલતો એમાં શું આપવામાં આવે છે?

શ્રી ગોવિંદભાઇ પટેલ : ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનામાં અગાઉના વખતમાં એક નોમીનલ ચાર્જ પચાસ અને એકસો રૂપિયા લેવામાં આવતો હતો જેના માટે રાજ્ય સરકાર એક કનેકશન દીઠ લગભગ ૮૦૦૦ રૂપિયા જેટલો ખર્ચ કરે છે અને ઘરવપરાશ માટે ઝૂંપડપટ્ટીમાં જે વીજ કનેકશન મેળવે છે એની પાસેથી એક પણ રૂપિયાનો ચાર્જ લેવામાં આવતો નથી.

શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે પૂછવા માગું છું કે, ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજનાનો લાભ કોને મળી શકે છે અને લાભાર્થીઓને કયા કયા લાભ મળી શકે છે?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે બીપીએલ યાદીમાં હોય એવા તમામ લાભાર્થીઓને આનો લાભ આપવામાં આવે છે. જેની શહેરી વિસ્તારમાં ૩૬ હજાર રૂપિયાની વાર્ષિક આવક હોય અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૭ હજાર રૂપિયાની વાર્ષિક આવક હોય એવા લોકોને એનો લાભ આપવામાં આવે છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હાલ ઝૂંપડપટ્ટી કે અન્ય ઘર વપરાશ માટે જોડાણ માગનાર ગ્રાહકો પાસે ગામતળનો દાખલો માગે છે. સરકારને ખબર છે કે તમે સત્તામાં આવ્યા પછી ગુજરાતનું ગામતળ જ વધ્યું નથી ત્યારે આ દાખલો મળવાનો નથી. છતા માંગવામાં આવતા દાખલા બંધ કરી ઝૂંપડપટ્ટી અને અન્ય ઘર વપરાશમાં માગતા જોડાણોને આમાંથી છૂટકારો આપવા માગો છો કે કેમ ?

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન એ છે કે, ગામતળ હોય અને તેની બાજુમાં ખેડૂતની જમીન હોય લાગુ જમીન અને બાજુમાં જયોતિગ્રામનું કનેકશન હોય અને એના કોલ પણ નીકળા હોય તો ખેડૂત ત્યાં પોતાની જમીનમાં ઝૂંપડુ બાંધીને રહેતો હોય તો એને એમ કહેવામાં આવે છે કે તમે બિન ખેતી કરાવો અને પેશ કદમીમાં જે રહેતાં હોય તેને બિન ખેતી કરાવ્યા વગર કનેકશન આપે છે તો મારું કહેવાનું એ છે કે આવા હજારો ખેડૂતોની અરજીઓ ત્યાં જમા છે. ત્યાં બાજુમાં જ ખેતર હોય કોલ પણ ના આવતો હોય સીધી સર્વિસ આવતી હોય તો એને તમે કનેકશન આપવા માગો છો કે કેમ ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો સવાલ એક ખેડૂતના ખેતરની અંદર વીજ કનેકશન માટેનો છે. આ પ્રશ્ન છે એ ઝૂંપડપટ્ટી માટેનો પ્રશ્ન છે છતાં પણ માનનીય સભ્યશ્રીની જાણ માટે એગ્રીકલ્ચર વિભાગમાંથી ખેતીવાડીના કનેકશનમાંથી રાજય સરકારે સ્પેશ્યલ યોજના બનાવીને એસડીટી અને પીએટીની વિભાગમાંથી એના સ્પેશ્યલ સબ સ્ટેશનો મૂકીને, એના ટ્રાન્સફોર્મરો મૂકીને ખેડૂતોના ખેતરમાં પણ આ પ્રકારની વીજળી આપવામાં આવે છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગુ છું કે, ગામની બાજુમાં જ ખેડૂત ખાતેદારોની જમીન હોય છે. પરિપત્ર મુજબ જે ખેડૂત પોતાના ખેતરે મકાન બનાવીને રહેતો હોય અને તેમને જયોતિ ગ્રામમાંથી વીજ કનેકશન મેળવવું હોય તો એમણે બિનખેતી કરાવવું પડે. સો મીટર હોય કે બસ્સો મીટર હોય હવે બસ્સો મીટર માટે થઇને બિનખેતી કરવા માટે થઇને માનો કે ખેડૂત અરજી કરે તો એને આર્થિક રીતે પણ મોટું નુકસાન થાય અને સમયસર નિકાલ નથી થતો તેને કારણે તેને વીજ કનેકશન નથી મળતું. તો બિન ખેતી કરાવ્યા સિવાય આપણે વીજ કનેકશન આપવા માગીએ છીએ કે કેમ ?

શ્રી ગોવિંદભાઇ ઉ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન જુદો જ છે પણ મારી જે જાણકારી છે તે પ્રમાણે માનનીય પુંજાભાઇને જવાબ આપું છું કે ગુજરાત વીજ નિયમન આયોગનો સ્પષ્ટ હુકમ છે કે ખેતીવાડીમાં જયાં ખેતીવાડી થતી હોય એવા ક્ષેત્રમાં જયોતિ ગ્રામનું કનેકશન આપવું નહીં.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એક માત્ર રાજય છે કે જયાં ચોવીસ કલાક લાઇટ ઘર-વપરાશ માટે મળે છે. બે રીતથી આપણે આપીએ છીએ ગામની સીમની અંદર હોય તો જયોતિ ગ્રામ યોજનામાં ચોવીસ કલાક તેને થ્રી ફેઝ મળે છે અને ગામના તળમાં હોય બીજુ જે કલસ્ટર્સ હોય પેટા પરા હોય વીસ હોય, પચાસ હોય એટલે જેટલા રેવન્યુ ખાતાની અંદર ગામતળ નક્કી થયા છે, પેટા પરા નક્કી થયા છે તે બધાને જયોતિ ગ્રામમાં ૨૪ કલાક વીજળી આપવામાં આવે છે.

બીજો એક વિષય છે કે જેની સભ્યશ્રીએ ચિંતા કરી કે ખેતરની અંદર વ્યકિત રહેતો હોય તો તેના માટે શું ? તો એના માટે આ સરકારે એક જ આખા દેશની અંદર છે કે જેણે સ્પેશ્યલ ડિઝાઇન ટ્રાન્સફર્મર બનાવ્યા છે અને આના કારણે એગ્રીકલ્ચર કનેકશન ઉપર તેને લાઇન ઉપર આઠ કલાક વીજળી મળે બાકીના ૧૬ કલાક તેને આ સીંગલ ફેઇઝ વીજળી મળે એટલે તેના ઘરમાં વીજળી પૂરતી મળી રહે. આની અંદર પણ આપણે સુધારો કર્યો છે અને હમણાં જ યુજીવીસીએલની અંદર જે નવા ટ્રાન્સફોર્મર P A T ટ્રાન્સફોર્મર આવ્યા છે એના કારણે લોડ પણ વધારે લઇ શકીએ એ પ્રમાણેની વ્યવસ્થા ગોઠવી છે. આપનો જે પ્રશ્ન છે કે એન.એ. કરાવવાનો વિષય આવ્યો એ એન.એ. કરાવવાનું એટલુ છે કે જયોતિ ગ્રામ યોજનાની અંદર જો ખેતરે ખેતરે ચોવીસ કલાક લાઇટ થ્રી ફેઇઝ આપવામાં આવે તો સંપૂર્ણપણે તેનો દુર ઉપયોગ ખેડૂતો કરી શકે અને લંગરીયા નાંખીને ચોવીસ કલાક લાઇટ એ લોકો થ્રી ફેઇઝ વાપરી શકે એટલે આઠ કલાક જ આપીએ છીએ બાકીના ૧૬ કલાક તેના ઘર-વપરાશ માટે સીંગલ ફેઇઝ આપીએ છીએ.

### બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણો માટેની પડતર અરજીઓ

* ૧૯૧૯૩ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણો માટેની ખેડૂતોની | (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કૃષિ વીજ જોડાણ માટેની ૪૦૮૮૯ અરજીઓ તથા |

કેટલી અરજીઓ પડતર છે,

(૨) આ પડતર અરજીઓ પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખેડૂતોને વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૩) ઉકત સ્થિતિએ બાકી અરજદારોને કેટલા સમયમાં વીજ જોડાણ આપવામાં આવશે ?

સાબરકાંઠા જિલ્લામાં ૮૯૭૧ અરજીઓ પડતર છે,

(૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ૧૩૪૩૩ અને સાબરકાંઠા જિલ્લામાં ૯૨૦૦ કૃષિ વીજ જોડાણ આપવામાં આવ્યા.

(૩) કૃષિ વીજ જોડાણ, અરજીની નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજ તંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ઘ્યાને લઈ ને તમામ પડતર અરજીઓનો અગ્રતાક્રમ અનુસાર શક્ય તેટલી ઝડપથી નિકાલ કરી શકય તેટલા વધુ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

શ્રી મણીલાલ જે. વાઘેલા : મારા પ્રશ્નમાં મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે કે બનાસકાંઠા જિલ્લામાં ૪૦૮૮૯ અરજીઓ પેન્ડિંગ છે. તો મારા મત વિસ્તાર વડગામની કેટલી અરજીઓ પેન્ડિંગ છે અને કેટલી સમય મર્યાદામાં એ આપવા માગો છો? મારો બીજો પ્રશ્ન એ છે કે બનાસકાંઠા જિલ્લામાં ૩ થી ૪ તાલુકાઓ નર્મદા કમાન્ડ વિસ્તારમાં આવતા નથી, તો નર્મદા કમાન્ડ વિસ્તારમાં નહિ આવતા તાલુકાને પ્રાયોરિટી આપીને અગ્રતાક્રમથી જોડાણ આપવા માગો છો કે કેમ? આ વિસ્તારને ચૂંટણી પહેલા તમે એવું કહ્યું હતું કે અમે ડાર્કઝોન મૂકયો નથી તો શા માટે ડાર્કઝોન ઉઠાવ્યો? ડાર્કઝોન ઉઠાવ્યો એ પહેલાના સાત થી આઠ વર્ષ સુધી ખેડૂતો લાઈટ કનેકશન વગર વલખા મારતા હતા તો હવે ડાર્કઝોન વાળા તાલુકા છે એને અગ્રતાના ધોરણે કનેકશન આપવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીએ પૂછયું કે વડગામ તાલુકામાં કેટલી અરજી બાકી છે. વડગામ તાલુકામાં ૨૦૧૨ ની ૩૪૯૪, ૨૦૧૩ની ૨૦૯ અને ૨૦૧૨૪ ની ૨૭૬ એમ કુલ ૩૯૭૯ અરજીઓ બાકી છે. આ ઉપરાંત પેટ પેન્ડિંગ કરેલી ૪૩૮૯ અરજીઓ પેન્ડિંગ છે. અમે ઝડપથી કામ કરીશું. નર્મદાના ચાર તાલુકાની વાત કરી પરંતુ અમે આજની તારીખે બધા તાલુકામાં એકજ સ્પીડે કામ કરી રહ્યા છીએ બને એટલી અરજીઓ માટે ઝડપથી કામ પૂરૂં કરીશું. ૪૦૮૮૯ અરજીઓ પેન્ડિંગ છે એમાં ૨૦૧૨ની ૩૫૩૬૬ છે, એટલે એકવાર ૨૦૧૨ કલીયર થઈ ગયું પછી બહુ અરજીઓ પડતર રહેતી નથી. આપણે વધારે ઝડપથી કામ કરી શકીશું. રાજય સરકાર આ બાબતમાં જીયુએનએલ ને અને યુજીએલએલને મદદ કરવાની જરૂર પડશે એ સંપૂર્ણપણે કરશે.

શ્રી પરબતભાઈ સ. પટેલ : મારે મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે ડાર્કઝોન તાલુકામાં અ,બક,ડ કેટેગરી કઈ રીતે નક્કી કરવામાં આવે છે અને સાથે સાથે એ જાણવું છે કે ટોટલ અરજીઓ કહી તથા વડગામ તાલુકાની માહિતી આપી તો તાલુકાવાર કેટલી અરજીઓ પડતર છે અને અ,બ,ક,ડ કઈ રીતે નક્કી કરવામાં આવે છે.

શ્રી સૌરભ પટેલ : જયારે આપણે ડાર્કઝોન વિષયમાંથી અરજીઓ આપવાનું ચાલુ કર્યું તો એક ટ્રાન્સપરન્સ પોલિસી આપી ચોક્કસ માનશો કે આટલા વર્ષોથી અરજી આપવાનું બંધ હતું એ ચાલુ કર્યું પછી આજની તારીખમાં સરકાર ઉપર એક ડાઘો અરજી આપવામાં પડયો નથી. એના કારણે આપણે કેટેગરી નક્કી કરી, એ.બી.સી. અને ડી. એ કેટેગરીમાં એવા હતા કે ૨૦૦૩ પહેલાની અરજીઓ પડતર હતી એ અરજીઓએ નવ વર્ષ રાહ જોઈ હતી એટલી પહેલી પ્રાયોરિટી એમને આપી. બીજી અરજી બી માંથી સિફ્ટ કર્યું હતું બી માંથી જે ખેતીવાડી કનેકશન એક કારણસર બાકી હતા ઓરિજનલ રજિસ્ટ્રેશનમાં એ લોકોને પ્રાયોરિટી આપી. પછી સી કેટેગરી આવી એમાં પહેલી વખત અરજી કરતા હતા અને એ લોકોને ત્યાં બોર બની ગયો હતો એ લોકોને ત્રીજી કેટેગરીમાં મૂકયા અને બી કેટેગરીમાં જેણે પહેલીવાર અરજી કરી અને બોર નહોતો એ લોકોને ચોથી કેટેગરીમાં મૂકયો.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આપે દર વર્ષે એક લાખ જેટલા કનેકશનો આપવાની વાત કરી હતી. સમગ્ર ગુજરાતની અંદર ૫,૩૨,૦૦૦ જેટલા આજની તારીખે ખેતીવાડી કનેકશનો આપવાના બાકી છે. સૌથી મોટો પ્રશ્ન ક કેટેગરીમાં છે, પાલનપુર ડિવિઝનમાં સાત હજાર જેટલા કનેકશનો એવા છે કે જેને બોરો બનાવી દીધા છે અને આજની તારીખમાં કનેકશન નથી મળતા. છેલ્લા છ મહિનાથી ખેડૂતે ૧૦-૧૦ લાખ રૂપિયા ખર્ચીને આપની કેટેગરીમાં આવ્યા પછી ૭૦૦૦ કનેકશન ન મળતા હોય તો તાત્કાલિક ધોરણે આપવા માગો છો કે કેમ? ક કેટેગરીમાં.

શ્રી સૌરભ પટેલ : માનનીય સભ્યશ્રીને જાણ કરૂં કે તે અ કેટેગરીમાં નથી આવતા. સી કેટેગરીમાં આવે છે. બીજું, આપણે જયારે જાહેરાત આપી ત્યારે ખેડૂતોએ અરજી કરી. આપણાં અધિકારીઓ એ બોર જોવા ગયા. ત્યાં ઘણી વખત બોર હતો નહીં, એટલે આપણે તેને ડી કેટેગરીમાં મૂકયા. પછી ખેડૂતો આપણી પાસે આવ્યા કે બોર છે. તમે અમને ત્રણ મહિનાનું એક્સટેન્શન આપો. એટલે અમે તેને બોર કરવા માટે પહેલી વખત એકસટેન્શન આપ્યું. એટલે ત્રણ મહિનાનું એકસટેન્શન આપ્યા પછી બીજા ત્રણ મહિનાનું એકસટેન્શન આપ્યું. એટલે જેટલા ખેડૂતોએ બોર કર્યા હતા તે બધાને આપણે એકસટેન્શન આપ્યું. આજની તારીખમાં સી કેટેગરીમાં જેટલા બોર બાકી છે એ બધાને આપણે પ્રાયોરિટીમાં લઈને વહેલામાં વહેલી તકે કામ પતે એ પ્રમાણેની પ્રક્રિયા ચાલુ છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે બનાસકાંઠા જિલ્લામાં કયા કયા તાલુકા ડાર્કઝોન હેઠળ છે? બનાસકાંઠા જિલ્લામાં ડાર્કઝોન તાલુકામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા કૃષિવિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા?

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
તારાંકિત પ્રશ્નો

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠામાં અમીરગઢ તાલુકામાં ૧૯૩, ભાભરમાં ૧૩૯, દાંતીવાડામાં ૧૦૯૪, ડીસામાં ૧૧૨૩, દિયોદરમાં ૩૨૭, ધાનેરામાં ૧૩૨૯, કાંકરેજમાં ૩૮૯, લાખાનીમાં ૯૩૪, પાલનપુરમાં ૧૨૧૩, સુગમમાં ૧૩, થરાદમાં ૧૭૭૦, વડગામમાં ૧૪૫૯, વાવમાં ૧૫૪ એમ કુલ બે વર્ષની અંદર ૧૦,૧૨૭ કનેકશન બનાસકાંઠા જિલ્લામાં આપવામાં આવ્યા છે.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠામાં ૮,૯૭૧ અરજીઓ પડતર છે. સરકારનો પરિપત્ર છે કે એક સરવે નંબરમાં બીજું કનેકશન નહીં આપવું. આ સમગ્ર ગુજરાતમાં પરિસ્થિતિ છે. અમારે તકલીફ શું થાય છે કે એક જ સરવે નંબરમાં પાણીની વ્યવસ્થા હોય છે. કારણ કે સાબરકાંઠા જિલ્લામાં પાણીની તકલીફ છે. ભાઇભાગ પડ્યો હોય અને બીજો સરવે નંબર થયો હોય તો બીજામાં પાણી નથી હોતું, તો તેના કારણે હજારો અરજીઓ નીકળી ગઇ છે. ગુજરાતમાં ૫ લાખ અરજીઓ બાકી છે. તેના કારણે હજારો અરજીઓ નીકળી ગઇ છે તો આ પરિપત્રમાં આપ કંઇ સુધારો કરીને ખેડૂતોને મદદ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં પણ મેં કહ્યું હતું કે નિયમો બનેલા છે, પરંતુ આની અંદર સરળતા થાય અને અન્યાય ન થાય, ખેડૂતોને લાભ થાય એ માટે ફરીથી એકવાર આ એક ખેતરમાં બે કનેકશનમાં કયા કયા ડોકયુમેન્ટ જોઇએ છે, કયા નથી જોઇતા એ હું ફરીથી એક વખત અભ્યાસ કરી લઇશ.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે મંત્રીશ્રીને સ્પષ્ટ પૂછવું છે કે રાજયમાં બીજા જિલ્લાઓની સરખામણીમાં બનાસકાંઠા જિલ્લામાં ૪૦,૦૦૦થી વધુ અરજીઓ પડતર છે. રાજયનો સરખો વિકાસ થાય એ હેતુથી અને જિલ્લો પછાત અને દુષ્કાળગ્રસ્ત જિલ્લો છે. તો આ અરજીઓનો કયારે, કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે તેની માહિતી આપે.

શ્રી સૌરભ પટેલ : આપની વાત સાચી છે કે લાંબા સમય પછી આ અરજીઓ આપવાનું ચાલુ કર્યું એટલે કુલ ૪૦,૮૮૯ અરજીઓ પેન્ડીંગ છે. મેં કહ્યું કે ૨૦૧૨ના જ ૩૫,૦૦૦ છે. બાકીના ત્રણ વર્ષના ૫,૦૦૦. એટલે આપણે વધારે ગતિ લાવીને એક ટાર્ગેટ પણ વધારે આપીશું. આ વખતે તજરૂર પડે તો સ્પેશિયલ ટીમ પણ કરીશું અને બનાસકાંઠા જિલ્લામાં વધારે એગ્રીકલ્ચર કનેકશન આપીને વહેલામાં વહેલી તકે ભૂતકાળનો બેકલોગ છે તે પૂરો થાય તેની કોશિશ કરીશું. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા બંદરે બોકસાઇટની નિકાસની આવક

* ૧૮૨૮૦ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા બંદરેથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બોકસાઇટની નિકાસ અન્વયે રાજ્ય સરકારને રોયલ્ટી પેટે કેટલી રકમની આવક થઇ ? | વર્ષ ૨૦૧૩માં રૂપિયા ૧૩૫૩.૧૧ લાખ તથા વર્ષ ૨૦૧૪માં રૂપિયા ૨૫૩૩.૧૦ લાખ. |

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, બે દિવસ પહેલાં આ ગૃહમાં બોક્સાઇટ વિશે, અતિ કિમતી હોવાથી માગણીઓ ઉપર ચર્ચા થઇ હતી ત્યારે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ઓખા બંદરેથી ૨૦૧૩-૧૪માં કઇ કઇ કંપનીનો કેટલો જથ્થો નિકાસ થયો હતો? મારો પ્રશ્ન બીજો- કઇ કઇ કંપનીની કઇ કઇ ખાણમાંથી ખોદકામ કરેલ હતું? મારો પ્રશ્ન ત્રીજો- આ જે કંપનીનો માલ નિકાસ થયેલ છે તે કંપનીની ખાણોની માપણી ૨૦૧૩-૧૪માં કોના કોના દ્વારા ક્યારે કરવામાં આવી હતી? આ ત્રણેય પ્રશ્નનો મંત્રીશ્રી જવાબ આપે.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના પ્રશ્નનો બહુ વિગતવાર જવાબ આપવા માગું છું.

| વેસલ | તારીખ | જથ્થો (મે.ટન) | લીઝ હોલ્ડરનું નામ | જથ્થો (મે.ટન) |
|---|---|---|---|---|
| વિનસ | ૧-૧-૨૦૧૩ | ૭૭૩૪૦ | ભારત અબ્રેસીવ | ૧૪૩૦૫ |
| | | | અશોતા | ૪૬૯૩૧ |
| | | | નન્દના | ૪૩૦૪ |
| | | | સૌરાષ્ટ્ર ટ્રેડર્સ | ૧૧૭૯૮ |
| | | | કુલ | ૭૭૩૪૦ |
| | | | | |
| મેઇરીની | ૭-૧-૨૦૧૩ | ૭૭૫૦૦ | ભારત અબ્રેસીવ | ૧૫૫૬૫ |
| | | | પી.વી.મખેચા | ૩૨૫૬૯ |
| | | | સૌરાષ્ટ્ર ટ્રેડર્સ | ૨૯૩૬૬ |
| | | | કુલ | ૭૭૫૦૧ |
| વિશ્વ દીક્ષા | ૨૭-૧-૨૦૧૩ | ૫૫૦૦૦ | પી.પી.મખેચા | ૪૨૬૧૬ |
| | | | પી.વી. મખેચા | ૨૩૭૯ |
| | | | સૌરાષ્ટ્ર ટ્રેડર્સ | ૧૦૦૨૩ |
| | | | કુલ | ૫૫૦૧૮ |
| મેનલોન | ૧૦-૨-૨૦૧૩ | ૫૫૨૧૦ | ભારત અબ્રેસીવ | ૮૧૪ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | અશોતા મેવાસા | ૫૪૨૦૦ |
| | | | પી.પી.મખેચા | ૭૩ |
| | | | પી.વી. મખેચા | ૧૩૪ |
| | | | કુલ | ૫૫૨૨૪ |
| ડાયમન્ડ સ્ટાર્સ | ૧૨-૨-૨૦૧૩ | ૫૪૨૦૦ | રમણીક એમ.થાનકી | ૫૬૭૩૬ |
| | | | કુલ | ૫૬૭૩૬ |
| દુબઇ ગેલેક્ટીક | ૨૫-૨-૨૦૧૩ | ૫૩૯૦૦ | અશોતા મેવાસા | ૩૬૪૫૦ |
| | | | પી.વી.મખેચા | ૧૭૪૫૦ |
| | | | કુલ | ૫૩૯૦૦ |
| કેપ સન | ૧૯-૩-૨૦૧૩ | ૧૬૭૧૦૦ | નન્દના | ૧૪૭૯૨ |
| | | | અશોતા મેવાસા | ૬૫૪૯૭ |
| | | | ભારત અબ્રેસીવ | ૧૦૭૩૦ |
| | | | પી.પી.મખેચા | ૩૨૪૫ |
| | | | પી.વી.મખેચા | ૫૩૫૩૧ |
| | | | સૌરાષ્ટ્ર ટ્રેડર્સ | ૧૯૩૦૩ |
| | | | કુલ | ૧૬૭૧૦૦ |
| શ્રી પ્રેમ વર્ષા | ૧૦-૪-૨૦૧૩ | ૮૦૩૦૦ | નન્દના | ૧૪૬૯૯ |
| | | | અશોતા મેવાસા | ૩૨૧૫૪ |
| | | | ભારત અબ્રેસીવ | ૭૫૧૭ |
| | | | પી.વી.મખેચા | ૨૧૮૫૮ |
| | | | પી.વી.મખેચા | ૯૫૦ |
| | | | પી.પી.મખેચા | ૩૧૨૬ |
| | | | કુલ | ૮૦૩૦૭ |
| સાઇકો મેજેસ્ટી | ૨૮-૪-૨૦૧૩ | ૪૯૧૯૦ | ભારત અબ્રાસીવ | ૪૩૨ |
| | | | પી.પી.મખેચા | ૮૭૯ |
| | | | પી.વી.મખેચા | ૪૭૮૯૬ |
| | | | કુલ | ૪૯૨૦૮ |
| મેરીટાઇમ ટબોનીઓ | ૫-૫-૨૦૧૩ | ૭૨૧૭૧ | ભારત અબ્રાસીવ | ૪૭૭૭ |
| | | | પી.પી.મખેચા | ૨૭૦૩ |
| | | | પી.વી.મખેચા | ૬૧૧૩૧ |
| | | | પી.વી.મખેચા | ૨૧ |
| | | | સૌરાષ્ટ્ર ટ્રેડર્સ | ૫૩૭૨ |
| | | | કુલ | ૭૪૦૦૬ |
| દક્ષિયા | ૯-૫-૨૦૧૩ | ૩૧૭૮૦ | નન્દના | ૧૨૦૨૬ |
| | | | અશોતા મેવાસા | ૧૩૮૦૧ |
| | | | ભારત અબ્રાસીવ | ૧૭૪૫ |
| | | | પી.વી.મખેચા | ૪૨૧૪ |
| | | | કુલ | ૩૧૭૮૮ |
| કેડર-૬ | ૧૧-૫-૨૦૧૩ | ૭૭૭૦૨ | નટરાજ સેરામીક વીરપુર ૧૧૦ | ૪૬૫૯૮ |
| | | | રમણીક એમ.થાનકી | ૧૬૮૨૦ |
| | | | મંજુલાબેન થાનકી | ૫૯૭૭ |
| | | | કુલ | ૬૯૩૯૬ |
| મેનલોન | ૨૩-૫-૨૦૧૩ | ૫૩૪૦૦ | નન્દના | ૨૩૦૯૭ |
| | | | અશોતા મેવાસા | ૨૩૩૬૧ |
| | | | પી.વી.મખેચા | ૬૯૬૧ |
| | | | કુલ | ૫૩૪૨૦ |

| | | | | |
|---|---|---|---|---|
| દુબઇ એમ્બેસેડર | ૨-૬-૨૦૧૩ | ૫૪૬૦૦ | પી.વી.મખેચા | ૨૦૦૯૫ |
| | | | કુમી (અશોતા) | ૩૪૫૦૮ |
| | | | કુલ | ૫૪૬૦૩ |
| દુબઇ નાઇટ | ૭-૬-૨૦૧૩ | ૧૮૬૦૦ | પી.વી.મખેચા | ૧૪૦૯૪ |
| | | | કુમી (અશોતા) | ૪૫૧૨ |
| | | | કુલ | ૧૮૬૦૬ |
| થીયોટોકોસ | ૯-૬-૨૦૧૩ | ૧૯૫૦૦ | પી.વી.મખેચા | ૧૫૯૦૭ |
| | | | કુમી (અશોતા) | ૩૫૯૪ |
| | | | કુલ | ૧૯૫૦૨ |
| હડસન ટ્રેડર-૧ | ૩૧-૭-૨૦૧૩ | ૫૬૩૦૦ | પી.વી.મખેચા | ૨૩૪૩૦ |
| | | | કુમી (અશોતા) | ૧૬૨૬૧ |
| | | | કુમી (મહાદેવી) | ૮૧૫૭ |
| | | | એન.એસ.મહેતા | ૧૩૮૦ |
| | | | પી.પી.મખેચા | ૭૦૮૧ |
| | | | કુલ | ૫૬૩૧૨ |
| સ્પોટ | ૨૩-૮-૨૦૧૩ | ૫૨૫૦૦ | પી.વી.મખેચા | ૧૬૭૧૫ |
| | | | વિનોદ જે. પંડ્યા | ૪૫૮૬ |
| | | | કુમી(મહાદેવી) | ૨૦૭૮ |
| | | | નન્દના | ૯૬૦૨ |
| | | | કુમી (અશોતા) | ૧૦૧૧૩ |
| | | | કુમી (મેવાસા) | ૪૪૩૪ |
| | | | એન.એસ.મહેતા | ૪૯૮૩ |
| | | | કુલ | ૫૨૫૧૪ |
| ચેન્ગ હેન્જ હુઇ હાઇ | ૨૬-૮-૨૦૧૩ | ૨૧૩૦૦ | પી.વી.મખેચા | ૨૧૩૦૫ |
| | | | કુલ | ૨૧૩૦૫ |
| | કુલ | ૧૧૨૭૫૯૩ | | |

ઉપાધ્યક્ષશ્રી : લાંબુ હોય તો ટેબલ ઉપર મૂકી દેજો.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : ટેબલ ઉપર આપી દેજો. (અંતરાય)

શ્રી સૌરભભાઇ પટેલ : ટેબલ ઉપર આપવાની જરૂર નથી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા બીજા બે પ્રશ્નોના જવાબ હજી બાકી છે. એ ટેબલ ઉપર આપી દેજો.

શ્રી સૌરભભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હવે ૨૦૧૪નું લઇએ.

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

### તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ

### આણંદ જિલ્લામાં સાંસદ અને ધારાસભ્યોની ગ્રાંટમાંથી મીની વોટરવર્કસ બનાવવા વીજ કનેકશન આપવા બાબત

* ૧૭૨૯૭ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં સંસદ સભ્યો અને ધારાસભ્યોને ગ્રાંટમાંથી સીમ વિસ્તારમાં મીની વોટરવર્કસ બનાવવામાં આવે છે તેને વીજ કનેકશન આપવામાં આવતા નથી તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને સરકાર આ વીજ કનેકશનો આપવાનું કોઈ આયોજન છે કે કેમ ?

**જવાબ**

(૧) અને (૨) ના જી,

આણંદ જિલ્લામાં માન. સંસદ સભ્યશ્રીઓ અને માન. ધારાસભ્યશ્રીઓ ની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવતાં મીની વોટર વર્કસ ને વીજ જોડાણ આપવામાં આવે છે, તદઅનુસાર સીમ વિસ્તારમાં છેલ્લા ત્રણ વર્ષમાં અંદાજપત્રના નાણાં ભરપાઈ થયેલ ૩૯૦ મીની વોટર વર્કસ પૈકી ૩૮૫ ના કામ પૂર્ણ કરવામાં આવેલ છે. બાકીના પાંચ (૫) મીની વોટર વર્કસને વીજ જોડાણ આપવાની કામગીરી પ્રગતિમાં છે.

### રાજ્યમાં એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન

* ૧૭૩૯૩ શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં કેટલી જગ્યાએ એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન છે. | (૧) ગુજરાત સરકારશ્રી દ્વારા રાજ્યમાં કુલ ૬ જગ્યાએ હવાઈ પટ્ટી બનાવવાનું આયોજન છે. |
| (૨) આવી એરસ્ટ્રીપ કયા કયા સ્થળોએ બનાવવાનું આયોજન છે, અને | (૨) રાજ્યમાં અંકલેશ્વર, પાલિતાણા, મોરબી, દહેજ, દ્વારકા અને અંબાજી ખાતે એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન છે. |
| (૩) તા.૩૧-૧-૨૦૧૫ સુધીમાં આ અંગે શી કાર્યવાહી કરવામાં આવી છે? | (૩) હાલમાં,<br>-અંકલેશ્વર ખાતે બાઉન્ડ્રી વોલ, લેન્ડ લેવલીંગ કરવામાં આવેલ છે.<br>-પાલિતાણા ખાતે જમીન માપણી તેમજ ડીમાર્કેશન કરવામાં આવેલ છે.<br>-મોરબી ખાતે જમીન તબદીલીની કામગીરી માટે ગાડા મારગ બાબત કાર્યવાહી હાથ ધરાઈ રહી છે.<br>-દહેજ ખાતે જમીન તબદીલીની કામગીરી હાથ ધરાઈ રહી છે.<br>-દ્વારકા ખાતે જમીન માપણીની કામગીરી પ્રગતિમાં છે.<br>-અંબાજી ખાતે સરકારી જમીન શોધવાની પ્રક્રિયા ચાલુ છે. |

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કપાસ અને રૂ ના વેચાણ પેટે વેટ વસુલવા બાબત

* ૧૭૨૯૦ શ્રી **મેરામણભાઇ મા. આહીર** (ખંભાલીયા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં કપાસ અને રૂ નાં વેચાણ પેટે રાજ્ય સરકાર દ્વારા કેટલાં દરે વેટ વસુલવામાં આવે છે, | (૧) ૪ ટકા વેરો + ૧ ટકા વધારાનો વેરો |
| (૨) તે અન્વયે છેલ્લા બે વર્ષમાં થયેલ આવકમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી કેટલી વેટની રકમ મળી, અને | (૨) ૦.૩૮ કરોડ |
| (૩) ઉક્ત સ્થિતિએ સરકાર દ્વારા આ વેટની રકમ વસુલવાનું બંધ કરીને ખેડૂતોને કપાસના ભાવમાં વધારો કરવા માગે છે કે કેમ ? | (૩) હાલ આવી કોઈ બાબત વિચારણા હેઠળ નથી. |

## વેડફેસ્ટ કાર્યક્રમનું આયોજન

* ૧૭૫૪૪ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં પ્રવાસન વિભાગ દ્વારા વેડફેસ્ટનો કાર્યક્રમ કયા સ્થળે કેટલા દિવસનો હતો, | (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં વેડફેસ્ટનો કાર્યક્રમ વડોદરા શહેરમાં ''આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન વડોદરા'' દ્વારા કરવામાં આવેલ જેની વિગતનું *પત્રક-(અ) આ સાથે સામેલ છે. |
| (૨) આ કાર્યક્રમનું આયોજન કોના દ્વારા થયું, | (૨) આ કાર્યક્રમ ''આર્ટ એન્ડ કલ્ચરલ ફાઉન્ડેશન વડોદરા'' દ્વારા કરવામાં આવેલ હતો. |
| (૩) આ કાર્યક્રમ હેઠળ સરકારને કેટલો ખર્ચ થયો, અને | (૩) વડફેસ્ટના કાર્યક્રમ માટે રૂપિયા ૫/- કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી. |
| (૪) આયોજકોએ કેટલો ખર્ચ કર્યો ? | (૪) આ કાર્યક્રમ સરકાર દ્વારા કરવામાં આવેલ ન હોય ખર્ચની માહિતી રજુ કરવાની રહેતી નથી. |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## સરકાર અને ખાનગી વીજ મથકોમાંથી વીજળી ઉત્પાદન

* ૧૭૨૯૫ શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી વીજળીનું ઉત્પાદન થયું, | (૧) રાજ્યમાં ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષવાર વીજ ઉત્પાદનને લગતી વિગત નીચે પ્રમાણે છે. |

| તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ | વીજ ઉત્પાદન |
|---|---|

| છેલ્લા બે વર્ષનો સમય ગાળો | (મી.યુ.) |
|---|---|
| વર્ષ ૨૦૧૩ (તા. ૦૧-૦૧-૨૦૧૩ થી તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધી) | ૮૬૨૭૮ |
| વર્ષ ૨૦૧૪ (તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધી) | ૯૫૧૭૧ |

(૨) ઉત્પાદન થયેલ વીજ પૈકી વર્ષવાર સરકારની અને ખાનગી વીજ મથકોમાંથી કેટલી વીજળી ઉત્પન્ન થઈ, અને

(૨) વર્ષવાર સરકારી અને ખાનગી વીજ મથકોમાંથી ઉત્પાદનને લગતી વિગત નીચે પ્રમાણે છે.

| નં. | વીજ ઉત્પાદન કરનાર ક્ષેત્ર | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ |
|---|---|---|---|
| | | (મી.યુ.) તા. ૦૧-૦૧-૨૦૧૩ થી તા. ૩૧-૧૨-૨૦૧૩ સુધી) | (મી.યુ.) તા. ૦૧-૦૧-૨૦૧૪ થી તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધી) |
| ૧ | રાજ્ય સરકાર હસ્તકના વીજ મથકો (ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીક સીટી કોર્પોરેશન લિ. તથા રાજ્ય હસ્તકના આઇપીપી) | ૨૨૩૮૫ | ૨૬૧૨૨ |
| ૨ | ખાનગી વીજ મથકો | ૩૯૭૮૬ | ૪૩૨૯૮ |
| ૩ | કેન્દ્રીય વીજ મથકો | ૧૭૨૪૩ | ૧૮૨૧૩ |
| ૪ | બિનપરંપરાગત સ્ત્રોત | ૬૫૬૮ | ૭૧૯૩ |
| ૫ | કેપ્ટીવ વીજ મથકો | ૨૯૬ | ૩૪૫ |

(૩) જો સરકારી કરતાં ખાનગી ઉત્પાદન વધ્યું હોય તો તેના શા કારણો છે ?

(૩) નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના આદેશ મુજબ, રાજ્યની વીજ વિતરણ કંપનીઓ એ મેરીટ ઓર્ડર (GERC Directive on Merit Order Dispatch) મુજબ વીજ ખરીદી કરવાની રહે છે. જે પ્રથા મુજબ વીજ માંગને પહોંચી વળવા પ્રથમ સસ્તા વીજ મથકોમાંથી તેના બળતણ ખર્ચના ભાવના ક્રમ (સસ્તાથી મોંઘા) મુજબ વીજ જરૂરિયાત પુર્ણ થાય ત્યાં સુધી વીજ પુરવઠો મેળવવામાં આવે છે. આમ, મેરીટ ઓર્ડર રેગ્યુલેશન મુજબ વીજ મથકો ની માલીકીને નહી પરંતુ તેના બળતણ ખર્ચના ભાવોને (સસ્તાથી મોંઘા) ધ્યાનમાં રાખીને વીજમાંગને પહોંચી શકાય તેટલી વીજ ખરીદી કરવામાં આવે છે.

સામાન્ય રીતે ખાનગી વીજમથકો નો પ્રતિ યુનિટ બળતણ ખર્ચ સરકારી વીજ મથકોના બળતણ ખર્ચ કરતાં ઓછો હોય છે તથા ઉપરોક્ત જણાવેલ મેરીટ ઓર્ડરની પ્રક્રિયા અંતર્ગત ઓછો બળતણ ખર્ચ ધરાવતા ઉત્પાદન ને પ્રાધાન્ય આપવામાં આવે છે.

---------

## ડાંગ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘર વપરાશના વીજ જોડાણો

* ૧૭૩૪૧ શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ ડાંગ જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને ઘર વપરાશનાં વીજ જોડાણો આપવામાં આવ્યા ? | ડાંગ જીલ્લામાં કુટિર જ્યોતિ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩-૧૪ માં ૬૪૩ લાભાર્થીઓને અને વર્ષ ૨૦૧૪-૧૫માં ડિસેમ્બર-૨૦૧૪ અંતિત ૫૦૨ લાભાર્થીઓને આમ, કુલ ૧૧૪૫ લાભાર્થીઓને ગૃહ વપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા. |

---------

## રાજકોટ જીલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૧૭૩૪૫ શ્રી કાંતિલાલ શી. અમૃતિયા(મોરબી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી?

**જવાબ**

(૧), (૨) અને (૩) રાજકોટ જિલ્લામાં વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા બાકી નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવામાં આવેલ કેસ, અને વસુલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | લોક અદાલતોની સંખ્યા | સમાધાન/નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ પર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૨૬૩ | ૧૮૭૬ | ૧૩૩.૨૬ | ૮૯.૪૫ | ૪૩.૮૧ |
| ૨૦૧૪-૧૫ (ડિસેમ્બર અંતિત) | ૨૮૮ | ૨૫૬૫ | ૧૯૩.૧૯ | ૧૩૦.૦૧ | ૬૨.૭૮ |
| કુલ | ૫૫૧ | ૪૪૪૧ | ૩૨૬.૪૫ | ૨૧૯.૮૬ | ૧૦૬.૫૯ |

---------

## રાજ્યમાં કર્મચારીઓની નિવૃત્તિ વય ૫૮ વર્ષથી વધારી ૬૦ વર્ષ કરવા બાબત

* ૧૫૨૨૪ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર રાજ્યના કર્મચારીઓની મોટાપાયે વય નિવૃત્તિ થતી હોઇ કર્મચારીઓની નિવૃત્તિ વય હાલ ૫૮ વર્ષથી વધારીને ૬૦ વર્ષ કરવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) સરકારી અધિકારી/કર્મચારીઓની નિવૃત્તિ વય મર્યાદા વધારવા બાબતે વિવિધ પાસાઓ ધ્યાને લઈ યોગ્ય સમયે આ બાબત વિચારણા કરવાની રહે છે, |
| (૨) જો હા, તો આ અંગે સરકાર ક્યાં સુધીમાં નિર્ણય લેનાર છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મોટાપાયે રાજ્યમાં જગ્યાઓ ખાલી હોવાના કારણે તેમજ ચાર્જ ઉપર વહીવટ ચાલતો હોવાથી વહીવટીતંત્ર ઉપર કોઈ માઠી અસર થાય છે કે કેમ ? | (૩) ખાલી જગ્યાઓ ભરવામાં આવે ત્યાં સુધી યોગ્ય અધિકારી/કર્મચારીને વધારાનો હવાલો સોંપવા માટે નિયમો માં જોગવાઈ છે અને તે પ્રમાણે હવાલો સોંપીને કામકાજ થતું હોઈ વહીવટી તંત્ર ઉપર માઠી અસર થવાનો પ્રશ્ન રહેતો નથી. |

---------

## ભરૂચ જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ રકમની ફાળવણી

* ૧૭૩૮૧ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪-૧૫ | (૧) કુલ રૂ. ૩૧૭૪.૫૯ લાખ. |

દરમિયાન ભરૂચ જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૨) રૂ. ૨૧૧૮.૨૮ લાખ.

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજુર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે?

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કુલ ૧૭૬૬ કામો મંજૂર થયેલ છે અને કુલ ૧૧૮૦ કામો પૂર્ણ થયેલ છે.

---------

ડાંગ જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

* ૧૭૩૨૧ શ્રી વીછીયાભાઈ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં ડાંગ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૧) રૂ.૨.૧૫ કરોડ.

(૨) ડાંગ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ?

(૨) (૧) ટીમ્બર
(૨) હોટેલીયર
(૩) પેટ્રોલ/ડીઝલ
(૪) મેડીસીન
(૫) બિલ્ડીંગ મટીરીયલ્સ

---------

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં માર્બલમાં ગેરકાયદેસર ખનનના વાહનો પકડવા બાબત

* ૧૮૭૧૬ શ્રી જોઈતાભાઈ ક. પટેલ(ધાનેરા) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં માર્બલના ગેરકાયેદસર ખનનનો વાહનોમાં વહન થતો ભારે માત્રાનો જથ્થો પકડવામાં આવેલો છે તે હકીકત ખરી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો એવા ગેરકાયદેસર જથ્થાના ખનનકર્તાઓ કોણ છે અને એ ખનનકર્તાઓ સામે કોઈ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હોય તો તેવી કાર્યવાહીની વિગતો શી છે, અને

(૨) (૧) હિન્દુસ્તાન માર્બલ પ્રા. લી.
(૨) પ્રાશુ ટ્રેડીંગ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ
(૩) બાલાજી માર્બલ
વધારાના જથ્થાની દંડકીય રકમ વસુલવામાં આવેલ છે.

(૩) જો કાયદેસર કાર્યવાહી કરવામાં ન આવી હોય તો તેના શાં કારણો છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સાબરકાંઠા જીલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૧૭૩૧૬ શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં

(૧), (૨) અને (૩) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે હેતુથી તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, તેમાં સમાધાન કરવામાં આવેલ કેસો અને વસુલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક | સમાધાન/નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ | સ્થળ પર વસુલાત કરવામાં | હપ્તાથી વસુલાત કરવાની |
|---|---|---|---|---|---|

આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી?

| | અદાલતની સંખ્યા | | (રૂ.લાખમાં) | આવેલ રકમ (રૂ.લાખમાં) | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૬૦ | ૪૭૭૨ | ૨૮.૨૫ | ૨૬.૧૯ | ૨.૦૬ |
| ૨૦૧૪-૧૫ (તા.૩૧-૧૨-૨૦૧૪ અંતિત) | ૨૫ | ૨૦૧૨ | ૧૩.૪૬ | ૧૨.૬૬ | ૦.૮૦ |
| કુલ | ૮૫ | ૬૭૮૪ | ૪૧.૭૧ | ૩૮.૮૫ | ૨.૮૬ |

---------

સાગરકાંઠા જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે કાર્યાન્વિત નવા સબસ્ટેશનો

* ૧૭૩૫૬ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ સાગરકાંઠા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે કેટલા નવા સબ-સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) રાજ્ય સરકારની ‘‘સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના’’ અતર્ગત સાગર કીનારાનાં જિલ્લાઓમાં નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૩ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા અને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૬ સબસ્ટેશન પૈકી ૩૧-૧૨-૨૦૧૪ અંતિત ૨ (બે) સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા છે, જ્યારે બાકીના સબસ્ટેશનના કામો પ્રગતિમાં છે.

(૨) આ કામગીરી માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૧૮૦.૦૦ કરોડનો ખર્ચ થયો જ્યારે ૨૦૧૪-૧૫માં (ડિસેમ્બર-૨૦૧૪ સુધીમાં) રૂ. ૧૫૧.૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો.

---------

જૂનાગઢ જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

* ૧૭૩૩૦ શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં જૂનાગઢ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૨) જૂનાગઢ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ?

જવાબ

(૧) રૂ. ૮૯.૬૭ કરોડ.

(૨) (૧) ઓટોમોબાઇલ્સ
(૨) કોટન
(૩) તમાકુ અને તેની બનાવટો
(૪) તેલીબીયા
(૫) એડિબલ ઓઇલ્સ

---------

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં રેતી ચોરીના કેસો

* ૧૭૬૦૩ શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ રેતીની કેટલી લીઝ આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા લીઝ ધારકો ઉપર છેલ્લા બે વર્ષમાં રેતી ચોરીના કેસ કરવામાં આવ્યા,

જવાબ

(૧) છોટાઉદેપુર જિલ્લામાં ૧૯૫ અને વડોદરા જિલ્લામાં ૧૩૧ રેતીની લીઝ આવેલ છે.

(૨) ૩૩ લીઝ ધારકો.

(૩) લીઝ ધારકો ઉપર કેસ કર્યા બાદ કેવા પ્રકારના પગલાં ભરવામાં આવ્યા, અને

(૩) લીઝ ધારકો ઉપર કેસ કર્યા બાદ લીઝ રદ કરવી, દંડકીય વસુલાત, પોલીસ ફરીયાદ તથા નોટીસ આપવાના પગલાં ભરવામાં આવેલ છે.

(૪) આ રેતીચોરીના કેસોમાંથી સરકારમાં કેટલી રકમ દંડ પેટે મળી?

(૪) રૂપિયા ૫૩.૨૨ લાખ.

---------

સુરત જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજના હેઠળ ફાળવેલ રકમ

* ૧૭૩૭૯ શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (એ.ટી.વી.ટી) યોજના હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન સુરત જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી. | (૧) રૂ.૧૨૯૨.૨૩ લાખની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ.૬૪૩.૫૨ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે? | (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે ૮૫૪ કામો મંજૂર થયેલ છે અને ૪૪૯ કામો પૂર્ણ થયેલ છે. |

---------

રાજ્યમાં કૃષિ ક્ષેત્રે વીજળીની ફાળવણી

* ૧૭૭૮૯ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કૃષિ ક્ષેત્રે કેટલી વીજળીની ફાળવણી કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કૃષિક્ષેત્રે કેટલી વીજળીની માંગ રહી હતી, અને

(૩) માંગ કરતાં ઓછી વીજળી ફાળવવામાં આવી હોય તેના કારણો શાં છે?

જવાબ

(૧) અને (૨) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં કૃષિ ક્ષેત્રે વીજ માંગ જેટલો વીજ પૂરવઠો પૂરો પાડવામાં આવેલ છે. જેની વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | કૃષિ ક્ષેત્રની વીજમાંગ/પૂરો પાડવામાં આવેલ સરેરાશ વીજ પૂરવઠો (મેગાવોટ) |
|---|---|
| ૨૦૧૨ | ૬૩૩૨ |
| ૨૦૧૩ | ૫૮૭૯ |
| ૨૦૧૪ | ૭૨૭૩ |

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૧૭૩૪૭ શ્રીમતી વર્ષાબેન ન. દોશી(વઢવાણ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં

જવાબ

(૧), (૨) અને (૩)સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવામાં આવેલ કેસ, અને વસુલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | લોક | સમાધાન/નિકાલ | કેસોમાં | સ્થળ પર | હપ્તાથી |
|---|---|---|---|---|---|

કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી?

| | અદાલતોની સંખ્યા | કરવામાં આવેલ કેસોની સંખ્યા | સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | વસુલાત કરવાની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૯૩ | ૧૩૪૭ | ૮૫.૫૮ | ૪૨.૫૮ | ૪૩.૦૦ |
| ૨૦૧૪–૧૫ (ડિસેમ્બર–૨૦૧૪ અંતિત) | ૧૦૧ | ૧૬૬૧ | ૧૦૯.૨૪ | ૬૨.૨૯ | ૪૬.૯૫ |
| કુલ | ૧૯૪ | ૩૦૦૮ | ૧૯૪.૮૨ | ૧૦૪.૮૭ | ૮૯.૯૫ |

---------

## રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા

* ૧૭૩૬૪ શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની કુલ સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને

(૨) ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ એમ બે વર્ષમાં કેટલો વધારો કરવાનું આયોજન છે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની કુલ વીજ ઉત્પાદન ક્ષમતા નીચે દર્શાવ્યા મુજબ ૨૩૬૨૮ મે.વો. છે.

પરંપરાગત સ્ત્રોત – ૧૯૨૧૨ મે.વો.
બિનપરંપરાગત સ્ત્રોત – ૪૪૧૬ મે.વો.

(૨) ૨૦૧૪–૧૫ અને ૨૦૧૫–૧૬ એમ બે વર્ષમાં કુલ ૧૬૧૬ મે.વો. પરંપરાગત વીજ ઉત્પાદન ક્ષમતાનો વધારો કરવાનું આયોજન છે.

---------

## સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં સાબરમતી નદીમાં બ્લોક બનાવવા બાબત

* ૧૯૦૫૮ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લા હદમાંથી પસાર થતી સાબરમતી નદીમાં ખાણ–ખનિજ વિભાગ દ્વારા કેટલા બ્લોક બનાવવામાં આવ્યા,

(૧) ૩૪.

(૨) જે બ્લોક હોલ્ડરોને બ્લોક ફાળવવામાં આવેલ છે તે પૈકી કેટલા બ્લોક હોલ્ડરોએ ઉક્ત સ્થિતિએ નિયમો અને શરતો મુજબ સરકારમાં પેમેન્ટ જમા કરાવેલ છે, અને

(૨) ૦૩.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા બ્લોક હોલ્ડરોએ નિયમ અને શરતો મુજબ પેમેન્ટ જમા કરાવેલ નથી?

(૩) ૦૬.

---------

## સાબરકાંઠા જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

* ૧૭૩૨૫ શ્રી જગદીશભાઇ ઇ. પંચાલ(નિકોલ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં સાબરકાંઠા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૧) રૂ. ૧૮૪.૮૦ કરોડ.

(૨) સાબરકાંઠા જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ?

(૨) (૧) ટાઇલ્સ
(૨) ઓટોમોબાઇલ્સ
(૩) ડેરી પ્રોડકટસ
(૪) ટ્રેકટર અને પાર્ટસ
(૫) કોટન

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

---------

ઉમરપાડા તાલુકામાં વિકાસશીલ તાલુકા હેઠળ ફાળવેલ રકમ

*૧૭૩૮૯ શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિકાસશીલ તાલુકા હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) આ ફાળવેલ ગ્રાંટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે?

**જવાબ**

(૧) વિકાસશીલ ગુજરાત અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વિકાસશીલ તાલુકા યોજના અને એટીવીટી યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન સુરત જિલ્લાના ઉમરપાડા તાલુકામાં કુલ રૂ. ૨૪૨.૨૬ લાખની રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

(૨) વિકાસશીલ તાલુકા યોજના અને એટીવીટી યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન કુલ રૂ. ૭૫.૯૦ લાખની રકમનો ખર્ચ થયેલ છે.

(૩) વિકાસશીલ તાલુકા યોજના અને એટીવીટી યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન કુલ ૧૧૩ કામો મંજૂર થયેલ છે, જે પૈકી ૭૨ કામો પૂર્ણ થયેલ છે.

---------

સુરેન્દ્રનગર જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૧૭૩૪૬ શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી?

**જવાબ**

(૧) (૨) અને (૩) સુરેન્દ્રનગર જિલ્લામાં વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા બાકી નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવામાં આવેલ કેસ, અને વસુલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | લોક અદાલતોની સંખ્યા | સમાધાન/નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ પર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૯૩ | ૧૩૪૭ | ૮૫.૫૮ | ૪૨.૫૮ | ૪૩.૦૦ |
| ૨૦૧૪–૧૫ (ડિસેમ્બર–૨૦૧૪ અંતિત) | ૧૦૧ | ૧૬૬૧ | ૧૦૯.૨૪ | ૬૨.૨૯ | ૪૬.૯૫ |
| કુલ | ૧૯૪ | ૩૦૦૮ | ૧૯૪.૮૨ | ૧૦૪.૮૭ | ૮૯.૯૫ |

---------

ભરૂચ જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ

* ૧૭૩૮૦ શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન ભરૂચ જિલ્લાને કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ

**જવાબ**

(૧) કુલ રૂ. ૩૧૭૪.૫૯ લાખ.

(૨) કુલ રૂ. ૨૧૧૮.૨૮ લાખ.

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કુલ ૧૭૬૬ કામો મંજૂર

છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે? થયેલ છે અને કુલ ૧૧૮૦ કામો પૂર્ણ થયેલ છે.

---------

બનાસકાંઠા જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૧૭૩૫૦ શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી?

જવાબ

(૧) (૨) અને (૩) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા બાકી નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે હેતુથી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, તેમાં સમાધાન કરવામાં આવેલ કેસ અને વસુલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા | સમાધાન/નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ પર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૬૦ | ૧૦૭૦ | ૨૬.૦૦ | ૧૯.૦૬ | ૬.૯૪ |
| ૨૦૧૪–૧૫ (તા. ૩૧–૧૨–૨૦૧૪ અંતિત) | ૭૦ | ૧૨૭૯ | ૩૨.૯૫ | ૨૪.૭૯ | ૮.૧૬ |
| કુલ | ૧૩૦ | ૨૩૪૯ | ૫૮.૯૫ | ૪૩.૮૫ | ૧૫.૧૦ |

---------

જૂનાગઢ જિલ્લામાં ટુકડીઓ મારફતે કૃષિ વીજ જોડાણોમાં વીજ ચેકીંગ

* ૧૮૭૩૨ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં તાલુકાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકાર દ્વારા કૃષિ વીજ જોડાણોમાં વીજ ચેકીંગ હાથ ધરી કેટલી રકમની વીજ ચોરી પકડી,

(૨) વીજ ચેકીંગ દરમિયાન કેટલા વીજ જોડાણો ચેક કર્યા અને તેમાં કેટલા જોડાણોમાં ગેરરીતિઓ પકડાઈ, અને

(૩) આ પૈકી કેટલા ખેડૂતો સામે શાં પગલાં ભરવામાં આવ્યા અને કેટલી રકમનો દંડ વસૂલ કરવામાં આવ્યો?

જવાબ

(૧), (૨) અને (૩) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં કૃષિ વીજ જોડાણોના ચેકીંગ હાથ ધરી ચેક કરવામાં આવેલ વીજજોડાણો, ગેરરીતીમાં પકડાયેલ વીજ જોડાણો, વીજ ચોરીના કેસોમાં આકારણી કરવામાં આવેલ રકમ અને તે પૈકી વસુલવામાં આવેલ રકમની તાલુકાવાર અને વર્ષવાર માહિતી સામેલ *પત્રક–અ મુજબ છે.

છેલ્લા બે વર્ષમાં વીજચોરીમાં પકડાયેલ કુલ ૫૩૯૨ કૃષિ વીજ ગ્રાહકો પૈકી ૪૦૧૩ કેસોમાં વીજ અધિનિયમ–૨૦૦૩ની કલમ–૧૨૬ અંતર્ગત નિયમાનુસાર પૂરવણી બિલ આપી રકમની વસુલાત કરવામાં આવેલ છે જ્યારે ૧૩૭૯ કેસોમાં કલમ–૧૩૫ અંતર્ગત પૂરવણી બિલ આપી રકમ વસુલ કરવામાં આવેલ છે. અને તે જ પૈકીના ૧૪૭ કેસોમાં પોલીસ ફરિયાદ પણ દાખલ કરવામાં આવેલ છે.

પત્રક–અ

વર્ષ : ૨૦૧૩

| તાલુકાનું નામ | ચેક કરવામાં આવેલ કૃષિ વીજ | ગેરરીતીનાં કેસોની સંખ્યા | વીજચોરીના કેસોમાં આકારવામાં આવેલ રકમ | વસુલવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|

| | જોડાણોની સંખ્યા | | (રૂ.લાખમાં) | |
|---|---|---|---|---|
| જુનાગઢ સીટી | ૦૦ | ૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| જુનાગઢ | ૧૯૧૭ | ૩૧૪ | ૪૮.૪૮ | ૪૨.૫૨ |
| ભેંસાણ | ૨૭૦૭ | ૨૩૯ | ૮૦.૮૫ | ૭૦.૧૭ |
| વિસાવદર | ૬૧૦૭ | ૭૮૯ | ૬૯.૪૫ | ૬૫.૩૨ |
| મેંદરડા | ૭૦૦ | ૧૫૨ | ૧૩.૦૯ | ૧૦.૨૬ |
| વંથલી | ૧૬૦૭ | ૧૫૨ | ૧૨.૫૮ | ૯.૮૫ |
| માણાવદર | ૧૨૭૮ | ૧૮૩ | ૧૧.૦૯ | ૮.૫૬ |
| કેશોદ | ૩૨૮૦ | ૩૧૪ | ૧૯.૨૭ | ૧૩.૩૬ |
| માળીયા | ૨૩૩૭ | ૪૨૧ | ૨૮.૮૬ | ૨૨.૧૬ |
| માંગરોળ | ૭૪૩ | ૨૭૯ | ૧૬.૭૨ | ૧૫.૦૩ |

વર્ષ : ૨૦૧૪

| તાલુકાનું નામ | ચેક કરવામાં આવેલ કૃષિ વીજ જોડાણોની સંખ્યા | ગેરરીતીનાં કેસોની સંખ્યા | વીજચોરીના કેસોમાં આકારવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | વસુલવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| જુનાગઢ સીટી | ૦૦ | ૦૦ | ૦૦.૦૦ | ૦૦.૦૦ |
| જુનાગઢ | ૧૧૮૪ | ૧૨૮ | ૨૯.૫૩ | ૨૦.૫૭ |
| ભેંસાણ | ૨૫૭૯ | ૬૯૬ | ૨૫.૩૮ | ૨૪.૨૫ |
| વિસાવદર | ૩૦૯૯ | ૪૭૪ | ૫૦.૮૪ | ૫૦.૧૨ |
| મેંદરડા | ૫૨૯ | ૧૨૭ | ૧૪.૨૫ | ૧૧.૮૭ |
| વંથલી | ૯૭૭ | ૧૮૮ | ૧૭.૫૭ | ૧૪.૩૩ |
| માણાવદર | ૮૦૮ | ૧૦૬ | ૧૦.૩૫ | ૭.૧૭ |
| કેશોદ | ૧૫૫૨ | ૨૯૧ | ૨૪.૮૦ | ૧૯.૯૨ |
| માળીયા | ૧૬૮૧ | ૨૮૭ | ૨૦.૦૪ | ૧૭.૭૩ |
| માંગરોળ | ૬૧૭ | ૨૫૨ | ૧૪.૮૦ | ૫.૯૩ |

---------

## વડોદરા જિલ્લામાં કાર્યરત વીજ સબ સ્ટેશનો

* ૧૭૩૬૯ શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ કુલ કેટલા વીજ સબ સ્ટેશનો કાર્યરત છે,

(૨) તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું,

(૩) તે પૈકી કેટલા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને

(૪) તે માટે કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ ૬૬ સબસ્ટેશનો કાર્યરત છે.

(૨) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં, વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન કુલ ૩ અને વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન કુલ ૧૧ નવીન વીજ સબસ્ટેશનો કાર્યન્વિત કરવાનું આયોજન હતું.

(૩) તે પૈકી આયોજન કરેલા તમામે તમામ નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

(૪) તે માટે કૂલ રૂ. ૧૨૫૦૯.૪૧ લાખનો ખર્ચ થયો.

ફાલ્ગુન ૨૯, ૧૯૩૬ શાકે
અતારાંકિત પ્રશ્નો

---------

પ્રવાસન વેગ આપવા જાહેરાત અને પ્રચાર પાછળનો ખર્ચ

* ૧૯૩૧૮ શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| રાજ્યમાં પ્રવાસનને વેગ આપવા તા. ૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જાહેરાત અને પ્રચાર પાછળ કરવામાં આવેલ ખર્ચ કેટલો? | રાજ્યમાં પ્રવાસનને વેગ આપવા તા. ૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જાહેરાત અને પ્રચાર પાછળ રૂપિયા ૭૬,૯૦,૧૩,૬૦૨/–નો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

તાપી જિલ્લામાં વિકાસશીલ તાલુકા હેઠળ સમાવિષ્ટ તાલુકાઓને ફાળવેલ રકમ

* ૧૭૩૮૮ શ્રી અજયકુમાર જે. ચોકસી(સુરત ઉત્તર) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તાપી જિલ્લામાં વિકાસશીલ તાલુકા હેઠળ સમાવિષ્ટ તાલુકાઓને તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન કેટલી રકમની ફાળવણી કરવામાં આવી, | (૧) તાપી જિલ્લામાં વિકાસશીલ તાલુકા હેઠળ સમાવિષ્ટ તાલુકાઓને તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન રૂ. ૫૪૭.૨૨ લાખની રકમ અને એટીવીટી યોજના હેઠળ રૂ. ૨૮૭.૦૦ લાખની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. આમ, બન્ને મળી કુલ રૂ. ૮૩૪.૨૨ લાખની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) વિકાસશીલ તાલુકા યોજના અને એટીવીટી યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન કુલ રૂ. ૨૦.૭૬ લાખની રકમનો ખર્ચ થયેલ છે. |
| (૩) આ ફાળવેલ ગ્રાંટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે? | (૩) વિકાસશીલ તાલુકા યોજના અને એટીવીટી યોજના હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન કુલ ૧૬૧ કામો મંજૂર થયેલ છે જે પૈકી ૨૧ કામો પ્રગતિમાં છે પરંતુ પૂર્ણ થયેલ નથી. |

---------

પોરબંદર જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

* ૧૭૩૨૪ ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં પોરબંદર જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ. ૯૩.૬૦ કરોડ. |
| (૨) પોરબંદર જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઇ છે ? | (૨) (૧) સીમેન્ટ<br>(૨) વર્કસ કોન્ટ્રાકટ<br>(૩) મીનરલ્સ<br>(૪) એબ્રેસીવ<br>(૫) ટુ વ્હીલર. |

---------

ડાંગ જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ

* ૧૭૩૮૨ શ્રી મુકેશભાઈ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન વિવેકાધીન જોગવાઈ હેઠળ ડાંગ જિલ્લાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) રૂ. ૫૬૭.૭૬ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન | (૨) રૂ. ૬.૭૨ લાખનો ખર્ચ થયેલ છે. |

વિવેકાધીન જોગવાઈ સામે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે?

(૩) વિવેકાધીન જોગવાઈ સામે ૧૪૦ કામો મંજુર થયેલ છે અને ૫ કામો પૂર્ણ થયેલ છે.

---------

રાજ્યમાં કર્મચારીઓની વય નિવૃત્તિ મર્યાદા વધારવા બાબત

* ૧૬૬૨૪ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યમાં કર્મચારીઓની વયનિવૃત્તિ મર્યાદા વધારવા બાબતે સરકાર દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી, | (૧) વિભાગને મળેલ વિવિધ રજુઆતો પરત્વે વિચારણા કરવામાં આવેલ છે. |
| (૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં કેટલી, કોના તરફથી રજુઆત/માંગણીઓ મળી, અને | (૨) નાણા વિભાગને કર્મચારી મંડળ અને અન્ય તરફથી જુદી જુદી ૧૩ રજુઆતો મળેલ છે. |
| (૩) સરકારી કચેરીઓમાં વ્યાપક ખાલી જગ્યાઓને ધ્યાને લઈ સરકાર વયનિવૃત્તિ મર્યાદા વધારવા માંગે છે કે કેમ? | (૩) સરકારી અધિકારી/કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા વધારવા બાબતે વિવિધ પાસાઓ ધ્યાને લઈ યોગ્ય સમયે આ બાબત વિચારણા કરવાની રહે છે. |

---------

અમદાવાદ જિલ્લામાં કાર્યરત વીજ સબસ્ટેશનો

* ૧૭૩૩૨ શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમદાવાદ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલા વીજ સબ સ્ટેશનો કાર્યરત છે, | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કુલ ૫૭ વીજ સબસ્ટેશનો કાર્યરત છે. |
| (૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું, | (૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં, વર્ષ ૨૦૧૨–૧૩ દરમ્યાન પાંચ અને વર્ષ ૨૦૧૩–૧૪ દરમ્યાન છ નવીન વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવાનું આયોજન હતું. |
| (૩) તે પૈકી કેટલા નવા વીજ સબ સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૩) તે પૈકી આયોજન કરેલા તમામે તમામ નવીન વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા. |
| (૪) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૪) તે માટે કુલ રૂ.૯૬૬૦.૧૧ લાખનો ખર્ચ થયો. |

---------

પોરબંદર બીચના વિકાસ માટેની કાર્યવાહી

* ૧૭૩૯૧ શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા(રાજકોટ–ગ્રામ્ય) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પોરબંદર બીચના વિકાસ માટે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે, | (૧) પોરબંદર બીચના વિકાસ માટે તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આર્કિટેકટ તેમજ કોન્ટ્રાકટરની નિમણૂંક કરવામાં આવેલ છે. બીચ ડેવલોપમેન્ટ અને વોટર સ્પોર્ટસના વિકાસ માટે જિલ્લા કલેકટરશ્રી પોરબંદરને રૂપિયા ૧૫૦.૦૦ લાખની રકમ ફાળવવામાં આવેલ છે. |
| (૨) આ સ્થળે પ્રવાસીઓ માટે કઈ સવલતો ઉભી કરવામાં આવેલ છે, અને | (૨) દરિયા કિનારે આવેલ હાથી મેદાન ખાતે પાર્કીંગની સુવિધા ઉભી કરવામાં આવેલ છે. |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાર્કીંગ એરીયામાં પેવર બ્લોક ફલોરીંગ, લેન્ડ સ્કેપીંગ તથા પાથ–વે માટે રૂપિયા ૭૨.૬૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

ફાલ્ગુન ૨૯, ૧૯૩૬ શાકે
અતારાંકિત પ્રશ્નો

## અમદાવાદ અને મહેસાણા ગામોમાં પાઈપલાઈન દ્વારા ઘરે ગેસ આપવા બાબત

* ૧૮૬૯૬ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ અમદાવાદ અને મહેસાણા જિલ્લાઓના ગામોમાં પાઈપલાઈન દ્વારા ઘરે ગેસ આપવામાં આવે છે તેના પર રાજ્ય સરકાર કેટલો વેટ વસૂલે છે, | (૧) ૧૨.૫ % + ૨.૫ % વધારાનો વેરો. |
| (૨) ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉપરોકત બંને જિલ્લાઓમાં વર્ષવાર વેટની કેટલી આવક થઈ ? | (૨) |

(રકમ રૂ.કરોડમાં)

| વર્ષ | અમદાવાદ | મહેસાણા |
|---|---|---|
| તા.૧–૨–૨૦૧૩ થી તા.૩૧–૧–૨૦૧૪ | ૩.૯૧ | ૧.૮૨ |
| તા.૧–૨–૨૦૧૪ થી તા.૩૧–૧–૨૦૧૫ | ૪.૨૩ | ૧.૯૯ |

---------

## અમદાવાદ શહેરમાં બી.એસ.યુ.પી. યોજનામાં આવાસની ફાળવણી

* ૧૭૩૯૮ શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન બી.એસ.યુ.પી. (બેઝીક સર્વિસીસ ફોર અર્બન પુઅર) યોજના અંતર્ગત અમદાવાદ શહેરમાં કુલ કેટલા આવાસની ફાળવણી કરવામાં આવેલ છે ? | કુલ ૧૪૪૫૨ આવાસની ફાળવણી કરવામાં આવેલ છે. |

---------

## ગાંધીનગર જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ

* ૧૭૩૮૪ શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર–દક્ષિણ) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન વિવેકાધીન જોગવાઈ હેઠળ ગાંધીનગર જિલ્લાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) રૂ.૬૪૧.૨૫ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન વિવેકાધીન જોગવાઈ સામે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) રૂ.૫૫૭.૬૨ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ? | (૩) વિવેકાધીન જોગવાઈ સામે કુલ–૩૬૮ કામો મંજૂર થયેલ છે અને ૧૮૦ કામો પૂર્ણ થયેલ છે. |

---------

## અરવલ્લી જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

* ૧૭૩૨૬ શ્રી વલ્લભભાઇ ગો. કાકડીયા(ઠક્કરબાપાનગર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અરવલ્લી જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને | (૧) રૂ.૩૧.૪૦ કરોડ. |
| (૨) અરવલ્લી જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે ? | (૨) ૧. ગ્રીટ–કપચી મેટલ (બ્લેક સ્ટ્રેપ).<br>૨. ઓઈલ સીડસ.<br>૩. પેટ્રોલ/ડીઝલ. |

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

૪. એકસપ્લોઝીવ.
૫. ઈલેક્ટ્રોનિકસ.

---------

સાબરકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની અરજીઓ

* ૧૭૩૭૮ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સાબરકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

જવાબ

(૧) અને (૨) : માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓ અને તે પૈકી મંજૂર થયેલ અરજીઓ.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧-૧-૧૩ થી તા.૩૧-૧૨-૧૩ સુધી | | તા.૧-૧-૧૪ થી તા.૩૧-૧૨-૧૪ સુધી | |
|---|---|---|---|---|---|
| | | આવેલ અરજીઓ | મંજૂર અરજીઓ | આવેલ અરજીઓ | મંજૂર અરજીઓ |
| ૧ | હિંમતનગર | ૩૦૫ | ૨૮૩ | ૬૧૪ | ૩૪૫ |
| ૨ | ઈડર | ૧૨૬ | ૧૦૭ | ૨૨૮ | ૧૫૩ |
| ૩ | વડાલી | ૬૨ | ૫૪ | ૧૧૮ | ૫૦ |
| ૪ | ખેડબ્રહ્મા | ૬૨૪ | ૫૯૬ | ૪૨૫ | ૩૨૧ |
| ૫ | વિજયનગર | ૩૦૨ | ૨૮૩ | ૨૧૨ | ૧૪૫ |
| ૬ | પ્રાંતિજ | ૮૬ | ૭૩ | ૧૫૩ | ૧૦૦ |
| ૭ | તલોદ | ૨૦૩ | ૧૮૭ | ૨૦૫ | ૧૨૦ |
| ૮ | પોશીના | ૦ | ૦ | ૪૨૫ | ૩૬૬ |

(૩) ક્યા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

(૩) વર્ષ-૨૦૧૩ માં પત્રક-૧ મુજબ અને વર્ષ-૨૦૧૪ માં પત્રક-૨ મુજબ ટૂલકીટ મંજૂર કરવામાં આવી.

પ ત્ર ક - ૧

| ક્રમ | ટુલકીટનો પ્રકાર | સંખ્યા |
|---|---|---|
| ૧ | દરજી કામ/સીવણ કામ/ભરત કામ | ૨૨૧ |
| ૨ | બ્યુટીપાર્લર | ૧૧ |
| ૩ | પાપડ ઉદ્યોગ | ૧૨૧ |
| ૪ | હાથ બનાવટની વેફર/સાબુદાણા/ચિક્કી | ૧૯ |
| ૫ | શાકભાજી ફળ વેચનાર | ૧૩૨ |
| ૬ | હાથ લારીમાં વિવિધ પ્રકારની ફેરી દ્વારા સ્વરોજગાર | ૪૯ |
| ૭ | મીઠું/ગોળ/કરીયાણા વેચનાર | ૬ |
| ૮ | ઈંડાની લારી | ૨ |
| ૯ | મસાલા યુનિટ | ૧૧ |
| ૧૦ | સાયકલ દ્વારા વિવિધ ફેરી દ્વારા સ્વરોજગાર | ૮૩ |
| ૧૧ | માછલી પકડવી | ૨ |
| ૧૨ | સાયકલ દ્વારા મરીમસાલાની ફેરી | ૧ |
| ૧૩ | સાયકલ રીપેરીંગ | ૪ |
| ૧૪ | વાયરમેન | ૬ |
| ૧૫ | કડીયા કામ | ૧૮૫ |
| ૧૬ | પેઈન્ટીંગ/રંગકામ/સાઈનબોર્ડ | ૧ |
| ૧૭ | ફીટર | ૧ |
| ૧૮ | ટાયર ટયુબ વલ્કેનાઈઝીંગ અને પંચર કીટ | ૨ |
| ૧૯ | ચા ના સાધનો | ૬૯ |
| ૨૦ | દૂધ-દહીં વેચાણ | ૨૬૮ |

| | | |
|---|---|---|
| ૨૧ | અલ્પાહાર વેચાણ | ૧૬ |
| ૨૨ | કેટરર્સ (રસોઈ કામ) | ૩૦૧ |
| ૨૩ | ફરસાણ વેચાણ | ૯ |
| ૨૪ | વાળંદ કામ | ૨ |
| ૨૫ | ઢોલ ત્રાંસાનો સાધનો | ૨ |
| ૨૬ | લુહારી કામ | ૨ |
| ૨૭ | સુથારી કામ | ૫૨ |
| ૨૮ | કુંભારી કામ | ૩ |
| ૨૯ | કેટરીંગ એન્ડ હાઉસ કીપીંગ | ૧ |
| ૩૦ | કોમ્પ્યુટર રીપેરીંગ | ૧ |
| | કુલ | ૧૫૮૩ |

પ ત્ર ક – ૨

| ક્રમ | ટુલકીટનો પ્રકાર | સંખ્યા |
|---|---|---|
| ૧ | દરજી કામ/સીવણ કામ/ભરત કામ | ૧૫૯ |
| ૨ | બ્યુટીપાર્લર | ૧૧ |
| ૩ | પાપડ ઉદ્યોગ | ૧૪૩ |
| ૪ | શાકભાજી ફળ વેચનાર | ૧૩૮ |
| ૫ | હાથ લારીમાં વિવિધ પ્રકારની ફેરી દ્વારા સ્વરોજગાર | ૨૧ |
| ૬ | મીઠું/ગોળ/કરીયાણા વેચનાર | ૫ |
| ૭ | ઈંડાની લારી | ૩ |
| ૮ | મસાલા યુનિટ | ૮ |
| ૯ | સાયકલ દ્વારા વિવિધ ફેરી દ્વારા સ્વરોજગાર | ૫૦ |
| ૧૦ | સાયકલ દ્વારા મરીમસાલાની ફેરી | ૧ |
| ૧૧ | સાયકલ રીપેરીંગ | ૧ |
| ૧૨ | વાયરમેન | ૧૨ |
| ૧૩ | પ્લમ્બીંગ કામ | ૧ |
| ૧૪ | કડીયાકામ | ૧૧૫ |
| ૧૫ | પેઈન્ટીંગ/રંગકામ/સાઈનબોર્ડ | ૨ |
| ૧૬ | ટાયર ટયુબ વલ્કેનાઈઝીંગ અને પંચર કીટ | ૪ |
| ૧૭ | ચા ના સાધનો | ૧૧૪ |
| ૧૮ | દૂધ–દહીં વેચાણ | ૨૭૯ |
| ૧૯ | ઠંડાપીણા વેચાણ | ૧ |
| ૨૦ | અલ્પાહાર વેચાણ | ૮ |
| ૨૧ | કેટરર્સ (રસોઈ કામ) | ૨૮૬ |
| ૨૨ | ફરસાણ વેચાણ | ૫ |
| ૨૩ | વાળંદ કામ | ૧ |
| ૨૪ | ભવાઈનો ધંધો | ૨ |
| ૨૫ | ઢોલ ત્રાંસાનો સાધનો | ૧ |
| ૨૬ | સુથારી કામ | ૩૧ |
| ૨૭ | સ્ટીલ ફેબ્રીકેશન/વેલ્ડીંગ કામ | ૧ |
| ૨૮ | કેટરીંગ એન્ડ હાઉસ કીપીંગ | ૧૯૬ |
| ૨૯ | ગેસ વેલ્ડિંગ | ૧ |
| | કુલ | ૧૬૦૦ |

---------

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

અમરેલી જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

* ૧૭૩૨૨ શ્રી વલ્લભભાઇ વ. વઘાસીયા(સાવરકુંડલા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અમરેલી જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને | (૧) ૩.૪૨૫.૪૦ કરોડ. |
| (૨) અમરેલી જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે ? | (૨) ૧. સિમેન્ટ.<br>૨. કોટન.<br>૩. ઓટોમોબાઈલ.<br>૪. પેટ્રોલ/ડીઝલ.<br>૫. એડીબલ ઓઈલ. |

---------

નર્મદા જિલ્લામાં વાણિજિયક વેરાની આવક

* ૧૭૩૨૦ શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં નર્મદા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજિયક વેરાની કેટલી આવક મળી, અને | (૧) ૩.૮.૭૯ કરોડ. |
| (૨) નર્મદા જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઈ છે ? | (૨) ૧. સુગરકેન/મોલાસીસ.<br>૨. પેટ્રોલ/ડીઝલ.<br>૩. કપચી/મેટલ.<br>૪. કરીયાણા (તેલ, સુકો મેવો તથા અન્ય વેરાપાત્ર ચીજવસ્તુ).<br>૫. કુટવેર. |

---------

સરસ્વતી અને સિધ્ધપુર તાલુકામાં એટીવીટી યોજના

* ૧૭૮૪૦ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ સરસ્વતી અને સિધ્ધપુર તાલુકામાં એટીવીટી યોજના અન્વયે છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર તાલુકાના વિકાસ કરવા માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૧) વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | તાલુકો | ફાળવેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૨૦૧૩–૧૪ | સરસ્વતી | તાલુકો અસ્તિત્વમાં આવેલ ન હતો |
| | સિધ્ધપુર | ૧૭૫.૦૦ લાખ |
| ૨૦૧૪– | સરસ્વતી | ૧૩૭.૭૮ લાખ |

(૨) તે અન્વયે વિકાસના કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા કામો પ્રગતિમાં છે ?

(૨) વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | તાલુકો | પૂર્ણ થયેલ કામો | પ્રગતિ હેઠળના કામો |
|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | સરસ્વતી | તાલુકો અસ્તિત્વમાં આવેલ ન હતો | |
| | સિધ્ધપુર | ૯૧ | – |
| ૨૦૧૪–૧૫ | સરસ્વતી | – | – |

---------

રાજ્યનું જાહેર દેવું

* ૧૭૨૮૯ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૩–૨૦૧૪ અને ૩૧–૧–૧૫ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે,

(૧)

| નાણાકીય વર્ષ | કુલ જાહેર દેવું |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ.૧૩૬૩૬૭ કરોડ |
| ૨૦૧૩–૧૪ ના સુધારેલ અંદાજ મુજબ | રૂ.૧૫૦૧૫૩ કરોડ |

(૨) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ જાહેર દેવામાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમનો વધારો થયો, અને

(૨)

| નાણાકીય વર્ષ | વર્ષવાર ચોખ્ખો વધારો |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ.૧૨૯૬૧ કરોડ |
| ૨૦૧૩–૧૪ ના સુધારેલ અંદાજ મુજબ | રૂ.૧૩૭૮૬ કરોડ |

(૩) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ દેવાના વ્યાજ પાછળ ચૂકવવામાં આવી અને જાહેર દેવું ઘટાડવા રાજ્ય સરકારે કેવા પ્રકારના પગલાંઓ લીધા ?

(૩)

| નાણાકીય વર્ષ | ચુકવેલ વ્યાજ |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ.૧૦૮૮૩ કરોડ |
| ૨૦૧૩–૧૪ ના સુધારેલ અંદાજ મુજબ | રૂ.૧૧૯૮૯ કરોડ |

રાજવિત્તીય શિસ્તનું પાલન અને તે અન્વયે દેવું, રાજ્યના વિકાસ માટે મૂડી ખર્ચની જરૂરિયાત પ્રમાણે અને કેન્દ્ર સરકાર દ્વારા નક્કી કરેલ મર્યાદાની અંદર લેવામાં આવે છે.

----------

સાગરકાંઠા જિલ્લામાં ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે કાર્યાન્વિત નવા સબસ્ટેશનો

* ૧૭૩૫૭ ડૉ. નીમાબેન આર્ચાય (ભુજ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ સાગરકાંઠા જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે તે માટે કેટલા નવા સબ–સ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા, અને | (૧) રાજ્ય સરકારની ''સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના'' અતર્ગત સાગર કીનારાનાં જિલ્લાઓમાં નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં ૧૩ સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા અને નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫માં ૧૬ સબસ્ટેશન પૈકી ૩૧–૧૨–૨૦૧૪ અંતિત ૨ (બે) સબસ્ટેશન કાર્યાન્વિત કરવામાં આવ્યા છે, જ્યારે બાકીના સબસ્ટેશનના કામો પ્રગતિમાં છે. |
| (૨) તે માટે કેટલો ખર્ચ થયો? | (૨) આ કામગીરી માટે નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪માં રૂ. ૧૮૦.૦૦ કરોડનો ખર્ચ થયો જ્યારે ૨૦૧૪–૧૫માં (ડિસેમ્બર–૨૦૧૪ સુધીમાં) રૂ. ૧૫૧.૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો. |

---------

અમરેલી જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ

* ૧૭૩૮૬ શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન વિવેકાધીન જોગવાઇ હેઠળ અમરેલી જિલ્લાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, | (૧) કુલ રૂ. ૧૩૨૯.૨૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| (૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન વિવેકાધિન જોગવાઈ સામે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે,અને | (૨) રૂ. ૭૪૭.૩૬ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજુર થયેલ | (૩) વિવેકાધિન જોગવાઈ સામે કુલ ૫૫૫ કામો મંજૂર |

છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે?

થયેલ છે અને ૨૭૧ કામો પૂર્ણ થયેલ છે.

---------

સાણંદ અને બાવળા તાલુકામાં કુટીર ઉદ્યોગ માટે લોન મેળવવાની અરજીઓ

* ૧૮૨૯૬ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં સાણંદ અને બાવળા તાલુકામાં તાલુકાવાર કુટીર ઉદ્યોગ માટે કેટલી અરજીઓ લોન મેળવવા માટે આવેલ,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજૂર કરી લોન ચુકવવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે, આવી પડતર અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં સાણંદ અને બાવળા તાલુકામાં તાલુકાવાર કુટીર ઉદ્યોગ માટે લોન મેળવવા માટે નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| વર્ષ | બાવળા | સાણંદ |
|---|---|---|
| તા. ૧-૧-૧૩ થી ૩૧-૧૨-૧૩ | ૧૬૫ | ૧૨૭ |
| તા.૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ | ૧૪૮ | ૧૦૩ |
| કુલ | ૩૧૩ | ૨૩૦ |

(૨) તે અન્વયે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ ૩૮૫ અરજીઓને બેંક ખાતે ભલામણ કરવામાં આવી તે પૈકી બેંક કક્ષાએ ૨૪૦ અરજીઓને મંજુર કરી લોન ચુકવવામાં આવી.

(૩) તા. ૩૧-૧૨-૨૦૧૪ અંતિત નીચે મુજબ અરજીઓ પડતર રહેલ છે.

| જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર રહેલ અરજીઓની સંખ્યા | બેંક કક્ષાએ પડતર રહેલ અરજીઓની સંખ્યા |
|---|---|
| ૨૮ | ૧૦૯ |

હાલની સ્થિતિએ ઉક્ત પડતર અરજીઓનો નિકાલ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ સમય મર્યાદામાં કરવામાં આવેલ છે જ્યારે અરજદારો તરફથી જરૂરી પુર્તતા થયેથી બેંક કક્ષાએ નિકાલ કરવામાં આવે છે.

---------

નર્મદા કેનાલ પર સૂર્ય શકિતથી વીજ ઉત્પાદન મેળવવા પ્રોજેક્ટ કાર્યાન્વિત

* ૧૭૩૬૭ શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા નર્મદા કેનાલ ઉપર સૂર્ય શકિતથી વીજ ઉત્પાદન મેળવવા માટે નર્મદા બ્રાન્ચ કેનાલ ઉપર કોઈ પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો તેની વિગતો શી છે ?

જવાબ

(૧) હા.

(૨) રાજ્ય સરકાર હસ્તકના સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ દ્વારા વડોદરા ખાતેની નર્મદા બ્રાન્ચ કેનાલ પર ૧૦ મે. વો. સોલાર પાવર પ્રોજેક્ટ તા. ૨૩-૧૧-૨૦૧૪ ના રોજ કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

---------

ભાવનગર જિલ્લામાં કૃષિ વિષયક વીજ બિલમાં રાહત આપવા બાબત

* ૧૭૩૭૧ શ્રીમતી વિભાવરીબેન વિ. દવે(ભાવનગર-પૂર્વ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્ય સરકાર દ્વારા ભાવનગર જિલ્લાના કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને વીજ બિલમાં કોઈ રાહત આપવામાં આવે છે કે કેમ, અને

જવાબ

(૧) નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજુર થયેલ કૃષિ વિષયક વીજદરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં આવતો નથી. પરંતુ આયોગ દ્વારા નક્કી કરેલ વીજ

દરો કરતા ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે અને આ નિર્ણયના અમલીકરણ માટે રાજ્ય સરકાર ખેડૂતો વતી તફાવતની રકમ વીજ કંપનીઓને સબસિડીના સ્વરૂપે ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદનમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડુતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની તફાવતની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને સબસિડીના સ્વરૂપે ચૂકવે છે.

આ ઉપરાંત તા.૯-૨-૨૦૧૫ના ઠરાવથી રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને કૃષિ વિષયક વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટે તેમના વીજબિલની ૫૦% રકમ રાહત તરીકે આપવાનું ઠરાવેલ છે.

(૨) જો હા તો તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા ભાવનગર જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે કેટલી સબસિડી આપવામાં આવી?

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ભાવનગર જિલ્લાનાં ખેડૂતોને વીજ બિલમાં આપવામાં આવેલ સબસિડી અંગેની વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક

(રૂ. કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (ડિસેમ્બર સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૨૭.૮૧ | ૧૯.૩૨ |
| ૨ | જીઈઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૧૯.૧૫ | ૭.૯૧ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૩૨.૬૯ | ૨૬.૩૫ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બિલમાં ૫૦% રાહત | - | ૧૦.૩૪ |
|  | કુલઃ- | ૭૯.૬૫ | ૬૩.૯૨ |

---------

## રાજ્યમાં નવીન વીજ પ્લાન્ટ કાર્યાન્વિત કરવા

* ૧૭૩૬૫ શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદક કંપની દ્વારા છેલ્લા બે વર્ષમાં કોઈ નવીન વીજ પ્લાન્ટ કાર્યાન્વિત કરવામાં આવ્યો છે કે કેમ,

(૨) જો હા, તો તેની વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે, અને

જવાબ

(૧) અને (૨) : તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપનીઓ દ્વારા છેલ્લા બે વર્ષમાં વીજ ઉત્પાદન ક્ષમતામાં થયેલ વધારાની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | વીજ એકમનું નામ | ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) | થયેલ વધારાની તારીખ |
|---|---|---|---|
| ૧ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન યુનિટ-૬ (ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન લિમિટેડ) | ૫૦૦ | ૦૮-૦૬-૨૦૧૩ |
| ૨ | જી.પી.પી.સી.- પીપાવાવ યુનિટ-૧ અને ૨ (જીએસપીસી | ૭૦૨ | ૦૧-૦૭-૨૦૧૪ |

| | | | |
|---|---|---|---|
| | – પીપાવાવ પાવર કંપની લિમિટેડ) | | |

(૩) તે પ્લાન્ટ કાર્યાન્વિત કરવા માટે કુલ કેટલો ખર્ચ થયો?

(૩) વીજ મથકને કાર્યાન્વિત કરવા માટે થયેલ અંદાજીત ખર્ચની વિગતો નીચે મુજબ છે.

| અ. નં. | વીજ એકમનું નામ | ઉત્પાદન ક્ષમતા (મેગાવોટ) | થયેલ અંદાજીત ખર્ચ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ઉકાઈ થર્મલ પાવર સ્ટેશન યુનિટ–૬ | ૫૦૦ | ૩૦૧૩ |
| ૨ | જી.પી.પી.સી.– પીપાવાવ યુનિટ–૧ અને ૨ | ૭૦૨ | ૩૦૨૯ |

---------

ભાવનગર જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વાયર બદલવાની કામગીરી

* ૧૭૩૬૨ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠામાં થતાં વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની કામગીરી હેઠળ ભાવનગર જિલ્લામાં કેટલો વાયર બદલવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) ભાવનગર જિલ્લામાં વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા ''સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના'' અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪માં રૂ. ૨૩.૭૫ લાખના ખર્ચે ૬૯ કી.મી. અને વર્ષ ૨૦૧૪–૧૫ માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રૂ. ૩૭.૮૭ લાખના ખર્ચે ૧૦૮ કી.મી. આમ કુલ ૬૧.૬૨ લાખના ખર્ચે ૧૭૭ કી.મી. જર્જરીત વીજ વાયર બદલવામાં આવ્યો.

---------

મહીસાગર જિલ્લાના પેટા વિભાગ કચેરીઓ નવી બનાવવા માટેની માંગણીઓ

* ૧૮૬૪૫ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લાના પેટા વિભાગ કચેરીઓ નવી બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં કોઈ માંગણી કે દરખાસ્તો મળેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો કેટલી માંગણી કે દરખાસ્તો મળી અને મળેલ માંગણી કે રજુઆતો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી.

જવાબ

(૧) અને (૨)

કોઈ માંગણી સરકારને મળેલ નથી. પરંતુ સબડીવીઝનમાં સમાવિષ્ટ વીજ વિતરણ વિસ્તાર વીજ ગ્રાહકોની સંખ્યા, વીજ ગ્રાહકોની અનુકૂળતા અને સરળતાના પરિપ્રેક્ષ્યમાં ભૌગોલિક પરિસ્થિતિ જેવા માપદંડોને અનુલક્ષીને જે તે સબડીવીઝનનાં વિભાજનની વિચારણા કરવામાં આવતી હોય છે. તદઅનુસાર મહિસાગર જિલ્લા સ્થિત સંતરામપુર–૧ અને લુણાવાડા–૨ પેટા વિભાગીય કચેરીઓના વિભાજન માટે તાંત્રિક આર્થિક, ભૌગોલિક અને વહીવટી પાસાઓની ચકાસણી હાલ મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ચાલી રહી છે.

---------

પાટણ જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

* ૧૭૩૧૮ શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં પાટણ જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૨) પાટણ જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ?

જવાબ

(૧) રૂ.૮૦.૪૨ કરોડ.

(૨) (૧) ઓઈલ એન્ડ ઓઈલ સીડ્સ.
(૨) કોટન જીનીંગ.

(૩) ઓટોમોબાઈલ્સ.
(૪) ઈસબગુલ.
(૫) પેટ્રોલ–ડીઝલ.

---------

અમરેલી અને રાજકોટ જિલ્લામાં કૃષિ જણસો ઉપર વેટ વસુલવા બાબત

* ૧૭૪૫૩ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કૃષિ જણસોનાં વેચાણ પેટે છેલ્લા બે વર્ષમાં અમરેલી અને રાજકોટ જિલ્લામાંથી વેટની કેટલી રકમની વસુલાત કરવામાં આવેલ છે ?

જવાબ

| જિલ્લાનું નામ | વસુલ કરેલ રકમ |
|---|---|
| અમરેલી | રૂ.૫૫.૯૬ કરોડ. |
| રાજકોટ | રૂ.૩૦૦.૦૩ કરોડ. |

---------

રાજ્યે બજારમાંથી લીધેલ લોન

* ૧૯૦૪૮ શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારે બજારમાંથી કેટલી લોન લીધી, અને

(૨) તેનો વ્યાજ દર શું છે ?

જવાબ

(૧)

| નાણાકીય વર્ષ | જાહેર બજારમાંથી કુલ મેળવેલ લોન |
|---|---|
| ૨૦૧૨–૧૩ | રૂ.૧૫૫૪૬.૨૫ કરોડ |
| ૨૦૧૩–૧૪ | રૂ.૧૫૪૯૨.૫૫ કરોડ |

(૨)

| નાણાકીય વર્ષ | વ્યાજનો દર (ટકામાં) |
|---|---|
| ૨૦૧૨–૧૩ | ૮.૫૮ થી ૯.૧૩ સુધીની |
| ૨૦૧૩–૧૪ | ૭.૭૭ થી ૯.૭૫ સુધીની |

---------

રાજ્યમાં વેપારી વર્ગની સુવિધા માટે પધ્ધતિ અમલમાં મુકવા બાબત

* ૧૮૪૯૩ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં વાણિજિયકવેરા વિભાગમાં વેપારીવર્ગની સુવિધા માટે આધુનિકરણ તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજીની કોઈ પધ્ધતિ અમલમાં મુકવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો આ પધ્ધતિની વિગતો શી છે ?

જવાબ

(૧) હા.

(૨) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં વાણિજિયક વેરા વિભાગમાં વેપારીવર્ગની સુવિધા માટે આધુનિકરણ તથા ઇમ્ફોર્મેશન ટેકનોલોજીની અમલમાં મુકવામાં આવેલ પધ્ધતિની વિગતો નીચે પ્રમાણે છે.

સેન્ટ્રલાઈઝડ આર્કીટેકચર

ઓન લાઈન ઈ–સર્વીસીસની કામગીરીમાં ઝડપ અને માહિતીની સુરક્ષામાં વધારો કરવા આઈ.ટી.ઈન્ફાસ્ટ્રકચર ઉભું કરી સેન્ટ્રલાઈઝડ આર્કીટેકચરની કામગીરી પૂર્ણ કરેલ છે.

વીજીલન્સ કોર્નર

વાણિજિયક વેરા ખાતા સંબંધિત અનિયમિતતા, ગેરરીતીઓ તથા ભ્રષ્ટાચાર સંબંધિત ફરીયાદ વેપારી કે જાહેર જનતા Online કરી શકે તે માટે આયુકતશ્રીની સીધી દેખરેખ હેઠળ ખાતાની વેબસાઈટ પર વીજીલન્સ કોર્નર Live કરી તેનો સમયસર નિકાલ કરવામાં આવે છે.

ઓન લાઈન ફોર્મ ૪૦૨,૪૦૩,૪૦૫ (ટ્રાન્ઝીટ પાસ)

રાજ્ય બહાર જતા માલ તથા રાજ્યની અંદર થતા માલના પરિવહન માટે ફોર્મ–૪૦૨ તથા રાજ્યમાં આવતા માલ માટે ફોર્મ–૪૦૩ તથા રાજ્ય બહારના કોઈપણ સ્થળેથી રાજ્યમાં

પ્રવેશી રાજ્ય બહાર કોઈપણ સ્થળે જતાં માલના વહન માટે નિયત કરેલ ફોર્મ–૪૦૫ (ટ્રાન્ઝીટ પાસ) તમામ વેપારી વર્ગ માટે તા.૨૨–૧૨–૨૦૧૪ના રોજથી ફરજીયાત ઓનલાઈન ફોર્મની પધ્ધતિ અમલી બનાવેલ છે.

બલ્ક અપલોડ ફોર્મ ૪૦૨/૪૦૩

ફોર્મ–૪૦૨ તથા ફોર્મ–૪૦૩ ખાતાની વેબસાઈટ મારફત અપલોડ કરવા તથા એક સાથે વધુ વાહનો દ્વારા માલની હેરફેર કરતી કંપનીઓની સુવિધા માટે એક સાથે ૧૨૫ સંખ્યામાં તે અપલોડ કરી શકાય તેવી સુવિધા અમલમાં મુકવામાં આવેલ છે.

ઓડિટ રીપોર્ટ (ફોર્મ–૨૧૭)

વેપારીએ Audit Report ફાઈલ કરવા માટે Macro Based Excel Report માં નાણાકીય વર્ષ દરમ્યાન કરેલ સંપૂર્ણ વ્યવહારો સ્કેન કોપી અને સોફ્ટ કોપીમાં ભરી ખાતાની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની પદ્ધતિ હવે ઓનલાઈન ફરજીયાત કરવામાં આવેલ છે.

પાસવર્ડ અનલોક/રીસેટ

વેપારીઓને ઈ–સેવાઓ વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવા માટે પાસવર્ડ ફાળવવામાં આવે છે. તથા એક વખત સીક્યુરીટી પ્રોફાઈલ સેટ કર્યા બાદ વેપારી પોતાનો પાસવર્ડ જાતે ઓનલાઈન રીસેટ કરી શકે છે.

એફ.એ.ક્યુ. (ફ્રીકવન્ટલી આસ્ક કવેશ્ચન્સ)

વેપારી વર્ગની રોજબરોજની મુશ્કેલીઓ નિવારવા માટે રોજબરોજ વપરાતી ઈ–સેવાઓને લગતા પ્રશ્નો અલગ તારવી તેની સમજ આપવા માટે એફ.એ.ક્યુ (ફ્રીકવન્ટલી આસ્ક કવેશ્ચન્સ) ની સુવિધા વિકસાવવામાં આવેલ છે.

---------

## વણાકબોરી ખાતે સુપર ક્રિટીકલ પાવર પ્રોજેક્ટ

* ૧૭૩૬૩ શ્રી રોહિત પટેલ (આણંદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વણાકબોરી ખાતે સ્થપાનાર રાજ્યના સૌ પ્રથમ ''સુપર ક્રિટીકલ'' પાવર પ્રોજેક્ટની વિશેષતા શું છે, અને | (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લિ., દ્વારા વણાકબોરી ખાતે સૌ પ્રથમ ''સુપર ક્રિટીકલ'' પાવર પ્રોજેક્ટ સ્થપાનાર છે. આ પ્રોજેક્ટની વિશેષતા નીચે મુજબ છે.<br>– ઓછો ઉષ્ણતાદર<br>– નિમ્ન બળતણ વપરાશ<br>– મેગાવોટ દીઠ માળખાકીય સુવિધા માટે નિમ્ન રોકાણ<br>– નિમ્ન નિષ્કાસન<br>– નિમ્ન આનુષંગિક વીજ વપરાશ<br>– નિમ્ન જળ વપરાશ |
| (૨) તેની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા કેટલી છે ? | (૨) તેની સ્થાપિત વીજ ઉત્પાદન ક્ષમતા ૮૦૦ મેગાવોટ છે. |

---------

## મહેસાણા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણો

* ૧૭૩૩૮ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લાં બે નાણાકીય વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર | (૧) અને (૨) : મહેસાણા જિલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે |

વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

નાણાકીય વર્ષમાં એટલે કે ૨૦૧૩–૧૪ માં રૂ.૨૧૧.૪૨ લાખના ખર્ચે ૩૫૮૧ લાભાર્થીઓને અને વર્ષ ૨૦૧૪–૧૫ માં ડીસે.૨૦૧૪ના અંતે રૂ.૧૮૪.૯૪ લાખના ખર્ચે ૨૫૦૯ લાભાર્થીઓને આમ, કુલ રૂ.૩૯૬.૩૬ લાખના ખર્ચે ૬૦૯૦ લાભાર્થીઓને ગૃહ વપરાશ વીજજોડાણ આપવામાં આવ્યા.

---------

રાજકોટ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણો

* ૧૭૩૩૭ શ્રી બાવનજીભાઇ હ. મેતલીયા (ટંકારા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લાં બે નાણાકીય વર્ષમાં ગરીબીની રેખા નીચે જીવતા લોકોને ઘર વપરાશના વીજ જોડાણો આપવા માટે રાજ્ય સરકારની ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત રાજકોટ જિલ્લામાં કુલ કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : રાજકોટ જિલ્લામાં ઝુંપડા વીજળીકરણ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં એટલે કે ૨૦૧૩–૧૪ માં ૩૩૫.૧૯ લાખના ખર્ચે ૭૦૬૦ લાભાર્થીઓને અને ૨૦૧૪–૧૫ માં ડીસે.૨૦૧૪ના અંતે રૂ.૧૮૧.૫૫ લાખના ખર્ચે ૩૮૮૫ લાભાર્થીઓને આમ, કુલ રૂ.૫૧૬.૭૪ લાખના ખર્ચે ૧૦૯૪૫ લાભાર્થીઓને ગૃહ વપરાશના વીજજોડાણ આપવામાં આવ્યા.

---------

ખેડા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની અરજીઓ

* ૧૭૩૭૫ શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ખેડા જિલ્લામાં માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી મંજૂર કરવામાં આવી, અને

જવાબ

(૧) અને (૨) : માનવ કલ્યાણ યોજના અન્વયે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ અરજીઓ અને તે પૈકી મંજૂર થયેલ અરજીઓ.

| અ.નં. | તાલુકાનું નામ | તા.૧–૧–૧૩ થી તા.૩૧–૧૨–૧૩ સુધી | | તા.૧–૧–૧૪ થી તા.૩૧–૧૨–૧૪ સુધી | |
|---|---|---|---|---|---|
| | | આવેલ અરજીઓ | મંજૂર અરજીઓ | આવેલ અરજીઓ | મંજૂર અરજીઓ |
| ૧ | કઠલાલ | ૩૪૬ | ૨૧૫ | ૩૯૦ | ૨૧૮ |
| ૨ | કપડવંજ | ૩૧૭ | ૨૯૧ | ૯૨૦ | ૨૨૮ |
| ૩ | ખેડા | ૨૨૦ | ૧૫૨ | ૨૩૨ | ૧૫૬ |
| ૪ | ઠાસરા | ૬૫૨ | ૩૨૦ | ૬૨૮ | ૨૪૧ |
| ૫ | નડીયાદ | ૯૯૭ | ૪૧૩ | ૮૮૬ | ૩૩૮ |
| ૬ | મહુધા | ૬૧૮ | ૨૦૮ | ૪૨૬ | ૧૮૮ |
| ૭ | મહેમદાવાદ | ૪૫૨ | ૨૧૯ | ૨૮૧ | ૧૭૧ |
| ૮ | માતર | ૨૯૫ | ૧૫૯ | ૨૫૧ | ૧૬૭ |
| ૯ | વસો | ૦ | ૦ | ૧૧૦ | ૮૪ |
| ૧૦ | ગળતેશ્વર | ૦ | ૦ | ૪૩૯ | ૨૦૯ |

(૩) ક્યા પ્રકારની ટુલકીટ મંજૂર કરવામાં આવી ?

(૩) વર્ષ–૨૦૧૩ માં *પત્રક–૧ મુજબ અને વર્ષ–૨૦૧૪ માં *પત્રક–૨ મુજબ ટુલકીટ મંજૂર કરવામાં આવી.

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ડાંગ જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ

* ૧૭૩૮૩ શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫

જવાબ

(૧) રૂ.૫૬૭.૭૬ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે.

દરમિયાન વિવેકાધીન જોગવાઈ હેઠળ ડાંગ જિલ્લાને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન વિવેકાધીન જોગવાઈ સામે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૨) રૂ.૬.૭૨ લાખનો ખર્ચ થયેલ છે.

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ?

(૩) વિવેકાધીન જોગવાઈ સામે ૧૪૦ કામો મંજૂર થયેલ છે અને ૫ કામો પૂર્ણ થયેલ છે.

---------

ખેડા જિલ્લામાં વિવેકાધીન જોગવાઈ હેઠળ વિકાસના કામો પાછળ ગ્રાન્ટ ફાળવવા બાબત

* ૧૬૩૮૧ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ખેડા જિલ્લામાં તાલુકાવાર તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર વિવેકાધીન જોગવાઈ હેઠળ કેટલા વિકાસના કામો પાછળ ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) વર્ષવાર ગ્રાન્ટમાંથી કેટલા કામો પૂરા થયા અને મેટલ કામો ઉકત સ્થિતિએ બાકી છે ?

જવાબ

(૧) અને (૨) : ફાળવેલ ગ્રાન્ટ હેઠળના તાલુકાવાર વિકાસ કામો અને પૂરા થયેલ તાલુકાવાર કામોની વિગતો પત્રકમાં સામેલ રાખેલ છે. ઉકત સ્થિતિએ મેટલના કામો મંજૂર કરવામાં આવેલ ન હોઈ, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પ ત્ર ક

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩-૧૪ | | ક્રમ | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪-૧૫ | |
|---|---|---|---|---|---|---|---|
| | | ફાળવેલ ગ્રાન્ટ હેઠળના વિકાસ કામો | પૂરાં થયેલ કામો | | | ફાળવેલ ગ્રાન્ટ હેઠળના વિકાસ કામો | પૂરાં થયેલ કામો |
| ૧ | મહેમદાવાદ | ૧૬૭ | ૧૬૩ | ૧ | મહેમદાવાદ | ૧૩૬ | ૮૪ |
| ૨ | નડીઆદ | ૧૫૨ | ૧૪૪ | ૨ | નડીઆદ | ૧૦૪ | ૬૮ |
| ૩ | મહુધા | ૧૫૪ | ૧૪૫ | ૩ | મહુધા | ૧૪૧ | ૭૨ |
| ૪ | માતર | ૧૪૧ | ૧૨૪ | ૪ | માતર | ૯૨ | ૬૪ |
| ૫ | ખેડા | ૮૮ | ૭૮ | ૫ | ખેડા | ૭૭ | ૩૩ |
| ૬ | કપડવંજ | ૧૪૧ | ૧૩૨ | ૬ | કપડવંજ | ૧૫૫ | ૭૯ |
| ૭ | કઠલાલ | ૧૫૯ | ૧૩૯ | ૭ | કઠલાલ | ૧૩૯ | ૮૩ |
| ૮ | બાલાશિનોર | ૧૫૦ | ૧૪૨ | ૮ | ગળતેશ્વર | ૧૦૧ | ૭૦ |
| ૯ | વિરપુર | ૧૬૪ | ૧૬૨ | ૯ | વસો | ૬૩ | ૪૫ |
| ૧૦ | ઠાસરા | ૧૯૩ | ૧૭૯ | ૧૦ | ઠાસરા | ૧૭૩ | ૧૨૫ |

---------

રાજ્યમાં કાર્યરત ઈલેકટ્રીક સબસ્ટેશનો

* ૧૭૩૬૮ શ્રી લાલજીભાઇ ચ. કોળીપટેલ(ધંધુકા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલા ઈલેકટ્રીક સબસ્ટેશનો કાર્યરત છે, અને

(૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યાં?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૧૪૭૭ ઈલેકટ્રીક સબસ્ટેશનો કાર્યરત છે.

(૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં, વર્ષ ૨૦૧૩ દરમ્યાન ૯૫ નવા વીજ સબસ્ટેશનો અને વર્ષ ૨૦૧૪ દરમ્યાન ૧૦૩ એમ કુલ ૧૯૮ નવા વીજ સબસ્ટેશનો કાર્યાન્વિત કરવામાં આવ્યા.

---------

રાજકોટ જીલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૧૭૩૪૪ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી?

જવાબ

(૧), (૨) અને (૩) રાજકોટ જિલ્લામાં વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા બાકી નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે

તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવામાં આવેલ કેસ, અને વસુલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | લોક અદાલતોની સંખ્યા | સમાધાન/નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ પર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૨૬૩ | ૧૮૭૬ | ૧૩૩.૨૬ | ૮૯.૪૫ | ૪૩.૮૧ |
| ૨૦૧૪–૧૫ (ડિસેમ્બર–૨૦૧૪ અંતિત) | ૨૮૮ | ૨૫૬૫ | ૧૯૩.૧૯ | ૧૩૦.૦૧ | ૬૨.૭૮ |
| કુલ | ૫૫૧ | ૪૪૪૧ | ૩૨૬.૪૫ | ૨૧૯.૮૬ | ૧૦૬.૫૯ |

---------

જામનગર જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વાયર બદલવાની કામગીરી

* ૧૭૩૫૯ શ્રી ચીમનભાઇ ધ. શાપરીયા(જામજોધપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠો થતાં વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની કામગીરી હેઠળ જામનગર જિલ્લામાં કેટલો વાયર બદલવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો?

જવાબ

(૧) અને (૨) જામનગર જિલ્લામાં વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ. ૯૬.૫૧ લાખના ખર્ચે ૨૭૮ કી.મી. વીજ વાયર અને વર્ષ ૨૦૧૪–૧૫ માં (તા. ૩૧–૧૨–૨૦૧૪ અંતિત) રૂ. ૪૩.૨૫ લાખના ખર્ચે ૧૨૫ કી.મી. વીજ વાયર આમ, કુલ રૂ. ૧૩૯.૭૬ લાખનાં ખર્ચે ૪૦૩ કી.મી. જર્જરીત વીજ વાયર બદલવામાં આવ્યો.

---------

ભાવનગર જીલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૧૭૩૪૮ શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન

જવાબ

(૧), (૨) અને (૩) ભાવનગર જિલ્લામાં વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા બાકી નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે

તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવામાં આવેલ કેસ, અને વસુલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | લોક અદાલતોની સંખ્યા | સમાધાન/નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ પર વસુલાત કરવામાં આવેલ રકમ | હપ્તાથી વસુલાત કરવાની રકમ |
|---|---|---|---|---|---|

કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી?

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | (રૂ.લાખમાં) | (રૂ.લાખમાં) |
| ૨૦૧૩-૧૪ | ૧૧૯ | ૧૭૦૨ | ૧૧૮.૬૦ | ૭૨.૪૪ | ૪૬.૧૬ |
| ૨૦૧૪-૧૫ (તા.૩૧-૧૨-૨૦૧૪ અંતિત) | ૧૨૯ | ૧૮૧૧ | ૧૪૫.૫૯ | ૯૮.૫૦ | ૪૭.૦૯ |
| કુલ | ૨૪૮ | ૩૫૧૩ | ૨૬૪.૧૯ | ૧૭૦.૯૪ | ૯૩.૨૫ |

---------

## સુરત જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૧૭૩૫૧ શ્રી કિશોરભાઇ શિ. કાનાણી(વરાછા રોડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સુરત જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી?

જવાબ

(૧) (૨) અને (૩) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા બાકી નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે હેતુથી તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સુરત જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવામાં આવેલ કેસ, અને વસુલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા | સમાધાન/નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ પર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૫૫ | ૨૦૮૩ | ૨૪૧.૯૭ | ૮૨.૨૩ | ૧૫૯.૭૪ |
| (૨૦૧૪-૧૫ ૩૧-૧૨-૨૦૧૪ અંતિત) | ૬૬ | ૨૩૯૬ | ૨૭૫.૦૪ | ૧૦૦.૩૪ | ૧૭૪.૭૦ |
| કુલ | ૧૨૧ | ૪૪૭૯ | ૫૧૭.૦૧ | ૧૮૨.૫૭ | ૩૩૪.૪૪ |

---------

## રાજ્યનું જાહેર અને બાહ્ય દેવું

* ૧૯૦૨૬ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ રાજ્યનું જાહેર અને બાહ્ય દેવું કેટલું છે?

જવાબ

| નાણાકીય વર્ષ | કુલ જાહેર દેવું | કુલ બાહ્ય દેવું |
|---|---|---|
| ૨૦૧૩-૧૪ ના સુધારેલ અંદાજ મુજબ | રૂ.૧૫૦૧૫૩ કરોડ | શૂન્ય |

---------

## રાજકોટ શહેરમાં વાણિજ્યિક વેરાની આવક

* ૧૭૩૨૮ શ્રી પ્રવીણભાઇ માંકડીયા(ધોરાજી) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન તા. ૩૧-

જવાબ

(૧) રૂ. ૫૦૫.૨૦ કરોડ.

૧૨-૨૦૧૪ સુધીમાં રાજકોટ શહેરમાંથી વાણિજ્યિક વેરાની કેટલી આવક રાજ્ય સરકારને મળી, અને

(૨) રાજકોટ શહેરની સૌથી વધુ આવક આપતી ૫(પાંચ) કોમોડીટીઓ કઇ છે ?

(૨) (૧) ઓટોમોબાઇલ્સ
(૨) કોટન
(૩) ફુડ પ્રોડકટસ
(૪) મશીનરી પાર્ટસ
(૫) સિમેન્ટ

---------

જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ઔધોગિક એકમ પાસેથી વેટની બાકી રકમ વસુલવા બાબત

* ૧૭૨૮૮ શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં કોઈ ઔધોગિક એકમ પાસેથી વેટની રકમ વસૂલ કરવાની બાકી છે,

(૧) હા, જી

(૨) જો હા, તો કુલ કેટલા ઔધોગિક એકમ પાસેથી કેટલી રકમ વસુલ કરવાની બાકી છે,અને

(૨)

| કુલ એકમ | કુલ બાકી |
|---|---|
| ૫ | ૩.૨૧.૧૬/-કરોડ |

(૩) ઉકત સ્થિતિએ ઔધોગિક એકમો સમયસર વેટ ન ભરતાં હોય તો કયાં એકમ સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

(૩) સામેલ *પત્રક મુજબ

પત્રક

| અનુ. નં. | એકમનું નામ | લીધેલ પગલાં |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| જૂનાગઢ જિલ્લો | | |
| ૧ | વિનય ઈન્ડસ્ટ્રીઝ | વિવાદ અધીકારી દ્વારા તા.૩૧-૦૩-૨૦૧૫ સુધી મનાઈ હુકમ આપેલ છે. |
| ૨ | શ્રીજી કોટ સ્પીન પ્રા.લી. | ક-૪૪ અન્વયે બેંકટાંચની કાર્યવાહી કરેલ છે. |
| ગીર સોમનાથ જિલ્લો | | |
| ૧ | નૂરાની એક્સ્પોર્ટ્સ પ્રા. લી. | ક-૪૪ અન્વયે બેંકટાંચની કાર્યવાહી કરેલ છે. જમીન મહેસુલ કાયદા અન્વયે ક-૧૫૨/૨૦૦ની કાર્યવાહી કરેલ છે મિલકત ઉપર બોજાનોંધ કરાવવા અંગેની કાર્યવાહી ચાલુ છે. |
| ૨ | ગુજરાત સિધ્ધી સિમેંટ લી. | વર્ષ, ૨૦૦૬-૦૭ની વસુલાત સામે નામ. વા. વેરા પંચ દ્વારા અપીલના નીકાલ સુધી મનાઈ હુકમ આપેલ છે. વર્ષ ૨૦૦૭-૦૮મા વિવાદ અધિકારી દ્વારા તા. ૧૮-૧-૧૨ થી અપીલના નિકાલ સુધી મનાઈ હુકમ આપવામાં આવેલ છે. |
| ૩ | આદિત્ય બિરલા નુવો | વિવાદ અધિકારી દ્વારા વર્ષ ૨૦૦૬-૦૭ ની બાકી વસુલાત સામે તા.૯-૫-૧૧ થી ૨૦૦૭-૦૮ માં તા. ૯-૨-૧૨ થી અપીલના નિકાલ સુધીનો મનાઈ હુકમ આપવામાં આવેલ છે. તથા ૨૦૦૯-૧૦ની બાકી વસુલાત સામે તા.૩૦-૪-૧૫ સુધી મનાઈ હુકમ આપવામાં આવેલ છે. |

---------

અરવલ્લી જિલ્લામાં ફીડરોનું વિભાજન

* ૧૭૩૭૦ શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં અરવલ્લી જિલ્લામાં વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે કેટલા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

(૧) અને (૨) વીજ ગ્રાહકોને ગુણવત્તાયુકત અને પૂરતા દબાણથી વીજ પૂરવઠો પૂરો પાડવા માટે અરવલ્લી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં એટલે કે ૨૦૧૩-૧૪માં ૭૨.૬૫ લાખના ખર્ચે ૮ ફીડરોનું અને વર્ષ ૨૦૧૪-૧૫માં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૩.૮૪.૪૮ લાખના ખર્ચે ૧૮ ફીડરોનું આમ, છેલ્લા બે

નાણાકીય વર્ષમાં રૂ. ૧૫૭.૧૩ લાખના ખર્ચે ૨૬ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યુ.

---------

શહેરા અને ગોધરા તાલુકામાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને વીજ જોડાણો માટેની માંગણીઓ

* ૧૯૨૦૯ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ શહેરા અને ગોધરા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને વિના મૂલ્યે વીજ જોડાણો માટે કેટલી અરજી આવી,

(૨) તે પૈકી કેટલા લાભાર્થીઓને વીજ જોડાણો આપ્યા અને કેટલા બાકી, અને

(૩) બાકી લાભાર્થીઓને ક્યારે વીજજોડાણો આપવાનું આયોજન છે ?

જવાબ

(૧) અને (૨) અને (૩) ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોને વિના મૂલ્યે ગૃહ વપરાશ વીજ જોડાણો પૂરા પાડવા માટે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ શહેરા તાલુકામાં ૨૬૭ અરજીઓ મળી તે પૈકી ૧૭૧ વીજ જોડાણો આપવામાં આવ્યા, અને બાકીની ૯૬ અરજીઓ નામંજૂર થયેલ હોઈ કોઈ વીજજોડાણ આપવાના બાકી નથી. જ્યારે ગોધરા તાલુકામાં ૧૦૩૩ અરજીઓ મળી તે પૈકી ૮૭૭ વીજ જોડાણ આપવામાં આવ્યા અને ૧૪૧ અરજીઓ નામંજૂર થયેલ છે. બાકી રહેલ ૧૫ અરજદારોને જાન્યુ. ૨૦૧૫ અંતે વીજ જોડાણ આપી દેવામાં આવેલ છે.

---------

સી. એન. જી. ના ભાવ પર નિયંત્રણ

* ૧૯૨૩૬ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં સી.એન.જી ના ભાવ પર નિયંત્રણ રાખવા રાજ્યકક્ષાએ તા.૩૧ મી ડિસે–૨૦૧૪ની સ્થિતિએ કોઈપણ ઓથોરીટી કામ કરતી નથી અને સી.એન.જી. ના ભાવો મનસ્વી રીતે વધારી દેવામાં આવે છે તે ફરિયાદથી રાજ્યસરકાર વાકેફ છે, કે કેમ,

(૨) જો હા, તો શા કારણો છે, અને

(૩) આ સમસ્યાના ઉકેલ માટે રાજ્યકક્ષાએ શી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે?

જવાબ

(૧) (૨)અને (૩) સી.એન.જી માટે કરવામાં આવતી સ્થાનિક ગેસની ફાળવણીનો જથ્થો અને તેની કિંમત કેન્દ્ર સરકારના કાર્યક્ષેત્રમાં આવતી બાબતો છે. વપરાશકર્તાઓને અપાતા સી.એન.જીની કિંમત બજારના વિવિધ પરીબળોને આધારે જે તે કંપની દ્વારા નક્કી થતી હોય છે. આમ, સીએનજી ના ભાવો સામાન્યતઃ બજારના વિવિધ પરીબળોને આધારે નિયત થાય છે.

---------

વડોદરા જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૧૭૩૭૨ શ્રી મધુભાઈ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી?

જવાબ

(૧) (૨) અને (૩) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા બાકી નાણાની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે હેતુથી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વડોદરા જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવામાં આવેલ કેસ, અને વસુલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદાલતની સંખ્યા | સમાધાન/નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ પર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૬૬ | ૧૫૪૦ | ૮૭.૪૭ | ૪૮.૯૪ | ૩૮.૫૩ |
| ૨૦૧૪–૧૫ | ૫૩ | ૧૨૭૮ | ૫૬.૫૧ | ૩૧.૬૧ | ૨૪.૯૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (તા. ૩૧–૧૨–૨૦૧૪ અંતિત) | | | | | |
| કુલ | ૧૧૯ | ૨૮૧૮ | ૧૪૩.૯૮ | ૮૦.૫૫ | ૬૩.૪૩ |

---------

## ગુજરાતના વેપારીઓએ ચૂકવેલા ટેક્સમાં કેન્દ્રને કરેલ રજુઆત

* ૧૯૨૧૯ શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગુજરાતના વેપારીઓએ ચૂકવેલા કેન્દ્રિય વેચાણવેરા–સીએસટી પર બે ટકાની ઈનપુટ ટેક્સ ક્રેડિટ આપવા માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારમાં તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યારે રજૂઆત કરી, અને | (૧) આ બાબતે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારમાં કોઈ રજુઆત કરેલ નથી. |
| (૨) કરેલ રજૂઆત અન્વયે કેન્દ્ર સરકાર દ્વારા શો પ્રતિભાવ ક્યારે મળ્યો? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## ગીર–સોમનાથ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વાયર બદલવાની કામગીરી

* ૧૭૩૬૧ શ્રીમતી ભાવનાબેન રા. મકવાણા(મહુવા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠો થતાં વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની કામગીરી હેઠળ ગીર–સોમનાથ જિલ્લામાં કેટલો વાયર બદલવામાં આવ્યો, અને<br>(૨) તે માટે કેટલો ખર્ચ થયો ? | (૧) અને (૨) ગીર–સોમનાથ જિલ્લામાં વીજ પૂરવઠામાં થતા વિક્ષેપ નિવારવા સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪માં રૂ. ૧૧૦.૨૬ લાખના ખર્ચે ૩૫૦ કિ.મી. અને વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રૂ. ૮૫.૫૪ લાખના ખર્ચે ૨૩૦ કિ.મી. વીજ વાયર આમ, કુલ રૂ. ૧૯૫.૮૦ લાખના ખર્ચે ૫૮૦ કિ.મી. જર્જરિત વીજ વાયર બદલવામાં આવ્યો. |

---------

## અમરેલી જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૧૭૩૪૯ શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

**જવાબ**

(૧) (૨) અને (૩) અમરેલી જિલ્લામાં વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા બાકી નાણાની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવાનાં આવેલ કેસ, અને વસુલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | લોક અદાલતોની સંખ્યા | સમાધાન/નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ પર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૧૦૮ | ૧૦૫૮ | ૭૩.૨૯ | ૨૦.૫૪ | ૫૨.૭૫ |
| ૨૦૧૪–૧૫ (ડિસેમ્બર– | ૧૨૭ | ૨૦૩૨ | ૧૫૦.૮૫ | ૫૪.૦૧ | ૯૬.૮૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦૧૪ અંતિત) | | | | | |
| કુલ | ૨૩૫ | ૩૦૯૦ | ૨૨૪.૧૪ | ૭૪.૫૫ | ૧૪૯.૫૯ |

---------

વલસાડ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના હેઠળ ઘર વપરાશના વીજ જોડાણો

* ૧૭૩૪૦ શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કુટિર જ્યોતિ યોજના હેઠળ વલસાડ જિલ્લામાં છેલ્લાં બે નાણાંકીય વર્ષમાં કેટલા લાભાર્થીઓને ઘર વપરાશનાં વીજ જોડાણો આપવામાં આવ્યા?

જવાબ

વલસાડ જિલ્લામાં કુટિર જ્યોતિ યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪માં ૮૨૭ લાભાર્થીઓને અને વર્ષ ૨૦૧૪–૧૫માં ડિસેમ્બર–૨૦૧૪ અંતિત ૬૨૦ લાભાર્થીઓને, આમ કુલ ૧૪૪૭ લાભાર્થીઓને ગૃહવપરાશના વીજજોડાણ આપવામાં આવ્યા.

---------

રાજ્યમાં વીજ ઉત્પાદન કંપનીઓ વચ્ચે કોલસાની લેવડ–દેવડ બાબત

* ૧૭૨૯૨ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યની વીજ કંપનીઓ અને કેન્દ્ર સરકાર વચ્ચે કોલસાની આંતરિક અદલા બદલીના કરાર અન્વયે છેલ્લા ચાર માસમાં કેટલો કોલસો શા ભાવે ખરીદવામાં આવ્યો છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની જીએસઈસીએલ અને કેન્દ્ર સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની એનટીપીસી વચ્ચે કોલસાની આંતરિક અદલા–બદલી કરવા માટેના કરાર તા. ૩૦–૯–૨૦૧૪ના રોજ થયેલ છે.

(અ) આ કરારની મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

(૧) કોલસાની અદલા–બદલીના કરાર મુજબ કોલસાની લેવડ–દેવડ કોલસાના જથ્થામાં રહેલ સમકક્ષ ઉષ્ણતાના પ્રમાણમાં કરવામાં આવશે એવું નક્કી થયેલ છે.

(૨) આયાતી કોલસાની સંપૂર્ણ કિંમત એનટીપીસી દ્વારા ચુકવવામાં આવશે જ્યારે સ્વદેશી કોલસાની સંપૂર્ણ કિંમત જીએસઈસીએલ દ્વારા એસઈસીએલને ચુકવવામાં આવશે.

(૩) આયાતી કોલસા માટેનું રેલ્વે નૂરનું ચુકવણું બંદરથી જીએસઈસીએલના વીજ મથક સુધી જીએસઈસીએલ દ્વારા ચુકવવામાં આવે છે.

(૪) દેશી કોલસા માટેના રેલ્વે નૂરનું ચુકવણું મે. એસઈસીએલની કોરીયા રેવા ખાણથી એનટીપીસીના સીપત વીજ મથક સુધી એનટીપીસી દ્વારા ચુકવવામાં આવે છે.

(૫) એનટીપીસી અને જીએસઈસીએલ વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની અદલા–બદલી કરવાના લીધે કોલસાનું આંતર રાજ્ય પરિવહન ઘટશે, તેના લીધે રેલ્વે નૂર ભાડામાં પડતા તફાવતનો લાભ ગુજરાતની જનતાને મળશે.

(બ) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ કોલસાના જથ્થાની લેવડ–દેવડ નીચે મુજબ છે.

મે. સાઉથ ઈસ્ટર્ન કોલફીલ્ડ લીમીટેડ (એસઈસીએલ) ની કોરીયા રેવા ખાણમાંથી

જીએસઈસીએલને ફાળવવામાં આવેલ ૧.૪૦ લાખ મેટ્રીક ટન દેશી કોલસો એનટીપીસીનના સીપત વીજ મથકને સપ્લાય કરવામાં આવેલ છે.

એનટીપીસી દ્વારા જીએસઈસીએલને ૨.૨૬ લાખ મેટ્રીક ટન આયાતી કોલસો મુન્દ્રા તથા દહેજ બંદરેથી સપ્લાય કરવામાં આવેલ છે.

કોલસાની આંતરીક અદલા–બદલીમાં કોલસાની કોઈ કિંમત આપવાની રહેતી ન હોવાથી ખરીદ કિંમતનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૨) આ કોલસો ખરીદવાથી કેટલી રકમની બચત થશે અને આ બચતનો લાભ વીજ ગ્રાહકોને ક્યારથી મળશે? | (૨) એનટીપીસી અને જીએસઈસીએલ વચ્ચે આયાતી કોલસા અને દેશી કોલસાની પરસ્પર અદલા–બદલી કરવાના લીધે કોલસાનું આંતર રાજ્ય પરિવહન ઘટવાથી જીએસઈસીએલને કોલસાના પરિવહનમાં રૂ. ૧૬૦૦ પ્રતિ મેટ્રીક ટન ફાયદો થશે અને તેના પરિણામ સ્વરૂપ ૧૦ લાખ મેટ્રીક ટન કોલસાના પરિવહન ખર્ચમાં આશરે રૂ. ૧૬૦ કરોડની બચત થશે. આ બચતનો ફાયદો નામ. ગુજરાત વીજ નિયમન પંચની નીતિને અનુલક્ષીને નક્કી કરવામાં આવતા ફ્યુલ કોસ્ટ એડજસ્ટમેંટ ચાર્જની ગણત્રીમાં મળશે. |

---------

## કે. જી. બેઝિન બ્લોકની કામગીરી

* ૧૭૮૭૪ પ્રો. હીરાભાઇ હ. પટેલ(લુણાવાડા) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કે. જી. બેઝીન બ્લોકમાં કયા પ્રકારની કામગીરી કરવામાં આવી, | (૧) જી.એસ.પી.સી. દ્વારા છેલ્લા બે વર્ષમાં કે. જી. બેઝીન બ્લોકમાં નીચે પ્રમાણેની વિવિધ કામગીરી કરવામાં આવી છે. |

(અ) જીયોસાયન્સ અને ડ્રિલીંગની કામગીરી

(૧) ભૂસ્તર વૈજ્ઞાનિક અભ્યાસ અને વિષ્લેષણ

(૨) ૪ કુવાઓનું બેચ ડ્રીલીંગનું કાર્ય જેમાંથી ૩ કુવાઓનું શારકામ પૂર્ણ કરવામાં આવ્યું.

(બ) એન્જીનીયરીંગ અને કન્સ્ટ્રકશનની કાર્યવાહી

(૧) ઓફશોર વેલ હેંડ પ્લેટફોર્મ (WHP) અને ઓફશોર પ્રોસેસ કમ લીવીંગ કવાટર પ્લેટફોર્મ (PLQP) નું ડીઝાઈન, ફેબ્રીકેશન અને ફીટીંગ (ઈન્સ્ટોલેશન) ની કામગીરી.

(૨) ઓનશોર ગેસ ટર્મીનલ (OGT) ખાતે ગેસ ઉત્પાદનની વ્યવસ્થાના બાંધકામની કાર્યવાહી.

(૩) ઓફશોર પ્રોસેસ કમ લીવીંગ કવાટર પ્લેટફોર્મ (PLQP) થી ઓનશોર ગેસ ટર્મીનલ (OGT) સુધી દરિયાના ભૂગર્ભ પાઈપલાઈન (સબમરીન પાઈપલાઈન) નાંખવાનું કામ.

(૪) ગેસ ટરબાઈન જનરેટર્સ ((GTG) ની ખરીદી અને તેનું સ્થાપન (ઈન્સ્ટોલેશન) કરવાની કાર્યવાહી.

ઉપર જણાવેલ વિવિધ વ્યવસ્થાઓ પૂર્ણ અને કાર્યરત કરેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલું ઉત્પાદન મળેલ છે,

(૨) કોમર્શીયલ ધોરણે ઉત્પાદન શરૂ થવાનું બાકી છે.

(૩) ઉક્ત સ્થિતિએ સદર પ્રોજ્કટ પાછળ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે પ્રમાણે ખર્ચ થયેલ છે.

(રૂ. કરોડમાં)

| વર્ષ | રૂપિયા |
|---|---|
| ૨૦૧૩-૧૪ | ૨૦૫૨.૩૧ |
| ૨૦૧૪-૧૫ | ૭૯૪.૯૪ |

(તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ)

(૪) સદર પ્રોજેક્ટના ઉત્પાદનમાંથી ઉક્ત સ્થિતિએ સરકારને કેટલી આવક મળેલ છે?

(૪) કોમર્શીયલ ધોરણે ઉત્પાદન શરૂ થયેલ નથી.

---------

આણંદ અને ખેડા જિલ્લાના શહેરોમાં પાઈપલાઈનથી ગેસ આપવા બાબત

* ૧૯૩૨૨ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૧૫ની સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લાના કયા કયા શહેરોમાં ઘરવપરાશનો ગેસ પાઈપ લાઈનથી આપવામાં આવે છે,

જવાબ

(૧) ચરોતર ગેસ સહકારી મંડળી દ્વારા આણંદ જિલ્લામાં આણંદ અને તેની આસપાસના વિદ્યાનગર, મોગરી, ગાના, કરમસદ, બાકરોલ, કણજરી, લાંભવેલ, વઘાસી, હાડગુડ, ચિખોદરા, જીટોડીયામાં ગેસ પૂરો પાડવામાં આવે છે.

જીએસપીસી ગેસ કંપની દ્વારા આણંદ અને ખેડા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના ગામોને ઘરવપરાશનો ગેસ પાઈપલાઈનથી આપવામાં આવે છે.

| આણંદ જિલ્લામાં તાલુકાવાર ગામો | |
|---|---|
| તાલુકો | ગામનું નામ |
| ખંભાત | ખંભાત, કણસારી, મેતપુર, મચ્છીપુરા, અકબરપુરા, સાકરપુર, કલોદ્રા, રલાજ, વત્રા, કાલમસર, નાગરા, ભુવેલ, વાસણા, ઉંદેલ, સોખડા, જાલાપુર, નેજા, કાળી તળાવડી, છાતરડી, પોપટવાવ, વડોલા, ડાલી, કનકપુર, જહાંગીરપુર, બાજીપુરા, વટાદ્રા, ખાતનલ, ટીંબા, સચામા, કણીસા, જલુંધ, પીપલોઈ, ફીનાવ, જલસણ, બામણવા, નવાગામ, વંટા, ઈસલામપુરા, ખડોધી તથા હરીપુરા. |
| પેટલાદ | પેટલાદ, અમોડ, ભવાનીપુરા, ઈસરામા, જેસરવા, નાર, રંગાઈપુરા તથા શેખડી |
| સોજીત્રા | સોજીત્રા, પીપલવ તથા પાલજ |
| બોરસદ | કંથાણા, બાદલપુર તથા બનેજડા |
| ખેડા જિલ્લામાં તાલુકાવાર ગામો | |
| તાલુકો | ગામનું નામ |
| ખેડા | ખેડા |
| મહેમદાવાદ | મહેમદાવાદ, અરેરી, વાંઠવાળી, કેસરા, સિહુંજ, વણસોલ સુંઢા, સુંઢા, અકલાચા, ખાત્રજ, રીંછોલ ,શત્રુંડા, સરસવણી, કરોલી, રૂદણ, જાળીયા, વણસોલી, નવચેતન, છાપરા, વિરોલ, કતકપુરા, કાચ્છઈ, જીભાઈપુરા, દેવકી વણસોલ તથા ખંભાલી |
| નડિયાદ | નડિયાદ, પીપલગ, પીજ, પલાણા, વસો, |

| | |
|---|---|
| | ઉત્તરસંડા, ડભાણ, નરસંડા, રાજનગર, પીપળાતા, આખડોલ, મિત્રાલ, ગુતાલ, બામરોલી, દાવડા, દંતાલી, યોગીનગર, બિલોદરા, રામપુર, ગંગાપુર, ડુમરાલ, અંધજ, અરેરા, કેરીયાવી, મંજીપુરા, વલેટવા, કાલોલી તથા થલેડી. |
| મહુધા | મહુધા, ફીણાવ, ભુમસ, સિંધાલી, હજાતીયા, ખુંટજ, બગડુ, બલોલ, નાની ખડોલ, મોટી ખડોલ, મંગળપુર, સાપલા, ઢંઢોડી, વડ્થલ, તોરણીયા, નંદગામ, મીનાવાડા, રૂપપુરા તથા વિણા |
| માતર | માતર, ત્રાજ, રતનપુર, વણસર, આંત્રોલી, સોખડા. |

(૨) ઉક્ત સ્થિતિએ આણંદ અને ખેડા જિલ્લાના બાકી શહેરોને પાઇપલાઇનથી ગેસ આપવાનું શું આયોજન છે, અને

(૨) આણંદ જિલ્લામાં બાકી રહેલા ગામોને પાઇપલાઇન દ્વારા ગેસ કનેકશન આપવા માટે પી.એન.જી.આર.બી., નવી દિલ્હી બીડ માટે કાર્યવાહી હાથ ધરે ત્યારે જે તે સફળ બીડર કંપની દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરી શકાય. જ્યારે ખેડા જિલ્લા માટે પી.એન.જી.આર.બી.ની મંજુરી મળેલ છે. ખેડા જિલ્લામાં બાકી રહેલા ગામોને જરૂરી સ્થાનિક લાગુ પડતી અન્ય મંજુરીઓ મળે ક્રમશ: તબક્કાવાર પાઇપલાઈન દ્વારા ઘરેલું ગેસ પહોંચાડવાનું આયોજન કરેલ છે.

(૩) કેટલા સમયમાં પાઇપલાઇન દ્વારા ગેસ આપવામાં આવશે?

(૩) આણંદ જિલ્લામાં બીડ બહાર પાડવા પી.એન.જી. આર.બી.ને રાજ્ય સરકાર દ્વારા તા. ૧૯-૧૧-૨૦૧૪ના રોજ વિનંતી કરવામાં આવેલ છે. તે પરત્વે પી.એન.જી.આર.બી.ની બીડની પ્રક્રિયા શરૂ કરી પૂર્ણ કરે ત્યારબાદ સફળ બીડર કંપની દ્વારા ગેસ પૂરો પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જ્યારે ખેડા જિલ્લામાં બાકી રહેલા ગામોને આગામી ૨ થી ૩ વર્ષ દરમ્યાન (જરૂરી સ્થાનિક લાગુ પડતી અન્ય મંજુરીઓ મળેથી) પાઇપલાઈન દ્વારા ઘરેલું ગેસ પહોંચાડવાનું આયોજન કરેલ છે.

---------

મહેસાણા જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક

* ૧૭૩૧૭ શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં મહેસાણા જિલ્લામાંથી રાજ્ય સરકારને વાણિજ્યિક વેરાની કેટલી આવક મળી, અને

(૧) રૂ. ૩૩૮.૮૬ કરોડ.

(૨) મહેસાણા જિલ્લાની સૌથી વધુ આવક આપતી ૫ (પાંચ) કોમોડીટીઓ કઇ છે ?

(૨) (૧) ઓઈલ એન્ડ ઓઈલ સીડ્સ
(૨) કોટન/કોટન જીનીંગ
(૩) ઓટોમોબાઇલ્સ
(૪) ડેરી પ્રોડક્ટ્સ
(૫) સીરામીક ટાઇલ્સ.

---------

નવસારી જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ

* ૧૭૩૮૭ શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન પ્રોત્સાહક જોગવાઈ હેઠળ નવસારી જિલ્લાને કેટલી ગ્રાન્ટ

(૧) પ્રોત્સાહક જોગવાઈ હેઠળ નવસારી જિલ્લાને રૂ. ૪૫.૮૪ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી.

ફાળવવામાં આવી,

(૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪-૧૫ દરમિયાન વિવેકાધીન જોગવાઈ સામે ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) આ ફાળવેલ ગ્રાન્ટ સામે કેટલાં કામો મંજૂર થયેલ છે અને કેટલાં કામો પૂર્ણ થયેલ છે ?

(૨) વિવેકાધીન જોગવાઈ સામે રૂ. ૮૫૦.૦૬ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ તે પૈકી રૂ. ૨૫૨.૧૬ લાખની રકમનો ખર્ચ થયેલ છે.

(૩) વિવેકાધીન જોગવાઈ અંતર્ગત ૪૬૨ કામો મંજુર થયેલ છે અને તે પૈકી ૧૭૦ કામો પૂર્ણ થયેલ છે.

પ્રોત્સાહક જોગવાઈ અંતર્ગત ૨૭ કામો મંજૂર થયેલ છે અને તે પૈકી ૧૦ કામો પૂર્ણ થયેલ છે.

---------

## રાજ્યમાં ઘર વપરાશના વીજ ગ્રાહકોને વીજ શુલ્કમાં રાહત

* ૧૭૨૯૯ શ્રી રામસિંહ પ્ર. પરમાર(ઠાસરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા.૩૧-૦૧-૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારે ઘર વપરાશના વીજ ગ્રાહકોને વીજશુલ્કમાં કેટલી રાહત છેલ્લે ક્યારે આપી,

(૨) તે અન્વયે રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં ઘર વપરાશના વીજશુલ્ક પેટે વર્ષવાર કેટલી આવક થઈ, અને

(૩) થયેલ આવકમાંથી રાજ્ય સરકાર કૃષિ વિષયક સબસિડીમાં તેનો લાભ આપે છે તે હકીકત સાચી છે ?

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ રાજ્ય સરકારે ઘર વપરાશના વીજ ગ્રાહકોને છેલ્લે તા.૧-૪-૨૦૧૨થી નીચે મુજબની વીજશુલ્કમાં રાહત આપેલ છે.

(દર ટકામાં)

| વીજ ગ્રાહકો | તા.૧-૪-૨૦૧૨ પહેલા | તા.૧-૪-૨૦૧૨ પછી | વીજ શુલ્કમાં રાહત |
|---|---|---|---|
| ગ્રામ્ય | ૧૦ | ૭.૫ | ૨.૫ |
| શહેરી | ૨૦ | ૧૫ | ૫ |

(૨) તે અન્વયે રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં ઘર વપરાશના વીજ શુલ્ક પેટે વર્ષવાર નીચે મુજબની આવક મળેલ છે.

(રૂ.કરોડમાં)

| વર્ષ | ૨૦૧૩-૧૪ | ૨૦૧૪-૧૫ (તા.૩૧-૧-૨૦૧૫ સુધી) |
|---|---|---|
| આવક | ૭૩૫.૭૪ | ૮૪૬.૭૨ |

(૩) ના, જી. કૃષિ વિષયક સબસિડીને રાજ્યની કરવેરાની આવક સાથે સીધો કોઈ સંબંધ નથી.

---------

## આણંદ જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૧૭૩૫૩ શ્રી સંજયકુમાર ર. પટેલ(ખંભાત) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ આણંદ જિલ્લામાં છેલ્લા બે નાણાકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

જવાબ

(૧), (૨) અને (૩) : આણંદ જિલ્લામાં વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા બાકી નાણાની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવામાં આવેલ કેસ, અને વસુલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | લોક અદાલતોની સંખ્યા | સમાધાન/ નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ પર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૨૧ | ૫૫૮ | ૧૨૬.૫૪ | ૮૪.૪૧ | ૪૨.૧૩ |
| ૨૦૧૪- | ૩૧ | ૬૩૭ | ૨૧.૪૮ | ૧૧.૦૫ | ૧૦.૪૩ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ (તા.૩૧-૧૨ - ૨૦૧૪ અંતિત) | | | | | |
| કુલ | ૫૨ | ૧૧૯૫ | ૧૪૮.૦૨ | ૯૫.૪૬ | ૫૨.૫૬ |

---------

રાજ્યમાં વીજળી વેચવા બાબત

* ૧૭૨૯૧ શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્ય સરકારે માસવાર કેટલી વીજળી શા ભાવે ક્યા રાજ્યોને વેચી ?

જવાબ

તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા અલગ અલગ રાજ્યોને વેચવામાં આવેલ વીજળી અને તેના ભાવની વિગત નીચે મુજબ છે.

| રાજ્ય | કર્ણાટકા | | ઉત્તરપ્રદેશ | | મહારાષ્ટ્ર | | પશ્ચિમ બંગાળ | | આસામ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મહીનો | મિ.યુ. | રૂ./યુ. | મિ.યુ. | રૂ./યુ. | મિ.યુ. | રૂ./યુ. | મિ.યુ. | રૂ./યુ. | મિ.યુ. | રૂ./યુ. |
| ફેબ્રુઆરી-૧૪ | - | - | - | - | - | - | ૧.૯૬ | ૩.૭૨ | - | - |
| માર્ચ-૧૪ | - | - | - | - | - | | ૪૮.૬૫ | ૩.૦૬ | - | - |
| એપ્રિલ-૧૪ | - | - | ૪૨.૪૬ | ૩.૦૩ | ૨.૩૫ | ૨.૯૬ | - | - | ૩૧.૨૭ | ૩.૦૪ |
| મે-૧૪ | ૯.૨૬ | ૪.૫૦ | - | - | ૩.૪૧ | ૨.૯૬ | - | - | - | - |
| જુન-૧૪ | ૨.૫૭ | ૪.૫૦ | ૩.૨૭ | ૩.૦૩ | ૦.૬૮ | ૨.૯૬ | ૦.૨૩ | ૪.૮૩ | - | - |
| જુલાઈ-૧૪ | ૧૪.૨૮ | ૪.૫૦ | - | - | - | - | - | - | - | - |
| ઓગષ્ટ-૧૪ | - | - | - | - | - | - | - | - | - | - |
| સપ્ટેમ્બર-૧૪ | - | - | - | - | ૪.૫૯ | ૩.૦૦ | - | - | - | - |
| ઓકટોબર-૧૪ | - | - | - | - | - | - | - | - | - | - |
| નવેમ્બર-૧૪ | - | - | - | - | - | - | - | - | - | - |
| ડિસેમ્બર-૧૪ | - | - | - | - | - | - | - | - | - | - |
| જાન્યુઆરી-૧૫ | - | - | - | - | - | - | - | - | - | - |

---------

મહીસાગર જિલ્લામાં મંજૂર કરેલ કવાર્ટઝ ખનિજ માઈનીંગ લીઝો

* ૧૯૩૨૮ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૨૮-૨-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં કવાર્ટઝ ખનિજની માઈનીંગ લીઝો કેટલી મંજૂર કરવામાં આવી,

(૨) જો કવાર્ટઝ ખનીજોની પરમીટો મંજૂર કરવામાં આવી હોય, તો કઈ શરતોનું પાલન કરવામાં આવેલ છે,

(૩) ઉકત કિસ્સાઓમાં કવાર્ટઝ ખનિજની શરતોનું પાલન કરવામાં આવ્યું ન હોય તો વહીવટ મંત્રીએ શાં પગલાં લીધા,અને

(૪) જો પગલાં ન લીધા હોય તો ક્યાં કારણો છે, અને ક્યારે પગલાં લેવામાં આવશે ?

જવાબ

(૧) એક પણ નહીં.

(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૮-૬-૨૦૧૧ના પરિપત્ર ક્રમાંકઃ એમસીઆર/૧૦૨૦૧૦/૧૯૧૫/છ થી નિયત કરવામાં આવેલ શરતોનું.

(૩) ઉપરોકત શરતોનું પાલન કરવામાં આવેલ હોઈ, પગલાં લેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

### અરવલ્લી જિલ્લામાં લીઝો માટેની માંગણીઓ

* ૧૮૪૨૮ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ખાણ–ખનિજ ખાતામાં કઈ લીઝો માટેની કેટલી માંગણીઓ આવી,

(૨) તે અન્વયે કેટલી માંગણીઓ મંજૂર થઈ અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) માંગણીઓ નામંજૂર થવાના કારણો શા છે ?

જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ખાણ ખનિજ ખાતામાં માઈનીંગ લીઝ માટે કોઈ માંગણી આવેલ નથી. જ્યારે કવોરીલીઝ માટે ૮૫ માંગણીઓ આવેલ છે.

(૨) તે અન્વયે ૧૩ માંગણીઓ મંજૂર અને ૦૧ નામંજૂર કરવામાં આવેલ છે.

(૩) અરજદારશ્રીને લીઝ મેળવવામાં રસ ન હોઈ નામંજૂર કરવા વિનંતી કરેલ હોવાથી.

---------

### કચ્છ જિલ્લામાં વિકાસશીલ તાલુકા યોજના હેઠળ ફાળવેલ રકમ

* ૧૭૩૯૦ શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય આયોજન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વિકાસશીલ તાલુકા હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન કચ્છ જિલ્લામાં કેટલી રકમની ફાળવણી કરવામાં આવી,

(૨) આ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૪–૧૫ દરમિયાન ફાળવવામાં આવેલ ગ્રાન્ટ પૈકી કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને

(૩) આ ફાળવેલ ગ્રાંટ સામે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે ?

જવાબ

(૧) વિકાસશીલ તાલુકા હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન કચ્છ જિલ્લામાં રૂ.૨૬૪.૮૯ લાખની રકમ અને એટીવીટી યોજના હેઠળ રૂ.૮૨.૬૩ લાખની રકમની ફાળવણી કરવામાં આવેલ છે. આમ, બંને મળી કુલ રૂ.૩૪૭.૫૨ લાખની રકમની ફાળવણી કરવામાં આવેલ છે.

(૨) વિકાસશીલ તાલુકા યોજના અને એટીવીટી યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન કુલ રૂ.૯.૯૧ લાખની રકમનો ખર્ચ થયેલ છે.

(૩) વિકાસશીલ તાલુકા યોજના અને એટીવીટી યોજના હેઠળ તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન કુલ ૧૦૧ કામો મંજૂર થયેલ છે, જે પૈકી ૬ કામો પૂર્ણ થયેલ છે.

---------

### વલસાડ જિલ્લામાં લોક અદાલતોનું આયોજન

* ૧૭૩૫૨ શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે લોક અદાલતના આયોજન દ્વારા તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે નાણાંકીય વર્ષમાં કેટલી લોક અદાલતો યોજવામાં આવી,

(૨) કેટલા કેસોમાં સમાધાન કરવામાં આવ્યું, અને

(૩) કેટલી વસુલાત કરવામાં આવી ?

જવાબ

(૧), (૨) અને (૩) : વીજ ગ્રાહકો પાસેથી વીજ બિલ પેટે લ્હેણાં નીકળતા બાકી નાણાંની વસુલાત માટે વિવાદ નહીં પરંતુ સમાધાનથી ઉકેલ આવે તે માટે તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં વલસાડ જિલ્લામાં યોજવામાં આવેલ લોક અદાલતો, સમાધાન કરવામાં આવેલ કેસ, અને વસુલાત કરવામાં આવેલ રકમની માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | યોજવામાં આવેલ લોક અદા–લતોની સંખ્યા | સમાધાન/ નિકાલ કરવામાં આવેલ કેસોની સંખ્યા | કેસોમાં સમાવિષ્ટ રકમ (રૂ.લાખમાં) | સ્થળ પર વસુલાત કરવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલાત કરવાની રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૨૦૧૩–૧૪ | ૪૧ | ૧૪૧૪ | ૧૦૭.૫૮ | ૩૫.૯૪ | ૭૧.૬૪ |
| ૨૦૧૪–૧૫ (તા.૩૧–૧૨ – | ૪૯ | ૧૩૪૦ | ૯૨.૧૬ | ૨૯.૫૬ | ૬૨.૬૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦૧૪ અંતિત) | | | | | |
| કુલ | ૯૦ | ૨૭૫૪ | ૧૯૯.૭૪ | ૬૫.૫૦ | ૧૩૪.૨૪ |

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વાયર બદલવાની કામગીરી

* ૧૭૩૫૮ શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠો થતાં વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની કામગીરી હેઠળ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કેટલો વાયર બદલવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨) : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વીજ પુરવઠામાં થતાં વિક્ષેપ નિવારવા સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩-૧૪ માં રૂ.૭૧.૩૩ લાખના ખર્ચે ૨૦૬ કી.મી. અને વર્ષ ૨૦૧૪-૧૫ માં (તા.૩૧-૧૨-૨૦૧૪ અંતિત) રૂ.૭૩.૩૩ લાખના ખર્ચે ૨૧૧ કી.મી., આમ કુલ રૂ.૧૪૪.૬૬ લાખનાં ખર્ચે ૪૧૭ કી.મી. જર્જરીત વીજ વાયર બદલવામાં આવ્યો.

---------

રાજ્યમાં નવી એરસ્ટ્રીપ વિકસાવવા બાબત

* ૧૮૮૯૧ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં કઈ જગ્યાએ નવી એરસ્ટ્રીપ વિકસાવવામાં આવેલ છે,

(૨) જો હા, તો તે અન્વયે કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) જો ના તો કોઈ જગ્યાએ નવી એરસ્ટ્રીપ સરકાર વિકસાવવા આયોજન છે ?

જવાબ

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હા, જી.

---------

આણંદ જિલ્લામાં કૃષિ વીજ જોડાણોની પડતર અરજીઓ

* ૧૭૨૯૮ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી કૃષિ વીજ જોડાણોની અરજીઓ પડતર છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉકત જિલ્લામાં તાલુકાવાર કેટલા કૃષિ વીજ જોડાણો અપાયા, અને

(૩) બાકી રહેતા વીજ જોડાણો કેટલા સમયમાં આપવામાં આવશે ?

જવાબ

(૧) અને (૨) : આણંદ જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણની પડતર અરજીઓ અને છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ | |
|---|---|---|
| | છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણ | પડતર અરજીઓ |
| આણંદ | ૩૯૧ | ૩૬૧ |
| બોરસદ | ૨૮૮ | ૧૨૦ |
| આંકલાવ | ૧૯૭ | ૧૩૧ |
| ઉમરેઠ | ૨૬૨ | ૩૭૨ |
| પેટલાદ | ૧૮૭ | ૧૨૦ |
| ખંભાત | ૧૨૪ | ૧૩૪ |
| સોજીત્રા | ૧૩૯ | ૧૬૭ |

(૩) કૃષિ વીજ જોડાણ, અરજી નોંધણીના અગ્રતાક્રમ અનુસાર આપવામાં આવતા હોય છે. કૃષિ વીજ જોડાણની નોંધણી અને વીજ જોડાણ આપવાની પ્રક્રિયા એ સતત

ચાલતી પ્રક્રિયા છે. નવી ઉભી કરવાની થતી માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વીજતંત્ર પર પડનાર બોજો આ તમામ બાબતોને ધ્યાને લઈને અગ્રતાક્રમ અનુસાર શક્ય તેટલી ઝડપથી શક્ય તેટલા વધુ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

---------

<p a g e પાલનપુર શહેરમાં સી.એન.જી. પંપની પુરતી સુવિધા આપવા બાબત

* ૧૯૨૩૪ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : તા.૧૪-૭-૧૪ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૦૨૧૦ (અગ્રતા ૧૮૭) ના અનુસંધાને માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાલનપુર શહેરમાં ઓનલાઇન સી.એન.જી. સ્ટેશનની સ્થાપના કરવા માટે જી.એસ.પી.સી. ગેસ કંપનીએ પી.એન.જી.આર.બી. માં જુન-૨૦૧૧ માં EOL (Expression of Interest) જમા કરાવેલ તે પી.એન.જી. આર.બી. ની મંજુરી બાદ આગળની કાર્યવાહી થઇ શકશે તે હકીકત સાચી છે, | (૧) જીએસપીસી ગેસ કંપનીએ જુન-૨૦૧૧ માં બનાસકાંઠા જિલ્લામાં શહેરી ગેસ વિતરણની સ્થાપના કરવા માટે પી.એન.જી.આર.બી. નવી દિલ્હીમાં EOL (Expression of Interest) જમા કરાવેલ હતું.<br>પી.એન.જી.આર.બી. ની મંજુરી બાદ આગળની કાર્યવાહી થઇ શકશે તે હકીકત સાચી છે. |
| (૨) જો હા, તો તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ સરકારે તેના ઉકેલ માટે શી વ્યવસ્થા કરી છે, અને | (૨) EOL (Expression of Interest) જમા કરાવ્યા બાદ બીડની કાર્યવાહી ઝડપથી કરવા રાજ્ય સરકારે તા.૩૦-૧૧-૨૦૧૧, તા.૨૮-૦૩-૨૦૧૩ અને જીએસપીસી ગેસ દ્વારા તા.૩૦-૧૦-૨૦૧૩ ના પત્રોથી પી.એન.જી.આર.બી. ને રજુઆત કરેલ હતી. ત્યારબાદ તા.૦૮-૦૯-૨૦૧૪ ની જાહેર નોટિસથી પી.એન.જી.આર.બી. નવી દિલ્હી દ્વારા બનાસકાંઠા જિલ્લામાં શહેરી ગેસ વિતરણ નેટવર્કની સ્થાપના કરવા માટે સ્પર્ધાત્મક બિડિંગની પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી અને તા.૨૩-૦૨-૨૦૧૫ થી સ્પર્ધાત્મક બિડિંગની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, જે પૂર્ણ થયા બાદ સફળ બિડર દ્વારા બનાસકાંઠા જિલ્લામાં શહેરી ગેસ વિતરણ નેટવર્કની સ્થાપના કરી શકાય. |
| (૩) આ કામગીરીના મોનેટરીંગ માટે રાજ્યકક્ષાએ કોને જવાબદારી સોંપવામાં આવેલ છે ? | (૩) સ્પર્ધાત્મક બિડિંગની પ્રક્રિયાનું મોનેટરીંગ (સંચાલન) પી.એન.જી.આર.બી. નવી દિલ્હી દ્વારા કરવામાં આવે છે. |

---------

વઢવાણ તાલુકાના કેરાળા ગામમાં રેતી ખનિજની ૧૧ લીઝ ધારકો પાસેથી ખોટી રીતે દંડ વસૂલ કરવા બાબત

* ૧૭૩૦૩ ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી, સુરેન્દ્રનગર દ્વારા સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના કેરાળા ગામના સામાન્ય રેતી ખનિજના ૧૧ લીઝ ધારકો દ્વારા ગુજરાત માઇનોર મીનરલ કન્સેશન રૂલ્સ-૨૦૧૦ ની કલમ-૩૬ નો ભંગ કરેલ ના હોવા છતાં સત્તાનો ખોટી રીતે દૂરોપયોગ કરી ડબલ ધ ડેડરેન્ટનો પ્રતિ હેક્ટર દંડ વસુલ કરવા બાબતની કોઇ ફરિયાદ સરકારને મળેલ છે કે કેમ, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો મળેલ ફરિયાદ અન્વયે જવાબદાર અધિકારીઓ સામે શાં પગલાં લેવામાં આવ્યાં, અને | (૨) અને (૩)<br>પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) આ નિર્દોષ લીઝ ધારકો પાસેથી ખોટી રીતે વસુલાયેલા ડબલ ધ ડેડરેન્ટની રકમ સંબંધિત લીઝ ધારકોને પરત કરવા સરકારે શાં પગલાં લીધાં ? | |

ફાલ્ગુન ૨૯, ૧૯૩૬ શાકે
અતારાંકિત પ્રશ્નો

---------

સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં રેતી અને માટીની લીઝ પરમીટ આપવા

* ૧૯૧૯૪ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા અને બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર રેતી અને માટીની કુલ કેટલી લીઝ પરમીટ આપવામાં આવી,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં રેતી અને માટીની કોઇ લીઝ આપેલ નથી, ૧૬૪ પરમીટ આપેલ છે જ્યારે બનાસકાંઠા જિલ્લામાં ૪૪ લીઝ આપેલ છે અને ૯૩ પરમીટ આપેલ છે જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| અનુ. | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | રેતી | | માટી | |
|---|---|---|---|---|---|---|
| | | | લીઝ સંખ્યા | પરમીટ સંખ્યા | લીઝ સંખ્યા | પરમીટ સંખ્યા |
| ૧ | સાબરકાંઠા | ઇડર | - | ૩૪ | - | ૦૬ |
| | | ખેડબ્રહ્મા | - | ૧૮ | - | ૦૧ |
| | | તલોદ | - | ૦૬ | - | ૦૮ |
| | | પ્રાંતિજ | - | ૧૦ | - | ૦૪ |
| | | વડાલી | - | ૦૧ | - | - |
| | | હિંમતનગર | - | ૩૪ | - | ૪૧ |
| | | પોશીના | - | ૦૧ | - | - |
| ૨ | બનાસકાંઠા | કાંકરેજ | ૩૧ | - | - | - |
| | | ડીસા | ૦૮ | ૦૧ | - | ૦૮ |
| | | વડગામ | ૦૫ | - | - | ૦૮ |
| | | પાલનપુર | - | ૦૨ | - | ૭૧ |
| | | દાંતા | - | - | - | ૦૧ |
| | | વાવ | - | - | - | ૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ સદર લીઝ ધારકોને કેટલા જથ્થા ક્ષેત્રફળની મંજૂરી આપવામાં આવી, અને

(૨) લીઝ કોઇ ચોક્કસ જથ્થાના ઉત્ખનન માટે મંજૂર કરવામાં આવતી નથી. ઉક્ત સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં શૂન્ય તથા બનાસકાંઠા જિલ્લામાં ૧૭૪-૮૬-૦૩ હે.વિસ્તાર ક્ષેત્રફળની મંજૂરી આપવામાં આવી.

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલા જથ્થા અને કિંમતનું ખનન કરવામાં આવ્યું ?

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી સાબરકાંઠા જિલ્લામાં કોઇ ખનન થયેલ નથી જ્યારે બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૩ માં ૭૩૯૭૩૫ મે.ટન જથ્થાનું ૮૮.૭૭ લાખની કિંમતનું તથા વર્ષ ૨૦૧૪ માં ૫૭૬૦૦૪ મે.ટનનું રૂ.૬૯.૧૨ લાખની કિંમતનું ખનન કરવામાં આવેલ છે.

---------

જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સૌર ઉર્જાના પ્રોજેક્ટો

* ૧૮૬૮૨ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર સૌર ઉર્જાના કેટલાં પ્રોજેક્ટો આવેલા છે, અને

જવાબ

(૧)

| જિલ્લાનું નામ | પ્રોજેક્ટની સંખ્યા |
|---|---|
| જામનગર | ૦૧ |
| દેવભૂમિ દ્વારકા | ૦૦ |

(૨) ઉક્ત પ્રોજેક્ટોમાંથી છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કેટલી

(૨) ઉક્ત પ્રોજેક્ટોમાંથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે

સૌર વીજળી ઉત્પન્ન થઇ ?

મુજબની સૌર વીજળી ઉત્પન્ન થઇ છે.

| વર્ષ | સૌર ઉર્જા વીજ ઉત્પાદન |
|---|---|
| ૨૦૧૩ | ૪૩.૯૩ મીલીયન યુનીટ |
| ૨૦૧૪ | ૪૪.૫૦ મીલીયન યુનીટ |

---------

છોટા ઉદેપુર જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે રકમ ફાળવવા બાબત

* ૧૭૫૪૬ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્ય સરકારે દરેક જિલ્લામાં પ્રવાસન વિકાસ માટે કેટલી રકમ ફાળવવાનું આયોજન ક્યારે કર્યું, અને

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ રાજ્ય સરકારે દરેક જિલ્લામાં ડિસેમ્બર ૨૦૧૪ માં પ્રવાસનના વિકાસ માટે નીચે મુજબની રકમ ફાળવવાનું આયોજ કરેલ છે.

| | | (રૂપિયા લાખમાં) |
|---|---|---|
| • | ડાંગ જિલ્લો | ૧૬૬૦.૦૦ |
| • | વલસાડ જિલ્લો | ૧૬૭૦.૦૦ |
| • | સુરત જિલ્લો | ૧૦૦૦.૦૦ |
| • | નર્મદા જિલ્લો | ૨૦.૦૦ |
| • | તાપી જિલ્લો | ૨૦.૦૦ |
| • | વડોદરા જિલ્લો | ૬૪૦૦.૦૦ |
| • | મહીસાગર જિલ્લો | ૧૦૦.૦૦ |
| • | નવસારી જિલ્લો | ૫૦૦.૦૦ |
| • | આણંદ જિલ્લો | ૨૦.૦૦ |
| • | પંચમહાલ જિલ્લો | ૧૫૦૦.૦૦ |
| • | ગાંધીનગર જિલ્લો | ૪૦૦.૦૦ |
| • | અમદાવાદ જિલ્લો | ૧૫૦૦.૦૦ |
| • | મહેસાણા જિલ્લો | ૩૨૦.૦૦ |
| • | બનાસકાંઠા જિલ્લો | ૨૦.૦૦ |
| • | અરવલ્લી જિલ્લો | ૫૦૦.૦૦ |
| • | સુરેન્દ્રનગર જિલ્લો | ૫૭૫.૦૦ |
| • | જુનાગઢ જિલ્લો | ૨૦૦.૦૦ |
| • | પોરબંદર જિલ્લો | ૩૦૦.૦૦ |
| • | જામનગર જિલ્લો | ૧૫૦.૦૦ |
| • | દેવભૂમિ દ્વારકા જિલ્લો | ૨૨૦૦.૦૦ |
| • | ગીર સોમનાથ જિલ્લો | ૧૦૦૦.૦૦ |
| • | ભાવનગર જિલ્લો | ૨૨૫.૦૦ |
| • | અમરેલી જિલ્લો | ૨૦.૦૦ |
| • | કચ્છ જિલ્લો | ૧૨૫૦.૦૦ |

આ ઉપરાંત ગુર્જરી ગ્રામ્ય વિકાસ યોજના હેઠળ રૂપિયા ૧૦/- કરોડની રકમ નિયત કરેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ક્યા સ્થળે કેવા પ્રકારની કામગીરી માટે કેટલી રકમની ફાળવણી કરવામાં આવી ?

(૨) ઉક્ત સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં કોઇ રકમની ફાળવણી કરવામાં આવી નથી.

---------

પવનચક્કી અને સૌર ઉર્જાનું વીજ ઉત્પાદન

* ૧૭૨૯૬ શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) રાજ્યમાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પવનચક્કી અને સૌર ઉર્જાનું કેટલું વીજ ઉત્પાદન થયું,

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પવનચક્કી અને સૌર ઉર્જાનું વીજ ઉત્પાદન નીચે મુજબ છે.

(અ) પવન ઉર્જા દ્વારા વીજ ઉત્પાદન

| અ.નં. | કેલેન્ડર વર્ષ | કુલ વીજ ઉત્પાદન |
|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૫૧૪૬.૭૪ મીલીયન યુનિટ |
| ૨ | ૨૦૧૪ | ૫૬૬૨.૩૦ મીલીયન યુનિટ |

(બ) સૌર ઉર્જા દ્વારા વીજ ઉત્પાદન

| અ.નં. | કેલેન્ડર વર્ષ | કુલ વીજ ઉત્પાદન |
|---|---|---|
| ૧ | ૨૦૧૩ | ૧૩૬૧.૦૫ મીલીયન યુનિટ |
| ૨ | ૨૦૧૪ | ૧૪૪૪.૩૮ મીલીયન યુનિટ |

(૨) ઉત્પાદન થયેલ વીજ પૈકી વર્ષવાર પવનચક્કી અને સૌર ઉર્જાની કેટલી વીજળી શા ભાવે ખરીદી, અને

(૨) વીજ ખરીદ કરાર હેઠળ વીજ કંપનીઓ દ્વારા માન. ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા માન્ય થયેલ દરે ખરીદી કરવામાં આવેલ વીજળીના સરેરાશ દરની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વિગત | ૨૦૧૩ | | ૨૦૧૪ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|---|
| | | મી.યુ. | રૂ.યુનિટ | મી.યુ. | રૂ.યુનિટ |
| ૧ | પવનઉર્જા | ૩૨૫૮ | ૩.૪૦ | ૩૭૪૭ | ૩.૫૧ |
| ૨ | સૌર ઉર્જા | ૧૬૩ | ૧૩.૪ | ૧૩૭૫ | ૧૩.૩૬ |

(૩) આ વીજ ખરીદીથી સરકારે વાર્ષિક કેટલી રકમ ચૂકવવી પડી ?

(૩) આ વીજ ખરીદ કરાર પેટે વર્ષ ૨૦૧૩ માં રૂ.૨૯૦૮ કરોડ અને વર્ષ ૨૦૧૪ માં રૂ.૩૧૫૬ કરોડ વીજ કંપની દ્વારા ચૂકવવામાં આવેલ છે.

---------

રાજ્યમાં વીજળી ઉત્પાદન માટે કોલસો મળવા બાબત

* ૧૯૩૦૯ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર ઉર્જાના ઉત્પાદન માટે કોલસો ક્યાંથી મેળવે છે, અને

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની જીએસઇસીએલ દ્વારા વીજ ઉત્પાદન માટે જરૂરી કોલસો કેન્દ્ર સરકાર હસ્તકની કોલ ઇન્ડિયા કંપનીની સબસીડરી કંપની સાઉથ ઇસ્ટર્ન કોલ ફીલ્ડસ લીમીટેડ તથા વેસ્ટર્ન કોલ ફીલ્ડસ લીમીટેડ સાથે થયેલ કોલસાના સપ્લાય કરાર મુજબ મેળવવામાં આવે છે. તેમજ કેન્દ્ર સરકાર દ્વારા દર્શાવેલ માર્ગદર્શિકા અનુસાર આયાતી કોલસો વાપરવામાં આવે છે.

તદ્દઉપરાંત કેન્દ્ર સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની એનટીપીસી તથા ગુજરાત રાજ્યની વીજ ઉત્પાદન કંપની જીએસઇસીએલ વચ્ચે થયેલ કોલસાની પરસ્પર અદલા–બદલીના કરાર મુજબ એનટીપીસી દ્વારા ખરીદ કરવામાં આવેલ અને ગુજરાતના બંદરો પર લાવવામાં આવતો આયાતી કોલસો પણ મેળવવામાં આવે છે, જે જીએસઇસીએલ ના વીજ ઉત્પાદન કરતાં વીજ મથકોમાં વાપરવામાં આવે છે.

(૨) આ કોલસા દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજળીનું કેટલું ઉત્પાદન થયું ?

(૨) આ કોલસા દ્વારા તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ વીજળીનું ઉત્પાદન થયેલ છે.

| વર્ષ | વીજ ઉત્પાદન (મીલીયન યુનીટ્સ) |
|---|---|
| ફેબ્રુઆરી–૨૦૧૩ થી જાન્યુઆરી–૨૦૧૪ | ૧૩૨૭૩ |
| ફેબ્રુઆરી–૨૦૧૪ થી જાન્યુઆરી–૨૦૧૫ | ૧૭૭૨૭ |

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

બનાસકાંઠા જિલ્લાના ડીસા પાસે હવાઇપટ્ટીને કાર્યાન્વિત કરવાનું આયોજન

* ૧૮૭૧૭ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ડીસા પાસે આવેલ હવાઇપટ્ટીને કાર્યાન્વિત કરવા સરકાર દ્વારા શું આયોજન કરવામાં આવેલ છે ?

જવાબ

બનાસકાંઠા જિલ્લાના ડીસા પાસે આવેલ હવાઇપટ્ટી કેન્દ્ર સરકાર હસ્તક છે. તેને રાજ્ય સરકાર હસ્તક લીઝ ઉપર લેવા કેન્દ્ર સરકાર સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે. રાજ્ય સરકારની આ દરખાસ્ત કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ હોવાનો પ્રત્યુત્તર પ્રાપ્ત થયેલ છે.

---------

જુનાગઢ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વાયર બદલવાની કામગીરી

* ૧૭૩૬૦ શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વીજ પુરવઠો થતાં વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની કામગીરી હેઠળ જૂનાગઢ જિલ્લામાં કેટલો વાયર બદલવામાં આવ્યો, અને

(૨) તે માટે કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) અને (૨)

જુનાગઢ જિલ્લામાં વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા ''સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના'' અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩–૧૪ માં રૂ.૨૬૩.૯૬ લાખના ખર્ચે ૭૯૪ કી.મી. વીજ વાયર અને વર્ષ ૨૦૧૪–૧૫ માં (તા.૩૧–૧૨–૨૦૧૪ અંતિત) રૂ.૩૯.૧૪ લાખના ખર્ચે ૧૧૩ કી.મી. વીજ વાયર આમ, કુલ રૂ.૩૦૩.૧૦ લાખનાં ખર્ચે ૯૦૭ કી.મી. જર્જરીત વીજ વાયર બદલવામાં આવ્યો.

---------

છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રને લોન સહાયની અરજીઓ

* ૧૭૬૦૪ શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે પશુપાલન માટે તબેલા માટે છેલ્લા બે વર્ષમાં લોન/સહાય મેળવવા કેટલી અરજીઓ તાલુકાવાર આવી,

જવાબ

(૧) છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પશુપાલન માટે તબેલા માટે લોન/સહાય મેળવવાની તાલુકાવાર અરજીઓ નીચે મુજબ આવેલ છે.

(૧) છોટાઉદેપુર જિલ્લોઃ–

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | પાવી જેતપુર | ૧૪૩ |
| ૨ | છોટાઉદેપુર | ૧૧૩ |
| ૩ | ક્વાંટ | ૫૫ |
| ૪ | સંખેડા | ૨૩૪ |
| ૫ | બોડેલી | ૨૪ |
| ૬ | નસવાડી | ૧૫૧ |
| | કુલ | ૭૨૦ |

(૨) વડોદરા જિલ્લોઃ–

| અ.નં. | તાલુકાનું નામ | કુલ |
|---|---|---|
| ૧ | વડોદરા શહેર | ૦ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૨૧૬ |
| ૩ | સાવલી | ૩૫૯ |

| | | |
|---|---|---|
| ૪ | ડેસર | ૨૫ |
| ૫ | વાઘોડીયા | ૩૯ |
| ૬ | ડભોઇ | ૧૫૩ |
| ૭ | પાદરા | ૫૨૯ |
| ૮ | કરજણ | ૧૦૯ |
| ૯ | શિનોર | ૯૨ |
| | કુલ | ૧૫૨૨ |

છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર અને વડોદરા જિલ્લામાં કુલ ૨૨૪૨ અરજીઓ આવેલ છે.

(૨) તે પૈકી તાલુકાવાર કેટલી મંજૂર કરવામાં આવી, કેટલી નામંજૂર કરવામાં આવી,

(૨) નીચે મુજબ અરજીઓ મંજૂર/નામંજૂર કરવામાં આવેલ છે.

(૧) છોટાઉદેપુર જિલ્લોઃ-

| અ. નં. | તાલુકાનું નામ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | | બેંક કક્ષાએ | |
|---|---|---|---|---|---|
| | | ભલામણ કરેલ અરજીઓ | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧ | પાવી જેતપુર | ૯૯ | ૨૪ | ૧૩૬ | ૧૦ |
| ૨ | છોટા ઉદેપુર | ૯૦ | ૧૪ | ૩૪ | ૧૫ |
| ૩ | ક્વાંટ | ૩૯ | ૧૨ | ૨૯ | ૧૦ |
| ૪ | સંખેડા | ૧૯૫ | ૨૩ | ૧૧૬ | ૨૨ |
| ૫ | બોડેલી | ૧૭ | ૫ | ૦ | ૬ |
| ૬ | નસવાડી | ૧૨૨ | ૧૯ | ૬૧ | ૧૨ |
| | કુલ | ૫૬૨ | ૯૭ | ૩૭૬ | ૭૫ |

(૨) વડોદરા જિલ્લોઃ-

| અ. નં. | તાલુકાનું નામ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | | બેંક કક્ષાએ | |
|---|---|---|---|---|---|
| | | ભલામણ કરેલ અરજીઓ | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧ | વડોદરા શહેર | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | વડોદરા ગ્રામ્ય | ૧૬૯ | ૨૦ | ૧૧૧ | ૨૬ |
| ૩ | સાવલી | ૨૭૧ | ૪૧ | ૫૭ | ૧૪૦ |
| ૪ | ડેસર | ૧૨ | ૬ | ૦ | ૪ |
| ૫ | વાઘોડીયા | ૧૮ | ૧૦ | ૯ | ૭ |
| ૬ | ડભોઇ | ૮૮ | ૨૭ | ૮૫ | ૭ |
| ૭ | પાદરા | ૪૬૪ | ૩૮ | ૨૦૦ | ૧૦૦ |
| ૮ | કરજણ | ૬૮ | ૨૪ | ૫૪ | ૧૪ |
| ૯ | શિનોર | ૫૬ | ૨૨ | ૪૯ | ૧૧ |

(૩) મંજુર કરેલ અરજીઓમાંથી કેટલાને લોન/સહાય ચુકવવામાં આવી,

(૩) બેંક દ્વારા મંજુર કરાયેલ અરજીઓમાં નીચે મુજબ લોન ચુકવવામાં આવેલ છે.

| વર્ષ | છોટાઉદેપુર | | વડોદરા | |
|---|---|---|---|---|
| | લોનના લાભાર્થી | સહાયના લાભાર્થી | લોનના લાભાર્થી | સહાયના લાભાર્થી |
| ૧-૨-૧૩ થી ૩૧-૧-૧૪ | ૨૫૦ | ૨૩૦ | ૩૧૧ | ૨૪૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ | ૧૨૬ | ૧૧૩ | ૨૫૪ | ૨૮૧ |
| કુલ | ૩૭૬ | ૩૪૩ | ૫૬૫ | ૫૩૦ |

(૪) કેટલી મંજુર અરજીઓની સહાય ચુકવવાની બાકી છે, અને

(૫) બાકી મંજુર અરજીઓને કેટલા સમયમાં લોન/સહાય ચુકવવામાં આવશે ?

(૪) અને (૫)

મંજુર કરેલ અરજીઓની નીચે મુજબ સહાય ચુકવવાની બાકી છે.

| છોટાઉદેપુર | વડોદરા | કુલ |
|---|---|---|
| ૪૬ | ૩૫ | ૮૧ |

બાકી મંજૂર કરેલ અરજીઓના સહાય ચુકવણાના હુકમ કરી દેવામાં આવેલ છે. બાકી મંજૂર કરેલ અરજીઓને લોન ચૂકવવાની કાર્યવાહી બેંક કક્ષાએથી થાય છે.

---------

ખેડા જિલ્લામાં ગેરકાયદેસર ખનિજ ચોરીના નોંધાયેલ કેસો

* ૧૭૭૯૦ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર ગેરકાયદે ખનિજ ચોરીના કેટલા કેસો નોંધાયા, અને કેટલી ફરિયાદો નોંધાઈ,

(૨) કેટલી કિંમતની ખનિજ ચોરી પકડાઈ,

(૩) આ પૈકી કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, અને

(૪) બાકી રહેલા કેસોમાં કયારે પગલાં લેવામાં આવશે ?

જવાબ

(૧)

| અનુ | તાલુકો | ખનિજ ચોરીના કેસોની સંખ્યા | ફરીયાદોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | કપડવંજ | ૪૩ | ૦૫ |
| ૨ | કઠલાલ | ૪૮ | ૦૫ |
| ૩ | ખેડા | ૩૪ | ૧૧ |
| ૪ | ઠાસરા | ૪૫ | ૦૭ |
| ૫ | નડીયાદ | ૨૩ | ૦૪ |
| ૬ | મહુધા | ૧૬ | ૦૪ |
| ૭ | મહેમદાવાદ | ૪૩ | ૧૦ |
| ૮ | માતર | ૧૩ | ૦૫ |
| ૯ | વસો | ૦૧ | ૦૧ |

(૨) રૂ.૪૭૨.૪૯ લાખની ખનિજ ચોરી પકડાઈ.

(૩) આ પૈકી ૨૨૫ કેસોનો નિકાલ કરવામાં આવ્યો.

(૪) બાકી રહેલ કુલ ૪૧ કેસો પૈકી ૦૭ કેસોમાં નોટીસ આપેલ છે, ૨૮ કેસોમાં રૂબરૂ સુનાવણીની કાર્યવાહી ચાલુમાં છે, ૦૩ કેસોમાં વસુલાતના હુકમો થયેલ છે તેમજ ૦૩ કેસોમાં આર.આર.સી. ઈસ્યુ થયેલ છે.

---------

જુનાગઢ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે કુટિર ઉદ્યોગ માટે લોન સહાય

* ૧૮૭૩૩ શ્રી હર્ષદભાઈ રીબડીયા (વિસાવદર) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે કુટિર ઉદ્યોગ માટે લોન સહાય મેળવવા માટે કુલ કેટલી અરજીઓ આવી,

(૨) આ અરજીઓ પૈકી કેટલી મંજુર કરવામાં આવી અને કેટલી નામંજુર કરવામાં આવી, અને

જવાબ

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર પાસે કુટિર ઉદ્યોગ માટે લોન સહાય મેળવવા માટે છેલ્લા બે વર્ષમાં ૩૧૬૫ અરજીઓ આવેલ છે.

(૨) આ અરજીઓ પૈકી નીચે મુજબની અરજીઓ મંજૂર/નામંજુર કરવામાં આવેલ છે.

| વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ | | બેંક કક્ષાએ | |
|---|---|---|---|---|
| | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| ૧-૨-૧૩ થી | ૧૬૭૩ | ૧૭૫ | ૬૪૨ | ૯૫૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૧-૧-૧૪ | | | | |
| ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ | ૯૬૨ | ૨૧૨ | ૫૭૭ | ૪૫૨ |
| કુલ | ૨૬૩૫ | ૩૮૭ | ૧૨૧૯ | ૧૪૦૭ |

(૩) કેટલા ઉદ્યોગોને બેન્કલોન સહાય આપવામાં આવી,

(૩) નીચે મુજબના લાભાર્થીઓના ઉદ્યોગોને બેન્કલોન સહાય આપવામાં આવેલ છે.

| વર્ષ | શ્રી વાજપાઈ બેંકેબલ યોજના | |
|---|---|---|
| | ચુકવેલ લોન | ચુકવેલ સહાય |
| ૧-૨-૧૩ થી ૩૧-૧-૧૪ | ૬૪૨ | ૬૪૯ |
| ૧-૨-૧૪ થી ૩૧-૧-૧૫ | ૫૭૭ | ૫૨૪ |

---------

સુરત જિલ્લામાં દસ લાખથી વધારે વેટ/ટેક્ષની બાકી રકમ

* ૧૯૩૧૯ શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૦૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સુરત જિલ્લામાં દસ લાખ કરતા વધારે રકમની વેટ/ટેક્ષની વસુલી બાકી હોય તેવા કેટલા કિસ્સા છે, અને

(૨) તા.૦૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ ઉક્ત જિલ્લામાં વેટ(સેલટેક્ષની) લહેણી કુલ કેટલી રકમ બાકી છે ?

જવાબ

(૧) ૮૭.

(૨) રૂ.૧૫૫૧૮.૩૩ લાખ.

---------

બોટાદ જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળની અરજીઓ

* ૧૮૨૭૩ ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બોટાદ જિલ્લામાં ૨૦૧૪-૧૫ વર્ષમાં તા.૩૧-૦૧-૨૦૧૫ સુધીમાં ઝૂંપડપટ્ટી વીજળી કરણ યોજના હેઠળ કેટલી અરજીઓ આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) અને (૨) બોટાદ જિલ્લામાં ''ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના'' અંતર્ગત ગૃહ વપરાશ વીજ જોડાણ માટે નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ મળેલ ૧૧૪૩ અરજીઓ પૈકી ૧૧૧૯ અરજીઓનો નિકાલ કરી વીજજોડાણ આપવામાં આવેલ છે.

---------

અમદાવાદની આબાદ ડેરીની જમીનની લીઝ આપવા બાબત

* ૧૭૮૧૬ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ અમદાવાદની આબાદ ડેરીની જમીન પ્રવાસન વિભાગ દ્વારા પ્રાપ્ત કરી રમત ગમત સંકુલ તેમજ સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને રાજ્યમાં પ્રવાસ હેતુને વેગ આપવા કઈ કંપનીને કેટલી રકમ માટે આ જમીન લીઝ ઉપર ક્યારે અપાઈ, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ કંપની દ્વારા કયા કામો હાથ ધરી કાર્યરત કરવામાં આવ્યા છે ?

જવાબ

(૧) એસ.ઈ. ટ્રાન્સસ્ટેડીયા પ્રા.લિ. કંપની, મુંબઈને વાર્ષિક રૂપિયા ૪,૦૨,૨૯૪.૮૮ના ભાડાથી ૩૫ વર્ષના લીઝ ઉપર આપવામાં આવેલ છે. જેમાં દર ત્રણ વર્ષે આગલા વર્ષની ભાડાની રકમ કરતાં ૧૦ % ની રકમનો વધારો કરવાનું ઠરાવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આ જગ્યાએ ખોદકામ, એન્ટીટરમાઈટ ટ્રીટમેન્ટ, વોટર પ્રુફીંગ, પી.સી.સી.,આર.સી.સી. રેન્ફોર્સમેન્ટ, શટરીંગ જેવી કામગીરી ચાલુમાં છે.

---------

અન્ય રાજ્યમાં વીજળી વેચવા બાબત

* ૧૮૬૯૭ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અન્ય રાજ્યમાં વીજળી વેચવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા તો કયાં રાજ્યમાં શા ભાવે કેટલી વીજળી વેચવામાં આવી, અને

જવાબ

(૧) અને (૨) હા જી. આ હકીકત સાચી છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ દ્વારા છેલ્લા બે વર્ષમાં અલગ અલગ રાજ્યોને વેંચવામાં આવેલ વીજળી અને તેના ભાવ ની વિગતો નીચે મુજબ છે.

| રાજ્ય | ૧–૦૨–૧૩ થી ૩૧–૦૧–૧૪ | | ૧–૦૨–૧૪ થી ૩૧–૦૧–૧૫ | |
|---|---|---|---|---|
| | મિ.યુ. | રૂ./યુનિટ | મિ.યુ. | રૂ./યુનિટ |
| કર્ણાટકા | ૧૮૧૦.૫૩ | ૪.૧૬ | ૨૬.૧૧ | ૪.૫૦ |
| ઉત્તરપ્રદેશ | ૧૯૦.૮૨ | ૩.૨૯ | ૪૫.૭૩ | ૩.૦૩ |
| દિલ્હી | ૨૦.૦૧ | ૪.૨૫ | – | – |
| મહારાષ્ટ્ર | – | – | ૧૧.૦૩ | ૨.૯૭ |
| પશ્ચિમ બંગાળ | – | – | ૫૦.૮૪ | ૩.૦૯ |

(૩) અન્ય રાજ્યમાં વીજળી વેચવાના શા કારણો હતા ?

(૩) વીજળીનો સંગ્રહ શક્ય નથી તેથી સૌપ્રથમ રાજ્યના કૃષિ સહિત તમામ પ્રકારના વીજ ગ્રાહકોની મહત્તમ વીજ માંગ પૂર્ણ પણે સંતોષી શકાય તેટલો વીજ પુરવઠો રાજ્ય દ્વારા સુનિશ્ચિત કરવામાં આવે છે. તેથી સામાન્ય સંજોગોમાં રાજ્યની વીજ માંગ પૂરી કર્યા બાદ રાજ્યમાં કેટલોક વીજ પુરવઠો સરપ્લસ રહે છે. ખાસ કરીને લો ડિમાન્ડના સમયગાળા દરમ્યાન રાજ્ય પાસે મહદ અંશે વીજ સરપ્લસ રહે છે, વધુમાં વીજ માંગ ઓછી હોવા છતાં તાંત્રિક કારણોસર વીજ મથકો ટેકનિકલ મિનિમમ સુધી જ બેક ડાઉન કરી શકાય છે. આવા પ્રસંગે ફિક્સડ કોસ્ટ તો ચૂકવવાની જવાબદારી હોય જ છે.

જેમ કે ચોમાસા દરમ્યાન, તહેવારોમાં અને રાત્રિ દરમ્યાન રાજ્યમાની વીજ માંગ ઓછી હોય ત્યારે અને તાંત્રિક કારણોસર વીજ મથકો ફરજિયાતપણે ટેકનિકલ મિનિમમ સુધી જ બેક ડાઉન કરી શકતા હોય ત્યારે આ જનરેટિંગ કેપેસિટીનો શ્રેષ્ઠત્તમ ઉપયોગ કરી શકાય તે સારુ વીજળી અન્ય રાજ્યોને વેચવામાં આવે છે.

---------

કચ્છ જિલ્લામાં સફેદ માટી માઈનીંગ લીઝમાં ગેરકાયદેસર

* ૧૭૫૨૫ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં સફેદ માટી માઈનીંગ લીઝમાં લીઝ હોલ્ડરોએ ગેરકાયદેસર ખાણ કામ કરેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા તો સરકારે આ અંગે શાં પગલાં લીધા ?

જવાબ

(૧) હા જી.

(૨) ૩ કેસમાં રૂ.૨૭.૩૫ લાખની દંડકીય રકમની વસૂલાત કરી છે અને ૧ કેસમાં રૂ.૪૬૬.૦૨ લાખની વસૂલાત કરવા નોટીસ આપી છે.

---------

ભાવનગર જિલ્લામાં ખનિજ ચોરીના કેસો

* ૧૮૨૮૨ શ્રી કેશુભાઇ હી. નાકરાણી(ગારીયાધાર) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખનિજ ચોરીના કેટલા કેસો કરવામાં

જવાબ

(૧) ૩૪૪.

આવેલ છે, અને

(૨) પકડાયેલ કેસોમાંથી કેટલી કેટલી રકમની ખનિજ ચોરી પકડાયેલ છે ?

(૨) રૂ.૨૪૧.૯૮ લાખ.

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વાયર બદલવાની ફરીયાદો

* ૧૮૬૪૬ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વીજ પૂરવઠામાં થતા વિક્ષેપ નિવારવા જર્જરિત વાયર બદલવાની તાલુકાવાર કુલ કેટલી ફરિયાદો છેલ્લા બે વર્ષમાં મળી,

(૨) તે પૈકી કેટલી ફરિયાદમાં કેટલા કિ.મી. વાયર છેલ્લાં બે વર્ષમાં બદલવામાં આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી ફરીયાદો પડતર છે ?

જવાબ

(૧), (૨) અને (૩) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વીજ પુરવઠામાં થતા વિક્ષેપ નિવારવા જર્જરિત વીજ વાયર બદલવાની કોઈ ફરીયાદ મળેલ નથી. પરંતુ રાજ્યના તમામ પ્રકારના વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજ પુરવઠો પૂરો પાડવાના ઉદ્દેશ થી જર્જરીત વીજ વાયર બદલવાની કામગીરી વીજ કંપની દ્વારા નિયમિત સ્વરૂપે હાથ ધરવામાં આવતી હોય છે. આ કામગીરીના ભાગ સ્વરૂપે મહીસાગર જિલ્લામાં ૯૯૪ કી.મી. અને પંચમહાલ જિલ્લામાં ૨૦૬ કી.મી. વીજ વાયર છેલ્લા બે વર્ષમાં બદલવામાં આવ્યો.

---------

અમરેલી જિલ્લામાં ગુજરાત વીજ અધિનિયમ-૨૦૦૩ મુજબ કલમ નં.૧૨૬માં નોંધાયેલ કેસો

* ૧૭૪૫૫ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ગુજરાત વીજ અધિનિયમ-૨૦૦૩ની જોગવાઈ મુજબ કલમ નં. ૧૨૬ અંતર્ગત છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કુલ કેટલા કેસો નોંધાયા,

(૨) તે પેટે કુલ કેટલી રકમની દંડનિય આકારણી કરવામાં આવી,

(૩) ઉપરોકત આકારણી પૈકી કુલ કેટલી રકમની દંડનીય વસુલાત કરવામાં આવી, અને

જવાબ

(૧), (૨) અને (૩) ગુજરાત વીજ અધિનિયમ-૨૦૦૩ ની કલમ-૧૨૬ હેઠળ નોંધાયેલ કેસોમાં પૂરવણી બિલ આપવામાં આવતા હોય છે. તદઅનુસાર અમરેલી જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વીજ અધિનિયમ-૨૦૦૩ની કલમ-૧૨૬ હેઠળ નોંધાયેલ કેસોની સંખ્યા, આ કેસોમાં આકારવામાં આવેલ પૂરવણી બિલની રકમ અને વસુલાત કરવામાં આવેલ રકમની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | કલમ ૧૨૬ હેઠળ નોંધાયેલ કેસોની સંખ્યા | આ કેસોમાં આકારવામાં આવેલ પૂરવણીબિલની રકમ (રૂ.લાખમાં) | વસુલવામાં આવેલ રકમ (રૂ.લાખમાં) | હપ્તાથી વસુલ કરવાની રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| અમરેલી | ૬૩૨૭ | ૩૨૮.૦૦ | ૩૦૪.૦૦ | ૨૪.૦૦ |
| લાઠી | ૪૯૨૫ | ૨૨૪.૦૦ | ૨૧૦.૦૦ | ૧૪.૦૦ |
| લીલીયા | ૧૬૮૮ | ૭૨.૦૦ | ૬૬.૦૦ | ૦૬.૦૦ |
| બાબરા | ૫૦૦૪ | ૨૨૯.૬૩ | ૨૧૮.૬૬ | ૧૦.૯૭ |
| ધારી | ૬૨૯૪ | ૨૬૭.૦૦ | ૨૪૭.૦૦ | ૨૦.૦૦ |
| બગસરા | ૩૦૦૩ | ૧૫૦.૦૦ | ૧૪૫.૦૦ | ૦૫.૦૦ |
| કુંકાવાવ | ૫૦૩૦ | ૨૪૧.૧૧ | ૨૨૮.૨૬ | ૧૨.૮૫ |
| સાવરકુંડલા | ૫૬૯૭ | ૨૯૯.૦૦ | ૨૭૯.૦૦ | ૨૦.૦૦ |
| જાફરાબાદ | ૨૨૮૫ | ૮૮.૦૦ | ૮૩.૦૦ | ૦૫.૦૦ |
| ખાંભા | ૨૯૦૪ | ૮૯.૦૦ | ૮૦.૦૦ | ૦૯.૦૦ |
| રાજુલા | ૬૧૭૦ | ૨૨૬.૦૦ | ૨૦૯.૦૦ | ૧૭.૦૦ |

(૪) આ કાર્યવાહીને કારણે નીચે મુજબના લાભાલાભ થયેલ છે (અ) અમરેલી જિલ્લાની વીજ ખોટ ૨૦૧૨-૧૩માં ૩૩.૪૨ ટકા હતી જે ઘટીને ૨૦૧૩-૧૪માં ૨૮.૦૫ ટકા થયેલ છે.

(૪) ઉપરોકત કાર્યવાહીથી વીજવપરાશમાં અનિયમિતતા અને ચોરીનું દુષણ ડામવામાં શાં લાભાલાભ થયા ?

(બ) વીજ ગ્રાહકોમાં તેઓની સામાજિક પ્રતિષ્ઠામાં ઘટાડો થવાની બીકથી વીજચોરી ન કરવા બાબતે જાગૃતિ વધેલ છે.

(ક) વીજ ચોરી પકડાય તેવા સ્થાનોએ પરંપરાગત વીજ વાયરોના બદલે ઈન્સ્યુલેટેડ વીજ વાયરોનો વપરાશ વધવાથી લંગરીયા દ્વારા થતી વીજ ચોરીમાં ઘટાડો નોંધાયેલ છે.

(ડ) મોટા ઔધોગિક તેમજ વાણિજ્યક સંસ્થાપનો પર અધતન ઈલેકટ્રોનીક વીજ મીટરો લગાડવાથી વીજ વપરાશની નિયમિત નોંધણી અને અવલોકન શક્ય બનેલ છે. તેથી આ કક્ષાના ગ્રાહકો વીજચોરી કરતા અટકે છે.

(ઈ) દરેક સબ ડીવીઝન કક્ષાએથી વીજ સ્થાપનોના નિયમિત ચેકીંગ અને વીજ કંપની/ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. દ્વારા સમયાંતરે થતા માસ ચેકીંગને કારણે વીજચોરીમાં ઘટાડો નોંધાયેલ છે.

---------

મહેસાણા જિલ્લામાં ખાણ અને ખનિજ ખાતામાં લીઝ માટે માંગણીઓ

* ૧૯૦૪૯ શ્રી પ્રહલાદભાઈ ઈ. પટેલ(વિજાપુર) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ખાણ અને ખનિજ ખાતામાં કયા પ્રકારની ખનિજની લીઝ માટે કેટલી માંગણીઓ આવી, અને

(૨) તે અન્વયે કેટલી મંજૂર થઈ અને કેટલી નામંજૂર થઈ, નામંજૂર થવાના કારણો શા છે?

જવાબ

(૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્ય ખનિજની માઈનીંગ લીઝની કોઈ માગણી આવેલ નથી, જયારે ગૌણ ખનિજની કવોરી લીઝ માટે ૧૫૧ માંગણીઓ આવેલ છે.

(૨) તે અન્વયે ૦૨ માંગણીઓ મંજૂર થયેલ છે, જયારે ૦૩ માંગણીઓ નીચેના કારણોસર નામંજૂર થયેલ છે.

(૧) મહેસૂલી/તાંત્રીક અભિપ્રાય નકારાત્મક હોવાથી
(૨) અરજદારશ્રીએ અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ હોવાથી
(૩) માંગણીવાળા વિસ્તારનો જાહેર હરાજીવાળા બ્લોકમાં સમાવેશ થવાના કારણોસર નામંજૂર થયેલ છે.

---------

મહિસાગર અને ખેડા જિલ્લામાં વેટ/વેચાણવેરાના પાડેલ દરોડા

* ૧૭૮૫૫ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહિસાગર અને ખેડા જિલ્લામાં તાલુકાવાર વેટ/વેચાણવેરાના કુલ કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) દરોડા દરમિયાન કેટલી રકમના નાણાકીય ગેરરીતિઓ પકડવામાં આવી, અને

જવાબ

(૧)

| મહિસાગર જિલ્લો | | ખેડા જિલ્લો | |
|---|---|---|---|
| તાલુકો | દરોડા | તાલુકો | દરોડા |
| લુણાવાડા | ૧ | ખેડા | ૨ |
| સંતરામપુર | ૧ | કઠલાલ | ૧ |
| | | માતર | ૧ |
| | | નડીયાદ | ૪૫ |
| | | ઠાસરા | ૮ |
| | | મહેમદાવાદ | ૮ |
| | | મહુધા | ૪ |
| | | કપડવંજ | ૨ |
| | | વસો | ૧ |
| કુલ | ૨ | કુલ | ૭૨ |

(૨)

| જિલ્લો | રકમ (રૂ. લાખમાં) |
|---|---|
| મહિસાગર | ૧.૦૫ |

| | |
|---|---|
| ખેડા | ૨૫૬.૧૯ |
| કુલ | ૨૫૭.૨૪ |

(૩) કેટલા ઈસમો સામે કાનુની કાર્યવાહી કરવામાં આવી?

(૩) ૬૧ ઈસમો સામે ગુજરાત મૂલ્ય વર્ધિત વેરા અધિનિયમ–૨૦૦૩ અન્વયે નોટીસ આપી કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

દાહોદ જિલ્લામાં વેટ/સેલટેક્સની આવક

* ૧૯૦૨૭ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાંથી સરકારને વેટ પેટે કેટલી આવક થઈ, અને

(૨) તે અન્વયે કેટલી રકમ વસુલ કરવાની બાકી છે, અને તે કેટલા સમયમાં વસુલવામાં આવશે?

જવાબ

(૧) રૂ. ૮૪.૩૭ કરોડ.

(૨) રૂ. ૦.૮૨ કરોડ વસુલવાની બાકી અને બાકી રકમ શકય તેટલી ત્વરાએ વસુલવામાં આવશે.

---------

જૂનાગઢ જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે લોન મેળવવાની અરજીઓ

* ૧૭૩૦૫ શ્રી બાબુભાઈ કા. વાજા(માંગરોળ) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર કુટિર ઉદ્યોગ માટે કેટલી અરજીઓ લોન મેળવવા માટે આવેલ,

(૨) તે અન્વયે કેટલી અરજીઓ મંજુર કરી લોન ચુકવવામાં આવી, અને

(૩) કેટલી અરજીઓ પડતર છે, આવી પડતર અરજીઓનો નિકાલ કયાં સુધીમાં કરવામાં આવશે?

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર લોન મેળવવા માટે છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ અરજીઓ આવેલ છે.

| અ. નં. | તાલુકાનું નામ | ૧–૧–૨૦૧૩ થી ૩૧–૧૨–૧૩ | ૧–૧–૨૦૧૪ થી ૩૧–૧૨–૧૪ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૭૯૨ | ૫૪૧ | ૧૩૩૩ |
| ૨ | ભેંસાણ | ૯૧ | ૭૩ | ૧૬૪ |
| ૩ | વિસાવદર | ૧૩૬ | ૭૭ | ૨૧૩ |
| ૪ | મેંદરડા | ૧૩૬ | ૬૫ | ૨૦૧ |
| ૫ | માળીયા (હા) | ૧૦૭ | ૭૯ | ૧૮૬ |
| ૬ | કેશોદ | ૨૬૫ | ૧૪૮ | ૪૧૩ |
| ૭ | માંગરોળ | ૧૪૫ | ૧૭૯ | ૩૨૪ |
| ૮ | વંથલી | ૧૧૪ | ૪૬ | ૧૬૦ |
| ૯ | માણાવદર | ૧૫૬ | ૬૧ | ૨૧૭ |
| | કુલઃ– | ૧૯૪૨ | ૧૨૬૯ | ૩૨૧૧ |

(૨) તે અન્વયે નીચે મુજબ અરજીઓ મંજુર કરી લોન આપવામાં આવેલ છે.

| વર્ષ | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ બેંકને કરેલ ભલામણ | બેંક કક્ષાએ મંજૂર કરી લોન ચૂકવવામાં આવી |
|---|---|---|
| ૧–૧–૧૩ થી ૩૧–૧૨–૧૩ | ૧૬૯૫ | ૬૪૫ |
| ૧–૧–૧૪ થી ૩૧–૧૨–૧૪ | ૯૮૯ | ૫૮૫ |
| કુલઃ– | ૨૬૮૪ | ૧૨૩૦ |

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૪ અંતિત નીચે મુજબ અરજીઓ પડતર રહેલ છે.

| જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાઓ | બેંક કક્ષાએ |
|---|---|
| ૨૨ | ૨૦૭ |

ઉક્ત સ્થિતિએ પડતર રહેલ અરજીઓનો નિકાલ સામાન્યતઃ નીચે મુજબ કરવામાં આવતુ હોય છે.
(૧) અરજદારો તરફથી જરૂરી પુર્તતા થયેથી જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ નિકાલ કરવામાં આવે છે.
(૨) અરજદારો તરફથી જરૂરી પુર્તતા થયેથી બેંક કક્ષાએ નિકાલ કરવામાં આવે છે.

---------

પંચમહાલ જિલ્લામાં કુટીર ઉદ્યોગ માટે સહાય ચૂકવવા બાબત

* ૧૯૨૧૦ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગરીબ કલ્યાણ મેળાઓમાં કુટિર ઉદ્યોગો માટે કોઈ સહાય ચૂકવવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ વર્ષવાર અને તાલુકાવાર કઈ યોજનાઓ હેઠળ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

જવાબ

(૧) હા.

(૨) ઉક્ત સ્થિતિએ ગરીબ કલ્યાણ મેળાઓમાં માનવ કલ્યાણ યોજના હેઠળ વર્ષવાર અને તાલુકાવાર પત્રક–૧ મુજબની સહાય ચૂકવવામાં આવી.

પત્રક–૧

| ગરીબ કલ્યાણ મેળા દરમ્યાન ચુકવેલ સહાય | | | | | |
|---|---|---|---|---|---|
| માનવ કલ્યાણ યોજના | | ૨૦૧૩<br>તા. ૦૧–૦૧–૨૦૧૩ થી<br>તા. ૩૧–૧૨–૨૦૧૩ | | ૨૦૧૪<br>તા. ૦૧–૦૧–૨૦૧૪ થી<br>તા. ૩૧–૧૨–૨૦૧૪ | |
| અ. નં. | તાલુકાનું નામ | વિતરણ કરેલ ટુલકીટોની સંખ્યા | રકમ રૂ. (લાખમાં) | વિતરણ કરેલ ટુલકીટોની સંખ્યા | રકમ રૂ. (લાખમાં) |
| ૧ | ગોધરા | ૨૭૯ | ૧૩.૯૫ | ૨૪૨ | ૧૨.૧૦ |
| ૨ | કાલોલ | ૯૯ | ૪.૯૫ | ૧૨૨ | ૬.૧૦ |
| ૩ | મોરવા | ૪૯ | ૨.૪૫ | ૧૩૫ | ૬.૭૫ |
| ૪ | શહેરા | ૩૩૦ | ૧૬.૫૦ | ૨૭૭ | ૧૩.૮૫ |
| ૫ | હાલોલ | ૧૩૮ | ૬.૯૦ | ૨૨૮ | ૧૧.૪૦ |
| ૬ | ઘોઘંબા | ૧૬૫ | ૮.૨૫ | ૧૨૮ | ૬.૪૦ |
| ૭ | જાબુંઘોડા | ૯૫ | ૪.૭૫ | ૧૯ | ૦.૯૫ |
| | કુલઃ– | ૧૧૫૫ | ૫૭.૭૫ | ૧૧૫૧ | ૫૭.૫૫ |

---------

જામનગર જિલ્લામાં તાત્કાલિક વીજ જોડાણ માટેની અરજી

* ૧૯૨૩૭ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : તા. ૨૫/૦૨/૨૦૧૩ના રોજ સભાગૃહમાં રજુ થયેલ તારાંકિત પ્રશ્નક્રમાંક –૧૦ (અગ્રતા–૬૫)ના અનુસંધાને માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લામાં સને ૨૦૧૨ના વર્ષમાં અપુરતો અને અનિયમિત વરસાદ થવાથી ઘાસચારાની અછતને પહોંચી વળવા રાજ્ય સરકારે ૧૫૦૦૦ નવા કૃષિ વીજ જોડાણ આઉટ ઓફ ટર્ન અગ્રિમતાના ધોરણે આપવાની યોજના બનાવેલ તેમાં જામનગર અને જોડિયા તાલુકામાં અનુક્રમે ૬૩૧ અને ૨૦ અરજીઓ મામલતદારશ્રી મારફતે તા. ૩૧–૧૨–૨૦૧૨ની સ્થિતિએ મળેલ હતી તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ આ અરજીઓ પૈકી કેટલા વીજ જોડાણો આપવાના બાકી છે, અને

જવાબ

(૧) (૨) અને (૩) રાજ્યમાં વર્ષ–૨૦૧૨માં ચોમાસાની શરૂઆતમાં થયેલ ઓછા વરસાદને કારણે ઉભી થયેલ ઘાસચારાની અછતને પહોંચી વળવા ૧૫૦૦૦ નવા કૃષિ વીજ જોડાણો ઘાસચારો ઊગાડવા માટે આઉટ ઓફ ટર્ન અગ્રિમતાના ધોરણે આપવાના નિર્ણય અન્વયે જામનગર જિલ્લાના જામનગર તાલુકામાં ૬૩૧ અને, જોડીયા તાલુકામાં ૨૦ અરજીઓ ડિસેમ્બર ૨૦૧૨ સુધીમાં મળેલ હતી, પરંતુ વર્ષ ૨૦૧૨ના ચોમાસામાં ત્યારબાદ થયેલ પાછોતરા વરસાદના કારણે આ પ્રકારે આઉટ ઓફ ટર્ન કોઈ વીજ

(૩) બાકી રહેવાના શા કારણો છે? — જોડાણ આપવામાં આવેલ નથી.

---------

જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ઔદ્યોગિક એકમ પાસે વેટની રકમ વસુલ કરવા બાબત

* ૧૯૨૨૦ શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં કોઈ ઔદ્યોગિક એકમ પાસેથી વેટની રકમ વસુલ કરવાની બાકી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કયાં કયાં ઔદ્યોગિક એકમ પાસેથી કેટ કેટલી રકમ કયારથી વસુલ કરવાની બાકી છે, અને | (૨) અને (૩) સામેલ પત્રક મુજબ. |
| (૩) ઉકત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આવા ઔદ્યોગિક એકમો સમયસર વેટ ન ભરતાં હોય તો કયા કયા એકમો સામે શાં પગલાં લેવામાં આવ્યા? | |

પત્રક

| એકમનું નામ | | વેટની બાકી રકમ (રૂ. કરોડમાં) | માંગણું ઉપસ્થિત થયા તારીખ | છેલ્લા એક વર્ષમાં લીધેલ પગલાની વિગત |
|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૫ |
| જૂનાગઢ જિલ્લો | | | | |
| ૧ | વિનય ઈન્ડસ્ટ્રીઝ | ૦.૦૬ | ૨૯/૦૩/૧૨ | વિવાદ અધિકારી દ્વારા તા. ૩૧–૩–૨૦૧૫ સુધી મનાઈ હુકમ આપેલ છે. |
| ૨ | શ્રીજી કોટ સ્પીન પ્રા.લી. | ૦.૦૯ | ૨૯/૦૩/૧૪ | ક–૪૪ અન્વયે તા. ૧૩–૦૮–૨૦૧૪ના રોજ બેંકટાંચ મુકેલ છે. |
| ગીર સોમનાથ જિલ્લો | | | | |
| ૧ | નૂરાની એક્સ્પોર્ટ્સ પ્રા.લી. | ૫.૮૬ | ૩૧/૦૩/૧૪ | જમીન મહેસૂલ કાયદા અન્વયે ક–૧૫૨ની નોટીસ તા.૨૦–૫–૨૦૧૪થી ભાગીદારોને આપેલ છે. જમીન મહેસુલ કાયદા અન્વયે ક–૨૦૦ની નોટીસ તા. ૫–૬–૨૦૧૪થી આપેલ છે. મિલકત પર બોજાનોંધ કરવા તા. ૬–૬–૧૪ થી જણાવેલ છે. સ્થાવર મિલકત બીજાના નામે તબદીલ ન કરવા તા.૨૨–૫–૧૪ થી સબ રજીસ્ટ્રાર દ્વારકાને જણાવેલ છે. |
| ૨ | ગુજરાત સિદ્ધિ સિમેંટ લી. | ૩.૨૨ | ૧૯/૨/૧૧ | વર્ષ ૨૦૦૬–૦૭ની વસુલાત સામે નામ. વા.વેરા પંચ દ્વારા અપીલના નીકાલ સુધી મનાઈ હુકમ આપેલ છે. વર્ષ ૨૦૦૭/૦૮માં વિવાદ અધિકારી દ્વારા તા. ૧૮–૧–૧૨ થી અપીલના નિકાલ સુધી મનાઈ હુકમ આપવામાં આવેલ છે. |
| ૩ | આદિત્ય બિરલા નુવો | ૧૧.૯૩ | ૨૪/૦૨/૧૪ | વિવાદ અધિકારી દ્વારા વર્ષ ૨૦૦૬–૦૭ની બાકી વસુલાત સામે તા.૯–૫–૧૧ થી ૨૦૦૭–૦૮માં તા.૯–૨–૧૨ થી અપિલના નિકાલ સુધીનો મનાઈ હુકમ આપવામાં આવેલ છે તથા ૨૦૦૯–૧૦ની બાકી વસુલાત સામે તા. ૩૦–૪–૧૫ સુધી મનાઈ હુકમ આપવામાં આવેલ છે. |

---------

કૃષિ ક્ષેત્રે વીજળીમાં ખેડૂતોને સબસિડીની રાહતો

* ૧૭૨૯૩ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) રાજ્યમાં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ ક્ષેત્રે વીજળીમાં ખેડૂતોને કેટલી સબસિડીની રાહતો આપી સરકારે તે રકમ વીજ કંપનીઓને ચૂકવી.

(૧) રાજ્યમાં તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ એટલે નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ (જાન્યુઆરી–૨૦૧૫ સુધી)માં કૃષિ ક્ષેત્રે વીજળીમાં ખેડૂતોને નીચે પ્રમાણેની સબસિડીની રાહતો આપી.

| | ૨૦૧૩–૧૪ (રૂ. કરોડમાં) | ૨૦૧૪–૧૫ (રૂ. કરોડમાં) (જાન્યુ.–૧૫ સુધી) |
|---|---|---|
| હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૧૧૦૦ | ૯૧૬.૬૭ |
| જીઇઆરસી વીજ દરમાં રાહત માટે સહાયકી | ૮૦૨.૬૦ | ૭૫૦.૦૦ |
| બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૧૩૦૦ | ૧૦૦૦.૦૦ |
| ખેતીવાડી ગ્રાહકોને બિલમાં ૫૦ રાહત | – | ૩૪૮.૩૩ |
| | ૩૨૦૨.૬૦ | ૩૦૧૫.૦૦ |

(૨) આ ચૂકવેલ સબસિડીની રકમનો ભાર રાજ્યના વીજ ગ્રાહકો ઉપર નાખવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૩) જો હા, તો આ ભાર દૂર કરવા સરકારે શાં પગલાં લીધા?

(૨) અને (૩)
ના જી. રાજ્ય સરકારે અંદાજપત્રીય જોગવાઇથી ચૂકવેલ સબસિડીની આ રકમનો ભાર અન્ય કોઈ ગ્રાહકો પર નાખવામાં આવતો ન હોઈ તે દૂર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## આણંદ જિલ્લામાં માટીના ખનન દ્વારા રોયલ્ટીની આવક

* ૧૯૩૨૩ શ્રી અમીત ચાવડા(આંકલાવ) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાંથી માટીના ખનન દ્વારા સરકારને રોયલ્ટીની કેટલી આવક મળી,

(૧) રૂ. ૫૦૩.૫૮ લાખની આવક થયેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાંથી કેટલી માટીની આવક મળી, અને

(૨)

| અ. નં. | તાલુકો | ગામની સંખ્યા | માટીની આવક રૂ. લાખ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૧૭ | ૩૦૫.૭૩ |
| ૨ | પેટલાદ | ૦૯ | ૪૬.૯૯ |
| ૩ | બોરસદ | ૦૮ | ૩૨.૩૫ |
| ૪ | સોજીત્રા | ૦૧ | ૨.૮૮ |
| ૫ | આંકલાવ | ૦૭ | ૨૬.૨૧ |
| ૬ | તારાપુર | ૦૯ | ૬૬.૭૨ |
| ૭ | ઉમરેઠ | ૦૭ | ૧૭.૪૨ |
| ૮ | ખંભાત | ૦૨ | ૫.૨૮ |

(૩) ઉક્ત સ્થિતિએ ગ્રામ પંચાયતને કેટલી રકમ આપવામાં આવી?

(૩) ગ્રામ પંચાયતને કોઈ રકમ આપવામાં આવી નથી.

---------

## અમદાવાદ ખાતે સાબરમતી રીવરફ્રન્ટમાં યોજાયેલ પતંગોત્સવમાં ભાગ લીધેલ સભ્યો

* ૧૭૩૦૭ શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૧૦ જાન્યુ. –૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે

(૧) તા. ૧૦ જાન્યુ. –૨૦૧૫ના રોજ અમદાવાદ ખાતે

સાબરમતી રીવરફ્રન્ટ ખાતે યોજાયેલ પતંગોત્સવમાં કેટલા વિદેશી પતંગબાજો અને કેટલા અમદાવાદની પતંગ કલબના સભ્યોએ ભાગ લીધો, અને

સાબરમતી રીવરફ્રન્ટ ખાતે યોજાયેલ પતંગોત્સવમાં ૨૫ વિદેશી પતંગબાજો અને અમદાવાદની પતંગ કલબના ૧૩૧ સભ્યોએ ભાગ લીધેલ હતો.

(૨) તે અન્વયે આ પતંગ રસીકો માટે રહેવા–ભોજન વાહન તેમજ અન્ય સુવિધાઓ પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) તે અન્વયે આ પતંગ રસીકો માટે રહેવા–ભોજન માટે રૂપિયા ૨.૧૦ લાખ તેમજ વાહન સુવિધા માટે રૂપિયા ૩.૪૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

મહેસાણા જિલ્લામાં કૃષિ વિષયક વીજ જોડાણમાં રાહત આપવા બાબત

* ૧૯૩૨૯ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) રાજ્યમાં કૃષિ વિષયક વીજ જોડાણ ધરાવતા ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા વીજ બિલમાં કોઇ રાહત આપવામાં આવી છે કે કેમ, અને

(૨) જો હા, તો મહેસાણા જિલ્લામાં તા.૩૧–૦૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી સબસિડી આપવામાં આવી ?

જવાબ

(૧) નામદાર ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજુર થયેલ કૃષિ વિષયક વીજદરનો સંપૂર્ણ બોજો ખેડૂતો પર નાખવામાં આવતો નથી. પરંતુ આયોગ દ્વારા નક્કી કરેલ વીજ દરો કરતા ઘણા ઓછા દરે ખેડૂતોને વીજળી આપવામાં આવે છે અને આ નિર્ણયના અમલીકરણ માટે રાજ્ય સરકાર ખેડૂતો વતી તફાવતની રકમ વીજ કંપનીઓને સબસિડીના સ્વરૂપે ચૂકવે છે.

આ ઉપરાંત, વીજ ઉત્પાદનમાં ભાવ વધારાના કારણે વીજ કંપનીઓને થતા વધારાના ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ સરચાર્જની વસુલાત પણ ખેડૂતોના કિસ્સામાં તેમની પાસેથી વસુલ ન કરીને, તે અંગેની તફાવતની રકમ પણ રાજ્ય સરકાર ખેડૂતો વતી વીજ કંપનીઓને સબસિડીના સ્વરૂપે ચૂકવે છે.

આ ઉપરાંત, તા.૦૯–૦૨–૨૦૧૫ ના ઠરાવથી રાજ્ય સરકારશ્રી દ્વારા ખેડૂતોને કૃષિ વિષયક વીજ વપરાશના બિલમાં નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ માટે તેમના વીજબિલની ૫૦% રકમ રાહત તરીકે આપવાનું ઠરાવેલ છે.

(૨) છેલ્લા બે નાણાંકીય વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા મહેસાણા જિલ્લાનાં ખેડૂતોને વીજ બિલમાં આપવામાં આવેલ સબસિડી અંગેની વિગતો દર્શાવતું પત્રક આ સાથે સામેલ છે.

પત્રક

(રૂ.કરોડમાં)

| અ.નં. | વિગત | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ (ડિસેમ્બર સુધી) |
|---|---|---|---|
| ૧ | હોર્સ પાવર આધારિત વીજ દરો માટે સહાયકી | ૭૮.૫૭ | ૫૬.૮૧ |
| ૨ | જીઇઆરસી વીજ દરોમાં રાહત માટે સહાયકી | ૬૩.૭૮ | ૨૨.૮૫ |
| ૩ | બળતણ ખરીદી તથા વીજળી ખરીદી માટે સહાયકી | ૯૦.૭૮ | ૮૭.૦૧ |
| ૪ | ખેતીવાડી ગ્રાહકોને વીજ બિલમાં ૫૦% રાહત | – | ૨૦.૭૧ |
| | કુલ | ૨૩૨.૬૨ | ૧૮૭.૩૮ |
| ૫ | સબસિડીનો લાભ મેળવનાર કૃષિ વિષયક વીજ ગ્રાહકોની સંખ્યા | ૨૪,૨૨૩ | ૨૭,૨૦૫ |

---------

અરવલ્લી જિલ્લામાં રોયલ્ટી વસુલ કરવા બાબત

* ૧૮૪૨૯ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ખાણ ખનિજ વિભાગ દ્વારા કેટલી રકમની રોયલ્ટી વસુલ કરવામાં આવી,

જવાબ

(૧) રૂ.૫૦૪૩.૨૨ લાખની.

(૨) તે અન્વયે કેટલી રોયલ્ટી ચોરી અંગેની કેટલી ફરિયાદો મળી, અને

(૨) ૧૯ ફરિયાદો
ફરિયાદોમાં ખનિજ ચોરીની ચોક્કસ રકમ જણાવેલ નથી.

(૩) આ ચોરીઓ અટકાવવા સરકારે શાં પગલાં લીધા ?

(૩) આ ચોરીઓ અટકાવવા માટે લીઝ નિરીક્ષણ, નિયમિત અને આકસ્મિક ચેકીંગ કરીને ખનિજ ખોદકામ, વહન અને સંગ્રહની ચકાસણી કરવામાં આવે છે તેમજ જિલ્લા કક્ષાએ કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં ટાસ્ક ફોર્સ કમિટી અને ગ્રીવાન્સ રીડ્રેસલ કમિટીની બેઠકો યોજી ખનિજ ચોરી અટકાવવા તકેદારી રાખવામાં આવે છે.

---------

## બનાસકાંઠા જિલ્લાના જાસોર પર્વતને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા બાબત

* ૧૯૨૩૫ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : તા. ૧૪-૭-૧૪ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૦૨૦૯ (અગ્રતા ૧૫૯)ના અનુસંધાને માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લાના જાસોર પર્વતને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે તા. ૯-૬-૨૦૧૪ના રોજ આર્કીટેકની નિમણૂંક સરકારશ્રીએ પાર્કીંગ, પાથ-વે, ટોયલેટ બ્લોક, વોટરહટ જનસુવિધાઓ ઊભી કરવા માટે કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૧૫-૨-૨૦૧૫ની સ્થિતિએ આ યોજનાના પ્લાન મંજૂર થવાની કાર્યવાહી પૂર્ણ થઈ છે કે કેમ, અને

(૩) યોજનાના પ્લાન મંજૂર થયે આ કામગીરી પૂર્ણ કરવાનું શું આયોજન છે?

જવાબ

(૧) હા જી.

(૨) અને (૩)
યોજનાના પ્લાન મંજૂર કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે જે પૂર્ણ થયા બાદ કામગીરી હાથ ધરવામાં આવશે.

---------

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પવનચક્કીઓ

* ૧૮૬૮૩ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર કઈ કંપનીની કેટલી પવનચક્કીઓ છે,

(૨) તે પૈકી જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી પનવચક્કીઓ ઉભી કરવાની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત પવનચક્કીઓમાંથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી વીજળી ઉત્પન્ન થઈ?

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જામનગર જિલ્લામાં જિલ્લાવાર કુલ ૧૨૧ કંપનીની કુલ ૯૮૦ પવનચક્કીઓ છે જેની યાદી આ સાથેના *પત્રક-૧ મુજબની છે. જ્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ૨૮૬ કંપનીની કુલ ૬૩૮ પવનચક્કીઓ છે. જેની યાદી આ સાથેના *પત્રક-૨ મુજબની છે.

(૨) તે પૈકી જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે જણાવેલ પવનચક્કીઓ ઉભી કરવાની મંજૂરી આપવામાં આવી છે.

| ક્રમ | જિલ્લો | પવનચક્કીઓની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૧૩ | ૨૦૧૪ |
| ૧ | જામનગર | ૮૭ | ૬૭ |

(૩) ઉક્ત પવનચક્કીઓમાંથી છેલ્લા બે વર્ષમાં થયેલ વર્ષવાર વીજળી ઉત્પાદન નીચે મુજબ છે.

| વીજ ઉત્પાદન | |
|---|---|
| વર્ષ ૨૦૧૩ | વર્ષ-૨૦૧૪ |
| ૧૯૪૬.૧૧ મીલીયન યુનિટ | ૨૦૨૬.૧૦ મીલીયન યુનિટ |

(*પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

---------

ઉદ્યોગ અને ખાણ વિભાગના વર્ગ–૨ના મદદનીશ ભુસ્તરશાસ્ત્રીઓની બદલીઓ

* ૧૭૩૦૦ શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના વર્ગ–૨ના મદદનીશ ભુસ્તરશાસ્ત્રીઓની બદલીઓ તા. ૩–૧૨–૨૦૧૩ હુકમો સંબંધિત અગ્રસચિવશ્રીની ફાઇલ પર લેખિત મંજુરી/અનુમતિ મેળવ્યા સિવાય કરવામાં આવેલ હતા તે હકીકત સાચી છે, | (૧) ના, જી<br>સક્ષમ કક્ષાની મંજૂરી અન્વયે હુકમો કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો સરકાર આ હુકમો રદ કરવા અને ખોટી રીતે કરવામાં આવેલ હુકમોના કસુરદારો સામે તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ શાં પગલાં લીધાં, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત બદલીના હુકમોમાં ગેરરીતિ થઇ હોવા બાબતે કેટલી ફરિયાદો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકારને મળી અને મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૩) બે વ્યક્તિની ફરિયાદ અરજી મળેલ જેમાં તથ્ય ન હોઈ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. |

---------

તિલકવાડા અને ગરૂડેશ્વર તાલુકાઓમાં ખેતી વિષયક વીજપુરવઠો આપવા બાબત

* ૧૯૦૦૯ શ્રી ધીરૂભાઇ ચુ. ભીલ(સંખેડા) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની નર્મદા જિલ્લાના તિલકવાડા અને ગરૂડેશ્વર તાલુકાઓમાં આવેલ ખેડૂતોને ખેતી વિષયક વીજ પુરવઠો કેટલા કલાક આપવામાં આવે છે,<br>(૨) ખેતીવાડી વીજ જોડાણોને સીંગલફેઝ વીજ પુરવઠો કેટલા કલાક આપવામાં આવે છે,<br>(૩) જો સીંગલફેઝ પુરવઠો ન આપવામાં આવતો હોય તો તેનાં કારણો શું, અને<br>(૪) સરકાર આ ખેતીવાડી વીજ ગ્રાહકોને સીંગલ ફેઝ પુરવઠો ક્યારથી આપવાનું આયોજન છે? | (૧), (૨), (૩) અને (૪)<br>તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નર્મદા જિલ્લાના તિલકવાડા અને ગરૂડેશ્વર તાલુકાઓમાં કૃષિ વીજ જોડાણો પર દરરોજ ઓછામાં ઓછા ૮(આઠ) કલાક ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ થ્રી ફેઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે.<br>નામદાર ગુજરાત વીજ નિયમન આયોગનાં રેગ્યુલેશન સપ્લાય કોડ નોટીફીકેશન નં. ૧૧–૨૦૦૫નાં સેકશન–૩, કલોઝ નં. ૩.૧.૨. દ્વારા સૂચવાયા મુજબ કૃષિ વિષયક વીજ જોડાણ માટે માત્ર થ્રી ફેઝ વીજ પુરવઠો જ આપી શકાય છે. |

---------

ખેડા જિલ્લામાં રાજીવ ગાંધી ગ્રામિણ વીજળીકરણ યોજના હેઠળ વીજ જોડાણો

* ૧૭૭૯૧ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં રાજીવ ગાંધી ગ્રામિણ વીજળીકરણ યોજના હેઠળ તાલુકાવાર કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને<br>(૨) બાકી રહેલને કેટલા સમયમાં વીજ કનેકશન આપવાનું આયોજન છે? | (૧) અને (૨)<br>ભારત સરકારના ગ્રામ્ય વીજળીકરણ નિગમ (REC) દ્વારા સંબંધિત જિલ્લાનાં મંજૂર થયેલ પ્રોજેકટ રીપોર્ટ મુજબ બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારનાં લાભાર્થીઓને આર.જી.જી.વી.વાય. હેઠળ ગૃહ વપરાશના વીજ જોડાણ આપવામાં આવે છે. ખેડા જિલ્લાનો મંજૂર થયેલ પ્રોજેકટ જૂન–૨૦૧૨માં પૂર્ણ થઈ ચૂકયો છે. અને પ્રોજેકટમાં સમાવિષ્ટ ૨૩૬૩૦ બી.પી.એલ. લાભાર્થીઓને યોજનામાં આવરી વીજળીકરણનો લાભ આપવામાં આવેલ છે. જેની તાલુકાવાર માહિતિ નીચે મુજબ છે.<br>જિલ્લા/તાલુકાઓનાં વિભાજન પહેલાં પ્રોજેકટ પૂર્ણ થઈ ગયેલ હોઈ નવા અસ્તિત્વમાં આવેલ તાલુકાઓની માહિતી, તે જે તાલુકાઓનાં વિભાજનથી અસ્તિત્વમાં આવેલ છે તે તાલુકાઓમાં સમાવિષ્ટ છે. |

| તાલુકો | આપવામાં આવેલ વીજ જોડાણોની સંખ્યા |
|---|---|

| | |
|---|---|
| બાલાસિનોર | ૨૩૩૭ |
| કપડવંજ | ૩૮૯૧ |
| કઠલાલ | ૩૦૬૯ |
| ખેડા | ૩૭૫ |
| મહુધા | ૮૧૦ |
| માતર | ૧૩૬૮ |
| મહેમદાવાદ | ૧૨૩૬ |
| નડિયાદ | ૨૫૫૧ |
| ઠાસરા | ૭૨૫૪ |
| વીરપુર | ૭૩૯ |

---------

ટેક્ષ ઈનપુટ ક્રેડીટની રકમ પરત આપવાની જાહેરાત

* ૧૯૩૨૦ શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ટેક્ષ ઈનપુટ ક્રેડીટની રકમ પરત આપવાની સરકારે જાહેરાત કરી હતી, અને

(૨) જો હા, તો આ પૈકી તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ રકમ પરત કરવા થયેલ કાર્યવાહી શી છે?

જવાબ

(૧) ના

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

બોટાદ જિલ્લામાં ખેતી વિષયક વીજ જોડાણો આપવા બાબત

* ૧૮૨૭૪ ડૉ. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં બોટાદ જિલ્લામાં તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ તાલુકાવાર કેટલા ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં આવેલ છે, અને

(૨) નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ વર્ષમાં કુલ કેટલા ખેતી વિષયક વીજ જોડાણો આપવાનું આયોજન છે?

જવાબ

(૧) અને (૨) બોટાદ જિલ્લામાં નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫ માં કૃષિ વીજ જોડાણો આપવાનું આયોજન અને તદઅંતર્ગત તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ આપવામાં આવેલ કૃષિ વીજ જોડાણોની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૪-૧૫ નું આયોજન | તા.૩૧-૧-૨૦૧૫ અંતિત આપવામાં આવેલ કૃષિ વીજ જોડાણ |
|---|---|---|
| બરવાળા | ૮૦ | ૯૩ |
| બોટાદ | ૭૦૦ | ૮૨૪ |
| ગઢડા | ૬૫૦ | ૭૦૩ |
| રાણપુર | ૨૭૭ | ૩૪૫ |
| કુલ | ૧૭૦૭ | ૧૯૬૫ |

---------

અરવલ્લી જિલ્લામાં ખેતી વિષયક નવીન થ્રી ફેઈઝ લાઈનની માંગણીઓ

* ૧૮૬૯૮ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી ખેતી વિષયક થ્રી ફેઈઝ લાઇનની નવીન અરજી આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ ઉકત સ્થિતિએ ના મંજુર

જવાબ

(૧), (૨), (૩) અને (૪) અરવલ્લી જિલ્લામાં તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ વીજ જોડાણ મેળવવાની મળેલ અરજીઓ, તે પૈકી નામંજૂર કરવામાં આવેલ અરજીઓ અને ઉકત અરજીઓ ઉપરાંત અગાઉ નોંધાયેલ

કરવામાં આવી,

(૩) અરવલ્લી જિલ્લાના તાલુકાવાર ઉકત સ્થિતિએ કુલ કેટલી અરજીઓ પડતર છે, અને

(૪) ઉપરોકત જિલ્લામાં તાલુકાવાર છેલ્લા એક વર્ષમાં કેટલા ખેતી વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા ?

અરજીઓ પૈકી છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણ અને પડતર અરજીઓની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | છેલ્લા બે વર્ષમાં કૃષિ વીજ જોડાણ માટે મળેલ અરજીઓ | મળેલ અરજીઓ પૈકી નામંજૂર થયેલ અરજીઓ | છેલ્લા એક વર્ષમાં આપવામાં આવેલ વીજ જોડાણ | તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ કુલ પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| મેઘરજ | ૬૪૭ | ૦ | ૧૦૨૧ | ૪૮૦૭ |
| મોડાસા | ૩૮૨ | ૦ | ૫૫૨ | ૨૮૦૫ |
| બાયડ | ૯૬૨ | ૧ | ૮૪૭ | ૧૫૪૩ |
| ધનસુરા | ૪૫૩ | ૦ | ૪૫૯ | ૭૫૨ |
| માલપુર | ૮૭૮ | ૦ | ૯૮૩ | ૯૬૮ |
| ભીલોડા | ૧૪૨૬ | ૩૯૯ | ૪૦૬ | ૩૯૪ |

---------

કે. જી. બેઝિનમાં ઓઇલ અને ગેસનો જથ્થો

* ૧૮૨૯૭ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સરકારને કે. જી. બેઝીનમાંથી કેટલો ઓઇલ અને ગેસનો જથ્થો મળી આવ્યો, અને

(૨) ઉક્ત વર્ષવાર મળેલ ઓઇલ અને ગેસ પેટે સરકારને કેટલી રકમની આવક થઇ ?

જવાબ

(૧) કોમર્શીયલ ધોરણે ઉત્પાદન શરૂ થવાનું બાકી છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ટી.સી./ડી.પી. વધારવા કે વિભાજનની દરખાસ્તો

* ૧૮૬૪૭ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર ટી.સી./ડી.પી. વધારવા કે વિભાજન કરવાની કેટલી દરખાસ્તો સરકારને છેલ્લા બે વર્ષમાં મળી, અને

(૨) મળેલ દરખાસ્તો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી અને કેટલા ટી.સી./ડી.પી. વધારવા કે વિભાજન કરવામાં આવ્યા ?

જવાબ

(૧) અને (૨)

સામાન્યતઃ હયાત ટ્રાન્સફોર્મર ઉપર વીજ ભાર વધવાથી વીજ ગ્રાહકોને પૂરતા દબાણથી સાતત્યપૂર્ણ વીજ પુરવઠો ન મળે તે સંજોગામાં ગ્રાહકો દ્વારા વીજ કંપનીની ક્ષેત્રિય કચેરીઓમાં રજૂઆતો કરવામાં આવે છે. આવી રજૂઆતોના નિરાકરણ માટે વીજ કંપનીઓ દ્વારા હયાત ટ્રાન્સફોર્મરની ક્ષમતામાં વધારો કરવો અથવા વીજભારનું વિભાજન કરી નવું ટ્રાન્સફોર્મર મુકવાની કામગીરી કરવામાં આવે છે. તદઅનુસાર તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મળેલ રજૂઆતો અને તે પરત્વે વીજ કંપની દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીની વિગતો સામેલ પત્રક-અ મુજબ છે.

પત્રક-અ

| જિલ્લા | તાલુકા | ટીસી-ડીપી વધારવા કે વિભાજન કરવાની મળેલ રજૂઆતો | આ રજૂઆતના સમયે | | રજૂઆત અન્વયે કામગીરી પૂર્ણ કર્યા બાદ | |
|---|---|---|---|---|---|---|
| | | | હયાત ટ્રાન્સફોર્મરની સંખ્યા | હયાત ટ્રાન્સફોર્મરની ક્ષમતા (કે.વી.એ. માં) | વિભાજન થયા પછી ટ્રાન્સફોર્મરની સંખ્યા | વિભાજન થયા પછી ટ્રાન્સફોર્મરની ક્ષમતા (કે.વી.એ. માં) |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મહીસાગર | કડાણા | ૦૩ | ૩ | ૧૧૩ | ૬ | ૧૭૩ |
| | સંતરામપુર | ૨૧ | ૨૧ | ૧૨૪૦ | ૪૫ | ૧૮૮૭ |
| | લુણાવાડા | ૧૯ | ૧૯ | ૮૩૪ | ૩૫ | ૧૦૮૧ |
| | ખાનપુર | ૦૩ | ૩ | ૧૧૩ | ૭ | ૧૮૯ |
| | બાલાસિનોર | ૩ | ૩ | ૩૭ | ૩ | ૬૦ |
| | વિરપુર | ૧૪ | ૧૪ | ૩૮૯ | ૧૪ | ૭૯૯ |
| પંચમહાલ | ગોધરા | ૧૩ | ૧૩ | ૪૮૨ | ૨૯ | ૯૦૨ |
| | શહેરા | ૦૫ | ૫ | ૧૧૮ | ૧૨ | ૨૬૬ |
| | મોરવા(હ) | ૧૮ | ૧૮ | ૩૫૬ | ૩૮ | ૮૫૫ |
| | હાલોલ | ૦૬ | ૬ | ૩૭૬ | ૧૨ | ૬૭૭ |
| | કાલોલ | ૦૫ | ૫ | ૨૦૯ | ૧૦ | ૪૩૮ |
| | ઘોઘંબા | ૦૮ | ૮ | ૬૫૧ | ૧૮ | ૯૯૪ |
| | જાંબુઘોડા | ૦૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૧૧૮ | ૧૧૮ | ૪૯૧૮ | ૨૨૯ | ૮૩૫૮ |

---------

## અમરેલી જિલ્લામાં ફીડરોનું વિભાજન

* ૧૭૪૫૬ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં કેટલા વીજ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું, અને

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) અને (૨)

વીજ ગ્રાહકોને ગુણવત્તાયુક્ત અને પૂરતા દબાણથી વીજ પુરવઠો પુરો પાડવા માટે અમરેલી જિલ્લામાં તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ રૂ.૪૯૧.૪૭ લાખના ખર્ચે ૩૪ ફીડરોનું વિભાજન કરવામાં આવ્યું.

---------

## મહીસાગર અને ખેડા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસની કામગીરી

* ૧૭૮૫૬ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને ખેડા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસની કઇ કામગીરી હાથ ધરવામાં આવી,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને ખેડા જિલ્લામાં પ્રવાસન સ્થળોના વિકાસ માટે નીચે મુજબની કામગીરી હાથ ધરવામાં આવી.

મહીસાગર જિલ્લો

(૧) કલેશ્રી સાઇટ તેમજ તેની આજુ-બાજુના વિસ્તારનો વિકાસ.

(૨) કેદાર સાઇટનો વિકાસ.

(૩) કડાણા ડેમ સાઇટનો વિકાસ.

(૪) સ્વરૂપ સાગર તળાવનો વિકાસ.

(૫) ડાયનાસોર ફોસીલ પાર્કનો વિકાસ.

ખેડા જિલ્લો

(૧) ડાકોર પેકેજ-૧ પાર્કીંગ, શોપીંગ બિલ્ડીંગ, લેન્ડ સ્કેપીંગ, ગાર્ડન, કંપાઉન્ડ વોલ, ટોયલેટ બ્લોક.

(૨) ડાકોર પેકેજ-૨ બાબરી, વોક-વે, સ્ટોનપરગોલા, પાદુકા, ટોયલેટ બ્લોક તથા ગોમતી ઘાટનો વિકાસ.

(૩) ગલતેશ્વર ખાતે દુકાનો, પાર્કીંગ તથા ટોયલેટ બ્લોક.

(૪) ઉત્કંટેશ્વર ખાતે પાથ-વે, પાર્કીંગ, મંદિર પરીસરમાં ફ્લોરીંગ-રીનોવેશન અને ટોયલેટ બ્લોક.

(૨) તે અન્વયે સરકાર દ્વારા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં

(૨) તે અન્વયે સરકાર દ્વારા નીચે મુજબ ગ્રાન્ટ

આવી, અને

ફાળવવામાં આવેલ છે.

મહિસાગર જિલ્લો

(૧) કલેશ્રી સાઇટ તેમજ તેની આજુ-બાજુના વિસ્તારના વિકાસ માટે કલેક્ટરશ્રીને રૂપિયા ૨૦ લાખ.
(૨) કેદાર સાઇટના વિકાસ માટે રૂપિયા ૨૦ લાખ.
(૩) કડાણા ડેમ સાઇટના વિકાસ માટે રૂપિયા ૨૦ લાખ.
(૪) સ્વરૂપ સાગર તળાવના વિકાસ માટે રૂપિયા ૨૦ લાખ.
(૫) ડાયનાસોર ફોસીલ પાર્કના વિકાસ માટે રૂપિયા ૨૦ લાખ.

મહીસાગર જિલ્લાના બાલાશિનોર તાલુકાના રૈયાલી ખાતે ડાયનાસોર ફોસીલ પાર્કના વિકાસ માટે તેમજ ખેડા જિલ્લાના ડાકોર પેકેજ-૧ અને ૨, ગલતેશ્વર તથા ઉત્કંટેશ્વર ખાતે વિકાસના કામો માટે અલગ ગ્રાંટ ફાળવવામાં આવેલ નથી પરંતુ ડેસ્ટીનેશન ડેવલોપમેન્ટ સદરની ગ્રાંટમાંથી કામગીરી કરવામાં આવે છે.

(૩) તે પૈકી કેટલો ખર્ચ કરેલ છે ?

(૩) તે પૈકી નીચે મુજબ ખર્ચ કરવામાં આવેલ છે.
(૧) ડાયનાસોર ફોસીલ પાર્કના વિકાસ માટે રૂપિયા ૯૩.૨૪ લાખ.
(૨) ડાકોર પેકેજ-૧ અને ૨ માટે રૂપિયા ૧૭૫૪.૫૨ લાખ.
(૩) ગલતેશ્વર માટે રૂપિયા ૨૧૪.૪૨ લાખ.
(૪) ઉત્કંટેશ્વર માટે રૂપિયા ૩.૯૮ લાખ.

---------

## જુનાગઢ જિલ્લામાં પ્રવાસન ધામના વિકાસ માટે ફાળવેલ રકમ

* ૧૭૩૦૯ શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય પ્રવાસન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ જિલ્લામાં ક્યાં પ્રવાસન ધામના વિકાસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જુનાગઢ જિલ્લામાં પ્રવાસન ધામના વિકાસ માટે નીચે મુજબ રકમ ફાળવવામાં આવેલ છે.

| વર્ષ ૨૦૧૩ | (રૂપિયા લાખમાં) |
|---|---|
| (૧) ભવનાથ મહાદેવ જુનાગઢનો વિકાસ | ૧૬૮૪.૦૦ |
| (૨) ઇકો ટુરીઝમ પ્રોજેક્ટ સાસણગીર | ૧૪૯૭.૦૦ |
| (૩) નરસિંહ મહેતા તળાવનો વિકાસ જુનાગઢ | ૧૦૦.૦૦ |
| વર્ષ ૨૦૧૪ | |
| (૧) ચોરવાડ બીચનો વિકાસ | ૨૦૦.૦૦ |

(૨) ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૨) ફાળવવામાં આવેલ રકમ પૈકી નીચે મુજબનો ખર્ચ કરવામાં આવેલ છે.

| | (રૂપિયા લાખમાં) |
|---|---|
| (૧) ભવનાથ મહાદેવ જુનાગઢનો વિકાસ | ૬૮૨.૦૦ |
| (૨) ઇકો ટુરીઝમ પ્રોજેક્ટ સાસણગીર | ૧૩૪૪.૯૧ |

(૩) જો રકમ પુરી ન વપરાઇ હોય તો તેના કારણો શા છે?

(૩) રકમ પુરી ન વપરાવાના કારણો નીચે મુજબ છે.
(૧) ભવનાથ મહાદેવ જુનાગઢના વિકાસની કામગીરી પ્રગતિમાં છે.

(૨) ઇકો ટુરીઝમ સાસણની કામગીરી પુર્ણતાને આરે છે.

(૩) નરસિંહ મહેતા તળાવના વિકાસની કામગીરી અન્વયે સોઇલ ટેસ્ટીંગની કામગીરી પૂર્ણ કરેલ છે. આ કામગીરી માટે આ રકમ કલેક્ટરશ્રી જુનાગઢને તા.૨૦-૧૨-૨૦૧૪ થી ફાળવેલ છે. કાર્યવાહી પ્રગતિમાં છે.

(૪) ચોરવાડ બીચના વિકાસની કામગીરી આયોજન હેઠળ હોઇ ખર્ચ થયેલ નથી.

---------

જામનગર જિલ્લાને રેતીની લીઝ પેટે વસુલ કરેલ રોયલ્ટી રકમ

* ૧૯૨૩૮ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) સને ૨૦૧૨-૧૩ અને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં રેતીની લીઝ પેટે સરકારે વસુલ કરેલ રોયલ્ટીમાંથી કેટલી રકમ જામનગર જિલ્લાને વર્ષવાર ચૂકવવાની થતી હતી,

(૨) તે પૈકી કેટલી રકમ તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ચૂકવવામાં આવી છે, અને

(૩) બાકીની રકમ ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે?

જવાબ

(૧) સને ૨૦૧૨-૧૩ ના વર્ષ માટે રૂપિયા ૧૨૦.૬૭ લાખ તથા સને ૨૦૧૩-૧૪ ના વર્ષ માટે રૂપિયા ૧૦૯.૬૯ લાખ ચૂકવવાના થતા હતા.

(૨) કોઇ રકમ ચૂકવવામાં આવેલ નથી.

(૩) જિલ્લા કચેરીના રેતીની આવકના મેળવણુ થયેલ પત્રકોની ચકાસણી થયા બાદ નાણાકીય મંજૂરી મળ્યેથી ચૂકવવામાં આવનાર છે.

---------

ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં પવનચક્કીની મંજૂરી

* ૧૯૨૨૧ શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ગીર સોમનાથ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર કઇ કંપનીની કેટલી પવનચક્કીઓ છે,

(૨) તે પૈકી જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી પવનચક્કીઓ ઉભી કરવાની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત પવનચક્કીઓમાંથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી વીજળી ઉત્પન્ન થઇ ?

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં કોઇ પણ કંપનીની પવનચક્કીઓ નથી. જ્યારે પોરબંદર જિલ્લામાં ૬૦ કંપનીઓની કુલ ૯૮ પવનચક્કીઓ છે. જેની વિગતો આ સાથેના *પત્રક-૧ મુજબ છે.

(૨) તે પૈકી જિલ્લાવાર છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પવનચક્કીઓ ઉભી કરવાની આપવામાં આવેલ મંજૂરીની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | પવનચક્કીની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૧૩ | ૨૦૧૪ |
| ૧ | ગીર સોમનાથ | ૦ | ૦ |

(૩) ઉક્ત પવનચક્કીઓમાંથી છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ વીજળી ઉત્પન્ન થઇ છે.

(મિલીયન યુનિટ)

| વીજ ઉત્પાદન | |
|---|---|
| ૨૦૧૩ | ૨૦૧૪ |
| ૨૨૪.૯૬ | ૨૦૪.૯૩ |

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

રાજ્યમાં ડીઝલ અને કોલસામાં ફ્યુઅલ ચાર્જમાં વધારો

* ૧૭૨૯૪ શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લાં

જવાબ

(૧) નામદાર વીજ નિયમન આયોગ દ્વારા વીજ દરો

પાંચ માસથી ડીઝલ અને કોલસો વીજ કંપનીઓને સસ્તા ભાવે મળતો હોવા છતાં વીજ કંપનીઓ દ્વારા ફ્યુઅલ ચાર્જમાં ભાવ વધારો માંગે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

નક્કી કર્યા બાદ, વીજ ઉત્પાદન માટે વાપરવામાં આવતા બળતણ જેવા કે કોલસો અને ગેસના ભાવોમાં આંતરરાષ્ટ્રીય બજારમાં થતાં ભાવ વધારા/ઘટાડા તેમજ બળતણના પરિવહન દરોમાં થતાં વધારાને કારણે તેમજ તેને લઇને વીજ ખરીદમાં થતાં ભાવ વધારાને કારણે વીજ કંપનીઓ ઉપર જે વધારાનો બોજો આવે છે તે નામદાર વીજ નિયમન આયોગ દ્વારા નક્કી કરવામાં આવેલ ફોર્મ્યુલા મુજબ વીજ ગ્રાહકો પાસેથી વસૂલાત રૂપે સરભર કરવામાં આવે છે. બળતણમાં તથા વીજ ખરીદીના ભાવોમાં થતાં વધારા/ઘટાડાને સરભર કરવા માટે નામદાર વીજ નિયમન આયોગ દ્વારા નક્કી કરવામાં આવેલ ફોર્મ્યુલા મુજબ ફ્યુઅલ એન્ડ પાવર પરચેઝ પ્રાઇઝ એડજસ્ટમેન્ટ (FPPPA) ની ગણતરી ત્રિમાસિક સમયગાળા માટે કરી તે પછીના ત્રિમાસિક સમયગાળામાં વસૂલાત કરવામાં આવે છે.

છેલ્લા ૫ માસમાં કોલસા તથા તેના પરિવહન ખર્ચમાં થયેલ વધ/ઘટ (રૂ.પ્રતિ મે.ટન) ની વિગત આ સાથેના પરિશિષ્ટ મુજબ છે.

તદ્દનુસાર, છેલ્લા એક વર્ષમાં ફ્યુઅલ સરચાર્જમાં થયેલ વધ/ઘટ નીચે મુજબ છે.

| ત્રિમાસિક ગાળો | ફ્યુઅલ સરચાર્જ (રૂ./યુનિટ) |
|---|---|
| એપ્રિલ – જુન ૨૦૧૩ | ૧.૦૫ |
| જુલાઇ – સપ્ટેમ્બર ૨૦૧૩ | ૧.૦૦ |
| ઓક્ટોબર – ડિસેમ્બર ૨૦૧૩ | ૧.૧૦ |
| જાન્યુઆરી – માર્ચ ૨૦૧૪ | ૧.૨૨ |
| એપ્રિલ – જુન ૨૦૧૪ | ૧.૧૦ |
| જુલાઇ – સપ્ટેમ્બર ૨૦૧૪ | ૧.૨૦ |
| ઓક્ટોબર – ડિસેમ્બર ૨૦૧૪ | ૧.૩૦ |
| જાન્યુઆરી – માર્ચ ૨૦૧૫ | ૧.૬૫ |

(૨) જો હા, તો આ ભાવ વધારાને અટકાવવા રાજ્ય સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ ક્યારે વીજ નિયમન પંચ સમક્ષ વિરોધ નોંધાવેલ છે ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. કારણ કે,

ફ્યુઅલ સરચાર્જ નામ. વીજ નિયમન આયોગની ફોર્મ્યુલા મુજબ, બળતણના ભાવમાં વધ–ઘટ ના આધારે વસૂલવામાં આવે છે અને નામ. આયોગ દર ત્રણ માસે તેની સમીક્ષા કરે છે.

વધુમાં, ફ્યુઅલ સરચાર્જ નક્કી કરવાની સમગ્ર પ્રક્રિયા પારદર્શી છે માનનીય આયોગ દ્વારા નાણાંકીય વર્ષના અંતે હિસાબોની ચકાસણી કરવામાં આવે છે. વધુમાં, કેગ (CAG) દ્વારા પણ સરકાર હસ્તકની વીજ કંપનીઓનું ઓડિટ થાય છે.

પરિશિષ્ટ

(રૂ./મે.ટન)

| માસ | કોલસાના દર | પરિવહન દર | કુલ |
|---|---|---|---|
| સપ્ટેમ્બર–૨૦૧૪ | ૨૧૩૩ | ૧૭૬૦ | ૩૮૯૩ |
| ઓક્ટોબર–૨૦૧૪ | ૨૧૮૬ | ૧૯૩૩ | ૪૧૧૯ |
| નવેમ્બર–૨૦૧૪ | ૨૨૮૦ | ૧૮૩૪ | ૪૧૧૪ |

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| ડિસેમ્બર–૨૦૧૪ | ૧૯૮૮ | ૨૦૪૬ | ૪૦૩૪ |
| જાન્યુઆરી–૨૦૧૫ | ૨૦૩૬ | ૨૦૫૧ | ૪૦૮૭ |

---------

રાજ્યમાં વીજ ઉત્પાદન

* ૧૯૩૩૦ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વર્ષ ૨૦૧૪ માં રાજ્યમાં વીજ ઉત્પાદન કેટલું થયું,

(૨) તે અન્વયે કૃષિ, ઉદ્યોગ અને ઘરવપરાશ માટે કેટલી વીજળી પૂરી પાડવામાં આવી, અને

(૩) તે અન્વયે વીજળીની કેટલી ઘટ રહી ?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૪ માં રાજ્યમાં થયેલ વીજ ઉત્પાદનની વિગત નીચે પ્રમાણે છે.

| વર્ષ ૨૦૧૪ | વીજ ઉત્પાદન (મી.યુ.) |
|---|---|
| (તા.૦૧–૦૧–૨૦૧૪ થી | ૯૫૧૭૧ |

(૨) તે અન્વયે કૃષિ, ઉદ્યોગ અને ઘર વપરાશ માટે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. ને સંલગ્ન વીજ વિતરણ કંપનીઓએ પૂરી પાડેલ વીજળીની વિગત નીચે પ્રમાણે છે.

| વર્ષ ૨૦૧૪ (જાન્યુઆરી–૨૦૧૪ થી ડિસેમ્બર–૨૦૧૪ | ખેતી (મી.યુ.) | ઉદ્યોગ (મી.યુ.) | ઘરવપરાશ તથા અન્ય (મી.યુ.) |
|---|---|---|---|

(૩) રાજ્યની વીજ ક્ષમતા રાજ્યના તમામ પ્રકારના ગ્રાહકોની વીજ માંગને પૂરી પાડવા માટે સક્ષમ હોવાથી કૃષિ, ઉદ્યોગો અને ઘર વપરાશ માટેની માંગ સામે કોઇ ઘટ રહેવા પામી ન હતી. રાજ્યમાં તમામ વીજ ગ્રાહકોને લોડ શેડિંગ વગર પુરતી વીજળી આપવામાં આવે છે. રાજ્યની વીજ કંપનીઓ દ્વારા તમામ ગ્રાહકોને સતત વીજ પૂરવઠો તથા ખેતીવાડીના ગ્રાહકોને ઓછામાં ઓછો ૮ કલાક (થ્રી–ફેઝ) વીજ પૂરવઠો પૂરો પાડવામાં આવે છે. આ ઉપરાંત ખેતીવાડીના ગ્રાહકોને જરૂરીયાત હોય ત્યારે વધારાનો વીજ પૂરવઠો પણ પુરો પાડવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : હું છઠ્ઠી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકુ છું.

અતારાંકિત પ્રશ્નો

છઠ્ઠી અતારાંકિત યાદી

કાંકરીયા અને રીવરફ્રન્ટ ખાતેની ઉજવણી મ્યુ.કોર્પો. ને બજેટ હેડેથી ફાળવણી

અતારાંકિત ૪૨૩૭ (૯–૧–૨૦૧૫) શ્રી કરમશીભાઇ વિ. પટેલ (સાણંદ) : માનનીય બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :–

તા.૧/૧૨/૧૪ની સ્થિતિએ વિશ્વ પ્રવાસી દિનની ઉજવણી અન્વયે રાજ્ય સરકારે અમદાવાદ કાંકરીયા અને રીવરફ્રન્ટ ખાતેની ઉજવણી અન્વયે કેટલી રકમ અમદાવાદ મ્યુ.કોર્પો. ને બજેટના કયા હેડેથી ફાળવી ?

બિન નિવાસી ગુજરાતી પ્રભાગ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા): (૧૨–૨–૨૦૧૫)

તા. ૧/૧૨/૧૪ની સ્થિતિએ વિશ્વ પ્રવાસી દિનની ઉજવણી અન્વયે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ કાંકરીયા અને રીવરફ્રન્ટ ખાતેની ઉજવણી અન્વયે અમદાવાદ મ્યુ.કોર્પો.ને કોઈ રકમ ફાળવવામાં આવેલ નથી.

-------

બનાસકાંઠા જિલ્લામાં ફળઝાડના વાવેતરના લાભાર્થી

અતારાંકિતઃ ૩૯૯૯ (૦૯/૦૧/૨૦૧૫) શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે -

(૧) વર્ષ ૨૦૧૩-૨૦૧૪માં બનાસકાઠાં જિલ્લામાં ફળઝાડના વાવેતર માટે કેટલા લાભાર્થીઓને સહાય ચુકવવામાં આવી, અને

(૨) કુલ કેટલી રકમની સહાય ચુકવવામાં આવી ?

કૃષિ મંત્રીશ્રી (૭/૦૨/૨૦૧૫):

(૧) કુલ ૧૦૪૫ લાભાર્થીઓને સહાય ચૂકવવામાં આવી.

(૨) કુલ ૧,૩૭,૫૬,૬૯૬/-રકમની સહાય ચૂકવવામાં આવી.

-------

રાજયમાં ગ્લોબલ એગ્રી સમીટ

અતારાંકિત ૪૭૨૩ (૨/૨/૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં કૃષિ વિકાસ માટે ગ્લોબલ એગ્રી સમીટ કયારે, કઇ જગ્યાએ કરવામાં આવી, અને

(૨) દરેક સમીટ વાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, તથા

(૩) આ ખર્ચ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો ?

કૃષિ મંત્રીશ્રી : (૧૩/૨/૧૫)

(૧) તા.૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજયમાં કૃષિ વિકાસ માટે ગ્લોબલ એગ્રી સમીટ એક જ વાર તા. ૯ થી ૧૧, સપ્ટેમ્બર ૨૦૧૩ દરમ્યાન મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ.

(૨) વર્ષ. ૨૦૧૩-૧૪માં યોજાયેલ એક માત્ર ગ્લોબલ એગ્રી સમીટમાં રૂ. ૧૦ કરોડ(અંકે રૂ. દશ કરોડ પુરા) ખર્ચ કરવામાં આવેલ.

(૩) નીચેના સદરે ખર્ચ ઉધારવામાં આવેલ છે.

માંગણી નંબર --- ૦૨

મુખ્ય સદર --- ૨૪૦૧ પાક કૃષિ વ્યવસ્થા

પેટા મુખ્ય સદર -- ૦૦

ગોૈણ સદર --૦૦૧ નિર્દેશ અને વહીવટ

પેટા સદર --૦૬. એજીઆર-૧ કૃષિ વિષયક કામો માટે વહીવટ અને પુર્વ જરૂરી સવલતો.

-------

રાજયમાં ઉધોગગૃહો પાસેથી એક કરોડ કે તેથી વધુ વેચાણવેરો / વેટ વસુલવાનો બાકી

અતારાંકિત : ૩૩૭૫ (૧૫/૧૦/૨૦૧૪) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧/૭/૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં એક કરોડ કે તેથી વધુ વેચાણવેરા / વેટ વસુલવાનો બાકી હોય તેવા કયા કયા ઉધોગગૃહો છે, અને

(૨) આવા ઉદ્યોગગૃહો સમયસર વેચાણવેરો / વેટ ભરતા ન હોય તેવી રકમો વસુલવા મહેસુલી રાહે કયા કયા પગલાંઓ લીધા ?

નાણા મંત્રીશ્રી : (તા. ૦૪/૦૨/૨૦૧૫)

(૧) * સામેલ પત્રક મુજબ

(૨) મનાઇ હુકમ ન હોય તેવા ઉદ્યોગગૃહો સામે જમીન મહેસુલ કાયદાની કલમ–૧૫૨ / ૨૦૦, મિલકત ટાંચ, બોજોનોંધ અંગેના પગલાં લેવામાં આવેલ છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

રાજયમાં એક કરોડ કે તેથી વધુ રકમ રૂપિયા વેચાણવેરા / વેટની વસુલવાના બાકી એકમો

અતારાંકિત : ૩૩૮૩ (૨૦/૧૦/૨૦૧૪) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૧/૭/૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં વેચાણવેરા / વેટની રકમ રૂપિયા એક કરોડ કે તેથી વધુ વસુલવાની બાકી હોય તેવા કયા કયા એકમો છે, અને

(૨) આ રકમ બાકી રહેવાના કારણો શા છે તથા આ રકમ વસુલ કરવા રાજય સરકારે કયા એકમ સામે શી શી કાર્યવાહી કરી ?

નાણા મંત્રીશ્રી : (તા. ૦૯/૦૨/૨૦૧૫)

(૧) *સામેલ પત્રક મુજબ

(૨)

( * પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે)

-------

જામનગર જિલ્લામાં સેલ્સટેકસ માફ કરવા બાબત

અતારાંકિત : ૩૮૫૭ (૧૫/૧૦/૨૦૧૪) શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૧/૦૩/૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજય સરકાર દ્વારા જામનગર જિલ્લામાં કયા મોટા ઉદ્યોગોને સેલ્સટેક્ષ માફ કરવામાં આવેલ છે.

(૨) ઉદ્યોગવાર વર્ષવાર કેટલો સેલ્સટેક્ષ માફ કર્યો અને

(૩) આ સેલ્સટેક્ષ માફ કરવાનાં કારણો શાં છે ?

નાણા મંત્રીશ્રી : (તા.૦૯/૦૨/૨૦૧૫)

(૧)

અને * સામેલ પત્રક મુજબ %

(૨)

(૩) (i) નવા ઉદ્યોગો પ્રસ્થાપિત કરવા ઓૈદ્યોગિક પ્રોત્સાહન નીતિ અન્વયે કાયદાકીય જોગવાઈઓ અનુસાર આપવામાં આવેલ લાભના કારણે

(ii) વેચાણવેરા સમાધાન યોજના -૨૦૧૨ ના કારણે

-------

પત્રક

(રકમ રૂ. કરોડમાં)

| અ.નં. | ઉદ્યોગનું નામ | વર્ષ | ૧૯૯૫-૨૦૦૦ની ઓદ્યૌગિક પ્રોત્સાહનની યોજના અન્વયે વેટનું રેમીશન |
|---|---|---|---|
| 1 | રીલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ | ૨૦૦૯-૧૦ | ૭૮૦.૪૨૦૦ |
| | | ૨૦૧૦-૧૧ | ૨૯૨.૫૭૦૦ |
| અ.નં. | ઉદ્યોગનું નામ | વર્ષ | વેચાણવેરા સમાધાન યોજના અન્વયે માફ કરેલ વ્યાજ / દંડની વિગત |
| ૨ | નિર્મલ ઇન્ડસ્ટ્રીઝ | ૨૦૧૨-૧૩ | ૦.૦૦૧૪ |
| ૩ | પટેલ પેકેર્જીંગ | ૨૦૧૨-૧૩ | ૦.૦૧૧૦ |
| ૪ | ભાવના ઇલેક્ટ્રીકલ ઇન્ડસ્ટ્રીઝ | ૨૦૧૨-૧૩ | ૦.૦૪૭૪ |
| ૫ | પુજા પ્રીશીશન પ્રોડક્ટસ | ૨૦૧૨-૧૩ | ૦.૦૦૩૧ |
| ૬ | ગુજરાત ઓઇલમીલ | ૨૦૧૨-૧૩ | ૦.૦૦૪૫ |
| ૭ | મંગલમ સીરામીક | ૨૦૧૨-૧૩ | ૦.૦૪૮૭ |
| ૮ | અમીત ઓઇલ મીલ | ૨૦૧૨-૧૩ | ૦.૦૧૧૦ |
| ૯ | સન પ્લાસ્ટીક | ૨૦૧૨-૧૩ | ૦.૦૧૧૦ |
| ૧૦ | અતુલ ઓટો ઇન્ડસ્ટ્રીઝ | ૨૦૧૨-૧૩ | ૦.૦૦૨૮ |

-------

રાજયમાં ખાતર વેરો નાબુદ કરવા બાબત

અતારાંકિત : ૪૨૨૧(તા.૯-૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ રાજ્ય સરકાર ખેડૂતોને ફાળવાતા ખાતર ઉપર સરકાર દ્વારા લેવાતાં વેરા નાબૂદ કરવાની વિચારણા કરી રહી છે તે હકીકત સાચી છે,

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં સરકાર દ્વારા ખેડૂતોને મળતા ખાતર ઉપર કેટલા ટકા વેરો વર્ષવાર વસુલવામાં આવે છે ?

નાણા મંત્રીશ્રી : (૯/૨/૧૫)

(૧) ના.જી.

(૨) તમામ પ્રકારના રાસાયણિક ખાતરના પ્રથમ તબક્કાના વેચાણ પર ૪ % + 1 % વધારાનો વેરો લેવામાં આવે છે. ત્યારબાદ તમામ પ્રકારના પુનઃ વેચાણો વેરામાફ છે.

-------

રાજ્યનું જાહેર દેવું

અતારાંકિત : ૪૨૬૫(૦૯-૦૧-૨૦૧૫) શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૦૧/૧૨/૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે,

(૨) તે પૈકી છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ વ્યાજ અને કેટલી રકમ મુદ્દલ ચૂકવવામાં આવી, અને

(૩) વ્યાજની રકમ ઉપર કોઇ ચક્રવૃદ્ધિ વ્યાજ ચુકવવામાં આવ્યું છે કે કેમ અને જો હા તો કેટલી રકમ ચક્રવૃદ્ધિ વ્યાજ તરીકે ચુકવવામાં આવી ?

નાણા મંત્રીશ્રી : (૪/૦૨/૧૫)

(૧) ( રૂ. કરોડમાં)

| નાણાંકીય વર્ષ | કુલ જાહેર દેવું |
|---|---|
| ૨૦૧૩-૧૪ના | ૧૫૦૧૫૩ |
| સુધારેલ અંદાજ મુજબ | |

(૨) (રૂ. કરોડમાં)

| નાણાંકીય વર્ષ | ચુકવેલ વ્યાજ | ચુકવેલ મુદ્દલ |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૭૭૦૩ | ૩૨૪૫ |
| ૨૦૧૦-૧૧ | ૮૫૬૨ | ૩૮૧૮ |
| ૨૦૧૧-૧૨ | ૯૮૪૦ | ૫૨૭૫ |
| ૨૦૧૨-૧૩ | ૧૦૮૮૩ | ૬૫૩૭ |
| ૨૦૧૩-૧૪(સુ.અં) | ૧૧૯૮૯ | ૬૨૦૩ |

(૩) વ્યાજની રકમ ઉપર કોઇ ચક્રવૃદ્ધિ વ્યાજ ચુકવવામાં આવતું નથી.

-------

રાજ્યનું જાહેર દેવું

અતારાંકિત : ૪૪૭૨(૧૩-૦૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૪ ની સ્થિતિએ રાજ્યનું જાહેર દેવું કેટલું છે,

(૨) તે પૈકી છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલી રકમ વ્યાજ અને કેટલી રકમ મુદ્દલ ચૂકવવામાં આવી,

(૩) વ્યાજની રકમ ઉપર કોઇ ચક્રવૃદ્ધિ વ્યાજ ચુકવવામાં આવ્યું છે કે કેમ, અને

(૪) જો હા તો કેટલી રકમ ચક્રવૃદ્ધિ વ્યાજ તરીકે ચુકવવામાં આવી ?

નાણાંમંત્રીશ્રી : (૪/૦૨/૧૫)

(૧) (રૂ. કરોડમાં)

| નાણાંકીય વર્ષ | કુલ જાહેર દેવું |
|---|---|
| ૨૦૧૩-૧૪ના સુધારેલ અંદાજ મુજબ | ૧૫૦૧૫૩ |

(૨) (રૂ. કરોડમાં)

| નાણાંકીય વર્ષ | ચુકવેલ વ્યાજ | ચુકવેલ મુદ્દલ |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૭૭૦૩ | ૩૨૪૫ |
| ૨૦૧૦-૧૧ | ૮૫૬૨ | ૩૮૧૮ |
| ૨૦૧૧-૧૨ | ૯૮૪૦ | ૫૨૭૫ |
| ૨૦૧૨-૧૩ | ૧૦૮૮૩ | ૬૫૩૭ |
| ૨૦૧૩-૧૪(સુ.અં) | ૧૧૯૮૯ | ૬૨૦૩ |

(૩) વ્યાજની રકમ ઉપર કોઇ ચક્રવૃદ્દિધ વ્યાજ ચુકવવામાં આવતું નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

## રાજયમાં ઘાસ ઉગાડનારાઓની સહકારી મંડળીઓની રચના

અતારાંકિત : ૩૨૯૯ (૨૦/૧૦/૨૦૧૪) શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) યોજના આયોગે ૧૧મી પંચવર્ષીય યોજના (૨૦૦૭-૨૦૧૨) અંતર્ગત રચાયેલા ગ્રાસલેન્ડ ટાસ્કફોર્સ ગુજરાત સહિત તમામ રાજયોમાં ઘાસ ઉગાડનારાઓની સહકારી સંસ્થાઓ (મંડળી) (ગ્રાસ ગ્રોવર્સ કો.ઓપરેટીવ)ની સ્થાપના કરવા ભલામણ કરી છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો રાજયમાં તા.૩૧મી ડિસેમ્બર-૨૦૧૩ ની સ્થિતિએ જિલ્લાવાર આ પ્રકારની સહકારી મંડળીઓની રચના થઇ,

(૩) બાકી રહેલ જિલ્લામાં કયારે રચના થશે ?

વન મંત્રીશ્રી : (૫/૨/૧૫ )

(૧) વન વિભાગ રાજયમાં વન વિભાગ હસ્તકના વીડી વિસ્તાર પૈકી અનામત વીડી વિસ્તારમાંથી ઘાસ એકત્રીકરણની કામગીરી કરે છે. વન વિભાગ દ્વારા ઘાસ ઉગાડનારાઓની સહકારી સંસ્થા(મંડળી) (ગ્રાસ ગ્રોવર્સ કો.ઓપરેટીવ)ને લગત કોઇ કામગીરી કરવામાં આવતી નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત શહેરમાં ચેઇન સ્નેચીંગના બનાવો

અતારાંકિત : ૪૨૪૮ (તા.૧૩-૦૧-૧૫) શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત શહેરમાં ચેઇન સ્નેચીંગના કેટલા કિસ્સા નોંધાયા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૧/૨/૧૫)

તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ ચેઇન સ્નીચીંગના કિસ્સા નોંધાયા છે.

| સમયગાળો | શહેરનું નામ | | | |
|---|---|---|---|---|
| | અમદાવાદ | રાજકોટ | વડોદરા | સુરત |
| તા.૧/૧૨/૨૦૧૧ થી તા.૩૦/૧૧/૨૦૧૨ | ૩૫૮ | ૮૪ | ૬૫ | ૬૧ |
| તા.૧/૧૨/૨૦૧૨ થી તા.૩૦/૧૧/૨૦૧૩ | ૩૩૪ | ૭૦ | ૭૮ | ૬૪ |
| તા.૧/૧૨/૨૦૧૩ થી તા.૩૦/૧૧/૨૦૧૪ | ૧૬૨ | ૪૩ | ૫૦ | ૬૦ |

અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત શહેરમાં ચેઇન સ્નેચીંગના કિસ્સા

અતારાંકિત : ૪૪૫૦ (તા.૨૧-૦૧-૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત શહેરમાં ચેઇન સ્નેચીંગના કેટલા કિસ્સા બન્યા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૧/૨/૧૫)

તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં નીચે મુજબ ચેઇન સ્નેચીંગના કિસ્સા બન્યા છે.

| સમયગાળો | શહેરનું નામ | | | |
|---|---|---|---|---|
| | અમદાવાદ | રાજકોટ | વડોદરા | સુરત |
| તા.૧/૧/૨૦૧૦ થી તા.૩૧/૧૨/૨૦૧૦ | ૪૯૯ | ૫૬ | ૬૦ | ૫૯ |
| તા.૧/૧/૨૦૧૧ થી તા.૩૧/૧૨/૨૦૧૧ | ૪૧૦ | ૫૮ | ૭૦ | ૮૬ |
| તા.૧/૧/૨૦૧૨ થી તા.૩૧/૧૨/૨૦૧૨ | ૩૫૬ | ૭૬ | ૬૫ | ૭૭ |
| તા.૧/૧/૨૦૧૩ થી તા.૩૧/૧૨/૨૦૧૩ | ૩૩૭ | ૭૮ | ૮૦ | ૬૨ |
| તા.૧/૧/૨૦૧૪ થી તા.૩૧/૧૨/૨૦૧૪ | ૧૩૬ | ૨૫ | ૫૦ | ૬૦ |

-------

બનાસકાંઠા જિલ્લામાં ખનિજ ચોરીના બનાવો

અતારાંકિત : ૪૦૦૩ (૯/૧/૧૫) શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય ખાણ-ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧/૭/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ખનિજ ચોરીના કેટલા બનાવો પકડવામાં આવ્યા,

(૨) કેટલી રકમની ખનિજ ચોરી પકડી, અને

(૩) પકડાયેલ ઇસમો સામે કઇ કલમો લગાવી ગુન્હા નોંધાવામાં આવ્યા ?

ખાણ ખનિજ મંત્રીશ્રી : (૭/૨/૧૫)

(૧) કુલ ૩૨૩ બનાવો પકડવામાં આવ્યા.

(૨) કુલ રૂ. ૧,૩૨,૬૯,૧૫૮/–ની ખનિજ ચોરી પકડવામાં આવેલ છે.

(૩) પકડાયેલ ઇસમો પૈકી ૩૨૧ ઇસમો સામે ગુજરાત ખનિજ (ગેરકાયદે ખાણ, હેરફેર અને સંગ્રહ નિવારણ)૨૦૦૫ના નિયમો ૫,૬ તથા ૮ ના ભંગ બદલ નિયમ ૧૪ અન્વયે કેસ સમાધાન કરી દંડનીય રકમ વસુલવામાં આવેલ છે જયારે ૦૨ કિસ્સામાં ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો–૨૦૧૦ના નિયમ ૭૧ના ભંગ બદલ પોલીસ ફરીયાદની કાર્યવાહી કરવામાં આવેલ છે.

-------

## દાંતા અને અમીરગઢમાં મંજૂર કરેલ ખનિજ લીઝ

અતારાંકિત : ૪૦૦૫ (૯/૧/૧૫) શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) બનાસકાંઠા જિલ્લાની દાંતા અને અમીરગઢમાં તા.૩૧/૭/૨૦૧૪ની સ્થિતિએ કયા પ્રકારના ખનિજ માટે કુલ કેટલી લીઝ છેલ્લા એક વર્ષમાં મંજુર કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી કાર્યરત અને કેટલી બિન કાર્યરત છે, અને

(૩) લીઝની ફાળવણીથી સરકારને કેટલી રોયલ્ટી પ્રાપ્ત થવાની હતી અને કેટલી વસુલ કરવાની બાકી છે આ બાકી રોયલ્ટી વસુલ કરવા ઉકત સ્થિતિએ શાં પગલાં ભરવામાં આવેલ છે?

ખાણ ખનિજ મંત્રીશ્રી :(૩/૨/૧૫)

(૧) તા.૩૧/૭/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માર્બલ ખનિજની ૦૨ કવોરીલીઝ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) મંજૂર થયેલ કવોરીલીઝના કરારખત બાકી હોય બંને લીઝ બિનકાર્યરત છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

## અમદાવાદ જિલ્લામાં ખાણ ખનિજ ચોરીના બનાવો

અતારાંકિત : ૪૩૧૬ (૯/૧/૧૫) શ્રી કરમશીભાઇ વિ. પટેલ (સાણંદ) : માનનીય ખાણ–ખનિજ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) તા.૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાંથી ખાણ ખનિજ ચોરીના કેટલા બનાવો પકડવામાં આવ્યા,

(૨) તે અન્વયે રોયલ્ટી પેટે કેટલી રકમ વસૂલ થઇ, અને

(૩) ચોરીમાં સંડોવાયેલ ઇસમો સામે કઇ કઇ કલમો લગાવી કેસ કરવામાં આવ્યા ?

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

ખાણ ખનિજ મંત્રીશ્રી : (૬/૨/૧૫)

(૧) ૪૮૫

(૨) તે અન્વયે રૂ. ૨૪૪.૫૭ લાખની દંડનીય રકમ વસુલવામાં આવી.

(૩) ચોરીમાં સંડોવાયેલ ઇસમો સામે ગુજરાત ખનિજ (ગેરકાયદે ખાણ કામ, હેરફેર અને સંગ્રહ નિવારણ)૨૦૦૫ના નિયમો ૫,૬ તથા ૮ ના ભંગ બદલ કલમ ૧૩ અને ૧૪ લગાવી કેસ કરવામાં આવ્યાં.

-------

રાજ્યમાં નાના, લઘુ અને મધ્યમ કક્ષાના નોંધાયેલા ઉદ્યોગો

અતારાંકિત : ૪૩૨૪ (૨૧/૦૧/૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં નાના, લઘુ અને મધ્યમ કક્ષાના કેટલા ઉદ્યોગો નોંધાયેલા છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર આ પ્રકારના કેટલા ઉદ્યોગો બંધ થયા,

(૩) ઉદ્યોગો બંધ થવાના મુખ્યત્વે શાં કારણો છે, અને

(૪) આ ઉદ્યોગોને બંધ થતાં અટકાવવા સરકાર દ્વારા શા પ્રોત્સાહનો આપવામાં આવે છે. ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) : (૧૧/૨/૧૫)

(૧) MSMED ACT 2006 તા. ૦૨/૧૦/૨૦૦૬ થી અમલમાં આવેલ છે. તા. ૦૨/૧૦/૨૦૦૬ થી તા. ૩૦/૧૧/૨૦૧૪ સુધીમાં રાજ્યમાં ૨૬૯૩૯૯ સૂક્ષ્મ એન્ટરપ્રાઇઝ, ૨૯૫૦૮ લઘુ એન્ટરપ્રાઇઝ અને ૧૪૯૪ મધ્યમકક્ષાના એન્ટરપ્રાઇઝ મળી કુલ ૩૦૦૪૦૧ એન્ટરપ્રાઇઝ નોંધાયેલ છે. જે પૈકી ૧૮૫૦૪૭ મેન્યુફેકચરીંગ એન્ટરપ્રાઇઝ નોંધાયેલ છે તથા ૧૧૫૩૫૪ સેવા એન્ટરપ્રાઇઝ નોંધાયેલ છે.

તા. ૦૨/૧૦/૨૦૦૬ થી MSMED ACT 2006 અમલમાં આવતાં પહેલાં લઘુ ઉદ્યોગો નોંધણી યોજના હેઠળ રાજ્યમાં કુલ ૩૧૨૭૮૨ લઘુ ઉદ્યોગો નોંધાયેલા હતા.

(૨) MSMED ACT 2006 મુજબ બંધ એકમોની નોંધણી કરવામાં આવતી નથી પરંતુ તા. ૩૧/૩/૨૦૧૨ની સ્થિતિએ MSMED ACT હેઠળ એકનોલેજમેન્ટ મેળવેલ એકમોનો રાજ્ય સરકાર દ્વારા ૧૦% સેમ્પલ સર્વે કરતાં સૂક્ષ્મ-૫.૬૪, લઘુ-૩.૯૧ અને મધ્યમ કક્ષાના ૨.૭૭ ટકા એકમો બંધ જોવા મળેલ.

(૩) સર્વે દરમ્યાન ઉદ્યોગો બંધ થવાના મુખ્ય કારણો નીચે પ્રમાણે જણાયા છે

(૧) માંગની અછત

(૨) જુની ટેકનોલોજી

(૩) વેચાણની સમસ્યા

(૪) મજૂરની ઉપલબ્ધતા

(૪) રાજ્ય સરકાર દ્વારા લઘુ એકમો સ્પર્ધાત્મક વાતાવરણમાં ટકી શકે તે માટે ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અંતર્ગત વિવિધ પ્રોત્સાહન યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

-------

ફાલ્ગુન ૨૯, ૧૯૩૬ શાકે
અતારાંકિત પ્રશ્નો

રાજ્યમાં બંધ પડેલ ઉદ્યોગો

અતારાંકિત ૪૩૨૫ (તા. ૨૧-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૧-૧૧-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં નાના, લઘુ અને મધ્યમ કક્ષાના ૪૮ હજારથી વધુ ઉદ્યોગો બંધ થયેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે,

(૨) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં બંધ પડેલ ઉદ્યોગો અંગે સરકારના ઉદ્યોગ વિભાગ દ્વારા કોઈ સર્વેક્ષણ કરવામાં આવ્યુ છે કે કેમ,

(૩) જો હા તો તેની વિગતો શી છે, અને

(૪) જો ના તો તેના શાં કારણો છે ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) : (૧૧/૨/૧૫)

(૧) MSMEd Act 2006 મુજબ બંધ એકમની નોંધણી કરવામાં આવતી નથી. માટે તા. ૩૧-૧૧-૧૪ની સ્થિતિએ કોઈ બંધ લઘુ એકમોની માહિતી ઉપલબ્ધ નથી.

(૨) સરકારના ઉદ્યોગ વિભાગ દ્વારા કોઈ સર્વેક્ષણ કરવામાં આવેલ નથી. તા. ૩૧-૧૧-૨૦૧૪ સુધી લઘુ એકમોની સ્થિતિ જાણવા કોઈ અભ્યાસ હાથ ધરેલ નથી પરંતુ તા. ૩૧-૩-૨૦૧૨ની સ્થિતિએ MSMEd Act 2006 હેઠળ એકનોલેજમેન્ટ મેળવેલ એકમોનો રાજ્ય સરકાર દ્વારા ૧૦% સેમ્પલ સર્વે કરતાં સૂક્ષ્મ-૫.૬૪, લઘુ-૩.૯૧ અને મધ્યમ કક્ષાના ૨.૭૭ ટકા એકમો બંધ જોવા મળેલ.

(૩) લાગુ પડતુ નથી.

(૪) સરકારશ્રી દ્વારા બે થી પાંચ વર્ષના ગાળામાં સેમ્પલ સર્વે હાથ ધરવામાં આવતો હોય છે. તે તા. ૩૧-૧૨-૨૦૧૨ સર્વે ૨૦૧૩-૧૪ દરમ્યાન હાથ ધરવામાં આવેલ હતો.

-------

બનાસકાંઠા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવા

અતારાંકિત : ૪૦૦૨ (૦૯/૦૧/૨૦૧૫) શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) બનાસકાંઠા જિલ્લામાં આવેલ ઉદ્યોગોમાં વર્ષ ૨૦૧૩-૧૪માં રોજગાર કચેરી દ્વારા સ્થાનિક કેટલા શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવા કેટલા ઈન્ટરવ્યુ કોલ આપવામાં આવ્યા, અને

(૨) તે પૈકી કેટલી નિમણૂંકો આપવામાં આવી ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૧૩/૨/૧૫)

(૧) ૮૫૦૦ સ્થાનિક શિક્ષિત બેરોજગારોને ઈન્ટરવ્યુ કોલ મોકલવામાં આવ્યા.

(૨) ૨૯૯

---------

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

બનાસકાંઠા જિલ્લામાં લઘુતમ વેતન અને બાળ મજુર ધારા ભંગના કિસ્સા

અતારાંકિત : ૪૦૦૮, (૦૯-૦૧-૨૦૧૫) શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વર્ષ ૨૦૧૩-૧૪માં લઘુત્તમ વેતન ધારા ભંગ અને બાળ મજૂર ધારા ભંગના કિસ્સા કેટલા ધ્યાનમાં આવેલ છે, અને

(૨) તે સંદર્ભે શાં પગલા ભરવામાં આવેલ છે?

શ્રમ અને રોજગાર મંત્રી : (૧૦/૨/૧૫)

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ-૨૦૧૩-૧૪માં લઘુત્તમ વેતન ધારા તથા બાળ મજૂર ધારાના ભંગના તાલુકાવાર નીચે મુજબ કિસ્સા ધ્યાનમાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | લવેધા ભંગના અંગેના કિસ્સા | બાળ મજૂર ભંગ અંગેના કિસ્સા |
|---|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૪૦ | ૧૧ |
| ૨ | ડીસા | ૩૧ | ૦૦ |
| ૩ | કાંકરેજ | ૧૩ | ૦૧ |
| ૪ | ભાભર | ૦૧ | ૦૨ |
| ૫ | દાંતીવાડા | ૧૨ | ૦૦ |
| ૬ | દિયોદર | ૭૭ | ૦૦ |
| ૭ | દાંતા | ૨૪ | ૦૨ |
| ૮ | ધાનેરા | ૨૨ | ૦૦ |
| ૯ | વડગામ | ૫૧ | ૦૦ |
| ૧૦ | લાખણી | ૦૦ | ૦૦ |
| ૧૧ | સુઇગામ | ૦૦ | ૦૦ |
| ૧૨ | થરાદ | ૦૬ | ૦૧ |
| ૧૩ | વાવ | ૦૦ | ૦૦ |
| ૧૪ | શિહોરી | ૪૦ | ૦૦ |
| ૧૫ | અમીરગઢ | ૦૩ | ૦૦ |
| | કુલ. | ૪૨૦ | ૧૭ |

(૨) (૧) લઘુત્તમ વેતન ધારાના ભંગ બદલ તમામ સંસ્થાને તપાસ નોંધ આપવામાં આવેલ અને જે સંસ્થાએ તપાસ નોંધનો અમલ કરેલ નથી. તેમની સામે સંબંધિત નામદાર કોર્ટમાં તાલુકાવાર નીચે મુજબ કેસો દાખલ કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | લવેધા ભંગ ના કોર્ટ કેસો |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૩ |
| ૨ | ડીસા | ૦૦ |
| ૩ | કાંકરેજ | ૦૧ |

| | | |
|---|---|---|
| ૪ | ભાભર | ૦૦ |
| ૫ | દાંતીવાડા | ૦૦ |
| ૬ | દિયોદર | ૦૦ |
| ૭ | દાંતા | ૦૩ |
| ૮ | ધાનેરા | ૦૦ |
| ૯ | અમીરગઢ | ૦૦ |
| ૧૦ | વડગામ | ૦૪ |
| ૧૧ | લાખણી | ૦૦ |
| ૧૨ | સુઇગામ | ૦૦ |
| ૧૩ | થરાદ | ૦૬ |
| ૧૪ | વાવ | ૦૦ |

(૨) બાળ મજૂર (પ્ર. અને નિ.) ધારા–૧૯૭૬ના ભંગ બદલ કોઈ પગલા ભરવામાં આવેલ નથી. પરંતુ બાળ શ્રમિકોને કામ રાખવા બદલ જુવેનાઈલ જસ્ટીસ એક્ટ–૨૦૦૦ હેઠળ તાલુકાવાર નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | જુવેનાઈલ જસ્ટીસ એક્ટ, ૨૦૦૦ હેઠળ કરેલ એફ.આઈ.આર. |
|---|---|---|
| ૧ | પાલનપુર | ૧૧ |
| ૨ | ડીસા | ૦૦ |
| ૩ | કાંકરેજ | ૦૧ |
| ૪ | ભાભર | ૦૨ |
| ૫ | દાંતીવાડા | ૦૦ |
| ૬ | દિયોદર | ૦૦ |
| ૭ | દાંતા | ૦૨ |
| ૮ | ધાનેરા | ૦૦ |
| ૯ | અમીરગઢ | ૦૦ |
| ૧૦ | વડગામ | ૦૦ |
| ૧૧ | લાખણી | ૦૦ |
| ૧૨ | સુઈગામ | ૦૦ |
| ૧૩ | થરાદ | ૦૧ |
| ૧૪ | વાવ | ૦૦ |

-------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનું સંવર્ગવાર મહેકમ

અતારાંકિત : ૪૧૩૭ (૦૯–૦૧–૨૦૧૫) શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ આવેલી છે. તથા તેમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજુર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે. અને ભરાયેલ જગ્યાઓ પૈકી કેટલી કાયમી ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ફીક્સ પગાર/હંગામી ધોરણે ભરાયેલ છે, અને

(૩) સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે, તથા રાજ્ય સરકાર ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવા માંગે છે?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૧૨-૦૨-૨૦૧૫)

(૧) *પત્રક-૧ મુજબ

(૨) *પત્રક-૨ મુજબ

(૩) સંવર્ગવાર ખાલી જગ્યાઓ *પત્રક-૩ મુજબ છે. વહીવટી અનુકુળતા ધ્યાને લઇ ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે

---

* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.

-------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો

અતારાંકિત : ૪૧૩૮, (૯/૦૧/૨૦૧૫) શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી છેલ્લા પાંચ વર્ષમાં કેટલા બેરોજગારોનો વધારો થયો, અને

(૩) નોંધાયેલા બેરોજગારો પૈકી છેલ્લા પાંચ વર્ષમાં કેટલા યુવાનોને રોજગારી પુરી પાડવામાં આવી?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૧૩/૨/૧૫)

(૧)

| તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ નોંધાયેલ બેરોજગારો | | | | |
|---|---|---|---|---|
| ક્રમ | જિલ્લાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
| 1 | પંચમહાલ | ૧૨૮૬૭ | ૮૦૧ | ૧૩૬૬૮ |
| ૨ | મહીસાગર | ૧૧૫૦૦ | ૫૦૭ | ૧૨૦૦૭ |

(૨)

તે પૈકી છેલ્લા પાંચ વર્ષમાં વધારો થયેલ બેરોજગારોની સંખ્યા

| ક્રમ | જિલ્લાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| 1 | પંચમહાલ | ૫૧૦૨૨ | ૧૭૪૮૭ | ૬૮૫૦૯ |
| ૨ | મહીસાગર | ૯૩૬૦ | ૪૫૮૮ | ૧૩૯૪૮ |

(૩)

નોંધાયેલ બેરોજગારો પૈકી છેલ્લા પાંચ વર્ષમાં રોજગારી પુરી પાડવામાં આવેલ યુવાનોની સંખ્યા

| ક્રમ | જિલ્લાનું નામ | શિક્ષિત | અર્ધશિક્ષિત | કુલ |
|---|---|---|---|---|
| 1 | પંચમહાલ | ૨૯૯૧૯ | ૨૨૩૬૭ | ૫૨૨૮૬ |
| ૨ | મહીસાગર | ૭૮૨ | ૯૪ | ૮૭૬ |

-------

રાજ્યમાં જિલ્લાવાર ઈન્સ્ટ્રકટરોની મંજુર જગ્યાઓ

અતારાંકિત : ૪૨૮૫ (૯/૦૧/૨૦૧૫) શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લામાં આઈ.ટી.આઈમાં ઈન્સ્ટ્રકટરોની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ જગ્યાઓ ખાલી રહેવાના શા કારણો છે અને કયાં સુધીમાં ભરવામાં આવશે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૧૩/૨/૧૫)

(૧) *પત્રક-૧ મુજબ

(૨) *પત્રક-૨ મુજબ

(૩) આ જગ્યાઓ કર્મચારીની વયનિવૃત્તિ/સ્વૈ. નિવૃત્તિ/રાજીનામા/અવસાન વગેરે કારણોસર ખાલી રહેલ છે. વહીવટી અનુકૂળતા ધ્યાને લઈ ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે.

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

## રાજ્યની આઈ.ટી.આઈ. કોલેજોમાં પ્રોફેસર અને આસી. પ્રોફેસરની ફીક્સ પગારથી ભરતી

અતારાંકિત : ૪૨૮૬ (૯-૦૧-૨૦૧૫) શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની આઈ.ટી.આઈ. કોલેજોમાં પ્રોફેસર, આસી. પ્રોફેસરની ફીક્સ પગારથી ભરતી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તેમના પગારના ધોરણો શા છે અને સરકારના કયા લાભો ઉક્ત કર્મચારીઓને મળે છે?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૧૨/૨/૧૫)

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

## શ્રમિક સુરક્ષા યોજના અંતર્ગત પડતર અરજીઓ

અતારાંકિત : ૪૩૦૮ (૯-૦૧-૨૦૧૫) શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર શ્રમિક સુરક્ષા અંતર્ગત સરકારને કેટલી અરજીઓ મળી, અને

(૨) તે અન્વયે કઈ વીમા કંપનીને ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલું પ્રિમિયમ ચૂકવવામાં આવ્યું,

(૩) તે પૈકી શ્રમિકોને કેટલી કરમો ચૂકવવામાં આવી, તેમજ ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા શ્રમિકોની અરજીઓ કયા કારણોસર પડતર છે ?

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી : (૧૩-૨-૧૫)

(૧) ૯૮૯ (નવસો નેવ્યાસી)

(૨) સને ૨૦૧૩-૧૪ના વર્ષમાં રૂ. ૫,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ કરોડ પુરા) અને સને ૨૦૧૪-૧૫ના વર્ષમાં

રૂ. ૫,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ કરોડ પુરા) એમ કુલ રૂ. ૧૦,૦૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ કરોડ પુરા) વિમા નિયામકશ્રી, ગાંધીનગરને પ્રિમિયમ પેટે ચૂકવવામાં આવ્યા.

(૩) રૂ. ૨,૩૬,૦૦,૦૦૦/- ની રકમની ચૂકવણી કરવામાં આવી છે. અને રૂ. ૭,૫૩,૦૦,૦૦૦/-ની રકમ ચૂકવવાની બાકી છે.

(૪) ૭૫૩ શ્રમિકોની અરજીઓ જરૂરી પૂર્તતાઓ સમયસર નહી થવાના કારણે પડતર છે,

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

-------

કલ્પસર પ્રોજેક્ટની કામગીરીઓ વિલંબ બાબત

અતારાંકિત : ૪૩૩૦, (૨૧-૦૧-૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્ય મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ સ્થિતિએ રાજ્યમાં કલ્પસર પ્રોજેક્ટની કામગીરી સમય મર્યાદામાં થઈ રહી નથી તે હકીકત ખરી છે.

(૨) જો હા, તો તેના શા કારણો છે,

(૩) આ પ્રોજેક્ટ ક્યારે મંજૂર કરવામાં આવ્યો, અને

(૪) ઉક્ત સ્થિતિએ આ પ્રોજેક્ટની કામગીરી કયા તબક્કે છે, અને પ્રોજેક્ટ ક્યારે કાર્યરત કરવામાં આવશે ?

મુખ્ય મંત્રીશ્રી (કલ્પસર) : (૯-૨-૧૫)

(૧) ના, જી

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) નવી પથરેખા મુજબ તા.૨૨-૯-૨૦૦૯થી મંજૂર કરવામાં આવ્યો છે.

(૪) ઉક્ત સ્થિતિએ આ પ્રોજેક્ટ સર્વેક્ષણ અને સંશોધનની કામગીરી સાથે શક્યતાદર્શી અહેવાલ તૈયાર કરવાની સ્થિતિએ છે. યોજના માટેના તમામ અભ્યાસો પૂર્ણ થયેથી, શક્યતાદર્શી અહેવાલ તૈયાર થયા બાદ, યોજના માટે મેળવવાની થતી તમામ મંજૂરીઓ મેળવીને યોજનાના કામો સત્વરે ચાલુ કરવાનું આયોજન છે.

-------

જામનગર જિલ્લામાં વિસ્તરણ અધિકારી વર્ગ-૩ ની ખાલી જગ્યાઓ

અતારાંકિત : ૩૬૬૮ (૨૦/૧૦/૨૦૧૪) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : તા.૫ /૭/૨૦૧૩ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૧૦૭૩ (અગ્રતા-૯૫) ના અનુસંધાને માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે,-

(૧) જામનગર જિલ્લામાં ૩૧ મી મે-૨૦૦૯ ની સ્થિતિએ વિસ્તરણ અધિકારી વર્ગ-૩ ની ખાલી રહેલી જગ્યાઓ ૩૧ મી માર્ચ-૨૦૧૩ ની સ્થિતિએ પણ ખાલી રહેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ પાયાની કામગીરી માટે મહત્વની જગ્યાઓ બઢતીથી ભરવાની કાર્યવાહી લાંબા સમય સુધી ન કરવાના શા કારણો છે,

(૩) આ જગ્યાઓ બઢતીથી ભરવાની કાર્યવાહી કરવામાં અક્ષમ્ય વિલંબ કરવા માટે કોણ જવાબદાર છે, અને

(૪) આ તમામ જગ્યાઓ ભરવાની કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) (૯/૨/૧૫)

(૧) હા જી

(૨) નામ. હાઇકોર્ટમાં દાખલ થયેલ સ્પે.સી.એ. નં.૭૭૨૬/૯૯ ના કારણે આ જગ્યાઓ લાંબા સમય સુધી ભરી શકાયેલ ન હતી.

(૩) આ જગ્યાઓ ભરવા વહીવટી પ્રક્રિયામાં વિલંબ થયેલ હોઇ જવાબદારીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) બનતી ત્વરાએ

-------

ફાલ્ગુન ૨૯, ૧૯૩૬ શાકે
અતારાંકિત પ્રશ્નો

પાટણ જિલ્લામાં બાંધેલ બોરીબંધ

અતારાંકિત : ૩૯૩૯ (૯/૧/૨૦૧૫) શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત (સિદ્ધપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે, :-

(૧) તા. ૩૦/૬/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલા બોરીબંધ બાંધવામાં આવ્યા,

(૨) બોરીબંધ બાંધવાથી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલો પાણીનો સંગ્રહ થયેલ,

(૩) બોરીબંધ બાંધવા પાછળ ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો, અને તે ખર્ચ બજેટના ક્યા હેડ હેઠળ કરવામાં આવ્યો, અને

(૪) તે પૈકી ઉક્ત સ્થિતિએ ક્યા વર્ષમાં બાંધેલ કેટલા બોરીબંધ હયાત છે ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૫/૨/૧૫)

(૧) તા. ૩૦/૬/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર પાટણ જિલ્લામાં તાલુકાવાર વોટરશેડ તથા મનરેગા યોજના હેઠળ કોઇ બોરીબંધ બાંધવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન રહેતો નથી.

-------

બી.પી.એલ. કુટુંબોને ઓળખવા માટેના માપદંડની અવગણના

અતારાંકિત : ૪૦૪૨ (૧૩/૧/૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશો કેઃ-

(૧) તા. ૩૦/૧૦/૨૦૧૪ની સ્થિતિએ ભારત સરકારે રાજ્ય સરકારને બી.પી.એલ. કુટુંબોને ઓળખવા માટે શૂન્ય થી ૧૬ પોઇન્ટની પધ્ધતિ નિર્ધારિત કરી હતી તે હકીકત સાચી છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેન્દ્ર સરકારના આ માપદંડને અવગણીને રાજ્ય શૂન્યથી ૨૦ પોઇન્ટની પધ્ધતિ અપનાવી હતી કે કેમ તે હકીકત ખરી છે,

(૩) જો હા, તો તેની વિગતો શી છે, અને તેના કારણો શાં છે, અને

(૪) જવાબદારો સામે શા પગલા ભર્યા ?

ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૭/૨/૧૫)

(૧) તા. ૩૧/૧૦/૨૦૧૪ની સ્થિતિએ ભારત સરકારે બી.પી.એલ. કુટુંબોને ઓળખવા માટે શૂન્ય થી ૧૬ પોઇન્ટની પદ્ધતિ નિર્ધારિત કરેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

રાજ્યમાં તલાટી કમમંત્રી (મહેસૂલ) ની ભરતીમાં ગેરરીતિ

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત : ૩૪૯૫ (૧૭/૧૦/૨૦૧૪) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં તલાટી-કમ-મંત્રી (મહેસૂલ)ની ભરતીમાં કોઇ ગેરરીતિ થઇ હોવાનું સરકારના ધ્યાને આવેલ છે, અને

(૨) જો હા, તો કેવા પ્રકારની ગેરરીતિ થયેલ અને દોષિતો / આરોપીઓ સામે શી કાર્યવાહી કરી ?

મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ): (૭/૨/૧૫)

(૧) તલાટી-કમ-મંત્રી (મહેસૂલ) એ મહેસૂલ વિભાગ હસ્તકની કેડર નથી. પરંતુ મહેસૂલી તલાટીની વર્ષ ૨૦૧૪ની ભરતી સંદર્ભે સ્માર્ટ એકેડમી અને પર્સનાલીટી ડેવલપમેન્ટ ગાંધીનગર નામની સંસ્થા ચલાવતા ડો. કલ્યાણસિંહ મુળસિંહ ચંપાવત નાઓ તરફથી ઉમેદવારો પાસેથી નાણા પડાવ્યાની ફરિયાદ સંદર્ભે જિલ્લા પોલીસ વડા, ગાંધીનગર દ્વારા તપાસ કરી ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ છે.

(૨) ડો. કલ્યાણસિંહ મુળસિંહ ચંપાવત નાઓએ મહેસૂલ વિભાગ તરફથી લેવામાં આવેલી મહેસૂલી તલાટીની સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરાવી આપવાનો વિશ્વાસ આપી જુદા જુદા ઉમેદવારો તથા તેમના સંબંધીઓ પાસેથી નાણા સ્વીકારી છેતરપીંડી કરવાના ગુનામાં તા. ૧૬/૦૨/૨૦૧૪ ના રોજ ગાંધીનગર પોલીસ દ્વારા તેઓની અટક કરવામાં આવી હતી. ગાંધીનગર જિલ્લા એલ.સી.બી. દ્વારા પોલીસ તપાસ અને ક્રિમીનલ કેસ ચાલુ છે.

-------

રાજ્યમાં જિલ્લાવાર જમીનોની ફેરમોજણીની કામગીરી

અતારાંકિત : ૩૪૯૮ (૦૪/૧૦/૨૦૧૪) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૧/૦૭/૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં કેટલા જિલ્લાઓમાં જમીનોની ફેરમોજણી અંગેની કામગીરી કરવામાં આવી, તથા આ કામગીરી જિલ્લાવાર ક્યા તબક્કે છે,

(૨) ફેરમોજણીની કામગીરી કઇ એજન્સીને સોંપવામાં આવેલ છે સદરહુ કામગીરી માટે વર્ષવાર કેટલી રકમ ચૂકવવામાં આવી અને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

(૩) આ કામગીરી સોંપવા માટે કઇ પધ્ધતિ અપનાવવામાં આવેલ હતી ?

મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ): (૫/૨/૧૫)

(૧) રાજ્યના કુલ ૩૩ જિલ્લામાંથી ૭ જિલ્લામાં જમીનોની ફેરમોજણી અંગેની કામગીરી પૂર્ણ થયેલ છે. બાકીના કુલ ૨૬ જિલ્લામાં પ્રગતિમાં છે. જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | ગામની સંખ્યા | ગામ સભા થયેલ ગામો | ફેર મોજણી કામગીરી પૂર્ણ થયેલ ગામો | એડજ્યુડીકેશન થયેલ ગામોની સંખ્યા | પ્રમોલગેશન ગામો |
|---|---|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૪૨૨ | ૪૨૨ | ૪૨૨ | ૪૨૨ | ૩૭ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૨૫૭ | ૨૫૭ | ૨૫૭ | ૨૫૭ | ૭ |
| ૩ | અમદાવાદ | ૪૯૪ | ૪૯૪ | ૪૯૪ | ૪૯૩ | ૧૫ |
| ૪ | બોટાદ | ૧૮૮ | ૧૧૨ | ૮૭ | ૫૯ | ૦ |
| ૫ | સાબરકાંઠા | ૭૧૦ | ૭૧૦ | ૭૧૦ | ૭૧૦ | ૮૦ |
| ૬ | અરવલ્લી | ૬૮૨ | ૬૮૨ | ૬૮૨ | ૬૮૨ | ૫૩ |
| ૭ | રાજકોટ | ૬૦૮ | ૧૩૧ | ૧૧૬ | ૩૪ | ૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૮ | મોરબી | ૩૪૭ | ૧૬૯ | ૧૪૦ | ૧૫ | ૦ |
| ૯ | કચ્છ (ભૂજ) | ૮૯૫ | ૫૨૪ | ૫૨૧ | ૪૨૨ | ૩૯ |
| ૧૦ | પાટણ | ૫૨૨ | ૫૨૨ | ૫૨૨ | ૪૪૦ | ૧૦ |
| ૧૧ | વડોદરા | ૬૯૩ | ૨૯૮ | ૨૯૮ | ૪ | ૦ |
| ૧૨ | છોટાઉદેપુર | ૮૯૯ | ૧૪ | ૧ | ૦ | ૦ |
| ૧૩ | તાપી | ૪૬૬ | ૧૮૧ | ૧૫૨ | ૧૦ | ૦ |
| ૧૪ | ગાંધીનગર | ૨૯૦ | ૨૮૭ | ૨૮૭ | ૨૨૦ | ૪૭ |
| ૧૫ | સુરેન્દ્રનગર | ૫૯૬ | ૨૭૮ | ૨૪૧ | ૯ | ૦ |
| ૧૬ | મહેસાણા | ૬૧૮ | ૧૧૦ | ૭૪ | ૨૬ | ૦ |
| ૧૭ | બનાસકાંઠા | ૧૨૩૯ | ૧૬૪ | ૧૩૩ | ૨૮ | ૦ |
| ૧૮ | અમરેલી | ૬૨૩ | ૧૫૦ | ૯૩ | ૯ | ૦ |
| ૧૯ | ભરૂચ | ૬૭૪ | ૧૧૮ | ૬૫ | ૫ | ૦ |
| ૨૦ | નર્મદા | ૬૨૧ | ૧૬૪ | ૧૪૦ | ૦ | ૦ |
| ૨૧ | ભાવનગર | ૬૮૬ | ૫૭ | ૩૫ | ૦ | ૦ |
| ૨૨ | ખેડા | ૫૩૩ | ૮૩ | ૬૭ | ૨૬ | ૦ |
| ૨૩ | મહિસાગર | ૭૩૭ | ૧૫ | ૧૦ | ૦ | ૦ |
| ૨૪ | પંચમહાલ | ૬૦૯ | ૯૫ | ૫૨ | ૦ | ૦ |
| ૨૫ | દાહોદ | ૭૦૧ | ૮૧ | ૪૧ | ૦ | ૦ |
| ૨૬ | સુરત | ૭૯૫ | ૮૭ | ૭૦ | ૧૧ | ૦ |
| ૨૭ | જુનાગઢ | ૫૧૯ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૮ | ગીર સોમનાથ | ૩૪૪ | ૩ | ૨ | ૦ | ૦ |
| ૨૯ | ડાંગ | ૩૧૨ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | વલસાડ | ૪૯૭ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૩૧ | નવસારી | ૩૮૯ | ૩ | ૩ | ૦ | ૦ |
| ૩૨ | પોરબંદર | ૧૫૮ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૩ | આણંદ | ૩૬૧ | ૦ | ૦ | ૦ | ૦ |

(૨) ફેર મોજણી કામગીરી રાજયના જુદા જુદા જિલ્લામાં નીચે જણાવેલ એજન્સીને સોંપવામાં આવેલ છે.

| અનું. નંબર | જિલ્લાનું નામ | એજન્સીનું નામ |
|---|---|---|
| ૧ | જામનગર | આઇ.આઇ.સી ટેકનો.પ્રા.લિ. |
| ૨ | દેવભૂમિ દ્વારકા | આઇ.આઇ.સી ટેકનો.પ્રા.લિ. |
| ૩ | અમદાવાદ | આઇ.આઇ.સી ટેકનો.પ્રા.લિ. |
| ૪ | બોટાદ | એસ.કે.પી.પ્રોજેક્ટ પ્રા.લિ. |
| ૫ | સાબરકાંઠા | આઇ.આઇ.સી ટેકનો.પ્રા.લિ. |
| ૬ | અરવલ્લી | આઇ.આઇ.સી ટેકનો.પ્રા.લિ. |
| ૭ | રાજકોટ | ઇ સેન્ટરીક સોલ્યુશન પ્રા.લિ. |
| ૮ | મોરબી | ઇ સેન્ટરીક સોલ્યુશન પ્રા.લિ. |
| ૯ | કચ્છ(ભૂજ) | ઇ સેન્ટરીક સોલ્યુશન પ્રા.લિ. |
| ૧૦ | પાટણ | ઇ સેન્ટરીક સોલ્યુશન પ્રા.લિ. |
| ૧૧ | વડોદરા | વાપકોસ લી. |
| ૧૨ | છોટાઉદેપુર | વાપકોસ લી. |
| ૧૩ | તાપી | વાપકોસ લી. |
| ૧૪ | ગાંધીનગર | ઇન્ફોટેક ક્રેટીંગ |
| ૧૫ | સુરેન્દ્રનગર | એન.કે.બીલ્ડકોન પ્રા. |
| ૧૬ | મહેસાણા | સીકોન પ્રા.લી. |

| | | |
|---|---|---|
| ૧૭ | બનાસકાંઠા | સીકોન પ્રા.લી. |
| ૧૮ | અમરેલી | સ્કેન પોઇન્ટ જીઓમેટીક્સ લિ. |
| ૧૯ | ભરૂચ | આઇ.આઇ.સી ટેકનો.પ્રા.લિ. |
| ૨૦ | નર્મદા | આઇ.આઇ.સી ટેકનો.પ્રા.લિ. |
| ૨૧ | ભાવનગર | એસ.કે.પી.પ્રોજેક્ટ પ્રા.લિ. |
| ૨૨ | ખેડા | વાપકોસ લી. |
| ૨૩ | મહિસાગર | ઇ.આઇ.ટેકનોલોજીસ પ્રા.લિ. |
| ૨૪ | પંચમહાલ | ઇ.આઇ.ટેકનોલોજીસ પ્રા.લિ. |
| ૨૫ | દાહોદ | ઇ.આઇ.ટેકનોલોજીસ પ્રા.લિ. |
| ૨૬ | સુરત | વાપકોસ લી. |
| ૨૭ | જુનાગઢ | આઇ.આઇ.સી ટેકનો.પ્રા.લિ. |
| ૨૮ | ગીર સોમનાથ | વાપકોસ લી. |
| ૨૯ | ડાંગ | આઇ.આઇ.સી ટેકનો.પ્રા.લિ. |
| ૩૦ | વલસાડ | આઇ.આઇ.સી ટેકનો.પ્રા.લિ. |
| ૩૧ | નવસારી | આઇ.આઇ.સી ટેકનો.પ્રા.લિ. |
| ૩૨ | પોરબંદર | આઇ.આઇ.સી ટેકનો.પ્રા.લિ. |
| ૩૩ | આણંદ | વાપકોસ લી. |

| વર્ષ | થયેલ ચૂકવણી (લાખમાં) | બાકી ખર્ચ |
|---|---|---|
| ૨૦૦૯-૧૦ | ૨૪૦.૦૦ લાખ | ૦૦ |
| ૨૦૧૦-૧૧ | ૧૬૫૬.૧૨ લાખ | ૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૭૭૬.૫૦ લાખ | ૦૦ |
| ૨૦૧૨-૧૩ | ૩૨૧૦.૧૬ લાખ | ૦૦ |
| ૨૦૧૩-૧૪ | ૪૭૭૮.૯૨ લાખ | ૦૦ |
| ૨૦૧૪-૧૫ | ૫૩૬.૯૨ લાખ (ઓક્ટોબર-૨૦૧૪ સુધી) | ઓક્ટોબર-૨૦૧૪ની સ્થિતિએ કોઇ રકમ ચૂકવવાની બાકી નથી. |

(૩) આ કામગીરી સોંપવા માટે સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓનલાઇન સ્પર્ધાત્મક ટેન્ડર બહાર પાડી નાણા વિભાગ સહિત ખર્ચ કરવાની મંજુરીઓ મેળવી, એજન્સી સાથે કરાર કરી કામગીરી સોંપવામાં આવેલ છે.

-------

મહેસુલ વિભાગ અને તેની તાબાની કચેરીઓમાં સંવર્ગવાર મહેકમ

અતારાંકિત : ૩૫૦૫ (૧/૧૦/૨૦૧૪) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તારીખ ૩૧/૭/૨૦૧૪ ની સ્થિતિએ મહેસૂલ વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે અન્વયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને

(૩) તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે તથા ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) : (૫/૨/૧૫)

(૧) સંવર્ગવાર મંજુર થયેલ કુલ મહેકમ/જગ્યાઓ ૨૧૦૧૩ છે.
(વિગતવાર *પત્રકો ૧ થી ૧૩ મુજબ)

(૨) સંવર્ગવાર ભરાયેલ કુલ મહેકમ/જગ્યાઓ ૧૧૬૨૬ છે.

(વિગતવાર *પત્રકો ૧ થી ૧૩ મુજબ)

(૩) સંવર્ગવાર ખાલી પડેલ કુલ મહેકમ/જગ્યાઓ ૯૩૮૭ છે.

(વિગતવાર *પત્રકો ૧ થી ૧૩ મુજબ)

(૪) સામેલ *પત્રક-૧ થી ૧૩ માં સંબંધિત કોલમમાં દર્શાવ્યા મુજબ

(* પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

-------

મહેસાણા જિલ્લામાં નવી શરતમાંથી જૂની શરતમાં જમીન ફેરવવા માટેની અરજીઓ

અતારાંકિત : ૩૭૮૭ (૧૬/૧૦/૧૪) શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ (વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૦૮/૨૦૧૪ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર છેલ્લા પાંચ વર્ષમાં જમીનોને નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની કેટલી અરજીઓ મળી, અને

(૨) કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી પડતર છે?

મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) :(૧૦/૨/૧૫)

(૧) સામેલ *પત્રકના કોલમ નં.૩માં દર્શાવ્યા મુજબ %

(૨) સામેલ *પત્રકના કોલમ નં.૪ અને ૫ માં દર્શાવ્યા મુજબ %

| ક્રમ | તાલુકાનું નામ | તા.૩૧/૮/૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જમીનોને નવી શરતમાંથી જૂની શરતમાં ફેરવવાની મળેલ અરજીઓ | મંજુર થયેલ અરજીઓ | પડતર અરજીઓ |
|---|---|---|---|---|
| 1 | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | મહેસાણા | ૬૮૪ | ૬૭૮ | ૦ |
| ૨ | કડી | ૧૨૯૧ | ૧૧૧૧ | ૦ |
| ૩ | વિજાપુર | ૫૪૮ | ૩૭૦ | ૩૫ |
| ૪ | વિસનગર | ૧૦૭૭ | ૧૦૩૭ | ૧૭ |
| ૫ | વડનગર | ૨૯૧ | ૨૮૨ | ૮ |
| ૬ | ખેરાલુ | ૩૦૫ | ૩૦૫ | ૦ |
| ૭ | સતલાસણા | ૧૯૧ | ૧૯૦ | ૧ |
| ૮ | ઉંઝા | ૫૪૪ | ૪૮૦ | ૦ |
| ૯ | બેચરાજી | ૬૪૯ | ૬૩૯ | ૯ |
| ૧૦ | જોટણા | ૪૩ | ૨૮ | ૦ |
| | કુલ | ૫૬૨૩ | ૫૧૨૦ | ૭૦ |

-------

મહેસાણા જિલ્લામાં બોર-કુવા બનાવવા, જમીન માટે અરજીઓ

અતારાંકિત : ૩૭૯૦(૧૬/૧૦/૧૪) શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ (વિજાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૮/૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહેસાણા જિલ્લામાં તાલુકાવાર બોર અને કુવા બનાવવા જમીન મેળવવા માટે કેટલી અરજીઓ મળી, અને

(૨) ઉકત સ્થિતિએ વર્ષવાર તે પૈકી કેટલી અરજીઓ મંજુર અને કેટલી નામંજુર કરવામાં આવી ?

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

મુખ્ય મંત્રીશ્રી (મહેસૂલ) : (૧૩/૨/૧૫)

(૧) તા.૩૧/૮/૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં ૧ તથા મહેસાણા તાલુકામાં ૧ અરજી એમ કુલ-૨(બે) અરજી મળેલ છે.

(૨) ઉક્ત બન્ને અરજીઓ વર્ષ ૨૦૧૪ની હોવાથી નિર્ણય થવા ઉપર પડતર છે.

-------

રાજ્યમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની સરકારી છાત્રાલયો અને આશ્રમશાળાઓ ખોલવા બાબત

અતારાંકિત : ૪૨૯૨(૯/૧/૨૦૧૫) શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

તા.૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના કયા જિલ્લાઓમાં અનુસૂચિત જાતિની સરકારી છાત્રાલયો અને આશ્રમશાળાઓ ખોલવામાં આવી ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૪/૨/૧૫)

તા.૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં અનુસૂચિત જાતિના સરકારી છાત્રાલયો પૈકી અમદાવાદ, આણંદ, મહેસાણા, બનાસકાંઠા, સુરેન્દ્રનગર, રાજકોટ, ભાવનગર, પોરબંદર, અરવલ્લી, અમરેલી, કચ્છ, પાટણ, વડોદરા, મહિસાગરમાં છાત્રાલયો ખોલવામાં આવેલા છે. જ્યારે એકપણ આશ્રમશાળાઓ ખોલવામાં આવેલ નથી.

-------

પંચમહાલ જિલ્લામાં આવેલ છાત્રાલયો અને આશ્રમશાળાઓ

અતારાંકિત : ૪૪૨૭ (૨૩/૧/૨૦૧૫) શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે કેટલા સરકારી છાત્રાલયો અને આશ્રમશાળાઓ ખોલવામાં આવી ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૧૩/૨/૧૫)

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે એક પણ આશ્રમશાળાઓ ખોલવામાં આવેલ નથી.

જ્યારે મહીસાગર જિલ્લામાં ૨ સરકારી છાત્રાલય ખોલવામાં આવેલ છે. અને પંચમહાલ જિલ્લામાં એકપણ છાત્રાલય ખોલવામાં આવેલ નથી.

-------

રાજ્યમાં આવેલ સરકારી છાત્રાલયો અને આશ્રમશાળાઓ

અતારાંકિત : ૪૫૧૦ (૨૩/૧/૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના કયા જિલ્લાઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો અને આશ્રમશાળાઓ ખોલવામાં આવી ?

સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૧૩/૨/૧૫)

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યના કયા જિલ્લાઓમાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે સરકારી છાત્રાલયો અને આશ્રમશાળાઓ ખોલવામાં આવેલ છે.

સરકારી છાત્રાલયો

| જિલ્લાનું | વર્ષ | | | | | સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| નામ | ૨૦૦૯-૧૦ | ૨૦૧૦-૧૧ | ૨૦૧૧-૧૨ | ૨૦૧૨-૧૩ | ૨૦૧૩-૧૪ | |
| વડોદરા | - | - | ૧ | - | - | ૧ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મહેસાણા | – | – | ૧ | – | ૧ | ૨ |
| અમદાવાદ | ૧ | ૧ | – | ૧ | – | ૩ |
| સુરેન્દ્રનગર | – | – | – | ૧ | – | ૧ |
| આણંદ | – | – | – | – | ૧ | ૧ |
| સુરત | – | ૧ | – | – | – | ૧ |
| બનાસકાંઠા | – | ૧ | ૧ | – | – | ૨ |
| સાબરકાંઠા | – | ૧ | – | – | – | ૧ |
| રાજકોટ | – | ૧ | – | ૧ | ૧ | ૩ |
| ભાવનગર | – | – | ૧ | ૧ | – | ૨ |
| જુનાગઢ | – | ૧ | – | – | – | ૧ |
| અમરેલી | – | ૧ | ૧ | – | – | ૨ |
| ભૂજ | – | ૧ | ૨ | – | – | ૩ |
| પોરબંદર | – | – | – | – | ૧ | ૧ |
| મહિસાગર | – | ૧ | – | ૧ | – | ૨ |
| પાટણ | – | – | ૧ | ૧ | – | ૨ |
| કુલ | ૧ | ૯ | ૮ | ૬ | ૪ | ૨૮ |

આશ્રમશાળાઓ

| જિલ્લાનું | | | વર્ષ | | | સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| નામ | ૨૦૦૯–૧૦ | ૨૦૧૦–૧૧ | ૨૦૧૧–૧૨ | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | |
| ગાંધીનગર | - | - | ૧ | - | - | ૧ |
| ભાવનગર | - | - | ૧ | - | - | ૧ |
| સુરેન્દ્રનગર | - | - | ૧ | - | - | ૧ |
| અમદાવાદ | - | - | - | ૨ | - | ૨ |
| જુનાગઢ | - | - | - | ૧ | - | ૧ |
| કુલ | - | - | ૩ | ૩ | - | ૬ |

-------

અમદાવાદમાં શાહજહાંએ બનાવેલ મહેલને આરક્ષિત સ્મારકોની યાદીમાં સમાવવાનું આયોજન બાબત

અતારાંકિત : ૪૦૪૭ (૯/૧/૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય યુવા, સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :–

(૧) તા.૩૧/૧૦/૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદમાં શાહજહાએ ૪૦૦ વર્ષ પહેલા બનાવેલા મહેલ કે જે ગુજરાતની સ્થાપના બાદ સરદાર પટેલ સ્મારક ઇમારત તરીકે પ્રચલિત છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) આ સ્મારકને અગાઉ આરક્ષિત સ્મારકોની યાદીમાં સમાવેલ હતુ તે હકીકત સાચી છે,

(૩) જો હા તો, કયારે અને તેને આરક્ષિત સ્મારકોની યાદીમાંથી બહાર કાઢવાના શા કારણો છે, અને

(૪) આ સ્મારકની ઐતિહાસિક મહત્વતા જાળવવા આરક્ષિત સ્મારકોની યાદીમાં સમાવવાનું કોઇ આયોજન છે કે કેમ, અને જો હા, તેની વિગતો શી છે ?

યુવા સાંસ્કૃતિક પ્રવૃતિઓના મંત્રીશ્રી (રાજયકક્ષા) : (૦૫/૨/૨૦૧૫)

(૧) હા, જી.

(૨) હા, આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા, ભારત સરકાર દ્વારા આ ઈમારતને આરક્ષિત સ્મારકોની યાદીમાં કેન્દ્ર સરકારમાં ૧૯૦૯મા સમાવેશ કરવામાં આવેલ હતો.

(૩) ગુજરાત રાજયની સ્થાપના થતા આ ઈમારતને ગવર્નર હાઉસમાં તબદીલ કરવા માટે ૧૯૫૯માં બિન આરક્ષિત જાહેર કરવામાં આવેલ.

(૪) સ્મારકની ઐતિહાસિક મહત્વતા જાળવવા રાજય આરક્ષિત સ્મારકોની યાદીમાં હાલમાં સમાવવાનું કોઇ આયોજન નથી.

-------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં રમત-ગમતને લગતી નવી તાલીમ શાળાઓ શરૂ કરવા બાબત

અતારાંકિત : ૪૧૪૩, (૯-૦૧-૨૦૧૫) શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય રમત-ગમત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૧-૧૧-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં રમત-ગમતને લગતી સરકારી ગ્રાન્ટેબલ તાલીમ શાળાઓ કેટલી છે, અને

(૨) જો આ શાળા ઉક્ત જિલ્લામાં ન હોય તો ગ્રાન્ટેબલ નવી શાળા રાજ્ય સરકાર ક્યાં સુધીમાં ચાલુ કરવા માંગે છે?

રમત-ગમત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૪-૨-૧૫)

(૧) જિલ્લામાં સ્પોર્ટસ સ્કૂલ અંતર્ગત હાલ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં શાળા ચયન કરાયું નથી.

(૨) યોજનાની જોગવાઈ અનુસાર તબક્કાવારના કાર્યક્રમમાં ઉપલબ્ધ શાળાઓમાંથી પસંદગી કરી સમાવેશ કરાયું છે. આથી નવી શાળા ચાલુ કરવાનો પ્રશ્ન નથી.

-------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વિભાગ હેઠળની જિલ્લા કચેરીઓમાં મંજૂર થયેલ મહેકમ

અતારાંકિત : ૪૧૪૫, (૯-૦૧-૨૦૧૫) શ્રી ગેંદાલભાઈ મો. ડામોર (સંતરામપુર) : માનનીય રમતગમત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે,

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જિલ્લાવાર રમતગમત અને યુવા સાંસ્કૃતિક વિભાગ હેઠળની જિલ્લા કચેરીઓમાં મંજૂર થયેલ સંવર્ગ મહેકમ કેટલું છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર, જિલ્લાવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી જિલ્લાવાર, સંવર્ગવાર, કાયમી નિમણૂંક/પુરા પગારથી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કરાર/ફીક્સ પગારના દરની કેટલી જગ્યાઓ બરાયેલ છે ?

રમત ગમત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૧૩-૨-૧૫)

(૧)

| ક્રમ | ખાતાના વડાનું નામ | મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ | પંચમહાલ | મહીસાગર |
|---|---|---|---|---|
| (૧) | કમિશ્નરશ્રી | (૧) જિલ્લા રમત ગમત અધિકારી, વર્ગ-૩ | ૦૧ | મહીસાગર જિલ્લા માટે |
| | કમિશ્નરશ્રી, યુવક | (૨) મદદનીશ પ્રોજેક્ટ અધિકારી, વર્ગ-૩ | ૦૧ | કોઈ મહેકમ મંજૂર |

| | | | | |
|---|---|---|---|---|
| | સેવા અને સાંસ્કૃતિક | (૩) સિનિયર ક્લાર્ક, વર્ગ-૩ | ૦૧ | થયેલ નથી. |
| | પ્રવૃત્િ◌ાઓ | (૪) જુ. ક્લાર્ક, વર્ગ-૩ | ૦૧ | |
| | | (૫) પટાવાળા, વર્ગ-૪ | ૦૧ | |

| (૨) | સ્પોર્ટસ ઓથોરીટી | મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ | પંચમહાલ | મહીસાગર |
|---|---|---|---|---|
| | ગુજરાત | (૧) કોચ | ૦૩ | ૦૧ |
| | | (૨) ક્લાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૧ | ૦૧ |
| | | (૩) ગ્રાઉન્ડ મેન | ૦૧ | - |
| | | (૪) પટાવાળા | ૦૧ | ૦૧ |
| | | (૫) ચોકીદાર | ૦૧ | - |

| (૩) | ગ્રંથાલય નિયામકની | મંજૂર થયેલ સંવર્ગવાર મહેકમ | પંચમહાલ | મહીસાગર |
|---|---|---|---|---|
| | કચેરી | (૧) જિલ્લા ગ્રંથાલય | ૦૧ | મહીસાગર જિલ્લા માટે |
| | | (૨) ગ્રંથાલય કારકૂન | ૦૧ | કોઈ મહેકમ મંજૂર |
| | | (૩) કનિયાન કારકૂન | ૦૧ | થયેલ નથી. |
| | | (૪) પટાવાળા | ૦૧ | |

(૨)

| (૧) | કમિશ્નરશ્રી | સંવર્ગનું નામ | પંચમહાલ | | | મહીસાગર |
|---|---|---|---|---|---|---|
| | | | ભરેલી | ખાલી | કેટલા સમયથી ખાલી. | |
| | કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | જિલ્લા રમત ગમત અધિકારી, વર્ગ-૩ | | ૦૧ | તા.૧૧/૨/૧૪થી | મહીસાગર જિલ્લા માટે કોઇ મહેકમ મંજૂર થયેલ ન હોવાથી માહિતિ શૂન્ય છે. |
| | મદદનીશ પ્રોજેક્ટ અધિકારી વર્ગ-૩ | ૦૧ | ૦ | | | |
| | સીનીયર ક્લાર્ક | ૦૧ | ૦ | | | |
| | જુનિયર ક્લાર્ક | ૦૧ | ૦ | | | |
| | પટાવાળા | ૦૧ | ૦ | | | |

| (૨) | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત | સંવર્ગનું નામ | પંચમહાલ | | | મહીસાગર | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ભરેલી | ખાલી | કેટલા સમયથી ખાલી | ભરેલી | ખાલી | કેટલા સમયથી ખાલી |
| | | કોચ | ૦૩ | ૦ | | ૦ | ૧ | ૩૧/૦૭/૧૪ |
| | | કલાર્ક-કમ-ટાઇપીસ્ટ | ૦૧ | ૦ | | ૦ | ૧ | ૩૧/૦૭/૧૪ |
| | | ગ્રાઉન્ડમેન | ૦૧ | ૦ | | | | |
| | | પટાવાળા | ૦૧ | ૦ | | ૦ | ૧ | ૩૧/૦૭/૧૪ |
| | | ચોકીદાર | ૦૧ | ૦ | | | | |

| (૩) | ગ્રંથાલય નિયામકની કચેરી | સંવર્ગનું નામ | પંચમહાલ | | | મહીસાગર |
|---|---|---|---|---|---|---|
| | | | ભરેલી | ખાલી | કેટલા સમયથી ખાલી. | મહીસાગર જિલ્લા માટે ગ્રંથાલય ખાતાનું કોઇ |

| | | | | |
|---|---|---|---|---|
| જિલ્લા ગ્રંથપાલ | ૦૧ | ૦ | મહેકમ મંજૂર થયેલ ન હોઇ માહિતિ શૂન્ય છે. | ગ્રંથાલય |
| કારકુન | ૦૧ | ૦ | | |
| કનિયાન કારકુન | ૦૧ | ૦ | | |
| પટાવાળા | ૦૧ | ૦ | | |

(૩)

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | કમિશ્નરશ્રી | સંવર્ગનું નામ | પંચમહાલ | | મહીસાગર |
| | કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ | | કાયમી નિમણુંક/ પુરા પગારથી ભરાયેલ જગ્યા | ફીક્સ પગારથી ભરાયેલ જગ્યા | મહીસાગર જિલ્લા માટે કોઇ મહેકમ મંજુર થયેલ ન હોવાથી માહિતી શૂન્ય છે. |
| | | મદદનીશ પ્રોજેક્ટ અધિકારી | - | ૧ | |
| | | સિનિયર કલાર્ક | ૧ | - | |
| | | જુનિયર કલાર્ક | ૧ | - | |
| | | પટાવાળા | ૧ | - | |
| (૨) | સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત | સંવર્ગનુંનામ | પંચમહાલ | | મહીસાગર |
| | | | કાયમી નિમણૂક/ પુરા પગારથી ભરાયેલ જગ્યા | ફીક્સ પગારથી ભરાયેલ જગ્યા | મહીસાગર જિલ્લા માટે કોઇ મહેકમ મંજૂર થયેલ ન હોવાથી માહિતી શૂન્ય છે. |
| | | કોચ | ૦૩ | - | |
| | | કલાર્ક કમ ટાઇપીસ્ટ | ૦૧ | - | |
| | | ગ્રાઉન્ડ મેન | ૦૧ | - | |
| | | પટાવાળા | ૦૧ | - | |
| | | ચોકીદાર | ૦૧ | - | |
| (૩) | ગ્રંથાલય નિયામકની કચેરી ગાંધીનગર | સંવર્ગનું નામ | પંચમહાલ | | મહીસાગર |
| | | | કાયમી નિમણુક/પુરા પગારથી ભરાયેલ જગ્યા | ફીક્સ પગારથી ભરાયેલ જગ્યા | મહીસાગર જિલ્લા માટે ગ્રંથાલય |
| | | જિલ્લા ગ્રંથપાલ | ૦૧ | - | ખાતાની જિલ્લા કક્ષા |
| | | ગ્રંથાલય કારકુન | ૦૧ | - | ની કોઇ મહેકમ મંજુર |
| | કાનિયાન કારકુન છે. | ૦૧ | - થયેલ ન હોવાથી | | પટાવાળા ૦૧-માહિતી શૂન્ય |

-----------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં પુસ્તકાલયો બાબત

અતારાંકિત : ૪૧૭૩ (૧૩-૦૧-૨૦૧૫) શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા પુસ્તકાલયો આવેલા છે,

(૨) ઉક્ત પુસ્તકાલયો માં ગ્રંથપાલોનું મંજૂર થયેલ મહેકમ કેટલું છે તથા તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૯–૨–૧૫)

(૧) (અ) તા. ૩૦–૧૧–૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં બે પુસ્તકાલયો આવેલા છે.

(૧) સરકારી જિલ્લા પુસ્તકાલય ગોધરા, જિ. પંચમહાલ

(૨) સરકારી તાલુકા પુસ્તકાલય ઘોઘંબા, જિ. પંચમહાલ

(બ) તા. ૩૦–૧૧–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર બે પુસ્તકાલયો આવેલા છે.

(૧) સરકારી તાલુકા પુસ્તકાલય, સંતરામપુર, જિ. મહીસાગર

(૨) સરકારી તાલુકા પુસ્તકાલય, બાલાશિનોર, જિ. મહીસાગર

(૨) ઉક્ત પુસ્તકાલયોમાં ગ્રંથપાલનું મંજૂર થયેલ મહેકમ કુલ - ૦૪

ઉક્ત પુસ્તકાલયોમાં ભરાયેલ જગ્યાઓ - ૦૪

કેટલી જગ્યાઓ ખાલી છે. - શૂન્ય

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

અમદાવાદ, સુરેન્દ્રનગર અને ગાંધીનગર જીલ્લામાં વીજ કંપની દ્વારા જમીન સંપાદન

અતારાંકિત : ૧૩૦૮ (૨૪–૦૬–૨૦૧૩) શ્રી રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય ઉર્જામંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–

(૧) તા. ૩૦–૦૪–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ, સુરેન્દ્રનગર અને ગાંધીનગર જીલ્લામાં જમીન સંપાદન માટેના કાયદાની જોગવાઇઓ અન્વયે વીજ કંપનીઓએ ખેડૂતોને માત્ર પાકમાં થતાં નુકસાનની રકમ આપીને તેમની કિંમતી જમીન હસ્તગત કરી લીધી હોવાની કેટલી ફરીયાદો ખેડૂતો દ્વારા રાજ્ય સરકારને મળી,

(૨) ઉપરોક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે,

(૩) બાકી રહેલ અરજીઓનો નિકાલ ક્યારે કરવામાં આવશે, અને

(૪) લાંબા સમયથી અરજીઓનો નિકાલ ન થવાનાં શાં કારણો છે ?

ઉર્જા મંત્રીશ્રી : (૩–૨–૧૫)

(૧) તા. ૩૦–૦૪–૨૦૧૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ, સુરેન્દ્રનગર અને ગાંધીનગર જીલ્લામાં જમીન સંપાદન માટેના કાયદાની જોગવાઈઓ અન્વયે વીજ કંપનીઓએ ખેડૂતોને માત્ર પાકમાં થતાં નુકસાનની રકમ આપીને તેમની કિંમતી જમીન હસ્તગત કરી લીધી હોવાની એક પણ ફરિયાદ ખેડૂતો દ્વારા રાજ્ય સરકાર/ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશનને મળેલ નથી.

(૨) લાગુ પડતું નથી.

(૩) લાગુ પડતું નથી.

(૪) લાગુ પડતું નથી.

-------

ધુવારણ થર્મલ પાવર સ્ટેશનની વીજ ઉત્પાદનમાં ઘટાડો

અતારાંકિત : ૩૯૯૫, (૧૯–૧–૨૦૧૫) શ્રી ગ્યાસુદીન હ. શેખ (દરિયાપુર) : માનનીય ઉર્જામંત્રીશ્રી

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૬-૨૦૧૪ની સ્થિતિએ ધુવારણ થર્મલ પાવર સ્ટેશનની વીજળી ઉત્પન્ન કરતા કેટલા યુનીટ તથા ગેસ ટર્બાઈન છેલ્લા પાંચ વર્ષમાં બંધ કરવામાં આવ્યા,

(૨) બંધ કરવાનાં કારણો શું છે,

(૩) તેના કારણે ધુવારણ સ્ટેશનના વીજ ઉત્પાદનમાં કેટલો ઘટાડો થયેલ છે,

(૪) બંધ થયેલા યુનિટો ચાલુ રાખવા માટે છેલ્લા પાંચ વર્ષમાં કોઈ દરખાસ્તો મળી છે કે કેમ,

(૫) તે અંગે શું નિર્ણય કરેલ છે, અને

(૬) ધુવારણમાં વીજ ઉત્પાદન વધારવા માટે રાજ્ય સરકાર દ્વારા શા પગલા લેવામાં આવ્યા ?

ઉર્જા મંત્રીશ્રી : (૭-૨-૧૫)

(૧) તા. ૩૦-૬-૨૦૧૪ની સ્થિતિએ ધુવારણ થર્મલ પાવર સ્ટેશન ખાતે છેલ્લા પાંચ વર્ષમાં બંધ કરવામાં આવેલ વીજળી ઉત્પન્ન કરતા યુનીટ તથા ગેસ ટર્બાઈનની વિગતો નીચે મુજબ છે.

(અ) ધુવારણ ખાતે ૨ x ૧૧૦ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતા બળતણ ઓઈલ આધારીત વીજ ઉત્પાદન કરતાં બંને એકમો તા. ૧-૧૨-૨૦૧૦ ના રોજ બંધ કરવામાં આવ્યા છે.

(બ) ધુવારણ ખાતે છેલ્લા પાંચ વર્ષમાં વીજ ઉત્પાદન કરતાં કોઈ ગેસ ટર્બાઈન બંધ કરવામાં આવ્યા નથી.

(૨) ૨ x ૧૧૦ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતા બંને એકમોમાં વીજ ઉત્પાદન માટે બળતણ ઓઈલનો ભાવ વધુ હતો જેને લીધે આ એકમોમાંથી થતા વીજ ઉત્પાદનની પડતર કિંમત અન્ય પ્રકારના વીજ મથકોમાંથી થતા વીજ ઉત્પાદનની પડતર કિંમતની સરખામણીમાં ઘણી વધારે હોવાને કારણે સ્ટેટ લોડ ડીસ્પેચ દ્વારા આ વીજ એકમોમાંથી વીજ ઉત્પાદન માટે જરૂરી ડીસ્પેચ ઈન્સ્ટ્રકશન આપવામાં આવતું ન હતું.

(૩) તેના કારણે ધુવારણ સ્ટેશનના વીજ ઉત્પાદનમાં ૨૨૦ મેગાવોટ જેટલો ઘટાડો થયેલ છે. જેની સામે ધુવારણ ખાતે જીએસઈસીએલ દ્વારા ૧૦૬.૬૧૭ મેગાવોટ તેમજ ૧૧૨.૪૫ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતા ગેસ આધારીત એકમો કાર્યાન્વિત કરવામાં આવ્યા હતા.

(૪) બંધ થયેલા યુનીટો ચાલુ રાખવા માટે છેલ્લા પાંચ વર્ષમાં કોઈ દરખાસ્તો મળી નથી.

(૫) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૬) ધુવારણમાં વીજ ઉત્પાદન વધારવા માટે રાજ્ય સરકાર હસ્તકની વીજ ઉત્પાદન કંપની જીએસઈસીએલ દ્વારા ૩૭૬.૧ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતું એકમ તા. ૨૧-૫-૨૦૧૪ના રોજ કાર્યાન્વિત કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત ધુવારણ ખાતે જીએસઈસીએલ દ્વારા ૨ x ૮૦૦ મેગાવોટ વીજ ઉત્પાદન ક્ષમતા ધરાવતા કોલસા આધારીત એકમોની સ્થાપના આયોજન હેઠળ છે.

-------

પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે ફીડરોનું વિભાજન

અતારાંકિત : ૪૨૬૮ (૯-૧-૨૦૧૫) શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય ઉર્જામંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યમાં વીજ ગ્રાહકોને ગુણવત્તાસભર ને પુરતા દબાણથી વીજ પુરવઠો મળે તે માટે સરકારે તા. ૦૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ફીડરોનું વિભાજન કર્યું,

(૨) આગામી નાણાકીય વર્ષ કેટલી ફીડરોનું વિભાજન કરવાનું સરકારનું આયોજન છે, અને

(૩) ઉક્ત ફીડરોનું વિભાજન કરવામાં કૂલ કેટલો ખર્ચ થયો ?

ઉર્જા મંત્રીશ્રી : (૧૦-૨-૧૫)

(૧) રાજ્યમાં વીજ ગ્રાહકોને ગુણવત્તાસભર અને પૂરતા દબાણથી વીજ પૂરવઠો મળે તે માટે

(૨) તા. ૦૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રૂ. ૧૧,૯૦૪.૦૦ લાખના ખર્ચે કુલ ૮૪૧ અને ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે જ્યારે આગામી નાણાકીય વર્ષમાં ૫૩૩ ફીડરોનું

(૩) વિભાજન કરવાનું આયોજન છે.

-------

રાજ્યમાં આવેલ સબ સ્ટેશનો

અતારાંકિત : ૪૨૬૯ (૯-૧-૨૦૧૫) શ્રી શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય ઉર્જામંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૦૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા સબ સ્ટેશનો આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા સબ સ્ટેશનો કાર્યરત છે અને કેટલા સબ સ્ટેશનો બંધ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ સરકારે છેલ્લા બે વર્ષમાં કેટલા નવા સબસ્ટેશનો માટે કેટલો ખર્ચ કર્યો ?

ઉર્જા મંત્રીશ્રી : (૭-૨-૨૦૧૫)

(૧) તા. ૦૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૧૪૭૩ સબસ્ટેશનો આવેલા છે.

(૨) ઉક્ત સ્થિતિએ કુલ ૧૪૪૨ સબસ્ટેશનો કાર્યરત છે અને કુલ ૩૧ સબ-સ્ટેશનોનું કામ પૂર્ણ થયેલ છે પરંતુ ટ્રાન્સમિશન લાઈનનું કામ પ્રગતિમાં હોવાથી કાર્યાન્વિત થયેલ નથી.

(૩) છેલ્લા બે વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૩ દરમ્યાન નવા ૯૫ સબ સ્ટેશનો માટે રૂ. ૮૦,૫૧૮.૩૪ લાખ અને વર્ષ - ૨૦૧૪ દરમ્યાન નવા ૯૯ સબ-સ્ટેશનો માટે રૂ. ૧૦૪૦૯૩.૪૨ લાખ ખર્ચ થયેલ છે.

-------

અમદાવાદ જિલ્લામાં કુટીર જ્યોત અને રાજીવગાંધી વિજળીકરણ યોજના હેઠળ મળેલ અરજીઓ

અતારાંકિત : ૪૩૧૩, (૯-૧-૨૦૧૫) શ્રી કરમશીભાઇ વિ. પટેલ (સાણંદ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કુટીર જ્યોત અને રાજીવગાંધી વિજળીકરણ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) ઉક્ત સ્થિતિએ મળેલ અરજીઓ પૈકી કેટલી મંજૂર કરી, અને

(૩) ઉક્ત સ્થિતિએ બાકી રહેતી અરજીઓનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

ઉર્જા મંત્રીશ્રી : (૩-૨-૨૦૧૫)

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

(૧) રાજ્યની ""કુટીર જ્યોતિ યોજના" એ માત્ર આદિજાતિ વિસ્તારોમાં ગૃહ વપરાશ વીજ જોડાણ માટેની યોજના છે.

(૨) અમદાવાદ જિલ્લાનો કોઈ વિસ્તાર આદિજાતિ વિસ્તાર ન અને હોવાથી અરજીઓ નોંધાયેલ નથી, જ્યારે આર.જી.જી.વી.વાય.હેઠળ અરજીઓ નોંધવામાં આવતી નથી,

(૩) પરંતુ ભારત સરકારનાં ગ્રામ્ય વીજળીકરણ નિગમ (REC) દ્વારા સંબંધિત જિલ્લાનાં મંજૂર થયેલ પ્રોજેક્ટ રીપોર્ટ મુજબ બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને વીજ જોડાણ આપવામાં આવેછે. તદ્અનુસાર અમદાવાદ જિલ્લાનો મંજૂર થયેલ આર.જી.જી.વી.વાય પ્રોજેક્ટ માર્ચ-૨૦૧૨માં પૂર્ણ થઈ ગયેલ છે. અને પ્રોજેક્ટમાં સમાવિષ્ટ ૨૨૨૦૭ બી.પી.એલ. લાભાર્થીઓને આ યોજના હેઠળ આવરી લઈ વીજળીકરણ કરવામાં આવેલ છે.

-------

જામનગર જિલ્લાના બેડીગામથી બંદર સુધી જવાનો રસ્તો રીપેર કરવા બાબત

અતારાંકિત -૩૬૪૯ (૧૫-૧૦-૨૦૧૪) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્યમંત્રીશ્રી (બંદરો) જણાવવા કૃપા કરશે કે :-

(૧) જામનગર જિલ્લાના બેડીગામથી બંદર સુધી જવા માટેનો રસ્તો ખરાબ સ્થિતિમાં છે તેથી જાહેર જનતાને પારાવાર મુશ્કેલી ભોગવવી પડે છે તે ફરીયાદથી સરકાર જુન - ૨૦૧૪ની સ્થિતિએ વાકેફ છે કે કેમ, અને

(૨) જો, હા, તો આ રસ્તાને કયા સુધીમાં રીપેર કરી તૈયાર કરવામાં આવનાર છે?

મુખ્યમંત્રીશ્રી (બંદરો) : (૬-૦૨-૧૫)

(૧) જુન - ૨૦૧૪ની સ્થિતિએ રસ્તો સારી સ્થિતિમાં છે.

(૨) હાલમાં રસ્તાની સ્થિતિ સારી હોય, જરૂરિયાત જણાયે રસ્તો રીપેર કરવામાં આવશે.

-------

રાજયમાં સી. એન. જી. રીક્ષા ભાડામાં ઘટાડો કરવા બાબત

અતારાંકિત -૩૬૫૫ (૧૫-૧૦-૨૦૧૪) શ્રી રાઘવજીભાઈ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) તા. ૩૧મે - ૨૦૧૪ની સ્થિતિએ સી.એન. જી. ના ભાવના કરવામાં આવેલ ઘટાડા પછી પણ રાજયમાં અમદાવાદ શહેર સહીત રીક્ષા ચાલકોએ ભાડા ઘટાડો કર્યો નથી અને નાગરિકો પાસેથી જુના દરે રીક્ષાભાડુ વસુલ કરવામાં આવે છે તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો આ રીક્ષાના ભાડામાં ઘટાડાના અમલીકરણ માટે કયા અધિકારી જવાબદાર છે, અને

(૩) આ સમસ્યાના ઉકેલ માટે સરકારે શી વ્યવસ્થા કરી છે ?

વાહન વ્યવહાર મંત્રીશ્રી : (૭-૨-૧૫)

(૧) તા. ૨૦-૨-૧૪ થી રીક્ષા ભાડામાં ઘટાડો કરવામાં આવેલ છે. આ પછી રીક્ષા ભાડું જુના દરે વધુ લેતા હોવા અંગેની કોઈ ફરીયાદ મળેલ નથી.

(૨) ફરીયાદ મળેલ ન હોઇ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ફરીયાદ મળેલ નથી. પરંતુ પ્રમુખશ્રી, ગ્રાહક સુરક્ષા અને પગલાં સમિતિ, અમદાવાદની તા.૯-૧૦-૨૦૧૪ની રજુઆત અન્વયે તા.૨૦-૨-૨૦૧૪ના જાહેરનામાથી ઠરાવેલા રીક્ષાભાડા મુજબનું રીક્ષાભાડું ચાલકો દ્વારા વસુલવામાં આવે અને મુસાફરોને હાલાકી ઓછી થાય તે બાબત સુનિ?તિ કરવા તમામ આર.ટી.ઓ / એ. આર. ઓ.ને વાહન વ્યવહાર કમિશ્નરશ્રીના તા. ૬-૧-૨૦૧૫ના પત્રથી સુચના આપવામાં આવેલ છે.

-------

## પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ

અતારાંકિત -૪૧૦૨ (૧૩-૧-૨૦૧૫) શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જનજાતિની કન્યાઓને કેટલી રકમની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ આપવામાં આવે છે, અને

(૨) ઉકત સ્થિતિએ શિષ્યવૃતિની રકમમાં છેલ્લા પાંચ વર્ષમાં કયારે કેટલો વધારો કરવામાં આવ્યો?

આદિજાતિ વિકાસ મંત્રીશ્રી, : (૧૩-૨-૧૫)

(૧) પત્રક-"અ" મુજબ

(૨) પત્રક-"બ" મુજબ

પત્રક-અ

તા.૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર અનુસૂચિત જનજાતિની કન્યાઓને નીચે મુજબની વિગતે શિષ્યવૃતિ ચુકવવામાં આવે છે.

પંચમહાલ જિલ્લો :-

| ક્રમ | તાલુકો | કન્યાઓની સંખ્યા | ચુકવેલ શિષ્યવૃતિની રકમ |
|---|---|---|---|
| 1. | જાંબુઘોડા | ૨૭ | ૪૨૮૪૪ |
| ૨. | હાલોલ | ૨૭૨ | ૪૮૨૧૯૯ |
| ૩. | ગોધરા | ૬૫ | ૪૦૦૫૫૫ |
| ૪. | કાલોલ | ૩૩૪ | ૨૩૯૩૫૬૨ |
| ૫. | શહેરા | ૨૩૨ | ૧૭૩૬૨૨૯ |
| ૬. | મોરવા(હ) | ૪૮૬ | ૭૨૮૨૫૫ |
| ૭. | ઘોઘંબા | ૪૭૪ | ૮૭૦૩૫૮ |
| | કુલ | ૧૮૯૦ | ૬૬૫૪૦૦૨ |

મહીસાગર જિલ્લો :-

| ક્રમ | તાલુકો | કન્યાઓની સંખ્યા | ચુકવેલ શિષ્યવૃતિની રકમ |
|---|---|---|---|
| 1. | સંતરામપુર | ૨૧૪૮ | ૪૫૫૮૭૫૪ |
| ૨. | કડાણા | ૯૩૩ | ૧૯૪૧૯૯૪ |
| ૩. | લુણાવાડા | ૩૨૬ | ૧૯૮૪૩૦૮ |
| ૪. | ખાનપુર | ૬૬ | ૯૫૩૬૨ |
| ૫. | બાલાસિનોર | ૧૪૮ | ૫૦૮૭૪૧ |
| ૬. | વિરપુર | ૪૩ | ૭૦૬૪૮ |
| | કુલ | ૩૬૬૪ | ૯૭૯૫૬૪૫ |

પત્રક-બ

ભારત સરકારના આદિજાતિ મંત્રાલય, ન્યુ દિલ્હીના પત્ર નં. ૧૯૦૧૨-૦૫-૨૦૧૦-એજ્યુકેશન તા.૨૧-૦૬-૨૦૧૧ અન્વયે તા. ૧-૦૭-૨૦૧૦ થી અમલમાં આવે તે રીતે નીચે મુજબ વધારો કરવામાં આવ્યો.

| ગ્રુપ | અગાઉની રકમ | | તા.૨૧-૦૬-૨૦૧૧ના પત્ર અન્વયે તા.૧-૦૭-૨૦૧૦થી અમલમાં આવે તે રીતે વધારેલ રકમ | |
|---|---|---|---|---|
| | હોસ્ટેલર | ડેસ્કોલર | હોસ્ટેલ | ડેસ્કોલર |
| A | ૭૪૦ | ૩૩૦ | ૧૨૦૦ | ૫૫૦ |
| B | ૫૧૦ | ૩૩૦ | ૮૨૦ | ૫૩૦ |
| C | ૩૫૫ | ૧૮૫ | ૫૭૦ | ૩૦૦ |
| D | ૧૩૫ | ૧૪૦ | ૩૮૦ | ૨૩૦ |

-------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની સરકારી છાત્રાલયો અને આશ્રમશાળાઓ

અતારાંકિત ૪૪૨૮ (૨૧-૧-૨૦૧૫) શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલી અનુસૂચિત જનજાતિની સરકારી છાત્રાલયો તેમજ આશ્રમશાળાઓ ખોલવામાં આવી?

આદિજાતિ વિકાસ મંત્રીશ્રી : (૧૩-૨-૧૫)

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની સરકારી છાત્રાલયો તેમજ આશ્રમશાળાઓ ખોલવામાં આવેલ નથી.

-------

રાજયમાં લોક વિજ્ઞાન કેન્દ્રો દ્વારા ચાલતી કામગીરી

અતારાંકિત -૩૯૭૫ (૦૯-૦૧-૨૦૧૫) શ્રી ગ્યાસુદીન હ. શેખ (દરિયાપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી ( વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી) મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજયમાં વિજ્ઞાનનો પ્રચાર -પ્રસાર થાય તે માટે લોક વિજ્ઞાન કેન્દ્રો કઇ કામગીરી કરે છે,

(૨) આ યોજનામાં કેટલી આર્થિક સહાયો આપવામાં આવે છે,

(૩) તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતીએ છેલ્લાં પાંચ વર્ષમાં કેટલા લોક વિજ્ઞાન કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા છે?

મુખ્યમંત્રીશ્રી વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી : (૯-૨-૧૫)

(૧) ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા સ્થપાયેલ લોક વિજ્ઞાન કેન્દ્રો રાજયમાં વિજ્ઞાનનો પ્રચાર અને પ્રસાર ઔપચારિક અને અનૌપચારિક રીતે રાજયના પાયાના સ્તર સુધી કરે છે. જેનો મુખ્ય હેતુ બાળકો અને વિદ્યાર્થીઓમાં નાનપણથી જ વિજ્ઞાન તરફ અભિરુચિ વધે અને વૈજ્ઞાનિક મનોવલણ કેળવાય તથા જનસમુદાયમાં વૈજ્ઞાનિક વિચારધારાનો વિકાસ થાય. જેમાં લાભાર્થી સ્કુલ અને કોલેજના વિદ્યાર્થીઓ, શિક્ષકો, ખેડુતો, ગ્રામીણ મહિલાઓ છે.

વિજ્ઞાન અને પ્રોદ્યોગિકીના પ્રચાર અને પ્રસાર માટે જિલ્લા મથકે લોકવિજ્ઞાન કેન્દ્રો દ્વારા વિજ્ઞાન અને પ્રોદ્યોગિકીના ક્ષેત્રમાં વિવિધ કાર્યક્રમ/ પ્રવૃતિઓ કરેલ છે. જેમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો, ખેડુતો, મહિલાઓ, વિગેરે ભાગ લેતા હોય છે.

ગુજકોસ્ટ દ્વારા જિલ્લા અને રાજ્ય કક્ષાએ સાયન્સ કવીઝ, સાયન્સ સેમીનાર, સાયન્સ ડ્રામા, બાળ વિજ્ઞાન કોગ્રેસ નું આયોજન કરવામાં આવે છે. જેમાં રાજ્યની જુદી જુદી શાળાઓ ભાગ લે છે.

લોક વિજ્ઞાન કેન્દ્રો દ્વારા વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃતિઓ જેવી કે અંધશ્રધ્ધા નિર્મુલન, રંગોળી સ્પર્ધા, ઓરોગામી, જમીન ચકાસણી વિગેરે અને વૈજ્ઞાનિક દિવસ જેવા કે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ, વૈજ્ઞાનિકોની જન્મ જયંતિ, અર્થ ડે, વર્લ્ડ હેલ્થ ડે વિગેરે જેવા દિવસની ઉજવણી કરવામાં આવે છે. જેમાં ગુજકોસ્ટ દ્વારા સ્થપાયેલ અંદાજીત ૨૦૦૦ જેટલી ગુજકોસ્ટ સાયન્સ કલબના વિધાર્થીઓ તથા શિક્ષકો, ખેડુતો, મહિલાઓ, વિગેરે ભાગ લે છે.

(૨) ગુજકોસ્ટ દ્વારા સ્થપાયેલ લોક વિજ્ઞાન કેન્દ્રોના જિલ્લા કક્ષાના લોક વિજ્ઞાન કેન્દ્રોને રૂ. ૭.૫ લાખ અને પ્રાદેશિક કક્ષાએ રૂ. ૧૦.૦૦ લાખની સહાય આપવામાં આવે છે.

(૩) અત્યાર સુધીમાં રાજયમાં ૧૮ જિલ્લામાં લોક વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. અન્ય ૧૩ જિલ્લામાં લોક વિજ્ઞાન કેન્દ્રોની સ્થાપના કરવાનું નક્કી થયેલ છે.

-------

અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| 1 | સામાન્ય વહીવટ વિભાગ | ૪૨૩૭ | 01 |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૩૯૯૯, ૪૭૨૩ | ૦૨ |
| ૩ | નાણા વિભાગ | ૩૩૭૫, ૩૩૮૩, ૩૮૫૭, ૪૨૨૧, ૪૨૬૫, ૪૪૭૨ | ૦૬ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૩૨૯૯ | 01 |
| ૫ | ગૃહ વિભાગ | ૪૨૪૮, ૪૪૫૦ | ૦૨ |
| ૬ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૦૦૩, ૪૦૦૫, ૪૩૧૬, ૪૩૨૪, ૪૩૨૫ | ૦૫ |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૪૦૦૨, ૪૦૦૮, ૪૧૩૭, ૪૧૩૮, ૪૨૮૫, ૪૨૮૬, ૪૩૦૮ | ૦૭ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ઼ા, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૪૩૩૦ | 01 |
| ૯ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૩૬૬૮, ૩૯૩૯, ૪૦૪૨ | ૦૩ |
| ૧૦ | મહેસૂલ વિભાગ | ૩૪૯૫, ૩૪૯૮, ૩૫૦૫, ૩૭૮૭, ૩૭૯૦ | ૦૫ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૪૨૯૨, ૪૪૨૭, ૪૫૧૦, | ૦૩ |
| ૧૨ | રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ | ૪૦૪૭, ૪૧૪૩, ૪૧૪૫, ૪૧૭૩ | ૦૪ |
| ૧૩ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૧૩૦૮, ૩૯૯૫, ૪૨૬૮, ૪૨૬૯, ૪૩૧૩ | ૦૫ |
| ૧૪ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૩૬૪૯, ૩૬૫૫ | ૦૨ |
| ૧૫ | આદિજાતિ વિકાસ વિભાગ | ૪૧૦૨, ૪૪૨૮ | ૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૬ | વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ | ૩૯૭૫ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

પોઇન્ટ ઓફ ઓર્ડર

પ્રશ્નનો જવાબ આપવા બાબત

શ્રીશકિતસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, ૧૯૬૦ થી ૧૯૮૪ દરમિયાનના માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો અને આ નિર્ણયોમાં પાના નં. ૨૩૬ થી લઇને અનેક નિર્ણયો પણ વિધાનસભા ગૃહનો સમય બચાવવા માટે હું બધા જ નિર્ણયો વાંચતો નથી. માનનીય અધ્યક્ષશ્રીએ એ વખતે સ્પષ્ટ આદેશ આપેલો છે. કેટલીક મંત્રીશ્રીઓની જવાબદારી છે. અમારા માટે પ્રશ્નકાળ અત્યંત અગત્યનો છે. આપે પણ એક વખત ટકોર કરી કે લાંબુ લીસ્ટ છે આપ ટેબલ ઉપર મૂકજો એમ છતાં કહે છે કે, નહીં મારે જવાબ આપવો જ છે અને આપે જોયું પાંચ મિનીટ ટોટલ એક પ્રશ્ન માટે મળે એમાંથી પોણા ત્રણ મિનીટ મંત્રીશ્રી પોતે જ એ જ જવાબમાં માત્ર લાંબુ રટણ કરીને અને ગઇ કાલે જ માનનીય મંત્રીશ્રીઓ કહેતા હતા કે આપના નિર્ણય સામે પછી કંઇ પણ કહેવું એ આ ખુરશીનું અપમાન છે અને આજે આપે કહ્યું કે મંત્રીશ્રી આપ લાંબુ હોય તો ટેબલ ઉપર મૂકી દેજો, આપની વાત નહીં સ્વીકારી અને ત્યાંથી સતત આપના ઉપર ટીપ્પણી થઇ કે વાંચવા દો, વાંચવા દો.

ઉપાધ્યક્ષશ્રી : ઇટ ઇઝ એ સજેશન.

શ્રી શકિતસિંહ હ. ગોહિલ : હા, આપનું સજેશન અને આપનું સજેશન એ આદેશ કહેવાય. આ છતાં મંત્રીશ્રીનો જે હઠાગ્રહ હતો અને એમણે ચાર મિનીટ માનનીય સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહજીનો સવાલ એ પ્રજાની તિજોરીમાં નાણા બચાવવા માટે ત્યાં જે ચોરી થાય છે એની વિગતનો બીજો પ્રશ્ન ના પૂછાય આ માટેની આ વાત હતી, મને લાગે છે આપે યોગ્ય રક્ષણ આપવું જોઇએ અને પ્રશ્નકાળમાં માનનીય સભ્યશ્રીને રક્ષણ મળે એ માટે આપના તરફથી આદેશની અપેક્ષા છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહજી ચાલુ પ્રશ્ને આવ્યા એ અગાઉ માનનીય સભ્યશ્રી એ જે પ્રશ્ન પૂછયો હતો એની સ્વાભાવિક છે એ મોડા આવ્યા એટલે એમની પાસે માહિતી હોય નહીં. માનનીય સભ્યશ્રીએ સ્પષ્ટ કહ્યું કે મને બધી જ માહિતી વિગતવાર આપો એટલા માટે માનનીય મંત્રીશ્રીએ માનનીય સભ્યશ્રીના આગ્રહને માન આપી, એમની લાગણીને માન આપી અને પૂરેપૂરી માહિતી આપી છે. આ માહિતી સભ્યશ્રીની રજૂઆતના કારણે માનનીય મંત્રીશ્રીએ આપી છે એ આપ જાણો છો, સ્વાભાવિક છે એ મોડા આવ્યા હોય એટલે એમને આખી વાતની કન્ટીન્યુટીનો ખ્યાલ ના હોઇ શકે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શકિતસિંહભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિતિ કર્યો છે એ પોઇન્ટ ઓફ ઓર્ડરમાં માનનીય સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહજીએ જે પ્રશ્નો પૂછયા એમાં પ્રશ્ન નંબર-૧, પ્રશ્ન નંબર-૨, પ્રશ્ન નંબર-૩, એમણે સ્વયંસ્પષ્ટ પ્રશ્નો પૂછયા હતા અને એ પ્રશ્ન નંબર-૧નો એ સભ્યશ્રીની અપેક્ષા પ્રમાણે એમણે જે માહિતી માગી હતી એટલે માનનીય મંત્રીશ્રી એ જવાબ ઉપલબ્ધ કરવા માટે એનો વિસ્તૃત જવાબ આપતા હતા. માનનીય શકિતસિંહભાઇ એ વખતે હાજર નહોતા, એમણે શું પ્રશ્ન પૂછયો હતો એની માહિતી નહોતી અને માનનીય મંત્રીશ્રીની ફરજમાં આવે છે કે માનનીય સભ્યશ્રીને સભાગૃહની અંદર એમણે પૂછેલા પ્રશ્નનો યોગ્ય અને સંતોષકારક જવાબ આપવો પરંતુ માનનીય શકિતસિંહજીએ આના સંદર્ભમાં જો આવશ્યકતા હોય તો એમણે ફલોર મેનેજમેન્ટ માટે એમના સભ્યોની મીટીંગ કરીને કયા પ્રકારના પ્રશ્નો પૂછવા એ એમને સમજણ આપવી જોઇએ, આ પ્રમાણેનો પોઇન્ટ ઓફ ઓર્ડર આ સભાગૃહમાં યોગ્ય નથી. એ એમના પક્ષની આંતરિક વ્યવસ્થા છે એ આંતરિક વ્યવસ્થાના આધાર ઉપર એમણે નિર્ણય કરીને આવવું જોઇએ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રી શું બોલ્યા હતા એ તો સાંભળો, એ શું કહે છે એ તો સાંભળો.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપને પણ મેં વિનંતી કરી હતી, મંત્રીશ્રી બોલતા હતા ત્યારે પણ મેં ચાલુમાં વિનંતી કરી હતી કે મારા અગત્યના ત્રણ પ્રશ્નમાં બીજા બે છે એ પણ આ પ્રશ્નનો જવાબ લાંબો હોય તો મને ટેબલ ઉપર આપી દો, એ વખતે મારો અગત્યનો પ્રશ્ન હોઇ એનો જવાબ આપવા માટે મંત્રીશ્રી લાંબુ લાંબુ કરતા ગયા ત્યારે આપને અને માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી કરી હતી તેમ છતાં મંત્રીશ્રીએ એક જ પ્રશ્નનો જવાબ આપ્યો છે. મને મંત્રીશ્રી મારા બે પ્રશ્નોના જવાબ આપે.

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્ન પૂછનાર પ્રશ્નકર્તા ધારાસભ્યએ જે પ્રશ્નની વિગતો પૂછી છે એ અંગે રેકોર્ડ જોઇને હું પછીથી મારો નિર્ણય આપીશ. (અંતરાય) Question is over, sit down.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સૌરભભાઇ પટેલને મારા ૪૩ કાગળો હતા તે મેં અહીં રૂબરૂ સભાગૃહમાં આપ્યા છે. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આમાં કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર થતો નથી. નેક્સટ...

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૧૨નો વાર્ષિક અહેવાલ

શ્રી રમણલાલ વોરા ( સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧-૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ( ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( નાણા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ઇન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગજુરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી વીજયકુમાર ર. રૂપાણી( પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત મેરીટાઇમ બોર્ડનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( બંદરો વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૧૩-૧૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.

ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૩-૧૪નો વાર્ષિક અહેવાલ

શ્રી સૌરભભાઇ પટેલ ( ઉદ્યોગ અને ખાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૩-૧૪ના વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો ૨૦૧૧-૨૦૧૨નો વાર્ષિક અહેવાલ

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

હિસાબો, ઓડિટ અહેવાલ તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોરપોરેશનના ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ના વાર્ષિક અહેવાલ

શ્રી બાબુભાઇ બોખીરીયા ( સહકાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય વેરહાઉસિંગ કોરપોરેશનના સન ૨૦૧૦-૧૧ તથા સન ૨૦૧૧-૧૨ ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ તથા નિવેદનો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો ૨૦૧૦-૨૦૧૧ નો વાર્ષિક અહેવાલ

શ્રી વિજય રૂપાણી ( વાહન વ્યવહાર મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૧૦-૨૦૧૧ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન તથા સન ૨૦૧૩-૨૦૧૪ના સુધારેલ અંદાજો અને સન ૨૦૧૪-૧૫ ના અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, નિવેદન, સુધારેલા અંદાજો તથા અંદાજો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના ૨૦૧૩-૨૦૧૪ નો વાર્ષિક અહેવાલ

શ્રી વિજય રૂપાણી ( પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૩-૨૦૧૪ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૨૦૧૫-૨૦૧૬ તથા ૨૦૧૪-૧૫ નું અંદાજપત્ર તથા સુધારેલ અંદાજપત્ર

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા ( ગ્રામ ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૨૦૧૫-૧૬ના વર્ષનું અંદાજપત્ર અને સન ૨૦૧૪-૧૫ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

અંદાજપત્ર તથા સુધારેલ અંદાજપત્ર સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્ય સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૩૭,૭૦,૫૮,૩૯,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૬,૬૬,૪૨,૭૯,૦૦૦/-ની માગણી ક્રમાંક. ૩૯ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૩૯ રજૂ કરવામાં આવી. ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

ડો. મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

શ્રી મેરામણભાઇ મા. આહીર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી ધારશીભાઇ લ. ખાનપુરા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રીમતી કામીનીબા ભૂ. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ.બારીયા : માનનીય અધ્યક્ષશ્રી હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણ સેવાને લગતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬,૯૩,૮૭,૬૦,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૧,૪૦,૮૬,૦૦૦/–ની માગણી ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૪૦ રજૂ કરવામાં આવી. શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

માર્ગ અને મકાન વિભાગ

માગણી ક્રમાંક : ૮૫

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું રહેણાંકના મકાનો સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧,૭૪,૮૩,૬૭,૦૦૦ અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૨,૨૫,૪૯,૦૮,૦૦૦/–ની માગણી ક્રમાંક ૮૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૮૫ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી કરમશીભાઇ વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી મહંમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક ૮૬

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માર્ગ અને પુલ સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૩૪,૨૨,૮૪,૮૮,૦૦૦/– અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૨૩,૭૭,૬૮,૨૯,૦૦૦/–ની માગણી ક્રમાંક ૮૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૮૬ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૨ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૪ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૬ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૦ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૧ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક ૮૭

શ્રી નીતિનભાઇ ર. પટેલ ( માર્ગ અને મકાન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાટનગરના બાંધકામની યોજના સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી ખર્ચ માટે રૂપિયા ૧૬,૩૨,૩૬,૦૦૦/- અને મૂડી ખર્ચ માટે રૂપિયા ૧,૯૭,૯૩,૨૧,૦૦૦/-ની માગણી ક્રમાંક ૮૭ રજૂ કરું છું.

માગણી ક્રમાંક ૮૭ રજૂ કરવામાં આવી.

શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૪ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમિતભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષીયારા(ભિલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને માર્ગ અને મકાન વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, આ રાજ્યની સમગ્ર જનતાની આરોગ્યની સેવાઓ, સુખાકારીની સેવાઓ નજીકના સ્થળે મળી રહે એવા પ્રયત્નો કરતું હોય છે. આપણા આ રાજ્યનું આરોગ્ય કેવું છે ? એના માટેના માપદંડો હોય છે અને આ માપદંડના આધારે આપણે નક્કી કરતા હોઇએ છીએ કે, આ રાજ્યની જનતાનું આરોગ્ય કેવું છે. આપણે સ્વસ્થ ગુજરાત, તંદૂરસ્ત ગુજરાતની વાતો કરીએ છીએ પરંતુ પરિસ્થિત એ છે કે, આ જે પેરામિટર્સ છે એ આપણે જોઇએ તો મૃત્યુ દર ૬.૫ છે. આ ૬.૫ મૃત્યુ દર આપણા કરતા નાગાલેન્ડ, ઓરિસ્સા, મણીપુર, સિક્કિક, ત્રિપુરા, ઉત્તરાખંડ એવા રાજ્યો પણ આપણા કરતા આગળ છે. એવા રાજયો પણ આપણા કરતા આગળ છે એટલે આપણે ચિંતા કરવાની જરૂર છે કે આપણે કયાં છીએ. માતા મૃત્યુ દર અત્યારે આપણો ૧૧૨ છે પણ આપણા કરતા ઘણા એવા રાજયો છે કે એમનો એમ.એમ.આર. ઘણો ઓછો છે. કેરળ પહેલો નંબર છે, મહારાષ્ટ્ર બીજા નંબર પર છે, તામિલનાડુ, આંધ્રપ્રદેશ અને ગુજરાત પાંચમા નંબરે છે. લગભગ ૨૦૦૧ થી આ એમ.એમ.આર. ઘટાડવાનો આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ. ૧૭૨ હતો આજે આટલા વર્ષો પછી આપણે ફકત ૩૬ ઘટાડી શકયા છીએ. આપણા કરતાંય એવા પણ રાજયો છે, ઉત્તરાખંડ જેવા રાજયો કે ઉત્તરપ્રદેશ, ઓરિસ્સા જેવા રાજયો કે એમનો એમ.એમ.આર. છે એ ૯૦-૯૦ જેટલો ઘટયો છે ત્યારે આપણે આરોગ્યની વાતો કરીએ છીએ પરંતુ આરોગ્ય માટે જે આપણે કામગીરી કરવી જોઇએ એ કામગીરી થઇ શકતી નથી. આપણા રાજયમાં વસતિની ગીચતા છે. એની પણ આપણે ચિંતા કરવી જોઇએ. આપણે આ ગીચતા કેમ ઘટાડવી, આ પરિવારનું આયોજન કેમ કરીને કરવું એની પણ આપણે ચિંતા કરવી જોઇએ. આ સંખ્યા વધારવા માટેની વાત નથી, આ ચાર બાળકોની વાત નથી. કેમ કરીને પરિવારના બે બાળકોથી ઓછી વસતિ થાય એના

માટે આપણે ચિંતા કરવી જોઇએ અને એના માટે આરોગ્યનું કામ બહુ મહત્વનું છે. એના માટે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને પેટા કેન્દ્રોની સુવિધા વધારવાની જરૂર છે. આ વર્ષનું જે બજેટ છે એ મેં જોયું તો એમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ૩૭ કરોડ રૂપિયા ઘટાડયા, સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ૩૬ કરોડ રૂપિયા ઘટાડયા. મને તો એમ હતું કે આ જે પાયાની સુવિધા આપનારા સેન્ટરો છે એ સેન્ટરોની સુવિધા તમે વધારશો. પણ સરકારે આ સુવિધા વધારવાના બદલે બજેટમાં પણ જોગવાઇ ઓછી કરી છે એટલે મને એમ લાગે છે કે ગ્રામ્ય વિસ્તારો માટે આ સરકાર ગંભીર નથી. આપણે ઘણી જાહેરાતો કરીએ છીએ. ચિરંજીવી યોજના, માતૃવંદના યોજના, બાળ સખા યોજના, નિરોગી બાળ, મુખ્યમંત્રી અમૃતમ યોજના, મિશન બલમ, સુખમ અર્બન હેલ્થ યોજના. આ બધી યોજનાઓની વાત કરીએ છીએ. પણ આ શાના માટે કરીએ છીએ કારણ કે આપણે ગરીબ માણસો જે બી.પી.એલ. હતા એમને કોંગ્રેસનું શાસન હતું ત્યારે મફત દવા મળતી હતી એમ મફત દવાઓ આપણે આજે આપી શકતા નથી અને એના માટે આપણે જુદીજુદી યોજનાઓ લાવવી પડે છે. કોંગ્રેસનું શાસન હતું ત્યારે કોઇપણ માણસ બિમાર પડે, કોઇપણ હોસ્પિટલમાં જાય કયારેય આવા પૈસા લેવામાં આવતા નહોતા અને ફ્રી સેવા આપવામાં આવતી હતી. મારી તો ચિંતા એ છે કે આપણે આ યોજના ગરીબો માટે બી.પીએલ કે એ.પી.એલ. માટે કરીએ છીએ, સારી વાત છે. જે ધનવાનો છે એમને પણ કયાંય અડવાનું નથી અને જે લોકો નોકરી કરે છે, અધિકારીઓ છે અને આપણા જેવા ધારાસભ્યો છે એમને પણ કયાંય મુશ્કેલી નથી કેમ કે એમને પણ બિલ મંજૂર થઇ જવાનું છે પણ જે મિડલ વર્ગ છે જેમને માટે કોઇ યોજના સરકારે કરી નથી એમની શું હાલત હશે? જેટલીસાહેબે કહ્યું હતું કે એ લોકોએ જાતે જ તૈયાર થવું પડશે તેમ મને લાગે છે કે સરકારે આના માટેની કોઇ યોજના કરી હોય અને એની સંખ્યા જો ગુજરાતમાં મહત્તમ હશે તો એની જો ચિંતા કરી હોત તો મને લાગે છે કે બહુ આનંદ થાત. લગભગ ૧૫ વર્ષથી હું સાંભળું છું કે આપણે મેડિકલ કોલેજોમાં સંખ્યા વધારી, પી.જી.માં સંખ્યા વધારી, આપણે કોલેજો વધારી દીધી, હવે આપણે ગુજરાતમાં જે સંખ્યાની ઘટ હતી એ નહીં થાય. ઘણી વખત આરોગ્ય મંત્રી પણ કહેતા હોય છે કે ડોકટરોની હવે કોઇ ચિંતા નથી. આ જે ઘટ છે એ તો તમારા વખતે હતી મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આપણે આટલા વર્ષો સુધી સંખ્યા વધારી તો આપણે શું ધ્યાન રાખ્યું? આ જે ડોકટરો દર વર્ષે બહાર પડે છે એને આપણે કેમ હોસ્પિટલોમાં લાવી શકયા નહીં? કેમ પી.એચ.સી. કે સી.એચ.સી.માં લાવી શકયા નહીં? આ જે ડોકટરો પ્રાઇવેટમાં એમની સેવાઓ આપી રહ્યા છે તો કેમ સરકારીમાં લાવી શકયા નહીં? આપણે શું મુશ્કેલી કરી? આપણે એમને યોગ્ય પગાર આપી શકયા નહીં અને ઘણી વખત તો એવું થાય છે કે આપણી પાસે ડોકટરો છે સાહેબ. સૂચન કરું છું હું માનનીય મંત્રીશ્રી કે આપણી પાસે એવા ડોકટરો છે કે જેમની પાસેથી આપણે વહીવટી કામગીરી લઇએ છીએ. આપણી પાસે ૧૭૧ જેટલા બી.એચ.ઓ. છે. બ્લોક હેલ્થ ઓફિસર એની પાસે આપણે ફકત વહીવટી કામગીરી, ખરેખર તો મેડિકલનું ભણ્યા છે તો એમની પાસે તમે એ કામગીરી લો તો મને એમ લાગે છે કે ઘણી બધી જગ્યા આપણે ભરી શકીએ. ઘણા એવા ડોકટરો આપણી પાસે છે, જેઓ પી.જી. થયેલા છે, એને પણ આપણે પેલા એમ.બી.બી.એસ. ડોક્ટરો હોય એની પાસે જે કામ લેવાનું હોય એ કામ લઇએ છીએ. આ લોકો નારાજ થાય છે. મારી વિનંતી છે કે જેમાં આપણે પંચાયતના સચિવાલયની વાત કરી, તેમ માનનીય મંત્રીશ્રી એક દિવસ થોડો સમય કાઢીને તાલુકા લેવલે જાય અને તાલુકા સચિવાલય બનાવી દે, તો શું શું મુશ્કેલી છે તે તમે જુઓ તો ઘણુ બધુ કરી શકાશે. મને એમ લાગે છે કે આપણી પાસે જે યોજનાઓ છે, એના કરતા આપણી પાસે જે બજેટ છે, તેની અંદર કોઇ ચોક્કસ પ્લાનિંગ કરો તો ગરીબ, મધ્યમ વર્ગ અને ધનવાન એ તમામ માટે યોજનાઓ કરી શકશો તેવું મને લાગે છે. મંત્રીશ્રીને વિનંતી છે કે આવી ઘણી બધી યોજનાઓ છે. એમાં રોગી કલ્યાણ સમિતિ, તો આ રોગી કલ્યાણ સમિતિમાં અમદાવાદમાં ૩૨ કરોડની આવક થઇ. દર્દીઓ માટે ખર્ચો માત્ર ૩ કરોડ ૬૧ લાખ થયો. આ ગરીબો માટેના પૈસા હતા, જે વાપરી શકયા હોત. રોગી કલ્યાણ સમિતિમાં આવું થાય છે. પૈસા એમના માટે હોય છે જે ગરીબો માટે વાપરી શકતા નથી. કયાંક બીજી બધી યોજનાઓમાં વાપરીએ છીએ. જુદી જુદી હોસ્પિટલોમાં ફી લઇએ છીએ. જે ૨૪ હોસ્પિટલો છે. એમની આવક આ વર્ષે ૬ કરોડ ૬૪ લાખ થઇ. ગાંધીનગરમાં ૯૬ લાખ આવક થઇ. આ આવક ગરીબોમાં વાપરી શકયા હોત. આજે પરિસ્થિતિ એ છે કે મોટા ભાગના દર્દીઓને દવા લખી આપો છો. થોડા સમય પહેલા અમદાવાદમાં કમળાનો વાવર હતો. એમાં આટલો વાવર હોવા છતા એના પદાધિકારીઓ અમદાવાદના વિદેશ જાય. એના અધિકારીઓ વિદેશ જવા તૈયાર થઇ ગયા. જ્યારે ચીફ સેક્રેટરીના ધ્યાનમાં આવ્યું. મીટિંગ કરી તો ઘણા બધાને અટકાવી દીધા. તાત્કાલિક કબજો લીધો એના કારણે ઘણા કેસો બચી ગયા અને આપણને એનો ફાયદો થયો. આપણે ત્યાં કૂપોષણ આમ તો નંબર-૧ ની વાત કરીએ છીએ. કૂપોષણની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. બહેનોમાં કૂપોષણ ૫૫ ટકા છે. બાળકોમાં ૪૫ ટકા છે. એને માટે ચિંતા કરવી જોઇએ. ટી.બી. ના કેસો દર વર્ષે વધતા જાય છે. નવા ૩ લાખ ૮૭ હજાર મળ્યા છે, ત્યારે આના માટે પણ ચિંતા કરવી જોઇએ. લેપ્ટોસ્પાયરોસીસ એ દક્ષિણ ગુજરાતનો રોગ છે. એમાં દર વર્ષે માનવીઓ મરે છે. જે રોગ ઉંદર વાહક છે. એના માટે ચિંતા કેમ નથી કરતા? ગયા વર્ષે ૪૯ માણસો મરી ગયા. કેમ ચિંતા નથી કરતા? શું મુશ્કેલી છે? ઉંદરોનું મારણ કરવું પડતું હોય તો તે કરીને પણ આવા લોકોની જિંદગી બચાવવી જોઇએ. સીકલ સેલ આપણે ગઇ વખતે ૫ કરોડ મૂક્યા હતા. સીકલ સેલનો સરવે કરવા માટે સરકારે ગંભીરતાથી વિચાર્યુ હોત તો ખરેખર એનો સરવે થઇ શકયો હોત? એ ન કર્યુ. આઉટ સોર્સિંગથી માણસો લીધા એના લીધે સરવે કરી શકયા નથી. મારે સ્વાઇન ફ્લૂની વાત કરવી છે. આ સ્વાઇન ફ્લુ H 3N 2 હતો એવું ડબલ્યુ.એચ.ઓ. કહે છે. એના લીધે ૪૦૪ માણસો મરી ગયા. આ નોંધાયેલા છે તો નોંધ્યા વગરના કેટલા ય માણસો મરી ગયા હશે. આને ગંભીરતાથી લેવું જોઇએ. હજુ પણ માણસો મરી રહ્યા છે. મારે માર્ગ અને મકાનમાં બે મિનિટ વાત કરવી છે. અત્યારે આપણી પાસે ૭ વર્ષની ઉપરના, ૧૦ વર્ષની ઉપરના અને ૧૫ વર્ષની ઉપરના ઘણા બધા રસ્તાઓ છે. આ વખતે અને છેલ્લા ઘણા સમયથી જોબ નંબર આપવામાં આવે છે. તે ત્યાંના ધારાસભ્યો આ બાજુના ધારાસભ્યોને નહિ, એમના કાર્યકર્તાને જોબ નંબર આપે છે. અમને એનો વાંધો નથી, પણ સરકાર પાસે ચોક્કસ આંકડા હોવા જોઇએ. ૭ વર્ષ ઉપરના,

૧૦ વર્ષ ઉપરના અને ૧૫ વર્ષ ઉપરના રસ્તા કયા છે. જાહેર હિતમાં તમારે જોવું જોઇએ કયા રસ્તાઓની જરૂર છે. એમ નહિ કે અમારા ધનસુરામાં એના એક ખેતરમાં જવા માટે આખો રસ્તો મંત્રીશ્રી બનાવે. અને ઘણા બધા ગામડાં રસ્તા વગરના છે. અમારા વિસ્તારમાં ગઇ કાલે વાત કરી હતી મેઘરજ તાલુકામાં ૩૦ ગામો તાલુકા મથકે આવી શકતા નથી. જો તટસ્થતાથી વિચાર કર્યો હોત તો આ વિસ્તારમાં પુલ કેમ નથી. ચોક્કસ વિસ્તાર કરીને કર્યો હોત તો, પણ આ તો પાર્ટીબેઝ જાય છે. આ લોકો ફકત એમના કાર્યકર્તાઓનું વિચારે છે. તો મંત્રીશ્રીને વિનંતી છે કે આમાં ધ્યાન આપે. તમે મંત્રીશ્રી કોઇ પાર્ટીના મંત્રી નથી. તમે વિધાનસભામાં છો ત્યારે સમગ્ર ગુજરાતની જનતાના છો ત્યારે ચોક્કસ આંકડા..

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

ડો. નિર્મલાબેન સુ. વાધવાણી(નરોડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી આ સદનના બધા જ સભ્યો તરફથી બધાને સિંધી દિવસ, ચેટીચાંદ જે આવતી કાલે છે તેની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું. બધાના ઘરમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, નિરોગીતા રહે તેના માટે હું ભગવાન ઝુલેલાલને પ્રાર્થના કરું છું. અંદાજે ભારત દેશમાં ૭૫ લાખ, ગુજરાતમાં ૧૬ લાખ, અમદાવાદમાં ૬ લાખ અને મારા નરોડામાં દોઢેક લાખ સિંધી લોકો રહે છે. આ બધાને ખૂખ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. આ દિવસ અમારા ઇષ્ટદેવ ઝુલેલાલનો જન્મદિવસ હોવાથી સવારથી જ મંદિરો અને સોસાયટીઓમાં પૂજા અર્ચનાના કાર્યક્રમો હોય છે. ધાર્મિક અને સામાજિક વિષયોને લગતી થીમ પર ઝાંકી અને સરઘસ નીકળે છે અને ગૃપમાં સિંધી પરંપરાગત નૃત્ય છેજ થાય છે. આખા વિશ્વનો સિંધી સમાજ ખૂબ ધામધૂમથી આ દિવસ ઉજવે છે. આની સાથે સાથે હું હિન્દુ નવવર્ષ અને મારા સાથી ધારાસભ્યશ્રી સંગીતાબેન તરફથી મરાઠી નવવર્ષ ગુડીપડવોની પણ શુભેચ્છા પાઠવું છું. માનનીય અધ્યક્ષશ્રી માં સિંધી સમાજ જે સભન ભાઉરન અં બેનરુન ખે કરોડ કરોડ વાધાયુ થી ડીઘા. જે કો ચવંદો ઝુલેલાલ તેહન્જા થીંદા બેડા પાર. જય ઝુલેલાલ, જય સિંધી.

ઉપાધ્યક્ષશ્રી : બે મહત્વના તહેવાર છે અને મહિલા સભ્યો છે. તમારી મિનીટ નહીં કપાય તેની ચિંતા નહીં કરતા.

શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : Respected Speaker Sir. I stand here to propose and extend my appreciation to Hon'ble Minister of Health for putting Demand No.39 and 40. Just now we have listened Ex-Health Minister and I am privileged that I had worked under him as Health Commissioner. So, I would remind him that sir, you have talked about maternal mortality rate.....

ઉપાધ્યક્ષશ્રી : નીતિનભાઇ હવે હાઉસમાં દુભાષિયા રાખવા પડે તેવું લાગે છે. દુભાષિયાઓ રાખવા પડશે હાઉસમાં. ના ના વાંધો નહી કેરી ઓન.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : આપની ઇચ્છા હોય તો ગુજરાતીમાં બોલું. મને વાંધો નથી.

ઉપાધ્યક્ષશ્રી : કારણકે ઇંગ્લીશ સભ્યોની સંખ્યા વધતી જાય છે એટલે દુભાષિયાની જરૂર પડે તેવું લાગે છે. કેરી ઓન.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : સર આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર શું છે?

ઉપાધ્યક્ષશ્રી : નો પોઇન્ટ ઓફ ઓર્ડ, ર હી હેઝ ઓલરેડી સ્ટેટેડ યુ ગોટ રાઇટ ટુ સ્પીક ઇન ઇંગ્લીશ.

શ્રી રજનીકાન્ત મો. પટેલ : Death rate in 1991, when Congress was in power, it was 389 per lakh population. When Congress was in power in 1991, maternal mortality rate was 389 which is reduced to 112 now. Now this is our achievement. Infant mortality rate which was 144 in 1971, is reduced to 36 now. Now, is this not progress? I will say that this is outstanding progress. Maternal mortality, infant mortality, health for all is goal of all the Governments but, I am happy to say that now Government of Gujarat under the leadership of Mrs.Anandiben Patel and earlier under the leadership of Mr.Narendrabhai Modi, has made attempt to achieve this goal. Sir, the institutional delivery which was only 51% in 2001-2002 - only 51%, today it is 96%. You do not call this as achievement and outstanding work? You talk about indicators. These are the indicators. Sir, he has talked about total fertility rate. Now, total fertility rate in 1971, when you were in power, was 5.6. In 1994, it was 4.7, in 2003 it was 2.7 and now it is 2.3. So, we are nearer to achieving goal which is recommended by WHO. Sir, he made a complaint that Government is not paying attention to the rural health. Sir, read the budget of the next year which we are going to approve today. There is provision of Rs.209 crores for rural health. There is a deficit of 37 CHC, 133 PHC and 1500 Sub Centers as per Census of 2011. In the next year Budged of 2015-16, there is a new item to establish 36 CHC, 130 PHC and 1035 Sub Centers. So, by the time next year is over, we will be achieving target of providing health care in rural area as per the national norms.

Sir, there are more than 35,093 Asha Workers. It means more than 95% of Asha worker posts are filled in. They are working now and in 17591 villages, Government of Gujarat under the dynamic leadership of Anandiben Patel and Nitinbhai Patel, has established Gram Sanjivani Samit in almost all the villages. Similarly, we have School Health Program. I recall it was .earlier Central Government sponsored scheme. The Government of India, they did not care for poor

children also and the State Government started this program from its own resources. 1.50 crore children are examined - 1.5 crore. Cite me a case in the country where such a large scale examination of children is done. Sir, 15 lakh children were treated on the spot, 1 lakh were provided reference services and I am glad to inform this August House that 4249 children were treated for Heart Care. 1177 were treated for Kidney ailments and 781 were given treatment for Cancer. These are the records. nowhere in the country, tertiary care is provided to the children free of cost. And I would inform this August House that all the children who are of 0 to 6 years age group of ICDS, all primary school children, all higher secondary school children are covered under the Children Health Care Program. I will inform Congress friends that we are including Madressa also; children who are studying in Madressa, children in juvenile home, children who are in children home, children who are out of school are also covered under this program. Budget of Rs.22 croes is proposed for next year. We are worried about tribal. They are talking about Tribal; they only talk. Sickle Cell Anemai is a unique genetic disorder - disease of tribal in Gujarat particularly in tribal of South Gujarat. 12 districts are affected. We have established Gujarat Sickle Cell Control Society and Rs.7 crores, please note, Rs.7 crores, is proposed for the Society. Let me inform this August House that when UPA was in power, for the work done in 2009, the Prime Minister Excellence Award was given in 2011 for the work done for Sickle Cell Anemia.

Sir, he talks about Leptospyrosis - in 2013, 330 cases and 38 deaths. In 2014, only 19 cases and 11 deaths. He talked about TB - National TB Control Program. In 1998, the death rate was 30% and it is reduced to 5% now. Sir, we have introduced Direct Observation Therapy and 53 lakh cases have been examined; 10 lakh cases which are covered, they are covered under D.O.T. and around 2 lakh lives have been saved. In 1998, under TB Control program, cure rate was 50% only and I am happy to inform this August House that cure rate is now 87% and we are doing excellent work in T.B. Control also. In Blindness Control also, we are No. 1 in the country. National target is for per lakh, you have to have 600 cateract operations done. Gujarat's performance is - we are doing 1292 cateract operations per lakh. So this is double against the national target. Now, you do not appreciate this work which is done by the Gujarat under the leadership of Anandiben Patel? In Eye collection also, we are No.1 in the country. 7600 eyes were collected after death.

Speaker : Your time is over.

Shri R.M.Patel : Thank you, sir.

શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યક્ત કરવા ઉભો થયો છું. નીતિનભાઈની હાઈટ ઓછી છે, એમનું સરકારમાં બીજા નંબરનું સ્થાન છે પણ કામ એક નંબરનું કરે છે. ગુજરાતની સ્થાપના ૧૯૬૦માં થઈ. ગુજરાતની સ્થાપના પછી કોંગ્રેસ અને ભા.જ.પ.નું શાસન એ સરખું સરખું રહ્યું છે. કોંગ્રેસના શાસનમાં સમગ્ર ગુજરાત રાજ્યની અંદર ૨૦૦ થી ૩૦૦ જેટલા સ્ટેટના રોડ બનાવવામાં આવ્યા. એક તાલુકેથી બીજે તાલુકે જવાના રસ્તા પણ કોંગ્રેસના શાસનમાં બન્યા. એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જવા માટેના રોડ પણ કોંગ્રેસના શાસનમાં બન્યા. એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં જવા માટેના રોડ પણ કોંગ્રેસના શાસનમાં બન્યા છે. તમામે તમામ ૯૦ થી ૯૫ ટકા રોડ બનાવવાનું એ કોંગ્રેસના શાસનમાં શક્ય બન્યું છે, તમારા ભાગમાં નીતિનભાઇ ડામર ચોંટાડવાની કામગીરી આવી છે, થીગડાં મારવાની કામગીરી આવી છે, ત્યારે આ સમયે મારે આપને વિનંતી કરવી છે કે ઉત્તર ગુજરાતની અંદર મહેસાણાથી અમદાવાદ આવવાનો રોડ એ કોંગ્રેસના શાસનમાં ટોલ ફ્રી રોડ હતો, એના ઉપર ટોલ લેવામાં આવતો નહોતો. ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યા પછી સમગ્ર ગુજરાત રાજ્યની અંદર સ્ટેટના રસ્તા ટોલ વાળા રસ્તા બનાવી દીધા, બનાવે એની સામે વાંધો નથી. એ રોડની બન્ને બાજુમાં સાઇડના સર્વિસ રોડ બનાવવા પડતા હોય છે, ઘણી જગ્યાએ સર્વિસ રોડ બન્યા છે અને ઘણી જગ્યાએ નથી બન્યા. નહિ બનવાના કારણે એકસીડન્ટનું પ્રમાણ પણ દિનપ્રતિદિન વધતું જાય છે, રોડ જ્યાં બને છે ત્યાં બિલકૂલ સાંકડા રોડ બન્યા છે, ફરજિયાત બધાને ટોલ ટેક્સ ભરવો પડે, ફરજિયાત બધાએ ટોલ રોડ ઉપર ચાલવું પડે સર્વિસ રોડ ઉપર ન જઈ શકાય એવા રસ્તા બન્યા છે ત્યારે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે તમામે તમામ રોડની બન્ને બાજુના સર્વિસ રોડ એ ઝડપથી બને અને એનો ઉપયોગ લોકો કરતા થાય. અમદાવાદની ફરતે રીંગ રોડ આવેલો છે સમગ્ર ગુજરાત રાજ્યની અને અમદાવાદની પબ્લિક પણ ટોલ ટેક્સ ભરતી થઈ ગઈ છે, ખરેખર બન્ને બાજુએ સર્વિસ રોડ બનાવવા પડે પણ એ નહિ બનવાના કારણે ગુજરાતની પ્રજા ટોલ રોડના નામે ખુલ્લેઆમ લૂંટાય છે ત્યારે હું આપને વિનંતી કરું છું કે ગુજરાતની આ પબ્લિકને ટોલ ફ્રી તમે કરવા માગો છો કે કેમ? એક સરસ વાત કરું આ સરકાર દ્વારા પેથાપુરથી મહુડી અને મહુડીથી વિજાપુર જવાનો રસ્તો ૯૦ થી ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે મંજૂર કરવામાં આવ્યો. મહુડી એક યાત્રાધામ છે. ગુજરાતના તમામે તમામ લોકો એ રોડનો સારો લાભ લઈ શકે એટલા માટે સરકારે ઉદારતા રાખી એ રોડનું કામ કરવા માટે, એ રોડ પહોળો કરવા માટે, એ રોડ ફોરલેન્ડ કરવા માટે સો કરોડ જેવો ખર્ચ મંજૂર થયેલો છે અને ખર્ચ

થવાનો છે. આપણને તેની સાથે વાંધો ના હોઇ શકે, આપણે અભિનંદન આપીએ. તે રોડની કામગીરી ચાલુ છે મેઇન કોન્ટ્રાકટરના નામે ટેન્ડર ભરાય અને એને સબ કોન્ટ્રાકટરને આપી દેવાય. આપી દેવાય તેની સામે વાંધો ના હોય નીતિનભાઇ, પણ એ રોડની કામગીરી ચાલુ થઇ છે અને થોડી ઘણી કામગીરી ચાલુ થવાના કારણે કામગીરી આગળ ચાલે અને પાછળ દસથી પંદર કિલોમીટરના વિસ્તારની અંદર તેની કામગીરી એવી છે કે સપાટી ઉપરથી તે રોડ નીકળી ગયો, ઉખડી ગયો છે આ તબક્કે હું આપનું ધ્યાન દોરું છું. ઉખડી ગયો તેની સામે વાંધો નથી મેં સરકારમાં પત્ર લખ્યો. પત્ર લખ્યો એટલે કાર્યપાલક ઇજનેર હોય કે ડેપ્યુટી એન્જીનીયર હોય તે કઇ રીતે કોન્ટ્રાકટરને બચાવવા તેના કામે લાગ્યા. હું એટલા માટે ધ્યાન દોરું છું કે સરસ મજાનો આટલો મોટો ખર્ચ કરી અને સરકાર રોડ બનાવતી હોય અને કોન્ટ્રાકટરો અને અધિકારીઓ દ્વારા આ રોડને કઇ રીતે ૨૫-૩૦ ટકા પૈસા ઘરે લઇ જવાનું આયોજન કરતા હોય ત્યારે એવુ ના બને તેનું હું આ તબક્કે આપનું ધ્યાન દોરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારથી હું આ ગૃહમાં આવ્યો છું ત્યારથી સામે પક્ષેથી એવુ સાંભળવા મળે છે કે વીસ વર્ષથી ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું છે અને વીસ વર્ષમાં અમે બધું કરી નાંખ્યુ છે વીસ વર્ષમાં કોઇએ કશું કર્યુ નથી તેવું વારંવાર અમને સાંભળવા મળે છે. મારે આપને વિનંતી કરવી છે કે, સમગ્ર ગુજરાત રાજયની અંદર ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યુ છે ત્યારથી હું લગભગ માનુ છું ત્યાં સુધી એક તાલુકાથી બીજા તાલુકામાં અને એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં જવાનો રોડ ખેડૂતો પાસેથી જમીન એકવાયર કરી અને તમે નવેસરથી કોઇ રોડ બનાવ્યો હોય તો અમને કહેજો. કયાંક નાના મોટા ટૂકડા બનાવ્યા હશે પણ અમે કર્યુ, અમે કર્યુ તેમાંથી બહાર નીકળી અને આપણે બધાએ ભેગાં થઇ અને આપણે બધાએ કર્યું છે એવુ કહેવાનું થોડું શીખો તો વધારે આનંદ આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, આ તબક્કે મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, સમગ્ર મારા વિસ્તારમાં ઓ.એન.જી.સી.ના પોઇન્ટો વધારે આવેલા છે. ત્યાં સરકારના ખર્ચે રોડ બનતાં હોય છે. ઓ.એન.જી.સી.ના મોટા મોટા વજનવાળા સાધનો એ રોડ ઉપર નીકળી અને રોડને તોડી નાંખતા હોય છે.

ઉપાધ્યક્ષશ્રી : આપની પાસે બે મિનીટ છે.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : તો એવા જે સાધનો નીકળે છે તો ઓ.એન.જી.સી.માંથી જે ગ્રાન્ટ આવે છે તે ગ્રાન્ટમાંથી એ રોડ બને એવું મારે આ તબક્કે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર કલોલની અંદર કે કડીની અંદર ૨૫ ટકા ખાખરીયા વિસ્તાર આવેલો છે. આ ખાખરીયા વિસ્તારની જમીન બિલકૂલ કાળી છે. એ જમીન બિલકૂલ પોચી આવે છે અને સરકાર ગમે એટલા પ્રયત્નો કરે અને ત્યાં રોડ બનાવવામાં આવે તો એ રોડ બે એક વર્ષની અંદર તૂટી જાય છે તો એ રોડ એવી ટેકનિકથી બનાવો કે એ લાંબાગાળા સુધી ચાલે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપને વિનંતી કરવી છે કે, ગુજરાત રાજયના ગરીબ અને પૈસાદાર વર્ગના બે ભાગ પડી ગયા છે. ગરીબના છોકરાને શિક્ષણ લેવું હોય તો સરકારી શાળામાં જવું પડે અને પૈસાદારના છોકરાને શિક્ષણ લેવું હોય તો ખાનગી અને પ્રાઇવેટ શાળાઓમાં જવું પડે. એમ ગરીબો માટે સરકારી દવાખાના અને પૈસાદારના દીકરાઓ માટે એ.સી.અને સારી મોટી મોટી હોસ્પિટલો તૈયાર હોય છે. આ તબક્કે મારે સરકારનું ધ્યાન દોરવું છે કે, કોઇ પણ માણસને સામાન્ય ઇમરજન્સી કંઇક વાગ્યુ હોય અને તેને મોટી મોટી હોસ્પિટલોમાં જવું હોય અને તેને દાખલ કરવો હોય તો પહેલા લાખ રૂપિયા કે બે લાખ રૂપિયા મૂકાવે પછી તેને એડમીટ કરતા હોય છે અને પછી તેની સેવા કરતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, આ તબક્કે મારે સરકારનું ધ્યાન દોરવું છે કે, આવી હોસ્પિટલોની અંદર કોઇ પણને ગમે ત્યારે એની સેવા ઝડપથી ચાલુ થઇ જાય એવી વ્યવસ્થા કરવી જોઇએ. મોટી મોટી હોસ્પિટલો સ્ટર્લીંગ હોસ્પિટલ હોય, સેલ્બી હોસ્પિટલ હોય, સાલ હોસ્પિટલ હોય અને કોઇ ગરીબ માણસને ત્યાં દાખલ કરવામાં આવ્યો હોય અને તેનું મૃત્યુ થયુ હોય તો પૈસા વગર તેની ડેડ બોડી પણ ત્યાંથી આપતા નથી આવા ઘણા બધા કિસ્સાઓ ગુજરાતમાં આપણાં ધ્યાને આવ્યા છે. આપણાં બધાના માટે ચિંતાનો વિષય છે કે આવું કોઇ પણ મૃત્યુ થાય તો તેની ડેડ બોડી તો મળે એવી વ્યવસ્થા સરકારે કરવી જોઇએ એવી આ તબક્કે આપ સૌને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં અમદાવાદની મોટી હોસ્પિટલોની વાત કરી છે, ડેડ બોડીની વાત કરી છે ત્યારે આ બધાએ, આ સન્માનીય ગૃહની અંદર આ બધા મિત્રો આવે છે.

શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ માર્ગ અને મકાન વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારુ સમર્થન આપવા માટે ઉભો થયો છું.

હું આપના માધ્યમથી ગઇ કાલે ટીમ ઇન્ડિયાએ સતત સાતમી વખત વીજય પ્રાપ્ત કર્યો અને સેમી ફાઇનલમાં પ્રવેશ કર્યો તથા ફાઇનલમાં પ્રવેશીને વર્લ્ડકપ પ્રાપ્ત કરે તેવા અભિનંદન આપીએ છીએ.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા સમગ્ર રાજયમાં આંતરમાળખાકીય સુવિધાઓ માટે કામો હાથ ધરવામાં આવે છે. આ વિભાગ દ્વારા રોડ, રસ્તા, સરકારી વિભાગોની ઓફિસો એમાં મહેસૂલી હોય કે આરોગ્યની કચેરીઓ હોય કે યુનિવર્સિટી હોય એના તમામ કામો આ વિભાગ દ્વારા કરવામાં આવે છે. એની સાથે સાથે આ વિભાગ સરકારી કર્મચારી ભાઇઓ તથા બહેનો માટે રહેણાંકના મકાનો બનાવવાનું આયોજન પણ કરે છે અને એની જાળવણી પણ કરે છે.

રાજયનો વિકાસ કરવો હોય તો વિકાસના કામો ઝડપથી હાથ ધરાય અને ઝડપથી પૂરા થાય તો જ શકય બને. માર્ગ અને મકાન વિભાગ તરફથી આ વખતે રૂપિયા ૮૭.૪૧ કરોડ મકાનો માટે અને મહેસૂલી, શિક્ષણ, કાયદો, તથા કૃષિ વિભાગના મકાનો માટે રૂપિયા ૧૪૭.૮ કરોડની માગણી સન ૨૦૧૫-૧૬ના બજેટમાં કરવામાં આવી છે.

જે પ્રમાણે અહીંયા વાત થઇ કે છેલ્લા ૨૦ વર્ષથી ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન છે. હમણાં માનનીય સભ્યશ્રી બળદેવજીભાઇ ઠાકોરે વાત કરી, ગુજરાતની અંદર ૩૦ વર્ષ સુધી કોંગ્રેસનું શાસન હતું. હું અત્યારે જે વિસ્તારનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છું અને એ વિસ્તાર મારું વતન છે. સન ૧૯૮૫ થી ૧૯૯૦ની સાલમાં અમદાવાદથી કડી કે અમદાવાદથી કલોલ જવું હોય તો કેટલો સમય જતો હતો એ આપને ખ્યાલ હશે. પરંતુ આજે અમારી સરકારે જે સુવિધા આપી છે જે કામગીરી કરી છે એના લીધે અમદાવાદથી કડી જવું હોય તો ૪૫ મિનીટમાં જઇ શકાય છે. આપણે વિચારીએ કે એના લીધે કેટલું પેટ્રોલ અને ડીઝલમાં બચત થાય છે. હું પલીયડ ગામનો વતની છું. નાના હતા ત્યારે ગામડે રહીને અમે ભણતા હતા ત્યારે અમને ખબર છે કે તાલુકા કે જિલ્લા કક્ષાએ કે શહેર કક્ષાએ કેવી કચેરીઓ હતી. ૩૦-૩૦ વર્ષ સુધી તમે વહીવટ કર્યો, દેશ આઝાદ થયો અને અંગ્રેજો વખતે એમણે જે વ્યવસ્થા ઉભી કરી હતી એમાં કયારેય વિચાર્યું નહિ અને અધિકારીઓ માટે વહીવટી પાંખને સુધારવા માટે કે કોઇપણ ઇન્ફ્રાસ્ટ્રકચરને સુધારવા માટે પ્રયત્ન કર્યો નહિ. આ રાજયની અંદર ૧૯૯૫માં પરિવર્તન આવ્યું અને અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર બની ત્યારથી ગુજરાતનો વિકાસ એજ અમારો પ્રયાસ. ગુજરાતની આમ જનતાને તમામ જાતની સુવિધા મળે એના માટે હરહંમેશ પ્રયત્નો ચાલુ કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, તેના આધારે આજે આપણે ગુજરાતને મોડલ રાજય તરીકેની સારાય દેશમાં પ્રસિદ્ધિ અપાવી છે તેમાં ભારતીય જનતા પાર્ટીનું જે શાસન આવ્યું તેમાં વર્ષોવર્ષ આ વિભાગમાં બજેટમાં ઉમેરો કરી અને વિકાસના કામો આગળ ધપાવવાનું કામ કર્યું. આ સરકારમાં વર્ષો પહેલાં આપણાં કર્મચારીઓને ખાલી કર્મચારીઓના નામથી જ સંબોધવામાં આવતા હતા. માનનીય નરેન્દ્રભાઇ મોદીએ જે વર્ષે સરકારમાં સત્તાના સુત્રો સંભાળ્યા ત્યારે તેઓ પહેલાં મુખ્યમંત્રી હશે કે આ કર્મચારી ભાઇઓને કર્મયોગીના નામથી બિરદાવીને એ જે પ્રમાણે સરકારનું કામ કરે છે તેમને કર્મયોગીનું બિરુદ અપાવ્યું. અમારા તત્કાલિન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇએ ' સૌનો સાથ સૌનો વિકાસ' એ જે સૂત્ર આપ્યું હતું અને એ સૂત્રને સાથે રાખીને ગુજરાતના પ્રથમ મહિલા મુખ્યમંત્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા માનનીય આનંદીબેન પટેલ આ ગુજરાતને આગળ લઇ જવા માટે અને પ્રધાનમંડળના સૌ મંત્રીશ્રીઓ રાત-દિવસ જાગીને અમારા ગુજરાતના સૌ કર્મચારીઓ જો આ પ્રમાણે સરકારને સપોર્ટ ન કરે, સરકારના કામમાં પ્રયત્નશીલ ન રહે તો એ ગુજરાત નં.૧ ન બની શક્યું હોત. તેમના માટે છેલ્લા પાંચ વર્ષથી અમારી સરકારે એમને રહેવાના મકાનો માટે અવારનવાર આયોજન કરી અને એ મકાનો જે એમનો વર્ગ-૧ હોય, વર્ગ-૨ હોય વર્ગ-૩ કે જના અધિકારી/કર્મચારી હોય તેમના માટે આયોજન કરવાનું ખૂબ સુંદર કામ કર્યું છે. હું અમદાવાદ શહેરની જનતાના પ્રતિનિધિ તરીકે કામ કરું છું..

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. ડો. મિતેશભાઇ ગરાસીયા.

ડો. મિતેષભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની તબીબી અને જાહેર આરોગ્યની માગણી નં. ૩૯ ઉપર મારું મંતવ્ય રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકારના જાહેર આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા મધ્યમ અને ગરીબ વર્ગને આરોગ્યની પૂરતી સુવિધાઓ મળે અને સ્થાનિક લેવલે જ મળે એ ઘણું અનિવાર્ય છે, કારણ કે ગરીબ વર્ગને જ સરકારી દવાખાનાઓમાં સારવાર લેવી પડતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજયમાં વિવિધ જિલ્લાઓમાં મેડિકલ કોલેજો અને મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલો રાજય સરકારે કાર્યરત કરેલ છે, પણ દાહોદ અને પંચમહાલ જિલ્લામાં આ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી નથી. એ હું ઘ્યાન દોરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના પૂર્વ પટ્ટીના આદિવાસી જિલ્લાઓ કે જયાં મોટા ભાગની વસતિ સંપૂર્ણ ડુંગરાળ, ખડકાળ અને જંગલ વિસ્તારમાં વસે છે, ત્યારે આ વિસ્તારોમાં આરોગ્યની સુવિધાઓ ખૂબ જ કથળેલી છે. ત્યાંના આદિવાસીઓ રોજી-રોટી માટે હિજરત કરે છે અને બાળકોના શિક્ષણ અને આરોગ્યની સુવિધાઓ પણ લઇ શકતાં નથી. બાળકોનું આરોગ્ય જોખમાય છે. આ વિસ્તારોમાં કુપોષણ, સીકલસેલ એનિમિયા, સીલીકોસીસ, ટ્યૂબરક્યુલોસીસ અને કેન્સર જેવા ઘાતક રોગો મોટા પ્રમાણમાં જોવા મળે છે. આરોગ્ય મંત્રીશ્રી એમના વકતવ્યમાં ઘણીવાર જણાવે છે કે ગુજરાતની આરોગ્યની સુવિધાઓ એટલી સારી છે કે બહારના, પડોશી રાજયના દર્દીઓ આરોગ્યની સુવિધાઓ લેવા માટે આવે છે. ચોક્કસ આવે છે અને અમદાવાદ-વડોદરા જેવા શહેરોમાં એ સુવિધાઓ લેતા હોય છે, પણ મારે આરોગ્ય મંત્રીશ્રીને જણાવવું છે કે દાહોદ અને પંચમહાલ જિલ્લાની આરોગ્યની સવિધાઓ વિષે પણ આપ આપના વકતવ્યમાં જણાવો.

દાહોદ જિલ્લાની જ વાત કરીએ તો ત્યાં આરોગ્યની સુવિધાઓ તદન કથળેલી છે. હોસ્પિટલોના બિલ્ડીંગો તો બન્યા છે પણ ખંડેર છે, જિલ્લા સ્તરની હોસ્પિટલ હોય, સી.એચ.સી. હોય, પી.એચ.સી. હોય કે સબસેન્ટર હોય. ત્યાં આરોગ્યના નામે ફકત *(xxx) જ છે. દાહોદ જિલ્લામાં જનરલ હોસ્પિટલ..

ઉપાધ્યક્ષશ્રી :*(xxx) શબ્દ હું રેકર્ડ પરથી દૂર કરું છું.

ડો.મિતેષભાઇ ક. ગરાસીયા : જનરલ હોસ્પિટલના મહેકમની વાત કરું તો ટોટલ મહેકમ ૨૦૩ છે તેમાં ફકત ૯૫ જગ્યાઓ ભરેલી છે અને ૧૦૮ ખાલી છે અને જવાબમાં લખ્યું છે કે આઉટસોર્સીંગથી અમે સેવાઓ આપીએ છીએ. આઉટસોર્સીંગથી જે સેવાઓ આપો છો તેમાં બે કે ત્રણ કલાક તમે જો ડોકટરોની સેવા આપતા હો..

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થયો છે. ડો.ગરાસીયા, આપનું પ્રવચન ચાલુ રહેશે.

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી કાઢી નાખવામાં આવ્યો છે.

(વિરામ સવારના ૧૦-૩૦થી ૧૧-૦૦)

માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને   ડો. મિતેષભાઇ ક. ગરાસીયા (ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, આ દાહોદ હોસ્પિટલનું જે રીતે મહેકમ છે એ રીતે ઝાલોદ મત વિસ્તારની વાત કરું તો ત્યાં ડોક્ટર, સ્ટાફ નર્સ અને વર્ગ-૪ ની જગ્યાઓ ખાલી છે. સી.એચ.સી. ઝાલોદ હોસ્પિટલની સ્થિતિ ઘણી કફોડી છે. આઠ વર્ષથી સુપ્રિન્ટેન્ડન્ટની જગ્યા ભરાઇ નથી. રાજ્યના મંત્રીઓ એમના ભાષણમાં રાજ્ય સરકારે શરૂ કરેલ ખિલ ખિલાટની સેવાના વખાણ કરે છે અને પ્રસૂતા બહેનને પ્રસૂતિ બાદ તેના નવજાત શિશુ સાથે ઘેર મૂકવા જાય છે. અમારા વિસ્તારમાં તો પ્રસૂતા અને બાળકનું મૃત્યુ થાય છે અને એનું ડેડ બોડી એમના ઘેર મૂકવા જવું પડે છે. આ દાહોદ જીલ્લામાં સરકારની બેદરકારીથી પર પ્રાંતિયા ડોક્ટરોનો રાફડો ફાટ્યો છે. ત્યાં પર પ્રાંતિય ડોક્ટરો ગામડાંમાં અને નાના શહેરોમાં પ્રેક્ટીસ કરતા હોય છે. એમની અણઆવડતને કારણે સ્ટીરોઇડ જેવી ઘાતક દવાઓનો ઉપયોગ કરતા હોય છે અને ગરીબોને મોતના મુખમાં ધકેલતા હોય છે. પણ સરકારના અધિકારીઓના મેળાપીપણામાં આ ડોક્ટરો બચી જતા હોય છે અને એમની સામે કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી. આવી આ સરકારની કામગીરી છે. આરોગ્ય મંત્રીશ્રી દાહોદની મૂલાકાત લે અને ત્યાંની સુવિધાઓને ચકાશે. હાલના સંજોગોમાં પણ મારા મત વિસ્તારમાં સી.એચ.સી. દવાખાનામાં કોઇપણ દર્દીને કોઇપણ પ્રકારની ઈજા થાય તો ટાંકા લેવાના થાય ત્યારે ઓપરેશન માટે સામાન્ય ટાંકા લેવામાં વપરાતા સર્જીકલ દોરાઓથી નહીં પણ ગોદડીઓ સિવવાના દોરાઓથી ટાંકા લેવામાં આવે છે. હાલના તબક્કે પણ આ રીતે ટાંકા લેવામાં આવે છે. આ તમારું ગતિશીલ ગુજરાત, આ તમારું વાઇબ્રન્ટ ગુજરાત. આ તમારા ગતિશીલ ગુજરાતનો નમૂનો છે. હાલના તબક્કે પણ અમારા ઝાલોદ સી.એચ.સી.માં ગોદડી સિવવાના દોરાથી ટાંકા લેવામાં આવે છે. ભાજપના અગ્રણીઓ ફક્ત ચૂંટણી વખતે દાહોદમાં આવે છે ત્યારે *(xxx) કરે છે અને ચૂંટણી પ્રચારમાં મેડિકલ કોલેજો ખોલીશું, દવાખાના બનાવીશું.

ઉપાધ્યક્ષશ્રી : *(xxx)શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

ડો. મિતેષભાઇ ક. ગરાસીયા : અમારા આદિવાસી વિસ્તારને વોટ બેંક ગણી જાહેરાત કરે છે. હાલમાં સ્વાઇન ફ્લૂનો રોગ સમગ્ર ગુજરાતમાં જ્યારે પ્રસર્યો ત્યારે દાહોદ જિલ્લામાં એચ૧એન૧ના દર્દીઓ પોઝીટીવ આવ્યા અને ઝાલોદમાં મરણ પણ થયા છે. ત્યારે આ રોગને અટકાવવા અને સારવાર આપવામાં સરકારી તંત્ર તદ્દન નિષ્ફળ ગયું છે. ત્યાંના નાગરિકો સ્વાઇન ફ્લૂ રોગ જાણતા જ નથી. સરકાર દાવો કરે છે કે ત્યાંના નાગરિકોને જાગૃકતા લાવવા માટે અવેર કર્યા છે અને દવાઓની સુવિધા પૂરી પાડી છે. રાજયમાં આ રોગનો ફેલાવો ચરમસીમાએ પહોંચ્યાં ત્યારે સરકારી તંત્ર રોગને સારવાર આપવામાં તદન નિષ્ફળ ગયું છે. બીજું પણ કહેવા માગું છું કે, અમારા ઝાલોદમાં જો દૂધની થેલી ન મળે, પાણીની બોટલ ન મળે પણ દારૂ રેલમછેલ છે અને અમારા યુવાનો આ દારૂ પી-પીને મરે છે અને હમણાં ગઇકાલે મંત્રીશ્રી બેન કહેતા હતા કે યુવાન બહેનો વિધવા થાય છે ત્યારે સરકારી તંત્ર નિષ્ફળ છે. પોલીસ પણ મળેલી છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશની બોર્ડર પર મારો જિલ્લો આવેલો છે. દારૂ ઝૂંપડે ઝૂંપડે, ઘરે ઘરે આખા વિસ્તારમાં દારૂ વેચાય છે. આ સરકારી તંત્ર આ રોકવામાં નિષ્ફળ ગયું છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા(કરંજ) : આદરણીય અધ્યક્ષ મહોદયશ્રી, સભાગૃહના સર્વ સભ્યોને આપણા ગૃહના સભ્ય નિર્મલાબેન જે સિંધિ ગુજરાતી છે એમણે ચેટી ચાંદની શુભેચ્છા આપી, સભ્ય સંગીતાબેન મરાઠી ગુજરાતી છે એમણે ગુડી પડવાની શુભેચ્છા આપી. હું આવતી કાલથી શરૂ થતા મા જગદંબાના નવલા નોરતા ચૈત્રી નવરાત્રીની શુભેચ્છા તમામ સભ્યોને આપું છું અને મા જગદંબાને પ્રાર્થના કરું છું કે, રાજ્યના વિકાસમાં સજ્જન અને સારા માણસો કામે લાગ્યા છે એ તમામને શક્તિ આપે અને મા ભારતીને વૈભવના પરમ શિખરે લઇ જવા માટે મા જગદંબા સાથ અને સહકાર આપે. આદરણીય અધ્યક્ષ મહોદયશ્રી, આપણા આ સરસ મજાના બજેટમાં આદરણીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબે જે બજેટ રજૂ કર્યુ છે તેમાં માર્ગ અને મકાન વિભાગ માટે પ્લાન અને નોન પ્લાન રસ્તા હેઠળ રૂ.૮૨૯૭ કરોડની જે જોગવાઇ કરી છે એને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું. રાષ્ટ્રના વિકાસનો આધાર રાજયના રસ્તાઓ હોય છે. આ રસ્તાઓ કેવા પ્રકારના હોય છે એનું કઇ રીતે કનેક્ટેડ અલગ અલગ વિભાગ, અલગ અલગ ક્ષેત્રમાં થતું હોય એના ઉપર રાજયનો વિકાસ અવલંબતો હોય છે. જે બજેટમાં જોગવાઇ થઇ છે તેમાં આ તમામ રસ્તાઓની જાળવણી, નવા રસ્તાઓ બનાવવા, જે સાંકડા રસ્તાઓ હતા એને પહોળા કરવા, નવા પુલો બનાવવા એના માટે આ જોગવાઇ આદરણીય નાણામંત્રીશ્રીએ કરી છે. આદરણીય અધ્યક્ષ મહોદયશ્રી, માર્ગ અને મકાન વિભાગ અંતર્ગત જે યોજનાઓ આપણા માર્ગ અને મકાન મંત્રીશ્રીએ જાહેર કરી છે એ અદ્ભૂત છે. માર્ગ અને મકાન અંતર્ગત યોજનાઓમાં જે પણ ગામમાં ૨૫૦ થી વધુ અનુસૂચિત જાતિના લોકો રહેતા હોય તેની ચિંતા કરી રાજય સરકારે ખાસ અંગભૂત યોજના અમલમાં મૂકી છે. રાજયના ગ્રામિણ વિસ્તારના સર્વાંગી વિકાસ કરવા માટે કિસાન પથ યોજના અમલમાં મૂકવામાં આવી છે. રાજયમાં ચોમાસામાં ભારે વરસાદ દરમિયાન જે ગામડાં વિખૂટા પડી જાય છે અને પૂરના હિસાબે ત્યાં લોકોની અવરજવર એક જગ્યાએથી બીજી જગ્યાએ જવું ખૂબ મુશ્કેલ થઇ જતું હોય ત્યારે એના માટે મરૂન વિલેજની યોજના અમલમાં મૂકવામાં આવે છે. આપણા રાષ્ટ્રપુરૂષ અને પૂર્વ વડાપ્રધાન અટલજી જયારે વડાપ્રધાન હતા ત્યારે હિન્દુસ્તાનના તમામ ગામડાંને જોડવા માટે પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના એમણે અમલમાં મૂકી હતી એવી રીતે પ્રવાસી પથ યોજના અમલમાં છે, આદિજાતીના વિસ્તારોને જોડવા માટે મારા આદિવાસી ભાઇઓ બહેનો એક બીજાની નજીક આવે રાષ્ટ્રના પ્રવાહમાં ભળી શકે એના માટે પ્રગતિપથ યોજના માર્ગ અને મકાન વિભાગ દ્વારા અમલમાં મૂકવામાં આવી છે. શહેરી વિસ્તારો માટે ગૌરવપથ યોજના, વિકાસપથ યોજના એવી રીતે દરેક ક્ષેત્રના દરેક લોકો સુધી, દરેક સમાજ સુધી

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દછો અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા છે.

અને છેવાડાના માનવી સુધી પહોંચવા માટે તમામ પાસાને ધ્યાનમાં રાખી માર્ગ અને મકાન વિભાગ કામ કરે છે. માર્ગ અને મકાન વિભાગે ગુજરાતના વિકાસમાં સિંહફાળો આપ્યો છે. ગુજરાતને દેશમાં અગ્રેસર સ્થાન અપાવનાર આ વિભાગ છે. ગુજરાતના સામાજીક અને શૈક્ષણિક વિકાસ, નાણાકીય વિકાસ, ઔદ્યોગિક વિકાસ, આંતરિયાળ વિસ્તારોના વિકાસમાં આ વિભાગનું ઘણું યોગદાન રહેલું છે. વિભાગની વિવિધ યોજનાઓમાં મેં કીધું એમ પ્રગતિપથ, જિલ્લાથી જિલ્લાને જોડતા રસ્તા, મહાનગરોને જોડતા રસ્તાઓ, પ્રવાસી સ્થળોને જોડતા રસ્તાઓ, બંદરો અને ઔદ્યોગિક વિસ્તારોને જોડતા રસ્તાઓ, જયાં ૫૦૦થી ઓછી વસતિ ધરાવતા ગામ છે ત્યાં પાકા રસ્તાનું જોડાણ આપવું ૨૫૦ થી ઓછી વસતિ ધરાવતા ગામડાં કે જે પરા છે એને પણ પાકા રસ્તાનું જોડાણ આપવું, ખેત ઉત્પાદનોના ઝડપી વહન માટે કિસાનપથ યોજના, ગામોના બારમાસી જોડાણ માટેની મરૂન વિલેજ યોજના જે મેં વાત કરી વગેરે થકી ગુજરાતમાં છ માર્ગી, ચાર માર્ગી, દસ મિટર પહોળા, સાત મિટર પહોળા, સાડા પાંચ મિટર પહોળા, સિંગલ લેનના રસ્તાઓનું ૧,૧૩,૭૧૬ કિલોમિટરનું માળખું આ રાજય સરકાર દ્વારા વિકસાવવામાં આવ્યું છે. માત્ર નવા રસ્તાઓ ન બનાવતા સમયની માંગ પ્રમાણે વધતા જતા વાહનોના ટ્રાફિકના ભારણને પણ પહોંચી વળવા માટે માર્ગોની જરૂરિયાત પ્રમાણે જે સાંકડા રસ્તાઓ હતા એને છ માર્ગીય કર્યા, દસ મિટર પહોળા કર્યા અને એમાં ખૂબ મહત્વ આપવામાં આવ્યું. ગુજરાતમાં ૩૪૨૧૯ ગામ પૈકી ૩૨૭૨૩ ગામોને ડાયરેકટ જોડવામાં આવ્યા છે જે સમગ્ર દેશમાં નોંધપાત્ર બાબત છે. વિભાગ દ્વારા ૧,૦૫,૦૦૪ જેટલા નાના મોટા પુલોનું જતન કરવામાં આવે છે અને એનું નવનિર્માણ પણ કરવામાં આવે છે. પહેલાના સમયમાં નાગરિકોને અલગ અલગ સરકારી કચેરીઓમાં કામ માટે જવું પડતું હતું. એમાં નાણાનો ઘણો વ્યય થતો હતો. હવે તાલુકા અને જિલ્લા કક્ષાએ સરકારી કચેરીઓ માટે સેવા સદનની પરિકલ્પના પણ આ વિભાગ દ્વારા કરવામાં આવી છે. માર્ગની સાથે મારે પુલ માટે બોલવાનું છે, સમય નથી પણ મારી એક વાત ટૂંકમાં કહી દઉ કે આ રાજયમાં એક લાખ કરતા વધારે નાના પુલો છે, મોટા પુલ છે જયારે વાવાઝોડું ગુજરાતમાં આવ્યું હતું એમાં અનેક પુલો તૂટયા એમાં ત્રણ થી છ મહિનામાં આ પુલોનું નિર્માણ કરવામાં આવ્યું અને સમગ્ર રાજયના લોકો એકબીજાથી વિખૂટા ના પડી જાય, ગામડાં વિખૂટા ના પડી જાય એની ચિંતા કરવામાં આવી.પુલોની વાતથી એક વાત યાદ આવે છે. કોંગ્રેસના મિત્રો આપણા લોક મેળાઓ લોકોના વિકાસ માટે સરકાર જે કરી રહી છે એને આ લોકો *(xxx) કહે છે. મારે કહેવું છે કે *(xxx) કોને કહેવામાં આવે છે?

ઉપાધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : માનનીય અધ્યક્ષશ્રી, એ લોકો બોલે છે. નર્મદા મૈયાના કાંઠે ૨૦૧૨માં ગુજરાતના સ્થાપના દિનના દિવસે, ૧લી મે ના રોજ એ લોકોએ ભરુચના પુલનું ખાતમુહૂર્ત કર્યું અને પછી કોઇ કાર્યવાહી ન થાય એને *(xxx) કહેવાય.

ઉપાધ્યક્ષશ્રી : એ શબ્દ રેકર્ડ ઉપરથી દૂર કરેલ છે.

શ્રી જનકભાઇ મ. કાછડીયા : આ બ્રીજની મંજૂરી, ખબર નહીં કોન્ટ્રાકટર અગાઉથી બ્લેક લિસ્ટ હતો અને પછી એને બ્લેક લિસ્ટ કરવામાં આવ્યો. હાલમાં અમારે સુરત જઇએ ત્યારે ચાર-ચાર કલાક ટ્રાફિકમાં ઉભા રહેવું પડે છે. જો એ સરકારની દૂરંદેશી હોત તો અગાઉથી મંજૂરી આપી પુલનું કામ પૂરું થયું હોત. આ સંજોગોમાં જૂના પુલ ઉપર બીતા બીતા આજે પસાર થવું પડે છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા માર્ગ અને મકાન વિભાગના મંત્રીશ્રી જે માગણી નં. ૩૯,૪૦, ૮૫,૮૬ અને ૮૭ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા મત વિસ્તારની વાત કરીશ કે કપરાડા તાલુકામાં ૧૩૦ જેટલા ગામો છે. ૨ લાખ ૫૮ હજાર ૭૫૫ની વસતિ આવેલી છે. તાલુકા મથક કપરાડા અને કસબા તરીકે નાનાપોંઢા આવેલ છે. અમારે ત્યાં ૨ સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને મારા વિસ્તારમાં ૩ સામૂહિક કેન્દ્ર આવેલા છે. કુલ ૧૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો આવેલા છે. પણ દુઃખ સાથે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે સામૂહિક આરોગ્ય કેન્દ્ર કપરાડા ખાતે તાલુકા મથક હોઇ, એમાં સુપ્રિટેન્ડેન્ટ ડોકટરની જગ્યા આઠ વર્ષથી ખાલી છે. વર્ગ-૧ માટે ડોકટર છેલ્લા ૬ થી ૭ વર્ષથી ખાલી છે. કુલ ૪ જગ્યાઓ છે અને બધી ખાલી છે. મેડિકલ ઓફિસરની ૪ જગ્યાઓ છે એમાંથી ૩ ભરાયેલી છે અને એક ખાલી છે. અમારે ત્યાં ફાર્માસિસ્ટ નથી. આપણે જ્યારે કુપોષણની વાતો કરતા હોઇએ અને સરકાર ચિંતા કરે છે ત્યારે દુઃખ સાથે કહેવું પડે કે તાલુકા મથક હોય અને કપરાડા વિસ્તાર એટલે રાજ્યના ૪૧ અતિ પછાત વિકાસલક્ષી પૈકીનો એક તાલુકો છે. તાલુકા મથકે ડોકટરની સુવિધા ન હોય એ દુઃખની વાત છે. નાનાપોંઢા કસબો આવેલ છે એમાં સારી ઇન્ફ્રાસ્ટ્રકચર સુવિધાવાળી હોસ્પિટલ બનાવી છે એ માટે હું ધન્યવાદ આપું છું. પણ સુપ્રિટેન્ડન્ટ ડોકટર નાનાપોંઢામાં હોતા નથી અને વર્ગ-૧ની ૪ જગ્યાઓ ખાલી છે. મેડિકલ ઓફિસરની ૪ જગ્યા છે એમાં ૩ ભરાયેલી છે અને ફાર્માસિસ્ટ નથી. મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે આપણે ઇન્ફ્રાસ્ટ્રકચર સારું બનાવીએ પણ ડોકટર ન હોય, આખા કપરાડા તાલુકામાં છેલ્લું ગામડું વલસાડથી ૧૧૫ કિલોમિટર થાય છે. એને કોઇપણ સામાન્ય સારવાર જેવી કે સુવાવડનો પ્રશ્ન હોય, કોઇ ગંભીર બિમારી હોય તો પારડી, ધરમપુર કે વાપી જવું પડે. વાપીમાં તો ગરીબ લોકોને પોષાય નહીં. પારડી અથવા ધરમપુર જવું પડે છે ત્યારે મારી ખાસ વિનંતી છે કે આ બાબતમાં ખાસ ધ્યાન રાખી નાનાપોંઢા ખાતે સુપ્રિટેન્ડેન્ટ વર્ગ-૧ ગાયનેક ડોકટર, એમ.એસ. ડોકટર, ઓર્થોપેડિક ડોકટર અને એમ.ડી. ફિઝિશિયન એમ ૪ જગ્યાઓ છે એ જમાંથી કમસે કમ ૨ જગ્યાઓ ભરાયેલી હોય. મારે દુઃખ સાથે બીજી એક વાત કરવી પડે છે કે એમ.એસ. સર્જન ડોકટર હતા એમના ત્રણ વર્ષના બોન્ડ ઉપર ત્યાં મૂકવામાં

---

* આ શબ્દ માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા.

આવ્યા હતા અને ફરીવાર પોસ્ટીંગ આપવાનું હતું. પરંતુ સાત મહિના સુધી વિભાગે પોસ્ટીંગ ન આપ્યું. ધક્કા ખાઇને આખરે એમણે રાજીનામું આપી દીધું અને સી.એમ. સેતુમાં જોડાયા છે. સાત મહિના સુધી ઓર્ડર ન આપીએ, બોન્ડ તરીકે ૩ વર્ષ ફરજ બજાવવાની હતી પણ સાત મહિના સુધી ઓર્ડર ન આપે એવી દુ:ખદ ઘટના પણ છે. માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવાનું કે વલસાડ જિલ્લામાં મેડિકલ કોલેજ આવેલી છે એના કારણે ત્યાંની સિવિલ હોસ્પિટલ છે એ માટે વિનંતી છે કે એ સિવિલ હોસ્પિટલ ધરમપુર ખાતે આવે. આદિવાસી વિસ્તાર છે અને ત્યાં મેડિકલ કોલેજ હોવાના કારણે બાકીની સુવિધાઓ ત્યાં ઉપલબ્ધ બનશે ત્યારે ધરમપુર અને કપરાડા અને સમગ્ર અમારી ટ્રાયબલ પટ્ટી છે અને ત્યાં ૧૦૦ થી ૧૫૦ બેડની નવી હોસ્પિટલ પણ બની ગઇ છે જેથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે અમારી સિવિલ હોસ્પિટલ ધરમપૂર ખાતે આવે.

માર્ગ અને મકાનમાં એક–બે બાબતોનું ધ્યાન દોરવા માગું છું. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે ૨૦૦૨ થી ધારાસભ્ય છું. ૨૦૦૨ થી ૨૦૧૨ અને ૨૦૧૫ એટલે કે બાર વર્ષ અને ત્રણ મહિના ચૂંટાયાને થયાં છે. એક ખાલી બ્રિજની માગણી છે કે ત્યાં નદી પર ૧૫ ગામનો પ્રશ્ન છે. મેં ૧૨ વર્ષથી લેટર લખ્યો છે છતાં આજ દિન સુધી એને મંજૂરી નથી આપી એ દુ:ખ સાથે મારે કહેવું પડે છે. એ જ પ્રમાણે સામાન્ય રીતે મેડિકલ.. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : નીતિનભાઇ એનું દુ:ખ દૂર કરી દો આ વખતે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : કરી દઉં સાહેબ.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : મેડિકલની વાત કરું તો મેડિકલની અંદર આજે છોકરાઓને ખૂબ મોટી ફી ભરવી પડે છે. માની લો કે ૪ થી ૫ લાખ એની ફી ભરીને પાંચ વર્ષ મેડિકલમાં એમ.બી.બી.એસ. થઇને કમ સે કમ ૨૫ થી ૩૦ લાખનો ખર્ચો થાય અને એને નોર્મલ પગાર ૩૫–૪૦ હજાર રૂપિયા મળે છે એમાં એને પોષાતું નથી. એના કારણે મેડિકલ ઓફિસરો આવતા નથી.

( માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને )

તે જ પ્રમાણે ગુજરાતની અંદર જે પી.જી. કરતા વિદ્યાર્થીઓ છે એને સ્ટાઇપન્ડ મળે છે એ અન્ય રાજ્ય મહારાષ્ટ્ર હોય, દિલ્હી હોય કે મધ્યપ્રદેશ હોય તે બધા રાજ્યો કરતા સૌથી ઓછામાં ઓછું સ્ટાઇપન્ડ મળે છે એ સ્ટાઇપન્ડ પણ કારણ કે ગુજરાત નંબર વન છે તો એમાં પણ આપણે નંબર વન રાખવું પડે, માનનીય મંત્રી સાહેબ. કારણ કે, પી.જી.ની અંદર ૨૮, ૨૯ અને ૩૦ હજાર સ્ટાઇપન્ડ મળે છે. અન્ય રાજ્ય દિલ્હીની વાત કરું તો ૪૦ થી ૪૫ હજાર રૂપિયા મળે છે, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રમાં પણ એજ પ્રમાણે મળે છે, એનાથી નાના રાજ્યો છે હરિયાણા જેવા રાજ્યોની અંદર સારામાં સારું પી.જી. કરતા વિદ્યાર્થીઓને અને રેસીડન્ટ ડોક્ટરો છે એને સારામાં સારું સ્ટાઇપન્ડ મળે છે ત્યારે મંત્રી સાહેબને વિનંતી છે કે આપણા ગુજરાતના વિદ્યાર્થીઓ, પહેલા એમ કહેતા હતા કે યુ.પી.એ.ની સરકાર હતી અને યુ.પી.એ.ની સરકાર આવી એટલે મેડિકલની સિટો નથી વધારતાં. પરંતુ આજે મેડિકલની સિટો આવી છે અને મેડિકલ કોલેજો ખુલ્લી ગઇ છે ત્યારે મેડિકલના જે વિદ્યાર્થીઓ છે એને સારામાં સારી સુવિધા મળે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પુરું થાય છે. શ્રી અશોકભાઇ પટેલ.

શ્રી અશોકકુમાર ર. પટેલ(ગાંધીનગર-ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માગણી નંબર ૮૭ માનનીય મંત્રીશ્રી નીતિનભાઇએ માગણીઓ મૂકી છે એમાં હું મારો સૂર પુરાવું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પાટનગર યોજના ભવન એ એક એવો વિભાગ છે કે જે ગાંધીનગરની અંદર ઇન્ફ્રાસ્ટ્રકચર જેવા કે રસ્તાઓ, પાણી પુરવઠો, સ્ટ્રીટ લાઇટ, ડ્રેનેજ આવા બધા લોકોપયોગી કામો આ વિભાગ દ્વારા થતાં હોય છે. ગાંધીનગરની અંદર જે લોકોપયોગી કાર્યો થયાં એમાં કર્મયોગી ભવનનું બહુમાળી મકાન લગભગ ૮૦ કરોડના ખર્ચે ગાંધીનગરમાં બનાવવામાં આવ્યું છે એની અંદર ૪૮,૮૦૦ ચો.મીટર જેટલી જગ્યા ઉપલબ્ધ કરવામાં આવી છે. બીજું એક સહયોગ ભવન જે ગાંધીનગર જિલ્લાની તમામ કચેરીઓ ગાંધીનગરની પ્રજાને સીધે સીધું બધીજ કચેરીઓમાં એકજ જગ્યાએ કામ કરતી જાય અને પોતાના ઘરે પરત જઇ શકે એ માટેનું સુંદર આયોજન ગાંધીનગરના એસ.ટી. ડેપોની બાજુમાં અને સિવિલ હોસ્પિટલની સામે લગભગ ૨૪,૭૦૦ ચો.મીટર જેટલી જગ્યા ઉપલબ્ધ કરવામાં આવી અને એમાં પણ ૨૨ કરોડ જેટલો ખર્ચ કરવામાં આવ્યો છે. સચિવાલય સંકુલમાં પણ લગભગ રિનોવેશન માટે અને એના માટે ૧૪ કરોડ જેટલા લોકોપયોગી અને આપણું બધું જે ગુજરાતનું અર્થતંત્ર ગાંધીનગરમાંથી ચલાવવામાં આવે છે એના માટે પણ ઉપયોગ કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગરની અંદર હું વાત કરું તો આજ વિસ્તારમાંથી એટલે ગાંધીનગર જે જગ્યા ઉપર બન્યું છે એનો પણ હું એક ખેડૂત છું. આ જગ્યા મારું વતન જ આ છે. એટલે મને ખ્યાલ છે ત્યાં સુધી અહીંયા ધૂળની ડમરીઓ ઊડતી હતી. ત્યારબાદ પાટનગરની સ્થાપના થઇ અને આમાં હું વર્ષોથી જ્યારથી આ પાટનગર બન્યું ત્યારથી હું આ જમીન ઉપર રમેલો છું અને મને ખ્યાલ છે ત્યાં સુધી આ વિકાસ મેં જોયો છે એ ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારથી એટલા માટે કહું છું. એટલા માટે કહું છું, માનનીય અધ્યક્ષશ્રી, પાટનગર યોજના ભવનના બજેટ ઉપર તમે જુઓ તો ભૂતકાળની સરકારો કરોડ, બે કરોડ કે ત્રણ કરોડ અને વધારેમાં વધારે પાંચ કરોડ રૂપિયાના આ આયોજન માટે, પાટનગર યોજના ભવન માટે ખર્ચતા.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું ત્યારબાદ બસો કરોડ કરતાં વધારે રકમ દરેક વર્ષે આમાં ફાળવવામાં આવે છે. એટલે ગુજરાતનું એક આ પાટનગર, ગુજરાતનું નથી પણ દેશ (સમયસૂચક ઘંટડી) અને દુનિયાનું આગવું સ્થાન બની રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બે–ત્રણ વાતો ઉપર ચોક્કસ ધ્યાન દોરવા માગુ છું. આ સરકાર ગાંધીનગરમાં નાના નાના માણસો માટે જે ઝૂંપડપટ્ટીમાં રહેતા એટલે કે સેવા વસતિમાં રહેતા મારા ગાંધીનગરના રહેવાસીઓ માટે પણ એક અલગ ગાંધીનગરની અંદર મકાનો બનાવ્યા છે. એના માટે પણ આ સરકારે લગભગ ૫૪ થી ૫૫ કરોડ જેટલો ખર્ચ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ક્રિકેટની વાત કરું તો, ગાંધીનગરની અંદર સેકટર–૨૧માં જીમખાના માટે પણ એક ક્રિકેટના ગ્રાઉન્ડ માટે લગભગ ૨૫ કરોડ રૂપિયા જેટલો આગામી વર્ષમાં ખર્ચ કરવા જઇ રહ્યું છે. એટલા માટે આ સર્વાંગી વિકાસ છે, ગાંધીનગરમાં બધા જ ધારાસભ્યો પણ અહીંયા રહે છે અને ગાંધીનગરમાં અને ગુજરાતમાં જે વિકાસ થઇ રહ્યો છે, એમાં કર્મયોગી ભાઇઓ–બહેનો પણ રહે છે. તો એના માટે જે મારા સાથી મિત્રો અશ્વિનભાઇ, મહેન્દ્રભાઇ, ગૌતમભાઇ, કાંતિભાઇ અમીતભાઇ અને આનંદભાઇ જે કાપ દરખાસ્તો લઇને આવ્યા છે એમને વિનંતી કરું છું કે, તમારા, મારા અને કર્મયોગી ભાઇઓના વિકાસ માટે આ પૈસા વપરાતા હોવાથી આ કાપ દરખાસ્તો પાછી ખેંચશો એવી આપને વિનંતી છે. એટલા માટે કે, આમાં તમારું અને આપણા બધાનું ભવિષ્ય સમાયેલું છે. ગાંધીનગરના વિકાસ માટે સરકારે અત્યાર સુધી જે નાણા ફાળવ્યા એના માટે પણ હું ખૂબ ખૂબ આભાર માનું છું.

શ્રી ગ્યાસુદીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગ એટલે સેવાનો વિભાગ, ભગવાનને પામવાનો વિભાગ. હું આજે આની અંદર કોઇ ટિકાટિપ્પણી કરવાનો નથી. ફક્ત મારા સુચનો જે છે સકારાત્મક એજ વિનંતી સહ મંત્રીશ્રી સમક્ષ અને સભાગૃહ સમક્ષ મૂકવાનો છું. છેલ્લા સાત વર્ષથી હું એક માગણી કરતો હતો કે, ભાઇ વાત્સલ્ય્ યોજના જે બનાવવામાં આવી એની અંદર હાર્ટ, કીડની અને કેન્સરના જે ગરીબ દર્દીઓ છે, એ મધ્યમવર્ગોનો સૌથી વધારે મરો છે. એટલે મધ્યમ વર્ગના લોકોનો પણ એમાં સમાવેશ કરવામાં આવે. મારે ગૌરવ સાથે કહેવું છે કે, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ, મંત્રીશ્રી શ્રી નીતિનભાઇ પટેલ અને જે અમારા મંત્રી શ્રી શંકરભાઇ ચૌધરી, એમણે મહિલાઓને અને ૨૧ વર્ષ સુધીના જે યુવાનો છે એમનો એમાં સમાવેશ કર્યો હતો. હું આજે એમને ફરીથી એક વખત વિનંતી કરું છું કે, આ બાબતે મેં શ્રી રાકેશભાઇ શાહને, શ્રી ભૂષણભાઇ ભટ્ટને, શ્રી આર.એમ.પટેલ સાહેબને અને શ્રી જગરૂપસિંહજીભાઇને, એ બધાને વિનંતી કરી હતી, એ લોકોએ પણ પત્ર લખ્યો છે. આ કોઇ પક્ષાપક્ષીનો પ્રશ્ન નથી. આ તમામનો, માનવતાનો પ્રશ્ન છે અને એમનો આભાર માનું કે, એમણે પણ પત્ર લખ્યો હતો કે, આમાં કેન્સર અને કીડની અને હાર્ટને લેવું જોઇએ. એટલે હું એવી આશા રાખું કે, અમારા વડીલ, અમારા શ્રી નીતિનભાઇને એમને બે હાથ જોડીને વિનંતી કરું કે, એ બાબતે તેઓ ત્વરિત કોઇ સારો નિર્ણય લે. તો એમના માટે આખો સમાજ આભારી રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું એ કહેવા માગુ છું કે, દિલ્હીની અંદર, દિલ્હી હાઇકોર્ટ દ્વારા એક નિર્ણય આપવામાં આવ્યો હતો કે, સરકારી જમીનો જે હોય, જે હોસ્પિટલ માટે સરકાર આપે તો એ જમીનોની ઉપર હોસ્પિટલ બંધાય તો એમાં દસ ટકા ગરીબોના બેડ એમાં ફ્રી રાખવાના અને પચીસ ટકા ઓપીડી ફ્રી આપવાની. હાઇ–કોર્ટે એને માન્ય રાખ્યું એની સામે જે ત્યાંના હોસ્પિટલવાળા હતા એ લોકો સુપ્રિમ કોર્ટમાં ગયા અને સુપ્રિમ કોર્ટમાં પણ એ જજમેન્ટને યથાર્થ ઠરાવવામાં આવ્યું અને આદેશ આપવામાં આવ્યો કે, જયાં પણ સરકારી જગ્યાઓ આપવામાં આવતી હોય ત્યાં ગરીબો માટે આટલી વ્યવસ્થા રાખવી જોઇએ. તો હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે, ખાનગી હોસ્પિટલોને જગ્યા આપવી જ પડે. કેમ કે, ખાનગી હોસ્પિટલ સિવાય આપણે કામ ના કરી શકીએ. અત્યારે સ્વાઇન ફ્લૂનો પ્રશ્ન હતો ત્યારે પણ મંત્રીશ્રીએ રજૂઆત કરી કે, ખાનગી હોસ્પિટલોએ સારવાર આપી છે સ્વાઇન ફ્લૂમાં. એટલે આપણે ત્યાં અમદાવાદમાં સાલ હોસ્પિટલ છે, આપણે ત્યાં રાજસ્થાન હોસ્પિટલ છે, એને સરકારે જગ્યા આપી જ છે. તો હું એમને મંત્રીશ્રીને વિનંતી કરવા માગુ છું કે, આપણે એવી નીતિ કરીએ કે, એની અંદર દસ ટકા ગરીબોને મફત બેડ મળે અને પચીસ ટકા ઓ.પી.ડી. એ લોકોને મળે. તો હું માનું છું કે, એનાથી મોટી બીજી કોઇ સેવા ના હોઇ શકે. કેમ કે, સરકારી હોસ્પિટલમાં આપણે એકલા પહોંચી નહીં વળીએ, આપણે ખાનગી હોસ્પિટલો જે છે એનો પણ સાથ અને સહકાર લેવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આજના સંજોગોની અંદર જે રીતે બિમારીઓ ફેલાઇ રહી છે, કીડની હોય, હાર્ટ હોય કે કેન્સર હોય. એના કારણો છે કે, વ્યસનોના લીધે, આધુનિક જીવનશૈલીના લીધે એમાં સતત વધારો થતો જાય છે. અત્યારે પરિસ્થિતિ એવી છે કે, આપણે તો એક ગૌરવવંતા ગુજરાતમાં છીએ એ ગુજરાત કે, જયાં પરમપૂજ્ય વિશ્વવંદનીય જેને કહેવાય એવા પ્રમુખશ્રી મહારાજ, શ્રી મોરારી બાપુ, દાદા બાપુ, ગુલામ અલી દસ્તાવલી સાહેબ આ તમામ લોકો વ્યવસન મુકિત માટે બહુ મોટું કામ કરતા હોય છે એટલે આ રોગો ઉપર જો આપણે પકડ લાવવી હોય તો વ્યસનમુકિત માટેના કેન્દ્રો વધારે ખોલવા પડે તો આપણે વ્યવસન મુકિતના કેન્દ્રો ખોલીએ જેનાથી રોગચાળો ઓછો થાય. બીજું હું માનનીય મંત્રીશ્રીના ધ્યાન ઉપર લાવવા માગું છું કે ઉનાળાની અંદર હંમેશા પાણી જન્ય રોગો વધારે થતા હોય છે. અમદાવાદની અંદર પણ પરિસ્થિતિ એવી થાય છે કે કમળો, ઝાડા, ઉલટીના કેસો બહુ થતા હોય છે. અમદાવાદમાં ઘણી જગ્યાએ એવું છે કે મેઇન હોલમાંથી ગટર લાઇન પસાર થતી હોય છે. એનો સર્વે કરી તાત્કાલીક જે વોટર પોલ્યુશન થાય છે એ બાબતે ઝીરો ટોલરન્સ નીતિ બનાવીએ જેનાથી રોગચાળા ઉપર કાબૂ થઇ શકે. હું નિતિનભાઇને વિનંતી કરું છું કે એ બાબતે એ નિર્ણય કરે ઝીરો ટોલરન્સ નીતિનો અને ખાસ તો મારે એ કહેવાનું છે કે દવાની દુકાન ઉપરથી અમુક વ્યસનવાળા લોકો કફ સીરપ લઇ જતા હોય છે. એ પ્રિસ્ક્રિપ્શન વગર આપવામાં ન આવે કેમકે એનાથી સરકાર જયારે કડકાઇ કરે , કોઇ કાયદાનો અમલ કરે તો એ લોકો બીજી વસ્તુ ના મળે એટલે કફ સીરપ લે એટલે દવાની દુકાન ઉપરથી કફ સીરપ જેનાથી નશો થતો હોય એની ઉપર થોડી પકડ થાય કેમકે બુટલેગરો ઘણી જગ્યાએ કોથળા ભરીને કફ સીરપ વેચે છે. કોથળા ભરીને બેસે અને કફ સીરપ આપે. એટલે હું વિનંતી કરું કે એની ઉપર પણ આરોગ્ય મંત્રીશ્રી થોડું ધ્યાન આપે. બીજું કે આપણે બહુ સારું કામ કર્યું છે. ઘણા બધા લોકો અહીં વિદેશથી સારવાર લેવા આવે છે. વિશ્વમાંથી બધી જગ્યાએથી આવે છે એટલે હું વિનંતી

કરું છું કે સારું કામ કર્યું છે ઇન્ફ્રાસ્ટ્રકચર માટે સરકારે. બીજી મારી એક વિનંતી છે કે આપણી જે હોસ્પિટલો છે.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જુનાગઢ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ, માર્ગ અને મકાન વિભાગ એમના વિભાગની માગણીઓ ૩૯, ૪૦, ૮૫, ૮૬ અને ૮૭ લઇને આવ્યા છે ત્યારે એમને સમર્થન આપવા માટે હું ઉભો થયો છું. મારે પરિવાર કલ્યાણની માગણી નં.૪૦ ઉપર વાત કરવી છે. પરિવાર કલ્યાણ વિભાગ એ તમામ રાજય અને દેશ માટે ખૂબ અગત્યનો વિભાગ છે. ૧૯૫૧-૫૨ ની અંદર આપણો દેશ આઝાદ થયા પછીના વર્ષોમાં દેશની વધતી જતી વસતિને કારણે એ વખતના શાસકો ચિંતિત હતા અને એમણે ૧૯૫૧-૫૨ ની અંદર કુટુંબ નિયોજનની યોજનાનો અમલ કર્યો ત્યારબાદ સાતમી પંચવર્ષીય યોજનાની અંદર કુટુંબ કલ્યાણ, પરિવાર કલ્યાણ એવું નામ આપી અને આ યોજનાનો અમલ કર્યો. પરિવાર કલ્યાણ વિભાગને વધુ સુદ્રઢ બનાવવા માટે ૧૯૯૨-૯૩ની અંદર બાળ સુરક્ષા અને સલામત માતૃત્વના કાર્યનો અમલ કર્યો અને એને જોડયું. આપણા રાજયની વાત કરીએ તો ગુજરાતની અંદર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી કુટુંબ કલ્યાણની જાગૃકતાને કારણે ગુજરાતની અંદર અત્યાર સુધીમાં ૩૬૮ લાખ જેટલા અનઇચ્છીત જન્મો અટકાવી શકાયા છે અને એને કારણે આજે આપણી વસતિ ૬ કરોડે પહોંચી છે. જો એ અનઇચ્છીત જન્મ અટકાવી શકાયા ના હોત તોઆજે ગુજરાતની વસતિ આઠ કરોડ હોત. હું માનનીય મંત્રીશ્રીનું ઘ્યાન દોરવા માગું છું કે આપણા ગુજરાતની અંદર માતા મૃત્યુ દરમાં ઘણો ઘટાડો થયો છે એ આપણા માટે ખૂબ સારી વાત છે. ૨૦૦૧ થી ૨૦૦૩ ની અંદર દર એક લાખ પ્રસુતિએ માતા મૃત્યુ દર ૧૭૨ હતો, અત્યારે ૧૧૨ છે ૬૦ નો ઘટાડો થયો છે એ ખૂબ સારી વાત છે. અત્યારે માતા મૃત્યુ દર ઝીરો સુધી લઇ જવાનો સરકારનો પ્લાન છે. એમાં સફળતા મળે તેવો આપણે સૌ વિચાર લાવીએ. બાળ સુરક્ષા તથા સલામત માતૃત્વ માટે સરકારે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. કસ્તુરબા પોષણ આહાર યોજના, ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, જનની શીશુ સુરક્ષા કાર્યક્રમ, ખિલખિલાટ એમ્બ્યુલન્સ, ચિરંજીવી યોજના, મમતા તરૂણી અભિયાન, બેટી બચાવો બેટી વધાવો અભિયાન, બાળસખા યોજના, મા અમૃતમ યોજના, મા વાત્સલ્ય યોજના, પલ્સ પોલિયો અભિયાન તથા કુટુંબ નિયોજન. માનનીય મંત્રીશ્રીને જાણ કરવાની છે કે આ બજેટની અંદર માનનીય મંત્રીશ્રી પરિવારના કલ્યાણ વિભાગ માટે ૬૯૪ કરોડ રૂપિયાની માગણી મૂકી છે. બહુ સારી વાત છે. એમાં પણ ગ્રામીણ પરિવાર કલ્યાણ માટે ૨૯૩ કરોડ, શહેરી પરિવાર કલ્યાણ માટે ૧૦૭ કરોડ પ્રસૂતિ બાળ કલ્યાણ અને બાળ આરોગ્ય કલ્યાણ માટે ૨૦૫ કરોડ આ મુખ્ય વસ્તુ રહી છે. દેશ માટે સૌથી મોટો પડકાર હોય તો વસતિ વધારાનો છે. હું ૧૯૯૦ માં આ વિધાનસભા ગૃહમાં પ્રથમવાર આવ્યો, ત્યારે અહીથી આ ટ્રેઝરી બેંચ ઉપરથી વારંવાર વાતો થતી હતી કે ૪ કરોડની પ્રજા માટે એના વિકાસ માટે કઇ કરીએ. આજે મારે કહેવું પડે છે કે ૨૫ વર્ષ પછી આપણે ૬ કરોડની વાત કરવી પડે છે. આ આપણા માટે વસતિ વધારો અને વસતિ વિસ્ફોટ આપણા સૌ માટે વિકાસ માટે એક અવરોધરૂપ બાબત છે. દર વર્ષે ગુજરાતની અંદર ૮ લાખ જેટલી વસતિ વધે છે. ૧૨ વર્ષે એક કરોડ, ૨૪ વર્ષે ૨ કરોડ તો આવતા ૨૪ વર્ષે કેટલી વસતિ વધશે એ દિશામાં મંત્રીશ્રીનું ઘ્યાન દોરવા માગું છું. આપણી જમીન તો જેટલી છે એટલી જ રહેવાની છે. જમીનનું ક્ષેત્રફળ વધવાનું નથી.

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે.

શ્રી મહેશકુમાર અ. પટેલ (પાલનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં જે ૨૦૧૫-૧૬ ની આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને માર્ગ મકાન વિભાગની માગણી નં. ૩૯,૪૦, ૮૫,૮૬,૮૭ લઇને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરું છું.

આરોગ્યની બાબતમાં મારા જિલ્લા મથક પાલનપુરની હોસ્પિટલની વાત કરું તો હોસ્પિટલ નવા બે બિલ્ડિંગમાં ચાલે છે. સિવિલ હોસ્પિટલનું નવું બિલ્ડિંગ ૬ માસથી તૈયાર થઇ ગયેલ છે. જેના ઉદ્દઘાટનની તારીખ જલ્દીથી નક્કી થાય અને માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ સાહેબ લોકોને તાત્કાલિક સેવા પૂરી પાડે તે માટે વિનંતી કરું છું. પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે અગત્યની સેવા જેવી કે બ્લડ બેન્ક, સોનોગ્રાફી, એમ.આર.આઇ., સિટી સ્કેન જેવી સુવિધાઓ નથી. પાલનપુર સિવિલ હોસ્પિટલ જે સરહદી જિલ્લાના મુખ્ય મથકની હોસ્પિટલ છે, તેમાં ડોક્ટરોની ખાલી જગ્યાઓ લાંબા સમયથી બાકી છે. વર્ગ-૧ ની સી.ડી.એચ.ઓ. ની તા.૭-૭-૨૦૧૧ થી, ઓર્થોપેડિક સર્જનની ૨૦-૪-૨૦૧૩થી, ફિજિશિયનની ૩૦-૪-૨૦૧૩ થી, રેડિયોલોજીસ્ટની ૧-૯-૧૯૯૯ થી, એનેસ્થેસિયાની ૨ જગ્યા ૧૮-૭-૨૦૦૯ થી, મનોરોગ ચિકિત્સકની બે જગ્યા ૧૧-૫-૨૦૧૦ થી, માઇક્રો બાયોલોજીસ્ટની ૧૧-૫-૨૦૧૦ થી આમ વર્ગ-૧ ની મહત્વની કુલ ૯ જગ્યા લાંબા સમયથી ખાલી છે. વર્ગ-૩ ની લેબ ટેકનિશિયનની, ચીફ ફાર્માસિસ્ટ, એકસ-રે ટેકનિશિયન, ફિજિયોથેરાપિસ્ટ, વેન્ડર વર્ગ-૩ તથા હેડ નર્સ વર્ગ-૩ ની મહત્વની જગ્યા ખાલી છે. બનાસકાંઠા જિલ્લાની પાલનપુર સિવિલ હોસ્પિટલ ડીસા સરકારી હોસ્પિટલમાં વર્ગ-૧ ની ૨૬ અને વર્ગ-૨ ની ૬ ડોક્ટરોની જગ્યા ખાલી છે. માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં ૧૮ સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૧ ના ૧૮ ડૉકટરો અને વર્ગ-૨ ના ૨૪ ડૉકટરોની જગ્યાઓ ખાલી છે. બનાસકાંઠા જિલ્લામાં ૨૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વર્ગ-૨ ના ૩૨ ડૉકટરોની જગ્યાઓ ખાલી છે. બનાસકાંઠા સરહદી જિલ્લો છે. સરહદી જિલ્લાના નાગરિકોનું સ્વાસ્થ્ય સારું રહે તે માટેની જવાબદારી બનાસકાંઠાથી ચૂંટાયેલા આરોગ્ય મંત્રીશ્રીની છે. બનાસકાંઠા જિલ્લામાં ૩૧ માર્ચ ૨૦૦૦ની સ્થિતિએ પાલનપુર તાલુકામાં ઘણા બધા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવાના હતા તે કાર્યરત કરવામાં આવેલ નથી. ઘણી જગ્યાએ ગામોમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર શરૂ કરવાના હતા તે કરવામાં આવેલ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાનમાં ઘણાબધા રોડ, રસ્તા કાચા છે, અમૂક મેટલ છે તે પણ ગામડાંને જોડતા કરવામાં આવે. દુઃખ સાથે કહેવું પડે કે ગાંધીનગર જેવા શહેરમાં વિકાસના કામો વધુ થતા હોય તો ગુજરાતમાં આવેલા નાના શહેરોનું પ્લાનિંગ એ રીતે થાય તેવી માર્ગ મકાન વિભાગને વિનંતી કરું છું. અમારા વિસ્તારમાં, પાલનપુરમાં જીમખાના, રોડ, બાગ,

બગીચા, પાણી, ગટરની લાઇનોની સુવિધાઓ ઉપલબ્ધ કરાવે તેવી વિનંતી કરું છું. માર્ગ અને મકાનની બાબતમાં શહેરમાંથી પસાર થતા નેશનલ હાઇવે અને સ્ટેટ હાઇવેને જોડતો બાયપાસ બનાવવામાં આવે. પાલનપુરના દેદરા હનુમાનગઢથી દેદરા હનુમાનનો રસ્તો ચોમાસાની અંદર નાળા હોય.....

અધ્યક્ષશ્રી : આપનો સમય પૂરો થાય છે. માનનીય નટવરસિંહ ઠાકોર.

શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને બાંધકામની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હેલ્થ ઇઝ વેલ્થ. આરોગ્ય સારુ એ એક સંપત્તિ છે. હોસ્પિટલોમાં ડૉકટરોની અછતને કારણે દર્દીઓને પડતી હાડમારી દૂર કરવામાં આવતી નથી. જેના કારણે દર્દીઓને વારંવાર ધક્કા ખાવા પડે છે. દર્દીઓના મેડિકલ સર્ટીફીકેટ તેમજ બિલોમાં અધિકારીઓની સહી મેળવવામાં ખૂબ જ મુશ્કેલી પડે છે. દર્દીઓને મેડિકલ પાસ નથી. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં રોગી કલ્યાણ સમિતિની આવક અને ખર્ચની વિગતો જાહેર કરવામાં આવતી નથી. આ ઉપરાંત બાયો મેડિકલ વેસ્ટના નિકાલ માટે ભઠ્ઠીઓ શરૂ કરવામાં આવતી નથી. સિવિલ હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજનું નિયમિત મોનીટરીંગ અને ઓડિટ કરાવવું જોઇએ તે કરાવતા નથી. આ ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં વધતી જતી દર્દીઓની સંખ્યા સામે પથારીઓની સુવિધા પૂરી પાડવામાં આવતી નથી. આ ઉપરાંત દર્દીઓની મુલાકાત દરમ્યાન તેમને લગતા પ્રશ્નો ઉકેલવામાં તંત્રી નિષ્ફળ ગયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માર્ગ અને મકાન તથા બાંધકામ વિભાગમાં જે અમદાવાદથી ઇન્દોર રોડ જાય છે તેમાં કઠલાલ આગળ જે ટોલ ટેક્સ છે ત્યાં એટલો બધો ટેક્સ લે છે, ૮૫ રૂપિયા એક વ્યક્તિએ ટેક્સ લે છે. તો તે લોકોએ સર્વિસ રોડ કરવા જોઇએ. આજુબાજુના ગામડાં છે તેમને એટલી બધી મુશ્કેલી પડે છે અને તે ૮૫ રૂપિયા કેવી રીતે ભરી શકે. તાત્કાલિક સર્વિસ રોડ કરી લોકોની મુશ્કેલી દૂર કરે તેવી વિનંતી છે. બીજું કે જે રસ્તાઓ છે, હજાર–હજારની વસતિના જે પરા છે તેમના રસ્તા નથી. ૫૦૦ની વસતિ કે ૧ હજારની વસતિ વાળા પરાંઓના રસ્તા નથી. તે રસ્તાઓ માટે નીતિનભાઇને વિનંતી કરીએ કે ભાઇ આ રસ્તા કરો. આનાથી નદી વિસ્તારના ગામડાંઓમાં મુશ્કેલી પડે છે. આખા ગુજરાતમાં આવી દશા છે. ડૉકટરો બહાર જતા રહે છે, પેલા ખાનગી હોસ્પિટલવાળા લોકો લાખ રૂપિયા આપે છે તો આપણે પણ આપો લાખ રૂપિયા. આ તો આરોગ્યનું કામ છે. આરોગ્ય એક સંપત્તિ છે એટલે તેના માટે આ કરવું જોઇએ. બીજું કશું ન કરો તો ચાલે. આરોગ્ય સારુ હશે તો દેશ અને ગુજરાત અને હું તો આવડે એવું બોલું છું. જુઓ તમે અમારી કોંગ્રેસ હતી ત્યારે આટલા બધા રોગ ન હતા. વસતિ આટલી બધી ન હતી. અમારા રાજમાં વ્યસનો આવ્યા અને આ વ્યસનો દૂર કરો તો પણ રોગ મટી જાય. રોગ થાય જ નહીં. આજે એટલા બધા વ્યસન વધી ગયા છે અમારા રાજમાં આટલા બધા વ્યવસનો હતા નહીં એટલે આ વ્યસનો દૂર કરો તોય રોગ મટી જાય. આજે એવા ડોકટરો પણ નથી પહેલા તો આયુર્વેદિક ડોકટરો પણ ખૂબ સારા હતા અને વૈદ્યો પણ ખૂબ સારા હતા તેઓ આયુર્વેદિક દવાઓ કરતા એટલે રોગ મટી જતા હતા. આજે જે આયુર્વેદિક કોલેજો છે એમાં પ્રોફેસરો જ નથી અને જે પ્રોફેસરો મળે છે એમને પૂરો પગાર આપતા નથી એટલે પ્રોફેસરો આવતા નથી તો એમને પૂરો પગાર આપો. મારી માગણી છે કે જે આયુર્વેદિક કોલેજો છે એમાં પ્રોફેસરોની જગ્યાઓ જલદીથી પૂરવી જોઇએ. બીજું આયુર્વેદિક કોલેજોની સંખ્યા પણ ઘણી ઓછી છે તો કોલેજો વધારવાનો તાત્કાલિક નિર્ણય કરો કેમ કે વિદ્યાર્થીઓને એડમિશન મળતું નથી અને વિદ્યાર્થીઓ રખડી પડે છે અને એમના અભ્યાસમાં કમી આવે છે એટલે સારા જે આયુર્વેદિક ડોકટરો મળવા જોઇએ એ મળતા નથી તો મારું તો સૂચન છે કે ડોકટરો ન મળતા હોય તો બહારના રાજયમાંથી પણ કોઇ આવવા માગતા હોય તો એમને લાવો. બીજું અમારે ત્યાં હોસ્પિટલ છે પણ સારી મશીનરી, સાધનો નથી અને જયાં આધુનિક સાધનો આવી ગયા છે ત્યાં ટેકનિશિયનો નથી. સિવિલ હોસ્પિટલોમાં એટલી બધી મશીનરી પડી છે કરોડો રૂપિયાની પણ એના ટેકનિશિયનો નથી તો શું કરવાનું? ટેકનિશિયનો આપણા રાજયમાં ન મળતા હોય તો બહારના બીજા રાજયોમાંથી લાવો અને મશીનરીનો ઉપયોગ કરો. આપ આવો મારી સાથે તો તમને બતાવું કરોડો રૂપિયાની મશીનરી એમનમ ટેકનિશિયનોના અભાવે પડી રહી છે. ટેકનિશિયનોની તાત્કાલિક ભરતી કરવામાં આવે એવી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે અને તો જ સારું આરોગ્ય સચવાશે. માનનીય નીતિનભાઇ અમારા નડિયાદમાં આયુર્વેદિક કોલેજ આપવાના છે તો સારું આપો અમારો જિલ્લો મોટો છે. આમ તો હવે થોડું મોટું મન રાખવા માંડ્યું છે માનનીય નીતિનભાઇએ, અમારા જેવું મોટું મન રાખો અમે એવું નથી કરતા ભાજપ–કોંગ્રેસ, આ તો લોકોના પ્રશ્નો છે અને લોકોએ આપણને પ્રશ્નો ઉકેલવા અહીં ચૂંટીને મોકલ્યા છે તો લોકોના પ્રશ્નો ઉકેલાય એવું કંઇક કરો અને ડોકટરો ન મળતા હોય તો બહારથી લાવીને પણ મૂકો. અમારા નડિયાદમાં છેલ્લા ૧૦ વર્ષથી ફિઝિશિયન નથી તો શું કરવાનું બોલો? ગમે ત્યાંથી લાવો બહારના રાજયમાંથી લાવો. ખાનગી હોસ્પિટલોવાળા લાખ રૂપિયા પગાર આપે છે તમે પણ એવી રીતે પગાર આપો કેમ આપતા નથી? આમાં શું કામ કરકસર કરો છો? બીજામાં કરકસર કરો મેળાઓમાં અને બીજામાં કરો તો ચાલે પણ આમાં શું કામ કરકસર કરો છો? આરોગ્ય સારું હશે તો ગુજરાત સારું બનશે. આજે રોગચાળો કેટલો વધી ગયો છે? આ હમણા નવો રોગ આવ્યો છે એમાં લોકો ઘરે ઘરે મરે છે અને ઘરે ઘરે કેટલાય લોકોને બિચારાને એ રોગ થયો છે સ્વાઇન ફ્લુ. તો એને કાબૂમાં લાવો.(અંતરાય) અમને તમારા જેવું ઇંગ્લીશમાં બોલતા ન આવડે અમે તો ગુજરાતી બોલવાવાળા માણસ ઇંગ્લીશમાં સમજણ પણ ન પડે અમને, પેલા સાહેબ બોલતા હતા ઇંગ્લીશ અમને તૂટ્યુ ફૂટ્યુ આવડે. તૂટ્યુ ફૂટ્યુ ઇંગ્લીશ આવડે અને તૂટ્યુ ફૂટ્યુ હિન્દી અમને આવડે. એટલે આપ જે કાંઇ કરો એ સારુ કરો તો અમે વખાણ કરીએ નહીં તો વગોવીએ તમને કાયમ અને વગોવવા માટે તો અમને અહીંયા મૂકયા છે.

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૫
માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી કેશરીસિંહ સોલંકી (માતર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ માગણી નં.૮૩, માર્ગ અને મકાન વિભાગની લઇને આવ્યા છે તેના ઉપર આ ગૃહમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉની સરકારના મુખ્યમંત્રી અને હાલના વિપક્ષના નેતા શંકરસિંહજી વાઘેલા એ પાલા અને વૌઢાના પુલનું ખાત મુહૂર્ત કરીને ગયા પછી એ વિસ્તારના લોકો પુલની રાહ જોઇને થાકી ગયા છે પણ ના પુલ બન્યો કે ના બાપુ પાછા આવ્યા. માનનીય અધ્યક્ષશ્રી, છેવટે ભારતીય જનતા પાર્ટીની સરકારમાં તેની રજૂઆત માતરના પૂર્વ ધારાસભ્ય અને હાલના ખેડા જિલ્લાના સંસદસભ્યશ્રી દેવુસિંહ ચૌહાણ અને ધોળકાના ધારાસભ્ય અને માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા સાહેબ અને ગુજરાત રાજયના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના દેશના વડા પ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું અને હાલના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનું ધ્યાન દોરી તાત્કાલિક આ પુલની રકમ ૪૩.૧૭ કરોડ મંજૂર કરી દીધી અને તેનું ભૂમિપૂજન હાલના વડાપ્રધાનશ્રીએ કર્યું અને આ પુલ બનાવ્યો છે અને હાલ આ તૈયાર બ્રિજનો માનનીય મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવીને શુભારંભ કરે એવી અમારી લાગણી અને માગણી છે.
પારલા અને મહુધાનો આ પુલ બનાવવાથી તેનો સીધો લાભ ખેડા જિલ્લો, આણંદ જિલ્લો અને અમદાવાદ જિલ્લાની જનતાને થશે આ સિવાય પણ માનનીય મંત્રીશ્રીએ પુલને જોડતા તમામ રસ્તા પહોળા કરવાનું પણ આયોજન કરેલું છે, ખેડાથી તારાપુર –૩૬ કરોડ, મેલસ થી લિંબાસી એક કરોડ, લિંબાસીથી સોજીત્રા ૧૧ કરોડ અને ખેડાથી ધોળકા ૧૬ કરોડ અને લિંબાસીથી હાયર સેકન્ડરી સ્કૂલના બાંધકામ માટે પણ ૨.૭૯ કરોડનું કામ પણ મંજૂર કરવામાં આવેલ છે. આ માટે ભારતીય જનતા પાર્ટીની ગતિશીલ ગુજરાતના માનનીય આદરણીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેહેન પટેલના નેતૃત્વ હેઠળની સરકારને અભિનંદન પાઠવું છું. આ મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપું છું અને ગૃહના તમામ સભ્યશ્રીઓને દેવદિવાળીના મેળામાં લાભ લેવા હું આમંત્રણ પાઠવું છું. આ પ્રજાલક્ષી કાર્ય કરવા બદલ ભારતીય જનતા પાર્ટીની સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત(વ્યારા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ જે માગણીઓ આરોગ્ય અને પરિવાર કલ્યાણની અને માર્ગ અને મકાન વિભાગની લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. આ રાજય સરકાર ઘણી બધી વિકાસની વાતો કરે છે અને સભ્યોએ પણ વખાણ કર્યા છે. પરંતુ હું મારા મત વિસ્તારથી શરૂ કરીને ડાંગ અને નવસારીની વાત કરીશ. જ્યારે આદિવાસી વિસ્તારના લોકોના વિકાસ માટેની વાતો કરતા હોઇએ પુલોની વાતો કરતા હોઇએ, રસ્તાઓની વાતો કરતા હોઇએ ત્યારે મારા જિલ્લાથી ઢોલીયા ઉમરથી પોર્સીંગા, ડાંગને જોડતો આ રસ્તો છે જે વરસો જુનો છે અને જ્યાં એસ.ટી. બસ અગાઉ ચાલતી હતી, એ આજે રસ્તા પણ બનાવવામાં આવ્યા નથી અને એના ઉપર કોઝ–વે કે નાળા પણ બનાવવામાં નથી આવેલા. એની જે હાલત છે, માત્રને માત્ર આ રાજ્ય સરકાર વખાણ કરી રહી છે એવું મને લાગે છે અને વિકાસની વાત તો છેલ્લે મને યાદ આવતી નથી ત્યારે મારે માનનીય મંત્રીશ્રીના ધ્યાન પર ખાસ એક વાત મૂકવી છે. એ જ રીતે વ્યારાથી સરા કેવડીનો જે રસ્તો છે એમાં અંબિકા નદી ઉપર પુલ બનાવવો જરૂરી છે એના ઉપર પણ વરસો પહેલાં બસો ચાલતી હતી, એ આજે બંધ થઇ ગઇ છે પુલોના વાંકે, ત્યારે એ જરૂરિયાત છે પ્રજાને આ જરૂરિયાત પૂરી પાડવી આવશ્યક છે. જ્યારે આપણે તમામ લોકોનો વિકાસ કરવા માગતા હોઇએ, રાજ્યના છેવાડાના માનવીનો જો વિચાર કરતા હોઇએ ત્યારે આપણી બધાની ફરજ છે કે જ્યારે આ સુખાકારીની વાતો લઇને આવ્યા છીએ ત્યારે આવા જે વંચિત રહેલા ગામો અને જિલ્લાઓ છે એમાં એકબીજાને કનેક્ટીવિટીથી જોડવાની જરુર છે અને આ છૂટાં પડેલા ગામોની આજે આપણે વાતો કરીએ છીએ એ રસ્તા પૂરા કરીને જોડવા માટે હું માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી અને અપીલ કરું છું. આદિવાસીની વાત કરીએ તો માનનીય મંગુભાઇ પટેલ જ્યારે આદિજાતિ વિભાગમાં બેઠાં છે અને આદિવાસી મંત્રી છે, ત્યારે ઘણી મોટી રકમની એના માટે જોગવાઇઓ કરવામાં આવી છે, તેમ છતાં પણ એમણે જ્યારે ચાધ્યા અને ધામણદેવીના રસ્તાનું ખાતમુર્હુત કર્યું હતું અને એના પર ૧.૫ કિલોમીટરનો રસ્તો બન્યો છે અને એના પછી ૩.૫ કિલોમીટર હજી બાકી છે, વચ્ચે પણ મેં એમને કહ્યું કે માનનીય મંત્રીશ્રી આ તમે કર્યું છે અને બાકીનું બાકી રહી ગયું છે એ કામ તમે લઇ લો, આ ગામડાંના લોકોની સુખાકારી કરવા માટે બાકીનો જે રસ્તો છે એ બનાવવા માગો છો કે કેમ ત્યારે એમણે કહ્યું કે એ વન વિભાગના હસ્તક છે એટલે મને મંગુભાઇએ એમ કહ્યું કે નીતિનભાઇને તમે વાત કરો, નીતિનભાઇ સાહેબે મને થોડાંક રસ્તા આપ્યા છે એમણે નથી આપ્યા એવું નથી હું એમના માટે નથી બોલતો પરંતુ તમારા અધિકારમાં આવે છે માનનીય મંગુભાઇ. એટલે એમણે એ રસ્તો બનાવવો જોઇએ. એ જે આદિજાતિ બજેટમાં આવે છે એ બજેટમાંથી પણ એમણે ખર્ચ કરીને એ રસ્તો પરિપૂર્ણ કરવો જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત પણ કરી લઉં મારા તાપી જિલ્લામાં વ્યારામાં જયારે જનરલ હોસ્પિટલ બનાવવામાં આવી છે અને આ હોસ્પિટલમાં કેટલાક ડોકટરો અને સ્ટાફ નર્સની પણ ખાલી જગ્યા છે તો આ જગ્યાઓ સત્વરે ભરાય અને લોકોને સુખાકારી અને દર્દીઓને સગવડતા મળે, સારવાર મળે એ દિશામાં અત્યારે અમારો જિલ્લો છે એ એવી પરિસ્થિતિમાં છે કે સ્વાઇન ફ્લૂ અને બીજા અન્ય રોગો પણ જયારે આજે આપણે જોઇ રહ્યાં છીએ ત્યારે આપણી બધાની ફરજ છે માનનીય મંત્રીશ્રીને હું અપીલ કરું છું અને ધ્યાન રાખીને સત્વરે આ ખાલી જગ્યાઓ ભરવા માટે વિચાર કરે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે સિવિલ હોસ્પિટલ છે તેમાં ગયા વખતે પણ મેં સુવિધા પૂરી પાડવા માટે વાત કરી હતી, સીટી સ્કેન જેવી મશીનરી ઉપલબ્ધ કરી અને લોકોને સુરત સુધી ના જવું પડે તો આ જનરલ હોસ્પિટલમાં પૂરી પાડવામાં આવે એટલા માટે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી ખાસ નમ્ર વિનંતી છે કે, જયારે બધા સભ્યશ્રીઓ આદિવાસીઓના વખાણ કરતા હતા કે આદિવાસીઓને કનેકટીવીટીના રસ્તાઓ છે કે અન્ય સુવિધા કે સગવડો છે એ રાજય સરકારે પૂરી પાડી દીધી છે. મારી વિનંતી છે કે મેં જે રજૂઆતો કરી છે, મેં જે વિચારો રજૂ કર્યા છે તે વિચારોને ધ્યનમાં રાખીને રાજય સરકાર તેનો કંઇ ઉકેલ લાવે એવી પણ હું

વિનંતી કરું છું. મારી મંત્રીશ્રીને નમ્ર વિનંતી છે કે, પુલોની જે મેં વાતો કરી છે કે જે કનેક્ટીવીટીથી બબ્બે જિલ્લાઓથી છૂટા પડતાં છે અને ચોમાસા દરમિયાન તો અમારા લોકો જઇ શકતા નથી તો એવા જે પુલો બનાવવાના છે તેમાં મેં જે નામો આપ્યા છે તેના ઉપર સત્વરે પુલો પણ બને, અધૂરાં રસ્તા છે તો એ અધૂરાં રસ્તા પણ બને.

શ્રી જીતેન્દ્ર સુખડીયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષ મહોદય, હું આરોગ્ય વિભાગની કામગીરીના સંદર્ભમાં મારા કેટલાક વિચારો રજૂ કરવા માગુ છું. પહેલી વખત ગુજરાતમાં એ દેખાઇ રહ્યું છે કે સ્વાઇન ફ્લૂ જેવા ભયંકર પ્રસરતા રોગ માટે થઇને ગુજરાતનું આરોગ્ય તંત્ર જે રીતે કામ કરી રહ્યું છે અને આરોગ્ય વિભાગના આપના બે મંત્રીશ્રીઓ માનનીય શ્રીનીતિનભાઇ અને માનનીય શ્રીશંકરભાઇ ચૌધરી બન્ને પોતે જાતે હોસ્પિટલોની મુલાકાત લે છે અને દર્દીઓની ખબર અંતર પૂછે છે. આરોગ્ય વિભાગનું સમગ્ર તંત્ર ડોકટર્સ, નર્સ અને સ્ટાફ જીવના જોખમે તેની કામગીરી બજાવી સમગ્ર કાર્યક્રમનું સંકલન રાજયના બાહોશ મુખ્યમંત્રી કે જેમના હ્રદયમાં મમતા છે, જેમના હ્રદયમાં પ્રેમની લાગણી છે, જેમની પ્રજા વાત્સલ્યતા આપણને ઉડીને આંખે દેખાય છે. ગઇકાલના જ હાઉસમાં તેમણે ત્વરીત જે નિર્ણયો આપ્યા છે તે આપની સમક્ષ છે. તંત્ર જયારે આ રીતે કામ કરી રહ્યું છે અને સ્વાઇન ફ્લૂ જેવી મહા બિમારીની સામે સમગ્ર ગુજરાત જે રીતે એક થઇને કામ કરી રહ્યું છે. મારા વડોદરા શહેરનો અનુભવ કહું તો ઠેર ઠેર ઉકાળાનું વિતરણ કરે છે અને લોકોમાં ભયની લાગણી છે અને તે વખતે તેમને લાગે છે કે, લોકો અમારી સાથે છે, જન પ્રતિનિધિઓ અમારી સાથે છે, સમગ્ર સરકાર અમારી સાથે છે તો અમારે ઘેર બેઠા આવીને અમને ટ્રીટમેન્ટ આપી રહી છે. આરોગ્ય વિભાગના ત્રણ સેકટર આયુર્વેદ, હોમિયોપેથ અને એલોપેથી. આ ત્રણે વિભાગોની જે કામગીરી અત્યારે ચાલી રહી છે તે અદભૂત પ્રકારની છે. આની પ્રસંશા કરવા માટે થઇને જ મેં સામે ચાલીને આપની પાસેથી ટાઇમ માંગ્યો છે આજે મારે બોલવાનું નહોતું. એક તો સુખદ અનુભવ થઇ રહ્યો છે કે આ ગતિશીલ ગુજરાત અને તેમાં આપણે બધા ૧૮૨ એ ૧૮૨ જે રીતે કામ કરી રહ્યાં છીએ તે તમામની કામગીરી ધન્યવાદને પાત્ર છે જે લોકો કામ કરે છે તેના માટે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ફકત એટલી જ એક અપીલ કરીશ આરોગ્ય વિભાગને સંભાળતા અને આ સમસ્યા માટે હંમેશા માટે કાર્યરત રહેતા આપણાં આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ. માનનીય નીતિનભાઇ પટેલ જે રીતે હાજર જવાબી રહે છે તેમજ હરહંમેશ તરોતાજા અને ખુશ મિજાજી રહે છે, કદી તમે એમને બિમાર જોશો નહિ. આપણે બધા ગુલ્લી મારતા હોઇએ છીએ પરંતુ તેઓ સતત હાઉસમાં બેઠાં જ હોય છે એટલી શકિત એમનામાં છે. આ પ્રકારનું સ્વાસ્થય ગુજરાતની તમામ પ્રજાનું બની રહે તે માટે તેઓ સતત કામગીરી કરી રહ્યા છે તે હું બિરદાવું છું.

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### સભ્યશ્રીને પ્રશ્ન રજૂ કરવાની તક ન મળવા અંગે

અધ્યક્ષશ્રી : તા. ૧૮-૩-૨૦૧૫ ના રોજ પ્રશ્નોત્તરી પૂરી થયા બાદ માનનીય સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીએ પ્રશ્નોત્તરી યાદીમાં સભ્યશ્રી બાબુભાઇ વાજાના જુનાગઢ જિલ્લાના ગુન્હાહિત પ્રવૃતિ વિશે તારાંકિત પ્રશ્ન ક્રમાંક અગ્રતાક્રમ બે સબંધમાં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરીને જણાવ્યું હતું કે પ્રશ્ન બે ના માનનીય સભ્યશ્રી સભાગૃહમાં હાજર હતા તેઓ પોતાના સ્થાન ઉપર ઉભા થઇને વારંવાર પ્રશ્નની રજૂઆત કરી રહ્યા હતા. પરંતુ વિપક્ષના માઇક શરુ થયા નહતા અને ગૃહ ઓર્ડરમાં નહતું અને પ્રશ્ન પૂછવાની તક ઉપલબ્ધ ન હોય આ સંજોગોમાં અમને રક્ષણ મળે અને આદેશાત્મક નિર્ણય થાય તેવી મારી સમક્ષ રજૂઆત કરી હતી.

માનનીય સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીના પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપર વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ કાયદા અને ન્યાયતંત્રના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિવિધ દ્રષ્ટિકોણથી દલીલો કરીને પ્રસ્તુત પોઇન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કરવા જણાવ્યું હતું. તેમજ વિપક્ષના કોંગ્રેસ પક્ષના દંડકશ્રી બલવંતસિંહે તેમજ પ્રભારી સભ્યશ્રીએ બાબુભાઇ વાજાએ પોઇન્ટ ઓફ ઓર્ડરના સંદર્ભમાં દલીલો કરી હતી.

સત્તા પક્ષ અને વિપક્ષની રજૂઆતો સાંભળીને સમગ્ર બાબત હું પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણય અને વિધાનસભાની કાર્યવાહી અને વિડિયો ફૂટેજ જોઇને નિર્ણય આપીશ એમ મેં જણાવ્યું હતું માનનીય સભ્યશ્રી પરેશભાઇ ધાનાણીના પોઇન્ટ ઓફ ઓર્ડર પર ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તેમજ પ્રદિપસિંહ જાડેજા તેમજ વિપક્ષના દંડક બલવંતસિંહ રાજપૂત અને સભ્યશ્રી બાબુભાઇ વાજાની રજૂઆત તથા સભાગૃહની ૧૮-૩-૧૫ની કાર્યવાહીની નોંધ તેમજ વિડિયો ફૂટેજનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરીને એ તારણ ઉપર આવ્યો છું કે અગ્રતાક્રમ બેના પ્રભારી સભ્ય બાબુભાઇ વાજાને પ્રશ્ન પૂછવા માટે ત્રણવાર કોલ આઉટ કરીને તક આપી હતી. તત્સમયે ગૃહમાં વિપક્ષના તમામ સભ્યો પોતાના સ્થાન ઉપર ઉભા થઇને અગ્રતાક્રમ એક પરની પ્રશ્નોત્તરી સંબંધે ઉગ્રતાપૂર્વક સતત સૂત્રોચ્ચાર અને ઘોંઘાટ કરી રહ્યા હતા. તે સમય મેં વિપક્ષના તમામ સભ્યોને પોતાનું સ્થાન લઇને પ્રશ્નોત્તરી કાળ આગળ ચલાવવા દેવા વારંવાર વિનંતી કરી હતી. છતાં પણ તેઓએ સતત સૂત્રોચ્ચાર અને ઘોંઘાટ ચાલુ રાખ્યો હતો. એ આ ગૃહની પ્રસ્થાપિત પ્રણાલિકા પ્રમાણે યોગ્ય નહોતું અને તેના પરિણામે પ્રથમવાર માનનીય સભ્યશ્રીના નામ સાથે પ્રશ્ન કોલ આઉટ કર્યો તે સમયે ૩૧ સેકન્ડ સુધી એમની માઇકની લાઇટ ચાલુ હતી. ત્યારબાદ બીજી વખત પ્રશ્ન પૂછવા માટે બાબુભાઇ વાજાના નામનો ઉલ્લેખ કર્યો ત્યારે ૧૭ સેકન્ડ સુધી અને ત્રીજીવાર નામનો ઉલ્લેખ કર્યો ત્યારે પાંચ સેકન્ડ સુધી એમની માઇકની લાઇટ ચાલુ હતી એ મેં વિડિયો ફૂટેજથી સ્પષ્ટપણે જોયું છે. એટલે એમનું માઇક ચાલુ ન હતું એ સત્યથી વેગળું છે.

મને એ વાતનું પણ દુ:ખ છે કે પ્રશ્ન ક્રમાંક એકમાં વિપક્ષના સભયશ્રીઓએ સતત સૂત્રોચ્ચાર ચાલુ રાખીને ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડીને તેમના પોતાના એક નવોદીત સભ્યને તેઓ ઉપસ્થિત હોવા છતાં તેમને પ્રશ્ન પૂછવાની તકથી વંચિત રહેવું પડયું છે. આ બાબત પક્ષના અનુભવી અને સિનિયર સભ્યો દ્વારા પ્લેકાર્ડનું નિર્દેશન કરીને દેખાવો કરવાની પ્રક્રિયા

આ ગૃહના નિયમો સાથે કોઇપણ રીતે સુસંગત નહોતી. હકીકતમાં ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાની પ્રક્રિયા સ્પષ્ટપણે પૂર્વ નિર્ધારિત હોય તેમ પ્લેકાર્ડના નિર્દેશન પરની સ્પષ્ટ જણાઇ આવે છે. જેનો ભોગ એક નવોદિત સભ્યને બનવું પડ્યું છે. આપણે સૌ આ ગૃહમાં વિવાદ માટે નહીં પરંતુ સંવાદ માટે એકત્ર થઇએ છીએ. આપણાં સૌનું લક્ષ્ય કેવળ અને કેવળ પ્રજાના કલ્યાણનું જ હોવું જોઇએ. પક્ષાપક્ષીથી પર થઇને કેવળ અને કેવળ પ્રજાની સેવાનું લક્ષ્ય રાખીને પ્રશ્નોત્તરીકાળ જેવો મહત્વનો સમય જેમાં ગુજરાતની પ્રજાનો સમય, શકિત અને નાણાં લાગેલા છે ત્યારે સંપૂર્ણ શાંતિ, વિવેક તેમજ પરસ્પરની ઉદારતા એ જ આપણી ગરિમાને વધારશે. આમ માનનીય શ્રી બાબુભાઇ વાજા સભાગૃહમાં હોવા છતાં તેઓનો નામોલ્લેખ કરીને ત્રણ–ત્રણ વાર તક આપ્યા છતાં તેઓએ પોતાનો પ્રશ્ન મુવ કરેલ ન હતો. તે બાબત ફલિત થતી હોઇ સભાગૃહમાં વિપક્ષ તરફથી સતત સુત્રોચ્ચાર વચ્ચે થોડીવાર રાહ જોયા બાદ પ્રશ્ન ક્રમાંક–૩ એટલે અગ્રતાક્રમ–૩નો કોલઆઉટ કર્યો હતો. આમ સમગ્ર બાબત જોતાં માનનીય શ્રી પરેશભાઇ ધાનાણીના પોઇન્ટ ઓફ ઓર્ડરનો હું અસ્વીકાર કરું છું. માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત રાજયની છ કરોડની જનતા માટે, પ્રજાના સ્વાસ્થ્યની જાળવણી માટે, દર્દીઓની સેવા માટે, સારવાર માટે અને તેમને સાજા રાખવા માટે અમારા આરોગ્ય વિભાગનું બજેટ આ સન્માનનીય સભાગૃહમાં અમે રજૂ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની અમારી ભારતીય જનતાપક્ષની સરકાર એ સર્વાંગી વિકાસ કરતી સરકાર છે. અનેક જાતની સુવિધાઓ વધે, પણ જે પ્રમાણે અહીં માનનીય સભ્યશ્રીઓએ લાગણી વ્યકત કરી અને આપણે બધા સ્વીકારીએ છીએ અને આપણી ભારતીય સંસ્કૃતિમાં તો હજારો વર્ષથી બધાનું સુખ અને બધાનું સ્વાસ્થ્ય સારું રહે તે આપણાં ઋષિમુનિઓએ પણ ભાવના વ્યક્ત કરેલી છે. ત્યારે સ્વાભાવિક છે કે સરકારની જવાબદારી છે. અમારા આરોગ્ય વિભાગની ફરજ છે કે તમામ ગુજરાતીઓને, તમામ વિસ્તારોમાં, શહેર હોય કે નાનામાં નાનું ગામડું હોય ત્યાં આદિવાસી વિસ્તારથી માંડીને કચ્છના રણ સુધી અને માછીમારી વિસ્તારથી માંડીને સામાન્ય વિસ્તાર સુધીના બધાના આરોગ્યની જાળવણી કરીએ. તેના માટે અમારી સરકારે, અમારા મુખ્યમંત્રીશ્રીએ ખૂબ ઉદારતાથી અમને ૭૮૨૧.૬૩ કરોડ રૂપિયાની જોગવાઇ કરવા માટે મોટામાં મોટું બજેટ આરોગ્ય વિભાગને ફાળવ્યું છે. એમાંથી અમે જે જોગવાઇઓ કરી છે એ જોગવાઇઓ પ્રમાણે ૪૫૭૩ કરોડ ૭૯ લાખ રૂપિયાની જોગવાઇ એ જનરલ સદરે કરી છે. આરોગ્ય વિભાગમાં હું બીજી માહિતી આપું તે પહેલાં આ સન્માનનીય ગૃહને મારે એક આનંદના સમાચાર આપવા છે. આપણાં પ્રજાવત્સલ મુખ્યમંત્રી, ગતિશીલ ગુજરાતના પ્રણેતા, પ્રજા માટે, નાગરિકો માટે, ગામડાંના લોકો માટે, ગરીબો માટે, બક્ષીપંચ માટે, બહેનો માટે, નિરાધાર વૃદ્ધો માટે તેમની જે લાગણી છે તે આપણે જાણીએ છીએ અને ગઇકાલે જ તેનું સરસ ઉદાહરણ પ્રશ્નોત્તરી વખતે અમારા માર્ગ અને મકાન વિભાગની માગણી વખતે આપણે બધાએ નજરે જોયું છે. એવી જ રીતે અત્યારના આપણાં વડાપ્રધાનશ્રી માનનીય નરેન્દ્રભાઇ જયારે આપણાં મુખ્યમંત્રીશ્રી હતા તેમણે ગુજરાતના ગરીબો માટે ગંભીર રોગ થાય, આમ તો સામાન્ય રોગની તમામ સારવાર અમારી હોસ્પિટલોમાં આપણે આપીએ છીએ. તેના આંકડા અને વિગતો હું આપને અલગથી આપું છું. પણ ગંભીર બિમારી થાય કે જેનો ખર્ચ ઘણો મોટો હોય. સુખી પરિવાર પણ જેને પહોંચી ન વળે એવી કીડની, કેન્સર, હ્રદયરોગ એવી અનેક પ્રકારની જે ગંભીર બિમારીઓ આપણે નક્કી કરી છે. તેની સારવાર માટે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇના શાસનકાળ દરમ્યાન 'માં ' યોજના આપણે અમલમાં મૂકેલી. અને રાજ્યના ૩૫ લાખથી વધુ બીપીએલના પરિવારોને રૂ.૨/– લાખથી વધુ રકમની સારવાર દર વર્ષે આખા પરિવારને ૧૦૦ ટકા સરકારી ખર્ચે મફત કરવાની આખા દેશની અંદર પહેલા નંબરે ગુજરાતે મા યોજના અમલમાં મૂકેલી. માનનીય આનંદીબેન મુખ્યમંત્રી બન્યા, અમારા ભારતીય જનતા પક્ષના ધારાસભ્યશ્રીઓએ, કાર્યકરોએ, બહેનોએ રજૂઆત કરી કે, આ બીપીએલને લાભ આપ્યો છે, સારું છે. પણ મધ્યમવર્ગની સભ્યશ્રીઓએ ચિંતા કરી. એ વાત સાચી છે કે, મધ્યમવર્ગ માટે પણ કંઇક આમાં ઉમેરો કરો. આપણા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું અને ગયા વખતે માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઇ, મુખ્યમંત્રીની અને અમારી મિટિંગ થઇ અને અમે યોજના નક્કી કરી. મા વાત્સલ્ય યોજના અને એમાં વાર્ષિક રૂ.૧.૨૦ લાખની જે પરિવારની આવક હોય એને આપણે મધ્યમવર્ગ કહીએ છીએ. બીપીએલથી ઉપર પણ માપની આવક હોય, એવા પરિવારને પણ આવરી લેવા એવી યોજના આપણે અમલમાં મૂકી. એમાં રૂ.૧.૨૦ લાખની આવકવાળા તમામ પરિવારો અને તેમની બહેનો અને ૨૧ વર્ષના યુવાન માટે જોગવાઇ રાખી હતી. મા યોજનાની જેમ મા વાત્સલ્ય યોજના પણ ગરીબો માટે, મધ્યમવર્ગ માટે આખા ગુજરાતમાં ખૂબ ઉપયોગી સાબિત થઇ. જે લોકોને દેવું કરીને મા–બાપની સેવા કરવી પડતી હતી એમાંથી એ મુક્ત થયા. પણ આખા ગુજરાતમાં ભારતીય જનતા પક્ષના અમારા પ્રદેશ પ્રમુખથી માંડીને અમારા સૌ ધારાસભ્ય અને અહીંયાં પણ બધા ધારાસભ્યોએ સરકારમાં રજૂઆત કરી કે, આ ૨૧ વર્ષથી ઉપરવાળાની જે જોગવાઇ છે, જે યુવાનને લાભ મળે છે એને એની ઉંમરનું સાબિત કરવું પડે, પ્રમાણપત્ર લેવું પડે, ક્યારે બિમારી થઇ, ૨૦ વર્ષનો હોય અને બિમારી થઇ, ૨૧ વર્ષે ડાયગ્નોસીસ થાય, આ બધા પ્રશ્નો હતા. એટલે અમે વિભાગમાં પણ અધિકારીશ્રીઓ સાથે ચર્ચા કરી અને અમને એમ લાગ્યું કે, આ ૨૧ વર્ષવાળો જે નિયમ છે એ બદલવો જોઇએ. એટલે અમે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનને વિનંતી કરી કે, બેનશ્રી આમાં કંઇક છૂટછાટ આપણે આપવી જોઇએ. મને આ સન્માનનીય સભાગૃહ દ્વારા ગુજરાતના સર્વ મધ્યમવર્ગના નાગરિકોને એ માહિતી આપતાં, સમાચાર આપતાં આનંદ થાય છે કે, ૨૧ વર્ષવાળો નિયમ હતો, કટ ઓફ ડેટ હતી એ આપણે કાઢી નાંખી છે. હવે મધ્યમવર્ગના રૂ.૧.૨૦ લાખની આવક ધરાવતા પરિવારના માતા, બહેનો અથવા યુવાનો, યુવતીઓ, વૃદ્ધ કોઇપણને આ ગંભીર બિમારી થશે તો બધાને આ યોજનાનો લાભ આપવામાં આવશે. શ્રી ગ્યાસુદ્દીનભાઇનો આભાર. એમણે અત્યારે ઉભા થઇને આભાર માન્યો. આ આપણા બધાની લાગણી છે. અમારો ભારતીય જનતા પક્ષ, આ સરકાર એ પ્રજા માટે કામ કરે છે. સ્વાભાવિક છે, વિપક્ષ માગણી કરે, બીજા પણ લોકો રજૂઆત કરે, અરે સામાન્ય નાગરિક પણ અમારે ત્યાં લોક સંવાદ સેતુમાં આવીને વાત કરે તો એના પ્રશ્નનો

ઉકેલ થતો હોય તો આ સન્માનનીય સભ્યો જ્યારે માગણી કરે તો ચોક્કસ સરકાર એનો સ્વીકાર કરે. એટલે અમે એ યોજનાનો સ્વીકાર કર્યો છે અને આપણું બજેટ મંજૂર થઇ જાય એટલે તરત જ આ રૂ.૧.૨૦ લાખની આવક સુધીના પરિવારના કોઇપણ ઉંમરના યુવક કે યુવતી, વડિલ કે બહેનને આપણે એનો લાભ આપીશું. અમારું જે મુખ્ય કામ છે એ પ્રજાની, ગરીબ લોકોની, મધ્યમવર્ગની આરોગ્યની સેવા કરવાની છે. આપણે બધા જાણીએ છીએ કે, જે સુખી વર્ગના હોય એ તો ખાનગી ડોક્ટરો, ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેતા હોય છે. પણ આપણી જે લાગણી છે એ ગરીબ અને મધ્યમવર્ગ માટે વિશેષ હોય એ આપણે સમજીએ છીએ. સરકારી હોસ્પિટલ હોય એટલે *(xxx)એવી જે નાની મોટી કંઇક કહેવત છે, મને કાંઇ બહુ ખબર નથી. ભૂલ થાય તો માફ કરજો.

અધ્યક્ષશ્રી : આ શબ્દો આપણે રેકર્ડ ઉપરથી દૂર કરીએ છીએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ કહેવત છે.

અધ્યક્ષશ્રી : ભલે કહેવત હોય એ યોગ્ય નથી લાગતું

શ્રી નીતિનભાઇ ર. પટેલ :કાઢી નાંખો સાહેબ, મને બહુ ખબર નથી. પણ સરકારી હોય એટલે ટીકા. યુ.એન.મહેતા હોય, કીડની ઇન્સ્ટીટયૂટ હોય, કાર્ડિયોલોજી ઇન્સ્ટીટયૂટ હોય કે બીજી જગ્યાએ લોકો સારવાર કરવા આવતા હોય. પણ સરકારી છે માટે ટીકા એ આપણા બધામાં સરકાર એટલે કંઇ નહીં એમ બધા સ્વાભાવિક ટીકા કરે છે પણ મારે આ માનનીય સભાગૃહને, આપને બધાને આંકડા આપવા છે કે જે હોસ્પિટલો આપણે ચલાવીએ છીએ એના દ્વારા જે સારવાર પ્રજાની થાય છે એ મારે આપને બતાવવું છે. રાજયની હોસ્પિટલોની ત્રણ પ્રકારની માહિતી હું આપુ છું, એક રાજયની જે હોસ્પિટલો છે એમાં ગયા વર્ષે આ ૨૮–૨ સુધીના જ આંકડા છે. આ આખું વર્ષ પૂરું નહીં થાય ત્યાં સુધીમાં ૨,૯૬,૩૮,૫૭૧ દર્દીની ઓ.પી.ડી. થઇ. છ કરોડ ગુજરાતીઓમાંથી ૨,૯૬,૩૮,૫૭૧ દર્દીઓ, ૫૦ ટકા કહેવાય એ સરકારી હોસ્પિટલોમાં આવ્યા, આમાંથી જે દર્દીઓને સારવાર કરવાની જરૂર હતી એ દર્દીઓ ૪૧,૩૨,૬૪૪ દર્દીઓને આપણે અંદરના દર્દીઓ તરીકે દાખલ કર્યા અને એમને સારવાર આપી. આપણે ત્યાં ઓપરેશન જે થાય એને મેજર અને માઇનોર ઓપરેશન, મોટા ઓપરેશન, નાના ઓપરેશન એ રીતની મેડિકલની વ્યાખ્યા છે. ૧,૬૯,૦૭૮ મેજર ઓપરેશન સરકારી હોસ્પિટલોમાં કરવામાં આવ્યા અને ૩,૭૩,૧૧૯ એ માઇનોર ઓપરેશન કરવામાં આવ્યા. રાજય હસ્તકની હોસ્પિટલોમાં પ્રસુતિ માટે પણ સરકારની હોસ્પિટલોમાં ૨,૪૮,૮૯૦ પ્રસુતિ થઇ એ ગુજરાત સરકારની હોસ્પિટલમાં આપણે કરી છે. બીજી જે આપણી સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલો છે એના આંકડા પણ મારે આપવા છે જેને આપણે ગ્રાન્ટ આપીએ છીએ. ૫૦ કરોડ, ૧૦૦ કરોડ, બધું ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ, કીડની, કેન્સર અને કાર્ડિયાલોજી ત્રણેનો સરવાળો મેં માર્યો છે, આ ત્રણે હોસ્પિટલોમાં જે ગંભીર બિમારીવાળા આવે ૫,૪૨,૫૮૭ દર્દીઓની ઓપીડી થઇ એ પૈકી ૨,૪૪,૬૭૪ને અંદરના દર્દી તરીકે સારવાર આપવામાં આવી, મોટા ઓપરેશન ૧૪૭૨૭, એમાં કીડની બદલવાનું, હ્રદયનો વાલ્વ બદલવાનું, બાયપાસ કરવાનું એન્જ્યોગ્રાફી એન્જીયોપ્લાસ્ટી આ બધું પણ એમાં આવી જાય, એવી રીતે જે નાના ઓપરેશનો થયા ૭૪૬૬ માઇનોર ઓપરેશન થયા આ આપણી ત્રણ જે સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ છે એની વિગત મેં આપી છે. રાજય સરકાર અગાઉથી જ રાજયમાં ૧૧૭ જે સેવાભાવી ટ્રસ્ટોની હોસ્પિટલો છે એને ગ્રાન્ટ આપે છે અને એમાં ૮૦ હોસ્પિટલ અત્યારે ચાલુ છે. એને આપણે ગયા વર્ષે ૨૯ કરોડ રૂપિયા કરતા વધુ ગ્રાન્ટ આપી છે. જે ટ્રસ્ટો ચલાવે છે એને આપણે મદદ કરીએ છીએ અને આ ટ્રસ્ટોની હોસ્પિટલમાં પણ ૩૦ લાખ ઓપીડી થઇ અને છ લાખ દર્દીઓને ત્યાં દાખલ કરવામાં આવ્યા અને આ જે ટ્રસ્ટો દ્વારા સરકારની મદદથી ગ્રાન્ટથી ચાલતી જે હોસ્પિટલો છે એમાં પણ ૨૮૩૬૦ પ્રસુતિ કરવામાં આવી. આ ત્રીજો ભાગ જે મેં કહ્યો એ આપણી સરકારી મેડિકલ કોલેજો. આપણી જે સરકારની સોલા, ગોત્રી, ગાંધીનગર, ધારપુર, વલસાડ, હિંમતનગર હવે થવાની છે આ જે હોસ્પિટલો છે એમાં પણ આપણે ૧૮,૩૪,૦૦૦ દર્દીઓને સારવાર આપી, ૪ લાખ દર્દીઓ દાખલ થયા, ૩૧ હજાર મોટા અને ૬૫ હજાર નાના ઓપરેશન કરવામાં આવ્યા અને ૧૬૪૫૦ ડીલીવરી સરકારી મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલોમાં આપણે કરી છે. ડોકટરોની અછત એ કોઇ નવી વાત નથી. માનીનીય શકિતસિંહજી નીકળી ગયા એ પણ આરોગ્ય મંત્રી રહી ચૂકેલા છે. માનનીય જોષીયારાજી અહીં બેઠા છે એ પણ ભૂતકાળમાં આરોગ્યમંત્રી રહી ચૂકયા છે અને ઘણા સીનીયર સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ પણ વર્ષોથી અહીં રહેલા છે. માનનીય મોહનસિંહભાઇ હોય, માનનીય નટવરસિંહજી હોય એવા ઘણા માનનીય સભ્યો છે. મારે એમને પૂછવું છે. તમારી જ્યારે સરકાર હતી, હું રાજકીય રીતે અવલોકન કરતો નથી. કોંગ્રેસ સરકાર હતી અને મોટા મોટા મંત્રીશ્રીઓ, કેબિનેટ મંત્રીઓ આરોગ્ય મંત્રી હતા. જોષીયારાજી પોતે રા.જ.પા. સરકાર હતી ત્યારે આરોગ્ય મંત્રી હતા. માનનીય શકિતસિંહજી અત્યારે નથી. હું પણ વર્ષોથી સતત ગૃહનો સભ્ય છું. હમણાં એક પુસ્તક મંગાવ્યું, ખાલી કહેવા માટે, ટીકા કરવા માટે નહીં. આપણે બધા જે બોલીએ છીએ એનું પુસ્તક છપાય છે. જેમ માનનીય અધ્યક્ષશ્રી કોઇ આદેશ આપે એનું રેકોર્ડીંગ થાય. આ આજનું નથી. મેં જેમ આજે બજેટ રજૂ કર્યું એમ જોષીયારાજીએ એ વખતે ૧૯૯૭માં આરોગ્ય મંત્રી તરીકે (અંતરાય)(માનનીય શકિતસિંહજી ગૃહમાં આવતાં) એ પણ અમારા વડિલ છે. તમે મંત્રી હતા એમ કહ્યું હતું. (અંતરાય) મને ક્યાં ખબર હતી કે તમે બહાર જવાના છો? મારે બન્ને માનનીય સભ્યશ્રીઓ જે ભૂતકાળમાં આરોગ્ય મંત્રી રહી ચૂકયા છે એમને મારી વિનંતી છે, નમ્રતાપૂર્વકની વિનંતી છે કે જો આપની વખતે પૂરેપૂરા ડોકટરો હતા તો આપ ઉભા થઇને કહો કે અમારી વખતે પૂરેપૂરા હતા તો મારે કંઇ કહેવાનું રહેતું નથી. બાકી આ રેકોર્ડ ઉપર છે. (અંતરાય)

પોઇન્ટ ઓફ કલેરિફિકેશન

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા છે.

શ્રી શક્તિસિંહ હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન છે. માનનીય મંત્રીશ્રી વાત કરે છે એમાં હું માત્ર એટલું ક્લેરિફિકેશન ઇચ્છું છું કે આપ ટકાવારી મુજબ મંજૂર મહેકમ અને ભરાયેલ મહેકમ અમારા વખતનું શું હતું અને આપના વખતનું મંજૂર મહેકમ અને ભરાયેલ મહેકમ ટેબલ ઉપર મૂકજો એટલો જ પોઇન્ટ ઓફ ક્લેરિફિકેશન છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બધા સભ્યશ્રીઓને વિનંતી છે કે જેમને રસ હોય, આપણી વિધાનસભાની ખૂબ સુંદર લાયબ્રેરી છે. પેલા બન્ને મંત્રીઓનું જોઇ લેજો. ૩૦ વર્ષ સુધી કોંગ્રેસે રાજ કર્યું છે. તમે ડોકટરો રાખ્યા અને અમે કાઢી મૂક્યા હોય તો બરાબર છે. મારે ચર્ચા નથી કરવી મારે બીજું ઘણું કામ છે. અમારા સી.એચ.સી. વધ્યા, અમારી વ્યવસ્થાઓ વધી, ઇન્ટરીયર એરિયાઓમાં વ્યવસ્થાઓ કરી અને આજે ગુજરાતમાં મેં જે આંકડા આપ્યા એ પ્રમાણે અમે સારવાર આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગ એટલે માંદા પડેલની સારવાર કરવી, ઘવાયેલાઓની સારવાર કરવી એટલું નથી હોતું. પણ પ્રિકોશનરી જે વ્યવસ્થાઓ છે, આરોગ્યની જાળવણી માટે, પરિવાર કલ્યાણ માટે જેમ અમારા માનનીય સભ્યશ્રીઓએ ખૂબ વિતગવાર માહિતી આપી છે. શ્રી આર.એમ.પટેલે ખૂબ વિગતે રજૂઆત કરી. અરવિંદભાઇ, જનકભાઇ, માનનીય અશોકભાઇ, માનનીય મહેન્દ્રભાઇ મશરૂ, મશરૂજી તો હોસ્પિટલમાં જ રહે છે. એક સેવાભાવી કાર્યકર તરીકે ધારાસભ્ય તરીકે જુનાગઢની હોસ્પિટલમાં જ મળે. જુનાગઢમાં ક્યાંય શોધવાના નહીં, મહેન્દ્રભાઇ ક્યાં છે તો સિવિલ હોસ્પિટલમાં જ હોય એવી સેવા અમારા ધારાસભ્યશ્રી કરે છે એનું અમને ગૌરવ છે. કેસરીસિંહજી, જીતુભાઇ, સુખડિયાજી, વિગેરેએ ખૂબ સુંદર વાતો કરી. આ બધી કામગીરી જ્યારે અમે કરી રહ્યા છીએ ત્યારે બાળકોને આપણે રસીકરણ કરીએ છીએ. માતાની પ્રસૂતિ થાય એ પહેલાં એના ગર્ભધારણ થાય ત્યારથી પહેલી પ્રસૂતિ અને પ્રસૂતિ પછી બાળકના જન્મ પછી તમામ કાળજી અમારો આરોગ્ય વિભાગ ડોકટરો, આશાવર્કર બહેનો સુધીનું આખા રાજ્યમાં નેટવર્ક છે એ દ્વારા અમે કરીએ છીએ. ૨૦૧૩-૧૪માં ૧૧ લાખ ૮૨ હજાર બાળકોને આપણે જુદા જુદા પ્રકારની રસીઓ આપી. પલ્સ-પોલિયોમાં તો આપણે સૌ ગૃહના સભ્યોને આનંદ અને ગૌરવ થાય કે જ્યારે વાયબ્રન્ટ ગુજરાત વખતે યુનીસેફના યુનોના વડાના ધર્મપત્ની અહીંયા આવ્યા હતા ત્યારે મને અને માનનીય શંકરભાઇ મારાં સાથી મંત્રીશ્રીને ગુજરાતને પોલીયો મુક્ત કર્યુ એ બદલ ૨૦૦૭ થી આ જ વર્ષ આઠ વર્ષ સુધી ગુજરાતમાં એક પણ પોલીયોનો કેસ નોંધાયો નથી એ બદલ જાહેર સન્માન યુનોના વડાના ધર્મપત્ની દ્વારા આપવામાં આવેલું. એ આપણાં ગુજરાત માટે ગૌરવ છે. અમારું એકલાનું નહિ ગુજરાતની ૬ કોરડની જનતાનું અને આરોગ્ય વિભાગના તમામ અમારાં ટીમના સાથીઓનું એ ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પોલીયોનો એક પણ કેસ નથી થયો છતાં પણ આપણે સતત એની કાળજી રાખવી પડે. એના જે ધારા-ધોરણો છે એ પ્રમાણે દર વર્ષે, વર્ષમાં બે વખત આપણે રાઉન્ડ કરીએ છીએ અને એમાં ૮૫ લાખ જેટલા બાળકોને ઘરે ઘરે જઇ, શોધી શોધીને કોઇ બસસ્ટેન્ડે હોય, કોઇ ખેતરમાં હોય, કોઇ રેલવે સ્ટેશન ઉપર હોય કોઇ ગમે ત્યાં હોય એને શોધી શોધીને આપણે રસીકરણ કરીએ છીએ. ડોક્ટરોની ઉપલબ્ધી વધારવી હોય તો વાતો કરવાથી નહિ થાય. આ જોષીયારાજીનું મેં પ્રવચન જોયું. અત્યારે બહુ એમાં સમય નહિ લઉં પણ એક ઉલ્લેખ છે એટલે જોયું. તે વખતના ધારાસભ્યશ્રીએ એમણે કહ્યું કે ડોકટરો વધારો, મેડિકલ કોલેજ બનાવો વગેરે વગેરે. જોષીયારાજીનો જવાબ એવો છે કે, અમે વિચારીશું, ભારત સરકારમાં દરખાસ્ત કરશું. એવો એમનો સ્વાભાવિક છે, સમય સંજોગો પ્રમાણે નાણાની સ્થિતિ પ્રમાણે એમનો જવાબ હતો. પણ અમે નક્કી કર્યું, આ ભારતીય જનતા પક્ષની સરકારે માનનીય નરેન્દ્રભાઇ જ્યારે મુખ્યમંત્રી હતા ત્યારથી અમે નક્કી કર્યુ કે સરકારી મેડિકલ કોલેજોની સિટો વધારવી અને સેલ્ફ ફાયનાન્સમાં પણ સ્પષ્ટતા કરી દઉં કે ૫૦ ટકા સિટો ગુજરાત સરકારના મેરિટ પ્રમાણે થાય. તમામ ફાળવણી મેરિટ પ્રમાણે એનું સેન્ટ્રલી એડમિશન થાય એ પ્રમાણે એક પણ રૂપિયાનું ક્યાંય ખોટું ના થઇ શકે એ પ્રમાણેની જોગવાઇ કરી. આપણે મેડિકલ કોલેજો વધારી અને એના કારણે છેલ્લા ૨૦૧૪-૧૫માં ૨,૯૩૦ મેડિકલની સિટો વધારી છે અને ૧૪૭૧ પી.જી. ડિપ્લોમાની સિટો આપણે ઉપલબ્ધ કરાવી છે. એના પહેલા અગાઉની સરકારો વખતે ગુજરાતમાં મેડિકલની સિટો ૭૦૦-૮૦૦ની આજુબાજુ હતી. એ અત્યારે લગભગ ૩,૦૦૦ સુધી પહોંચાડવાનું કામ આ ભારતીય જનતા પક્ષની સરકારે કર્યું છે. છોકરાઓ આપણા ૯૨ ટકા લાવે, ૯૫ ટકા લાવે કર્ણાટક જવું પડતું હતું, મહારાષ્ટ્ર જવું પડતું હતું, તામિલનાડુ જવું પડતું હતું. લાખો રૂપિયાનું ડોનેશન ત્યાં જઇને આપવું પડતું હતું એના બદલે ગુજરાતમાં જ મેડિકલ કોલેજમાં વાજબી ફીમાં આપણા વિદ્યાર્થીઓ અહીંયા સન્માનપૂર્વક અભ્યાસ કરે એ કામ અમે કર્યુ છે. સાથે સાથે ડેન્ટલની સિટોમાં પણ આપણે વધારો કર્યો છે. ડેન્ટલમાં ૧,૨૪૦ અને પી.જી.માં ૨૨૬ એ પ્રમાણે સિટો આપણે કરી છે. ફીઝીયોથેરાપીમાં પણ આપણે સિટો વધારી છે. અન્ય બ્રાંચીસમાં પણ સિટો વધારી છે. છેલ્લા ૧૦ વર્ષમાં જે મેડિકલ સિટોમાં વધારો થયો એ જો હું આપને કહું તો ૧,૪૦૫ મેડિકલની સિટો વધી, ૭૨૦ ડેન્ટલની સિટો વધી અને ફિઝ્યોથેરાપીની ૧,૪૭૦ સિટો વધી. આમ આપણે ગુજરાતમાં આવનારા ભવિષ્યનું મેડિકલનું પાયાનું કામ કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આર્યુવેદિકનો પણ અહીંયા ઉલ્લેખ થયો. માનનીય નટવરસિંહે કર્યો. આર્યુવેદિક આપણી હજારો સાલ પુરાણી આપણા સંસ્કારમાં આવેલી એ આપણી તબીબી સારવારની પધ્ધતિ છે એની પણ આપણે કાળજી રાખીએ છીએ અને આરોગ્ય વિભાગ દ્વારા આર્યુવેદિક કોલેજ હોય, હોમિયોપેથિક કોલેજ હોય એમાં પણ સિટોમાં અને સ્થળોમાં સતત વધારો આપણે કરીએ છીએ. ગુજરાતમાં આપણું કેટલું ઇન્ફ્રાસ્ટ્રકચર છે એ પણ હું માનનીય સભ્યશ્રીઓના ધ્યાન પર મૂકવા માગુ છું. ૮,૧૨૧ પેટા આરોગ્ય કેન્દ્રો આવેલા છે. ગુજરાતમાં કુલ ૧૮,૦૦૦ ગામમાંથી ૮,૧૨૧ ગામોમાં પેટા આરોગ્ય કેન્દ્રો છે. ૧,૩૦૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો છે અને ૩૨૧ સામૂહિક આરોગ્ય કેન્દ્રો છે. આ વર્ષે અમે જે વધારો કર્યો ૮૪૭ પેટા આરોગ્ય કેન્દ્રો, ૧૩૫ પી.એચ.સી. અને ૨૫ સી.એચ.સી.નો આપણે વધારો કરીએ છીએ અને એના કારણે જે લાભ થવાનો એના માટે અંતરિયાળ

વિસ્તારોને પસંદ કરી જ્યાં આરોગ્યની સુવિધાઓ હજુ ઉંડાણપૂર્વક પહોંચાડવી છે એને આપણે અમલમાં મૂકી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષે અમે માનનીય નાણા મંત્રીશ્રી અને એમના અધિકારીઓ અને અમારા અધિકારીઓ સાથે નક્કી કર્યું કે, આરોગ્યની સુવિધામાં પણ આપણે વધારો કરવો છે. એટલે આ વખતે અમે જે સી.એચ.સી. છે ત્યાં ડેન્ટિસ્ટ મૂકવાના, ફિઝિયોથેરાપિસ્ટ મૂકવાના. એક બિલકૂલ નવું મહેકમ અત્યાર સુધી સી.એચ.સી.માં એક તો ડેન્ટિસ્ટની જગ્યા ખૂબ ઓછી હતી, બીજી મંજૂર કરેલી નહતી. હવે અકસ્માત થાય, કોઇને ફિઝિયોથેરાપિસ્ટની સારવાર કરવી પડે, તો ભૂતકાળમાં ફિઝિયોથેરાપિસ્ટ માટે ખાનગીમાં જતા હતા. હવે આપણે નક્કી કર્યું કે, ફિઝિયોથેરાપિસ્ટની જગ્યાઓ પણ આપણે ઉપલબ્ધ કરાવવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુ દરમાં તો અમારા શ્રી આર.એમ.પટેલે ખૂબ સુંદર વર્ણન કર્યું છે. માતા મૃત્યુ દર અને બાળ મૃત્યુદર, પ્રસૂતી વખતે, માતાનું મૃત્યુ થાય અથવા બાળકનું મૃત્યુ થાય અથવા બંનેના મૃત્યુ થાય એવી ભૂતકાળમાં ખૂબ ઉંચી ટકાવારી ગુજરાતમાં હતી. કારણ કે, હોસ્પિટલોમાં લઇ જઇ એમની માતાની સુવાવડ કરાવવાની પ્રથા જ નહતી. ઘરે દેશી રીતે જે આપણી પદ્ધતિ હતી એ પ્રમાણે ડિલિવરી થતી હતી અને એના કારણે માતા અથવા બાળક અથવા બંનેના જીવ જોખમમાં મુકાતા હતા પણ અમે જે રીતે કામ કરી રહ્યા છીએ, આશા વર્કસ બહેનથી માંડીને અમારા પી.એચ.સી. સુધીનું જે નેટવર્ક છે, જે ફક્ત ગામડે ગામડે ફરીને આ કામ કરે છે એના કારણે આપણે ૨૦૦૦ની સાલમાં જે જન્મદર એક હજારની વસતિએ હતો એ પણ આપણે સુધાર્યો છે. જે રાજ્યનો મૃત્યુ દર ૭.૫ ટકા હતો એ ૬.૫ ટકા થયો છે અને માતા મૃત્ય અને બાળ મૃત્યુ દરમાં પણ આપણે ખૂબ સારી રીતે ઘટાડો કરી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં અનેક પ્રકારની આરોગ્યની સેવાઓ આપવામાં આવે છે. કોઇ પણ પ્રકારનો રોગ હોય એની આપણે સારવાર આપીએ છીએ. ૧૮,૦૬૩ ગામડાંમાં ૧૭,૫૯૫ ગ્રામ સમિતિઓ અમે સંજીવનીની બનાવી છે કે ગામમાં કંઇ પણ થાય તો એનો લાભ આપણે આ સમિતિઓ દ્વારા આપીએ છીએ અને ૧૨૮ જેટલી મોબાઇલ હેલ્થ કેર યુનિટો પણ અમે મંજૂર કર્યા છે અને એનો લાભ પણ ગામડાંમાં મળી રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોગી કલ્યાણ સમિતિની પણ અહીંયા માનનીય સભ્યશ્રીએ વાત કરી. કાયદા પ્રમાણે રોગી કલ્યાણ સમિતિનું આપણે નિર્માણ કર્યું છે. જે કોઇ પણ દાન આવે, જે કોઇ પણ આવક આવે, મારે માનનીય સભ્યશ્રીઓને કહેવું છે કે, એક પણ પૈસો સરકારમાં કે સરકારી કામગીરીમાં કે સરકારના ખર્ચમાં ઘટાડો થાય એવી કોઇ વસ્તુ માટે એ રોગી કલ્યાણ સમિતિના એક પણ રૂપિયાની રકમ આપણે વપરાતા નથી. જે તે હોસ્પિટલમાં જ એની સત્તા આપી છે કે દર્દીઓ માટે, રોગીઓ માટે જરૂરિયાત પ્રમાણેનો ખર્ચ ત્યાં કરાય. સરકાર એમાંથી એક પણ રૂપિયો મેળવતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, અમે અત્યાર સુધીમાં જે હોસ્પિટલો છે આ ''માં'' યોજનાની અને મા વાત્સલ્ય યોજનાની એ અત્યાર સુધીમાં ૬૦ નોંધાઇ છે અને એમાં પણ વધારો થાય એ માટે આપણે પ્રયત્ન કરીએ છીએ. મા યોજનાના અને ''માં'' વાત્સલ્ય યોજનાના કાર્ડ કાઢવા માટે ૨૨૭ કિઓસ્ક અત્યારે અમલમાં છે. આ સરકાર એવી સહાનુભૂતિવાળી, સંવેદનશીલ સરકાર છે કે, ગર્ભાવસ્થામાં સેવાનો વ્યાપ વધાર્યો, જે ગરીબ માતા હોય, પ્રસૂતી થવાની હોય, સુવાવડ આવવાની હોય, પ્રગનન્ટ હોય એને સ્વાભાવિક છે કે એને પોષક આહારની જરૂર પડે. ડીલીવરી પછી એને પોષક આહારની જરૂર પડે એટલા માટે સરકાર તરફથી જે ગરીબી રેખા હેઠળની બી.પી.એલ. પરિવારની બહેનો હોય અને સગર્ભા હોય એમને છ હજાર રૂપિયા ઉચ્ચક રકમ આપણે આપીએ છીએ કે જેથી સુવાવડ વખતે એ સારો પૌષ્ટિક ખોરાક લઇ શકે .હવે અમે એક નવો નિર્ણય કર્યો છે. એક પ્રશ્નમાં પણ મેં જણાવ્યું હતું કે અત્યાર સુધી જન્મ થાય, મૃત્યુ થાય નગરપાલિકા, પંચાયત, કોર્પોરેશનમાં આપણે નોંધાવવા જવું પડતું હતું. હવે એમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને ધીમેધીમે તબક્કાવાર સમગ્ર રાજયમાં જન્મ અથવા મરણ બંને ઓન લાઇન કરી શકાય એની કામગીરી આ વર્ષે અમે શરૂ કરીએ છીએ અને એના માટે પહેલા વર્ષે ચાર કરોડ રૂપિયાની અમે ફાળવણી કરી છે. મેં કહ્યું એ પ્રમાણે ડેન્ટલ અને ફીઝીયોથેરાપીની નવી જગ્યાઓ ઉભી કરવા આ વર્ષે ૨૨ કરોડ ૫૭ લાખ રૂપિયાની જોગવાઇ આપણે કરી છે એટલે દર્દીઓને તો ડોકટર મળશે પણ ફીઝીયોથેરાપીસ્ટ હોય કે ડેન્ટીસ્ટ હોય એને પણ સરકારી સેવામાં નોકરી કરવાનો લાભ મળશે. ૨૮૬ કરોડ રૂપિયા તબીબી વિભાગમાં અમે મુકયા છે. આપણા બધા જ સભ્યોની લાગણી હોય છે કે સારામાં સારી સારવાર ગામડે ગામડે મળે એટલે હવે ટેકનોલોજીનો ઉપયોગ કરી ટેલી મેડિસીન ગામડાંમાં રાજપીપળા હોય, વીજયનગર હોય કે ખેડબ્રહ્મા હોય ત્યાંના દર્દીને કંઇ થયું હોય તો ઓન લાઇન ટેલી મેડીસીનથી અમદાવાદની મેડિકલ કોલેજના પ્રોફેસર, તજજ્ઞ ડોકટર એને જોશે, એની ડોકટર સાથે ચર્ચા કરશે અને એની સારવાર કઇ આપવી એ કામ આ ટેલી મેડીસીન ટેકનોલોજી દ્વારા આપણે કરવાના છીએ. અને માનનીય નાણામંત્રીશ્રીએ પણ અમને ખૂબ સુંદર રીતે એમાં બજેટ ફાળવ્યું છે. આપણી જે ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા છે એના વિશે તો ગુજરાત ખૂબ જાણકાર થઇ ચૂકયું છે પણ એનો લાભ કેટલો મળે છે એ પણ હું આ સભાગૃહને માહિતી આપું તો આપણે ગયા વર્ષે જે કામગીરી કરી એ કામગીરી અનેક રીતે પ્રજાને ઉપયોગી થઇ છે. ૧૦૮માં પણ આ વખતે નવી ૫૦ એમ્બ્યુલન્સ વસાવવા માટે આપણે બજેટમાં જોગવાઇ કરી છે. હું ખાલી એટલું જ કહીશ કે રાજયમાં જે ૧૦૮ એમ્બ્યુલન્સ છે એ આખા રાજયમાં કેટલું ફરી? ગયા વર્ષે બે કરોડ કિલોમીટર કરતા વધુ ફરી અને લાખો દર્દીઓને આપણે ત્યાં હોસ્પિટલોમાં સારવાર અપાઇ છે. સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર અને જામનગરમાં આ ચાર આપણા ભૌગોલિક વિસ્તારના મોટા શહેરો છે ત્યાં આગળ કેન્સર માટે અને હ્રદય રોગ માટે ભારત સરકારની મદદથી અત્યારે આપણે જુદા જુદા પ્રકારની હોસ્પિટલોની વ્યવસ્થા કરી રહ્યા છીએ અને એનો લાભ આવતા વર્ષથી જ મોટા પ્રમાણમાં આ ચારેય ભૌગોલિક વિસ્તારો સુરત, વડોદરા, રાજકોટ,જામનગર અને ભાવનગરને મળતો થાય એ પ્રમાણેની આપણે કામગીરી અત્યારે કરી રહ્યા છીએ. સી.એમ. સેતુમાંપણ અમે કામ કરીએ છીએ કે સુપર

સ્પેશ્યાલીટી ડોકટર હોય અને ખાનગી પ્રેકટીસ કરતા હોય તો આપણે ત્યાં આવે ઉચ્ચક વેતન આપીએ, એવા લગભગ ૨૫૦ કરતા વધુ ડોકટરો કાર્યરત છે. હવે ગુજરાતને ફાયદો એ થવાનો છે કે માનનીય નરેન્દ્રભાઇ વડાપ્રધાન બન્યા એટલે ભારત સરકારમાંથી મોટા પ્રમાણમાં આરોગ્ય વિભાગ માટે આપણને મંજૂરીઓ જે માગતા હતા, ભૂતકાળમાં નહોતી મળતી એ હવે મળવાની છે. સભાગૃહના ધ્યાન ઉપર મુકું કે ભારત સરકારે એક યોજના મુકી છે કે મેડિકલ કોલેજો ડિસ્ટ્રીકટ લેવલ ઉપર વધારવી હોય તો પર સીટ એક કરોડ વીસ લાખ રૂપિયા મદદ ભારત સરકાર આપશે એટલે આપણે પાલનપુર, નડીયાદ, વ્યારા, અમરેલી, આવી છ હોસ્પિટલો નકકી કરી છે કે જયાં ભવિષ્યમાં તબકકાવાર ભારત સરકારની મદદથી આપણે મેડિકલ કોલેજોનું માળખું પણ વધારીશું અને દર્દીઓને પણ સારી સારવાર મળશે સાથેસાથે આપણા વિદ્યાર્થીઓને મેડિકલ કોલેજમાં એડમિશન મળે એ માટેની પણ પ્રક્રિયા આપણે કરી શકીશું.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આભાર માનીએ છીએ. પણ ફીનું ધોરણ વ્યાજબી રાખશો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : વ્યાજબી રાખીશું. તમે ડોકટર છો. સરકારી હોસ્પિટલમાં જ ભણ્યા હશો. ગુજરાત સરકારની મેડિકલ કોલેજમાં આજે પણ ફકત ૬૦૦૦ રૂપિયા લઇ અને આપણે ડોકટર બનાવીએ છીએ. ખાનગી મેડિકલ કોલેજો ૫૦ લાખ રૂપિયાથી માંડી ૧ કરોડ રૂપિયા ફી લે છે. બહેન આપ જાણો જ છો. આપણી સેલ્ફ ફાઇનાન્સ કોલેજ સોસાયટી હસ્તક છે, ત્યાં અઢી લાખ રૂપિયાથી વધારે ફી આપણે લેતા નથી. નરેન્દ્રભાઇએ સુંદર વ્યવસ્થા કરી છે. ફી કમિટી ફકત ખર્ચ પુરતી જ આપણે લઇએ છીએ. જે ખાનગીમાં ૫૦ લાખથી કરોડ છે, જે આપણે ખૂબ વ્યાજબી દરે ભણાવીએ છીએ. સ્વાઇન ફ્લુની અહીયા ચર્ચા થઇ. ઘણી વખત થઇ છે. એક વખત મેં જવાબ આપ્યો છે. એક ખાનગી વ્યકિતએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં પી.આઇ.એલ. પણ દાખલ કરેલી. મને જણાવતા આનંદ અને સંતોષ થાય છે અને અમારા સૌ ડોકટરો, નર્સો, પેરા મેડિકલ સ્ટાફ બધાને અભિનંદન આપું છું કે ખૂબ સુંદર કામગીરી કરી. અમે તો કહેતા હતા જ, પણ મને આનંદ છે નામદાર ગુજરાત હાઇકોર્ટે પણ જે જજમેન્ટમાં કહ્યું. We are satisfied that the State Government has taken very effective efforts and they may continue with the same and the manner in which the State Government has taken steps to prevent and control swine flu so that it is in the interest and welfare of the people of Gujarat. આ નામદાર હાઇકોર્ટના આપણા ચીફ જજ છે, એ ચીફ જજ સાહેબે ગુજરાતની પી.આઇ.એલ. માટે આ પ્રમાણે આપણને કહ્યું છે. ૪૦૦ લોકોનું અવસાન થયું. આપણને દુઃખ છે. એમાં કોઇ સંતોષ હોઇ શકે નહિ. એક પણ વ્યકિતનું મૃત્યુ થાય એ આપણને સહેજ પણ પોષાય નહિ, દુઃખ થાય, આપણને ગમે નહીં. પણ સારી કામગીરીને પણ આપણે જોવી જોઇએ. અત્યાર સુધીમાં ગઇકાલની સાંજ સુધીના દાખલા આપું તો ગુજરાતમાં ૬૩૦૧ લોકોને પોઝિટિવ સ્વાઇન ફ્લૂ આવ્યો હતો, તેમાંથી અમારી હોસ્પિટલોમાં અને અન્ય હોસ્પિટલોમાં ૫૫૭૧ લોકો જે પોઝિટિવ સ્વાઇન ફ્લૂ હતા એક પણ પૈસાનો ખર્ચ જે સરકારી હોસ્પિટલોમાં થયો નથી. અને આ બધા જ સાજા થઇ ગયા છે. એનું પ્રત્યક્ષ ઉદાહરણ આ ગૃહમાં પણ જોઇ શકીએ છીએ. એટલે આપ સમજી શકો છો આરોગ્ય વિભાગની કામગીરી પ્રજાલક્ષી છે. ચોક્કસ ભૂલ થાય. ૭૦૦૦ કરતા વધુ ડોકટર હોય, બીજા હજારો કર્મચારીઓ હોય, કયાંક નાના મોટા પ્રશ્ન થાય, ભૂલ પણ થાય, પણ અમારો જે ઇરાદો છે, તે પ્રજાને, ગરીબોને મધ્યમ વર્ગને સેવા આપવાનો છે, તે સેવા અમે આરોગ્ય વિભાગની બધી રીતે આપી રહ્યા છીએ, ત્યારે સભ્યશ્રીઓ, ભાઇ દાહોદના સભ્યશ્રીએ કહ્યું કે અમારે ત્યાં મને એમની વાતથી દુઃખ થયું. તમે ડોકટર છો ને આઇ થીંક. શેમાં ડોકટર છો આપ? ના, હું પૂછું છું.(અંતરાય) ના, ના એ બોલ્યા એટલે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : અત્યારે આવી ચર્ચા ન હોય. આપ રાઇટ ટુ કવેશ્ચનમાં પૂછજો. નીતિનભાઇ આપ પણ ન પૂછો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, આરોગ્ય વિભાગની હવે અમારી મોટા ભાગની કામગીરી આદિવાસી વિસ્તારોને સ્ટ્રેન્ધનિંગ કરવાની છે. મારે વિપક્ષના સભ્યોનો આભાર માનવો છે કે તેમણે વખાણી હતી. ઇન્ફ્રાસ્ટ્રકચર સારું થયું છે. અમે સ્ટાફ વહેલામાં વહેલી તકે વધુમાં વધુ મૂકી રહ્યા છીએ. એનો લાભ ગરીબોને, આદિવાસીને, બક્ષી પંચને, ખેડૂતોને મળે તે માટે અમે પ્રયત્નશીલ છીએ. મને દુઃખ એટલા માટે થયું કે સભ્યશ્રીએ એમ કહ્યું કે દાહોદની હોસ્પિટલમાં અને ઝાલોદમાં દર્દીઓને ટાંકા લેવા માટેના પેલા દોરા પણ નથી.(અંતરાય) મારું આખું માર્ગ મકાન નંબર બાકી છે, જોબ નંબર બાકી છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે કહ્યું કે કપડાં સીવવાના દોરાથી ટાંકા લેવામાં આવે છે. અમે તરત જ અમારા અધિકારીઓ મારફતે માહિતી મંગાવી છે. જુદા જુદા પ્રકારની જાડાઇના અને જુદી જુદી ગ્રેડના જે દોરા આવે છે ક્રોમીક-૧૦ તેના ૨૫૦ રીલ છે, ક્રોમીક-૧, ડો.જોષીયારા અને ડો.તેજશ્રીબેન સમજી શકશે. ક્રોમીક-૧ના ૧૦૦ રીલ છે. પ્લેઇન-૩૫૦ રીલ છે. વાઇક્રીલ-૧૦ અને સીલ્કના ૪ રોલ છે. માનનીય સભ્યશ્રી કયાંકથી આવી માહિતી લઇ આવ્યા એટલે મને દુઃખ છે. તેમણે આવી ગેરરજૂઆત આ હાઉસની અંદર કરી છે. આરોગ્યમાં ખાસ કંઇ કહેવું નથી. જે કહેવાનું છે અને અનુભવવાનું છે તે બધા સમજીએ છીએ. હવે હું મારા માર્ગ અને મકાન વિભાગની માગણીઓ અંગે રજૂઆત કરું છુઃ.

અધ્યક્ષશ્રી : આપની પાસે પંદર મિનીટ છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હાજી સાહેબ, માર્ગ અને મકાન વિભાગ તે ગતિશીલ ગુજરાતને વધુ ગતિ આપવા માટે કામગીરી કરે છે. રસ્તા હોય ત્યાં વિકાસ થાય અને વિકાસ હોય ત્યાં રસ્તા જોઇએ. આ બે બાબત અરસપરસ છે. આ કડી જોડવાનું કામ, રાજયના વિકાસને ગતિ આપવાનું કામ અમારો માર્ગ અને મકાન વિભાગ ખૂબ સારી રીતે સક્ષમતાથી કરી રહ્યો છે. માર્ગ અને મકાન વિભાગનું અમારું બજેટ ગયા વર્ષે ૫૧૧૨ કરોડ રૂપિયા હતું. તેમાં ગયા વર્ષે બીજા ૪૦૮ કરોડ રૂપિયા માનનીય નાણામંત્રીશ્રીએ અમારી વધુ સારી કામગીરીને વધુ પ્રજાલક્ષી અને ઉપયોગી થવા અમને ચાલુ વર્ષમાં ફાળવી આપ્યા હતા. તે પ્રમાણે અમે લગભગ ૫૫૦૦ કરોડ રૂપિયાનું કામ કરેલું. આ વર્ષે ગુજરાતના વિકાસને વધુ ગતિ આપવા, ગુજરાતમાં વાહન વ્યવહાર વધતો

જાય છે, ગુજરાતમાં ઉદ્યોગ ધંધા, ખેતીવાડી વધતું જાય છે. ઉત્પાદન વધતું જાય છે. વાહનોની સંખ્યા વધતી જાય છે. અમારા વાહન વ્યવહાર મંત્રી માનનીય વીજયભાઇ અને માનનીય શંકરભાઇએ હમણાં માહિતી આપી હતી કે ગુજરાતમાં દરવર્ષે નવા લાખો વાહનોનું રજીસ્ટ્રેશન થાય છે. તેના માટે સલામત રસ્તા જોઇએ. બધાને હવે સમયની કિંમત છે, એટલે ઝડપથી સરળતાથી સલામતિપૂર્વક પોતાના કામ માટે વ્યક્તિ પહોંચી શકે તે માટે અમારા માર્ગ અને મકાન વિભાગનું જે બજેટ છે તે આ વર્ષે અમે રજૂ કર્યુ છે તે આ સભાગૃહની જાણકારીમાં છે. આપણા ગુજરાતની અંદર જે રસ્તા છે તેની માહિતી આપ સૌના ધ્યાન ઉપર હું મૂકવા માગું છું. ૩૩૮૩ કિલોમિટરના ચાર અને છ માર્ગીય રસ્તા ઉપલબ્ધ છે. ૪૨૦૮ કિલોમિટરના દસ મિટર પહોળા રસ્તા ઉપલબ્ધ છે. ૧૭૦૩૪ કિલોમિટરના ડબલ લેન, ઇન્ટરમીડીયેટ કહીએ છીએ તેવા રસ્તા ઉપલબ્ધ છે. ૫૪૯૧૨ કિલોમિટરના પ્લાન રસ્તા ગ્રામ્ય માર્ગો ઉપલબ્ધ છે. ૩૫૦૬૬ કિલોમિટરના નોન પ્લાન રસ્તા માનનીય સભ્યશ્રીઓએ રજુઆત કરી છે તેવા ઉપલબ્ધ છે. અમારા સભ્યશ્રીએ કહ્યું તે પ્રમાણે ૧ લાખ ૦૬ હજાર ૧૮૮ નાના મોટા પુલીયા, ગરનાળા અથવા બ્રીજીશ કહેવાય તે મોટા સ્ટ્રકચરો હજુ આપણી પાસે ઉપલબ્ધ છે. વિપક્ષના મિત્રો દરેક વખતે એમ કહે છે કે તમે કરી દીધું, તમે કરી દીધું. અમારા બધા જ માનનીય મંત્રીશ્રીઓએ હંમેશાં સ્પષ્ટતા કરી છે અને માનનીય નરેન્દ્રભાઇ મોદી જયારે મુખ્યમંત્રી હતા ત્યારે આપણે સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી કરતા હતા ત્યારે આ જ સન્માનનીય સભાગૃહમાં અત્યારના વડાપ્રધાન અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ તે વખતના પૂર્વ મુખ્યમંત્રીશ્રીઓ માનનીય માધવસિંહજી, માનનીય કેશુભાઇ અને અન્ય પૂર્વ મુખ્યમંત્રીઓની ઉપસ્થિતિમાં કહેલ છે. જાહેરમાં કહેલ છે. રેકર્ડ ઉપર કહ્યું છે, વારંવાર કહેલ છે. નર્મદા હોય કે કોઇપણ વિકાસ હોય તેમાં કહેલ છે કે ગુજરાતનો વિકાસ તે અગાઉથી ચાલતો આવેલ છે. પણ તે ધીમો ચાલતો હતો, ગોકળગાયની ગતિએ ચાલતો હતો તેમાં અમે ગતિ લાવ્યા છીએ, તેમાં વધારો કર્યો છે, તેમાં પારદર્શકતા લાવ્યા છીએ તે અમે કહ્યું છે. તમે નથી કર્યું એવું અમે નથી કહેતા, એવું નથી કે તમે નથી કર્યું. તમે કર્યું છે ચોક્કસ કર્યું છે પણ ૨૫ કરવાનું હોય તો ૫ કર્યું છે અમે ૨૫ કરવાનું હોય તો ૩૧ કર્યું છે ફરક આટલો જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા ગુજરાતની અંદર ૩૪૨૧૯ ગામ અને પેટા પરા છે, ૩૨૭૫૨ ને આપણે જોડી દીધા છે. આપણે ત્યાં આદિવાસી વિસ્તાર હોય, ઓછી વસતિ હોય, ફળિયા હોય, પેટા પરા હોય એને પણ આપણે જોડ્યા છે. બનાસકાંઠા જિલ્લો હોય, સાબરકાંઠા જિલ્લો હોય જ્યાં છૂટાછવાયા વિસ્તારો છે ૨૫૦ થી ઉપરની વસતિ છે, સામાન્ય વર્ગમાં ૫૦૦થી ઉપરની વસતિ છે એ ગુજરાતના તમામ વિસ્તારોને આપણે જોડી દીધા છે. હવે જે આપણે લક્ષ્ય લીધું છે એ નાના ગામડાં ભલે ભારત સરકારે ભૂતકાળમાં આપણને અમારા માનનીય મંત્રીશ્રીએ ગઇ કાલે જે જવાબ આપ્યો કે યુ.પી.એ.ની સરકારે તો એવું કહ્યું હતું કે ૨૦૨૧ સુધી હવે ગુજરાતના ગામડાં માટે તમે પૈસા માગશો નહીં હવે ૨૦૨૧ માં તમારો વારો આવશે. એમ એની સામે અમારા તત્કાલિન મુખ્યમંત્રી અને એ વખતના માર્ગ અને મકાન મંત્રી અને અત્યારના મુખ્યમંત્રી માનનીય આનંદીબેને નક્કી કરેલું કે ભલે ભારત સરકાર રકમ કે ગ્રાન્ટ ન આપે પણ આપણા ગુજરાતના ખર્ચમાંથી એ કામ કરીએ અને એ કામ આપણે ઉપાડ્યું છે એના કારણે ૯૫.૭૧ ટકા ગામ પરાઓને ગુજરાતમાં જોડી દીધા છે, બધાને પાકા ડામર રસ્તા આપણે આપી દીધા છે. માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા એમ પૂછે છે કે કેટલો વધારો થયો? જુદા જુદા પ્રકારની લંબાઇમાં છેલ્લા દસ વર્ષમાં ભારતીય જનતા પાર્ટીની સરકારો આવ્યા પછી અમે ઘણાં મોટા પ્રમાણમાં જૂના રસ્તા રીસરફેસ કર્યા, સાંકડા રસ્તા પહોળા કર્યા, વન લેન હતા તો ટુ લેન કર્યા, ટુ લેન હતા તો ૭ મિટરના કર્યા, ૧૦ મિટરના કર્યા, ફોર લેન કર્યા અને જ્યાં પુલો ન હતા, ફલાય ઓવર ન હતા ત્યાં પણ રેલવે ઉપર, રેલવેની લાઇનો ઉપર અથવા નદીઓ ઉપર મોટા પ્રમાણમાં અમે કામ કર્યું છે. અમારા સભ્યશ્રીએ અહીંયા કહ્યું ભરૂચ માટે કે અમારે કેટલી બધી તકલીફ પડતી હતી. મારે ભૂતકાળમાં નથી જવું કેન્દ્રના એક ભૂતકાળના નેતા આ પક્ષના તેઓ અહીંયા નથી એટલે હું એમનું નામ નહીં દઉં પણ ભરૂચ પાસે ચૂંટણી પહેલા એમ કહ્યું હતું કે, ''અમે કેન્દ્ર સરકારના ખર્ચે પુલ બનાવી આપીશું'' એનું ખાત મુહૂર્ત પણ કરી દીધું અને બધી પ્રસિદ્ધિ લઇ લીધી કમનસીબે એમણે જેને કોન્ટ્રેક્ટ આપ્યો હતો એ બ્લેકલિસ્ટ નીકળ્યો એ બધું કામ રદ થયું અને અમારી સરકાર આવ્યા પછી હવે એલ.એન્ડ ટી.દ્વારા એનું કામ અમે ચાલુ કર્યું છે. (અંતરાય)ગુજરાતનો જ પુલ છે એ. બીજું અમારી દીર્ઘદષ્ટિ જુઓ મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતને જોડવા નર્મદા નદીથી એ પુલ જરૂરી છે, આખા ગુજરાતનો ધંધો મહારાષ્ટ્ર સાથે હોય બહારના બીજા રાજયો સાથે હોય, દરરોજ લાખો વાહનો ત્યાંથી પસાર થતા હોય તો એ ટ્રાફિકને પહોંચી વળવા ભરૂચ અને અંકલેશ્વરને જોડતો બ્રિજ નવો ગુજરાતના બજેટમાંથી અમારા મુખ્યમંત્રી માનનીય આનંદીબેને લગભગ ૩૫૦ કરોડ રૂપિયા ફાળવણી કરીને કરવાનું નક્કી કર્યું છે અને એના ટેન્ડરની પ્રક્રિયા છેલ્લા તબક્કે છે. ટૂંક સમયમાં અમે એનું ખાતમુહૂર્ત કરીશું અને એનું પણ કામ ચાલુ થશે. ભરૂચનો સરદાર બ્રિજનો નવો પુલ તો બની રહ્યો છે પણ હવે ભરૂચને અંકલેશ્વરને જોડતો બંને શહેરોની વચ્ચેથી થઇ જે જૂનો ગોલ્ડન બ્રિજ છે એની બાજુમાં નવો પુલ પણ ભારતીય જનતા પાર્ટીની આ સરકાર માનનીય આનંદીબેનના નેતૃત્વમાં કરી રહી છે. માનનીય અધ્યક્ષશ્રી, બીજી ઘણી બાબતો છે પણ સમયની મર્યાદામાં હું નહીં કહી શકું. મેં જે સાહિત્ય તૈયાર કર્યું છે એમાં નવી બાબતો પણ મારે પહેલા કહેવી છે. આપણે બધા જાણીએ છીએ કે અંબાજી, ડાકોર, દ્વારકા, સોમનાથ, પાલીતાણા, પાવાગઢ છે, અમારા મંત્રીશ્રી જયદ્રથસિંહજી ખાસ કાળજી રાખે છે મધ્ય ગુજરાતની અને આગળના વિસ્તારની. લાખ્ખો લોકો પુનમ ભરવા જાય, રવિવારે જાય, અમારી સરકારે અંબાજીનો તો ખૂબ મોટો યાત્રાધામ તરીકે વિકાસ કર્યો છે, દરરોજ હજારો લોકો પગપાળા જાય, તહેવારોમાં લાખ્ખો લોકો જાય છે, ટ્રાફિક વધતો જાય છે, એટલા માટે રાજ્યમાં હવે મહત્વના પવિત્ર યાત્રાધામો અંબાજી, ડાકોર, પાવાગઢ, પાલીતાણા અહીંયા સોમનાથ અને દ્વારકાનો ઉલ્લેખ એટલા માટે નથી કરતો કારણકે ત્યાં નેશનલ હાઇવેના મોટા રસ્તા બની રહ્યા છે. સીક્સ લેન સુધીના રસ્તા ભવિષ્યમાં આપણે ત્યાં બનાવવાના છીએ, ફોરલેન રસ્તો બની રહ્યો છે એટલે અહીંયા આગળ રાજ્યના આયોજનમાંથી કુલ ૪૦૦ કિલોમીટરના જે રસ્તા છે એ ૪૦૦ કિલોમીટરના રસ્તા આગામી સમયમાં પાંચ વરસનું ટાઇમ ટેબલ છે એમાં કુલ જે ખર્ચો થવાનો એ

૧૪૦૦ કરોડ રૂપિયાનો. આગામી પાંચ વરસમાં ૧૪૦૦ કરોડ રૂપિયાનો ખર્ચો કરીને આ બધાજ યાત્રાધામોને જોડતા રસ્તા આપણે ફોરલેન – ચારમાર્ગીય કરી દઇશું એટલે કોઇપણ જગ્યાએ કોઇ ભીડભાડ થવાનો, અકસ્માત થવાનો એવો કોઇ પ્રશ્ન રહેશે નહિ. એમાં પાલનપુરથી પાલનપુર–દાંતા–અંબાજી રોડનો સમાવેશ કર્યો છે એનો ખર્ચ ૧૯૦ કરોડ થશે. હિંમતનગર અંબાજી રોડ જેનો ખર્ચ ૪૬૦ કરોડ થશે. હાલોલ – પાવાગઢ રોડ જેનો ખર્ચ ૫૪ કરોડ થશે. પાવાગઢ બોડેલી રોડ જેનો ખર્ચ ૧૧૫ કરોડ થશે, ભાઇ નટવરસિંહ અને રામસિંહભાઇના વિસ્તારમાં જે આપણો અમદાવાદ ખાત્રજ–મહુધા–ડાકોર રોડ જ્યાં ભગવાન રણછોડરાય બિરાજમાન છે એનો રોડ ૭૧ કિલોમીટરનો ૨૨૫ કરોડ રૂપિયાના ખર્ચે આપણે પહોળો કરીશું. લાડવેલ–ડાકોર રોડ એ પણ ૫૪ કરોડના ખર્ચે પહોળો કરીશું. અમારા દંડક શ્રી પંકજભાઇની અને અમારા ધારાસભ્યશ્રીઓની પણ ખૂબ જ માગણી હતી કે નડિયાદ–ઉમરેઠ–ડાકોર રોડ ૧૧૦ કરોડના ખર્ચે પહોળો કરીશું. વાસદ થી ઉમરેઠ રોડ એ પણ ૩૪ કિલોમીટરનો રોડ ૧૦૭ કરોડ રૂપિયા થશે. આમ કુલ ૩૯૬ કિલોમીટરની લંબાઇના રોડ આગામી પાંચ વરસમાં ૧૪૦૦ કરોડ રૂપિયાના ખર્ચે કરવાનું આયોજન આ વરસથી આપણે હાથ પર લઇશું અને તબક્કાવાર આપણે એનું કામ પૂરું કરીશું. માનનીય સભ્યશ્રીઓ ગમ્મતમાં મને બહાર કહેતા હોય છે કે નીતિનભાઇ અંદર અમે તમને કહીએ છીએ પણ તમારા કામથી અમને સંતોષ છે, કારણકે (અંતરાય) ના હોય તો કંઇ નહિ. નામ નહિ આપું. હું નામ આપીશ તો પાછા તમે એમને નોટિસ આપશો. એટલે નહિ આપું. માનનીય સભ્યશ્રીઓને જે જોબ નંબર આપ્યા છે એની વાત કરું તો કુલ ૧૨૩ સભ્યશ્રીઓને કુલ ૧૨૨૯ કિલોમીટરની લંબાઇના રસ્તા માટેના ૧૫૪૩ કરોડ રૂપિયાના મારા આવ્યા પછી જોબ નંબર સ્ટેટ રસ્તાના આપ્યા છે અને પંચાયતના ૧૪૮ ધારાસભ્યશ્રીઓને ૪૫૭૭ કિલોમીટરની લંબાઇના ૨૧૧૧ કરોડના આપ્યા છે. કુલ ૩૬૫૫ કરોડના રસ્તા આપ્યા છે. હજી ૪૦૦ કરોડના પુલોની આર.ઓ. બી.ની મંજૂરી આપવાનું કામ મારી પાસે ચકાસણી હેઠળ છે. ૪૦૦ કરોડના આપણે આ જ વરસે મંજૂર કરીશું. રેલ્વે ઉપરના જ્યાં એક લાખથી વધુ લોકોનો ટ્રાફિક છે એના બ્રીજ માટે ભારત સરકારના મંત્રીશ્રી નીતિનભાઇ ગડકરીજી સાથે મારી ચર્ચા થઇ ચૂકી છે એમાં ૫૦ ટકા ભારત સરકાર આપશે અને ૫૦ ટકા ગુજરાત સરકાર આપશે. નદી ઉપરના બ્રીજ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અને સાબરકાંઠામાં જ્યાં જરૂર હોય ત્યાં ૪૦૦ કરોડ રૂપિયાના બ્રીજ આપણે કરવાના છીએ. બીજી પણ મારે એક જાહેરાત કરવી છે. ખાસ કરીને સૌરાષ્ટ્રના ધારાસભ્યશ્રીઓને એનાથી આનંદ થશે કે અમદાવાદ–બગોદરા થી રાજકોટ સુધીનો જે અત્યારે રસ્તો છે એ ફોરલેન રસ્તો છે. તે ફોરલેન રસ્તો છે તેના ઉપર ખૂબ મોટો ટ્રાફિક સમગ્ર સૌરાષ્ટ્ર કચ્છનો તેના ઉપર છે. ભારત સરકારમાં મેં રજૂઆત કરી અમે તેમની પાસે માગણી કરી કારણ કે આ રોડ ભારત સરકારનો છે આપણે તેમની પાસે માગણી કરી કે તમે અમને આપો અને તેને ગુજરાત સરકાર સિકસ લેન બનાવવા ઇચ્છે છે તો એમણે રોડ આપણને આપવાની સૈદ્ધાંતિક સંમતિ આપી છે. એટલે બધીજ કાર્યવાહી પૂરી થાય એટલે અમદાવાદથી રાજકોટ સુધીનો રસ્તો પણ સિકસ લેન બનશે. દ્વારકાનો રોડ, સોમનાથનો રોડ, અમરેલીના રોડ, ભાવનગરના રોડ અમારા ભાવનગરના સભ્યશ્રીઓની લાગણી છે કે ભાવનગરને પણ પહોળા રોડ આપો. આ બધુ જ ગુજરાતનું કોઇ ભેદભાવ રાખ્યા સિવાય સમગ્ર ગુજરાતની જનતાને લાભ થાય ગુજરાતના રસ્તાઓની આખા દેશમાં પ્રસિદ્ધિ છે તે આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચે એવા સુંદર રસ્તા આપણે બનાવીએ એ માટે બધાને જોબ નંબર આપ્યા છે કોઇ બાકી નથી. ટાઇમ નથી (અંતરાય) શહેરમાં ના હોય.

માનનીય અધ્યક્ષશ્રી, મારી સભ્યશ્રીઓને વિનંતી છે કે, માનવતાની સેવા કરવી હોય, ગરીબોની સેવા કરવી હોય એક માગણી હતી ૧ લાખ ૨૦ હજારમાં પુરુષોનો પણ સમાવેશ કરો. એ મુખ્યમંત્રીશ્રીએ અને અમારા વિભાગે સ્વીકાર્યો છે, રસ્તાઓ પણ કરી રહ્યાં છીએ. હજુ બીજા પાંચસો સાતસો કરોડના જોબ નંબર આપવાની કામગીરી પ્રગતિમાં છે. મારી પાસે ફાઇલો આવી રહી છે તો બધા દરખાસ્તો પાછી ખેંચો અને બજેટ સર્વાનુમતે મંજૂર કરો એવી વિનંતી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ બહુ મોટી મોટી સરસ વાતો કરી ત્યારે મારી એમને એક વિનંતી છે, વિનંતી એટલી જ છે કે હમણાં જ ગુજરાતની અંદર સ્વાઇન ફ્લૂમાં ૪૦૦ લોકો ગુજરી ગયા છે. મારી વિનંતી એટલી છે કે જે લોકો કોઇ પણ કારણવસાત સરકારનું બીજુ, ત્રીજુ પણ એ બધાને પાંચ લાખ રૂપિયાની સહાય આપવા માગે છે કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં ભૂતકાળ તપાસી લીધો છે ૧૯૬૦થી ગુજરાત બન્યુ ત્યારથી રોગચાળાના કારણે કોઇ દર્દી ગુજરી ગયુ હોય તો કોઇ સરકારે સહાય આપી નથી. પૂર આવે, ધરતીકંપ થાય એવા વખતે સરકાર સહાય આપે છે ૧૯૬૦થી આમાં કોઇ સરકારે આજસુધી આપી નથી.

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હમણાં કહ્યું કે રસ્તો હોય ત્યાં વિકાસ થાય અને વિકાસ હોય ત્યાં રસ્તાઓ થાય. તેમની વાત બિલકૂલ સાચી છે અને અમે પણ વિકાસ ઇચ્છીએ છીએ એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, છેલ્લા દસ વર્ષથી જે લોકોની વસતિ વધુ છે અને ત્યાં નોન પ્લાનના રસ્તાઓનો ડામર તૂટી ગયો છે અને મેટલ પણ જતું રહ્યું છે એવા આદિવાસી વિસ્તારના રસ્તાઓમાં તમે ડામર કરવા માગો છો કે કેમ ? માનનીય અધ્યક્ષશ્રી, તેમણે એમ કહ્યું કે દરેક ગામ ફળિયા જોડાઇ ગયા છે પણ જે ગામો છે એ ગામો ઘણાં જોડાયા વગરના બાકી છે તો તમે વિભાગ દ્વારા માહિતી મંગાવી અને કેટલા ગામો જોડવાના બાકી છે તેને ટૂંકાગાળામાં જોડવા માગો છો કે કેમ ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું એ પ્રમાણે આદિવાસી વિસ્તારમાં અઢીસોથી વધુ સંખ્યા ધરાવતા અને નોર્મલ વિસ્તારમાં ૫૦૦ થી વધુ વસતિ ધરાવતા કોઇ પણ પેટા પરા હોય, કોઇ પણ ફળિયા હોય એ બધાને આપણે પાકા રસ્તાથી જોડવાનું સંપૂર્ણ આયોજન છે. તેમાં કયાંક વન વિભાગની કે ફોરેસ્ટની જમીન આવતી હોય તો એની મંજૂરી મેળવવાની પ્રક્રિયા કરવી પડતી હોય છે. ફોરેસ્ટની મંજૂરી આ વખતે મળી છે એ આપણે કરીશું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ નોન પ્લાન રસ્તાઓ એ ગુજરાતમાં ભાજપની સરકારે બનાવેલો નિયમ નથી. આ અગાઉનો નિયમ છે પણ અમે સરકારમાં નક્કી કર્યુ છે કે તબક્કાવાર જયાં વધુ ગામોને જોડાણ મળે, વધુ વસતિને જોડાણ મળે એવા નોન પ્લાન રસ્તા પણ ડામર રસ્તા કરવાનું કામ આ વખતથી જ મંજૂર કર્યુ છે અને આ વર્ષે જ ૫૦૦ કરોડ કરતા વધુ રકમની મંજૂરી અમે આપી છે.

સભાગૃહનો સમય લંબાવવા અંગે

શ્રી પંકજ દેસાઇ ( મુખ્ય દંડકશ્રી ): માનનીય અધ્યક્ષશ્રી, માગણીઓ પરનું મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : કામકાજ પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી ગ્યાસુદીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હવે જયારે મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે શપથવિધિ લીધી અને જયારે મુખ્યમંત્રી બન્યા હતા એ વખતે હું એમની પાસે રજૂઆત કરવા ગયો હતો. મેં બહેનશ્રીને બે રજૂઆતો કરી હતી. બહેન એક તો મધ્યમવર્ગના લોકો માટે તમે કોઇ યોજના એવી બનાવો કે રોગ ફેલાય તો એમને રાહત મળે. બીજી એક વાત ધારાસભ્ય માટે ગ્રાન્ટ વધારે ફાળવો. મને બહેને પૂછયું કે કયા કયા કિસ્સામાં કરવું જોઇએ, હાર્ટ, કીડની અને કેન્સર, એમણે સારી રીતે વાત સાંભળી ત્યારબાદ એમણે જાહેરાત કરી અને બહેનો અને ૨૧ વર્ષના યુવાનોને આની અંદર સમાવી લીધા. દર બજેટ વખતે છેલ્લા સાત વર્ષથી લખતો હતો કે મધ્યમવર્ગ માટે યોજના બનાવો અને આ વખતે મને કહેવામાં આવ્યું કે બજેટમાં તમારી યોજનાનો સમાવેશ કરવામાં આવ્યો નથી. હું ત્યારપછી માનનીય શંકરભાઇ ચૌધરીને મળ્યો, મેં બે હાથ જોડીને એમને વિનંતી કરી કે આપ મુખ્યમંત્રીશ્રીના બહુ વહાલા છો, આપણે લાખો કરોડો રૂપિયા વાપરીએ છીએ. તમે લાખો કરોડના બજેટ બનાવતા હોય એમાં ૨૦૦-૫૦૦ કરોડમાં ફરક નહિ પડે, બી.પી.એલ. લાભાર્થીઓને થોડો ઘણો લાભ મળે છે પરંતુ આ મધ્યમવર્ગના ભાઇઓને ખૂબજ તકલીફ પડે છે. શંકરભાઇએ મને ખાતરી આપી હતી અને પત્ર પણ મોકલ્યો કે તમારી લાગણી સહાનુભૂતથી સ્વીકારી છે. જો નીતિનભાઇએ ખાલી મારા નામનો ઉલેખ કર્યો હોતને, હું આભાર માનું માનનીય ભૂષણભાઇ, માનનીય જગરૂપસિંહ, રાકેશભાઇનો, એમણે બધાએ પત્રો લખ્યા છે કે આ કરો એટલે એમનો પણ આભાર માનું છું. નામનું મને કામ નથી આજે મને લાગે છે કે મારું ધારાસભ્યપદ સફળ થઇ ગયું, ફરી વખત ચૂંટાવ કે ન ચૂંટાવ, ટિકિટ મળે કે ન મળે, ગરીબો માટે બહુ મોટું ભગવાને કામ કરાવ્યું. હું માનનીય શંકરભાઇ ચૌધરીનો આભાર માનું કે મારી લાગણી મુખ્યમંત્રીશ્રીને પહોંચાડી અને એમણે આ વાત સ્વીકારી. હવે હું સવાલ ઉપર આવું છું કે દિલ્હીમાં જે સરકારી જમીનો ઉપર ખાનગી હોસ્પિટલો બની છે એમાં દસ ટકા બેડ અને ૨૫ ટકા ઓ.પી.ડી. અનામત રાખવાની નીતિ બનાવી છે એને સુપ્રીમ કોર્ટે પણ માન્ય રાખી છે તો હું વિનંતી કરું કે આવી નીતિ અહીંયા બનાવીએ કે જેનાથી ગરીબોને દસ ટકા બેડ મોટી હોસ્પિટલ સાલ અને રાજસ્થાન હોસ્પિટલમાં મળે અને ૨૫ ટકા ઓ.પી.ડી. મળે એટલી વિનંતી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમારા મુખ્યમંત્રીશ્રીને એકલા શંકરભાઇ નહિ ભારતીય જનતા પક્ષના લાખો કાર્યકરો અને ગુજરાતની છ કરોડની જનતા વહાલી છે. બધા વહાલા છે. કોંગ્રેસવાળા પણ વહાલા છે. છ કરોડમાં માનનીય શકિતસિંહ તમે પણ આવી જાવ. જયાં ખાનગી હોસ્પિટલો છે અને સરકારે જમીન આપી હશે એવા કિસ્સા મૂકાશે તો પ્રસ્થાપિત ધોરણે ચોક્કસ એની કામગીરી કરીશું.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય મંત્રીશ્રીને ખાલી એકજ વિનંતી કરવા માગું છું કે મારા એમ.ડી.આર. રસ્તામાં લો લેવલ બ્રિજ છે એન માટે હું બાર વર્ષથી રાહ જોવું છે એની ખાતરી આપે એવી વિનંતી.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : હું સાહેબ ચેક કરાવી લઇશ. વધુ વસતિ અને વિસ્તારને લાભ મળતો હશે તો ક્રમાનુસાર બધું જ કરવાનું છે એમાં લઇ લઇશ.

ડો. મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આ ગોદડીના દોરા વિશે થોડુંક કલેરિફિકેશન કરવા માગું છું. હું એક ધારાસભ્ય નહિ, ડોકટર નહિ પણ સર્જન તરીકે આ ગૃહ સમક્ષ કહેવા માગું છું. નીતિનભાઇએ કહ્યું કે ઓપરેશનના દોરા કેવા હોય, ગોદડીના દોરા કેવા હોય, તો હું તો સર્જન છું. વી.એસ. હોસ્પિટલમાં ૮ વર્ષ ફુલ ટાઇમ સર્જન તરીકે સેવા બજાવી. ૮ વર્ષથી ઝાલોદમાં સર્જન તરીકે સેવા બજાવું છું. આ ઝાલોદની સી.એચ.સી. મારી હોસ્પિટલની તદ્દન નજીક છે. ૨૪ કલાક ત્યાં સર્જન તરીકે સેવા આપી છે. ત્યાં એકસરે મશીન બંધ હોય છે, ડોકટરો નથી હોતા, નર્સો ગોદડીના દોરાથી ટાંકા લઇને ઘરે ભગાડે છે. દરદી ઘરે જઇને એને બ્લિડીંગ થતું હોય ત્યારે મારી હોસ્પિટલમાં આવે એ દોરા હું જાતે કાઢીને મારા સર્જીકલ દોરાથી ટાંકા લઉં છું. એ ઝાલોદ સિવિલ હોસ્પિટલમાં આઠ મહિના સુધી ઓનરરી સર્જન તરીકે જાતે સેવા આપી છે. ઝાલોદ સિવિલ હોસ્પિટલમાં આ પરિસ્થિત છે.

અધ્યક્ષશ્રી : માનનીય મિતેશભાઇ, તમે તમારા પ્રવચનમાં આ બધી વાતો કરી ચૂકયા છો. અત્યારે ખાલી પ્રશ્ન પૂછો. શકિતસિંહ, તમારે ચર્ચા કરવી છે? ડો. મિતેષભાઇ ક. ગરાસીયા : ૨૦ વર્ષથી ઝાલોદમાં ડોકટરો નથી...

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીનો પ્રશ્ન ચાલુ છે. આપ બેઠાં બેઠાં કોમેન્ટ ન કરો. પ્લીઝ. આપ પ્રશ્ન પૂછો.

ડો. મિતેષભાઇ ક. ગરાસીયા : નીતિનભાઇ, ઝાલોદ સી.એચ.સી.માં ૨૦ વર્ષથી એક પણ સ્પેશ્યાલિસ્ટ આજ દિન સુધી નથી. તમારી સરકાર ૨૦ વર્ષથી છે. આરોગ્યની સેવા માટે ઝાલોદ સી.એચ.સી.માં તમે કહો છો, તમે કોણ છો, ડોકટર છો, સાહેબ, અમે સર્જન છીએ. હું સર્જન છું. દોરા મને ઓળખતા આવડે છે. આજ પણ હું ઓપરેશન કરું છું.

તા. ૨૦મી માર્ચ, ૨૦૧૬
માગણીઓ પર ચર્ચા અને મતદાન (ક્રમશઃ)

અધ્યક્ષશ્રી : ડોકટર સાહેબ, પ્રશ્ન પૂછો આપણે. ચર્ચા નથી અત્યારે. રાઇટ ટુ કવેશ્ચન છે.(અંતરાય) ભાઇ, શક્તિસિંહજી, આપને ફરી વિનંતી કરું છું. જયારે અધ્યક્ષ અને સભ્ય વાત કરતા હોય તો આપ વચ્ચે ન પડો. પ્લીઝ. હું એમને પ્રશ્ન પૂછવા કહું છું. ના નથી પાડતો. તમે શા માટે ગૃહનો ટાઇમ વ્યર્થ કરો છો ભાઇ,.. હું સભ્યશ્રીને પ્રશ્ન પૂછવા કહું છું. આપ કહો છો એટલે એને હું તક નથી આપવાનો. હું જ આપીશ.

ડો. મિતેષભાઇ ક. ગરાસીયા : મારો પ્રશ્ન છે કે આરોગ્ય મંત્રી શ્રી નીતિનભાઇએ જે જાહેરાત કરી છે કે દરેક સી.એચ.સી. હોસ્પિટલમાં હવે અમે ડેન્ટિસ્ટ ડોકટરોનું નવું મહેકમ મંજૂર કરી અને ડેન્ટિસ્ટ મૂકવા માગીએ છીએ તો ઝાલોદ સી.એચ.સી.માં સ્પેશ્યાલિસ્ટની જે જગ્યાઓ પહેલાંથી મહેકમ મંજૂર થયેલું છે. ૨૦-૨૦ વર્ષથી તમે કોઇ સર્જન કે ગાયનેકોલોજીસ્ટ નથી મૂકી શકયા તો એ ગાયનેકોલોજીસ્ટ અને સ્પેશ્યાલિસ્ટની જગ્યાઓ તમે કયારે ભરવા માગો છો અને કેટલા સમયમાં ભરવા માગો છો? મને આનું કલેરીફીકેશન આપો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારી પાસે ઘણી રજૂઆતો આવતી હોય છે. આ સ્વાઇનફ્લુ વખતે પણ બન્યું કે સરકારની હોસ્પિટલમાં ૧૦૦ ટકા ફ્રી ઓફ કોસ્ટ હજારો રૂપિયાનો ખર્ચ કરીને વેન્ટીલેટર સુધીની સારવાર અમે આપીએ, પણ કેટલાક ખાનગી ડોકટરો ગરીબ દર્દીઓ સરકારની હોસ્પિટલોમાં ન જાય અને પોતાની ખાનગી હોસ્પિટલ સારી રીતે ચાલે એ માટે આખા ગુજરાતમાં કેટલાય કિસ્સા અમારા ધ્યાન ઉપર આવે છે કે સરકારી હોસ્પિટલોને બદનામ કરે તો જ તેમના દર્દીઓ આવે. નહીં તો દર્દીઓ ન આવે. એટલા માટે ઘણાં ડોકટરો પ્રયત્નો કરતા હોય છે આ એક ધંધાદારી હરિફાઇની એક કહેવાય એવી યુક્તિ છે. છતાં ડો. ગરાસીયાએ જે કહ્યું છે(અંતરાય) હવે મારી વાત આવે છે, ડો. જોષીયારા. ડો. ગરાસીયાભાઇ, આપ મને પાંચ દર્દીના નામ આપો કે આવા ટાંકા લીધેલા. હું તપાસ કરાવું અને એ ડોકટરોને તાત્કાલિક સસ્પેન્ડ કરું. એ મારી આ ગૃહને ખાતરી છે. તમે મને દર્દીનું નામ આપો. બીજું, સાહેબ મારે કહેવું છે કે ગરીબ દર્દીના, આદિવાસીના આટલા બધા તમે હિતેચ્છુ છો. હોવું જોઇએ. તો તમારી ફરજ હતી કે એ જ દિવસે મને ફોન કરવો જોઇએ કે નીતિનભાઇ, આ દાહોદની હોસ્પિટલમાંથી આ ખોટા પ્રકારના દોરાથી ટાંકા લઇને આ દર્દી આવ્યો છે. તમે દર્દીને જોવડાવો. વિધાનસભાના બજેટ સત્રની રાહ જોવાની ન હોય.

અધ્યક્ષશ્રી : મિતેષભાઇ, આપની પાસે કોઇ યોગ્ય માહિતી હોય તો મંત્રીશ્રીને ચોક્કસ આપજો. મંત્રીશ્રી પગલાં ભરશે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : એ દિવસે તમારે મને કહેવું જોઇતું હતું. આ રાજકીય અવલોકન છે. (અંતરાય)

કાપદરખાસ્ત ક્રમાંક-૧ થી ૫, ૭ થી ૧૫, ૧૭ થી ૨૯, ૩૧ થી ૪૧, ૪૩ થી ૪૭ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

માગણી ક્રમાંક-૩૯, ૪૦, ૮૫, ૮૬,૮૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ બપોરના ૧-૦૯ વાગ્યે પુરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર સોમવાર, તા. ૨૩મી માર્ચ-૨૦૧૫ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

ચૈત્ર ૨, ૧૯૩૭ શાકે
તારાંકિત પ્રશ્નો

ગુજરાત વિધાનસભા
સોમવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
ચૈત્ર ૨, ૧૯૩૭ શાકે
સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.
માનનીય ઉપાધ્યક્ષશ્રી આત્મારામ મ. પરમાર અધ્યક્ષસ્થાને
તારાંકિત પ્રશ્નો

દાહોદ જિલ્લામાં પાક રક્ષણ માટે તારની વાડ માટે સહાય

* ૧૬૫૭૪ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને પોતાના ખેતરમાં પાક રક્ષણ માટે તારની વાડ બનાવવા માટે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | દાહોદ જિલ્લાના વન વિભાગ નિયંત્રણ હેઠળના તાલુકાઓમાં કુલ ૧૦૫ મળેલ અરજીઓ હાલ ચકાસણી હેઠળ હોઈ, કોઈ સહાય ચુકવાયેલ નથી. |

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રી સાહેબને દાહોદ જિલ્લાના ખેડૂતોની મનની વાત અને મારા મનની વાત એ પૂછવા માગુ છું કે, તાલુકાવારા કેટલી અરજીઓ મળી અને મળેલ અરજીઓ હાલ કયા તબક્કે છે અને ખેડૂતોને વાડ કરવા માટે ૨૦૧૪માં કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ મનની વાત કરી એમાં હું પડવા માગતો નથી પણ જ્યાં સુધી દાહોદ જિલ્લાના ખેડૂતોનો પ્રશ્ન છે એમાં માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે, દાહોદ જિલ્લાના આઠ તાલુકાની અંદર દેવગઢબારિયાની અંદર ચાર અરજી આવી છે એમાંથી ત્રણ મંજૂર કરી છે અને એક અરજી નામંજૂર કરી છે. ધાનપુર તાલુકામાં કોઇ અરજી આવેલી નથી. દાહોદ તાલુકામાં પણ કોઇ અરજી આવેલી નથી અને ઝાલોદ તાલુકામાં ત્રણ અરજી આવેલ હતી તેમાં ત્રણે ત્રણ મંજૂર કરવામાં આવેલી છે. સંજેલી તાલુકાની વ્યકિતગત પાંચ અરજીઓ આવેલી છે અને પાંચે પાંચ મંજૂર કરી છે. લીમખેડા તાલુકામાંથી ચાર અરજી આવી છે અને ચાર અરજી મંજૂર કરી છે. ફતેહપુરા તાલુકાની અંદર ૮૮ અરજી આવી હતી એક સામુહિક અરજી આવી હતી એમાં ૮૮ આપણે મંજૂર કરી છે અને સામુહિક એક અરજી છે એને નામંજૂર કરી છે. કુલ વ્યકિતગત અરજીઓ ૧૦૪ આવી હતી. એક સામુહિક અરજી આવી હતી અને આ તમામ અરજીઓ મંજૂર કરીને ખેડૂતોને કામ કરવા માટે મંજૂરી આપી દીધેલી છે. જ્યારે આ ખેડૂતો કામગીરીની શરૂઆત કરશે તેને તબક્કાવાર નાણા ચૂકવવામાં આવશે.

ડો. મિતેષભાઇ ક. ગરાસીયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે દાહોદ જિલ્લાના વન વિભાગના નિયંત્રણ હેઠળ તાલુકામાં જે અરજીઓ મળી અને ચકાસણી હેઠળ છે અને સહાય ચૂકવાઇ નથી તો અરજીઓ કેટલા સમય પહેલા મળે એને સહાય ચૂકવવામા માગો છો અને (૨) તારની વાડ નુકસાની માટે આપવા માગો છો પણ હજી તો ચકાસણી હેઠળ છે એવો મંત્રીશ્રીએ જવાબ આપ્યો છે તો જે નુકસાન થઇ ગયું છે એને વળતર ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માગણી કરી છે એમાં પ્રશ્ન પૂછ્યો ત્યારે અરજી ચકાસણી હેઠળ હતી અને અત્યારે ત્રણ અરજીની ચકાસણી થઇ ગઇ છે એને આપણે મંજૂર પણ કરી છે અને ખેડૂતો એની કામગીરી શરૂ કરે પ્રથમ તબક્કાના આપણે નાણા ચુકવી એ છીએ અને ખેડૂતોને નૂકસાની થયું છે એ નુકસાન ચૂકવવાની રાજ્ય સરકારમાં કોઇ જોગવાઇ નથી. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : ડોક્ટર બેસી જાવ, એમણે ના પાડી દીધી છે કે નુકસાન ચૂકવવાની રાજ્ય સરકારમાં કોઇ જોગવાઇ નથી. જવાબ સાંભળો. બેસી જાવ. વીંછીયાભાઇ.

શ્રી વીંછીયાભાઇ જો. ભૂરિયા : માનનીય અધ્યક્ષશ્રી, કાંટાળા તારની વાડ માટે ખેડૂતો માટે સહાય મેળવવા માટેની પદ્ધતિ શું છે? એ મારે માનનીય મંત્રી સાહેબ પાસે મારે જાણવું છે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ખેડૂતોને આ તારની વાડ માટેની પદ્ધતિની વાત કરી છે એને સહાય મેળવવા માટે શું કરવું પડે છે એમાં સ્થાનિક વિસ્તારમાં આવતી રેંજ ફૉરેસ્ટ ઓફિસની અંદર એના નિયત નમૂનાનું અરજી ફોર્મ હોય છે. જે ખેડૂતોના સાધનિક કાગળો સાથે તૈયાર કરીને રેન્જ ઓફિસમાં આપતા હોય છે. આ રેન્જ અધિકારી વિભાગની કચેરી નાયબ વન સંરક્ષણની કચેરીમાં એને મોકલતા હોય છે ત્યાં એની પુરતી ચકાસણી કરવામાં આવે છે. ખેડૂત છે કે કેમ? ૭/૧૨ માં એનું નામ છે કે નહીં, લાભ પાત્ર આ ખેડૂત છે કે કેમ? એની પૂરતી ચકાસણી કર્યા પછી એને વિભાગ સ્તરે મંજૂર કરવામાં આવે છે અને એને મંજૂર કર્યા પછી ખેડૂતને એનો મંજૂરી પત્ર આપવામાં આવે અને મંજૂરી પત્ર મળ્યા પછી ખેડૂત એની જરૂરિયાત પ્રમાણે આ કામગીરી કરતો હોય છે.

શ્રી વજેસિંહભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, આ કોંગ્રેસની સરકામાં ભૂંડ અને રોઝ દાહોદ જિલ્લામાં નહતા, આ ભારતીય જનતા પાર્ટી જ્યારથી આવી છે ત્યારથી ભૂંડ અને રોઝનો ત્રાસ વધી ગયો છે આદિવાસી વિસ્તારમાં. મારે એ જાણવું છે કે, હેકટર દીઠ સહાય કેટલી છે અને ભૂંડ અને રોઝ દ્વારા પાકને થતું નુકસાનીનું વળતર આપવા માગો છે કે કેમ અને ગ્રાન્ટ કુલ કેટલી ફાળવવામાં આવે છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિયારણ અમે લાવ્યા નથી, આ વર્ષોથી ચાલતું આવ્યું છે. અને

માનનીય સભ્યશ્રીએ જે સહાયની વાત કરી છે, એ દર વર્ષે બદલાતા સરકારે નક્કી કરેલા એસ.ઓ.આર. છે. એમાં ખેડૂતે કરેલી કામગીરી અને એસ.ઓ.આર. મુજબની કામગીરીની અંદર જે ખર્ચ થાય છે એમાંથી સૌથી ઓછું હોય એ ખર્ચ ચૂકવવામાં આવે છે અને નુકસાની માટે કોઇ વળતર ચૂકવવામાં આવતું નથી.

શ્રી રમેશભાઇ ભુ. કટારા : માનનીય અધ્યક્ષશ્રી, આપની અનુમતિથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, દાહોદ જિલ્લામાં આયોજન હેઠળ છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને લાભ મળ્યો અને નામંજૂર થયેલી અરજીઓના કારણો શું છે ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માહિતી માગી છે કે, દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ આવી અને મંજૂર કરી. એમાં દેવગઢ બારિયા તાલુકામાં ૪ અરજીઓ આવી છે. અગાઉ મેં જવાબ આપ્યો છે.

ઉપાધ્યક્ષશ્રી : તમે અગાઉ જવાબ આપી દીધો છે.

મહેસાણા જિલ્લામાં મધ્યાહન ભોજન યોજના હેઠળ રકમ

* ૧૭૫૭૮ શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ | | |
|---|---|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી મધ્યાહન ભોજન યોજના અંતર્ગત કેટલી રકમ ફાળવી, અને | (૧) | | (રૂ. લાખમાં) |
| | ૨૦૧૨–૧૩ | ૨૦૧૩–૧૪ | ૨૦૧૪–૧૫ (તા. ૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ) |
| | ૩૭૫૩૦.૪૩ | ૪૦૪૮૭.૫૫ | ૪૪૭૮૩.૩૩ |
| (૨) તે અન્વયે મહેસાણા જિલ્લામાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) ૭૮૩.૭૬ | ૯૯૯.૦૨ | ૭૮૨.૩૭ |

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, મધ્યાહન ભોજન યોજના કેન્દ્ર સરકાર તરફથી ચાલે છે, માધવસિંહ સોલંકી વખતમાં ૬૦૦ કરોડ રૂપિયા એ સમયે વપરાતા હતા. હાલ મધ્યાહન ભોજનની ગ્રાન્ટ બહુ ઓછી વપરાય છે. તો છેલ્લા ત્રણ વર્ષમાં વિજાપુર તાલુકામાં આ યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી અને તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? આ અન્વયે કરવામાં આવેલ ખર્ચ ૨૦૧૪–૧૫ના વર્ષમાં ઘટી ગયો છે તેના કારણો શું છે ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહન ભોજનની યોજના એ ભારત સરકાર અને રાજ્ય સરકારની સંયુક્ત યોજના છે, ૭૫ : ૨૫ નો રેશિયો છે. અને આ ગ્રાન્ટ જિલ્લા પ્રમાણે ફાળવવામાં આવે છે, તાલુકા પ્રમાણે ફાળવવામાં નથી આવતી. પણ માનનીય સભ્યશ્રીને વિજાપુર તાલુકામાં કેટલો ખર્ચ થયો એ ખર્ચની જો અલગથી વિગતની જરૂર હશે તો હું એમને આપીશ.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગુ છું કે, એમણે ૭૫ : ૨૫ કહ્યું એટલે ૭૫ ટકા કેન્દ્રના કે રાજ્યના ? અને માનનીય અધ્યક્ષશ્રી, ફિગરમાં નહીં પડતા ૨૦૧૨–૧૩, ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં કેન્દ્રના પૈસા આવ્યા છે, એમાં રાજ્ય સરકારે પૂરેપૂરા પૈસા વાપર્યા છે કે કેમ ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્રનો હિસ્સો ૭૫ ટકા અને રાજ્ય સરકારનો હિસ્સો ૨૫ ટકા એ મેં આગલા સવાલની અંદર આપ્યું. હવે મહેસાણા જિલ્લાની અંદર જે ગ્રાન્ટ આવી એમાં ભારત સરકારનો અને રાજ્ય સરકારનો એક સરખો હિસ્સો આવ્યો છે. રાજ્ય સરકાર પૈસા જમા કરાવે ત્યાર પછી જ ભારત સરકારની ગ્રાન્ટ આવે છે એટલે ભારત સરકારની ગ્રાન્ટ આવી ગઇ હોય અને રાજ્ય સરકારની બાકી હોય એવું બનતું નથી. શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહન ભોજન યોજના રાજયમાં કયારથી અમલમાં આવી? (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રીઃ બળવંતસિંહ, પછી આપને તક આપું છું. મેં પ્રશ્ન મુવ કર્યો છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહન ભોજન યોજના રાજયમાં કયારથી અમલમાં આવી? એના લાભાર્થી કોણ કોણ છે? આ યોજના ચાલુ કરવાના હેતુ કયા કયા છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહન ભોજન યોજના ગુજરાતની અંદર તા. ૯–૧૧–૧૯૮૪થી અમલમાં છે અને આ યોજના સરકાર, પંચાયત, નગરપાલિકાની સરકાર સંચાલિત જે પ્રાથમિક શાળાઓ છે એના બાળકો એ યોજનાના લાભાર્થી છે. આ યોજનાનો હેતુ શિક્ષણનો વ્યાપ વધારવો, બાળકોને પોષણક્ષમ આહાર દ્વારા પોષણ મળી રહે અને ડ્રોપ આઉટ રેશીયો ઓછો થાય તેમજ ગામમાં રોજગારી પૂરી પાડવાનો હેતુ રહેલો છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે રીતે કીધું કે આ ગ્રાન્ટ તાલુકાવાર નહીં પણ જિલ્લાવાર આપવામાં આવે છે. મધ્યાહન ભોજનની વાત છે એટલે બાળકોના ભોજન માટેની વાત છે તો ઘણા જિલ્લામાં બાળકોની સંખ્યા વધુ હોય અને ઘણા જિલ્લામાં બાળકોની સંખ્યા ઓછી હોય તો ગ્રાન્ટનો રેશીયો પર બાળક નકકી કરો છો કે જિલ્લાની સંખ્યા ઉપર નકકી કરો છો? અને મધ્યાહન ભોજનમાં એક બાળક પાછળ કેટલો ખર્ચ થાય છે?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રાન્ટની ફાળવણી જિલ્લાવાર થાય છે પરંતુ કયા જિલ્લાની અંદર કેટલી શાળાઓ છે અને શાળાની અંદર કેટલા બાળકો છે. જિલ્લામાંથી તાલુકામાં, તાલુકામાંથી શાળામાં અને શાળા દીઠ

બાળકોનો ખર્ચ કેટલો છે તો એમાં ધોરણ–૧ થી ૫ માં ૩ રૂપિયા ૯૯ પૈસા, ધોરણ–૬ થી ૮ માં પાંચ રૂપિયા ૫૮ પૈસા પ્રત્યેક બાળક દીઠ થાય છે. આ રીતે શાળામાં, તાલુકામાં અને જિલ્લામાં ફાળવણી થાય છે.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાન ભોજન યોજનામાં આપણે કન્ટીજન્સી ગ્રાન્ટ આપીએ છીએ. શાકભાજી, મરી મસાલા લાવવા માટે. રાજય સરકાર જિલ્લા કક્ષાએ ગ્રાન્ટ ફાળવે પછી મામલતદાર ઓફિસમાં ગ્રાન્ટ ફાળવે પછી જે તે કેન્દ્રના ખાતામાં જાય, મામલતદાર ઓફિસમાંથી કેન્દ્રના સંચાલકને આપવામાં ખૂબ ભ્રષ્ટાચાર થાય છે તો માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જિલ્લા કક્ષાએથી જે તે કેન્દ્રના સીધા ખાતામાં કન્ટીજન્સી ગ્રાન્ટ જમા કરવા માગો છો કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સુચન છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વારંવાર ભ્રષ્ટાચારની વાતો થાય છે. મારે સભ્યશ્રીને કહેવું છે કે આપના ધ્યાન ઉપર ચોકકસ કોઇ વિગત હોય તો આપજો. અમે તપાસ કરીશું અને દોષિતોને કડક સજા કરીશું.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મારી મંત્રીશ્રી પાસે એક જ ચિંતા છે કે જે પૈસા કેન્દ્ર આપે છે એ સો ટકા વપરાય છે કે કેમ? રાજય સરકાર અને કેન્દ્ર સરકારનું પુરું બજેટ આપણે વાપરી શકતા નથી તો પુરું વાપરીએ છીએ કે કેમ?

શ્રી નાનુભાઇ ભ. વાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, બધા જ નાણા બરાબર વપરાઇ જાય છે એટલે જ હું કહું છું કે બરાબર વપરાય છે. રાજય સરકાર એના હિસ્સાના આપે વપરાયા પછી જ. એ રીતે હજુ સુધી કયારેય મધ્યાહન ભોજન યોજનાના નાણા પડયા રહે તેમ બન્યું નથી.

## આદિવાસી વિદ્યાર્થીઓને શૈક્ષણિક લોન

* ૧૭૫૮૪ શ્રી આંનદભાઇ ચૌધરી (માંડવી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં આદિવાસી વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે શૈક્ષણિક લોન અને સહાય આપવાની કોઈ જોગવાઈઓ છે, અને | (૧) રાજ્યમાં આદિજાતિના વિદ્યાર્થીને વિદેશ અભ્યાસ માટે લોન આપવામાં આવે છે. અને એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓને સ્વનિર્ભર કોલેજમાં ફી ભરવા મુશ્કેલીના પડે તે માટે પ્રથમ સત્રની ફી લોન પેટે આપવાની જોગવાઈ છે. |
| (૨) આ જોગવાઈ મુજબ વિદ્યાર્થીઓને સહાય અપાતી નથી તે આપવા સરકારે શું આયોજન કરેલ છે ? | (૨) ઉપર પ્રમાણે લોન આપવાની જોગવાઈ છે. સહાય આપવા અંગેની જોગવાઈ નથી. અત્યાર સુધીમાં રૂ. ૧૫૨૬.૬૦ લાખની લોન આપવામાં આવેલ છે. |

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિ◌ાર્થીઓને જે ઉચ્ચ શિક્ષણ માટે લોન આપવામાં આવે છે. પ્રશ્ન એ માટે ઉભો કરેલો કે અમારે ત્યાંની એક ગરીબ પરિવારની છોકરીએ લોન લીધી અને પી.ટી.સી. કર્યું ૨૦૦૯–૦૯માં પણ અત્યાર સુધી નોકરી ન મળી અને બેંકમાંથી એક લાખ એંસી હજારનું દબાણ આવ્યું. છોકરીએ ઝેર પીવાનો પ્રયત્ન કર્યો અને કેસ લોક અદાલતમાં ગયો. એટલે આવા કિસ્સાઓ ઉભા થાય છે. જેટલાની લોન લઇએ ધારો ૫ લાખની, ૧૦ લાખની તો એટલા જ બે જામીન, ૧૫–૧૫ લાખના જામીન માગવામાં આવે એટલે મારો પ્રશ્ન એ છે કે મૂળ લોન છે તેમાં સરળીકરણ કરવા માગો છો કે કેમ? મૂળ રકમમાં સહાય આપવા માગો છો કે કેમ? ત્રીજો પ્રશ્ન ઉચ્ચ શિક્ષણ લીધું હોય તેમાં કેટલાને નોકરી મળી? જે વિદ્યાર્થીઓએ લોન લીધી હોય તેવા કેટલા વિદ્યાર્થીઓ ભરપાઇ કરી શકયા નથી?

ઉપાધ્યક્ષશ્રી : લોન સહાયની વાત છે. એમાં કેટલાને નોકરી મળી એ પ્રશ્ન નહિ આવે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : એમાં બે યોજના છે. લોન આપવાની વાત છે. જે તે આદિવાસી વિદ્યાર્થી વિદેશમાં અભ્યાસાર્થે જાય છે, તેને લોન અપાય છે, જે એમ.બી.બી.એસ. ના વિદ્યાર્થીઓ છે એને સહાય ચુકવવામાં આવે છે. બીજુ ડીગ્રીની વાત કરી છે તો ડીગ્રીનું નામ આપે તો તપાસ કરાવીશું.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આદિવાસી વિદ્યાર્થીઓ ફાર્મસીમાં અન્ય સબજેકટ લઇને ભણતા હોય છે. આવા વિદ્યાર્થીઓ માટે ખાસ જોગવાઇ કરી સહાય ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં એમ.બી.બી.એસ.ની વાત કરી આજ સુધીમાં આ યોજના નહોતી. ભારતીય જનતા પાર્ટીની સરકારે અને તત્કાલિન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ યોજના દાખલ કરી. દર વખતે જ્યારે મેડિકલના પ્રશ્નો આવતા તે વખતે મોટી જગ્યા આદિવાસીની ખાલી રહી જતી હતી. એના માટે આ સ્પેશ્યલ યોજના શરૂ કરી અને આદિવાસીઓ અંતરિયાળ વિસ્તારમાં રહેતા ગુજકેટ પરીક્ષા પાસ નહી કરી શકતા એના માટે ચોક્કસ તાલીમ વર્ગ ગોઠવ્યા એ તાલીમ વર્ગો દ્વારા આદિવાસી તૈયાર થાય અને પછી મેડિકલ લાઇનને પકડી શકે, એના માટે અને એનો ફાયદો થયો કે ૩૫૪ જેટલી સીટો હતી જે આ વખતે ૩૨૩ જેટલી સીટો ભરી શક્યા છીએ.

ડો. અનિલ જોષીયારા : આદિવાસી વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન આપીએ છીએ. આ સંખ્યા નહિવત છે. મંત્રીશ્રીને પ્રશ્ન છે કે ગુજરાતમાં શિક્ષણ ઉંચું છે તો ગુજરાતમાં જે છોકરાઓ ઉચ્ચ શિક્ષણ લે છે એને તમે લોન આપવા માગો છો કે કેમ? જે આપણે સ્વૈચ્છિક સંસ્થાઓમાં ફી સરકાર ભરે છે એમાં આવકના ધોરણો છે, તે વિદ્યાર્થીનીઓને આવકનું ધોરણ નથી અને છોકરા માટે આવકનું ધોરણ લાગુ પડે છે, તો આ આવકનું ધોરણ જેમ એસ.ટી. માટે ધોરણ છે એ પ્રમાણે ધોરણ વધારવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : જે આવક મર્યાદાની વાત કરી. આવક મર્યાદા ૨.૫ લાખ સુધીની છે અને એમાં દીકરીની આવક

મર્યાદાનો કોઇ નિયમ નથી. બીજું એમણે કહ્યું તો લગભગ ૧૩૯ જેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે અને ૧૫ જેટલી અરજી પડતર છે. એ અરજીનો આગળ જતા નિકાલ થશે.

ડો. અનિલ જોષીયારા : ગુજરાતમાં જે ઉચ્ચ શિક્ષણ લીધું હોય તેને સહાય આપવા માગો છો કે કેમ?

શ્રી મંગુભાઇ છ. પટેલ : એમનું સૂચન છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે એમ.બી.બી.એસ. થવા માટે સ્વનિર્ભર કોલેજોમાં ફીનું ધોરણ ઉંચું હોય છે, ઉંચા ફી ના ધોરણના લીધે આદિવાસી બાળકો એમ.બી.બી.એસ. માં એડમિશન લઇ શકતા નથી. જેવી રીતે માનનીય મંત્રીશ્રીએ કહ્યું ઘણી સંખ્યા એમ.બી.બી.એસ. માં એડમિશન માટે બાકી રહી ગઇ છે. તો પ્રથમ વર્ષ લોન પેટે પ્રથમ સત્રમાં આપો છો, તો એનું આર્થિક ધોરણ નબળું હોય છે તો એને સળંગ લોન આપવા માગો છો કે કેમ? આ એક પ્રશ્ન અને બીજો પ્રશ્ન એવો છે કે આ ગુજરાતમાંથી કેટલા આદિવાસ વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ. કરવા માટે વિદેશમાં ગયા અને કેટલી લોન આપી?

ઉપાધ્યક્ષશ્રી : વિદેશનું હોય તો આપો. બાકી લોન અલગ છે.

શ્રી મંગુભાઇ છ. પટેલ : શરૂઆતમાં મેં કહ્યું કે સહાયની યોજના છે. જે સેલ્ફ ફાઇનાન્સ કોલેજ છે, એમાં પ્રથમ ફી હોય છે તે જુદી જુદી કોલેજની જુદી જુદી હોય છે એ ફી આદિજાતિ કલ્યાણમાંથી એને ૨.૫ લાખની મર્યાદામાં આપવામાં આવે છે અને પછી એને પાછળથી એના ટ્યૂશન ફી મળતી હોય એમાંથી સરભર થઇ જાય છે. એમણે વાત કરી અત્યાર સુધી લગભગ ૧૩૯ જેટલા વિદ્યાર્થીઓ વિદેશ ગયા છે અને તેની પાછળ ૧૫૨૬.૬૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

જામનગર જિલ્લા પંચાયત સેવા વર્ગ–૩ના સીનીયર ક્લાર્ક તથા ગ્રામ સેવકને પ્રમાણપત્રો

* ૧૯૩૦૩ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર જિલ્લા પંચાયત સેવા વર્ગ–૩ના સીનીયર ક્લાર્ક તથા ગ્રામ સેવકની ખાતાકીય પરીક્ષા સને ૨૦૧૨ અને ૨૦૧૩ ના વર્ષમાં ન યોજવાને કારણે તે વર્ષમાં નિવૃત્ત થયેલ ૧૩ કર્મચારીઓના પેન્શન કેસોમાં પ્રમાણપત્ર આપવાની દરખાસ્તો સરકારશ્રીમાં તા. ૩૧–૫–૨૦૧૪ની સ્થિતિએ પડતર હતી તે હકીકત સાચી છે, | (૧) ૯ – દરખાસ્તો પડતર છે. |
| (૨) જો હા, તો તા. ૧૫–૨–૨૦૧૫ની સ્થિતિએ કેટલા નિવૃત્તોને પ્રમાણપત્રો આપવામાં આવ્યા છે, | (૨) ૪ (ચાર) |
| (૩) કેટલાને આપવાના બાકી છે અને બાકી રહેવાના શા કારણો છે, અને | (૩) તા. ૨૭–૦૨–૨૦૧૫ના રોજ તમામ કર્મચારીઓને પ્રમાણપત્ર આપવામાં આવેલ છે. |
| (૪) તમામને ક્યાં સુધીમાં પ્રમાણપત્રો મોકલી આપવામાં આવનાર છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં જણાવ્યું છે કે ૯ તથા ૪ એમ કુલ ૧૩ લોકોને પ્રમાણપત્ર આપવાનો પ્રશ્ન ઉકલી ગયો છે. મારે જાણવું છે કે ૨૦૧૨ અને ૨૦૧૩ એમ બે વર્ષમાં જે કર્મચારીઓ નિવૃત્ત થયા તેના પ્રમાણપત્રો તા.૨૭–૨–૧૫ સુધી રીસીવ કરવામાં આવ્યા નથી. તેના કારણે તેમને પેન્શન આજસુધી મળ્યા નથી. તો જે અધિકારી અને કર્મચારીઓએ પ્રમાણપત્ર આપવામાં આટલી બેદરકારી રાખી તેની સામે સરકારે કોઇ પગલાં લીધા કે કેમ, અથવા લેવા માગો છો કે કેમ? બીજું કે આ તમામ કર્મચારીઓના અભાવે પેન્શન મળ્યું ન હતું. હવે પ્રમાણપત્રો મળી ગયા છે તો વહેલામાં વહેલી તકે એટલે કે કયાં સુધીમાં પેન્શન શરૂ કરવા માગો છો?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, દરેક કર્મચારીએ આ પરીક્ષા આપવી જરૂરી હોય છે. સભ્યશ્રી કહે છે કે સમય કેમ આટલો લાગ્યો તો પહેલાં વિભાગમાંથી પ્રમાણપત્ર આપવામાં આવતા હતા અને એક કેસમાં જુનાગઢ લોકલ ફંડે એમ કહ્યું કે આમાં નાણાં વિભાગની મંજૂરી લેવી જરૂરી. એટલે ગુજરાતની અંદર તમામ જિલ્લા પંચાયતના આવા કર્મચારીઓની મંજૂરી માટે નાણાં વિભાગ અને પંચાયત વિભાગનો જે પરામર્શ કરવામાં આવ્યો તેમાં થોડો સમય જતાં આમ બનેલ છે. આજે આનો ઉકેલ આવી ગયો છે. ૧૩ કર્મચારીને આ પ્રમાણપત્ર આપી દીધા છે. માનનીય રાઘવજીભાઇએ બીજા પ્રશ્નમાં કહ્યું છે કે, જે ૯ લોકો બાકી છે તેમને કયારે પેન્શન મંજૂર કરવામાં આવશે તો સાહેબ વહેલામાં વહેલી તકે મંજૂર કરવામાં આવશે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પંચાયત સેવાના કર્મચારીઓને કયા હેતુ માટે આ પરીક્ષા આપવાની જોગવાઇ છે અને આ પરીક્ષા કોના દ્વારા લેવામાં આવે છે?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પંચાયત સેવાના કર્મચારીની બઢતી અને ઉચ્ચતર પગાર ધોરણ માટે આ પરીક્ષા લેવામાં આવે છે અને આ પરીક્ષા પંચાયત સેવા પસંદગી મંડળ લે છે.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ૧૩ કર્મચારી છે તેમણે પરીક્ષા આપી અને પ્રમાણપત્ર મળી ગયા છે. તેનાથી આ ૧૩ કર્મચારીને શું લાભ થાય?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રમાણપત્ર મળ્યા પછી તેના પેન્શનમાં વધારો થાય છે અને પોતાના પગાર ગ્રેડની અંદર વધારો થાય છે. આમ આવો લાભ આ પ્રમાણપત્રથી મળે છે.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે પંચાયત સેવામાં જોડાયેલા કર્મચારીઓ છે તે વહેલા પરીક્ષામાં બેસી શકે તે માટે કોઇ સુધારો કરવામાં આવેલ છે કે કેમ?

શ્રી જયંતીભાઇ રા. કવાડીયા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યાર સુધી આના માટે સમય મર્યાદા હતી તા. ૧–૧–૧૩થી સુધારો કરેલ છે જેથી કોઇપણ કર્મચારી ગમે ત્યારે આ પરીક્ષા આપી શકશે.

બનાસકાંઠા જિલ્લામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજો

* ૧૭૫૫૧ શ્રી ગોવાભાઇ રબારી(ડીસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલી આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજો કાર્યરત છે, અને | (૧) ૧૬ કોલેજો. |
| (૨) ઉક્ત સ્થિતિએ વધારાની કોલેજો ખોલવા સરકારનું કોઈ આયોજન છે કે કેમ ? | (૨) ના, જી. |

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નના જવાબમાં ૧૬ કોલેજો લખી છે અને નવી કોલેજો માટે નાજી લખેલ છે. પ્રશ્ન પૂછ્યો હતો કે કદાચ નવી બે–ચાર કોલેજો આપવાની આશા હતી પણ જવાબમાં ના, જી લખેલ છે. જિલ્લામાં જરૂર હતી પણ ના, જી લખેલ છે. ૧૬ કોલેજો છે તેમાં કેટલી ગ્રાન્ટેબલ છે અને કેટલી સેલ્ફ ફાઇનાન્સ છે. સેલ્ફ ફાઇનાન્સ અને સરકારી ગ્રાન્ટેબલમાં ફીમાં મોટો તફાવત છે. સેલ્ફ ફાઇનાન્સ કોલેજમાં ખેડૂત અને ગરીબના દીકરા મોટી ફી આપીને ભણી શકતા નથી. ગ્રાન્ટેબલ દરેક તાલુકામાં નથી. તો ગ્રાન્ટેબલ કોલેજોમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે અને સ્ટાફની કેટલી ઘટ છે? આવતા વર્ષે ગ્રાન્ટેબલ કોલેજો આપવા માટેનું કંઇ વિચારો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, ૫–૬ પ્રશ્ન સાથે પૂછ્યા છે એટલે જવાબ લાંબો થશે. સૌથી પહેલા હું આપણા મુખ્યમંત્રી અને પૂર્વ શિક્ષણ મંત્રીને અભિનંદન આપુ છું એટલા માટે કે, આખા રાજયમાં અને એમાંય બનાસકાંઠામાં, બનાસકાંઠામાં શિક્ષણ જેવું કાંઇ હતું જ નહીં, અમારી સરકાર આવ્યા પછીથી હું બતાવીશ.(અંતરાય) રેકોર્ડ ઉપર છે તો જ વાત કરું નહીં તો વાત ન કરું, અમારી સરકાર આવ્યા પછી બનાસકાંઠામાં ૧૦ માં કે ૧૨ માં ધોરણમાં બોર્ડમાં પ્રથમ વિદ્યાર્થી તમારે ત્યાંનો આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, એમણે પૂછ્યું છે કે તાલુકા દીઠ કેટલી કેટલી કોલેજો છે? કોલેજોની સંખ્યા કહું તો સરકારી ૩ કોલેજો છે, એક કોમર્સ કોલેજ છે એક સાયન્સ કોલેજ છે. બિન સરકારી ૪ આર્ટસ, ૩ કોમર્સ અને ૧ સાયન્સ કોલેજ છે. સ્વનિર્ભર આર્ટસ કોલેજ ૮ છે એમ આખા જિલ્લામાં ૧૬ કોલેજ છે એમાં ૨૨ પ્રકારની ફેકલ્ટીઓ છે, ૨૧૨૨૪ વિદ્યાર્થીઓ એમાં અભ્યાસ કરી રહ્યાં છે. એમણે પ્રાધ્યાપકોની સ્થિતિ કહી એમાં બે પ્રકારના પ્રાધ્યાપકોની સ્થિતિ હું તમારી સમક્ષ મૂકીશ. એક સરકારી કોલેજોમાં ૩ અને ૨૯ મદદનીશ પ્રાધ્યાપકોની જગ્યાઓ મંજૂર થયેલ મહેકમ છે એમાં ભરાયેલી જગ્યા ૧ અને ૧૬ છે અને ખાલી જગ્યાઓ ૨ આચાર્યોની અને ૧૩ પ્રાધ્યાપકોની છે એમાં ૭૨ જગ્યાઓ જે સરપ્લસ થયેલો સ્ટાફ હતો એનાથી ભરવાની વ્યવસ્થા કરી લીધી છે અને બાકીની વ્યવસ્થાઓ આ વર્ષે અમે કરીશું. જે બિન સરકારી કોલેજો છે એમાં ૩ આચાર્યોની ભરાયેલી જગ્યાઓ છે અને ૨ ખાલી છે. ૬૪ મદદનીશ વ્યાખ્યાતાઓની જગ્યાઓ ભરેલી છે અને ૩૪ મદદનીશ વ્યાખ્યાતાની જગ્યાઓ ખાલી છે. યુ.જી.સી.ના નોર્મ્સ પ્રમાણે જ્યારે પ્રધ્યાપકોની ભરતી કરવાની થાય ત્યારે પી.એચ.ડી. માગતા હોય છે અને પી.એચ.ડી. થયેલા ઉમેદવારો ન મળી શકતા હોવાના કારણે મદદનીશ પ્રાધ્યાપકો તરીકે આપણે આ લોકોની ભરતી કરતા હોઇએ છીએ.

શ્રી પરબતભાઇ સ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, જે કોલેજો છે એમાં આર્ટસ, કોમર્સ અને સાયન્સમાં સેમેસ્ટરવાઇસ ફીનું ધોરણ શું છે? અને ૨૦૦૨ પહેલા સરકારી કોલેજો કેટલી હતી ૨૦૦૨ પછી કેટલી નવી સરકારી કોલેજો આ સરકારે આપી?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્યતઃ સરકારી કોલેજોમાં આર્ટસમાં ૧૨૬૦, કોમર્સમાં ૧૨૬૦ અને સાયન્સમાં ૧૧૦૦ રૂપિયાની ફી છે. બિન સરકારી કોલેજોમાં આર્ટસમા ૧૪૦૦, કોમર્સમાં ૧૪૦૦ અને સાયન્સમાં ૧૫૮૫ રૂપિયા ફી હોય છે. સ્વનિર્ભર કોલેજોમાં આર્ટસમાં ૪૦૦૦, કોમર્સમાં ૪૦૦૦ અને સાયન્સમાં ૭૫૦૦ રૂપિયા ફી છે. રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રીએ દરેક તાલુકાની અંદર સરકારી કોલેજ કરવાનો નિર્ણય કર્યો છે. વખતો વખત આ કોલેજો કરતા જઇએ છીએ અને આજે તાલુકાવાર કોલજની સ્થિત તમારે ત્યાં જોઇએ તો સ્વનિર્ભર ૨૦૦૨ પછીની વાત કરું તો અમીરગઢમાં ૧ કોલેજ, દાંતામાં ૧, પાલનપુરમાં ૪, ડીસામાં ૨, ધાનેરામાં ૧, ભાભરમાં ૨, થરાદમાં ૩, વાવમાં ૧, વડગામમાં ૧ એમ કુલ મળીને ૧૬ કોલેજોને ૨૧ ફેકલ્ટીઓ આ અમારી સરકાર આવ્યા પછી જ થઇ છે. કુલ ૧૪ તાલુકા છે. પહેલા કશું જ ન હતું એમ મેં પહેલા જ કહ્યું પણ અત્યારે બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકા છે એમાં ૫ તાલુકામાં માત્ર કોલેજ નથી અને એમાં નવા વિભાજન પ્રમાણે ૨ તાલુકા નવા બન્યા એટલે ૫ છે નહીં તો ૩માં ન હતી અને બીજી માહિતી પણ આ ગૃહને આપવી છે. દર વખતે ૧૦ કોલેજ દરેક જિલ્લામાં અલગ અલગ જગ્યાએ રાજય સરકારે આપવાનો નિર્ણય કર્યો છે. આ વખતે રાજયમાં ૧૦ નવી કોલેજો આપી છે એમાં અમરેલીના લીલીયામાં, બોટાદમાં બરવાળામાં, ભાવનગરમાં ગારિયાધારમાં, સુરતમાં ઉંમરપાડામાં, જામનગરમાં ખંભાળિયામાં, પાટણમાં સાંતલપુરમાં,

પંચમહાલમાં મોરવા હડપમાં, સુરેન્દ્રનગરમાં પાટડીમાં, વડોદરામાં ક્વાટમાં અને માંડલ એમ ૧૦ તાલુકામાં કોલેજ આપવામાં આવી છે. દરેક તાલુકાને કોલેજ આપવાનો રાજ્ય સરકારનો નિર્ણય છે.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખુદ સ્વીકાર્યું છે કે, બનાસકાંઠા જિલ્લામાં કશુ હતું જ નહિ, આ ગૃહમાં આપના મારફતે વારંવાર અમે રજૂઆત કરીએ છીએ કે, બનાસકાંઠા જિલ્લાના વિકાસમાં આજ દિવસ સુધી ૨૦ વરસમાં તમારે જે કરવાનું હતું તે થયું નથી તે વાત તમે સ્વીકારો છો, મારો સીધો સવાલ છે કે અત્યારે પણ જે ગ્રાન્ટેડ સરકારી કોલેજો મંજૂર થઇ છે એમાં સ્ટાફ નથી દાખલા સાથે કહું તો થરાદમાં સાયન્સ કોલેજ છે ત્યાં સ્ટાફ નથી, થરાદના વિદ્યાર્થીઓ બીજે ભણવા જાય છે, જગાણાની અંદર એન્જીનીયરીંગ કોલેજ છે ત્યાં પણ પૂરતો સ્ટાફ નથી અને સ્ટાફના અભાવે વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગડે છે તો કેટલા સમયમાં સરકાર ખાલી સ્ટાફ પૂરવા માગે છે?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : કોઇ વિદ્યાર્થીઓનું ભવિષ્ય બગડતું નથી, મદદનીશ પ્રાધ્યાપકોથી દરેક જગ્યાઓ ભરવાનો પ્રયત્ન રાજ્ય સરકારે કર્યો છે. મેં કહ્યું તેમ પી.એચ.ડી.ના માન્ય ધોરણો હોવાના કારણે જ્યારે પ્રાધ્યાપકો નથી મળતા ત્યારે રાજ્ય સરકાર મદદનીશ પ્રાધ્યાપકોની નિમણૂંક કરે જ છે, એટલે વિદ્યાર્થીઓનું ભવિષ્ય ક્યાંય બગડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને મેં જે વાત કરી એ ૨૦૦૨ પછીની પરિસ્થિતિની કરી, પહેલાં કશું નહોતું એ હું ગૃહને કહું છું.

શ્રી મણીલાલ જે. વાઘેલા : આ જે ૧૬ કોલેજો પ્રશ્નના જવાબમાં આપી છે પરંતુ વડગામ તાલુકામાં સરકારી એક પણ કોલેજ નથી, હમણાં સ્વનિર્ભર કોલેજ ખુલી છે વડગામ, દાંતા અને અમીરગઢ એ ટ્રાયેબલ અને હરિજનનો બેલ્ટ છે ત્યાં વિદ્યાર્થીઓ ફી ભરીને ભણી શકે તેમ નથી એટલા માટે કહું છું કે તમે બજેટમાં જે અગિયાર કોલેજો હમણાં નવી મંજૂર કરી છે તો એમાં વડગામ તાલુકામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ ફેકલ્ટીની કોલેજો આપવા માગો છો કે કેમ?

પ્રો વસુબેન ન. ત્રિવેદી : આ તો એમનું સૂચન છે પણ મેં અગાઉ કહ્યું તેમ આ રાજ્ય સરકાર વિસ્તારોના વિદ્યાર્થીઓની આવશ્કયતાને ધ્યાનમાં રાખીને દરેક તાલુકામાં સરકારી કોલેજો કરવા માટે કટિબદ્ધ છે. બીજું જ્યાં કોલેજ નથી ત્યાંના નજીકના તાલુકામાં અને નજીકના તાલુકામાં ના હોય તો સરકારી મહેકમને આધારિત જ સરકારી કોલેજોમાં મહેકમ વધારીને એકસટેન્શન સેન્ટર શરૂ કરવાનું આયોજન રાજ્ય સરકારે કરેલું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જે તાલુકામાં કોઇપણ વ્યવસ્થા ના હોય, સરકારી અનુદાનિત કે સ્વનિર્ભર. માનનીય મુખ્યમંત્રીશ્રીની સૂચના અનુસાર અમે એ તાલુકા અલગ ફાળવ્યા છે અને એમાંથી જેટલા તાલુકામાં આ ત્રણમાંથી એક પણ વ્યવસ્થા ના હોય અને પછાત હોય એની પ્રાયોરિટી નક્કી કરી અને એ પ્રાયોરિટીમાં દસ આ વખતે મંજૂર કરેલ છે એટલે એ પ્રાયોરિટીના આધારે મણીભાઇ તમને પણ ભવિષ્યમાં તક મળશે.

કચ્છ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૭૬૫૩ શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૧૨૪૩૮.૪૦ હેકટર અને ૮૦૩૧.૪૪ હેકટર મળી કુલ ૨૦૪૬૯.૮૪ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં અનુક્રમે રૂ. ૪૦૦૯.૫૯ લાખ અને રૂ. ૨૫૧૩.૫૦ લાખ મળી કુલ રૂ. ૬૫૨૩.૦૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

શ્રી રમેશભાઇ વ. મહેશ્વરી: માનનીય અધ્યક્ષશ્રી, ક્ષેત્રીય વનિકરણમાં રાજ્ય સરકારે ૬૫૨૩.૦૯ લાખનો ખર્ચ કરેલ છે, મારે આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, આ કચ્છ જિલ્લામાં ક્ષેત્રીય વનિકરણ કઇ કઇ યોજનામાં છે અને છેલ્લાં બે વરસમાં કેટલું ખર્ચ થયેલ છે અને કેટલું વાવેતર થયેલ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કચ્છ જિલ્લામાં કઇ યોજનામાં છેલ્લાં બે વરસની અંદર યોજનાવાર વાવેતરની માહિતી માગી છે એમાં નવ જેટલી યોજનાઓ છે. ભૂમિ અને ભેજ સંરક્ષણની અંદર ૫૩૨૫ હેકટરની અંદર ૫૬.૭૧ લાખનું રોપાનું વાવેતર કરેલું છે અને ૨૦૧૪–૧૫ની અંદર ૨૫૨૪ હેકટરની અંદર ૧૭.૮૩ લાખનું વાવેતર કરેલું છે કુલ વિસ્તાર ૭૮૪૯ છે અને તેરમા નાણા પંચની અંદર ૨૦૦ હેકટરની અંદર બે લાખ રોપાઓનું વાવેતર કરેલું છે અને ૨૦૧૪–૧૫માં ૨૫૦ હેકટરની અંદર ૨.૫૦ લાખ રોપાઓનું વાવેતર કરેલું છે. ૨.૫૦ લાખ રોપાનું વાવેતર કર્યુ છે. રાષ્ટ્રીય વનીકરણ કાર્યક્રમ એફ.ડી.એ. યોજના અંતર્ગત ૧૩૦ હેકટરની અંદર ૧ લાખ ૫ હજાર રોપાનું વાવેતર કર્યુ છે. ૧૪–૧૫ની અંદર ૪૦૦ હેકટરની અંદર ૩ લાખ ૫૪ હજાર રોપાનું વાવેતર કર્યુ છે કુલ ૫૩૦ હેકટરની અંદર વાવેતર કર્યુ છે. શહેર વાવેતર ૭૦૦ હેકટરની અંદર ૫ લાખ ૧૫ હજાર રોપાનું વાવેતર કર્યુ છે અને ૧૪–૧૫માં ૨૦૦ હેકટરની અંદર વાવેતર કરેલુ છે અને કેમ્પા સીસ્ટમથી ૭૩૧.૪૦ હેકટરની અંદર વાવેતર કર્યુ છે અને ૩ લાખ ૨ હજાર રોપાનું વાવેતર કર્યુ છે. ૧૪–૧૫ની અંદર ૪૪૭.૪૪ હેકટરમાં વાવેતર કર્યુ છે, ૪ લાખ ૮૫ હજાર રોપાનું વાવેતર કર્યુ છે કુલ ૧૧૭૮.૮૪ હેકટરની અંદર વાવેતર કર્યુ છે.

માનનીય અધ્યક્ષશ્રી,વળતર વનીકરણ લેન્ડ બેન્ક માધ્યમથી ૬૭૭ હેકટરની અંદર ૧૧ લાખ ૨૮ હજાર રોપાનું વાવેતર કર્યુ છે.૧૪–૧૫ની અંદર ૬૧૦ હેકટરની અંદર વાવેતર કર્યુ છે ૧૦ લાખ અને ૧૬ હજાર રોપા રોપ્યા છે. ૧૨૮૭ હેકટરની અંદર કુલ

બે વર્ષની અંદર વાવેતર કર્યું છે. ગૂગળ પ્રોજેકટ યોજના અંતર્ગત ૨૭૫ હેકટરની અંદર ૩ લાખ અને ૬ હજાર રોપા રોપ્યા છે. ૧૪–૧૫માં ૩૨૫ હેકટરમાં ૩ લાખ ૬૧ હજાર રોપા રોપ્યા છે કુલ ૬૦૦ હેકટરની અંદર વાવેતર કર્યું છે. આઇ.સી.ઝેડ એમ ચેરનું વાવેતર ૩૮૦૦ હેકટરની અંદર ૩ લાખ ૮૦ હજાર રોપાનું વાવેતર કર્યું છે અને ૧૪–૧૫માં ૨૭૫૦ હેકટરની અંદર ૨ લાખ ૭૫ હજાર રોપાનું વાવેતર કર્યું છે કુલ મળીને ૬૫૫૦ હેકટરની અંદર વાવેતર કર્યું છે. ઘાસચારા માટે બન્ની વિસ્તારોની અંદર ૬૦૦ હેકટરની અંદર વાવેતર કર્યું છે.

શ્રી પંકજ અ. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, દેશના સૌથી મોટા એવા કચ્છ જિલ્લાની અંદર સહભાગી વન વ્યવસ્થા હેઠળ કેવા પ્રકારની કામગીરી કરવામાં આવે છે ? અને આ જે સહભાગી વન વ્યવસ્થા અંતર્ગત આજીવિકાની વૃદ્ધિ થાય તેવા પ્રકારની કોઇ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવતી હોય તો તેની વિગતો આપવા વિનંતી કરું છું.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ જિલ્લાની અંદર સહભાગી વ્યવસ્થા હેઠળ વન મંડળીઓ દ્વારા કુલ ૧૯૪૫૫ હેકટરની અંદર કામ કરેલ છે. ૧૬૩ જેટલી વન મંડળીઓ આજે કાર્યરત છે. ૨૮૪ જેટલા ગામોનો તેની અંદર સમાવેશ થયેલો છે તેમાં ૧૮૬૪૨ પરિવારો પણ આવેલા છે અને ૩૭૦૬૦ જેટલા કુલ મળીને તેના સભ્યો છે. તેમાંથી સ્ત્રી સભ્યો ૧૮૩૦૫ છે અને પુરુષ સભ્યો ૧૮૭૫૫ છે અને ૧૬૩ મંડળીઓ રજિસ્ટ્રેશન થયેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ એ પણ જાણવા માગ્યુ છે કે, સહભાગી વન વ્યવસ્થા અંતર્ગત આજીવિકા વૃદ્ધિ માટે કેવી કામગીરી કરવામાં આવે છે? એ વિસ્તારની અંદર એકત્રિત કરેલા મધનું એકત્રિકરણ અને વેચાણ, ઘાસનું એકત્રિકરણ અને વેચાણ, જલાઉ કાઠીનું એકત્રિકરણ અને વેચાણ, ક્ષમસાવર્ધન માટેની તાલીમ, ઉત્પાદનની ગુણવત્તા વધારવાનું આયોજન, બજાર જોડેના સીધા સંપર્ક માટે પ્રયત્ન કરવાની કામગીરી કરે છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે, વન વિસ્તારમાં કયા કયા મોડેલ હેઠળ વાવેતર કરવામાં આવે છે ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, વન વિસ્તારની અંદર કુલ મળીને ૨૦ જેટલા મોડેલો અંતર્ગત કામગીરી કરવામાં આવે છે. તેમાં એક forest improvement in dense forest, બીજું gap plantation and open forest, forest development integration forest landમાં teak, ખેર, bamboo વાવેતર, વાંસ વાવેતર, ઔદ્યોગિક રોપાઓયુકત canopy, bamboo augmentation, બાંબુનું વાવેતર, ઇકો રજિસ્ટેશન મોડેલ, D.F.માં કોસ્ટલ બોર્ડરની અંદર પ્લાન્ટેશન, બાંબુ પ્લાન્ટેશન, વાંસ વાવેતર, મીકસ વાવેતર, અશોકાવન, બાંબુ પ્લાન્ટેશન વગેરે જેવી ૨૦ પદ્ધતિથી વાવેતર કરવામાં આવે છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું તો ચેરના કુલ કેટલા વૃક્ષ વાવ્યા? તેમાં કેટલા હયાત છે અને એક વૃક્ષ પાછળ કેટલો ખર્ચ થયો તે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું.

શ્રી બચુભાઇ મ. ખાબડ : ચેરના રોપા બે વર્ષમાં વાવવામાં આવેલ નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : તમારા જવાબમાં કહ્યું છે કે ચેરના આટલા વાવ્યા છે. તમે અલગ અલગ યોજનાઓના ભાગ રૂપે કહ્યું.

શ્રી બચુભાઇ મ. ખાબડ : તેમાં મોડેલવારની વાત કરી છે. આપ અલાયદી નોટિસ આપશો તો ચેરના રોપાનો જવાબ મળશે.

શ્રી જવાહરભાઇ પે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦,૪૬૯ હેકટરમાં વાવેતર થયું છે. ખર્ચ ૬,૫૨૩ લાખ. એક હેકટરનો ખર્ચ ૩,૧૩,૦૦૦ ઉપર થાય છે. હું એક બાગાયત વિસ્તારમાંથી આવું છું. આટલો વાવવાનો ખર્ચ અમને આંબાનો નથી થતો. એટલો તમે બાવળમાં કર્યો છે. એમાંથી કેટલા રોપા ઉજરી ગયા અને કેટલા રોપા ગુજરી ગયા એ જાણવું છે.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૧૩–૧૪માં કુલ રોપા ૯૧,૦૭,૦૦૦નું વાવેતર કર્યું હતું. તે પૈકી ૭,૩૨,૦૦૦ રોપાઓ જીવંત છે. ૨૦૧૪–૧૫માં ૪૫,૨૪,૦૦૦ રોપાનું વાવેતર કર્યું હતું તે પૈકી ૪૦,૬૯,૦૦૦ રોપાઓ આજે જીવંત છે.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા જાણવા માગું છું કે દર વખતે માનનીય મંત્રીશ્રી આટલા હેકટરમાં આટલા રોપા વાવ્યા એવું જણાવે છે. તો હું એ પૂછવા માગું છું કે આખા કચ્છ જિલ્લામાં એવી કેટલા હેકટર જમીન છે કે તેમાં આપણે રોપાઓનું વાવેતર કરી શકીએ. દર વખતે આંકડાની માયાજાળમાં આપણે પડવું નથી. ભવિષ્યમાં કેટલા હેકટર જમીન કચ્છમાં રોપાના વાવેતર માટે બાકી રહી જાય છે?

ઉપાધ્યક્ષશ્રી : જમીનનો પ્રશ્ન આમાં આવતો નથી. રોપાઓની વાત છે. આપની પાસે જવાબ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : રોપાનો પ્રશ્ન છે, જમીનનો પ્રશ્ન નથી.

### રાજકોટ અને મોરબી જિલ્લામાં રેશનકાર્ડ વિભાજન

* ૧૭૫૭૫ શ્રી ભોળાભાઇ ગોહેલ(જસદણ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજકોટ અને મોરબી જિલ્લામાં છેલ્લા બે વર્ષ દરમ્યાન તાલુકાવાર રેશનકાર્ડ | (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ૨૯૯૯૩ તેમજ મોરબી જિલ્લામાં |

| | |
|---|---|
| વિભાજનની કેટલી અરજીઓ આવી, | ૭૨૪૨ રેશનકાર્ડ વિભાજનની અરજીઓ આવી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી અરજી પરત્વે રેશનકાર્ડ વિભાજન કરવામાં આવ્યા અને કેટલી અરજીઓમાં વિભાજન કરવાની કાર્યવાહી કરવી બાકી છે, અને | (૨) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ જિલ્લામાં ૨૯૯૯૩ તેમજ મોરબી જિલ્લામાં ૭૨૪૨ રેશનકાર્ડ વિભાજન કરવામાં આવ્યા. રાજકોટ જિલ્લામાં તેમજ મોરબી જિલ્લામાં કોઈ અરજીઓની વિભાજન કરવાની કાર્યવાહી બાકી નથી. |
| (૩) બાકી હોય તો તે પાછળના કારણો શાં છે અને ક્યાં સુધીમાં રેશનકાર્ડ વિભાજનની કાર્યવાહી પુરી કરવાનું સરકારનું આયોજન છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જસદણ અને વિંછીયા તાલુકામાં ૦થી ૧૬માં જેના બી.પી.એલ.માં નામ છે છતાં તેમને બી.પી.એલ. રેશનકાર્ડ આપવામાં આવતા નથી. તો ભવિષ્યમાં આપવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન એ પૂછવાનો કે એક કરતા વધારે ગામ જે સસ્તા અનાજની દુકાન સાથે જોડાયેલા છે તેમને નવી દુકાન આપવા માગો છો કે કેમ?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી જણાવે છે કે ૦થી ૧૬ માટે બી.પી.એલ. કાર્ડ મળતા નથી. માનનીય સભ્યશ્રીને આપના માધ્યમથી જણાવું કે આપણે પરિપત્ર એવા કર્યા છે કે ૦થીસ ૧૬ માટે કોઇ પણ કેટેગરી હોય તેને બી.પી.એલ. કાઢવા માટે કોઇ પણ પુરાવા આપવાની જરૂર નથી. કોઇ પણ સભ્યશ્રીને આવા ૦ થી ૧૬ માં રેશકનકાર્ડ ન નીકળ્યા હોય તો મને જણાવે, હું સૂચના આપીશ. ભોળાભાઇને પણ હું કહું છું કે જો આવી કોઇ યાદી હોય તો મને આપજો. ૦થી ૧૬માં તમારા રેશનકાર્ડ નીકળી જાય એ પ્રમાણેની હું સૂચના આપીશ. બીજો તેમનો પ્રશ્ન છે કે રેશનકાર્ડ માટે એક ગામમાંથી બીજે ગામ જવું પડે છે. રેશનકાર્ડની દુકાન માટે ત્રણ કિલોમીટરનું અંતર અને ૩૦૦૦ની વસતિનું ધારાધોરણ છે અને શહેર માટે ૭,૫૦૦ની વસતિનું ધારાધોરણ છે. એ પ્રમાણે આવતું હશે તો એ પ્રમાણે દુકાનની વ્યવસ્થા અમે કરીએ છીએ.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો આ દેશના વડાપ્રધાન અને પૂર્વ મુખ્યમંત્રીશ્રી આપણા નરેન્દ્રભાઇએ આ રાજ્યમાં બારકોડેડ રેશન કાર્ડ લાવીને આ રાજ્યના કરોડો રૂપિયા ભૂતિયા રેશન કાર્ડમાં જતા હતા એ રોક્યા અને અદ્યતન બાર કોડેડ રેશન કાર્ડ લાવીને સાચા ગ્રાહકોનો પરિચય કરાવ્યો છે. હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, આ અંત્યોદય કાર્ડ આપવા માટેના શું ધોરણો છે?

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, અંત્યોદય રેશન કાર્ડ માટે કોઇપણ કેટેગરીની વ્યક્તિ હોય અથવા જૂથ હોય, બીપીએલ હોય અથવા ધારણ કરતાં બીપીએલ ન પણ હોય એવા તમામ લોકોને અંત્યોદયના કાર્ડ આપવમાં આવે છે. એ ઉપરાંત તમામ આદિમ કુટુંબ હોય, બીપીએલ કાર્ડ હોય, એચઆઇવી હોય, રક્ત પિત્ત હોય, ૬૦ વર્ષની ઉંમર હોય, એમાં કોઇ વિધવા હોય, બિમાર વ્યકિત હોય, ત્યક્તા હોય, એકલવાયી સ્ત્રી કે પુરુષ હોય, જીવન નિર્વાહનું કોઇ સાધન ન હોય, એવા તમામ લોકોને અંત્યોદય કાર્ડ આપીએ છીએ.

શ્રીમતી ભાનુબેન મ. બાબરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે, રાજકોટ અને મોરબી જિલ્લામાં તાલુકાવાર કાર્ડ વિભાજનથી મૂળ રેશન કાર્ડની કેટેગરી બદલાઇ હોય અથવા એ કેટેગરીમાં કાર્ડ વિભાજન કરી આપવામાં આવ્યું હોય એવી કેટેગરીવાઇઝ વિગતો જાણવા માગું છું.

શ્રી છત્રસિંહ પૂં. મોરી : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫ તાલુકા છે એટલે એક-બે તાલુકાની અને જિલ્લાની માહિતી આપીશ. રાજકોટ તાલુકામાં ૮૨૨ એપીએલ છે. કુલ ૧૧૦૨ વિભાજન માટેની અરજીઓ આવી હતી, એમાંથી એપીએલની ૮૨૨, બીપીએલની ૨૫૦, અંત્યોદયની ૩૦ અરજીઓ મંજૂર કરી છે. આખા જિલ્લામાંથી ૨૯૯૯૩ અરજીઓ આવી હતી, એમાંથી ૨૬૩૨૯ એપીએલ કાર્ડ આપવામાં આવ્યા છે, ૩૨૭૨ બીપીએલના અને ૩૯૨ અંત્યોદયના આપવામાં આવ્યા છે.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, જે જવાબ આપ્યો છે એમાં વર્ષવાઇઝ અરજીઓ આવી છે અને એ અરજીઓનો નિકાલ થઇ ગયો છે. મારે મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, વર્ષ વાઇઝ અરજીઓ આવી છે એ વર્ષવાઇઝ કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો છે અને કાર્ડ વિભાજન વખતે બીપીએલનું કાર્ડ હોય અને ત્યારબાદ વિભાજન થયા પછી એપીએલ કાર્ડ આપવામાં આવે છે. જે પરિવાર બીપીએલ હોય અને એના પુત્રનું વિભાજનનું કાર્ડ કરવામાં આવે ત્યારે એપીએલનું કાર્ડ આપવામાં આવે છે. તો એવા કુટુંબોને બીપીએલનું કાર્ડ આપવા માગો છો કે કેમ?

શ્રી છત્રસિંહ પું મોરી : માનનીય અધ્યક્ષશ્રી, બે વર્ષના ભેગા આંકડા મારી પાસે છે. ૨૯૯૯૩ કાર્ડ વિભાજન માટે અરજી કરી. કાર્ડ વિભાજન કરી આપ્યું એમાં કેટેગરી છે, એમાં એપીએલના ૨૭૪૮૩ છે.(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : પુંજાભાઇ તમે બેસો, તમે ઇચ્છો એવો જવાબ ન મળે. એમનો જવાબ તો પૂરો થવા દો. એમનો જવાબ જ હજુ તો શરૂ થાય છે, થોડીક ધીરજ તો રાખો. પ્લીઝ.

શ્રી છત્રસિંહ પું મોરી : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પૂછ્યું છે વર્ષવાઇઝ. બે વર્ષની માહિતી સાથે આપીશ. વિભાજનના કાર્ડ માટે આવેલ અરજીઓ ૨૯૯૯૩. એમાંથી વિભાજન કર્યું એ પૈકી એપીએલના ૨૭૪૮૩, બીપીએલના ૨૨૫૭ અને અંત્યોદયના ૨૫૩ અરજીઓનું વિભાજન કરી આપ્યું છે. બીજો પ્રશ્ન એ છે કે, બીપીએલનું કાર્ડ હોય અને વિભાજન કરવા જાય ત્યારે

એપીએલ થઇ જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીને આ ગૃહ દ્વારા માહિતી આપતા મને આનંદ એટલા માટે થશે કે બી.પી.એલ. કાર્ડ હોય મોટાભાગે જો એ એ જ કેટેગરીમાં હોય તો આપણે બી.પી.એલ. કાર્ડ આપીએ છીએ પણ જો કુટુંબ વિભાજીત થતું હોય તો આપણે એની આવકમર્યાદા જોવાની હોય છે. એના કુટુંબના બાકીના જે પૂરાવા હોય છે એ જોવાના હોય છે અને એ પૂરાવા અને એની આવક બંન્નેની પૂર્તતા બરાબર થતી હોય તો આપણે બી.પી.એલ. પાત્રતા ધરાવતાને બી.પી.એલ. રેશનકાર્ડ હમણા પણ આ જવાબમાં મેં જોયું છે તો વિભાજનમાં આપ્યા જ છે એ પ્રમાણે અમે બી.પી.એલ. રેશનકાર્ડ આપીએ છીએ.

શ્રી કાંતિલાલ શી. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ મળી ગયો છે અને સો ટકા રીઝલ્ટ મોરબી તાલુકા અને રાજકોટ જિલ્લાને આપ્યું એ બદલ હું મંત્રીશ્રીને અભિનંદન આપુ છું.

પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ભૂંડ દ્વારા પાકને નુકસાન

* ૧૭૫૬૬ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ભૂંડ દ્વારા ખેતીના પાકને નુકશાનની કેટલી ફરીયાદો મળી, | (૧) |

| ક્રમ | વર્ષ | પંચમહાલ જિલ્લામાં મળેલ ફરિયાદો | મહીસાગર જિલ્લામાં મળેલ ફરિયાદો |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૩–૧૪ | ૨ | ૦ |
| ૨ | ૨૦૧૪–૧૫ | ૨ | ૩ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) મળેલ ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) માહે ડિસેમ્બર–૨૦૧૪ અંતિત પંચમહાલ જીલ્લામાં ૧૯૧ લોકોને રૂ. ૩૫.૨૩ લાખની સહાય ચુકવવામાં આવેલ છે અને ૨૦૭૧ રર્નીગ મીટર કાંટાળા તારની વાડ તૈયાર કરવામાં આવેલ છે. |
| (૩) ભૂંડથી પાકને થતા નુકસાન માટે સરકાર કોઈ વળતર આપવા માંગે છે ? | (૩) ભૂંડથી પાકને થતાં નુકશાન માટે વળતર આપવાની કોઈ જોગવાઈ નથી. |

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન તો મહીસાગર અને પંચમહાલ જિલ્લા પૂરતો સીમીત છે પણ રાજયના બધા જ સભ્યશ્રી સંમત હશે કે આખા ગુજરાતમાં ભૂંડ અને નીલગાયોનો બહુ જ ત્રાસ છે અને છેલ્લા દસ–બાર વર્ષમાં તો અમારા વિસ્તારમાં ભૂંડની વસતિમાં એટલો બધો વધારો થયો છે અને સરકાર જેમ બીજા ઘણા બધા કિસ્સામાં નંબર–વનનો દાવો કરે છે એમ આ ભૂંડની વસતિમાં પણ નંબર –વન મળી શકે એમ છે તો મારે આપશ્રી મારફત એટલું જાણવું છે કે ભૂંડની વસતિમાં એટલો બધો વધારો થાય છે અમારા વિસ્તારમાં ખેતરના રક્ષણ માટે તારની વાડ તો સમયસર મળતી નથી પણ ખેડૂતોએ જૂની સાડીઓ લાવીને ખેતર ફરતે બાંધવી પડે છે અને પાકનું રક્ષણ કરવું પડે છે તો મારે એટલું જાણવું છે કે આ ભૂંડોનો વસતિ વધારો એટલો બધો થઇ ગયો છે તો આ વસતિવધારો રોકવા માટે કોઇ આયોજન કરવા માગે છે કે કેમ? અને જો આવું આયોજન ના કરવા માગતા હોય તો ભૂંડનો સફાયો કરવા માટેનો કોઇ કોન્ટ્રાકટ આપવા માગે છે કે કેમ? ત્રીજી વાત કે આ સાડીઓથી જે રક્ષણ કરવામાં આવે છે એ સાડીઓને તારની વાડ ગણી અને એની સહાય આપવા માગે છે કે કેમ અને નુકસાની પેટે કોઇ સહાય જાહેર કરવા માગે છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે ચિંતા કરી છે સરકાર પણ એમાં ચિંતિત ચોકકસ દિશાની અંદર છે કે ખેડૂતોના પાકને નુકસાન થાય એના માટે રાજય સરકારે તારની વાડ કરવા માટે બન્ને જિલ્લાની અંદર મોટા ભાગે ૩૯૮ જેટલા ખેડૂતોને વાડ કરવા માટેની સહાય પણ આપી છે અને આગામી જેટલા પણ પગલાં લેવાના થાય એમાં સરકાર કટિબદ્ધ છે. રાજય સરકારે ૩૪૬૮ જેટલા વોર્ડન સરપંચોને પણ જે જંગલની નજીકના વિસ્તાર છે એ વિસ્તારોની અંદર એમની નિયુકિત કરીને એનો નિકાલ કરવા માટેની પણ જવાબદારીઓ સોંપી છે. માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે જે સાડીની વાડ કરવામાં આવે છે એમાં સહાય ચૂકવવાનું રાજય સરકારનું કોઇ ધોરણ નથી અને ખેતીના પાકમાં થયેલા નુકસાન પણ આપણે ચૂકવી શકતા નથી. માત્ર કાંટાવાળી તારની વાડના ધોરણો મુજબ એની સહાય ચૂકવીએ છીએ.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગુ છું કે પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં હમણા ખેડૂતોની જે વાત કરી છે એમાં કાંટાળા તારની વાડનો લાભ લેનાર ખેડૂત છે એને સહાય કઇ પદ્ધતિથી આપવામાં આવે છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે માગણી કરી, જવાબ માગ્યો છે કાંટાવાળી તારની વાડની સહાયની પદ્ધતિ શું છે એમાં સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગના ૨૦–૫–૨૦૦૫ના ઠરાવની સૂચના મુજબ અગ્ર મુખ્ય સંરક્ષકશ્રી, ગુજરાત રાજય ગાંધીનગરના ૧૨–૮–૨૦૦૫ના પત્રથી નીચે મુજબની પદ્ધતિ નકકી કરવામાં આવી છે. અરજદારની અરજી નાયબ સંરક્ષણની કચેરીએ આખરી મંજૂરી મળ્યા બાદ ખેડૂત પોતાના ખેતર ફરતે જે વાડ કરવાના છે તેના અંદાજો તૈયાર કરી મંજૂર કરાવી, કામગીરી ચાલુ કરવાનો આખરી હુકમ મેળવીને અંદાજપત્ર મુજબ નિયત અંતરે ખાડા કરી એંગલ

થાંભલા ઉભા કરવાની કામગીરી પૂર્ણ થયા પછી રેંજ ફોરેસ્ટ ઓફિસર દ્વારા ચકાસણી કરી પ્રમાણિત કર્યા પછી પ્રથમ ૨૫ ટકા રકમ ચૂકવવામાં આવે છે ત્યાર પછી ઉપરોકત પ્રથમ તબકકાની કામગીરી પૂર્ણ થયા પછી કાંટાવાળા તારની વાડ ખરીદી કરી પછી માલસામાન મટીરીયલ વગેરે સ્થળ ઉપર મૂકયા પછીના બિલો ફોરેસ્ટ ઓફિસરને સાદર કર્યા પછી તેના દ્વારા સ્થળ પર માલની ચકાસણી કરી પ્રમાણિત કરી બીજા હપ્તાના ૫૦ ટકા ચૂકવવામાં આવે છે અને ત્રીજા હપ્તા માટે કાંટાળી તારની વાડના અંદાજ મુજબના વાડ માટેના તમામ કાગળો પૂર્ણ કરી તેનું કમ્પ્લીશન સર્ટિફિકેટ રેન્જ ફોરેસ્ટરને મળ્યાથી બાકીના આખરી ૨૫ ટકા નાણા ચૂકવવાના હૂકમો કરવામાં આવે છે.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે આ માત્ર એકલા મહીસાગર કે પંચમહાલનો પ્રશ્ન નથી. સમગ્ર રાજ્યમાં આ સમસ્યા છે. પહેલા માત્ર શહેરોમાં આ સમસ્યા હતી એ સમસ્યા ઓછી થઇ અને હવે ગ્રામ્ય વિસ્તારમાં આ સમસ્યા વધી છે. જે તારની વાડ છે એ તારની વાડની અત્યારની ડિઝાઇન છે એ ડિઝાઇન પણ કામ આપતી નથી. ભૂંડ નીચેથી ખોદીને અંદર જતા હોય છે. બે ભાગ વચ્ચેની ગેપ હોય એમાંથી જતા હોય છે. આ ડિઝાઇન બદલવા માગો છો કે કેમ? અને બીજું કે પોરબંદરમાં સફળતા મળી એ જ પ્લાનીંગ સમગ્ર રાજ્યમાં અપનાવીને આ ત્રાસ હલ કરવાનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય સભ્યશ્રીએ પૂછ્યું કે તારની વાડ છે એની અંદર જગ્યા વધારે રહેવાથી જમીનમાં ખોદીને ભૂંડ જતા રહે છે. એના માટે માનનીય સભ્યશ્રીને જણાવવાનું કે એમાં ૨૦૦૫માં સુધારો કરવામાં આવ્યો છે અને ત્રણ પ્રકારની વાડ કરવાની ખેડૂતોને અનુમતિ આપીએ છીએ. તારની કાંટાળી વાડ કરવી હોય તો, પથ્થરની વાડ કરવી હોય તો અને થોરની વાડ કરવી હોય તો કરી શકાય છે. બીજો પ્રશ્ન છે એ એમનું સૂચન છે.

વિજયનગર તાલુકામાં આવેલા પોળોનો જંગલોમાં પ્રવાસન સ્થળ તરીકે જમીન

* ૧૯૩૧૩ ડૉ. અનિલ જોષિયારા(ભિલોડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં આવેલ પોળોના જંગલોમાં પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે ફોરેસ્ટ વિભાગમાંથી છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી જમીન બાંધકામ માટે લેવામાં આવી, અને | (૧) પ્રવાસન સ્થળ વિકસાવવા વન વિભાગે કોઈ જમીન ફાળવેલ નથી. |
| (૨) આ ફોરેસ્ટની જમીન છેલ્લા બે વર્ષમાં લેવા માટે ક્યારે હુકમો કરવામાં આવ્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

ડો. અનિલ જોષીયારા : માનનીય અધ્યક્ષશ્રી, મારો આ પ્રશ્ન પૂછવા પાછળનો આશય હતો કે છેલ્લા બે ત્રણ વર્ષથી ત્યાં પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની સરકાર જાહેરાતો કરે છે. દર વખતે ટેમ્પરરી તંબુની વ્યવસ્થાઓ કરવામાં આવે છે. અમારા લોકોને વિશ્વાસ ત્યારે જ બેસે કે કાંઇ પાકું કન્સ્ટ્રકશન કરવામાં આવે. છેલ્લા બે વર્ષમાં એવું કોઇ આયોજન કરવામાં આવ્યું નથી. મારો પ્રશ્ન છે કે તમે છેલ્લા બે વર્ષમાં શું શું કાર્યવાહી કરી અને એનાથી આજુબાજુના લોકોનો આર્થિક વિકાસ થાય, એમને રોજીરોટી મળે એવી શું વ્યવસ્થા કરવામાં આવી છે? અને ભવિષ્યમાં પ્લાન શું છે અને કઇ રીતે વિકસાવવા માગો છો?

શ્રી બચુભાઇ મ. ખાબડ : ત્યાં શું કામગીરી કરવામાં આવી એની માહિતી માગી છે. પોળો કેમ્પ સાઇટ વિજયનગર તાલુકામાં ૨૦૦૬ થી જાહેર થયેલું છે. સપ્ટેમ્બર ૨૦૧૦માં એને પ્રવાસીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. ૨૦૦૫-૦૬ થી આ સ્થળ પર બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે અને તાલીમાર્થીઓ અને અન્ય પ્રવાસીઓ ત્યાં આવે છે. ત્યાં જે સુવિધાઓ વિકસાવેલ છે એમાં આંતરપ્રિનિયોર સેન્ટર, ટૂરિઝમ હાટ એક યુનિટ છે, એ.સી.નો એક રૂમ છે, કાચા રૂમ અને ફોરેસ્ટના પાંચ પ્લેટફોર્મ ઉભા કરવામાં આવ્યા છે. પીવાના પાણીની, સેનિટેશનની ફેસિલિટી, બોરવેલ, ટોયલેટ બ્લોકની વ્યવસ્થા, ડાઇનીંગ અને કિચનની વ્યવસ્થા કરવામાં આવી છે. રિવરફ્રન્ટનો વિકાસ અને નેચરલ પ્રોજેક્ટના વિકાસ માટે ચેઇન લિંકિંગ ફેન્સીંગ, પ્રાણી પક્ષીઓની કૃતિઓ, પ્રવાસીઓ માટે ખાણી પીણીની વ્યવસ્થા ત્યાં કરવામાં આવેલ છે. એ વિસ્તારના સ્થાનિક લોકોને વન ખાતા સાથે જોડીને ઇકો ટૂરિઝમના માધ્યમથી આભાપુરા જે આપણી સ્થાનિક મંડળી છે એ મંડળીને આપણે કામગીરી કરીને સ્થાનિક લોકોને વન પ્રત્યેનો પ્રેમ સચવાય અને રોજગારીનું ક્ષેત્ર ઉભું થાય એ રીતની કામગીરી કરીએ છીએ.

શ્રી મંગુભાઇ છ. પટેલ : આ પોળો જ્યારથી ચાલુ થઇ છે ત્યારથી ૨૦૧૨-૧૩માં ૯૭૭૦ પ્રવાસીઓ, ૨૦૧૩-૧૪માં ૧૩૯૪૯ પ્રવાસીઓ અને ૨૦૧૪-૧૫માં ૮૧૬૪ પ્રવાસીઓ આવ્યા છે અને સ્થાનિક રોજગારી મળી રહે છે.

ઉપાધ્યક્ષશ્રી : પ્રશ્નોતરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

ભાવનગર જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે સરકારી છાત્રાલયો

* ૧૭૬૧૬ શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

| | |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં આદિજાતિની વિદ્યાર્થીનીઓ માટે કેટલાં સરકારી છાત્રાલયો કાર્યરત છે, અને | (૧) ૧ (એક). |
| (૨) તેમાં કેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરે છે? | (૨) ૫૫. |

શહેરા તાલુકામાં જર્જરીત પંચાયત ઘરો અન્વયે નવીન પંચાયત ઘરોની માંગણી

* ૧૯૨૧૧ શ્રી જેઠાભાઇ ઘે. ભરવાડ (શહેરા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા)જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શહેરા તાલુકામાં જર્જરીત જુના પંચાયત ઘરો અન્વયે નવીન પંચાયત ઘર મંજૂર કરવાની કેટલી માંગણીઓ આવી, | (૧) એકપણ માંગણી આવેલ નથી. |
| (૨) તે પૈકી કેટલા પંચાયત ઘરો મંજૂર કરવામાં આવ્યા, અને | (૨) પ્રશ્ન નથી. |
| (૩) બાકી પંચાયત ઘરો ક્યાં સુધીમાં મંજૂર કરવા માંગો છો ? | (૩) પ્રશ્ન નથી. |

કચ્છ જિલ્લામાં બંની સંરક્ષિત ક્ષેત્રનો કબજો

* ૧૮૯૦૮ શ્રી શકિતસિંહજી હ. ગોહિલ (અબડાસા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લામાં આવેલ બંની સંરક્ષિત ક્ષેત્રનો કબજો તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ વન વિભાગને મળી ન શકવાને કારણે વન વિભાગ ગાંડો બાવળ દુર કરવા તેમજ અન્ય વિકાસશીલ પ્રવૃત્તિઓ કરી શકાતું નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, | (૧) કચ્છ જિલ્લામાં આવેલ બંની સંરક્ષિત ક્ષેત્રનો કબજો તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ની સ્થિતિએ વન વિભાગને મળી ન શકવાને કારણે વન વિભાગ ગાંડો બાવળ દૂર કરવા તેમજ અન્ય વિકાસશીલ પ્રવૃત્તિઓ કરી શકતું નથી, તે હકિકત સાચી નથી. |
| (૨) ઉકત સ્થિતિએ બંની સંરક્ષિત ક્ષેત્રનો કબજો વન વિભાગને ન મળવાના શા કારણો છે, અને | (૨) બન્ની સંરક્ષિત ક્ષેત્રનો કબજો તબક્કાવાર વન વિભાગને મળવા અંગે કોઈ સમયમર્યાદા નક્કી કરવામાં આવેલ ન હોઈ, કબજો વન વિભાગને સમયસર ન મળવાના કારણો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) વન વિભાગને આ ક્ષેત્રનો ઝડપથી કબજો અપાવવા અને તેના સંરક્ષણના વિવિધ કાર્યક્રમો શરૂ કરવા શી વ્યવસ્થા કરવામાં આવી છે? | (૩) મહેસૂલ વિભાગના પરામર્શમાં આ ક્ષેત્રનો કબજો મેળવવા અને વન સંરક્ષણના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. |

સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ યોજના હેઠળ વાવેતર

* ૧૭૬૪૭ શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરત જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૫૦૨૦ હેકટર અને ૩૩૦૪ હેકટર મળી કૂલ ૮૩૨૪ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી ઓલપાડ તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કોઈ વાવેતર કરવામાં આવેલ નથી. |
| (૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

જુનાગઢ જિલ્લામાં જ્ઞાન પ્રજ્ઞા કાર્યક્રમ

* ૧૭૬૭૭ શ્રી મહેન્દ્રભાઇ લી. મશરૂ(જૂનાગઢ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સર્વ શિક્ષા અભિયાન અન્વયેના ''પ્રવૃત્તિ દ્વારા જ્ઞાન-પ્રજ્ઞા'' કાર્યક્રમ હેઠળ જૂનાગઢ જિલ્લામાં તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ કેટલી શાળાઓમાં બાળકોને શિક્ષણ | (૧) ૭૩૮ શાળાઓ. |

આપવામાં આવે છે,

| | |
|---|---|
| (૨) તે હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા બાળકોને શિક્ષણ આપવામાં આવ્યુ, અને | (૨) ૩૬,૫૩૭ બાળકો. |
| (૩) તે હેઠળ ઉક્ત સ્થિતિએ કેટલા ધોરણનો સમાવેશ કરવામાં આવ્યો? | (૩) ધો. ૧ થી ૫. |

પંચમહાલ જિલ્લામાં ડિપ્લોમા ઈજનેરી કોલેજો

* ૧૭૬૭૫ શ્રીમતી નિમીષાબેન મ. સુથાર (મોરવા હડફ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કુલ કેટલી ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) સરકારી કોલેજ ૦૧<br>અનુદાનિત કોલેજ ૦૦<br>સ્વનિર્ભર કોલેજ ૦૧<br>કુલ ૦૨ |
| (૨) આ બધી જ કોલેજોની મંજુર થયેલ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૪૮૦. |
| (૩) તે પૈકી સન ૨૦૧૪–૧૫ના વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) ૪૭૨. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી ડિપ્લોમા ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૪) ૦૮. |

રાપર તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૭૬૪૮ શ્રી પંકજ અ. મહેતા (રાપર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૯૩૦ હેક્ટર અને ૯૫૫ હેક્ટર મળી કૂલ ૧૮૮૫ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૨) સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં અનુક્રમે રૂ. ૫૧૬.૦૫ લાખ અને રૂ. ૪૨૫.૪૫ લાખ મળી કૂલ રૂ. ૯૪૧.૫૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

રાજકોટ જિલ્લામાં સળંગ એકમ યોજના હેઠળની શાળાઓ

* ૧૭૬૮૧ શ્રી બાવનજીભાઈ હ. મેતલીયા (ટંકારા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સળંગ એકમ યોજના હેઠળ વર્ષ ૨૦૧૪માં રાજકોટ જિલ્લામાં કેટલી શાળાઓને ધો. ૧૧ ના પ્રથમ ક્રમિક વર્ગની મંજૂરી આપવામાં આવી, | (૧) વર્ષ ૨૦૧૪માં ધોરણ–૧૧ પ્રથમ ક્રમિક વર્ગની મંજૂરી આપવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે. |
| (૨) આ પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) સામાન્ય પ્રવાહની કેટલી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

પાટણ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસો

* ૧૭૬૮૭ શ્રી નાગરજી હ. ઠાકોર(રાધનપુર) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) પાટણ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સને ૨૦૧૪ના વર્ષમાં કૂલ કેટલા નવા કેસો દાખલ થયા, | (૧) ૨૨૨. |
| (૨) તે વર્ષમાં કેટલા કેસોનો નિકાલ થયો, | (૨) ૧૫૭. |
| (૩) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કૂલ કેટલા કેસો પડતર છે, અને | (૩) ૨૧૨. |
| (૪) બાકી કેસોના ઝડપી નિકાલ માટે શું વ્યવસ્થા કરેલ છે? | (૪) (૧) કમિશન કક્ષાએથી જિલ્લા ફોરમોના પ્રમુખશ્રીઓને જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં |

આવે છે.

(૨) રાજ્ય કક્ષાએ યોજાતા સેમીનારમાં પ્રમુખશ્રી રાજ્ય કમિશન દ્વારા સમીક્ષા કરી બાકી કેસોનો નિકાલ કરવા જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે.

## મહેસાણા જિલ્લામાં ઈકો ટુરીઝમનો વિકાસ

* ૧૭૬૫૪ શ્રી નારાયણભાઇ લ. પટેલ (ઉંઝા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યાં ક્યાં સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) થોળ પક્ષી અભયારણ્ય. |
| (૩) તે પાછળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૩) રૂ. ૪૮.૧૬ લાખ. |

## ભરૂચ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૭૬૪૫ શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૨૮૮૧ હેક્ટર અને ૧૯૪૧ હેક્ટર મળી કૂલ ૪૮૨૨ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી વાગરા તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કૂલ ૧૨૩૫ હેક્ટર. |
| (૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ? | (૩) સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં અનુક્રમે રૂ. ૩૨૫.૩૫ લાખ અને રૂ. ૧૨૯.૩૫ લાખ મળી કૂલ રૂ. ૪૫૪.૭૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

## કરજણ તાલુકામાં ચીજ વસ્તુનું વિતરણ

* ૧૭૬૮૪ શ્રી સતીષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં અંત્યોદય યોજનામાં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા જથ્થામાં ઘઉં, ચોખા, ખાંડ, ખાદ્યતેલ અને આયોડીનયુક્ત મીઠાનું કેટલું વિતરણ કરવામાં આવ્યું,

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં અંત્યોદય યોજનામાં નીચે મુજબ જન્સીવાર છેલ્લા એક વર્ષમાં વિતરણ કરવામાં આવેલ છે.

| જન્સી | વિતરણ કરેલ જથ્થો |
|---|---|
| ઘઉં | ૭૭૫.૦૦૦ મે.ટન |
| ચોખા | ૬૫૨.૦૦૦ મે.ટન |
| ખાંડ | ૭૪.૦૦૦ મે.ટન |
| ખાદ્યતેલ | ૭૪૫૨ પાઉચ (૧ લીટરના) |
| આયોડીનયુક્ત મીઠું | ૪૨.૦૦૦ મે. ટન |

(૨) તે કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) નીચે મુજબના ભાવે જન્સીવાર વિતરણ કરવામાં આવેલ છે.

| જન્સી | વિતરણ ભાવ રૂ. માં |
|---|---|
| ઘઉં | ૨.૦૦ પ્રતિ કિલો |
| ચોખા | ૩.૦૦ પ્રતિ કિલો |
| ખાંડ | ૧૩.૫૦ પ્રતિ કિલો |
| ખાદ્યતેલ | ૪૮.૦૦ પ્રતિ પાઉચ |
| આયોડીનયુક્ત મીઠું | ૧.૦૦ પ્રતિ કિલો |

(૩) કેટલા લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં

(૩) ૩૪૩૨ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું.

આવ્યું?

જામનગર જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૧૭૬૮૯ શ્રી ચીમનભાઇ ઘ. શાપરીયા(જામજોધપુર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) જામનગર જિલ્લામાં નવા રેશનકાર્ડ માટે કેટલી અરજીઓ તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને

(૪) અરજીઓ પડતર રહેવાના કારણો શા છે?

જવાબ

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની ૮૩૨૪ અરજીઓ મળી.

(૨) તે પૈકી ૮૩૨૪ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો.

(૩) કોઈ અરજી પડતર રહેલ નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

બોરસદ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો

* ૧૭૬૨૭ શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે?

જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ આણંદ જિલ્લાના બોરસદ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૩૩ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૩૩ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૩) તે પૈકી ૨૮ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવેલ છે.

દાહોદ જિલ્લામાં કોલેજોમાં મંજૂર મહેકમ

* ૧૭૫૬૩ શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં આવેલ સરકારી આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજોમાં સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી કોલેજવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) કોલેજવાર કેટલી જગ્યાઓ સંવર્ગવાર ક્યારથી ખાલી છે, અને આવી ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

જવાબ

(૧) સંવર્ગવાર મંજૂર મહેકમ.

| ક્રમ | સંવર્ગનું નામ | આર્ટસ | કોમર્સ | સાયન્સ | મંજુર |
|---|---|---|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૨ |
| ૨ | વર્ગ–૨ | ૦૮ | ૦૦ | ૦૬ | ૧૪ |
| ૩ | વર્ગ–૩ | ૦૫ | ૦૦ | ૦૩ | ૦૮ |
| | કુલ | ૧૪ | ૦૦ | ૧૦ | ૨૪ |

(૨) કોલેજવાર ભરાયેલ જગ્યાઓ

| ક્રમ | કોલેજનું નામ | મંજુર | ભરાયેલ |
|---|---|---|---|
| ૧ | સરકારી વિજ્ઞાન કોલેજ, ઝાલોદ | ૧૦ | ૦૭ |
| ૨ | સરકારી આર્ટસ કોલેજ, ધાનપુર | ૧૪ | ૦૮ |
| | કુલ | ૨૪ | ૧૫ |

(૩) પત્રક–૧ મુજબ.

પત્રક–૧

| ક્રમ | જિલ્લાનું નામ | કોલેજનું નામ | સંવર્ગનું નામ | મંજુર | ભરાયેલ | ખાલી | ક્યારથી ખાલી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧. | દાહોદ | સરકારી સાયન્સ કોલેજ, ઝાલોદ | આચાર્ય | ૦૧ | ૦૦ | ૦૧ | જુન–૨૦૦૮ |
| | | | મદદનીશ પ્રાધ્યાપક | ૦૬ | ૦૬ | ૦૦ | –– |
| | | | શ્રેયાન કારકુન | ૦૧ | ૦૦ | ૦૧ | ૧૦–૦૯–૧૩ અવસાનથી |
| | | | કનિયાન કારકુન | ૦૨ | ૦૧ | ૦૧ | જુન–૨૦૦૮ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | કુલ | ૧૦ | ૦૭ | ૦૩ | |
| ૨. | | સરકારી આર્ટસ કોલેજ, ધાનપુર | આચાર્ય | ૦૧ | ૦૦ | ૦૧ | જુન-૨૦૧૨ |
| | | | મદદનીશ પ્રાધ્યાપક | ૦૮ | ૦૬ | ૦૨ | જુન-૨૦૧૩ |
| | | | પીટીઆઈ | ૦૧ | ૦૦ | ૦૧ | જુન-૨૦૧૨ |
| | | | ગ્રંથપાલ | ૦૧ | ૦૦ | ૦૧ | જુન-૨૦૧૩ |
| | | | મુખ્ય કારકુન | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| | | | શ્રેયાન કારકુન | ૦૧ | ૦૦ | ૦૧ | જુન-૨૦૧૨ |
| | | | કનિયાન કારકુન | ૦૧ | ૦૧ | ૦૦ | -- |
| | | | કુલ | ૧૪ | ૦૮ | ૦૬ | |

આ ખાલી જગ્યાઓ બનતી ત્વરાએ ભરવામાં આવશે.

સ્વચ્છ ગામ યોજના અંતર્ગત વડગામ તાલુકાને ગ્રાન્ટ

* ૧૯૧૮૯ શ્રી મણીલાલ જે. વાઘેલા(વડગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

સ્વચ્છ ગ્રામ-સ્વસ્થ ગ્રામ યોજના અંતર્ગત તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડગામ તાલુકાના કયા ગામોને કેટલી ગ્રાન્ટ આપવામાં આવી?

જવાબ

| વર્ષ | ગ્રામ પંચાયતની સંખ્યા | ફાળવેલ કુલ ગ્રાન્ટ (રકમ રૂપિયામાં) |
|---|---|---|
| ૨૦૧૩-૧૪ | ૫૮ | ૪૫૩૨૭૦૪.૦૦ |
| ૨૦૧૪-૧૫ | ૪૭ | ૩૭૫૦૦૦૦.૦૦ |
| | કુલ | ૮૨૮૨૭૦૪.૦૦ |

(ગ્રામ પંચાયતવાઈઝ *પરિશિષ્ટ-૧ અને *પરિશિષ્ટ-૨ મુજબ.)

(*પરિશિષ્ટો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

ગીર સોમનાથ જિલ્લામાં પંચાયતની જમીન પર ગેરકાયદેસર દબાણ

* ૧૯૨૨૩ શ્રી પુંજાભાઈ ભી. વંશ(ઉના) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર પંચાયતની કેટલી જમીન ઉપર ગેરકાયદેસર દબાણ થયેલ છે,

જવાબ

(૧) પંચાયતની જમીન ઉપર થયેલ ગેરકાયદેસર દબાણની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દબાણ (હે.આરે.ચોમી) |
|---|---|---|
| ૧ | વેરાવળ | ૩૪૬.૧૧.૩૮ |
| ૨ | સૂત્રાપાડા | ૭૩૩.૪૭.૦૧ |
| ૩ | તલાલા | ૧.૦૨.૯૧ |
| ૪ | કોડીનાર | ૧.૩૯.૦૦ |
| ૫ | ઉના | ૯૭.૫૯.૪૫ |

(૨) આ ગેરકાયદેસર દબાણો દૂર કરવા છેલ્લાં બે વર્ષમાં પંચાયત વિભાગ કે તેની તાબા હેઠળની કચેરીઓ દ્વારા શાં પગલાં લીધાં, અને

(૨) ગેરકાયદેસર દબાણો દૂર કરવા માટે ગ્રામ પંચાયત કચેરીઓ દ્વારા દબાણદારોને નોટીસ આપવામાં આવેલ છે તે અન્વયે તાલુકાઓના દબાણો દૂર કરવામાં આવેલ છે. બાકી દબાણો દૂર કરવા માટે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓની માસિક બેઠકમાં નિયમિત રીતે તાલુકાવાર રીવ્યુ કરવામાં આવે છે.

(૩) તે અન્વયે પંચાયતની કેટલી જમીનમાંથી દબાણ દૂર કરવામાં આવ્યા?

(૩) પંચાયતની જમીનમાંથી દૂર કરવામાં આવેલ દબાણની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | દૂર કરેલ દબાણ (હે.આરે.ચોમી) |
|---|---|---|
| ૧ | વેરાવળ | ૧૦૬.૧૧.૩૮ |
| ૨ | સૂત્રાપાડા | ૬૭૭.૨૭.૦૧ |
| ૩ | તાલાલા | ૦.૫૧.૪૩ |
| ૪ | કોડીનાર | ૦ (કોર્ટ મેટરને કારણે) |
| ૫ | ઉના | ૨૦.૨૫.૦૦ |

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

## છોટાઉદેપુર જિલ્લામાં ચેકડેમ તથા વન તલાવડીઓ

* ૧૭૭૧૨ શ્રી મધુભાઇ બા. શ્રીવાસ્તવ(વાઘોડિયા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા ચેકડેમ અને વનતલાવડી બનાવવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં ૪૧ ચેકડેમ અને ૧૯ વનતલાવડી તેમજ ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ૬ ચેકડેમ મળી કુલ ૪૭ ચેકડેમ અને ૧૯ વનતલાવડી બનાવવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) સને ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં અનુક્રમે રૂ.૨૧૫.૨૮ લાખ અને રૂ.૨૧.૫૫ લાખ મળી કુલ રૂ.૨૩૬.૮૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

## જુનાગઢ જિલ્લામાં સંકલિત ગ્રામ વિકાસ યોજના હેઠળ દૂધાળા ઢોર ખરીદવા સહાય

* ૧૮૭૪૧ શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં સંકલિત ગ્રામ વિકાસ યોજના હેઠળ તાલુકાવાર દૂધાળા ઢોર ખરીદવા સહાય મેળવવા કેટલી અરજીઓ આવી, | (૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ જિલ્લામાં સંકલિત ગ્રામ વિકાસ યોજના હેઠળ તાલુકાવાર દૂધાળા ઢોર ખરીદવા સહાય મેળવવા કોઈ અરજીઓ આવેલ નથી. |
| (૨) તે અન્વયે કેટલા અરજદારોને આ સહાય ચૂકવવામાં આવી, અને | (૨) પ્રશ્ન રહેતો નથી. |
| (૩) કેટલી અરજીઓ નામંજુર કરવામાં આવી અને તેના શા કારણો છે? | (૩) પ્રશ્ન રહેતો નથી. |

---------

## નવસારી જિલ્લામાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ મંજુર રકમ

* ૧૭૬૩૯ શ્રી પિયુષ દિ. દેસાઇ(નવસારી) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે નાણાંકીય વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ નવસારી જિલ્લામાં કેટલી રકમ મંજુર કરવામાં આવી, અને | (૧) વર્ષ ૨૦૧૩-૧૪: ૩૦૦૬.૬૪; ૨૦૧૪-૧૫: ૨૯૩૬.૪૦ (રૂ.લાખમાં) |
| (૨) તે પૈકી કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) વર્ષ ૨૦૧૩-૧૪: ૨૨૮૪.૪૨; ૨૦૧૪-૧૫: ૧૫૯.૪૯ (રૂ.લાખમાં) |

---------

## ખેડા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો

* ૧૭૬૩૦ શ્રી કેસરસિંહ જે. સોલંકી (માતર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૪-૧૫માં ૯૪૬ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકી તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ૯૪૬ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે? | (૩) તે પૈકી ૯૩૯ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી. |

---------

## તાપી જિલ્લામાં ચેકડેમ તથા વન તલાવડીઓ

* ૧૭૭૧૫ શ્રી હર્ષ ર. સંઘવી(મજુરા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તાપી જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા ચેકડેમ અને વન તલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં ૪૬ ચેકડેમ અને ૬૭ વન તલાવડી બનાવવામાં આવેલ છે. સને ૨૦૧૪-૧૫ માં કોઈ ચેકડેમ કે વન તલાવડી બનાવવામાં આવેલ નથી.

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) સને ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં અનુક્રમે રૂ.૨૫૧.૯૦ લાખ અને શૂન્ય મળી કુલ રૂ.૨૫૧.૯૦ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## નિઝર તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો

* ૧૭૬૨૧ શ્રી મોહનભાઇ ધ. ઢોડીયા(મહુવા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાપી જિલ્લાના નિઝર તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

જવાબ

(૧) ઇન્દિરા આવાસ યોજના હેઠળ તાપી જિલ્લાના નિઝર તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૦૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ ૧૦૦ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૩) તે પૈકી ૦૬ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

---------

## ઝઘડીયા તાલુકામાં સ્વસહાય જૂથની રચના

* ૧૭૭૨૧ શ્રી પ્રફુલભાઇ છ. પાનશેરીયા (કામરેજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકીના તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી ?

જવાબ

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ ભરૂચ જિલ્લાના ઝઘડીયા તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૪૧૦ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકીના તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ ૧૪૦ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી.

(૩) તે પૈકી ૧૩૦ સ્વસહાય જૂથોને રીવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી.

---------

## પંચમહાલ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ રોજગારી

* ૧૮૦૪૬ શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ મનરેગા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલી રકમ વર્ષવાર ફાળવવામાં આવી, અને

જવાબ

(૧) તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ મનરેગા યોજના અંતર્ગત છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં નીચેની વિગતે વર્ષવાર રકમ ફાળવવામાં આવી.

(રૂપિયા લાખમાં)

| અ.નં. | જિલ્લાનું નામ | તા.૧-૨-૨૦૧૩ થી તા.૩૧-૧-૨૦૧૪ | તા.૧-૨-૨૦૧૪ થી તા.૩૧-૧-૨૦૧૫ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | પંચમહાલ | ૨૫૦૦.૦૦ | ઈ-એફ.એમ.એસ. પધ્ધતિ અંતર્ગત રાજ્ય કક્ષાના | ૨૫૦૦.૦૦ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ભંડોળમાંથી ચૂકવણા થતા હોઈ ગ્રાન્ટ ફાળવણીનો પ્રશ્ન રહેતો નથી. | |

(૨) આ ફાળવેલ રકમમાંથી વર્ષવાર વિકાસના ક્યા કામો હાથ ધરાયા અને કેટલી માનવદીન રોજગારીઓ અપાઈ ?

(૨) આ ફાળવેલ રકમમાંથી વર્ષવાર નીચેની વિગતે વિકાસના કામો હાથ ધરાયા અને માનવદિન રોજગારી અપાઈ છે.

| ક્રમ | હાથ ધરવામાં આવેલ કામોનાં પ્રકાર | આપેલ માનવદિન રોજગારી (લાખમાં) | | |
|---|---|---|---|---|
| | | તા.૧-૨-૨૦૧૩ થી તા.૩૧-૧-૨૦૧૪ | તા.૧-૨-૨૦૧૪ થી તા.૩૧-૧-૨૦૧૫ | કુલ |
| ૧ | રસ્તાના કામો | ૩.૪૧ | ૪.૨૮ | ૭.૬૯ |
| ૨ | પુર નિયત્રંણના કામો | ૪.૩૯ | ૧.૨૨ | ૫.૬૧ |
| ૩ | જળ સંરક્ષણ અને જળ સંગ્રહના કામો. | ૧.૦૧ | ૦.૧૯ | ૧.૨ |
| ૪ | દૂષ્કાળ પ્રતિરોધક કામો | ૦.૫૭ | ૦.૨૫ | ૦.૮૨ |
| ૫ | સુક્ષ્મ સિંચાઈ કામો | ૦.૦૪ | ૦.૦૦ | ૦.૦૪ |
| ૬ | પિયતની સુવિધાના કામો | ૦.૧૫ | ૦.૧૨ | ૦.૨૭ |
| ૭ | પરંપરાગત જળસ્ત્રોતના સુધારણાના કામો | ૦.૧૧ | ૦.૧૯ | ૦.૩ |
| ૮ | જમીન સુધારણાના કામો | ૦.૦૪ | ૦.૦૮ | ૦.૧૨ |
| ૯ | ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના કામો | ૨.૯૩ | ૦.૮૭ | ૩.૮ |
| ૧૦ | શૌચાલયના કામો | ૦.૪૭ | ૦.૪૪ | ૦.૯૧ |

---------

લીમખેડા તાલુકામાં બી.પી.એલ. રેશનકાર્ડની અરજીઓ

* ૧૭૬૯૯ શ્રી વીછીયાભાઇ જો. ભુરીયા (લીમખેડા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ.

જવાબ

(૧) દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ૬૯ બી.પી.એલ.

રેશનકાર્ડની અરજીઓ મળી,
(૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,
(૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને
(૪) અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે ?

રેશનકાર્ડની અરજીઓ મળેલ છે.
(૨) તમામ ૬૯ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.
(૩) કોઈ અરજી પડતર રહેલ નથી.
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

દાંતા અને અમીરગઢ તાલુકામાં વન વિસ્તારમાં રસ્તા

* ૧૭૫૯૧ શ્રી કાન્તીભાઇ કા. ખરાડી (દાંતા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકાઓ માટે તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વન વિસ્તારમાં કોઈ રસ્તાઓ મંજૂર થયેલ છે,

(૨) જો હા, તો ક્યા રસ્તાઓ મંજૂર થયેલ છે, ક્યા રસ્તાનું કામ કેટલા ખર્ચે ક્યારે પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) બાકી કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

જવાબ

(૧) જિલ્લામાં ફોરેસ્ટ રાઈટ એક્ટ–૨૦૦૬ ની કલમ–૩(૨) માળખાકીય સુવિધા અંતર્ગત દાંતા તાલુકાના ૧૦ (દશ) રસ્તાઓને મંજૂરી આપેલ છે.

(૨) અને (૩) : વન વિસ્તારમાંથી દશ (૧૦) રસ્તાઓ મંજૂર થયેલ છે, જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકો | રસ્તાનું નામ |
|---|---|---|
| ૧ | દાંતા | ગઢ–ચકુડા |
| ૨ | દાંતા | બેડા–બારવાસ |
| ૩ | દાંતા | ખેરઉંબરી |
| ૪ | દાંતા | હરીવાવ |
| ૫ | દાંતા | વશી |
| ૬ | દાંતા | વડનાલ |
| ૭ | દાંતા | માળ |
| ૮ | દાંતા | દાંતા |
| ૯ | દાંતા | મચકોડા |
| ૧૦ | દાંતા | જવરા |

અનુક્રમે (૧) અને (૨) ના ૨(બે) રસ્તાઓ રૂ.૧૦૫.૩૫ લાખના ખર્ચે માર્ગ અને મકાન વિભાગ દ્વારા પૂર્ણ કરવામાં આવેલ છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવીન જોબ નંબર મેળવવાની કાર્યવાહી ગતિમાં છે.

---------

કાલોલ તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ

* ૧૭૬૮૫ શ્રી અરવિંદસિંહ દા. રાઠોડ(કાલોલ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં.૧ ભરાઈને મળેલ,

(૨) તે પૈકી કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે,

(૩) કેટલા બાકી છે, અને

(૪) બાકી રહેવાના કારણો શાં છે ?

જવાબ

(૧) બારકોડેડ રેશનકાર્ડ માટેના ફોર્મ નં.૧ ભરાઈને પરત મેળવવાની અંતિમ તા.૩૦–૯–૨૦૧૦ હતી. પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડ માટે ૩૮૯૯૯ ફોર્મ નં.૧ ભરાઈને મળેલ હતા, તે પૈકી ૩૭૭૧૨ ફોર્મ માન્ય હતા.

(૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૩૬૮૬૧ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે.

(૩) ૮૫૧ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે.

(૪) બાકી રહેવાના કારણો નીચે મુજબ છે.
બાયોમેટ્રીક આપવા ન આવતા હોઈ કે અન્ય કારણોસર બારકોડેડ રેશનકાર્ડ મેળવવા આવતા ન હોવાથી.

---------

વાંસદા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો

* ૧૭૬૨૪ શ્રી રણજીતભાઇ મં. ગીલીટવાલા(સુરત–પૂર્વ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ નવસારી જિલ્લાના

જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ નવસારી જિલ્લાના

વાંસદા તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

વાંસદા તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૬૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ ૬૦ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી.

(૩) તે પૈકી ૫૮ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

---------

ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં સસ્તા અનાજના વિતરણમાં ગેરરીતી

* ૧૯૩૫૧ શ્રી બળદેવજી ચં. ઠાકોર(કલોલ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર સસ્તા અનાજના વિતરણમાં ગેરરીતિઓ કે હલકી ગુણવત્તાનો જથ્થો મળતો હોવાથી ફરીયાદો સરકારને મળી, અને

જવાબ

(૧) નીચે મુજબ છે.

(અ) ગાંધીનગર જિલ્લોઃ-

| નં. | તાલુકાનું નામ | મળેલ ફરીયાદોની સંખ્યા | |
|---|---|---|---|
| | | પ્રથમ વર્ષ (તા.૧-૧-૧૩ થી ૩૧-૧૨-૨૦૧૩) | બીજુ વર્ષ (તા.૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ |
| ૧ | ગાંધીનગર (ગ્રામ્ય) | ૨ | ૭ |
| ૨ | ગાંધીનગર (શહેર) | ૦ | ૧ |
| ૩ | કલોલ | ૧ | ૨ |
| ૪ | માણસા | ૦ | ૩ |
| ૫ | દહેગામ | ૧ | ૩ |
| | કુલ | ૪ | ૧૬ |

(બ) મહેસાણા જિલ્લોઃ-

| નં. | તાલુકાનું નામ | મળેલ ફરીયાદોની સંખ્યા | |
|---|---|---|---|
| | | પ્રથમ વર્ષ (તા.૧-૧-૧૩ થી ૩૧-૧૨-૨૦૧૩) | બીજુ વર્ષ (તા.૧-૧-૧૪ થી ૩૧-૧૨-૧૪ |
| ૧ | મહેસાણા | ૫ | ૩ |
| ૨ | વિસનગર | ૪ | ૦ |
| ૩ | વિજાપુર | ૫ | ૫ |
| ૪ | ઉંઝા | ૩ | ૧ |
| ૫ | બેચરાજી | ૩ | ૦ |
| ૬ | કડી | ૪ | ૦ |
| ૭ | સતલાસણા | ૧ | ૦ |
| ૮ | ખેરાલુ | ૧ | ૦ |
| ૯ | વડનગર | ૪ | ૧ |

(૨) આ મળેલ ફરીયાદો અન્વયે સરકારે શાં પગલાં લીધા ?

(૨) (અ) ગાંધીનગર જિલ્લોઃ

મળેલ તમામ ૨૦ ફરીયાદોનો નિકાલ કરીને તપાસોમાં જણાયેલ ક્ષતિ/ગેરરીતિઓને અનુલક્ષીને દુકાનદારો સામે નીચે મુજબના પગલાં લેવામાં આવ્યાં.

(૧) રૂ.૯૮,૭૮૫/-ની કિંમતનો આવશ્યક ચીજ

વસ્તુઓનો જથ્થો કબજે લીધો.
(૨) રૂ.૧,૦૮૦/- ની કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો રાજ્યસાત કર્યો.
(૩) રૂ.૨૫૦૦/- પરવાના અનામત રાજ્યસાત.
(૪) રૂ.૮,૭૬૬/- દંડ.
(૫) ૧ (એક) પરવાનો મોકુફ.

(બ) મહેસાણા જિલ્લોઃ
મળેલ તમામ ૪૦ ફરિયાદોનો નિકાલ કરેલ. ૩૨ ફરિયાદોની તપાસોમાં જણાયેલ ક્ષતિઓ/ગેરરીતિઓને અનુલક્ષીને દુકાનદાર સામે નીચે મુજબનાં પગલાં લેવામાં આવ્યાં.
(૧) રૂ.૧૬,૩૧૩/- ની કિંમતનો આવશ્યક ચીજ વસ્તુઓનો જથ્થો કબજે લીધો.
(૨) રૂ.૧૪,૩૩૮/- ની કિંમતનો આવશ્યક ચીજ વસ્તુઓનો જથ્થો રાજ્યસાત કર્યો.
(૩) રૂ.૪૩,૫૭૨/- પરવાના અનામત રાજ્યસાત.
(૪) રૂ.૯૨,૭૫૮/- દંડ.
(૫) ૧(એક) પરવાનો મોકુફ.
(૬) ૨(બે) પરવાના રદ.

---------

મોરબી અને રાજકોટ જિલ્લામાં મનરેગા યોજનામાં રોજગારી

* ૧૯૧૭૪ શ્રી મહમદજાવી અ. પીરઝાદા(વાંકાનેર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને રાજકોટ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર કેટલા માનવદિનની રોજગારી આપવામાં આવી, અને

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થયો ?

જવાબ

(૧) તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને રાજકોટ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચે મુજબના માનવદિનની રોજગારી આપવામાં આવી.

(માનવદિન લાખમાં)

| અ. નં. | જિલ્લાનું નામ | તા.૧-૨-૨૦૧૩ થી તા.૩૧-૧-૨૦૧૪ | તા.૧-૨-૨૦૧૪ થી તા.૩૧-૧-૨૦૧૫ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મોરબી | ૧.૦૯ | ૦.૭૨ | ૧.૮૧ |
| ૨ | રાજકોટ | ૭.૯૦ | ૩.૭૯ | ૧૧.૬૯ |
| | કુલ | ૮.૯૯ | ૪.૫૧ | ૧૩.૫૦ |

(૨) તા.૩૧-૧-૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી અને રાજકોટ જિલ્લામાં મનરેગા યોજના અંતર્ગત વર્ષવાર નીચે મુજબનો ખર્ચ થયો.

(ખર્ચ રૂ.લાખમાં)

| અ. નં. | જિલ્લાનું નામ | તા.૧-૨-૨૦૧૩ થી તા.૩૧-૧-૨૦૧૪ | તા.૧-૨-૨૦૧૪ થી તા.૩૧-૧-૨૦૧૫ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | મોરબી | ૧૧૫.૩૭ | ૯૨.૦૬ | ૨૦૭.૪૩ |
| ૨ | રાજકોટ | ૭૧૯.૮૫ | ૪૮૭.૫૮ | ૧૨૦૭.૪૩ |
| | કુલ | ૮૩૫.૨૨ | ૫૭૯.૬૪ | ૧૪૧૪.૮૬ |

---------

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

ડાંગ જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના

* ૧૭૭૦૭ શ્રી જનકભાઇ કાછડીયા(કરંજ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) ડાંગ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની યોજના અમલમાં છે, | (૧) હા જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના કયા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) મહાલ (કેમ્પ સાઈટ), ગીરાધોધ, પંપા સરોવર (જારસોળ), દેવીનામાળ અને અંજનકુંડ |
| (૩) તે પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે? | (૩) કુલ ૩૦.૯૮ લાખ. |

---------

ભાવનગર જિલ્લામાં જુથ ગ્રામ પંચાયતો

* ૧૭૫૮૨ શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલી જુથ ગ્રામ પંચાયતો આવેલ છે, અને

(૧)૨૩ (ત્રેવીસ) જેની તાલુકાવાર માહિતી નીચે મુજબ છે.

| તાલુકાનું નામ | જુથ ગ્રામ પંચાયતોની સંખ્યા |
| --- | --- |
| પાલીતાણા | ૪ |
| વલ્લભીપુર | ૧ |
| ગારીયાધાર | ૧ |
| તળાજા | ૧ |
| મહુવા | ૪ |
| સિહોર | ૧ |
| ઉમરાળા | ૦ |
| ભાવનગર | ૧ |
| ઘોઘા | ૧૦ |
| જેસર | ૦ |
| કુલ | ૨૩ |

(૨) જિલ્લામાં જુથ ગ્રામ પંચાયતોને વસ્તીના ધોરણે જુદી કરવા સરકારે શી કાર્યવાહી કરી ?

(૨) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ અત્રે આવી કોઈ દરખાસ્ત મળેલ ન હોઈ પ્રશ્ન નથી.

---------

અમરેલી જિલ્લામાં જળસ્ત્રાવ વ્યવસ્થા હેઠળ કૃષિ ઉત્પાદન

* ૧૭૬૧૩ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) અમરેલી જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ ઉત્પાદન વધારવા કોઈ કામગીરી હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને | (૧) હા, અમરેલી જિલ્લામાં સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમ (આઈ ડબલ્યુ એમપી) અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિ ઉત્પાદન વધારવા જળસંચયને લગતી કુલ ૧૮૩૨ કામગીરી હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) જો હા તો તાલુકાવાર કઈ કઈ કામગીરી કરવામાં આવે છે? | (૨) તાલુકાવાર *પત્રક–અ મુજબ કામગીરી કરવામાં આવેલ છે. |

---------પત્રક–અ

| ક્રમ | કામનું નામ | અમરેલી | | | બાબરા | | | લાઠી | | | લીલીયા | | | ધારી | | |
| --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- | --- |
| | | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |

| | | | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચેકડેમ | ૮ | ૧૭ | ૨૫ | ૩૩ | ૦ | ૩૩ | ૨૦ | ૧૮ | ૩૮ | ૩૧ | ૧૯ | ૫૦ | ૨૪ | ૨ | ૨૬ |
| ૨ | તળાવ | ૩૪ | ૮ | ૪૨ | ૨૩ | ૦ | ૨૩ | ૧૭ | ૧ | ૧૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | પાકાનિકલા | ૦ | ૨૨૪ | ૨૨૪ | ૦ | ૧૭૦ | ૧૭૦ | ૧૦૧ | ૫ | ૧૦૬ | ૧૦ | ૯૭ | ૧૦૭ | ૧૭૯ | ૦ | ૧૭૯ |
| ૪ | માટીપાળા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | પાક નિદેશન પ્લોટ | ૧૪ | ૧૮ | ૩૨ | ૦ | ૨૨ | ૨૨ | ૧૩ | ૧૭ | ૩૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૩ | ૨૩ |
| ૬ | ડ્રીપ સ્પ્રીંકલર | ૧૧ | ૧૨૫ | ૧૩૬ | ૧૮ | ૫૮ | ૭૬ | ૧ | ૭૨ | ૭૩ | ૯ | ૬૫ | ૭૪ | ૦ | ૧૨૬ | ૧૨૬ |
| | કુલ | ૬૭ | ૩૯૨ | ૪૫૯ | ૭૪ | ૨૫૦ | ૩૨૪ | ૧૫૪ | ૧૧૪ | ૨૬૮ | ૫૦ | ૧૮૧ | ૨૩૧ | ૨૦૩ | ૧૫૧ | ૩૫૪ |

| ક્રમ | કામનું નામ | કુકાવાવ | | | સાવરકુંડલા | | | કુલ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ | વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | કુલ |
| ૧ | ચેકડેમ | ૧૪ | ૨ | ૧૬ | ૭ | ૫ | ૧૨ | ૧૩૭ | ૬૩ | ૨૦૦ |
| ૨ | તળાવ | ૦ | ૦ | ૦ | ૨ | ૨ | ૪ | ૭૬ | ૧૧ | ૮૭ |
| ૩ | પાકાનિકલા | ૦ | ૭૫ | ૭૫ | ૦ | ૨ | ૨ | ૨૯૦ | ૫૭૩ | ૮૬૩ |
| ૪ | માટીપાળા | ૦ | ૨ | ૨ | ૦ | ૪ | ૪ | ૨ | ૭ | ૯ |
| ૫ | પાક નિદેશન પ્લોટ | ૦ | ૨૧ | ૨૧ | ૦ | ૦ | ૦ | ૨૭ | ૧૦૧ | ૧૨૮ |
| ૬ | ડ્રીપ સ્પ્રીંકલર | ૧૨ | ૪૮ | ૬૦ | ૦ | ૦ | ૦ | ૫૧ | ૪૯૪ | ૫૪૫ |
| | કુલ | ૨૬ | ૧૪૮ | ૧૭૪ | ૯ | ૧૩ | ૨૨ | ૫૮૩ | ૧૨૪૯ | ૧૮૩૨ |

## અરવલ્લી જિલ્લામાં વોટર શેડ પ્રોજેક્ટ

* ૧૮૪૩૧ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોમાં વોટર શેડ પ્રોજેક્ટ મંજુર થયા,

(૨) ઉકત સ્થિતિએ કયા ગામોના પ્રોજેક્ટ રીપોર્ટ તૈયાર કરી કયા ગામોના પ્રોજેકટો મંજુર થયા, અને

**જવાબ**

(૧) તા.૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબ ૧૭ ગામોમાં વોટર શેડ પ્રોજેક્ટ મંજુર થયા છે.

| ક્રમ | તાલુકાનું નામ | ગામોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભીલોડા | ૧૭ |
| | કુલ | ૧૭ |

(૨) ઉકત સ્થિતિએ તાલુકાવાર *પત્રક–અ મુજબ ગામોના પ્રોજેકટ રીપોર્ટ તૈયાર કરી તમામ ગામોના પ્રોજેક્ટ

મંજુર કરવામાં આવેલ છે.

પત્રક–અ

| ક્રમ | જિલ્લો | તાલુકાનું નામ | પ્રોજેક્ટનું નામ | મંજૂર થયેલ વર્ષ | ગામોની સંખ્યા | મંજૂર થયેલ ગામોના નામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | સાબરકાંઠા | ભીલોડા | ખીલોડા પ્રોજેક્ટ | ૨૦૧૩–૧૪ | ૧૭ | ચીભડીયાટા |
| ૨ | | | | | | ગઢીયા |
| ૩ | | | | | | હાથીયા |
| ૪ | | | | | | જનાલી |
| ૫ | | | | | | કરણપુર |
| ૬ | | | | | | ખારી |
| ૭ | | | | | | ખીલોડા |
| ૮ | | | | | | મેરાવાડા |
| ૯ | | | | | | મોટી બેબાર |
| ૧૦ | | | | | | નાની બેબાર |
| ૧૧ | | | | | | નાપડા(જાગીરી) |
| ૧૨ | | | | | | નાપડા(ખાલસા) |
| ૧૩ | | | | | | રૂદ્રાલ |
| ૧૪ | | | | | | શોભાયડા(જાગીરી) |
| ૧૫ | | | | | | સુનોખ |
| ૧૬ | | | | | | વાગોદરા |
| ૧ | | | | | | વાસેરા |

(૩) બાકીના રિપોર્ટ કેટલા સમયમાં પૂર્ણ થશે ?

(૩) પ્રશ્ન રહેતો નથી.

---------

બાલાસિનોર તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો

* ૧૭૬૨૮ શ્રી સુરેશભાઇ ધ. પટેલ (મણિનગર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ખેડા જિલ્લાના બાલાસિનોર તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૧૭૦ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૧૭૦ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી. |
| (૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે? | (૩) તે પૈકી ૧૬૭ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે. |

---------

તાપી જિલ્લામાં સ્વસહાય જુથને કેશકેડીટ

* ૧૭૭૨૪ શ્રી નરોત્તમભાઇ પટેલ(ઉધના) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા ) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) ગતિશીલ ગુજરાત અતર્ગત સ્વસહાય જૂથોને બેંકો દ્વારા કેશક્રેડીટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૧) હા,જી.

(૨) જો હા, તો વર્ષ ૨૦૧૪-૧૫માં તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથને કેશક્રેડીટ આપવામાં આવી,

(૨) વર્ષ ૨૦૧૪-૧૫માં તાપી જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૧૧૦૮ સ્વસહાય જૂથોને કેશક્રેડીટ આપવામાં આવી છે.

(૩) કેશક્રેડીટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેશક્રેડીટ પેટે કુલ રૂ.૧૦૫૦.૩૨ ની રકમ બેંક દ્વારા મંજૂર કરવામાં આવી છે.

(૪) તે પૈકી કેટલી રકમનું ઉકત સ્થિતિએ ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ?

(૪) ઉકત સ્થિતિએ પૈકી રૂ. ૮૯૨.૫૮ રકમનું ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું છે.

---------

આણંદ જિલ્લામાં ખાધતેલમાં ભેળસેળના દરોડા

* ૧૭૫૬૯ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જીલ્લામાં તાલુકાવાર ખાધતેલના સંગ્રહ માટેના કેટલા દરોડાઓ પાડવામાં આવ્યા, અને

(૧) શૂન્ય.

(૨) ઉકત સ્થિતિએ કેટલી રકમનો જથ્થો જપ્ત કર્યો અને કેટલા ઈસમો સામે શાં કાનુની પગલાંઓ લેવાયા ?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

બનાસકાંઠા જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૭૬૪૩ શ્રી પરબતભાઇ સ. પટેલ (થરાદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) બનાસકાંઠા જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે,

(૧) વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૩૦૨૪.૪૦ હેકટર અને ૩૮૮૫.૦૦ હેકટર મળી કુલ ૬૯૦૯.૪૦ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) તે પૈકી થરાદ તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) કોઈ વાવેતર કરવામાં આવેલ નથી.

(૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

સાબરકાંઠા જિલ્લામાં રાહતદરે ચીજ વસ્તુઓનું વિતરણ

* ૧૭૬૯૨ શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા(હિંમતનગર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) સાબરકાંઠા જિલ્લામાં અંત્યોદય યોજનામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલા જથ્થામાં ઘઉં, ચોખા , ખાંડ, ખાધતેલ અને આયોડીનયુકત મીઠાનું વિતરણ કરવામાં આવ્યું,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં અંત્યોદય યોજનામાં છેલ્લા એક વર્ષમાં જન્સીવાર નીચે મુજબ વિતરણ કરવામાં આવેલ છેઃ

| જનસી | વિતરણ કરેલ જથ્થો |
|---|---|
| ઘઉં | ૫૦૬૨.૦૦૦ મે.ટન |
| ચોખા | ૪૨૬૪.૦૦૦ મે.ટન |
| ખાંડ | ૪૮૪.૦૦૦ મે.ટન |
| ખાધતેલ | ૪૪૫૪૮ પાઉચ (૧ લિટરના ) |
| આયોડીનયુકત મીઠું | ૨૭૪.૬૬૭ મે.ટન |

(૨) તે કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) જનસીવાર ભાવની વિગત નીચે મુજબ છેઃ

| જનસી | વિતરણ ભાવ રૂ. માં |
|---|---|
| ઘઉં | ૨.૦૦ પ્રતિ કિલો |
| ચોખા | ૩.૦૦ પ્રતિ કિલો |

| | |
|---|---|
| ખાંડ | ૧૩.૫૦ પ્રતિ કિલો |
| ખાદ્યતેલ | ૪૮.૦૦ પ્રતિ પાઉચ |
| આયોડીનયુકત મીઠું | ૧.૦૦ પ્રતિ કિલો |

(૩) કેટલા લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું ?

(૩) ૨૪૦૪૯ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું.

---------

### ભરૂચ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૭૬૫૦ શ્રી દુષ્યંતભાઇ ર. પટેલ(ભરૂચ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૨૮૮૧ હેકટર અને ૧૯૪૧ હેકટર મળી કુલ ૪૮૨૨ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) સને ૨૦૧૩–૧૪માં રૂ. ૪૪૦.૦૦ લાખ અને સને ૨૦૧૪–૧૫ માં રૂ. ૨૭૮.૪૨ લાખ મળી કુલ રૂ.૭૧૮.૪૨ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

### માણસા તાલુકામાં પંચાયત વિભાજન બાબત

* ૧૯૨૧૬ શ્રી અમિત ચૌધરી (માણસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૧૫ ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકામાં પંચાયત–વિભાજન અંગેની છેલ્લા બે વર્ષ દરમ્યાન કુલ કેટલી દરખાસ્તો મળી, | (૧) શુન્ય (૦). |
| (૨) આ પૈકી આવી પંચાયત વિભાજન અંગે માંગણી અન્વયે વિભાગ દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) પ્રશ્ન નથી. |
| (૩) આ દરખાસ્તો અંગે વિભાગ દ્વારા કેટલા સમયમાં નિર્ણય કરી, અલગ પંચાયતો અસ્તિત્વમાં આવશે? | (૩) પ્રશ્ન નથી. |

---------

### પાટણ જિલ્લામાં ઘરથાળના પ્લોટની અરજીઓ

* ૧૭૮૪૧ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં ૧૦૦ ચો.મી.ના ઘરથાળ પ્લોટ મેળવવા કુલ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૧૯૪ અરજીઓ. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને | (૨) ૫૭૫ નામંજુર. |
| (૩) તેના કારણો શા છે? | (૩) –બી.પી.એલ. યાદીમાં નામ ન હોવાથી.<br>–પોતાના નામે મર્યાદા કરતાં વધુ ખેતીની જમીન હોવાથી.<br>–અરજદારના નામે મકાન/પ્લોટ હોય કે/વારસાઈ હકે મકાન/પ્લોટ મળે તેમ હોવાથી. |

---------

### કલોલ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો

* ૧૭૬૩૩ શ્રી અરવિંદકુમાર ગાં. પટેલ(સાબરમતી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ગાંધીનગર | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ ગાંધીનગર જિલ્લાના |

| | |
|---|---|
| જિલ્લાના કલોલ તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | કલોલ તાલુકામાં વર્ષ ૨૦૧૪-૧૫ માં ૫૬ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૫૬ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ? | (૩) તે પૈકી ૧૦ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવેલ છે. |

---------

## વલસાડ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં નોંધાયેલા કેસો

* ૧૭૬૯૭ શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સને ૨૦૧૪ ના વર્ષમાં કુલ કેટલા કેસ દાખલ થયા, | (૧) ૨૭૫. |
| (૨) કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) ૩૯૨. |
| (૩) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કુલ કેટલા કેસો પડતર છે, અને | (૩) ૧૮૩. |
| (૪) બાકી કેસોના ઝડપી નિકાલ માટે સરકાર તરફથી શું આયોજન કરેલ છે ? | (૪) (૧) કમિશન કક્ષાએથી જિલ્લા ફોરમોના પ્રમુખશ્રીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે.<br>(૨) રાજ્ય કક્ષાએ યોજાતા સેમીનારમાં પ્રમુખશ્રી રાજ્ય કમિશન દ્વારા સમીક્ષા કરી બાકી કેસોનો નિકાલ કરવા જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે. |

---------

## છોટાઉદેપુર જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૭૬૪૬ શ્રી જયંતિભાઇ સ. રાઠવા(જેતપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) છોટાઉદેપુર જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં તા.૩૧-૧૨-૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૧૮૫૬.૪૮ હેકટર અને ૨૪૩૫.૦૦ હેકટર મળી કૂલ ૪૨૯૧.૪૮ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી જેતપુર તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કૂલ ૬૬૧ હેકટર. |
| (૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૨) સને ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં અનુક્રમે રૂ.૮૭.૯૪ લાખ અને રૂ.૧૦૯.૧૫ લાખ મળી કૂલ રૂ.૧૯૭.૦૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. |

---------

## દસાડા તાલુકામાં રેશનકાર્ડની અરજીઓ

* ૧૭૬૯૮ શ્રી પુનમભાઇ કા. મકવાણા(દસાડા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી, | (૧) સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની ૯૬૫ અરજીઓ મળી. |
| (૨) કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૯૬૫ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) શૂન્ય. |
| (૪) અરજીઓ પડતર રહેવાના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

ભરૂચ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૭૬૪૪ શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ(અંકલેશ્વર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ભરૂચ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, | (૧) વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૨૮૮૧ હેકટર અને ૧૯૪૧ હેકટર મળી કૂલ ૪૮૨૨ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે. |
| (૨) તે પૈકી અંકલેશ્વર તાલુકામાં કેટલું વાવેતર કરવામાં આવેલ છે, અને | (૨) કોઈ વાવેતર કરવામાં આવેલ નથી. |
| (૩) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમરેલી જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડની અરજીઓ

* ૧૭૬૯૦ શ્રી બાવકુભાઇ ના. ઉંઘાડ(લાઠી) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) અમરેલી જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડની કેટલી અરજીઓ તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી, | (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડની ૫૨૬૯ અરજીઓ મળેલ છે. |
| (૨) તે પૈકી કેટલી એરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) તે પૈકી ૫૨૬૯ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલી અરજીઓ પડતર છે, અને | (૩) કોઈ અરજી પડતર નથી. |
| (૪) અરજીઓ પડતર રહેવાના કારણો શા છે ? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

નર્મદા જિલ્લામાં ઈકો ટુરીઝમના વિકાસ બાબત

* ૧૭૬૪૨ શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ઈકો ટુરીઝમના વિકાસ માટેની કોઈ યોજના અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજનામાં જિલ્લાના ક્યા સ્થળો પસંદ કરવામાં આવેલ છે, અને | (૨) ઝરવાણી, વિશાલખાડી, જુનારાજ, સગાઈ, સમોટ તથા દેવમોગરા. |
| (૩) તે પાછળ ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) કુલ રૂ. ૬૭.૩૪ લાખ. |

--------

આંકલાવ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો

* ૧૭૬૨૬ શ્રી દિનેશભાઇ બા. પટેલ(પાદરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ આંકલાવ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું, | (૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ આંકલાવ તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૨૧ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને | (૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૨૧ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ? | (૩) તે પૈકી ૧૨ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવેલ છે. |

---------

ખેડા જિલ્લામાં રેશનકાર્ડ વિભાજન

* ૧૭૭૯૨ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ વિભાજન માટેની કેટલી અરજીઓ આવી,

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં તાલુકાવાર રેશનકાર્ડ વિભાજન માટે નીચેની વિગતે અરજીઓ આવેલ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વિભાજનની અરજીઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | કઠલાલ | ૨૦૯ |
| ૨ | કપડવંજ | ૧૭૩૦ |
| ૩ | ખેડા | ૧૪૯૫ |
| ૪ | ગળતેશ્વર | ૩૨૪ |
| ૫ | ઠાસરા | ૧૫૬૪ |
| ૬ | નડીયાદ (ગ્રા) | ૧૩૧૭ |
| ૭ | નડીયાદ (શ) | ૬૫૭ |
| ૮ | મહુધા | ૭૭૦ |
| ૯ | મહેમદાવાદ | ૫૦૯ |
| ૧૦ | માતર | ૧૨૩૬ |
| ૧૧ | વસો | ૨૨૮ |
| | કુલ | ૧૦૦૩૯ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા રેશનકાર્ડ વિભાજન કરવાના બાકી છે, અને

(૨) તમામ ૧૦૦૩૯ અરજીઓનો નિકાલ થયેલ છે. રેશનકાર્ડ વિભાજનની એક પણ અરજી બાકી નથી.

(૩) રેશનકાર્ડ વિભાજન બાકી હોય તો તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં રેશનકાર્ડ વિભાજન કરવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

### ગીર-સોમનાથ જીલ્લામાં આદિમજુથની છ પાયાની સુવિધા

* ૧૭૬૩૮ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર-સોમનાથ જિલ્લામાં આદિમજુથની ઉત્કર્ષ માટે છ પાયાની સુવિધાઓનો કોઈ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તેમાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૩) તે પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

જવાબ

(૧) હા, જી.

(૨) ૩૯ સામુહિક લાભના કામો.

(૩) રૂ. ૧૮૮.૪૩ લાખ.

---------

### દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં શાળામાં મંજૂર મહેકમ

* ૧૭૫૫૬ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં જીલ્લાવાર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સંવર્ગવાર કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

જવાબ

(૧) માધ્યમિક વિભાગ

| જિલ્લો | શૈક્ષણિક કર્મચારી | ક્લાર્ક વર્ગ-૩ | પટાવાળા |
|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૩૯૨ | ૮૬ | ૭૭ |
| જામનગર | ૬૮૦ | ૧૯૬ | ૧૫૮ |

ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ

| જિલ્લો | શૈક્ષણિક કર્મચારી | ગ્રંથપાલ |
|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ૧૩૭ | ૦૩ |

| | | |
|---|---|---|
| જામનગર | ૩૪૨ | ૦૪ |

(૨) તે અનવયે સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) માધ્યમિક વિભાગ

| જિલ્લો | | શૈક્ષણિક કર્મચારી | કલાર્ક | પટાવાળા |
|---|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ભરાયેલ જગ્યા | ૩૦૦ | ૪૪ | ૪૩ |
| | ખાલી જગ્યા | ૯૨ | ૪૨ | ૩૪ |
| જામનગર | ભરાયેલ જગ્યા | ૫૯૯ | ૧૩૫ | ૧૧૭ |
| | ખાલી જગ્યા | ૮૧ | ૬૧ | ૪૧ |

ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ

| જિલ્લો | | શૈક્ષણિક કર્મચારી | ગ્રંથપાલ |
|---|---|---|---|
| દેવભૂમિ દ્વારકા | ભરાયેલ જગ્યા | ૬૫ | ૦૩ |
| | ખાલી જગ્યા | ૭૨ | ૦૦ |
| જામનગર | ભરાયેલ જગ્યા | ૨૫૦ | ૦૩ |
| | ખાલી જગ્યા | ૯૨ | ૦૧ |

માધ્યમિક

- દેવભૂમિ દ્વારકામાં ૧૬૯ ખાલી જગ્યાઓ પૈકી ૭૩ જગ્યાઓ છેલ્લા બે વર્ષ કરતાં ઓછા સમયથી અને ૯૬ જગ્યાઓ બે વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે.
- જામનગરમાં ૧૯૧ ખાલી જગ્યાઓ પૈકી ૧૦૦ જગ્યાઓ છેલ્લા બે વર્ષ કરતાં ઓછા સમયથી અને ૯૧ જગ્યાઓ બે વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે.

ઉચ્ચત્તર માધ્યમિક

- દેવભૂમિ દ્વારકામાં ૭૨ ખાલી જગ્યાઓ પૈકી ૫૦ જગ્યાઓ છેલ્લા બે વર્ષ કરતાં ઓછા સમયથી અને ૨૨ જગ્યાઓ બે વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે.
- જામનગરમાં ૯૩ ખાલી જગ્યાઓ પૈકી ૨૮ જગ્યાઓ છેલ્લા બે વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી છે અને ૬૫

(૩) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૩) શક્ય તેટલી જલદી.

---------

વલસાડ જિલ્લામાં ધો. ૧૧ અને ૧૨ સાયન્સમાં શિક્ષકોનું મહેકમ

* ૧૮૦૫૪ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કપરાડા તાલુકાના તાલુકા મથકે આવેલ શાળાઓમાં ધોરણ-૧૧ અને ૧૨ સાયન્સમાં કેટલા શિક્ષકોનું મંજૂર મહેકમ છે, અને

(૧) ૦૪ (ચાર).

(૨) આ મંજુર મહેકમ સામે કેટલી જગ્યાઓ ખાલી છે તથા તે ક્યારે ભરવામાં આવશે ?

(૨) ૦૪ (ચાર)
શક્ય તેટલી જલદીથી ભરવામાં આવશે.

---------

બનાસકાંઠા જિલ્લામાં ચેકડેમ તથા વન તલાવડીઓ

* ૧૭૭૦૯ શ્રી રજનીકાન્ત મો. પટેલ(અસારવા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) બનાસકાંઠા જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કેટલા ચેકડેમ અને વન તલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ માં ૧૦૯ ચેકડેમ અને ૧૩ વનતલાવડી તથા ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ ૪૨ ચેકડેમ અને ૧૨ વન તલાવડી મળી કુલ–૧૫૧ ચેકડેમ અને ૨૫ વનતલાવડી બનાવવામાં આવેલ છે.

(૨) સને ૨૦૧૩–૧૪માં રૂ. ૨૭૪.૦૮ લાખ અને ૨૦૧૪–૧૫માં રૂ. ૧૧૪.૫૧ લાખ મળી કુલ રૂ.૩૮૮.૫૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

નર્મદા જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોને વ્યક્તિગત શૌચાલયો

* ૧૭૬૧૨ શ્રી જીતેન્દ્ર ર. સુખડીયા(સયાજીગંજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નર્મદા જિલ્લાના નિર્મળ ભારત યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. કુટુંબો માટે કેટલા વ્યક્તિગત શૌચાલયો બનાવવામાં આવ્યા, અને

(૨) તેની પાછળ કેટલો કુલ ખર્ચ કરવામાં આવ્યો ?

જવાબ

(૧) નર્મદા જિલ્લાના નિર્મળ ભારત યોજના અંતર્ગત તા.૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમિયાન બી.પી.એલ. કુટુંબો માટે નીચે મુજબ વ્યક્તિગત શૌચાલય બનાવવામાં આવ્યા.

| અ.નં. | સમયગાળો | બી.પી.એલ. શૌચાલય |
|---|---|---|
| ૧ | તા.૧–૦૧–૨૦૧૩ થી તા.૩૧–૧૨–૨૦૧૩ | ૪૪૦ |
| ૨ | તા.૧–૦૧–૨૦૧૪ થી તા.૩૧–૧૨–૨૦૧૪ | ૬૧૫૭ |
| | કુલ | ૬૫૯૭ |

(૨) તેની પાછળ રૂ.૨૦૬.૩૦ લાખ ખર્ચ કરવામાં આવ્યો.

---------

બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજનાના લાભાર્થીઓ

* ૧૭૬૩૭ શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિઓદર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) કુંવરબાઇનું મામેરૂ યોજના હેઠળ નાણાંકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં કેટલી આદિજાતિ કન્યાઓને લાભ આપવામાં આવેલ છે, અને

(૨) તે પાછળ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?

જવાબ

(૧) ૧૦૨.

(૨) રૂ.૧૦.૨૦ લાખ.

---------

અમદાવાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસો

* ૧૭૬૯૬ શ્રી બાબુભાઇ જ. પટેલ(દસક્રોઇ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) અમદાવાદ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સને ૨૦૧૪ના વર્ષમાં કુલ કેટલા કેસ દાખલ થયા,

(૨) કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો,

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૪ ની સ્થિતિએ કુલ કેટલા કેસો પડતર છે, અને

(૪) બાકી કેસોના ઝડપી નિકાલ માટે સરકાર તરફથી શું આયોજન કરેલ છે ?

જવાબ

(૧) ૧૮૦૮.

(૨) ૧૨૮૨.

(૩) ૧૮૦૬.

(૪) (૧) કમિશન કક્ષાએથી જિલ્લા ફોરમોના પ્રમુખશ્રીઓને જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે.

(૨) રાજ્ય કક્ષાએ યોજાતા સેમીનારમાં પ્રમુખશ્રી રાજ્ય કમિશન દ્વારા સમીક્ષા

કરી બાકી કેસોનો નિકાલ કરવા જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવે છે.

---------

ખેડા અને આણંદ જિલ્લામાં ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત મૂલ્યાંકન

* ૧૭૫૭૧ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ સને ૨૦૧૪ના વર્ષમાં ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત ખેડા અને આણંદ જિલ્લામાં શિક્ષણનું મૂલ્યાંકન થયેલ છે તેની ફળશ્રુતિ શી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી શાળાઓ સામે સરકારે શાં પગલાંઓ લીધા ?

જવાબ

(૧) ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત મૂલ્યાંકન થયેલ છે, પૃથ્થકરણની કાર્યવાહી ચાલુ છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

ખેડા અને મહિસાગર જિલ્લામાં વિદ્યાદીપ યોજના

* ૧૭૮૫૮ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા અને મહિસાગર જિલ્લામાં તાલુકાવાર વિદ્યાદીપ યોજના હેઠળ ખાનગી અને સરકારી શાળાઓમાં આકસ્મિક મૃત્યુ પામનાર વિદ્યાર્થીઓના કેટલા કેસો રજૂ થયા,

(૨) તે પૈકી કેટલા વારસદારોને વિદ્યાદીપ યોજના હેઠળ સહાય ચૂકવવામાં આવી અને કેટલા કેસોમાં સહાય ચૂકવવાની બાકી છે, અને

જવાબ

(૧) ખેડા જિલ્લો

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩ | | | વર્ષ ૨૦૧૪ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી | ખાનગી | કુલ | સરકારી | ખાનગી | કુલ |
| ૧ | નડીયાદ | ૦૪ | ૦૪ | ૦૮ | ૧૨ | ૦૩ | ૧૫ |
| ૨ | મહુધા | ૦૩ | ૦૧ | ૦૪ | ૦૮ | ૦૦ | ૦૮ |
| ૩ | કપડવંજ | ૦૨ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૪ | કઠલાલ | ૦૩ | ૦૨ | ૦૫ | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૫ | માતર | ૦૪ | ૦૦ | ૦૪ | ૦૦ | ૦૧ | ૦૧ |
| ૬ | ખેડા | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭ | મહેમદાવાદ | ૦૫ | ૦૧ | ૦૬ | ૧૨ | ૦૧ | ૧૩ |
| ૮ | ઠાસરા | ૦૩ | ૦૧ | ૦૪ | ૦૩ | ૦૨ | ૦૫ |
| | કુલ | ૨૫ | ૧૦ | ૩૫ | ૩૯ | ૦૯ | ૪૮ |

મહીસાગર જિલ્લો

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૩ | | | વર્ષ ૨૦૧૪ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી | ખાનગી | કુલ | સરકારી | ખાનગી | કુલ |
| ૧ | બાલાસિનોર | ૦૩ | ૦૪ | ૦૭ | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૨ | વિરપુર | ૦૨ | ૦૧ | ૦૩ | ૦૩ | ૦૩ | ૦૬ |
| ૩ | લુનાવાડા | ૦૧ | ૦૧ | ૦૨ | ૦૨ | ૦૧ | ૦૩ |
| ૪ | ખાનપુર | ૦૦ | ૦૨ | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૫ | કડાણા | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૬ | સંતરામપુર | ૦૩ | ૦૧ | ૦૪ | ૦૩ | ૦૦ | ૦૩ |
| | કુલ | ૧૦ | ૧૧ | ૨૧ | ૧૪ | ૦૫ | ૧૯ |

(૨) ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ના સરકારી શાળાના કુલ–૬૪ કેસો પૈકી ૬૩માં સહાય ચૂકવવામાં આવી અને ખેડા જિલ્લામાં ૦૧ કેસની સહાય ચૂકવવાની બાકી છે.

- મહિસાગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪માં સરકારી શાળાના કુલ ૨૪ કેસો પૈકી ૨૧ કેસોમાં સહાય ચુકવાયેલ છે અને ૦૩ કેસોમાં સહાય ચૂકવવાની બાકી છે.
- ખાનગી શાળામાં ખેડા જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ના કુલ–૧૯ કેસો પૈકી ૦૬ કેસોમાં સહાય ચૂકવાયેલ છે, ૦૩ કેસો નામંજૂર થયેલ છે અને ૧૦ કેસોમાં સહાય

ચૂકવવાની બાકી છે.

- ખાનગી શાળામાં મહિસાગર જિલ્લામાં વર્ષ ૨૦૧૩–૧૪ના કુલ–૧૬ કેસો પૈકી ૦૬ ને સહાય ચુકવાયેલ છે. અને ૧૦ કેસોમાં સહાય ચૂકવવાની બાકી છે.

(૩) આ માટે કઈ વીમા કંપનીઓને વર્ષવાર કેટલું પ્રિમિયમ ચૂકવવામાં આવેલ હતું ?

(૩) પ્રાથમિક વિભાગના વીમા નિયામકની કચેરી ગાંધીનગરને વર્ષ ૨૦૧૩માં રૂ. ૨૫૦.૦૦/– લાખ અને વર્ષ ૨૦૧૪માં ૨૫૦.૦૦/– લાખ પ્રિમિયમ ચૂકવવામાં આવેલ છે. જ્યારે માધ્યમિક વિભાગમાં વીમા નિયામકની કચેરી દ્વારા કાર્યવાહી કરવામાં આવે છે. આ માટે વર્ષ ૨૦૧૩ અને ૨૦૧૪માં અનુક્રમે રૂ. ૧ કરોડ ૨૦ લાખ તથા ૧ કરોડ પ્રિમિયમ ચુકવવામાં આવેલ છે.

---------

વ્યારા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો

* ૧૭૬૨૨ શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર(બારડોલી) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં કેટલા આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું,

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે ?

જવાબ

(૧) ઈન્દિરા આવાસ યોજના હેઠળ તાપી જિલ્લાના વ્યારા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫ માં ૬૯ આવાસ બાંધવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

(૨) તે પૈકી તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૭૧ આવાસ બાંધકામની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

(૩) તે પૈકી ૦૭ આવાસના બાંધકામની મંજૂરી મહિલાઓના નામે આપવામાં આવી છે.

---------

વડોદરા જિલ્લામાં ગ્રામ પંચાયતોને કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડની રકમ

* ૧૭૭૨૨ શ્રી યોગેશ પટેલ(માંજલપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ કેટલા ગ્રામ સંગઠનોને કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડની રકમ આપવામાં આવી,

(૨) તે ફંડ પેટે કુલ કેટલી રકમ આપવામાં આવી, અને

(૩) આ ફંડનો ઉપયોગ કયા હેતુ માટે કરવામાં આવે છે?

જવાબ

(૧) વડોદરા જિલ્લામાં વર્ષ ૨૦૧૪–૧૫માં તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ૧૫ ગ્રામ સંગઠનોને કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડની રકમ આપવામાં આવી.

(૨) કુલ રૂ. ૪૭.૨૫ લાખ.

(૩) ગ્રામ સંગઠનો, સ્વસહાય જુથના મારફતે સ્વસહાય જુથના સભ્યોને સામાન્ય વપરાશ, શૈક્ષણિક, આરોગ્ય, ઉંચા વ્યાજની લોન પરત કરવા તથા ઉત્પાદકિય પ્રવૃતિ માટે લોન તરીકે આપવા માટે કોમ્યુનીટી ઈન્વેસ્ટમેન્ટ ફંડનો ઉપયોગ કરે છે.

---------

નર્મદા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર

* ૧૭૭૨૦ શ્રી બાલકૃષ્ણ ના. પટેલ(ડભોઇ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) નર્મદા જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં કેટલા હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

જવાબ

(૧) વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૨૮૯૮ હેકટર અને ૨૯૮૯ હેકટર મળી કુલ ૫૮૮૭ હેકટરમાં વાવેતર કરવામાં આવેલ છે.

(૨) સને ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫માં અનુક્રમે રૂ. ૯૫૨.૨૭ લાખ અને રૂ. ૧૦૧૮.૦૮ લાખ મળી કુલ રૂ. ૧૯૭૦.૩૫ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

સાબરકાંઠા જિલ્લામાં ચેકડેમ તથા વન તલાવડીઓ

* ૧૭૭૦૮ શ્રી હસમુખભાઇ સો. પટેલ(અમરાઇવાડી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) સાબરકાંઠા જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય

જવાબ

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪માં ૧૩ ચેકડેમ

વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા ચેકડેમ અને વન તલાવડી બનાવવામાં આવેલ છે, અને

બનાવવામાં આવેલ છે જ્યારે ૨૦૧૪-૧૫માં કોઈ ચેકડેમ કે વનતલાવડી બનાવવામાં આવેલ નથી.

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨) સને ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં અનુક્રમે રૂ. ૩૫.૬૬ લાખ અને શુન્ય મળી કુલ રૂ. ૩૫.૬૬ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ

* ૧૭૫૫૯ શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર શાળાઓમાં ઓરડાની ખુબ જ ઘટ છે તે હકીકત સાચી છે, જો હા તો

(૧) ઘટ છે. પરંતુ તેને ખુબ જ ઘટ ન કહી શકાય.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલા ઓરડાઓની કયારથી ઘટ છે,

(૨)

| તાલુકો | વર્ષ ૨૦૧૩-૧૪ (તા. ૦૧-૦૪-૨૦૧૩થી) | વર્ષ ૨૦૧૪-૧૫ (તા. ૦૧-૦૪-૨૦૧૪થી) |
|---|---|---|
| ભેંસાણ | ૧૬ | ૧૨ |
| જુનાગઢ | ૭૬ | ૬૯ |
| કેશોદ | ૬૦ | ૫૧ |
| માળીયાહાટીના | ૬૨ | ૫૮ |
| માણાવદર | ૪૨ | ૪૭ |
| માંગરોળ | ૬૦ | ૬૪ |
| મેંદરડા | ૨૭ | ૨૭ |
| વંથલી | ૩૬ | ૩૯ |
| વિસાવદર | ૬૨ | ૬૨ |

(૩) આ ઓરડાની ઘટનાં શાં કારણો છે, અને

(૩) -આર.ટી.ઈ. એકટ-૨૦૦૯ની જોગવાઈના લીધે.
-ધોરણ-૮નો ઉચ્ચતર પ્રાથમિકમાં સમાવેશ થવાથી.
-શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણના માપદંડો સુધરતા શિક્ષકની સંખ્યા વધતા ઓરડાની ઘટ ઉભી થયેલ છે.

(૪) આ ઘટ પૂરી કરવા સરકારે શું આયોજન કરેલ છે?

(૪) આ ઘટ પુરી કરવા વર્ષ ૨૦૧૩-૧૪માં ૮૮ ઓરડા બનાવવામાં આવ્યા. ૨૦૧૪-૧૫માં ૧૧૬ ઓરડાનું બાંધકામ હાથ ધરવામાં આવેલ છે તેમજ વર્ષ ૨૦૧૫-૧૬માં ૧૭૭ ઓરડાઓ બનાવવાનું આયોજન કરેલ છે.

---------

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતોમાં તલાટી કમ મંત્રીઓની જગ્યાઓ

* ૧૯૦૬૦ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતો અસ્તિત્વમાં છે,

(૧)

| સાબરકાંઠા જિલ્લો | | |
|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | તાલુકામાં અસ્તિત્વ ધરાવતી ગ્રામ પંચાયતની સંખ્યા |
| ૧ | હિંમતનગર | ૮૯ |
| ૨ | પ્રાંતિજ | ૬૩ |
| ૩ | વડાલી | ૪૦ |
| ૪ | ઈડર | ૯૬ |
| ૫ | તલોદ | ૬૦ |
| ૬ | વિજયનગર | ૩૧ |

| | | |
|---|---|---|
| ૭ | ખેડબ્રહ્મા | ૪૭ |
| | કુલ | ૪૨૬ |

| અરવલ્લી જિલ્લો | | |
|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | તાલુકામાં અસ્તિત્વ ધરાવતી ગ્રામ પંચાયતની સંખ્યા |
| ૧ | મોડાસા | ૫૭ |
| ૨ | મેઘરજ | ૫૪ |
| ૩ | માલપુર | ૨૭ |
| ૪ | ભિલોડા | ૮૧ |
| ૫ | બાયડ | ૬૩ |
| ૬ | ધનસુરા | ૩૨ |
| | કુલ | ૩૧૪ |

(૨) તાલુકાવાર કેટલી ગ્રામ પંચાયતોમાં મંજૂર થયેલ મહેકમ મુજબ તલાટી કમ મંત્રીઓની જગ્યાઓ ભરાયેલી છે, અને કેટલી ખાલી છે, અને

(૨)

| સાબરકાંઠા જિલ્લો | | | |
|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર થયેલ મહેકમ મુજબ ગ્રા.પં.માં ત.ક. મંત્રીઓની જગ્યાઓ ભરાયેલ છે તેવી ગ્રામ પંચાયતોની સંખ્યા | મંજુર થયેલ મહેકમ મુજબ ગ્રા.પં.માં ત.ક. મંત્રીઓની જગ્યાઓ ખાલી છે તેવી ગ્રામ પંચાયતની સંખ્યા |
| ૧ | હિંમતનગર | ૮૮ | ૧ |
| ૨ | પ્રાંતિજ | ૬૨ | ૧ |
| ૩ | વડાલી | ૨૪ | ૧૬ |
| ૪ | ઈડર | ૭૦ | ૨૬ |
| ૫ | તલોદ | ૫૦ | ૧૦ |
| ૬ | વિજયનગર | ૨૩ | ૮ |
| ૭ | ખેડબ્રહ્મા | ૩૬ | ૧૧ |
| | કુલ | ૩૫૩ | ૭૩ |

| અરવલ્લી જિલ્લો | | | |
|---|---|---|---|
| અ.નં. | તાલુકાનું નામ | મંજૂર થયેલ મહેકમ મુજબ ગ્રા.પં.માં ત.ક. મંત્રીઓની જગ્યાઓ ભરાયેલ છે તેવી ગ્રામ પંચાયતોની સંખ્યા | મંજુર થયેલ મહેકમ મુજબ ગ્રા.પં.માં ત.ક. મંત્રીઓની જગ્યાઓ ખાલી છે તેવી ગ્રામ પંચાયતની સંખ્યા |
| ૧ | મોડાસા | ૩૬ | ૨૧ |
| ૨ | મેઘરજ | ૩૨ | ૨૨ |
| ૩ | માલપુર | ૧૬ | ૧૧ |
| ૪ | ભિલોડા | ૭૩ | ૮ |
| ૫ | બાયડ | ૫૪ | ૯ |

| | | | |
|---|---|---|---|
| ૬ | ધનસુરા | ૨૮ | ૪ |
| | કુલ | ૨૩૯ | ૭૫ |

(૩) તલાટી કમ મંત્રીની જગ્યાઓનું મહેકમ સેજાવાર નક્કી થયેલ છે કે ગ્રામ પંચાયતવાર ?

(૩) આ તલાટી કમ મંત્રીની જગ્યાઓનું મહેકમ સેજાવાર નક્કી થયેલ છે.

---------

વાંસદા તથા ચીખલી તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ

* ૧૭૫૮૭ શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જીલ્લાના વાંસદા તથા ચીખલી તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની કેટલી શાળાઓ છે, અને

(૨) આ શાળાઓમાં મંજુર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે?

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | વિજ્ઞાન પ્રવાહની શાળાઓ |
|---|---|---|
| ૧ | ચીખલી | ૦૮ |
| ૨ | વાંસદા | ૦૬ |

(૨)

- ચીખલી તાલુકામાં કુલ–૧૧ જગ્યાઓ તથા વાંસદા તાલુકામાં ૦૮ જગ્યાઓ ખાલી છે.
- ચીખલી તાલુકામાં ૧૧ ખાલી જગ્યાઓ પૈકી ૫ જગ્યાઓ એક વર્ષ કરતાં ઓછા સમયથી અને ૬ જગ્યા એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે.
- વાંસદા તાલુકામાં ૮ જગ્યાઓ પૈકી ૪ જગ્યાઓ એક વર્ષ કરતાં ઓછા સમયથી ખાલી છે. અને ૪ જગ્યાઓ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે.
- ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલ્દી ભરવામાં આવશે.

---------

પાલનપુર તાલુકાના અમરાપુર ગામનાં ખેડૂતોની જમીનનું ધોવાણ અટકાવવા પૂર સંરક્ષણ દિવાલ બાબત

* ૧૭૪૬૦ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકાના પેડાગડા પંચાયતમાં આવતા અમરાપુર ગામના ખેડૂતોની જમીનમાં નજીકના રક્ષિત જંગલ વિસ્તારનું પાણી પુર રૂપે આવવાથી માટે પાયે જમીનનું ધોવાણ થઈ રહ્યું છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો પુર સંરક્ષણ દિવાલ ઉભી કરી ખેડૂતોની જમીનમાં ધોવાણથી થતું નુકશાન અટકાવવા સરકારે શું આયોજન કર્યું છે, અને

(૩) આ કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

જવાબ

(૧) હા, જી.

(૨) માટીપાળા બાંધવાનું આયોજન છે.

(૩) શક્ય તેટલું જલ્દી.

---------

ચાણસ્મા તાલુકામાં સ્વસહાય જુથની રચના

* ૧૭૭૨૫ ડૉ. નિર્મલાબેન સુ. વાધવાણી (નરોડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ગતિશીલ ગુજરાત અંતર્ગત પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં કેટલા સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યુ હતું,

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેટલા સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી?

જવાબ

(૧) ગતિશીલ ગુજરાત કાર્યક્રમ હેઠળ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકામાં વર્ષ ૨૦૧૪–૧૫માં ૩૫ સ્વસહાય જૂથની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યુ હતું.

(૨) તે પૈકી તા. ૩૧–૧૨–૧૪ની સ્થિતિએ ૨૪ સ્વસહાય જૂથોની રચના કરવામાં આવી.

(૩) તે પૈકી કોઈ સ્વસહાય જૂથોને રિવોલ્વીંગ ફંડની રકમ આપવામાં આવી નથી.

---------

દાહોદ જિલ્લામાં ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો

* ૧૭૬૭૩ શ્રી રમેશભાઇ ભુ. કટારા(ફતેપુરા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કુલ કેટલી ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) સરકારી કોલેજ ૦૧<br>અનુદાનિત કોલેજ ૦૦<br>સ્વનિર્ભર કોલેજ ૦૦<br>કુલ ૦૧ |
| (૨) આ બધી જ કોલેજોની મંજુર થયેલ ડીગ્રી ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૪૮૦. |
| (૩) તે પૈકી સન ૨૦૧૪–૧૫માં થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) ૪૪૨. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી ડીગ્રી ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે? | (૪) ૩૮. |

---------

રાજ્યમાં ગુજરાત રીસર્ચ એન્ડ ઈનોવેશન ફંડ

* ૧૮૮૯૨ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યમાં ગુજરાત રીસર્ચ એન્ડ ઈનોવેશન ફંડ ઉભું કરવામાં આવ્યું છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલું ફંડ ભેગું થયેલ છે, અને | (૨) રૂ.૧૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા સો લાખ પુરા) |
| (૩) ઉક્ત ભેગું થયેલ ફંડ ક્યાં હેતુઓ માટે વાપરવામાં આવે છે અને ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલું ફંડ વાપરવામાં આવ્યું ? | (૩) ફંડ વાપરવા માટેની કાર્યયોજના વિચારણા હેઠળ છે. આ હેતુ માટે કોઈ ખર્ચ થયેલ નથી. |

---------

ગાંધીનગર જિલ્લામાં ગરીબી રેખા હેઠળના કુટુંબની યાદી

* ૧૭૫૯૮ શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગાંધીનગર જિલ્લામાં ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની નવી યાદી વિભાગ દ્વારા સન ૨૦૧૨–૧૩ પછી છેલ્લે ક્યારે જાહેર કરવામાં આવી, | (૧) ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોની યાદી સતત પરિવર્તનશીલ છે અને તેમાં રજૂઆત/અપીલ મળ્યેથી નિયમોનુસાર તપાસ કરી અપગ્રેડશનની કાર્યવાહી કરવામાં આવે છે. |
| (૨) જો આ બી.પી.એલ. કુટુંબોની યાદી પ્રસિધ્ધ કરવામાં ન આવી હોય તો તેનું કારણ શું છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) કેટલા સમયમાં સરકાર દ્વારા બી.પી.એલ. કુટુંબોની યાદી પ્રસિધ્ધ કરવામાં આવશે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વલસાડ જિલ્લામાં આદિજાતિ આશ્રમ શાળામાં ધોરણ–૭ સુધી જ ભણતર

* ૧૭૫૯૨ શ્રી ઈશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર આદિજાતિ આશ્રમ શાળાઓમાં ધોરણ–૭ સુધી જ ભણવામાં આવે છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આશ્રમશાળાઓમાં ધોરણ–૮ સુધીના અભ્યાસ શરૂ કરવાનું શું આયોજન છે ? | (૨) આશ્રમશાળાની ૩ કિ.મી.ના વિસ્તારમાં સરકારી અથવા ગ્રાન્ટ ઈન એઈડ પ્રાથમિક શાળા ન હોય ત્યાં ધોરણ–૮ ચાલુ કરવાની મંજૂરી આપવામાં આવેલ છે. |

---------

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

## ગાંધીનગર જિલ્લામાં ડિપ્લોમા ઈજનેરી કોલેજો

* ૧૭૬૭૪ શ્રી શંભુજી ચે. ઠાકોર(ગાંધીનગર-દક્ષિણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજો આવેલી છે, | (૧) સરકારી કોલેજ ૦૧<br>અનુદાનિત કોલેજ ૦૦<br>સ્વનિર્ભર કોલેજ ૧૧<br>કુલ ૧૨ |
| (૨) આ બધીજ કોલેજોની મંજૂર થયેલ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમની બેઠકો કેટલી છે, | (૨) ૬૦૦૦. |
| (૩) તે પૈકી સન ૨૦૧૪-૧૫ના વર્ષે થયેલ પ્રવેશ પ્રક્રિયામાં કુલ કેટલી બેઠકો ભરાઈ, અને | (૩) ૨૯૮૯. |
| (૪) ઉકત સ્થિતિએ કેટલી ડિપ્લોમા ઈજનેરીની બેઠકો ખાલી રહેવા પામેલ છે ? | (૪) ૩૦૧૧. |

---------

## સાગબારા તાલુકામાં સ્વસહાય જૂથને કેશક્રેડિટ

* ૧૭૭૨૩ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી (રાવપુરા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગતિશીલ ગુજરાત અંતર્ગત સ્વસહાય જૂથોને બેંકો દ્વારા કેશક્રેડિટ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા. |
| (૨) જો હા, તો વર્ષ ૨૦૧૪-૧૫ માં નર્મદા જિલ્લાના સાગબાર તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા સ્વસહાય જૂથોને કેશક્રેડિટ આપવામાં આવી, | (૨) ૩૩૧ સ્વસહાય જૂથોને કેશક્રેડિટ આપવામાં આવી છે. |
| (૩) કેશક્રેડિટ પેટે કુલ કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને | (૩) કુલ રૂ.૨૬૭.૬૩૬ લાખ. |
| (૪) તે પૈકી કેટલી રકમનું ઉકત સ્થિતિએ ડીસબર્સમેન્ટ કરવામાં આવ્યું ? | (૪) રૂ.૨૫૫.૬૬૬ લાખ. |

---------

## અમદાવાદ જિલ્લામાં ડાંગરની પોષણક્ષમ ભાવે ખરીદી

* ૧૪૫૦૩ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં ડાંગર પકવતા ખેડૂતો માટે પોષણક્ષમ ભાવો પ્રમાણે રાજ્ય સરકારે કેટલી ડાંગર છેલ્લા ચાર માસમાં ખરીદી, અને | (૧) રાજ્ય સરકારે ડાંગરની પ્રાપ્તિ તા.૧-૧૧-૧૪ થી તા.૩૧-૧૨-૧૪ સુધી પ્રાપ્તિનો સમયગાળો નિયત કરેલ છે. પરંતુ ઉકત સમયગાળા દરમ્યાન અમદાવાદ જિલ્લામાં તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ ડાંગરની કોઈ ખરીદી (પ્રાપ્તિ) થયેલ નથી. |
| (૨) ખેડૂતોને ડાંગરના પોષણક્ષમ ભાવો વધુ મળે તે માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ ઉકત સ્થિતિએ છેલ્લા ચાર માસમાં કોઈ રજૂઆતો કરી છે કે કેમ ? | (૨) ડાંગરના લઘુત્તમ ટેકાના ભાવ કેન્દ્ર સરકાર દ્વારા નિયત કરવામાં આવે છે. ખેડૂતોને ડાંગરના પોષણક્ષમ ભાવો વધુ મળે તે માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર સમક્ષ કોઈ રજૂઆત કરેલ નથી. |

---------

## આદિજાતિના વિદ્યાર્થીઓને અભ્યાસ માટેની લોન

* ૧૭૫૮૩ શ્રી પ્રવીણભાઇ જી. રાઠોડ(પાલીતાણા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં તાલુકાવાર કેટલા વૃક્ષો કાપવાની પરવાનગી છેલ્લા એક વર્ષમાં આપવામાં આવી, અને

(૨) ગેરકાયદેસર કપાયેલ વૃક્ષો અન્વયે જવાબદારો સામે સરકારે શાં પગલાં લીધા ?

જવાબ

(૧)

| વર્ષ | તાલુકાનું નામ | કાપવાની મંજુરી આપવામાં આવેલ વૃક્ષોની સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૪-૧૫ (૩૧-૦૧-૧૫ ની સ્થિતિએ) | શિહોર | ૨૮૧ |
| | ભાવનગર | ૧૭૬ |
| | તળાજા | ૩૩૧ |
| | મહુવા | ૫૪ |
| | પાલીતાણા | ૧૭ |
| | વલ્લભીપુર | ૧ |
| | ઉમરાળા | ૨ |
| | કુલ | ૮૬૨ |

(૨) જવાબદારો સામે સૌરાષ્ટ્ર વૃક્ષછેદન ધારા-૧૯૫૧ની જોગવાઈ મુજબ ગુનો નોંધીને દંડ પેટે રૂ. ૨૩,૧૦૦/- ની રકમ વસુલ લેવામાં આવેલ છે.

---------

અમરેલી જિલ્લામાં અંત્યોદય યોજના હેઠળ અનાજનું વિતરણ

* ૧૭૭૦૩ શ્રી હીરાભાઇ ઓ. સોલંકી(રાજુલા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) અમરેલી જિલ્લામાં અંત્યોદય યોજનામાં તા. ૩૧-

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક

૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલું અનાજ વિતરણ કરવામાં આવ્યું,

વર્ષમાં અમરેલી જિલ્લામાં અંત્યોદય યોજનામાં નીચે મુજબ અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

| જન્સી | વિતરણ કરેલ જથ્થો |
|---|---|
| ઘઉં | ૫૪૪૯૩.૩૭ મે. ટન |
| ચોખા | ૪૮૫૪૬.૮૧ મે. ટન |

(૨) કયા ભાવે વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) નીચે મુજબના ભાવે અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

| જન્સી | વિતરણ ભાવ રૂ. માં |
|---|---|
| ઘઉં | ૨.૦૦ પ્રતિ કિલો |
| ચોખા | ૩.૦૦ પ્રતિ કિલો |

(૩) કેટલા લાભાર્થીઓને અનાજ વિતરણ કરવામાં આવ્યું ?

(૩) ૨૯૨૩૦ લાભાર્થીઓને વિતરણ કરવામાં આવ્યું.

---------

અરવલ્લી જિલ્લામાં સરદાર આવાસ યોજનાના લાભાર્થીઓ

* ૧૮૪૩૨ શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર(મોડાસા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરદાર આવાસ યોજના અંતર્ગત અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યા, કેટલાને લાભો આપવાના બાકી છે, અને

જવાબ

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ ની સ્થિતિએ

| ક્રમ | તાલુકો | લાભ આપવામાં આવ્યો | બાકી લાભાર્થી |
|---|---|---|---|
| ૧ | મોડાસા | ૯૫ | ૦ |
| ૨ | બાયડ | ૩૭ | ૦ |
| ૩ | ભિલોડા | ૧૦૩ | ૦ |
| ૪ | મેઘરજ | ૧૪૦ | ૦ |
| ૫ | માલપુર | ૧૩૯ | ૦ |
| ૬ | ધનસુરા | ૩૭ | ૦ |
| | કુલ | ૫૫૧ | ૦ |

(૨) આ લાભો આપવા પાછળ કેટલો ખર્ચ થયો ?

(૨) રૂ. ૧૭૫.૯૨ લાખ.

---------

આણંદ જિલ્લામાં વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ

* ૧૭૫૭૦ શ્રી નિરંજન પટેલ(પેટલાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર ધો. ૧ થી ૮ માં વિદ્યાર્થીઓનો ડ્રોપ આઉટ દર કેટલો છે, અને

જવાબ

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૩–૧૪ (ટકા) | ૨૦૧૪–૧૫ (ટકા) |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૨.૩૦ | ૦.૩૯ |
| ૨ | આંકલાવ | ૧.૫૧ | ૦.૬૩ |
| ૩ | બોરસદ | ૦.૯૨ | ૧.૬૬ |
| ૪ | ખંભાત | ૩.૬૭ | ૨.૨૬ |
| ૫ | પેટલાદ | ૪.૭૮ | ૧.૧૧ |
| ૬ | સોજીત્રા | ૦.૮૩ | ૦.૬૮ |
| ૭ | તારાપુર | ૨.૬૬ | ૧.૩૦ |
| ૮ | ઉમરેઠ | ૦.૦૩ | ૧.૦૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડ્રોપ આઉટ દર ઘટાડવા સરકારે શાં પગલાં લીધા અને કેટલો ખર્ચ કર્યો ?

(૨)

- વિના મુલ્યે પાઠ્ય પુસ્તકનું વિતરણ
- કન્યાઓ માટે અલગ શૌચાલયવાળા સ્વચ્છ સંકુલ બાંધવામાં આવે છે.
- ડ્રોપ આઉટ થતા બાળકોને શાળા બહારના વર્ગોમાં

અભ્યાસ કરાવી મેઈનસ્ટ્રીમ કરવામાં આવે છે.
- ટ્રાન્સપોર્ટેશનની સુવિધા પૂરી પાડવામાં આવે છે.
- મધ્યાહન ભોજનની સુવિધા પુરી પાડવામાં આવે છે.
- કન્યા કેળવણી રથ અને પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે.
- કે.જી.બી.વી. દ્વારા નિવાસી શાળાની સુવિધા પુરી પાડવામાં આવે છે.
- શાળા આરોગ્ય તપાસણી કરવામાં આવે છે.
- સમાજ કલ્યાણ વિભાગ દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.
- ધોરણ ૧ થી ૭ ના બદલે ધોરણ ૧ થી ૮ શરૂ કરવામાં આવેલ છે.
- ૩૫ ટકા કરતાં ઓછા સ્ત્રી સાક્ષરતા દર હોય તેવા ગામોની કન્યાઓને ધોરણ-૧માં પ્રવેશ વખતે જ રૂ. ૧૦૦૦/- ના વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે.
- શાળામાં અભ્યાસ કરતા બાળકોના વાલીઓને તાલીમ આપી શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવવામાં આવે છે.
- આણંદ જિલ્લામાં ડ્રોપ આઉટ દર ઘટાડવા સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૩૭૧૮.૯૨ લાખ અને વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ રૂ. ૩૪૨૭.૯૯ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

## પાટણ જિલ્લામાં એક, બે અને ત્રણ ઓરડાની શાળાઓ

* ૧૭૮૪૨ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં એક ઓરડા, બે ઓરડા અને ત્રણ ઓરડાની શાળાઓ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ સરકાર આ એક ઓરડામાં ચાલતી શાળાઓમાં ઓરડાઓ વધારવા માટે શાં પગલાં લેવા માંગે છે?

**જવાબ**

(૧)

| તાલુકો | એક ઓરડાવાળી શાળાની સંખ્યા | બે ઓરડાવાળી શાળાની સંખ્યા | ત્રણ ઓરડાવાળી શાળાની સંખ્યા |
|---|---|---|---|
| ચાણસ્મા | ૦ | ૪ | ૫ |
| હારીજ | ૦ | ૮ | ૧૦ |
| પાટણ | ૨ | ૪૧ | ૩૨ |
| રાધનપુર | ૧ | ૧૪ | ૯ |
| સમી | ૦ | ૭ | ૬ |
| સાંતલપુર | ૦ | ૭ | ૫ |
| સિધ્ધપુર | ૦ | ૨ | ૫ |

(૨) આર.ટી.ઈ. એકટની જોગવાઈઓ પ્રમાણે ઓરડાઓ જેમ બને તેમ જલ્દી બનાવવામાં આવશે.

---------

## નર્મદા જિલ્લામાં સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

* ૧૭૬૭૮ શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં કેટલી નવી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) આ શાળાઓ પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી અને

**જવાબ**

(૧) એક પણ નહી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

સામાન્ય પ્રવાહની કેટલી?

---------

ખેડા જિલ્લામાં શિક્ષકોની કરેલ ભરતીની માહિતી પૂરી પાડવા બાબત

* ૧૭૭૯૩ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ પ્રાથમિક શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં વિષય શિક્ષક તરીકે ભાષાના શિક્ષક તરીકે ટેટની પરીક્ષાનું પ્રશ્નપત્ર એક જ હોઈ ભાષા શિક્ષકની ભરતીમાં અંગ્રેજી, હિન્દી, ગુજરાતી, સંસ્કૃત વિષયોનો કેટલા પ્રમાણમાં રેશિયો જાળવવામાં આવે છે,

(૧)

| વિષય | રેશિયો |
|---|---|
| અંગ્રેજી | ૪૯ |
| હિન્દી | ૧૭ |
| ગુજરાતી | ૧૭ |
| સંસ્કૃત | ૧૭ |

(૨) ૫૦ ટકા માત્ર અંગ્રેજી ભાષા અને ૫૦ ટકા અન્ય ભાષાને ભરતી પ્રક્રિયામાં મહત્વ આપવામાં આવે છે તે હકીકત સાચી છે, અને

(૨) હા, જી.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં કરેલ ભરતીની શી વિગતો છે?

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ભાષા વિષયના શિક્ષકોની ભરતી કરવામાં આવેલ નથી.

---------

રાજકોટ જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસો

* ૧૭૭૦૫ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) રાજકોટ (એડીશનલ) જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં સને ૨૦૧૪ના વર્ષમાં કુલ કેટલા નવા કેસો દાખલ થયા,

(૧) ૨૭૦.

(૨) કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો,

(૨) ૨૨૦.

(૩) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ કેટલા કેસો પડતર છે, અને

(૩) ૧૬૨.

(૪) બાકી કેસોના ઝડપી નિકાલ માટે સરકારશ્રી તરફથી શું આયોજન કરેલ છે?

(૪) (૧) કમિશન કક્ષાએથી જિલ્લા ફોરમોના પ્રમુખશ્રીઓને જરૂરી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવે છે.
(૨) રાજ્ય કક્ષાએ યોજાતા સેમીનારમાં પ્રમુખશ્રી રાજ્ય કમિશન દ્વારા સમીક્ષા કરી બાકી કેસોનો નિકાલ કરવા જરૂરી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવે છે.

---------

જામનગર જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ

* ૧૭૫૫૮ શ્રી ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા(જામનગર ઉત્તર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર શહેર અને જિલ્લામાં તાલુકાવાર કેટલા બારકોડેડ રેશનકાર્ડ છે, અને

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ જામનગર શહેરમાં કુલ–૧,૩૦,૧૩૭ બારકોડેડ રેશનકાર્ડ છે જ્યારે જામનગર જિલ્લાની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| તાલુકા | બારકોડેડ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|
| જામનગર ગ્રામ્ય | ૫૧,૨૩૯ |
| ધ્રોલ | ૨૩,૦૭૬ |
| જોડીયા | ૧૬,૧૨૮ |
| કાલાવાડ | ૩૬,૫૧૦ |
| લાલપુર | ૩૧,૧૬૯ |
| જામજોધપુર | ૩૬,૧૪૩ |

| | |
|---|---|
| કુલ | ૧,૯૪,૨૬૫ |

(૨) તે અન્વયે છેલ્લા એક વર્ષમાં માસવાર રેશનકાર્ડ દીઠ સરેરાશ કેટલા ઘઉં, ચોખા, ખાંડ અને કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવ્યો?

(૨) છેલ્લા એક વર્ષમાં માસવાર રેશનકાર્ડ દીઠ સરેરાશ નીચે મુજબની વિગતે યોજનાવાર ઘઉં,ચોખા, ખાંડ અને કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

અંત્યોદય યોજના :-
ઘઉં-૧૯ કિ.ગ્રા.
ચોખા-૧૬ કિ.ગ્રા.

બીપીએલ યોજના :-
ઘઉં-૧૩ કિ.ગ્રા.
સ્પે. ઘઉં (એપીએલ ટુ બીપીએલ)-૯ કિ.ગ્રા.
ચોખા-૩ કિ.ગ્રા.
સ્પે. ચોખા-૧૦ કિ.ગ્રા.

એપીએલ યોજના :-
ઘઉં વ્યક્તિ દીઠ ૨.૫ કિ.ગ્રા. અને મહત્તમ ૧૦ કિ.ગ્રા. તથા ચોખા કાર્ડદીઠ મહત્તમ ૬ કિ.ગ્રા. લેખે ફાળવવાનું ધોરણ છે. પરંતુ ખરેખર જરૂરીયાતના ધોરણે ઘઉં-ચોખાનો જથ્થો ફાળવવામાં આવેલ છે.

ખાંડ :-
અંત્યોદય અને બીપીએલ લાભાર્થીઓને ખાંડની ફાળવણી કાર્ડદીઠ નહી પરંતું વ્યકિતદીઠ-૩૫૦ ગ્રામ પ્રમાણે કરવામાં આવેલ છે.

કેરોસીન :-
કેરોસીનની ફાળવણી કાર્ડદીઠ નહી પરંતુ વ્યકિતદીઠ ૨ લીટર તથા મહત્તમ રેશનદીઠ ૮ લીટર સરેરાશ માસિક જથ્થો ફાળવવામાં આવેલ છે.

---------

વલસાડ જિલ્લામાં મનરેગા યોજના હેઠળ રોજગારી

* ૧૮૦૫૫ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજનામાં ધરમપુર, કપરાડા, ઉમરગામ અને પારડી તાલુકામાં કયા કામો હાથ પર લઈ કેટલા કામો પૂર્ણ થયા, અને

જવાબ

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં મનરેગા યોજનામાં ધરમપુર, કપરાડા, ઉમરગામ અને પારડી તાલુકામાં હાથ પર લેવામાં આવેલ કામો અને તે પૈકી પૂર્ણ થયેલ કામોની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | હાથ ધરવામાં આવેલ કામોનાં પ્રકાર | તાલુકાનું નામ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ધરમપુર | | કપરાડા | | ઉમરગામ | | પારડી | |
| | | હાથ પર લેવામાં આવેલ કામો | તે પૈકી પૂર્ણ થયેલ કામો | હાથ પર લેવામાં આવેલ કામો | તે પૈકી પૂર્ણ થયેલ કામો | હાથ પર લેવામાં આવેલ કામો | તે પૈકી પૂર્ણ થયેલ કામો | હાથ પર લેવામાં આવેલ કામો | તે પૈકી પૂર્ણ થયેલ કામો |
| ૧ | રસ્તાના કામો | ૮૨૦ | ૨૨૩ | ૫૦૭ | ૨ | ૧૩૨ | ૧ | ૨૬૧ | ૪૯ |
| ૨ | પુર નિયંત્રણના કામો | ૦ | ૦ | ૦ | ૦ | ૫૨ | ૧૭ | ૧૨ | ૪ |
| ૩ | જળ સંરક્ષણ અને જળ સંગ્રહના કામો | ૧૧૪ | ૧૦ | ૨૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ડ્રોટ પ્રુફિંગના કામો | ૨૮૦ | ૧ | ૨૧૭ | ૧ | ૯૬ | ૧ | ૧૨૦ | ૯ |
| ૫ | માઈક્રો ઈરીગેશનના કામો | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | પ્રોવીઝન ઓફ ઈરીગેશન ફેસીલીટીના કામો | ૯૬ | ૧ | ૫૯ | ૦ | ૦ | ૦ | ૪ | ૨ |
| ૭ | રીનોવેશન ઓફ ટ્રેડીશનલ વોટર બોડીઝના કામો | ૧૦ | ૬ | ૧૬ | ૦ | ૫ | ૦ | ૮ | ૦ |
| ૮ | લેન્ડ ડેવલપમેન્ટના કામો | ૬ | ૦ | ૨ | ૦ | ૧૮ | ૦ | ૨૫ | ૧૦ |
| ૯ | અન્ય કામો | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | BNRGSKના કામો | ૦ | ૦ | ૧૬ | ૦ | ૧ | ૦ | ૪ | ૦ |
| ૧૧ | શૌચાલયના કામો | ૧૮૭૩ | ૩૮૫ | ૫૫૪ | ૦ | ૨૦૬ | ૧૫૩ | ૭૯૭ | ૨૩૭ |
| | કુલ | ૩૨૦૦ | ૬૨૬ | ૧૩૯૬ | ૩ | ૫૧૦ | ૧૭૨ | ૧૨૩૧ | ૩૧૧ |

(૨) તે અન્વયે કેટલી માનવદિન રોજગારી મળી અને કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨) તે અન્વયે મળેલ માનવદિન રોજગારી અને કરવામાં આવેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકા | ઉત્પન્ન થયેલ માનવદિન | રોજગારી પાછળ થયેલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ધરમપુર | ૫૨૬૬૬૮ | ૮૮૪.૦૯ |
| ૨ | કપરાડા | ૨૦૫૨૯૪ | ૩૫૭.૯૦ |
| ૩ | ઉમરગામ | ૭૧૭૩૩ | ૧૫૨.૭૩ |
| ૪ | પારડી | ૭૨૦૬૪ | ૧૬૮.૪૭ |
| | કુલ | ૮૭૫૭૫૯ | ૧૫૬૩.૧૯ |

--------

દહેવાણ ગામની પ્રાથમિક શાળામાં સર્પદંશથી વિદ્યાર્થીઓના મોત

* ૧૭૫૮૮ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ બોરસદ તાલુકાના દહેવાણ ગામની પ્રાથમિક શાળાની કેટલી વિદ્યાર્થીઓના સર્પદંશથી છેલ્લા બે વર્ષમાં મૃત્યુ થયા, અને

(૨) તે અન્વયે સરકાર કઈ યોજના અંતર્ગત કેટલી રકમની સહાય કે વીમા સહાય ચૂકવવાની બાકી છે અને આ સહાય બાકી રહેવાના કારણો શાં છે, અને કેટલા સમયમાં આ રકમ ચૂકવાશે?

જવાબ

(૧) ૨ (બે).

(૨) વિદ્યાદીપ યોજના અંતર્ગત સહાય ચૂકવવામાં આવેલ છે.

---------

મહીસાગર અને ખેડા જિલ્લામાં વૃક્ષારોપણ

* ૧૭૮૫૯ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે

જવાબ

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

વર્ષમાં મહીસાગર અને ખેડા જિલ્લામાં તાલુકાવાર વન વિભાગ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ ક્યારે હાથ ધરવામાં આવ્યો,

મહીસાગર અને ખેડા જિલ્લામાં વન મહોત્સવ હેઠળ વન વિભાગ દ્વારા તાલુકાવાર તા. ૩-૮-૨૦૧૩, તા. ૬-૮-૨૦૧૩, તા. ૧૨-૮-૨૦૧૩, તા. ૨-૮-૨૦૧૪, તા. ૫-૮-૨૦૧૪ અને તા. ૬-૮-૨૦૧૪ના રોજ વૃક્ષા રોપણ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો.

(૨) તે અન્વયે કેટલા અને કયા રોપાઓ રોપવામાં આવ્યા, અને

(૨) તે અન્વયે ૬૧૬૮૯ રોપાઓ રોપવામાં આવ્યા, જેમાં મુખ્યત્વે પેલ્ટોફોર્મ, લીમડા, અર્જુન સાદડ, ગુલમહોર, આસોપાલવ, કરણ, જાંબુ તેમજ ઈતર રોપાનો સમાવેશ થાય છે.

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા રોપા હયાત છે અને કેટલા નાશ પામ્યા?

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી ૪૩૪૬૮ રોપા હયાત છે અને ૧૮૨૨૧ રોપા નાશ પામેલ છે.

---------

## જુનાગઢ જિલ્લામાં ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ કાર્યરત

* ૧૭૫૬૧ શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જુનાગઢ જિલ્લામાં કઈ જગ્યાએ ઈકો ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ કાર્યરત છે, | (૧) જૂનાગઢ જિલ્લામાં ઈકો ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ કાર્યરત નથી. |
| (૨) તે પૈકી છેલ્લા બે વર્ષમાં કેટલી રકમના કેટલા પ્રોજેક્ટને મંજૂરી આપી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મંજૂરી આપેલ પ્રોજેક્ટ પૈકી કેટલા પૂર્ણ થયા તથા કેટલાનું કામ બાકી છે અને બાકી રહેલ પ્રોજેક્ટ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

## વડાલી તાલુકામાં મનરેગા યોજના હેઠળ ખેડુતોને કુવાઓ બનાવવા

* ૧૯૦૬૧ શ્રી મહેન્દ્રસિંહ ક. બારૈયા(પ્રાંતિજ) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકામાં મનરેગા યોજના હેઠળ કેટલા ખેડુતોના કુવાઓ બનાવવાના કામોના નાણા ન મળવા અંગેની ફરિયાદ સરકારને મળેલ છે, અને

જવાબ

(૧) તા. ૩૧-૦૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકામાં મનરેગા યોજના હેઠળ ખેડુતોના કુવાઓ બનાવવાના કામોના નાણાં ન મળવા અંગેની ફરિયાદની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | ગામનું નામ | ફરીયાદ મળેલ ખેડુતોની સંખ્યા |
|---|---|---|
| ૧ | મુ. વેડા તા. વડાલી | ૧ |
| ૨ | મુ. સુલઈ તા. વડાલી | ૧ |
| ૩ | મુ. વિછી તા. વડાલી | ૧ |
| ૪ | મુ. સુલઈ કંમ્પા તા. વડાલી | ૧ |
| ૫ | મુ. ભગતપુર તા. વડાલી | ૨ |
| | કુલ | ૬ |

(૨) આ નાણા કેટલા સમયમાં ચુકવવામાં આવશે?

(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, વડાલી દ્વારા સ્થળ તપાસ કરાવતાં તપાસ અહેવાલ અનુસાર સદર ખેડુત લાભાર્થીઓએ વર્ષ ૨૦૧૦-૨૦૧૧ દરમ્યાન કુવાઓનું કામ કરેલ હતુ. તે સમયગાળામાં જેટલુ કામ હતુ તે પ્રમાણે ચુકવણા થઈ ગયેલ છે. ત્યારબાદ વધારાની કામગીરી અંગે તાલુકા પંચાયત કચેરી કે ગ્રામ પંચાયતમાં કોઈપણ પ્રકારની જાણ કર્યા સિવાય લાભાર્થીએ કામગીરી કરેલ છે. જેના કારણે હાજરી અંગેના મસ્ટર રોલ તાલુકા પંચાયત કચેરીએથી ઈસ્યુ થયેલ નથી. ચુકવણા બાબતે મનરેગા યોજનાની ગાઈડ લાઈન મુજબ અગાઉના વર્ષમાં થયેલ કામગીરીનું ચાલુ વર્ષમાં મસ્ટર રોલ ઈસ્યુ થઈ શકે નહી જેથી ચુકવણું કરવા અંગેનો કોઈ પ્રશ્ન રહેતો

નથી.

---------

નવસારી જિલ્લામાં એજ્યુકેશન ઈન્સપેકટરો અને એકાઉન્ટન્ટોની જગ્યાઓ

* ૧૮૧૩૬ શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ નવસારી જિલ્લામાં શિક્ષણાધિકારીની કચેરીમાં કેટલા એજ્યુકેશન ઈન્સપેકટરો અને એકાઉન્ટન્ટોની મંજૂર થયેલ જગ્યાઓ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૨) છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં તાલુકાવાર કેટલી સ્કુલોમાં ઈન્સપેકશન કરવામાં આવ્યું ?

જવાબ

(૧)

| જગ્યાનું નામ | મંજૂર થયેલ જગ્યાઓ | ખાલી જગ્યાઓ | કેટલા સમયથી ખાલી છે તેની વિગતો |
|---|---|---|---|
| એજ્યુકેશન ઈન્સપેકટર | ૦૧ | ૦૧ | તા.૩૧–૩–૨૦૧૨ થી |
| એકાઉન્ટન્ટ | એકપણ જગ્યા મંજૂર થયેલ નથી. | | |

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | સને ૨૦૧૩–૧૪ માં ઈન્સપેકશન થયેલ શાળાની સંખ્યા | સને ૨૦૧૪–૧૫ માં ઈન્સપેકશન થયેલ શાળાની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | નવસારી | ૦૮ | ૦૭ |
| ૨ | જલાલપોર | ૦૧ | ૦૬ |
| ૩ | ગણદેવી | ૦૨ | ૦૬ |
| ૪ | ચીખલી | ૦૧ | ૦૫ |
| ૫ | ખેરગાવ | ૦૦ | ૦૫ |
| ૬ | વાંસદા | ૦૨ | ૦૫ |
| | કુલ સંખ્યા | ૧૪ | ૩૪ |

---------

બનાસકાંઠા જિલ્લામાં વન્ય પ્રાણી અને પક્ષીઓની સારવારની સુવિધા બાબત

* ૧૯૩૦૮ શ્રી મહેશકુમાર અ. પટેલ(પાલનપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) ઘવાયેલા અને બિમાર વન્ય પ્રાણી અને પક્ષીઓની સારવાર કરવા સાચવવા તથા ઓપરેશન માટે બનાસકાંઠા જિલ્લામાં તા.૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ એમ્બ્યુલન્સ, આશ્રયસ્થાન તથા ઓપરેશન માટેની કોઇ સુવિધા ઉભી કરવામાં આવી નથી, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૩) આવી સુવિધા ક્યાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે ?

જવાબ

(૧) જિલ્લામાં વન વિભાગ હસ્તક આવી સુવિધા ઉપલબ્ધ નથી.

(૨) અને (૩) : બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત અને રાજ્ય સરકારશ્રીના પશુ સારવાર કેન્દ્રો તેમજ દાંતિવાડા યુનિવર્સીટીમાં સુવિધા ઉપલબ્ધ હોઈ, વન વિભાગ હેઠળ સુવિધા ઉપલબ્ધ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ–૮ ના નવા વર્ગો ખોલવા

* ૧૯૩૭૭ શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ–૮ ના કેટલા નવા વર્ગો ખોલવામાં આવ્યા,

(૨) નવા વર્ગો ખોલતાં ગણિત, વિજ્ઞાન અને ભાષાના કેટલા શિક્ષકોની જરૂરીયાત છે,

જવાબ

(૧)

| | ધોરણ–૮ ના નવા વર્ગો |
|---|---|
| અમદાવાદ શહેર | ૪૮ |
| અમદાવાદ જિલ્લો | ૪૫ |

(૨)

| | ગણિત–વિજ્ઞાન | ભાષા |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૪૩ | ૪૮ |
| અમદાવાદ જિલ્લો | ૫૪ | ૬૧ |

(૩) તે પૈકી ગણિત, વિજ્ઞાન અને ભાષાના કેટલા શિક્ષકો છે અને કેટલા શિક્ષકોની ઘટ છે, અને

(૩)

| | ગણિત–વિજ્ઞાન | | ભાષા | |
|---|---|---|---|---|
| | કામ કરતા શિક્ષકો | શિક્ષકોની ઘટ | કામ કરતા શિક્ષકો | શિક્ષકોની ઘટ |
| અમદાવાદ શહેર | ૬ | ૩૭ | ૪૦ | ૮ |
| અમદાવાદ | ૧૫ | ૩૯ | ૪૮ | ૧૩ |

(૪) આ ઘટતા શિક્ષકોની ક્યાં સુધીમાં ભરતી કરવામાં આવશે ?

(૪) જેમ બને તેમ જલ્દી.

---------

ભિલોડા તાલુકામાં લક્ષ્મીબાઈ કન્યા આદિજાતિ છાત્રાલયનું બાંધકામ

* ૧૯૩૩૬ શ્રીમતી કામીનીબા ભુ. રાઠોડ (દહેગામ) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના જાબચિતરીયા ખાતે આવેલ લક્ષ્મીબાઈ કન્યા આદિજાતિ છાત્રાલયને સરકારે કુલ કેટલી જમીન ફાળવેલ છે, | (૧) સરકારે કોઈ જમીન ફાળવેલ નથી. |
| (૨) તેમાંથી કેટલી જમીનમાં બાંધકામની પરમીશન આપેલ છે, પરમીશન મુજબ બાંધકામ થયેલ છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો વધુ બાંધકામ કરેલ હોય તો સરકાર કોઈ પગલાં લેવા માંગે છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વલસાડ જિલ્લામાં તલાટી કમ મંત્રીઓની ખાલી જગ્યાઓ

* ૧૭૫૯૩ શ્રી ઈશ્વરભાઇ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તલાટી–કમ–મંત્રીઓની કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

(૧)

| ખાલી જગ્યાની સંખ્યા | ખાલી જગ્યાનો સમયગાળો | |
|---|---|---|
| | ૧ વર્ષ સુધીની | ૧ વર્ષ ઉપરની |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) ભરતી કેલેન્ડર મુજબ બનતી ત્વરાએ.

---------

સાણંદ અને બાવળા તાલુકામાં ગ્રામ પંચાયતોના મકાનો

* ૧૮૨૯૩ શ્રી કરમશીભાઇ વિ. પટેલ(સાણંદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં સાણંદ અને બાવળા તાલુકામાં તાલુકાવાર કેટલા ગામોમાં ગ્રામ પંચાયતના મકાનો છે અને કેટલા ગામોમાં નથી, અને

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ

| તાલુકાનું નામ | ગ્રામ પંચાયતના મકાનો છે તેની સંખ્યા | ગ્રામ પંચાયતના મકાનો નથી તેની |
|---|---|---|

| | | સંખ્યા |
|---|---|---|
| સાણંદ | ૬૮ | ૦ |
| બાવળા | ૪૭ | ૦ |
| કુલ | ૧૧૫ | ૦ |

(૨) જે ગામોમાં ગ્રામ પંચાયતના મકાનો નથી તેવા ગામોમાં ક્યાં સુધીમાં પાકા મકાનો બનાવવામાં આવશે ?

(૨) પ્રશ્ન નથી.

---------

સાબરકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોની ફરીયાદ

* ૧૯૩૬૧ શ્રી અશ્વિન કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનથી અનાજ, કેરોસીન ન મળવાની અથવા મોડું મળવાની કરેલી ફરીયાદો તાલુકાવાર મળી,

(૧)

| અ.નં. | તાલુકાનું નામ | મળેલ ફરીયાદોની સંખ્યા |
|---|---|---|
| ૧ | હિંમતનગર | ૧૧ |
| ૨ | ઈડર | ૮ |
| ૩ | વડાલી | ૬ |
| ૪ | ખેડબ્રહ્મા | ૬ |
| ૫ | પોશીના | ૧ |
| ૬ | વિજયનગર | ૪ |
| ૭ | પ્રાંતિજ | ૬ |
| ૮ | તલોદ | ૨ |
| | કુલ | ૪૪ |

(૨) મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) મળેલ કુલ ૪૪ ફરીયાદો પૈકી ૨૪ ફરીયાદોનો નિકાલ કરીને તપાસોમાં જણાયેલ ક્ષતિ/ગેરરીતિઓને અનુલક્ષીને દુકાનદારો સામે નીચે મુજબની કાર્યવાહી કરવામાં આવી.

૧. રૂ.૫૫,૫૩૩/- ની કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો કબજે લીધો.
૨. રૂ.૧૩,૯૧૨/-ની કિંમતનો આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો રાજ્યસાત કર્યો.
૩. રૂ.૧૪,૨૫૦/- પરવાના અનામત રાજ્યસાત.
૪. રૂ.૧૦,૮૩૫/- દંડ
૫. ૧(એક) પરવાનો મોકુફ.
૬. ૨ (બે) પરવાના રદ.

-બાકીના ૨૦ સામે કાર્યવાહી ચાલુ છે.

(૩) જો કાર્યવાહી કરવામાં ન આવી હોય તો ક્યાં સુધીમાં પગલાં લેવામાં આવશે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમદાવાદ જિલ્લામાં સરદાર આવાસ અને ઇન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો

* ૧૭૫૫૫ ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઈન્દિરા આવાસ યોજના અને સરદાર આવાસ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલા આવાસો બનાવવા માટે કેટલી અરજીઓ મળી,

(૧) (૧) સરદાર આવાસ-વર્ષ ૨૦૧૩-૧૪ અને વર્ષ ૨૦૧૪-૧૫ માં સરદાર આવાસ યોજના હેઠળ એકપણ અરજી મળેલ નથી.

(૨) ઈન્દિરા આવાસ

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૩-૧૪ મળેલ | ૨૦૧૪-૧૫ માં મળેલ | કુલ |
|---|---|---|---|---|

| | | અરજીઓ | અરજીઓ | |
|---|---|---|---|---|
| ૧ | બરવાળા | ૨૬૪ | ૮૮ | ૩૫૨ |
| ૨ | બાવળા | ૩૨૧ | ૧૧૦ | ૪૩૧ |
| ૩ | દસક્રોઈ | ૨૫૭ | ૧૨૫ | ૩૮૨ |
| ૪ | દેત્રોજ | ૪૬૭ | ૨૪૮ | ૭૧૫ |
| ૫ | ધંધુકા | ૧૧૭૨ | ૨૧૮ | ૧૩૯૦ |
| ૬ | ધોળકા | ૧૦૫૦ | ૨૪૮ | ૧૨૯૮ |
| ૭ | માંડલ | ૧૧૪ | ૧૨૦ | ૨૩૪ |
| ૮ | રાણપુર | ૩૯૨ | ૨૫૨ | ૬૪૪ |
| ૯ | સાણંદ | ૨૭૩ | ૨૩૫ | ૫૦૮ |
| ૧૦ | વિરમગામ | ૨૭૪૨ | ૨૪૫ | ૨૯૮૭ |
| | કુલ | ૭૦૫૨ | ૧૮૮૯ | ૮૯૪૧ |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરી વર્ષવાર, તાલુકાવાર અરજદારોને સોંપવામાં આવ્યા,

(૨) (૧) સરદાર આવાસ– પ્રશ્ન નથી.

(૨) ઈન્દિરા આવાસ

| ક્રમ | તાલુકાનું નામ | ૨૦૧૩–૧૪ મળેલ અરજીઓ | ૨૦૧૪–૧૫ માં મળેલ અરજીઓ | કુલ |
|---|---|---|---|---|
| ૧ | બરવાળા | ૨૬૪ | ૮૬ | ૩૫૦ |
| ૨ | બાવળા | ૩૨૧ | ૧૧૦ | ૪૩૧ |
| ૩ | દસક્રોઈ | ૨૫૭ | ૧૧૯ | ૩૭૬ |
| ૪ | દેત્રોજ | ૪૬૭ | ૨૪૫ | ૭૧૨ |
| ૫ | ધંધુકા | ૧૧૭૨ | ૨૧૮ | ૧૩૯૦ |
| ૬ | ધોળકા | ૧૦૫૦ | ૨૪૮ | ૧૨૯૮ |
| ૭ | માંડલ | ૧૧૪ | ૧૨૦ | ૨૩૪ |
| ૮ | રાણપુર | ૩૯૨ | ૨૫૨ | ૬૪૪ |
| ૯ | સાણંદ | ૨૭૩ | ૨૩૧ | ૫૦૪ |
| ૧૦ | વિરમગામ | ૨૭૪૨ | ૨૦૮ | ૨૯૫૦ |
| | કુલ | ૭૦૫૨ | ૧૮૩૭ | ૮૮૮૯ |

(૩) બાકી રહેલ અરજદારોને કેટલા સમયમાં આવાસો આપવામાં આવશે, અને

(૩) (૧) સરદાર આવાસ–પ્રશ્ન નથી.

(૨) ઈન્દિરા આવાસ–બાકી રહેલ અરજદારોને તા.૨–૩–૨૦૧૫ પહેલા આવાસોની મંજૂરી આપવામાં આવેલ છે.

(૪) વર્ષવાર, તાલુકાવાર કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી અને તેના કારણો શાં છે ?

(૪) (૧) સરદાર આવાસ–પ્રશ્ન નથી.

(૨) ઈન્દિરા આવાસ–એકપણ અરજી નામંજૂર કરવામાં આવેલ નથી.

---------

## અરવલ્લી જિલ્લામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ

* ૧૮૬૯૪ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન — જવાબ

(૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓના પ્રમાણમાં ઓરડાઓની કેટલી ઘટ છે,

(૧)

| તાલુકો | ઓરડાની ઘટ |
|---|---|
| બાયડ | ૧૨૦ |
| ભિલોડા | ૭૯ |
| ધનસુરા | ૧૦૭ |
| મોડાસા | ૧૩૪ |
| માલપુર | ૨૭ |
| મેઘરજ | ૩૬ |

(૨) માલપુર અને બાયડ તાલુકામાં આવેલ પ્રાથમિક

(૨)

શાળાઓમાં ઓરડાઓ જર્જરીત અથવા પુરતા પ્રમાણમાં ન હોય તેવી કેટલી શાળાઓની અરજીઓ પડતર છે, અને

| તાલુકો | ઓરડાઓ જર્જરીત હોવા અંગેની પડતર અરજીઓ | ઓરડાઓ પુરતા ન હોવા અંગેની પડતર અરજીઓ |
|---|---|---|
| માલપુર | ૧૩ | ૧૯ |
| બાયડ | ૭ | ૭૧ |

(૩) પ્રાથમિક શાળાઓની ઓરડાઓ અંગેની ફરીયાદોનો કેટલા સમયમાં નિકાલ કરવામાં આવશે ?

(૩) જેમ બને તેમ જલ્દી.

---------

છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં આશ્રમશાળામાં ભરતી

* ૧૮૮૭૯ શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૧૦-૨-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં આવેલ સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત અનુસૂચિત જનજાતિની ગ્રાન્ટ ઈન એઈડ આશ્રમ શાળાઓના કર્મચારીઓની ભરતી માટેની જાહેરાત બહાર પડાઈ નથી તે હકીકત સાચી છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ક્યા કારણોસર ફકત આ બે જિલ્લામાં જાહેરાત બહાર પડાઈ નથી,

(૨) જગ્યાઓ ભરવા માટે નામદાર હાઈકોર્ટના મનાઈ હુકમના કારણે તથા સંસ્થાઓ તરફથી ના વાંધા પ્રમાણપત્રની માંગણી નહી થવાના કારણો જાહેરાત બહાર પાડવામાં આવેલ નથી.

(૩) આ માટે સરકારને ફરીયાદ ક્યારે મળી છે, અને

(૩) તા.૧૪-૧૧-૨૦૧૪.

(૪) જાહેરાત ક્યારે બહાર પાડવામાં આવશે ?

(૪) શૈક્ષણિક કર્મચારીઓને જગ્યાઓ માટે નામદાર હાઈકોર્ટનો મનાઈ હુકમ દૂર થયેથી તથા સંબંધિત સંસ્થાઓ તરફથી ખાલી જગ્યાઓ ભરવા માટે ના વાંધા પ્રમાણપત્રની માંગણી થયેથી જાહેરાત આપવા માટે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે. બિન-શૈક્ષણિક કર્મચારીઓની ભરતી માટે કેન્દ્રીયકૃત ભરતીની નીતિ અમલમાં ન હોય કેન્દ્રીયકૃત જાહેરાત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વલસાડ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં કેસો

* ૧૭૬૯૪ શ્રી રમણલાલ ના. પાટકર(ઉમરગામ) : માનનીય ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) વલસાડ જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ ફોરમમાં તા.૩૧-૧૨-૨૦૧૪ અંતિત છેલ્લા એક વર્ષમાં કેટલા કેસો દાખલ થયેલ છે,

(૧) ૨૭૫.

(૨) કેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો,

(૨) ૩૯૨.

(૩) કેટલા કેસો પડતર રહેલ છે, અને

(૩) ૧૮૩.

(૪) કેસો પડતર રહેવાના કારણો શાં છે ?

(૪) (૧) જ્યુડીશયરી સમરી ટ્રાયલ કેસીસ ચલાવવાના હોઈ પૂરાવો નોંધવાની પ્રક્રિયાને કારણે કેટલાક કેસોમાં વિલંબ થાય છે.

(૨) પક્ષકારોના વકીલશ્રીઓ મારફત જુદા જુદા કારણોસર મુદતો માંગતા હોઈ કેસો એડજર્ન કરવાના થતાં હોય છે.

---------

મહેસાણા જિલ્લામાં ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત શાળાઓની ત્રુટિઓ

* ૧૯૩૭૨ શ્રી રમેશભાઈ મ. ચાવડા(કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન / જવાબ

(૧) તા.૩૧-૧-૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

(૧) બાળકોમાં વાંચન, લેખન અને ગણનમાં જોવા

| | |
|---|---|
| વર્ષવાર મહેસાણા જિલ્લામાં તાલુકાવાર યોજાયેલ ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત શાળાઓની કઈ ત્રુટિઓ અને બાળકોની કઈ નબળાઈઓ બહાર આવી, | મળેલ કચાસ.<br>– એસ.એમ.સી. માં જાગૃતિનો અભાવ.<br>– શાળા પુસ્તકાલયનો અપુરતો ઉપયોગ. |
| (૨) ગુણોત્સવ કાર્યક્રમ અંતર્ગત કેટલી શાળાઓમાં નબળાઈઓ દૂર કરવા સરકારે શી કાર્યવાહી કરી, અને | (૨) ૮૧ શાળાઓ.<br>– તમામ શાળાના આચાર્યશ્રી અને સી.આર.સી. કો–ઓર્ડીનેટરની ચિંતન બેઠક રાખવામાં આવી.<br>– સી.આર.સી./બી.આર.સી./કેળવણી નિરીક્ષક દ્વારા વારંવાર શાળાની મુલાકાત લેવામાં આવી.<br>– શિક્ષકો એસ.એમ.સી. તેમજ વાલીઓને જાગૃત કરવામાં આવ્યા.<br>– સરકારશ્રી દ્વારા તેમજ લોકભાગીદારીથી ખૂટતી ભૌતિક સુવિધાઓ પૂરી કરી બાળકોના અભ્યાસ માટે પ્રોત્સાહક વાતાવરણ ઉભું કરવામાં આવ્યું. વાંચન, ગણન અને લેખનમાં કચાસ ધરાવતા બાળકો દ્વારા ઉપચારાત્મક કાર્ય કરવામાં આવ્યું. |
| (૩) સરકારે કરેલ કાર્યવાહીથી બાળકોને કેટલો લાભ થયો ? | (૩) પ્રોત્સાહક વાતાવરણ ઉભું થતાં બાળકોના સર્વાંગી વિકાસમાં ગતિ આવી.<br>– વાંચન, ગણન અને લેખનમાં કચાસ ધરાવતા બાળકોને વધુ સારી રીતે તૈયાર કરી શકાયા. |

---------

## વલસાડ જિલ્લામાં સરકારી શાળાઓ

* ૧૭૬૭૯ શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં કેટલી સરકારી શાળાઓ છે, અને | (૧) ૨૫ સરકારી શાળાઓ છે તે પૈકી ૭ (સાત) શાળાઓમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બંને વિભાગો છે અને ૨ (બે) શાળાઓમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગ જ છે. |
| (૨) આ શાળાઓ પૈકી વિજ્ઞાન પ્રવાહની કેટલી અને સામાન્ય પ્રવાહની કેટલી છે ? | (૨)<br>• વિજ્ઞાન પ્રવાહ – ૦૨<br>• સામાન્ય પ્રવાહ – ૦૭ |

---------

## મહેસાણા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ

* ૧૭૬૯૫ શ્રી ઋષિકેશ ગ. પટેલ(વિસનગર) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મહેસાણા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટે કેટલા ફોર્મ નં.૧ ભરાઈને મળેલ હતા, | (૧) બારકોડેડ રેશનકાર્ડ માટેના ફોર્મ નં.૧ ભરાઈને પરત મેળવવાની અંતિમ તા.૩૦–૯–૨૦૧૦ હતી. મહેસાણા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ માટે ૪૨૩૩૧૨ ફોર્મ નં.૧ ભરાઈને મળેલ હતા, તે પૈકી ૩૯૫૩૬૬ ફોર્મ માન્ય હતા. |
| (૨) તે પૈકી તા.૩૧–૧૨–૧૪ની સ્થિતિએ કેટલા બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે, અને કેટલા બાકી છે, અને | (૨) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ૩૮૨૧૦૭ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ થયેલ છે. ૧૩૨૫૯ બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ બાકી છે. |
| (૩) કાર્ડનું વિતરણ બાકી રહેવાના કારણો શા છે ? | (૩) બાકી રહેવાના કારણો નીચે મુજબ છે.<br>૧. સ્થળાંતર થવાના કારણસર<br>૨. અવસાનના કારણે.<br>૩. અરજદાર બાયોમેટ્રીક આપવા ન આવતા હોઈ કે |

અન્ય કારણોસર બારકોડેડ રેશનકાર્ડ મેળવવા આવતા ન હોવાથી.

---------

બનાસકાંઠા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ

* ૧૮૭૧૩ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ કેટલા બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવ્યા છે, અને

(૨) બાકીનાઓને આ કાર્ડ કેટલા સમયમાં આપવામાં આવશે ?

જવાબ

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ નીચે મુજબ બારકોડેડ રેશનકાર્ડ આપવામાં આવ્યા છે. જેની તાલુકાવાર વિગત નીચે મુજબ છે.

| ક્રમ | તાલુકાનું નામ | વિતરણ કરેલ રેશનકાર્ડની સંખ્યા |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમીરગઢ | ૧૬૨૩ |
| ૨ | કાંકરેજ | ૪૭૩૩ |
| ૩ | ડીસા | ૮૫૩૨ |
| ૪ | થરાદ | ૬૨૮૬ |
| ૫ | દાંતા | ૧૭૨૫ |
| ૬ | દાંતીવાડા | ૨૦૩૬ |
| ૭ | દિયોદર | ૨૪૬૬ |
| ૮ | ધાનેરા | ૨૪૨૬ |
| ૯ | પાલનપુર | ૭૭૪૭ |
| ૧૦ | ભાભર | ૧૬૨૩ |
| ૧૧ | લાખણી | ૧૯૮૪ |
| ૧૨ | વડગામ | ૪૧૬૩ |
| ૧૩ | વાવ | ૧૯૨૫ |
| ૧૪ | સુઇગામ | ૫૯૨ |
| | કુલ | ૪૮૧૬૧ |

(૨) તમામ કાર્ડ વિતરણ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અમરેલી જિલ્લામાં નવનિર્માણાધિન " આંબરડી લાયન પાર્ક "

* ૧૮૪૬૬ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં ધારી તાલુકામાં નવનિર્માણાધિન " આંબરડી લાયન પાર્ક " નું કામ ક્યારે અને કેટલી રકમના ખર્ચે મંજૂર કરવામાં આવેલ છે,

(૨) આ કામની વિગતો શી છે,

જવાબ

(૧) (૧) સપ્ટેમ્બર–૨૦૦૭ માં આ પ્રોજેકટને કેન્દ્ર સરકારના પ્રવાસન વિભાગ દ્વારા મંજૂર થયેલ જેમાં રૂ.૪.૭૪ કરોડના પ્લાન મંજૂર થયેલ.

(૨) નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા ૨૦૦૯ માં આ પ્રોજેકટને મંજૂરી મળી.

(૩) નવેમ્બર ૨૦૦૯ માં વન વિભાગે રીવાઈઝ પ્રોજેકટ રૂ.૧૪૯૩ લાખ સામે જુદી જુદી કામગીરી માટે તૈયાર કરેલ જેમાંથી અત્યાર સુધીમાં કુલ ૭૭૬.૨૧ લાખ મંજૂર કરવામાં આવેલ છે.

(૨) (૧) આ કામગીરીમાં ચેઈનલિન્ક ફેન્સીંગ, પ્રોટેકશન વોલ, એનિમલ હાઉસ, મોરમ રોડ સી.સી. સરફેન્સીંગ, પાણી તથા ગટર વ્યવસ્થા, કોઝવે–૨, લેન્ડસ્કેપ ઈમ્પ્રુવેમેટ, પ્લાન્ટેશન, આરબોરેટમ, એન્ટ્રી ગેટ, રોવિંગ બોટ, જેટી, વોચ ટાવર, પાર્કીંગ, સીસીટીવી સર્વેલન્સ, ટીકીટ કાઉન્ટર વિગેરેનો સમાવેશ કરવામાં આવેલ

છે.

(૨) ટુરીસ્ટો માટે રીસેપ્શન સેન્ટર, ઈન્ફોર્મેશન બોર્ડ, ઓરીન્ટશન સેન્ટર, નેચર ટ્રેલ, એજ્યુકેશન કેમ્પ, સેફટી ઈકિવપમેન્ટ વિગેરેની વ્યવસ્થા કરવામાં આવશે.

(૩) ઉકત સ્થિતિએ આ કામ ક્યા તબક્કે છે, અને કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૩) આ પ્રોજેકટમાં ફેન્સીંગ, વોટર ફેસીલીટી, સી.સી. સરફેસીંગ, પ્રોટેકશન વોલ, લેન્ડસ્કેપ ઈમ્પ્રુવમેંટ, રીસેપ્શન સેન્ટર, એજ્યુકેશન કેમ્પ ટીકીટ કાઉન્ટરની કામગીરી પૂર્ણ થયેલ છે. બાકી કામગીરી વહેલામાં વહેલી પૂર્ણ કરવામાં આવશે.

(૪) આ પાર્કમાં સિંહ દર્શન ક્યારથી શરૂ કરવાનું આયોજન છે ?

(૪) સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી ઓફ ઈન્ડીયા, નવી દિલ્હીની મંજૂરી મળ્યા બાદથી.

---------

નર્મદા જિલ્લામાં સુધારેલ સ્મશાન સગડી આપવા બાબત

* ૧૭૬૪૧ શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં નર્મદા જિલ્લામાં બળતણ બચાવવા સારૂ ગ્રામ પંચાયતને સુધારેલ સ્મશાન સગડી વિના મૂલ્યે પૂરી પાડવાની કેટલી અરજીઓ મંજૂર કરી, અને | (૧) નાણાકીય વર્ષ ૨૦૧૩–૧૪ અને ૨૦૧૪–૧૫ માં તા.૩૧–૧૨–૨૦૧૪ સુધીમાં અનુક્રમે ૧૨ અને ૨૦ અરજીઓ મળી કુલ–૩૨ અરજીઓ મંજૂર કરી. |
| (૨) તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવ્યો ? | (૨) કુલ રૂ.૪.૧૦ લાખ. |

---------

કપડવંજ તાલુકામાં ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજો શરૂ કરવા

* ૧૯૨૧૮ શ્રી નટવરસિંહ કુ. ઠાકોર(મહુધા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૧૫ની સ્થિતિએ ખેડા જિલ્લાના કપડવંજ તાલુકામાં ડીગ્રી એન્જીનીયરીંગ કોલેજ શરૂ કરવાની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને | (૧) આવી કોઈ રજૂઆત આવેલ નથી. જેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) આ કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

દાહોદ જિલ્લામાં જમીનની સનદો

* ૧૭૫૯૭ શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા(ગરબાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં તાલુકાવાર વન અધિકાર કાયદા અન્વયે કેટલા ઈસમોને જમીનની સનદો આપવામાં આવી, અને | (૧) વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ હેઠળ માન્ય થયેલ દાવેદારોને સનદ નહીં પરંતુ આદેશપત્ર આપવામાં આવે છે. તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં દાહોદ જિલ્લામાં કોઈને આદેશપત્ર આપેલ નથી. |
| (૨) કેટલા ઈસમોને આ સનદો આપવાની બાકી છે તથા તેઓને કેટલાં સમયમાં જમીન સનદો આપવામાં આવશે ? | (૨) ૨૧૫ ઈસમો. આ ઈસમોને જેમ બને તેમ જલ્દી આદેશપત્રો આપવામાં આવશે. |

---------

મહેસાણા જિલ્લામાં શૌચાલયો વિહોણા ઘરો

* ૧૭૫૮૦ શ્રી પ્રહલાદભાઈ ઈ. પટેલ(વિજાપુર) : માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર કેટલા ઘરો શૌચાલયો વિનાના છે, અને | (૧) તા.૩૧–૧–૨૦૧૫ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબના કુલ ૧૧૭૭૮૨ ઘરો શૌચાલયો વિનાના છે. |

| અ.નં. | તાલુકાનું નામ | તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ બાકી શૌચાલયોની સંખ્યા |
|---|---|---|
| ૧ | બેચરાજી | ૧૦૨૬૦ |
| ૨ | કડી | ૨૦૫૦૬ |
| ૩ | ખેરાલુ | ૯૪૨૯ |
| ૪ | મહેસાણા | ૨૫૦૫૦ |
| ૫ | સતલાસણા | ૯૬૦૩ |
| ૬ | ઉંઝા | ૭૮૯૫ |
| ૭ | વડનગર | ૮૮૦૯ |
| ૮ | વિજાપુર | ૧૧૯૩૯ |
| ૯ | વિસનગર | ૧૪૨૯૧ |
| | કુલ | ૧૧૭૭૮૨ |

(૨) તે અન્વયે શૌચાલયોની સુવિધાઓ આપવા સરકારે શું આયોજન કરેલ છે અને તેનો અમલ ક્યારથી કરવામાં આવશે?

(૨) ગુજરાત સરકાર દ્વારા સદર યોજનાને વેગ મળે તે માટે સ્વચ્છ ભારત મિશન (ગ્રામિણ) યોજનાને પ્રાથમિકતા આપી ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત શૌચાલયો મંજૂર કરવા અને મંજૂર કરેલ શૌચાલયો પૂર્ણ કરવાનું આયોજન ઝુબેશ સ્વરૂપે કરેલ છે અન તેનો અમલ હાલમાં ચાલુ જ છે.

---------

જામનગર જિલ્લામાં વન્ય પ્રાણી અને પક્ષીઓની સારવારની સુવિધા બાબત

* ૧૯૩૦૫ શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) બિમાર અને ઘવાયેલા વન્ય પ્રાણી અને પક્ષીઓની સારવાર કરવા સાચવવા તથા ઓપરેશન માટે જામનગર જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ એમ્બ્યુલન્સ આશ્રય સ્થાન તથા ઓપરેશન માટે કોઈ સુવિધા ઉભી કરવામાં આવી નથી તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો તેના શાં કારણો છે, અને

(૩) આ સુવિધા ક્યાં સુધીમાં ઉભી કરવામાં આવનાર છે?

જવાબ

(૧) જામનગર ક્ષેત્રિય વન વિભાગ હસ્તક આવી સુવિધા ઉપલબ્ધ નથી. પરંતુ સામાન્ય પ્રકારની સારવાર તાલુકા કક્ષાએ પશુ દવાખાનામાં કરવામાં આવે છે.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) હાલ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં વૃક્ષો કાપવાની મંજુરી

* ૧૭૫૬૮ શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલાં વૃક્ષો કયા હેતુઓ માટે કાપવાની કેટલી મંજૂરી આપવામાં આવી,

જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કુલ ૯૯૪૯ વૃક્ષો કાપવાની મંજૂરી નીચેની વિગતે આપવામાં આવી.

| | | ખેતીના પાકને નુકશાન કરતા હોવાથી જુના પડી જાય તેવા હોવાથી તેમજ સરકારી કામને અડચણ રૂપ | રસ્તા પહોળા કરવા નડતર રૂપ વૃક્ષો | ખાતા રાહે આયોજન પ્રમાણે | ટ્રાન્ઝમીશન ના હેતુ માટે/ઘર વપરાશ સિવાયના હેતુ માટે | પોતાની રીતે નિકાલ કરવા (વેચાણ કરવા) | ઘર વપરાશના કામે | કૂલ |
|---|---|---|---|---|---|---|---|---|

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | હોવાથી | | | | | | |
| પંચમહાલ | ગોધરા | ૦ | ૧૦૧૦ | ૪૫૮૭ | ૦ | ૩૨૭ | ૦ | ૫૯૨૪ |
| | શહેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૨૧ | ૦ | ૨૧ |
| | મોરવા | ૦ | ૦ | ૦ | ૦ | ૧૮૮ | ૦ | ૧૮૮ |
| | કાલોલ | ૦ | ૨૯ | ૦ | ૦ | ૩૭૫ | ૦ | ૪૦૪ |
| | હાલોલ | ૦ | ૫૩ | ૦ | ૧૪ | ૩૪૧ | ૦ | ૪૦૮ |
| | ઘોઘંબા | ૧૨ | ૦ | ૦ | ૦ | ૧૦૫ | ૧૩૦ | ૨૪૭ |
| | કુલ | ૧૨ | ૧૦૯૨ | ૪૫૮૭ | ૧૪ | ૧૩૫૭ | ૧૩૦ | ૭૧૯૨ |
| મહીસાગર | લુણાવાડા | ૦ | ૧૫૭ | ૦ | ૦ | ૪૧૫ | ૦ | ૫૭૨ |
| | ખાનપુર | ૧ | ૦ | ૦ | ૦ | ૧૧૮ | ૦ | ૧૧૯ |
| | કડાણા | ૮૮ | ૧૩૯ | ૦ | ૦ | ૨ | ૧ | ૨૩૦ |
| | સંતરામપુર | ૧૯૯ | ૧૩૪૪ | ૦ | ૦ | ૯ | ૧૦૭ | ૧૬૫૯ |
| | બાલાસિનોર | ૨૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨૩ |
| | વિરપુર | ૦ | ૦ | ૦ | ૧૫૪ | ૦ | ૦ | ૧૫૪ |
| | કુલ | ૩૧૧ | ૧૬૪૦ | ૦ | ૧૫૪ | ૫૪૪ | ૧૦૮ | ૨૭૫૭ |
| | કુલ એકંદર | ૩૨૩ | ૨૭૩૨ | ૪૫૮૭ | ૧૬૮ | ૧૯૦૧ | ૨૩૮ | ૯૯૪૯ |

(૨) આ મંજૂરી આપવાની કોઈ સમય મર્યાદા નક્કી થયેલ છે કે કેમ અને જો હા, તો કેટલા સમયમાં મંજૂરી આપવાની જોગવાઈ છે, અને

(૨) હા. જી, સૌરાષ્ટ્ર ટ્રી કેલીંગ એકટ, ૧૯૫૧ મુજબ ૩૦ દિવસની સમયમર્યાદા નક્કી થયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી મંજૂરીઓ આપવાની બાકી છે તથા બાકીની મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે?

(૩) કોઈ મંજૂરી આપવાની બાકી નથી.

---------

દાહોદ જિલ્લામાં વૃક્ષો કાપવાની મંજૂરી

* ૧૭૫૬૫ શ્રી મિતેશભાઇ ક. ગરાસીયા(ઝાલોદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલાં વૃક્ષો કયા હેતુઓ માટે કાપવાની મંજૂરી આપવામાં આવી,

જવાબ

(૧) નીચેની વિગતે કૂલ ૪૧૫૩ વૃક્ષો કાપવાની મંજૂરી આપવામાં આવી.

| વર્ષ | તાલુકો | હેતુ | | | કૂલ |
|---|---|---|---|---|---|
| | | ખાતા રાહે | પોતાની રીતે નિકાલ કરી વેચાણ કરવા | ઘરવપરાશના હેતુ માટે | |
| ૨૦૧૩–૧૪ | બારીયા | ૦ | ૧૩૪૦ | ૧૩૭ | ૧૪૭૭ |
| | ધાનપુર | ૦ | ૬૯૦ | ૫૨ | ૭૪૨ |
| | લીમખેડા | ૦ | ૧૪૦ | ૨૯ | ૧૬૯ |
| | ગરબાડા | ૧૧૪૧ | ૩૮ | ૦ | ૧૧૭૯ |
| | સંજેલી | ૦ | ૪૬ | ૦ | ૪૬ |
| | ફતેપુરા | ૦ | ૨૪ | ૦ | ૨૪ |
| | દાહોદ | ૦ | ૨૮ | ૦ | ૨૮ |
| | ઝાલોદ | ૦ | ૦ | ૦ | ૦ |
| | કુલ | ૧૧૪૧ | ૨૩૦૬ | ૨૧૮ | ૩૬૬૫ |
| ૨૦૧૪– | બારીયા | ૦ | ૧૮૬ | ૭૨ | ૨૫૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ (તા. ૩૧-૧૨-૨૦૧૪ અંતિત) | ધાનપુર | ૦ | ૧૧૬ | ૩૧ | ૧૪૭ |
| | લીમખેડા | ૦ | ૪૨ | ૨૫ | ૬૭ |
| | ગરબાડા | ૦ | ૦ | ૦ | ૦ |
| | સંજેલી | ૦ | ૦ | ૦ | ૦ |
| | ફતેપુરા | ૦ | ૦ | ૦ | ૦ |
| | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ |
| | ઝાલોદ | | ૧૬ | ૦ | ૧૬ |
| | કુલ | ૦ | ૩૬૦ | ૧૨૮ | ૪૮૮ |
| | એકંદર કુલ | ૧૧૪૧ | ૨૬૬૬ | ૩૪૬ | ૪૧૫૩ |

(૨) આ મંજૂરી આપવાની કોઈ સમય મર્યાદા નક્કી થયેલ છે કે કેમ અને જો હા, તો કેટલા સમયમાં મંજૂરી આપવાની છે, અને જો હા, તો કેટલા સમયમાં મંજૂરી આપવાની જોગવાઈ છે, અને

(૨) હા જી, સૌરાષ્ટ્ર ટ્રી ફેલીંગ એક્ટ-૧૯૫૧ હેઠળ મંજૂરી આપવાની સમય મર્યાદા ૩૦ દિવસ નક્કી કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી મંજૂરીઓ આપવાની બાકી છે તથા બાકીની મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે?

(૩) કોઈ મંજૂરી આપવાની બાકી નથી.

---------

## વિસાવદર, ભેંસાણ તથા જુનાગઢમાં તલાટી કમ મંત્રીની જગ્યા

* ૧૮૭૪૩ શ્રી હર્ષદભાઇ રીબડીયા (વિસાવદર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ વિસાવદર, ભેંસાણ તથા જુનાગઢ તાલુકામાં ખાલી રહેલ તલાટી કમ મંત્રીની જગ્યા સરકાર દ્વારા ભરવા માંગે છે કે કેમ, અને

(૧) હા, જી.

(૨) જો હા, તો તે જગ્યા કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) ભરતી કેલેન્ડર મુજબ સત્વરે.

---------

## પાટણ જિલ્લામાં આયુર્વે દિક દવાઓનું ઉત્પાદન

* ૧૭૮૪૩ શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વન વિભાગ દ્વારા આયુર્વેદિક દવાઓનું ઉત્પાદન કરવા માટે કેટલા રોપાઓ ઉગાડવામાં આવ્યા, અને

(૧) કોઈ આયુર્વેદિક રોપાઓ ઉગાડવામાં આવેલ નથી.

(૨) આ રોપાઓ કઈ નર્સરીમાં તૈયાર કરવામાં આવ્યા અને તૈયાર થયેલ દવાઓનું વિતરણ કયા સ્થળેથી કરવામાં આવે છે?

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## નર્મદા જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડની અરજીઓ

* ૧૭૬૮૩ શ્રી મોતીલાલ પુ. વસાવા(ડેડીયાપાડા) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન | જવાબ

(૧) નર્મદા જિલ્લામાં બી.પી.એલ. રેશનકાર્ડની કેટલી અરજીઓ તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં મળી.

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બી.પી.એલ. રેશનકાર્ડની ૪૭૭ અરજીઓ મળેલ છે.

(૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો,

(૨) તમામ ૪૭૭ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

(૩) કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) કોઈ અરજી પડતર નથી.

(૪) અરજીઓ પડતર રહેવાના કારણો શા છે ?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

---------

ખેડા જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ

* ૧૭૭૯૪ શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ(મહેમદાવાદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ખેડા જિલ્લામાં આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિષયવાર કેટલા શિક્ષકોની ઘટ છે,

જવાબ

(૧) *પત્રક-૧ સામેલ છે.

પત્રક-૧

માધ્યમિક શાળાઓ

| ક્રમ | વિષય | સરકારી | બિન સરકારી ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| ૧ | ગુજરાતી | ૦ | ૭ |
| ૨ | સમાજવિદ્યા | ૧૭ | ૧૨ |
| ૩ | ગણિત/વિજ્ઞાન | ૧૬ | ૨૪ |
| ૪ | હિન્દી | ૦ | ૫ |
| ૫ | અંગ્રેજી | ૧૭ | ૨૧ |
| ૬ | સંસ્કૃત | ૦ | ૩ |
| ૭ | કૃષિ ડિપ્લોમા | ૦ | ૪ |
| ૮ | સામાજીક વિજ્ઞાન | ૦ | ૨ |
| ૯ | શારીરીક શિક્ષણ | ૦ | ૨ |

ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

| ક્રમ | વિષય | સરકારી | બિન સરકારી ગ્રાન્ટેડ |
|---|---|---|---|
| ૧ | અંગ્રેજી | ૦૦ | ૬૬ |
| ૨ | નામુ | ૦૦ | ૬૫ |
| ૩ | આંકડાશાસ્ત્ર | ૦૦ | ૦૯ |
| ૪ | રસાયણવિજ્ઞાન | ૦૧ | ૦૪ |
| ૫ | ગણિતશાસ્ત્ર | ૦૦ | ૦૫ |
| ૬ | ભૌતિકશાસ્ત્ર | ૦૧ | ૦૮ |
| ૭ | સમાજશાસ્ત્ર | ૦૦ | ૩૫ |
| ૮ | ગુજરાતી | ૦૦ | ૨૭ |
| ૯ | તત્વજ્ઞાન | ૦૦ | ૧૩ |
| ૧૦ | મનોવિજ્ઞાન | ૦૦ | ૩૩ |
| ૧૧ | ભુગોળ | ૦૦ | ૦૯ |
| ૧૨ | સંસ્કૃત | ૦૦ | ૦૭ |
| ૧૩ | અર્થશાસ્ત્ર | ૦૦ | ૨૦ |
| ૧૪ | જીવવિજ્ઞાન | ૦૧ | ૦૫ |
| ૧૫ | હિન્દી | ૦૦ | ૦૭ |

(૨) આ ઘટ પૂરવા માટે સરકાર તરફથી શું આયોજન કરેલ છે, અને

(૨)
- ગ્રાન્ટેડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ભરતી પ્રક્રિયા અંતર્ગત નિમણૂંક અંગે ભલામણપત્ર આપવામાં આવેલ છે.
- સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતીની કાર્યવાહી ચાલુ છે.

(૩) સરકાર આ ઘટ ક્યાં સુધી પૂરવા માંગે છે?

(૩) શક્ય તેટલી જલદી.

---------

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચેકડેમ તથા વન તલાવડીઓ

* ૧૭૭૧૬ શ્રી જયરાજસિંહ ટે. જાડેજા(ગોંડલ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

જવાબ

(૧) દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વન વિભાગ દ્વારા નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ કેટલા ચેકડેમ અને વન તલાવડી બનાવવામાં આવેલ છે, અને

(૨) તેની પાછળ વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૧) નાણાકીય વર્ષ ૨૦૧૩-૧૪માં ૩૬ ચેકડેમ અને ૨ વન તલાવડી તથા વર્ષ ૨૦૧૪-૧૫માં તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૧૧ ચેકડેમ મળી કુલ ૪૭ ચેકડેમ અને ૨ વન તલાવડી બનાવવામાં આવેલ છે.

(૨) સને ૨૦૧૩-૧૪માં રૂ. ૧૨૯.૬૯ લાખ અને સને ૨૦૧૪-૧૫માં રૂ. ૩૩.૯૪ લાખ મળી કૂલ રૂ. ૧૬૩.૬૩ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

---------

વલસાડ જિલ્લામાં વન અધિકાર કાયદા અન્વયેની અરજી

* ૧૮૦૫૬ શ્રી જીતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા. ૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર વન અધિકાર કાયદા અન્વયે કેટલી અરજીઓ પડતર છે, અને

(૨) આ પડતર અરજીઓનો સત્વરે નિકાલ કરવા સરકારે શું આયોજન કરેલ છે, અને કેટલા સમયમાં તે પૂર્ણ થશે?

જવાબ

(૧) નીચે મુજબની અરજીઓ પુન સમીક્ષા: હેઠળ પડતર છે.

| તાલુકો | અરજીઓ |
|---|---|
| ધરમપુર | ૬૩૫૩. |
| કપરાડા | ૫૪૦૩. |
| ઉમરગામ | ૧૦૧૭. |

(૨) પુન: સમીક્ષા માટે જિલ્લામાં નવ અલગ અલગ ટીમ બનાવેલ છે. કાર્યવાહી શક્ય તેટલી વહેલી તકે પુરી કરવાનું આયોજન કરેલ છે.

---------

બોરસદ તાલુકામાં વાંદરા-ભૂંડ અને નીલ ગાયોથી પાકને નુકસાન

* ૧૭૫૮૯ શ્રી રાજેન્દ્રસિંહ ધી. પરમાર(બોરસદ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૦૧-૨૦૧૫ ની સ્થિતિએ બોરસદ તાલુકામાં વાંદરા-ભૂંડ અને નીલગાયો દ્વારા ખેતરના ઉભા પાકને ભારે નુકશાન થાય છે તે હકીકતથી સરકાર વાકેફ છે, અને

(૨) જો હા, તો આ ત્રાસ સત્વરે દૂર કરવા સરકારે શાં પગલાં લીધા ?

જવાબ

(૧) હા, જી.

(૨)
૧. સરકારશ્રી દ્વારા વન્યપ્રાણીઓ દ્વારા ખેડૂતોના પાકને થતું નુકશાન અટકાવવા ખેતરની ફરતે લોખંડના કાંટાળા તારની વાડ બનાવવાની યોજના અમલમાં છે, જેમાં કાંટાળા તારની વાડના ખર્ચ પેટે ૫૦% અથવા ખરેખર ખર્ચ પૈકી જે ઓછું હોય તે રકમ ખેડૂતને સહાય તરીકે ચૂકવવામાં આવે છે.
૨. રોઝ દ્વારા ખેડૂતોના ઊભા પાકને નુકશાન કરવામાં આવતું હોય તેવા વિસ્તારોમાં રોઝને નિકાલ કરવાની કામગીરી અન્વયે જે તે ગ્રામ પંચાયતના સરપંચશ્રીને માનદ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નીમવામાં આવે છે. જેમાં બોરસદ તાલુકામાં ૨૫ (પચ્ચીસ) ગ્રામ પંચાયતના સરપંચશ્રીઓની માનદ વન્યપ્રાણી સંરક્ષક તરીકે નિમણુક કરવામાં આવેલ છે.

---------

મહીસાગર અને ખેડા જિલ્લામાં ઈ-ગ્રામ યોજના હેઠળ કોમ્પ્યુટર, સ્કેનર અને પ્રિન્ટર ખરીદવા બાબત

* ૧૭૮૬૦ શ્રી માનસિંહ કો. ચૌહાણ(બાલાસિનોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

(૧) તા.૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

જવાબ

(૧) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં

મહીસાગર અને ખેડા જિલ્લામાં તાલુકાવાર ઈ–ગ્રામ યોજના હેઠળ કઈ કંપનીઓ પાસેથી કેટલી સંખ્યામાં કોમ્પ્યુટર, પ્રિન્ટર અને સ્કેનરની ખરીદી કરવામાં આવી,

મહીસાગર અને ખેડા જિલ્લામાં તાલુકાવાર ઈ–ગ્રામ યોજના હેઠળ એકપણ કોમ્પ્યુટર, પ્રિન્ટર અને સ્કેનરની ખરીદી કરવામાં આવેલ નથી.

(૨) કઈ કંપનીએ સમયસર વસ્તુઓ પૂરી પાડી નથી અને તેના કારણો ક્યા છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) કરાર આધારિત કઈ કંપનીને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવી અને તેના કારણો ક્યા છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

વલસાડ જિલ્લામાં આદિજાતિ આશ્રમ શાળામાં મંજૂર મહેકમ

* ૧૭૫૯૪ શ્રી ઈશ્વરભાઈ ઢે. પટેલ(ધરમપુર) : માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલી આદિજાતિ આશ્રમ શાળાઓ આવેલ છે, અને તે અન્વયે મંજૂર થયેલ મહેકમ સામે કેટલી જગ્યાઓ કેટલા સમયથી ખાલી છે, અને

જવાબ

(૧) વલસાડ જિલ્લામાં તાલુકાવાર કુલ ૫૦ આશ્રમશાળા આવેલ છે.

| ક્રમ | તાલુકા | આશ્રમ શાળાની સંખ્યા | મંજૂર થયેલ મહેકમ | ક્યા વર્ષથી | ખાલી જગ્યાની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | વલસાડ | ૦૨ | ૧૭ | ૨૦૧૧ | ૪ |
| ૨ | પારડી | ૦૪ | ૩૧ | ૨૦૧૨ | ૨ |
| ૩ | ઉંમરગામ | ૦૩ | ૨૨ | ૨૦૧૩ | ૮ |
| ૪ | કપરાડા | ૨૦ | ૧૬૫ | ૨૦૧૪ | ૧૭ |
| ૫ | ધમરપુર | ૨૧ | ૧૬૨ | | |
| કુલ | | ૫૦ | ૩૯૭ | કુલ | ૩૧ |

(૨) આ ખાલી જગ્યાઓ કેટલા સમયમાં ભરવામાં આવશે ?

(૨) ૩૧ ખાલી જગ્યાઓ પૈકી ૧૫ જગ્યાઓ હાલ ભરવાની કાર્યવાહી ચાલુ છે. તથા બાકીની ૧૬ જગ્યાઓ પૈકી ૩ જગ્યાઓ નામદાર હાઈકોર્ટનો મનાઈ હુકમ દૂર થયા પછી તથા ૧૩ જગ્યાઓ સંસ્થાઓ તરફથી ના વાંધા પ્રમાણપત્રોની માંગણી થયેથી ભરવા અંગેની નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

---------

સાણંદ અને બાવળા તાલુકામાં સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓ

* ૧૮૨૯૪ શ્રી કરમશીભાઈ વિ. પટેલ(સાણંદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

(૧) તા.૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ જિલ્લામાં સાણંદ અને બાવળા તાલુકામાં તાલુકાવાર કેટલી નવી સરકારી અને કેટલી ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ ખોલવામાં આવી, અને

જવાબ

(૧) – પ્રાથમિક શાળાઓ.

| વર્ષ | ૨૦૧૩–૧૪ | | ૨૦૧૪–૧૫ | |
|---|---|---|---|---|
| તાલુકો | સરકારી | ખાનગી | સરકારી | ખાનગી |
| સાણંદ | ૧ | ૨ | ૦ | ૪ |
| બાવળા | ૦ | ૧ | ૦ | ૦ |

– વર્ષ ૨૦૧૪ માં સાણંદ તાલુકામાં એક ખાનગી માધ્યમિક શાળા ખોલવામાં આવી.

(૨) જો સરકારી પ્રાથમિક શાળાઓ ન ખોલવામાં આવી હોય તો તેના શાં કારણો છે ?

(૨) પર્યાપ્ત શાળાઓ ઉપલબ્ધ છે.

---------

અરવલ્લી જિલ્લામાં સરદાર આવાસ યોજના

* ૧૮૬૯૫ શ્રી મહેન્દ્રસિંહ શં. વાઘેલા(બાયડ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

પ્રશ્ન

જવાબ

(૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર સરદાર આવાસ યોજનાના કુલ કેટલા આવાસ મંજૂર કરવામાં આવ્યા,

(૧) સરદાર આવાસ યોજના તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ.

| ક્રમ | તાલુકો | મંજૂર આવાસ |
|---|---|---|
| ૧ | મોડાસા | ૧૧૫ |
| ૨ | બાયડ | ૩૯ |
| ૩ | ભિલોડા | ૧૩૩ |
| ૪ | મેઘરજ | ૧૫૮ |
| ૫ | માલપુર | ૧૫૩ |
| ૬ | ધનસુરા | ૪૪ |
| | કુલ | ૬૪૨ |

(૨) તે પૈકી બાયડ અને માલપુર તાલુકાઓમાં મંજૂર થયેલ આવાસ પૈકી કેટલાના કામો પૂર્ણ થયા અને કેટલા બાકી,

(૨)

| તાલુકો | કામો પૂર્ણ | બાકી કામો |
|---|---|---|
| બાયડ | ૩૯ | ૦ |
| માલપુર | ૧૫૩ | ૦ |
| કુલ | ૧૯૨ | ૦ |

(૩) ઉપરોક્ત બંને તાલુકાઓમાં સરદાર આવાસ યોજનાનો લાભ મળેલ ન હોય તેવા કુલ કેટલા લાભાર્થીઓ તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ અરજીઓ પડતર છે, અને

(૩)

| તાલુકો | પડતર અરજીઓ |
|---|---|
| બાયડ | ૦ |
| માલપુર | ૦ |
| કુલ | ૦ |

(૪) આવા લાભાર્થીઓને કેટલા સમયમાં લાભ આપવામાં આવશે ?

(૪) પ્રશ્ન નથી.

---------

વડોદરા તાલુકાના ફાજલપુર માધ્યમિક શાળાના મકાન બાંધકામની દરખાસ્ત

* ૧૯૩૭૩ શ્રી રમેશભાઇ મ. ચાવડા(કડી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧-૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાના ફાજલપુર માધ્યમિક શાળાના મકાન બાંધકામ માટે દરખાસ્ત માટે સરકારને દરખાસ્ત કે રજૂઆત મળેલ છે તે વાત સાચી છે, | (૧) શિક્ષણ વિભાગને દરખાસ્ત મળેલ નથી. |
| (૨) જો હા, તો ફાજલપુર માધ્યમિક શાળાના મકાનના બાંધકામની મંજૂરી ક્યાં સુધીમાં આપવામાં આવશે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો ના, તો તેના શાં કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

વલસાડ જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ

* ૧૭૬૮૬ શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની કેટલી અરજીઓ મળી, | (૧) વલસાડ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નવા રેશનકાર્ડની ૫૧૨૭ અરજીઓ મળી. |
| (૨) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, | (૨) તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ ૫૧૨૭ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો. |
| (૩) કેટલી અરજીઓ પડતર રહેલ છે, અને | (૩) શૂન્ય. |

(૪) અરજીઓ પડતર રહેવાના કારણો શા છે ? (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

પાલનપુર તાલુકામાં પેટ્રોલ/ડીઝલ પંપ માટે હુકમો

* ૧૮૭૧૪ શ્રી જોઇતાભાઇ ક. પટેલ(ધાનેરા) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) બનાસકાંઠા જિલ્લાના પાલનપુર તાલુકામાં પેટ્રોલ/ ડીઝલ પંપ માટે ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (લાયસન્સ નિયત્રંણ અને જથ્થા જાહેરાત) હુકમ, ૧૯૮૧ હેઠળ છૂટક વેચાણના પરવાના, પરવાના આપનાર સત્તાધીશ સાથે છળકપટ આચરીને મેળવાયા હોવાની અગ્રસચિવશ્રી કક્ષાએ તા.૩૧−૧−૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ફરીયાદો મળી છે, | (૧) શૂન્ય. |
| (૨) એવા છળકપટથી મેળવાયેલ પરવાનાઓ રદ કરવા બાબતે સરકારશ્રી તરફથી કોઈ કાર્યવાહી થયેલ છે કે કેમ, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) જો હા, તો થયેલ કાર્યવાહીની વિગતો શી છે અને જો ના, તો તેના શું કારણો છે ? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

અમરેલી અને કુકાવાવ−વડીયા તાલુકાના સર્વ શિક્ષા અભિયાન હેઠળના કામો

* ૧૮૪૬૭ શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.−

પ્રશ્ન

(૧) તા.૩૧−૦૧−૨૦૧૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમરેલી અને કુકાવાવ−વડીયા તાલુકાના ક્યા ગામોમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કુલ કેટલા કામોને કેટલી રકમના ખર્ચ માટે મંજૂરી આપી,

જવાબ

(૧)

| ક્રમ | તાલુકો | ગામનું નામ | કામની સંખ્યા | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | તરવડા | ૧ | ૧.૪૪ |
| ૨ | અમરેલી | બહારપરા કન્યા | ૧ | ૧.૪૪ |
| ૩ | અમરેલી | ચાંપાથળ | ૧ | ૦.૮૬ |
| ૪ | અમરેલી | રાંઢીયા | ૧ | ૧.૬૧ |
| ૫ | અમરેલી | વડેરા | ૧ | ૧.૪૪ |
| ૬ | અમરેલી | માળીલા | ૧ | ૧.૪૪ |
| ૭ | અમરેલી | રાંઢીયા | ૧ | ૧.૩૦ |
| ૮ | અમરેલી | કાઠમા | ૧ | ૭.૦૦ |
| ૯ | અમરેલી | હરીપર | ૧ | ૧૩.૨૦ |
| ૧૦ | અમરેલી | માંગવાપાળ | ૧ | ૬૮.૯૬ |
| ૧૧ | અમરેલી | દર્હીડા | ૧ | ૩૪.૪૮ |
| ૧૨ | કુંકાવાવ−વડીયા | કુંકાવાવ−૨ | ૧ | ૨.૫૭ |
| ૧૩ | કુંકાવાવ−વડીયા | લુણીધાર | ૧ | ૧.૨૩ |
| ૧૪ | કુંકાવાવ−વડીયા | ઈશ્વરીયા | ૧ | ૧.૬૧ |
| ૧૫ | કુંકાવાવ−વડીયા | ખડખડ | ૧ | ૧.૪૯ |
| ૧૬ | કુંકાવાવ−વડીયા | જુના બાદનપુર | ૧ | ૭.૦૦ |
| ૧૭ | કુંકાવાવ− | જીથુડી | ૧ | ૩૪.૪૮ |

| | | | | |
|---|---|---|---|---|
| | વડીયા | | | |
| | કુલ | | ૧૭ | ૧૮૧.૫૫ |

(૨) ઉપરોકત મંજૂર કરેલા કામો પૈકી કેટલા પૂર્ણ થયા, કેટલા પ્રગતિમાં અને કેટલા પડતર છે,

(૩) ઉપરોકત કામોમાં વિલંબ કે પડતર રહેવાનાં મુખ્ય કારણો શાં છે, અને

(૪) કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૨) ૧૧ કામો પૂર્ણ, ૬ પ્રગતિમાં છે અને એકપણ કામ પડતર નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) જેમ બને તેમ જલ્દી.

---------

નાંદોદ તાલુકામાં રાહતદરે ચીજ વસ્તુઓનું વિતરણ

* ૧૭૭૦૬ શ્રી શબ્દશરણ ભા. તડવી(નાંદોદ) : માનનીય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

પ્રશ્ન

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાહતદરે કેટલા ઘઉં, ચોખા, ખાંડ તેમજ આયોડીનયુકત મીઠાનું તેમજ ખાદ્યતેલનું વિતરણ કરવામાં આવ્યું ?

જવાબ

તા.૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકામાં છેલ્લા એક વર્ષમાં રાહતદરે જન્સીવાર નીચે મુજબ વિતરણ કરવામાં આવેલ છે.

| જન્સી | વિતરણ કરેલ જથ્થો |
|---|---|
| ઘઉં | ૮૭૮૫ મે.ટન |
| ચોખા | ૪૮૨૨ મે.ટન |
| ખાંડ | ૭૪૦ મે.ટન |
| આયોડીનયુકત મીઠું | ૯૯૪.૬૦ મે.ટન |
| ખાદ્યતેલ | ૫૧૧૪ પાઉચ (૧ લીટરના) |

---------

ઉપાધ્યક્ષશ્રી : હું સાતમી, આઠમી, નવમી અને દસમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકું છું.

સાતમી અતારાંકિત યાદી

રાજ્યમાં માહિતી કમિશનરો

અતારાંકિતઃ ૩૯૭૨ (૯-૦૧-૨૦૧૫) શ્રી ગ્યાસુદ્દિન શેખ (દરિયાપુર): માનનીય મુખ્ય મંત્રીશ્રી (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કેટલા માહિતી કમિશનરો હતા,

(૨) ઉકત સ્થિતિએ કેટલા માહિતી કમિશનરોની ઘટ છે, અને

(૩) આ ઘટને નિવારવા માટે રાજ્ય સરકારે શું પગલાં લીધા ?

મુખ્યમંત્રીશ્રી : (સામાન્ય વહિવટ) (૧૩-૨-૧૫)

(૧) એક મુખ્ય માહિતી કમિશનરશ્રી અને ચાર રાજ્ય માહિતી કમિશનરશ્રીઓ હતા.

(૨) એક પણ માહિતી કમિશનરની ઘટ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

ખેડુતોએ કરેલ આપઘાત

અતારાંકિતઃ ૩૯૩૭ (૯-૦૧-૨૦૧૫) શ્રી બલવંતસિંહ રાજપૂત (સિધ્ધપુર): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર કેટલા ખેડૂતોએ આપઘાત કર્યા ?

કૃષિ મંત્રીશ્રી : (૧૩-૦૨-૧૫)

તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ખેડૂતોએ આપઘાત કર્યાની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | આત્મ હત્યાનું કારણ | | | | |
|---|---|---|---|---|---|
| | પાક નિષ્ફળ જવાથી | ખેતીમાં દેવું વધી જવાથી | ખેતી સિવાયના દેવાથી | અન્ય કારણે | કુલ |
| ૨૦૧૦ | ૦ | ૦ | ૧ | ૬ | ૭ |
| ૨૦૧૧ | ૦ | ૦ | ૧ | ૧૧ | ૧૨ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦૧૨ | ૦ | ૦ | ૨ | ૨૯ | ૩૧ |
| ૨૦૧૩ | ૧ | ૦ | ૩ | ૨૯ | ૩૩ |
| ૨૦૧૪ (૩૦-૦૬-૨૦૧૪ અંતિત) | ૦ | ૨ | ૩ | ૦ | ૫ |
(૩) ગૃહ વિભાગની જુદી જુદી સૂચનાઓ, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની જુદી જુદી કલમો તથા ગુજરાત પોલીસ મેન્યુઅલની જુદી જુદી જોગવાઈઓ અનુસાર બિનજરૂરી લાઠી ચાર્જ ન થાય તેવી સૂચનાઓ આપવામાં આવેલ છે.

------

મહેસાણા જિલ્લામાં એન્કાઉન્ટરના કિસ્સા

અતારાંકિતઃ ૩૮૦૨ (૧૭-૧૦-૨૦૧૪) શ્રી પ્રહલાદભાઈ પટેલ (વિજાપુર) : માનનીય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કેટલા, કોના અને ક્યારે એન્કાઉન્ટર થયાં.

(૨) એન્કાઉન્ટર થયેલ વ્યક્તિઓને ક્યા ગુન્હા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી, અને

(૩) આ એન્કાઉન્ટર કરવા પાછળના સ્પષ્ટ કારણો શા હતા અને એન્કાઉન્ટર કઈ તારીખે કરવામાં આવેલ હતા ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૧૯-૦૨-૨૦૧૫)

(૧) એન્કાઉન્ટરનો કોઈ બનાવ બનવા પામેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

------

સાબરમતી જેલમાં સુરંગ ખોદવાની ઘટના બાબત

અતારાંકિતઃ ૩૯૬૩ (૦૯-૦૧-૨૦૧૫) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદમાં સાબરમતી જેલમાં સુરંગ ખોદવાની ગંભીર ઘટના પછી રાજ્ય સરકારે શું શું પગલાં લીધા, અને

(૨) રાજ્ય સરકારનું જેલમાં સુરંગ ના ખોદી શકાય તે પ્રકારનું ફલોરીંગ આરસીસીનું કરવાનું આયોજન છે કે કેમ ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૧૯-૦૨-૨૦૧૫)

(૧) આ અંગે લેવાયેલ પગલાંની વિગતો આ સાથેના પત્રક મુજબ છે.

(૨) સમગ્ર જેલની અંદર આર. સી. સી.નું ફલોરીંગ કરવાનું કોઈ આયોજન નથી. પરંતુ અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતેનાં ૨૦૦ હાર્ડકોર સેલનાં ફલોરીંગને આર. સી. સી. કરવામાં આવેલ છે.

પત્રક

| | |
|---|---|
| (૧) | સાબરમતી જેલમાં કેદીઓ દ્વારા સુરંગ ખોદી નાસી જવાના આવેલ પ્રયાસને જેલનાં સ્ટાફ દ્વારા નિષ્ફળ બનાવવામાં આવેલ છે. |
| (૨) | આ ઘટનાને અનુલક્ષીને ૦૧ જેલર ગ્રુપ–૧, ૦૨ જેલર ગ્રુપ–૨ તથા ૦૧ સુબેદાર મળી ૦૪ અધિકારી–કર્મચારીને ફરજ મોકુફી હેઠળ મુકવામાં આવેલ. |
| (૩) | એક અધિકારી અને ૨૯ કર્મચારીઓ મળી કુલ ૩૦ અધિકારી–કર્મચારીઓ વિરૂધ્ધ સદર પ્રકરણમાં શિસ્ત વિષયક કાર્યવાહી ચાલુ છે. |
| (૪) | અમદાવાદ શહેરી રાણીપ પોલીસ સ્ટેશનના ફસ્ટ ગુના રજી નં. ૨૪–૨૦૧૩થી સંબંધિત આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોધાવામાં આવેલ છે. |
| (૫) | અમદાવાદ ખાતે બંધાયેલ ૨૦૦ હાર્ડકોર સેલને તાત્કાલિક અસરથી કાર્યાન્વિત કરવામાં આવેલ છે. |
| (૬) | આ હાર્ડકોરને સેલને ચાર ભાગમાં વિભાજીત કરવામાં આવેલ છે. |
| (૭) | આ હાર્ડકોર સેલની મુખ્ય દિવાલ ઉપર હાઈ વોલ્ટેજ ડી. સી. લાઈવ વાયર પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. |
| (૮) | આ હાર્ડકોર સેલનાં અંદર અને બહારનાં તમામ ભાગની ફલોરીંગને આરસીસી કરવામાં આવેલ છે. |
| (૯) | હાર્ડકોર સેલમાં રાખવામાં આવેલ ગંભીર ગુન્હાઓ સાથે સંકળાયેલ કેદીઓ–આરોપીઓ ઉપર ચાંપતી નજર રાખી શકાય તે માટે ૫૨ ફિકસ્ડ અને ૧૨ પી. ટી. ઝેડ કેમેરા (વિડીયો સર્વેલન્સ સીસ્ટમ) કંટ્રોલ રૂમ સાથે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. |
| (૧૦) | આ હાર્ડકોર સેલની ચારેય બાજુએ વોચટાવર પ્રસ્થાપિત કરેલ છે અને એસ. આર. પી. જવાન દ્વારા વોચ ટાવર ઉપરથી સતત નજર રાખવામાં આવે છે.<br>આમ, જેલની સલામતિ પ્રત્યે સરકાર સંપૂર્ણ પણે ગંભીર છે. |

––––––

રાજ્યમાં લઠ્ઠાકાંડ

અતારાંકિતઃ ૩૯૬૪ (૦૯–૦૧–૨૦૧૪) શ્રી ગ્યાસુદ્દીન શેખ (દરિયાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

તા. ૩૦–૦૬–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં ક્યા જિલ્લામાં લઠ્ઠાકાંડના બનાવો બન્યા અને કેટલા ઈસમોના મૃત્યુ થયા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૯–૦૨–૨૦૧૫)

તા. ૩૦–૦૬–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં કોઈ જિલ્લામાં આવો બનાવ બનેલ ન હોઈ, કોઈ ઈસમનું મૃત્યુ થવાનો પ્રશ્ન રહેતો નથી.

––––––

રાજયમાં પોલીસકર્મીઓ માટે રહેણાંક મકાનો

અતારાંકિતઃ ૩૯૬૮ (૧૩–૦૧–૨૦૧૫) શ્રી ગ્યાસુદીન શેખ (દરિયાપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પોલીસ કર્મચારીઓ માટે રહેણાંકના મકાનો કેટલાં છે, અને

(૨) ખૂટતા મકાનો બનાવવાનું આયોજન સરકારે કયારે કરેલ છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૧૯–૨–૧૫)

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) દર વર્ષે જિલ્લા/યુનિટની જરૂરિયાત મુજબ ખૂટતાં રહેણાંક મકાનોના બાંધકામ માટે પ્રાયોરીટી નક્કી કરવામાં આવે છે અને બજેટમાં થયેલ જોગવાઈની મર્યાદામાં, ખૂટતા રહેણાંક મકાનોનું બાંધકામ પ્રાયોરિટી મુજબ ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ. દ્વારા હાથ ધરવામાં આવે છે.

-------

પત્રક

| અનુ. | શહેર/જિલ્લાનું નામ | રહેણાંક મકાનોની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૭૩૮૬ |
| ૨ | વડોદરા | ૩૪૩૫ |
| ૩ | સુરત | ૩૦૪૧ |
| ૪ | રાજકોટ | ૩૬૪૧ |
| ૫ | ખેડા–નડીયાદ | ૧૬૪૬ |
| ૬ | આણંદ | ૧૨૩૭ |
| ૭ | ગાંધીનગર | ૯૨૦ |
| ૮ | સાબરકાંઠા–હિંમતનગર | ૧૬૩૩ |
| ૯ | મહેસાણા | ૧૫૪૬ |
| ૧૦ | અરવલ્લી–મોડાસા | ૩૬૨ |
| ૧૧ | મહીસાગર | ૨૮૮ |
| ૧૨ | પંચમહાલ–ગોધરા | ૧૭૨૦ |
| ૧૩ | ભરૂચ | ૧૨૬૩ |
| ૧૪ | દાહોદ | ૯૦૧ |
| ૧૫ | નર્મદા | ૭૯૧ |
| ૧૬ | છોટાઉદેપુર | ૨૮૬ |
| ૧૭ | નવસારી | ૫૪૫ |
| ૧૮ | વલસાડ | ૭૭૩ |
| ૧૯ | તાપી–વ્યારા | ૩૫૪ |
| ૨૦ | ડાંગ–આહવા | ૨૭૪ |
| ૨૧ | સુરેન્દ્રનગર | ૭૧૦ |
| ૨૨ | જામનગર | ૧૦૭૫ |
| ૨૩ | દેવભૂમી દ્વારકા | ૨૩૮ |
| ૨૪ | મોરબી | ૩૯૦ |
| ૨૫ | જુનાગઢ | ૯૩૭ |
| ૨૬ | ગીરસોમનાથ | ૩૬૭ |
| ૨૭ | પોરબંદર | ૫૫૦ |
| ૨૮ | અમરેલી | ૧૨૪૩ |
| ૨૯ | ભાવનગર | ૧૦૨૨ |
| ૩૦ | બોટાદ | ૧૫૪ |
| ૩૧ | કચ્છ–ભુજ | ૧૭૬૫ |
| ૩૨ | બનાસકાંઠા | ૨૨૧૦ |
| ૩૩ | પાટણ | ૭૪૮ |
| | કુલ | ૪૩૪૫૧ |

-------

રાજયની જેલોમાં સી.સી.ટી.વી. કેમેરા અને સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડ રૂમ બાબત

અતારાંકિતઃ ૪૨૪૩ (૧૩–૦૧–૨૦૧૫) શ્રી શૈલેષ પરમાર (દાણી લીમડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી જેલોમાં સી.સી.ટી.વી. કેમેરા અને સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડ રૂમ આવેલા છે,

(૨) તે પૈકી જિલ્લાવાર કઈ જેલોમાં નથી, અને

(૩) તે અન્વયે સી.સી.ટી.વી. કેમેરા અને સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડ રૂમ ન હોવાના કારણો શા છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૯-૨-૧૫)

(૧) રાજ્યની અમદાવાદ મધ્યસ્થ જેલ તથા લાજપોર (સુરત) મધ્યસ્થ જેલ ખાતે સી.સી.ટી.વી. કેમેરા અને સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડ રૂમ આવેલા છે.

(૨) અમદાવાદ તથા સુરત જિલ્લા સિવાયની અન્ય જેલોમાં આ સુવિધા ઉપલબ્ધ નથી.

(૩) હાલમાં રાજયની રાજકોટ, વડોદરા મધ્યસથ જેલ તથા જૂનાગઢ, ભાવનગર, જામનગર, મહેસાણા, પાલનપુર જિલ્લા જેલ અને પોરબંદર, પાલારા(ભુજ) ખાસ જેલમાં સી.સી.ટી.વી. સિસ્ટમ સ્થાપિત કરવાની કામગીરી ચાલુ છે. અને નવસારી, ભરૂચ, રાજપીપળા, છોટાઉદેપુર, ગોધરા, મોડાસા, હિંમતનગર, પાટણ, મોરબી, ગોંડલ સબ જેલ ખાતે સી.સી.ટી.વી. કેમેરા સિસ્ટમ તબક્કાવાર સ્થાપિત કરવાની કાર્યવાહી કરવાનું આયોજન છે.

-------

મહીસાગર અને પંચમહાલ જિલ્લાની જેલોમાં સી.સી.ટી.વી. કેમેરા અને તેના રેકર્ડ રૂમ બાબત

અતારાંકિતઃ ૪૩૯૩ (૨૧-૦૧-૨૦૧૫) શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લાની જેલોમાં કઈ જેલમાં સી.સી.ટી.વી. કેમેરા અને સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડરૂમ આવેલા છે,

(૨) કઈ જેલોમાં નથી, અને

(૩) સી.સી.ટી.વી. કેમેરા અને રેકોર્ડ રૂમ ન હોવાના કારણો શા છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૯-૨-૧૫)

(૧) અને (૨)

તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લાની કોઈ જેલમાં સી.સી.ટી.વી. કેમેરા અને સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડરૂમ આવેલા નથી.

(૩) હાલમાં રાજયની રાજકોટ, વડોદરા મધ્યસથ જેલ તથા જૂનાગઢ, ભાવનગર, જામનગર, મહેસાણા, પાલનપુર જિલ્લા જેલ અને પોરબંદર, પાલારા(ભુજ) ખાસ જેલમાં સી.સી.ટી.વી. સિસ્ટમ સ્થાપિત કરવાની કામગીરી ચાલુ છે. અને નવસારી, ભરૂચ, રાજપીપળા, છોટાઉદેપુર, ગોધરા, મોડાસા, હિંમતનગર, પાટણ, મોરબી, ગોંડલ સબ જેલ ખાતે સી.સી.ટી.વી. કેમેરા સિસ્ટમ તબક્કાવાર સ્થાપિત કરવાની કાર્યવાહી કરવાનું આયોજન છે.

-------

રાજ્યની જેલોમાં સી.સી.ટી.વી. કેમેરા અને તેના રેકર્ડરૂમ બાબત

અતારાંકિતઃ ૪૪૪૪ (૨૧-૦૧-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ જિલ્લાવાર કેટલી જેલોમાં સી.સી.ટી.વી. કેમેરા અને સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડરૂમ આવેલ છે.

(૨) તે પૈકી જિલ્લાવાર કઈ જેલોમાં નથી, અને

(૩) સી.સી.ટી.વી. કેમેરા અને રેકોર્ડરૂમ ન હોવાના કારણો શા છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૯-૨-૧૫)

(૧) રાજ્યની અમદાવાદ મધ્યસ્થ જેલ તથા લાજપોર (સુરત) મધ્યસ્થ જેલ ખાતે સી.સી.ટી.વી. કેમેરા અને સી.સી.ટી.વી. કેમેરા રેકોર્ડ રૂમ આવેલા છે.

(૨) અમદાવાદ તથા સુરત જિલ્લા સિવાયની અન્ય જેલોમાં આ સુવિધા ઉપલબ્ધ નથી.

(૩) હાલમાં રાજ્યની રાજકોટ, વડોદરા મધ્યસથ જેલ તથા જૂનાગઢ, ભાવનગર, જામનગર, મહેસાણા, પાલનપુર જિલ્લા જેલ અને પોરબંદર, પાલારા(ભુજ) ખાસ જેલમાં સી.સી.ટી.વી. સિસ્ટમ સ્થાપિત કરવાની કામગીરી ચાલુ છે. અને નવસારી, ભરૂચ, રાજપીપળા, છોટાઉદેપુર, ગોધરા, મોડાસા, હિંમતનગર, પાટણ, મોરબી, ગોંડલ સબ જેલ ખાતે સી.સી.ટી.વી. કેમેરા સિસ્ટમ તબક્કાવાર સ્થાપિત કરવાની કાર્યવાહી કરવાનું આયોજન છે.

-------

આઈ. જી. પી. કક્ષાના અધિકારી દ્વારા જેલનાં નિરીક્ષણ બાબત

અતારાંકિતઃ ૪૫૬૬ (૨૧-૦૧-૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યની જેલ મેન્યુઅલ મુજબ આઈ. ડી. પી. કક્ષાના અધિકારીએ વર્ષમાં એકવાર તમામ જેલોના વોર્ડ, યાર્ડ, બેરેક અને તેની આસપાસનું નિરીક્ષણ કરવું જોઈએ તેવી જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, જિલ્લાવાર કઈ જેલમાં કયારે નિરીક્ષણ કર્યુ , અને

(૩) નિરક્ષણ દરમ્યાન કેવા પ્રકારની ખામીઓ જોવા મળી હતી.

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૧૯-૨-૧૫)

(૧) હા, જી.

(૨) આઈ. જી. પી. શ્રી દ્વારા છેલ્લા બે વર્ષમાં રાજ્યની જેલોના કરવામાં આવેલ નિરીક્ષણની જેલવાઈઝ વિગત નીચે મુજબ છે.

| ક્રમ | જેલનું નામ | ૨૦૧૩ના વર્ષમાં નિરીક્ષણ કર્યા તારીખ | ૨૦૧૪ના વર્ષમાં નિરીક્ષણ કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૧૧-૦૨-૧૩<br>૧૫-૦૨-૧૩<br>૧૨-૦૩-૧૩<br>૧૫-૦૪-૧૩ | - |
| ૨ | વડોદરા મદસ્યસ્થ જેલ | ૨૨-૦૨-૧૩<br>૨૬-૦૪-૧૩<br>૧૪-૦૬-૧૩ | - |
| ૩ | લાજપોર મદસ્યસ્થ જેલ | ૦૫-૦૩-૧૩ | ૧૫-૦૩-૧૪ |
| ૪ | રાજકોટ મદસ્યસ્થ જેલ | ૨૦-૧૧-૧૩ | ૨૧-૦૩-૧૪ |
| ૫ | પોરબંદર ખાસ જેલ | - | ૨૨-૦૩-૧૪ |
| ૬ | નડિયાદ જિલ્લા જેલ | ૨૬-૦૪-૧૩ | ૦૩-૧૧-૧૪ |
| ૭ | પાલનપુર જિલ્લા જેલ | ૧૬-૦૪-૧૩ | ૦૫-૦૯-૧૪ |
| ૮ | મહેસાણા જિલ્લા જેલ | ૧૬-૦૪-૧૩ | ૧૫-૧૧-૧૪ |
| ૯ | હિંમતનગર સબ જેલ | ૨૦-૦૪-૧૪ | - |
| ૧૦ | છોટાઉદેપુર સબ જેલ | - | ૨૫-૦૩-૧૪ |
| ૧૧ | નવસારી સબ જેલ | - | ૨૭-૦૩-૧૪ |
| ૧૨ | સુરેન્દ્રનગર સબ જેલ | ૧૩-૦૯-૧૩ | - |
| ૧૩ | ભરૂચ સબ જેલ | - | ૨૭-૦૩-૧૪ |
| ૧૪ | ગોધરા સબ જેલ | - | ૨૫-૦૩-૧૪ |
| ૧૫ | મોડાસા સબ જેલ | ૨૦-૦૪-૧૩ | ૨૭-૧૧-૧૪ |
| ૧૬ | ગોંડલ સબ જેલ | - | ૦૪-૦૧-૧૪ |
| ૧૭ | પાટણ સબ જેલ | ૧૮-૧૦-૧૩ | - |

(૩) નિરક્ષણ દરમ્યાન વહીવટી અને સ્વચ્છતા અંગેની કેટલીક ખામીઓ ધ્યાન ઉપર આવેલ છે.

-------

ચૈત્ર ૨, ૧૯૩૭ શાકે
અતારાંકિત પ્રશ્નો

વાયબ્રાન્ટ સમીટમાં આમંત્રિતો માટે સરભરા ખર્ચની જોગવાઈ

અતારાંકિતઃ ૪૨૩૮ (૧૩–૦૧–૨૦૧૫) શ્રી કરમશીભાઈ પટેલ (સાણંદ): માનનીય મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગરમાં યોજવામાં આવનાર વાયબ્રાન્ટ સમીટમાં વિદેશીઓ અને અન્ય મહેમાનોને રહેવા જમવા તથા વાયબ્રન્ટ સમીટના અન્ય ખર્ચાઓ માટે ૨૦૧૪–૧૫ વર્ષમાં બજેટના કયા હેડ નીચે કેટલી રકમ મંજૂર કરવામાં આવી, અને

(૨) બજેટમાં મંજૂર કરવામાં આવેલ રકમ કરતા વધારે ખર્ચ થાય તો તેની ફાળવણી કયા ધોરણે કરવાની થાય છે ?

મુખ્ય મંત્રીશ્રી (ઉદ્યોગ) : (૧૬–૨–૧૫)

(૧) આઈ. એન. ડી.–૫ બજેટ સદર હેઠળ રૂ. ૫૦/– કરોડની જોગવાઈ કરાવવામાં આવી છે.

(૨) વાયબ્રન્ટ ગુજરાત–૨૦૧૫નો ખર્ચ હજી આખરી થયેલ નથી તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

ગુજરાતી ચલચિત્રોને સબસિડીની રકમની બાકી ચૂકવણી

અતારાંકિતઃ ૪૫૬૩ (૨૭–૦૧–૨૦૧૫) ડૉ. તેજશ્રીબેન પટેલ (વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતીએ રાજ્યમાં કેટલા ગુજરાતી ચલચિત્રોને સબસિડી આપવાની બાકી છે અને તેના શા કારણો છે,

(૨) આ સબસિડી આપવા માટેની કમિટીમાં સભ્યો કોણ છે, અને

(૩) ઉકત સ્થિતિએ કુલ રકમ કેટલી આપવાની થાય છે અને બાકી રહેલ સબસિડી કેટલા સમયમાં ચૂકવવામાં આવશે?

મુખ્ય મંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) : (૧૯–૨–૧૫)

(૧) તારીખ ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ૧૪૫ ગુજરાતી ચલચિત્રોને સરકાર દ્વારા સબસિડી આપવાની બાકી છે. આ અંગેની નીતિ અનુસાર નિર્માતાએ રજૂ કરવાના થતા પૂરાવાઓ તેઓએ રજૂ કરેલ ન હોવાથી સબસિડી આપવાની બાકી છે.

(૨) આ સબસિડી આપવા માટેની કમિટીમાં નીચેના સભ્યો છે.

૧. માહિતી કમિશ્નર

૨. મનોરંજન કર કમિશ્નર

૩. નાયબ સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ

(૩) ઉકત સ્થિતિએ કુલ રકમ રૂ. ૭૨૫ લાખ આપવાની થાય છે, જે રકમ, ઉપરના ખંડ ૧ માં જણાવેલ ૧૪૫ ગુજરાતી ચલચિત્રોના નિર્માતાઓ તરફથી આ અંગેની નીતિ અનુસાર જરૂરી પૂરાવાઓ રજૂ કરવામાં આવ્યેથી ઉપલબ્ધ અંદાજપત્રિય જોગવાઈ અનૂસાર ચૂકવવામાં આવશે.

–––––––

ધી ગ્રામ ન્યાયાલય અધિનિયમ–૨૦૦૮ અંતર્ગત ગ્રામ ન્યાયાલયની સ્થાપના

અતારાંકિતઃ ૪૦૩૩ (૦૯–૦૧–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ધી ગ્રામ ન્યાયાલય અધિનિયમ–૨૦૦૮માં ગ્રામ પંચાયત કક્ષાએ ગ્રામ ન્યાયાલય સ્થાપવાની જોગવાઈ કરવામાં આવી છે તે હકિકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦ જુન–૨૦૧૪ની સ્થિતિએ આ કાયદા નીચે જિલ્લાવાર અને તાલુકાવાર ગ્રામ પંચાયત કક્ષાએ કયા કયા ગામોમાં ગ્રામ ન્યાયાલયો સ્થાપવામાં આવ્યા,

(૩) જો ના, તો તેના શા કારણો છે અને તે માટે કોણ જવાબદાર છે, અને

(૪) આ કાયદાની જોગવાઈ મુજબ રાજ્ય સરકાર ક્યારે ગ્રામ ન્યાયાલયો શરૂ કરવા માંગે છે ?

કાયદા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૯–૦૨–૨૦૧૫)

(૧) ‘‘હા’’

(૨) અને (૩)

ગ્રામ ન્યાયાલયો સ્થાપવા માટે વડી અદાલત દ્વારા જુદા–જુદા જિલ્લાઓમાં ૨૫ ગ્રામ ન્યાયાલયોની દરખાસ્ત કરવામાં આવી હતી, પરંતુ સરકારશ્રીએ વડી અદાલતના પરામર્શમાં ગ્રામ ન્યાયાલયોને બદલે દરેક જિલ્લાઓમાં પૂર્ણ સમયની સીવીલ જજ અને જે.એમ.એફ.સી.ની કોર્ટોની સ્થાપનાનો નિર્ણય લીધેલ હતો, તેથી રાજ્યમાં કોઈ ગ્રામ ન્યાયાલય અસ્તિત્વમાં નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

ચંદ્રાલા ગામની ગૌચર જમીન પર ગેરકાયદે ખેતી કરવા બાબત

અતારાંકિતઃ ૪૦૩૨ (૦૯–૦૧–૨૦૧૫) શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય): માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ગામની ગૌચર જમીનના બ્લોક નં. ૧૫૩, ૧૫૬ અને ૧૫૯માં તા. ૩૦, સપ્ટેમ્બર–૨૦૧૪ની સ્થિતએ ગેરકાયદે કબજો જમાવી બોરડીનું વાવેતર કરી ઉત્પાદન મેળવવમાં આવી રહ્યું છે તે બાબત ગાંધીનગર જિલ્લા પંચાયત જાણે છે,

(૨) જો હા તો ગૌચરની જમીન પર કબજો જમાવી ગેરકાયદે ખેતી કરનાર ઈસમ કોણ છે અને ગેરકાયદે કબજો દૂર ન કરવાના શાં કારણો છે,

(૩) ગૌચરદબાણ દૂર કરવામાં નિષ્ફળ જનાર પંચાયતના જવાબદારો કોણ છે અને તેની સામે શી કાર્યવાહી થઈ છે, અને

(૪) આ ગેરકાયદે દબાણ કયાં સુધીનાં દૂર કરાશે ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) : (૧૮–૨–૧૫)

(૧) મોજેઃ ચંદ્રાલા, તા.જી. ગાંધીનગર ગામના સ.નં./બ.નં.૧૫૩, ૧૫૬, ૧૫૭ના સ્થળ–સ્થિતિના અહેવાલ મુજબ રજૂ થયેલ વિગતો નીચે મુજબ છે. બ્લોક નં. ૧૫૩માં હાલે ઘઉં અને ટમેટાનું વાવેતર કરેલ જણાય છે, બ્લોક નં. ૧૫૬, ૧૫૭ હાલ ખુલ્લી પડતર જમીન જણાય છે. બ્લોક નં. ૧૫૭ રેકર્ડ જોતાં માલિકીનો હોવાનું જણાય છે. બ્લોક નં. ૧૫૯માં હાલ બોરડીનું વાવેતર તથા ઘાસ અને ઘઉંની વાવણી કરેલ જણાય છે.

બ્લોક નં. ૧૫૩, ૧૫૬ અને ૧૫૯ વાળી જમીન સનેઃ ૧૯૭૮–૭૯ સુધી રતાજી કેશરાજી તથા મહોતજી કેશરાજી કબજેદાર
હતાં. જેમાં (૧) નોંધ નં. ૨૧૫૪થી બ્લોક નં. જુનું ૧૬૩ નવો બ્લોક નં. ૧૫૩ વાળી જમીન રતાજી કેશરાજીએ વેચાણથી ગોવિંદભાઈ કોદરભાઈને આપેલ છે. (૨) નોંધ નં.૨૧૫૫થી બ્લોક નં. જુનો ૧૬૯ નવો બ્લોક નં. ૧૫૯ વાળી જમીન રતાજી કેશરાજીએ વેચાણથી રમણભાઈ શીવાભાઈ અને પ્રભનદાસ કેશવલાલને આપેલ છે. (૩) નોંધ નં. ૨૧૫૬ થી બ્લોક નં. જુનો ૧૬૭ પૈકી નવો બ્લોક નં. ૧૫૬ વાળી જમીન મહોતજી કેશરાજીએ વેચાણથી સોમાભાઈ મગનભાઈને આપેલ છે.

કલેકટરશ્રીના હુકમ નં. સીબી/એલએનડી/વ/૪૯૦. તા. ૧૬–૦૨–૮૧ થી માલિકીની ગૌચરની જમીનની અદલાબદલી અંગેનો હુકમ થયેલ છે. જેની નોંધ નં. ૨૩૦૬ પડેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | કબજેદારનું નામ | માલિકીની જમીન | | ગૌચરની જમીન | |
|---|---|---|---|---|---|
| | | બ.નં. | ક્ષેત્રફળ | બ.નં. | ક્ષેત્રફળ |
| ૧ | સોમાભાઈ મગનભાઈ | ૧૬૭ પૈકી | ૧–૮૧–૭૦ | ૧૮૧.૫૮ | ૧–૮૭–૮૮ |
| ૨ | રમણલાલ શીવદાસ<br>પ્રભુદાસ કેશવલાલ | ૧૬૯ | ૨–૯૬–૧૧ | ૩૨૪<br>૬૦૯ | ૦–૫૬–૮૧<br>૧–૮૩–૮૯ |
| ૩ | ગોવિંદભાઈ કોદરભાઈ | ૧૬૩ | ૦–૮૮–૦૦ | ૭૭૧ | ૧–૩૨–૦૦ |

આમ, ઉપર પ્રમાણે જમીનનો ફેરફાર હુકમ મુજબ થયેલ છે. પરંતુ સ્થળ ઉપર બ.નં. ૧૬૭ પૈકી, ૧૬૯ તથા ૧૬૩માં સ્થળ ઉપર જુના કબજેદાર રતાજી કેશરાજીએ તથા મહોતજી કેશરાજીએ કબજો છોડેલ નથી. કલેકટરશ્રી અમદાવાદના તા. ૧૬–૦૨–૮૧ના હુકમ મુજબ રેકર્ડે અમલવારી કરવામાં આવેલ છે. પરંતુ, સ્થળ ઉપર અમલવારી થયેલ નથી. જેથી સ્થળ, ઉપર ગેરકાયદેસર દબાણ જણાય છે. સદર દબાણ અંગેનો પ્રશ્ન સનેઃ ૧૯૭૮–૭૯થી ઉભો થયેલ છે. આ દબાણ દુર કરવા માટે સક્ષમ કચેરી (ડીઆઈએલઆર, ગાંધીનગર) મારફતે માપણી કરાવી હદ–નિશાન નક્કી થયેથી કલેકટરશ્રી ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવાની થાય છે.

(૨) ગૌચરની જમીન પર કબજો બબાજી કેશરાજી વિગેરે ઈસમોનો છે. જેઓ મુ. મજરા, તા. પ્રાંતિજ, જી. સાબરકાંઠાના વતની છે. સદરહુ દબાણ સનેઃ ૧૯૭૮–૭૯ થી થયેલ જણાય છે. આ દબાણ કલેકટરશ્રીના તા. ૧૬–૦૨–૮૧થી માલિકીની–ગૌચરની જમીન અદલાબદલી અંગેનો હુકમ થયેલ છે. પરંતુ, જે તે સમયે સ્થળનો કબજો છોડાવવામાં આવેલ ન હોવાના કારણે થયેલ છે. આ દબાણની માપણી થયેથી તથા તેનું હદ–નિશાન નક્કી થયેથી જ દબાણ દુર કરવાની કાર્યવાહી થઈ શકે તેમ છે.

(૩) કલેકટરશ્રી અમદાવાદના હુકમ નં. સીબી/એલએનડી/વ/૪૯૦, તા.૬–૦૨–૮૧ મુજબ જે તે વખતે ગૌચર જમીન સ.નં./બ.નં. ૧૮૧, ૫૮, ૧૨૪, ૬૦૯, ૭૭૧ હતી. તે આ ખાનગી માલિકીની જમીન સ.નં./બ.નં. ૧૬૭,૧૬૯,૧૬૩ વાળી જમીનનો અદલાબદલી કરવાનો હુકમ કરવામાં આવેલ હતો. જેની અમલવારી થયેલ નથી. સરકારી ગૌચર ખાનગી માલિકી ધરાવતાં કબજેદારોને સુપ્રત કરવામાં આવેલ છે. પરંતુ, આ કબજેદારો પાસેથી તેઓ હસ્તકની ખાનગી માલિકીની જમીનનો કબજો લઈ જે તે સમયના અધિકારી/કર્મચારી દ્વારા લેવામાં આવેલ ન હતો. ફકત ગૌચર હેડે જમીન રેકર્ડે દાખલ કરવામાં આવેલ છે. જેથી જે તે સમયના અધિકારી/કર્મચારી જવાબદાર ગણાય અને તેઓ સામે કાર્યવાહી કરવાની થાય.

(૪) આ દબાણ દુર કરવાની કાર્યવાહીમાં ડી.આઈ.એલ.આરશ્રી ગાંધીનગર પાસેથી માપણી થયેથી હદ–નિશાન નક્કી થયા બાદ સક્ષમ સત્તાધિકારી મારફતે આ જમીનમાં કબજો ધરાવનાર પાસેથી કબજો લેવાની કાર્યવાહી થયેથી આ દબાણ દુર કરવામાં આવશે.

-------

જામનગર જિલ્લામાં જોડીયા ગામને બંદર સુધી જોડતો રસ્તો રીપેર કરવા બાબત

અતારાંકિતઃ ૩૬૫૧ (૧૫–૧૦–૨૦૧૪) શ્રી રાઘવજી પટેલ (જામનગર–ગ્રામ્ય): માનનીય માર્ગ–મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) જામનગર જિલ્લામાં જોડીયા ગામને જોડતો બંદર સુધી જવા માટેના રસ્તો બિસ્માર હાલતમાં છે તે ફરિયાદથી સરકાર જૂન–૨૦૧૪ની સ્થિતિએ વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો આ રસ્તાને કયાં સુધીમાં રીપેર કરી તૈયાર કરવામાં આવનાર છે?

માર્ગ મકાન મંત્રીશ્રી : (૧૮–૨–૧૫)

(૧) અને (૨) આ રસ્તાની બિસ્માર હાલત બાબતે કોઈ ફરીયાદ મળેલ નથી. પરંતુ પંચાયત સિંચાઈ વિભાગ દ્વારા રૂબર્ન યોજના હેઠળ આ રસ્તાની ૯૫૦ મી. લંબાઈમાં ભુગર્ભ ગટર યોજનાની કામગીરી પ્રગતિમાં હતી. જે પુર્ણ થતાં તા. ૪–૧૦–૧૪ના રોજથી રસ્તાને ટ્રાફિકેબલ કરેલ છે.

-------

ધુવારણ વિજ મથક પ્રોજેકટ તૈયાર કરવાની કામગીરી

અતારાંકિતઃ ૪૩૪૫ (૧૩–૦૧–૨૦૧૫) શ્રી પરેશ ધાનાણી (અમરેલી): માનનીય ઉર્જામંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા. ૩૦–૧૧–૨૦૧૪ ની સ્થતિએ રાજયમાં સરકાર દ્વારા ધુવારણ વિજ મથક પ્રોજેકટ તૈયાર કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) ઉકત સ્થતિએ આ પ્રોજેકટ કઈ સ્થતિએ છે,

(૩) આ પ્રોજેકટ તૈયાર કરવાની કેટલા ખર્ચે, કોના દ્વારા, કેટલા સમયમાં કરવામાં આવી,

(૪) ઉકત સ્થતિએ સમય મર્યાદામાં આ પ્રોજેકટ કાર્યરત ન થવાનાં શાં કારણો છે, અને કયારે કાર્યરત કરવામાં આવશે, અને

(૫) ઉકત સ્થતિએ આ પ્રોજેકટ તૈયાર કરવા પાછળ કેટલો ખર્ચ કરેલ છે?

ઉર્જા મંત્રીશ્રી : (૧૯-૨-૧૫)

(૧) હા, ધુવારણ ખાતે ૩૭૬.૧ મે.વો. નું ગેસ આધારીત વીજ મથક તૈયાર કરવામાં આવેલ છે.

(૨) ઉકત સ્થિતિએ આ પ્રોજેકટ બાંહેધરી કસોટી માટેની તૈયારીઓ હેઠળ હતો.

(૩) આ પ્રોજેકટ તૈયાર કરવા માટે ગુજરાત સ્ટેટ ઈલેકટ્રીસીટી કોર્પોરેશન લીમીટેડ દ્વારા મે. એલએન્ડટી લીમીટેડને સંપૂર્ણ પ્રોજેકટ તૈયાર કરવાની કામગીરી (ઈપીસી ધોરણે) આપેલ હતી જે ૩૮ મહિના ૧૨ દિવસમાં પૂર્ણ થયેલ છે.

સદર પ્રોજેકટની કામગીરીનો ખર્ચ અત્યાર સુધી રૂ.. ૧૬૧૮ કરોડ કરેલ છે.

(૪) આ પ્રોજેકટ તા. ૨૧-૦૫-૨૦૧૪ ના રોજ કાર્યરત થઈ ગયેલ હતો. પ્રોજેકટ પુરો કરવાની સમય મર્યાદા ૩૦ મહિનાની હતી પરંતુ કેટલાક તાંત્રીક કારણોસર તેમજ મે. એલ. એન્ડ ટી. દ્વારા કેટલાક કાર્યોમાં થયેલ વિલંબના કારણે પ્રોજેકટની કામગીરીમાં ૮ મહિનાનો વિલંબ થયેલ છે.

(૫) પ્લાન્ટ તૈયાર કરવા માટે જાન્યુઆરી-૨૦૧૫ સુધીમાં રૂ.. ૧૬૧૮ કરોડનો ખર્ચ કરેલ છે. તા. ૩૦-૧૧-૨૦૧૪ સુધીમાં રૂ.. ૧૫૯૪.૦૭ કરોડનો ખર્ચ થયો હતો.

-------

મહીસાગર અનેલ પંચમહાલ જિલ્લામાં આવેલ સબ સ્ટેશનો

અતારાંકિત - ૪૪૧૨ (૧૩-૦૧-૨૦૧૫) શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર) માનનીય ઉર્જામત્રીશ્રી જણાવવા કૃપા કરશો કે -

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતીએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલાં વીજ સબ સ્ટેશનો આવેલા છે,

(૨) તે પૈકી કેટલાં વીજ સબ સ્ટેશનો કાર્યરત છે અને કેટલા વીજ સબ સ્ટેશનો બંધ છે, અને

(૩)સરકારે છેલ્લા પાંચ વર્ષમાં વર્ષ વાર જિલ્લાવાર કેટલા વીજ સબ સ્ટેશનો કાર્યરત કર્યા અને તે માટે કેટલો ખર્ચ થયો?

ઉર્જા મંત્રીશ્રી : (૧૯-૨-૧૫)

(૧) તા. (૩૧-૧૨-૨૦૧૪)ની સ્થિતિએ મહીસાગર જીલ્લામાં કૂલ ૧૬ વીજ સબસ્ટેશનો અને પંચમહાલ જિલ્લામાં કૂલ ૨૧ વીજ સબ સ્ટેશનો આવેલા છે. આ બન્ને જિલ્લાઓમાં તાલુકાવાર વીજ સબસ્ટેશનોની માહિતી પરિશિષ્ટ "અ" મુજબ છે.

(૨) તે પૈકી મહીસાગર જિલ્લામાં કુલ 14 વીજ સબસ્ટેશનો કાર્યરત છે અને કુલ "૨ " સબસ્ટેશનોનું સંલગ્ન વીજ રેષા નું કાર્ય પુર્ણ કરેલ છે. જે સત્વરે વ્યવસાયિક ધોરણે કાર્યરત છે અને 1 સબસ્ટેશનોનું સંલગ્ન વીજ રેષાનું કાર્ય પુર્ણ કરેલ છે. જે સત્વરે વ્યવસાયિક ધોરણે કાર્યરત કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે.

(૩) છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર જીલ્લાવાર કાર્યરત થયેલ નવા વીજ સબસ્ટશનો અને તે માટે થયેલ ખર્ચ વિગતો નીચે મુજબ છે.

| વર્ષ | મહીસાગર જીલ્લામાં | | પંચમહાલ જીલ્લામાં | |
|---|---|---|---|---|
| | નવા સબ સ્ટેશનની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | નવા સબ સ્ટેશનની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |
| ૨૦૧૦ | ૧ | ૪૧૨.૩૧ | ૧ | ૩૮૯.૩૯ |
| ૨૦૧૧ | ૩ | ૧૨૭૯.૬૬ | ૧ | ૫૫૮.૭૯ |
| ૨૦૧૨ | ૧ | ૧૮૭૦.૭૩ | ૧ | ૪૪૭.૫૩ |
| ૨૦૧૩ | ૨ | ૭૨૪.૫૯ | ૪ | ૩૧૧૪.૯૧ |
| ૨૦૧૪ | ૧ | ૫૮૦.૪૮ | ૨ | ૧૦૧૧.૭૬ |

પરિશિષ્ટ અ

ચૈત્ર ૨, ૧૯૩૭ શાકે
અતારાંકિત પ્રશ્નો

તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં સબસ્ટેશનની યાદી

| અનુક્રમ | સબસ્ટેશન નું નાં | તાલુકો | કાર્યન્વિન્ત તારીખ | વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | ૩૩ કેવી કડાણા | કડાણા | ૨૦–૦૪–૧૯૭૫ | ૧૯૭૪–૭૫ |
| ૨ | ૬૬ કેવી લુણાવાડા | લુણાવાડા | ૧૮–૧૨–૧૯૭૬ | ૧૯૭૬–૭૭ |
| ૩ | ૬૬ કેવી બાલાશીનોર | બાલાશીનોર | ૦૩–૦૨–૧૯૮૭ | ૧૯૮૬–૮૭ |
| ૪ | ૬૬ કેવી મોટાખાનપુર | ખાનપુર | ૨૩–૦૪–૧૯૮૭ | ૧૯૮૭–૮૮ |
| ૫ | ૬૬ કેવી વીરપુર | વીરપુર | ૨૮–૦૩–૨૦૦૨ | ૧૯૮૮–૮૯ |
| ૬ | ૬૬ કેવી કોઠંબા | લુણાવાડા | ૧૫–૧૦–૨૦૦૩ | ૨૦૦૩–૦૪ |
| ૭ | ૬૬ કેવી સંતરામપુર | સંતરામપુર | ૩૦–૦૧–૨૦૦૪ | ૨૦૦૩–૦૪ |
| ૮ | ૬૬ કેવી જોરાપુર | બાલાશીનોર | ૨૫–૦૧–૨૦૦૮ | ૨૦૦૭–૦૮ |
| ૯ | ૬૬ કેવી મોવાસા | સંતરામપુર | ૧૫–૦૨–૨૦૧૦ | ૨૦૦૯–૧૦ |
| ૧૦ | ૬૬ કેવી ડેભારી | વીરપુર | ૨૫–૦૨–૨૦૧૧ | ૨૦૧૦–૧૧ |
| ૧૧ | ૬૬ કેવી દીતવાસ | કડાણા | ૨૮–૦૨–૨૦૧૧ | ૨૦૧૦–૧૧ |
| ૧૨ | ૨૨૦ કેવી લુણાવાડા | લુણાવાડા | ૩૧–૦૩–૨૦૧૨ | ૨૦૧૧–૧૨ |
| ૧૩ | ૬૬ કેવી વેડ(વરધાદરી | લુણાવાડા | ૧૩–૧૨–૨૦૧૧ | ૨૦૧૧–૧૨ |
| ૧૪ | ૬૬ કેવી બાકોર | ખાનપુર | ૨૫–૦૩–૨૦૧૩ | ૨૦૧૨–૧૩ |
| ૧૫ | ૬૬ કેવી બુધ્ધાજીના ટેકરા | લુણાવાડા | ૨૪–૦૩–૨૦૧૩ | ૨૦૧૨–૧૩ |
| ૧૬ | ૬૬ કેવી માલ ઈટાળી | બાલાશીનોર | ૧૧–૦૧–૨૦૧૪ | ૨૦૧૩–૧૪ |

તા. ૩૧–૧૨–૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર જિલ્લામાં તાલુકાવાર સબસ્ટેશનની યાદી

| અનુક્રમ | તાલુકો | ૨૨૦ કેવી | ૩૩ કેવી | ૬૬ કેવી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | કડાણા | | ૧ | ૧ | ૨ |
| ૨ | ખાનપુર | | | ૨ | ૨ |
| ૩ | બાલાશીનોર | | | ૩ | ૩ |
| ૪ | લુણાવાડા | ૧ | | ૪ | ૫ |
| ૫ | વીરપુર | | | ૨ | ૨ |
| ૬ | સંતરામપુર | | | ૨ | ૨ |
| | કુલ | ૧ | ૧ | ૧૪ | ૧ ૬ |

તા. ૩૧–૧૨–૨૦૦૧૪ની સ્થતિએ પંચમહાલ જિલ્લામાં સબસ્ટેશનની યાદી

| અનુક્રમ | સબસ્ટેશનનું નામ | તાલુકો | કાર્યન્વિન્ત તારીખ | વર્ષ |
|---|---|---|---|---|
| ૧ | ૬૬ કેવી કલોલ | કાલોલ | ૦૫–૧૧–૧૯૭૯ | ૧૯૬૫–૬૬ |
| ૨ | ૬૬ કેવી હાલોલ જીઆઈડીસી | હાલોલ | ૧૫–૦૧–૧૯૭૯ | ૧૯૭૮–૭૯ |
| ૩ | ૬૬ કેવી સંતરોડ | ગોધરા | ૩૧–૦૩–૧૯૮૪ | ૧૯૮૪–૮૫ |
| ૪ | ૬૬ કેવી બાસ્કા | હાલોલ | ૨૫–૧૦–૧૯૮૫ | ૧૯૮૫–૮૬ |
| ૫ | ૬૬ કેવી શીવરાજપુર | હાલોલ | ૨૫–૦૯–૧૯૮૭ | ૧૯૮૭–૮૮ |
| અનુક્રમ | સબસ્ટેશનનું નામ | તાલુકો | કાર્યન્વિન્ત તારીખ | વર્ષ |
| ૬ | ૨૨૦ કેવી ચંદ્રપુરા | હાલોલ | ૨૬–૦૧–૧૯૮૯ | ૧૯૮૮–૮૯ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | ૬૬ કેવી ટીંબા | ગોધરા | ૨૧-૦૩-૧૯૯૧ | ૧૯૯૦-૯૧ |
| ૮ | ૬૬ કેવી સહેરા | શહેરા | ૦૮-૦૯-૧૯૯૦ | ૧૯૯૦-૯૧ |
| ૯ | ૬૬ કેવી ઘોઘંબા | ઘોઘંબા | ૨૮-૦૩-૧૯૯૨ | ૧૯૯૧-૯૨ |
| ૧૦ | ૨૨૦ કેવી ગોધરા | ગોધરા | ૧૫-૦૧-૧૯૯૯ | ૧૯૮૯-૯૯ |
| ૧૧ | ૬૬ કેવી જાફરાબાદ (ગોવંડી) | ગોધરા | ૨૬-૦૩-૧૯૯૯ | ૧૯૮૯-૯૯ |
| ૧૨ | ૬૬ કેવી વેજલપુર | કાલોલ | ૨૫-૦૩-૨૦૦૦ | ૧૯૯૯-૦૦ |
| ૧૩ | ૬૬ કેવી મદવાસ | કાલોલ | ૨૪-૧૨-૨૦૧૦ | ૨૦૧૦-૧૧ |
| ૧૪ | ૬૬ કેવી રજાયતા | મોરવા હડફ | ૧૭-૦૩-૨૦૧૧ | ૨૦૧૦-૧૧ |
| ૧૫ | ૬૬ કેવી ટુવા (કાંકનપુર) | ગોધરા | ૨૭-૦૩-૨૦૧૨ | ૨૦૧૧-૧૨ |
| ૧૬ | ૬૬ કેવી મદાર | હાલોલ | ૨૬-૦૩-૨૦૧૩ | ૨૦૧૨-૧૩ |
| ૧૭ | ૬૬ કેવી સીમલીયા | ઘોઘંબા | ૧૫-૦૩-૨૦૧૩ | ૨૦૧૨-૧૩ |
| ૧૮ | ૬૬ કેવી લીલેસરા | ગોધરા | ૨૬-૦૩-૨૦૧૩ | ૨૦૧૩-૧૪ |
| ૧૯ | ૬૬ કેવી ગોકુલપુર (મોર્વારાયના) | મોરવા હડફ | ૩૧-૧૨-૨૦૧૩ | ૨૦૧૩-૧૪ |
| ૨૦ | ૬૬ કેવી હાલોલ જીઆઈડીસી બી | હાલોલ | ૧૫-૦૩-૨૦૧૪ | ૨૦૧૩-૧૪ |
| ૨૧ | ૬૬ કેવી નાંદરવા | શહેરા | ૧૧-૧૨-૨૦૧૪ | ૨૦૧૪-૧૫ |

તા. ૩૧-૧૨-૨૦૦૧૪ની સ્થતિએ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર સબસ્ટેશનની યાદી

| અનુક્રમ | તાલુકો | ૨૨૦કેવી | ૬૬કેવી | કુલ |
|---|---|---|---|---|
| ૧ | કાલોલ | | ૩ | ૩ |
| ૨ | ગોધરા | ૧ | ૫ | ૬ |
| ૩ | ઘોઘંબા | | ૨ | ૨ |
| ૪ | મોરવા હડફ | | ૨ | ૨ |
| ૫ | હાલોલ | ૧ | ૫ | ૬ |
| ૬ | શહેરા | | ૨ | ૨ |
| કુલ | | ૨ | ૧૯ | ૨૧ |

-------

રાજયમાં સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો

અતારાંકિતઃ ૪૫૯૭ (૨૧-૦૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન પટેલ (વિરમગામ): માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

ચૈત્ર ૨, ૧૯૩૭ શાકે
અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ ની સ્થિતીએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજળી ખરીદીના કરારો થયેલ છે. તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો ઉકત સ્થિતીએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કરાર મુજબ કઈ ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી ?

(૩) વીજળી ખરીદી ન હોય અને કરાર મુજબ કોઈ વીજ કંપનીને કોઈ રકમ ચૂકવેલ છે કે કેમ અને જો હા, તો કઈ કંપનીને કેટલી રકમ ચૂકવેલ છે ?

ઉર્જા મંત્રીશ્રી : (૧૯-૨-૧૫)

(૧) હા, જી.

(૨) છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ. દ્વારા લાંબા ગાળાના વીજ ખરીદી કરારો અનુસાર, ખાનગી કંપનીઓ પાસેથી કરવામાં આવેલ વીજળી ખરીદી તથા તેના ભાવની વિગતો આ સાથે સામેલ પત્રક-અ* મુજબ છે.

(૩) ઉકત સ્થિતીએ આવી કોઈ બાબત બનેલ નથી. પરંતુ ચાઈના લાઈટ એન્ડ પાવર કંપની સાથે વર્ષ ૧૯૯૮માં કરવામાં આવેલ કરારની શરતો મુજબ, ફીકસ્ડ કોસ્ટ તો ચૂકવી પડે એટલે વર્ષ ૨૦૧૩માં કૂલ ૪૫૬ કરોડ અને ૨૦૧૪માં ૪૧૨ કરોડની ફીકસ્ડ કોસ્ટ ચૂકવેલ છે.

પત્રક-અ

| ખાનગી સાહસો | ૨૦૧૦ | | ૨૦૧૧ | | ૨૦૧૨ | | ૨૦૧૩ | | ૨૦૧૪ (પ્રોવિઝનલ) | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | મી.યુ. | રૂ../યુનીટ | મી.યુ. | રૂ../યુનીટ | મી.યુ. | રૂ../યુનીટ | મી.યુ. | રૂ../યુનીટ | મી.યુ. | રૂ../યુનીટ |
| એસ્સાર પાવર લીમીટેડ | ૧૪૩૬ | ૩.૩૭ | ૧૪૫૪ | ૩.૦૫ | ૬૬૨ | ૩.૩૫ | ૨૫ | ૪.૮૦ | - | - |
| એસ્સાર પાવર ગુજરાત લીમીટેડ | - | - | - | - | ૨૩૧૯ | ૨.૫૮ | ૫૫૧૨ | ૨.૯૬ | ૫૩૪૨ | ૩.૦૪ |
| ચાઈના લાઈટ એન્ડ પાવર ઈન્ડીયા પ્રાઈવેટ લી. | ૩૮૬૮ | ૩.૯૨ | ૩૧૭૭ | ૪.૭૨ | ૧૮૫૨ | ૬.૮૧ | ૨૮૭ | ૫.૧૫ | ૨૬૪ | ૪.૪૦ |
| અદાણી પાવર લીમીટેડ | ૪૧૪૩ | ૨.૫૮ | ૯૮૨૩ | ૨.૫૬ | ૧૦૦૩૪ | ૨.૭૯ | ૧૨૧૫૫ | ૨.૮૮ | ૧૪૦૮૦ | ૨.૬૪ |
| એ.સી.બી. (ઈન્ડીયા) લી. | - | - | - | - | ૮૯૩ | ૧.૯૮ | ૧૩૪૫ | ૨.૧૦ | ૧૩૦૬ | ૨.૦૫ |
| કોસ્ટલ ગુજરાત પાવર કંપની | - | - | - | - | ૨૬૮૩ | ૨.૪૧ | ૯૦૮૧ | ૨.૬૮ | ૧૧૫૭૩ | ૨.૪૪ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| લીમીટેડ | | | | | | | | | |
| કેપ્ટીવ પાવર પ્લાન્ટસ | ૨૩૯ | ૩.૧૭ | ૧૭૦ | ૨.૪૭ | ૯૯ | ૨.૬૩ | ૨૯ | ૨.૪૧ | ૨૫ | ૨.૪૦ |

-------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં આદિજાતિ વનબંધુઓના કુટુંબોને દૂધાળા પશુઓ પુરા પાડવા બાબત

અતારાંકિતઃ ૪૧૩૨ (૧૩-૦૧-૨૦૧૫) શ્રી ગેંદાલભાઈ ડામોર (સંતરામપુર): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ ની સ્થતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર આદિજાતિ વનબંધુઓનાં કુટુંબોને સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ દૂધાળા પશુઓ પૂરા પાડવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો વર્ષવાર તાલુકાવાર કેટલાં પશુઓ પુરા પાડવામાં આવ્યા, અને

(૩) ઉકત સ્થતિએ વર્ષવાર આ યોજનામાં ભારત સરકારની કોઈ સહાય મળેલ છે કે કેમ અને જો હા, તો કેટલી રકમ મળેલ છે?

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી : (૧૯-૨-૧૫)

(૧) હા, જી

(૨) વર્ષવાર તાલુકાવાર નીચે મુજબનાં પશુઓ પુરા પાડવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | ઘોઘબા | | કડાણા | | સંતરામપૂર | | શહેરા | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | લક્ષ્યાંક | સિધ્ધિ | લક્ષ્યાંક | સિધ્ધિ | લક્ષ્યાંક | સિધ્ધિ | લક્ષ્યાંક | સિધ્ધિ |
| ૧ | ૨૦૧૦-૧૧ | ૦ | ૦ | ૫૦ | ૫૦ | ૯૫૦ | ૯૫૦ | ૦ | ૦ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૧૦૦૦ | ૧૦૦૦ | ૨૦૦૦ | ૨૦૦૦ | ૨૦૦૦ | ૨૦૦૦ | ૨૯૩ | ૨૯૩ |
| ૩ | ૨૦૧૨-૧૩ | ૪૭૮ | ૨૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૫૦૦ | ૦ | ૦ |
| ૪ | ૨૦૧૩-૧૪ | ૨૧૫ | ૧૫૦ | ૯૬૫ | ૬૦૦ | ૯૬૫ | ૫૩૯ | ૦ | ૦ |
| ૫ | ૨૦૧૪-૧૫ | ૨૨૦ | ૧૩૨ | ૨૨૦ | ૧૬૧ | ૨૨૦ | ૧૫૩ | ૦ | ૦ |
| | કુલ | ૧૯૧૩ | ૧૪૮૨ | ૩૭૩૫ | ૩૩૧૧ | ૪૬૩૫ | ૪૧૪૨ | ૨૯૩ | ૨૯૩ |

ઉકત સ્થિતીએ નીચે મુજબ વર્ષવાર ભારત સરકાર દ્વારા સહાય મળેલ છે.

(૩)

| ક્રમ | વર્ષ | મળેલ સહાય (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૦-૧૧ | ૧૨૩.૦૭ |
| ૨ | ૨૦૧૧-૧૨ | ૯૪.૩૦ |

| | | |
|---|---|---|
| ૩ | ૨૦૧૨–૧૩ | ૨૭૦.૦૦ |
| ૪ | ૨૦૧૩–૧૪ | ૨૬૭.૨૦ |
| ૫ | ૨૦૧૪–૧૫ | ૮૨.૩૦ |
| | કુલ | ૮૩૬.૮૭ |

-------

અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | સામાન્ય વહીવટ વિભાગ | ૩૯૮૯, ૪૦૩૦ | ૦૨ |
| ૨ | કૃષિ અને સહકાર વિભાગ | ૪૪૬૦ | ૦૧ |
| ૩ | શિક્ષણ વિભાગ | ૩૮૩૧, ૩૮૩૨, ૩૮૩૩, ૩૮૩૪, ૩૮૩૫, ૩૮૩૬, ૩૮૩૭, ૩૮૩૮, ૩૮૩૯, ૪૨૧૫, ૨૪૧૬, ૪૨૧૮, ૪૨૧૯, ૪૩૧૮, ૪૩૭૩, ૪૩૭૪, ૪૩૭૫, ૪૩૭૭, ૪૩૭૮, ૪૩૮૦, ૪૩૮૧, ૪૩૮૨, ૪૩૮૩, ૪૬૮૩ | ૨૫ |
| ૪ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૪૦૩૭ | ૦૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૧૮૬, ૪૧૮૭, ૪૬૭૩ | ૦૩ |
| ૬ | ગૃહ વિભાગ | ૩૭૯૮, ૩૮૦૨, ૩૯૬૩, ૩૯૬૪, ૩૯૬૮, ૪૨૪૩, ૪૩૯૩, ૪૪૪૪, ૪૫૬૬ | ૦૯ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૨૩૮ | ૦૧ |
| ૮ | માહિતી અને પ્રસારણ વિભાગ | ૪૫૬૩ | ૦૧ |
| ૯ | કાયદા વિભાગ | ૪૦૩૩ | ૦૧ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૪૦૩૨ | ૦૧ |
| ૧૧ | માર્ગ અને મકાન વિભાગ | ૩૬૫૧ | ૦૧ |
| ૧૨ | ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ | ૪૩૪૫, ૪૪૧૨, ૪૫૯૭ | ૦૩ |
| ૧૩ | આદિજાતિ વિકાસ વિભાગ | ૪૧૩૨ | ૦૧ |
| | | કુલ | ૫૦ |

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

નવમી અતારાંકિત યાદી

#S B / અમદાવાદ, વડોદરા, સુરત તથા રાજકોટ શહેરમાં પ્રતિબંધિત પેસ્ટીસાઇડસના વેચાણ બાબત

અતારાંકિતઃ ૪૬૬૬(૨૮-૦૧-૨૦૧૫) : શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય): માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત તથા રાજકોટ શહેરોમાં ભારત સરકારે પ્રતિબંધ મુક્યો હોય તેવી કઈ પેસ્ટીસાઇડસ (જંતુનાશક દવાઓ) તા. ૩૧મી ડીસેમ્બર-૨૦૧૪ની સ્થિતિએ વેચાઈ રહી છે, અને

(૨) તે અન્વયે જવાબદારો સામે શા કાનૂની પગલાં લેવાયા છે ?

કૃષિ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૧૫) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

રાજ્યમાં એક કરતા વધારે ધોરણના બાળકોને એક ઓરડામાં બેસાડવા

અતારાંકિતઃ ૩૪૨૨(૨૦-૧૦-૨૦૧૪) : ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં એક કરતા વધારે ધોરણના વિદ્યાર્થીઓને એક ઓરડામાં બેસાડવામાં આવે છે.

(૨) આ વિદ્યાર્થીઓના ભણતરમાં અવળી અસર ન થાય તે માટે તમામ ધોરણોના વિદ્યાર્થીઓ અલગ-અલગ ઓરડામાં બેસી શકે તેવી વ્યવસ્થા રાજ્ય સરકાર કરવા માંગે છે કે કેમ,

(૩) જો હા, તો ક્યાં સુધીમાં નવા ઓરડાઓ બનાવવામાં આવશે ?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) *પત્રક-૧ મુજબ

(૨) હા, જી

(૩) જેમ બને તેમ જલદી.

પત્રક-૧

| ક્રમ | જિલ્લો | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૫૧ |
| ૨ | અમદાવાદ કોર્પોરેશન | ૧૭ |
| ૩ | અમરેલી | ૨૩૭ |
| ૪ | આણંદ | ૨૯૩ |
| ૫ | બનાસકાંઠા | ૯૨૨ |
| ૬ | ભરૂચ | ૫૮૫ |
| ૭ | ભાવનગર | ૨૭૫ |
| ૮ | દાહોદ | ૨૩૮ |
| ૯ | ડાંગ | ૨૨૪ |
| ૧૦ | ગાંધીનગર | ૨૨૩ |
| ૧૧ | જામનગર | ૧૦૦૨ |
| ૧૨ | જુનાગઢ | ૩૪૮ |
| ૧૩ | ખેડા | ૭૨ |
| ૧૪ | કચ્છ | ૭૮૮ |
| ૧૫ | મહેસાણા | ૩૩૧ |

| | | |
|---|---|---|
| ૧૬ | નર્મદા | ૫૨૭ |
| ૧૭ | નવસારી | ૫૭૦ |
| ૧૮ | પંચમહાલ | ૬૪૭ |
| ૧૯ | પાટણ | ૨૧૧ |
| ૨૦ | પોરબંદર | ૧૪૨ |
| ૨૧ | રાજકોટ | ૪૦૭ |
| ૨૨ | રાજકોટ કોર્પોરેશન | ૩૪ |
| ૨૩ | સાબરકાંઠા | ૫૧૯ |
| ૨૪ | સુરત | ૫૫૧ |
| ૨૫ | તાપી | ૪૭૩ |
| ૨૬ | સુરત કોર્પોરેશન | ૪ |
| ૨૭ | સુરેન્દ્રનગર | ૩૧૯ |
| ૨૮ | વડોદરા કોર્પોરેશન | ૦ |
| ૨૯ | વડોદરા | ૧૫૮૩ |
| ૩૦ | વલસાડ | ૫૮૦ |

-----------

રાજ્યમાં બંધ કરવામાં આવેલ સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

અતારાંકિતઃ ૩૪૩૩ (૧૭-૧૦-૨૦૧૪) : ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ બંધ કરવામાં આવી કે બંધ કરવાની મંજૂરી આપવામાં આવી અને કેટલી શાળાઓને નોન ગ્રાન્ટેડ કે ખાનગી શાળામાં તબદીલ કરવામાં આવી, અને

(૨) આ શાળાઓને બંધ કરવાના કે નોન ગ્રાન્ટેડ કે ખાનગીમાં તબદીલ કરવાના કારણો શા હતા ?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર બંધ કરવામાં આવેલ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વિગતનું *પત્રક-૧ સામેલ છે. બંધ થયેલી શાળાના વિદ્યાર્થીઓને નજીકની અન્ય શાળામાં સમાવવામાં આવેલ છે. તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં એકપણ શાળાને નોન ગ્રાન્ટેડ કે ખાનગી શાળામાં તબદીલ કરવામાં આવેલ નથી.

(૨) આ શાળાઓને બંધ કરવાના કારણો નીચે મુજબ છે.

- શાળાઓમાં ૨૦ કે તેનાથી ઓછા વિદ્યાર્થીઓનું નામાંકન હોવાથી.
- ધોરણ ૧૦ અને ૧૨ના પરિણામો નબળા હોવાથી.
- ભારત સરકારની આર.એમ.એસ.એ. યોજનાની ગાઇડલાઈન મુજબ નોર્મ્સ સંતોષાતા ન હોવાથી.

પત્રક-૧

| ક્રમ | જિલ્લો | ૨૦૧૦ | | ૨૦૧૧ | | ૨૦૧૨ | | ૨૦૧૩ | | ૨૦૧૪ | | ટોટલ | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | માધ્યમિક | ઉમા. | માધ્યમિક | ઉ.મા. | માધ્યમિક | ઉ.મા. | માધ્યમિક | ઉ.મા. | માધ્યમિક | ઉ.મા. | માધ્યમિક | ઉ.મા. | |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | અમદાવાદ ગ્રામ્ય | ૦ | ૦ | ૧૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૧ | ૦ | ૧૧ |
| ૩ | અમરેલી | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૪ | આણંદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | અરવલ્લી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | બનાસકાંઠા | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ |
| ૭ | ભરૂચ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૮ | ભાવનગર | ૦ | ૦ | ૧૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૪ | ૦ | ૧૪ |
| ૯ | બોટાદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૦ | ૦ | ૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૭ | ૦ | ૭ |
| ૧૧ | દાહોદ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | ડાંગ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૧૩ | દ્વારકા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૫ |
| ૧૪ | ગાંધીનગર | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૩ | ૫ |
| ૧૫ | ગીરસોમનાથ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૫ |
| ૧૬ | જામનગર | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૪ | ૦ | ૪ |
| ૧૭ | જુનાગઢ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૫ |
| ૧૮ | ખેડા | ૦ | ૦ | ૧૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૦ | ૦ | ૧૦ |
| ૧૯ | કચ્છ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૦ | મહીસાગર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૧ | મહેસાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૨ | મોરબી | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ |
| ૨૩ | નર્મદા | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ |
| ૨૪ | નવસારી | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૩ | ૦ | ૩ |
| ૨૫ | પંચમહાલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૬ | પાટણ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨૭ | પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | રાજકોટ | ૦ | ૦ | ૧૬ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧૭ | ૦ | ૧૭ |

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | | | | | | | | | | | |
| ૨૯ | સાબરકાંઠા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩૦ | સુરત | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૦ | ૦ | ૧૪ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૧૬ | ૦ | ૧૬ |
| ૩૨ | તાપી | ૦ | ૦ | ૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૫ | ૦ | ૫ |
| ૩૩ | વડોદરા | ૦ | ૦ | ૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૨ |
| ૩૪ | વલસાડ | ૦ | ૦ | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૦ | ૩ |
| | કુલ | ૦ | ૦ | ૯૭ | ૦ | ૪ | ૩ | ૨૧ | ૦ | ૧ | ૦ | ૧૨૩ | ૩ | ૧૨૬ |

------------

રાજ્યમાં બંધ કરાવેલ સરકારી પ્રાથમિક શાળાઓ

અતારાંકિતઃ ૩૪૩૪ (૨૧-૧૦-૨૦૧૪) : ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી કે બંધ કરવાની મંજૂરી આપવામાં આવી અને કેટલી શાળાઓને નોન ગ્રાન્ટેડ કે ખાનગી શાળામાં તબદીલ કરવામાં આવી અને

(૨) આ શાળાઓને બંધ કરવાના કે નોન ગ્રાન્ટેડ કે ખાનગીમાં તબદીલ કરવાના કારણો શાં હતા ?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) ૭૫ સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે. એક પણ પ્રાથમિક શાળાને નોન ગ્રાન્ટેડ કે ખાનગી શાળામાં તબદીલ કરવામાં આવેલ નથી. (*પત્રક સામેલ છે.)

(૨) બાળકોની સંખ્યાના અભાવે

પત્રક

| અ.નં. | જિલ્લાનું નામ | બંધ કરવામાં આવેલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૧ |
| ૨ | વડોદરા | ૧ |
| ૩ | રાજકોટ | ૦ |
| ૪ | સુરત | ૮ |
| ૫ | ખેડા | ૬ |
| ૬ | આણંદ | ૦ |
| ૭ | પંચમહાલ | ૧૭ |
| ૮ | દાહોદ | ૦ |
| ૯ | સાબરકાંઠા | ૦ |
| ૧૦ | જુનાગઢ | ૮ |
| ૧૧ | પોરબંદર | ૩ |
| ૧૨ | મહેસાણા | ૧ |
| ૧૩ | પાટણ | ૦ |
| ૧૪ | ભાવનગર | ૧ |
| ૧૫ | જામનગર | ૧૨ |
| ૧૬ | અમરેલી | ૧ |

| | | |
|---|---|---|
| ૧૭ | કચ્છ | ૨ |
| ૧૮ | ભરૂચ | ૨ |
| ૧૯ | નર્મદા | ૦ |
| ૨૦ | વલસાડ | ૧ |
| ૨૧ | નવસારી | ૫ |
| ૨૨ | બનાસકાંઠા | ૦ |
| ૨૩ | સુરેન્દ્રનગર | ૧ |
| ૨૪ | ગાંધીનગર | ૦ |
| ૨૫ | ડાંગ | ૦ |
| ૨૬ | તાપી | ૫ |
| | કુલ | ૭૫ |

------------

રાજ્યમાં આવેલ સરકારી અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ

અતારાંકિતઃ ૩૪૩૭ (૧૭-૧૦-૨૦૧૪) : ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી અને ખાનગી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે ?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) *પત્રક-૧ મુજબ.

પત્રક-૧

| ક્રમ | જીલ્લાનું નામ | સરકારી શાળાઓ | | ખાનગી શાળાઓ | |
|---|---|---|---|---|---|
| | | માધ્યમિક શાળાઓ | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ | માધ્યમિક શાળાઓ | ઉચ્ચતર માધ્યમિક શાળાઓ |
| ૧ | અમદાવાદ ગ્રામ્ય | ૨૦ | ૦૬ | ૨૧૧ | ૧૭૫ |
| ૨ | અમદાવાદ શહેર | ૦૨ | ૦૨ | ૧૭૬ | ૨૧૨ |
| ૩ | અમરેલી | ૧૯ | ૦૯ | ૧૦૮ | ૧૦૭ |
| ૪ | આણંદ | ૧૨ | ૦૨ | ૫૭ | ૬૩ |
| ૫ | અરવલ્લી | ૦૨ | ૦૧ | ૨૧ | ૨૩ |
| ૬ | બનાસકાંઠા | ૫૮ | ૧૦ | ૨૦૧ | ૧૫૫ |
| ૭ | ભરૂચ | ૧૯ | ૦૬ | ૧૦૦ | ૭૨ |
| ૮ | ભાવનગર | ૩૬ | ૧૮ | ૧૫૨ | ૧૪૮ |
| ૯ | બોટાદ | ૧૧ | ૦૨ | ૪૬ | ૪૨ |
| ૧૦ | છોટા ઉદેપુર | ૨૫ | ૦૬ | ૧૧ | ૦૪ |
| ૧૧ | દાહોદ | ૧૫ | ૦૨ | ૧૦૭ | ૬૨ |
| ૧૨ | ડાંગ | ૧૬ | ૦૮ | ૦૪ | ૦૬ |
| ૧૩ | દેવભુમી દ્વારકા | ૨૧ | ૦૬ | ૫૨ | ૨૨ |
| ૧૪ | ગાંધીનગર | ૦૭ | ૦૫ | ૧૦૫ | ૧૨૯ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫ | ગીર-સોમનાથ | ૧૭ | ૦૩ | ૯૬ | ૯૧ |
| ૧૬ | જામનગર | ૧૯ | ૧૫ | ૧૨૩ | ૭૦ |
| ૧૭ | જુનાગઢ | ૧૪ | ૦૯ | ૧૨૨ | ૧૧૮ |
| ૧૮ | કચ્છ | ૮૪ | ૩૪ | ૧૧૭ | ૭૦ |
| ૧૯ | ખેડા | ૧૭ | ૦૧ | ૪૧ | ૩૫ |
| ૨૦ | મહેસાણા | ૦૭ | ૦૦ | ૭૧ | ૯૦ |
| ૨૧ | મહીસાગર | ૦૫ | ૦૩ | ૩૦ | ૧૭ |
| ૨૨ | મોરબી | ૦૫ | ૦૩ | ૮૩ | ૭૬ |
| ૨૩ | નર્મદા | ૨૨ | ૧૦ | ૧૦ | ૦૪ |
| ૨૪ | નવસારી | ૦૬ | ૦૪ | ૨૮ | ૪૮ |
| ૨૫ | પંચમહાલ | ૦૩ | ૦૪ | ૭૭ | ૫૫ |
| ૨૬ | પાટણ | ૧૪ | ૦૫ | ૬૧ | ૬૦ |
| ૨૭ | પોરબંદર | ૦૭ | ૦૭ | ૪૧ | ૩૪ |
| ૨૮ | રાજકોટ | ૨૦ | ૧૩ | ૩૫૨ | ૩૧૯ |
| ૨૯ | સાબરકાંઠા | ૧૨ | ૦૩ | ૫૫ | ૫૧ |
| ૩૦ | સુરત | ૧૪ | ૦૨ | ૪૪૯ | ૩૬૨ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૪૩ | ૧૭ | ૯૩ | ૭૭ |
| ૩૨ | તાપી | ૨૦ | ૦૮ | ૧૯ | ૧૩ |
| ૩૩ | વડોદરા | ૦૮ | ૦૧ | ૧૯૯ | ૧૪૮ |
| ૩૪ | વલસાડ | ૨૩ | ૦૩ | ૧૦૫ | ૮૬ |
| | કુલ | ૬૨૩ | ૨૨૮ | ૩૫૨૩ | ૩૦૪૪ |

------------

રાજ્યમાં શાળાઓ ગુણોત્સવ કાર્યક્રમ

અતારાંકિતઃ ૩૬૦૮ (૨૧-૧૦-૨૦૧૪) : ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૮-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલી શાળાઓમાં ગુણોત્સવ યોજાયો, અને

(૨) તે પૈકી જિલ્લાવાર અને વર્ષવાર કેટલી શાળાઓમાં કેવા પ્રકારની ખામીઓ/ત્રૂટીઓ જોવા મળી ?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) તા. ૩૧-૮-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજયમાં જિલ્લાવાર નીચે મુજબની શાળાઓમાં ગુણોત્સવ યોજાયો.

| અ. નં. | જિલ્લાનું નામ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૨ | ૨૦૧૩ | ૨૦૧૪ |
|---|---|---|---|---|---|---|
| ૧ | મહેસાણા | ૧૦૦૪ | ૧૦૬૭ | ૨૬૭ | ૧૦૬૮ | ૧૦૬૯ |
| ૨ | નડીયાદ | ૧૬૫૫ | ૧૬૫૫ | ૧૬૪૭ | ૧૬૪૭ | ૧૬૪૭ |
| ૩ | આણંદ | ૧૦૨૩ | ૧૨૬૩ | ૨૯૦ | ૧૧૫૪ | ૧૧૫૫ |
| ૪ | પોરબંદર | ૩૦૫ | ૪૫૨ | ૭૮ | ૩૩૩ | ૩૩૩ |
| ૫ | નર્મદા | ૬૩૭ | ૭૭૬ | ૭૩૬ | ૭૪૬ | ૪૪૬ |
| ૬ | ગાંધીનગર | ૬૨૩ | ૮૪૪ | ૧૮૦ | ૬૮૩ | ૬૯૬ |
| ૭ | જામનગર | ૧૩૯૧ | ૧૪૧૩ | ૩૫૯ | ૧૪૩૬ | ૧૪૩૬ |
| ૮ | નવસારી | ૭૨૬ | ૯૪૭ | ૧૯૮ | ૭૭૦ | ૭૭૦ |
| ૯ | સુરેન્દ્રનગર | ૯૭૦ | ૯૮૯ | ૯૯૬ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૧૦ | તાપી-વ્યારા | ૭૨૭ | ૮૫૯ | ૨૧૯ | ૮૭૩ | ૮૭૩ |
| ૧૧ | વલસાડ | ૯૬૦ | ૧૧૮૩ | ૨૬૩ | ૧૦૫૮ | ૧૦૫૮ |
| ૧૨ | પાટણ | ૮૦૩ | ૮૯૪ | ૨૧૭ | ૨૦૧૩ | ૨૦૧૩ |
| ૧૩ | ભરૂચ | ૯૬૨ | ૯૬૨ | ૯૪૭ | ૯૬૨ | ૯૬૨ |
| ૧૪ | પંચમહાલ/ગોધરા | ૨૨૦૯ | ૨૪૫૬ | ૬૨૭ | ૨૪૫૫ | ૨૪૫૫ |
| ૧૫ | રાજકોટ | ૨૮૫ | ૨૩૫ | ૩૧૦ | ૪૯૦ | ૪૯૦ |
| ૧૬ | બ.કા. પાલનપુર | ૨૨૧૬ | ૨૩૭૭ | ૨૩૫૮ | ૨૩૮૨ | ૨૩૮૯ |
| ૧૭ | ભાવનગર | ૩૦૬ | ૩૬૯ | ૪૧૨ | ૨૧૨ | ૬૬૩ |
| ૧૮ | સાબરકાંઠા | ૩૦૮૦ | ૩૨૬૮ | ૩૨૭૮ | ૪૧૭૩ | ૪૯૮૩ |
| ૧૯ | જૂનાગઢ | ૧૨૪૭ | ૧૩૪૯ | ૩૪૪ | ૧૩૫૭ | ૧૩૫૭ |
| ૨૦ | અમરેલી | ૭૮૪ | ૭૮૪ | ૭૮૪ | ૭૮૪ | ૧૯૬ |
| ૨૧ | દાહોદ | ૧૫૭૦ | ૧૭૪૮ | ૪૩૩ | ૧૭૭૧ | ૬૪૫ |
| ૨૨ | ભૂજ | ૧૬૪૦ | ૧૬૯૯ | ૧૭૦૧ | ૧૭૨૬ | ૧૭૪૬ |
| ૨૩ | સુરત | ૧૦૦૮ | ૧૧૦૦ | ૨૮૨ | ૧૧૦૫ | ૧૦૮૬ |
| ૨૪ | અમદાવાદ | ૯૦૨ | ૯૪૫ | ૨૩૫ | ૯૫૧ | ૯૪૫ |
| ૨૫ | આહવા-ડાંગ | ૩૩૭ | ૪૦૧ | ૧૦૯ | ૪૦૧ | ૪૦૧ |
| ૨૬ | વડોદરા | ૧૦૧૮ | ૧૩૮૧ | ૨૮૫ | ૧૦૮૪ | ૧૦૮૪ |

(૨) અમુક શાળાઓમાં અમુક બાળકો વાંચન, ગણન અને લેખનમાં નબળા જોવા મળ્યા ઉપરાંત કેટલી શાળાઓમાં શિક્ષકોની ઘટ અને ઓરડાઓની ઘટ જોવા મળી.

--------

જામનગર જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓમાં શાળાવાર ઓરડાઓની ઘટ

અતારાંકિતઃ ૩૬૬૩ (૧૭-૧૦-૨૦૧૪) : શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧/૦૭/૨૦૧૪ની સ્થિતિએ નિર્ધારિત ધોરણ મુજબ ખાનગી પ્રાથમિક શાળામાં શાળાવાર કેટલા ઓરડાઓની જરૂરીયાત છે.

(૨) તે પૈકી કેટલા ઓરડાઓ શાળાવાર ઉપલબ્ધ છે અને કેટલા ઓરડાની ઘટ છે.

(૩) ઘટના શાં કારણો છે, અને

(૪) ઘટના ઓરડાનું બાંધકામ પૂર્ણ ન કરનાર ખાનગી પ્રાથમિક શાળા સામે શાં પગલાં લેવામાં આવનાર છે ?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૧૫) :

(૧) અને (૨) *પત્રક મુજબ

(૩) વિદ્યાર્થી સંખ્યા વધતાં વર્ગ વધારો થવાના કારણે
(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પત્રક

| ક્રમ | શાળાનું નામ / સરનામું | શાળામાં ઉપલબ્ધ ઓરડા | જરૂરિયાત ઓરડા | ઘટ ઓરડા |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | બક્ષીપંચ આશ્રમ શાળા, લાલપુર | ૫ | ૮ | ૩ |
| ૨ | માધવ પ્રાથમિક શાળા, લાલપુર, જિ. જામનગર | ૮ | ૯ | ૧ |
| ૩ | શ્રી શ્યામ પ્રાથમિક શાળા, મુ. મોડપર, તા. લાલપુર | ૧૧ | ૧૨ | ૧ |
| ૪ | શ્રી મનભાવન પ્રાથમિક શાળા, તા. લાલપુર | ૬ | ૮ | ૨ |
| ૫ | શ્રી સરસ્વતી વિદ્યામંદિર, તા. લાલપુર | ૪ | ૫ | ૧ |
| ૬ | વિવેકાનંદ વિદ્યામંદિર, કેશીયા, મુ. કેશીયા | ૮ | ૯ | ૧ |
| ૭ | ઈનોવેટીવ ઈંગ્લીંશ મિડિયમ સ્કુલ, મુ. પીઠડ | ૫ | ૬ | ૧ |
| ૮ | શ્રી સંસ્કાર વિદ્યાલય, મુ. પાછતર | ૮ | ૯ | ૧ |
| ૯ | શ્રી સરસ્વતી વિદ્યાલય, મુ. રૂપામોરા | ૮ | ૯ | ૧ |
| ૧૦ | શ્રી ઉમિયા કન્યા વિદ્યાલય, તા. ભાણવડ | ૪ | ૫ | ૧ |
| ૧૧ | શ્રી ઓમકાર પ્રાથમિક શાળા, મુ. ગુંદલા, તા. ભાણવડ | ૭ | ૮ | ૧ |
| ૧૨ | સાંદિપની વિદ્યાલય, ગડુ, તા. ભાણવડ | ૪ | ૬ | ૨ |
| ૧૩ | શ્રી ક્રિષ્ના પ્રા.શાળા, મોટા કાલાવડ, તા. ભાણવડ | ૫ | ૬ | ૧ |
| ૧૪ | સરસ્વતી વિદ્યા મંદિર, સણોસરા | ૬ | ૮ | ૨ |
| ૧૫ | શિવકૃપા વિદ્યાલય, મોરઝર | ૮ | ૯ | ૧ |
| ૧૬ | ડેરાવાલા વિદ્યાલય, ઢેબર | ૭ | ૮ | ૧ |
| ૧૭ | સરસ્વતી વિદ્યાલય વણીક જ્ઞાતીવાડી, ભાણવડ | ૭ | ૮ | ૧ |
| ૧૮ | શારદા પ્રાથમિક શાળા, મોટા વડાળા, તા. કાલાવડ | ૮ | ૯ | ૧ |
| ૧૯ | નચીકિતા વિદ્યાલય, જશાપર | ૭ | ૮ | ૧ |
| ૨૦ | નવજીવન પ્રાથમિક વિદ્યાલય, નિકાવા | ૮ | ૯ | ૧ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૨૧ | સ્પંદન વિદ્યાલય મોટા વાડાળા | ૭ | ૮ | ૧ |
| ૨૨ | વિદ્યા વિહાર પ્રાથમિક શાળા, નાના વડાળા | ૭ | ૮ | ૧ |
| ૨૩ | પ્રગતિ વિદ્યાલય, કાલાવડ | ૭ | ૮ | ૧ |
| ૨૪ | સત્યમ વિદ્યાલય એન્ડ કુમાર છાત્રાલય, નાના બાદનપર | ૮ | ૯ | ૧ |
| ૨૫ | શ્રી પ્રેરણા પ્રાથમિક વિદ્યાલય, મોમાઈનગર, ગીંગણી રોડ, જામજોધપુર | ૮ | ૯ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૬ | શ્રી સરસ્વતી વિદ્યા મંદિર, શેઠ વડાળા | ૯ | ૧૦ | ૧ |
| ૨૭ | ગુજરાત વિદ્યા ભવન, મોટી ગોપ | ૮ | ૯ | ૧ |
| ૨૮ | શ્રી શારદા વિદ્યા મંદિર, મુ. સતાપર | ૧૫ | ૧૬ | ૧ |
| ૨૯ | તકશીલ શિશુ નિકેતન, લાલપુર હાઈવે, દરેડ | ૭ | ૮ | ૧ |
| ૩૦ | વાત્સલ્ય વિદ્યાલય, મોટા થાવરીયા પાટીયા | ૫ | ૭ | ૨ |
| ૩૧ | રોઝી પ્રાથમિક શાળા, કાલાવડ ગેટ, જામનગર | ૮ | ૯ | ૧ |
| ૩૨ | શિતલ ઇંગ્લીશ પ્રાયમરી સ્કુલ, કૈલાશનગર, હરિયા કોલેજ પાછળ, | ૫ | ૬ | ૧ |
| ૩૩ | શિતલ  પ્રાયમરી સ્કુલ, કૈલાશનગર, હરિયા કોલેજ પાછળ, | ૫ | ૬ | ૧ |
| ૩૪ | બંસી ઇંગ્લીશ મિડિયમ સ્કુલ, રડાર રોડ, શ્યામનગર-૨, જામનગર | ૬ | ૭ | ૧ |
| ૩૫ | એસ.બી. શર્મા પબ્લીક સ્કુલ, રિલાયન્સ નજીક, મેઘપર | ૭ | ૮ | ૧ |
| ૩૬ | મહેમુદિયા પ્રાયમરી સ્કુલ, રેલવે ક્રોસિંગ સિક્કા | ૫ | ૭ | ૨ |
| ૩૭ | વિઝન સ્કુલ, રેલવે સ્ટેશન પાસે, અલિયાબાડા | ૭ | ૮ | ૧ |
| ૩૮ | વિઝન સ્કુલ, રેલવે સ્ટેશન પાસે, અલિયાબાડા | ૫ | ૬ | ૧ |
| ૩૯ | નંદ નિકેતન વિદ્યાલય, ગોકુલનગર, જામનગર | ૮ | ૯ | ૧ |
| ૪૦ | સાગર પ્રાથમિક શાળા, બેડ | ૭ | ૮ | ૧ |
| ૪૧ | ક્રિષ્ના પ્રાથમિક શાળા, મથુરાનગર, ન્યુ ટાવર સામે, ગોકુલનગર | ૫ | ૭ | ૨ |
| ૪૨ | શ્રી વિદ્યા નિકેતન પ્રાથમિક શાળા, રામદેવ કૃપા, સિક્કા | ૫ | ૬ | ૧ |
| ૪૩ | અક્ષરદીપ પ્રાથમિક શાળા, મયુરનગર, શેરી નં. ૪, ગોકુલનગર | ૬ | ૮ | ૨ |
| ૪૪ | વિદ્યા મંદિર પ્રાથમિક શાળા, ક્રિષ્ના પરા, આનંદ ચોક, દ્વારકા | ૮ | ૯ | ૧ |
| ૪૫ | વનદિપ બાલઘર | ૧ | ૨ | ૧ |
| ૪૬ | બ્લેશીંગ ગાર્ડન પ્રા. સ્કુલ | ૪ | ૫ | ૧ |
| ૪૭ | શ્રી પરફેક્ટ પ્રાયમરી સ્કુલ, ક્રિષ્નાનગર, ભાટિયા | ૮ | ૯ | ૧ |
| ૪૮ | સમર્પણ પ્રાથમિક શાળા, બાંકોડી | ૮ | ૧૦ | ૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૯ | ઝેનિથ પ્રાથમિક શાળા, હરસિદ્ધિનગર, હર્ષદપુર | ૮ | ૯ | ૧ |
| ૫૦ | શ્રી સરસ્વતી વિદ્યાલય, જામગઢકા | ૪ | ૫ | ૧ |
| ૫૧ | શ્રી કર્મયોગ વિદ્યાલય, જામકલ્યાણપુર હરીપર રોડ | ૮ | ૧૦ | ૨ |
| ૫૨ | શ્રી સરસ્વતી વિદ્યાલય, ધુતારીયા | ૮ | ૯ | ૧ |
| ૫૩ | શ્રી સરસ્વતી પ્રાથમિક શાળા, દેવળીયા | ૮ | ૯ | ૧ |
| ૫૪ | શ્રી વૃંદાવન પ્રાથમિક શાળા, રાજપરા | ૮ | ૯ | ૧ |
| ૫૫ | શ્રી પ્રગતિ વિદ્યાલય, કેનેડી | ૮ | ૧૦ | ૨ |
| ૫૬ | શ્રી આરાધના પ્રાથમિક શાળા, મેવાસા | ૬ | ૭ | ૧ |
| ૫૭ | શ્રી ભગીરથ પ્રાથમિક શાળા, જામખીરસરા | ૭ | ૧૨ | ૫ |
| ૫૮ | ધી ઈનોવેટીવ પ્રાથમિક શાળા, ખારવા રોડ, ધ્રોલ | ૧૦ | ૧૧ | ૧ |
| ૫૯ | ડેલ્ટા પ્રાથમિક શાળા, સોયલ | ૩ | ૫ | ૨ |
| ૬૦ | એક લવ્ય વિદ્યાલય, લતીપુર, ખોડીયાર નગર, | ૫ | ૬ | ૧ |
| ૬૧ | શ્રી સંકલ્પ વિદ્યાલય જુની ફ્રોટ, ખંભાળીયા | ૭ | ૮ | ૧ |
| ૬૨ | પંચમ ડ્રીમ સ્કુલ, ધરમપુર | ૯ | ૧૦ | ૧ |
| ૬૩ | શ્રી મધુવન વિદ્યાલય, ઠાકર શેરડી | ૧૦ | ૧૧ | ૧ |
| ૬૪ | શ્રી પરિશ્રમ પ્રાથમિક શાળા, કંડોરણા | ૯ | ૧૧ | ૨ |
| ૬૫ | શ્રી લવકુશ પ્રાથમિક શાળા, જુવાનગઢ | ૫ | ૬ | ૧ |
| ૬૬ | સંસ્કાર વિદ્યાલય કેશોદ | ૬ | ૭ | ૧ |
| ૬૭ | શ્રીનાથજી પ્રાથમિક શાળા, શકિતનગર સિંરેશ્વર રોડ, | ૧૪ | ૧૫ | ૧ |
| ૬૮ | પૅરેડાઈઝ પ્રાથમિક શાળા, જામખંભાળીયા ખામનાથ એરીયા | ૭ | ૮ | ૧ |
| ૬૯ | શ્રી સાંઈ પ્રાથમિક શાળા, પ્લોટ-૬૫, સરેશ્વર મંદિર સામે, શકિતનગર | ૭ | ૮ | ૧ |
| ૭૦ | જ્ઞાન દીપ વિદ્યાલય, ભાડથર | ૬ | ૭ | ૧ |
| ૭૧ | શ્રી સંસ્કાર પ્રાથમિક શાળા, બેરાજા બારાડી પો. વડત્રા | ૭ | ૮ | ૧ |
| ૭૨ | શ્રી મારૂતિ વિદ્યાલય, હર્ષદપુર | ૫ | ૭ | ૨ |
| ૭૩ | શ્રી હરીપર પ્રાથમિક શાળા, સલાયા રોડ હરીપર | ૭ | ૮ | ૧ |
| ૭૪ | નવસર્જન પ્રાથમિક શાળા, બેરાજા | ૮ | ૯ | ૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭૫ | સરસ્વતિ વિદ્યાલય, વડત્રા | ૮ | ૯ | ૧ |
| ૭૬ | શ્રી જ્ઞાનજ્યોત વિદ્યાલય, વિરમદળ | ૫ | ૬ | ૧ |
| ૭૭ | આશ્રમ શાળા ઘડેચી | ૪ | ૫ | ૧ |
| ૭૮ | આશ્રમ શાળા વાચ્છુ | ૪ | ૫ | ૧ |
| | કુલ | ૫૪૩ | ૬૪૧ | ૯૮ |

---------

“જામનગર જિલ્લામાં ખાનગી માધ્યમિક શાળાઓમાં’’ રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો” અમલ

અતારાંકિતઃ ૩૬૬૫ (૨૦-૧૦-૨૦૧૪) : શ્રી રાઘવજી હં. પટેલ (જામનગર ગ્રામ્ય): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) જામનગર જિલ્લામાં તા. ૩૧/૦૭/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી ખાનગી માધ્યમિક શાળાઓમાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટનો અમલ કરવામાં આવ્યો.

(૨) કઈ ખાનગી માધ્યમિક શાળાઓએ આ જોગવાઈનો અમલ કરવાનો ઈન્કાર કર્યો,

(૩) આ શાળાઓ સામે રાજ્ય સરકારે શાં પગલાં લીધા, અને

(૪) જિલ્લાની તમામ ખાનગી માધ્યમિક નોન ગ્રાન્ટેડ શાળાઓમાં આ કાયદાના ચુસ્ત અમલ માટે સરકારે શી વ્યવસ્થા ગોઠવી છે ?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) “રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ” માધ્યમિક શાળાઓને લાગુ પડતો નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

પાટણ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં એક કરતાં વધારે ધોરણના

વિદ્યાર્થીઓને સાથે બેસાડવા બાબત

અતારાંકિતઃ ૩૯૫૪ (૧૩-૦૧-૨૦૧૫) : શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦/૦૬/૨૦૧૪ની સ્થિતિએ પાટણ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં એક ઓરડામાં એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને બેસાડવામાં આવે છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો કેટલી પ્રાથમિક શાળાઓમાં કયા કારણોસર એક કરતાં વધારે ધોરણના વિદ્યાર્થીઓને સાથે બેસાડવામાં આવે છે, અને

(૩) વિદ્યાર્થીઓના ભણતરને અસર ન થાય તે માટે બધાં ધોરણના વર્ગ અલગ-અલગ કયાં સુધીમાં કરવામાં આવશે?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) હા, જી.

(૨) ૨૯૧ પ્રાથમિક શાળાઓમાં ઓરડાની ઘટ, અને ધોરણવાર વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે એક કરતાં વધારે વિદ્યાર્થીઓને સાથે બેસાડવામાં આવે છે.

(૩) ધોરણવાર વિદ્યાર્થી સંખ્યા ઓછી હોવાના કારણે જરૂરીયાત પ્રમાણે તબક્કાવાર અલગ વર્ગખંડની વ્યવસ્થા કરવામાં આવશે.

ચૈત્ર ૨, ૧૯૩૭ શાકે
અતારાંકિત પ્રશ્નો

-----------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગ્રાન્ટેબલ એન્જિનિયરીંગ કોલેજોમાં સંવર્ગવાર મંજુર મહેકમ

અતારાંકિતઃ ૪૧૫૦ (૦૯-૦૧-૨૦૧૫) : શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર): માનનીય ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર ગ્રાન્ટેબલ એન્જિનિયરિંગ કોલેજો કેટલી છે.

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર સંવર્ગવાર કેટલું મહેકમ મંજુર થયેલ છે.

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી જિલ્લાવાર કેટલી જગ્યાઓ સીધી ભરતી/ફીક્સ પગારથી ભરાયેલ છે. અને

(૪) જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ખાલી છે અને રાજ્ય સરકાર ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવા માંગે છે?

ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગ્રાન્ટેબલ એન્જિનિયરિંગ કોલેજ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

રાજ્યમાં ભણતા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય

અતારાંકિતઃ ૪૧૫૯ (૦૯-૦૧-૨૦૧૫) : શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ધોરણ ૧ થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય પેટે કેટલી રકમ આપવામાં આવે છે, અને.

(૨) આપવામાં આવતી રકમમાં છેલ્લા પાંચ વર્ષમાં ક્યારે કેટલો વધારો કર્યો ?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) શિક્ષણ વિભાગ હેઠળ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવા બાબતે કોઈ યોજના અમલમાં નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલય

અતારાંકિતઃ ૪૧૬૦ (૦૯-૦૧-૨૦૧૫) : શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) :

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલય છે.

(૨) તાલુકાવાર કેટલી શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલય બાકી છે,

(૩) ઉક્ત સ્થિતિએ બાકી શાળાઓમાં કયાં સુધી બનાવવામાં આવશે?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) *પત્રક-૧ મુજબ

(૨) પંચમહાલ જિલ્લામાં તમામ શાળાઓમાં કન્યાઓ માટે અલગ શૌચાલય છે, મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાની એક શાળામાં કન્યાઓ માટે અલગ શૌચાલય બાકી છે.

(૩) જેમ બને તેમ જલ્દી.

પત્રક

૧. જિલ્લાઃ પંચમહાલ

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

| ક્રમ | તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઘોઘંબા | ૨૨૯ |
| ૨ | ગોધરા | ૩૩૧ |
| ૩ | હાલોલ | ૨૧૫ |
| ૪ | જાંબુઘોડા | ૫૩ |
| ૫ | કાલોલ | ૧૬૫ |
| ૬ | મોરવા (હ) | ૧૫૦ |
| ૭ | શહેરા | ૨૪૪ |

૨. જિલ્લોઃ મહીસાગર

| ક્રમ | તાલુકો | શાળાની સંખ્યા |
|---|---|---|
| ૧ | બાલાશિનોર | ૧૩૨ |
| ૨ | કડાણા | ૧૯૧ |
| ૩ | ખાનપુર | ૧૩૫ |
| ૪ | લુણાવાડા | ૩૨૨ |
| ૫ | સંતરામપુર | ૨૯૮ |
| ૬ | વિરપુર | ૧૪૦ |

------------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સરકારી પ્રાથમિક બંધ કરવાની મંજુરી

અતારાંકિતઃ ૪૧૭૧ (૦૯-૦૧-૨૦૧૫) : શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) :

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કોઈ સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી કે બંધ કરવાની મંજૂરી આપવામાં આવી,

(૨) જો હા, તો ક્યા તાલુકાની કઈ શાળાઓ બંધ કરવામાં આવી કે મંજૂરી આપવામાં આવી,

(૩) કેટલી સરકારી પ્રાથમિક શાળાઓને નોન ગ્રાન્ટેડ કે ખાનગી શાળામાં તબદીલ કરવામાં આવી, અને

(૪) આવી શાળાઓને બંધ કરવાના કે નોન ગ્રાન્ટેડ કે ખાનગીમાં તબદીલ કરવાના કારણો શાં ?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લો સંયુક્ત હતો જ્યારે છેલ્લા પાંચ વર્ષમાં શાળાનો વહીવટ તેમજ મહેકમની કાર્યવાહી પંચમહાલ જિલ્લા શિક્ષણ સમિતિ હસ્તક હતી અને છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૭ (સત્તર) સરકારી પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવે છે. જે વર્ષવાર નીચે મુજબ છે

| વર્ષ | બંધ કરેલ સરકારી પ્રાથમિક શાળાઓ |
|---|---|
| ૨૦૧૦-૧૧ | ૦૪ |
| ૨૦૧૧-૧૨ | ૦૬ |
| ૨૦૧૨-૧૩ | ૦૪ |
| ૨૦૧૩-૧૪ | ૦૩ |
| કુલ | ૧૭ |

(૨) મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર બંધ કરેલ શાળાઓની વિગતો નીચે મુજબ છે.

| તાલુકાઓ | કાલોલ | લુણાવાડા | સંતરામપુર | ગોધરા | શહેરા | ઘોઘંબા | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| બંધ કરેલ સરકારી શાળાઓ | ૦૪ | ૦૫ | ૦૪ | ૦૨ | ૦૧ | ૦૧ | ૧૭ |

(૩) એક પણ નહીં

(૪) જે શાળાના બાળકોની રજી. સંખ્યા ૧૦ (દશ) થી ઓછી હોય, તે ગામની એસ.એમ.સી. કમીટીના ઠરાવ અને જિલ્લા શિક્ષણ સમિતિમાં થયેલ ઠરાવ આધારે શાળાને બંધ કરવામાં આવેલ છે. જ્યારે નોન ગ્રાન્ટેડ કે ખાનગીમાં તબદીલ કરવામાં આવેલ નથી.

-----------

અમરેલી અને ભાવનગર જિલ્લામાં ગુણોત્સવ પાછળ ખર્ચ

અતારાંકિતઃ ૪૨૧૨ (૦૯-૦૧-૨૦૧૫) : શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં કરેલા ગુણોત્સવ પાછળ કેટલો ખર્ચ થયો,

(૨) ગુણોત્સવ દરમ્યાન તાલુકાવાર શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની વર્ષવાર શૈક્ષણિક ગુણવત્તામાં મુખ્યત્વે કેવી ખામીઓ જોવા મળી,

(૩) તે પૈકી કેટલી શાળાને કયા ગ્રેડ અપાયા, અને

(૪) આ ગ્રેડ નક્કી કરવાની પધ્ધતિ શી છે ?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અમરેલીમાં રૂ.. ૩૭૦૩૮૧ અને ભાવનગરમાં રૂ. ૨૧૨૨૮૭નો ખર્ચ થયો.

(૨) અમુક શાળાઓમાં અમુક બાળકો વાંચન, ગણન, અને લેખનમાં નબળા જણાયા હતા.

(૩)

| જિલ્લો | A+ | A | B | C | D | E | F | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| અમરેલી | - | ૩ | ૧૯૨ | ૧૦૦૩ | ૫૬૭ | ૪૧ | ૫ | ૧૮૧૧ |
| ભાવનગર | ૬ | ૧૧૭ | ૭૯૭ | ૨૭૦ | ૧૧ | - | - | ૧૨૦ |

(૪) આ ગ્રેડ નક્કી કરવા માટે શાળાના બાળકોની OMR શીટ દ્વારા મૂલ્યાંકન કરવામાં આવે છે. અને તે આધારે ગ્રેડ નક્કી કરવામાં આવે છે.

-------

રાજકોટ, દેવભુમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓ

અતારાંકિતઃ ૪૩૭૬ (૧૫-૦૧-૨૦૧૫) : શ્રી પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ રાજકોટ, દેવભુમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૦૦ થી પણ ઓછા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે,

(૩) ઉક્ત સ્થિતિએ આ સરકારી પ્રાથમિક શાળાઓને સરકાર બંધ કરીને વિદ્યાર્થીઓને અન્ય શાળાઓમાં સમાવવાનું વિચારી રહી છે તે હકીકત સાચી છે, અને

(૪) જો હા, તો આ શાળાઓને બંધ કરવાને બદલે શાળામાં શિક્ષણની ગુણવત્તા સુધારી શાળાઓ ચાલુ રાખવાનું કોઈ આયોજન છે કે કેમ, જો ના, તો તેના શાં કારણો છે ?

શિક્ષણ મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) તા. ૩૦/૦૧/૨૦૧૪ની સ્થિતિએ જિલ્લાવાર સરકારી શાળાઓ નીચે મુજબ છે.

| | |
|---|---|
| રાજકોટ | ૮૬૩ |
| દેવભુમિ દ્વારકા | ૬૪૨ |

| | |
|---|---|
| જામનગર | ૭૩૦ |

(૨) ઉક્ત સ્થિતિએ ૧૦૦ પણ ઓછા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તેવી શાળાઓની જિલ્લાવાર માહિતી નીચે મુજબ છે.

| | |
|---|---|
| રાજકોટ | ૨૯૨ |
| દેવભુમિ દ્વારકા | ૨૬૮ |
| જામનગર | ૩૭૯ |

(૩) ના જી,

(૪) પ્રશ્ન રહેતો નથી.

--------

રાજયના નાગરિકોની માથાદીઠ આવક

અતારાંકિતઃ ૪૨૬૩ (૦૯-૦૧-૨૦૧૫) : શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય નાણા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૦૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યના નાગરિકોની માથાદીઠ આવક કેટલી અને માથાદીઠ દેવું કેટલું છે.

(૨) વર્ષવાર માથાદીઠ આવક અને માથાદીઠ દેવામાં વધારો થયો હોય તો કેટલો, અને

(૩) વર્ષવાર માથાદીઠ આવક અને માથાદીઠ દેવામાં ઘટાડો થયો હોય તો કેટલો ?

નાણા મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૧૫) :

(૧) રાજ્યની માથાદીઠ આવક કોઇ ચોક્કસ સમયે અંદાજવામાં આવતી નથી. જેથી તા. ૦૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજયમાં માથાદીઠ આવક કેટલી છે તે કહી શકાય નહીં.

તેમ છતાં, રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનના અંદાજોની ગણતરી છેલ્લામાં છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે હાલમાં ઉપલબ્ધ થયેલ છે. તે મુજબ છેલ્લા પાંચ વર્ષની ચાલુ ભાવે માથાદીઠ આવક નીચે મુજબ અંદાજવામાં આવેલ છે.

| વર્ષ | માથાદીઠ આવક (રૂપિયામાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૫૫૦૬૮ |
| ૨૦૦૯-૧૦ | ૬૪૦૯૭ |
| ૨૦૧૦-૧૧ | ૭૭૪૮૫ |
| ૨૦૧૧-૧૨ (P. E.) | ૮૭૧૭૫ |
| ૨૦૧૨-૧૩ (Q. E.) | ૯૬૯૭૬ |
| P. E. Provisional Estimates, | Q. E. Quick Estimates |

માથાદીઠ દેવાની ગણતરી માટે કોઇ માન્ય પધ્ધિત પ્રસ્થાપિત નથી.

(૨) વર્ષવાર માથાદીઠ આવકમાં વધારો થયેલ છે, જે નીચે મુજબ છે.

| વર્ષ | માથાદીઠ આવકમાં વધારો (ટકામાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | - |
| ૨૦૦૯-૧૦ | ૧૬.૪ |
| ૨૦૧૦-૧૧ | ૨૦.૯ |
| ૨૦૧૧-૧૨ (P. E.) | ૧૨.૫ |
| ૨૦૧૨-૧૩ (Q. E.) | ૧૧.૨ |
| P. E. Provisional Estimates, | Q. E. Quick Estimates |

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) વર્ષવાર માથાદીઠ આવકમાં ઘટાડો થયેલ નથી.

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-----------

ચૈત્ર ૨, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

## રાજ્યના નાગરિકોની માથાદીઠ આવક

અતારાંકિતઃ ૪૪૭૩ (૧૩-૦૧-૨૦૧૫) : ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય નાણાં મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યના નાગરિકોની માથાદીઠ આવક કેટલી અને માથાદીઠ દેવું કેટલું છે.

(૨) વર્ષવાર માથાદીઠ આવક અને માથાદીઠ દેવામાં વધારો થયો હોય તો કેટલો, અને

(૩) વર્ષવાર માથાદીઠ આવક અને માથાદીઠ દેવામાં ઘટાડો થયો હોય તો કેટલો ?

નાણા મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૧૫) :

(૧) રાજ્યની માથાદીઠ આવક કોઇ ચોક્કસ સમયે અંદાજવામાં આવતી નથી. જેથી તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં માથાદીઠ આવક કેટલી છે તે કહી શકાય નહીં.

તેમ છતાં, રાજ્યના ઘરગથ્થુ ઉત્પાદનના અંદાજોની ગણતરી છેલ્લામાં છેલ્લા નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ માટે હાલમાં ઉપલબ્ધ થયેલ છે. તે મુજબ છેલ્લા પાંચ વર્ષની ચાલુ ભાવે માથાદીઠ આવક નીચે મુજબ અંદાજવામાં આવેલ છે.

| વર્ષ | માથાદીઠ આવક (રૂપિયામાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | ૫૫૦૬૮ |
| ૨૦૦૯-૧૦ | ૬૪૦૯૭ |
| ૨૦૧૦-૧૧ | ૭૭૪૮૫ |
| ૨૦૧૧-૧૨ (P. E.) | ૮૭૧૭૫ |
| ૨૦૧૨-૧૩ (Q. E.) | ૯૬૯૭૬ |
| P. E. Provisional Estimates, | Q. E. Quick Estimates |

માથાદીઠ દેવાની ગણતરી માટે કોઇ માન્ય પધ્ધિત પ્રસ્થાપિત નથી.

(૨) વર્ષવાર માથાદીઠ આવકમાં વધારો થયેલ છે, જે નીચે મુજબ છે.

| વર્ષ | માથાદીઠ આવકમાં વધારો (ટકામાં) |
|---|---|
| ૨૦૦૮-૦૯ | - |
| ૨૦૦૯-૧૦ | ૧૬.૪ |
| ૨૦૧૦-૧૧ | ૨૦.૯ |
| ૨૦૧૧-૧૨ (P. E.) | ૧૨.૫ |
| ૨૦૧૨-૧૩ (Q. E.) | ૧૧.૨ |
| P. E. Provisional Estimates, | Q. E. Quick Estimates |

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) વર્ષવાર માથાદીઠ આવકમાં ઘટાડો થયેલ નથી.

પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

## પાટણ જિલ્લામાં રેશનીંગની દુકાનોમાં પકડાયેલ ગેરરીતિઓ

અતારાંકિતઃ ૩૯૯૭ (૦૯-૦૧-૨૦૧૫) : શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ (દરીયાપુર) : માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં તાલુકાવાર કેટલી રેશનીંગની દુકાનોની તપાસ કરવામાં આવી.

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર તેમાંથી કેટલી દુકાનોમાં ગેરરીતિઓ પકડાઇ, અને

(૩) કુલ કેટલી કિંમતનો કેટલો ગેરકાયદેસર જથ્થો પકડાયો ?

નાગરિક પુરવઠા મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) *પત્રક સામેલ છે.

(૨) *પત્રક સામેલ છે.

(૩) નીચે મુજબનો જથ્થો પકડાયો.

| આવશ્યક ચીજવસ્તુ | જથ્થો | રકમ |
|---|---|---|
| અનાજ | ૮૭૭ કિલો | ૫,૬૫૬/- |
| કેરોસીન | ૪૦૦ લી. | ૫,૬૮૦/- |

| | | |
|---|---|---|
| કુલ | | ૧૧,૩૩૬/- |

પત્રક-૧

| અ. નં. | તાલુકાનું નામ | પ્રથમ વર્ષ તા. ૧-૭-૨૦૧૨ થી તા. ૩૦-૬-૨૦૧૩ | | | બીજુ વર્ષ તા. ૧-૭-૨૦૧૩ થી તા. ૩૦-૬-૨૦૧૪ | | |
|---|---|---|---|---|---|---|---|
| | | રેશનીંગની દુકાનોની કરાયેલ તપાસો અન્વયે | | | રેશનીંગની દુકાનોની કરાયેલ તપાસો અન્વયે | | |
| | | કુલ તપાસો | ગેરરીતીવાળા કેસોની સંખ્યા | ગેરરીતી વગરના કેસોની સંખ્યા | કુલ તપાસો | ગેરરીતીવાળા કેસોની સંખ્યા | ગેરરીતી વગરના કેસોની સંખ્યા |
| ૧ | પાટણ | ૮૪ | ૨૨ | ૬૨ | ૩૪ | ૧૬ | ૧૮ |
| ૨ | સિધ્ધપુર | ૧૭ | ૬ | ૧૧ | ૩ | ૩ | ૦ |
| ૩ | ચાણસ્મા | ૨૧ | ૧૧ | ૧૦ | ૯ | ૯ | ૦ |
| ૪ | હારીજ | ૨૩ | ૯ | ૧૩ | ૬ | ૧ | ૫ |
| ૫ | સમી | ૪૯ | ૧૪ | ૩૫ | ૭ | ૭ | ૦ |
| ૬ | રાધનપુર | ૩૬ | ૧૬ | ૨૦ | ૪ | ૪ | ૦ |
| ૭ | સાંતલપુર | ૧૫ | ૧૫ | ૦૦ | ૨ | ૨ | ૦ |
| | કુલ ... | ૨૪૫ | ૯૩ | ૧૫૨ | ૬૫ | ૪૨ | ૨૩ |

-------------

રાજ્યમાં વન મહોત્સવ પાછળ થયેલ ખર્ચ

અતારાંકિતઃ ૪૦૭૮ (૦૯-૦૧-૨૦૧૫) : શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં ક્યારે વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી, અને

(૨) તે અન્વયે વર્ષવાર કેટલો ખર્ચ કરવામાં આવ્યો અને કરવામાં આવેલ ખર્ચ બજેટના ક્યા હેડ હેઠળ ઉધારવામાં આવ્યો ?

વન મંત્રીશ્રીઃ (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં નીચે મુજબ વન મહોત્સવની ઉજવણી કરવામાં આવેલ છે.

| વર્ષ | ઉજવણીની તારીખ |
|---|---|
| ૨૦૧૦-૧૧ | તા. ૩૦-૦૭-૨૦૧૦ |
| ૨૦૧૧-૧૨ | તા. ૩૧-૦૭-૨૦૧૧ |
| ૨૦૧૨-૧૩ | તા. ૩૦-૦૭-૨૦૧૨ |
| ૨૦૧૩-૧૪ | તા. ૦૨-૦૮-૨૦૧૩ |
| ૨૦૧૪-૧૫ | તા. ૩૧-૦૭-૨૦૧૪ |

(૨) તે અન્વયે કરેલ વર્ષવાર ખર્ચ તથા બજેટ હેડની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | કરવામાં આવેલ | બજેટ હેડ |
|---|---|---|

| | ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|
| ૨૦૧૦-૧૧ | ૧૧૫-૦૦ | માંગણી ક્રમાંક : ૨૬ |
| ૨૦૧૧-૧૨ | ૩૯૩-૦૬ | સેક્ટર : (ગ) આર્થિક સેવાઓના મુડી હિસાબ |
| ૨૦૧૨-૧૩ | ૩૦૧-૦૦ | સબ સેક્ટર : (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓના મુડી હિસાબ |
| ૨૦૧૩-૧૪ | ૨૦૭-૦૭ | મુખ્ય સદર : ૪૪૦૬ – વન નિર્માણ અને વન્ય પ્રાણી જીવન અંગે મુડી ખર્ચ. |
| ૨૦૧૪-૧૫ | ૫૬૦-૪૪ | પેટા મુખ્ય સદર : ૦૧ – વન નિર્માણ<br>ગૌણ સદર : ૧૦૧ – વન સંરક્ષણ અને વિકાસ<br>પેટા સદર : (૧૦) એફએસટી-૮ સામુહિક વન નિર્માણ યોજના |

-----------

રાજ્યમાં ગુનાહિત પ્રવૃત્તિઓના બનાવો અને આરોપીઓને પકડવા બાબત

અતારાંકિતઃ ૨૮૬૦(૦૯-૦૫-૨૦૧૪) : ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૩ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર વાહન ચોરી, ચેઇન સ્નેચીંગ, ધાડ, લૂંટ, ચોરી, ખૂન, બળાત્કાર અને અપહરણના કેટલા બનાવો બન્યા,

(૨) તે પૈકી વર્ષવાર કેટલા ગુનાઓ ઉકેલાયા, અને કેટલા ગુનાઓ ઉકેલવાના બાકી છે, અને

(૩) તે પૈકી વર્ષવાર કેટલા આરોપીઓ પકડાયા અને કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) *પત્રક-૧ મુજબ
(૨) *પત્રક-૨ મુજબ
(૩) *પત્રક-૩ મુજબ

* (પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

----------

રાજ્યમાં તડીપાર ઇસમો

અતારાંકિતઃ ૩૫૭૯(૦૪-૧૦-૨૦૧૪) : ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલા ઇસમોને તડીપાર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી વર્ષવાર કેટલા ઇસમો તડીપારનો ભંગ કરી સંબંધિત જિલ્લામાં દાખલ થયા, અને

(૩) આવા ઇસમોને ફરી તડીપાર મોકલી આપવા શી વ્યવસ્થા થઇ ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) *પત્રક-૧ મુજબ
(૨) *પત્રક-૨ મુજબ
(૩) આવા ઇસમો જ્યારે તડીપાર કરેલ વિસ્તારમાંથી મળી આવે ત્યારે તેઓ વિરૂધ્ધ જી.પી. એકટ કલમ-૧૪૨ મુજબ અટક કરી, નામ. કોર્ટમાં રજૂ કરવામાં આવે છે અને નામ. કોર્ટના હુકમ મુજબ આગળની કાર્યવાહી કરવામાં આવે છે.

પત્રક-૧

| ક્રમ | શહેર/જિલ્લાનું નામ | તા. ૦૧-૯-૨૦૦૯ થી | તા. ૦૧-૯-૨૦૧૦ થી | તા. ૦૧-૯-૨૦૧૧ થી | તા. ૦૧-૯-૨૦૧૨ થી | તા. ૦૧-૯-૨૦૧૩ થી |
|---|---|---|---|---|---|---|

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

| | | તા. ૩૧-૮-૨૦૧૦ | તા. ૩૧-૮-૨૦૧૧ | તા. ૩૧-૮-૨૦૧૨ | તા. ૩૧-૮-૨૦૧૩ | તા. ૩૧-૮-૨૦૧૪ |
|---|---|---|---|---|---|---|
| ૧. | અમદાવાદ શહેર | ૮૪ | ૩૧ | ૧૧૭ | ૧૦૧ | ૧૭૦ |
| ૨. | વડોદરા શહેર | ૧૨૮ | ૨૫૦ | ૧૧૦ | ૨૪૨ | ૧૫૫ |
| ૩. | રાજકોટ શહેર | ૨૮ | ૯૩ | ૬૩ | ૧૧૮ | ૬૦ |
| ૪. | સુરત શહેર | ૧૦૭ | ૧૩૬ | ૨૧૯ | ૫૦૭ | ૨૩૬ |
| ૫. | વડોદરા જિલ્લો | ૦૦ | ૦૯ | ૦૪ | ૦૦ | ૦૪ |
| ૬. | સાબરકાંઠા | ૦૮ | ૦૭ | ૧૫ | ૧૪ | ૦૧ |
| ૭. | દાહોદ | ૦૦ | ૦૫ | ૧૨ | ૩૨ | ૧૪ |
| ૮. | બનાસકાંઠા | ૦૨ | ૦૧ | ૦૩ | ૨૦ | ૧૮ |
| ૯. | જુનાગઢ | ૧૯ | ૦૮ | ૦૯ | ૦૪ | ૦૬ |
| ૧૦. | નર્મદા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૧. | કચ્છ | ૦૧ | ૧૨ | ૨૬ | ૨૯ | ૭૧ |
| ૧૨. | તાપી | ૦૦ | ૦૦ | ૦૨ | ૦૧ | ૦૦ |
| ૧૩. | ગાંધીનગર | ૦૩ | ૦૮ | ૦૯ | ૦૪ | ૦૪ |
| ૧૪. | અમરેલી | ૦૧ | ૦૫ | ૦૪ | ૧૦ | ૧૭ |
| ૧૫. | અમદાવાદ જિલ્લો | ૦૧ | ૦૩ | ૧૨ | ૦૯ | ૧૧ |
| ૧૬. | રાજકોટ જિલ્લો | ૧૧ | ૦૬ | ૦૪ | ૦૭ | ૧૮ |
| ૧૭. | મોરબી | ૦૩ | ૦૧ | ૦૧ | ૧૧ | ૦૦ |
| ૧૮ | ભાવનગર | ૨૨ | ૨૯ | ૨૯ | ૩૪ | ૧૪ |
| ૧૯. | જામનગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૭ |
| ૨૦. | મોડાસા | ૧૦ | ૧૦ | ૨૩ | ૦૮ | ૯૫ |
| ૨૧. | છોટાઉદેપુર | ૦૨ | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૨ |
| ૨૨. | મહેસાણા | ૧૯ | ૧૦ | ૦૯ | ૦૨ | ૦૧ |
| ૨૩. | પાટણ | ૦૮ | ૧૯ | ૨૫ | ૧૩ | ૨૫ |
| ૨૪. | મહીસાગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૫. | બોટાદ | ૦૪ | ૦૫ | ૦૮ | ૦૬ | ૦૪ |
| ૨૬. | પંચમહાલ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૨ |
| ૨૭. | ગીર સોમનાથ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૭ |
| ૨૮. | ભરૂચ | ૦૨ | ૦૧ | ૦૨ | ૦૯ | ૦૪ |
| ૨૯. | સુરત જિલ્લો | ૦૦ | ૦૦ | ૦૨ | ૧૦ | ૦૦ |
| ૩૦. | વલસાડ | ૦૫ | ૦૦ | ૦૬ | ૦૬ | ૦૦ |
| ૩૧. | ખેડા | ૧૦ | ૦૩ | ૦૯ | ૦૭ | ૦૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩૨. | પોરબંદર | ૦૮ | ૧૨ | ૦૩ | ૦૬ | ૧૦ |
| ૩૩. | સુરેન્દ્રનગર | ૦૫ | ૧૦ | ૨૭ | ૨૬ | ૭૨ |
| ૩૪. | નવસારી | ૦૦ | ૦૦ | ૦૩ | ૦૩ | ૦૪ |
| ૩૫. | દેવભુમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

પત્રક-૨

| ક્રમ | વર્ષ | તડીપારનો ભંગ કરી સંબધિત જિલ્લામાં દાખલ થયેલ ઇસમોની સંખ્યા |
|---|---|---|
| ૧ | તા. ૧-૯-૨૦૦૯ થી તા. ૩૧-૮-૨૦૧૦ | ૨૭૮ |
| ૨ | તા. ૧-૯-૨૦૧૦ થી તા. ૩૧-૮-૨૦૧૧ | ૨૬૩ |
| ૩ | તા. ૧-૯-૨૦૧૧ થી તા. ૩૧-૮-૨૦૧૨ | ૩૦૧ |
| ૪ | તા. ૧-૯-૨૦૧૨ થી તા. ૩૧-૮-૨૦૧૩ | ૪૮૬ |
| ૫ | તા. ૧-૯-૨૦૧૩ થી તા. ૩૧-૮-૨૦૧૪ | ૪૦૮ |

--------------

રાજ્યમાં જિલ્લાવાર પાસા કરવામાં આવેલ ઈસમો

અતારાંકિતઃ ૩૫૮૦(૦૪-૧૦-૨૦૧૪) : ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર કેટલા ઈસમોને પાસા કરવામાં આવ્યા,

(૨) તે પૈકી વર્ષવાર કેટલા ઇસમો કોર્ટમાંથી છુટ્યા અને કેટલા ઇસમો પાસા બોર્ડમાંથી છુટ્યા અને કેટલા ઇસમોએ સજા પુરી કરી ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૦૨-૧૫) :

(૧) સામેલ *પત્રક-૧ મુજબ.

(૨) સામેલ *પત્રક-૨ મુજબ.

પત્રક – ૧

| ક્રમ | શહેર/ જિલ્લાનું નામ | તા. ૦૧-૦૯-૨૦૦૯ થી તા. ૩૧-૦૮-૨૦૧૦ | તા. ૦૧-૦૯-૨૦૧૦ થી તા. ૩૧-૦૮-૨૦૧૧ | તા. ૦૧-૦૯-૨૦૧૧ થી તા. ૩૧-૦૮-૨૦૧૨ | તા. ૦૧-૦૯-૨૦૧૨ થી તા. ૩૧-૦૮-૨૦૧૩ | તા. ૦૧-૦૯-૨૦૧૩ થી તા. ૩૧-૦૮-૨૦૧૪ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૩૭ | ૬૬૩ | ૮૫૧ | ૯૩૧ | ૧૦૭૬ |
| ૨ | વડોદરા શહેર | ૧૪૭ | ૨૧૮ | ૨૫૦ | ૩૨૫ | ૨૬૧ |
| ૩ | રાજકોટ શહેર | ૨૬૭ | ૪૦૭ | ૪૦૯ | ૩૭૦ | ૧૮૭ |
| ૪ | સુરત શહેર | ૩૫૦ | ૪૩૮ | ૪૮૦ | ૫૦૪ | ૩૫૪ |
| ૫ | મહીસાગર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૬ | દેવભુમિ દ્વારકા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૭ | તાપી | ૦૫ | ૦૫ | ૦૬ | ૦૪ | ૦૭ |
| ૮ | અરવલ્લી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૯ | સાબરકાંઠા | ૦૮ | ૨૦ | ૧૩ | ૦૨ | ૦૫ |
| ૧૦ | બનાસકાંઠા | ૧૨ | ૧૬ | ૭૧ | ૩૮ | ૬૭ |
| ૧૧ | જામનગર | ૦૩ | ૦૬ | ૦૪ | ૩૯ | ૨૩ |
| ૧૨ | જુનાગઢ | ૨૧ | ૭૭ | ૧૪ | ૧૬ | ૧૦ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૩ | નર્મદા | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૧ | ૨૨ |
| ૧૪ | પોરબંદર | ૬૪ | ૩૬ | ૬૬ | ૭૯ | ૫૬ |
| ૧૫ | વડોદરા જિલ્લો | ૧૭ | ૧૩ | ૨૨ | ૪૦ | ૪૫ |
| ૧૬ | પાટણ | ૦૪ | ૦૧ | ૦૮ | ૦૯ | ૦૦ |
| ૧૭ | ભરૂચ | ૧૭ | ૧૫ | ૧૦ | ૦૮ | ૧૫ |
| ૧૮ | કચ્છ | ૦૫ | ૧૫ | ૨૦ | ૧૯ | ૨૮ |
| ૧૯ | દાહોદ | ૦૦ | ૦૦ | ૦૩ | ૧૧ | ૦૫ |
| ૨૦ | બોટાદ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૨૧ | ભાવનગર | ૧૦ | ૦૫ | ૨૧ | ૩૩ | ૧૦ |
| ૨૨ | મહેસાણા | ૦૩ | ૦૧ | ૩૩ | ૭૯ | ૨૭ |
| ૨૩ | મોરબી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૪૦ |
| ૨૪ | અમરેલી | ૦૭ | ૦૬ | ૦૦ | ૦૩ | ૦૦ |
| ૨૫ | છોટા-ઉદેપુર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૪ |
| ૨૬ | ગાંધીનગર | ૦૦ | ૦૫ | ૦૧ | ૦૫ | ૦૪ |
| ૨૭ | નવસારી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૩ |
| ૨૮ | આણંદ | ૦૫ | ૦૫ | ૦૬ | ૧૫ | ૦૭ |
| ૨૯ | ગીર સોમનાથ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૬ |
| ૩૦ | પંચમહાલ | ૦૭ | ૧૧ | ૦૬ | ૧૬ | ૦૮ |
| ૩૧ | રાજકોટ જિલ્લો | ૨૯ | ૨૬ | ૮૨ | ૭૨ | ૪૮ |
| ૩૨ | અમદાવાદ જિલ્લો | ૩૦ | ૨૦ | ૦૮ | ૧૮ | ૨૮ |
| ૩૩ | ખેડા | ૦૫ | ૧૦ | ૧૬ | ૦૮ | ૧૫ |
| ૩૪ | સુરત જિલ્લો | ૬૫ | ૪૮ | ૮૦ | ૮૫ | ૮૩ |
| ૩૫ | વલસાડ | ૦૨ | ૫૬ | ૫૯ | ૩૦ | ૩૨ |
| ૩૬ | સુરેન્દ્ર નગર | ૦૨ | ૦૩ | ૩૪ | ૧૫ | ૨૭ |

પત્રક-૨

| ક્રમ | વર્ષ | નામદાર હાઇકોર્ટે છોડેલ ઇસમોની સંખ્યા | પાસા બોર્ડે છોડેલ ઇસમોની સંખ્યા | સજા પુરી કરેલ ઇસમોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | તા. ૦૧-૦૯-૨૦૦૯ થી તા. ૩૧-૦૮-૨૦૧૦ | ૯૧૩ | ૯૮૪ | ૦૪ |
| ૨ | તા. ૦૧-૦૯-૨૦૧૦ થી તા. ૩૧-૦૮-૨૦૧૧ | ૮૬૨ | ૧૧૩૪ | ૦૪ |
| ૩ | તા. ૦૧-૦૯-૨૦૧૧ થી તા. ૩૧-૦૮-૨૦૧૨ | ૧૪૯૩ | ૧૦૦૩ | ૦૩ |
| ૪ | તા. ૦૧-૦૯-૨૦૧૨ થી તા. ૩૧-૦૮-૨૦૧૩ | ૧૫૮૭ | ૧૦૮૦ | ૧૦ |
| ૫ | તા. ૦૧-૦૯-૨૦૧૩ થી તા. ૩૧-૦૮-૨૦૧૪ | ૮૦૩ | ૯૨૩ | ૨૬ |

---------

## રાજ્યમાં લૂંટના બનાવો

અતારાંકિતઃ ૩૯૩૬(૦૯-૦૧-૨૦૧૫): શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર લૂંટના કુલ કેટલા બનાવો બન્યા,

(૨) તે અન્વયે કેટલી રકમની લૂંટ થઇ અને તેમાં કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા હતા, અને
(૩) ઉકત સ્થિતિએ કેટલા કેસોમાં આરોપીઓને પકડવાના બાકી છે,
(૪) ઉકત સ્થિતિએ આરોપીઓને પકડવા શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૦૨-૧૫) :

(૧) સામેલ *પત્રક મુજબ.
(૨) રૂ. ૪૨,૨૪,૦૬,૫૭૪ રકમની લૂંટ થઇ અને તેમાં ૫૭૧૯ આરોપીઓને પકડવામાં આવ્યા હતા.
(૩) ૪૩૦ આરોપીઓને.
(૪) આવા ગુનામાં ધરપકડ કરવાની બાકી હોય તેવા આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ થયા બાદ નામ નમુદ ન હોય, તેમજ નાસતા-ફરતા હોય તેવા ગુનેગારની માહિતી મેળવી મોબાઇલ ફોન નંબરથી હકિકત મેળવી સીડીઆર લોકેશન દ્વારા તેમજ ખાસ ટીમની રચના કરી તેમજ સી.આર.પી.સી.-૭૦ મુજબ વોરંટ મેળવી ફોટા સાથે બહોળી પ્રસિધ્ધિ કરી તેમજ આરોપીઓના સરનામે, મિત્ર વર્તુળ, સગાસંબંધી તથા મળી આવવાની તમામ જગ્યાઓ ઉપર બાકી આરોપીઓની ધરપકડ કરવાના શકય તે તમામ પ્રયાસો કરવામાં આવે છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

બળદોને રાજ્યમાં કતલ કરવા અને રાજ્ય બહાર તે હેતુ માટે મોકલવા પર પ્રતિબંધ બાબત

અતારાંકિતઃ ૪૦૧૪(૦૯-૦૧-૨૦૧૫): શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) કોઇપણ ઉંમરના બળદોને રાજ્યમાં કતલ કરવા તથા રાજ્ય બહાર તે હેતુસર મોકલવા પર પ્રતિબંધ છે તે હકીકત સાચી છે,
(૨) જો હા, તો પ્રતિબંધ હોવા છતાં તા. ૩૦ જૂન ૨૦૧૪ની સ્થિતિએ મહારાષ્ટ્રમાં દેવનાર ખાતે ગૌવંશ બળદો (તંદુરસ્ત બળદો સહિત)ને કતલ માટે નેશનલ હાઇવે નં.-૮ પરથી વાહનોમાં નિયમીતપણે ધકેલાઇ રહ્યા છે તે ગંભીર હકીકત સરકાર જાણે છે,
(૩) નેશનલ હાઇવે નં.-૮ પરથી તા. ૩૦મી જૂન ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહારાષ્ટ્રમાં કતલ માટે મોકલાતા કેટલા બળદો બચાવી લેવાયા અને તેને કયાં સુરક્ષિત રાખવામાં આવ્યા અને
(૪) નેશનલ હાઇવે નં.-૮ પરથી બળદોની નિકાસ સંપૂર્ણ પણે રોકવા પોલીસ તંત્રએ શી યોજના ઘડી છે અને તેની જવાબદારી કોને સોંપાઇ છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૦૨-૧૫) :

(૧) હા જી.

(૨) નેશનલ હાઇવે નં.-૮ પરથી બળદોની નિકાસ સંપુર્ણપણે રોકવા રાજ્યના કાર્યક્ષેત્રના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં અગત્યના નાકાઓ ઉપર સઘન નાકાબંધી, ડ્રાઇવ, વાહન પેટ્રોલીંગ, વાહન ચેકીંગ રાખવામાં આવે છે. તેમજ ગૌરક્ષક સમિતિ કે અન્ય કોઇ સંસ્થાઓ દ્વારા પોલીસને આ અંગે જાણ કરાયેલી તાત્કાલિક ઘટતી

(૩) અને (૪) કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. રાજ્યમાં જ્યાંથી આવી પ્રવૃત્તિ થતી હોય તે પોલીસ સ્ટેશનના અધિકારીશ્રીઓને આ અંગે તાકીદે ઘટતા પગલાં લેવા સૂચનાઓ આપવામાં આવેલ છે. અને સરકારશ્રીના પરિપત્ર અનુસાર બળદોની હેરાફેરીમાં સંડોવાયેલા વાહનો છ માસ સુધી છોડવા નહીં અથવા નામદાર કોર્ટ દ્વારા કેસનો
નિકાલ ન થાય ત્યાં સુધી વાહન છોડવું નહીં. તેવી જોગવાઇઓનું સખત પાલન કરવા સૂચના આપવામાં આવેલ છે. નેશનલ હાઇવેનં.-૮ પરથી તા. ૩૦મી જૂન–૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૫૧૭ બળદો
બચાવી લેવામાં આવ્યા છે. જેઓને નજીકની પાંજરાપોળ ખાતે સુરક્ષિત જગ્યામાં રાખવામાં આવેલ છે.

--------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાંથી પકડાયેલ ગૌમાંસ

અતારાંકિતઃ ૪૧૦૯(૦૯-૦૧-૨૦૧૫): શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગેરકાનુની કતલખાના પકડાયા અને કેટલું ગૌમાંસ પકડાયું,

(૨) ગેરકાનુની રીતે કતલખાના ચલાવતા ઇસમો સામે શી કાર્યવાહી કરી, અને

(૩) ગૌવંશ હત્યા અટકાવવા રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધા ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૦૨-૧૫) :

(૧) કોઇ નહિ.
(૨) અને (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

રાજ્યમાં દેશી, વિદેશી દારુ અને બીયર બોટલોના જથ્થાનો નાશ કરવા બાબત

અતારાંકિતઃ ૪૨૪૦(૧૩-૦૧-૨૦૧૫) : શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર દેશી, ઇંગ્લીશ (વિદેશી) દારુ અને બીયરની કેટલી બોટલોનો જથ્થો નાશ કરાવમાં આવ્યો, અને

(૨) નાશ કરવામાં આવેલ જથ્થાની કિંમત કેટલી હતી ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૦૨-૧૫) :

(૧) સામેલ *પત્રક મુજબ.

(૨) રૂ. ૧,૩૭,૭૦,૨૧,૯૮૪.

પત્રક

| અ. નં. | શહેર/જિલ્લાનું નામ | દેશી દારુ (લીટરમાં) | ઇંગ્લીશ (વિદેશી) દારુ (બોટલમાં) | બિયર (બોટલમાં) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૧૪૧૮૮ | ૧૬૬૩૧૦ | ૫૭૫૮૭ |
| ૨ | રાજકોટ શહેર | ૨૯૪૬૮ | ૫૯૦૨૩ | ૮૫૯૮ |
| ૩ | સુરત શહેર | ૩૦૯૩૫૨ | ૧૯૧૬૬૮ | ૨૦૦૫૧ |
| ૪ | વડોદરા શહેર | ૧૫૦૮૧૨ | ૪૩૮૬૧ | ૨૧૮૧૫ |
| ૫ | અમદાવાદ ગ્રામ્ય | ૫૮૮૦૪ | ૨૦૭૫૯૦ | ૬૨૩૦૦ |
| ૬ | ખેડા | ૮૨૫૬૬ | ૨૦૮૪૫૦ | ૩૦૫૫૮ |
| ૭ | આણંદ | ૫૮૧૭૭ | ૭૮૫૭૮ | ૩૯૭૦૫ |
| ૮ | ગાંધીનગર | ૩૬૫૩૦ | ૧૫૩૯૦૨ | ૭૭૬૭૩ |
| ૯ | સાબરકાંઠા | ૩૬૯૫૩ | ૧૬૮૯૯૧ | ૧૨૩૦૦ |
| ૧૦ | અરવલ્લી | ૧૯૮૦૬ | ૭૬૭૪૩૫ | ૧૪૫૫૮૩ |
| ૧૧ | મહેસાણા | ૩૮૩૭૯ | ૫૦૯૧૭૬ | ૬૧૧૨૧ |
| ૧૨ | જામનગર | ૨૯૦૬૧ | ૪૨૮૭૫ | ૫૯૦૬ |
| ૧૩ | દેવભૂમિ દ્વારકા | ૧૨૪૪૩ | ૫૩૯૦૫ | ૩૬૦૭ |
| ૧૪ | રાજકોટ ગ્રામ્ય | ૩૧૪૧૯ | ૭૬૯૮૬ | ૧૦૬૯૯ |
| ૧૫ | મોરબી | ૪૬૪૧૩ | ૫૧૬૩ | ૧૯૦ |
| ૧૬ | સુરેન્દ્રનગર | ૧૨૧૯૬ | ૪૪૨૩૫ | ૮૬૬૫ |
| ૧૭ | બનાસકાંઠા | ૪૫૧૬૪ | ૫૦૨૬૭૮ | ૧૪૧૫૮૬ |
| ૧૮ | કચ્છ-પૂર્વ | ૬૫૦૮૭ | ૪૦૮૯૩૫ | ૭૫૭૨૭ |
| ૧૯ | કચ્છ-પશ્ચિમ | ૩૫૮૬૨ | ૯૫૮૬૨ | ૨૭૬૬૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૦ | પાટણ | ૨૪૫૨૫ | ૩૧૦૮૯૫ | ૫૧૭૮૭ |
| ૨૧ | અમરેલી | ૩૪૫૭૪ | ૩૭૦૬૦ | ૭૦૧૪ |
| ૨૨ | ભાવનગર | ૯૯૬૯૪ | ૨૯૩૪૬ | ૫૯૨૬ |
| ૨૩ | બોટાદ | ૧૧૮૬૫ | ૩૨૧૧૪ | ૪૭૦૪ |
| ૨૪ | જુનાગઢ | ૩૩૦૪૦ | ૨૦૮૫૨ | ૬૨૨૫ |
| ૨૫ | ગીર-સોમનાથ | ૧૨૧૭૪ | ૧૭૮૧૫ | ૬૦૬ |
| ૨૬ | પોરબંદર | ૩૪૯૩૯ | ૬૮૩૩ | ૩૦૬ |
| ૨૭ | વડોદરા ગ્રામ્ય | ૮૩૩૬૩ | ૪૧૭૮૦૦ | ૧૦૭૩૧૩ |
| ૨૮ | છોટા ઉદેપુર | ૩૦૬૯૨ | ૩૯૭૮૧૬ | ૧૧૬૮૩૦ |
| ૨૯ | ભરૂચ | ૧૦૪૪૫૬ | ૨૪૨૪૭૨ | ૧૨૭૧૪૯ |
| ૩૦ | નર્મદા | ૧૯૦૨૮ | ૧૧૧૧૩૪ | ૩૦૪૨૪ |
| ૩૧ | ગોધરા | ૧૫૯૦૩ | ૪૮૧૨૪૩ | ૧૦૦૬૬૨ |
| ૩૨ | મહીસાગર | ૫૪૮૮ | ૩૫૫૩૫૫૩ | ૧૭૦૩૪ |
| ૩૩ | દાહોદ | ૧૦૬૮૩ | ૮૪૮૯૯૩ | ૧૮૫૧૩૯ |
| ૩૪ | સુરત ગ્રામ્ય | ૮૦૦૦૭ | ૨૧૭૫૩૬ | ૩૮૩૫૧ |
| ૩૫ | તાપી | ૨૫૯૪૫ | ૨૧૩૬૮૨ | ૪૩૦૭૬ |
| ૩૬ | વલસાડ | ૪૬૪૬૯ | ૧૬૯૬૧૨૬ | ૩૬૦૩૩૯ |
| ૩૭ | નવસારી | ૩૨૯૪૮ | ૭૯૪૫૭૧ | ૧૨૭૭૭૮ |
| ૩૮ | ડાંગ-આહવા | ૨૬૩૯ | ૬૩૪૧ | ૨૫૭૩ |
| ૩૯ | પ.રે. વડોદરા | ૧૬૨૧૮ | ૨૪૮૦૦૪ | ૧૨૫૫૨ |
| ૪૦ | પ.રે. અમદાવાદ | ૭૬૭૪ | ૬૩૫૫ | ૧૦૨૪ |

----------

## એટીએમ મશીન અને આંગડીયાઓને લૂંટવાના બનાવો

અતારાંકિતઃ ૪૨૪૭(૧૩-૦૧-૨૦૧૫) : શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત શહેરમાં એટીએમ મશીન અને આંગડીયાઓને લૂંટના કેટલા બનાવો નોંધાયા ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૦૨-૧૫) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબના બનાવો નોંધાયા છે.

| શહેરનું નામ | એ.ટી.એમ. મશીન લૂંટના બનાવો | આંગડીયાઓના લૂંટના બનાવો |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૨ | ૧૦ |
| રાજકોટ શહેર | ૧ | ૨ |
| વડોદરા શહેર | ૦ | ૧ |
| સુરત શહેર | ૦ | ૫ |

-----------

## અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા શહેરોમાં પી.આઇ., પી.એસ.આઇ., હેડ કોન્સ્ટેબલ અને પોલીસ કોન્સ્ટેબલનું મહેકમ

અતારાંકિતઃ ૪૨૫૧(૧૩-૦૧-૨૦૧૫) : શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા શહેરમાં પી.આઇ., પી.એસ.આઇ., હેડ કોન્સ્ટેબલ અને પોલીસ કોન્સ્ટેબલનું કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત સ્થિતિએ ખાલી જગ્યા રહેવાના શા કારણો છે અને આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૦૨-૧૫) :

(૧) અને (૨) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરા શહેરમાં પી.આઇ., પી.એસ.આઇ., હેડ કોન્સ્ટેબલ અને પોલીસ કોન્સ્ટેબલનું મંજૂર મહેકમ તથા ભરાયેલી અને ખાલી જગ્યાઓ નીચે દર્શાવ્યાનુસાર
છે.

| શહેર | મહેકમ | પી.આઇ. | પી.એસ.આઇ. | હેડ કોન્સ્ટેબલ | પોલીસ કોન્સ્ટેબલ |
|---|---|---|---|---|---|
| અમદાવાદ શહેર | મંજૂર મહેકમ | ૧૨૦ | ૬૭૮ | ૨૫૧૩ | ૧૦૦૧૧ |
| | ભરાયેલ | ૧૧૦ | ૨૭૩ | ૨૨૮૬ | ૬૪૫૬ |
| | ખાલી | ૧૦ | ૪૦૫ | ૨૨૭ | ૩૫૫૫ |
| રાજકોટ શહેર | મંજૂર મહેકમ | ૧૯ | ૧૦૭ | ૩૩૯ | ૧૨૪૪ |
| | ભરાયેલ | ૧૩ | ૭૧ | ૨૭૮ | ૯૫૬ |
| | ખાલી | ૬ | ૩૬ | ૬૧ | ૨૮૮ |
| સુરત શહેર | મંજૂર મહેકમ | ૪૩ | ૨૯૮ | ૧૦૭૨ | ૩૭૫૨ |
| | ભરાયેલ | ૩૯ | ૧૧૮ | ૮૦૦ | ૨૨૩૯ |
| | ખાલી | ૪ | ૧૮૦ | ૨૭૨ | ૧૫૧૩ |
| વડોદરા શહેર | મંજૂર મહેકમ | ૩૭ | ૨૬૨ | ૭૬૩ | ૨૩૦૨ |
| | ભરાયેલ | ૩૬ | ૧૦૬ | ૬૩૩ | ૧૩૯૩ |
| | ખાલી | ૧ | ૧૫૬ | ૧૩૦ | ૯૦૯ |

(૩) ઉપલબ્ધ પોલીસ દળના ઇષ્ટતમ અને યથાર્થ ઉપયોગના હેતુસર કાર્યભારણ મુજબ રાજ્યમાં જગાઓ ભરવામાં આવેલ છે.

---------

દેશી/વિદેશી દારૂનાં વેચાણનાં કેસો

અતારાંકિતઃ ૪૩૦૭(૧૩-૦૧-૨૦૧૫): શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત(સિધ્ધપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૧૫-૦૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ક્યા ક્યા જિલ્લામાંથી દેશી/વિદેશી દારૂના વેચાણના કેસો નોંધવામાં આવ્યા, અને

(૨) તે પૈકી પકડાયેલા કેટલી રકમનાં દારૂનો નાશ કરવામાં આવ્યો, અને

(૩) દારૂબંધીના કડક અમલ માટે સરકાર શાં પગલાં માંગે છે.

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૦૨-૧૫) :

(૧) *પત્રક મુજબ

(૨) રૂ.. ૯૭,૦૪,૩૩,૮૮૭

(૩) આવી ગેરકાનુની પ્રવૃતિ અટકાવવાના ભાગરૂપે મહત્વના નાકાઓ ઉપર સઘન ચેકીંગ રાખી ગુનાહિત પ્રવૃતિ જણાઇ આવ્યેથી કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે અને આ પ્રકારની ગેરકાનુની પ્રવૃતિમાં પકડાતા ઇસમો વિરૂધ્ધ પાસા, તડીપાર, પ્રોહી-૯૩, મુજબ અટકાયતી પગલાં લેવામાં આવે છે. તથા પકડાયેલ ઇસમોને જાણીતા ગુનેગાર જાહેર કરી તેની પો.સ્ટે રજીસ્ટરે નોંધ રાખી તેવા ઇસમોની પ્રવૃતિ ઉપર સતત વોચ રાખવામાં આવે છે. વધુમાં સરકારશ્રીએ નશાબંધી ધારાના કડક અમલમાં નિષ્ફળ અધિકારીશ્રીઓ સામે પગલાં લેવાની સૂચનાઓ બહાર પાડેલ છે. તે સૂચનાઓ પ્રમાણે સંબંધિતો સામે ઘટતી કાર્યવાહી કરવામાં આવે છે.

પત્રક

| શહેર/જિલ્લાનું નામ | તા. ૧૬-૦૨-૨૦૧૨ થી તા. ૧૫-૦૨-૨૦૧૩ | | તા. ૧૬-૦૨-૨૦૧૩ થી તા. ૧૫-૦૨-૨૦૧૪ | |
|---|---|---|---|---|
| | દેશી દારૂના વેચાણના કેસો | વિદેશી દારૂના વેચાણના કેસો | દેશી દારૂના વેચાણના કેસો | વિદેશી દારૂના વેચાણના કેસો |
| અમદાવાદ શહેર | ૩૧૮૨ | ૫૬૫ | ૩૮૪૬ | ૬૪૦ |
| રાજકોટ શહેર | ૧૬૫૯ | ૪૧૬ | ૧૩૮૪ | ૪૧૩ |
| સુરત શહેર | ૧૬૬૪૧ | ૧૨૭૦ | ૧૯૧૮૩ | ૧૩૦૦ |
| વડોદરા શહેર | ૪૮૯૪ | ૪૧૮ | ૭૮૦૦ | ૪૩૬ |
| અમદાવાદ ગ્રામ્ય | ૨૩૬૯ | ૩૨૨ | ૨૮૫૬ | ૩૩૩ |
| ખેડા | ૮૭૬૧ | ૧૧૮ | ૯૩૯૧ | ૧૦૬ |
| આણંદ | ૫૪૦૪ | ૧૫૨ | ૫૯૨૭ | ૯૭ |

| | | | | |
|---|---|---|---|---|
| ગાંધીનગર | ૧૯૪૩ | ૨૩૬ | ૧૯૫૭ | ૧૭૬ |
| સાબરકાંઠા | ૯૯૦ | ૧૭૫ | ૬૬૭ | ૮૨ |
| અરવલ્લી | ૧૦૭૨ | ૧૬૦ | ૧૨૪૦ | ૧૨૯ |
| મહેસાણા | ૨૮૪૫ | ૩૩૪ | ૩૬૦૧ | ૩૨૩ |
| જામનગર | ૨૧૫૪ | ૬૨ | ૨૨૯૭ | ૭૭ |
| દેવભૂમિ દ્વારકા | ૩૫૧ | ૯ | ૪૪૫ | ૬ |
| રાજકોટ ગ્રામ્ય | ૭૩૮ | ૨૦૬ | ૭૨૬ | ૨૨૦ |
| મોરબી | ૫૪૩ | ૧૧૦ | ૬૫૦ | ૧૨૩ |
| સુરેન્દ્રનગર | ૧૨૨૧ | ૨૨૬ | ૧૩૮૮ | ૨૧૯ |
| બનાસકાંઠા | ૩૧૧૫ | ૪૯૨ | ૩૭૩૩ | ૩૫૪ |
| કચ્છ-પુર્વ | ૮૨૦ | ૨૨૨ | ૮૭૩ | ૨૪૭ |
| કચ્છ-પશ્ચિમ | ૭૯૧ | ૨૬૭ | ૮૧૮ | ૧૯૦ |
| પાટણ | ૧૫૧૦ | ૧૫૫ | ૧૫૮૮ | ૨૪૭ |
| અમરેલી | ૧૬૯૭ | ૧૭૪ | ૨૦૨૯ | ૨૨૦ |
| ભાવનગર | ૧૪૧૩ | ૧૮૬ | ૧૨૬૫ | ૧૭૪ |
| બોટાદ | ૨૩ | ૨૬ | ૨૬ | ૩૮ |
| જુનાગઢ | ૧૩૬૬ | ૧૩૭ | ૧૫૯૫ | ૨૨૧ |
| ગીર-સોમનાથ | ૮૧૨ | ૫૬૫ | ૯૨૦ | ૫૦૦ |
| પોરબંદર | ૨ | ૦ | ૨૨ | ૫ |
| વડોદરા ગ્રામ્ય | ૧૨૨૧ | ૩૪૪ | ૪૮૩ | ૨૮૭ |
| છોટાઉદેપુર | ૨૭૨૭ | ૩૮૯ | ૨૭૨૦ | ૨૬૬ |
| ભરૂચ | ૯૦૭૪ | ૨૦૪ | ૯૩૯૫ | ૧૯૯ |
| નર્મદા | ૧૬૩૫ | ૯૪ | ૨૦૫૯ | ૧૦૫ |
| ગોધરા | ૨૮૭૪ | ૪૬૬ | ૨૬૫૮ | ૪૦૪ |
| મહીસાગર | ૧૩૪૦ | ૧૧૨ | ૧૨૩૧ | ૧૪૫ |
| દાહોદ | ૧૪૮૨ | ૧૦૨૯ | ૧૨૪૭ | ૯૬૧ |
| સુરત ગ્રામ્ય | ૪૫૨૯ | ૭૦૯ | ૪૭૮૩ | ૧૧૨૧ |
| તાપી | ૧૯૮૦ | ૪૭૬ | ૨૧૮૭ | ૩૭૬ |
| વલસાડ | ૨૨૩૦ | ૩૩૪૧ | ૨૯૫૮ | ૩૩૭૧ |
| નવસારી | ૪૩૧૦ | ૭૫૩ | ૪૯૫૩ | ૮૨૪ |
| ડાંગ-આહવા | ૪૧૮ | ૧૦૧ | ૪૬૫ | ૧૦૬ |
| પ. રે. વડોદરા | ૦ | ૦ | ૦ | ૧ |
| પ.રે. અમદાવાદ | ૦ | ૦ | ૦ | ૦ |

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

-------------

અમરેલી અને ભાવનગર જિલ્લામાં બાળકો પર આચરવામાં આવતા ગુનાઓ

અતારાંકિતઃ ૪૩૩૪(૨૧-૦૧-૨૦૧૫) : શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં બાળકો પર આચરવામાં આવતા ગુનાઓનાં પ્રમાણમાં વધારો થયો છે તે હકીકત સાચી છે.

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં તાલુકાવાર બાળકો પર આચરવામાં આવતા ગુનાઓના કુલ કેટલાં બનાવો વર્ષવાર નોંધાયા, અને

(૩) તે પૈકી વર્ષવાર કેટલાં ગુનેગારોની ધરપકડ કરી, કેટલાંની બાકી છે અને તેઓની સામે શી કાર્યવાહીઓ કરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ અમરેલી અને ભાવનગર જિલ્લામાં બાળકો પર આચરવામાં આવતા ગુનાઓમાં એકાદ બે તાલુકામાં વધારો જોવા મળેલ છે.

(૨) *પત્રક-૧ મુજબ

(૩) *પત્રક-૨ મુજબ

પત્રક-૧

| અમરેલી | | | | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | તા. ૧-૧૨-૦૯ થી તા. ૩૦-૧૧-૧૦ | તા. ૧-૧૨-૧૦ થી તા. ૩૦-૧૧-૧૧ | તા. ૧-૧૨-૧૧ થી તા. ૩૦-૧૧-૧૨ | તા. ૧-૧૨-૧૨ થી તા. ૩૦-૧૧-૧૩ | તા. ૧-૧૨-૧૩ થી તા. ૩૦-૧૧-૧૪ |
| અમરેલી | ૩ | ૪ | ૯ | ૮ | ૧૨ |
| લાઠી | ૦ | ૨ | ૦ | ૦ | ૨ |
| લીલીયા | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| બાબરા | ૦ | ૦ | ૦ | ૧ | ૧ |
| બગસરા | ૨ | ૧ | ૧ | ૦ | ૦ |
| વડીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સાવરકુંડલા | ૧ | ૧ | ૩ | ૦ | ૨ |
| ધારી | ૧ | ૧ | ૧ | ૦ | ૩ |
| ખાંભા | ૩ | ૦ | ૧ | ૨ | ૧ |
| રાજુલા | ૨ | ૪ | ૨ | ૩ | ૨ |
| જાફરાબાદ | ૩ | ૧ | ૦ | ૧ | ૦ |
| ભાવનગર | | | | | |
| તાલુકાનું નામ | તા. ૧-૧૨-૦૯ થી તા. ૩૦-૧૧-૧૦ | તા. ૧-૧૨-૧૦ થી તા. ૩૦-૧૧-૧૧ | તા. ૧-૧૨-૧૧ થી તા. ૩૦-૧૧-૧૨ | તા. ૧-૧૨-૧૨ થી તા. ૩૦-૧૧-૧૩ | તા. ૧-૧૨-૧૩ થી તા. ૩૦-૧૧-૧૪ |
| ભાવનગર | ૨૧ | ૧૬ | ૨૯ | ૪૦ | ૩૨ |
| ઘોઘા | ૦ | ૦ | ૦ | ૦ | ૧ |
| પાલીતાણા | ૩ | ૬ | ૧ | ૪ | ૫ |
| શિહોર | ૫ | ૧૨ | ૭ | ૭ | ૧૩ |
| ગારીયાધાર | ૦ | ૨ | ૪ | ૫ | ૮ |
| જેસર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વલભીપુર | ૪ | ૦ | ૧ | ૨ | ૩ |
| ઉમરાળા | ૧ | ૭ | ૨ | ૪ | ૩ |
| મહુવા | ૮ | ૧૨ | ૧૯ | ૧૪ | ૨૦ |
| તળાજા | ૭ | ૯ | ૧૩ | ૧૦ | ૧૮ |

પત્રક – ૨

| અમરેલી |
|---|

| તાલુકાનું નામ | તા. ૧-૧૨-૦૯ થી તા. ૩૦-૧૧-૧૦ | | તા. ૧-૧૨-૧૦ થી તા. ૩૦-૧૧-૧૧ | | તા. ૧-૧૨-૧૧ થી તા. ૩૦-૧૧-૧૨ | | તા. ૧-૧૨-૧૨ થી તા. ૩૦-૧૧-૧૩ | | તા. ૧-૧૨-૧૩ થી તા. ૩૦-૧૧-૧૪ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | |
| | કરી | બાકી | કરી | બાકી | કરી | બાકી | કરી | બાકી | કરી | બાકી |
| અમરેલી | ૪ | ૦ | ૫ | ૦ | ૧૦ | ૦ | ૮ | ૦ | ૧૩ | ૧ |
| લાઠી | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| લીલીયા | ૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બાબરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ |
| બગસરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વડીયા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સાવરકુંડલા | ૩ | ૦ | ૧ | ૦ | ૭ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ |
| ધારી | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૬ | ૦ |
| ખાંભા | ૯ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૭ | ૦ | ૧ | ૨ |
| રાજુલા | ૪ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ | ૨ | ૦ |
| જાફરાબાદ | ૨ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| ભાવનગર | | | | | | | | | | |
| તાલુકાનું નામ | તા. ૧-૧૨-૦૯ થી તા. ૩૦-૧૧-૧૦ | | તા. ૧-૧૨-૧૦ થી તા. ૩૦-૧૧-૧૧ | | તા. ૧-૧૨-૧૧ થી તા. ૩૦-૧૧-૧૨ | | તા. ૧-૧૨-૧૨ થી તા. ૩૦-૧૧-૧૩ | | તા. ૧-૧૨-૧૩ થી તા. ૩૦-૧૧-૧૪ | |
| | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | |
| | કરી | બાકી | કરી | બાકી | કરી | કરી | બાકી | કરી | બાકી | કરી |
| ભાવનગર | ૨૭ | ૧ | ૧૭ | ૦ | ૩૨ | ૦ | ૫૪ | ૧ | ૩૪ | ૩ |
| ઘોઘા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| પાલીતાણા | ૩ | ૦ | ૬ | ૧ | ૧ | ૦ | ૫ | ૨ | ૭ | ૧ |
| શિહોર | ૯ | ૦ | ૧૬ | ૨ | ૭ | ૦ | ૬ | ૧ | ૧૨ | ૧ |
| ગારીયાધાર | ૦ | ૦ | ૪ | ૦ | ૯ | ૦ | ૭ | ૦ | ૮ | ૦ |
| જેસર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વલભીપુર | ૯ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ | ૩ | ૦ | ૭ | ૧ |
| ઉમરાળા | ૩ | ૦ | ૧૨ | ૦ | ૫ | ૦ | ૧૦ | ૦ | ૫ | ૦ |
| મહુવા | ૮ | ૧ | ૧૭ | ૦ | ૨૯ | ૧ | ૧૫ | ૩ | ૨૩ | ૧૦ |
| તળાજા | ૮ | ૧ | ૧૪ | ૧ | ૧૩ | ૩ | ૧૮ | ૦ | ૧૮ | ૫ |

ધરપકડ કરવાના બાકી ગુનેગારો અંગે તપાસ ચાલુ હોઇ અને તેઓ વિરૂધ્ધ પુરાવા મેળવવાની કાર્યવાહી ચાલુ હોય તેમજ નાસતા-ફરતા ગુનેગારોના નામ, સરનામા અધુરા હોઇ તેઓના મિત્ર મંડળ, છુપાવાના સ્થળે તેમજ તેઓના સગા સંબંધીઓને ત્યાં અવાર-નવાર તપાસ કરવામાં આવેલ છે, અને ખાનગી બાતમીદારોથી પણ આ આરોપીઓની હકિકત મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે.

-----------

વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં બાળકો પર આચરવામાં આવતા ગુનાઓ

અતારાંકિતઃ ૪૩૪૩(૨૧-૦૧-૨૦૧૫): શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ વલસાડ, નવસારી અને ડાંગ જિલ્લામાં બાળકો પર આચરવામાં આવતા ગુનાઓનાં પ્રમાણમાં વધારો થયો છે તે હકીકત સાચી છે,

(૨) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં તાલુકાવાર બાળકો પર આચરવામાં આવતા ગુનાઓના કુલ કેટલાં બનાવો વર્ષવાર નોંધાયા, અને

(૩) તે પૈકી વર્ષવાર કેટલાં ગુનેગારોની ધરપકડ કરી, કેટલાંની બાકી છે અને તેઓની સામે શી કાર્યવારીઓ કરવામાં આવી ?

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) તા. ૩૦-૧૧-૧૦૧૪ની સ્થિતિએ વલસાડ તથા નવસારી જિલ્લામાં બાળકો પર આચરવામાં આવતાં ગુનાઓમાં એકાદ બે તાલુકામાં વધારો જોવા મળેલ છે. જ્યારે ડાંગ જિલ્લામાં આવા ગુનાની માહિતિ ''શૂન્ય'' છે.

(૨) *પત્રક-૧ મુજબ

(૩) *પત્રક-૨ મુજબ

પત્રક-૧

| વલસાડ | | | | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | તા. ૧-૧૨-૦૯ થી તા. ૩૦-૧૧-૧૦ | તા. ૧-૧૨-૧૦ થી તા. ૩૦-૧૧-૧૧ | તા. ૧-૧૨-૧૧ થી તા. ૩૦-૧૧-૧૨ | તા. ૧-૧૨-૧૨ થી તા. ૩૦-૧૧-૧૩ | તા. ૧-૧૨-૧૩ થી તા. ૩૦-૧૧-૧૪ |
| વલસાડ | ૨ | ૧૦ | ૩ | ૬ | ૧૫ |
| પારડી | ૨ | ૦ | ૨ | ૭ | ૬ |
| વાપી | ૨ | ૭ | ૯ | ૧૦ | ૩૧ |
| ઉમરગામ | ૪ | ૭ | ૮ | ૧૦ | ૬ |
| ધરમપુર | ૪ | ૩ | ૧ | ૩ | ૧ |
| કપરાડા | ૦ | ૧ | ૧ | ૧ | ૩ |
| નવસારી | | | | | |
| તાલુકાનું નામ | તા. ૧-૧૨-૦૯ થી તા. ૩૦-૧૧-૧૦ | તા. ૧-૧૨-૧૦ થી તા. ૩૦-૧૧-૧૧ | તા. ૧-૧૨-૧૧ થી તા. ૩૦-૧૧-૧૨ | તા. ૧-૧૨-૧૨ થી તા. ૩૦-૧૧-૧૩ | તા. ૧-૧૨-૧૩ થી તા. ૩૦-૧૧-૧૪ |
| નવસારી | ૮ | ૩ | ૧ | ૮ | ૨૩ |
| જલાલપોર | ૨ | ૧ | ૨ | ૮ | ૧૧ |
| ગણદેવી | ૧ | ૪ | ૧ | ૮ | ૯ |
| ચીખલી | ૪ | ૨ | ૬ | ૮ | ૫ |
| વાંસદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ખેરગામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ડાંગ-આહવા | | | | | |
| તાલુકાનું નામ | તા. ૧-૧૨-૦૯ થી તા. ૩૦-૧૧-૧૦ | તા. ૧-૧૨-૧૦ થી તા. ૩૦-૧૧-૧૧ | તા. ૧-૧૨-૧૧ થી તા. ૩૦-૧૧-૧૨ | તા. ૧-૧૨-૧૨ થી તા. ૩૦-૧૧-૧૩ | તા. ૧-૧૨-૧૩ થી તા. ૩૦-૧૧-૧૪ |
| આહવા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વઘઇ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સુબીર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

પત્રક-૨

| વલસાડ | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | તા. ૧-૧૨-૦૯ થી તા. ૩૦-૧૧-૧૦ | | તા. ૧-૧૨-૧૦ થી તા. ૩૦-૧૧-૧૧ | | તા. ૧-૧૨-૧૧ થી તા. ૩૦-૧૧-૧૨ | | તા. ૧-૧૨-૧૨ થી તા. ૩૦-૧૧-૧૩ | | તા. ૧-૧૨-૧૩ થી તા. ૩૦-૧૧-૧૪ | |
| | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | |
| | કરી | બાકી | કરી | બાકી | કરી | બાકી | કરી | બાકી | કરી | બાકી |
| વલસાડ | ૨ | ૦ | ૧૬ | ૨ | ૫ | ૦ | ૬ | ૦ | ૧૭ | ૦ |
| પારડી | ૨ | ૦ | ૦ | ૦ | ૨ | ૦ | ૭ | ૦ | ૧૧ | ૦ |
| વાપી | ૨ | ૦ | ૭ | ૦ | ૯ | ૦ | ૧૦ | ૦ | ૩૪ | ૦ |
| ઉમરગામ | ૧૩ | ૦ | ૮ | ૦ | ૮ | ૦ | ૧૨ | ૦ | ૧૦ | ૦ |
| ધરમપુર | ૧૦ | ૦ | ૩ | ૦ | ૧ | ૦ | ૫ | ૦ | ૧ | ૦ |
| કપરાડા | ૦ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૧ | ૦ | ૫ | ૧ |

| નવસારી | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | તા. ૧-૧૨-૦૯ થી તા. ૩૦-૧૧-૧૦ | | તા. ૧-૧૨-૧૦ થી તા. ૩૦-૧૧-૧૧ | | તા. ૧-૧૨-૧૧ થી તા. ૩૦-૧૧-૧૨ | | તા. ૧-૧૨-૧૨ થી તા. ૩૦-૧૧-૧૩ | | તા. ૧-૧૨-૧૩ થી તા. ૩૦-૧૧-૧૪ | |
| | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | |
| | કરી | બાકી | કરી | બાકી | કરી | કરી | બાકી | કરી | બાકી | કરી |
| નવસારી | ૯ | ૦ | ૩ | ૦ | ૨ | ૦ | ૧૯ | ૪ | ૨૫ | ૧ |
| જલાલપોર | ૨ | ૧ | ૧ | ૦ | ૨ | ૦ | ૫ | ૦ | ૬ | ૧ |
| ગણદેવી | ૨ | ૦ | ૩ | ૦ | ૧ | ૦ | ૧૩ | ૦ | ૨૨ | ૦ |
| ચીખલી | ૮ | ૦ | ૩ | ૦ | ૭ | ૦ | ૧૬ | ૦ | ૫ | ૧ |
| વાંસદા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ખેરગામ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ડાંગ-આહવા | | | | | | | | | | |
| તાલુકાનું નામ | તા. ૧-૧૨-૦૯ થી તા. ૩૦-૧૧-૧૦ | | તા. ૧-૧૨-૧૦ થી તા. ૩૦-૧૧-૧૧ | | તા. ૧-૧૨-૧૧ થી તા. ૩૦-૧૧-૧૨ | | તા. ૧-૧૨-૧૨ થી તા. ૩૦-૧૧-૧૩ | | તા. ૧-૧૨-૧૩ થી તા. ૩૦-૧૧-૧૪ | |
| | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | | ધરપકડ | |
| | કરી | બાકી | કરી | બાકી | કરી | કરી | બાકી | કરી | બાકી | કરી |
| આહવા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વઘઇ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| સુબીર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

ધરપકડ કરવાના બાકી ગુનેગારો અંગે તપાસ ચાલુ હોઇ અને તેઓ વિરૂધ્ધ પુરાવા મેળવવાની કાર્યવાહી ચાલુ હોય તેમજ નાસતા-ફરતા ગુનેગારોના નામ, સરનામા અધુરા હોઇ તેઓના મિત્ર મંડળ, છુપાવાના સ્થળે તેમજ તેઓના સગા સંબંધીઓને ત્યાં અવાર-નવાર તપાસ કરવામાં આવેલ છે, અને ખાનગી બાતમીદારોથી પણ આ આરોપીઓની હકિકત મેળવવા કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ કોર્ટમાંથી સી.આર.પી.સી.-૭૦ મુજબના વોરંટ કઢાવી તેની પ્રસિધ્ધી કરવામાં આવેલ છે.

-----------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં એટીએમ મશીન અને આંગડીયાઓની લૂંટ બાબત

અતારાંકિતઃ ૪૩૯૫(૨૧-૦૧-૨૦૧૫): શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રીઃ (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કોઈ તાલુકાવાર એટીએમ મશીન અને આંગડીયાઓની લૂંટના કેટલા બનાવો બન્યા ?

મુખ્ય મંત્રીશ્રીઃ (ગૃહ) : (૨૦-૦૨-૨૦૧૫) :

તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં એટીએમ મશીન અને આંગડીઓની લૂંટના કોઈ બનાવ બનેલ નથી.

------------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ચેઈન સ્નેચીંગના કિસ્સાઓ

અતારાંકિતઃ ૪૩૯૬(૨૧-૦૧-૨૦૧૫): શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રીઃ (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કોઈ તાલુકાવાર ચેઈન સ્નેચીંગના કેટલા કિસ્સાઓ બન્યા ?

મુખ્ય મંત્રીશ્રીઃ (ગૃહ) : (૨૦-૦૨-૨૦૧૫) :

આ અંગેની વિગતો નીચે પ્રમાણે છેઃ

| મહીસાગર | | | | | |
|---|---|---|---|---|---|
| તાલુકાનું નામ | તા.૦૧/૦૧/૧૦ થી તા. ૩૧/૧૨/૧૦ | તા.૦૧/૦૧/૧૧ થી તા. ૩૧/૧૨/૧૧ | તા.૦૧/૦૧/૧૨ થી તા. ૩૧/૧૨/૧૨ | તા.૦૧/૦૧/૧૩ થી તા. ૩૧/૧૨/૧૩ | તા.૦૧/૦૧/૧૪ થી તા. ૩૧/૧૨/૧૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| લુણાવાડા | ૦ | ૦ | ૧ | ૦ | ૦ |
| સંતરામપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| કડાણા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બાકોર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| બાલાશિનોર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| વિરપુર | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| પંચમહાલ | | | | | |
| તાલુકાનું નામ | તા.૦૧/૦૧/૧૦ થી તા. ૩૧/૧૨/૧૦ | તા.૦૧/૦૧/૧૧ થી તા. ૩૧/૧૨/૧૧ | તા.૦૧/૦૧/૧૨ થી તા. ૩૧/૧૨/૧૨ | તા.૦૧/૦૧/૧૩ થી તા. ૩૧/૧૨/૧૩ | તા.૦૧/૦૧/૧૪ થી તા. ૩૧/૧૨/૧૪ |
| ગોધરા | ૩ | ૪ | ૩ | ૩ | ૦ |
| શહેરા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| મોરવા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| હાલોલ | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| કાલોલ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| જાંબુઘોડા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ઘોઘંબા | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |

----------

અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત શહેરમાં લૂંટના બનાવ

અતારાંકિતઃ ૪૪૪૯(૨૧-૦૧-૨૦૧૫) : ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રીઃ (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત શહેરમાં એટીએમ મશીન અને આંગડીયાઓની લૂંટના કેટલા બનાવો બન્યા ?

મુખ્ય મંત્રીશ્રીઃ (ગૃહ) : (૨૦-૦૨-૨૦૧૫) :

તા. ૩૧-૧૨-૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં નીચે મુજબ બનાવો બન્યા છે.

| શહેરનું નામ | એ.ટી.એમ.મશીન લૂંટના બનાવો | આંગડીયાઓની લૂંટના બનાવો |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૨ | ૧૪ |
| રાજકોટ શહેર | ૧ | ૩ |
| વડોદરા શહેર | ૦ | ૧ |
| સુરત શહેર | ૦ | ૮ |

--------

રાજ્યમાં દારૂની બોટલોનો નાશ કરવા બાબત

અતારાંકિતઃ ૪૪૫૩(૨૧-૦૧-૨૦૧૫): ડૉ. તેજશ્રીબેન દિ. પટેલ(વિરમગામ) : માનનીય મુખ્ય મંત્રીશ્રીઃ (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧/૧૨/૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર દેશી, ઇંગ્લીશ (વિદેશી) અને બીયરની કેટલી બોટલોનો નાશ કરવામાં આવ્યો, અને

(૨) નાશ કરવામાં આવેલ જથ્થાની કિંમત કેટલી હતી ?

મુખ્ય મંત્રીશ્રીઃ (ગૃહ) : (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) સામેલ * પત્રક મુજબ

(૨) રૂ. ૨,૦૬,૬૮,૯૮,૨૭૨

| શહેર / જિલ્લાનું નામ | દેશી દારુ (લીટરમાં) | ઈંગ્લીશ (વિદેશી) દારૂ (બોટલમાં) | બિયર (બોટલમાં) |
|---|---|---|---|
| અમદાવાદ શહેર | ૫૨૪૦૩૦ | ૨૪૫૪૧૮ | ૭૭૨૨૭ |
| રાજકોટ શહેર | ૫૮૭૫૩ | ૭૫૨૭૫ | ૧૩૭૩૧ |
| સુરત શહેર | ૭૧૫૨૫૯ | ૩૭૫૫૨૬ | ૩૧૭૭૫ |

| | | | |
|---|---|---|---|
| વડોદરા શહેર | ૩૬૯૮૭૬ | ૧૮૧૮૪૯ | ૬૬૮૬૯ |
| અમદાવાદ ગ્રામ્ય | ૧૨૮૯૭૭ | ૩૩૩૨૧૬ | ૬૪૩૬૮ |
| ખેડા | ૧૬૩૧૨૨ | ૩૩૫૬૭૫ | ૩૧૦૯૩ |
| આણંદ | ૯૬૧૮૦ | ૧૨૯૪૮૭ | ૬૦૮૪૧ |
| ગાંધીનગર | ૫૮૪૦૩ | ૧૮૬૫૦૦ | ૯૫૬૬૧ |
| સાબરકાંઠા | ૫૮૪૬૮ | ૧૮૫૧૬૩ | ૨૧૩૮૧ |
| અરવલ્લી | ૩૪૩૬૬ | ૭૯૨૨૫૨ | ૨૧૩૧૦૩ |
| મહેસાણા | ૫૬૯૫૬ | ૧૭૦૨૭૬ | ૪૭૮૧૭ |
| જામનગર | ૩૩૯૧૯ | ૪૦૦૭૫ | ૪૯૫૩ |
| દેવભૂમિ દ્વારકા | ૨૨૩૧૦ | ૧૨૯૯૦ | ૨૬૧૧ |
| રાજકોટ ગ્રામ્ય | ૫૧૦૦૭ | ૧૦૧૭૨૯ | ૧૧૮૮૬ |
| મોરબી | ૫૯૫૩૬ | ૨૯૦૧૨ | ૮૦૩૨ |
| સુરેન્દ્રનગર | ૫૨૩૩૯ | ૧૪૪૮૩૬ | ૪૪૨૫૨ |
| બનાસકાંઠા | ૧૩૯૭૪૯ | ૮૫૬૬૬૫ | ૧૭૬૮૭૩ |
| કચ્છ-પૂર્વ | ૯૬૨૬૫ | ૨૫૬૬૯૨ | ૪૩૫૦૪ |
| કચ્છ-પશ્ચિમ | ૫૧૫૮૭ | ૯૪૩૨૩ | ૨૮૫૭૦ |
| પાટણ | ૧૧૬૦૪૬ | ૯૯૮૦૪૩૫ | ૨૯૪૧૧૦૦ |
| અમરેલી | ૫૧૦૬૫ | ૬૩૩૯૬ | ૭૦૧૭ |
| ભાવનગર | ૧૬૩૨૪૯ | ૪૪૧૬૬ | ૭૫૩૫ |
| બોટાદ | ૨૦૨૯૦ | ૧૯૦૭૨ | ૪૩૮૨ |
| જુનાગઢ | ૫૪૩૨૪ | ૫૮૧૨૩ | ૪૫૧૯ |
| ગીર-સોમનાથ | ૩૧૬૨૨ | ૧૦૨૨૦૭ | ૧૯૯૯ |
| પોરબંદર | ૫૮૪૩૭ | ૧૬૬૭ | ૮૦૪ |
| વડોદરા ગ્રામ્ય | ૧૧૩૮૦૩ | ૫૪૯૮૨૪ | ૧૫૪૧૫૪ |
| છોટાઉદેપુર | ૫૪૪૫૮ | ૫૭૬૯૯૮ | ૨૦૨૦૦૫ |
| ભરૂચ | ૧૮૬૮૭૧ | ૩૬૫૨૦૦ | ૧૪૭૧૪૮ |
| નર્મદા | ૨૯૮૭૩ | ૧૭૪૯૧૨ | ૪૩૨૯૦ |
| ગોધરા | ૧૧૧૮૧૩ | ૭૨૩૯૧૮ | ૧૫૫૦૬૦ |
| મહીસાગર | ૧૩૪૩૫ | ૨૪૩૫૫૯ | ૨૨૮૪૫ |
| દાહોદ | ૧૬૫૮૪ | ૯૨૫૧૭૭ | ૪૦૧૧૭૨ |
| સુરત ગ્રામ્ય | ૧૭૩૭૮૩ | ૫૪૧૪૭૭ | ૮૫૮૭૦ |
| તાપી | ૫૦૦૦૩ | ૫૯૦૪૨૯ | ૮૬૭૨૧ |
| વલસાડ | ૪૯૭૦૯ | ૨૩૪૫૬૭૬ | ૬૮૧૭૧૯ |
| નવસારી | ૧૦૬૦૩૦ | ૧૧૭૫૯૧૯ | ૨૧૭૦૩૮ |
| ડાંગ-આહવા | ૬૧૧૦ | ૨૦૫૨૫ | ૫૪૭૪ |
| પ.રે.વડોદરા | ૨૪૯૮૪ | ૨૪૧૪૧૨ | ૧૩૩૧૦ |

| | | | |
|---|---|---|---|
| પ.રે.અમદાવાદ | ૧૨૮૯૮ | ૭૩૬૭ | ૧૨૪૧ |

--------

પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં હોટલો પાસેથી સુખસુવિધા કરની બાકી વસૂલાત

અતારાંકિતઃ ૪૧૩૦(૨૧-૦૧-૨૦૧૫): શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તારીખ ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં ગુજરાત (હોટલ અને નિવાસ ગૃહ) સુખ સુવિધા કર અધિનિયમ ૧૯૭૭ની જોગવાઈ મુજબ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી હોટલો પાસેથી કેટલી રકમ, સુખ સુવિધા કરની વસુલ લેવાનું બાકી છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં હોટલ માલિકો સમયસર આવો કર ન ચૂકવતા હોય તો કર વસુલ કરવા સંબંધિતો સામે કાયદાકીય શી કાર્યવાહી કરવામાં આવી ?

મુખ્ય મંત્રીશ્રીઃ (માહિતી અને પ્રસારણ) : (૧૯-૦૨-૧૫) :

(૧) તારીખ ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ ગુજરાત (હોટલ અને નિવાસ ગૃહ) સુખ સુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ની જોગવાઈ મુજબ

(અ) પંચમહાલ જિલ્લામાં કોઈ રકમ સુખ સુવિધા કરની વસુલ લેવાની બાકી નથી. જ્યારે

(બ) મહીસાગર જિલ્લામાં સુખ સુવિધા કરને પાત્ર કોઈ હોટલ ન હોવાથી સુખ સુવિધા કરની વસુલાત બાકી નથી.

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં હોટલ માલિકો તરફથી સમયસર આવો કર ચૂકવવાનો બાકી ન હોવાથી કર વસુલ કરવા સંબંધિતો સામે કોઈ કાયદાકીય કાર્યવાહી કરવાની રહેતી ન હતી, તેથી તે અંગેની કોઈ વિગતો આપવાની રહેતી નથી.

---------

પંચમહાલ અને મહીસાગર જિલ્લાની કોર્ટોમાં ખાલી જગ્યાઓ

અતારાંકિતઃ ૪૦૯૦(૦૯-૦૧-૨૦૧૫): શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય કાયદા મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તારીખ ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં કેટલી કોર્ટો કઈ જગ્યાએ કાર્યરત છે.

(૨) તેમાં કોર્ટવાર સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલી છે, કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે તથા ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

કાયદા મંત્રીશ્રીઃ (રાજ્યકક્ષા) : (૨૦-૦૨-૧૫) :

(૧) (અ) તારીખ ૩૦/૧૧/૨૦૧૪ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં નીચે મુજબ કાર્યરત કોર્ટો નીચે મુજબ છે.

| | સ્ટેશનનું નામ | કોર્ટોની સંખ્યા | |
|---|---|---|---|
| (૧) | પંચમહાલ, ગોધરા | ૦૭ | એપેલેન્ટ કોર્ટ |
| (૨) | ગોધરા | ૦૪ | સીનીયર ડીવીઝન કોર્ટ |
| (૩) | લુણાવાડા | ૦૧ | સીનીયર ડીવીઝન કોર્ટ |
| (૪) | હાલોલ | ૦૧ | સીનીયર ડીવીઝન કોર્ટ |

| | સ્ટેશનનું નામ | | કોર્ટોની સંખ્યા |
|---|---|---|---|
| (૫) | ગોધરા | ૧૩ | જુનીયર ડીવીઝન કોર્ટ |
| (૬) | સંતરામપુર | ૦૨ | જુનીયર ડીવીઝન કોર્ટ |

| | | | |
|---|---|---|---|
| (૭) | લુણાવાડા | ૦૨ | જુનીયર ડીવીઝન કોર્ટ |
| (૮) | ખાનપુર, બાકોર | ૦૧ | જુનીયર ડીવીઝન કોર્ટ |
| (૯) | શહેરા | ૦૧ | જુનીયર ડીવીઝન કોર્ટ |
| (૧૦) | કાલોલ | ૦૩ | જુનીયર ડીવીઝન કોર્ટ |
| (૧૧) | ઘોઘંબા | ૦૧ | જુનીયર ડીવીઝન કોર્ટ |
| (૧૨) | મોરવા (હડફ) | ૦૧ | જુનીયર ડીવીઝન કોર્ટ |
| (૧૩) | જાંબુઘોડા | ૦૧ | જુનીયર ડીવીઝન કોર્ટ |
| (૧૪) | હાલોલ | ૦૧ | જુનીયર ડીવીઝન કોર્ટ |
| (૧૫) | ગોધરા | ૦૨ | ફેમીલી કોર્ટ |
| (૧૬) | ગોધરા | ૦૧ | મજુર અદાલત |
| | કુલ | ૪૪ | કોર્ટો |

(બ) મહીસાગર જિલ્લાને ન્યાયિક જિલ્લો જાહેર કરેલ નથી.

(૨) પંચમહાલ જિલ્લાની કોર્ટોમાં સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ સાથે સામેલ પત્રક-૧ મુજબ છે.

(૩) પંચમહાલ જિલ્લાની કોર્ટોમાં સંવર્ગવાર ભરાયેલી જગ્યાઓ અને ખાલી જગ્યાઓ સાથે સામેલ પત્રક-૨ મુજબ છે.

ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૩૫ હેઠળ ન્યાયતંત્ર ઉપર વહીવટી અંકુશ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં નિહિત થયેલ છે. ન્યાયતંત્રની કોર્ટોમાં ખાલી જગ્યાઓ ભરવા માટેની તમામ કાર્યવાહી નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરવામાં આવે છે.

*(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

નર્મદા કેનાલની કામગીરી બાબત

અતારાંકિતઃ ૩૯૫૬(૦૯-૦૧-૨૦૧૫): શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં નર્મદા કેનાલની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે,

(૨) કેટલી મુખ્ય નહેર, શાખાનહેર, વિશાખા નહેર, પ્રશાખા નહેર અને પ્રપ્રશાખા નહેરના કેટલા કામોઉક્ત સ્થિતિએ બાકી છે અને,

(૩) આ કેનાલની કામગીરી કેટલા સમયગાળામાં પૂર્ણ કરવાનું રાજ્ય સરકારનું આયોજન છે ?

મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) : (૨૦-૦૨-૧૫) :

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજનાની ૪૫૮.૩૨ કી.મી. લાંબી મુખ્ય નહેરનું બાંધકામ પૂર્ણ થયેલ છે. શાખા, વિશાખા, તથા પ્રશાખાનું કામ ૧૪૬૧૪.૨૦ કી.મી. લંબાઇમાં તેમજ પ્રપ્રશાખાનું ૧૦૨૪૮.૫૬ કી.મી. લંબાઇમાં કામ પૂર્ણ થયેલ છે.

(૨) તા. ૩૦-૦૬-૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજનાની કેનાલ નેટવર્કનું શાખા, વિશાખા તથા પ્રશાખાનું ૧૧૪૯૫.૮૦ કી.મી. તેમજ પ્રપ્રશાખાનું ૩૭૮૦૯.૪૪ કીમી. લંબાઇમાં કામ કરવાનું બાકી છે.

(૩) નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામો જમીન સંપાદન, જંગલ અને અભ્યારણમાંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલીટી ક્રોસીંગ્સ જેવા કે, રેલ્વે, રસ્તાઓ, ગેસ ઓઇલ, પાઇપલાઇન, ટેલીફોન/ઇલેક્ટ્રીક લાઇન વગેરેની સંબંધીત વિભાગોની મંજૂરી મળ્યા બાદ વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. તથા સબમાઇનોર (પ્રપ્રશાખા) નહેરોના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યાબાદ તબક્કાવાર હાથ ધરવાનું આયોજન છે.

-------

રાજ્યમાં જિલ્લાવાર નર્મદા નહેરની કામગીરી

અતારાંકિતઃ ૩૯૫૭(૦૯-૦૧-૨૦૧૫) : શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧ જુલાઇ, ૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નર્મદા નેહરની કામગીરી કયા તબક્કે છે,

(૨) આ કામગીરી ક્યારે પૂર્ણ થશે,

(૩) કેટલા વિસ્તારને આનો લાભ મળશે અને

(૪) ઉક્ત સ્થિતિએ આ અંગે કૂલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

મુખ્ય મંત્રીશ્રી (નર્મદા) : (૨૦-૦૨-૧૫) :

(૧) તા. ૩૧ જુલાઇ, ૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર નર્મદા નેહરની પૂર્ણ થયેલ લંબાઇ (કી.મી.) ની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | તા. ૩૧ જુલાઇ, ૨૦૧૪ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઇ (કી.મી.) |
|---|---|---|
| ૧ | નર્મદા | ૮૦૭ |
| ૨ | છોટાઉદેપુર | ૧૬૬૮ |
| ૩ | વડોદરા | ૭૮૩૬ |
| ૪ | પંચમહાલ | ૨૫૩ |
| ૫ | ભરૂચ | ૩૫૩૪ |
| ૬ | ખેડા | ૧૨૭૭ |
| ૭ | આણંદ | ૪ |
| ૮ | અમદાવાદ | ૩૨૬૪ |
| ૯ | ગાંધીનગર | ૪૫૬ |
| ૧૦ | મહેસાણા | ૫૧૬ |
| ૧૧ | સુરેન્દ્રનગર | ૧૮૯૪ |
| ૧૨ | મોરબી | ૩૭૪ |
| ૧૩ | ભાવનગર | ૧૫૦ |
| ૧૪ | બોટાદ | ૨૧૪ |
| ૧૫ | પાટણ | ૧૬૬૨ |
| ૧૬ | બનાસકાંઠા | ૧૪૫૭ |
| ૧૭ | કચ્છ | ૧૧૩ |
| | કુલ ... | ૨૫૪૭૯ |

તા. ૩૧-૦૭-૨૦૧૪ની સ્થિતિએ નર્મદા યોજનાની કેનાલ નેટવર્કનું શાખા (બ્રાન્ચ કેનાલ), વિશાખા (ડિસ્ટ્રીબ્યુટરી કેનાલ), તથા પ્રશાખા (માઇનોર કેનાલ) નું ૧૧૩૪૦.૨૯ કી.મી., તેમજ પ્રપ્રશાખા (સબમાઇનોર કેનાલ) નું કી.મી. લંબાઇમાં કામ કરવાનું બાકી છે.

(૨) સરદાર સરોવર (નર્મદા) યોજનાની નહેર માળખાનાં માઇનોર (પ્રશાખા) નહેર સુધીના કામો જમીન સંપાદન, જંગલ અને અભ્યારણમાંથી પસાર થતી નહેરો અને અન્ય યુટીલીટી ક્રોસીંગ્સ જેવા કે, રેલ્વે, રસ્તાઓ ગેસ ઓઇલ, પાઇપલાઇન ટેલીફોન/ઇલેકટ્રીક લાઇન વગેરેની સંબંધીત વિભાગોની મંજૂરી મળ્યા બાદ વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

સબ માઇનોર (પ્રશાખા) નહેરોના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.

(૩) સરદાર સરોવર (નર્મદા) યોજનાની નહેરો દ્વારા ગુજરાત રાજ્યના ૧૭ જિલ્લાના ૭૪ તાલુકાની ૧૭.૯૨ લાખ હેકટર વિસ્તારમાં સિંચાઇનો લાભ અંદાજેલ છે.

(૪) સરદાર સરોવર (નર્મદા) યોજનાની સમગ્ર કેનાલ નેટવર્કની કામગીરી માટે તા. ૩૧ જુલાઇ, ૨૦૧૪ સુધી કુલ રૂ. ૨૨૧૦૨.૦૩ કરોડનો ખર્ચ થયેલ છે.

--------

સૌની યોજના ના અમલ બાબત

અતારાંકિતઃ ૪૫૧૬(૨૧-૦૧-૨૦૧૫): શ્રી રાઘવજી હં. પટેલ(જામનગર ગ્રામ્ય) : માનનીય જળ સંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ સૌરાષ્ટ્ર જળાશયોને પાણીથી ભરવા માટે “સૌની યોજના” અમલમાં મુકી છે તે હકીકત ખરી છે.

(૨) જો, હા તો ઉકત સ્થિતિએ આ યોજનામાં કઇ કામગીરીઓ કરવાનું આયોજન છે અને તેમાં શું ખર્ચ થશે,

(૩) આ યોજના અમલ બાદ શું કામો કરવામાં આવ્યા અને

(૪) આ યોજનામાં અમલ બાદ તા. ૩૧-૧૨-૨૦૧૪ સુધી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

જળ સંપત્તિ મંત્રીશ્રી : (૧૯-૦૨-૧૫) :

(૧) હા જી.

(૨) આ યોજનામાં પાઇપ લાઇન અને પમ્પીંગ સ્ટેશનની કામગીરી કરવાનું આયોજન છે, જે માટે આશરે રૂ. ૧૨૧૬૬ કરોડનો ખર્ચ થવા સંભવ છે.

(૩) ૪ લીંક પાઇપ લાઇનમાં શરૂઆતના કુલ ૧૨ પેકેજોના પાઇપ લાઇન તેમજ પમ્પીંગ સ્ટેશનના કામો શરૂ કરવામાં આવેલ છે.

(૪) રૂ. ૧૩૭૬.૨૩ કરોડનો ખર્ચ કરવામાં આવેલ છે.

----------

મહેસાણા જિલ્લામાં ઇ-ગ્રામ યોજના હેઠળ કંપનીઓ પાસેથી ખરીદ કરવામાંઆવેલ વસ્તુઓની રકમ

અતારાંકિતઃ ૩૭૨૪(૧૭-૧૦-૨૦૧૪) : શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિમાં મહેસાણા જિલ્લામાં ઇ-ગ્રામ યોજના ક્યારે શરૂ કરવામાં આવી આ યોજના હેઠળ કઇ કઇ કંપનીઓ પાસેથી કેટલી સંખ્યામાં કોમ્પ્યુટર પ્રિન્ટર સ્કેનર વૉઇપ ફોન ખરીદવામાં આવ્યા છે,

(૨) ખરીદ કરવામાં આવેલ ઇન્સ્ટ્રુમેન્ટ પૈકી હાલ કેટલા ચાલુ છે,

(૩) અને કેટલા બંધ હાલતમાં છે, અને

(૪) કેટલી કિંમતમાં ખરીદવામાં આવી ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૧૯-૦૨-૧૫) :

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૪ની સ્થિતિમાં મહેસાણા જિલ્લામાં સને ૨૦૦૪-૦૫ થી ઇ-ગ્રામ યોજના શરૂ કરવામાં આવેલ છે. અને વીપ્રો એચસીએલ એસર અને એસઆઇએસ કંપની દ્વારા ૫૮૯ ઇ-ગ્રામ પંચાયતો ખાતે કોમ્પ્યુટર પ્રિન્ટર સ્કેનર વૉઇપ ફોન પુરા પાડવામાં આવેલ છે.

(૨) મહેસાણા જિલ્લાની તમામ ઇ-ગ્રામ પંચાયતો ખાતે તમામ ઇન્સ્ટ્રુમેન્ટ ચાલુ છે.

(૩) કોઇપણ ઇન્સ્ટ્રુમેન્ટ બંધ હાલતમાં નથી.

(૪) ૫૮૯ પૈકી ૫૭૧ કોમ્પ્યુટરો કુલ રૂ. ૧,૯૮,૨૭,૬૪૩/- ની કિંમતે ખરીદવામાં આવેલ છે. જ્યારે ૧૮ કોમ્પ્યુટરો લોક ફાળાથી મળેલ છે.

-------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાંથી ઇ-ગ્રામ દ્વારા જુદા જુદા ઉતારા કાઢવાથી ફી વસુલવામાંથી આવક

અતારાંકિતઃ ૪૧૨૧(૦૯-૦૧-૨૦૧૫): શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) મહેસૂલી નમુના નં. ૭/૧૨ અને ૮-અ ના ઉતારાઓ ઇ-ગ્રામ દ્વારા આપવા માટે તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ કેટલી ફી વસુલવામાં આવે છે,

(૨) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર મહીસાગર અને પંચમહાલ જિલ્લામાંથી જિલ્લાવાર રાજ્ય સરકારને કેટલી રકમ મળી ?

પંચાયત મંત્રીશ્રી (રાજ્ય કક્ષા) : (૧૯-૦૨-૧૫) :

(૧) મહેસૂલી નમુના નં. ૭/૧૨ અને ૮-અ ના ઉતારાઓ ઇ-ગ્રામ દ્વારા આપવાથી તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ફી પેટે પ્રતિ ઉતારા રૂ. ૫/- વસુલવામાં આવે છે.

(૨) ૧. મહીસાગર જિલ્લો તાજેતરમાં નવિન અસ્તિત્વમાં આવેલ છે. જેમાં વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન રૂ. ૧,૯૭,૦૫૪/- ની આવક રાજ્ય સરકારને મળેલ છે.

૨. પંચમહાલ જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં રૂ. ૪,૭૮,૮૫૩/-ની આવક રાજ્ય સરકારને મળેલ છે. છેલ્લા પાંચ વર્ષની વર્ષવાર વિગતો નીચે પ્રમાણે છે.

| ક્રમ | વર્ષ | થયેલ આવક (રૂ. માં) |
|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૧૧ | રૂ. ૮૦,૪૮૦/- |
| ૨ | વર્ષ ૨૦૧૨ | રૂ. ૯૧,૭૩૧/- |
| ૩ | વર્ષ ૨૦૧૩ | રૂ. ૧,૦૮,૮૨૬/- |
| ૪ | વર્ષ ૨૦૧૪ | રૂ. ૧,૮૩,૩૯૭/- |
| ૫ | વર્ષ ૨૦૧૫ (જાન્યુઆરી અંતિત) | રૂ. ૧૪,૪૧૯/- |
| | કૂલ રકમ ... | રૂ. ૪,૭૮,૮૫૩ |

---------

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

બનાસકાંઠા જિલ્લામાં જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રીન્યુઅલ મિશન હેઠળ પ્રોજેકટ

અતારાંકિતઃ ૩૯૮૬(૦૯-૦૧-૨૦૧૫): શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરીયાપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા. ૩૦-૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં કેટલી રકમ જવાહરલાલ નેહરુ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ કયા પ્રોજેકટો માટે ફાળવવામાં આવી, અને

(૨) ઉકત સ્થિતિએ કેટલા પ્રોજેકટ પૂર્ણ કરવામાં આવ્યા અને કેટલા પ્રોજેકટ ચાલુ છે, અને

(૩) બાકી રહેલ પ્રોજેકટ કયાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે ?

મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ) : (૧૯-૦૨-૧૫) :

(૧) અને (૨) તા. ૩૦-૬-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં જવાહરલાલ નેહરુ નેશનલ અર્બન રીન્યુઅલ મીશન હેઠળ કોઇ રકમ ફાળવવામાં આવી નથી. પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

----------

પંચમહાલ મહીસાગર જિલ્લામાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ફાળવેલ રકમ

અતારાંકિતઃ ૪૧૦૭ (૨૮-૦૨-૨૦૧૫): શ્રી ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમ કયા કામો માટે ફાળવવામાં આવી.

(૨) ફાળવવામાં આવેલ રકમ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી, અને

(૩) ઉકત યોજનામાં ભારત સરકાર દ્વારા આપવામાં આવતી ગ્રાંટ વાપવામાં આવી હોય તો તે કેટલી રકમ કયા કામો વાપરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) : (૧૯-૦૨-૧૫) :

(૧) સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં તાલુકાવાર નહીં પરંતુ શહેરી સ્થાનિક સંસ્થાઓવાર ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. તદ્અનુસાર પંચમહાલ જિલ્લાની નગરપાલિકાઓને ફાળવવામાં આવેલ રકમની વિગતો પત્રક-અ મુજબ અને મહીસાગર જિલ્લાની નગરપાલિકાઓને ફાળવવામાં આવેલ રકમની વિગતો પત્રક-બ મુજબ છે.

(૨) આ ફાળવવામાં આવેલ રકમ મુખ્ય સદર-૨૨૧૭ શહેરી વિકાસ, પેટા સદર-૫૬ નગરપાલિકાઓને સ્વર્ણિમ સિધ્ધિના લક્ષ્યાંકો અને નમૂનારૂપ શહેરો બનાવવા માટે સહાય (સ્વર્ણિમ ગુજરાત) તથા મુખ્ય સદર-૪૨૧૭ શહેરી વિકાસ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા સદર-યુડીપી-૫૬ નમૂનારૂપ શહેરી બનાવવા માટે નગરપાલિકાઓને મૂડી સહાય અને સ્વર્ણિમ સિધ્ધિ લક્ષ્યાંકો સિધ્ધ કરવા (સ્વર્ણિમ ગુજરાત) તેમજ મુખ્ય સદર-૨૨૧૭ શહેરી વિકાસ, પેટા સદર યુડીપી-૭૮ સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નગરપાલિકાઓને સહાયક અનુદાન હેઠળ ઉધારવામાં આવી.

(૩) ઉકત યોજના રાજ્ય સરકારની હોય, ભારત સરકાર દ્વારા ગ્રાન્ટ આપવામાં આવતી નથી.

પત્રક-અ

| વર્ષ | જિલ્લા શહેરી વિકાસ એજન્સી દ્વારા ફાળવેલ કુલ રકમમાંથી કામોવાર ફાળવેલ રકમની વિગતો (વહીવટી મંજૂરી મુજબ) રકમ (રૂ. લાખમાં) | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ગૌરવ-પથ | મુખ્ય રસ્તા | બ્રીજ | હરિયાળા શહેરોનું નિર્માણ | ટ્રાફીક સર્કલ | ખાનગી સોસાયટી જન-ભાગીદારી | જળસંચય કામો | હેરીટેજ કામો | સ્લમ વિસ્તારમાં સામાજીક સેવાઓ સુદ્ઢ બનાવવાના કામો | આંગણવાડી કેન્દ્રો | અન્ય કામો | કુલ |
| ગોધરા નગરપાલિકા | | | | | | | | | | | | |
| ૨૦૧૦-૧૧ | ૦.૦૦ | ૪૪૬.૦૦ | ૦.૦૦ | ૧૨.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૪૫.૦૦ | ૦.૦૦ | ૮૧.૦૦ | ૦.૦૦ | ૪૧.૦૦ | ૬૨૫.૦૦ |
(૩) આ ગુનાના કામના આરોપીઓ (૧) મહમદ ઈબ્રાહીમ સુખી, રહે. મહોમદી મહોલ્લા, ગોધરા, (૨) ફારૂક મહંમદ દાંત, રહે. ઈદગાહ મહોલ્લા, ગોધરા, (૩) મોહસીન ફારૂક ભોંચું, રહે. ઈદગાહ મહોલ્લા, ગોધરા, (૪) ગણપતભાઈ શાંતીલાલ મારવાડી, રહે. આમલીવાડ, ગોધરા છે. તેઓની સામે ગોધરા શહેર, બી ડીવીઝન પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજિસ્ટર નંબર ૧૮૫/૧૪ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૧ની કલમ-૬ખ,(૧)(૨),(૩), ૮(૪) તથા ઈ.પી.કો. કલમ-૨૯૫, ૧૧૪ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. અને આ ગુન્હાના કામે વપરાયેલ વાહન તથા આરોપીઓને અટક કરવામાં આવેલ છે. બીજા આરોપીઓની તપાસ હાલ ચાલુ છે. જે આરોપીઓ પકડાયેથી પાસા અટકાયતની કાર્યવાહી કરવામાં આવશે.

(૪) ગેરકાયદેસર રીતે ગૌમાંસની હેરાફેરી કરતા ઈસમો ઉપર, ઉપરી અધિકારીશ્રીઓ સાથે અવાર નવાર કોમ્બીંગ કરી આવી પ્રવૃત્તિ સદંતર બંધ થાય તે દિશામાં પ્રયત્નો ચાલુ છે. પોલીસ અધિક્ષકશ્રી, ગોધરાની સૂચના મુજબ નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ગોધરાના સુપરવિઝન હેઠળ સ્થાનિક પોલીસ, એલ.સી.બી. તથા એસ.ઓ.જી.ની ટીમો બનાવી અવાર નવાર કોમ્બીંગ કરી કેસો કરવામાં આવેલ છે તથા આ ગેરકાનૂની પ્રવૃત્તિ નાબૂદ કરવા પાસા જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

---------------

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

મહુધા તાલુકાના મહુધાચકલીમાં ગૌવંશની ગેરકાયદેસર કતલ

અતારાંકિત : ૩૯૦૬(૦૯-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ખેડા જિલ્લાના મહુધા તાલુકાના મહુધાચકલીમાં મહિશા નહેર પર અલીણાના કસાઈવાડા ખાતે તા. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૪ની સ્થિતિએ ગેરકાયદેસર ગૌવંશ-ગાય તથા બળદોની કતલ થાય છે તે પોલીસ તંત્ર જાણે છે કે કેમ.

(૨) આ ગેરકાનુની પ્રવૃત્તિ ચલાવનાર આરોપીઓ કોણ છે, અને તેની સામે શા પગલાં લેવામાં આવ્યા છે, અને

(૩) આ ગેરકાનુની ગૌવંશની કતલ બંધ કરવા શા પગલાં લેવાયા છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૨-૨૦૧૫) :

(૧) જણાવેલ સ્થળોએ કોઈ ગૌવંશ કે ગાય તથા બળદોની કતલના કેસો મહુધા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ નથી.

(૨)
અને પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)

--------------

કાલોલ પાસેથી પકડાયેલ ગૌમાંશનો જથ્થો

અતારાંકિત : ૩૯૦૮(૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ગોધરાના ગેરકાયદે કતલખાનામાં આશરે ૧૨૦૦૦ કિલો (બાર હજાર કિલો) જેટલું ગૌમાંશ (બીફ) કાલોલ પાસેથી તા. ૧૮-૯-૨૦૧૪ના રોજ ગૌરક્ષકોએ પકડી પાડયું હતું તે ગંભીર હકીકત સાચી છે.

(૨) જો, હા, તો આ ગુનાહિત કૃત્યમાં ગોધરા શહેરના કેટલા કતલખાના અને તેના કયા સંચાલકો સંડોવાયા હતા.

(૩) આ ગુનાહિત કામગીરીમાં સામેલ તમામ આરોપીઓ સામે પાસા સહિત શી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી, અને

(૪) ગોધરા શહેરમાં ચાલતા ગેરકાનુની કતલખાનાઓને જડમુળથી નાબૂદ કરવા ગૃહ વિભાગે આદેશો આપ્યા છે અને આ જવાબદારી કોને સોંપાઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૧-૨-૨૦૧૫) :

(૧) ના જી, ગૌરક્ષકોએ નહીં, પરંતુ પોલીસ તથા સ્થાનિક ગ્રામજનોએ પકડેલ છે.

(૨) ગોધરા શહેરમાં કોઈ કતલખાના આવેલા નથી. પરંતુ ગેરકાયદેસર રીતે ગૌવંશની કતલ કરનારા આરોપી (૧) આઈશર ટેમ્પા નં. જી.જે. ૨૩-બી-૨૦૦૨નો ડ્રાઈવર ફરીદોશ કાસમ કઠડી, રહે. રોયલ હોટલની બાજુમાં, ઘાસના ગોડાઉનની પાછળ, (૨) ઝુનેદ સુલેમાન સુરતી, રહે. સાતપુલ સોસાયટી, ગોધરા, (૩) ફીરદોશ સુલેમાન શેખ, રહે. ગોન્દ્ર કોર્ટની બાજુમાં, ગોધરા, (૪) આઈશર ટેમ્પા નં. જી.જે.-૧૮, યુ-૭૩૪૬નો ડ્રાઈવર મહમદભાઈ, (૫) સઉદ હાજી અબ્દુલ કરીમ બદામ, રહે. ગોધરા, (૬) ઈમરાન જર્દી, રહે. ગોધરા, (૭) આઈશર ટેમ્પા નં. જી.જે.૧૮, યુ-૭૩૪૬નો માલિક અકરમ શોકત પોસ્તી, રહે. મેદા પ્લોટ, ગોધરા, (૮) આઈશર ટેમ્પા નં. જી.જે-૨૩, વી-૨૦૦૨નો માલિક સુલેમાન કરીમ બદામ, રહે. ઉર્દુ કુમાર શાળા સામે, ગોધરા હતાં.

(૩) કાલોલ પોલીસ સ્ટેશન ફર્સ્ટ. ગુ.ર.નં. ૮૨/૨૦૧૪ થી ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ-૨૦૧૧ની કલમ-૬, (ખ), (૧), (૨), (૩), (૪) તથા ઈ.પી.કો. કલમ-૨૯૫ (ક), ૪૨૯, ૧૧૪ મુજબનો ગુન્હો દાખલ કરેલ છે. અને આ ગુન્હામાં કુલ-૪ આરોપીઓને અટક કરી પાસાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૪) ગેરકાયદેસર રીતે ગૌમાંશની હેરાફેરી કરતા તથા ગેરકાયદેસર પશુઓની હેરાફેરી કરતા ઈસમો ઉપર ઉપરી અધિકારશ્રીઓ સાથે અવાર નવાર કોમ્બીંગ કરી આવી પ્રવૃત્તિ સદંતર બંધ થાય તે દિશામાં પ્રયત્નો ચાલુ છે. ગોધરા પોલીસ અધિક્ષકશ્રીની સૂચના મુજબ નાયબ પોલીસ અધિક્ષકશ્રી, ગોધરાના સુપરવિઝન હેઠળ સ્થાનિક પોલીસ, એલ.સી.બી., એસ.ઓ.જી.ની ટીમો બનાવી અવાર નવાર કોમ્બીંગ કરી કેસો કરવામાં આવેલ છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિ નાબૂદ કરવા પાસા જેવા અટકાયતી પગલાં લેવામાં આવેલ છે.

--------------

## રતનપુર ચેકપોસ્ટ પાસેથી કતલખાને લઈ જતાં પકડાયેલ પ્રાણીઓ

અતારાંકિત : ૩૯૦૯ (૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) શામળાજી પાસે આવેલા રતનપુર ચેક પોસ્ટ પાસેથી રાજસ્થાનથી ગુજરાતના કતલખાનામાં લઈ જવાતા ત્રણ પ્રાણીઓ અને વાહનને પોલીસે તા. ૯-૯-૨૦૧૪ના રોજ પકડી પાડયા હતા તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો આ ગુનાહીત કામના આરોપીઓ, ટ્રાન્સપોર્ટરો, પ્રાણીને ખરીદનારા તથા વેચનારા, દલાલો તથા એજન્ટો કોણ હતા તથા તેની સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) આ પ્રાણીઓને કયા શહેરના કતલખાનામાં લઈ જવાતા હતા તથા તેને બંધ કરી શી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) : (૨૦-૨-૨૦૧૫) :

(૧) ના, જી.
(૨)
અને પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)

--------------

## ભુજ તાલુકાના વરનોરા ગામમાં કતલખાનું

અતારાંકિત : ૩૯૧૦ (૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) કચ્છ જિલ્લામાં ભુજ તાલુકાના નાના વરનોરા ગામમાં ગૌવંશ પ્રાણીઓની કતલનું ગેરકાનુની કતલખાનું તા. ૧૪-૯-૨૦૧૪ના રોજ મળી આવ્યું હતું તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો આ ગેરકાનુની કતલખાનું કેટલા સમયથી ચાલુ હતું, અને

(૩) આ ગૌવંશ કતલખાનાના સંચાલકો તેમાં ગૌવંશ વેચનારા, ગૌમાંશ ખરીદનારા અને ટ્રાન્સપોર્ટર સામે પાસા સહીત શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૧-૨-૨૦૧૫) :

(૧) ના, જી. ગેરકાનુની કતલખાનું નહિં પણ તપાસણી દરમિયાન ગૌવંશના અવશેષો મળી આવેલ હતા, તે સબબ આરોપીઓની પુછપરછ દરમિયાન પોતાના વાડામાં બે બળદની કતલ કરેલ હોવાનું જણાવેલ.

(૨) ચોરી છુપીથી બે બળદની કતલ કરેલ પરંતુ કતલખાનું ચાલતું ન હતું.

(૩) આરોપીઓ સામે ભુજ સીટી-બી ડિવિઝન પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજિસ્ટર નંબર. ૧૭૨/૧૪ ઈ.પી.કો. કલમ-૨૯૫ તથા ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ-૨૦૧૧ની કલમ-૫(૧), (૧-ક), ૬(ખ), (૧), ૮(૨)(૪) તથા ઢોર અતિક્રમણ ધારાની કલમ-૧૧-એલ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. અને ૪ આરોપીઓ સામે પાસાની કાર્યવાહી કરવામાં આવેલ છે.

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

--------------

દેવગઢ બારીયા-પીપલોદ રોડ પરથી કતલખાને લઈ જવાતા ગૌવંશને પોલીસ દ્વારા બચાવવા બાબત

અતારાંકિત : ૩૯૧૪(૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) દેવગઢ બારીયા પીપલોદ રોડ પર તા. ૧૦-૦૯-૨૦૧૪ના રોજ ૨૪ જેટલા ગૌવંશ પ્રાણીઓને મોઢા અને પગના ભાગે દોરડા વડે બાંધી કતલખાનામાં લઈ જવાતા પોલીસે બચાવી લીધા હતા તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો આ ગુનાહીત કામમાં સંડોવાયેલા સામે પાસા સહીતની શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) તમામ ગૌવંશ પ્રાણીઓને કયા શહેરના કતલખાનામાં લઈ જવામાં આવતા હતા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૦-૨-૨૦૧૫) :

(૧) દેવગઢ બારીયા પીપલોદ રોડ પર તા. ૧૦-૦૯-૨૦૧૪ના રોજ નહીં, પરંતુ તા. ૮-૯-૨૦૧૪ના રોજ આ ૨૪ જેટલા ગૌવંશ પ્રાણીઓને પોલીસે બચાવી લીધેલ છે.

(૨) આ ગુન્હાહીત કામમાં સંડોવાયેલા ઈસમ મહંમદ ઈરફાન સઈદ શેખ, રહે. રાણી મસ્જીદ પાસે, ગોધરા, જિ. પંચમહાલ સામે દેવગઢ બારીયા પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજિસ્ટર નંબર ૫૪/૧૪ એનિમલ ક્રુએલ્ટી એક્ટ કલમ-૩(૧૧) ૧ ડી તથા પ્રાણી સંરક્ષણ અધિનિયમ કલમ-૫, ૮ મુજબ તા. ૮-૯-૨૦૧૪ના રોજ ગુન્હો નોંધાયેલ અને તે કામે તા. ૬-૧૨-૨૦૧૪ના રોજ અટક કરી કોર્ટ કસ્ટડીમાં મોકલી આપેલ છે તથા તેના વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે. આરોપી વિરૂધ્ધ પાસાની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૩) તમામ ગૌવંશ પ્રાણીઓને ગોધરા સુધી લઈ જનાર હોવાની આરોપીથી હકીકત જણાઈ આવેલ છે.

--------------

ભરૂચ શહેરમાં ગૌવંશ માંસ વેચતી દુકાનો બાબત

અતારાંકિતઃ ૩૯૧૫(૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે : -

(૧) ભરૂચ શહેરમાં ગેરકાયદે કતલખાનામાં ગૌવંશની કતલ કરી તેનુ માંસ વેચતી દુકાનો ભઠીયારવાડ, મોટી બજાર, દાંડીયા બજાર તથા કસક જેવા વિસ્તારોમાં ઓગસ્ટ-૨૦૧૪ની સ્થિતિએ ચાલી રહી છે તે હકિકત પોલીસતંત્ર જાણે છે કે કેમ,

(૨) જો હા, તો આ ગેરકાનુની પ્રવૃત્તિઓ કેટલા સમયથી ચાલુ છે, અને

(૩) આ ગુનાહીત પ્રવૃત્તિ કરનારા આરોપીઓ કોણ છે અને તેની સામે પાસા સહીતની શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) (૨૧-૦૨-૨૦૧૫) :

(૧) આવી કોઈ પ્રવૃત્તિ ચાલતી નથી.

(૨)
અને પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)

---------

સાંખડા ગામ પાસેથી પકડાયેલ ગૌવંશ

અતારાંકિતઃ૩૯૧૬ (૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે : -

(૧) વેરાવળ તાલુકાના સાંખડા ગામ પાસેથી તા. ૦૭-૦૯-૨૦૧૪ના રોજ કતલખાનામાં બાર ગૌવંશ વાછરડાને દોરડાથી બાંધીને લઈ જવાતા હતા ત્યારે પોલીસે બચાવી લીધા હતા તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો આ ગુનાહીત કામના આરોપીઓ કોણ હતા તથા તેની સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે, અને

(૩) ગૌવંશ વાછરડાને ક્યા કતલખાનામાં લઈ જવાતા હતા તથા તેના સંચાલકો સામે શી કાનુની કાર્યવાહી કરવામાં આવી છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) હા જી.

(૨) આરોપી (૧) શાંતાબેન વા/ઓ રાયમલ સોલંકી, રહે. રામપરા, (૨) રાજુબેન વા/ઓ બાબુભાઈ છગનભાઈ પરમાર, રહે. રામપરા, (૩) રામીબેન ઉર્ફે મીનીબેન દિનુભાઈ માનસીંગભાઈ પરમાર, રહે. રામપરા, (૪) નંદુબેન ડો/ઓ બાબુભાઈ છગનભાઈ પરમાર, રહે. રામપરા ના છે. તેઓની વિરૂદ્ધમાં પ્રભાસપાટણ પોલીસ સ્ટેશન ગુન્હા રજિસ્ટર નંબર સેકન્ડ ૩૦૭૩/૧૪ પશુ પ્રત્યે ઘાતકીપણાની કલમ-૧૧ એ,એફ મુજબ ગુન્હો રજીસ્ટ્રેશન કરી તા. ૮-૯-૧૪ના કલાક ૧૩-૪૫ વાગ્યે અટક કરી નામદાર કોર્ટ હવાલે કરેલ છે. તથા નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરાયેલ છે.

(૩) આરોપીઓની પુછપરછ કરાતાં આ વાછરડાને ક્યા કતલખાને લઈ જવાના હતા તે બાબતે કોઈ હકીકત જણાવેલ નથી. જેથી તેના સંચાલકો કોણ છે તે જણાવેલ ન હોવાથી તેઓ સામે કોઈ કાર્યવાહી થયેલ નથી.

-------------

ચોટીલા-વાંકાનેર રસ્તા પાસેથી ગૌવંશને બચાવવા બાબત

અતારાંકિતઃ ૩૯૧૮(૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ચોટીલા-વાંકાનેર રસ્તા પાસે તા. ૨/૩ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ ૧૧૧ જેટલા ગૌ-વંશ વાછરડાને અત્યંત ક્રૂરતાપૂર્વક હાલતમાં મિરઝાપુર ખાતેના કતલ ખાનામાં લઈ જવાતા હતા તેને ગૌરક્ષકો દ્વારા બચાવીને પોલીસને સોંપાયા હતા તે હકીકત સાચી છે, અને

(૨) ગૌવંશને કતલ માટે મોકલનાર ઈસમો સામે શી કાનુની કાર્યવાહી થયેલ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૧-૦૨-૨૦૧૫) :

(૧) ના, જી. તા. ૦૨-૦૩-૧૦-૨૦૧૪ના રોજ ચોટીલા વાંકાનેર રસ્તા ઉપર ગૌવંશ વાછરડા મળી આવેલ નથી. પરંતુ તા. ૦૧-૧૦-૨૦૧૪ના રોજ ગૌવંશ જીવ નંગ-૧૦૮ વાંકાનેર તાલુકાના પ્રતાપગઢ ગામેથી કતલખાને મોકલવાની તૈયારી સાથે મળી આવેલ.

(૨) આ કામે વાંકાનેર પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજિસ્ટર નંબર ૩૧૨૯-૧૪, પશુ પ્રત્યે ઘાતકીપણુ કલમ-૧૧એ, એચ, ૫(૧) (ક) (ઘ), ૬ (ક) ૧-૮ વિગેરે મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે

-----------

ગોધરાથી અમદાવાદ, કતલ માટે લઈ જવાતી ગાયોને બચાવવા બાબત

અતારાંકિતઃ ૩૯૧૯(૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ગોધરાથી અમદાવાદના મિરઝાપુર ખાતેના ગેરકાયદેસર કતલખાનામાં ૧૭ જેટલી ગાયોને તા. ૦૩-૧૦-૨૦૧૪ના રોજ ગૌ રક્ષકોએ બચાવી લઈ પોલીસને સોંપી હતી તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો મીરઝાપુરના ક્યા કતલખાનામાં લઈ જવાની હતી અને તેની સામે તથા તેના ક્યા ક્યા સંચાલકો સામે શા કાનુની પગલાં લેવાયા છે, અને

(૩) ગૌવંશને ગોધરાથી મોકલનારા, ઈસમો સામે શી કાનુની કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૧-૦૨-૨૦૧૫) :

(૧) ના, જી.

(૨)

અને પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩)

-----------

ગોધરા શહેરમાં પોલીસ દ્વારા ગાયોને બચાવવા બાબત

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

અતારાંકિતઃ ૩૯૨૧ (૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ગોધરા શહેરના ગૌવંશ કતલ માટે કુખ્યાત બનેલા ગની પ્લોટ વિસ્તારમાં જુન ૨૦૧૪માં લઈ જવામાં આવતા ૨૧ ગાયોને પોલીસે બચાવી લીધી હતી. તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો આ ગુનાહીત કામના આરોપી કોણ હતા અને ગની પ્લોટના ક્યા કતલખાનામાં લઈ જવામાં આવતા હતા, અને

(૩) તમામ આરોપીઓ સામે ક્યા કાયદા હેઠળ શી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૧-૦૨-૨૦૧૫) :

(૧) ના, જી. ગની પ્લોટ નહિ, પરંતુ દાહોદ તરફથી ગોધરા તરફ આવતા લીલેસરા બાયપાસ ચોકડી ઉપરથી આ ગાયો પકડાયેલ છે.

(૨) આ કામના આરોપીઓ (૧) ઉમર ફારૂક મુસા જાતે ટીલડી રહે. વેજલપુર રોડ વચલા ઓઢા ગોધરા, (૨) અબ્દુલ રઉફ હુસેન બદામ ઉર્ફે સઉદ હાજી રહે. ગની પ્લોટ ગોધરા હતા. આ ગાયોને ગની પ્લોટ વિસ્તારમાં લઈ જવાની હતી. તેવી હકીકત જણાયેલ નથી.

(૩) ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૧ની કલમ-૫(ક), ૬(ક), (૧) (૨) ઘ ક (૪) (૩), ૮ તથા ઈ.પી.કો. કલમ-૨૭૯, ૧૮૧ અને એમ.વી. એકટ કલમ-૧૭૭, ૧૮૪ તથા જી.પી. એકટ-૧૧૯ મુજબનો ગુન્હો દાખલ કરી આરોપી ઉમર ફારૂક મુસાને ગુન્હાના કામે અટક કરી નામદાર કોર્ટમાં મોકલી આપી, તેમના વિરૂદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે. અને આરોપી અબ્દુલ રઉફ બદામ ઉર્ફે સઉદ હાજીને પકડવાનો બાકી છે, જેને પકડી આગળની કાર્યવાહી પુરી કરવા તજવીજ કરવામા આવેલ છે.

--------

હરીયારાણ ગામની સીમમાંથી ગેરકાયદે કતલખાનું પકડાયા બાબત

અતારાંકિતઃ ૩૯૨૨(૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજ્યમાં ધોરાજી નજીક આવેલ હરીયારાણ ગામની સીમમાંથી ગૌવંશ કતલનું ચાલતું ગેરકાયદે કતલખાનુ જુન-૨૦૧૪માં પકડી પાડવામાં આવ્યું હતું તે હકીકત સાચી છે.

(૨) આ કતલખાનું કેટલા સમયથી ચાલુ હતું અને તેમાં કેટલા ગૌવંશની ગેરકાયદે કતલ કરાઈ હતી, અને

(૩) ઉક્ત ગુનાહીત કૃત્યના આરોપીઓ કોણ છે અને તેની સામે ક્યા કાયદા નીચે કાનુની કાર્યવાહી થઈ ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) અને (૨) ના, જી. હકીકતમાં જામકંડોરણા પોલીસ સ્ટેશન વિસ્તારના હરીયાસણ ગામે કતલ કરવાના ઈરાદે ૫ બળદો ઝાડ સાથે બાંધેલ મળી આવેલ હતા.

(૩) ઉપરોક્ત ગુન્હામાં આરોપી શ્રી બાઘાભાઈ ઓઘળભાઈ ઉર્ફે ઘોઘાભાઈ પરમાર જાતે સરાણીયા, રહે. સુપેડી, તા. ધોરાજી મુળ રહે. બગસરા નટવર સોસાયટી યાર્ડ સામે રેલવે પાટા પાસે જિ. અમરેલી છે. આ આરોપી સામે પશુ સંરક્ષણ અધિનિયમ-૨૦૧૧ ની કલમ ૬(ક), ૧, ૮ તથા પશુ ઘાતકીપણું અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧ (ડી) તથા પશુ સંરક્ષણ અધિનયમ-૧૯૫૪ની કલમ-૫(૧) મુજબ જામકંડોરણા પોલીસ સ્ટેશન ગુન્હા રજિસ્ટર નંબર ૩૦૧૬/૨૦૧૪થી ગુન્હો દાખલ કરી તેને અટક કરી તપાસના અંતે તેના વિરૂદ્ધ ચાર્જશીટ નં. ૨૧/૧૪ તા. ૧૮-૦૭-૨૦૧૪થી ભરી કેસ કોર્ટમાં કમીટ કરેલ છે. તેમજ મજકૂર આરોપીને તા. ૦૫-૦૮-૨૦૧૪ના રોજ પાસા હેઠળ અટકાયતમાં લઈ વડોદરા મધ્યસ્થ જેલ હવાલે કરેલ છે.

-------

કોટેજ ચોકડી, લુણાવાડા ખાતેથી ગૌવંશ બળદોને બચાવવા બાબત

અતારાંકિતઃ ૩૯૨૩(૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજસ્થાનથી, ગોધરાના કતલખાનામાં મે-૨૦૧૪ના રોજ લઈ જવાતા ૧૮ ગૌવંશ બળદોને બે ટેમ્પા મારફતે કોટેજ ચોકડી, લુણાવાડા ખાતેથી બચાવી લેવામાં આવ્યા હતા તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો આ ગુનાહિત કામના આરોપીઓ કોણ કોણ હતા અને ક્યા કતલખાનામાં લઈ જવામાં આવતા હતા.

(૩) તમામ આરોપીઓ સામે પાસા સહિત ક્યા કાયદા હેઠળ શી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૪) ગુનાહિત વાહન સામે ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ-૨૦૧૧ હેઠળ બંને વાહન ૬ માસ માટે પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યા છે કે કેમ અને જો ના, તો તેના શા કારણો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૧-૦૨-૨૦૧૫) :

(૧) હા, જી.

(૨) (૧) ગંગારામ હુડારામ માળી રહે. પવારા, તા. સાંચોર, જિ. જુબેર (રાજસ્થાન), (૨) પુનમગર તતેગર ગોસ્વામી, રહે. ડેડુવા, તા. થરાદ. જિ. બનાસકાંઠા, ગુજરાત, (૩) ગેવરસિંહ ગિરધરલાલ ચૌહાણ, રહે. ડાંગરા, તા. સાચોર, જિ. ઝાલોર, (રાજસ્થાન), (૪) મેનારામ સમતાજી મેઘવાડ, રહે. ડાંગરા, તા. સાચોર, જિ. ઝાલોર, (રાજસ્થાન) આ કામના આરોપીઓ છે. તપાસ નિવેદનમાં આ આરોપીઓએ કોઈ જ સ્પષ્ટતા કરેલ નથી. જેથી કતલખાનાનું નામ-સરનામું તપાસમાં મળેલ નથી.

(૩) આરોપીઓ સામે ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ-૨૦૧૧ ની કલમ-૫, ૬, (૧) (૨) (૩), ૮, ૧૦, ૧૧ તથા પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ની કલમ-૧૧ ડી.એચ.એલ., મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. અને આરોપીઓએ આ પ્રથમ ગુનો કરેલાનું તેમજ કતલખાના અંગે તપાસમાં કોઈ નામ સરનામા મળી આવેલ ન હોઈ આ કામના આરોપીઓને પાસા કરવામાં આવેલ નથી.

(૪) આરોપીઓ પાસેથી જે તે વખતે ટાટા ટેમ્પા નંબર જીજે. ૮ વી. ૨૭૩ તથા ટેમ્પા નંબર જીજે ૧૭ વાય ૯૪૨૪ બન્ને વાહનો કબજે લેવામાં આવેલ હતા. અને મહે. એડી. ચીફ જ્યુડીસીયલ મેજીસ્ટ્રેટ સાહેબ, લુણાવાડાની કોર્ટના ગુ. જાવક નંબર ૫૫૩/૨૦૧૪, તા. ૧૫-૭-૨૦૧૪ના હુકમ અન્વયે સદર બન્ને વાહનો તા. ૧૬-૭-૧૪ના રોજ અરજદારોને પરત સોંપવામાં આવેલ છે.

----------------

અમદાવાદ જિલ્લામાં ગૌવંશની કતલ, હેરાફેરી કરતાં ઇસમોને પોલીસ દ્વારા આઇડેન્ટીફાઇ કરવા બાબત

અતારાંકિતઃ ૩૯૨૪(૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) અમદાવાદ જિલ્લામાં ગૌવંશની કતલ, હેરાફેરી, ગેરકાયદે ખરીદ વેચાણ કરનારા કેટલા ઇસમોને પોલીસતંત્ર દ્વારા ૩૦ જુન, ૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ૫ વર્ષમાં આઇડેન્ટીફાઇ કરવામાં આવ્યા,

(૨) કેટલા ઇસમો સામે પાસા સહિત શી કાનુની કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) આઇડેન્ટીફાઇ થયેલા ઇસમો આવી ગુનાહિત પ્રવૃત્તિમાં ફરી ન સંડોવાય તે માટે તેના પર વોચ રાખવાની જવાબદારી કોને સોંપાઇ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૧-૦૨-૨૦૧૫) :

(૧) ૯૭૬ ઇસમો.

(૨) ૨૩૪ ઇસમો સામે પાસાની કામગીરી કરવામાં આવી છે.

(૩) આઇડેન્ટીફાઇ થયેલ ઇસમો ફરીવાર આવી ગુનાહીત પ્રવૃત્તિમાં ન સંડોવાય તે માટે તેઓ ઉપર વોચ રાખવા તેમજ આવી પ્રવૃત્તિ અટકાવવા સારૂ આ પ્રકારની હેરાફેરીના રૂટ ઉપર સતત પેટ્રોલીંગ રહે તે માટે માણસો તેમજ મોબાઇલ વાહનોથી સતત પેટ્રોલીંગ રાખી પોતાના વિસ્તારોમાં ગૌવંશની કતલ, હેરાફેરી કરતા ઇસમોને ઝબ્બે કરવા તથા આવી ગેરકાયદેસર કતલ હેરાફેરી રોકવા માટે અગત્યના નાકા ઉપર સઘન વાહનચેકિંગ કરવા અને ગુનાહિત જણાઇ આવે કાયદેસર કાર્યવાહી કરવાની અમદાવાદ શહેર તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન, ડીવીઝન, ઝોન ઇન્ચાર્જશ્રીઓને સૂચના આપેલ છે.

----------------

મોડાસા હાઇવે પરનાં લીંબડીયા પાસેથી ગૌવંશને બચાવવા બાબત

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫

અતારાંકિત પ્રશ્નો

અતારાંકિતઃ ૩૯૨૬(૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) મોડાસાથી ટેમ્પા મારફતે જૂન, ૨૦૧૪માં ગેરકાનૂની કતલના ઈરાદાથી લઈ જવાતા ૧૩ ગૌવંશ ભરેલા વાહનને મોડાસા હાઇવે પરથી લીંબડીયા પાસેથી પોલીસે બચાવી લીધા હતા તે હકીકત સાચી છે.

(૨) આ ગુનાહીત કામના આરોપીઓ કોણ કોણ હતા અને ગૌવંશને કયા કતલખાનામાં લઈ જવામાં આવતા હતા, અને

(૩) તમામ આરોપીઓ સામે પાસા સહિત કયા કાયદા હેઠળ શી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, અને

(૪) ગુનાહિત વાહન સામે ગુજરાત પ્રાણી સંરક્ષણ (સુધારા) અધિનિયમ, ૨૦૧૧ હેઠળ ૬ (છ) માસ માટે પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવ્યા છે કે કેમ અને જો ના, તો તેના શા કારણો છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) હા, જી.

(૨) આ કામના આરોપીઓ (૧) અકરમ સોકત પોસતી રહે, ઇદગા મહોલ્લા રોડ, હાલ રહે. મેદા પ્લોટ, વેજલપુર રોડ ગોધરા અને (૨) અનસ અનવર રહેમાન, રહે. ગોન્દ્રા, ઇદગા મહોલ્લા, ગોધરા છે. કતલખાનાનું નામ-સરનામું મળી આવેલ નથી.

(૩) આરોપીઓ વિરૂધ્ધ બાકોર પોલીસ સ્ટેશન સેકન્ડ ગુન્હા રજિસ્ટર નંબર. ૨૭/૧૪ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૧ ની કલમ-૬ (ક) (૧) (૨) (૩), ૮, ૧૦ તથા પશુ ઘાતકીપણાની કલમ-૧૧ ડી.એ.ઈ.એફ.એલ. મુજબ તા. ૧-૬-૨૦૧૪ થી ગુન્હો દાખલ કરેલ છે. આ આરોપીઓએ આ પ્રથમ ગુનો કરેલાનું તેમજ કતલખાનાના કોઈ નામ-સરનામાં મળી આવેલ ન હોઈ, તેઓ વિરૂધ્ધ પાસાની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૪) હા, જી. વાહન જપ્ત કરવામાં આવેલ છે.

----------------

સરાળીયા ગામ પાસેથી બળદોને બચાવવા બાબત

અતારાંકિતઃ ૩૯૨૭(૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) જુનાગઢ જિલ્લાના માણાવદર તાલુકાના સરાળીયા ગામ પાસેથી જાન્યુઆરી, ૨૦૧૪ના રોજ પોલીસ ગેરકાનુની કતલખાનામાં લઈ જવાતા ૧૧ ગૌવંશ બળદોને બચાવી લીધા હતા તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો આ ગુનાહિત કામના આરોપીઓ કોણ હતા અને ગૌવંશને કયા કતલખાનામાં લઈ જવામાં આવતા હતા, અને

(૩) તમામ આરોપીઓ સામે પાસા સહિત કયા કાયદા હેઠળ શી કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૦-૦૨-૨૦૧૫) :

(૧) હા, જી.

(૨) આ કામના આરોપી વાહન મુકી નાસી ગયેલા હોય અને આરોપીઓ પકડાયેલ ન હોઈ વિગતો જાણી શકાયેલ નથી.

(૩) આ કામે માણાવદર પો. સ્ટે. ગુ.ર. નં. સે. ૩૦૦૬/૧૪ ગુ.પશુ સંરક્ષણ અધિનિયમ-૨૦૧૧ કલમ-૬(૩) તથા ૮, પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ કલમ ૫-૧-૮ પશુ પ્રત્યે ઘાતકીપણા અટકાવવાની કલમ ૧૧(૧) ક,ઘ,ચ,ઝ,ટ,છ,ડ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. વાહન કબજે કરવામાં આવેલ છે તથા આ કામના આરોપીઓની તપાસ તજવીજ ચાલુ છે.

----------------

થરાદ તાલુકાના લવાણા ગામની સીમમાંથી બળદો ભરેલ ટ્રક પકડાયા બાબત

અતારાંકિત : ૩૯૨૯(૦૯-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) થરાદ તાલુકાના લવાણા ગામની સીમમાંથી ગૌરક્ષકોની માહિતીના આધારે કતલખાનામાં લઈ જવાતા ૧૨ ગૌવંશ બળદો ભરેલ એક ટ્રક ઓગસ્ટ-૨૦૧૨માં પોલીસે પકડી પાડ્યો હતો તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ ગુનાહિત કામના આરોપીઓ કોણ કોણ હતા અને ગૌવંશ કયા કતલખાનામાં લઈ જવામાં આવતા હતા, અને

(૩) તમામ આરોપીઓ સામે પાસા સહિત કયા કાયદા હેઠળ શી કાનૂની હાથ ધરવામાં આવી છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૦-૨-૨૦૧૫) :

(૧) ના, જી. થરાદ તાલુકાના લવાણા ગામની સીમમાંથી ૧૨ ગૌવંશ ભરેલ એક ટ્રક હકિકતમાં તા. ૧૭-૪-૨૦૧૨ના રોજ પકડાયેલ હતી.

(૨) આ અંગે બનાસકાંઠા જિલ્લામાં થરાદ પોલીસ સ્ટેશન ખાતે સેકન્ડ ગુન્હા રજિસ્ટર નંબર ૩૦૩૧/૧૨નો ગુનો એપ્રિલ-૨૦૧૨માં દાખલ થયેલ. જેમાં ટ્રક નંબર જી.જે.-૯, વાય-૯૦૮૮નો ચાલક ફોટાખાન સવજલખાન મુસલમાન રહે. પન્ડરવાલી, તા. ચોહટન, જિ. બાડમેર, રાજસ્થાનવાળો ટ્રક મૂકી નાસી ગયેલ હતો. જેની અવાર-નવાર તપાસ કરતાં સદરહું આરોપીની કોઈ ભાળ મળેલ ન હોવાથી તપાસ ના અંતે વર્ગ-અ પડત ફાઈનલ ભરેલ હતું અને તપાસ ચાલુમાં છે. તેમજ હાલમાં તાજેતરમાં પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, થરાદ મારફતે રાજસ્થાન મુકામે સદરહું આરોપીના ઘરે તપાસ કરાવતા સદરહું આરોપી પોતાના ઘરે રહેતો નથી. અને ડ્રાઈવિંગનો ધંધો કરે છે. તેવું જાણવા મળેલ અને તેની કોઈ ભાળ મળેલ નથી. આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ-૭૦ મુજબનું વોરંટ મેળવવાની કાર્યવાહી નામદાર કોર્ટમાં કરવામાં આવેલ છે.

(૩) આરોપી વિરૂધ્ધ ઉપર મુજબનો ગુનો દાખલ કરાયેલ છે. અને તે મળી આવેલ ન હોઈ પાસાના કાયદા હેઠળ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

--------------

મોરબી શહેરમાં ગાયોના મોત નિપજાવવા બાબત

અતારાંકિત : ૩૯૩૧(૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) મોરબી શહેરમાં કાર્બાઈડની ઝેરી પડીકી ખવરાવી ૨૦ ગાયોના જુન-૨૦૧૪માં મોત નિપજાવવામાં આવ્યા હતાં તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ ગુનાહિત કામના આરોપીઓ કોણ છે અને તેની સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૧-૨-૨૦૧૫) :

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------------

અમદાવાદ જિલ્લામાં ગેરકાયદે ચાલતા કતલખાના, પોલીસ તંત્ર દ્વારા આઇડેન્ટીફાઈ કરવા બાબત

અતારાંકિત : ૩૯૩૨(૧૩-૦૧-૨૦૧૫) ધર્મેન્દ્રસિંહ મે. જાડેજા (જામનગર–ઉત્તર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

(૧) અમદાવાદ જિલ્લામાં જુન-૨૦૧૪ની સ્થિતિએ કેટલા ગેરકાયદે કતલખાના પોલીસ તંત્રએ આઇડેન્ટીફાઈ કરેલાં છે.

(૨) આ કતલખાનાના સંચાલકો કોણ છે અને કયા પ્રાણીની કતલ થાય છે.

(૩) ઉક્ત સ્થિતિએ તમામ ગેરકાયદે કતલખાના સામે શી કાનૂની કાર્યવાહી થઈ છે અને તે પૈકી કેટલા બંધ કરી દેવાયાં છે, અને ?

(૪) બાકી રહેલાં ગેરકાયદે કતલખાના કયાં સુધીમાં બંધ કરવામાં આવનાર છે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૦-૨-૨૦૧૫) :

(૧) કોઈ નહિં.

(૨)
(૩)
અને પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)

--------------

રાજ્યમાં પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન બાબત

અતારાંકિત : ૩૯૬૫ (૦૯-૦૧-૨૦૧૫) ગ્યાસુદીન હ. શેખ (દરિયાપુર) :

માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) રાજ્યના તમામ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવાનું નક્કી કરેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦-૬-૨૦૧૪ની સ્થિતિએ કેટલા પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યુ, અને

(૩) બાકી રહેલ પોલીસ સ્ટેશનોનું કોમ્પ્યુટરાઈઝેશન ક્યાં સુધીમાં કરવામાં આવશે ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૧-૨-૨૦૧૫) :

(૧) હા, જી.

(૨) પોલીસ સ્ટેશનોમાં કોમ્પ્યુટરાઈઝેશન બાબતે નીચે મુજબ સ્થિતિ છે.

- કોમ્પ્યુટરાઈઝેશન માટે ઈ-ગુજકોપ એપ્લીકેશન સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે.
- જે માટે પ્રથમ તબક્કામાં રાજ્યના ૫૨૨ પોલીસ સ્ટેશનોને હાર્ડવેર ફાળવવામાં આવેલ છે. જીસ્વાન અને બી.એસ.એન.એલ.ની કનેક્ટીવીટી આપવામાં આવેલ છે તેમજ ડેટાના ડીજીટાઇઝેશનની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે, અને ડેટા વેરીફીકેશનની કામગીરી આખરી તબક્કામાં છે.

(૩) બાકી રહેતા પોલીસ સ્ટેશનોનો હાર્ડવેર સર્વે કરાવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે, જે આખરી થયે તમામ પોલીસ સ્ટેશનો ખાતે કોમ્પ્યુટરાઈઝેશન પુર્ણ કરવામાં આવશે.

---------------

ગાંધીનગર, અમદાવાદ, પાટણ અને મહેસાણા જિલ્લામાં બાળકો પર આચરવામાં આવતા ગુનાઓ

અતારાંકિત : ૪૩૩૯ (૨૭-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ ગાંધીનગર, અમદાવાદ, પાટણ અને મહેસાણા જિલ્લામાં બાળકો પર આચરવામાં આવતાં ગુનાઓના પ્રમાણમાં વધારો થયો છે તે હકીકત સાચી છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં તાલુકાવાર બાળકો પર આચરવામાં આવતા ગુનાઓના કુલ કેટલા બનાવો વર્ષવાર નોંધાયા, અને

(૩) તે પૈકી વર્ષવાર કેટલાં ગુનેગારોની ધરપકડ કરી, કેટલાંની બાકી છે અને તેઓની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૧-૨-૨૦૧૫) :

(૧) વધઘટ સાથે કંઈક અંશે વધારો જોવા મળેલ છે.

(૨) સામેલ પત્રક-૧ મુજબ.

(૩) સામેલ પત્રક-૨ મુજબ.

પત્રક – ૧

| જિલ્લાનું નામ | તાલુકાનું નામ | તા. ૧-૧૨-૨૦૦૯ થી તા. ૩૦-૧૧-૨૦૧૦ | તા. ૧-૧૨-૨૦૧૦ થી તા. ૩૦-૧૧-૨૦૧૧ | તા. ૧-૧૨-૨૦૧૧ થી તા. ૩૦-૧૧-૨૦૧૨ | તા. ૧-૧૨-૨૦૧૨ થી તા. ૩૦-૧૧-૨૦૧૩ | તા. ૧-૧૨-૨૦૧૩ થી તા. ૩૦-૧૧-૨૦૧૪ |
|---|---|---|---|---|---|---|
| ગાંધીનગર | ગાંધીનગર | ૨૪ | ૧૭ | ૨૧ | ૨૯ | ૨૦ |
| | માણસા | ૭ | ૮ | ૭ | ૧૪ | ૧૦ |
| | કલોલ | ૬ | ૪ | ૭ | ૨૧ | ૨૫ |
| | દહેગામ | ૫ | ૩ | ૮ | ૮ | ૧૪ |
| અમદાવાદ | ધોળકા | ૩ | ૪ | ૮ | ૯ | ૧૭ |
| | બાવળા | ૧૦ | ૭ | ૪ | ૧૦ | ૯ |
| | ધંધુકા | ૦ | ૫ | ૪ | ૩ | ૪ |
| | ધોલેરા | ૧ | ૧ | ૨ | ૪ | ૧ |
| | સાણંદ | ૦ | ૯ | ૭ | ૭ | ૨૦ |
| | દસ્ક્રોઈ | ૧૧ | ૧૦ | ૯ | ૧૭ | ૨૫ |
| | સીટી | ૦ | ૦ | ૦ | ૧ | ૦ |
| | વિરમગામ | ૦ | ૭ | ૪ | ૫ | ૮ |
| | માંડલ | ૧ | ૦ | ૧ | ૧ | ૨ |
| | દેત્રોજ | ૦ | ૪ | ૧ | ૧ | ૨ |
| પાટણ | પાટણ | ૩ | ૬ | ૭ | ૨૨ | ૨૫ |
| | સિધ્ધપુર | ૦ | ૧ | ૧ | ૨ | ૭ |
| | સરસ્વતી | ૦ | ૨ | ૩ | ૧૨ | ૩ |
| | ચાણસ્મા | ૦ | ૩ | ૦ | ૧૬ | ૬ |
| | હારીજ | ૪ | ૬ | ૭ | ૮ | ૧૧ |
| | સાંતલપુર | ૧ | ૨ | ૦ | ૨ | ૦ |
| | રાધનપુર | ૧ | ૭ | ૪ | ૩ | ૧ |
| | સમી | ૦ | ૪ | ૨ | ૫ | ૧૧ |
| મહેસાણા | મહેસાણા | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૮ | ૨૨ |
| | કડી | ૭ | ૧૧ | ૫ | ૨૦ | ૧૨ |
| | બહુચરાજી | ૨ | ૨ | ૨ | ૧ | ૩ |
| | વિસનગર | ૪ | ૧૦ | ૧૧ | ૧૭ | ૧૩ |
| | વિજાપુર | ૧૨ | ૧૧ | ૮ | ૧૧ | ૫ |
| | ખેરાલુ | ૧ | ૧ | ૦ | ૭ | ૭ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | ઉંઝા | ૩ | ૧ | ૨ | ૫ | ૧૨ |
| | વડનગર | ૩ | ૨ | ૫ | ૯ | ૯ |
| | સતલાસણા | ૨ | ૨ | ૨ | ૨ | ૧ |

પત્રક-૨

| વર્ષ | ગુનેગારોની ધરપકડ કરી | ગુનેગારોની ધરપકડ કરવાની બાકી | ગુનેગારો સામે કરાયેલ કાર્યવાહી |
|---|---|---|---|
| તા. ૧-૧૨-૨૦૦૯ થી તા. ૩૦-૧૧-૨૦૧૦ | ૧૫૮ | ૭ | પકડાયેલ આરોપીઓ સામે નામ. કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે. પકડવાના બાકી આરોપીઓને પકડવાની તજવીજ ચાલુ છે/તેઓ વિરૂધ્ધ CrPC 70 મુજબ વોરંટ કઢાવવાની અમલવારી કરવામાં આવેલ છે. |
| તા. ૧-૧૨-૨૦૧૦ થી તા. ૩૦-૧૧-૨૦૧૧ | ૨૪૪ | ૧૮ | |
| તા. ૧-૧૨-૨૦૧૧ થી તા. ૩૦-૧૧-૨૦૧૨ | ૨૩૪ | ૧૪ | |
| તા. ૧-૧૨-૨૦૧૨ થી તા. ૩૦-૧૧-૨૦૧૩ | ૪૨૪ | ૨૩ | |
| તા. ૧-૧૨-૨૦૧૩ થી તા. ૩૦-૧૧-૨૦૧૪ | ૩૬૭ | ૩૩ | |

----------------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મહિલા પોલીસ

અતારાંકિત : ૪૩૯૮(૨૧-૦૧-૨૦૧૫) ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં જિલ્લાવાર કેટલા પોલીસ સ્ટેશનો આવેલા છે.

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલું મહેકમ મંજુર થયેલ છે, અને

(૩) તે અન્વયે કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે ?

મુખ્ય મંત્રીશ્રી (ગૃહ) (૨૧-૨-૨૦૧૫) :

(૧) ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતએ મહીસાગર જિલ્લામાં ૮ (આઠ) અને પંચમહાલ જિલ્લામાં ૧૩ (તેર) પોલીસ સ્ટેશન આવેલા છે.

(૨) મહીસાગર જિલ્લામાં ૫૯૭ અને પંચમહાલ જિલ્લામાં ૧૨૫૫નું મહેકમ મંજુર થયેલ છે.

(૩) મહીસાગર જિલ્લામાં ૪૯૫ જગ્યાઓ ભરાયેલ છે. અને ૧૦૨ જગ્યાઓ ખાલી છે, જ્યારે પંચમહાલ જિલ્લામાં ૧૦૦૧ જગ્યાઓ ભરાયેલ છે. અને ૨૫૪ જગ્યાઓ ખાલી છે.

----------

રાજ્યની જેલોમાંથી પ્રતિબંધિત વસ્તુઓ મળવા બાબત

ચૈત્ર ૨, ૧૯૩૭ શાકે

અતારાંકિત પ્રશ્નો

અતારાંકિત : ૪૪૪૨(૨૧-૦૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યની કઈ જેલોમાંથી કેટલા મોબાઈલ અને સિમકાર્ડ મળી આવ્યા, અને

(૨) ગેરકાયદેસર મોબાઈલ અને સિમકાર્ડ રાખવા બદલ શાં પગલાં લીધા ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૧-૨-૨૦૧૫) :

(૧) સામેલ પત્રક મુજબ.

(૨) જવાબદાર કેદીઓ સામે સબંધિત પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે, તેમજ જેલ મેન્યુઅલ મુજબ શિક્ષા કરવામાં આવેલ છે/ આવશે. જ્યારે જવાબદાર અધિકારી/કર્મચારીઓ વિરૂદ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ છે /ચાલુ છે.

પત્રક

| અ.નં. | જેલનું નામ | મોબાઈલની સંખ્યા | સીમકાર્ડની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ મધ્યસ્થ જેલ | ૬૨ | ૨૩ |
| ૨ | વડોદરા મધ્યસ્થ જેલ | ૧૭૦ | ૭૪ |
| ૩ | રાજકોટ મધ્યસ્થ જેલ | ૭૫ | ૩૦ |
| ૪ | લાજપોર મધ્યસ્થ જેલ | ૫૭ | ૨૪ |
| ૫ | પોરબંદર ખાસ જેલ | ૦૦ | ૦૦ |
| ૬ | પાલારા ખાસ જેલ | ૧૪ | ૧૭ |
| ૭ | મહેસાણા જિલ્લા જેલ | ૦૪ | ૦૧ |
| ૮ | પાલનપુર જિલ્લા જેલ | ૦૦ | ૦૧ |
| ૯ | નડીયાદ જિલ્લા જેલ | ૦૨ | ૦૧ |
| ૧૦ | ભાવનગર જિલ્લા જેલ | ૧૬ | ૧૨ |
| ૧૧ | જામનગર જિલ્લા જેલ | ૩૨ | ૨૨ |
| ૧૨ | જુનાગઢ જિલ્લા જેલ | ૨૬ | ૦૮ |
| ૧૩ | અમરેલી જિલ્લા જેલ | ૩૦ | ૦૮ |
| ૧૪ | હિંમતનગર સબ જેલ | ૦૦ | ૦૦ |
| ૧૫ | મોડાસા સબ જેલ | ૦૦ | ૦૦ |
| અ.નં. | જેલનું નામ | મોબાઈલની સંખ્યા | સીમકાર્ડની સંખ્યા |
| ૧૬ | સુરેન્દ્રનગર સબ જેલ | ૦૯ | ૦૧ |
| ૧૭ | ગોંડલ સબ જેલ | ૨૩ | ૧૧ |
| ૧૮ | ભરૂચ સબ જેલ | ૧૬ | ૦૭ |
| ૧૯ | ગોધરા સબ જેલ | ૦૧ | ૦૧ |
| ૨૦ | નવસારી સબ જેલ | ૦૦ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨૧ | રાજપીપળા સબ જેલ | ૦૦ | ૦૧ |
| ૨૨ | છોટાઉદેપુર સબ જેલ | ૦૧ | ૦૧ |
| ૨૩ | મોરબી સબ જેલ | ૦૦ | ૦૧ |
| ૨૪ | પાટણ સબ જેલ | ૦૦ | ૦૦ |
| ૨૫ | અમરેલી ઓપન જેલ | ૦૦ | ૦૦ |

-------------

રાજ્યમાં મહિલા પોલીસ સ્ટેશનો

અતારાંકિત : ૪૪૫૨(૨૧-૦૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ કેટલા મહિલા પોલીસ સ્ટેશનો આવેલા છે,

(૨) તેનું કેટલું મહેકમ મંજૂર થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિ તે અન્વયે કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૧-૨-૨૦૧૫) :

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં કુલ ૩૦ (ત્રીસ) મહિલા પોલીસ સ્ટેશનો આવેલા છે.

(૨) તેનું ૧૭૨૩ જગ્યાઓનું મહેકમ મંજુર થયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ ૫૦૫ જગ્યાઓ ભરાયેલ છે અને ૧૨૧૮ જગ્યાઓ ખાલી છે.

----------

રાજ્યમાં એટ્રોસીટી એકટ હેઠળનાં કેસોની તપાસ સોંપવા બાબત

અતારાંકિત : ૪૫૦૪(૨૧-૦૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ રાજ્યમાં એટ્રોસીટી જોગવાઈ મુજબ નોંધાયેલ કેસોની તપાસ કઈ કેડરને સોંપવામાં આવે છે?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૧-૨-૨૦૧૫) :

પોલીસ કમિશનરેટમાં મદદનીશ પોલીસ કમિશનર (એસ.સી./એસ.ટી.સેલ)ને તથા જિલ્લામાં નાયબ પોલીસ અધીક્ષક (એસ.સી.એસ.ટી.સેલ)ને આવા કેસોની તપાસ સોંપવામાં આવે છે.

----------

ભાવનગર જિલ્લામાં આર.ટી.આઈ.ના અરજદારોનાં વાહનો ડીટેઈન કરવા બાબત

અતારાંકિત : ૪૭૦૭ (૨૮-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) ૧૫-૧-૨૦૧૫ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં પોલીસ સ્ટેશનોમાં આરટીઆઈની અરજીઓ આપવા જતાં અરજદારોનાં વાહનો ડીટેઈન કરી તેઓને હેરાન કરવામાં આવે છે તે હકિકતથી સરકાર વાકેફ છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં પોલીસ સ્ટેશન વાર આવા કેટલા કિસ્સાઓ ધ્યાનમાં આવ્યા,

(૩) આવા કિસ્સાઓમાં શું કાર્યવાહીઓ કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આવાં કિસ્સાઓમાં પોલીસ સ્ટેશનમાં ફરજ પરનાં આવા જવાબદારો સામે શું કાર્યવાહી કરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (ગૃહ) (૨૦-૨-૨૦૧૫) :

(૧) આવો કોઈ બનાવ બનેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------------

જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં લોન સહાયની અરજીઓ

અતારાંકિત : ૪૨૫૫(૨૧-૦૧-૨૦૧૫) શૈલેષ મ. પરમાર (દાણીલીમડા) : માનનીય કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યના જિલ્લાવાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં લોન સહાય મેળવવા માટે કુલ કેટલી અરજીઓ આવી.

(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂરી કરી કેટલી રકમની સહાય આપવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે. અને પડતર રહેવાના શા કારણો છે ?

કુટિર ઉદ્યોગ મંત્રીશ્રી (૨૧-૨-૨૦૧૫) :

(૧) જિલ્લાવાર આવેલ અરજીઓની માહિતી સામેલ પત્રક-૧ મુજબ છે.

(૨) આવેલ અરજીઓ પૈકી મંજુર કરેલ અરજીઓ અને સહાયની રકમની માહિતી સામેલ પત્રક-૨ મુજબ છે.

(૩) આવેલ અરજીઓ પૈકી પડતર અરજીઓ અને પડતર રહેવાના કારણોની માહિતી પત્રક-૩ મુજબ છે.

પત્રક-૧

| અ.નં. | જિલ્લાનું નામ | શ્રી વાજપાઈ બેંકેબલ યોજના | જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૨૯૪૨ | ૨૪૮ |
| ૨ | અમરેલી | ૫૩૧૩ | ૨૦ |
| ૩ | આણંદ | ૯૧૧૭ | ૩૦ |
| ૪ | અરવલી | ૧૪૫૬ | ૦ |
| ૫ | બનાસકાંઠા | ૯૬૮૫ | ૭ |
| ૬ | ભરૂચ | ૪૧૫૬ | ૧૬ |
| ૭ | ભાવનગર | ૧૦૦૬૭ | ૨૯ |
| ૮ | બોટાદ | ૨૩૮ | ૦ |
| ૯ | છોટાઉદેપુર | ૧૧૪૧ | ૦ |

| અ.નં. | જિલ્લાનું નામ | શ્રી વાજપાઈ બેંકેબલ યોજના | જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના |
|---|---|---|---|
| ૧૦ | દાહોદ | ૭૧૧૭ | ૩ |
| ૧૧ | ડાંગ | ૧૧૭૧ | ૬ |
| ૧૨ | દેવગઢ બારીયા | ૫૦૦ | ૦ |
| ૧૩ | ગાંધીનગર | ૬૪૪૨ | ૧૯ |
| ૧૪ | ગીર સોમનાથ | ૪૩૭ | ૧ |
| ૧૫ | જામનગર | ૫૯૪૭ | ૧૯ |
| ૧૬ | જુનાગઢ | ૬૯૫૮ | ૩૧ |
| ૧૭ | ખેડા | ૧૧૦૪૭ | ૪ |
| ૧૮ | કચ્છ | ૧૦૩૬૩ | ૧૫ |
| ૧૯ | મહીસાગર | ૧૬૮૫ | ૦ |
| ૨૦ | મહેસાણા | ૭૫૦૩ | ૪૧ |
| ૨૧ | મોરબી | ૪૪૨ | ૦ |
| ૨૨ | નર્મદા | ૧૭૭૨ | ૫ |

| | | | |
|---|---|---|---|
| ૨૩ | નવસારી | ૫૫૭૮ | ૨૩ |
| ૨૪ | પંચમહાલ | ૧૦૪૫૨ | ૨૩ |
| ૨૫ | પાટણ | ૬૫૪૬ | ૪ |
| ૨૬ | પોરબંદર | ૨૪૬૯ | ૫૮ |
| ૨૭ | રાજકોટ | ૧૦૮૯૫ | ૨૨ |
| ૨૮ | સાબરકાંઠા | ૮૨૮૯ | ૨૩ |
| ૨૯ | સુરત | ૧૨૮૧૮ | ૩૮૯ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૫૧૮૫ | ૧૦ |
| ૩૧ | તાપી | ૫૨૦૮ | ૫ |
| ૩૨ | વડોદરા | ૧૩૬૯૮ | ૨૧ |
| ૩૩ | વલસાડ | ૭૬૧૦ | ૧૦ |
| | કુલઃ- | ૨૧૪૨૪૭ | ૧૦૮૨ |

પત્રક -૨

તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નીચે મુજબ જિલ્લાવાર અરજીઓ મંજુર કરવામાં આવેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | શ્રી વાજપાઈ બેંકેબલ યોજના | | જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના | |
|---|---|---|---|---|---|
| | | મંજુર અરજીઓ | ચુકવેલ સહાય | મંજુર અરજીઓ | ચુકવેલ સહાય |
| ૧ | અમદાવાદ | ૧૧૭૫૨ | ૧૧૬૦.૫૭ | ૭૪ | ૧૦૭.૯૧ |
| ૨ | અમરેલી | ૨૩૨૩ | ૩૩૦.૭૯ | ૪ | ૭.૯૮ |
| ૩ | આણંદ | ૪૬૧૭ | ૮૦૫.૫૭ | ૨૧ | ૫.૯૬ |
| ૪ | અરવલી | ૪૫૯ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૫ | બનાસકાંઠા | ૩૫૬૫ | ૪૩૧.૭૧ | ૫ | ૦.૦૦ |
| ૬ | ભરૂચ | ૨૬૧૬ | ૩૦૫.૭૩ | ૫ | ૬.૨૯ |
| ૭ | ભાવનગર | ૪૭૯૧ | ૯૫૨.૮૬ | ૬ | ૧૬.૦૦ |
| ૮ | બોટાદ | ૭૫ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૯ | છોટાઉદેપુર | ૨૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૧૦ | દાહોદ | ૨૪૦૪ | ૩૨૭.૭૩ | ૨ | ૪.૦૭ |
| ૧૧ | ડાંગ | ૪૨૦ | ૪૨.૪૩ | ૧ | ૧.૨૬ |
| ૧૨ | દેવગઢ બારીયા | ૧૭૧ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૧૩ | ગાંધીનગર | ૨૫૮૧ | ૨૪૦.૨૨ | ૩ | ૧.૬૧ |
| ૧૪ | ગીર સોમનાથ | ૧૮૭ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૧૫ | જામનગર | ૨૯૧૭ | ૪૧૩.૯૬ | ૫ | ૭.૫૭ |
| ૧૬ | જુનાગઢ | ૨૮૩૪ | ૪૭૪.૪૦ | ૧૩ | ૩૦.૫૭ |
| ૧૭ | ખેડા | ૪૫૪૦ | ૮૭૩.૫૮ | ૨ | ૦.૦૦ |
| ૧૮ | કચ્છ | ૩૪૦૦ | ૫૭૪.૭૩ | ૦ | ૦.૦૦ |
| ૧૯ | મહીસાગર | ૨૧૨ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૨૦ | મહેસાણા | ૪૬૭૮ | ૫૩૬.૭૮ | ૭ | ૧૪.૭૦ |
| ૨૧ | મોરબી | ૮૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૨૨ | નર્મદા | ૭૫૫ | ૯૩.૭૭ | ૧ | ૩.૦૦ |
| ૨૩ | નવસારી | ૨૬૨૨ | ૫૧૧.૧૨ | ૮ | ૧૧.૬૫ |
| ૨૪ | પંચમહાલ | ૨૮૪૨ | ૩૯૨.૩૨ | ૪ | ૩.૭૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫ | પાટણ | ૨૬૩૨ | ૨૮૨.૨૦ | ૨ | ૪.૯૪ |
| ૨૬ | પોરબંદર | ૧૦૭૧ | ૨૦૧.૪૬ | ૮ | ૦.૦૦ |
| ૨૭ | રાજકોટ | ૩૦૧૦ | ૪૦૯.૯૮ | ૭ | ૭.૪૬ |
| ૨૮ | સાબરકાંઠા | ૩૯૩૪ | ૬૮૩.૪૯ | ૫ | ૧૩.૫૪ |
| ૨૯ | સુરત | ૪૭૦૧ | ૬૭૭.૮૩ | ૧૩૪ | ૪૦૯.૨૫ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૧૮૬૧ | ૨૫૪.૪૭ | ૨ | ૯.૫૨ |
| ૩૧ | તાપી | ૧૯૬૫ | ૩૬૬.૦૫ | ૨ | ૦.૦૦ |
| ૩૨ | વડોદરા | ૫૭૭૧ | ૯૨૨.૮૫ | ૫ | ૧૧.૫૫ |
| ૩૩ | વલસાડ | ૩૫૨૧ | ૫૯૧.૮૩ | ૪ | ૬.૩૪ |
| | કુલઃ- | ૮૯૫૦૭ | ૧૨૮૫૮.૪૩ | ૩૩૦ | ૬૮૪.૯૫ |

પત્રક-૩

ઉક્ત સ્થિતિએ ૩૧-૧૨-૨૦૧૪ના રોજ નીચે મુજબ અરજીઓ પડતર છે.

| શ્રી વાજપાઈ બેંકેબલ યોજના | | | જ્યોતિ ગ્રામોધોગ વિકાસ યોજના | |
|---|---|---|---|---|
| જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર અરજીઓ | બેંક કક્ષાએ પડતર અરજીઓની સંખ્યા | | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર અરજીઓ | બેંક કક્ષાએ પડતર અરજીઓની સંખ્યા |
| ૧૦૦૯૮ | ૨૪૫૮૫ | | ૧૨૦ | ૧૫૭ |

(૧) ઉક્ત સ્થિતએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

(૧) અરજદાર કચેરીમાં સાધનીક પુરાવા સાથે ચકાસણી અર્થે હાજર ન રહેવાથી.

(૨) ધંધાના સ્થળનો આધાર રજૂ કરેલ ન હોવાથી.

(૩) અરજદારે અરજી સાથે સાધનિક કાગળો સામેલ ન કરેલ હોવાથી.

(૨) ઉક્ત સ્થિતિએ બેંક કક્ષાએ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

(૧) અરજદાર બેંકમાં હાજર ન રહેવાથી.

(૨) લાભાર્થી બાકીદાર હોય /કુટુંબ બાકીદાર હોવાથી.

(૩) બેંકનો લક્ષ્યાંક પુર્ણ થવાથી.

(૪) અરજદારે અગાઉ લાભ લીધેલ હોવાથી.

(૫) ધંધો અર્થક્ષમ ન હોવાના કારણે.

(૬) એક જ પ્રકારના ધંધા વારંવાર આવતા હોવાથી.

-----------

રાજ્યમાં જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં લોન સહાયની અરજીઓ

અતારાંકિત : ૪૫૫૯(૨૧-૦૧-૨૦૧૫) ડો. તેજશ્રીબેન દિ. પટેલ (વિરમગામ) : માનનીય કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લાવાર જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં લોન સહાય મેળવવા માટે કુલ કેટલી અરજીઓ આવી,
(૨) તે પૈકી જિલ્લાવાર કેટલી અરજીઓ મંજુર કરી કેટલી રકમની સહાય આપવામાં આવી, અને
(૩) ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ પડતર છે. અને પડતર રહેવાના શા કારણો છે ?

કુટીર ઉદ્યોગ મંત્રીશ્રી (૨૧-૨-૨૦૧૫) :
(૧) જિલ્લાવાર આવેલ અરજીઓની માહિતિ સામેલ પત્રક-૧ મુજબ છે.
(૨) આવેલ અરજીઓ પૈકી મંજુર કરેલ અરજીઓ અને સહાયની રકમની માહિતી સામેલ પત્રક-૨ મુજબ છે.
(૩) આવેલ અરજીઓ પૈકી પડતર અરજીઓ અને પડતર રહેવાના કારણોની માહિતી પત્રક-૩ મુજબ છે.

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
અતારાંકિત પ્રશ્નો

પત્રક – ૧

| અ.નં. | જિલ્લાનું નામ | શ્રી વાજપાઇ બેંકેબલ યોજના | જ્યોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | અમદાવાદ | ૩૮૧૪૮ | ૨૭૩ |
| ૨ | અમરેલી | ૧૦૦૦૦ | ૨૦ |
| ૩ | આણંદ | ૧૫૦૭૯ | ૪૦ |
| ૪ | અરવલ્લી | ૧૪૫૬ | ૦ |
| ૫ | બનાસકાંઠા | ૧૯૦૮૨ | ૭ |
| ૬ | ભરૂચ | ૭૫૦૧ | ૧૬ |
| ૭ | ભાવનગર | ૧૬૯૯૨ | ૩૫ |
| ૮ | બોટાદ | ૨૩૮ | ૦ |
| ૯ | છોટાઉદેપુર | ૧૧૪૧ | ૦ |
| ૧૦ | દાહોદ | ૧૧૯૮૯ | ૬ |
| ૧૧ | ડાંગ | ૧૬૪૩ | ૬ |
| ૧૨ | દેવગઢ બારીયા | ૫૦૦ | ૦ |
| ૧૩ | ગાંધીનગર | ૧૧૫૨૨ | ૧૯ |
| ૧૪ | ગીર સોમનાથ | ૪૩૭ | ૧ |
| ૧૫ | જામનગર | ૧૦૯૯૧ | ૨૦ |
| ૧૬ | જુનાગઢ | ૧૫૦૩૦ | ૬૦ |
| ૧૭ | ખેડા | ૧૮૭૭૮ | ૪ |
| ૧૮ | કચ્છ | ૧૬૯૩૬ | ૧૫ |
| ૧૯ | મહીસાગર | ૧૬૮૫ | ૦ |
| ૨૦ | મહેસાણા | ૧૩૪૫૦ | ૫૧ |
| ૨૧ | મોરબી | ૪૪૨ | ૦ |
| ૨૨ | નર્મદા | ૩૮૫૪ | ૫ |
| ૨૩ | નવસારી | ૯૪૫૯ | ૩૫ |
| ૨૪ | પંચમહાલ | ૧૯૮૮૧ | ૨૫ |
| ૨૫ | પાટણ | ૧૧૫૮૭ | ૧૮ |
| ૨૬ | પોરબંદર | ૫૬૨૮ | ૭૨ |
| ૨૭ | રાજકોટ | ૨૦૦૯૩ | ૨૪ |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૨૮ | સાબરકાંઠા | ૧૫૪૧૪ | ૪૯ |
| ૨૯ | સુરત | ૧૮૭૯૬ | ૪૧૦ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૧૦૧૫૫ | ૨૦ |
| ૩૧ | તાપી | ૭૯૩૨ | ૫ |
| ૩૨ | વડોદરા | ૨૫૨૧૦ | ૨૧ |
| ૩૩ | વલસાડ | ૧૩૩૪૭ | ૧૦ |
| | કુલ ... | ૩૭૪૩૯૬ | ૧૨૬૭ |

પત્રક – ૨

તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં નીચે મુજબ અરજીઓ મંજુર કરવામાં તેમજ સહાય ચુકવવામાં આવેલ છે.

| અ.નં. | જિલ્લાનું નામ | શ્રી વાજપાઇ બેંકેબલ યોજના | | જ્યોતિગ્રામોદ્યોગ વિકાસ યોજના | |
|---|---|---|---|---|---|
| | | મંજુર થયેલ અરજીઓ | ચુકવેલ સહાય | મંજુર થયેલ અરજીઓ | ચુકવેલ સહાય |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | અમદાવાદ | ૧૮૮૩૭ | ૧૮૫૬.૧૩ | ૭૫ | ૧૧૪.૨૯ |
| ૨ | અમરેલી | ૪૩૮૨ | ૫૬૬.૨૮ | ૪ | ૭.૯૮ |
| ૩ | આણંદ | ૭૭૯૫ | ૧૧૯૯.૭૩ | ૨૩ | ૮.૦૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૪ | અરવલ્લી | ૪૫૯ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૫ | બનાસકાંઠા | ૬૫૦૧ | ૭૪૯.૪૦ | ૬ | ૦.૦૦ |
| ૬ | ભરૂચ | ૪૬૩૯ | ૪૭૪.૫૭ | ૫ | ૬.૨૯ |
| ૭ | ભાવનગર | ૯૦૧૯ | ૧૪૭૮.૮૦ | ૧૧ | ૫૧.૩૦ |
| ૮ | બોટાદ | ૭૫ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૯ | છોટાઉદેપુર | ૨૦૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૧૦ | દાહોદ | ૪૧૯૯ | ૫૩૮.૪૧ | ૨ | ૪.૦૭ |
| ૧૧ | ડાંગ | ૬૬૮ | ૭૧.૦૩ | ૧ | ૧.૨૬ |
| ૧૨ | દેવગઢ બારીયા | ૧૭૧ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૧૩ | ગાંધીનગર | ૪૭૪૯ | ૪૨૦.૫૦ | ૩ | ૧.૬૧ |
| ૧૪ | ગીર સોમનાથ | ૧૮૭ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૧૫ | જામનગર | ૫૨૬૭ | ૭૧૫.૧૧ | ૬ | ૭.૫૭ |
| ૧૬ | જુનાગઢ | ૬૩૭૪ | ૮૮૧.૦૩ | ૧૯ | ૩૯.૭૫ |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧૭ | ખેડા | ૮૨૬૦ | ૧૩૨૭.૭૫ | ૨ | ૦.૦૦ |
| ૧૮ | કચ્છ | ૫૨૦૫ | ૭૭૯.૯૩ | ૦ | ૦.૦૦ |
| ૧૯ | મહીસાગર | ૨૧૨ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૨૦ | મહેસાણા | ૮૦૭૩ | ૮૭૧.૮૭ | ૭ | ૧૭.૧૦ |
| ૨૧ | મોરબી | ૮૦ | ૦.૦૦ | ૦ | ૦.૦૦ |
| ૨૨ | નર્મદા | ૧૮૧૧ | ૧૯૩.૯૨ | ૧ | ૩.૦૦ |
| ૨૩ | નવસારી | ૪૭૨૯ | ૭૧૦.૦૨ | ૧૬ | ૧૧.૬૫ |
| ૨૪ | પંચમહાલ | ૬૨૨૬ | ૭૪૧.૫૪ | ૪ | ૪૭૩ |
| ૨૫ | પાટણ | ૪૮૧૦ | ૪૯૦.૯૨ | ૩ | ૬.૫૩ |
| ૨૬ | પોરબંદર | ૨૧૬૭ | ૩૦૨.૩૯ | ૧૧ | ૦.૦૦ |
| ૨૭ | રાજકોટ | ૫૫૩૫ | ૬૭૩.૪૯ | ૯ | ૧૪.૯૬ |
| ૨૮ | સાબરકાંઠા | ૭૬૬૮ | ૯૭૫.૬૯ | ૫ | ૧૩.૫૪ |
| ૨૯ | સુરત | ૮૧૯૬ | ૧૦૫૪.૦૫ | ૧૩૬ | ૪૦૯.૨૫ |
| ૩૦ | સુરેન્દ્રનગર | ૩૭૬૦ | ૪૩૪.૩૯ | ૩ | ૧૨.૪૯ |
| ૩૧ | તાપી | ૩૫૬૮ | ૬૩૫.૬૩ | ૨ | ૦.૦૦ |
| ૩૨ | વડોદરા | ૧૧૪૭૪ | ૧૫૩૧.૩૯ | ૫ | ૧૧.૫૫ |
| ૩૩ | વલસાડ | ૫૬૬૪ | ૮૦૨.૦૪ | ૫ | ૬.૩૪ |
| | કુલ ... | ૧૬૦૯૨૪ | ૨૦૪૮૫.૦૧ | ૩૬૪ | ૭૫૩.૩૦ |

પત્રક – ૩

ઉકત સ્થિતિએ તા. ૩૧-૧૨-૨૦૧૪ના રોજ નીચે મુજબ અરજીઓ પડતર છે અને તેના કારણો

| શ્રી વાજપાઇ બેંકેબલ યોજના | | જ્યોતિગ્રામોધોગ વિકાસ યોજના | |
|---|---|---|---|
| જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર અરજીઓ | બેંક કક્ષાએ પડતર અરજીઓની સંખ્યા | જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર અરજીઓ | બેંક કક્ષાએ પડતર અરજીઓની સંખ્યા |
| ૧૦૦૯૮ | ૨૪૫૮૫ | ૧૨૦ | ૧૫૭ |

(૨) ઉકત સ્થિતિએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર કક્ષાએ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

(૧) અરજદાર કચેરીમાં સાધનીક પુરાવા સાથે ચકાસણી અર્થે હાજર ન રહેવાથી.

(૨) ધંધાના સ્થળનો આધાર રજૂ કરેલ ન હોવાથી.

(૩) અરજદારે અરજી સાથે સાધનિક કાગળો સામેલ ન કરેલ હોવાથી.

(૩) ઉકત સ્થિતિએ બેંક કક્ષાએ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

(૧) અરજદાર બેંકમાં હાજર ન રહેવાથી.

(૨) લાભાર્થી બાકીદાર હોય / કુટુંબ બાકીદાર હોવાથી.

(૩) બેંકનો લક્ષ્યાંક પુર્ણ થવાથી.

(૪) અરજદારે અગાઉ લાભ લીધેલ હોવાથી.

(૫) ધંધો અર્થક્ષમ ન હોવાના કારણે.

(૬) એક જ પ્રકારના ધંધા વારંવાર આવતા હોવાથી.

-----------

મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તલાટી-કમ-મંત્રીઓની જગ્યા

અતારાંકિત : ૪૪૦૦ (૧૫-૦૧-૨૦૧૫) ગેંદાલભાઇ મો. ડામોર (સંતરામપુર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૪ની સ્થિતિએ મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર પંચાયત હસ્તકની જિલ્લાવાર તલાટી-કમ-મંત્રીઓની કેટલી જગ્યા છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે.

(૩) તાલુકાવાર કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉકત સ્થિતિએ ખાલી જગ્યાઓ હોય ત્યાં વહીવટી કામકાજ માટે શી વ્યવસ્થા કરવામાં આવી ?

પંચાયત મંત્રીશ્રી (રાજયક્ષા) (૨૧-૨-૨૦૧૫) :

(૧) આ સાથે સામેલ પત્રક-૧ મુજબ

(૨) આ સાથે સામેલ પત્રક-૨ મુજબ

(૩) આ સાથે સામેલ પત્રક-૩ મુજબ

(૪) ખાલી જગ્યાઓ હોય ત્યાં વહીવટી કામકાજ માટે નજીકના તલાટી કમ મંત્રીઓને ચાર્જ સુપરત કરવામાં આવેલ છે.

પત્રક – ૧

| ક્રમ | પંચમહાલ | | મહીસાગર | |
|---|---|---|---|---|
| | તાલુકાનું નામ | મંજૂર મહેકમ | તાલુકાનું નામ | મંજૂર મહેકમ |
| ૧ | જાંબુઘોડા | ૧૭ | લુણાવાડા | ૮૮ |
| ૨ | હાલોલ | ૬૫ | ખાનપુર | ૨૯ |
| ૩ | કાલોલ | ૭૩ | સંતરામપુર | ૪૨ |
| ૪ | ગોધરા | ૭૪ | કડાણા | ૨૬ |
| ૫ | મોરવા (હ) | ૩૩ | બાલાશિનોર | ૨૪ |
| ૬ | શહેરા | ૫૦ | વિરપુર | ૧૯ |
| ૭ | ઘોઘંબા | ૩૪ | - | - |
| | કુલ ... | ૩૪૬ | કુલ ... | ૨૨૮ |

પત્રક – ૨

| ક્રમ | પંચમહાલ | | મહીસાગર | |
|---|---|---|---|---|
| | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યા | તાલુકાનું નામ | ભરાયેલ જગ્યા |
| ૧ | જાંબુઘોડા | ૭ | લુણાવાડા | ૫૨ |
| ૨ | હાલોલ | ૪૩ | ખાનપુર | ૧૫ |
| ૩ | કાલોલ | ૪૭ | સંતરામપુર | ૩૪ |
| ૪ | ગોધરા | ૪૩ | કડાણા | ૧૮ |
| ૫ | મોરવા (હ) | ૨૬ | બાલાશિનોર | ૧૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | શહેરા | ૩૭ | વિરપુર | ૧૩ |
| ૭ | ઘોઘંબા | ૨૭ | - | - |
| | કુલ ... | ૨૩૦ | કુલ ... | ૧૪૮ |

પત્રક – ૩

| ક્રમ | પંચમહાલ | | મહીસાગર | |
|---|---|---|---|---|
| | તાલુકાનું નામ | ખાલી જગ્યા | તાલુકાનું નામ | ખાલી જગ્યા |
| ૧ | જાંબુઘોડા | ૧૦ | લુણાવાડા | ૩૬ |
| ૨ | હાલોલ | ૨૨ | ખાનપુર | ૧૪ |
| ૩ | કાલોલ | ૨૬ | સંતરામપુર | ૮ |
| ૪ | ગોધરા | ૩૧ | કડાણા | ૮ |
| ૫ | મોરવા (હ) | ૭ | બાલાશિનોર | ૮ |
| ૬ | શહેરા | ૧૩ | વિરપુર | ૬ |
| ૭ | ઘોઘંબા | ૭ | - | - |
| | કુલ ... | ૧૧૬ | કુલ ... | ૮૦ |

-----------------

અમદાવાદ જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે જમીન બાબત

અતારાંકિતઃ ૪૩૧૫ (૧૩-૦૧-૨૦૧૫) કરમશીભાઇ વિ. પટેલ (સાણંદ) : માનનીય મુખ્ય મંત્રીશ્રીઃ (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે :-

(૧) તારીખ ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર શૈક્ષણિક હેતુ માટે કોને, કયા સ્થળે, શા ભાવે જમીન આપવામાં આવી ?

મુખ્ય મંત્રીશ્રી (મહેસુલ) (૨૧-૦૨-૧૫) :

(૧) તારીખ ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ જિલ્લામાં શૈક્ષણિક હેતુસર કોઈ સાર્વજનિક સંસ્થા કે ખાનગી વ્યકિતઓને કિંમતથી કોઈ જમીન ફાળવવામાં આવેલ નથી. પરંતુ શૈક્ષણિક હેતુસર અમદાવાદ જિલ્લામાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદને વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. જેથી ભાવથી જમીન ફાળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. (પત્રક સામેલ છે)

પત્રક-૧

અમદાવાદ જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે તા. ૩૦-૧૧-૨૦૧૪ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં તાલુકાવાર આપવામાં આવેલ જમીનની વિગત દર્શાવતું પત્રક

| તાલુકો | ક્રમ | સ્થળ/ ગામનું નામ | સ.નં./ બ્લોક નંબર | ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ | હુકમની તારીખ | જેના નામે તબદીલ કરવામાં આવેલ છે તે સરકારી કચેરીનું નામ | શા ભાવે જમીન આપવામાં આવી છે ? | હેતુ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| (૧) બાવળા | ૧ | દેવધોલેરા | ૧૮૧ | ૮૪૯૮ ચો.મી. | ૭-૧૨-૨૦૧૧ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઈ, ભાવનો પ્રશ્ન નથી | સરકારી મા. શાળાના મકાન બાંધકામ માટે |
| | ૨ | કેશરડી | ૪૯ પૈકી | ૮૦૦૦ | ૩-૪- | જિલ્લા | વહીવટી હુકમ-૩ હેઠળ | સરકારી મા. |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ચો.મી. | ૨૦૧૨ | શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ | જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઈ, ભાવનો પ્રશ્ન નથી | શાળાના મકાન બાંધકામ માટે |
| (૨) ધોળકા | ૩ | સીંધરેજ | ૫૮૧ | ૪૦૭૦ ચો. મી. | ૭-૧૨-૨૦૧૧ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઈ, ભાવનો પ્રશ્ન નથી | સરકારી મા. શાળાના મકાન બાંધકામ માટે |
| | ૪ | પીસાવાડા | ૯૪૦ | ૧૦૦૦૦ ચો.મી. | ૭-૧૨-૨૦૧૧ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઈ, ભાવનો પ્રશ્ન નથી | સરકારી મા. શાળાના મકાન બાંધકામ માટે |
| | ૫ | વીરપુર | ૨ પૈકી | ૪૨૦૦ ચો.મી. | ૭-૦૪-૨૦૧૨ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઈ, ભાવનો પ્રશ્ન નથી | સરકારી મા. શાળાના મકાન બાંધકામ માટે |
| | ૬ | જાખડા | ૩૭૮ પૈકી | ૮૦૦૦ ચો.મી. | -૦૨-૨૦૧૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય. | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઈ, ભાવનો પ્રશ્ન નથી | સરકારી મા. શાળાના મકાન બાંધકામ માટે |
| | ૭ | સાથળ | ૨૩૬ | ૮૦૦૦ ચો.મી. | ૮-૭-૨૦૧૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય. | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે.કિંમત વસુલ લેવાની થતી ન હોઈ, ભાવનો પ્રશ્ન નથી | સરકારી મા. શાળાના મકાન બાંધકામ માટે |

| તાલુકો | ક્રમ | સ્થળ/ ગામનું નામ | સ.નં./ બ્લોક નંબર | ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ | હુકમની તારીખ | જેના નામે તબદીલ કરવામાં આવેલ છે તે સરકારી કચેરીનું નામ | શા ભાવે જમીન આપવામાં આવી છે ? | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| (૩) સાણંદ | ૮ | સાણંદ | ૧૬૫ | ૨૩૨૭૦ ચો.મી. | ૨૩-૧-૨૦૧૨ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય. | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઈ, ભાવનો પ્રશ્ન નથી | આર.એમ.એસ.એ. અભિયાન અંતર્ગત મોડેલ સ્કુલ તથા ગર્લ્સ હોસ્ટેલ માટે. |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૯ | વા.ચાચ રાવાડી | ૯૨ | ૧૦૦૦૦ ચો.મી. | ૧૫-૨-૨૦૧૨ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી. | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઇ, ભાવનો પ્રશ્ન નથી | શાળાના મકાન બાંધકામ માટે |
| | ૧૦ | ખીંચા | ૨૬૧ | ૮૦૦૦ ચો.મી. | ૧૫-૨-૨૦૧૨ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય. | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઇ, ભાવનો પ્રશ્ન નથી. | સરકારી મા. શાળાના મકાન બાંધકામ માટે. |
| | ૧૧ | સનાથલ | ૧૦૫૪ | ૭૦૦૦ ચો.મી. | ૨૫-૩-૨૦૧૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય. | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઇ, ભાવનો પ્રશ્ન નથી. | સરકારી મા. શાળાના મકાન બાંધકામ માટે. |
| | ૧૨ | ઝાંપ | ૪૮૯ | ૮૦૦૦ ચો.મી. | ૨૫-૩-૨૦૧૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય. | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઇ, ભાવનો પ્રશ્ન નથી. | સરકારી મા. શાળાના મકાન બાંધકામ માટે. |
| | ૧૩ | ખોરજ | ૬૨૪ | ૮૦૦૦ ચો.મી. | ૨૫-૩-૨૦૧૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય. | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઇ, ભાવનો પ્રશ્ન નથી. | સરકારી મા. શાળાના મકાન બાંધકામ માટે. |
| | ૧૪ | જુવાલ | ૫૬૭ | ૭૧૮૩ ચો.મી. | ૨૫-૩-૨૦૧૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય. | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઇ, ભાવનો પ્રશ્ન નથી. | સરકારી મા. શાળાના મકાન બાંધકામ માટે. |
| (૪) વિરમગામ | ૧૫ | થોરીવડ ગાસ | ૩૧ | ૫૦૦૦ ચો.મી. | ૨૨-૨-૨૦૧૨ | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી. | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઇ, ભાવનો પ્રશ્ન નથી. | સરકારી મા. શાળાના મકાન બાંધકામ માટે |
| | ૧૬ | જેતાપુર | ૧૦૧૪ | ૮૦૦૦ ચો.મી. | ૨૪-૯-૨૦૧૩ | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, અમદાવાદ ગ્રામ્ય. | વહીવટી હુકમ-૩ હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઇ, ભાવનો પ્રશ્ન નથી. | સરકારી મા. શાળાના મકાન બાંધકામ માટે. |
| (૫) | ૧૭ | ઇસ્ટોલા | ૨૩ પૈકી | ૪૨૩ | ૧૫-૫- | જિલ્લા પ્રાથમિક | વહીવટી હુકમ-૩ | શાળાના મકાન |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| દસક્રોઇ | | બાદ | | ચો.મી. | ૨૦૧૨ | શિક્ષણાધિકારીશ્રી. | હેઠળ જમીન તબદીલ કરવામાં આવેલ છે. કિંમત વસુલ લેવાની થતી ન હોઇ, ભાવનો પ્રશ્ન નથી. | બાંધકામ માટે |

અમરેલી જિલ્લામાં કુંડલીયાળા ગામ પાસે નદી ઉપર પુલ બનાવવા બાબત

અતારાંકિતઃ ૪૨૦૯(૦૯-૦૧-૨૦૧૫) પરેશ ધાનાણી (અમરેલી) : માનનીય માર્ગ અને મકાન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તારીખ ૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના કુંડલીયાળા ગામની બન્ને બાજુની નદીને પસાર કરતો બારમાસી ઉંચો પુલ બનાવવા માટે સરકારને કેટલી દરખાસ્તો કે રજૂઆતો કયારે મળી,

(૨) ઉકત સ્થિતિએ આ કામે સૈધ્ધાંતિક, તાંત્રીક કે વહીવટી મંજૂરી આપવા શું કાર્યવાહી કરવામાં આવેલ છે, અને

(૩) આ કામનું અમલીકરણ કરવા માટે સરકારનું શું આયોજન છે ?

માર્ગ અને મકાન મંત્રીશ્રીઃ (૨૧-૦૨-૧૫) :

(૧) કુંડલીયાળા ગામની બંને બાજુ આવેલ નદીઓ માટે એક રજૂઆત અને બે દરખાસ્ત મળેલ છે.

(૨) ધીયળ નદી પરનાં પુલના કામ માટે વર્ક ઓર્ડર તા. ૧૬-૧૨-૨૦૧૪ નાં રોજ આપવામાં આવેલ છે.

(૩) કામ હાલમાં પ્રગતિમાં છે.

------------

સચિવાલય સંકુલમાં ‘‘ગવર્મેન્ટ ઓફ ગુજરાત’’ લખી અને લાલ કે પીળી લાઇટ લગાવી ફરતી ખાનગી ટેક્ષીઓ અંગે મળેલ ફરીયાદો

અતારાંકિતઃ ૩૬૫૭(૧૫-૧૦-૨૦૧૪) રાઘવજીભાઇ હં. પટેલ (જામનગર ગ્રામ્ય) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) ખાનગી ટેક્ષીઓ ‘‘ગવર્મેન્ટ ઓફ ગુજરાત’’ લખી અને લાલ કે પીળી લાઇટ લગાવી સચિવાલય સંકુલમાં ફરી રહી છે તેવી કેટલી ફરીયાદો તા. ૩૧મી મે, ૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાહન વ્યવહાર કમીશનર તથા સરકારને મળી છે અને તે ફરીયાદના નિવારણ માટે શી કાર્યવાહી હાથ ધરી છે.

(૨) ફરિયાદમાં જણાવેલ નંબરની વિગતવાળી ટેક્ષીઓ પર ‘‘ગવર્મેન્ટ ઓફ ગુજરાત’’ લખાવી કયા સરકારી તંત્ર દ્વારા ભાડે ચલાવાય રહી છે, અને

(૩) આ ગેરકાનુની પ્રવૃતિ માટે જવાબદાર સરકારી અધિકારી કે ટેક્ષીના માલીકો સામે શી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ?

વાહન વ્યવહાર મંત્રીશ્રી (૨૧-૦૨-૧૫) :

(૧) તા. ૩૧મી મે, ૨૦૧૪ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વાહન વ્યવહાર કમીશનરશ્રીની કચેરી, ગાંધીનગરને ગાંધીનગર શહેરમાં ટેક્ષીપાસીંગના વાહનો ‘‘ગવર્મેન્ટ ઓફ ગુજરાત’’ શબ્દો લગાવીને ફરી રહ્યા છે તેવી એક ફરીયાદ મળેલ છે અને તે ફરીયાદના નિવારણ માટે તેમાં દર્શાવવામાં આવેલ ખાનગી ટેક્ષીઓના વાહન પર લખેલ ગવર્મેન્ટ ઓફ ગુજરાત લખાણ દુર કરવામાં આવેલ છે.

(૨) ફરિયાદમાં જણાવેલ નંબરની વિગતવાળી ટેક્ષીઓ પર ‘‘ગવર્મેન્ટ ઓફ ગુજરાત’’ લખાવી નીચેના તંત્ર દ્વારા ભાડે ચલાવાઇ રહી હતી.

| વાહન નંબર | સરકારી તંત્રનું નામ |
|---|---|
| GJ-18-U-1197 | મહાનગરપાલિકા, ગાંધીનગર |
| GJ-18-U-1491 | તાલુકા પંચાયત, ગાંધીનગર |

| | |
|---|---|
| GJ-18-AV-6863 | જિલ્લા પંચાયત, ગાંધીનગર |
| GJ-18-U-1387 | સરદાર સરોવર નર્મદા નિગમ લિ., ગાંધીનગર |

જ્યારે વાહન નં. GJ-18-U-1780 તા. ૨૨-૧૧-૨૦૧૩ના રોજ પ્રાઇવેટ વાહનમાં ફેરવાતા તેને GJ-18-BC-0305 નંબર ફાળવાયેલ છે.

(૩) આ ગેરકાનુની પ્રવૃતિ માટે જવાબદાર ટેક્ષીના માલીકોને લખાણ દૂર કરવા નોટીસ આપવામાં આવેલ છે અને લખાણ દુર કરેલ છે.

અમદાવાદ ખાતે નોંધાયેલ કેબ ટેકસીઓની સંખ્યા

અતારાંકિતઃ ૪૨૯૮ (૦૯-૦૧-૨૦૧૫) કરમશીભાઇ વિ. પટેલ (સાણંદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તારીખ ૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લા ખાતે કેબ ટેકસીઓની કેટલી સંખ્યા નોંધાયેલ છે, અને

(૨) આ ટેકસીઓના ડ્રાયવરોનું વેરીફીકેશન કરવા તેમજ આ ડ્રાયવરો ગાડી ચલાવે ત્યારે તેમની ઓળખ મુસાફરને મળી રહે તે માટે સરકારે ઉકત સ્થિતિએ શું આયોજન કરેલ છે ?

વાહન વ્યવહાર મંત્રીશ્રી (૨૧-૦૨-૨૦૧૫) :

(૧) તા. ૩૦-૧૧-૨૦૧૪ ની સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લા ખાતે કેબ ટેકસીઓની ૫૦૮૫ સંખ્યા નોંધાયેલ છે.

(૨) આ ટેકસીઓના ડ્રાયવરોનું વેરીફીકેશન કરવા તેમજ આ ડ્રાયવરો ગાડી ચલાવે ત્યારે તેમની ઓળખ મુસાફરને મળી રહે તે માટે સરકારે ગુજરાત મોટર વાહન રુલ્સ, ૧૯૮૯ના નિયમ-૧૮ અને ૧૯ થી ઉક્ત બાબતે આયોજન કરેલ છે. સદરહુ નિયમ હેઠળ પોલીસ વેરીફીકેશન બાદ જ ટેકસીઓના ડ્રાયવરોને બેઇઝ નંબર ફાળવવામાં આવે છે.

અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | શિક્ષણ વિભાગ | ૩૪૨૦, ૪૧૫૪, ૪૧૬૮, ૪૨૧૩, ૪૨૧૪, ૪૨૧૭, ૪૨૨૦, ૪૨૩૬, ૪૨૭૧, ૪૩૨૦ | ૧૦ |
| ૨ | વન અને પર્યાવરણ | ૩૯૩૪, ૩૯૩૫ | ૨ |
| ૩ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૪૨૨૮ | ૧ |
| ૪ | ગૃહ વિભાગ | ૨૮૫૭, ૨૮૬૩, ૩૫૦૬, ૩૮૯૩, ૩૯૦૫, ૩૯૦૬, ૩૯૦૮, ૩૯૦૯, ૩૯૧૦, ૩૯૧૪, ૩૯૧૫, ૩૯૧૬, ૩૯૧૮, ૩૯૧૯, ૩૯૨૧, ૩૯૨૨, ૩૯૨૩, ૩૯૨૪, ૩૯૨૬, ૩૯૨૭, ૩૯૨૯, ૩૯૩૧, ૩૯૩૨, ૩૯૬૫, ૪૩૩૯, ૪૩૯૮, ૪૪૪૨, ૪૪૫૨, ૪૫૦૪, ૪૭૦૭ | ૩૦ |
| ૫ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૪૨૫૫, ૪૪૫૯ | ૨ |
| ૬ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૪૪૦૦ | ૧ |
| ૭ | મહેસૂલ વિભાગ | ૪૩૧૫ | ૧ |
| ૮ | માર્ગ અને મકાન વિભાગ | ૪૨૦૯ | ૧ |
| ૯ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૩૬૫૭, ૪૨૯૮ | ૨ |
| | | કુલ | ૫૦ |

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫
પોઇન્ટ ઓફ ઓર્ડર

ઉપાધ્યક્ષશ્રીની જાહેરાત

શ્રદ્ધાંજલિ સંદેશ

ઉપાધ્યક્ષશ્રી : ભારત માતાના પનોતા પુત્ર અને રાષ્ટ્રની આઝાદી માટે ફનાગીરી વ્હોરનાર પ્રસિદ્ધ ક્રાંતિવીરો ભગતસિંહ, રાજગુરુ અને સુખદેવસિંહનો આજે નિર્વાણ દિન છે. આ ક્રાંતિવીરોને ૨૩મી માર્ચ ૧૯૩૧નાં રોજ બ્રિટિશ સરકારે લાહોરની સેન્ટ્રલ જેલ ખાતે ફાંસી આપી હતી. તેમના આજના ૮૪માં શહાદત દિનના દિવસે આપણે સૌ ભારત માતાના આ વીર સપુતોને ગૃહ વતી ભાવપૂર્વક શાકાંજલિ અર્પીને તેમને રાષ્ટ્રની આઝાદી માટે આપેલા ત્યાગ અને બલિદાનને યાદ કરીએ છીએ.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( સંસદીય બાબતોના મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારે આ સન્માનનીય સભાગૃહનું આપના દ્વારા આપના માર્ગદર્શન માટે ૨૦મી તારીખે માનનીય ધર્મેન્દ્રસિંહ જાડેજાનો જે અગ્રતાક્રમ ૯ હતો.

ઉપાધ્યક્ષશ્રી : આની ચર્ચા થઇ ગઇ હતી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ના, માનનીય અધ્યક્ષશ્રી, એમાં મારે એક મુદ્દો ઉપસ્થિત કરવો છે. એમાં માનનીય અધ્યક્ષશ્રી, એની વિસ્તૃત ચર્ચા થઇ ગઇ છે અને વિસ્તૃત ચર્ચા થઇ ગયા પછી વર્તમાનપત્રો દ્વારા મને જાણવા મળેલ કે આના સંદર્ભમાં માનનીય વિપક્ષના સભ્ય શક્તિસિંહે આપને પત્ર લખ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રશ્નની આ સન્માનનીય સભાગૃહની અંદર પોઇન્ટ ઓફ ઓર્ડરની ચર્ચા થઇ ગઇ હોય અને ચર્ચા થયા બાદ એનો પત્ર લખવો અને એ પત્ર અખબારો સુધી પહોંચાડવો. માનનીય અધ્યક્ષશ્રી, આ એક આપના ઉપર નિર્ણય લેવા માટેનું દબાણ કરવા માટેનું હોય એ પ્રમાણેનું છે. માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની અંદર ૨૦૦૮ થી ૨૦૧૨ના જે માનનીય અધ્યક્ષશ્રીના નિર્ણયો છે અને આ નિર્ણયોના પુસ્તક ક્રમાંક : ૧૩ ના નિર્ણય નંબર ૧૭માં પણ અધ્યક્ષશ્રી સ્પષ્ટ એ વખતના માનનીય મંત્રીશ્રી અમિતભાઇ શાહે મુદ્દો ઉપસ્થિત કર્યો હતો અને એ મુદ્દામાં આ મુદ્દો પ્રેસને આપવા કે પ્રેસની અંદર છપાવવાનો પ્રયત્ન કરવો એ આપણી પરંપરાઓ વિરુદ્ધ છે. આ પ્રકારની નવી પરંપરા પાડવા જેવી નથી. આમ જણાવીને વિધાનસભાના નિયમો અને પરંપરાઓને ધ્યાને રાખીને સભાગૃહનું માર્ગદર્શન આપવા માનનીય અધ્યક્ષશ્રી, આપની સમક્ષ વાત કરી હતી અને માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અધ્યક્ષશ્રીએ પણ સામાન્ય શિરસ્તા મુજબ અધ્યક્ષ અને સભ્ય વચેનો જે વક્તવ્યવાદ થાય છે તે પ્રેસને અપાતો નથી અને આમ એક સભ્યશ્રી અને માનનીય અધ્યક્ષશ્રી વચેનો નિર્ણય એક વખતે જે આ સભાગૃહની અંદર પોઇન્ટ ઓફ ઓર્ડરના સ્વરૂપમાં ચર્ચા પૂર્ણ થઇ ગઇ હોય ત્યારબાદ પત્ર લખવો, પત્ર અખબારો સુધી લીક કરવો એ આ સન્માનનીય સભાગૃહની અંદર સંસદીય પ્રણાલિકાઓને તોડવાવાળી નવી પરિસ્થિતિ ઊભી થાય છે. માનનીય અધ્યક્ષશ્રી, આપની પાસે આવી વિશિષ્ટ પરિસ્થિતિની અંદર હું આપનું માર્ગદર્શન માગુ છું.

ઉપાધ્યક્ષશ્રી : એમનો ઊભો થયેલો, માનનીય સભ્યશ્રી આપની રજૂઆત છે?

શ્રી પરેશ ધાનાણી : હું પણ પોઇન્ટ ઓફ ઓર્ડર પર બોલવા માગુ છું

ઉપાધ્યક્ષશ્રી : તમે બંને એક જ પોઇન્ટ ઓફ ઓર્ડર પર બોલવાના હતા. કારણ કે આપે પહેલા આંગળી ઊંચી કરી હતી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ સમક્ષ માનનીય પ્રદીપસિંહ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે આપની અનુમતિ માગુ છું અને પછી મારે એક નવો પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રદિપસિંહજી સંસદીય પ્રણાલિઓમાં વિદ્વવાન છે. આ ગૃહ સમક્ષ એમણે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે એ આપની કચેરીમાં કોઇ સભ્યશ્રીએ કરેલી રજૂઆત. તે રજૂઆતના લીકેજીસથી મિડિયામાં આવેલી વાતોને લઇને આ ગૃહ સમક્ષ પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે. પરંતુ માનનીય સભ્યશ્રીએ એ લિકેજનું દોષારોપણ સીધું જ સભ્યશ્રી તરફ કર્યું ત્યારે મારે આપને વિનંતી કરવી છે કે, કોઇ સભ્યશ્રી પોતાની રજૂઆત આ ગૃહની અંદર કોઇ પરિસ્થિતિ ઉપસ્થિત થઇ હોય, સભ્યએ મૂળ પ્રશ્ન પૂછ્યો હતો એનો પેટા પ્રશ્ન પૂછ્યો પણ પેટા પ્રશ્નના નંબર પહેલાં પેટા પ્રશ્નના વિસ્તૃત જવાબના કારણે એનો પેટા પ્રશ્ન–૨ અને ૩નો જવાબ

ઉપાધ્યક્ષશ્રી : આપ ફક્ત એમના પોઇન્ટ ઓફ ઓર્ડર પૂરતી ચર્ચા કરો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અદ્ક્ષશ્રી, એના ઉપર બોલું છું. એના ઉપર જ બોલું છું.

ઉપાધ્યક્ષશ્રી : સભ્યના પેટા પ્રશ્નોમાં જવાની જરૂર નથી આપને.

શ્રી પરેશ ધાનાણી : નહીં, એજ પ્રશ્ન માનનીય ધર્મેન્દ્રસિંહજીએ જે મૂળ પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો.

ઉપાધ્યક્ષશ્રી : ભાઇ, તમે માનનીય પ્રદિપસિંહે જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે એટલા પૂરતી જ તમારી ચર્ચા મર્યાદિત રાખો, નહીં તો હું આપનું પ્રવચન રદ કરાવી દઇશ.

શ્રી પરેશ ધાનાણી : નહીં, માનનીય અધ્યક્ષશ્રી, પ્રદિપસિંહજીએ જે પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે એ ધર્મેન્દ્રસિંહજીના પ્રશ્નમાં ઉપસ્થિત થયેલી બાબત એના અનુલક્ષીને સભ્યશ્રીએ આપશ્રીને કરેલી રજૂઆત અને એ રજૂઆતના લીકેજીસથી મિડિયમાં છપાયેલા અહેવાલોને ટાંકીને સભ્યશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો છે.

ઉપાધ્યક્ષશ્રી : ઓ.કે. શ્રી શંકરસિંહજી બાપુ.

પોઇન્ટ ઓફ ઓર્ડર

શ્રી શંકરસિંહ લ. વાઘેલા(વિપક્ષના નેતા) : માનનીય અધ્યક્ષશ્રી, હું માનું છું ત્યાં સુધી કોઇ પણ સભ્યને આપશ્રીને પત્ર લખવાનો અધિકાર છે. અહીં સંતોષ ન થાય તો પત્ર ન લખવો એના માટે આપની કોઇની પરવાનગીની જરૂર ન હોઇ શકે. પરંતુ પત્ર આપના કાર્યાલયમાં પહોંચ્યા પછી શકિતસિંહજીભાઇએ પોતે પ્રેસને આપ્યો એનો પૂરાવો રજૂ કરે, અને ન આપ્યો હોય તો આપના ત્યાંથી લીકેજીસ થાય છે કે કેમ એની તપાસ થવી જોઇએ અને પછી આ પોઇન્ટ ઓફ ઓર્ડર મંજૂર કરવો જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ તો ખૂબ ગંભીર વાત કરી કે, અધ્યક્ષશ્રીના કાર્યાલયમાંથી પત્ર લીક થયો અને એની તપાસ કરવી જોઇએ, અથવા થાય છે કે કેમ એની તપાસ કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ રીતનું હોઇ શકે નહીં. માનનીય અધ્યક્ષશ્રીના કાર્યાલયને કે માનનીય અધ્યક્ષશ્રીના અધિકારી વર્ગને આ વાત સાથે જોડવી એ કોઇ રીતે ઉચિત નથી. માનનીય અધ્યક્ષશ્રી, પેપરોનું આપણે લઇ શકતા નથી અહીંયા, પણ પેપરોમાં પણ આ પ્રસિદ્ધ થયું છે કે, માનનીય શકિતસિંહે આ પ્રમાણેનો પત્ર લખ્યો અને એમણે ઓરલી ક્યાંક કીધું છે પણ પ્રસિદ્ધ પણ કર્યો છે. એટલે લીક તો એમના તરફથી જ થયો હોય એ બહુ સ્પષ્ટ છે. અને માનનીય પ્રદીપસિંહનો જે આક્ષેપ છે માનનીય અધ્યક્ષશ્રી, અને એમની જે રજૂઆત છે કે, માનનીય શ્રી શંકરસિંહજીની વાત એ સાચી છે કે, કોઇ પણ સભ્યશ્રી આપને પત્ર લખી શકે પણ એ પ્રેસમાં, મિડિયામાં એને લીક કરી શકાય નહીં. એ આપણી પ્રણાલી છે અને પ્રણાલીનો માનનીય શકિતસિંહે જ્યારે ભંગ કર્યો છે એવું જ્યારે માનનીય શ્રી પ્રદિપસિંહજીનો આક્ષેપ છે તો એના ઉપર તપાસ કરવી જોઇએ અને આ બાબતને સખત રીતે કંટ્રોલ કરવી જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય પ્રદિપસિંહજીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે અને જે વર્તમાન પત્રોમાં...

શ્રી શૈલેષ મ. પરમાર : (પોતાના સ્થાનેથી ઉભા થઇ ) સાંભળો તો ખરા ?

ઉપાધ્યક્ષશ્રી : બધાને બોલવા દેવું એવું જરૂરી નથી. સીટ ડાઉન. તમારા નેતાશ્રી બોલ્યા છે પછી? એમણે જે રજૂઆત કરી છે એ વર્તમાન પત્ર, એમનો પત્ર અને ભૂતકાળના અધ્યક્ષોના નિર્ણયને ધ્યાનમાં લઇને હું મારો નિર્ણય આવનારા દિવસોમાં આપીશ.

પોઇન્ટ ઓફ ઓર્ડર

પ્રશ્નોત્તરીમાં સભ્યશ્રીઓને માહિતી આપવા અંગે

શ્રી પરેશ ધાનાણી(અમરેલી) : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. આજની તારાંકિત પ્રશ્નોત્તરીમાં પ્રશ્ન ક્રમાંક–૨, માનનીય પ્રહલાદભાઇ પટેલે આ વિધાનસભાની અંદર પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો. માનનીય અધ્યક્ષશ્રી, એમણે પેટા પ્રશ્નમાં મહેસાણા જિલ્લાના મૂળ પ્રશ્ન સાહેબ મહેસાણા જિલ્લાનો હતો અને મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાની વિગતે માહિતી માગી ત્યારે માનનીય મંત્રીશ્રીએ અલગ નોટિસથી માહિતી માંગવા માટે થઇને સભ્યશ્રીને સૂચના આપી હતી.

માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર, આપની સમક્ષ ઉપસ્થિત કરવાની એટલા માટે પરિસ્થિતિ ઉભી થઇ કે, ભૂતકાળની અંદર, આ સભ્યનું સભ્યપદ એ પુરા રાજ્ય પૂરતું હોય છે. એ ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે ગણાય છે. પરંતુ રાજ્યની માહિતીઓ ધીમે ધીમે જિલ્લા પુરતી સિમિત થઇ અને હવે જિલ્લાની માહિતીના પેટા પ્રશ્નમાં પણ જો તાલુકાની માહિતી માટે અલગ નોટિસની સરકાર અપેક્ષા રાખશે તો માનનીય અધ્યક્ષશ્રી, તારાંકિત પ્રશ્નોત્તરીનું, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે કે, જિલ્લાનો પ્રશ્ન હોય ત્યારે તાલુકો એ જિલ્લાનું અંગ છે અને તાલુકાની વિગતે માહિતી માગવી એ સભ્યશ્રીનો અધિકાર છે એનું રક્ષણ આપના મારફત મળે અને મંત્રીશ્રીઓ પૂરતી તૈયારી સાથે કમ સે કમ જિલ્લાનો પ્રશ્ન હોય ત્યારે તાલુકાના પ્રશ્નોના પેટા પ્રશ્નો માટે વિગતે જવાબ આપવા માટે થઇને આપનો નિર્ણય, આદેશાત્મક નિર્ણય મળે એવી વિનંતી કરું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે પોઇન્ટ ઓફ ઓર્ડર પરેશભાઇએ કર્યો છે એના માટે અલગ જોગવાઇ છે, અલગ નિયમો છે એટલે અત્યારે એમનો પોઇન્ટ ઓફ ઓર્ડર ટકતો નથી. બીજું, માનનીય ધારાસભ્યશ્રી જયારે પ્રશ્ન પૂછે છે ત્યારે એ જે પ્રશ્નની વિગત પૂછે છે એના જ જવાબ આપવાના થાય છે નિયમ અનુસાર અને પુછયું જ નથી તો જવાબ મળે જ નહીં અને તમે તાલુકાનું પુછો તો પછી ગામનું પૂછે. એટલે જે પ્રશ્ન પૂછવામાં આવ્યો હતો એ જ પ્રશ્નનો જવાબ આપેલો છે એટલેએમાં પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત થતો નથી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી પરેશભાઇએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવ્યો છે એના અનુસંધાનમાં માનનીય ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ એમનું મંતવ્ય રજૂ કર્યું છે અને એ જોતા પ્રશ્નો દાખલ કરવાની જે આખી પદ્ધતિ છે એ અધ્યક્ષશ્રીની ઓફિસની કામગીરી છે અને તમે જે રીતે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉભો કર્યો છે એવો કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ટકતો નથી.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

કૃષિ અને સહકાર વિભાગ

માગણી નં. ૨

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૭,૦૯,૫૮,૪૩,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧,૦૫,૦૦,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૨ રજૂ કરું છું.

માગણી ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.

શ્રી ગોવાભાઇ હ. રબારી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી રમેશભાઇ મ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી મણીલાલ જે. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૫ રજૂ કરવામાં આવી.

શ્રી હીરાભાઇ હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રવિણભાઇ ઝી. રાઠોડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૮ – માનનીય સભ્યશ્રી ગેરહાજર

શ્રી પરેશભાઇ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

ડો. તેજશ્રીબેન દિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

માગણી ક્રમાંક-૩

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૫૩૨૮૯૭૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૧૦૯,૯૦૦૦૦૦૦/- ની માગણી ક્રમાંક-૩ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી ધીરુભાઇ ચુ. ભીલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રિકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

માગણી નં. ૪

શ્રી બાબુભાઇ બોખીરીયા ( પશુપાલન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪૯૭૬૦૭૪૦૦૦/-ની માગણી ક્રમાંક-૪ રજૂ કરું છું.

માગણી ક્રમાંક-૪ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી જોઇતાભાઇ ક. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી. શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકાર સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૪,૭૮,૩૪,૦૪,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની ૭૬,૧૨,૦૦,૦૦૦/- માગણી ક્રમાંક-૫ રજૂ કરું છું.

માગણી ક્રમાંકઃ ૫ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી ગૌતમભાઇ રા. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ૨૦ રજૂ કરવામાં આવી.

શ્રી ગેંદાલભાઇ મો. ડામોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિન કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૩રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું મત્સ્યોદ્યોગ સેવાને લગતી કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૧,૫૮,૩૯,૫૮,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની ૪૪,૭૦,૦૦,૦૦૦/– માગણી ક્રમાંક–૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંકઃ ૬ રજૂ કરવામાં આવી.

શ્રી જીતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ અને ભૂમિ સંરક્ષણ સેવાને લગતી નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની ૧૦,૧૯,૧૪,૧૧,૦૦૦/– અને મૂડી ખર્ચ માટેની ૩૭,૪૩,૬૭,૬૬,૦૦૦/– માગણી ક્રમાંક–૬૬ રજૂ કરું છું.

માગણી ક્રમાંકઃ ૬૬ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૭ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૨૮ રજૂ કરવામાં આવી.

ઉપાધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણી અને કાપ દરખાસ્ત ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ(જામનગર–ગ્રામ્ય) : માનનીય અધ્યક્ષશ્રી, ખેતીવાડી વિભાગની માગણી ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે ઉપસ્થિત થયો છું. ૨૦૧૪–૧૫ નું વર્ષ આ સરકારે કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજવ્યું છે. મને એમ હતું કે કૃષિ વિકાસ વર્ષમાં આ સરકાર રાજ્યના ખેડૂતોની હાલાકીમાં ઘટાડો કરશે, પણ આશા ઉપર પાણી ફરી વળ્યું છે. આ રાજ્યમાં અત્યારે એવી હાલત છે કે કપાસ પકવતા ખેડૂતોને પોષણક્ષમ ભાવો ન મળવાના કારણે ઠેર ઠેર કપાસની હોળી કરી અને બાગાયતી ખેતી કરનાર આંબાના બગીચાના માલિકોએ આંબાના થડ કાપી નાખ્યા અને આવા હજારો થડ કાપીને ઢગલા કરી દે. બટાકા પકવતા ખેડૂતો બટાકાને રોડ ઉપર ફગાવી નાખે. આ હાલત આજે રાજ્યના ખેડૂતોની છે અને અત્યારે શું સાંભળીએ? મન કી બાતે. હમણા મન કી બાતો ચાલુ થઇ છે. અમારા જૂનાગઢ જિલ્લામાં આજે સમાચાર મળ્યા આ મનકી બાતની રામાયણના કારણે એક ખેડૂતને જમીન સંપાદનની નોટિસ મળી. વંથલી તાલુકાના કોયલી ગામના લક્ષ્મીદાસ ચાંગેલા નામના ખેડૂતને નોટિસ મળી અને બિચારાને હાર્ટ એટેક આવી ગયો. મન કી બાતે સાંભળી અને આ રાજ્યનો ખેડૂત આનંદમાં આવે તેવી કોઇ વાત હોત તો અમે સરકારને અભિનંદન આપત. આ તો જૂનું એ જૂનું. એમને એમ ચાલ્યું આવે છે. હમણા મારા મિત્રે રોઝ અને ભૂંડની વાત કરી. હમણાં મારા મિત્ર રોઝ અને ભૂંડની વાત કરતા હતા. ભૂતકાળમાં મેં પણ વારંવાર આ ગૃહમાં આ વાત કરી છે. આ રાજ્યનો ખેડૂત સુખેથી ખેતી કરી શકતો નથી. જેના કૂવા કે બોરમાં પાણી હોય, નહેરનું પાણી મળતું હોય તે વાવેતર નથી કરી શકતો. એટલા માટે કે ભૂંડના ટોળેટોળાં આવી વાવેલ બિયારણ ખાઇ જાય છે. ઉભા પાકનો નાશ કરી નાંખે છે. તેવી જ રીતે રોઝના ટોળાં આ રાજ્યના ખેડૂતોને ખેતી કરવા દેતા નથી. ખેતીના પાકને ભયંકર નુકસાન કરે છે. સરકાર શું કરે છે, આખા ગૃહના તમામે તમામ સભ્યોની માગણી છે કે આ ભૂંડનો એકીસાથે સફાયો કરવા રાજ્ય સરકાર કંઇક કરે. બાબુભાઇને હું બીજીવાર કહું છું. પોરબંદરમાં તેમણે કર્યુ છે. એવું આયોજન જો સમગ્ર રાજ્યમાં કરે તો અમે બધા તેને અભિનંદન આપીશું અને આખા રાજ્યના ખેડૂતો તેના આભારી થશે. તેને એવું કંઇ કરવું નથી. એકલ દોકલ જગ્યાએ કર્યુ હોય તો ભગવાન જાણે અમે તો જોયું પણ નથી. એટલા માટે કહું છું કે કમસેકમ આ ભૂંડ અને રોઝના ત્રાસને નાબૂદ કરવા માટે ખેડૂતોને જે કાંટાળી વાડ બનાવવા માટેની યોજના છે તેનો લક્ષ્યાંક ૫૦–૧૦૦ ગણો કરે તો વહેલી તકે જેને જરૂર હોય તે કાંટાળી વાડ સરકારની સહાયથી બાંધી શકે. સરકાર બીજી રીતે આ રોઝ અને ભૂંડનો નાશ નહીં કરી શકે પણ આ રીતે ખેડૂતો રોઝ અને ભૂંડના ત્રાસથી પાકને નુકસાન થતું અટકાવી શકશે. એના માટે આશા હતી કે આ કૃષિ મંત્રી આ વર્ષના બજેટમાં પૂરતું પ્રોવીઝન રોઝ અને ભૂંડના ત્રાસ સામે ખેડૂતોને રક્ષણ આપવા માટે પૂરતી ગ્રાન્ટ ફાળવશે. અમારી આ અપેક્ષા ઠગારી

નીવડી છે. આ રાજયમાં ૪૬.૬૧ લાખ ખેડૂતો છે. ૧૦ લાખ ૫૦ હજાર આદિજાતિના, ૩ લાખ ૪૫ હજાર અનુસૂચિત જાતિના, લગભગ ૩૦ લાખ ૪૯ હજાર ખેતમજૂરો ખેતી સાથે સંકળાયેલા છે. એમ કરીને ૭૧.૬૦ લાખ જેટલા લોકો ડાયરેકટ ખેતી સાથે સંકળાયેલા છે અને રોજી રોટી મેળવે છે. રાજયનો મુખ્ય રોજગાર ખેતી છે. રાજયની આવકનો મુખ્ય સ્ત્રોત ખેતી છે. મને અફસોસ છે કે આ રાજય સરકાર ખેતીને વધુ મહત્વ આપતી નથી. ખેતીવાડી વિકસે તેના માટે પૂરતા પગલાં લેતી નથી. ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તેના માટે કોઇ કાર્યવાહી કરતી નથી. આખા રાજયમાં કપાસ પકવતા ખેડૂતોએ આંદોલન કર્યુ છે કે અમને કમસેકમ કપાસનો ભાવ ૨૦ કિલોના ૧૨૦૦ આપો. સાહેબ સરકારે શું આપ્યુ? સરકારે કહેવાતું એક પેકેજ આપ્યું. ટેકાના ભાવ તો ન વધાર્યા, તે તો સાહેબ ૮૦૦ રહ્યા. પેકેજ એવું આપ્યું કે ૧૧૦૦ કરોડ રૂપિયા રાજયના ખેડૂતોના હિત માટે ફાળવીએ છીએ. તે ૧૧૦૦ કરોડ રૂપિયામાંથી કપાસ ઉત્પાદક ખેડૂતોને કેટલા મળ્યા તે રાજયના કૃષિ મંત્રીશ્રી પાસેથી જાણવું છે અને તેનો હિસાબ જોઇએ છે. એટલા માટે કે તેમણે ટ્રેકટર સહાયની વાત કરી એ તો દર વર્ષે બજેટરી પ્રોવિઝન આપે છે. તેમણે ખેડૂતોને પાક ધિરાણ ઉપર બે ટકા વ્યાજ રાહતની વાત કરી. તેમાં તો ૧૫૦ કરોડ રૂપિયા થાય. ખેડૂતોને વીજ બિલમાં ૫૦ ટકા રાહત આપવાની વાત કરી તે પણ ૧૦૦-૧૫૦ કરોડ રૂપિયા થાય. તેમાંય અમારા સૌરાષ્ટ્રના ખેડૂતોના કૂવા અને બોરમાં પાણી જ નથી એટલે તેને કોઇ રાહત મળવાની સંભાવના નથી. આવા સંજોગોમાં હું માનનીય કૃષિ મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે કપાસ પકવતા ખેડૂતોની પોષણક્ષમ ભાવોની જે માગણી હતી, તેના ઉત્પાદનનું પૂરતું વળતર મળે તેના માટે રાજય સરકારે શું કર્યુ તે મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું હતું. મને આશા હતી કે મંત્રીશ્રી તેના બજેટમાં રાજયના ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળે તેના માટેની જોગવાઇ કરશે. મને અફસોસ છે કે સરકારે તેના માટે કંઇ કર્યુ નથી અને ખેડૂતોની ઉપેક્ષા કરી છે. તેનું પરિણામ શું આવ્યું? પોષણક્ષમ ભાવો ન મળે અને ખેતી ઉપર પૂરતું ધ્યાન આપવામાં ન આવે તો તેનું સીધુ પરિણામ એ આવ્યું કે ખેડૂતોએ વાવેતર ઘટાડી નાંખ્યું. ખેડૂતો ખેતી ઉપર ઉપેક્ષા દાખવવા માંડયા છે, તેને પૂરતું વળતર મળતું નથી. એટલા માટે કહેવા માગું છું કે વાવેતર વિસ્તારમાં જે ઘટાડો થયો તે ૨૦૧૩-૧૪માં ઘઉંનું વાવેતર ૧૫.૧૫ લાખ હેકટર હતું. અને ૨૦૧૪-૧૫માં ૧૨.૧૨ લાખ હેકટર થઇ ગયું એટલે ૧૯.૨૦ ટકા ઘટ ઘઉંના વેવતરમાં આવી છે, જુવારનું વાવેતર હતું ૧.૨૮ લાખ હેકટર એ થઇ ગયું ૦.૬૬ લાખ હેકટર એટલે ૪૮.૪૪ ટકા જુવારના વાવેતરમાં ઘટ આવી, બાજરીનું વાવેતર હતું ૬.૯૪ લાખ હેકટર એ ૫.૧૮ લાખ હેકટર થઇ ગયું એટલે ૨૫.૩૬ ટકા એમાં પણ ઘટ આવી. આ જ રીતે મગફળીનું વાવેતર હતું ૧૮.૪૩ લાખ હેકટર એ ૧૩.૫૬ લાખ હેકટર થઇ ગયું એટલે ૨૬.૪૨ ટકા એમાં પણ ઘટ આવી. આટલી મોટી વાવેતર વિસ્તારમાં ઘટ આવી કારણ કે, ખેડૂતો સમજી ગયા કે ગમે તેટલું વાવેતર કરીએ પણ આપણને આપણા માલનું પૂરું વળતર મળતું નથી, પોષણક્ષમ ભાવો નથી મળતા તો શેના માટે ઉત્પાદન કરવું? કારણ કે સરકારનું તો કોઇ એને રક્ષણ મળતું નથી અને એના પરિણામે પાકનું જે ઉત્પાદન હતું એમાં પણ મોટો ઘટાડો આવ્યો છે. ઘઉંનું ઉત્પાદન ૨૦૧૩-૧૪માં ૪૬.૯૪ લાખ ટન હતું એ ૨૦૧૪-૧૫માં ઘટી ૩૬.૯૫ લાખ ટન થયું એટલે ૨૧.૨૮ ટકાની ઉત્પાદનમાં પણ ઘટ થઇ, જુવારનું ઉત્પાદન ૨૦૧૩-૧૪માં ૧.૭૫ લાખ ટન હતું એ ૨૦૧૪-૧૫માં ૦.૮૪ લાખ ટન થયું એટલે ૫૨ ટકા જેવી ઘટ જુવારના વાવેતરમાં પણ આવી, બાજરીના વાવેતરમાં ૨૧ ટકાની ઘટ આવી, કપાસના ઉત્પાદનમાં ઘટ થઇ અને મગફળીના ઉત્પાદનમાં તો ૩૮.૧૯ ટકાની ઘટ આવી. આ શું બતાવે છે? રાજયનો ખેડૂત હવે ખેતી પ્રત્યે ઉપેક્ષા સેવતો થઇ ગયો છે, ખેતી પ્રત્યે નિરાશ થયો છે કારણ કે સરકાર તરફથી નથી એને સહાય મળતી, નથી એને રક્ષણ મળતું, નથી એને પ્રોત્સાહન મળતું અને એટલા માટે હું એમ કહેવા માગું છું કે આજે જ મેં છાપું વાંચ્યું કુદરતી આફતો જયારે આવે છે માવઠું થાય, કમોસમી વરસાદ થાય કે બીજી કોઇ કુદરતી આફતો આવે ત્યારે રાજયના ખેડૂતોને કોઇ રક્ષણ આ સરકાર આપતી નથી અને રજૂઆતો કરીએ ત્યારે એમ કહે કે ૫૦ ટકા કરતા વધારે નુકસાન હોય તો જ અમે સહાયનું વિચારીએ અને એના પરિણામે કોઇ ખેડૂતને અત્યાર સુધી આ કુદરતી આફતો સામે સરકાર તરફથી સહાય મળી નથી, કારણ કે •(xxx) મારે માનનીય કૃષિ મંત્રીશ્રીને કહેવું છે કે, મધ્યપ્રદેશના મુખ્યમંત્રીએ આજે જ એક જાહેરાત કરી (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. એમણે એમ કહ્યું કે *(xxx)

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : સૂચના આપવામાં આવી છે નહીં સૂચના આપવામાં આવે છે. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બિલકૂલ પાયા વિનાની વાત છે. આવી કોઇ કોઇ સૂચના સરકારે આપી નથી. આ રેકર્ડ ઉપર ન રહેવું જોઇએ, આ શબ્દો રેકોર્ડ ઉપરથી દૂર કરવા જોઇએ.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો હું રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ જવાબ આપો ત્યારે કહેજો. અમને અમારી વાત કરવાનો અધિકાર છે. જવાબ આપજો અને અમારી વાત ખોટી હોય તો કહેજો. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જયારે અહીંયા માવઠું થયું એવું માવઠું સમગ્ર દેશમાં પણ થયું માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે, મધ્યપ્રદેશમાં પણ આવું માવઠું થયું ત્યાં પણ નુકસાની થઇ તો એને મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે હેકટર દીઠ ૧૫૦૦૦ રૂપિયા સામાન્ય પાક માટે સહાય આપવાની જાહેરાત કરી. (અંતરાય) દાખલા તો આપી શકીએને અમે.

ઉપાધ્યક્ષશ્રી : બીજા રાજયની વાત ન કરો, આપણે અહીંયાની વાત કરો, તમારે આધાર આપવા પડશે તમે વાંચો છો એટલે.

---

• માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

શ્રી રાઘવજીભાઇ હં. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપીશું આધાર અમે. માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે, આ રાજયના ખેડૂતોને કુદરતી આફતો સામે રક્ષણ મેળવવું અને રક્ષણ આપવું એ રાજય સરકારની પ્રાથમિક ફરજ છે જયારે સરકાર એમાં નિષ્ફળ ગઇ હોય ત્યારે અમારી ફરજ થઇ પડે છે અને અમે વારંવાર સરકાર પાસે રજૂઆત કરીએ છીએ પણ અમારી રજૂઆત પ્રત્યે આ સરકાર કોઇ ધ્યાન આપતી નથી. આ સરકાર ખેડૂતોને નથી પોષણક્ષમ ભાવો આપતી, નથી ખેડૂતોને રોઝ અને ભૂંડ સામે રક્ષણ આપતી, નથી કુદરતી આફતો સામે રક્ષણ આપતી અને જે ખેડૂતો આપઘાત કરે છે એમાં તો એમ કહેવામાં આવે છે કે, પોલીસ ખાતું આપઘાતનું કારણ 'અગમ્ય કારણોસર' લખે છે. રાજયનો ખેડૂત ક્યારે આપઘાત કરે? એને પોષણક્ષમ ભાવો ન મળે, એને બેન્કના હપતા ચૂકવી શકાય એવી એની સ્થિતિ ન હોય, એનું ગુજરાન ચાલતું ન હોય એવા સંજોગોમાં જ્યારે ખેડૂત આપઘાત કરે ત્યારે આ રાજય સરકારનો એક પણ મંત્રી એ ખેડૂતના ઘરે સાંત્વના આપવા નથી જતા એને કોઇ સહાય આપવાની વાત નથી કરતા એને કોઇ જાતની મદદ પણ નથી કરતા અને એટલા માટે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એનો હું વિરોધ કરું છું.

ડો. ટી. ડી. માણીયા(બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બાબુભાઇ કૃષિ વિભાગ, સિંચાઇ અને ભૂમિ સંરક્ષણની માગણી નંબર–૨ અને ૬૬ નંબરની લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું. હિંદુસ્તાન એ કૃષિ અને ઋષિ સંસ્કૃતિના બે પાયા ઉપર ઉભેલો દેશ છે હિંદુસ્તાન એ ગામડાંનો દેશ છે. લગભગ ૬.૫ લાખ ગામડાં આવેલા છે અને હજી આજની તારીખે પણ ૬૦ ટકા વસતિ ખેતી આધારિત અને ખેતી આધારિત અન્ય ક્ષેત્રો પર જીવન નિર્વાહ ચલાવે છે ત્યારે પ્રજાની સુખાકારી અને વિકાસ માટે કૃષિ ક્ષેત્રનો વિકાસ જરૂરી જ નહિ પણ અનિવાર્ય છે. આપણા ખેતી પ્રધાન દેશમાં હરિયાળી ક્રાંતિના પરિણામ સ્વરૂપે કૃષિ ક્ષેત્રે વિશ્વ ફલક ઉપર આપણો દેશ મોખરાનું સ્થાન ભોગવી રહ્યો છે તેમાં ગુજરાત રાજ્યની કૃષિ ક્ષેત્રે છેલ્લાં દોઢ દાયકામાં થયેલ પ્રગતિની નોંધ સમગ્ર દેશ અને દુનિયાએ લીધી છે. દોઢ દાયકાના મુખ્ય આંકડા આપું તો કૃષિ વિસ્તારમાં વધારો સાથે સાથે કૃષિ ઉત્પાદન અને ઉત્પાદકતામાં વધારો, સાથે છેલ્લાં ૧૦–૧૨ વરસથી કૃષિ ઉત્પાદક દર સતત બે આંકડામાં, કૃષિ આવકમાં પણ લગભગ છેલ્લાં બાર વરસમાં સાતેક ગણો વધારો, સાથે સાથે ઘણા પ્રકારના પાકોમાં પણ આપણે દેશ અને દુનિયામાં મોખરાનું સ્થાન ધરાવીએ છીએ. જે આપણા ખેડૂતો માટે પણ ગૌરવની વાત છે અને આના માટે આપણને ઘણા બધા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડો પણ મેળવેલા છે. આપણા આદરણીય વડાપ્રધાન મોદીજીના માર્ગદર્શન અને એક ખેડૂતપુત્રી માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના નેતૃત્વમાં ગતિશીલ ગુજરાતના માધ્યમથી આવતા વરસોમાં આપણે મુખ્ય ત્રણ ક્ષેત્રો જે ગણાય, ઉદ્યોગ, કૃષિ અને સેવાકીય પ્રવૃત્તિઓના સંતુલિત, સમન્વય કાર્ય અને ઝડપી વિકાસના અભિગમે ભા.જ.પ. ની સરકાર આગળ ધપાવવા માગે છે ત્યારે ખાસ મુખ્ય આંકડા આપું તો જળસંપત્તિમાં આ વરસે ૪૩૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરેલી છે, જળસંપત્તિ વિભાગની મુખ્ય કામગીરીની વાત કરીને મુખ્ય આંકડા આપું તો ૧.૫૦ લાખ ચેકડેમ, ૧.૬૨ જેટલી ખેતતલાવડીઓ, ૨૫૦૦૦ જેટલા તળાવ ઉંડા ઉતારવાની કામગીરી, ૧૦૦૦૦ જેટલા જળમંદિરની પુનઃસ્થાપન કરવાની કામગીરી એટલે છેલ્લાં પંદર વરસમાં જળસપાટી ૩૦૦ ફૂટ ઉંડાઇથી લગભગ ૩૦ ફૂટ આસપાસ આવી એ આપણી જળસંચય અને જળ સિંચનની ખૂબજ અગત્યની સિદ્ધિ છે, જળ વિભાગની ટોટલ કામગીરીમાં ૫.૫ લાખ જેટલા જળસંચયના કામો થયા છે અને એના અનુસંધાને ૬ લાખ હેકટર જેટલો સિંચાઇ વિસ્તાર આપણે વધારાનો આવરી શક્યા છીએ. મારે મુખ્ય વાત એ કરવાની કે ખેતી અને સિંચાઇમાં બન્નેમાં કામ લાગે એવી એક ડ્રીપ ઈરીગેશન યોજનાની ખાસ વાત એટલા માટે કરવી છે કે આપણે કહીએ છીએ કે, પર ડ્રોપ મોર ક્રોપ, સુત્ર બહુ જાણીતું છે પણ હું એનાથી આગળ કહીશ કે ઇચ ડ્રોપ રીચ ડ્રોપ, પાણીનું એક એક ટીપું મૂલ્યવાન છે, જ્યારે એ ખેડૂતો અને સમાજ જાણતો થશે ત્યારે આ પાણીના ટીપાંની કિંમત આપણને સમજાશે. ટીપે ટીપે સરોવર ભરાય એ કહેવત આપણે વરસોથી સાંભળતા આવ્યા છીએ પણ એમાં હું વધારે એમ કહેવા માગું છું કે, ખેડૂતો માટે ડ્રીપ ઈરીગેશન એ ટીપે ટીપે સમૃદ્ધિના સરોવર છલકાય છે, એવી આપણી એક યોજના છે. મારે ખાસ વાત તો ડ્રીપ ઈરીગેશનની કરવી છે, ગૃહના દરેક સભ્યો શાસક પક્ષ કે વિપક્ષ દરેક સભ્યએ આ વાત સાંભળવા જેવી છે અને અમલમાં મૂકવા જેવી વાત છે, એના માટે મારા બોટાદ તાલુકાની એક વાત કરવા માગું છું કે, છેલ્લાં ચાર વરસમાં બોટાદ તાલુકામાં કપાસની ખેતી માટે ડ્રીપ ઈરીગેશનનો જે વિસ્તાર છે એ ગુજરાતના બધા ૨૪૭ તાલુકામાં નંબર વન તાલુકો બોટાદ તાલુકો આવ્યો એનું કારણ શું એ વાત ખાસ હું તમને કહેવા માગું છું સૌરભભાઇના માર્ગદર્શન હેઠળ અને એમણે પોતે અંગત રસ લઇને ગામડે ગામડે મુલાકાતો કરી ડ્રીપ ઈરીગેશનના ફાયદા શું? એનાથી ખાતર, પાણી, વીજળી બધાની જે બચત થાય એ બધા વિશે સમજણ આપી, એક જનઆંદોલન જગાવ્યું અને ડ્રીપ કંપનીઓ સાથે વાટાઘાટો કરી અને એમના નફામાંથી ૧૦ ટકા કાપ મૂકી અને એ રીતે ૧૦ ટકા કંપનીઓ દ્વારા, ૫૦ ટકા સરકાર દ્વારા અને આગળના બે વરસ ૧૦ ટકા જી.એમ.ડી.સી. દ્વારા ટોટલ ૭૦ ટકાનો લાભ ખેડૂતોને અપાવ્યો અને એના કારણે ૧૨૦૦૦ એકર જેટલી જમીનને લાભ થયો છે. એ.પી.એમ.સી.નો પણ એક દાખલો આપવા જેવો છે એ.પી.એમ.સી.સાથે સંકળાયેલા સભ્યોને કહું કે અમારે બોટાદ એ.પી.એમ.સી.છેલ્લા બે વર્ષથી દસ ટકા સહાય ખેડૂતોને ડ્રીપ ઈરીગેશન માટે સરકાર સિવાયની સહાય આપે અને એના કારણે ટોટલ ચાર વર્ષમાં બોટાદ તાલુકામાં લગભગ ૧૮ હજાર એકર જેટલી જમીન ટપક સિંચાઇ નીચે આવરી લીધી. એટલે આના માટે અભિનંદન આપું તો શ્રેય મંત્રીશ્રી સૌરભભાઇને જાય છે કે જેમણે આ પદ્ધતિ અપનાવી અને દરેક તાલુકાના ખેડૂત પણ અને સહકારી ક્ષેત્રના અગેવાનો પણ એ.પી.એમ.સી. દ્વારા આ વધારાનો લાભ મળે તો હું માનુ છું કે આ એક નમૂનારૂપ દાખલો છે કે આ ડ્રીપ ઈરીગેશન માટે આપણે આગળ વધી શકીએ. આના કારણે શું ફાયદો થયો તેની આંકડાકીય માહિતી આપું તો પાંચ વર્ષ પહેલાં લગભગ પાંચ લાખ કિવન્ટલ માલ–સામાન આવતો હતો તેના બદલે હવે આ ડ્રીપ આવ્યા પછી સાડા ત્રણ ગણો વધારો અઢાર લાખ કિવન્ટલ કપાસ અત્યારે બોટાદ યાર્ડમાં આવે છે. આ વર્ષ મોળું હોવા છતાં નવ કરોડની શેષ ફી બોટાદ યાર્ડમાં

મળી આ ડ્રીપ ઈરીગેશનના નજર સમક્ષના ફાયદા એટલે આ ડ્રીપ ઈરીગેશન માટે દરેકે અપનાવવા જેવી વાત છે. વધારાની વાત જળ સંપત્તિ પ્રભાગ માટે સૌરાષ્ટ્ર માટે સૌથી અગત્યનું શહેર જે સૌની યોજના. ગયા વર્ષે ૧૨૯૪ કરોડની જોગવાઇ હતી પણ આ વર્ષે તેમાં વધારો કરી ચારેય લીંક પ્રોજેકટ વત્તા સુખભાદરની લાઇન માટે આગામી વર્ષમાં ૨૧૦૨ કરોડની ફાળવણી મંત્રીશ્રીએ કરી છે તેના માટે નાણામંત્રીને અભિનંદન આપું છું. ખાસ તો સરદાર સરોવર યોજના છે, સબ માઇનોરમાં પાઇપ લાઇનમાં ૯૦/૧૦ ની ભાગીદારીમાં જે વિવાદ વિના ઝડપથી કામગીરી થાય એ પણ આપણાં માટે એક બહુ સારી વાત છે. સાથે સાથે સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તારમાં માઇનોરની કામગીરી માટેના પણ ઘણાં બધા રૂપિયા સરકારે ફાળવ્યા છે. કચ્છના ત્રણ પમ્પીંગ સ્ટેશન અને સૌરાષ્ટ્ર શાખા નહેરના ત્રણ પમ્પીંગ સ્ટેશન.

શ્રી ભોળાભાઇ ભી. ગોહેલ(જસદણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ અને સહકાર વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં રાજયની અંદર જે બજેટ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેમાં ૧૫-૧૬ના વર્ષમાં ઘણી જાહેરાતો કરવામાં આવી છે પણ આ જાહેરાતોની અંદર તેની પૂરેપૂરી અમલવારી ગ્રામ્ય વિસ્તારમાં થાય એવું મારુ સૂચન છે અને સાથે સાથ આ બજેટની અંદર ૧૪-૧૫ના વર્ષની સરખામણીમાં ૧૫-૧૬માં બજેટમાં ખેડૂતલક્ષી ઘણો ઘટાડો કરવામાં આવ્યો છે તેમાં અનુસૂચિત જનજાતિ હોય, ગરીબ ખેડૂતો માટેના ખાસ કાર્યક્રમો હોય કે નેશનલ મિશન ઓફ ઓઇલ સિડ હોય, માહિતી કેન્દ્ર હોય, રાષ્ટ્રીય કૃષિ વીમા યોજના હોય આ તમામ ક્ષેત્રની અંદર ૧૪-૧૫ના વર્ષની સરખામણીમાં ૧૫-૧૬માં ઘણો ઘટાડો કરવામાં આવ્યો છે. પશુપાલન વ્યવસાયમાં પણ તેમના જે કાર્યક્રમ છે પશુ સંવર્ધન ફાર્મ હોય, મરઘાં ઉછેર કાર્યક્રમ હોય, ઘેટાં સંવર્ધન ફાર્મ હોય, ગૌશાળા કે લીલો ઘાસચારો હોય કે પાંજરાપોળ માટે ઘાસચારો હોય આ તમામ જગ્યાએ ૧૫-૧૬માં ઘટાડો કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારની અંદર ખેડૂતો જે વાડી વિસ્તારમાં રહે છે અહીંયા વિધાનસભાની અંદર ચર્ચા કરવામાં આવે છે કે વાડી વિસ્તારની અંદર અમે તમામ ખેડૂતોને જે વાડી વિસ્તારમાં રહે છે તેને સીંગલ ફેઝ પાવર છે તે સતત આપવામાં આવે છે. ગ્રામ્ય વિસ્તારની અંદર દિવસે પાવર સીંગલ ફેઝમાં આપવામાં આવતો જ નથી અને રાત્રીના આઠ નવ વાગ્યા પછી સીંગલ ફેઝ પાવર આપવામાં આવે છે. મુરબ્બીશ્રી રાઘવજીભાઇએ વાત કરી તે પ્રમાણે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી એના અનુસંધાને મારા વિધાનસભા વિસ્તારમાં પણ એક યુવાન બી.એસ.સી.થતા છોકરાએ પણ ખેડૂતને પૂરતા પોષણક્ષમ ભાવ નહીં મળવાના કારણે તેમણે આત્મઘાત કરેલો. હજુ બે દિવસ પહેલાં જ માનનીય નીતિનભાઇ પટેલને પણ મારા વિસ્તારમાંથી તેમના છોકરાની સારવાર માટે ૧૫-૧૬ લાખનો જે ખર્ચ થતો તે તેને મળવા માટે આવેલા અને એના અનુસંધાને માનનીય મંત્રીશ્રીએ પણ મદદ કરી પણ એમનું આર્થિક દેણું વધી જવાના કારણે અને પૂરતા ભાવ નહીં મળવાના કારણે બે દિવસ પહેલાં જ તેમણે આત્મવિલોપન કરી લીધું. માનનીય અધ્યક્ષશ્રી, આ ખેડૂતોને જે કપાસ પાક વીમાનું સાડા છ ટકા પ્રિમિયમ લેવામાં આવે છે અને મગફળીનું સાડાત્રણ ટકા. તો કપાસમાં પણ સાડાત્રણ ટકા પ્રિમિયમ લેવામાં આવે એવું મારું સૂચન છે અને ગયા વખતે પણ આપણે છાપામા વાંચ્યું હતું અને વાતો થતી હતી કે ખેડૂતોને જે પાક વીમો આપવામાં આવે છે તેમાં એક પ્રાઇવેટ એજન્સીને આપવાની જે વાત ચાલુ છે. તો તેમાં વર્ષોથી રાબેતા મુજબ આપણને રાજય સરકાર અને કેન્દ્ર સરકાર જે હિસ્સો આપે એ યથાવત ચાલુ રાખવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી ક્ષેત્રે પણ રાજય સરકારે જિલ્લા અને તાલુકાનું વિભાજન કર્યું, પણ સાથોસાથ જસદણ વિધાનસભામાંથી વિંછીયા તાલુકો અલગ થયો. તો ત્યાં પણ માર્કેટયાર્ડ અલગ કરવામાં આવ્યું. વિંછીયા યાર્ડમાં એક પણ જીન નથી. ત્યાંના વેપારીઓ પણ નથી. સીઝનેબલ છે એ વેપારીઓ ત્યાં માલ લેવા આવે છે. છતાં પણ આ રાજય સરકાર અમુક કાર્યકરોને સાચવવા માટે થઇને આવા નિર્ણયો સહકારી ક્ષેત્રમાં તે છે એ યોગ્ય નથી અને સાથોસાથ તાલુકાનું વિભાજન કરવામાં આવે, પણ રાજકોટ ડિસ્ટ્રીકટ કો-ઓપરેટીવ બેંક હોય કે સહકારી ક્ષેત્ર હોય તો તેને સુપ્રીમ કોર્ટે પણ તાલુકાવાઇઝ પ્રતિનિધિત્વ આપવું. તો જસદણ તાલુકાની અંદર એકપણને પ્રતિનિધિત્વ ન મળે અને બીજાં તાલુકાની અંદર વિંછીયા તાલુકાના મત ડાઇવર્ટ થાય એ જે પ્રવૃત્તિ થઇ છે એ ખરેખર વ્યાજબી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં રાજયની અંદર સહકારી ક્ષેત્ર છે એ પણ ઘણું વિસ્તરેલું છે. તો જેમ અન્ય રાજયમાં અને આપણાં રાજયમાં પ્રાથમિક શિક્ષણ પાછળ ખર્ચ કરવામાં આવે છે એમ સહકારી શિક્ષણ પાછળ આપણી રાજય સરકાર બજેટમાં જોગવાઇ કરે એવું મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારની અંદર જે વિન્ડફાર્મ બનાવવામાં આવે છે, ત્યાં વાડી વિસ્તારની અંદર સીમ શાળાઓ હોય, ખેડૂતો છે એ પોતાના બાળકો સાથે ત્યાં રહેતા હોય, છતાં પણ આ રાજય સરકારમાંથી કલેકટર અને મામલતદારમાંથી સીધેસીધી મંજૂરી આપી અને જે મંજૂરી આપવામાં આવે છે એ યોગ્ય નથી. ત્યાં ખરેખર સ્થાનિક પંચાયત કે મામલતદારને પૂછયા કર્યા વગર સીધા વિન્ડફાર્મ છે તે ઉભા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિશેષ છે કે અત્યારે ખેડૂતોને બિયારણ આપવામાં આવે છે. આપણી સહકારી સંસ્થાઓ મારફત બિયારણ ઉત્પાદન કરવામાં આવે છે. જી.એન.એફ.સી. હોય, જી.એસ.એફ.સી. હોય કે ગુજકોમાસોલ હોય. એ પૂરતા પ્રમાણમાં સર્ટીફાઇડ બિયારણ ઉત્પાદન કરી શકતી નથી. એની અવેજીમાં પ્રાઇવેટ ખેડૂતોને પ્લોટીંગ આપીને જે બિયારણ ઉત્પાદન કરવામાં આવે છે તેમાં ખેડૂતોને કયાંક ડુપ્લીકેટ બિયારણ મળી જાય છે. જેથી કરી આખું વર્ષ પૂરતું ઉત્પાદન એમને મળતું નથી. તો આમાં

પણ રાજય સરકાર ખાનગી કંપનીઓ પાસે રીસર્ચ કરાવવાના બદલે રાજય સરકાર આપણાં મારફત અને આપણી દેખરેખ નીચે સારી ક્વોલિટીના બિયારણનું ઉત્પાદન થાય એવું મારું સૂચન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપ જાણો છો એ પ્રમાણે સારાય રાજયમાં જયારે ખેડૂતોને રાસાયણિક ખાતરની જરૂરિયાત હોય ત્યારે પૂરતા પ્રમાણમાં ગ્રામ્ય વિસ્તારમાં રાસાયણિક ખાતર મળતા નથી. વિશેષ આ સહકારી ક્ષેત્રે જે રાજય સરકાર મારફત જે *(xxx) અભિગમ અપનાવવામાં આવે છે એમાં સહકારી ક્ષેત્ર આપણાં રાજયમાં સૌનો સાથ સૌનો વિકાસના મારફત શ્રેય થાય એવી અપેક્ષા...

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. *(xxx)શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે છે. બાવનજીભાઇ.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા(ટંકારા) : માનનીય અધ્યક્ષશ્રી, આ સરકાર જે બજેટ લઇને આવી છે તેમાં કૃષિ અંગેની વાતને હું અનુમોદન આપવા માટે ઉભો થયો છું. આ રાજયમાં ૧૯૬૦ પછી ઘણી બધી સરકારોએ અગાઉ સામાવાળાઓએ પણ ૪૦ વર્ષથી પણ વધુ સમય માટે આ રાજયમાં રાજ કર્યું છે. અત્યારે જે મિત્રો કૃષિ માટેની વાત કરે છે પણ આ ભારતીય જનતા પક્ષની સરકારનો એક વિચાર છે કે આ રાજયની ૭૦ ટકા ખેતી આધારિત વસતિ છે. તેને કાયમ માટે પોતાના બજેટમાં વધુમાં વધુ રકમ ફાળવે. અને કાયમ માટે ગામડાંની ખેતીને અનુમોદન આપવા માટેનો અભિગમ રહ્યો છે. આ રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ આ રાજયની કૃષિને અવ્વલ નંબરે પહોંચાડવાનો અભિગમ રાખ્યો હતો. આ રાજ્યના ખેડૂતો ખેતી વિશે સાચા માહિતગાર થાય તે માટે રાજ્યની જુદી જુદી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો કૃષિ મહોત્સવ દ્વારા ૪૬ ડીગ્રી તાપમાનમાં લોકોની વચ્ચે જાય અને સાચી વાત કહે એ આજે સ્થિતિ ગુજરાતની છે. અગાઉ ખેતી ક્યાં હતી એ વિશે કહું તો ૧૯૯૧-૨૦૦૦માં આ રાજ્યનો કૃષિનો દર ઘટતો ઘટતો ૨.૯ ટકાએ પહોંચ્યો હતો એમાં ઉત્તરોત્તર વધારો કરવા માટે ૨૦૦૨થી કૃષિ આનુષાંગિક પગલાં લીધા અને બજેટ ફાળવ્યું અને આજે આપણું કૃષિ ઉત્પાદન ૧૧ ટકાથી વધારે થયું છે. દેશમાં કદાચ હું ન ભૂલતો હોઉં તો ૨.૫ ટકા કૃષિ ઉત્પાદન દર હતો અને આપણે ૧૧ ટકાથી વધારે ઉંચો લાવ્યા છીએ. કૃષિની આવક અને ખેડૂતોની આર્થિક સ્થિતિમાં વધારો કર્યો છે. મને કહેતાં આનંદ થાય છે કે, આ રાજ્ય સરકારના પ્રયત્નથી ૨૦૦૪-૦૫માં ખેતીની આવક રૂ.૨૬,૦૦૦/- કરોડ હતી. આજે ૨૦૧૩-૧૪માં રૂ.૧,૪૦,૦૦૦/- કરોડ જેટલી થઇ છે. ગુજરાતમાં કૃષિની આવકમાં પાંચ ગણો વધારો થયો છે. ત્યારે રાજ્ય સરકારને આ બાબતમાં અભિનંદન આપવા માગું છું. મારે એટલું વિશેષ કહેવું છે કે, અગાઉ જે ખાદ્ય પાકો થતા અને અહીંયાં મિત્રો કહેતા હતા કે, આ સરકારે કામ કર્યું છે. ૧૯૭૫માં આ રાજ્યમાં અને દેશમાં અનાજ માટે પીએલ ૪૮૦ નીચે ગયો અને શકોરુ લઇને લાઇનમાં ઉભા રહેવું પડ્યું. વિદેશમાંથી જે ઘઉં આવ્યા એની સાથે ઘાસનું બિયારણ આવ્યું. એનાથી આજે લોકો હેરાન થઇ ગયા છે. એ ઘાસ જતું જ નથી. એ ઘાસનું નામ નથી આવડતું પણ લોકો કહે છે કે, એ કોંગ્રેસ જાત છે. એનાથી ખૂબ જ નુકસાન થાય છે.

ઉપાધ્યક્ષશ્રી : બાવનજીભાઇ આપની પાસે એક મિનિટ છે. નવા સભ્ય છે. ટ્રેઇન થતાં વાર લાગે.

શ્રી બાવનજીભાઇ હં. મેતલીયા : મંત્રીશ્રી આટલું મોટું બજેટ કૃષિ માટેનું લઇને આવ્યા છે એમાં મારે કહેવું છે કે, પાક વીમા અકસ્માતમાં આપણે જે સર્વગ્રાહી નીતિ અપનાવી અને અકસ્માત યોજના લઇ આવ્યા અને એમાં સરળીકરણ કર્યું એ ખૂબ સારું છે. કોઇ બનાવ બને તો તેને રૂ.૧/- લાખનું વળતર મળે છે. એમાં એની બે આંખ, બે હાથ, બે પગને જો કાયમી નુકસાન થયું હોય તો રૂ.૧/- લાખનું વળતર મળે છે. એથી વિશેષ જો એક અંગને નુકસાન થાય તો રૂ. ૫૦,૦૦૦/-નું વળતર રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૧૭૦૦૦ થી વધુ લોકો અકસ્માતનો ભોગ બન્યા છે અને એમને રૂ.૧૫૬/- કરોડ જેટલી માતબર રકમ રાજ્ય સરકારે વીમા પેટે ચૂકવી છે. રાજ્ય સરકારે આ વખતે પણ રૂ.૩૦/- કરોડનું પ્રાવધાન અકસ્માત વીમા માટે કર્યું છે એ અભિનંદનને પાત્ર છે. મારે કહેવું છે કે, આ ભારતીય જનતા પક્ષનો વિચાર છે. હમણાં ભોળાભાઇ કહેતા હતા કે, જાહેરાત કરે છે પણ કરે છે કે કેમ? અમે જે જાહેરાત કરીએ છીએ એ જ કરીને બતાવ્યું છે અને જે જાહેરાત કરીએ છીએ, એ કામ કરીને બતાવીએ છીએ. ડો. દિન દયાળ ઉપાધ્યાયના વિચાર છે કે, ''હર હાથ કો કામ, હર ખેત કો પાની'' આ કરીને અમે બતાવ્યું છે. માનનીય મંત્રીશ્રીની માગણીને મારું અનુમોદન છે.

શ્રી સતિષભાઇ મો. પટેલ(કરજણ) : માનનીય અધ્યક્ષશ્રી, ગતિશીલ ગુજરાત, સૌનો સાથ સૌનો વિકાસ અને સર્વાંગી વિકાસ, જેવા બજેટ લઇને માનનીય આપણા પ્રથમ મહિલા મુખ્યમંત્રીશ્રી આનંદીબેનના અધ્યક્ષપણામાં માનનીય મંત્રીશ્રી પશુપાલન અને ડેરી વિકાસની માગણી નંબર-૪ લઇને અવ્યા છે એમાં હું સમર્થન આપવા માટે અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું. ગ્રામ્ય જીવન એ ભારતમાં પશુપાલન આધારીત છે ત્યારે તેમાંય ગુજરાતની અંદર દૂધાળા પશુઓ દ્વારા શ્વેતક્રાંતિની મિસાલ ગુજરાત બન્યું છે. ગતીશીલ ગુજરાતમાં ખાસ કરીને મહિલાઓ પોતે સ્વનિર્ભર થાય અને પોતાના પગ ઉપર ઉભા રહીને પોતે પોતાનું ઘર ચલાવી શકે એના માટે આ બજેટમાં ખાસ જોગવાઇઓ કરવામાં આવી છે. તેમાંય મહિલા સંચાલિત દૂધ ઉત્પાદક મંડળીઓને ડેરીનું મકાન બનાવવા માટે ૫૦ ટકાની સહાય આપવા માટે આ બજેટની અંદર ૪૦ કરોડની દરખાસ્ત કરી છે. આને કહેવાય સ્ત્રી સશકિતકરણ. દૂધ ઉત્પાદનમાં ગુજરાત અગ્રેસર છે. ૧૧૧.૧૨ લાખ મેટ્રિક ટન દૂધ સાથે દેશની અંદર ચોથા ક્રમે છે ત્યારે ગુજરાતની અંદર ૩૨ લાખ આપણા પશુપાલક છે. ૩૨ લાખની અંદર ૯ લાખથી વધુ પશુપાલક મહિલાઓ છે. ચારેકોર આપણે જોઇએ તો અમૂલના નામની આખાએ ભારતની અંદર બોલબાલા હોય ત્યારે આ ગુજરાતની અંદરથી આપણે જે દૂધ ગુજરાતને પૂરું પાડી અન્ય રાજયને પણ મોકલીએ છીએ, પશુના આરોગ્યની ચિંતા માટે પણ આ સરકારે નિઃશૂલ્ક સારવાર માટે

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી રદ કરવામાં આવ્યો.

૧૮ કરોડની જોગવાઇ આ બજેટની અંદર કરી છે. પ્રતિ દસ ગ્રામ દીઠ એક પશુ સારવાર કેન્દ્રની જોગવાઇ માટે તબકકાવાર ૧૫ કરોડ રૂપિયાની આ બજેટની અંદર જોગવાઇ કરી છે. ઓટોમેટીક મિલ્ક કલેકશન માટે આપણા મુખ્યમંત્રી આનંદીબેનના વડપણ હેઠળ આ સરકારે અધધ એટલે ૨૫ કરોડ જેવી રકમની જોગવાઇ કરી છે. ગતિશીલ ગુજરાતે ગુજરાતના ૨૦૧૪–૧૫ માટે, પશુપાલન માટે ૩૪૭ કરોડથી વધુ જોગવાઇ કરી હતી અને એમાંય ડેરી વિકાસ માટે રૂ. ૯૫ કરોડ ઉપરની જોગવાઇ કરી કુલ ૪૪૦.૫ કરોડની જોગવાઇ કરી હતી. આ વર્ષે ૨૦૧૫–૧૬ માટે પશુપાલન અને ડેરી વિકાસ માટે ૪૯૭,૬૦,૭૪,૦૦૦ની જોગવાઇ સૂચવી છે. ગૌ–મૈયા માટે આપણી આનંદીબેન મૈયાએ ગુજરાતમાં ચિંતા કરી છે. ડેરીના સંઘોને કેટલ ફીડ ફેકટરી બનાવવા માટે આ બજેટની અંદર ૧૦ કરોડની જોગવાઇ આ બજેટની અંદર કરી છે. પશુ આરોગ્ય મેળા કુલ ૨૦૧૪–૧૫માં ૪૧૦૯ યોજીને ૩૫ લાખ પશુઓમાંથી ૧૪ લાખથી વધુ પશુઓની સારવાર આપી એક નવતર ગતીશીલ પ્રયોગ કર્યો છે. જેથી આ પશુના રોગની અંદર ઘટાડો થયો છે. આપણા ગુજરાતમાં ૧૮ જિલ્લા સહકારી સંઘો અત્યારે ચાલે છે. ૧૬૬૫૪ ગ્રામ્ય સહકારી મંડળીઓ ચાલે છે અને ૩૨ લાખથી વધુ સભાસદો આ સંઘોમાં જોડાયેલા છે. ૨૬૪૧ મહિલા સંચાલિત દૂધ મંડળીઓ ગુજરાતમાં ચાલે છે. આમ, ગુજરાત ડેરી ઉદ્યોગ દ્વારા સશક્ત ગુજરાત બન્યું છે. જય જય ગરવી ગુજરાત.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ(વિજાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૫–૧૬ના વર્ષના અનુદાનો માટેની માગણીઓ પૈકી કૃષિ અને સહકાર વિભાગની માગણી નં. ૨ ઉપર મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કપાસના ભાવો નીચા જતાં ખેડૂતોના આપઘાત કરવાના બનાવો વધતાં રાજ્ય સરકારે ખેતીવાડી ખાતાના બજેટમાંથી ૧૧૦૦ કરોડની રકમ રાહત પેકેજ તરીકે જાહેર કરી હતી. આ ૧૧૦૦ કરોડ ન હતા. ખેડૂતો માટે કેટલી રકમ વપરાઇ, કેટલી સંખ્યામાં કપાસ પકવનારા ખેડૂતોને લાભ મળ્યો અને તેના નુકસાન સામે કેટલા ટકામાં વળતર મળ્યું તે વિગતો વિભાગ ધ્યાને મૂકે એવી વિનંતી છે. ખેડૂત જગતનો તાત છે. ગુજરાતના ૪૦ ટકા લોકો ખેતીનો ધંધો કરે છે. ગુજરાતમાં કપાસ, બટાકા, દીવેલા, ગવાર, રાયડો, એરંડા, ડાંગર જેવા અનેક પાકો થાય છે. અગાઉના ભાવો કરતાં છેલ્લા એક વર્ષથી એટલા બધા ભાવો નીચા ગયા છે કે ખેડૂતોને પરવડી શકે તેવું નથી. આ બાબતમાં સરકારે કંઇક યોગ્ય વિચારણા કરવી જોઇએ. બીજું કે હમણાં છેલ્લા એક મહિનાથી કમોસમી વરસાદ પડવાના કારણે વાવાઝોડું, વરસાદ અને કરા સમગ્ર ગુજરાતમાં થવાથી ખેડૂતોને ઘણું નુકસાન થયું છે. ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્યો દ્વારા અનેક રજૂઆતો કરી કે જેટલું નુકસાન ખેડૂતોને થયું હોય એટલો સરવે કરાવી ખેડૂતોને રાહત આપો. સરકાર તરફે એવું કહેવામાં આવે છે કે ૫૦ ટકાથી વધુ નુકસાન થયું હોય તો જ રાહત આપવામાં આવશે. સરકારને હું વિનંતી કરું છું કે આ વર્ષે ઓછા ભાવો મળ્યા, પાક નિષ્ફળ ગયો છે તો ફરીથી સરવે કરી ખેડૂતોને જેટલું નુકસાન થયું હોય એટલું યોગ્ય વળતર આપવું જોઇએ એવી સરકારને મારી વિનંતી છે. બીજું, હમણાં મારા વિસ્તારમાં ખેડૂતોને સિંચાઇ માટે ધરોઇ કેનાલમાંથી ૪ પેટા શાખાઓ નીકળે છે. છેલ્લા ૧૫ વર્ષથી બે પેટા શાખા લાડોલ અને ભાવસો પ્રશાખાઓ આજ સુધી યોગ્ય જગ્યાએ પહોંચી નથી. તો સરકારને કહેવું છે કે કોઇપણ સંજોગોમાં ખેડૂતો માટે આ બન્ને કેનાલો પૂરી થાય એવી મારી વિનંતી છે. આનંદીબેન મારા વિસ્તારના વતની છે, એમનું પિયર મારા વિસ્તારમાં છે. ભારતના વડાપ્રધાન પણ મારા મહેસાણા જિલ્લાના છે. નીતિનભાઇ પણ મારા વિસ્તારના છે. મહેસાણા તાલુકામાંથી તેઓ ચૂંટાયા છે. વિજાપુરના ખેડૂતોના અવર–જવર માટેના એક ગામથી બીજા ગામના રોડ છેલ્લા આઠ–દસ વર્ષથી બિલકૂલ બેહાલ બની ગયા છે.

ઉપાધ્યક્ષશ્રી : આમાં રોડનું ક્યાં આવે?

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : પહેલીવાર ઉભો થયો છું એટલે વાત કરું છું. અનેકવાર વિનંતી કરી પણ હજુ નીતિનભાઇ સાંભળતા નથી અને યોગ્ય નિકાલ કરતા નથી. એમના મહેસાણા તાલુકામાં ૪૯ કરોડ રૂપિયા પાસ કર્યા છે જ્યારે મારા વિજાપુર તાલુકામાં મુખ્યમંત્રીનો તાલુકો, ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબનો જિલ્લો છે પણ ૧૭ કરોડ રૂપિયા જ પાસ કર્યા છે તો નીતિનભાઇને વિનંતી છે કે એનું શું કારણ છે? હું કોંગ્રેસનો ધારાસભ્ય છું એટલે ૧૭ કરોડ અને મહેસાણામાં ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય છે એટલે ૪૯ કરોડ? કોંગ્રેસના ધારાસભ્ય રમેશભાઇ કડીમાં છે એમને ૩૫ કરોડ અને વિજાપુરમાં ૧૭ કરોડ તો સરકારે કંઇક યોગ્ય વિચાર કરવો જોઇએ. બીજું, ખેડૂતોને વીજ કનેકશન મંજૂર કરવા એટલે ટ્રાન્સફોર્મર સહિતનો ખર્ચ ખેડૂતને ભોગવવો પડે છે. ટાટા, નેનો કાર બનાવવાની ફેકટરીને ૨૦૦ કે.વી.નું એક, ૬૬ કે.વી.ના બે ટ્રાન્સફોર્મર તરત જ ઊભા કરી દેવામાં આવે છે. પરંતુ ખેડૂતોને ૧૦ વર્ષ રાહ જોવડાવ્યાં પછી પણ વીજ કનેકશન માટે એક લાખથી પાંચ લાખનો ચાર્જ આકારવામાં આવે છે તો આ અંગે સરકારે કંઇ વિચાર કરવો જોઇએ. કોંગ્રેસના શાસનમાં મિટર પ્રથા નાબૂદ કરી હતી. હોર્સ પ્રથા દાખલ કરી હતી. કોંગ્રેસના શાસનમાં ૧૨ થી ૧૫ કલાક વીજળી મળતી હતી. ભાજપના શાસનમાં ૮ કલાક વીજળી મળે છે. એ પણ દિવસે ૪ કલાક અને રાત્રે ૪ કલાક. ખેતરમાં ઘર બનાચવીને રહેતાં ખેડૂતોને ઘર વપરાશ માટે સીંગલ ફેઝ વીજ કનેકશન આપવાનું પણ આ સરકારે બંધ કરેલ છે તો આ સરકારે આ બાબતમાં આગળ વધવું જોઇએ અને ખેડૂતોને પણ વીજ કનેકશન આપવું જોઇએ. •(xxx) ખેડૂતોને કૃષિપેદાશના પોષણક્ષમ ભાવો મળે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં નિષ્ફળ ગઇ છે.

ઉપાધ્યક્ષશ્રી : પ્રહલાદભાઇ આપની પાસે પુરાવા ન હોય તો ફિગરો મૂકવા નહિ. હું આપના આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરું છું.

---

• આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યાં.

શ્રી પ્રહલાદભાઇ ઇ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાજબી ભાવે ખરીદી કરીને ખેડૂતોને આર્થિક નુકસાનમાંથી બચાવવામાં સરકાર બિલકૂલ નિષ્ફળ ગઇ છે. કૃષિમેળાઓમાં અધિકારીઓ વ્યસ્ત રહેવાના કારણે વહિવટી તંત્રની ખોરવાતી જતી કામગીરી કરવામાં સરકાર બિલકૂલ નિષ્ફળ ગઇ છે.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, મારાં મંત્રીશ્રી માગણી લઇને આવ્યાં છે એમાં હું સૂર પુરાવું છું.

સમગ્ર રાષ્ટ્રની સહકારી પ્રવૃત્તિમાં ગુજરાતની સહકારી પ્રવૃત્તિ નમૂનેદાર છે. ગુજરાતના ખેડૂતો, કારીગરો, ખેતમજૂરો, બાંધકામ મજૂરો, દૂધ ઉત્પાદકો, કર્મચારીઓ, મહિલાઓ, વેપારીઓ, વ્યવસાયકારો એ પોતાનો આર્થિક અને સામાજિક વિકાસ કર્યો છે. 'એક વ્યકિત બધા માટે અને બધા વ્યકિત એક માટે' એની ભાવનાથી સહકારમાં જોડાય છે પોતાનો આર્થિક, સામાજિક વિકાસ સાધી રહ્યાં છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, અલગ અલગ પાણીનું બૂંદ તો માત્ર વિખરાઇ જશે અને સૂકાઇ જશે પણ સહકારના એકઠાં થયેલા બૂંદ મહાસાગર બની શકશે. સહકારી એકતાની તાકાત આ પ્રવૃત્તિમાં કોઇ ધર્મ નથી, કોઇ જ જ્ઞાતિ નથી, કોઇ જૂથ નથી, કોઇ રાજકીય પક્ષ આવતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ભોળાભાઇએ વાત કરી કે, કિન્નાખોરીનો ભોગ બનાવે છે પણ મને કહેતા આનંદ છે કે આ ગુજરાતની ભારતીય જનતા પાર્ટીએ છેલ્લા ૨૦ વર્ષમાં ક્યારેય કિન્નાખોરી રાખી નથી એના કારણે ગુજરાતની અંદર સમગ્ર ભારતીય જનતા પાર્ટીનો ભગવો ઝંડો લહેરાઇ રહ્યો છે અને ૧૯૯૧માં રાષ્ટ્રની અમલમાં આવેલી નવી આર્થિક નીતિના પરિણામે ખાનગીકરણ, ઔદ્યોગીકરણ, વ્યવસાયીકરણના માહોલ વચ્ચે સહકારી પ્રવૃત્તિ બજારમાં હરિફાઇનો સામનો કરી રહી છે આવી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારે બજેટમાં ખાસ જોગવાઇ કરેલી છે. એમાં ગુજરાતના આદરણીય મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલ, ગુજરાતના નાણા મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ, સહકાર મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયાજીને ખેડૂતો થકી હું કોટી કોટી વંદન કરું છું તેમણે સમગ્ર ખેડૂતોનું ઉત્થાન કરેલું છે. ગુજરાતમાં કુલ ૭૦,૦૮૯ જેટલી સંસ્થાઓ નોંધાયેલી છે. ખાસ કરીને રાજ્યની ગામડાંમાં આવેલી સહકારી સંસ્થાઓ તેની સાથે જોડતાં ગામો, ખેડૂતો, કારીગરો, ખેતમજૂરો, મહિલાઓ પોતાની રોજગારી સહકારી મારફતે મેળવી આર્થિક પ્રવૃત્તિ કરી રહ્યા છે. ગામડાંનો વિકાસ, સહકારી પ્રવૃત્તિઓનો મહત્વનો ફાળો, ખાંડ મંડળીઓ, ખેતી વિષયક ધિરાણ મંડળીઓ, દૂધ મંડળીઓ, સિંચાઇ મંડળીઓ, કારીગરો-ઉદ્યોગ મંડળીઓ, વણકર મંડળીઓ, ગુજરાતના ગામડાંની આર્થિક સદ્ધરતા બદલાવી છે. આને કહેવાય છે ભારતીય જનતા પાર્ટીનો વિકાસ. ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારની સહકારી ક્ષેત્ર ઉપર ખેતી વિષયક ધિરાણ પ્રવૃત્તિની સહકારી ડેરીનો ઉદ્યોગ સહકારી ધોરણે ખેતી વિષયક ચીજવસ્તુઓ પૂરી પાડવાની દિશામાં સીધો આર્થિક લાભ કરી આપેલો છે. જેમાં ખાસ કરીને ગુજરાતના ત્રિસ્તરીય કૃષિ વિકાસ ધિરાણ મંડળીના પાયામાં માળખામાં ખેડૂતોને માત્ર વ્યાજના (સમયસૂચક ઘંટડી) દરે ધિરાણ મળે, ભારતીય જનતા પાર્ટી બે ટકા વ્યાજે ખેડૂતોને ધિરાણ કરે છે. ૨૦૧૪માં એક કરોડ, બાર લાખની સહાય ચૂકવવામાં આવી છે. આ વર્ષે ખેડૂતોને સસ્તું ધિરાણ મળે એ માત્ર બે ટકાના વ્યાજના ધિરાણની વ્યવસ્થા કરવામાં આવી છે. ૩૫૦ કરોડ રૂપિયાની બજેટમાં જોગવાઇ કરી છે. અગાઉના વર્ષ માટે પણ આગવું આયોજન કરી ૨૨૫ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. આમ ગુજરાતના ખેડૂતોની પડખે રહેવા માટે ગુજરાતના માનનીય મુખ્યમંત્રી આનંદીબેન, સહકાર મંત્રીશ્રી બાબુભાઇ બોખરિયાજી અને નાણા મંત્રીશ્રી સૌરભભાઇને ફરીથી ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, સુરત અને સૌરાષ્ટ્રના મોટા શહેરોમાં રત્ન કલાકારોને પોતાના વ્યવસાય માટે ૭ ટકાના દરે ધિરાણ મળે છે. એમાં રાજ્યના ભંડોળમાંથી ૨ ટકા રાહત એટલે કે, ૭૫ કરોડ રૂપિયા બજેટની જોગવાઇ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલી છે. જોગવાઇમાં આમ ગુજરાત સરકારે સમાજના નાના નાના માણસોની ચિંતા કરી છે. સહકારી સંસ્થાઓ મારફતે ખેડૂતનો વિકાસ વેગવંતો બને, પોષણક્ષમ ભાવ મળી રહે તે સિદ્ધ કરવા માટે ગ્રામ્ય વિસ્તારોમાં સ્થાનિક કક્ષાએ વૈજ્ઞાનિક ઢબે ઉત્પાદન કરવા માટે વ્યવસ્થા કરવા માટે ગોડાઉનની સબસિડી સવલતો ઉભી કરી ૭૪ કરોડ તથા અગાઉના વર્ષમાં ૫૦ કરોડની જોગવાઇ કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આજે મને કહેતાં આનંદ થશે કે, સમગ્ર મંડળીઓને ગુજરાત સરકારનો પરિપત્ર મોકલવામાં આવેલ છે અને રજીસ્ટ્રારથી લઇ, નાના અધિકારીથી લઇ અને મંડળીઓને ગામે ગામ ફરીને ન ભૂતો ન ભવિષ્યતો, ૯૦ ટકા સબસિડીનો ગોડાઉનમ માટે આ ગુજરાતની સરકારે નિર્ણય લીધો છે. અને મને કહેતાં આનંદ થાય છે કે, એના કારણે સંગ્રાહખોર આજે પોતાના માલનું રક્ષણ થશે. ૯૦ ટકા સબસિડી એ કાંઇ નાની સુની વાત નથી. ગુજરાતમાં ૧૮ ખાંડ સહકારી મંડળીઓ છે. ૬૭,૫૦૦ દૈનિક પિલાણની ક્ષમતા ધરાવે છે. આજે અંદાજીત ૪૫૦ લાખ જેટલા સભાસદો છે. આ મંડળી દ્વારા ૩ લાખ ૧૫ હજાર લોકોને રોજી મળે છે. આને કહેવાય છે વિકાસ, આને કહેવાય છે વાત. ગુજરાતના માનનીય મુખ્યમંત્રી દ્વારા હાલમાં કૃષિ વિકાસ વર્ષ તરીકે ઉજાવણી કરેલી છે. મહિલાઓના સશકિતકરણને મહત્વ આપવામાં આવેલું છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય શ્રી મેરામણભાઇ.

શ્રી મેરામણભાઇ મા. આહીર(ખંભાલીયા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૨૦૧૫-૧૬ની કૃષિ વિભાગની માગણી ક્રમાંક-૨ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતલક્ષી ૨૦૧૪ ની જે ૧૦૬૫ કરોડ ૨૯ લાખની જોગવાઇ હતી તેમાં ૨૦૧૫-૧૬માં ૮૧૮ કરોડ અને ૯૦ લાખની જોગવાઇ કરી છે. આમ ૨૪૬ કરોડ ૩૯ લાખનો આમાં ઘટાડો કર્યો છે. તો ખેડૂતોના કલ્યાણ માટે કૃષિ વિકાસ વર્ષ ઉજવનારી સરકારે બજેટ જોગવાઇમાં ઘટાડો કર્યો હોય તો તેમાં ખેડૂતોના હિતની સરકાર કઇ રીતે કહી શકાય? મારા દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય પાકો છે મગફળી અને કપાસ. આ બંને પાકમાં ઉત્પાદન સમયે ખેડૂતને મગફળીના રૂ. ૧૦૦૦ અને

કપાસના ૧૨૦૦ રૂપિયા એમ વીસ કિલો લેખે મળવા જોઇએ જેથી ખેડૂતને ખોટમાંથી બહાર કાઢી શકાય. ખેડૂતને પોષણક્ષમ ભાવ મળે તે માટે રાજય સરકારે કપાસ, મગફળીમાં કોઇ બોનસ સહાયની જાહેરાત ન કરતા પોષણક્ષમ ભાવ નહીં મળવાથી ખેડૂતોને આત્મહત્યા કરવાનો વારો આવ્યો છે. પાક નિષ્ફળ જાય ત્યારે ખેડૂતોને રક્ષણ આપવા માટે વીમા યોજના દાખલ કરવામાં આવી છે પરંતુ પાક વીમાનો દાવો સમયસર ન મળે તે માટે રાજય સરકાર વીમા કંપનીને સમયસર આંકડા પૂરા પાડવામાં નિષ્ફળ ગઇ છે જેથી પાક વીમાનું વળતર ખૂબ મોડું મળે છે. સન ૨૦૧૨ના ખરીફ મગફળી અને કપાસના પાક વીમાની દાવાની રકમ ૨૦૧૪ના ફેબ્રુઆરી માસમાં મળેલ તેનો પૂરાવો પણ છે. મારી ખાસ વિનંતી કે પાક વીમા યોજના કે જેમાં દાવાની ચૂકવણીમાં ૫૦-૫૦ ટકા રાજય સરકાર અને કેન્દ્ર સરકાર હિસ્સો ચૂકવતી હતી તે યોજના રાજય સરકાર ચાલુ રાખે એવી મારી ખાસ વિનંતી છે. ખાનગી વીમા કંપની અથવા રાષ્ટ્રીય કૃષિ વીમા કંપની જો દાવાની ચૂકવણી કરવાનું રાખશે અને સરકાર દાવા ચૂકવણીમાં તેનો હિસ્સો નહીં રાખે તો તો ખેડૂતને કયારેય પાક વીમા મળશે નહીં તેવી દહેશત રહેલી છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માછીમારી કરીને રોજગારી મેળવતો મોટો વર્ગ છે તેને આ વ્યવસાયમાં પાકિસ્તાન દ્વારા અપહરણનો મોટો ભય રહેલો છે. માછીમારી કરવા જતા લોકોની સલામતી જળવાય તે માટે દરિયાઇ પોર્ટ ઉપર જરૂરી પોઇન્ટ ઉભો કરી માછીમારોને સરહદ ન ઓળંગે તે માટેની વ્યવસ્થા કરવી જરૂરી છે. માછીમારોનું અપહરણ થાય ત્યારે તેની બોટ પણ લઇ જવાય છે તેની રજૂઆત રાજય સરકાર યોગ્ય સત્તાવાળા સમક્ષ કરે તેવી ખાસ વિનંતી છે. ૨૦૧૨માં અછતની પરિસ્થિતિને કારણે ચાર ટકા વ્યાજ રાહત આપવાની યોજના બનાવેલ. રાષ્ટ્રીય કૃત બેંકોની ૨૦૧૨માં ધિરાણ મેળવનાર ખેડૂતોને વ્યાજ ચાર ટકા આજદિન સુધી મળેલ નથી. ૨૦૧૪-૧૫ના વર્ષમાં ધિરાણ બે ટકા વ્યાજ રાહત આપવા માટે ખેડૂતોની યોજના જાહેર કરી. અગાઉ ૨૦૧૨ માં જાહેરાત કરેલી ત્યારે વ્યાજની રાહત સરકારે ચૂકવી નથી તો આ રાહત ખેડૂતોને મળશે કે કેમ તેવો પ્રશ્ન એક ખેડૂતના મનમાં થાય એ સ્વાભાવિક છે. ૨૦૧૫-૧૬ની માગણી મુજબ રૂ. ૪૯૭૬૦૭૪૦૦૦ ની પશુપાલનની માગણી લઇને આવ્યા છે તેમાં પશુપાલન લક્ષી ૨૦૧૪-૧૫ ના વર્ષમાં ૧૧૩૫૭ લાખની જોગવાઇ હતી તેને બદલે આજે ૮૦૩૬ લાખની જોગવાઇ આમ ૩૩૨૧લાખનો ઘટાડો થયો છે. આમાં કઇ રીતે કહી શકીએ કે સરકાર ખેડૂતોની છે? રાજયમાં દરેક જિલ્લામાં પ્રાણી ક્રુરતા નિવારણ સંસ્થા કલેકટરના અધ્યક્ષપણામાં સ્થપાયેલી છે. આ દરેક જિલ્લાને ૨૦૧૩ અને ૨૦૧૪ માં રૂ. ૩૭૦૦૦૦ ની ગ્રાન્ટ વર્ષે ફાળવવામાં આવે છે. આ ગ્રાન્ટની રકમ કતલખાને લઇ જતા બચાવેલ પશુની પાંજરાપોળને ચુકવવાની હોય છે પરંતુ બે વર્ષમાં પણ એક પણ પાંજરાપોળને સહાય ચૂકવવામાં નથી આવી. ગ્રાન્ટ પડતર રહી છે. આ સરકાર કહે છે કે અમે બહુ વિકાસ કર્યો, બહુ વિકાસ કર્યો. સારું, બહુ સારું કહેવાય, પણ ભૂંડનો પણ વિકાસ થયો છે, તો એના માટે કેમ નથી કહેતા અમે વિકાસ કર્યો. જય હિંદ.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ(ઓલપાડ) :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં મારું અનુમોદન આપું છું. છેલ્લાં ઘણાં વર્ષોથી જોઇએ છીએ કે દેશ અને દુનિયાની અંદર અત્યારે કલાઇમેટ ચેઇન્જ જોવા મળે છે. આને લઇને ઘણી જગ્યએ વરસાદ વધારે પડે છે તો ઘણી જગ્યાએ વરસાદ ઓછો પડે છે. અ બધા પરિબળોને લઇને જળનું સંચય કરવું ખૂબ જરૂરી બન્યું છે. આનો માત્ર એક જ ઉપાય છે કે માત્ર ચેકડેમ બનાવો. આ યોજના સરકારે ૨૦૦૦ પછી શરૂ કરી. આ યોજના ૬૦:૪૦ યોજના ચાલુ કરી. જેમાં ૬૦ ટકા સરકારના અને ૪૦ ટકા ખેડૂતોના. આ યોજના આદિજાતિ વિસ્તારની અંદર ૮૦: ૨૦ ના પ્રમાણમાં ૮૦ ટકા સરકારના અને ૨૦ ટકા ખુડૂતોના. આ યોજનાને બહોળો પ્રતિસાદ જોઇને સરકારે દરેક ક્ષેત્રમાં ૮૦: ૨૦ ની યોજનાઓ ચાલુ કરેલ છે. ગુજરાત રાજ્યની સ્થાપના પછી એટલે કે ૧૯૬૧ થી ૨૦૦૧ સુધીમાં ૪૦ વર્ષમાં ૧૮૩૫૬ જેટલા ચેકડેમ બન્યા હતા. ૨૦૦૧ થી ૨૦૧૪ સુધીની આ રાજ્યની વાત કરીએ તો ૧,૪૭,૨૦૪ ચેકડેમ બનાવવામાં આવ્યા છે. મિત્રો, આ ગતિશીલ ગુજરાતની અંદર આજની તારીખે આજની સ્થિતિતએ આજની વાત કહું તો ગુજરાતની અંદર ૧,૬૫,૫૬૦ ચેકડેમ બનાવવામાં આવ્યા છે. આ ચેકડેમના કારણે ગુજરાતની અંદર પાણીના સ્તર ખરેખર ખૂબ ઉપર આવ્યા છે. ચેકડેમથી આ રાજ્યની અંદર ૪ લાખ હેક્ટરથી વધુ વિસ્તારની જમીનને સિંચાઇનો સીધો લાભ મળ્યો છે. આને લઇને આજે ગતિશીલ ગુજરાત, પ્રગતિશીલ ગુજરાત આગળ વધી રહ્યું છે. હું મારા વિસ્તારની વાત કરું તો મારા વિસ્તારની અંદર જે ઉકાઇ ડેમ આવ્યો છે એ ઉકાઇ ડેમની અંદર આજે ખૂબ પ્રમાણમાં પાણી ભરેલ હતું. ૧૯૬૮ માં કેનાલો બનેલ હતી અને ત્યારે કેનાલની કેપેસિટી માત્રને માત્ર ૨૪૦૦ ક્યુસેક પાણી વહેવડાવવાની હતી. પછીથી આખી પેટર્ન બદલાઇ. બારે માસ સીઝનનો પાક ખેડૂતો પકવતા થયા. આ ૨૪૦૦ ક્યુસેક પાણી ખૂબ જ ઓછું પડતું હતું. ડેમમાં પાણી હોવા છતા આપણે લોકોને પાણી આપી ન શકયા. આ પરિસ્થિતિને ધ્યાનમાં લઇને અમારા દક્ષિણ ગુજરાતના અમારા સૌ ધારાસભ્યશ્રીઓ તે ટાઇમના તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાન નરેન્દ્રભાઇને મળ્યા અને રજૂઆતો કરી. અમારા ઉકાઇ ડેમમાં પાણી હોવા છતા પાણી લોકોને આપી શકતા નથી. ત્યારે નરેન્દ્રભાઇએ કેનાલની કેપેસિટી જે ૨૪૦૦ ક્યુસેકની હતી તે ૩૪૦૦ ક્યુસેકની કપેસિટી કરીને આજે લોકોને પાણી છેક સુધી પહોંચાડ્યું છે. મને કહેતા ગૌરવ થાય છે કે જ્યારે આ કામ કરવાનો ટાઇમ આવ્યો ત્યારે માત્રને માત્ર ખેડૂતોનો પાક ન બગડે અને સમયમાં કામ પૂર્ણ થાય તે માટે ૮૦ દિવસના કામની લિમિટ આપી હતી. મારા મિત્રો અહીંયા બેઠા છે. તે ૨૬૦ કરોડ રૂપિયાનું કામ ૮૦ દિવસના બદલે ૭૮ દિવસમાં પૂરું કરીને અમારા દક્ષિણ ગુજરાતના ખેડૂતોને માટે પૂરું કર્યુ છે. અહીયા કોન્ટ્રાક્ટરોને અભિનંદન અને અધિકારીઓને પણ અભિનંદન આપું છું. માત્રને માત્ર આજે ૨૬૦ કરોડનું કામ ૭૮ દિવસમાં પૂરું કર્યુ. એક દિવસમાં સવા ત્રણ કરોડનું કામ કરી અને આ ગતિશીલ ગુજરાતમાં લોકોને પાણી પહોંચાડ્યું છે. આ બધું કરવાથી જે વિસ્તારમાં પાણી કેનાલમાં નહોતું પહોંચ્યું તે ટેઇલ વિસ્તારમાં પણ પાણી પહોંચ્યું છે. તેના કારણે આજે ડાંગરના પાકનું પ્રમાણ ખૂબ વધ્યું છે. આજે મને કહેતાં આનંદ થાય છે કે ગતિશીલ ગુજરાતમાં જે કામો થઇ રહ્યા છે તે કામો વધુને વધુ ગતિ પકડીને આગળ વધતા જશે. આની સાથે સાથે આ વર્ષના બજેટ માટે માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે બાકી રહેલા કામો પણ તેમણે આ બજેટમાં મંજૂર કર્યા છે. આના

લીધે જે જે વિસ્તારમાં પાણીની સમસ્યા છે તે હલ થવાની છે. ગતિશીલ ગુજરાતની અંદર જે ખેડૂતો પાણી માટે વર્ષોથી વલખાં મારતા હતા તે પાણી આજે છેક છેવાડા સુધી પહોંચ્યું છે. એટલે માનનીય મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે તેને મારું અનુમોદન આપું છું અને જે સભ્યો કાપદરખાસ્ત લઇને આવ્યા છે તેમને કહું છું કે આપ આ કાપદરખાસ્ત પાછી ખેંચો.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય શ્રી હર્ષદભાઇ રીબડીયા.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, (આ તબકકે પ્રેક્ષક ગેલેરીમાંથી પત્રિકા તથા પ્રવાહી ભરેલી પ્લાસ્ટીકની કોથળી ગૃહમાં ફેંકવામાં આવી)

ઉપાધ્યક્ષશ્રી : તેમને બહાર લઇ જાઓ. તેમને લઇ જાઓ.

પ્રેક્ષક ગેલેરીમાંથી સભાગૃહમાં પત્રિકા તથા પ્લાસ્ટીકની પ્રવાહી ભરેલી કોથળી ફેંકી સભાગૃહનું અવમાન કરવા અંગે

શ્રી પંકજ દેસાઇ(મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું દરખાસ્ત રજૂ કરું છું કે પ્રેક્ષક ગેલેરીમાંથી જેના દ્વારા સભાગૃહમાં પ્રત્રિકા તથા પ્લાસ્ટીકની પ્રવાહી ભરેલી કોથળી ફેંકવામાં આવ્યા છે તેમને એક દિવસ પૂરતી સજા કરવામાં આવે.

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

ઉપાધ્યક્ષશ્રી : જેના દ્વારા સભાગૃહમાં પત્રિકા તથા પ્લાસ્ટીકની પ્રવાહી ભરેલી કોથળી ફેંકવામાં આવી છે તેમને એક દિવસ પૂરતા અટક કરી કસ્ટડીમાં રાખવામાં આવે. હર્ષદભાઇ આપ ચાલુ રાખો.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. આજે કૃષિલક્ષી બજેટની વાત થાય છે. આ રાજયનો ખેડૂત બિચારો ખેડૂત વાંચી વાંચીને ચિંતા કરે છે. ૭૦ ટકા ખેડૂતોની વસ્તી ધરાવતા આ રાજયમાં આ સરકાર ખેડૂતનું કંઇપણ વિચારતી નથી. માનનીય મંત્રીશ્રીને હમણાં જ ૧૧૬નો જે જવાબ આપવાનો થયો તેમાં ૧૧૦૦ કરોડ રૂપિયા કપાસમાં ફાળવ્યા છે તેવી વાત કરી. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ૧૧૦૦ કરોડ રૂપિયા તમે કપાસમાં ફાળવ્યા...

ઉપાધ્યક્ષશ્રી : તે કબજે કરીને બહાર લઇ જાઓ.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૧૦૦ કરોડ રૂપિયામાંથી કપાસમાં કોઇ જાતનું પેકેજ જાહેર કરવામાં આવેલ નથી. હમણાં આ કપાસની વાત કરીએ તો કપાસના બિયારણનું એક પેકેટ ખેડૂત વાવે તો તેમાં એક અમેરિકાની મોન્સેન્ટો નામની વિદેશી કંપની છે. આના ૨૦૦ રૂપિયા એક પેકેટે ટેક્સ લાગે છે. આપણે જેમ ટોલ ટેક્સ લાગે તેમ તેનો ટેક્સ લાગે છે તે કંપનીના ત્રણ વર્ષ પૂરા થઇ ગયા છે છતાં હજી ૨૦૦ રૂપિયા એક પેકેટે લે છે. આવા ૧૦ હજાર ૮૦૦ કરોડ રૂપિયા આ દેશમાંથી આ કંપની લઇ ગઇ છે. આવી કંપનીનો પર્દાફાશ કરીને તેને પાછી મોકલી દો અમેરિકા અને આ રાજયના ખેડૂતો પોતે બિયારણનું ઉત્પાદન કરી સ્વદેશી બિયારણ બનાવે છે તેને થોડીક સહાય આપવી જોઇએ તે એક પ્રશ્ન છે. બીજી વાત કરું યુરિયા ખાતરની. યુરિયા ખાતરની ખેડૂતને કયારે જરૂર પડે? તમે જયારે જરૂર પડે ત્યારે આપો ને. હેલી જામી હોય અને વરસાદ જામ્યો હોય ત્યારે ખેડૂત બિચારો ખાતર લેવા જાય.....

ઉપાધ્યક્ષશ્રી : માનનીય હર્ષદભાઇ આપની પાસે બે મિનિટ છે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડીયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો થોડોક ટાઇમ વેડફાયો છે મને બે મિનિટ વધારે આપજો. આ ખેડૂતનો પ્રશ્ન છે. યુરિયા ખાતરની વાત કરીએ તો તેની છોડને કયારે જરૂર પડે? ચોમાસામાં ભારે વરસાદ જામ્યો હોય ત્યારે તેને જરૂર પડે અને ત્યારે તેને આપવું જોઇએ. ખેડૂત બિચારો લાઇનમાં ઉભો રહે, પલળતા પાણીમાં ઉભો રહે અને સંઘમાં જાય તો તેને યુરિયા ખાતર મળતું નથી. યુરિયા ખાતરનું બહુ મોટું કૌભાંડ આ રાજયમાં ચાલે છે. એ પ્રુફ સાથે કહું છું કે આ રાજયમાં ઘણી કલર બનાવતી કંપનીઓ એવી છે કે જે એક કિલો કલર બનાવવામાં દોઢ કિલો યુરિયા વાપરે છે. આ રાજયના ખેડૂતનું સબસિડીયુકત યુરિયા છે તે કંપનીઓમાં લાખો ટન કયાંથી આવે છે. હજાર હજાર રૂપિયાની એક એક થેલી. ૩૦૦ રૂપિયામાં સબસિડી યુક્ત ખાતર ખેડૂતને મળવું જોઇએ એ ખાતર ખેડૂત બિચારો લાઇનમાં ઉભો છે ત્યાં નથી જતું અને અહીંયા મોટી મોટી કંપનીઓમાં હજારો ટન ખાતર ત્યાં પડ્યું છે અને જરૂર પડે તો જનતા રેડ પાડવા હર્ષદ રીબડીયા તૈયાર છે તમારા મંત્રીશ્રીને કે જેને કહેવું હોય એને કહો તેઓ આવે. આજની તારીખમાં મને ખબર છે કે લાખો ટન ખાતર કંપનીઓમાં પડ્યું છે અને ખેડૂત બિચારો લાઇનમાં ઉભો ઉભો ખાતરની રાહ જુએ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રોઝ–ભૂંડની પણ વાત કરીએ તો તમે જે તાર આપો છો એ તારમાં તમે જરાક જુઓ તો ખરા ત્યાં આવીને કે કેવા છે? ભૂંડ નીચેથી નીકળી જાય અને રોઝડું ઉપરથી ટપી જાય છે તો આ તાર શેના માટે? તાર તમે કંઇક એવા આપો અથવા ફેન્સીંગ ઝાળી નાંખો તો એનું રક્ષણ થઇ શકે અને આ રોઝ અને ભૂંડનો એટલો બધો ત્રાસ છે કે ખેડૂત બિચારો એનાથી ત્રાસી ગયો છે.

શ્રી શીવાભાઇ જે. ગોહિલ(તળાજા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર સન ૨૦૧૫–૧૬નું કૃષિ વિભાગનું બજેટ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખેતી ઉત્પાદન માનવ જીવનને જીવતર જીવવા માટેની મોટા ભાગની વસ્તુ ખોરાક, વસ્ત્રો પૂરું પડતુ ખેતી ઉત્પાદન આપણે જનસંખ્યાનો વધારો થાય તેમ વરસેને વરસે ઉત્પાદન વધે એ માટેના રાજય સરકારે છેલ્લા દસ વર્ષથી ભરચક પ્રયત્નો કર્યા છે. અગાઉના સમયમાં આપણા રાજયમાં મોટા ભાગનો હિસ્સો એ કુદરતી વરસાદ આધારિત આપણું ખેતીનું ઉત્પાદન હતું અને છેલ્લે ૧૯૮૫ થી ૧૯૯૫ના ગાળામાં અનિયમિત વરસાદ અને દૂષ્કાળગ્રસ્ત વરસો હતા ત્યારે ખેડૂતોને પોતાનો પાક બચાવવા માટે પાણીની જરૂરિયાતો ઉભી થઇ ત્યારે ૫૦૦ ફૂટ ઉંડે સુધી બોર, કૂવાઓ કરીને આપણે ધરતીમાંથી નીર ખેંચી

લીધા અને એને કારણે પાણીના તળ જમીનમાં એટલા બધા નીચા ગયા કે ક્ષારયુક્ત પાણી આપણા ગુજરાતના કોસ્ટલ એરિયામાં આગળ વધવા લાગ્યું અને ૨૦ થી ૨૫ કિલો મિટર સુધી દરિયાના ખારા પાણી આગળ વધ્યા અને આપણું ઉત્પાદન ઘટ્યું ત્યારે ૨૦૦૫થી આ રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે આ તમામ પાસાઓને આવરી લઇને ચિંતા કરીને કૃષિ રથની જાહેરાત કરી અને ગામડે ગામડે ધોમધખતા તાપમાં રાજયના આપણા કર્મયોગીઓ, રાજકીય આગેવાનો તમામે ગામડે ગામડે જઇને જનજાગૃતિનો કાર્યક્રમ શરૂ કર્યો અને ખેતીનું ઉત્પાદન વધારવાના પ્રયાસો કર્યા અને એના માટેના ઉપાયો શોધવા યાંત્રિકતા લાવવી પડે, એની ગુણવત્તા સુધારવી પડે એ બધું જ કર્યું. પહેલા તો ચીલા ચાલુ બધું હતું અને વીજળી કેવી ક્વોલિટિની અપાતી હતી એ વખતની કોંગ્રેસ સરકારમાં એ બધાને ખબર છે. આપણે કવોલિટીયુક્ત વીજળી આપી ખેડૂતોને ત્યારે પિયતમાં આપણને ફાયદો થયો છે. માનનીય અધ્યક્ષશ્રી, આવા તો કેટલાય સુધારાઓ થયા અને આપણું ઉત્પાદન વધ્યું, બમણું થયું, ત્રણ ગણું થયું, પાંચ ગણું થયું અને છેલ્લા દસ વર્ષમાં દસ ગણું ઉત્પાદન થયું છે એના આંકડા બોલશે મંત્રીશ્રી. આપણું ઉત્પાદન આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નિકાસ થઇ શકે એવું કરવામાં આવ્યું છે. એની ગુણવત્તા એટલા માટે સુધારવી પડે કે યુરોપ ખંડના રાષ્ટ્રો આપણા ખાદ્ય પદાર્થો ઉપર પ્રતિબંધ રાખે છે કારણ કે આપણે એનું પેકેજીંગ, એની ગુવણત્તા અને ખાદ્ય પદાર્થમાં ફૂગ ન થાય અને એનું ટકાઉપણું વધે એ માટે આપણા રાજયમાં ગુજરાત એગ્રો દ્વારા રેડિએશન ટ્રીટમેન્ટ પ્લાન પણ શરૂ કર્યો છે કે જેથી એશિયા ખંડનો કે યુરોપ ખંડનો કોઇ પણ દેશ આ ટ્રીટ થયેલો ખાદ્ય પદાર્થ મંગાવવાની ના નહીં કરી શકે. આપણે આંતરરાષ્ટ્રીય ધારા-ધોરણ મુજબનું પેકેજીંગ અને પાકોનું વધારેમાં વધારે રક્ષણ થઇ શકે એવી રીતે (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય થાય છે, સભાગૃહ વિરામ સમય બાદ બપોરે ૩.૧૫ વાગ્યે ફરી મળશે. માનનીય શિવાભાઇ, આપનું પ્રવચન ચાલુ રહેશે.

( વિરામ બપોરના ૨.૩૦ થી ૩.૧૫)

ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને

ઉપાધ્યક્ષશ્રીઃ ઓર્ડર ઓર્ડર, માનનીય સભ્યશ્રી શીવાભાઇ ગોહિલ,

શ્રી શીવાભાઇ જે. ગોહિલ : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરતો હતો વેલ્યુ એડેડ અને ખાદ્ય પદાર્થોની વિદેશોમાં આપણે સારી ગુણવત્તાવાળી નિકાસ કરી શકીએ એ માટેની સુવિધાઓ ઉભી કરવી. આપણે ખાસ કરીને સૌરાષ્ટ્રમાં તેલીબિયાં પછી રવિ પાકમાં ડૂંગળીનું ઉત્પાદન મોખરાનું સ્થાન ધરાવે છે. સૌરાષ્ટ્રના સમગ્ર છ જિલ્લાઓની અંદર અને એમાંય ખાસ કરીને ભાવનગર જિલ્લામાં સૌથી મોટું ઉત્પાદન ડૂંગળીનું થાય છે. એ સિઝનલ આઇટેમ છે. ત્રીસ દિવસથી વધારે એનો સંગ્રહ કરવો હોય તો એની ખૂબ સુવિધાઓ વધારવી પડે, એર વેન્ટીલેશન, એર સરક્યુલેશન એ બધું ખૂબજ મોંઘું પડે અને તેમ છતાં પણ બગડવાની પૂરેપુરી શક્યતાઓ રહેલી છે. આ રાજ્યની અંદર ખાસ કરીને ગોંડલ, જામનગર, રાજુલા, ઉના, મહુવા અને તળાજા, આટલા શહેરોની અંદર ડી-હાઇડ્રેશન પ્લાન્ટો, ડૂંગળીને ડી-હાઇડ્રેટ કરવી પડે. દર વરસે પાંચ લાખ ટનથી પણ વધારે આ ડૂંગળીના પાકનું ડી-હાઇડ્રેશન કરીને આપણે સંગ્રહ શકિત એવી એની કરી છે કે એક વરસ સુધી એને કોલ્ડ સ્ટોરેજમાં રાખી શકાય અને દુનિયાના કોઇપણ દેશની અંદર નિકાસ કરવા લાયક આ ઉત્પાદન કરી અને અગાઉના વરસોમાં ડૂંગળીના ઉત્પાદકોની શું હાલત હતી તે અહીંયા બેઠેલા વિદ્વાન તમામ સભ્યશ્રીઓ જાણે છે, એનો ભાવ તો નહિ પણ એને મેડામાંથી કાઢવાની મજૂરી ખેડૂતોને આપવી પડતી હતી એટલી ખરાબ થઇ જતી હતી, કોઇ લેનાર હતું નહિ, સિઝનની અંદર આપણે મહારાષ્ટ્રની અંદર નાસીકના ચાળીસ સેન્ટરો , મધ્યપ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ કેટલાય રાજ્યોની આપણે એકસાથે ઉત્પાદન થાય ત્યારે આપણા સૌરાષ્ટ્રના ખેડૂતોની ડૂંગળીની પાયમાલી છેલ્લાં વીસ વરસ સુધી અમે નજરે જોઇ છે. એમાંથી ઉગારવા માટે ૨૦૦૫ પછી મહુવાના ડી-હાઇડ્રેશન પ્લાન્ટોને આપણે ઇલેક્ટ્રીકસીટીની અંદર રાહતો, વેટની અંદર રાહતો, સબસિડી આપીને સિત્તેર જેટલા આ પ્લાન્ટો દરરોજનું ૫ થી ૭ ટન ઉત્પાદન કરે, વાર્ષિક સરેરાશ પચાસ હજાર ટનની સંગ્રહ શકિત, મહુવામાં અઢાર જેટલા કોલ્ડ સ્ટોરેજ છે, ૧૫૦૦ ટનથી માંડીને ૫૦૦૦ ટનની કેપેસીટીવાળા. આ રાજ્ય સરકારે કોલ્ડ સ્ટોરેજની આખી લિન્ક મહુવાની અંદર ઉભી કરી છે, આ ડી-હાઇડ્રેડ ઓનિયન અને ડી-હાઇડ્રેડ ગાર્લિક્સ – લસણ, સમગ્ર વિશ્વની અંદર આની ડિમાન્ડ છે. આપણા લસણ અને ડૂંગળીની. વેલ્યુ એડેડ આને કહેવાય, છેલ્લાં દસ વરસની અંદર આ ડૂંગળીમાં ક્યારેય ખેડૂતોને રોવાનો વારો નથી આવ્યો, પરંતુ એનું દસ ગણું ઉત્પાદન થયું છે અને સો ટકા નિકાસલક્ષી પ્રોડક્ટ્સ છે આપણી ઓનિયન ડી-હાઇડ્રેડ, કીબલ, પાવડર અને એની પાંચ જેટલી બીજી ઉત્પાદકો અને સો એ સો ટકા નિકાસ કરતી પ્રોડકટસ છે ખેતીવાડીની, અંદાજે ૫૦૦ થી ૬૦૦ કરોડ રૂપિયાની વાર્ષિક નિકાસ આની થાય છે,

શ્રી પુંજાભાઇ ભી. વંશ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી તેમના વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે હું ઉભો થયો છું. બજેટની અંદર ચાર હજાર કરોડ કરતા વધારે રકમની ફાળવણી ખેડૂતો માટે કૃષિ વિભાગે કરી છે ત્યારે મારે રાજ્ય સરકારને પૂછવું છે કે આ ૪૦૦૦ કરોડ પૈકી વાસ્તવમાં ખરેખર ખેડૂતને કેટલા રૂપિયાનો સીધો લાભ મળવાનો એ માનનીય મંત્રીશ્રી જણાવશે તો મને ગમશે. અગાઉની સરકારમાં જે બજેટના પ્લાનમાં સાત થી આઠ ટકા બજેટ હતું છેલ્લાં વરસોમાં આ પ્લાનના બજેટની અંદર પાંચ થી છ ટકા સુધીનું ખેડૂત લક્ષી બજેટ રહ્યું છે ત્યારે રૂપિયાની વેલ્યુ વધી છે, તેની સરખામણીમાં ખેડૂત ઉપયોગી બજેટની અંદર પણ વધારો થવો જોઇએ તે છેલ્લાં વરસોમાં જોવામાં આવતું નથી. ત્યારે સરકાર આ બાબતે ગંભીરતા પૂર્વક વિચારે એવી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કપાસ પકવતા ખેડૂતોને સહાયરૂપ થવા માટે સમગ્ર ગુજરાતના ખેડૂતોએ આંદોલન કર્યા, આવેદનપત્રો આપ્યા, રજૂઆતો કરી છતાં સરકારના કાને આ ખેડૂતોનો અવાજ ના સંભળાયો અને માત્રને માત્ર ખેડૂતોને રિઝવવા માટે ૧૧૦૦

કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરી. ત્યારે મારે સરકારને પૂછવું છે કે આ ૧૧૦૦ કરોડના પેકેજની જાહેરાત કર્યા પછી આજની તારીખે ખરેખર જે ખેડૂતો તકલીફમાં હતા, જે ખેડૂતોને લાભ મળવો જોઇએ એવા કપાસ પકવતા ખેડૂતોને આ ૧૧૦૦ કરોડ પૈકી કેટલો લાભ આપવામાં આવ્યો છે તે માનનીય મંત્રીશ્રી આ વિધાનસભા ગૃહમાં વિગતો આપશે તો આનંદ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, વાતો ખેડૂતોના નામે કરવાની પણ છેલ્લા વર્ષોમાં આ સરકારની ખેડૂત વિરોધી નીતિના કારણે રાજયની અંદર ખેડૂતોની સંખ્યા ઘટતી જાય છે અને ખેત મજૂરની સંખ્યા વધતી જાય છે આ એક ગંભીર ચિંતાનો વિષય છે. રાજય સરકાર અને મંત્રીશ્રી આ બાબતે છેલ્લા વર્ષોમાં જે ખેડૂતોની સંખ્યા ઘટી છે અને ખેત મજૂરોની સંખ્યામાં વધારો થતો જાય છે તેને ગંભીરતાપૂર્વક લઇને કયાંક ખેડૂતલક્ષી આયોજન કરે એવી માનનીય મંત્રીશ્રીને આ તકે વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૪-૧૫ના વર્ષની અંદર કૃષિ વિકાસ વર્ષ જાહેર કરવામાં આવ્યુ છે. કૃષિ વિકાસ વર્ષ જાહેર કરવામાં આવ્યુ છે ત્યારે ખેડૂતોને બાગાયત, જમીન વિકાસ નિગમ, પશુપાલન અને આ યોજનાઓના લાભો મેળવવા માટે ઓન લાઇન અરજી કરવા માટેની જાહેરાત કરવામાં આવી છે એટલે આ એક ખેડૂત પોર્ટલ ખુલ્લું મૂકવામાં આવ્યું છે ત્યારે રાજય સરકારને મારે કહેવું છે કે, ગ્રામ્ય વિસ્તારમાં જે ખેડૂતો છે તેને ઓન લાઇન અરજી કરવા માટેની ખબર પડે નહીં. જે ગ્રામ પંચાયતોની અંદર કોમ્પ્યુટરો છે એ કોમ્પ્યુટરો ચાલતા નથી, બગડી ગયા છે, લાઇટો નથી અને ઇન્ટરનેટની વ્યવસ્થા ના હોવાના કારણે આ કામગીરી ના થવાના કારણે જે પ્રાઇવેટ કોમ્પ્યુટર ચલાવે છે તે કોમ્પ્યુટર ઓપરેટરો ૫૦/-રૂપિયાથી ૧૦૦/-રૂપિયા સુધી ઓન લાઇન અરજી કરવા માટેના ખેડૂતો પાસેથી લેવામાં આવે છે એટલે આ યોજનાના કારણે ખેડૂતોનું શોષણ થઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાગાયતનાં વિવિધ પાકોની અંદર ઓજારો કંપનીના ભાવે જે ઓજારો આપવામાં આવે છે તે એમ્પેનલ કરવામાં આવેલ છે તે જ કંપની અને ભાવ મુજબ ઓજારો ખરીદ કરવાના રહે છે. સ્થાનિક પરિસ્થિતિને અનુકૂળ ખેડૂતો ઓજાર વસાવતા હોય છે પરંતુ એમ્પેનલમેન્ટના કારણે નાપસંદગીના ઓજારો પણ ખરીદાતા નથી પરિણામે ખેતી ખાતાનું બજેટ પચાસ ટકા કરતા પણ ઓછું વપરાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ટપક સિંચાઇ પદ્ધતિની ઘણી બધી અગાઉ ચર્ચાઓ થઇ છે. બજેટની ચર્ચા વખતે, રાજયપાલના પ્રવચન વખતે પણ વિભાગની ચર્ચા વખતે પણ માનનીય મંત્રીશ્રીને કહેવા માગુ છું કે, આ ટપક પદ્ધતિથી જે આપણે સિંચાઇ કરીએ છીએ તે જરૂરી છે. પણ એની સામે રાજયના ખેડૂતોનું મોટામાં મોટું જો શોષણ થતું હોય તો એ આ યોજનાની અંદર થાય છે. ત્યારે જીજીઆરસી ટપક પદ્ધતિના સાધનો આપવામાં આવે છે ત્યારે મારે આ સભાગૃહના ધ્યાને મૂકવું છે કે, એમના જે સાધનો છે બજાર ભાવ અને કંપનીના ભાવ એ બન્નેમાં કેટલો તફાવત છે એ તફાવતમાં દા.ત. બે ત્રણ મુદ્દા આપના ધ્યાને મૂકીશ. એરવાલ્વ છે તો તેનો હાલમાં બજાર ભાવ ૩૫ થી ૫૩ રૂપિયા છે. ૨૦૧૩ સુધીમાં તેના ભાવ ૫૨૭.૬૩ રૂપિયા હતા અને ૨૦૧૫માં આજે ૫૧૮ એટલે હમણાં તાજેતરમાં ૫ થી ૬ ટકાનો ઘટાડો કર્યો છે છતાં પણ તેમાં જે તફાવત છે તે પચાસ ટકા કરતા પણ વધારે નફો પ્રાઇવેટ કંપનીઓ મેળવે છે એટલે માનનીય સરકારે અને મંત્રીશ્રીએ ગંભીરતાપૂર્વક ખેડૂતોના હિતમાં વિચારી અને તેના ભાવો નિયંત્રણમાં લાવે. દા.ત. ફાલક્રમ વાલ્વ ૫૦૦ થી ૭૭૦ રૂપિયા બજારની અંદર કંપનીનો ભાવ ૧૦૩૮ રૂપિયા છે એટલે પચાસ ટકા જેટલો ભાવ થાય છે. એવી જ રીતે ખાતર આપવાના પંપ ૪૮૦ થી ૧૮૫૦ રૂપિયા બજાર ભાવ અને કંપનીનો જી.જી.આર.સી. નો ભાવ જે છે તે ૩૬૭૮.૭૪ રૂપિયા જેટલો ભાવ છે. આટલા મોટા લાંબા તફાવતને કારણે અંતે તો ખેડૂતોને નુકસાન થાય છે એટલે આ જી.જી.આર.સી.ના જે ભાવો છે આ કંપની વડોદરાની છે તે કંપનીએ આના ભાવો ઘટાડવા જોઇએ અને રાજય સરકારે આ માટે નિર્ણય કરવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, તાડપત્રી આપવામાં આવે છે તો તાડપત્રીમાં પણ એવુ જ છે કે બજારની અંદર જે ભાવ મળે છે તેના કરતા આપણે કંપની ભાવ જે આપીએ છીએ તેમાં ડબલ ભાવે આપે છે પરિણામે એની ખરીદી કરી શકતા નથી. એવી જ પરિસ્થિતિ દવાના છંટકાવની અંદર છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, મેં આ ગૃહની અંદર જી.એ.આઇ.સી. બાબતે કહ્યું હતું કે મને પુરાવા સાથેના બિલો આપો. આજ દિન સુધી હજી પુરાવા સાથેના બિલો નથી આપ્યા. પછી જે તાડપત્રીની વાત કરી, તો તાડપત્રીમાં પણ.. (અંતરાય) ના, જવાબમાં તો હું કહીશ જ. આ રેકર્ડ ઉપર રહે ને,

ઉપાધ્યક્ષશ્રી : ખોટી વસ્તુ રેકર્ડ ઉપર ન જાય એટલા માટે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : જવાબમાં તો હું કહેવાનો જ છું. empanelment ની જે વાત કરી. તાડપત્રી પણ મોંઘી મળે છે તો મને પુરાવા સાથે આપજો.

ઉપાધ્યક્ષશ્રી : પુરાવા હોય તો આપજો.

શ્રી નલીનભાઇ ના. કોટડીયા(ધારી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહમાં રાજયના કૃષિ મંત્રી બાબુભાઇ બોખીરીયા જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપતાં સૌ પ્રથમ આનંદ અનુભવું છું કે ગુજરાત રાજયના પનોતા પુત્ર અને તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી જયારે દેશના વડાપ્રધાન બન્યા છે ત્યારે એમની આગવી સૂઝ-બૂઝના કારણે ગુજરાતે કૃષિ ક્ષેત્રે ખૂબ મોટી પ્રગતિ કરી છે. હું અભિનંદન આપીશ, માનનીય આનંદીબેન પટેલને કે ગામડાં ગામમાં રહેતા ખેડૂત પુત્રી પ્રથમ વખત મહિલા મુખ્યમંત્રી તરીકે બિરાજમાન થઇ ગુજરાતના કૃષિ ક્ષેત્રે એમણે જે કામગીરીને ગતિશીલતા આપી છે એ બદલ એમને પણ ખૂબ-ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બાગાયત પાકોનું રાજયમાં વાવેતર આજે ૧૫.૯૬ લાખ હેકટરમાં કરી ખેડૂતો ૨૦૭.૮૭ લાખ મેટ્રિકટન ઉત્પાદન કરી રહ્યા છે ત્યારે દેશના અન્ય રાજયોની સરખામણીએ ગુજરાતના બાગાયત પાકોના વિકાસમાં મોખરાનું સ્થાન

તા.૨૩મી માર્ચ, ૨૦૧૫

ઉપાધ્યક્ષશ્રીની જાહેરાત

ગુજરાત રાજ્ય ધરાવતું હોઇ રાજ્ય સરકારે ઘણી મોટી પ્રોત્સાહક યોજનાઓ આપી છે. વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૨૦૧૫-૧૬માં ચાલુ વર્ષના કાર્યક્રમ અંતર્ગત રૂ. ૩૫૧.૯૮ કરોડ અને નવા કાર્યક્રમ માટે રૂ. ૬.૦૮ કરોડ મળી કુલ રૂ. ૩૫૮.૬ કરોડની જોગવાઇ આ અંદાજપત્રમાં સૂચવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે રાજયની કેસર કેરી અને કચ્છની ખારેકે સમગ્ર ગુજરાતને ઘેલું લગાડ્યું છે ત્યારે આ સભાગૃહને મારી વિનંતી છે, સૌને આગ્રહ છે કે અમારી ગીરની કેસર કેરી ખાવા અને સિંહ દર્શને પધારવા જાહેર આમંત્રણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ઇસબગુલના પ્રોસેસીંગ તથા નિકાસ માટે સમગ્ર ગુજરાત અગ્રેસર છે ત્યારે દેશની અંદર ટમેટાં અને કેળાના ઉત્પાદન માટે બીજાં ક્રમે અને વિવિધ ક્ષેત્રમાં જેમ ગુજરાત નં. ૧ છે તે રીતે ગુજરાત નં.૧ બટાકા અને વરીયાળીમાં પણ છે જે આ ગુજરાતના કૃષિ ક્ષેત્રની એક સિદ્ધિ છે. રાજ્ય સરકારની દીર્ઘ દૃષ્ટિ અને કર્મયોગી/કર્મચારીઓના કારણે રાજયમાં ૧૨,૦૦૦ હેકટર કરતા પણ વધુ પ્લાસ્ટીક મલ્ચીંગના ઉપયોગથી ખેડૂતો ગુણવત્તાસભર ઉત્પાદન મેળવી વધુ નફો મેળવી રહ્યા છે. એ જ રીતે વલસાડના આદિજાતિ ખેડૂતો કાજુનું ઉત્પાદન કરી અને કચ્છના ખેડૂતો ટીસ્યુકલ્ચર રોપા દ્વારા બરહી જાતની ખારેક તથા અંજીર અને દાડમની નિકાસ કરીને ખૂબ મોટી આવક મેળવી રહ્યા છે. રાજયમાં ઈઝરાયલ પદ્ધતિથી ઈઝરાયેલ સરકારના તાંત્રિક સહયોગથી ઇન્ડો-ઇઝરાયેલ વર્ક પ્લાન-૨૦૧૨-૧૫ હેઠળ ત્રણ સેન્ટર ઓફ એકસલેન્સને મંજૂરી આપવામાં આવી છે, એટલું જ નહીં, અમારા ભાજપના દિલ્હી દરબારે ત્રીજા ફેઝને પણ આગામી ત્રણ વર્ષ માટે મંજૂરી આપી છે. તે મુજબ સાબરકાંઠાના વદરાડમાં સમુહ ખેતી માટે, ગીર સોમનાથના તલાલામાં કેસર કેરી માટે, કચ્છના કુકમાં ખારેક માટે ઉત્પાદન, પ્રોસેસીંગ, તાલીમ વગેરે માટે કેન્દ્રો શરૂ થવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારની અંદર રાજ્ય સરકારે ખૂબ મોટી ગ્રાન્ટ આપી છે. ત્યારે મારા કોંગ્રેસી મિત્રોને કયારેક હું વાત કરું કે આ ગુજરાત સરકારે ખૂબ મોટી ગ્રાન્ટ આપી છે ત્યારે મને પણ એ ટોણા મારે. એમ કહે કે તમારા કાકાની પણ સરકાર હતી ત્યારે કેમ કોઇ ગ્રાન્ટ ન આવી? કેમ પૈસા ન વાપર્યા? ત્યારે મારે આ મિત્રોને કહેવું છે કે કાકા એ વખતે એક રૂપિયો મોકલતા અને અહીં દસ પૈસા પહોંચતા. ભત્રીજો અહીંયા એક રૂપિયો મોકલે અને સવા રૂપિયાનું કામ થાય છે. એ વખતે સરકાર કોંગ્રેસની હતી. કાકા કોંગ્રેસમાં હતા અને ભત્રીજો ભાજપમાં છે એટલે આ ભાજપના સુશાસનમાં આ પદ્ધતિએ કામ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે કૃષિ ક્ષેત્રે ખૂબ મોટી કામગીરી કરી છે. બાગાયતમાં ન કલ્પી શકીએ એટલી મોટી સહાય આપી છે. કૃષિમંત્રીને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. ભાજપના સુશાસનમાં જે કંઇ કામો વિકાસના થાય છે અને ખાસ કરીને કૃષિને જે મહત્વ મળે છે. એ બદલ ભારતીય જનતા પાર્ટીની સરકાર ઉપર પ્રજાને પૂરેપૂરો વિશ્વાસ છે. હું વિનંતી કરું છું કે, રાજ્યના વિકાસમાં આપણે સૌ સાથે મળી, મોદી સાહેબે આપેલ સૂત્રને ચરિતાર્થ કરવા માટે સૌનો સાથ સૌનો વિકાસમાં આપણે સૌ સાથે મળી એમાં સહભાગી બની ગુજરાતના વિકાસમાં સહયોગ આપીએ. આ તો અમારી ઉદારતા છે, ભાજપની ભવ્યતા છે, દિન દયાળની દિવ્યતા છે, મોદીજીની મહાનતા છે અને આનંદીબેનની આવડત છે. આ ભવ્યતા, દિવ્યતા, મહાનતા અને આવડતના કારણે સમગ્ર રાજ્યની પ્રજા ગુજરાતના સુશાસનથી ખુશ છે ત્યારે ખેડૂતો માટે ખૂબ લાભદાયી થાય એવું માનનીય કૃષિ મંત્રીશ્રી અને વન મંત્રીશ્રીને સૂચન કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં વાત થઇ એ પ્રમાણે રાજ્યમાં રોઝ, ભૂંડ અને હરણનો ખૂબ મોટો ત્રાસ છે. સરકારે ખૂબ સરસ આયોજન કર્યું છે. ઘણા મિત્રો એમ કહે છે કે, એમને મારી નાખવા જોઇએ. પણ જીવદયાવાળા હંમેશાં તૈયાર હોય છે એટલે આપણે એ કરી શકતા નથી. રાજ્યમાં સરપંચોને છૂટ આપી છે. તાર ફેન્સીંગ અને કાંટાળા તારની યોજના આપી છે. રાજ્ય સરકારને વિનંતી છે કે, આ કાંટાળા તારની વાડ છે એ ડિઝાઇન બદલીને એની જગ્યાએ ગેલ્વેનાઇઝની જાળી આપવામાં આવે તો ભૂંડ અંદર જતા અટકી શકે. એના માટે આ સભાગૃહમાં જાહેરાત કરવામાં આવે તેવી વિનંતી છે. એમાં વધારે સબસિડી આપવાની જરૂર નથી. રાજ્ય સરકાર મારું આ સકારાત્મક સૂચન સ્વીકારે તેવી વિનંતી કરું છું. અમારી સરકાર અને મુખ્યમંત્રીનો એક જ ધ્યેય છે કે, સ્ત્રી સશક્તિકરણ. બાગાયત પાકના કારણે મહિલાઓને રોજગારી મળે છે એના કારણે સ્ત્રી સશક્તિકરણનું ધોરણ ખૂબ વધ્યું છે. રાજ્ય સરકારે કૃષિ મહોત્સવ દ્વારા ખેડૂતો વૈજ્ઞાનિક અને આધુનિક પદ્ધતિથી ખેતી કરી શકે તે માટે ગામડે ગામડે જઇ જરૂરી માહિતી આપી છે. એમાં રૂ.૯૬૭૭.૮૧ લાખના ખર્ચે ૧૨૧૬૯૪૯ લાભાર્થીઓને બાગાયત પાકોના ઇનપુટ્સ કિટ્સ વિતરણ કરાયેલ છે.

ઉપાધ્યક્ષશ્રીની જાહેરાત

તા.૨૦-૩-૨૦૧૫ના પ્રશ્ન ક્રમાંક-૧૮૨૮૦નો જવાબ ન મળવા અંગે

ઉપાધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. તા.૨૦-૩-૨૦૧૫ના રોજના પોઇન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં હું મારો નિર્ણય જાહેર કરું છું. તા.૨૦-૩-૨૦૧૫ના રોજ તારાંકિત પ્રશ્નોત્તરી પછી માનનીય શક્તિસિંહ ગોહિલે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦થી ૧૯૮૪ના પુસ્તકનો સંદર્ભ ટાંકીને અને પ્રશ્નોનો જવાબ સંબંધમાં પત્રકો સભાગૃહમાં ટેબલ ઉપર મૂકવા અંગેના અગાઉના માનનીય અધ્યક્ષશ્રીના રૂલીંગોનો ઉલ્લેખ કરીને પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરેલ અને જણાવેલ કે, માનનીય સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાના ''દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા બંદરે બોક્સાઇટની નિકાસની આવક''વિષયક તારાંકિત પ્રશ્નક્રમાંક-૧૮૨૮૦ (અગ્રતા ક્રમ-૯)ની મૌખિક ચર્ચા દરમિયાન માનનીય પ્રભારી સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ પૂછેલ ૩ પેટા પ્રશ્નો પૈકી પ્રથમ પેટા પ્રશ્નના જવાબમાં માનનીય મંત્રીશ્રી પાસેથી માહિતી લાંબી અને વિસ્તૃત હોય તો તે માહિતી અગાઉના પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણયો અનુસાર પત્રક સ્વરૂપે સભાગૃહમાં ટેબલ ઉપર મૂકવી જોઇએ, તેના બદલે માનનીય મંત્રીશ્રીએ લંબાણપૂર્વક માહિતી આપીને પ્રભારી સભ્યશ્રીના બાકીના બન્ને પેટા પ્રશ્નોના જવાબ આપવાનું ટાળેલ છે. એમ કહી પોતાના પોઇન્ટ ઓફ

ઓર્ડરની તરફેણમાં રજૂઆત કરીને રક્ષણ આપવા માગણી કરી હતી. માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલના પોઇન્ટ ઓફ ઓર્ડરની વિરુદ્ધમાં માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલ તેમજ કાયદા અને ન્યાય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરનાર માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલ પોતે પ્રશ્નોત્તરી દરમિયાન સભાગૃહમાં ગેરહાજર હતા અને પ્રશ્નની ચર્ચા દરમિયાન તેઓ ચાલુ પ્રશ્ને સભાગૃહમાં આવ્યા હતા તે બાબત સહિત વિવિધ હકીકતલક્ષી પાસાઓ અને મુદ્દાઓ અંગે રજૂઆત કરી હતી. આ ઉપરાંત પ્રશ્નના પ્રભારી માનનીય સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ પોઇન્ટ ઓફ ઓર્ડરની તરફેણમાં રજૂઆત કરી હતી. આમ, બન્ને પક્ષોની રજૂઆતો સાંભળીને મેં પ્રસ્તુત પોઇન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં પછીથી યોગ્ય નિર્ણય આપીશ એમ જણાવ્યું હતું. માનનીય સભ્યશ્રી શક્તિસિંહના પ્રસ્તુત પોઇન્ટ ઓફ ઓર્ડર સંબંધમાં તા. ૨૦-૩-૨૦૧૫ના રોજની કાર્યવાહીની નોંધ, નિયમો તેમજ પૂર્વ અધ્યક્ષશ્રીના રૂલીંગો હું જોઇ ગયો છું. માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો( ૧૯૬૦-૧૯૮૪) પુસ્તક માં પાન નં. ૨૬૮ ઉપરના લાંબુ લીસ્ટ વાંચવાને બદલે ટેબલ ઉપર મૂકવું જોઇએ તે વિષયક નિર્ણય ક્રમાંક ૩૯૪ માં તા. ૨૭મી ડિસેમ્બર, ૧૯૬૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૭૭ સંબંધમાં તત્કાલિન માનનીય સહકાર મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના જવાબનું લીસ્ટ લાંબુ છે તેમ જણાવ્યું હતું અને તત્કાલિન માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપીને ટેબલ ઉપર મૂકજો તેમ જણાવ્યું હતું. આમ, તે કિસ્સામાં માનનીય મંત્રીશ્રીએ ખુદે લીસ્ટ લાંબુ છે તેમ જણાવેલ અને તદનુસાર તત્કાલિન માનનીય અધ્યક્ષશ્રીએ રૂલિંગ આપેલ. જ્યારે પ્રસ્તુત કિસ્સામાં માનનીય ખાણ ખનિજ મંત્રીશ્રી વિસ્તૃત માહિતી સભાગૃહમાં આપવા તૈયાર હતા અને માનનીય પ્રભારી સભ્યશ્રીએ પોતે પેટા પ્રશ્ન પૂછીને તે અંગેની માહિતી પોતાના પેટા પ્રશ્નમાં માગેલ છે. આમ અગાઉના સાંદર્ભિક રૂલીંગ કરતા સૂક્ષ્મતાથી જોવા જઇએ તો આ બાબત ઘણી ભિન્ન પડે છે.

અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો (૧૯૬૦ થી ૧૯૮૦) પુસ્તકમાં પાન નં. ૨૯૦ ઉપરના ''મંત્રીશ્રીએ પ્રશ્નના જવાબ ટૂંકા અને સ્પષ્ટ આપવા જોઇએ'' તે વિષયક નિર્ણય ક્રમાંક ૪૨૫ માં તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૬૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૪૦૬૧ ના સંબંધમાં માનનીય પ્રભારી સભ્યશ્રી સિવાયના અન્ય માનનીય સભ્યશ્રીના જામનગર કાલાવડ રૂટ એસ.ટી.એ સંભાળવા માટે કોઇ માગણી કરી છે કે કેમ? તેવા પૂરક પ્રશ્નમાં તત્કાલિન નાયબ વાહન વ્યવહાર મંત્રીશ્રીએ હા કે નામાં જવાબ આપવાના બદલે લંબાણપૂર્વક જવાબ આપતાં તત્કાલિન માનનીય અધ્યક્ષશ્રીએ તે મુજબનું રૂલિંગ આપેલ જ્યારે પ્રસ્તુત કિસ્સામાં ઓખા બંદરેથી ૨૦૧૩-૧૪માં કઇ કઇ કંપનીનો કેટલો જથ્થો નિકાસ થયો હતો તે મુજબના પ્રથમ પેટાપ્રશ્નનો સ્વાભાવિક હા કે ના માં જવાબ હોઇ શકે નહીં. આમ, અગાઉના રૂલીંગનો બારીકાઇથી અભ્યાસ કરતાં આ બન્ને બાબતોને સૂક્ષ્મતાથી જોઇએ તો સ્પષ્ટપણે ભિન્નતા જણાય છે. આ ઉપરાંત અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો (૧૯૬૦ થી ૧૯૮૪) પુસ્તકમાં પાન નં. ૨૧૦ ઉપર નિર્ણય ક્રમાંક ૩૨૧ અનુસાર માનનીય મંત્રીશ્રીને સભ્યશ્રી ઇચ્છે તે મુજબ જવાબ આપવા એટલે કે અમૂક રીતે માહિતી આપવા માટે ફરજ પાડી શકે નહીં. પૂર્વ અધ્યક્ષશ્રીઓના નિર્ણયો( રૂલિંગો) મુજબ જ્યારે માનનીય મંત્રીશ્રી પાસે પ્રશ્નોત્તરી દરમિયાન પેટા પ્રશ્નના જવાબ અંગેની માહિતી ઉપલબ્ધ ન હોય ત્યારે તેઓ તેવી માહિતી સભાગૃહમાં ટેબલ ઉપર મૂકવાનું કહી શકે છે. પરંતુ જો માનનીય મંત્રીશ્રી પાસે પેટાપ્રશ્નમાં માગેલ માહિતી ઉપલબ્ધ હોય તો તેઓ જવાબના ભાગરૂપે માહિતી કે વિગતો સભાગૃહમાં રજૂ કરી શકે છે અને તે તેઓનો જવાબ આપવાનો અધિકાર (રાઇટ ઓફ રીપ્લાય) અને ફરજ બન્ને છે એટલું જ નહીં પરંતુ માનનીય પ્રભારી સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ એમનો પેટા પ્રશ્ન જોઇએ તો કઇ કઇ કંપનીનો કેટલો જથ્થો નિકાસ થયો છે? આમ કઇ કઇ કંપની એ અંગેનો એક સવાલ છે અને તેમાં જ ફરીથી કઇ કઇ ખાણમાંથી ખોદકામ કરેલ હતું આમ આ બન્ને પ્રશ્નો પૂછેલ છે તેમજ આ જે કંપનીઓનો માલ નિકાસ થયેલ તે કંપનીની ખાણોની માપણી કોના કોના દ્વારા અને ક્યારે ક્યારે કરવામાં આવી હતી? આમ આ ત્રણેય પેટા પ્રશ્નો સ્વાભાવિક રીતે લંબાણપૂર્વકના અને વિસ્તૃત જવાબ માંગી લે તેવા પ્રકારના પૂછવામાં આવેલ હતા. માનનીય સભ્યશ્રીએ સમજદારીપૂર્વક પેટા પ્રશ્નોના જવાબ લંબાણપૂર્વક થાય તેવા પૂછ્યા હતા. આ ત્રણેય પેટા પ્રશ્નોના જવાબો આંકડાકીય સ્વરૂપના હતા. વધુમાં માનનીય પ્રભારી સભ્યશ્રીએ પોતાના પ્રથમ પેટાપ્રશ્નના અનુસંધાને માગેલ માહિતી જ્યારે માનનીય મંત્રીશ્રી આપી રહ્યા હતા તે સંબંધમાં માનનીય પ્રભારી સભ્યશ્રીએ પોતે પણ પોઇન્ટ ઓફ ઓર્ડરની પ્રથમ તબક્કે ચર્ચા દરમિયાન પણ ઇન્કાર કર્યો ન હતો. આમ તેઓ પણ પ્રથમ પેટાપ્રશ્નની માહિતી મેળવવા સ્પષ્ટપણે ઉત્સુક અને ઇચ્છુક હતા. આ સંજોગોમાં માનનીય મંત્રીશ્રીએ પોતાની પાસે ઉપલબ્ધ પ્રથમ પેટાપ્રશ્નની જવાબરૂપે આપેલ માહિતી વિસ્તૃત થતી હોવા છતાં માનનીય પ્રભારી સભ્યશ્રીને સભાગૃહમાં યોગ્ય અને સંતોષકારક જવાબ આપેલ છે. પ્રશ્નોત્તરીનો સમય પૂરો થઇ ગયો છે તે સંજોગોમાં સમય હોત તો મંત્રીશ્રી બીજા પ્રશ્નોના પણ જવાબ આપી શકતા. આમાં માનનીય મંત્રીશ્રીના હઠાગ્રાહથી બાકીના બે પેટા પ્રશ્નોના જવાબ ન મળ્યા તેમ કહેવું ઉચિત નથી. આ સમગ્ર પરિપ્રેક્ષમાં હું માનનીય સભ્યશ્રી શક્તિસિંહ ગોહિલના પોઇન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કરું છું.

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી(દાંતા) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને સહકાર વિભાગના મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે ત્યારે માગણી નં. ૧,૨,૩,૪ અને ૫ ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ક્યારેક ભૂંડોનો ત્રાસ, ક્યારેક રોઝનો ત્રાસ, ક્યારેક કુદરતી કેરનો ત્રાસ. આજે આ ગૃહમાં *(xxx) આ શું ગતિશીલ ગુજરાત ગણાય?

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ ઉપરથી દૂર કરું છું. વિષય પર આવો.

* આ શબ્દો માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર અહેવાલમાંથી રદ કરવામાં આવ્યા છે.

તા.૨૩મી માર્ચ, ૨૦૧૬

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી કાન્તીભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, આ મન કી બાત કહેવાય? આજે હું મંત્રીશ્રીને વિનંતી કરું કે હમણાં પુંજાભાઇ વંશ વાત કરતા હતા ત્યારે મારા વિસ્તાર અમીરગઢ અને દાંતા તાલુકાની વાત કરું તો જી.જી.આર.સી. કંપનીની એક વાત કરવા માગું છું. મારા મત વિસ્તારમાં જે ટપક પદ્ધત્તિ અપનાવી છે ત્યારે ૪ હેકટર જમીનમાં ટપક પદ્ધત્તિ આપનાવી અને મોટાભાઇના નામે જમીન ચાલતી હોય અને એક હેકટરમાં ટપક પદ્ધત્તિ અપનાવી હોય અને ૩ ભાઇઓને ખબર પણ ન હોય એવા સંજોગોમાં કાયદેસરના ૩ ભાઇઓના ફોટા અંગૂઠા લઇને બિલો ઉધરી જતા હોય તો મારી વિનંતી છે કે અમીરગઢ અને દાંતા તાલુકામાં ચકાસણી કરાવે. હું સિંચાઇ બાબતની થોડી વાતો કરું છું ત્યારે દાંતા, અમીરગઢ અને વડગામ તાલુકાઓ આપણે સૌ જાણીએ છીએ કે માથા ઉપર હેંડે અને પગે રેલો ઉતરે. સરકાર ઉત્તર ગુજરાતની વાતો કરતી હોય અને ઉત્તર ગુજરાતને નર્મદાનું પાણી મળ્યું છે એવી વાતો કરતી હોય ત્યારે આપણે સૌ જાણીએ છીએ કે નર્મદાનું પાણી મહેસાણા જિલ્લામાં મળે છે. એ કેનાલથી ૧૫૦ કિલોમિટર દૂર છેલ્લો તાલુકો દાંતા, અમીરગઢ અને ખેડબ્રહ્મા આવેલા છે. મારી મંત્રીશ્રી પાસે એ પણ લાગણી, માગણી અને વિનંતી છે કે નર્મદાના પાણી ખેડબ્રહ્મા, દાંતા, અમીરગઢ અને વડગામમાં યોગ્ય આયોજન કરી પહોંચાડે. આ વિનંતી એટલા માટે કરું છું કે મારા મત વિસ્તારમાં માં અંબાજી વસે છે. દાંતા અને અમીરગઢ બન્ને ૭૦ થી ૭૫ ટકા ટ્રાયબલ વિસ્તાર છે. આ વિસ્તાર ડુંગરાળ અને અંતરિયાળ વિસ્તાર છે. આજે ખેતીની વાત કરીએ તો આ વિસ્તારના લોકો માત્ર ચોમાસાના પાણીના આધારે એમનું ગુજરાન ચલાવે છે. મારી માગણી છે કે ચોમાસાના લીધે દાંતા અને અમીરગઢ તાલુકામાં ૨૧ જેટલા નાના સિંચાઇના ચેકડેમો બનેલા છે. ચોમાસાના પાણીથી આ સિંચાઇના ડેમો ભરાય છે અને શિયાળું સિઝન એ ડેમના આધારે ખેડૂતો ખેતી કરતા હોય છે. આજે પરિસ્થિતિ એવી વિકટ થઇ છે કે પીવાલાયક પાણી પણ આજે અમીરગઢ અને દાંતા તાલુકામાં નથી. એનું કારણ એ છે કે દાંતા અને અમીરગઢ તાલુકામાં ૧૦૦ ફૂટ નીચે કાળા પથ્થરો આવેલા છે. અત્યારે હેડપંમ્પોના પાણીની વાત કરીએ તો એકદમ કાટ જેવું પાણી આવતું હોય છે. મંત્રીશ્રીને મારી એ વિનંતી છે કે શિયાળું સિઝનમાં ડેમમાંથી ખેતી કરતા હોય પણ આ ઉનાળામાં ગમે તે યોજનામાં આયોજન કરીને ઉનાળામાં ૨૧ થી ૨૫ ડેમો છે એમાં ઉનાળામાં પાણી ગમે તે ભોગે લાવીને કે નર્મદામાંથી લાવીને ભરી આપે તો મને આશા છે કે આ તાલુકાઓ ટ્રાયબલ વિસ્તાર લીલા અને હરિયાળા થશે.

બીજું, ડેરી વિકાસની વાત હું મંત્રીશ્રીના ધ્યાન પર મૂકું તો ઉત્તર ગુજરાતના આદિવાસીઓની એક કહેવત છે ડેરી વિકાસ મારફતે આદિવાસીઓને ભેંસો આપવામાં આવે છે. એ વિસ્તારના આદિવાસીઓ એવું પણ કહેતા હોય છે કે આદિવાસી બહેનોને ભેંસો તો આપે છે પણ ભેંસો મહેસાણાની, પાડુ સાબરકાંઠાનું અને બનાસકાંઠાવાળાને ભેંસો આપવામાં આવે છે. એમાં હું થોડું વર્ણન કરું, આ ભેંસો અને આ પાડુ.

ઉપાધ્યક્ષશ્રી : કાંતિભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી મેઘજીભાઇ ચાવડા. શ્રી મેઘજીભાઇ અ. ચાવડા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રજા વાત્સલ્ય સહકારના મંત્રીશ્રી બાબુભાઇ બોખીરીયા સાહેબ માગણી નંબર ૬૬ લઇને આવ્યાં છે તેમાં સમર્થન સાથે મારા વિચારો રજૂ કરવા આ ગૃહ મધ્યે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સિંચાઇ અને પૂર સંરક્ષણ માટેની કુલ ૧૩૯૩૭.૧૯ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. સરદાર સરોવર યોજનાના ડેમને ૧૩૮.૬૮ મીટરની આખરી ઊંચાઇ સુધી પહોંચાડવા માટે ગેટ મૂકવાનું કામ પૂર ઝડપથી આગળ વધી રહ્યું છે તેમાં આ બજેટની અંદર જોગવાઇ ૨૧૬.૯૨ કરોડની કરવામાં આવેલ છે. સબમાઇનોરની કામગીરી માટે ૨૦૬૧.૫૧ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. નહેરની કામગીરીમાં સૌરાષ્ટ્રના વિસ્તાર માટે ૪૩૦.૭૪ કરોડ, ઉત્તર ગુજરાત માટે ૩૯૭.૯૨ કરોડ, કચ્છના વિસ્તાર માટે ૯૨૬.૨૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કચ્છ અને સૌરાષ્ટ્રના વિસ્તારની અંદર પમ્પિંગ સ્ટેશનની વિતરણ માટેની કામગીરીની જોગવાઇ ૪૪૨.૯૨ કરોડની કરવામાં આવી છે. દુનિયામાં સૌથી મોટી પ્રતિમા જેણે દેશને એક ને નેક રાખ્યો હતો એવા આદરણીય સ્ટેચ્યુ ઓફ યુનિટીના કામ માટે ૯૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ગામનું પાણી ગામમાં, ખેતરનું પાણી ખેતરમાં રહે તે માટે ભારતીય જનતા પાર્ટીની ખેડૂતલક્ષી સરકારે ચેકડેમો કર્યા, બોરીબંધ કર્યા, ખેત તલાવડીઓ કરી એવી અસંખ્ય યોજનાઓ દ્વારા પાણી રોકવાનો અથાગ પ્રયત્ન કરવામાં આવે છે. ધરતીના તળ ઊંચા આવ્યાં છે અને ઘણી જગ્યાએ ડાર્ક ઝોન પણ કાઢવામાં આવેલ છે. મારાં વિસ્તારનું એક ગઢડા ગામમાં એક નાની સિંચાઇ યોજના આવેલી હતી. ૨૦૦૭ની અંદર અતિ વરસાદના કારણે આ સિંચાઇ યોજના ડેમેજ થઇ હતી. રાત્રીના ૧૨-૦૦ વાગે ખબર પડે અને તાત્કાલિક તે વખતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદી આ કર્મયોગી સરકારના કર્મચારીઓને સૂચના આપી અને તાત્કાલિક એની જરૂરી જોગવાઇ કરીને તાત્કાલિક આ ડેમને રિપેર કરવામાં આવે આ એક ખેડૂતલક્ષી સરકાર જ કરી શકે. માનનીય અધ્યક્ષશ્રી, આ ડેમની અંદર ૫૪.૮૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો અને આ યોજના બચાવી ખેડૂતના પાકને પણ બચાવવામાં આવ્યો, આના કારણે ૧૯૪ એમસીએફટી પાણીનો પૂરેપૂરો જથ્થાનો સંગ્રહ થયેલો અને ગઢડા તથા વહેરા ગામના તમામ ખેડૂતોને આ પાક એનો ઊગી નીકળેલો. દેશના લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગઇકાલે દેશ સમક્ષ મનની વાત કરી હતી. જેમાં મોટાભાગની વાત ખેડૂતોના હિત, ભલાઇ માટે કેન્દ્ર સરકારનો અભિગમ સમજાવ્યો હતો. ભૂમિ અધિગ્રહણ બિલના વિષયોને લઇને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહેલા અમુક વિરોધી પક્ષોને આ બાબત સમજી અને માની શકાતું નથી. કેન્દ્રની ભા.જ.પ.ની સરકાર ખેડૂતોનું હિત અને હિતોનું રક્ષણ કરવા માટે કટિબદ્ધ છે. વાવની યોજના અમારા ખારવાઓની એક જીવાદોરી સમાન યોજના છે. ઘણા વર્ષો પહેલાં આ યોજના મંજૂર થઇ હતી. યોજના મંજૂર થયા પછી માત્ર ને માત્ર કોઇ કારણોસર આ જમીનના કારણે જ આ યોજના પાર પડી નથી. આ ભૂમિ અધિગ્રહણનું બિલ જો મંજૂર કરવામાં આવે તો વાવની યોજના અમારી સાકાર થઇ જાય અને હજ્જારો ખેડૂતોને ફાયદો થાય એમ છે. ગુજરાત રાજ્યની સ્થાપના થયા પછી વર્ષ

૧૯૬૧થી ૨૦૦૧ સુધીમાં ૪૦ વર્ષની અંદર માત્ર ૧૮,૩૫૬ ચેક ડેમો બનેલ. જ્યારે વર્ષ ૨૦૦૧ થી ૨૦૧૪ સુધીમાં ૧,૪૭,૨૦૪ ચેક ડેમો બનાવવામાં આવેલા છે. એકંદરે આજની સ્થિતિએ સરકાર વિવિધ વિભાગો દ્વારા વિવિધ યોજના દ્વારા

સમગ્ર ભારતનો દરિયા કિનારો ૪,૮૦૦ કિલોમિટરનો છે. ગુજરાત રાજ્યમાં ૧,૬૦૦ કિલો મિટરનો છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ૧,૧૨૫ કિલો મિટરનો છે. ૧૯૭૬માં મુખ્ય સચિવશ્રી એચ.કે.એલ. કપુરના વડપણ હેઠળ માધવપુર વિસ્તાર માટે ઉચ્ચ સમિતિ એક અને ૧૯૭૮માં બીજી સમિતિની રચના કરવામાં આવેલ હતી. એની ભલામણોના આધારે જે કામો કરવામાં આવ્યા છે. એમાં હું મારા જામનગર જિલ્લાની વાત કરું તો ૨૦ વર્ષ પહેલાં સિંચાઇના સાધનો પાછળ કુલ ખર્ચ ૧૪૦.૮૭ લાખનો કરવામાં આવેલ છે. એનો લાભાન્વિત વિસ્તાર ૩૩૧ હેક્ટરનો થાય છે અને ૩૩૧ એમ.સી.એફ.ટી. પાણીનો જથ્થો સંગ્રહ થાય છે. આ પ્રથમ ૪૦ વર્ષની એમની કામગીરી છે. એના પછીના ૧૯૯૫ થી ૨૦ વર્ષની અંદર જામનગર જિલ્લાના દરિયા કિનારાના વિસ્તારોમાં ક્ષાર અંકુશ વિભાગ દ્વારા સિંચાઇ પાછળ દરિયાની ખારાશ વધતી અટકાવવા માટે ૪,૭૮૧ લાખનો ખર્ચ કરવામાં આવેલ છે. આના માટે લાભાન્વિત વિસ્તાર ૧૩,૫૬૧ એકરને લાભ મળે છે અને પાણીનો સંગ્રહ ૫૧૮.૩૨ એમ.સી.એફ.ટી. થવા માંડ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જોડિયા તાલુકાની વાત કરું તો જોડિયા–માણામોરા રેક્લીમેશન બંધ, જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના ગામથી શરૂ કરીને ઝિંઝાડા ગામ સુધી જુના– નવા નગર રાજ્ય દ્વારા બનાવવામાં આવેલ. આ રેક્લીમેશન યોજના છે એ યોજના જામનગર જિલ્લાના દરિયાના વિસ્તારોમાંથી જમીનોમાં આગળ વધતી ખારાશને અટકાવવા માટેની યોજના છે. આ રેક્લીમેશનની કુલ લંબાઇ ૩૮.૭૦ કિલો મિટરની છે અને સિંચાઇ વિભાગ હસ્તકની કુલ લંબાઇ ૨૦.૩૦ કિલો મિટરની છે. મરીન નેશનલ પાર્ક હસ્તકની કુલ લંબાઇ ૧૮.૪૦ કિલો મિટરની છે. મારું એક સરકારશ્રીને સુચન છે કે,....

ઉપાધ્યક્ષશ્રી : મેઘજીભાઇ આપનું પ્રવચન પૂરું થાય છે. શ્રી છનાભાઇ ચૌધરી.

શ્રી છનાભાઇ કો. ચૌધરી (વાંસદા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી એમની માગણી નંબર ૧,૨,૩, ૪ અને ૫ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિની ઘણી વાતો થઇ પણ એક ખેડૂત તરીકે હું મારી પોતાની લાગણીથી વિચાર કરું તો આપણે ઘણી વાતો કરી કે, ખેડૂતોને આપણે આટલો ફાયદો કરાવ્યો પણ ખેડૂત ખેતી કેવી રીતે કરે? એને જો સારું પાણી મળે, એને સમયસર ખાતર મળે તો આજે ખેડૂત કોઇ પણ વસ્તુની રાહ જોયા વગર ખેતી કરે છે. પણ આપણે એ પણ પૂરું નથી પાડી શકતા. પાણી તો કુદરતી છે તો એની સાથે જ્યારે ખાતરની વાત આવે તો મારા પહેલાના મિત્રો પણ એ કહેતા હતા કે, યુરિયા ખાતરની જ્યારે ખેડૂતને જરૂર હોય ત્યારે જ આપણે યુરિયા ખાતર શોધીએ. તો એ પણ આ સરકાર પૂરું પાડી શકતી નથી, લાઇનમાં ઉભા રહેવું પડે છે અને ખૂબ તકલીફ પડે છે. એટલે ખાતરનું પહેલાં સહકારી મંડળીઓ મારફતે જે વિતરણ થતું એ વિતરણ સહકારી મંડળીઓ મારફતે થવું જોઇએ. આપણા ગુજરાત રાજ્યમાં સહકારી પ્રવૃત્તિ એટલી બધી ફૂલી–ફાલી હતી એ અત્યારે મને લાગે છે ત્યાં સુધી કે, ખૂબ નબળી પડી થઇ ગઇ છે. ખેડૂત જ્યારે પણ મંડળી ઉપર જઇને ઉભો રહેતો અને એને ખાતર કે બિયારણ જોઇતું હોય તો એને એ મળતું હતું, પણ હાલના તબક્કે એ પણ તકલીફ રહે છે અને મળી શકતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી પાણીની વાત કરું તો અહીં મારા મિત્રોએ કહ્યું કે, ૧,૬૫,૦૦૦ ચેક ડેમો છે પણ ચેક ડેમોની શું પરિસ્થિતી છે એ આપણે કદાચ નહીં જોઇ હોય, ગામડે નહીં ગયા હોય પણ મોટાભાગના ચેક ડેમો સિલ્ટીંગ થયેલા છે, એને ડી–સિલ્ટીંગ કરવાની ખૂબ જરૂર છે. કારણ કે, એમાં પાણી જ નથી રહેતું. ચોમાસાનું જે આપણી આવે છે એ બધું ઉપરથી જતું રહે છે અને જ્યારે આપણને પાણીની જરૂર હોય તો એમાં પાણી રહેતું નથી. તો ડી–સિલ્ટીંગ થી એવા ચેક ડેમો સાફ કરવા જોઇએ. મારો મત વિસ્તાર વાંસદાની વાત કરું તો, ત્યાં મારી બે સિંચાઇ યોજના છે. એક કેલિયા સિંચાઇ યોજના અને બીજી ઝુઝ સિંચાઇ યોજના, એમાં લગભગ ૪૫ જેટલા ગામોને સિંચાઇનું પાણી મળે છે પણ જયારથી એ બંધાયા છે ત્યારથી સિલ્ટીંગ થયું છે. જો ડી–સિલ્ટીંગ કરવામાં આવે તો હજુ પણ થોડા ગામો એમાં સમાવી શકીએ એમ છીએ તો હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું કે ડી–સિલ્ટીંગ કરવાની યોજના લાવે અને એમાં જે કાંપ બેસેલો છે એ કાંપ સાફ કરે તો હજુ પણ ૧૦ થી ૧૫ ગામોને વધારે સિંચાઇ મળે એ પ્રમાણે એમાં પાણી ભરાઇ શકે તેમ છે. ડ્રીપ ઈરીગેશનની પણ વાત થઇ. ખેડૂતો ડ્રીપ ઈરીગેશન અપનાવવા તૈયાર છે કારણકે અત્યારે પાણીની ખૂબ મુશ્કેલી છે. ખેતીનું પાણી મળતું નથી અને ૩૦૦ ફૂટ ઉંડા પાણી ગયા છે ત્યારે ડ્રીપ ઈરીગેશન જરૂરી છે પણ માનનીય પુંજાભાઇ કહી ગયા એ પ્રમાણે ભાવમાં ખૂબ તફાવત છે. આપણે કદાચ ખાનગી બનાવીએ તો એનો ભાવ ઓછો પડે અને સરકારશ્રીની યોજનામાં આપણે બનાવીએ ત્યારે એ ભાવ આપણને વધારે પડે છે. ભલે સબસિડી મળતી હોય પણ સબસિડી આપણી બધી એમાં જ જાય છે તો એમાં પણ માનનીય મંત્રીશ્રી તપાસ કરાવે અને ખેડૂતોને સસ્તા ભાવે ડ્રીપ ઈરીગેશન પુરું પાડીએ એવી મારી વિનંતી છે. ખાસ કરીને જે વીજળીના કનેકશનો છે એ કનેકશનો મળવામાં અત્યારે ખૂબ વાર લાગે છે તો વીજ કનેકશનો વહેલા ખેડૂતને મળે, આપણે બીજા કનેકશનો તરત આપીએ છીએ પણ ખેડૂતોના જે કનેકશનો છે એ વહેલી તકે મળે તો ખેડૂતોને સસ્તુ પડે કારણકે ઓઇલ એન્જીન જે આપણું ડીઝલ વાપરે છે એ ડીઝલ આપણને ખૂબ મોંઘુ પડે છે પણ મોટર મળે તો એમાંથી ખેડૂત ખેતી ખૂબ સારી રીતે કરી શકે અને એની સાથે એનો ખેતીનો ઉત્પાદન ખર્ચ છે એ પણ ઓછો આવે. બીજું, જે ખેત ઉત્પાદનની વેચાણ વ્યવસ્થા છે. આપણે ત્યાં એ.પી.એમ.સી. છે પણ એમાં પણ એને પુરતો ભાવ મળતો નથી. પહેલા એને જે ગુજકોમાસોલ દ્વારા અમારો વિસ્તાર ડાંગરનો વિસ્તાર છે અને એ ડાંગર આજે વેપારીઓ લે છે પણ પોતાની મરજી પ્રમાણે ભાવ આપે છે. એક ખેડૂત જ એવો છે કે પોતાના ઉત્પાદનનો માલ એનો ભાવ પોતે કરી શકતો નથી પણ વેપારીઓ કરે છે ત્યારે ગુજકોમાસોલ લેતુ હતુ ત્યારે આખા ગુજરાત રાજ્યમાં પોતાની દુકાન ખોલીને કે કોઇ જગ્યાએ કોઇ મંડળીને સોંપીને લેતા હતા ત્યારે

ખરેખર ભાવ સારા મળતા હતા. એ રીતે ગુજકોમાસોલને સક્રિય કરવું જોઇએ એવી મારી ખાસ માગણી છે. ખાસ કરીને અમારા વિસ્તારમાં થોડીક મંડળીઓ એવી છે. માનનીય મંત્રીશ્રીને અમે ફરિયાદ પણ કરી છે કે ખેતીના સાધનો કેરેટ છે કે પંપ છે એ મંડળી મારફતે અમે બધા ખેડૂતોને પૂરા પાડેલા છે પણ છેલ્લા બે કે ત્રણ વર્ષથી એની સબસિડી અમને મળી નથી. ચારેક મંડળી એવી છે. અગિયાર કે બાર લાખ રૂપિયા જેવા થાય છે તો એ મંડળીઓ ખૂબ નાની મંડળી છે એટલે ખેડૂતોની મંડળી છે એ મંડળીઓને જો આ પૈસા નહીં મળે તો એ મંડળીઓ ડૂબી જાય એ પરિસ્થિતિ છે અને ખેડૂતોને નુકસાન થાય એવું છે તો એ સહાયની રકમ તાત્કાલીક અમારી મંડળીઓને ચૂકવાય એવી મારી એમને વિનંતી છે. ખાસ કરીને ખેડૂતોને ખાતર, બિયારણ,પાણી પૂરું પાડે તો ખેડૂતો ખરેખર ખૂબ ઉત્સાહી છે આજે પણ મારો જે વિસ્તાર છે એમાં લગભગ ૪૫ ગામોને પાણી મળે છે અને બાકીના ગામો છે એ સુકા છે એ વિસ્તારમાં જો ચેકડેમ ઉંડા કરવામાં આવે, એ વિસ્તારમાં જે બોરની યોજના છે એ બોરની યોજના આપે અને ડ્રીપઈરીગેશન આપે તો ખૂબ ફાયદાકારક છે. કારણકે નાના નાના ખેડૂતો પોતાની એક એકર કે બે એકર જમીનમાં માંડવા કરે છે અને શાકભાજી વેચે છે. આજે શાકભાજીના ભાવ પણ ખૂબ સારા છે ત્યારે અમારા નટવરસિંહ બાપુ કાયમ કહે છે કે દોઢ હોર્સ પાવરની અમને મોટર આપો કે બે હોર્સ પાવરની અમને મોટર આપો એ હું પણ દોહરાવું છું કે અમારા વિસ્તારના નાના ખેડૂતોને મોટી મોટર પોસાતી નથી તો બે હોર્સ પાવરની મોટરની જો મંજૂરી આપે તો લોકોને, ખેડૂતોને બહુ ફાયદો થાય એવું છે. તો માનનીય મંત્રીશ્રીને કહીશ કે આપ સાહેબ જો કહો તો થઇ જાય એવું છે. વીજ કંપની તો આપે છે આપવા તૈયાર છે. બધાની માગણી છે પણ ખરેખર કોઇ બોલતું નથી. બે હોર્સ પાવર માટે બધાની માગણી છે કારણકે મોટો ખેડૂત હોય એને મોટી મોટર ચાલે પણ નાના ખેડૂતને પોસાય તેવું નથી ત્યારે આપ સાહેબને દોહરાવું છું. ખાસ કરીને કપાસના ભાવોમાં ખૂબ બુમરાણ થઇ છે તે રીતે અમારા દક્ષિણ ગુજરાતમાં શેરડીની ખેતી અમારે ત્યાં ખૂબ સારી થાય છે. અત્યારે શેરડીની ખેતીમાં ૩૨૦૦૦ કરોડનો ટેક્સ ભરવાનો છે અને એના લીધે આ વર્ષે અમારે ત્યાં કોલાના ભાવ પણ ૧૨૦૦-૧૩૦૦ રૂપિયા ઉપર આવી ગયા. બિલકૂલ પોસાતું નથી. મજૂરી ગણો તો મજૂરી પણ પોસાતી નથી અને સુગર ફેકટરી પણ એટલો ભાવ નહીં આપે તો આમાં પણ સરકાર રસ્તો કાઢે અને ખેડૂતોને એમાં ખોટ ન જાય એ માટે પરચેઝ ટેકસ કાઢી નાખવો જોઇએ અને ખેડૂતોને એમાં સારા ભાવ મળે એવા પ્રયત્નો સરકારે પણ કરવા જોઇએ એવી મારી ખાસ વિનંતી છે.

શ્રી અરવિંદભાઇ કે. લાડાણી(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે સન્માનનીય સભાગૃહમાં માનનીય મંત્રીશ્રી બાબુભાઇ બોખીરિયા સાહેબ જે માગણી લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપીને મારા વિચારો વ્યકત કરું છું.

હું જ્યારે મારા મત વિસ્તારના દરિયા કિનારા વિસ્તારમાંથી આવું છું, ત્યારે મારે મત્સ્યોદ્યોગ ઉપર થોડીક માહિતી આપવી છે. આપના ગુજરાતમાં સલામત, આધુનિક અને નફાકારક મત્સ્યોદ્યોગના વિકાસને માટે માનનીય નાણા મંત્રીશ્રી દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬ માટે રૂપિયા ૨૧,૬૫૦.૪૮ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં આયોજન, યોજના વર્ષ ૨૦૧૫-૧૬ માટે ૮૩૦૧.૯૫ લાખની ચાલુ બાબતો ૩૩૯૫.૦૦ લાખની નવી બાબતો જેમાં કેન્દ્રના રૂપિયા ૭૩૧.૭૨ લાખનો હિસ્સાનો સમાવેશ કરીને કુલ રૂપિયા ૧૧,૬૯૬.૯૫ લાખની જોગવાઇઓ સૂચવવામાં આવેલ છે. મારે આ કોંગ્રેસના મિત્રોને જણાવવું છે કે દરેક વખતે યાદ રાખી રોઝ, ભૂંડ, દારૂ સિવાય એમને કઇ દેખાતું નથી. સારા વિચારો અને સારું કરશો તો ગુજરાતનું સારું, ભલું થાય છે. તો પછી મુખ્યત્વે આંતરદેશીય મત્સ્યોદ્યોગનું ઉત્પાદન વધારવા માટે મત્સ્ય બીજના ઉત્પાદન ઉછેર માટે તથા કરવામાં આવેલ જે ઉત્પાદનને બજાર સુધી લઇ જવા માટે સહાય આયોજનની અંદર ભાંભરા પાણીના મત્સ્યોદ્યોગના વિકાસ માટે આંતરમાળખાકીય સુવિધાઓ દરિયાઇ મત્સ્યોદ્યોગને આધુનિક, સલામત તથા નફાકારક બનાવવા માટેની યોજનામાં સમાવેશ કરવામાં આવેલ છે. આવી સારી યોજનાઓના અમલના ફળસ્વરૂપે ગુજરાત રાજયના દરિયાઇ મત્સ્યોદ્યોગ ૨૦૦૧-૦૨ માં ૬.૨૦ લાખ મેટ્રિક ટનનું ઉત્પાદન કરતું હતું, તે ૨૦૧૩-૧૪ માં વધી ૬.૯૫ લાખ મેટ્રિક ટન માતબર ઉત્પાદનને વર્યુ છે. આ ગુજરાત રાજયની મત્સ્યોદ્યોગ પ્રદેશ નિકાસ ૨૦૦૧-૦૨ માં ૧.૩૨ લાખ મેટ્રિક ટન હતી જે ૨૦૧૩-૧૪ માં વધીને ૨.૫૨ લાખ મેટ્રિક ટન થયું છે. વિદેશી હુંડિયામણ વર્ષ ૨૦૦૧-૦૨ માં ૬૨૫.૦૦ કરોડ હતું તે વધીને આજે ૩૬૫૮.૫૭ કરોડે પહોંચ્યું છે. આ એક સારામાં સારું કામ કરતી ગુજરાત સરકારનું ઉદાહરણ છે. આ રાજયની અંદર ચાઇનીઝ સર્ક્યુલેશન હેચરી સ્થાપના દ્વારા વર્ષ-૨૦૦૧ માં મત્સ્ય બીજનું ઉત્પાદન ૪૩.૬૪ કરોડનું હતું, તે વર્ષ ૨૦૧૪-૧૫ માં વધીને ૮૨.૮૦ કરોડ, લગભગ ડબલ ઉત્પાદને પહોંચ્યું છે. આ ગુજરાતમાં ખારલેન્ડ જેવી બીનઉપયોગી જમીનને ઝીંગાનું ઉત્પાદન અને નિકાસ વધે તે માટે જમીન બીજ લીઝ ઉપર આપવા માટે અત્યાર સુધીમાં ૯૬૩૫.૧૫ હેક્ટર નું માસ્ટર મેપિંગ કરવામાં આવેલ છે. જેમાંથી ૫૯૦૦.૦૭ હેક્ટર જમીન જુદા જુદા ૧૧૩૯ લાભાર્થીઓને ફાળવણી કરવામાં આવેલ છે. ઉપરાંત આ વિસ્તારમાં આનુષંગિક સવલતો પૂરી પાડવામાં આવે છે. આ ઉદ્યોગ થકી ૧૦,૦૦૦ થી વધારે માણસોને રોજીરોટી મળે છે. આજુસુધી આવા નાના ઉદ્યોગમાં કામ કરતાં માણસોને અત્યાર સુધી કોઇએ ઓળખ નહોતી આપી, તે લોકોને આ ગુજરાત રાજ્યની ભાજપની સરકારે બાયોમેટ્રિક કાર્ડ આપી ૧,૨૭,૧૮૨ બાયો મેટ્રિક કાર્ડની વહેંચણી કરવામાં આવેલ છે. ત્રીજા રાઉન્ડમાં ૧૧૧૭૪ ફોર્મ ભરાયેલ છે. આ રીતે આ ઉદ્યોગને સાચી ઓળખ આપવા માટે ૨૭-૬-૨૦૦૯ ની બોટનું રજિસ્ટ્રેશન કરાવવાની કામગીરી મત્સ્યોદ્યોગ ખાતા મારફતે મુકવામાં આવતા અત્યાર સુધીમાં ૨૪૦૬૨ બોટોનું રજિસ્ટ્રેશન કરી દેવામાં આવેલ છે. આ મત્સ્યોદ્યોગમાં જ્યારે માછીમારો દરિયાની અંદર જતા હોય, ત્યારે ભૂલથી પાકિસ્તાનની બોર્ડર અંદર માછીમારો જતા હોય ત્યારે ૫૫૬૩ માછીમારો પૈકીના ૫૨૦૭ માછીમારોને પાકિસ્તાનની કસ્ટડીમાંથી મુક્ત કરાવવામાં આવેલ છે અને આ આર્થિક સહાય જે ૫૦ ની હતી, તે ૧૫૦ રૂપિયા કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, ૨૦૦૪-૦૫ થી ફેબ્રુઆરી ૨૦૧૫ સુધીમાં ૭ કરોડ ૩૨ લાખ ૫૦ હજાર ૬૦૦ રૂપિયા પકડાયેલા માછીમારોના કુટુંબીજનોને નિર્વાહ માટે ચૂકવવામાં આવેલ છે. આ ગતિશીલ ગુજરાતની અંદર ગુજરાતના માછીમારોને તેમની સલામતિ માટે લાઇફ સેવિંગ જેકેટ ૨૦ હજાર રૂપિયાની કિંમતનું, ૧૦ હજારની કિંમતની બે રીંગ્સ તથા ઇમરજન્સી લાઇટ ૧૦ હજારની કિંમતની વિગેરેનું એક યુનિટ બનાવી ૪૦ હજાર રૂપિયાનું અને તેમાં

૫૦ ટકા સબસિડી એટલે ૨૦ હજાર રૂપિયાની મહત્તમ સબસિડી આ સરકાર દ્વારા આપવામાં આવે છે. આવી રીતે ૨ લાખ ૧૮ હજાર ૨૭૦ તમામ સક્રિય માછીમારોને ૨૦૧૪–૧૫માં બે લાખના વીમા કવચથી જોડવામાં આવેલ છે. આવી રીતે દરેક માછીમારની ચિંતા કરી ગુજરાતની અંદર આ સરકારે સારામાં સારું કામ કર્યુ છે. મને આ ગૃહને જણાવતાં આનંદ થાય છે કે ૫૭ ફીશીંગ બોટ પરત લાવવાની કામગીરી માટે રાજય સરકારે બે અધિકારીશ્રીઓ, ચાર માછીમારોના પ્રતિનિધિઓ અને બે બોટ મિકેનીક મળી કુલ ૮ સભ્યોનું એક પ્રતિનિધિ મંડળ પાકિસ્તાન મોકલેલ હતું. આ બોટ પરત લાવવા માટે આ ગૃહમાં અમારી પહેલાં બોલતા હતા કે બોટો ભંગાર થઇ ગઇ છે. તે બોટો સાહેબ મશીન સાથે ચાલુ હાલતમાં કાલે જ પોરબંદરના દરિયા કિનારે આવવાની છે ત્યારે હું કૉંગ્રેસના મિત્રોને કહું છું કે જોવા માટે તમે પધારજો. અમારે પણ જોવા જવાનું છે. આ ગૃહમાં બાબુભાઇ બોખીરીયા સાહેબ જે માગણી લાવ્યા છે તેને મારુ સમર્થન આપું છું અને અભિનંદન આપું છું. આપણા મંત્રીઓ જે કામ કરે છે અને ગુજરાતને નંબર વન બનાવ્યું છે તે નંબર વનને આપે સ્વીકાર્યુ નથી પણ આ ગુજરાત રાજય એ અને દેશે સ્વીકારી લીધું છે તો હવે કૉંગ્રેસના ભાઇઓને સ્વીકારવા માટે આહવાન કરું છું.

શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાંના જમાનામાં એવું હતું કે ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી. હવે તે ઉલટું થઇ ગયું છે. અત્યારે કનિષ્ઠ ખેતી, મધ્યમ વેપાર અને ઉત્તમ નોકરી થઇ ગઇ છે. આ અવળું થઇ ગયું છે. અમારા જમાનામાં આવું ન હતું. તમે જુઓ પહેલાં ખેતી કરતા, અમારા કૉંગ્રેસમાં તો ગ્રામસેવકો હતા તે ખેડૂતોને સલાહ આપતા હતા કે આ ખેતી કરો, આ કરો. અત્યારે તો સાહેબ સેવકો જ નથી. ગુજરાતમાં બધા ભણેલા ગણેલા ખેડૂતો નથી. ૫૦ ટકા ઉપર અભણ ખેડૂતો અત્યારે છે. કૉંગ્રેસના રાજમાં તેમને સલાહ સૂચન અપાતી હતી. ઘેર ઘેર જઇ ગ્રામસેવકો સલાહ આપતા હતા કે આ ખેતી કરો, આ કરો. અત્યારે ગ્રામસેવકોનું મહેકમ ખાલી છે તે પૂરવું જોઇએ. અત્યારે ખેતીમાં જુઓ તો એટલા બધા રોગ આવ્યા છે કે ખેડૂતોને નુકસાન થાય છે અને આપઘાત કરવા પડે છે. કમોસમી વરસાદ, જીરૂ, વરિયાળી જુઓ. ક્યાંક તો પત્થર પડ્યા, કરા પડ્યા તેના લીધે અમારા ખેડૂતો પાયમાલ થઇ ગયા. લોન લીધી હોય તો કેવી રીતે ભરવાના આ ખેડૂતો. આ સરકારે ખેડૂતોને કંઇક રાહત આપવી જોઇએ પણ નથી આપતા. ભાવમાં જુઓ તો ખેતીના ભાવમાં ખેડૂતોને બિચારાને આપઘાત કરવો પડે છે. આ સરકાર એવી છે કે જે ખેડૂતો માટે સમજતી નથી. બીજું મેં કહ્યું કે નાના અને સીમાંત ખેડૂતો છે તેને બે એચપી પાવર આપો. સૌરભભાઇ અને કૃષિ મંત્રીને કહ્યું બે એચપી પાવર આપો તો નાના અને સીમાંત ખેડૂતો ભેંસો અને ગાયો પર જીવન જીવે છે. આવું કરો તો ૫૦ ટકા ગરીબી ઓછી થઇ જાય પણ નથી સમજતા. કેટલાને બે એચપી જુએ છે તે આંગળી ઉંચી કરો તો. આંગળ ઉંચી કરો લ્યા. બે એચપી આપો તો ૫૦ ટકા ગરીબી ઓછી થઇ જશે. સૌરભભાઇ સમજો થોડું. બીજી ફેક્ટરીઓ બંધ પડી જશે પણ આ ખેતીવાડીની ફેક્ટરી બંધ નહીં પડે. એમાં તો ગમે તે નાંખશો તો પાકશે. તેમાં આ સરકાર સમજતી નથી. અને ખેતીમાં ૮ કલાક લાઇટ અને ઉદ્યોગોમાં ૨૪ કલાક લાઇટ તો અમે ખેડૂતોએ એવા તો શું પાપ કર્યા છે કે અમને ૮ કલાક જ લાઇટ આપો છો? ૨૪ કલાક ન આપો તો કાંઇ નહીં પણ ૧૬ કલાક તો ખેડૂતોને લાઇટ આપો. શંકરસિંહ બાપુ વખતે ૧૬ કલાક લાઇટ આપતા હતા તો તમે એટલું તો કરો. તમે કહો છો કે અમારી ગુજરાતની ખેતી ફર્સ્ટ નંબરની છે તો શું *(xxx) ફર્સ્ટ નંબરની ખેતી છે તમારી. તમે ખેડૂતોના હાલ જુઓ તો ખબર પડે, તમે ખેડૂતોના હાલ જોયા છે?

ઉપાધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ રેકોર્ડ ઉપરથી દૂર કરું છું.

શ્રી નટવરસિંહ ફુ. ઠાકોર : એ.સી.માં બેસી રહેવાનું નહીં, બહાર ફરો તો ખબર પડે કે, ખેડૂતોના શું હાલ છે? ખેડૂતો બધા પાયમાલ થઇ રહ્યાં છે ગુજરાતમાં ત્યારે તમે કહો છો અમારા ખેડૂતો બધા મારુતિ ફેરવે છે. ક્યાં મારુતિ ફેરવે છે બિચારા? ખેડૂતોને સારું ગાડું નથી મળતું ત્યાં મારુતિની ક્યાં વાત કરો છો તમે? તમે જુઓ તો ખબર પડે કે ખેડૂતોના હાલ શું છે અને ખેડૂતોની શું દશા છે! તમે યુરિયા ખાતર જુઓ તો ખબર પડે એ બહાર જતું રહે છે, કંપનીવાળા લઇ જાય છે અને ખેડૂતોને મળતું નથી. સલ્ફરના ભાવ જુઓ પેલા ૩૦૦ રૂપિયે મળતું હતું એના ૬૦૦ કરી દીધા છે એમાં પણ સબસિડી નહીં, ખાતર બહાર જતું રહે છે અને ખેડૂતોને જ્યારે સિઝન આવે ત્યારે ખાતર જ ન મળે તો ખેડૂત કેવી રીતે આગળ આવે? શા માટે આવું કરો છો? અમારા કૉંગ્રેસના સમયમાં આવી રીતે ખાતર વેચાતું ન હતું અને ખેડૂતોને ખાતર ટાઇમે ટાઇમ મળતું હતું.

શ્રી બાબુભાઇ બોખીરીયા ( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આપણો ભારત દેશ એટલે ઋષિ અને સંસ્કૃતિનો દેશ છે. ઋષિ સંસ્કૃતિ એટલે હંમેશા પોઝિટિવ વિચારવું, પોઝિટિવ વાત કરવી અને સૌએ સાથે મળીને સમાજનો વિકાસ થાય, દેશનો વિકાસ થાય એનું ચિંતન કરવું એટલે ઋષિ સંસ્કૃતિ.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આઝાદીના ૬૮ વર્ષ ૧૫મી ઓગસ્ટે પૂરાં થશે પણ હજુ પણ આજે આપણે જે રીતે વિચારવું જોઇએ એ રીતે વિચારી શકતા નથી. અહીંયા આપણે સૌ ગુજરાતના ચૂંટાયેલા પ્રતિનિધિઓ છીએ ૧૮૨, અને આ રાજયનું સંચાલન કરીએ છીએ ત્યારે બજેટની જ્યારે વાત હોય અથવા બીજી કોઇ પણ વાત હોય ત્યારે પોઝિટિવ વાત મૂકવી જોઇએ અને એના ઉકેલ માટે થઇને ક્યાંય તકલિફ હોય તો ઉકેલ માટે શું કરવું જોઇએ એના સજેશનો આપવા જોઇએ એને બદલે અહીંયા આપણે જોઇએ છીએ કે આઝાદીના ૬૮ વરસ પછી પણ આક્ષેપો અને પ્રતિ આક્ષેપો થતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ સંસ્કૃતિ એટલે મનુષ્ય જાતિ અત્યારે જે જગ્યાએ પહોંચી છે એની શરૂઆત કૃષિ અને પશુપાલનનો વ્યવસાય સંભાળીને આગળ વધી છે અને

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી રદ કરવામાં આવ્યો.

આપણા ભગવાન કૃષ્ણ અને બલરામજીએ એને બધાને વ્યવસ્થિત કરી છે. પશુપાલન શું છે? ગાય માતા અથવા પશુઓની શું કિંમત છે? ગાય માતાને માતા તરીકે પ્રસ્થાપિત કરી છે અને પશુપાલનનું મહત્વ ભગવાન કૃષ્ણએ સમજાવ્યું છે. બીજી બાબત એવી છે કે બલરામજીએ આધુનિક ખેતી કઇ રીતે કરવી જોઇએ એનો પહેલો વહેલો ભાગવત ગીતામાં ઉલ્લેખ છે કે યમુનાજીની કેનાલ પહેલી વહેલી બલરામજીએ કાઢી હતી એવો આ દેશ છે. બીજુ મારે માનનીય અધ્યક્ષશ્રી, કહેવાનું છે એ માનનીય નટવરસિંહજી બાપુથી શરૂઆત કરવી છે. એમણે કહ્યું કે, ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનિષ્ઠ નોકરી આ આપણી જે જૂની કહેવત છે અને એમાં આપણે જે આઝાદી મળી એ પહેલા અંગ્રેજોએ તો ન વિચાર્યું પણ આઝાદી મળી પછી આપણે પણ ન વિચાર્યું. અંગ્રેજોએ એટલા માટે ન વિચાર્યું કે અંગ્રેજોને ખબર હતી કે ઉત્તમ ખેતી બનાવીશું તો અમારા દેશમાં બનતો માલ છે એ નહીં વેચાય અને એને લીધે એમણે દિવસે દિવસે આપણી ખેતી ભાંગી નાંખવાના પ્રયાસો કર્યા હતા પણ ૧૯૪૭માં આપણને આઝાદી મળી ત્યારે પણ જો આપણે ખેતીને મહત્વ આપ્યું હોત તો આજે આપણી આ પરિસ્થિતિ ઉભી ન થાત. આ પરિસ્થિતિની કોને ખબર પડી? અહીંયા ૨૦૦૧-૨૦૦૨માં જયારે આજના આપણા વડા પ્રધાને એ વખતે રાજયની ધૂરા સંભાળી મુખ્યમંત્રી તરીકે અને પછી એમણે ખેતીનું જે મહત્વ છે એનો એમને ખ્યાલ હતો અને તેઓએ એક પછી એક પગલાં લઇને ખેતીનું મહત્વ કઇ રીતે વધે, ગ્રામ્ય વિસ્તારમાં લોકો આર્થિક રીતે સમૃદ્ધ બને એના માટેના પગલાં ભર્યાં. એના માટે પહેલું કામ એ કર્યું કે, ચેકડેમોની સંખ્યા વધારી, પાણીના સ્ત્રોતો કેમ વધે એના માટેના પ્રયાસો કર્યા, આઠ કલાક વીજળી આપી, આ વિભાગ મારો નથી, માનનીય ઉર્જા મંત્રીનો છે પણ અહીંયા ઘણા બધા સભ્યો એ ઉર્જા બાબત બોલ્યા એટલે મારે કહેવું છે કે ઉર્જાની શું પરિસ્થિતિ હતી, વીજળીની ગ્રામ્ય વિસ્તારમાં શું પરિસ્થિતિ હતી એ હું ૧૯૯૫માં જ્યારે પહેલી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયો અને અમે ગ્રામ્ય વિસ્તારમાં જતા ત્યારે અમારા ખેડૂત ભાઇઓ છે એ અમને એમ કહેતા કે અમને સાંજે ૮-૦૦ વાગે જો એક કલાક અથવા અરધી કલાક વીજળી આપો તો અમે અજવાળે વાળુ કરી લઇએ, સવારે છ વાગે જો અમને એક કલાક વીજળી આપો તો અમે અમારા પશુઓને દોહી શકીએ. આ વાત જ્યારે અમારા ગામડાંના ખેડૂત ભાઇઓ કહેતા ત્યારે અમે કહેતા કે અમે સરકારમાં રજૂઆત કરીશું પણ એના માટે અમે તમને ખાતરી નથી આપતા, આવી પરિસ્થિતિ વીજળીની હતી. ત્યારે વીજળીના આંકડા અમે જોઇએ તો એ રેકર્ડ પર છે ૫૦૦૦ મેગાવોટનું ઉત્પાદન થતું અને ૯૦૦૦ મેગાવોટની ત્યારે જરૂરિયાત હતી, ૪૦૦૦ મેગાવોટ વીજળીની ઘટ ગુજરાતની અંદર હતી. એમાં ખેડૂતોને આઠ કલાક શું પણ ચાર કલાક પણ વીજળી નહોતી મળતી. આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ અને સૌરભભાઇએ મહેનત કરીને આજે ગામડે ગામડે ચોવીસ કલાક વીજળી પૂરી પાડી છે. વાડી વિસ્તારમાં પણ આઠ કલાક સળંગ ખેડૂતોને વીજળી મળે છે. ઘરના દિવા માટે જ્યારે પણ ખેડૂતો વીજળી માગે ત્યારે આપવામાં આવે છે અને આખા રાજ્યના ગ્રામ્ય વિસ્તારની પરિસ્થિતિ બદલાઇ ગઇ છે. ત્રીજી બાબત આપણા માનનીય નરેન્દ્રભાઇએ જે કહ્યું કે સરકારની કૃષિ વિષયક નીતિઓ, કૃષિ મહોત્સવ થકી ગામડાંના છેવાડાના ખેડૂત સુધી કૃષિ વિશેની અધતન જાણકારી પહોંચતી કરવી, સરકાર દ્વારા હાથ ધરાયેલા જળસંચયના કામો, સુજલામ્-સુફલામ્ યોજના, સિંચાઇ વિસ્તારમાં વધારો, સોઇલ હેલ્થ કાર્ડ દ્વારા ખાતરના કાર્યક્ષમ ઉપયોગ અંગેનું માર્ગદર્શન, કૃષિ યાંત્રીકરણ, ખેડૂતોને તેના પેદાશની યોગ્ય બજાર વ્યવસ્થા વિગેરે અનેકવિધ કાર્યક્રમોથી ખેડૂતોના ઉત્પાદનમાં વધારો થયેલો છે અને તેના પરિણામે ખેડૂતની ખરીદ શકિત વધેલી છે અને રાજ્યના અર્થતંત્રને પરોક્ષ રીતે ફાયદો થયેલો છે. પાક ઉત્પાદન વધવા પાછળ રાજ્યના ખેડૂતોની અથાગ મહેનત, રાજ્ય સરકારનો ખેડૂતલક્ષી અભિગમ અને કૃષિ વિભાગના વિસ્તરણ તંત્રની અવિરત મહેનતના કારણે રાજ્યને ભારત સરકાર દ્વારા વરસ ૨૦૧૩-૧૪નો તેલીબીંયા પાકોના લીધેલ સર્વશ્રેષ્ઠ ઉત્પાદન તથા ઉત્પાદકતા માટે ૧૯-૨-૨૦૧૫ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા આ રાજ્યને કૃષિ કર્મઠ એવોર્ડ ૨૦૧૩-૧૪થી નવાજવામાં આવેલ છે, આ એવોર્ડમાં બે કરોડ રૂપિયા જેટલી માતબર રકમ, પ્રશસ્તિપત્ર તેમજ ટ્રોફીનો સમાવેશ થાય છે. વરસ ૨૦૧૩-૧૪ના તેલીબીંયા પાકમાં સૌથી વધુ ઉત્પાદન મેળવનાર મહિલા ખેડૂત શ્રીમતી જયશ્રીબહેન મુલુભાઇ પટાર, મુ. ખંભાળીયા, જિલ્લો જામનગર તેમજ પુરુષ ખેડૂત શ્રી પરસોત્તમભાઇ મુળજીભાઇ ભૂત, મુ. લખતર, તાલુકા જોડિયા, જી. જામનગરને કૃષિ કર્મઠ એવોર્ડ અંતર્ગત ઉત્તમ ખેડૂત તરીકેના એવોર્ડ આપવામાં આવેલ છે. આમાં આ બન્ને ખેડૂતોને મહિલા ખેડૂત અને પુરુષ ખેડૂત બન્નેને બે બે લાખ રૂપિયા, પ્રશસ્તિપત્ર તેમજ ટ્રોફી આપવામાં આવેલ છે, વિરોધપક્ષના મિત્રોએ ઘણી બધી વાતો કરી, એમની અગાઉની સરકારોના દસ વરસના હું આંકડા આપીશ. વરસ ૧૯૮૫ થી ૧૯૯૫-૯૬, અગિયાર વરસ કૃષિ પાછળ બજેટમાં કેટલી ફાળવણી થઇ હતી એ ખબર છે? ૫૯૧.૬૩ કરોડ રૂપિયાની, એટલે દર વરસે માત્ર ૫૯ કરોડ રૂપિયા, આ તમે કૃષિના ઇકવેશનની વાત કરો છોને આ તમારી સરકારોએ ફાળવણી કરેલી ૨૦૦૫થી અત્યારસુધી એટલે કે ૧૧ વરસમાં ૧૭૬૨૦ કરોડ રૂપિયા એટલે કે આ અગિયાર વરસમાં જે ફાળવણી થઇ છે એ અગાઉના દસ વરસ કરતા ૩૩ ટકા જેટલો વધારો, આ જે સરકાર છે માનનીય નરેન્દ્રભાઇની સરકાર અને એના પછીની માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની સરકાર એ ખેડૂતલક્ષી સરકાર છે અને સંવેદનશીલ સરકાર છે, એટલે એટલા બજેટની ફાળવણી કરી શકે છે. હું કૃષિ વિકાસ દરની વાત કરું તો. કૃષિ વિકાસ દર ૧૯૯૧ થી ૨૦૦૦ના દાયકામાં માઇનસ ૨.૦૯ ઘટતો દર હતો. દિવસે દિવસે કૃષિ ઉત્પાદન ઘટતું હતુ. વર્ષ ૨૦૦૧ થી ૨૦૦૨ના દાયકામાં આ જે વિકાસ છે તે ૧૦.૬૭ થયો. વર્ષ ૧૩-૧૪નો રાજયનો કૃષિ વિકાસ દર છે તે ૧૧.૭ જેટલો. આખા દેશની અંદર કૃષિ વિકાસ દર છે તે આજે ગુજરાતનો વધારે છે અને રાજય સરકારની જે કૃષિ લક્ષી નીતિ છે એના લીધે આપણે ત્યાં સુધી પહોંચ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિની આવકની વાત કરીશ તો રાજયમાં કૃષિની આવક ૨૦૦૪-૦૫માં ૨૬,૭૪૬ કરોડ. આ જે હું આંકડા બોલુ છું એ આજના ભાવથી બોલુ છું આજે જે ભાવ છે તેના હું આંકડા બોલુ છું. ૨૦૧૨-૧૩માં ૧ લાખ ૪૨ હજાર ૧૪૧ કરોડ જેવો તેની અંદર વધારો થયો છે. ૨૬ હજારમાંથી ૧ લાખ ૪૨ હજાર કરતા પણ વધારે આવક છે તે રાજયની કૃષિમાં થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં લોકોને મનમાં એમ થતું હશે કે રાજ્યની આવક જો ગ્રામ્ય વિસ્તારમાં વધે અથવા ખેડૂતોને વધે તો એનાથી શહેરી વિસ્તારને શું લાભ? પણ ગામડાંમાં જયારે આવક વધે છે અને ખેડૂતોની જે ખરીદ શકિત વધે છે તેને લીધે શહેરની અંદર તે ખરીદી કરવા આવે છે એના લીધે શહેરના જે ધંધા–રોજગારો છે તેમાં પણ વધારો થાય છે. રાજય સરકાર અને કેન્દ્ર સરકારને પણ જયારે એ ખેડૂત ખરીદી કરે છે તે મોટર સાયકલ ખરીદી તો રાજયને તેનો વેટ મળે છે અને કેન્દ્રને તેની એકસાઇઝ મળે છે. આ રીતે રાજયને કેન્દ્રની તિજોરીમાં પણ ખેડૂતના પૈસા આવે છે, એ જે પૈસા આવે છે એને લીધે દેશનું અર્થતંત્ર પણ ધબકતુ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે રાજયના વાવેતર વિસ્તારની થોડીક વાત કરવી છે. વર્ષ ૧૯૯૫–૯૬માં ખાદ્ય પાકોનો વાવેતર વિસ્તાર ૩૭.૪૮ લાખ હેકટર હતો. વર્ષ ૧૩–૧૪માં ખાદ્ય પાકોનો વાવેતર વિસ્તાર ૪૪.૩૬ લાખ હેકટર. એટલે વાવેતર વિસ્તાર છે તે આપણે જોઇ શકીએ છીએ કે વધ્યો છે તેનું કારણ એ છે કે જળસંચયના કામો થયા છે, પૂરતી વીજળી મળી છે અને ખેડૂત ખેતી તરફ ગયો છે એટલા માટે વાવેતર વિસ્તાર વધ્યો છે. એ જ રીતે વર્ષ ૮૫–૮૬માં તેલીબિયાંના પાકોનો વાવેતર વિસ્તાર ૨૩.૫૩ લાખ હેકટર હતો જે ૧૩–૧૪માં ૩૦.૭૯ લાખ હેકટર થયેલો છે. ૮૫–૮૬માં કપાસના વાવેતરનો વિસ્તાર ૧૪.૪ લાખ હેકટર હતો જે ૧૩–૧૪માં વિસ્તાર છે તે ૨૫.૧૯ લાખ હેકટર થયેલો છે. કૃષિ ઉત્પાદનના આંકડા જો આપણે જોઇશું તો પણ આપણને ખ્યાલ આવશે કે છેલ્લા દસ વર્ષમાં ગુજરાતે કૃષિ ક્ષેત્રે જે હરણફાળ ભરી છે તેનો આપણને ખ્યાલ આવશે. ૧૯૯૫–૯૬માં કુલ ખાદ્ય પાકોનું ઉત્પાદન ૪૧ લાખ મે.ટન હતું જે વર્ષ ૧૩–૧૪માં ખાદ્ય પાકોનું ઉત્પાદન ૯૩.૮૨ લાખ મે.ટન જેટલુ ઉત્પાદન થયેલુ છે. વર્ષ ૯૫–૯૬માં તેલીબિયાં પાકોનું ઉત્પાદન ૨૧.૫૬ લાખ મે.ટન હતુ જે ૧૩–૧૪માં ૭૪.૭૦ લાખ મે. ટન થયુ છે. વર્ષ ૧૯૯૫ માં કપાસનું ઉત્પાદન ૨૨.૨ લાખ ગાંસડી હતું તેમાંથી વર્ષ ૧૩–૧૪માં કપાસનું ઉત્પાદન ૧૦૦.૮૮ લાખ ગાંસડીનું ઉત્પાદન થયેલું છે.

માનનીય અધ્યક્ષશ્રી, તા. ૯–૬–૧૪નાં રોજ યોજાયેલ કૃષિ મહોત્સવના સમાપન અને મહિલા સંમેલન કાર્યક્રમમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ વર્ષ ૧૪–૧૫ને કૃષિ વકાસ વર્ષ તરીકે જાહેર કરેલુ અને આ યોજના અંતર્ગત ખેડૂતોએ લીધેલા ધિરાણના વ્યાજ દર ઉપર છ ટકા બીકેટેડ વ્યાજની પણ સહાય માટેની જાહેરાત કરેલી. વર્ષ ૧૪–૧૫ માટે તેના માટે ૨૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલી તથા આગામી વર્ષ ૧૫–૧૬ માટે આમાં ૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા થોડી વાત આઇ પોર્ટલ એટલે ઓન લાઇન જે આપણે રજિસ્ટ્રેશન કરાવીએ છીએ તેની થઇ છે. તો માનનીય અધ્યક્ષશ્રી, મારે જણાવવાનું કે વર્ષ ૧૫–૧૬ માટેની ઓન લાઇન અરજીઓ સ્વીકાર્યાનું શરૂ કર્યા બાદ ફકત ૩૦ દિવસના ટૂંકા સમયમાં ૨,૨૭,૪૯૯ જેટલી ઓન લાઇન અરજીઓ મળેલી છે. અમે માત્ર આઇ પોર્ટલ દ્વારા જ નથી લેતા પણ કોઇ ખેડૂતની સહાય માટેની અરજીઓ હોય તે જો હાર્ડ કોપીમાં આપે છે તો પણ અમે અમારા અધિકારીઓ લઇ અને એ પોતે પોતાની જાતે પણ કરી આપે છે. ઇ–ગ્રામ દ્વારા પણ તેની જોગવાઇ છે એટલે માનનીય સભ્યશ્રી પુંજભાઇએ જ આજે વાત કરી હતી તો આવી અમે વ્યવસ્થા બન્ને રીતે રાખેલી છે ઓન લાઇન પણ રાખેલી છે અને એમને એમ પણ રાખેલી છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે કૃષિમાં થયેલ શોધો અને તક્નીકોની માહિતી રાજયના ખેડૂતોને મળે તે માટે દર બે વર્ષે ગ્લોબલ એગ્રી સમિટનું આયોજન કરવામાં આવે છે તેના માટે પણ વર્ષ ૨૦૧૫–૧૬માં ૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે જે ખરીફનો કૃષિ મહોત્સવ કર્યો ૨૦૧૪માં, તેની અંદર ૧,૫૭,૯૮૪ કૃષિ કીટ, ૧,૭૬,૯૪૭ પશુપાલન કીટ અને ૧,૨૬,૧૬૪ બાગાયત કીટ તથા ૩,૯૧,૪૬૮ સોઇલ હેલ્થ કાર્ડનું વિતરણ કરવામાં આવેલું. ૪,૧૯૯ પશુ સારવાર કેમ્પો, ૮૭,૮૫૭ કૃત્રિમ બીજદાન, ૫૪,૫૬,૪૫૬ પશુ રસીકરણ, ૧૪,૫૪,૧૪૧ પશુ સારવાર કરવામાં આવેલી. ૧૨,૪૪,૯૦૬ ખેડૂતોને સામુહિક તેમજ ૧,૩૨,૬૮૯ ખેડૂતોને વ્યકિતગત માર્ગદર્શન આપ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે સૌ સભ્યશ્રીઓને જણાવવાનું છે કે આપણે જે બે કૃષિ મહોત્સવો કરીએ છીએ તેના લીધે પશુ રસીકરણ, તેની સારવાર અને ખેડૂતોને જે આધુનિક ખેતી માટેનું નોલેજ આપીએ છીએ તેના લીધે આજે ગુજરાત કૃષિ વિકાસમાં નં.૧ બની ગયેલું છે. ૬,૩૭૫ મહિલા ખેડૂતોને સન્માનિત, ૭૫,૫૧૪ કિસાન ક્રેડિટ કાર્ડનું વિતરણ, ૨૬,૪૮૬ ખેડૂતોને ટપક સિંચાઇનો લાભ અને ૬૮૬ નવોદિત સહકારી મંડળીઓની સ્થાપના. મારે સભ્યશ્રીઓએ જે ટપક સિંચાઇની વાત કરી હતી કે બજારમાં તેના ભાવનો તફાવત છે. મારા પ્રશ્નના જવાબમાં પણ મેં કહેલું કે આપની કોઇની પાસે પુરાવા હોય કે બજારનો ભાવ અને ટપક સિંચાઇ, જી.જી.આર.સી.ના ભાવમાં તફાવત હોય તો તમે અમને કહેજો, બિલ સાથે, પુરાવા સાથે આપજો. અમે તપાસ કરીને જે કોઇ યોગ્ય પગલાં ભરવાના થશે તે અમે પગલાં ભરીશું. રવિ–કૃષિ મહોત્સવની અંદર ૨૦૧૪માં જે ઉજવણી કરવામાં આવી, આ મહોત્સવમાં ૨,૪૭,૯૭૪ ખેડૂતોએ ભાગ લીધેલો. વિવિધ સહાય યોજનાઓમાં ૩૬,૬૦૩ ખેડૂતોને આપવામાં આવેલા એક–મંજૂરી પત્રો જે અંતર્ગત સહાયની રકમ ૯૭.૭૨ કરોડ.

માનનીય અધ્યક્ષશ્રી, અમે રવિ મહોત્સવમાં ૧૭,૦૦૦ કરતા વધારે ટ્રેકટરોના મંજૂરીપત્રો આપ્યા હતા. તેમાંથી ૮,૦૦૦ કરતા પણ વધારે ખેડૂતોએ ટ્રેકટરો લઇ લીધા. અમે તેમને સહાય પણ ચૂકવી દીધી. આપ વિચારો, ૮,૦૦૦ ટ્રેકટર એક સાથે. આખા દેશની અંદર કોઇ રાજયએ આપ્યા નહીં, એ આ ગુજરાત સરકારે આપેલાં છે. ૧૭,૦૦૦ ટ્રેકટરમાંથી બાકી જે ખેડૂતોએ લીધાં ન હતા તેમનો અમારા અધિકારીઓએ વ્યકિતગત કોન્ટેકટ કરીને તમારે હજી પણ લેવું હોય તો તમે લઇ લો. જે ખેડૂતોએ લીધાં નથી તેના બદલે અમે બીજાં ખેડૂતોની માગણી આવશે તેને ટ્રેકટરો આપીને આવતા દિવસોમાં આ રાજયમાં યાંત્રિકરણ થાય તેના માટેની રાજય સરકાર સતત ચિંતા કરે છે.

તા.૨૩મી માર્ચ, ૨૦૧૬
માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, ૨૯૧ સેમિનાર, કિસાન ગોષ્ઠીનું કરેલું આયોજન, ૧૭૮ પશુ વંધ્યત્વ નિવારણ સારવાર કેમ્પનું આયોજન, કુલ ૧,૧૯,૪૫૭ પશુઓને કરવામાં આવેલી સારવાર, ૧,૩૫૫ પશુઓને કરવામાં આવેલું કૃત્રિમ બીજદાન, ૪૮,૧૪૪ પશુઓને કરવામાં આવેલું રસીકરણ, આગામી વર્ષ ૨૦૧૫-૧૬માં કૃષિ મહોત્સવના આયોજન માટે ૫૫ કરોડની સૂચિત જોગવાઇ કરવામાં આવેલી છે. આપણે પ્રથમ તબક્કામાં જે સોઇલ હેલ્થ કાર્ડ હતા તેની કામગીરી પૂર્ણ થઇ છે અને બીજાં તબક્કામાં પણ ૨૨.૪૪ લાખ ખાતેદારોને સોઇલ હેલ્થ કાર્ડ આપવામાં આવેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિના યાંત્રિકરણ માટે જે વાત થઇ કે તેમાં ભાવોમાં ફેરફાર આવે, કયાંય ફરજ પાડવામાં આવે. માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર કૃષિનું યાંત્રિકરણ કરવા માટે ખેડૂતોને સહાય આપે છે તેના માટે અમારા વિભાગે પહેલાં ઇ-ટેન્ડર કર્યા હતા. ઇ-ટેન્ડરની અંદર જે કોઇ કંપનીઓ આવી તેને રૂબરૂ બોલાવી. રૂબરૂ બોલાવી ફરીથી તેના ભાવ નીચા કરવામાં આવ્યા. તેના પછી દરેક કોમ્પોનન્ટ છે તેની યાદી બનાવીને જયારે અમે મંજૂર કરીએ છીએ ત્યારે યાદી આ ખેડૂતોને આપીએ છીએ. તેમાંથી જયારે ખેડૂતને જેની પણ ઇચ્છા થાય તે કંપનીની બ્રાન્ડ એ ખરીદી શકે છે. રાજય સરકાર તેના માટે કોઇ ફોર્સ નથી પાડતી. એ જયારે આ કોમ્પોનન્ટ લઇ લે અને રાજય સરકાર પાસે જયારે બિલ રજૂ કરે છે ત્યારે અમારે જે સહાય આપવાની હોય એ સહાય સીધી ખેડૂતના ખાતામાં જાય છે. આવી પારદર્શક પદ્ધતિથી અમે જે કૃષિ યાંત્રિકરણની ખેડૂતોને સહાય આપીએ છીએ તેના લીધે બજારભાવ કરતા પણ ખેડૂતોને ૭થી ૧૨ ટકા જેટલા ઓછા ભાવે ઓજારો મળે છે. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ સંશોધન હેઠળ ક્ષેત્રીય પાકોની ઉત્પાદકતા, ગુણવત્તા અને નફો વધારવાના હેતુથી રાજ્યની ચાર કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા વધુ ઉત્પાદન આપતી જાતો, શંકર જાતો અને વિવિધ યાંત્રિક પદ્ધતિઓ વિકસાવીને ખેતી ટકાઉ અને સ્થિર બનાવવા માટે ખાસ સંશોધનનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે. કૃષિ સંશોધન અને શિક્ષણ માટે રૂ.૩૪૬.૫૯ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. જે પૈકી આદિજાતી માટે રૂ.૬૦.૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલી છે. આપણા રાજયે છેલ્લા દાયકામાં કૃષિ ક્ષેત્રે હરણફાળ ભરી છે. ખેડૂતો તેમની ખેત પેદાશોનું કલીનીંગ, ગ્રેડીંગ અને સોર્ટીંગ કરી શકે. તેમની પેદાશોના પોષણ ક્ષમ અને વાજબી ભાવ મળે તે માટે અને તેમનું જીવન ધોરણ ઉન્નત બને તે માટે સરકાર પ્રયત્નશીલ છે. એગ્રો ઇન્ડસ્ટ્રીઝ પોલીસી ૨૦૦૦ અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ માટે રૂ.૧૦/- કરોડની જોગવાઇ, નેશનલ ફૂડ પ્રોસેસીંગ મિશન યોજના હેઠળ ૨૦૧૫-૧૬માં રૂ.૨૫/- કરોડની જોગવાઇ, કૌટુંબીક સાઇઝના બાયોગેસના પ્લાન્ટ સ્થાપવા માટે વર્ષ ૨૦૧૫-૧૬માં રૂ.૧૩.૨૫ કરોડની જોગવાઇ કરેલી છે. બીજ નિગમ દ્વારા રાજ્યના જુદા જુદા સ્થળે આવેલ સરકારશ્રી હસ્તકની ૩૨ સિડ્સ ફાર્મ ઉપર બિયારણ, ખાતર તથા કૃષિ પેદાશોના સંગ્રહ માટે ૩ ફેઝમાં ૪૩૨૫૦૦ મેટ્રીક ટન કેપેસીટીના ગોદામો બાંધવાની યોજના અમલમાં મૂકેલી છે. તે પૈકી ૨૦૧૫-૧૬માં ગોદામો બાંધવા માટે રૂ.૧૦૫/- કરોડની જોગવાઇ કરેલ છે. એને લીધે ખેડૂતોને પોતાના વિસ્તારમાં ખાતર, બિયારણ વધુ મળી શકે એવી વ્યવસ્થા થશે. ગુજરાત રાજ્ય જમીન વિકાસ નિગમ દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬માં ૪૮૬ ગામ તળાવો ઉંડા કરવા, ૪૮૨૧ ખેત તલાવડીઓ બનાવવી, ૧૦૮૦ શીપ તલાવડીઓ બનાવવી, ૪૧૪ જળ સંગ્રહ સેક્ટર બાંધવા, ૧૬૭ હેક્ટરમાં મરામત કરવી, ૨૦૦ જળ સંગ્રહ સ્થળોમાં કાંપ દૂર કરવો, ૩૮૦૭૨ હેક્ટર વિસ્તારની જમીન અને જમીન સંરક્ષણની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી માટે રૂ.૨૫૪.૬૮ કરોડની જોગવાઇ સૂચવેલ છે. આ કામગીરીથી ૨૩૩ લાખ ઘન મિટર વરસાદી પાણીનો સંગ્રહ અને રિચાર્જ કરી શકાશે તથા અંદાજે ૮૭૯૬૦ હેક્ટર પિયત વિસ્તારનો વધારો થશે. મારા ખ્યાલથી શ્રી છનાભાઇએ વાત કરી હતી. પોતાના વિસ્તારના ચેકડેમો સાફ કરવા માટે. તો કૃષિ વિભાગની અંદર જીએલડીસીમાં પણ આની જોગવાઇ કરેલી છે અને અમારા ઇરીગેશનમાં પણ શિલ્ટીંગ થયું હોય તો તળાવો ઉંડા કરવા માટેનું આયોજન અમે કર્યું છે. આપ અમને યાદી આપશો તો અમે ત્યાં કરાવી આપીશું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૫-૧૬માં કૃષિ પાકની વ્યવસ્થામાં, વ્યવસ્થા સદરે રૂ.૧૯૬૭.૨૩ કરોડની જોગવાઇ કરી છે. કૃષિ વિકાસ યાંત્રીકરણ, ગ્રીન હાઉસ, નેટ હાઉસ, એગ્રો પ્રોસેસીંગ યુનિટ, સૂક્ષ્મ પિયત પદ્ધતિ માટે આંતરમાળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે લોન મેળવતા ખેડૂતોને ૬ ટકા વ્યાજ સહાયનો લાભ ચાલુ રાખવાની યોજના માટે રૂ.૭૦/- કરોડની જોગવાઇ કરી છે. આધુનિક ખેતી પદ્ધતિના અમલ માટે ખેડૂતોને નવા ટ્રેક્ટરોની ખરીદી સહાય માટે રૂ.૧૨૦/- કરોડની જોગવાઇ કરી છે. પાક વીમો, ખેડૂત અકસ્માત વીમો, ભાવફેર સ્થિરીકરણ માટે અને કૃત્રીમ વરસાદ વગેરે માટે કૃષિ ક્ષેત્રે રૂ.૨૬૭.૨૪ કરોડની જોગવાઇ, પાક વીમા નીધી માટે રૂ.૧૦૦/- કરોડની જોગવાઇ, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ રાજ્યના ખેડૂતો માટે રૂ.૫૫૧/- કરોડની જોગવાઇ, ઘઉં, ચોખા અને કઠોળ જેવા ખાદ્યાન્ન માટે નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન હેઠળ રૂ.૩૯.૫૪ કરોડની જોગવાઇ, નેશનલ મિશન ઓન સસ્ટેનેબલ એગ્રીકલ્ચર અંતર્ગત રૂ.૨૭૦/- કરોડની જોગવાઇ, ગોડાઉનો બાંધવા માટે રૂ.૧૦૦/- કરોડની જોગવાઇ, નેશનલ મિશન ઓન ઓઇલ સિડસ એન્ડ ઓઇલ ફાર્મ યોજના અંતર્ગત રૂ.૪૬.૩૨ કરોડની જોગવાઇ, ઓર્ગેનીક પોલીસી અંતર્ગત રાજ્યના ખેડૂતોને પ્રોત્સાહન પૂરું પડવા માટે સહાય રૂ.૧૦/-કરોડની જોગવાઇ. આજે રાજ્યની અંદર કૃષિ, બાગાયત જે પાકો છે એનું પણ એટલું જ મહત્વ છે. આજે રાજ્યમાં ખેતીમાં બાગાયત ખેતીનું ખૂબ યોગદાન રહેલ છે. બાયાયતી પાકો પ્રત્યે વધુ ઉત્પાદન આપતા હોય એ તરફ ખેડૂતોનો જોક વધી રહ્યો છે. આપણું રાજ્ય રાષ્ટ્ર કક્ષાએ છ ટકા વિસ્તારની સામે બાગાયતી ઉત્પાદનમાં ૭ ટકાના હિસ્સા સાથે દેશમાં સાતમું સ્થાન ધરાવે છે. રાજ્યમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન બાગાયતી પાકોના વાવેતરમાં ૧૨.૬૮ લાખ હેક્ટરથી વધીને ૧૫.૯૬ લાખ હેક્ટર કરતાં ઉત્પાદન ૧૫૨.૭૪ લાખ મેટ્રીક ટનથી વધીને ૨૦૮.૦૮ મેટ્રીક ટન સુધી પહોંચેલું છે. હાલ રાજ્યમાં ફળ પાકોનું ઉત્પાદન ૮૦.૨૮ લાખ મેટ્રિક ટન, શાકભાજીનું ઉત્પાદન ૧૧૫.૮૮ લાખ મેટ્રિક ટન તેમજ મસાલા અને ફૂલ પાકોનું ઉત્પાદન ૧૨ લાખ મેટ્રિક ટન સુધી પહોંચેલ છે. આપણું રાજ્ય રાષ્ટકક્ષાએ ફળપાકના ઉત્પાદનમાં ૧૦.૧૯ ટકા હિસ્સો, શાકભાજીના પાકોના ઉત્પાદનમાં ૬.૪૯ હિસ્સો તેમજ મસાલા પાકોના ઉત્પાદનમાં ૧૭ ટકા હિસ્સો ધરાવે છે. ફળપાકોનું વાવેતર ખેડૂતો માટે આશિર્વાદરૂપ છે. છેલ્લા વર્ષોમાં ફળ અને શાકભાજી

પાકોના ઉત્પાદન અને વપરાશમાં ખૂબ જ વધારો જોવા મળેલ છે તેમજ ફળ અને શાકભાજી પાકોમાં વિવિધ વિટામીન, પ્રોટીન અને અન્ય મુખ્ય અને ગૌણ તત્વો વધુ પ્રમાણમાં હોવાથી આપણા આરોગ્યને પણ એનાથી ફાયદો થાય છે. ચાલુ વર્ષે ૨૦૧૫-૧૬માં ફળ પાક વાવેતર વિસ્તાર માટે વિવિધ યોજના અંતર્ગત રૂ. ૩.૫૦ કરોડની જોગવાઇ. રાજ્યમાં ખેડૂતોને બાગાયતી સહાય આપીને ૮૬૩ પેક હાઉસ, ૪૮૧ સામાન્ય કોલ્ડ સ્ટૉરેજ, ૫ હાઇટેક કોલ્ડ સ્ટૉરેજ, ૪૨ રાયપનીંગ ચેમ્બર, ૫૧ હાઇટેક નર્સરીઓ, ૯૧ શોર્ટીંગ-ગ્રેડીંગ પેકીંગ યુનિટ, ૧૯ ટીશ્યુ કલ્ચર લેબૉરેટરીઓ, ૨૨૮૩ ગ્રીન હાઉસ, ૩૬૩૭ નેટ હાઉસ ઉભા કરેલા છે. છેલ્લા દાયકામાં બાગાયત ખાતાના બજેટમાં ૨૫ ગણા જેટલો વધારો થયેલ છે. કચ્છ ખાતે ઇઝરાઇલના સહયોગથી ખારેકનું પોસ્ટ હાર્વેસ્ટ મેનેજમેંટ ઉભું કરવામાં આવનાર છે. વર્ષ ૨૦૧૫-૧૬માં નેશનલ મિશન હોર્ટીકલ્ચર યોજના હેઠળ રૂ.૧૬૮ કરોડની જોગવાઇ કરેલ છે. આમ વર્ષ ૨૦૧૫-૧૬ માટે બાગાયતી ખાતાના રૂ.૩૫૮ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલી છે. આ સભાગૃહ સમક્ષ કૃષિ પ્રભાગ હેઠળની માગણી નંબર- ૨ની કુલ રૂપિયા ૨૭૦૯.૬૯ કરોડ તથા નાની સિંચાઇ ભૂમી સંરક્ષણ અને વિસ્તાર હેઠળની માગણી નંબર-૩ની કુલ રૂ. ૧૧૫.૧૯ કરોડ મળીને કુલ રૂ. ૨૮૧૫.૮૮ કરોડની માગણી લઇને ઉપસ્થિત થયો છું. જે રીતે કૃષિ અને બાગાયત જરૂરી છે એ જ રીતે પશુપાલન એ પણ ગ્રામ્ય વિસ્તારમાં આર્થિક સમૃદ્ધિ વધે એના માટે મુખ્ય વ્યવસાય છે. ગુજરાત રાજયના આર્થિક અને સામાજીક વિકાસમાં પશુપાલન અને ડેરી વિકાસનું આગવું પ્રદાન છે. ખાસ કરીને રાજયના કુલ ૧૦૧ લાખ કુટુંબો પૈકી પશુપાલન પ્રવૃત્તિ સાથે સંકળાયેલા ૪૨ લાખ કુટુંબો માટે પશુપાલન એ આર્થિક ઉપાર્જન માટેનો સચોટ વિકલ્પ છે. પશુપાલન સમાજના દરેક વર્ગ ખાસ કરીને સામાન્ય અને ગરીબ લોકોનાં આર્થિક વિકાસ માટે પૂરક આવકનું સાધન તેમજ સંપૂર્ણ રોજગારીની તકો પુરી પાડે છે. સાતત્યપૂર્ણ આજીવિકા મેળવવા માગતા લોકો માટે આ વ્યવસાયમાં પૂરતી તકો ઉપલબ્ધ છે. કૃષિ સંલગ્ન સેવાઓમાં સૌથી વધુ વિકાસનો દર પશુપાલનનો રહે છે તથા દેશના સામાજિક અને આર્થિક વિકાસના માળખામાં પશુપાલન વ્યવસાય અગત્યનો ભાગ ભજવે છે. કૃષિ મહોત્સવ અંતર્ગત ૧૫ હજારથી વધુ ગામો આવરી લઇ દર વર્ષે ચાર હજારથી વધુ પશુ આરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૨-૦૩થી વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન કુલ ૩૮,૮૨૨ પશુ આરોગ્ય મેળાનું આયોજન, પશુ આરોગ્ય મેળા દ્વારા ૧.૪૮ કરોડથી વધુ પશુઓને વિવિધ પ્રકારની નિઃશૂલ્ક અપાયેલ પશુ સારવાર, વર્ષ ૨૦૦૩-૦૪માં રાજયનું કુલ દૂધ ઉત્પાદન ૬૪.૨૧ લાખ મેટ્રીક ટન થયેલ હતું જેની સામે વર્ષ ૨૦૧૩-૧૪માં રાજયનું કુલ દૂધ ઉત્પાદન ૧૧૧.૧૨ લાખ મેટ્રીક ટન થયેલ છે. દૂધ ઉત્પાદનમાં આપણું રાજય સમગ્ર દેશમાં ચોથા ક્રમે છે અને દેશના કુલ દૂધ ઉત્પાદનમાં આપણા રાજયનો કુલ હિસ્સો ૮ ટકા કરતાં પણ વધારે છે. મેં જે આ ચોથા ક્રમે વાત કરી છે એમાં પહેલું રાજય યુ.પી. છે, બીજું રાજસ્થાન છે, ત્રીજું આંધ્ર છે અને ચોથું ગુજરાત છે. એનો જો ભૌગોલિક વિસ્તાર જોશો તો આ ત્રણેય રાજયનો ભૌગોલિક વિસ્તાર છે એ ગુજરાત કરતા વધારે છે એટલે જો ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ આપણે જોઇએ તો આજે દેશમાં ગુજરાત છે એ દૂધ ઉત્પાદનમાં એક નંબરનું રાજય છે. તાજેતરમાં પૂર્ણ થયેલી ઓગણીસમી પશુધન વસતિ ગણતરીમાં અઢારમી પશુધન વસતિ ગણતરીની સાપેક્ષે સમગ્ર દેશમાં પશુધન વસતિમાં ૩.૩૩ ટકાનો નોંધાયેલ ઘટાડો જયારે આપણાં રાજયની પશુધન વસતિમાં ૧૫.૩૬ ટકાનો વધારો છે જે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. વર્ષ ૨૦૦૩-૦૪માં રાજયની માથાદીઠ દૂધની ઉપલબ્ધતા ૩૩૩ ગ્રામ દિન હતી જે ૪.૨૯ ટકાના સરેરાશ વાર્ષિક વૃદ્ધિ દર સાથે વર્ષ ૨૦૧૩-૧૪માં ૪૭૬ ગ્રામ દિન થયેલી છે. રવિ કૃષિ મહોત્સવ ૨૦૧૪ દરમિયાન ૧૭૮ પશુ વ્યંઘત્વ નિદાન અને સારવાર કેમ્પ કરી ૧.૧૯ લાખ પશુ સારવાર, ૪૮,૧૪૪ પશુઓને રસીકરણ, ૧૩૫૫ પશુઓને કૃત્રિમ બીજદાન કરવામાં આવેલ છે. આ કેમ્પમાં કુલ ૧૫,૦૪૭ પશુપાલકોએ લાભ લીધેલ હતો. વર્ષ ૨૦૦૨-૦૩માં રાજ્યમાં પશુઓમાં ચેપી રોગચાળાની સંખ્યા ૧૬૧ નોંધાયેલી, જે હાલમાં ઘટીને ૨૪ જેટલી રહેવા પામેલ છે. જે પશુઓની ઉત્પાદકતા વધારવા માટેનું હકારાત્મક પરિબળ બની રહેલ છે. છેલ્લા ૧૦ વર્ષમાં કુલ ૨૩૨ નવીન પશુ દવાખાના અને ૯ નવીન વેટરનરી પોલી કલીનીક્સની સ્થાપના કરવામાં આવેલ છે. છેલ્લા ૧૦ વર્ષમાં રાજ્યમાં કુલ ૩૫૦૬ નવા કૃત્રિમ બીજદાન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૩-૦૪માં રાજ્યમાં કુલ ૧૧,૧૩૩ દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના કુલ ૧૩.૩૨ લાખ પશુપાલક સભાસદો હતા. રાજ્ય સરકારની સહકારી ડેરી ઉદ્યોગને પ્રોત્સાહન આપવાની નીતિને કારણે વર્ષ ૨૦૧૩-૧૪ની સ્થિતિએ રાજ્યમાં સહકારી દૂધ ઉત્પાદનના માળખા હેઠળ ૧૩,૬૨૨ ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓના કુલ પશુપાલક સભાસદો ૩૨.૩૨ લાખ થયેલ છે. જે સમગ્ર દેશમાં સૌથી વધુ પશુપાલક સભાસદો છે. જે પૈકી ૨૩૫૫ મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ કાર્યરત છે અને સૌથી વધુ દૂધ એકત્રીકરણ ૧૨૫.૭૫ લાખ લિટર પ્રતિ દિન ગુજરાત રાજ્યમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આઝાદી પછી ૫૦ વર્ષ બાદ સૌ પ્રથમ પશુ ઓલાદ તરીકે બન્ની ભેંસની ઓલાદને એન.બી.એ.જી.આર. દ્વારા માન્યતા મળી તે બાબતના આપણે સૌ સાક્ષી છીએ. બન્ની ભેંસના ઉત્તમ આનુવંશિક ગુણોનો ઝડપથી ફેલાવો કરવા આ ઓલાદના વતન વસવાટ વિસ્તારમાં બન્ની બફેલો ન્યુકલીયસ સ્ટોક બ્રીડીંગ ફાર્મ સ્થાપવા માટે રૂપિયા ૬.૫૦ કરોડની જોગવાઇ કરેલ છે. મને કહેતાં આનંદ થાય છે કે કચ્છના ખરાઇ ઉંટને પણ તાજેતરમાં જ એન.બી.એ.જી.આર. દ્વારા દેશની ૯મી ઉંટની ઓલાદ તરીકે માન્યતા મળેલ છે, તે બાબતે પણ હું આપ સૌ સભ્યોનું ધ્યાન દોરું છું. તાજેતરમાં પૂર્ણ થયેલ ૧૯મી પશુધન વસતિ ગણતરીમાં ૧૮મી પશુધન વસતિ ગણતરીની સાપેક્ષમાં અશ્વોની સંખ્યામાં ૩૦ ટકા જેટલો નોંધપાત્ર વધારો થયેલ છે. સરકારશ્રી દ્વારા અશ્વોના વિકાસ માટે હાથ ધરેલ પગલાંનું આ પરિણામ છે. રાજ્યના તમામ પશુપાલકોને ઘરે બેઠા પશુ ચિકિત્સા અને પશુ સંવર્ધન સેવાઓ વિના મૂલ્યે ઉપલબ્ધ થાય તે ઉમદા હેતુસર આગામી ૫ વર્ષમાં ૧૦ ગામ દીઠ એક પશુ દવાખાનું સ્થાપી શકાય તે માટે પ્રથમ વર્ષ ૨૦૧૫-૧૬માં રૂપિયા ૧૫ કરોડની જોગવાઇ કરેલ છે. કામધેનુ યુનિવર્સિટીના પશુ ચિકિત્સા વિજ્ઞાન, પશુપાલન, ડેરી વિકાસ અને મત્સ્ય પાલન ક્ષેત્રે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ માટે રૂપિયા ૧૧.૩૫ કરોડની જોગવાઇ કરેલ છે. પશુ જૈવિક સંસ્થા, ગાંધીનગરને સુદ્રઢ બનાવવા માટે રૂપિયા ૫ કરોડની જોગવાઇ કરેલ છે. પશુધન વિકાસ

બોર્ડ સંચાલિત ફ્રોઝન સિમેન સ્ટેશન પાટણના અપગ્રેડેશન માટે રૂપિયા ૮.૪૯ કરોડની જોગવાઈ. વર્ષ ૨૦૧૪-૧૫ થી રાજ્યમાં અમલી બનેલ મુખ્યમંત્રી નિઃશૂલ્ક પશુ સારવાર યોજના માટે આગામી વર્ષ ૨૦૧૫-૧૬માં રૂપિયા ૧૮.૧૦ કરોડની જોગવાઈ. રાજ્યની પશુ સારવાર સંસ્થાઓ માટે દવા સાધન-સામગ્રીના સંગ્રહ સારું ૫૪૭૦ મેડીસીન કેબિનેટ ખરીદવાનું આયોજન કરેલ છે. જે ધ્યાને લઈ રૂપિયા ૮.૨૦ કરોડની બજેટ જોગવાઈ. નેશનલ લાઈવસ્ટોક મિશન હેઠળની વિવિધ યોજનાઓના અમલીકરણ માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઈ કરેલ છે. ભારત સરકારના નેશનલ પ્રોગ્રામ ફોર બોવાઈન બ્રીડીંગ અને ડેરી ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત વર્ષ ૨૦૧૫-૧૬ માટે ૧૦ કરોડની જોગવાઈ. રાજ્યમાં મહિલા સંચાલિત ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધ ઘર બાંધકામ માટે રૂપિયા ૨૫ કરોડ તથા ઓટોમેટીક મિલ્ક કલેકશન સિસ્ટમ તેમજ બલ્ક મિલ્ક કૂલર માટે રૂપિયા ૮.૪૩ કરોડની સહાય પૂરી પાડવાની જોગવાઈ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક માનનીય સભ્યશ્રીએ એવું કહ્યું હતું કે આ કૃષિ વિકાસ વર્ષમાં તમે શું કર્યું? આપણા મુખ્યમંત્રીશ્રી ખેડૂત પુત્રી છે અને એમને પશુપાલન અને ખેડૂતોની ખાસ ચિંતા છે અને એમાં પણ ખાસ કરીને મહિલાઓ આર્થિક નિર્ભર બને એના માટે આ યોજનાઓ કરેલ છે. એના લીધે આજે મહિલાઓ આર્થિક રીતે પગભર બની છે. રાજ્યની દૂધ ઉત્પાદક સહકારી મંડળીની મહિલા સભાસદોને મીલ્કીંગ મશીન અને ચાફકટરની ખરીદી પર સહાય તથા પશુ વીમા પ્રીમિયમ પેટે ચૂકવણી માટે સહાય વર્ષ ૨૦૧૫-૧૬માં રૂપિયા ૭.૧૩ કરોડની જોગવાઈ કરેલ છે. પશુપાલન ક્ષેત્રે વિકાસ સાથે પશુઓની સંખ્યામાં જે વધારો થયો છે તે માટે પશુપાલકોને વધુ પ્રમાણમાં છાણિયું ખાતર ઉપલબ્ધ થતાં સેન્દ્રીય ખાતર ઉત્પાદન વધતા રાસાયણિક ખાતર ઉપરનો વપરાશ ઘટાડી જમીનને થતાં નુકસાનમાં ઘટાડો તેમજ રાજ્યના આર્થિક બોજામાં એનાથી ઘટાડો થઈ શકશે. આમ વર્ષ ૨૦૧૫-૧૬ માટે પશુપાલન અંગેના આયોજન હેઠળ રૂ.૩૪૭.૫૩ કરોડની અને ડેરી વિકાસ માટે રૂ. ૯૨.૫૨ કરોડની અને ગૌ સંવર્ધનની રૂ.૪૨.૩૨ કરોડ મળીને કુલ ૪૮૨.૩૭ કરોડની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ સભાગૃહ સમક્ષ પશુપાલન અને ડેરી વિકાસ અંગે માગણી ક્રમાંક ૪ અંગે કુલ ૪૯૭.૬૧ કરોડની માગણી લઈને હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે એ બાબતથી સુમાહિતગાર છીએ કે, રાજ્ય સહકારી પ્રવૃત્તિ દિન પ્રતિ દિન હરણફાળ ભરી રહી છે. સહકારી પ્રવૃત્તિનો દિન પ્રતિ દિન વ્યાપ વધતો જાય છે. ગુજરાત રાજ્યની સહકારી પ્રવૃત્તિ સમગ્ર દેશમાં મોડલ છે. રાજ્યમાં હાલમાં વિવિધ પ્રકારની કુલ ૭૦,૦૮૯ જેટલી સહકારી મંડળીઓ છે. આ તમામ સહકારી સંસ્થાઓમાં કુલ ૧.૬૫ કરોડ લોકો સભાસદો તરીકે જોડાયેલ છે. આમ, દરેક ચોથો ગુજરાતી સહકારી પ્રવૃતિ સાથે સંકળાયેલો છે. રાજ્યમાં સહકારી પ્રવૃત્તિ ખેડૂતોને કૃષિ વિષયક ધિરાણ પૂરું પાડવામાં મહત્વનો ભાગ ભજવે છે. જેના પરિણામ સ્વરૂપે ખેડૂતો આર્થિક રીતે સધ્ધર બન્યાં છે. ખેડૂતોને ૭% ના દરે કૃષિ વિષયક પાક ધિરાણ મળી રહે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા ૨% ના દરે ત્રિસ્તરીય ધિરાણ માળખાની સહકારી સંસ્થાઓને સને ૨૦૦૯-૧૦થી વ્યાજ રાહત આપવામાં આવે છે. જે અન્વયે ચાલુ નાણાકીય વર્ષમાં સને ૨૦૧૫-૧૬ના વર્ષ માટે આ યોજનામાં રૂ.૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ચાલુ વર્ષે ખરીફ મોસમમાં થયેલ વિપુલ કૃષિ ઉત્પાદનના કારણે ખેડૂતોને તેઓની પડતરના પ્રમાણમાં બજારભાવ ન મળી શકવાના કારણે ખેડૂતોને તેઓ દ્વારા લેવામાં આવેલ પાક ધિરાણ ઉપર વ્યાજનું ભારણ ઉદ્ભવેલ છે. જે બાબતે ધ્યાનમાં લઈ, રાજ્યના જે ખેડૂતોએ જિલ્લા સહકારી બેંકો, રાષ્ટ્રીયકૃત, પ્રાઈવેટ બેંકોમાંથી ટૂંકા ગાળાનું પાક ધિરાણ આ વર્ષે તા. ૧/૪/૨૦૧૪ થી તા. ૩૦/૯/૨૦૧૪ સુધીમાં મેળવેલ છે તેઓએ બેંકોને જે વ્યાજ આપવાનું થાય છે તે વ્યાજની રકમ ઉપર ૫૦% વ્યાજ સહાય, આશરે ૫૭૫ કરોડની વ્યાજ રાહતની રકમ રાજ્યની સહકારી બેંકો અને રાષ્ટ્રીયકૃત, પ્રાઈવેટ બેંકોને ચૂકવી અપાશે તેવો સૈધ્ધાંતિક નિર્ણય રાજ્ય સરકારે લીધેલ છે. વર્ષ ૨૦૧૫-૧૬ના વર્ષ માટેની આ યોજનામાં રૂ.૨૨૫ કરોડની જોગવાઈ અને ચાલુ વર્ષે ૨૦૧૪-૧૫માં સુધારેલા અંદાજોમાં ૩૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સહાય કઈ રીતે ચૂકવશે એવો આપણા કોઈ સભ્યશ્રીએ પ્રશ્ન ઊઠાવ્યો હતો. મારે એને કહેવાનું છે કે, વીજળીની સહાય છે એ ખેડૂતને સીધા બિલમાં રાહત મળશે અને બેંકની અંદર જેણે લોન લીધેલી છે એના વ્યાજની અંદર એને સીધેસીધા એના ખાતાની અંદર એ પૈસા જમા થઈ જશે. સરકારશ્રીના તા. ૨૦-૧૦-૨૦૧૪ના ઠરાવથી રૂ. ૮૦ કરોડની ડીફોલ્ટ ગેરંટી મંજૂર કરવામાં આવેલ છે. જેને લક્ષમાં લઈ નાબાર્ડ દ્વારા કુલ રૂ. ૮૦ કરોડની લોન રિફાયનાન્સ ૯.૫% સુધીના દરે ખેતી બેંકો માટે મંજૂર કરવામાં આવેલ છે. જેમાં રાજ્ય સરકારનો ફાળો ૫% મુજબ રૂ. ૪.૪૫ કરોડ થાય છે. જે માટે ૨૦૧૫ના વર્ષ માટે આ યોજનામાં રૂ. ૪.૪૫ કરોડની જોગવાઈ કરેલી છે. રાજ્યના ખેડૂતોને વૈજ્ઞાનિક ઢબે ખેત ઉત્પાદન સંગ્રહ કરવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે તો તેઓને ખેત ઉત્પાદનના યોગ્ય બજારભાવ મળે ત્યાં સુધી સંગ્રહ કરી શકે અને વેરહાઉસ રિસીપ્ટ ઉપર ધિરાણ મેળવી શકે અને તેમના ખેત ઉત્પાદનના વાજબી બજાર ભાવ પણ મેળવી શકે અને તે રીતે મહત્તમ આર્થિક ફાયદો ખેડૂતો મેળવી શકે તેમ હોઈ વૈજ્ઞાનિક ઢબે ગોડાઉન બનાવી સવલતો ઊભી કરવા રૂ.૫૦ કરોડની જોગવાઈ.

રાજ્યની બજાર સમિતિઓને નિયત ધોરણો અનુસાર ગોડાઉન બનાવે અને ફક્ત ખેડૂતોના માલ સંગ્રહ કરવા માટે જ ઉપયોગમાં લેવામાં આવે તેવી શરતો સાથે વેર હાઉસિંગ-ગોડાઉન તથા બજાર સમિતિઓ ઊભી કરવા માટે રૂ. ૨૩.૭૨ કરોડની જોગવાઈ. સહકારી ધિરાણ મંડળીઓને ધિરાણ વૃદ્ધિ અને થાપણ વૃદ્ધિ માટે સામાન્ય વિસ્તાર માટે રૂ.૨૯૦ લાખ તથા આદિજાતિ વિસ્તાર માટે રૂ.૭૦ લાખની જોગવાઈ. રાજ્યમાં તાજેતરમાં નવીન સ્થપાયેલ ૨૬ બજાર સમિતિઓને જુદા જુદા હેતુઓ માટે અંદાજીત કુલ પ્રોજેક્ટના ૫૦% લેખે રૂ.૧૩.૨૭ કરોડની બજેટમાં જોગવાઈ. ''સ્વચ્છતા મિશન'' કાર્યક્રમ અંતર્ગત આવી બજાર સમિતિઓને રાજ્ય સરકારશ્રી દ્વારા સફાઈના સાધનો-મશિનો ખરીદી માટે ૧૦૦ બજાર સમિતિઓને સહાય આપવા માટે રૂ.૫ કરોડની જોગવાઈ. રાજ્યના દુર્ગમ અને અંતરિયાળ વિસ્તારોમાં આવેલ બજાર સમિતિઓને સેટેલાઈટ સેન્ટર ઊભા કરવા તેમજ

માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે રૂ.૫ કરોડની જોગવાઇ કરેલ છે. આ સભાગૃહ સમક્ષ સહકાર પ્રભાગ અંગેની માગણી ક્રમાંક–૫ અંગે કુલ ૫૫૪.૪૬ કરોડની માગણી લઇને હું ઉપસ્થિત થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, મત્સ્યોદ્યોગની વાત કરું તો, ગુજરાતમાં મત્સ્યોદ્યોગના વિકાસ માટે અનેક યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. જેના ફળ સ્વરૂપે ગુજરાત રાજ્યનું દરિયાઇ મત્સ્ય ઉત્પાદન વર્ષ ૨૦૦૧–૦૨માં ૬.૨૦ લાખ મેટ્રિક ટન હતું, તે વધીને વર્ષ ૨૦૧૩–૧૪માં ૬.૯૫ લાખ મેટ્રિક ટન અને આંતર દેશીય મત્સ્ય ઉત્પદન જે ૦.૪૫ લાખ ટનમાંથી વધીને ૧.૦૩ લાખ ટન થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૧–૦૨માં રાજ્યની મત્સ્ય વિદેશે નિકાસ ૧.૩૨ લાખ મેટ્રિક ટન હતી, જે વધીને વર્ષ ૨૦૧૩–૧૪માં ૨.૫૨ લાખ મેટ્રિક ટન થયેલ છે. જેને લીધે વર્ષ ૨૦૦૧–૦૨માં રૂપિયા ૬૨૫ કરોડ વિદેશી હૂંડિયામણ મળેલ હતું. તે વધીને વર્ષ ૨૦૧૩–૧૪માં રૂપિયા ૩,૬૫૮.૫૭ કરોડ વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત થયેલ છે. મત્સ્યોદ્યોગ ક્ષેત્રે દરિયાઇ મત્સ્યોદ્યોગ, ભાંભરાપાણીનો મત્સ્યોદ્યોગ તથા મીઠા પાણીના મત્સ્યોદ્યોગ મળીને અંદાજીત ૩,૮૨,૮૦૦ લોકોને રોજગારીની તકો ઉપલબ્ધ થાય છે. જે પૈકી ૭૦,૦૦૦ જેટલી મહિલાઓનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યોમાં ચાઇનીઝ હેચરીની સ્થાપના દ્વારા વર્ષ ૨૦૦૧માં ૪૩.૬૪ કરોડનું મત્સ્યબીજ ઉત્પાદન થયેલ, જે વધીને વર્ષ ૨૦૧૪–૧૫માં રૂપિયા ૮૨.૮૦ કરોડ થયેલ છે. માછીમારોની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે બાયોમેટ્રિક કાર્ડ આપવાનું નક્કી કરેલ છે. જેમાં રૂપિયા ૧,૨૭,૧૮૨ બાયોમેટ્રિક કાર્ડની વહેંચણી કરી, ગુજરાત રાજ્યે દેશમાં પ્રથમ ક્રમ હાંસલ કરેલ છે. ગુજરાત રાજ્યમાં સલામત, આધુનિક અને નફાકારક મત્સ્યોદ્યોગના વિકાસ માટે વર્ષ ૨૦૧૫–૧૬માં આયોજન સદરે રૂપિયા ૮,૩૦૧.૯૫ લાખ તેમજ રૂપિયા ૩,૩૯૫ લાખની નવી બાબત તરીકે સમાવેશ કરી કુલ રૂપિયા ૧૧,૬૯૬.૯૫ લાખની આયોજન સદરે જોગવાઇ સૂચવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૪–૯૫માં રૂપિયા ૬૩૮.૫૦ લાખની પ્લાન બજેટ જોગવાઇ હતી તે વધીને ૨૦૧૫–૧૬માં રૂપિયા ૧૧,૬૯૬.૯૫ લાખની પ્લાન જોગવાઇ કરવામાં આવી છે. એટલે કે, વર્ષ ૧૯૯૪ની સરખામણીમાં પ્લાન બજેટ જોગવાઇમાં ૧,૮૩૨ ગણો વધારો આ સરકારે કર્યો છે. આંતર દેશીય મત્સ્યોદ્યોગના વિકાસ માટે રૂપિયા ૭૩૧ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. જેમાં અનુસૂચિચ જનજાતિના લાભાર્થી માટે રૂપિયા ૧૨૦ લાખ અને અનુસૂચિત જાતિના લાભાર્થી માટે રૂપિયા ૨૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવી છે. ભાંભરાપાણી મત્સ્યોદ્યોગના વિકાસ હેઠળ ઝિંગા ફાર્મ માટે વિવિધ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે રૂપિયા ૮૮૧ લાખની જોગવાઇ સૂચવવામાં આવી છે. દરિયાઇ મત્સ્યોદ્યોગના વિકાસ અંતર્ગનત સાધન સહાય પૂરી પાડવા રૂપિયા ૧,૮૩૩.૦૧ લાખ, ટુ સ્ટ્રોક અને ફોર સ્ટ્રોક ઓ.બી.એમ. સહાય આપવા માટે રૂપિયા ૩૨૦ લાખ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અંતર્ગત દરિયાઇ મત્સ્યોદ્યોગ માટે રૂપિયા ૧૫૩ લાખની જોગવાઇ સૂચવવામાં આવોલ છે. બજાર વ્યવસ્થા સુધારવા કોલ્ડ સ્ટોરેજ, આઇસ ફેક્ટરી અને પ્રોસેસીંગ પ્લાન્ટ, સોલાર ડ્રાયર તેમજ મશીનરીને ઇ.યુ.નોર્મ્સ મુજબ અપગ્રેડ કરવા માટે રૂપિયા ૪૩૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માછીમાર મહિલાઓને પોરબદર તથા વેરાવળ ખાતે મત્સ્યોદ્યોગ આધારિત ખોરાકની બનાવટો તૈયાર કરવા તથા માછલીની જાળવણી કરવાની તાલીમ આપવા માટે રૂપિયા ૧૭૬ લાખની જોગવાઇ સૂચવવામાં આવી છે. માછીમારીના ધંધા સાથે સંકળાયેલા ૨,૧૮,૨૭૦ માછીમારોને જુથ અકસ્માત યોજનાનો લાભ આપવામાં આવેલ છે. જેમાં અવસાન અથવા કાયમી અપંગતાના કિસ્સામાં રૂપિયા ૨ લાખ તથા આંશિક અપંગતાના કિસ્સામાં રૂપિયા ૧ લાખ તથા રૂપિયા ૧૦,૦૦૦ની મર્યાદામાં તબીબી સારવાર ખર્ચ માટે રૂપિયા ૭૦.૯૪ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. ફિશરીઝ બોટના એન્જીનના હોર્સ પાવર મુજબ વાર્ષિક મળવાપાત્ર ડીઝલ જથ્થાની મર્યાદામાં ખરીદેલ ડીઝલ પર ૧૦૦ ટકા વેટ રાહતનો લાભ માછીમારોને આપવામાં આવે છે. આ વેટ રાહત ચૂકવવા માટે નોન–પ્લાન આયોજન હેઠળ રૂપિયા ૮૦ કરોડની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, નદીમાં માછીમારી કરતાં પટડીયા માછીમારોને માછીમારીના સાધનોની ખરીદી ઉપર ૯૦ ટકા સહાય આપવા માટે રૂપિયા ૫૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. દરિયામાં માછીમારી કરતા બોટ માલીક માટે જી.પી.એસ.ની ખરીદી ઉપર ૫૦ ટકા અથવા મહત્તમ રૂપિયા ૨૦,૦૦૦ની સહાય આપવા માટે રૂપિયા ૪૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એફ.આર.પી. બોટ માલિકને અંદાજીત ૫૦૦ લિટરની ક્ષમતાવાળા ઇન્સ્યુલેટેડ બોક્ષની ખરીદી ઉપર ૫૦ ટકા લેખે રૂપિયા ૭,૫૦૦ની સહાય આપવા માટે રૂપિયા ૧૫૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. ઓટોમાઇઝેશન ઇન બોટ મુવમેન્ટ (બોટ મુવમેન્ટ કાર્યક્રમનું કોમ્પ્યુટરાઇઝેશન) માટે રૂપિયા ૫૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે વીજળીની સવલતો પૂરી પાડવા માટે રૂપિયા ૩૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. મત્સ્ય ઉતરાણ કેન્દ્રો ખાતે આર.સી.સી. પ્રિ–કાસ્ટ ફ્લોટીંગ જેટીની સવલત ઉભી કરવા માટે રૂપિયા ૫૫૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. મત્સ્ય બંદરોના વિકાસ માટેની કામગીરી હાથ ધરવા કોન્ટ્રાકટ બેઇઝ ટેકનીકલ સેલ ઉભું કરવા માટે રૂ. ૧૮૦૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. એન.એફ.ડી.બી. દ્વારા મંજૂર કરાયેલ વેરાવળ અને પોરબંદર મત્સ્ય બંદરના અપગ્રેડેશન કામ માટે રાજયના ફાળા પેટે રૂ. ૬૦.૦૦ લાખની જોગવાઇ સૂચવવામાં આવેલ છે. આ સભાગૃહ સમક્ષ મત્સ્યોદ્યોગ અંગેની માગણી ક્રમાંક–૬ અંગે કુલ ૨૦૩.૧૦ કરોડની માગણી લઇને હું ઉપસ્થિત થયેલ છું.

કૃષિના વિકાસ માટે ખાસ કરીને જેમ મેં વીજળીની અને સિંચાઇની વાત કરેલી કારણકે ગુજરાતના જે ખેડૂતો છે એને બે વસ્તુઓ આપવામાં આવે એક એને તમે પાણી આપો અને વીજળી આપો તો એ પોતાના બાવડાના બળે આ રાજયનું કૃષિ ઉત્પાદન

વધારી શકે છે. વર્ષ ૨૦૧૫-૧૬ની જળસંપત્તિ પ્રભાગની માગણીઓ ગૃહ સમક્ષ રજૂ કરતા મને આનંદ થાય છે. ગુજરાત રાજ્યે જળસંચયક્ષેત્રે દેશને એક નવી રાહ બતાવી છે. જળસંચય ક્ષેત્રે રાજ્ય એ ઘણી સારી કામગીરી કરેલ છે. મારા વિભાગની બજેટની ચર્ચા શરૂ કરતા અગાઉ આ સન્માનનીય ગૃહ સમક્ષ હું અગાઉના વર્ષોની બજેટની વિગતો રજૂ કરું છું. વર્ષ ૧૯૮૫ થી ૧૯૯૫ના સમય ગાળામાં જળસંપત્તિના કામો માટે બજેટ ફાળવણી રૂ. ૧૮૩૫.૬૭ કરોડની હતી એટલે કે દર વર્ષ માત્ર ૧૮૩.૫૭ કરોડની ફાળવણી થતી હતી જયારે છેલ્લા ૧૦ વર્ષમાં જળસંપત્તિના કામો માટે ૨૦૦૮.૮૫ કરોડની જે ફાળવણી થઇ છે જે દર વર્ષે સરેરાશ ૨૦૦૦ એક બાજુ વાર્ષિક ૧૮૩ કરોડ આજે ૨૦૮૯ કરોડની ફાળવણી થાય છે. આમ અગાઉની સરકારની સરખામણીમાં જળસંપત્તિ પ્રભાગની કામગીરી માટે વાર્ષિક ફાળવણીમાં લગભગ ૧૧ ગણો વધારો થયેલો છે. રાજયમાં મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ૬૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૧૧ ટકા, સૌરાષ્ટ્રમાં ૧૭ ટકા અને કચ્છમાં ૩ ટકાની પાણીની ઉપલબ્ધી છે આમ રાજયમાં પાણીની ઉપલબ્ધીમાં અસમાનતા છે. આ ભૌગોલિક અસમાનતાને પહોંચી વળવા રાજયના તત્કાલીન માનનીય મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ એક ભગીરથ કામ હાથ પર લઇને નર્મદા નદીના  પુરથી વહી જતા વધારાના પાણીમાંથી એક એક મિલિયન એકર ફીટ પાણી ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોને ફાળવેલ હતું અને તે વિસ્તારમાં પહોંચતું કરવાનું ભગીરથ કામ હાથ પર લીધું છે. તેમાંથી સૌરાષ્ટ્રની સૌની યોજના અંતર્ગત ૧૧૨૬ કિલોમીટરની લંબાઇની લાઇનો મારફતે ચાર લીંકથી ૧૧૫ જળાશયોના હયાત સિંચાઇ વિસ્તારને લાભ મળે એવું દુરંદેશી અને મહત્વપૂર્ણ આયોજન કર્યું છે. નર્મદાના પુરના વધારાના ત્રણ મિલિયન એકર ફુટ પાણીને સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત અને કચ્છમાં ઉપયોગ માટે ચાલુ વર્ષે ૨૦૧૫-૧૬માં રૂ. ૨૨૫૩.૧૫ કરોડની ફાળવણી કરી છે. મારે ખાસ કરીને આજે જયારે મારા સિંચાઇની માગણીઓ લઇને આવ્યો છું ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય નાણામંત્રીશ્રીનો આભાર માનવાનો છે કે આ ચાલુ વર્ષમાં પણ અમને આર.ઇ.માં સિંચાઇની ''સૌની''યોજના છે એની અંદર ૮૦૦ કરોડ રૂપિયા જેટલી વધારે ફાળવણી કરી છે. રાજ્ય સરકારે ઉત્તર ગુજરાતના સૂકા ભઠ્ઠ વિસ્તારોમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત કડાણા ડેમથી બનાસકાંઠાના રાહ ગામ સુધી ૩૩૨ કિલોમિટર લાંબી નહેર બનાવેલ છે. જેના કારણે આશરે ૭૦ હજાર હેકટર જમીનમાં સિંચાઇનો લાભ મળે છે. આ ઉપરાંત નર્મદા મુખ્ય નહેર આધારિત દશ ઉદવહન સિંચાઇ યોજનાઓ મારફતે ૨૬૬ તળાવોનું જોડાણ કરેલ છે. આ યોજના ૬૭૯ ગામો અને ૮ શહેરોને પીવાનું પાણી પુરું પાડે છે. આ વર્ષે પણ ઉત્તર ગુજરાત વિસ્તારમાં ચાર નવી ઉદવહન સિંચાઇ યોજનાઓની કામગીરી શરૂ કરવા માટે રૂ. ૧૨૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં પીયજથી ધરોઇ, ધાંધુસણથી રેડલક્ષ્મીપુરા, ભાસરીયા થી સામેત્રા અને મોઢેરાથી વરસંગ તળાવ સુધીની પાઇપલાઇનનો સમાવેશ થાય છે. અંબાજીથી ઉમરગામ વચ્ચેના આદિજાતિની  વસતિ ધરાવતા ડુંગરાળ પટ્ટામાં સિંચાઇ સુવિધા પૂરી પાડવા માટે નર્મદાનું વધારાનું પાણી પાઇપ લાઇન દ્વારા પહોંચાડી હયાત જળાશયો, તળાવો અને ચેકડેમો મારફતે સિંચાઇ થાય તેવી સંકલિત વ્યવસ્થા કરવાનું આયોજન છે. જે માટે હાંફેશ્વર તેમજ નર્મદા કેનાલ આધારીત યોજના માટે રૂ. ૩૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. રાજયમાં વર્ષ ૧૯૬૧ થી ૧૯૯૫ સુધીના ૩૫ વર્ષમાં માત્ર ૩૪૯૫ ચેકડેમો બન્યા હતા જયારે વર્ષ ૧૯૯૫થી ૨૦૧૪ સુધીમાં ૧૬૧૦૭૦ ચેક ડેમો બન્યા છે. જેના કારણે ચાર લાખ હેકટર વિસ્તારને સિંચાઇની સુવિધા પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત ૨૫૦૦૦ કરતા વધુ તળાવો ઉંડા કરી તેની જળસંગ્રહ ક્ષમતા ૧૨૨૫ કરોડ ઘનફીટ વધારીને ૭૩૦૦૦ હેકટરમાં સિંચાઇ કરવામાં આવે છે. અમદાવાદની આઇ.આઇ.એમ. સંસ્થાએ જળસંચયના લાભો અંગે અભ્યાસ પૂર્ણ કરેલ છે, જેના તારણો પ્રમાણે જળસંચયથી ખરીફ પાક નિશ્ચિત રીતે લઇ શકાય છે. સામાન્ય સંજોગોમાં રવિ પાક લઇ શકાય છે.  ભૂગર્ભ જળસ્તરોમાં ૩ થી ૬ મીટર જેટલો  વધારો થયેલ છે. કૂવાઓ રિચાર્જ થયેલ છે અને સુકાઇ ગયેલી નદીઓ પુનઃજીવિત થઇ છે. માનનીય સભ્યશ્રીઓ ટીકા કરતા હતા કે જળસંચયનાં કામો નથી કર્યાં.  આ રાજ્ય સરકારનો રિપોર્ટ નથી. આઇ.આઇ.એમ. સંસ્થા જેવી સ્વતંત્ર સંસ્થાનો રિપોર્ટ છે કે ૩ થી ૬ મીટર જેટલો ભૂગર્ભ જળસ્તરમાં વધારો થયેલ છે.  રાજ્યમાં છેલ્લા ૧૩ વર્ષમાં સિંચાઇ ક્ષમતા ૫૭ ટકા જેટલી વધી છે.  અગાઉ વર્ષ ૨૦૦૦-૨૦૦૧ માં ૩૭ લાખ હેક્ટર હતી, તેની સામે જૂન-૨૦૧૪ સુધીમાં ૫૮ લાખ હેક્ટર થઇ છે. એટલે ૨૧ લાખ હેક્ટરથી વધારે જમીનને સિંચાઇનો લાભ મળ્યો છે. રાજ્ય સરકારને ખેડૂતોને સિંચાઇ માટે પાણી આપવાની રૂપિયા ૩૪ કરોડની આવક થાય છે. તેની સામે રાજ્ય સરકાર નહેરોના સંચાલન અને નીભાવણી પાછળ રૂપિયા ૭૩૪ કરોડ ખર્ચ કરે છે. તે ઉપરાંત નહેર સુધારણા માટે આશરે રૂપિયા ૨૧૮ કરોડ જેવી રકમ ફાળવવામાં આવે છે. આમ, રાજ્ય સરકારે ખેડૂતોને સિંચાઇનું પાણી આપવામા અગ્રીમતા આપી છે.   આ રીતે ૩૪ કરોડની સામે ૯૫૨ કરોડ જેટલો આ રાજ્ય સરકારે ખર્ચ કર્યો છે. એનાથી આપ સૌને ખ્યાલ આવશે કે આ સરકાર ખેડૂતો પ્રત્યે કેટલી સંવેદનશીલ છે. અને સતત ખેડૂતોનું હિત જોતી હોય છે.  કરજણ જળાશય આધારિત ઉદવહન સિંચાઇ યોજના માટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. અનુસૂચિત જાતિના લોકોને સીધો ફાયદો થાય તે માટે રાજ્ય સરકારે નવા ટ્યૂબવેલ બનાવવા તથા કેનાલ, નદી આધારિત ઉદવહન સિંચાઇ યોજનાઓ કરવા માટે રૂપિયા ૧૪.૧૬ કરોડની બે નવી બાબતોની જોગવાઇ કરવામાં આવેલ છે.  રાજ્ય સરકારે આ વર્ષે હયાત નહેર માળખાની સિંચાઇ ક્ષમતા વધારવા માટે રૂપિયા ૨૦ કરોડની નવી બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે. વડોદરા શહેરમાં દર વર્ષે ચોમાસા દરમ્યાન પાણી ભરાવાના પ્રશ્નો થાય છે.  આ સમસ્યાના કાયમી ઉપાય તરીકે વિશ્વામિત્રી નદીના પ્રવાહમાંથી અમુક પ્રવાહ અન્યત્ર ડાયવર્ટ કરવા તથા આજવા જળાશયમાંથી કાંપ દૂર કરી તેની ક્ષમતા વધારવા માટે રૂપિયા ૨૦ કરોડની નવી બાબતની જોગવાઇ કરવામાં આવેલ છે. સાગબારા-ઉમરપાડા તાલુકાના સિંચાઇથી વંચિત આદિજાતિ વિસ્તારમાં સિંચાઇનું પાણી લિફ્ટ ઈરીગેશન સ્કીમ મારફતે ઉપલબ્ધ કરાવવા માટેની નવી યોજનાના પ્રાથમિક સર્વેક્ષણ માટે રૂપિયા ૯૦ લાખની જોગવાઇ કરેલ છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં આપણે ફ્લો ઇરિગેશનથી પાણી આપતા, જેના લીધે પાણીનો બગાડ થતો અને જે જે ડેમોમાંથી અમારી પાસે માગણી આવી કે ફ્લો ઇરિગેશનના બદલે કટિંગ કેનાલ કરી આપવી, આ ઉપરાંત સૌરાષ્ટ્ર વિસ્તારમાં પાણીનો વપરાશ

ઘટાડવા અને મહત્તમ સિંચાઇ ક્ષમતા પ્રાપ્ત કરવા માટે હયાત કેનાલ માળખાના બદલે કટિંગ કેનાલ કરી ઉદવહનથી ખેડૂતોને પાણી આપવાની યોજના કરવા માટે રૂપિયા ૨૦ કરોડની નવી બાબત અને આપણે જે ૨૨૩૫ કરોડ ત્રણ એકર ફીટ પાણી માટે ફાળવેલ છે. એના લીધે સૌરાષ્ટ્રના ૧૧૫ જળાશય ભરાશે એની સાથે સાથે મહેસાણા અને ઉત્તર ગુજરાતના ૧૪૮૨૦ હેકટરને ફાયદો થશે. સૌરાષ્ટ્રમાં પાણી જશે એના લીધે ૧૦ લાખ હેકટર કરતા વધારે સિંચાઇ મળશે. વિવિધ જળાશય યોજનાઓ અંતર્ગત ચેકડેમો, તળાવો ઉંડા કરવા તથા વોટરબોડીઝનું પુનઃસ્થાપન કામગીરી માટે ૨૧૩.૫૨ કરોડની જોગવાઇ છે. આનાથી ૧૦૦૦ નાના ચેકડેમ અને ૨૦૦ મોટા ચેકડેમોથી ૮૫૦૦ હેકટર જેટલા વિસ્તારમાં સીધી અથવા આડકતરી સિંચાઇ અને ૮૦૦ તળાવો ઉંડા કરવાથી પાણીની સંગ્રહશકિતમાં આશરે ૪૦ કરોડ ઘનફૂટનો વધારો થશે. બંધ સુરક્ષાની કામગીરી માટે ૭૦.૬૬ કરોડની જોગવાઇ કરીને હેઠવાસના ગામોની સુરક્ષા નિશ્ચિત કરવાનું આયોજન, હયાત યોજનાઓની નહેર સુધારણા અને આધુનિકરણનાં કામો માટે રૂપિયા ૨૧૭.૭૧ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. મોટી સિંચાઇ યોજના જેવી કે મહી, ઉકાઇ–કાકરાપાર, ફતેવાડી, શેત્રુંજી, પાનમ, વાત્રક, ધરોઇ, સૌરાષ્ટ્ર, કચ્છની હયાત મધ્યમ તેમજ નાની સિંચાઇ યોજનાઓના આશરે ૬૦ હજાર હેકટર વિસ્તારમાં નહેર સુધારણાથી છેવાડાના ખેડૂતોને પાણી મળશે. ક્ષાર પ્રવેશ નિયંત્રણનાં કામો માટે ૪૫.૫૨ કરોડની જોગવાઇના લીધે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના ૩ બંધારાના, ૪ રિચાર્જ ટેંક, ૧૧.૯૦ કિ.મી. લંબાઇના સ્પ્રેડિંગ કેનાલનાં કામો પૂર્ણ થશે. તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના ક્ષાર પ્રવેશ નિયંત્રણના અન્ય વિવિધ કામોને લીધે ૫૦૦૦ હેક્ટર વિસ્તારને ફાયદો થશે. દરિયાઇ ધોવાણ અટકાવવાનાં કામો માટે દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર માટે ૫૪.૫૨ કરોડની જોગવાઇ છે. દક્ષિણ ગુજરાત વિસ્તારમાં ૧૫.૬૦ કિ.મી. લંબાઇના દરિયાઇ ધોવાણ અટકાવવાનાં કામો પૂરા થશે. સહભાગી સિંચાઇ યોજના માટે ૫૮.૯૦ કરોડની જોગવાઇ છે. અત્યાર સુધીમાં ૫ લાખ ૬૦ હજાર હેકટર વિસ્તાર સહભાગી સિંચાઇ હેઠળ આવરી લીધેલ છે અને હવે વધુ ૫૦ હજાર હેકટર વિસ્તારને આવરી લેવાનું આયોજન છે. પૂર સંરક્ષણના કામો માટે ૬૨.૫૭ કરોડની જોગવાઇ છે. તાપી નદીના કાંઠે પાળાના મજબૂતીકરણ દ્વારા સુરત શહેરને પૂરથી રક્ષણ તથા ધોળકા ને સાબરમતી નદીના પૂરથી રક્ષણ માટે રાજયમાં વિવિધ કામો કરવામાં આવશે. સૌરાષ્ટ્ર વિસ્તારની ૧૦ મધ્યમ સિંચાઇ યોજનાઓ આજી–૪, મચ્છુ–૩, ઉન્ડ–૨, ઓઝત–૨, વર્તુ–૨, ઉતાવળી, ગુંદા, ડેમી–૩, ભાદર–૨, લીંબડી ભોગાવો–૨ અને રાણા ખીરસરા. આ બધી યોજનાઓ માટે ૧૬.૫૦ કરોડની જોગવાઇ કરી છે. તેના લીધે જામનગર જિલ્લામાં ૧૦૯૦૭ હેકટર, રાજકોટ જિલ્લામાં ૯૫૨૯ હેકટર, જુનાગઢ જિલ્લામાં ૯૯૬૦ હેકટર, સુરેન્દ્રનગર જિલ્લાના ૩૬૦૫ હેકટર, પોરબંદર જિલ્લાના ૭૫૫૦ હેકટર આમ કુલ ૪૧,૩૫૩ હેકટર સિંચાઇનો લાભ થશે. આમ જળસંપત્તિ અને કલ્પસર વિભાગની વર્ષ ૨૦૧૫–૧૬ની માગણી ક્રમાંક–૬૬ હેઠળ મહેસૂલના રૂપિયા ૧૦૧૯.૧૪ કરોડ અને મૂડીના રૂપિયા ૩૭૪૩.૬૪ કરોડની જોગવાઇઓ લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ હું આવ્યો છું. જે પૈકી ૧૦૪.૦૮ કરોડની જોગવાઇ કલ્પસર વિભાગની છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીઓ અને ખાસ કરીને વિરોધપક્ષના મિત્રોએ જે ક્રીટીસાઇઝ કર્યું હતું તેમાં મારે કહેવાનું છે કે આ સરકાર હંમેશાં ખેડૂતોની ચિંતા કરે છે એટલે કપાસના ભાવો જયારે નીચા ગયા ત્યારે ૧૧૦૦ કરોડની જોગવાઇ કરી. કઇ રીતે ખેડૂતના ખાતામાં જમા થશે એ પણ મેં આગળ કહેલું છે. આજે કપાસના ભાવ આપ બજાર જોતા હશો અને આપ પેપરમાં જોશો તો આપને ખ્યાલ આવશે કે ૮૧૦ એનએસડી જે ભાવ હતો તેને બદલે ૮૫૦ થી ૮૬૦ જેવો ભાવ થયો છે. તેના લીધે એનએસડીથી ખરીદી કરવી ન પડે એ રીતે આ કપાસ આવતો બંધ થઇ ગયો છે. બટાટા માટે ટનદીઠ ૭૫૦ રૂપિયા સબસિડી જાહેર કરી. રેલવે દ્વારા રાજય બહાર લઇ જાય તો ૧૧૫૦ રૂપિયા જોગવાઇ કરેલી છે. રોઝ અને ભૂંડ માટે રાજય સરકાર ચિંતિત છે. રાજયને હેરાન કરતા જે કોઇ તત્વો હશે, જેમ પોરબંદરમાંથી અમે સફાયો કર્યો છે તેમ રાજયના અન્ય વિસ્તારોમાંથી અમે તેનો સફાયો કરીશું. તેનું આયોજન થઇ ગયું છે. ખાસ કરીને એક આપણા ભોળાભાઇએ કહેલ કે પશુપાલનની અંદર બજેટની જોગવાઇ ઓછી કરેલ છે. મારે તેમને જણાવવાનું કે ૨૦૧૪–૧૫માં ૪૪૧૯૯.૯૧ લાખ હતા તેની જગ્યાએ આ વખતે ૪૯૭૬૦.૭૪ લાખ થયેલ છે. દરેક સદરે બજેટમાં વધારો થયેલ છે. કોઇ જગ્યાએ બજેટમાં ઘટાડો થયેલ નથી. ભૂંડની વાત કરે છે તો મારે માનનીય સભ્યશ્રીઓને કહેવાનું છે કે આ ભૂંડ અને ગાંડા બાવળ તે બે કોની દેન છે તેની આપ સૌને ખબર છે. એટલે આ કોંગ્રેસની દેન છે. મને ખ્યાલ છે કે ભૂંડ પંજાબ સિવાય બીજે કયાંય ન હતા તેને તમે ગુજરાતમાં લઇ આવ્યા. બિયારણ માટેની વાત કરી તો તેમાં ગુજરાત બીજ નિગમ આનું વેચાણ કરે છે. તે વેચાણ કરતાં પહેલાં જે કોઇ લોટ હોય છે તેનું જર્મીનેશન કરવામાં આવે છે, તેનો ઉગાવો કેટલો છે તેના આધારે તે બીજ મૂકાતા હોય છે. ખાતરની બાબતમાં કહું તો ૨૨ લાખ મે. ટનની ફાળવણી હતી તેની સામે આ વખતે ૨૨.૨૦ લાખ એટલે છેલ્લા દસ વર્ષમાં વધુને વધુ ખાતરની ફાળવણી થઇ છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી પ્રશ્નો આવશે અને મારે માગણીઓ મતદાન પર મૂકવાની છે એ રીતે ચાલો. સમય લંબાવવો છે કે નથી લંબાવવો? બાબુભાઇ તમે સમય મર્યાદામાં પૂરું કરો.

શ્રી બાબુભાઇ બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે આમાં એટલો વધારો કરેલ છે. પ્રહલાદભાઇએ લાડોલ અને ભાવસોર માટે વાત કરી હતી તો તેનું ૭૦ ટકા કામ પૂર્ણ થઇ ગયેલ છે. એક થી દોઢ કિલોમીટરમાં જમીન સંપાદનની કામગીરી બાકી છે. એક ખેડૂતે સ્ટે લીધેલ છે એટલે બાકી છે. એ ખેડૂત સ્ટે ઉઠાવી લે તો અમે વહેલું પૂર્ણ કરી દઇશું.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય પુંજાભાઇ. બે જ પ્રશ્નો વધારે નહીં.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ જાણવા માગું છું કે ઇનપુટ કીટ જે છે તેમાં ખાતર, બિયારણ અને તમામ પ્રકારની દવાઓ તે પહેલાં તાલુકા ખરીદ વેચાણ સંઘ અને સહકારી મંડળીઓ મારફત આપણે ખરીદી કરતા હતા. હવે સરકારે નકકી કર્યું છે કે ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન પાસેથી અને તેના માન્ય ડીલર પાસેથી જ ખરીદવું.

તેના લીધે નાના અને સીમાંત ખેડૂતોને સહાય મેળવવામાં તકલીફ પડે છે. એટલે અગાઉ જે નીતિ હતી તે ચાલુ રાખવા માગો છો? બીજો પ્રશ્ન રાજયના ખેડૂતોને પ્રમાણિત અને પૂરતું બિયારણ મળતું નથી તો એ પૂરું પાડવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, પેલી જે વાત કરી એમાં રાજય સરકારે અત્યારે મેં મારા પ્રવચનમાં પણ કહેલું કે, ખાસકરીને ઇ-ટેન્ડરીંગ કરવાના અને ઉત્પાદકોને બોલાવવાના અને એનો ભાવ નીચો કરવાનો એના માટેના કારણો એ છે કે, જેથી કરીને વાજબી ભાવે ખેડૂતોને માલ મળી શકે. બીજું ખેડૂતોને જે સહાય આપણે આપીએ છીએ એ જે સંસ્થાઓ પાસેથી આપ લેવાની વાત કરો છો સહકારી સંસ્થાઓ પાસેથી એ પણ આજે આની અંદર જે કંપનીઓએ ભાગ લીધો હશે એ પોતે એના ડિલર થઇને ખેડૂતોને એ ભાવથી આપશે તો રાજય સરકારને એની સામે કોઇ વાંધો નથી.

શ્રી પુંજાભાઇ ભી. વંશ : રાજયના ખેડૂતોને બિયારણ ચોમાસા પહેલા મળતું નથી તો જરૂરિયાત મુજબનું પ્રમાણિત અને વાજબી ભાવે બિયારણ મળી રહે એવું આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર આમ તો આના માટે બિજ નિગમ દ્વારા પ્રમાણિત બિયારણ ખેડૂતોને પૂરું પાડે છે પણ આનાથી પણ વધારે આપણા ખેડૂતોને સવલત મળી રહે એટલા માટે આપણે જે ગોડાઉનોનું આયોજન કરીએ છીએ એ આયોજન કરવા પાછળનું કારણ એ છે કે, જેથી ખાતર અને બિયારણનો પૂરતો સ્ટોક તાલુકા લેવલ સુધી અને ગ્રામ્ય લેવલ સુધી મળી રહે.

શ્રી બલવંતસિંહ ચં. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા વિનંતી કરવા માગુ છું કે, મહારાષ્ટ્રમાં પેકેજ જાહેર કર્યુ છે એક એકરે ૧૫૦૦૦ રૂપિયા તો આપણે ગુજરાત સરકાર પણ આવું પેકેજ જાહેર કરવા માગે છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારે મહારાષ્ટ્ર રાજય પહેલા ૧૧૦૦ કરોડનું પેકેજ જાહેર કરી દીધેલું છે અને આપ જો આ વરસાદની વાત કરતા હોવ તો એની સરવેની કામગીરી ચાલુ છે અને એનો મેં ૧૧૬ની નોટિસમાં પણ જવાબ આપેલો છે એ રીતે સરવે થઇ જશે એટલે રાજય સરકાર નિર્ણય લેશે.

શ્રી પુનાભાઇ ઢે. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગુ છું કે, ઉકાઇ ડેમની ડાબા કાંઠા કેનાલમાંથી ડોસવાડાના ડેમમાં પાણી નાંખીને ઉનાળામાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા માગે છે કે કેમ?

શ્રી બાબુભાઇ ભી. બોખીરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સુચન છે. અમે ટેકનીકલી જોઇ લઇશું, ટેકનીકલી શક્ય હશે અને પાણીનો જથ્થો હશે તો વિચારીશું.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૭ અને ૯ થી ૨૮ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.
માગણી ક્રમાંકઃ ૨, ૩, ૪, ૫, ૬ અને ૬૬ મત પર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.

સભાગૃહનું કામકાજ સાંજના ૫-૧૩ વાગ્યે પુરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર મંગળવાર, તા.૨૪મી માર્ચ, ૨૦૧૫ના રોજ બપોરના ૧૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| અજયકુમાર જે. ચોકસી | તાપી જિલ્લામાં વિકાસશીલ તાલુકા હેઠળ સમાવિષ્ટ તાલુકાઓને ફાળવેલ | ૧૩૩ |
| | વલસાડ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૨૮૭ |
| અનિલ જોષિયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રો અને તાલુકા | ૫૯ |
| | આદિજાતિ વિકાસ વિભાગની યોજનાની જાહેરાતો પાછળ ખર્ચ | ૨૯૯ |
| | ઈન્દ્રાસી નદી પર પુલ બનાવવા બાબત | ૨૨ |
| | રાજ્યમાં કર્મચારીઓની નિવૃત્તિ વય ૫૮ વર્ષથી વધારી ૬૦ વર્ષ કરવા બાબત | ૧૨૫ |
| | રાજ્યમાં વીજળી ઉત્પાદન માટે કોલસો મળવા બાબત | ૧૬૩ |
| | વિજયનગર તાલુકામાં આવેલા પોળોનો જંગલોમાં પ્રવાસન સ્થળ તરીકે જમીન | ૨૫૨ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ) | ૮૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૨૦ |
| અમિત ચાવડા | અસંગઠિત શ્રમયોગીઓની યોજનાઓનું અસરકારક આયોજન કરવા અંગે | ૯૯ |
| | આણંદ અને ખેડા જિલ્લાના શહેરોમાં પાઈપલાઈનથી ગેસ આપવા બાબત | ૧૫૪ |
| | આણંદ જિલ્લામાં ડામર સપાટી ધરાવતા નોન–પ્લાન રસ્તાઓ | ૬૦ |
| | આણંદ જિલ્લામાં માટીના ખનન દ્વારા રોયલ્ટીની આવક | ૧૭૪ |
| | રાજ્યમાં ‘‘એઈમ્સ’’ ખોલવાની જાહેરાત | ૨૪ |
| અમિત ચૌધરી | ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં સ્વાઈન ફ્લુના નોંધાયેલ દર્દીઓ | ૫૨ |
| | ગાંધીનગર જિલ્લામાં મીક્ષર પ્લાન્ટ દ્વારા ડામર રસ્તાના કામો | ૭૫ |
| | ગાંધીનગર વિજાપુર રોડને માણસા નગરને બાયપાસ બનાવવા બાબત | ૮ |
| | માણસા તાલુકામાં પંચાયત વિભાજન બાબત | ૨૬૮ |
| અરૂણસિંહ અ. રણા | ભરૂચ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૨૫૫ |
| | ભરૂચ જિલ્લામાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ ફાળવેલ રકમ | ૧૩૦ |
| | ભરૂચ જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ | ૪૦ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૫૦૯ |
| અરવિંદકુમાર ગાં. પટેલ | અમદાવાદ શહેરમાં બી.એસ.યુ.પી. યોજનામાં આવાસની ફાળવણી | ૧૩૫ |
| | કલોલ તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો | ૨૬૮ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૨૪ |
| અરવિંદભાઈ કે. લાડાણી | કેશોદ તાલુકામાં રાહતદરે ચીજ વસ્તુઓનું વિતરણ | ૨૯૦ |
| | કેશોદ શહેરમાં સી.એચ.સી.નું નવું મકાન બનાવવા બાબત | ૭૩ |
| | જૂનાગઢ જિલ્લામાં વાણિજ્યિક વેરાની આવક | ૧૨૭ |
| | જુનાગઢ જિલ્લામાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ મંજુર થયેલ | ૪૮ |
| | જુનાગઢ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વાયર બદલવાની | ૧૬૪ |
| | તા.૨૦–૩–૨૦૧૫ના પ્રશ્ન ક્રમાંક–૧૮૨૮૦નો જવાબ ન મળવા અંગે | ૫૧૮ |
| અરવિંદસિંહ દા. રાઠોડ | કાલોલ તાલુકામાં બારકોડેડ રેશનકાર્ડનું વિતરણ | ૨૬૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની અરજીઓ | ૧૩૬ |
| અશ્વિન કોટવાલ | આદિજાતિના વિદ્યાર્થીઓને અભ્યાસ માટેની લોન | ૨૮૦ |
| | આદિવાસીઓને જંગલની જમીન આપવા અંગે | ૧૦૪ |
| | ખોખરાથી કાટવી બોર્ડરને જોડતો રસ્તો બનાવવા બાબત | ૨૭ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ખાનગી ટ્રસ્ટોને સામૂહિક અને પ્રાથમિક | ૭૯ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં ટીબીના દર્દીઓને સહાય | ૬૩ |
| | સાબરકાંઠા જિલ્લામાં સસ્તા અનાજની દુકાનોની ફરીયાદ | ૩૧૩ |
| અશોકકુમાર ર. પટેલ | ગાંધીનગર જિલ્લામાં અનાજ અને ખાદ્ય ચીજવસ્તુઓ ઉપર દરોડાઓ | ૨૮૯ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | ગાંધીનગર જિલ્લામાં આંગણવાડી કેન્દ્રો મંજુર કરવા બાબત | ૨૩ |
| | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૨૮ |
| આંનદભાઇ ચૌધરી | આદિવાસી વિદ્યાર્થીઓને શૈક્ષણિક લોન | ૨૪૫ |
| | સુરત અને તાપી જિલ્લામાં લેપ્ટોસ્પાયરોસીસના રોગના નિયંત્રણ માટે થયેલ | ૪૯ |
| | સુરત અને તાપી જિલ્લામાં સિકલસેલ એનીમીયાના દર્દીઓ | ૭૩ |
| | આદિવાસીઓને જંગલની જમીન આપવા અંગે | ૧૦૮ |
| ઇશ્વરભાઇ ઢે. પટેલ | વલસાડ જિલ્લામાં આંગણવાડીઓમાં વીજળીની સુવિધા | ૭૦ |
| | વલસાડ જિલ્લામાં આદિજાતિ આશ્રમ શાળામાં ધોરણ–૭ સુધી જ ભણતર | ૨૭૯ |
| | વલસાડ જિલ્લામાં આદિજાતિ આશ્રમ શાળામાં મંજૂર મહેકમ | ૩૨૪ |
| | વલસાડ જિલ્લામાં તલાટી કમ મંત્રીઓની ખાલી જગ્યાઓ | ૩૧૨ |
| | વલસાડ જિલ્લામાં વિધવા બહેનોને વિધવા સહાય બંધ કરવા બાબત | ૮૨ |
| | વલસાડ જિલ્લામાં શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં બીમાર વિદ્યાર્થીઓ | ૩૮ |
| ઇશ્વરભાઇ ર. પરમાર | ઉમરપાડા તાલુકામાં વિકાસશીલ તાલુકા હેઠળ ફાળવેલ રકમ | ૧૩૦ |
| | નવસારી જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ | ૨૫ |
| | વ્યારા તાલુકામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો | ૨૭૫ |
| ઇશ્વરસિંહ ઠા. પટેલ | ભરૂચ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૨૭૦ |
| | રાજ્યમાં નવીન વીજ પ્લાન્ટ કાર્યાન્વિત કરવા | ૧૪૧ |
| ઋષિકેશ ગ. પટેલ | મહેસાણા જિલ્લામાં કિશોરી શક્તિ યોજનાના લાભાર્થીઓ | ૪૪ |
| | મહેસાણા જિલ્લામાં ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત વીજ જોડાણો | ૧૪૪ |
| | મહેસાણા જિલ્લામાં ડિપ્લોમા ઇજનેરી કોલેજો | ૨૯૦ |
| | મહેસાણા જિલ્લામાં બારકોડેડ રેશનકાર્ડ | ૩૧૬ |
| કેતનભાઇ મ. ઇનામદાર | વડોદરા જિલ્લામાં મંજૂર થયેલ આંગણવાડી કેન્દ્રો | ૧૫ |
| કનુભાઇ મો. દેસાઇ | રાજ્યમાં એરસ્ટ્રીપ બનાવવાનું આયોજન | ૧૨૨ |
| | વલસાડ જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ફાયર સેફ્ટીની સુવિધા | ૬ |
| | વલસાડ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૨૮૯ |
| | વલસાડ જિલ્લામાં નવા રેશનકાર્ડની અરજીઓ | ૩૨૫ |
| | વલસાડ જિલ્લામાં સરકારી શાળાઓ | ૩૧૬ |
| કરમશીભાઇ વિ. પટેલ | અમદાવાદ ખાતે નોંધાયેલ કેબ ટેકસીઓની સંખ્યા | ૪૯૯ |
| | અમદાવાદ જિલ્લામાં કુટીર જ્યોત અને રાજીવગાંધી વિજળીકરણ યોજના | ૨૧૧ |
| | અમદાવાદ જિલ્લામાં ખાણ ખનિજ ચોરીના બનાવો | ૧૯૧ |
| | અમદાવાદ જિલ્લામાં ડાંગરની પોષણક્ષમ ભાવે ખરીદી | ૨૮૦ |
| | અમદાવાદ જિલ્લામાં શૈક્ષણિક હેતુ માટે જમીન બાબત | ૪૯૫ |
| | અમદાવાદ જિલ્લામાં સરકારી પ્રાથમિક શાળાઓમાં સંવર્ગવાર મંજૂર મહેકમ | ૪૬૯ |
| | અમદાવાદ શહેરમાં રાઈટ ટુ એજ્યુકેશન અન્વયે ગરીબ વિદ્યાર્થીઓ માટે | ૪૬૮ |
| | કે. જી. બેઝિનમાં ઓઇલ અને ગેસનો જથ્થો | ૧૭૯ |
| | કચ્છ જિલ્લામાં સફેદ માટી માઈનીંગ લીઝમાં ગેરકાયદેસર | ૧૬૮ |
| | કાંકરીયા અને રીવરફ્રન્ટ ખાતેની ઉજવણી મ્યુ.કોર્પો. ને બજેટ હેડેથી ફાળવણી | ૧૮૪ |
| | બગોદરા–તારાપુર–વડોદરા રસ્તાનું કામ પૂર્ણ કરવા બાબત | ૫૩ |
| | સાણંદ અને બાવળા તાલુકામાં કુટીર ઉદ્યોગ માટે લોન મેળવવાની અરજીઓ | ૧૪૦ |
| | સાણંદ અને બાવળા તાલુકામાં ગ્રામ પંચાયતોના મકાનો | ૩૧૨ |
| | સાણંદ અને બાવળા તાલુકામાં રસ્તાઓને જોબનંબર આપવા બાબત | ૧૨ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | સાણંદ અને બાવળા તાલુકામાં સરકારી અને ખાનગી પ્રાથમિક શાળાઓ | ૩૨૪ |
| | અમદાવાદ જિલ્લામાં સરકારી શાળાઓમાં શિક્ષકોની ઘટ | ૩૯૧ |
| | અમદાવાદ જિલ્લાવાર ઝુંપડપટ્ટી વિજળીકરણ હેઠળ મળેલ અરજીઓ | ૩૫૮ |
| | વાયબ્રાન્ટ સમીટમાં આમંત્રિતો માટે સરભરા ખર્ચની જોગવાઈ | ૪૦૫ |
| કેશુભાઇ હી. નાકરાણી | ગારીયાધાર અને મહુવા તાલુકામાં પ્રાથમિક શાળામાં ઓરડાની ઘટ | ૨૯૧ |
| | ગારીયાધાર, જેસર અને ખૂંટવડા સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં ખાલી જગ્યાઓ | ૫૪ |
| | ભાવનગર જિલ્લામાં ખનિજ ચોરીના કેસો | ૧૬૮ |
| | ભાવનગર જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ | ૧૫ |
| | ભાવનગર જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ વાયર | ૧૪૨ |
| કેશરીસિંહ સોલંકી | માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૨૩૨ |
| કેશાજી શિ. ચૌહાણ | દિયોદર અને ડીસા તાલુકાની પેટા પરાઓની પ્રાથમિક શાળાઓને ડામરના | ૫૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં કુંવરબાઇનું મામેરૂ યોજનાના લાભાર્થીઓ | ૨૭૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ મંજુર થયેલ | ૧૮ |
| | રાજ્યની વીજ ઉત્પાદન ક્ષમતા | ૧૨૯ |
| કેસરસિંહ જે. સોલંકી | ખેડા જિલ્લામાં આંગણવાડીઓને ગેસ કનેકશન | ૧૪ |
| | ખેડા જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ આવાસો | ૨૫૮ |
| | ખેડા જિલ્લામાં માનવ કલ્યાણ યોજનાની અરજીઓ | ૧૪૫ |
| કાંતિલાલ શી. અમૃતિયા | રાજકોટ જીલ્લામાં લોક અદાલતોનું આયોજન | ૧૨૫ |
| કાન્તીભાઇ કા. ખરાડી | બનાસકાંઠામાં બાજપાઈ સ્વરોજગાર યોજના હેઠળ શિક્ષિત બેરોજગારોની | ૩૪૦ |
| | તા.૨૦–૩–૨૦૧૫ના પ્રશ્ન ક્રમાંક–૧૮૨૮૦નો જવાબ ન મળવા અંગે | ૫૧૫ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં વન વિસ્તારમાં રસ્તા | ૨૬૧ |
| | દાંતા અને અમીરગઢમાં મંજૂર કરેલ ખનિજ લીઝ | ૧૯૧ |
| | દાંતા–અમીરગઢ તાલુકાઓમાં યુવાનોને રમતગમત ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા | ૫૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખનિજ ચોરીના બનાવો | ૧૯૦ |
| | બનાસકાંઠા જિલ્લામાં ચિરંજીવી યોજના હેઠળ પ્રસુતિના નોંધાયેલ કેસો | ૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં ફળઝાડના વાવેતરના લાભાર્થી | ૧૮૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં લઘુતમ વેતન અને બાળ મજુર ધારા ભંગના કિસ્સા | ૧૯૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં શિક્ષિત બેરોજગારોને રોજગારી આપવા | ૧૯૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખેડુત અકસ્માત વીમા યોજના હેઠળ અરજીઓ | ૩૨૮ |
| કામીનીબા ભુ. રાઠોડ | ગાંધીનગર જિલ્લામાં ગરીબી રેખા હેઠળના કુટુંબની યાદી | ૨૭૯ |
| | ભિલોડા તાલુકામાં લક્ષ્મીબાઈ કન્યા આદિજાતિ છાત્રાલયનું બાંધકામ | ૩૧૨ |
| કિરીટસિંહ જી. રાણા | સુરેન્દ્રનગર જિલ્લામાં વિધવા સહાયની મળેલ અરજીઓ | ૨૬ |
| કિશોરભાઇ શિ. કાનાણી | ડાંગ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૨૮૪ |
| | તાપી જિલ્લામાં સંકલિત બાળ વિકાસ સેવા યોજના હેઠળ મંજુર થયેલ | ૧૮ |
| | સુરત જિલ્લામાં લોક અદાલતોનું આયોજન | ૧૪૮ |
| કિશોરસિંહ બા. ચૌહાણ | પાટણ જિલ્લામાં ક્ષેત્રીય વનીકરણ કાર્યક્રમ હેઠળ વાવેતર | ૨૮૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં આંગણવાડી કેન્દ્રોમાં ફાયર સેફ્ટીની સુવિધા | ૧૪ |
| ગેંદાલભાઇ મો. ડામોર | પંચમહાલ અને દાહોદ જિલ્લામાં સ્વાઇન ફ્લુના નોંધાયેલ કેસો | ૬૦ |
| | પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં બી.પી.એલ. કુટુંબોની સંખ્યા | ૨૯૮ |
| | પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ભૂંડ દ્વારા પાકને નુકસાન | ૨૫૧ |
| | પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં વૃક્ષો કાપવાની મંજુરી | ૩૧૯ |

| સભ્યનું નામ | વિષય | પાના નંબર |
|---|---|---|
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લાની કોર્ટોમાં ખાલી જગ્યાઓ | ૪૪૬ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને પોસ્ટ | ૨૧૩ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ચૂકવેલ વિધવા સહાય | ૨૪ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ઝુંપડપટ્ટી વિદ્યુતિકરણ યોજનામાં મળેલ | ૪૫૪ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં કન્યાઓ માટે | ૪૨૫ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શૌચાલયનો અભાવ | ૪૬૫ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં પુસ્તકાલયો બાબત | ૨૦૮ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં વન અધિકાર અધિનિયમ–૨૦૦૬ હેઠળ | ૪૬૧ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો | ૧૯૬ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં સરકારી પોલીટિકનીક કોલેજો | ૪૬૪ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં હોટલો પાસેથી સુખસુવિધા કરની બાકી | ૪૪૬ |
| | પંચમહાલ જિલ્લામાં આવેલ છાત્રાલયો અને આશ્રમશાળાઓ | ૨૦૪ |
| | પંચમહાલ મહીસાગર જિલ્લામાં સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ | ૪૫૦ |
| | મહીસાગર અને દાહોદ જિલ્લામાં ડેન્ગ્યુ, એઈડ્સ અને કેન્સરના નોંધાયેલ કેસો | ૭૭ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની સરકારી | ૨૧૪ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં એટીએમ મશીન અને આંગડીયાઓની | ૪૪૩ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓનું સંવર્ગવાર | ૧૯૫ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં કાર્યરત નારી અદાલતો | ૪૬૦ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ગ્રાન્ટેબલ એન્જિનિયરીંગ કોલેજોમાં | ૪૨૫ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ચેઈન સ્નેચીંગના કિસ્સાઓ | ૪૪૩ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં ટી.સી./ડી.પી. વધારવા કે વિભાજનની | ૧૭૯ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર તલાટી–કમ–મંત્રીઓની | ૪૯૪ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં મહિલા પોલીસ | ૪૮૬ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં રમત–ગમતને લગતી નવી તાલીમ | ૨૦૬ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વાયર બદલવાની ફરીયાદો | ૧૬૯ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં વિભાગ હેઠળની જિલ્લા કચેરીઓમાં મંજૂર | ૨૦૬ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાં સરકારી પ્રાથમિક બંધ કરવાની મંજુરી | ૪૨૬ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાંથી ઇ–ગ્રામ દ્વારા જુદા જુદા ઉતારા | ૪૪૯ |
| | મહીસાગર અને પંચમહાલ જિલ્લામાંથી પકડાયેલ ગૌમાંસ | ૪૩૫ |
| | મહીસાગર જિલ્લાના પેટા વિભાગ કચેરીઓ નવી બનાવવા માટેની માંગણીઓ | ૧૪૨ |
| | રાજ્યમાં ભણતા વિદ્યાર્થીઓને ગણવેશ સહાય | ૪૨૫ |
| | રાજ્યમાં વન મહોત્સવ પાછળ થયેલ ખર્ચ | ૪૩૦ |
| | પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ખેતી માટે વીજકનેકશનની પડતર | ૩૫૪ |
| | પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં ખેતી/સિંચાઈ માટે વીજકનેકશનની | ૩૫૫ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં લાઈટની અસુવિધા | ૩૩૫ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં આદિજાતિ વનબંધુઓના કુટુંબોને | ૪૧૨ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ઈન્દિરા આવાસ યોજના હેઠળ બાંધેલ | ૩૪૨ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં એક કરતા વધારે ધોરણના વિદ્યાર્થીઓને | ૩૩૫ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં કોમર્શીયલ પાયલોટ બનવા માટેની | ૩૫૨ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં ખેડૂતોએ આપઘાત બાબત | ૩૨૮ |
